
શ્રીમદ્
ભગવદ્ગીતા

**પ્રકાશક :**

શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ,

કંસારા બજાર, માંડવી, જિ. કચ્છ, ગુજરાત,

૩૭૦ ૪૬૫.

ફોન : ૦૨૮૩૪-૨૩૧૪૬૩.

Email : gosharadad1(at)sancharnet.in

www.pushtimarg.net

**સમ્પાદક** : ગોસ્વામી શરદ

**પાંચમું સંસ્કરણ** : વિ.સં. ૨૦૬૪ **પ્રતિ** : ૪૦૦૦

**ગ્રન્થપ્રકાશન સહાય : રૂ. ૫૦.**

**રવાનગી ખર્ચ-પોસ્ટેજ** / રૂ. ૧૫(અનરજિસ્ટર્ડ)

**મુદ્રક** : શ્રીવલ્લભ બુક મેન્યુફેક્ચરિંગ કું. લિ. અમદાવાદ

## શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી - કચ્છ ના પ્રકાશનો

| ગ્રન્થ | પ્રકાશનસહાય |
|---|---|
| ૧. પ્રવેશિકા, લેખક : ગોસ્વામી શરદ્ ( ગુજ. ) | ૧૦ |
| ૨. પ્રવેશિકા, લેખક : ગોસ્વામી શરદ્ ( અંગ્રેજી ) | નિ:શુલ્ક |
| ૩. પ્રમેયરત્નસંગ્રહ, લેખક : ગોસ્વામી શરદ્ ( ગુજ. ) | |
| ૪. શબ્દખણ્ડીયા વિદ્વત્પરિચર્ચા ( સંસ્કૃત-હિન્દી-અંગ્રેજી ) | ૨૦૦ |
| ૫. અન્યખ્યાતિવાદીય વિદ્વત્સગ્નોષ્ઠી ( સંસ્કૃત-હિન્દી-અંગ્રેજી ) | ૧૫૦ |
| ૬. તત્વાર્થદીપનિબન્ધાન્તર્ગત શાસ્ત્રાર્થપ્રકરણમ્ ( વ્રજભાષાટીકા) સાધારણસંસ્કરણ / રાજસંસ્કરણ | ૫૦/૭૦ |
| ૭. તત્વાર્થદીપનિબન્ધાન્તર્ગત સર્વનિર્ણયપ્રકરણમ્ ( વ્રજભાષાટીકા )સાધારણસંસ્કરણ / રાજસંસ્કરણ | ૮૦/૧૦૦ |
| ૮. વાર્તાપરિચર્ચા | ૧૫ |
| ૯. પુષ્ટિવિધાનમ્-૧ ( પાઠાવલી, વ્રજભાષા ) | અપ્રાપ્ય |
| ૧૦. પુષ્ટિવિધાનમ્-૧ ( પાઠાવલી, ગુજ. ) | ૨૫ |
| ૧૧. પુષ્ટિવિધાનમ્-૨ ( વ્યાકરણમ્ ) | ૧૦૦ |
| ૧૨. પુષ્ટિવિધાનમ્-૩ ( વ્રજભાષાવિવૃતિ ) | ૫૦ |
| ૧૩. અધિકારપરિચર્ચા ( ગુજ.-હિન્દી-વ્રજ ) | ૧૦૦ |
| ૧૪. શ્રીભાગવત મહાપુરાણ ( ગુર્જરભાષાનુવાદ; ચાર ભાગમાં ) | ૩૦૦ |
| ૧૫. Manual of the Devotional Path of Pushti, by Goswami Sharad | 65 |
| ૧૬. ગૃહસેવા ઔર વ્રજલીલા, વિવેચક : ગો. શ્રીશ્યામ મનોહરજી (વ્રજભાષા) | નિ:શુલ્ક |
| ૧૭. શ્રીગોપીનાથપ્રભુચરણ ( ગુજ.-હિન્દી ) | ૨૫ |
| ૧૮. Computer CD, www.pushtimarg.net | 50 |
| ૧૯. સાધનાપ્રણાલી ( ગુજ.-હિન્દી-અંગ્રેજી ) | ૫૦ |
| ૨૦. પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ, વિવેચક : ગો. શ્રીશ્યામ મનોહરજી( ગુજ. ) | નિ:શુલ્ક |
| ૨૧. રસદષ્ટિની તરફેણમાં, લેખક : ગો. શ્રીશ્યામ મનોહરજી( ગુજ. ) | નિ:શુલ્ક |
| ૨૨. કાર્યકારણભાવમીમાંસા વિદ્વત્સગ્નોષ્ઠી(સંસ્કૃત-હિન્દી-અંગ્રેજી) | ૨૦૦ |
| ૨૩. પુષ્ટિપ્રવેશ - ૧, લેખક : ગોસ્વામી શરદ્ ( ગુજરાતી ) | ૧૦ |
| ૨૪. પુષ્ટિવિધાનમ્ પાદાનુક્રમણિકા | ૧૦ |
| ૨૫. શરણાગતિ વિચારગોષ્ઠી એક પૂરક પ્રશ્નોત્તરી, લેખક : ગો. શ્રીશ્યામ મનોહરજી | નિ:શુલ્ક |
| ૨૬. Summary of Śuddhādvaita Vāṅgmaya, by Goswami Sharad | 15 |

# પ્રાપ્તિસ્થાન

## પોસ્ટદ્વારા તથા પ્રત્યક્ષ

શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, કંસારા બજાર, માંડવી - કચ્છ, ગુજરાત, ૩૭૦ ૪૬૫.

ફોન : ૦૨૮૩૪ - ૨૩૧૪૬૩

**( નીચેના સ્થળોપરથી અનુકુળ સમય જાણીને પુસ્તકો જાતે જઈને મેળવવા )**

રાજકોટ :

- શ્રીબાલકૃષ્ણ પુસ્તકાલય, દરબારગઢ.

- શ્રીપ્રવીણભાઈ ડઢાણીયા, ૯૪૨૭૪૯૫૧૫૯

જુનાગઢ :

- પુષ્ટિસાહિત્ય વિક્રય કેન્દ્ર, મોટી હવેલી, પચ્ચ હાટડી.

- શ્રીહર્ષદભાઈ ચાંગેલા, ફોન : ૯૪૨૬૭૧૬૮૧૮

જામનગર : શ્રીમતી ઊષાબેન સોની, ફોન : ૨૫૧૦૧૧૭

ગાંધીનગર : શ્રીજગદીશભાઈ કટારીયા, ફોન : ૯૨૨૮૬ ૧૧૬૧૯

અમદાવાદ :

- શ્રીજનકભાઈ શાહ, ફોન : ૨૬૮૫૫૭૨૯

- શ્રીમતી નિકિતાબેન ફોન : ૨૬૬૨૧૧૧૯.

વડોદરા : શ્રીનરેન્દ્રભાઈ શાહ, ફોન : ૨૪૮૨૦૭૧

હાલોલ : શ્રીમહેશભાઈ પટેલ, ફોન : ૯૮૯૮૫૯૩૦૨૯

સુરત :

- શ્રીનિલેશ મહેતા, ૯૩૭૪૭૨૩૯૦૭

- શ્રીસુનીલભાઈ જાગીરદાર, ૯૮૨૫૧૪૭૦૬૩

ગોકુલ : પુષ્ટિસાહિત્ય વિક્રય કેન્દ્ર, નન્દચૌક, ગોકુલ, જિ. મથુરા, ઉત્તરપ્રદેશ.

મુમ્બઈ :

વિલેપાર્લે : શ્રીરસિકભાઈ શાહ, વ્રજકમલ, ગ્રાઉંડ ફ્લોર, ૬૩ સ્વસ્તિક સોસાયટી, ચોથો રસ્તો, જુહુ સ્કીમ, વિલેપાર્લે (પશ્ચિમ) મંબઈ - ૫૬, ફોન : ૯૮૨૦૨ ૯૫૯૩૨

કાન્દીવલી : શ્રીમધુભાઈ શાહ, 'શિવકૃપા' પહેલામાળે, રામગલીના નાકાઉપર, મ્યુનિસિપલ્ ગાર્ડન્ની સામે, કાન્દીવલી(પ) ફોન : ૦૨૨ - ૨૮૦૭૦૦૪૩
પુષ્ટિસાહિત્ય વિક્રય કેન્દ્ર, શ્રીવલ્લભસુખધામ, ત્રીજા માળે, ઠઠાઈ ભાટીયા હોલ, એસ્. વી. રોડ, કાન્દીવલી, વેસ્ટ.

## શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટની પ્રવૃત્તિઓ

**:⊖ સેમિનાર : આયોજિત :**

१. શબ્દખણ્ડીયા વિદ્વત્પરિચર્ચા, ગાંધીનગર-ગુજરાત
२. કાર્યકારણભાવવિચાર, વડોદરા-ગુજરાત
૩. અન્યખ્યાતિવાદીયા વિદ્વત્સગ્ગોષ્ઠી, પુણે
૪. પ્રત્યક્ષપ્રમાણ સગ્ગોષ્ઠી, પુણે
૫. અન્ધકારવાદ વિદ્વત્સગ્ગોષ્ઠી, પુણે
૬. World Philosophy Conference, Delhi (Cosponsored with Indian Philosophical Congress)
૭. International Conference on World Peace, Ahmedabad (Cosponsored with Uni. of Gujarat)
૮. વાર્તાપરિચર્ચા, હાલોલ-ગુજરાત
૯. અધિકારપરિચર્ચા, હાલોલ-ગુજરાત
૧૦. પુષ્ટિભક્તિમાર્ગીય સાધનાપ્રણાલી, મુમ્બઈ
૧૧. ''કથાયાં વા'' / ગુણગાન સાધના, મુમ્બઈ
૧૨. શરણાગતિ, મુમ્બઈ
૧૩. સેવાસાધના, મુમ્બઈ
૧૪. પુષ્ટિભક્તિ અને પુષ્ટિપ્રપત્તિ સાધનામાં પ્રતિબન્ધ, મુમ્બઈ

**આયોજ્ય : પુષ્ટિમાર્ગીય ફલ**

**:⊖ આચાર્યવંશજોમાટે અધ્યયનસત્ર**

१. તર્કામૃતમ્ - ન્યાયસિદ્ધાન્તમુક્તાવલી  २. વેદાન્તસાર

**:⊖ ગોશાળા**

**:⊖ સંસ્કૃત માધ્યમથી અધ્યયન કરતા વિદ્યાર્થીઓમાટે છાત્રાલય**

**:⊖ હસ્તપ્રતસંગ્રહ - સંરક્ષણ; પુસ્તકાલય**

**:⊖ યાવત્પ્રાપ્ય સામ્પ્રદાયિક શ્લોકોની પાદાનુક્રમણિકા**

:⊖ Digitalization of the manuscripts

:⊖ Catalogus Catalogorum of the manuscripts of Śuddhādvaita - Puṣṭi-bhakti - Sampradāya.

:⊖ Encyclopedic CD ROM comprising of entire original Sanskrit writings of Acharyas along with Vraj, Hindi, Gujarati & English literature written on the base of such writings.



ગોસ્વામી શ્રીશ્યામ મનોહરજી(પાર્લા-કિશનગઢ)દ્વારા સમ્પાદિત-પુનર્મુદ્રિત

## શુદ્ધાદ્વૈત પુષ્ટિભક્તિ સમ્પ્રદાયના મૂળ સંસ્કૃત ગ્રન્થો

<u>પ્રકાશિત :</u>

૧. સવ્યાખ્યષોડશગ્રન્થ (સંયુક્તપ્રકાશન, દુર્લભ)
  ખંડ ૧. શ્રીયમુનાષ્ટકમ્ થી સિદ્ધાન્તરહસ્યમ્
  ખંડ ૨. નવરત્નમ્ થી ભક્તિવર્ધિની
  ખંડ ૩. જલભેદઃ થી સેવાફલમ્
૨. સવ્યાખ્યષડ્ગ્રન્થાઃ (સંયુક્તપ્રકાશન, દુર્લભ)
૩. તત્ત્વાર્થદીપનિબન્ધ
  ખંડ ૧. શાસ્ત્રાર્થ-સર્વનિર્ણયપ્રકરણ
  ખંડ ૨. ભાગવતાર્થપ્રકરણ સ્કન્ધ ૧-૫
  ખંડ ૩. ભાગવતાર્થપ્રકરણ સ્કન્ધ ૬-૧૨
૪. પ્રકાશ-રશ્મિ વ્યાખ્યા સહિત બ્રહ્મસૂત્રાણુભાષ્યમ્
  ખંડ ૧. પ્રથમાધ્યાય (નાથદ્વારા ટેમ્પલબોર્ડ, અતિદુર્લભ)
  ખંડ ૨. પ્રથમાધ્યાય (નાથદ્વારા ટેમ્પલબોર્ડ, અતિદુર્લભ)
  ખંડ ૩. દ્વિતીયાધ્યાય
  ખંડ ૪. તૃતીયાધ્યાય
  ખંડ ૫. ચતુર્થાધ્યાય
૫. શ્રીમદ્ભાગવત સુબોધિની
  ખંડ ૧. પ્રથમ-દ્વિતીયસ્કન્ધ
  ખંડ ૪. જન્મ પ્રકરણ
  ખંડ ૫. તામસ પ્રમાણ પ્રકરણ
  ખંડ ૬. તામસ પ્રમેય-સાધન પ્રકરણ
  ખંડ ૭. તામસ ફલ પ્રકરણ
  ખંડ ૮. રાજસ પ્રમાણ-પ્રમેય પ્રકરણ
૬. વેદાન્તાધિકરણમાલા-ભાવપ્રકાશિકા
૭. વિવિધવિવરણોપેત પત્રાવલમ્બનમ્
૮. પ્રસ્થાનરત્નાકર
૯. વિદ્વન્મણ્ડનમ્
૧૦. શ્રીબાલકૃષ્ણગ્રન્થાવલી ( પ્રમેયરત્નાર્ણવ-નિર્ણયાર્ણવ-સેવાકૌમુદી )

૧૧. અવતારવાદાવલી

ખંડ ૨. ભેદાભેદવાદ, સૃષ્ટિભેદવાદ, આવિર્ભાવતિરોભાવવાદ,
ખ્યાતિવાદ, પ્રતિબિમ્બવાદ, અન્ધકારવાદ

૧૨. શ્રીપુરુષોત્તમપ્રતિષ્ઠાપ્રકારઃ

૧૩. પુષ્ટિવિધાનમ્ [ગુજરાતી, વ્રજ તથા સંસ્કૃત સંસ્કરણ]

૧૪. સવ્યાખ્ય શ્રીવલ્લભમહાપ્રભુસ્તોત્રાણિ

( સૌન્દર્યપદ્યમ્-સર્વોત્તમસ્તોત્રમ્-શ્રીવલ્લભાષ્ટકમ્-સ્ફુરત્કૃષ્ણપ્રેમામૃતમ્ )

ક્ર.૧, ૨ તથા ૪/૧, ૪/૨ કો છોડ કર સભી ગ્રન્થ ''શ્રીવલ્લવિદ્યાપીઠ-શ્રીવિઠ્ઠલેશ્વરપ્રભુચરણ આ.હો.ટ્રસ્ટ'' (કોલ્હાપુર) દ્વારા પ્રકાશિત તથા ઉપલબ્ધ.

## પ્રકાશ્ય :

| | |
|---|---|
| શ્રીમદ્ભાગવતસુબોધિની | વાદાવલી ખંડ ૧, ખંડ ૩ |
| તૃતીયસ્કન્ધ | શ્રીપુરુષોત્તમચરણ વિરચિત |
| રાજસ સાધન-ફલ પ્રકરણ | ગીતા ટીકા |
| સાત્વિક પ્રમેય-સાધન-ફલ પ્રકરણ | ઉપનિષદ્ ટીકા |
| ગુણ પ્રકરણ | ઉત્સવપ્રતાન |
| એકાદશસ્કન્ધ | અપરાધનિરૂપણમ્ આદિ |

## ગોસ્વામી શ્રીશ્યામ મનોહરજીની હિન્દી-ગુજરાતી પુસ્તકો

ધર્મ-અર્થ-કામ-મોક્ષની પુષ્ટિમાર્ગીય વિવેચના [હિન્દી-ગુજ]

વિવેક [હિન્દી]

શ્રીવલ્લભાચાર્યકિ દર્શનકા યથાર્થ સ્વરૂપ

વિશોધનિકા [ત્રણ ખંડ, હિન્દી]

પુરુષોત્તમયોગ [ગુજ-હિન્દી]

ગૃહસેવા અને વ્રજલીલા [વ્રજ-ગુજ]

નવરત્નમ્ [ગુજ-હિન્દી]

નવરત્નોપદેશનું માનસવિશ્લેષણ [ગુજ-હિન્દી]

શ્રીયમુનાષ્ટકમ્ [હિન્દી]

- અમૃત / સિદ્ધાન્તનું આચમન
- ભગવત્સેવાનો સિદ્ધાન્તશુદ્ધ પ્રકાર : એક પ્રશ્નોત્તરી
- સિદ્ધાન્તસૂક્તિ
- રસદષ્ટિની તરફેણમાં [ગુજ-હિન્દી]
- પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ

सम्पर्क : गोस्वामी श्रीश्याम मनोहरजी, 'व्रजकमल', ६३ स्वस्तिक सोसायटी,
४था रास्ता, जुहु स्कीम, विलेपार्ले (पश्चिम), मुम्बई
फोन : (०२२) २६१४४३२६



## ગોસ્વામી શ્રીશ્યામ મનોહરજીના પ્રવચનોની એમ્.પી.થ્રી તથા વીડીઓ સી.ડી.( ૨૦૦૬ પર્યન્ત )

### એમ્.પી.થ્રી સી.ડી :

સર્વોત્તમસ્તોત્રમ્ [વર્ષ ૯૫ સે ૨૦૦૬ પર્યન્ત, કુલ ૨૯ સી.ડી.]

સાધનપ્રકરણમ્ [૯૮ સે ૨૦૦૬ પર્યન્ત, કુલ ૧૯ સી.ડી.]

પુષ્ટિવિધાનમ્ [૯૬, ૪ સી.ડી.]

પઞ્ચશ્લોકી [ગુજરાતી ૯૭, ૨ સી.ડી.]

વલ્લભવચનામૃત [૯૮-૨૦૦૧, ૨૦૦૩/૪,૫; કુલ ૧૧]

પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ [ગુજરાતી ૯૪, ૧ સી.ડી.]

સિદ્ધાન્તરહસ્યમ્ [૨૦૦૦, કુલ ૨ સી.ડી.૧]

નવરત્નમ્ [૯૬, ૧ સી.ડી.]

ભક્તિવર્ધિની [ગુજરાતી ૯૨, ૧ સી.ડી.]

અન્તઃકરણપ્રબોધ [૧ સી.ડી.]

સેવાફલમ્ [૭૫]

પત્રાવલમ્બનમ્ [ગુજરાતી, ૯૪, ૨ સી.ડી.]

સિદ્ધાન્તવચનાવલી [ગુજરાતી ૯૨, ૩ સી.ડી.]

ગોપીગીત [૨ સી.ડી.]

પ્રશ્નોત્તરી(મુંબઈ) [૧ સી.ડી.]

ભગવદ્ગીતા [ગુજરાતી અધ્યાય ૪(અપૂર્ણ),૯,૧૨,૧૫; કુલ ૭ સી.ડી.]

પુષ્ટિઅસ્મિતા [ગુજરાતી, ૧ સી.ડી.]

ગૃહસેવા ઔર વ્રજલીલા [૯૮, ૧ સી.ડી.]

સેવાકૌમુદી [ગુજરાતી ૯૨, ૨ સી.ડી.]

ષોડશગ્રન્થ પાઠ [૧ સી.ડી.]

### વીડીઓ સી.ડી. :

સર્વોત્તમસ્તોત્રમ્ [૧૯૯૯,૨૦૦૨-૦૬, કુલ ૧૫૧ સી.ડી. (વર્ષ ૯૫,૯૭,૯૮ શીઘ્ર)]

સાધનપ્રકરણ [૨૦૦૫-૬ કુલ ૪૫ સી.ડી.]

સિદ્ધાન્તવચનાવલી (કેશોદ) [૧૯૯૨ કુલ ૩૨ સી.ડી.]

પુષ્ટિમાર્ગમાં નન્દોત્સવ ઐતિહાસિક નહિ શાશ્વત [૩]

પુષ્ટિસિદ્ધાન્તચર્ચાસભા પક્ષગ્રહણ [૩]

ગીતા પુરુષોત્તમયોગ [૧૯૯૩ (શીઘ્ર)]

પ્રશ્નોત્તરી (ગોંડલ) [૧]

વેદોના સાર એવા ઉપનિષદોનો પણ સાર તે 'ભગવદગીતા'. સાર કાઢનાર પણ જ્યારે "વેદાન્તકૃત્ વેદવિદેવચાહમ્" એવા પ્રભુ સ્વયં હોય ત્યારે ગીતા "**એકં શાસ્ત્રમ્**—સકલ શાસ્ત્રોમાં શ્રેષ્ઠતમ છે" એમ સર્વોચ્ચ પદવીને ધારણ કરે એમાં આશ્ચર્ય શું!

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યના મતે "ભાવી જીવોના ઉદ્ધારાર્થે ભગવાન્ શ્રીકૃષ્ણે યુદ્ધના અવસરે સર્વગૂઢ એવા પ્રમેય-સાધન-ફલ સમ્બન્ધિ સર્વ તત્ત્વ અર્જુનને ઉપદેશ્યું છે. તે ઉપદેશને જ સત્યવતી સુત વ્યાસાવતારે મહાભારતમાં સમાવ્યો છે". તેથી જ આચાર્યચરણનો દઢાગ્રહ છે કે "કૃષ્ણવાક્ય-ગીતા અનુસાર જે શાસ્ત્રનો અર્થ કહે છે તે ખરો ભાગવત છે અને તે જ શુદ્ધ બ્રહ્મવાદી છે".

મહાપ્રભુના મતે ભાગવત પુરાણ એ ભગવદ્ગીતાનું જ વિસ્તૃત સ્વરૂપ છે. તેથી જ, મહાપ્રભુ વિરચિત ભાગવતવ્યાખ્યા 'સુબોધિની'માં ગીતાનો અર્થ ગતાર્થ હોવાથી આચાર્યચરણોએ ભગવદ્ગીતા પર સ્વતન્ત્ર વ્યાખ્યા ન લખીને તત્ત્વાર્થદીપનિબન્ધના પ્રથમ 'શાસ્ત્રાર્થપ્રકરણ' સ્વરૂપે શાસ્ત્રીય તત્ત્વોનું ગીતાનુસારી નિરૂપણ કર્યું છે. આપ લખે છે: "**શાસ્ત્રાર્થો ગીતાર્થઃ**—શાસ્ત્રાર્થપ્રકરણ ગીતાનો જ અર્થ છે".

ભગવદ્ગીતા પર સમ્પ્રદાયાનુસારી સંસ્કૃત સાહિત નીચે મુજબ ઉપલબ્ધ થાય છે.

**મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય વિરચિત:**

તત્ત્વાર્થદીપનિબન્ધાન્તર્ગત શાસ્ત્રાર્થપ્રકરણ

**શ્રીવિટ્ઠલનાથપ્રભુચરણ વિરચિત:**

ગીતાતાત્પર્ય

ન્યાસાદેશવિવરણમ્

ગીતાર્થવિવરણમ્

**ભગવદ્ગીતાપર ઉપલબ્ધ સંસ્કૃત ટીકાઓ :**

અમૃતતરઙ્ગિણી, ગો.શ્રીપુરુષોત્તમચરણ

તત્ત્વદીપિકા, ગો.શ્રીવલ્લભજી

રસિકરઞ્જની, શ્રીકલ્યાણ ભટ્ટ, પ્રકાશિત : પ્રથમાધ્યાય માત્ર

**અનુવાદ :**

ભગવદ્ગીતાના સમ્પ્રદાયાનુસારી ગુજરાતી-હિન્દી અનુવાદો નીચે મુજબ થયા છે :

૧. ગો.વા.શ્રીછગનજી અમરજી શાસ્ત્રી, ગો.શ્રીવલ્લભજી વિરચિત ટીકાના આધારે સંક્ષિપ્ત ભાવાનુવાદ, વિ.સં. ૧૯૬૮.

૨. ગો.વા.શ્રીચિમનલાલ હરિશંકર શાસ્ત્રી, સુરત, શ્રીબાલકૃષ્ણ શુદ્ધાદ્વૈત મહાસભાની ધાર્મિક પરીક્ષાના પાઠ્યપુસ્તક તરીકે. અતિસંક્ષિપ્ત. વિ.સં. ૨૦૦૭.

૩. ગો.વા.શ્રીમૂલશંકર મોતીરામ શાસ્ત્રી, ભરૂચ, શબ્દાર્થ-શબ્દપરિચય-શ્લોકાર્થ-ભાવાર્થ સહિત. વિ.સં. ૨૦૧૫.

૪. ગો.વા.શ્રીજટાશંકર શાસ્ત્રી.

૫. 'અમૃતતરઙ્ગિણી' ટીકાના શ્રીવાસુદેવકૃષ્ણચતુર્વેદી કૃત હિન્દી અનુવાદનો ગુજરાતી અનુવાદ. અનુવાદક : શ્રીમગનભાઈ તન્ના. પ્રકાશન : 'વલ્લભસુધા' માસિક પત્રિકામાં. ઈ.સ.૧૯૮૩-૯૧.

૬. શ્રીકલ્યાણ ભટ્ટ વિરચિત ભગવદગીતાની 'રસિકરઞ્જની' ટીકા, ગુજરાતી અનુવાદ સહિત. પ્રથમાધ્યાય માત્ર. અનુવાદક : ગો.વા.શ્રીનાગરદાસ બાંભણિયા. પ્રકાશક : 'અનુગ્રહ' માસિક પત્રિકા વર્ષ ૧-૩ તથા પુસ્તકાકારે ગો.વા.શ્રીગિરિધરલાલ શાહ.

૭. 'અમૃતતરઙ્ગિણી' ટીકાનો હિન્દી અનુવાદ. અનુવાદક : શ્રીવાસુદેવકૃષ્ણ ચતુર્વેદી. પ્રકાશક : શ્રીવિદ્યાવિભાગ, કાંકરોલી, વિ.સં.૨૦૩૫. કેટલાક અંશોનો અનુવાદ છૂટી ગયો છે.

૮. ગો.વા.શ્રીનાનુલાલ નારાયણદાસ ગાંધી. પ્રસ્તુત પ્રકાશન.

**અનુવાદેતર પ્રમુખ પ્રકાશિત સાહિત્ય :**

- ગીતા ગુઞ્જન, હિન્દી. લેખક : શ્રીનવનીતપ્રિય શાસ્ત્રી.

મામેવ યે પ્રદ્યન્તે માયામેતાં તરન્તિ તે(૩૦૫)''

તેમજ તેની 'પ્રકાશ' અને 'આવરણભઙ્ગ' સંસ્કૃત વિવૃતિઓમાં 'ગુહ્ય' 'ગુહ્યતર' 'ગુહ્યતમ' 'સર્વગુહ્યતમ' વચનોની થયેલ પ્રસઙ્ગોચિત વિચારણાથી અજાણ હોય તે માની શકાય તેવી વાત નથી. જુઓ આવરણભઙ્ગ :

> ''સપ્તમાષ્ટમાભ્યાં સપરિકરં જ્ઞાનમ્ ઉક્ત્વા તતો નવમાધ્યાયે ''ઇદન્તુ તે **ગુહ્યતમમ્**'' ઇતિ પ્રતિજ્ઞાય ગુહ્યતમે જ્ઞાનવિજ્ઞાને પાપમોક્ષાય વદતા ... **રાજવિદ્યાતોપિ યદ્ રાજગુહ્યં બુદ્ધિસ્થં** પ્રવક્ષ્યામિ ઇત્યનુષઙ્ગેન દ્વાભ્યાં પ્રતિજ્ઞાતં ... **અષ્ટાદશે ચ** **''સર્વગુહ્યતમં શૃણુ''** ઇતિ પ્રતિજ્ઞાય ''મન્મના ભવ'' ''સર્વધર્માન્ પરિત્યજ્ય'' ઇતિ કથિતમ્''.

જુઓ કારિકા ૨૨૨ પરની 'આવરણભઙ્ગ' ટીકા પણ.

ગીતાના બહિરંગ નિરીક્ષણમાં શાસ્ત્રીજીએ મહાભારત અને ભગવદ્ગીતાના વિષયમાં ભારતીય પરમ્પરાગત મતથી અત્યન્ત વિરુદ્ધ અને ષડયન્ત્રકારી પશ્ચિમી ઈસાઈ આક્રાન્તાઓએ દુષ્ટ માનસિકતાથી ગીતા-મહાભારત વિષે પ્રચારિત કરેલ આધાર-પુરાવા વગરની માન્યતાના સમર્થનમાં પોતાનો અભિપ્રાય થોડા સુધારા-વધારા સાથે રજુ કર્યો છે. જુઓ નીચેના વિધાનો :

> ભીષ્મપર્વમાંનુ 'ભગવદ્ગીતાપર્વ'...મૂળમાં ઓછા શ્લોક પૂરવાળું કોઈ જૂનું પદ્યાત્મક ઉપનિષદ્ હતું તેને પણ 'મહાભારત'માં સમાવી લેવામાં આવ્યું( પૃ.૬૭ ).

> મહાભારતમાં પાછળથી ઘુસાડેલી ગીતાના ૭૦૦ શ્લોકોમાંથી પણ પાછા ૧૦૧ સિવાયના બીજા બધા **ચમત્કારમૂલક અને પુરાણકોટિના** શ્લોકો જતા કરવા જેવા છે. કારણ કે અર્જુનના વિષાદને દૂર કરવામાટે તેટલું જ પુરતું હતું!( પૃ.૭૦)

પોતાની ઉલ્લિખિત માન્યતાઓનું હજી સુધી કોઈએ ખંડન નથી કર્યું તેનો આનન્દ પણ તેમણે 'શતશ્લોકી ગીતા' ચોપડીની ભૂમિકામાં વ્યક્ત કર્યો છે.



અહીં એ કહેવું પડે છે કે જો લેખકે ''ગોરા વાક્યં પ્રમાણમ્'' વાળી ગુલામ માનસિકતાને ક્ષણવાર બાજુ મૂકીને પોતાના પૂર્વ સમકાલિક અને ભારતીય ઇતિહાસ અને ધર્મ-પરમ્પરાના રક્ષક એવા પંડિત શ્રીભગવદદત્ત, શ્રીબાલ ગંગાધર તિલક વગેરેના; સમકાલિક શ્રીવીરમણી પ્રસાદ ઉપાધ્યાય, શ્રીકૃષ્ણમણિ ત્રિપાઠી, શ્રીરામદાસ ગૌડ વગેરેના તથા ઉત્તર સમકાલિક એન્. એસ્. રાજારામ, સ્ટીફન્ ક્નાપ્પ, પ્રો. દિનેશ અગ્રવાલ, ડૉ. એસ્. બાલકૃષ્ણ, ડેવિડ્ ફ્રેવલિ, શ્રીબી. વી. ગિરિ, શ્રીપી. વી. વાર્તક, શ્રીબી. બી. લાલ વગેરે ઇતિહાસવિદોના લખાણોનો અભ્યાસ કરવાનો શ્રમ કર્યો હોત તો તેમણે જે આધાર-પુરાવા વગરના વિચિત્ર વિધાનો ગીતા-મહાભારતના વિષયમાં કર્યા છે તે ન કર્યા હોત.

ખરેખર તો લેખકે ઈસાઈ ષડયન્ત્રકારી પશ્ચિમી સંશોધકોએ કરેલા એ વિધાનોનો કેવળ પુનરુચ્ચાર કર્યા છે કે જેના અક્ષરે અક્ષરનું ખંડન અનેક પ્રમાણો અને યુક્તિઓ થી ઉપરોક્ત ઇતિહાસવિદોએ, ખાસ કરીને પંડિત શ્રીભગવદદત્ત અને શ્રીતિલકે, પોત-પોતાની કૃતિમાં કરેલું જ છે. તેથી જ્યાં સુધી ઉક્ત વિદ્વાનોએ પ્રસ્તુત કરેલ પ્રમાણો અને યુક્તિઓ નો સબળ પ્રત્યુત્તર આપવામાં નથી આવતો ત્યાં સુધી લેખકની ધારણાઓ પ્રતિજ્ઞામાત્ર અને આનન્દાભિવ્યક્તિ એ મિથ્યા ગર્વોક્તિ થી વિશેષ કંઈ નથી.

આમ છતાં આ વિષયમાં કેટલીક પ્રાસંગિક સ્પષ્ટતાઓ કરવી આવશ્યક જણાય છે.

એ હકીકત છે કે પ્રાચીન ભારતીય ધર્મવિદોનો ભાર ધર્મગ્રન્થોના બહિરંગ વિષયોની સરખામણીમાં ગ્રન્થમાં નિરૂપિત તત્ત્વ-ધર્મ સિદ્ધાન્તોની વિવેચનાપર વધુ રહ્યો હોવાથી તેમના લેખનમાં બહિરંગ વિષયો અલ્પચર્ચિત રહ્યા છે. ભારતીય ધર્મશાસ્ત્રોના બહિરંગ પક્ષોની ભારતમાં ખરેખરી ખણખોદ ત્યાર પછી શરુ થઈ કે જ્યારે સામ્રાજ્યવાદી પશ્ચિમી સંશોધકોએ દુર્ભાવનાથી વેદાદિ શાસ્ત્રો અને ભારતીય ઇતિહાસ-પરમ્પરા નું અધ્યયન શરુ કર્યું અને તેની મનગઢંત વિકૃત સ્વરૂપે પ્રસ્તુતિ કરી.

પોતાની જાતિને વિશ્વની સર્વશ્રેષ્ઠ જાતિ અને ઈસાઈ ધર્મ-પરમ્પરાને

સર્વશ્રેષ્ઠ ધર્મપરમ્પરા ધારીને તેના ઘમંડ સાથે ભારતપર ચઢી આવેલા પશ્ચિમી ઈસાઈ આક્રાન્તાઓએ જ્યારે વિરાટ વૈવિધ્યપૂર્ણ સુદીર્ઘકાલીન સુદઢ ભારતીય વૈદિક ધર્મ-પરમ્પરાને જાણી ત્યારે તેમનો પોતાની બાબતમાં સર્વશ્રેષ્ઠતાનો ભ્રમ ભાંગીને ચકના ચૂર થઈ ગયો. પરન્તુ તેમના અદમ્ય અહંકારે ભારતીય ધર્મ-પરમ્પરા પ્રત્યે તેમની અંદર ઈર્ષા અને દ્વેશ ભાવના ને જન્મ આપ્યો. ભારતનો ગવર્નર જનરલ્ મોરક્વિસ્ લખે છે: "હિન્દુ જીવડાઓ મને પશુતુલ્ય જણાય છે. અને તેમાં પણ તેમની બુદ્ધિ કૂતરાથી વધુ હોય તેવું જણાતું નથી".

**"The Hindoo appears a being merely limited to mere animal functions, and even in them indifferent...with no higher intellect than a dog"(1810, Governor-general Marquis of Hastings).**

ગોરિયાઓના લક્ષ્ય બે હતાં:
૧. ભારતને ગુલામ બનાવી રાખી તેનું દરેક રીતે શોષણ કરતા રહેવું અને
૨. વૈદિક ભારતીય પ્રજાને ઈસાઈ બનાવવી.

સુદીર્ઘકાલીન ગૌરવશાલી પરમ્પરા ધરાવતી ભારતીય પ્રજાને કેવળ સત્તાના જોરે લાંબા સમય સુધી ગુલામ બનાવી રાખવી તે તેમને મુશ્કેલ જણાયું. બીજી તરફ, હજારો વર્ષ પ્રાચીન વૈદિક પરમ્પરાની સામે તેમની ઈસાઈ ધર્મ-પરમ્પરા દૂધ પીતા બચ્ચા સમાન હતી. તેથી ભારતીય પ્રજાને ઈસાઈ બનાવવું તેને ગુલામ બનાવવા કરતાં પણ તેમને કપરું જણાયું.

જુઓ ઋગ્વેદ અને વિષ્ણુપુરાણ નો અંગ્રેજી અનુવાદક અને સંસ્કૃત-અંગ્રેજી શબ્દકોશ લખનાર બંગાલ એશિયાટિક સોસાયટીનો સેક્રેટરી એચ્. એચ્. વિલ્સન્ (૧૭૮૬-૧૮૬૦) શું કહે છે:

> લોકોને ગુરુ અને શાસ્ત્રગ્રન્થો ના આશ્રિત બનાવવાનું વલણ બ્રાહ્મણ શિક્ષા પદ્ધતિનું છે. ... આ સ્થિતિમાં આ લોકોને એ સમજાવી શકવું મુશ્કેલ છે કે વેદો મનુષ્ય લિખિત અત્યન્ત સાધારણ સાહિત્ય છે, પુરાણો આધુનિક જમાનાનું લખાણ છે અને વાહિયાત છે. અને તે જ પ્રમાણે તન્ત્ર સાહિત્યમાં પણ આદર આપવા જેવું કંઈ નથી. આ લોકોને આ બધી વાતો ત્યાં સુધી સમજાવવી શક્ય નથી જ્યાં સુધી તેઓની અંદર શાસ્ત્રશ્રદ્ધા છે. ... તેથી સહુથી જરૂરી વાત એમને એ દેખાડવું છે કે એમના બધા શાસ્ત્રો નકામા / વાહિયાત છે.*



આ સ્થિતિમાં ઉપરોક્ત બન્ને ષડયન્ત્રોને પાર પાડવા માટે ભારતીય પ્રજામાં પોતાના પ્રત્યે તથા ભારતીય ધર્મ-પરમ્પરા પ્રત્યે હીન ભાવના પૈદા કરવી તથા ગોરી પ્રજા અને ઈસાઈ પરમ્પરા પ્રત્યે આદરની લાગણી પૈદા કરવી તેમને આવશ્યક લાગી.

જોર-જબરદસ્તી કર્યા વિના કોઈ પણ પ્રજાને આત્મગૌરવ હીન બનાવવાનો સૌથી સરળ ઉપાય છે: ૧. તે પ્રજાની આગવી ઓળખ-પહેચાના આધારને નષ્ટ-ભ્રષ્ટ કરી દેવો અને ૨. તેને તેની માતૃભાષાથી અજાણ બનાવી દેવી કે જેથી તેઓ કદિ પાછા વળીને પોતાના મૂળને સાચી દૃષ્ટિથી જોઈ ન શકે. મેક્સ મૂલર લખે છે:

> હું ભારતમાં દસ વર્ષ ખુબજ શાન્તિ-એકાન્તમાં રહીને અહીંની ભાષા શીખવા માગું છું અને મિત્રો બનાવીને એ જોવા માગું છું કે હું આપણું (ભારતીય ધર્મશાસ્ત્રો અને ઇતિહાસને વિકૃત કરવાના) કામ હાથ પર લઈ શકું છું કે કેમ કે જેથી પ્રાચીન ભારતીય ધર્મવ્યવસ્થાએ

* "The whole tendency of brahminical education is to enforce dependence upon authority in the first instance upon the guru, the next upon the books. ... It will be difficult to persuade him that the Vedas are human and very ordinary writings, that the puranas are modern and unauthentic, or even that the tantras are not entitled to respect. As long as he opposes authority to reason, and stifies the workings of conviction by the dicta of a reputed sage, little impression can be made upon his understanding. Certain it is, therefore, that he will have recourse to his authorities, and it is therefore important to show that his authorities are worthless."

ફેલાવેલા પાખંડને ઉખાડી ફેંકી શકાય અને તે રીતે સીધા-સરળ ઈસાઈ ધર્મના ભારતમાં પ્રવેશમાટે રસ્તો ખોલી શકાય. ... ઈસાઈ ધર્મમાં લોકોને વટલાવવાની દષ્ટિથી સંત પોલ્ના વખતંના રોમ અને ગ્રીસ અને ભારતી ની સરખામણી કરવામાં આવે તો ગ્રીસ-રોમ કરતાં ભારત ઘણું અનુકુળ સ્થાન છે.

મારું આ પ્રકાશન અને વેદોનો અનુવાદ આજ પછી ભારત અને ભારતના અસંખ્ય નિવાસિઓનું ભવિષ્ય ભાખશે. ઋગ્વેદ તેમના ધર્મનું મૂળ છે. આ મૂળમાંથી છેલ્લા ત્રણ હજાર વર્ષોમાં જે ઉગી નીકળ્યું છે તેને ઉખાડી ફેંક્વાનો એક જ ઉપાય છે કે તેમને તેમનું મૂળ (આપણી રીતે) દેખાડી દેવું.

કેરલના કોચીન શહેરથી લખેલા પત્રમાં ફ્રાંસિસ્ ઝેવિયર્ જણાવે છે:

લોકોને ઈસાઈ ધર્મની દીક્ષા આપ્યા બાદ હું તેમને તેમના તે સ્થળો(મન્દિરો)નો નાશ કરવાનો આદેશ આપું છું કે જેમાં તેઓ પોતાની

---

1. "I would like to live for ten years quite quietly and learn the language, try to make friends, and then see if I was fit to take part in this work, by means of which the old mischief of Indian priestcraft could be overthrown and the way opened for the entrance of simple Christian teaching ... India is much riper for Christianity than Rome or Greece were at the time of Saint Paul.

"...this edition of mine and the translation of the Vedas, will hereafter tell to a great extent on the fate of India and on the growth of millions of souls in that country. It (the Rg Veda) is the root of their religion and to show them what the root is, I am sure, the only way of uprooting all that has sprung from it during the last three thousand years" (Life and letters of Max Mueller, 1902, p. 328)



મૂર્તિઓ રાખે છે. કેમકે હવે તેઓ ઈસાઈ બની ચુક્યા છે તેથી હું તેમની પાસે તેમની પૂજ્ય મૂર્તિઓના નાના-નાના ટુકડા કરાવું છું. મૂર્તિપૂજકોના હાથે તેમની પૂજ્ય મૂર્તિનો નાશ થતો જોવાથી મને જે આત્મસન્તોષ મળે છે તેનું વર્ણન કરતાં હું થાકતો નથી.

મેકૉલે કહે છે "આજે જ્યારે આપણી પાસે અંગ્રેજી ભાષા ભણાવવાની સત્તા છે ત્યારે આપણે માત્ર એટલું જ વિચારવાનું છે કે શું આપણે ભારતીની શાળાઓમાં એ ભાષા શીખવીશું કે જે ભાષાનું એક પણ પુસ્તક એક પણ વિષયપર એવું નથી કે જે અંગ્રેજી પાઠ્યપુસ્તકોની બરોબરી કરી શકે. ... હું તત્કાળ અરેબિક્ અને સંસ્કૃત પુસ્તુકો નું પ્રકાશન અટકાવીશ, હું કલકત્તામાંથી મદ્રેસાઓ અને સંસ્કૃત કૉલેજ્ નાબૂદ કરી દઈશ. 'અંગ્રેજી શિક્ષણ જેણે મેળવ્યું હશે એવો એક પણ હિન્દુ પોતાના ધર્મની સાથે સાચા અર્થમાં જોડાયેલો નહીં રહી શકે."

---

"When I have finished baptizing the people, I order them to destroy the huts in which they keep their idols; and I have them break the statues of their idols into tiny pieces, since they are now Christians. I could never come to an end describing to you the great consolation which fills my soul when I see idols being destroyed by the hands of those who had been idolaters." (From 'The Letters and Instructions of Francis Xavier,' 1993, pp 117-8)

"The question now before us is simply whether, when it is in our power to teach the (English) language, we shall teach language in which there are no books on any subject which deserve to be compared to our own, ... I would at once stop the printing of Arabic and Sanscrit books, I would abolish the Madrassa and the Sanscrit (sic) college at Calcutta." "No Hindu who has received an English education ever remains sincerely attached to his religion."(Speech in the British Parliament, 1835, Lord Thomas Babbington Macaulay)

ઈસાઈ પ્રજા વિશ્વના આફ્રિકા, ઑસ્ટ્રેલિયા, રોમ, ગ્રીસ વગેરે અને ભારતના પૂર્વી રાજ્યો, દક્ષિણનું કેરલ વગેરે જે પણ સ્થળે ગઈ છે ત્યાં તેણે આ જ યુક્તિઓ વાપરીને તે પ્રદેશનો ધર્મ, ઇતિહાસ, ત્યાંની સંસ્કૃતિ, ભાષા, સમાજવ્યવસ્થા બધું નેસ્ત-નાબૂદ કરી નાખ્યું છે.

૧૮-૧૯મી સદીના અધિકાંશ પશ્ચિમી, ખાસ કરીને ઈસાઈ સંશોધકો: *વિલિયમ્ જ્હોન્સ્, એચ્. એચ્. વિલ્સન્, ફ્રેડરિક્ મેક્સ્ મૂલર, અલ્બર્ટ વેબર, લૉરિંસર, એડ્વર્ડ વૉશબર્ન હોપ્કિન્સ્, વ્હિટ્લિંગ્, ફ્રુહન્, મોનિયર્ વિલિયમ્સ્, રુડલ્ફ હર્નલિ, રિચર્ડ ગાર્બે, વિંટરનિટ્ઝ, વેબિંગ્ટન્ મૈકૉલે* વગેરેએ પોતાના અધમ ઇરાદાઓને પાર પાડવામાટે ભારતીય ધર્મ અને પરમ્પરા ના આધાર સમા વેદાદિ શાસ્ત્રોને દૂષિત કરવા અને હીન સાબિત કરવા માટે સર્વ પ્રથમ પોતાના શિકાર બનાવ્યા હતા. સત્તા તો તેમની પાસે હતીજ. આગળ જઈને અંગ્રેજો સત્તાના ઉપયોગ દ્વારા પોતે લખેલો વિકૃત ઇતિહાસ અને વૈદિક ધર્મ ગ્રન્થો ભારતીય જનતાને ભણાવવા માગતા હતા.

અંગ્રેજોએ ભારતીય ઇતિહાસ, શાસ્ત્ર, જીવનપ્રણાલી-સમાજવ્યવસ્થા, તત્ત્વચિન્તન, ભારતીય વિદ્યાઓ વગેરેનો *મેક્સ મૂલર* જેવા ભાડુતી લોકો તેમજ એચ્. એચ્. વિલ્સન્ જેવા કટ્ટર ઈસાઈ મિશિનરી માનસિકતાવાળાઓ પાસે અભ્યાસ કરાવીને* તેને દૂષિત-વિકૃત કરવાના, હીન ચીતરવાના અને તે બધામાં જે કંઈ પણ સારું છે તે બધું કેવળ વિદેશી( =પશ્ચિમી)

---

* "It seems to me that our missionaries are already sufficiently convinced of the neccessity of studying these works, and of making themselves conversant with the false creeds they have to fight against. How could an army of invaders have any chance of success in an enemy's country without a knowledge of the position and strength of its fortresses, and without knowing how to turn the batteries they may capture against the for?"

Monier Williams, 'Religious Thought and Life in India' p.10



પ્રભાવને કારણે જ છે એવું ભારતીયોના માનસમાં ઠસાવવામાટે ભયંકર ષડયન્ત્ર રચવાના પ્રયત્નો શરુ કર્યા કે જેથી ભારતીય માનસ સદા હીન ભાવનાગ્રસ્ત રહે.

ભારતભૂમિને માતૃભૂમિ માનવાને કારણે પરદેશી બ્રિટિશરો વિરુદ્ધ આંદોલનો ચલાવી રહેલા મૂળ ભારતીયોને જ જો કોઈ રીતે પરદેશી(=આર્યો) સાબિત કરી દેવામાં આવે તો તેમના વિરોધ પાછળ કોઈ સૈદ્ધાન્તિક આધાર રહી ન જાય. અને પરદેશી હોવા છતાં જો (તથાકથિત)આર્યો ભારતમાં વસી શકે છે અને રાજ કરી શકે છે તો બ્રિટિશરો ભારત પર રાજ કરે તેમાં કંઈ વાંધો લેવા જેવું રહી ન જાય. આ વિચારે અંગ્રેજોએ (તથાકથિત) આર્યપ્રજા વેદો અને યજ્ઞપરમ્પરા ને લઈને ઉત્તર-પશ્ચિમથી ભારતમાં પ્રવેશી અને ઉત્તરભારતમાં નદિઓના તટે વસી એવો બનાવટી ઇતિહાસ લખાવ્યો. ભારતીય પ્રજામાં પરસ્પર દ્વેષભાવનાને જન્માવવામાટે તેમણે (તથાકથિત) આર્ય પ્રજાએ દ્રવિડોને ઉત્તર ભારતમાંથી દક્ષિણ તરફ મારી ભગાવ્યા એવો વિકૃત ઇતિહાસ લખ્યો.

આ ઝેર ભારતીય માનસમાં રેડવામાટે અંગ્રેજોએ મૂલર્ અને મેકૉલે ની નીતીનું અનુસરણ કર્યું.

ડિસેમ્બર ૧૮૬૮ માં ભારતના સેક્રેટરી ઓફ્ સ્ટેટ્ને મોકલેલ પત્રમાં મેક્સ મૂલર્ લખે છે:

> *"ભારત એક વખત જીતાઈ ચુક્યું છે, પણ ભારતને હજુ એક વખત જીતવાનું છે. અને તે બીજો વિજય શિક્ષણદ્વારા વિજય હોવો જોઈએ...ભારતનો પ્રાચીન ધર્મ મરી પરવાર્યો છે. આ અવસરે જો ઈસાઈ ધર્મ ભારતમાં પગપસારો નહીં કરે તો એ કોનો વાંક ગણાશે?

---

* "India has been conquered once, but India must be conquered again and that second conquest should be a conquest by education... the ancient religion of India is doomed, and if Christianity does not step in, whose fault will it be?"

મૈકૉલે એ કહ્યું હતું કે જે લોકો ભારતીય પરમ્પરાગત પાઠશાળામાં શિક્ષણ લેવાનું છોડીને એક વખત અંગ્રેજો દ્વારા ચાલુ કરેલ (જે આજે પણ સમગ્ર ભારતમાં સરકારદ્વારા ચાલાવવામાં આવે છે તે) સ્કૂલ-કૉલેજમાં અંગ્રેજોએ લખેલા ધર્મ અને ઇતિહાસ ના પાઠો ભણી લેશે તે "રક્ત અને રંગ થી ભલે ભારતીય હશે પણ રુચિ, અભિપ્રાય, સિધ્ધાન્ત અને બુધ્ધિ થી અંગ્રેજ બની જશે" (Indian in blood and colour, but English in tastes, in opinion, in morals and in intellect.).

એક પત્રમાં મૈકૉલે પિતાને લખે છે:

"હું માનું છું કે જો અંગ્રેજી શિક્ષણની આપણી યોજનાને સરખી રીતે અનુસરવામાં આવશે તો આજથી ત્રીસ વર્ષ પછી બંગાળના પ્રતિષ્ઠિત વર્ગમાં એક પણ વ્યક્તિ દેવમૂર્તિની પૂજા કરનારી બચશે નહીં. અને આટલું મોટું કાર્ય કોઈ પણ જાતના ધર્માન્તરણ કરાવ્યા વિના, કોઈ પણ જાતના ધાર્મિક પ્રતિબંધો લાદ્યા વિના કેવળ જ્ઞાન(!)ની સ્વાભાવિક પ્રક્રિયા અને રિફ્લેક્શન્ થી પાર પાડી શકાશે. હું આ પ્રોજેક્ટમાં હાર્દિક આનન્દ અનુભવું છું."*

મોનિયર્ વિલિયમ્સ્ ઓક્સફોર્ડ યુનિવર્સિટિમાં ભાષણ આપતા કહે છે:

"જ્યારે બ્રાહ્મણત્વના પ્રચંડ શક્તિશાળી દુર્ગને ઘેરી લેવામાં આવ્યો છે, આંતર્વિગ્રહ પૈદા કરીને તેને ખતમ કરી દેવામાં આવ્યો છે અને છેવટે જ્યારે ક્રોસના સૈનિકોના વાવાઝોડા જેવા આક્રમણવડે તેને ઉડાડી

* "...It is my belief that if our plans of education are followed up, there will not be a single idolator among the respectable classes in Bengal thirty years hence. And this will be effected without any efforts to proselytize, without the smallest interference with religious liberty, by natural operation of knowledge and reflection. I heartily rejoice in the project."

(In a letter to his father in 1836, Macaulay)



દેવામાં આવ્યો છે ત્યારે ઈસાઈયતનો સમ્પૂર્ણ વિજય થયોજ જાણજો".*

અંગ્રેજોએ પોતાની શાળા-કૉલેજો શરૂ કરીને તેના માધ્યમથી વિકૃત પાઠ્યપુસ્તકો ભણાવવાનું શરુ કર્યું. સરકારી શાળા-કૉલેજોમાં ભણનારને સરકારી નોકરીની લાલચ આપી. શાસ્ત્રોનું અધ્યયન કરાવતી પરમ્પરાગત પાઠશાળાઓ બંધ કરાવી. આ દ્વારા તેમણે ભારતીય પ્રજામાં પોતાના ઈસાઈ વિચારો ધુસાડીને તેમણે ભારતીયોને જ ભારતના દુશ્મન બનાવ્યા. એચ્. એચ્. વિલ્સન કહે છે:

"આપણા ટુંકા સાધનોને જોતાં આપણામાટે અભણ (ભારતીય) જનસમૂહને શિક્ષિત કરવો અશક્ય જણાય છે. આ સ્થિતિમાં આપણે ભારતીયોનો એક એવો વર્ગ પૈદા કરવાનો બનતો શ્રેષ્ઠ પ્રયાસ કરવો જોઈએ કે જે આપણા અને આપણી ગુલામ(ભારતીય) પ્રજા વચ્ચે સંવાદસ્થાપક તરીકેનું કામ કરી શકે. અને એ વર્ગ પાછો એવો હોવો જોઈએ કે જે લોહી અને રંગે તો ભારતીય હોય પણ રુચિ, અભિપ્રાય, સિધ્ધાન્ત અને બુધ્ધિ માં અંગ્રેજ હોય. ભારતીયોના આ વર્ગપર આપણે સ્થાનિક ગમાર બોલીને પશ્ચિમી સુસંસ્કૃત પરમ્પરા પાસેથી પ્રાપ્ત થયેલ વૈજ્ઞાનિક પારિભાષિક ભાષાથી ઉન્નત બનાવવાનું કામ છોડી શકીએ છીએ."+

* "When the walls of the mighty fortress of Brahmanism are encircled, undermined, and finally stormed by the solders of the cross, the victory of Christianity must be signal and complete". (Monier Williams, Addressed in Oxford University).

+ "It is impossible for us, with our limited means, to attempt to educate the body of the people. We must at present do our best to form a class who may be interpreters between us and the millions whom we govern, -a class of persons Indian in blood and colour, but English in tastes, in opinions, in morals and in intellect. To that class we may leave it to refine the vernacular dialects of the country, to enrich those dialects with terms of science borrowed from the Western nomenclature...."

પરિણામ આજે આપણી સામે પ્રત્યક્ષ છે. અંગ્રેજો દ્વારા શરુ કરાવેલ શિક્ષણ પરમ્પરામાં ભણનાર, પછી તે શિક્ષણ અંગ્રેજી ભાષામાં મેળવ્યું હોય કે હિન્દી-ગુજરાતી-મરાઠી કે તમિળ-કન્નડ ભાષામાં, ભારતીય ધર્મ-નીતિ-પરમ્પરા-ભાષા-વેષ-આહાર પ્રત્યે અજાણતાં જ હીન ભાવના ધરાવતો અને વિલાયતી દરેક બાબત પ્રત્યે અનેરો આદર અને આકર્ષણ ધરાવતો થઈ જાય છે, ત્યાં સુધી કે તેને કૂતરા પણ ભારતના ન ગમીને વિલાયતના જ ગમવા લાગે છે.

ભારત સરકારની કુબુદ્ધિની બલિહારી અને ભારતીય પ્રજાનું દુર્ભાગ્ય તો એ છે કે ગુલામીમાંથી છૂટ્યા પછી પણ અને આર્યપ્રજાના ભારતમાં આગમનની માન્યતાને સમગ્ર વિશ્વે નિરાધાર માની છે છતાં ભારતીયોને ઈતિહાસના એ જ વિકૃત પાઠો શાળાઓમાં સરકાર દ્વારા ભણાવવામાં આવી રહ્યા છે કે જે પાઠો કુટિલ અંગ્રેજોએ આપણે ભારતીયોને પોતાના જૂતા નીચે દબાવી રાખવા અને ઈસાઈ બનાવવા ના બદઈરાદાથી લખ્યા હતા!

પોતાના ધર્મ-પરમ્પરા-સંસ્કૃતિ પ્રત્યે ગૌરવ ધરાવનારા બીજા કોઈ પણ દેશમાં એ લોકોનું પૂજાવું કે તેમના લખેલા પાઠો તે દેશની શાળામાં ભણાવવા શક્ય નથી કે જે પરદેશીઓએ તે દેશની પરમ્પરા, સંસ્કૃતિ, ધર્મ અને ઈતિહાસ ને નેસ્ત-નાબૂદ કરવાને જ પોતાના જીવનનું લક્ષ્ય બનાવ્યું હોય. પરન્તુ ભારતીય જનમાનસની બલિહારી છે કે "કેમકે હવે તેઓ ઈસાઈ બની ચુકા છે તેથી હું તેમની પાસે તેમની પૂજ્ય મૂર્તિઓના નાના-નાના ટુકડા કરાવું છું. મૂર્તિપૂજકોના હાથે તેમની પૂજ્ય મૂર્તિનો નાશ થતો જોવાથી મને જે આત્મસન્તોષ મળે છે તેનું વર્ણન કરતાં હું થાકતો નથી" આવી શૈતાની માનસિકતા ધરાવનારો શખ્શ ભારતમાં ન કેવળ સન્ત તરીકે પૂજાય છે, તેના બદ ઈરાદાઓને પૂરા કરવામાટે ભારતના ખૂણે-ખૂણામાં તેના નામની શાળા-કૉલેજો પણ ભારત સરકારની મંજૂરી અને સહાયતા થી ચલાવવામાં આવે છે; જેમાં હિન્દુઓ પોતાના બાળકોને હોંશે-હોંશે ભણાવે છે! ધિક્કાર છે આવી આત્મગૌરવહીનતાને.

ગોરિયાઓએ ભારતીય ધર્મ અને ઈતિહાસ ને વિકૃત કર્યો તેની



પાછળ પોતાની જાત અને પરમ્પરા ની સર્વશ્રેષ્ઠતાનો ઘમંડ અને સામ્રાજ્યવાદી કૂટનીતિ સિવાય તેમની બાયૂબલમાં વર્ણિત મિથકોમાં આંધળી આસ્થા અને કેટલીક વૈચારિક / સિદ્ધાન્તગત સીમાઓ પણ હતી. પ્રસંગવશ તેને પણ જાણી લેવી જોઈએ:

૧. **ક્રાઈસ્ટ ધ ઓન્લી સેવ્યર:** ઈસાઈ ધર્મ અપનાવ્યા સિવાય મનુષ્ય પાપમુક્ત થઈ શકતો નથી. કોઈ ગમે તે ધર્મમાં ગમે તેટલી પ્રબળ આસ્થા ધરાવતો હશે પણ જો તે ઈસાઈ ધર્મમાં દીક્ષિત થયા વિના મૃત્યુ પામશે તો ચોક્કસ તે નર્કમાં જ જશે. બિનઈસાઈ માનવ જાતને નર્કમાં જતી રોકવા તેને સામ-દામ-ભેદ કે દંડ થી પણ ઈસાઈ બનાવવી.

૨. **સૃષ્ટિ ૬૦૧૧ વર્ષ પૂર્વે:** બાયૂબલના મિથક અનુસાર સૃષ્ટિની ઉત્પત્તિ આજથી ૬૦૧૧ વર્ષ પહેલા એટલે કે ૨૪ ઓક્ટોબર ઈ.પૂ. ૪૦૦૪ સવારે ૯:૦૦ વાગે થઈ હતી અને (Noah) નોઆનો જલપ્લવ ઈસૂથી ૧૫૦૦ વર્ષ પૂર્વે થયો હતો તેથી દુનિયાનો કોઈ પણ ઈતિહાસ તેનાથી પ્રાચીન હોઈ જ નથી શકતો.

૩. **બાયૂબ્લિકલ્ મૂળપુરુષ:** બાયૂબલ્ના મિથક અનુસાર નોઆના જલપ્લવ વખતે નૌકાપર સવાર થયેલ નોઆના પરિવાર સિવાયની પૃથ્વિ પરની સમગ્ર મનુષ્ય જાતિ નાશ પામી હતી. તેથી જલપ્લવ પછી નોવાની નાવડી જ્યાં ટકી તે હાલના ટર્કિમાં આવેલ અરારટ્ પર્વત પાસેથી સમગ્ર પૃથ્વિ પર માનવજાતિનો ફેલાવો નોવાના પરિવાર મારફત થયો. તેથી પૃથ્વિના કોઈ પણ પ્રદેશમાં વસતા લોકોનું જે-તે પ્રદેશને પોતાની જન્મભૂમિ માનવું એ ભૂલ ભરેલું છે.

ઉપરોક્ત કુવાના દેડકા સમાન વૈચારિક સીમાઓ, સર્વશ્રેષ્ઠતાનું ઘમંડ અને સામ્રાજ્યવાદી ષડયન્ત્ર ને કારણે ગોરિયાઓએ ભારતીય ધર્મગ્રન્થો, ઈતિહાસ અને પુરાતત્ત્વીય ઉપલબ્ધિઓ ની ગુણવત્તાના મૂલ્યાંકન તેમજ તેના કાલનિર્ધારણ માટે નીચે મુજબની નીતિ નક્કી કરી:

બને ત્યાં સુધી કોઈ પણ ભારતીય ગ્રન્થોને (માયથોલૉજી) કપોળ-કલ્પિત વાર્તાઓ-મિથક તરીકે જ પ્રચારિત કરવા કે જેથી બાયબલ્ અને પશ્ચિમી પરમ્પરા ની શ્રેષ્ઠતા ન જોખમાય.

શક્ય હોય ત્યાં સુધી કોઈ પણ ભારતીય સાહિત્યને ઈ.પૂ. ૧૫૦૦ થી વધુ પ્રાચીન ન માનવા કે જેથી બાયબ્લિકલ્ જલપ્લવની વાર્તા ખોટી ન ઠરે.

આમ છતાં જો ભારતીય ગ્રન્થોને પ્રાચીન માનવા જ પડે તો ભારતીય સાહિત્યમાંના જે અંશો ગમ્ભીર તત્ત્વદર્શન, ઉચ્ચ નીતિ-અધ્યાત્મવિચાર અને ઉત્તમ કલા વગેરેનું નિરૂપણ કરનારા જણાય તેને *પશ્ચિમી પ્રભાવ હેઠળ પાછળથી રચાયેલા અને જે-તે ગ્રન્થોમાં પાછળથી ઉમેરેલા સાબિત કરવા કે જેથી ભારતીય શ્રેષ્ઠ ધર્મ-પરમ્પરાઓ પશ્ચિમની ઉપજીવી સાબિત થાય.

અહીં એ ઉલ્લેખનીય છે કે ભારતના ગુલામીકાળથી લઈને આજ દિવસ સુધી ઘમંડી પશ્ચિમી ઈસાઈ સંશોધકો ભારત વિરુદ્ધ ષડયન્ત્રના ભાગ રૂપે; તેમજ "ગોરાવાક્યં પ્રમાણમ્" માનનારા ગોરાઓની માનસસન્તાન સમા અનેક ગુલામ ભારતીય લેખકો પણ જાણે-અજાણે તેમના પદચિહ્નોપર ચાલતાં ભારતીય ઈતિહાસ અને ધર્મ ને અભારતીય, હીન, અવિશ્વસનીય, અસમ્બદ્ધ અને વિકૃત ચીતરવાનો દુષ્પ્રયાસ કરતા આવ્યા છે. મહાભારત અને ભગવદ્ગીતા ના વિષયમાં શાસ્ત્રીજીના વિધાનો પણ પશ્ચિમી વિચારધારાનું જ, એક ડગલું આગળ ભરીને, અનુસરણ કરી રહ્યા છે એ હકીકત છે.

---

* "The peculiar colouring of the Krishna sect, which pervades the whole book(Mahabharata), is noteworthy: Christian legendry matter and other Western influences are unmistakably present."(Weber)



ખરેખર તો તે વિધાન શાસ્ત્રીજીએ "  " અવતરણચિહ્નો વચ્ચે છાપવું જોઈતું હતું. કારણ કે મહાભારતકાર વેદવ્યાસદ્વારા મહાભારતમાં ઉપનિબદ્ધ ભગવદ્ગીતાના વિષયમાં આવો વિચિત્ર અને આધાર-પુરાવા વિનાનો તુક્કો સર્વ પ્રથમ છોડવાનો યશ શાસ્ત્રીજીને નહીં પરન્તુ *એડ્વર્ડ વૉશબર્ન હોપ્કિન્સ્* (ઈ.૧૮૫૭-૧૯૩૨) ને જાય છે. હોપ્કિન્સે *'ધ રિલિજન્સ્ ઑફ ઈન્ડિયા'* (ઈ.૧૯૦૮)ના પૃષ્ઠ. ૩૮૯ પર લખ્યું છે: "હવે જે કૃષ્ણપ્રધાન રૂપ મળે છે, તે પહેલે કોઈ જુની વિષ્ણુપ્રધાન કવિતા હતી અને તેનાથી પણ પહેલા તે કોઈ એક નિઃસામ્પ્રદાયિક રચના હતી, કદાચ મોડેથી લખાયેલ કોઈ ઉપનિષદ્". *'આઉટ્લાઈન્ ઑફ દ રિલિજિયસ્ લિટરેચર્ ઑફ ઈન્ડિયા'* ના લેખક *ફર્કુહારે* પણ પરિ. પૃ.૯૫ પર આજ તુક્કો છોડ્યો છે.

હકીકત તો એ છે કે પોતાની જાતને જગતની સર્વશ્રેષ્ઠ પ્રજા માનનારા ગોરિયાઓના પેટમાં ભગવદ્ગીતાની વિશ્વવ્યાપી લોકચાહના જોઈને તેલ રેડાતું હતું. ભગવદ્ગીતાની પ્રાચીનતા જો બાયબલ્ કરતાં વધુ પુરવાર થાઈ જાય તો ગોરિયાઓને પોતાના કલ્ચર, જાતી અને ધર્મ નું નાક કપાતું હોય તેમ લાગતું હતું. ભગવદ્ગીતાને, તેથી, ગમે તે ભોગે — મારી મચડીને પણ પશ્ચિમી વિચારોથી પ્રભાવિત કરવું તેમનામાટે અનિવાર્ય હતું. આ માટે ભગવદ્ગીતાના રચનાકાલને બને તેટલા પાછળ, ઈસ્વીસનની નજીક, લઈ જવો જરૂરી હતો.

ભારતીય ધર્મગ્રન્થોના વિષયમાં નક્કી કરેલ પૂર્વોક્ત નીતીનું અનુસરણ કરીને ગોરિયાઓએ ભગવદ્ગીતાના [1]રચયિતા, [2]તેનો રચનાકાળ, [3]મહાભારત અને ગીતા નો સમ્બન્ધ, [4]ભગવદ્ગીતાની શ્લોકસંખ્યા વગેરે બહિરંગ બાબતોમાં આધાર-પુરાવા વિના અનેક વાહિયાત મતો ખડા કરીને ભારતીય જનમાનસમાં તેની બાબતમાં સંશયના બીજ રોપી દીધા જેનો શિકાર શાસ્ત્રીજી જેવા અનેક લોકો બન્યા.

આગળ એ સ્પષ્ટ કરી દેવામાં આવ્યું છે કે પંડિત શ્રીભગવદ્દત્ત, શ્રીબાલ ગંગાધર તિલક વગેરે અનેક ઈતિહાસવિદોએ ગીતા-મહાભારત વિષયક જે નિરાધાર અને અભારતીય વિચારધારાના શાસ્ત્રીજી અનુયાયી છે તેનું

સેંકડો પાનાઓ ભરીને, પ્રબળ પ્રમાણો અને યુક્તિ-પ્રયુક્તિઓ ના પ્રહારથી ખંડન કરીજ રાખ્યું છે. અહીં તે ખંડનનું સંકલન કરી શકવું શક્ય નથી. જિજ્ઞાસુ જનોએ ઉક્ત ઇતિહાસવિદોના ગ્રન્થોથી પોતાની જિજ્ઞાસા શાન્ત કરવી જોઈએ. આમ છતાં આ સમ્બન્ધમાં પરમ્પરાગત શુદ્ધ ભારતીય મત સંક્ષેપમાં સમજી લેવો આવશ્યક છે:

**૧. મહર્ષિ વ્યાસ જ કૃષ્ણાર્જુન સંવાદરૂપ ભગવદ્ગીતાના સંકલન કર્તા છે.**
**૨. પાંડવ-કૌરવ યુદ્ધની સમાપ્તિ પછી તરત તેનું સંકલન થયું છે.**
**૩. ભગવદ્ગીતા એ જય-ભારત-મહાભારતનો જ ભાગ છે.**
**૪. જે સ્વરૂપે ભગવદ્ગીતા શ્રીશંકર આદિ ભારતીય આચાર્યોને ઉપલબ્ધ થઈ છે તે જ તેનું મૂળ સ્વરૂપ છે.**

**ગીતા શ્રુતિ ન હતી:**

બ્રહ્મસૂત્રકાર ગીતાને ‘સ્મૃતેશ્ચ’ દ્વારા સ્મૃતિ કોટિનું શાસ્ત્ર માની રહ્યા છે. શ્રુતિ-સ્મૃતિ વચ્ચેના ભેદની સમઝ બ્રહ્મસૂત્રકાર કરતાં શાસ્ત્રીજીની વધુ સ્વીકારી શકાતી નથી. તેથી શાસ્ત્રીજીની આધાર-પુરાવ વિનાની એ માન્યતા તદ્દન પોકળ સાબિત થઈ જાય છે કે ગીતા પહેલે કોઈક ઉપનિષદ્ = શ્રુતિ હતી.

**ગીતા મહાભારતમાં પછળથી પ્રક્ષિપ્ત નથી:**

શાસ્ત્રીજીની, પશ્ચિમી ઈસાઈ આક્રાન્તાઓ પાસેથી ઉધાર લીધેલી, બીજી માન્યતા કે ભગવદ્ગીતાને બાદરાયણ વ્યાસે મહાભારતમાં સમાવી ન હતી, તદ્દન પાયા વિનાની કપોળ-કલ્પિત છે. ભારતીય પરમ્પરામાં હજારથી પણ વધુ વર્ષ પહેલાથી નિર્વિવાદરૂપે વેદવિભાગ, મહાભારત અને બ્રહ્મસૂત્ર ના કર્તા તરીકે બાદરાયણ વ્યાસ મનાયેલા છે કે જેમણે ભગવદ્ગીતા સહિત મહાભારતની રચના કરી છે. ભારતીય ધર્મ-પરમ્પરાના સમ્બન્ધમાં શાસ્ત્રીજીની કે શાસ્ત્રીજીના ઈસાઈ પશ્ચિમી ગુરુઓની માન્યતાની કીમત મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યથી કરીને ગીતા-બ્રહ્મસૂત્રના પ્રાચીનતમ વ્યાખ્યાકાર શ્રીશંકર વગેરે ભારતીય આચાર્યોની માન્યતા સામે ફૂટી કોડી બારાબર પણ માની શકાતી નથી.



**ભારતીય આચાર્યોને જેટલી ગીતા ઉપલબ્ધ થઈ છે તે જ તેનું અસલ સ્વરૂપ છે:**

ખરેખર તો ભારતીય શાસ્ત્રોની કદરૂપી હજામત કરવાનો સમ્પ્રદાય ચલાવવાનો યશ આધુનિક સમયમાં બંગાળી બાબુ શ્રીબંકિમચન્દ્રના ફાળે જાય છે. શાસ્ત્રીજી તો એ હજામત સમ્પ્રદાયના એક અનુયાયી માત્ર છે.

ભગવચ્ચરિત્રના નિરૂપણમાં આધ્યાત્મિક અને આધિદૈવિક પક્ષોને સમજી-સ્વીકારી ન શકવાના કારણે પોતાની ડોલમ-ડોલ થતી અર્ધશ્રદ્ધાને જેમ-તેમ ટકાવી રાખવાના પ્રયાસ રૂપે શ્રીબંકિમચન્દ્ર ચટ્ટોપાધ્યાયે કૃષ્ણચરિત્રના લેખનમાં ‘અનૈસર્ગિકતા’, ‘પ્રક્ષેપ’ અને ‘મિથ્યાત્વ’ નામની ત્રણ કાતરોથી શ્રીકૃષ્ણના ભાગવતોક્ત ચરિત્રની કદરૂપી હજામત કરી નાખવાનો વિચાર સો-સવાસો વર્ષ પહેલા વહેતો મૂક્યો હતો. શ્રીપન્નાલાલ પટેલને બાદ કરતાં શ્રીબંકિમચન્દ્ર પછી કૃષ્ણચરિત્ર વિશે લખનારા મોટા ભાગના ગુજરાતી લેખકોએ શ્રીબંકિમચન્દ્રની જ કાતરોવડે તો કોઈકે થોડો સુધારો-વધારો કરેલી કાતરો વડે કૃષ્ણચરિત્રની હજામત કરવાની પરમ્પરા પોત-પોતાના લેખનમાં આગળ ધપાવી હોય તેવું જોવા મળે છે. જેને જે ભાગ જેટલો નથી ગમ્યો તેને તેટલો કાપી નાખ્યો છે, મનગમતું ન મળતાં ખિસ્સામાંથી કાઢીને ઉમેરી નાખ્યું છે. દા.ત.:

**શ્રીકનૈયાલાલ મુનશી:** ગોવર્ધનધરને ગુફાની શરણ લેતા બતાવી દીધા છે અને કુબ્જાને માતા બનાવી દીધી છે.

**સ્વામી સચ્ચિદાનન્દ:** બધી લીલાઓ રૂપક-ગપ્પ છે એમ કહીને, ગપ્પામાંય પાછું ગપ્પું માર્યું છે: કારાગૃહમાંથી શ્રીકૃષ્ણને પધરાવી જવામાટે પહેરેગિરના ગજવામાંથી ચાવી કાઢીને દરવાજા ખોલ્યા! હડપ્પા-મોંહેંજો દડોમાંથી પણ હજી સુધી કોઈને તાળ-ચાવી મળ્યા નથી!.

**શ્રીરઘુવીર ચૌધરી:** વ્રજમાં શ્રીકૃષ્ણની ઉમ્મર ૧૧માંથી ૧૬ વર્ષની કરી નાખી છે.

**શ્રીપાંડુરંગ આઠવલે:** સ્વાધ્યાય પંથના સ્થાપક શ્રીઆઠવલેએ હરિવંશને વાંચ્યા વિનાજ વિધાન કરી નાખ્યું છે કે “હરિવંશમાં નંદને ઘેર વસુદેવે શ્રીકૃષ્ણને પહોંચાડ્યા તે વાત નથી” જુઓ હરિવંશ પૂના સંસ્કરણ, વિષ્ણુપર્વ ૪૮।૧૮: ‘વસુદેવસ્તુ સંગૃહ્ય દારકં ક્ષિપ્રમેવ તુ, યશોદાયા ગૃહં ભીતો વિવેશ સુતવત્સલઃ”.

કૃષ્ણચરિત્રની માફક જ ભગવદ્ગીતાની પણ હજામત કરવામાટે ડૉ. હમ્બોલ્ટ, ગાર્બે, રુડૉલ્ફ વગેરે અને બેલ્વેલ્કર, ખેર વગેરે **પશ્ચિમી-પૂર્વી** લોકોએ પોત-પોતાના હાથ અજમાવ્યા હતા. શાસ્ત્રીજીએ આ બધામાં નોખા તરી આવે છે. કારણ કે શાસ્ત્રીજીના પુરોગામીઓએ થોડો દયાભાવ રાખીને ગીતામાં કંઈક તો રહેવા દીધું હતું. શાસ્ત્રીજીએ તો, પરન્તુ, ગીતાની હજામત એકદમ મિલિટ્રી સ્ટાઈલથી કરી નાખી છે. ૭૦૦ - ૬૦૦ = ૧૦૦?

ભગવદ્ગીતાની હજામત કરવામાટે શાસ્ત્રીજીએ કરેલ કાતરોની પસંદગી પર શ્રીબંકિમચન્દ્રના વિચારોનો પ્રભાવ સ્પષ્ટપણે જોઈ શકાય છે:

ચમત્કારમૂલક[કે.કા.] = અનૈસર્ગિક[બંકિ.]
પૌરાણિક કોટિ[કે.કા.] = મિથ્યા[બંકિ.]
પ્રક્ષેપ[કે.કા.] = પ્રક્ષેપ[બંકિ.]

આમ છતાં શાસ્ત્રીજીની કાતરો શ્રીબંકિમચન્દ્રની કાતરો કરતાં અનેક ગણી વધુ ધારદાર છે એ તેમની વિશેષતા નોંધપાત્ર કહી શકાય.

ભગવદ્ગીતાપર ઉપલબ્ધ થતી સંસ્કૃત વ્યાખ્યાઓમાં પ્રાચીનતમ વ્યાખ્યા શ્રીશઙ્કરાચાર્ય અને શ્રીભાસ્કરાચાર્ય લિખિત છે. આ ગીતાવિવેચકોથી લઈને અન્ય કોઈ પણ સંસ્કૃત વ્યાખ્યાકારે ગીતાની શ્લોકસંખ્યા બાબત આવી કુકલ્પના કરી નથી. ભારતીય ધર્મશાસ્ત્ર અને ઇતિહાસ ના વિષયમાં ષડયન્ત્રકારી પરધર્મ-અસહિષ્ણુ અને સામ્રાજ્યવાદી ઈસાઈ ગોરિયાઓ કે તેમની માનસસન્તાનો સમા ભારતીયો નું જ્ઞાન અને તેમણે બાંધેલ તદ્વિષયક ધારણાઓ નું પ્રામાણ્ય ભારતીય ઋષિ-મુનિઓ તેમજ પ્રાચીન સમ્પ્રદાયાચાર્યો થી વધુ માની શકાતું નથી.

અને, અર્જુનના વિશાદને દૂર કરવા માટે કેટલી સમજાવટ પૂરતી હતી તેનો નિર્ણય દલાતરવાડી બનીને કોઈ પણ વ્યક્તિ કેમ કરી શકે? અને જે પણ નિર્ણય કરે તેની પ્રામાણિકતા કેટલી? જે તર્કથી ગીતાના ૭૦૦ માંથી ૬૦૦ શ્લોકોની હજામત કરી શકાય તે જ તર્કથી ગીતાના



૬૯૯ શ્લોકોની હજામત કેમ ન કરી શકાય! શસ્ત્ર-શાસ્ત્ર નિષ્ણાત અર્જુન શું એટલો અણસમજુ હતો કે એના વિશાદને દૂર કરવા ૧૦૦-૧૦૦ શ્લોકો કહેવા પડે એવું શાસ્ત્રીજીને કેમ પૂછી ન શકાય? જે કરવું હોય તે કરી શકાય પણ મુદ્દાનો પ્રશ્ન એ છે કે તે માટેનો આધાર શું અને પુરાવાઓ ક્યાં? તે વિના "મને આમ લાગે છે—મને તેમ લાગે છે" એ આધારે ઇતિહાસનું મૂલ્યાંકન થઈ ન શકે. અને જો માત્ર એટલા આધારે ઈતિહાસ લખી શકાતો હોય તો મને તો એમ લાગે છે કે ઈસાઈઓએ બાયબલની રચના આપણા ભાગવતાદિ પઞ્ચલક્ષણ પુરાણોના આધારે જ કરી છે. નીચે આપેલ કોઠામાં નમૂના તરીકે ભાગવત વર્ણિત કૃષ્ણ ચરિત્ર અને બાયબલના ન્યુ ટેસ્ટામેંટ્માં વર્ણિત ઈસુ ના ચરિત્રનું તુલનાત્મક અધ્યયન કરતાં તો તેવું જ જણાય છે. જુઓ કોઠો:

| બાયબલ | ભાગવત |
|---|---|
| જન્મની ભવિષ્યવાણી | શ્રીકૃષ્ણના જન્મની આકાશવાણી |
| દર્શનાર્થ જ્ઞાનિઓનું આગમન | શ્રીકૃષ્ણના દર્શનાર્થે ગર્ગનું આગમન |
| બાળ ઈશુની રક્ષાર્થે મિસ્રદેશ જવું | શ્રીકૃષ્ણની રક્ષાર્થે ગોકુળ જવું |
| નવજાત બાળકોની હત્યા કરાવવી | નવજાત બાળકોની હત્યા કરાવવી |
| ઓલ્ડ ટેસ્ટામેંટના સ્થાને નવા ધર્મનિયમનો ઉપદેશ | ઈન્દ્રપૂજાને સ્થાને ગોવર્ધનપૂજાનો ઉપદેશ |
| તોફાનને શાન્ત કરવો | તૃણાવર્ત-દાવાગ્નિને શાન્ત કરવા |
| ઉપવાસનો પ્રશ્ન | નન્દરાયજીનો ઉપવાસ અને દણ્ડ |
| ઈશુના શિષ્યોને માર્ગમાં ભૂખ લાગતાં દેવને અર્પિત ભોજન કરવા સમ્બન્ધિ સંવાદ | ગોપબાળકોને ભૂખ લાગતાં યજ્ઞાર્થે તૈયાર કરેલ સામગ્રી તેમને ખવડાવવી |
| કુબડીને સીધી કરવી | કુબ્જાને સીધી કરવી |
| જંગલમાં ૫૦૦૦ લોકોને ભોજન કરાવવું | દુર્વાસાના શિષ્યોને તૃપ્ત કરવાનો પ્રસંગ |
| યેરુશલમ્ જવાનો વિચાર | મથુરા જવાનો વિચાર |
| રોમન સમ્રાટને કર આપવાનો વિરોધ | કંસને કર આપવાનો વિરોધ |
| ઈશુની હત્યાનું ષડયન્ત્ર | કંસનું ષડયન્ત્ર |
| સ્ત્રી દ્વારા ઈશુને સુગન્ધિત દ્રવ્ય લગાવવું | કુબ્જાદ્વારા સુગન્ધિત પદાર્થોનું સમર્પણ |
| ઈશુના શિષ્યનો વિશ્વાસઘાત | ભક્ત અક્રૂરદ્વારા પ્રભુને મથુરા પધરાવી જવા |
| ઈસૂનું ક્રુસિફિકેશન | શ્રીકૃષ્ણની આસુરવ્યામોહ લીલા |
| શિષ્યોને ઉપદેશ | ઉદ્ધવજીને ઉપદેશ |

'ઈતિહાસ' ખરેખર એવો વિષય છે કે જેમાં ચોક્કસ પણે કંઈ પણ કહી શકાતું નથી. કોઈએ જોયું નથી કે શું બન્યું હતું. પ્રમાણોની ઉપલબ્ધિ સ્વલ્પ હોય છે. અંધારામાં તીર છોડવાના હોય છે. તેથી ઈતિહાસના સંશોધન-લેખનમાં 'સમ્ભાવનાઓ' વધુ હોય છે. પરન્તુ મુશ્કેલી ત્યાં ઉભી થાય છે કે જ્યારે કોઈ સંશોધક પોતાની માન્યતાને એક 'સમ્ભાવના / શક્યતા' તરીકે પ્રસ્તુત ન કરીને એક સિદ્ધાન્ત તરીકે રજુ કરે છે અથવા તેવો આભાસ ઉભો કરે છે. એમાં પણ જો સંશોધકનું નામ મોટું હોય તો તેણે પ્રસ્તુત કરેલી સમ્ભાવના આપોઆપ જ વ્યાપક સ્તરે સિદ્ધાન્તનું સ્વરૂપ ધારણ કરીલેતી હોય છે. આ સ્થિતિ ખતરનાક હોય છે.

શ્રીતિલકના શબ્દોમાં આ પ્રકરણનો ઉપસંહાર કરીએ:

> **સંદેહની ગતિ નિરંકુશ રહે છે. ... ગીતા વર્તમાન મહાભારતનો જ એક ભાગ છે. અને જેણે વર્તમાન મહાભારતની રચના કરી છે તેણે જ વર્તમાન ગીતાનું પણ વર્ણન કર્યું છે. ... કેટલાક લોકોએ ગીતાને પ્રક્ષિપ્ત સિદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો છે. પરન્તુ જે લોકો બાહ્ય પ્રમાણોને નથી માનતા અને પોતાના સંશયરૂપી પિશાચને અગ્રસ્થાન આપે છે, અમારા મતે, તેમની વિચાર પદ્ધતિ સર્વથા અશાસ્ત્રીય અને તેથી અગ્રાહ્ય છે.** (ગીતારહસ્ય અથવા કર્મયોગશાસ્ત્ર, પૃ.૫૨૪)

**૨. ભગવદગીતાના અર્થકરવાની પદ્ધતિ,** ડૉ. વિનોદચન્દ્ર પુરાણી.

શ્રીનિર્ભયાનન્દ સરસ્વતીના શિષ્ય તેમ છતાં અનેક પુષ્ટિમાર્ગીય પુસ્તકોના લેખક-સમ્પાદક શ્રીપુરાણી લિખિત ઉક્ત પુસ્તકના કેટલાક અંશો આલોચ્ય છે.

શ્રીપુરાણીનું તેમના પુસ્તકના ઉપોદઘાતનું સર્વપ્રથમ વિધાન "આપણે **ત્યાં હિંદમાં કોઈ પણ પ્રાચીન શાસ્ત્રીય અને મહત્ત્વપૂર્ણ ગ્રન્થની અર્થકરણ પદ્ધતિ વિકસિત નથી(!!!)... યુરોપમાં...ત્યાંના વિદ્વાનોએ ...બાઈબલ માટે ... અર્થકરણની પદ્ધતિ વિકસાવી**" અત્યન્ત બાલિશ અને તુચ્છ હોવાની સાથોસાથ શાસ્ત્રમાં આદર અને નિષ્ઠા ધરાવનાર સમગ્ર આસ્તિક ભારતીય સમાજની નિષ્ઠુર મજાક ઉડાડનારું છે.



વેદોના શબ્દાર્થ-પ્રયોગને સમજાવનારા વેદાંગો: શિક્ષા-કલ્પ-વ્યાકરણ-**જ્યોતિષ-નિરુક્ત-છન્દ, કર્મ-બ્રહ્મ મીમાંસા સૂત્રો, અધિકરણવિચાર, ઉપક્રમ-ઉપસંહારવિચાર, સૂત્ર-વૃત્તિ-ભાષ્ય-ભાષ્યટીકા-પ્રટીકા-વાર્તિક, લક્ષણવિચાર, પુરાણાર્થવિચાર, અક્ષર-પદ-વાક્ય-અધ્યાય-પ્રકરણ-સ્કન્ધ-શાસ્ત્રાર્થવિચાર, ઉત્સર્ગાપવાદ-પ્રતિપ્રસવ, શાસ્ત્રાવિરોધસાધનમાટે કલ્પભેદ અધિકારભેદ કોટિભેદ પ્રમાણદૌર્બલ્ય આદિ; પુરાણોમાં ભાષાભેદ, સત્ત્વિકાદિ ગુણભેદ, વૈષ્ણવાદિ દેવતાભેદ, પુરાણ-મહાપુરાણ-ઉપપુરાણાદિ ભેદ—વગેરે અનેક પદ્ધતિઓ શાસ્ત્રનો અર્થ કરવાની ભારતમાં હજારો વર્ષથી સુપ્રસિદ્ધ હોવા છતાં લેખકને** તેનું નજરે ન ચઢવું તે આધુનિક સરકારી શિક્ષણપદ્ધતિની વિફલતા સાબિત કરે છે.

વધુમાં મહાન્ આશ્ચર્ય તો એ જોઈને થાય છે કે મહાનિબન્ધના અંતિમ ૫-૭ પાનામાં લેખક જે પદ્ધતિ ગીતાનો અર્થ કરવામાટે સુઝાવી રહ્યા છે તે પાછી ઉલ્લિખિત પરમ્પરાગત ભારતીય પદ્ધતિથી વિશેષ કંઈ જ નથી! વળી, ગીતાના અર્થમાં પ્રવર્તતી કથિત 'અંધાધૂંધી' નું નિરાકરણ કરવામાટે લેખકે જે યુરોપના વિદ્વાનોની પદ્ધતિનો ઉલ્લેખ કર્યો છે તે આખા મહાનિબંધમાં ગોતીયે જડતી નથી!!

બીજું, લેખકે ગીતાને કૃષ્ણાર્જુન સંવાદરૂપ નથી સ્વીકારી(જુઓ: પૃ.૭૮). દૃષ્ટાન્ત સ્વરૂપે લેખકે ગીતાનો સોળમો અધ્યાય આપ્યો છે.

પરન્તુ ભગવદ્ગીતાનું બ્રોડકાસ્ટિંગ્ કરનારા સંજયના "**સંવાદમ્ ઈમમ્ અશ્રૌષમ્**" "**સંવાદમ્ ઈમમ્ અદભુતમ્ કેશવાર્જુનયોઃ**" વચનો કંઈક બીજી જ કહાની કહી રહ્યા છે! ભગવદ્ગીતાના આ વચનોના સંબંધમાં લેખકનું મૌન ભયંકર આશ્ચર્ય ઉપજાવે છે.

સોળમા અધ્યાયની સંગતિ ગુણત્રયવિભાગયોગથી મળે છે. અર્જુનનો પ્રશ્ન '**કૈર્લિંગૈઃ ત્રીન્ ગુણાન્ એતાન્ ... ત્રીન્ ગુણાન્ અતિવર્તતે**" એ અર્જુનના પ્રશ્નનું સમાધાન "**માં ચ યોઽવ્યભિચારેણ ... બ્રહ્મભૂયાય કલ્પતે, બ્રહ્મણો હિ પ્રતિષ્ઠાહમ્**" કરી અને પ્રસંગોપાત્ત "**બ્રહ્મણઃ પ્રતિષ્ઠા અહમ્**" નું વ્યાખ્યાન પુરુષોત્તમયોગ સ્વરૂપે કર્યું. તેના ઉપસંહારમાં "**યો મામ્**

એવમ્ અસંમૂઢો ... કૃતકૃત્યશ્ચ ભારત'' કહ્યું ત્યાં તેનો અધિકારી કોણ તેની સ્પષ્ટતા માટે સોળમો અધ્યાય કહ્યો છે. આમ કેવાર્જુન સંવાદમાં બધું સંગત જ છે.

અહીં એ લક્ષ્યમાં લેવું આવશ્યક છે કે સમીક્ષિત ઉક્ત લેખનોમાં બીજા પણ અનેક અંશો વિમર્શ્ય છે જ. વિસ્તાર ભયથી અહીં તે બધાનો વિમર્શ કરવો સમ્ભવ નથી. તેથી અહીં ઉદાહૃત અંશો સિવાયના અંશોમાં પ્રસ્તુત ભૂમિકાના લેખકની સમ્મતિ હોવી આવશ્યક નથી. તે જ રીતે સર્વત્ર સમજી લેવું.

૩. **શ્રીમદભગવદગીતા પુષ્ટિદર્શન**, સંકલન : ગો.શ્રીદ્વારકેશકુમારજી, વડોદરા.

આ પુસ્તિકામાં છપાયેલ 'અધ્યાયરહસ્ય'માં શ્રીવિનોબા ભાવે ના ગીતાપ્રવચનોના અંશોનો થોડાક શબ્દો-વાક્યોનો ઉમેરો કરીને ઉતારો તેમજ મૂળ શ્લોકોના અનુવાદ તરીકે ગો.વા.શ્રીચિમનલાલ હરિશઙ્કર શાસ્ત્રી કૃત ગીતાનુવાદનો ઉતારો આપવામાં આવ્યો છે.

શ્રીવિનોબા ભાવેના ગીતા સમ્બન્ધિ વિચારો વાલ્લભમતમાં કેટલા અંશે સ્વીકાર્ય હોઈ શકે છે તે અલગથી વિવેચનનો વિષય છે. આમ છતાં શ્રીવિનોબાના પ્રવચનોના અંશોનો ઉતારો આપવામાં કેટલીક ગંભીર ક્ષતિઓ નજરે ચઢી આવે છે જે વાલ્લભમત ઉપરાન્ત સર્વસામાન્ય ભારતીય વૈદિક ધર્મ પર પણ કુઠારાઘાત કરનારી છે. નમૂના તરીકે :

પાના સં. ૧૪૦: ઈન્દ્ર-વૃત્ર યુદ્ધને રૂપક માનવામાં આવ્યું છે.

૧૪૧: મહાભારત યુદ્ધની ઐતિહાસિકતા વિશે સન્દેહ કરવામાં આવ્યો છે.

સારું તો ખરેખર એ જ ગણાય કે અસ્વમાર્ગીય લેખકોના લખાણોનો સમાવેશ સ્વમાર્ગીય પ્રકાશનોમાં કરવો જ ન જોઈએ. આમ છતાં જો અન્ય કોઈ લેખકનો બેઠો ઉતારો આપવો જ હોય તો ૧. પુષ્ટિમાર્ગીય સિદ્ધાન્તને પ્રતિકુળ હોય તેવા તેના અંશો કાઢી નાખવા જોઈએ અને ૨. જે તે સ્થાને લેખકના નામ-પ્રકાશન-પૃષ્ઠસંખ્યા વગેરેનો ઉલ્લેખ કરવો જોઈએ કે જેથી અબુધ પુષ્ટિમાર્ગીય પાઠકો તેમજ અન્ય લોકો પણ તે લખાણને વાલ્લભમત માની ન બેસે.



આમ છતાં કહ્યા વગર રહેવાતું નથી કે આજે જ્યારે અધિકાંશ વલ્લભવંશજો પોતાના નિજ ગૃહને હવેલી = દુકાન બનાવીને તેમાં પોતાના નિજ સેવ્યપ્રભુને તેમજ તેમની સ્વધર્મરૂપા પવિત્રતમ ભગવત્સેવાને પૈસા કમાવાનું સાધન એટલે કે ધંધો બનાવીને બેસી ગયા છે; અને તેમની દુકાનો = હવેલીઓમાં ઘરાકોની સંખ્યા ઘટે નહીં તેવા પાપપૂર્ણ હેતુથી પુષ્ટિમાર્ગના અનુયાયીઓને તેમના જ ઘરોમાં પ્રભુસેવાપરાયણ થવાનો શુદ્ધ પુષ્ટિમાર્ગીય સદુપદેશ આપવાને ઠેકાણે હવેલી-મન્દિરોમાં ધંધાકીય હેતુથી આયોજિત થતા દર્શન-મનોરથોમાં (ખિસ્સા ખાલી કરીને!) સામેલ થવામાં જ પુષ્ટિમાર્ગીય જીવનની સાર્થકતા છે તેવો પાપપૂર્ણ તેમજ ''તમે ઘરમાં ખાલી મિશ્રી ધરાવશો તો પણ ચાલશે, શ્રીમહાપ્રભુજી તમારા વતીની બધી સેવા કરી લેશે!'' એવો પાખંડપૂર્ણ ઉપદેશ આપતા રહે છે. તેવા કપરા કાળમાં ગો.શ્રીદ્વારકેશકુમારજીનું નીચેનું વિધાન ખરેખર આશાની નવી કિરણસમું બની રહે છે :

**નિજગૃહમાં રહી સ્વયં સહિત સ્વનું સર્વ કોઈ પ્રભુના ચરણોમાં સમર્પિત કરવું અને સદૈવ હૃદયમાં દાસભાવ સ્થિર કરી સર્વદા સેવ્ય શ્રીહરિને સેવવા...(પાના સં.૪૨)**

અહીં એક સ્પષ્ટતા કરવાની રહી કે જુના જમાનામાં શ્રીવલ્લભવંશજ આચાર્યોના ખાનગી નિવાસસ્થાન એટલે કે ઘરોને 'હવેલી' નામથી એટલા માટે સમ્બોધવામાં આવતા હતા કે જેથી તે નિજી સ્થાનો અન્ય મન્દિર-દેવાલય-મઠ-આશ્રમોની માફક સાર્વજનિક સ્થાનોમાં ખપી ન જાય. એ ઉચિત પણ હતું. કારણ કે તે સમયે આચાર્યો પોતે અને તેમને ત્યાં આવનાર લોકો પણ તેને એક નિવાસસ્થાન-ઘર તરીકે જ જાણતા, માનતા અને વર્તતા પણ હતા. ધીરે-ધીરે આમાં પરિવર્તન આવતું ગયું. આજે તો બન્ને પક્ષોની માન્યતા અને વ્યવહાર એકદમ બદલાઈ ગયા છે. આજે 'હવેલી'નો અર્થ આચાર્યનું નિવાસસ્થાન ન થઈને ધંધાનું સ્થળ થાય છે. દા.ત. કોઈ આચાર્યવંશજ એમ કહે કે ''આ ગામમાં મને હવેલી ખોલવી છે'' તો એનો અર્થ સીધો એવો જ થાય કે ''મને આ ગામમાં દુકાન ખોલવી છે''. કોઈ આચાર્યવંશજના બે પુત્રો

ઉંમરલાયક થાય એટલે પિતા તેમાના માટે જુદી હવેલી ખોલવાનો વિચાર કરવા લાગે છે. એકદમ તે જ પ્રમાણે કે જેમ કોઈ વહેપારી પિતા પોતાના પુત્રોના જીવન નિર્વાહ માટે તેમને જુદા ધંધામાં સેટ્ કરવાનો વિચાર કરતો હોય છે. આ હકીકત એટલી પાધરી છે કે અક્કલનો જેમાં એક છાંટો પણ હોય એ વ્યક્તિ સમજી શકે છે કે આજની હવેલી એટલે આચાર્યવંશજોનું ધંધાનુ સ્થળ. હાઈકોર્ટ અને સુપ્રિકોર્ટે પણ હવેલીઓની કાર્યપ્રણાલીને જોઈને આવું જ તારવણ કાઢેલું છે. તેથીજ ભક્તિ અને ધર્મ ના નામે જનતા પાસેથી ભેટ-સામગ્રી ભેગી કરીને તેના જોરે તાગડધિન્ના કરતા લોકો પર લગામ કસવા કોર્ટે તેને સાર્વજનિક ટ્રસ્ટ ઠરાવવાનો નિયમ જેવો બનાવી લીધો છે. આગે-આગે દેખો હોતા હે ક્યા! તે જ પ્રમાણે આધુનિક શિષ્યો માટે 'હવેલી'નો અર્થ ધર્મોપદેશ લેવાનું પવિત્ર ગુરુસ્થાન ન થઈને બગીચે ફરવા જતાં શરમાતા અને હાથલારી પર ભેળ-પૂરી ખાવામાં સંકોચ અનુભવતા ઘર-પરિવારમાં ઉપેક્ષિત ઘરડાં-બુઢ્ઢા લોકોમાટે ગામગપાટા મારીને ટાઈમ પાસ કરવાનું, પૈસાપાત્રો માટે ભક્તિના નામે પૈસા ફેંકીને તમાશો જોવાનું અને સસ્તિ પ્રસિદ્ધિ મેળવવાનું, પુષ્ટિમાર્ગમાં પેશી ગયેલા આસુરી લોકોમાટે પોતાના ઘરમાં શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્ત અનુસાર સેવા-સ્મરણ કરવાથી છટકવાનું અને આ રીતે ધર્મ-ભક્તિ કરવાનો ખોટો સંન્તોષ લેવા અને તેવો ડોળ કરવા નું સ્થળ અને છેલ્લે-છેલ્લ ઠાકોરજી અને તેમની સેવા ના નામે ચાલતા પાપપૂર્ણ ધંધામાં ઘરાક તરીકે સામેલ થવાનું સ્થળ માત્ર થાય છે. બાકી ઠાકોરજી અને તેમની સેવા તો કોઈ પણ પ્રકારની યોગ્યતા વિનાના સસ્તામાં મળતા કર્મચારીઓના(!) રામભરોસે હોય છે.

હવેલી અને દુકાન ની સરખામણી માટે જુઓ નીચેનો કોઠો:

| હવેલી | દુકાન |
|---|---|
| ગામમાં ઠેર-ઠેર હવેલીઓ છે | ઠેર-ઠેર હોટલો ખુલી ગઈ છે |
| હવેલી બરોબર ચાલતી નથી | દુકાન સારી નથી ચાલતી |
| હવેલીમાં સુવિધા સારી નથી | દુકાનમાં સુવિધા સારી નથી |
| પ્રસાદ સારો નથી મળતો | માલની ક્વૉલિટી સારી નથી |



| | |
|---|---|
| પાતળની ન્યોછાવર ઉંચી છે | થાળી બહુ મોંઘી છે |
| ઘેર બેઠા પ્રસાદ મળે છે | દુકાનવાળો ડોરડિલિવરી કરે છે |
| સમાધાની સેવકીમાટે લોહી પી જાય છે | વેઈટર્ ટિપ વગર ખસતો નથી |
| મનોરથીને દર્શનનો ટાઈમ ફોનથી જણાવવામાં આવે છે | મોટા ઘરાકને સ્પેશિયલ્ સર્વિસ્ આપે છે |
| દર્શન સારા એવા સમય થાય છે | દુકાન મોડે સુધી ખુલી રહે છે |
| ગોલકો ઠેર-ઠેર મૂકી છે | ઘણા બધા કાઉંટરો છે |
| અધિકારી ખડુસ છે | કાઉંટર્ પર માણસ ખડુસ છે |
| આમ ધરમ-ધરમ કરે છે પણ પૈસા સિવાય બીજી કોઈ વાત નથી | યે ધંધેકી બાત હે |
| પૈસા આપતાં છતાં ધક્કા-ઝાપટ ખાવાની | વટનો ધંધો છે |
| ટ્રસ્ટી-મુખિયાજી-મહારાજ બોલે છે: | |
| ભેટ-સામગ્રી સારી આવે છે | વકરો સારો થાય છે |
| અધિકમાસ છે | સીઝન ચાલે છે |
| મોટો ઉત્સવ છે | સેલ્ ચાલે છે |
| લોકો સારો લાભ લે છે | ઘરાકી સારી છે |
| ફિક્સની ભેટ સારી જમા થઈ છે | મૂડી સારી ભેગી થઈ છે |
| મોટા મનોરથી આવ્યા છે | મોટો ઘરાક છે |
| કંઈ આકર્ષણ ઉભું કરો તો લોકો આવે | કંઈક સ્કીમ કાઢો તો ઘરાકો આવે |
| જન્માષ્ટમી પછી પલનાના મનોરથની ન્યોછાવર અડધી | ઑફ્ સીઝન ડિસ્કાઉંટ્ |
| બાજુની હવેલીમાં મોટો મનોરથ હતો એટલે આ વખતે આપણે ત્યાં ભેટ ઓછી જમા થઈ | બાજની દુકાનવાળો નવી આઈટમો લઈ આવ્યો એટલે આપણી ઘરાકી ત્યાં ખેંચાઈ ગઈ |
| મોંઘવારી વધી ગઈ છે પ્રસાદની ન્યોછાવર વધારવી પડશે | ભાવ વધારવા પડશે |
| ભાવ વધારતાં લોકો બૂમ પાડે છે, લાડવાની સાઈઝ ઘટાડવી પડશે | ભાવ વધારતાં ઘરકો બૂમ પાડે છે, પેકિંગ મોટું કરીને માલ ઓછો આપવો પડશે |

ફરી-ફરીને કહેવાનું મન થાય છે કે વિશુદ્ધ પુષ્ટિમાર્ગનું વિલોપન કરનારી આટલી વિપરીત પરિસ્થિતિમાં ગો.શ્રીદ્વારકેશકુમારજીનું વિધાન ખરેખર આશાની નવી કિરણસમું છે :

**નિજગૃહમાં રહી સ્વયં સહિત સ્વનું સર્વ કોઈ પ્રભુના ચરણોમાં સમર્પિત કરવું અને સદૈવ હૃદયમાં દાસભાવ સ્થિર કરી સર્વદા સેવ્ય શ્રીહરિને સેવવા...( પાના સં.૪૨ )**

**પ્રસ્તુત ગ્રન્થ વિશે :**

પ્રસ્તુત ગ્રન્થમાં મુખ્યત્વે નીચે મુજબ સંકલન પ્રકાશિત કરવામાં આવી રહ્યું છે :

૧. **ગીતાના મૂળ શ્લોકો**
૨. **સાન્વયશબ્દાર્થ :** ગો.વા.શ્રીમૂલશંકર મોતીરામ શાસ્ત્રી કૃત
૩. **નામ-આખ્યાત-નિપાતનો વ્યાકરણશાસ્ત્રીય પરિચય :** ઉપર મુજબ
૪. **શ્લોકાર્થ :** ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી કૃત
૫. **વિવેચન :** ઉપર મુજબ

તદુપરાન્ત પ્રભુચરણ વિરચિત **'ગીતાતાત્પર્ય'** ગ્રન્થનો ગુજરાતી અનુવાદ ( અનુવાદક : ગો.વા.શ્રીવસન્તરામ હરિકૃષ્ણ શાસ્ત્રી ) ગ્રન્થારંભમાં તેમજ **સવિવરણ 'ન્યાસાદેશ'** નો ગુજરાતી અનુવાદ ગ્રન્થાન્તે પ્રકાશિત કરવામાં આવેલ છે.

આ સિવાય શ્રીકૃષ્ણભક્ત શ્રીનરસિંહ મહેતાના કાકા માંગરોળ નિવાસી પરમ ભગવદીય શ્રીપર્વત મહેતાના વંશજ પુષ્ટિમાર્ગીય વિદ્વાન્ શ્રીપ્રાણજીવનભાઈના હસ્તાક્ષરમાં પ્રાપ્ત થયેલ **'ગીતાદૂહા'** તેમજ આ પ્રાસ્તાવિકના લેખકદ્વારા થયેલ **'ભગવદ્ગીતાસારસમ્ચ્ચય'** નું પણ પ્રકાશન પરિશિષ્ટમાં કરવામાં આવેલ છે.

અન્તે **'શ્રીકૃષ્ણજન્મસ્થાન'** મથુરા દ્વારા છપાયેલ ભગવદ્ગીતાના અભ્યાસુ સર્વજનોમાટે ઉપયોગી એવી ભગવદ્ગીતાની **'પાદાનુક્રમણિકા'** પણ પૂર્વપ્રકાશકોનો આભાર માનતાં પ્રકાશિત કરવામાં આવી રહી છે.

અહીં સ્મર્તવ્ય છે કે શ્રીમૂલશંકર શાસ્ત્રી કૃત સાન્વય-શબ્દાર્થનું પ્રકાશન



ખાસ કરીને તેની સાથે શાસ્ત્રીજીએ આપેલ વ્યાકરણશાસ્ત્રીય પરિચયને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું છે. આમાં શરતચૂકથી ક્યાંક રહી ગયેલી અશુદ્ધી-અપૂર્ણતાનું સંશોધન-પૂર્તિ વ્યાકરણાચાર્ય ગો.ચિ.શ્રીપંકજકુમારજી (ગોકુળ-માંડવી) એ સહર્ષ કરી આંપેલ છે.

અન્વય અને શબ્દાર્થ શ્રીમૂલશંકર શાસ્ત્રી કૃત અને શ્લોકાર્થ-વિવેચન શ્રીનાનુલાલ ગાંધી કૃત હોવાથી તે બે વચ્ચે સર્વત્ર ઐકવાક્યતા જળવાઈ ન હોય તે સમ્ભવ છે જ. તેથી ગ્રન્થનું ગહન અધ્યયન કરનારા જિજ્ઞાસુ વાચકોએ તે બન્ને સ્વતન્ત્ર કૃતિઓ છે તે વાત ધ્યાનમાં રાખવી જોઈએ. વિશેષ જિજ્ઞાસુએ સામ્પ્રદાયિક સંસ્કૃત ટીકાઓ જોવી.

શ્રીમૂલશઙ્કર શાસ્ત્રીજીએ સમ્પૂર્ણ ગીતા પર સ્વતન્ત્ર વિવેચન કર્યું છે. તેમાંના કેટલાક ઉપયોગી અંશોને આગ્રન્થમાં ક્યાંક-ક્યાંક 'વિશેષ' શીર્ષક નીચે પ્રકાશિત કરવામાં આવ્યા છે.

**આવૃત્તિઓ :**

પહેલી આવૃત્તિ, પ્રકાશક : શ્રીલલ્લુભાઈ દેસાઈ
બીજી આવૃત્તિ, પ્રકાશક : શુદ્ધાદ્વૈત સંસદ - ઈસ્વી. ૧૯૫૬
ત્રીજી આવૃત્તિ, પ્રકાશક : શ્રીભગવદગીતા પ્રકાશન સમિતિ
ચોથી આવૃત્તિ, પ્રકાશક : શ્રીજયદેવપ્રભુ ચેરિટેબલ્ ટ્રસ્ટ, અમદાવાદ ૨૦૦૧
પાંચમી આવૃત્તિ : આપના હાથમાં છે તે.

અન્તે પૂર્વ સર્વે પ્રકાશકોનો હૃદયથી આભાર માનતાં આશા કરીએ છીએ કે જિજ્ઞાસુ જનો ભગવદ્ગીતાના આ સંસ્કરણથી અવશ્ય લાભાન્વિત થશે.

**શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ દ્વારા**
*શરદ ગોસ્વામી*



પ્રસ્તુત ગ્રન્થના અનુવાદક:

**શ્રીનાનુલાલ નારાયણદાસ ગાંધી**

જન્મ: ૧૮૮૧ ગોલોકવાસ: ૧૯૭૫

"ભગવદ્ગીતા તો સ્મૃતિ કહેવાય છે. જ્યારે વેદો ભગવાનના નિઃશ્વાસરૂપ છે, તો પછી ભગવાનનાં વચનો જે નિઃશ્વાસથી ઉત્તમ ગણાય તેની સ્મૃતિમાં ગણત્રી કેમ થાય?" આવી શંકા થાય, તેનું સમાધાન બ્રહ્મસૂત્ર ૧।૨।૬ ઉપરના અણુભાષ્યમાં શ્રીમદ્‌વલ્લભાચાર્યે કરેલું છે. અહીં આચાર્યશ્રી કહે છે—

> "હું તો તે ઉપનિષદમાં જણાવેલ પુરુષ સમ્બન્ધી પ્રશ્ન કરું છું" એ શ્રુતિ પ્રમાણે બ્રહ્મનું જ્ઞાન માત્ર ઉપનિષદોથી જ થાય, બીજા કોઈ પ્રમાણથી ન થાય. અર્જુન શિષ્યના સ્વરૂપથી ભગવાનને શરણ આવેલ, (ભ.ગી.૨।૭) પણ તે શુદ્ધપુષ્ટિભક્ત ન હતો, કારણ કે ભગવાનનાં વચનમાં તેને સંદેહરહિત વિશ્વાસ ન હતો (ભ.ગી.૪।૪). તેથી માત્ર રથમાં બેસનાર (રથી) તરીકે જેને રાખવાનો હતો તેવા (રથિપણાંના અભિમાની)ને તેવા (યુદ્ધમાં ઉપયોગ થાય તેવા બુદ્ધિના ભ્રમને ઉત્પન્ન કરનાર) કાલ તથા દેશમાં ઉપનિષદો બોધ કરવા યોગ્ય ન હોવાથી નિઃશ્વાસરૂપ વેદોને ઉત્પન્ન કરનાર તેવા ગુરુરૂપનું સ્મરણ કરી, તેવા(વેદના) અર્થનું પણ સ્મરણ કરી, ભગવાન્ પુરુષોત્તમે સ્મૃતિરૂપ વચનો કહ્યાં. તેથી બ્રહ્મસમ્બન્ધી નિર્ણય કરતાં પણ તે (ભગવદ્ગીતાનાં) વાક્યોનું પણ ઉદાહરણ આપી સૂત્રકાર વિચાર કરે છે. વળી અર્જુન (સ્મૃતિદ્વારા બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરાય તેવો છે એવા તે)ના અધિકાર પ્રમાણે બ્રહ્મવિદ્યા તેને કહી, ભગવાન્ ઘણા કૃપાળુ હોવાથી "સર્વથી છૂપાવવા યોગ્ય" વગેરે (ભ.ગી.૧૮।૬૪ થી ૬૬) થી (અન્તે) ભક્તિ અને શરણ માર્ગનો પણ ઉપદેશ કર્યો. તેથી તે પહેલાં જે ઉપદેશ કરી નિર્ણયો દર્શાવ્યા તે (આ ભક્તિ અને શરણમાર્ગના) અંગરૂપ છે એવો નિશ્ચય થાય છે, કારણ કે 'આપના વચના પ્રમાણે વર્તીશ' (ભ.ગી. ૧૮-૭૩) એ અર્જુનના ઉત્તરથી તેને તેવું જ જ્ઞાન થયેલું છે એવો નિર્ણય થાય છે."

તેથી ભગવાનના નિઃશ્વાસરૂપ વેદના અર્થનો પણ ગીતામાં સમાવેશ થયેલો છે એવો નિશ્ચય થાય છે.



કોઈ એક સમયે ઉત્કલદેશમાં ત્યાંના રાજાની સભામાં માયાવાદીઓ અને બ્રહ્મવાદીઓને વાદ થયો. સાત દિવસ વાદ ચાલ્યા પછી રાજાએ સત્ય જણાવવા ભગવાન્ જગન્નાથને વિનતિ કરી, ત્યારે જગન્નાથજીએ રાત્રે નીચેનો શ્લોક લખી જણાવ્યો.

**એકં શાસ્ત્રં દેવકીપુત્રગીતમ્**
**એકો દેવો દેવકીપુત્ર એવ।**
**મન્ત્રોઽપ્યેકસ્તસ્ય નામાનિ યાનિ**
**કર્માપ્યેકં તસ્ય દેવસ્ય સેવા॥**

તેથી ભગવાન્ દેવકીપુત્ર શ્રીકૃષ્ણે જેનું ગાન કરેલું છે તે ભગવદ્ગીતા (માંના શ્રીકૃષ્ણનાં વચનો એ) સર્વોપરી શાસ્ત્ર છે. અને વેદોના અર્થનો નિર્ણય પણ ભગવદ્ગીતામાંના ભગવાન્ શ્રીકૃષ્ણનાં વચનો પ્રમાણે જ કરવો જોઈએ. તેથી વેદમાં જ્યાં સંદેહ રહેતા હોય ત્યાં તે સંદેહોનું નિવારણ ભગવદ્ગીતાથી થાય છે(તત્ત્વદીપ ૧।૮).

ભગવદ્ગીતાનો વિષય પણ તત્ત્વવિદ્યાથી ભરપૂર છે. કર્મ, જ્ઞાન અને ભક્તિ એ ત્રણે માર્ગનું એમાં સારી રીતે ઉત્તમ પ્રકારે નિરૂપણ કરી, ભગવાનની નિષ્કામ ભક્તિ કરવાનો બોધ આપેલો છે. હવે આ ત્રણ માર્ગો સમ્બન્ધી ભગવદ્ગીતા શું બોધ કરે છે તે આપણે જોઈએ.

**કર્મમાર્ગ :**

પ્રાણીમાત્રની ઇન્દ્રિયો ઘણી ચંચલ હોવાથી કર્મ કર્યા વિના કોઈથી એક ક્ષણ પણ રહી શકાતું નથી. પ્રકૃતિનાં ગુણોને પરવશ થઈ પ્રાણીમાત્ર કર્મ કર્યા જ કરે છે(અ.૩।૫) છતાં કર્મનાં ફલ ભોગવવાં પડે તેવા ભયથી કેટલાક દાંભિક પુરુષો કર્મેન્દ્રિયોનો સંયમ કરી મનથી ઇન્દ્રિયોના વિષયોનું સ્મરણ કર્યા કરે છે. એ તો કર્મ કરવા કરતાં પણ વધારે અનિષ્ટ છે(અ.૩।૬).

કેટલાંક એમ માને છે કે અજ્ઞાનીઓએ કર્મ કરવાનાં છે. જ્ઞાનીઓએ કર્મ કરવાનાં નથી. જ્ઞાનીઓએ પોતાને માટે કર્મ કરવાની આવશ્યકતા નથી, પરન્તુ લોકસંગ્રહ માટે—સામાન્ય પુરુષો તેમને કર્મ કરતાં જોઈ

પોતે પણ કર્મ કરે તે માટે—તેઓએ પણ કર્મ કરવા જોઈએ. ભગવાન્ શ્રીકૃષ્ણે પોતે પણ લોકસંગ્રહ માટે કર્મ કરેલાં. જ્ઞાનીઓ અને અજ્ઞાનીઓ કર્મ કરે તેમાં એવો જ ભેદ છે કે જ્ઞાનીઓ કર્મમાં આસક્તિ રાખ્યા વિના લોકસંગ્રહમાટે કર્મ કરે છે. જ્યારે અજ્ઞાનીઓ કર્મમાં આસક્ત થઈ કર્મ કરે છે( અ.૩।૧૦ થી ૨૫ ).

હવે કર્મ કેવી રીતે કરવાં તે વિચારીએ. ફલની આશા રાખી અમુક ફલ પ્રાપ્ત કરવામાટે કર્મ કરવાથી બંધન થાય છે. વેદમાં જૂદાં-જૂદાં કર્મોનાં જૂદાં-જૂદાં ફલ કહેલાં છે. આવાં ફલ પ્રાપ્ત કરવાની ઈચ્છાથી જેઓ જન્મ અને કર્મરૂપ ફળ આપનારી અમુક ક્રિયાઓ કરે છે, તેઓ પ્રકૃતિનાં ગુણોમાં ખૂચેલા રહે છે અને સમાધિમાં એટલે ભગવાનનું ચિંતન કરવામાં તેમની બુદ્ધિ સ્થિર થતી નથી (અ.૨।૪૨ થી ૪૬) તેથી કર્મ કરવાં પણ તેનાં ફલની કામના ન રાખવી એટલું જ નહીં, પણ ફલની કામનાનો ત્યાગ જ કરવો. અમુક પદાર્થની કામના કરવાથી તે પદાર્થમાં રાગ ઉત્પન્ન થાય છે અને તે પદાર્થ મેળવવા, પોતાની પાપ કરવાની ઈચ્છા ન હોવા છતાં, કામથી બલપૂર્વક પ્રેરાઈ પુરુષ પાપ કરી બેસે છે. કામથી ક્રોધ થાય છે. જેમ ગર્ભ ઓરથી વીંટાયેલો હોય છે તેમ કામથી જગત્ છવાઈ રહેલું છે. તે જ્ઞાનીઓનાં જ્ઞાનને પણ ઢાંકી દે છે. કામ ઈન્દ્રિયો, મન અને બુદ્ધિ માં રહે છે અને તેમનાથી જીવને મોહ ઉત્પન્ન કરે છે. ઇન્દ્રિયો, મન, બુદ્ધિ અને કામ અનુક્રમે એક-એકથી બલવાન છે. કામને જીતવો એ ઘણું કઠણ છે, કારણ કે કામ બુદ્ધિથી પણ બળવાન છે, પરન્તુ ઉપર જણાવ્યું તેમ માણસની ઈચ્છા વિરુદ્ધ પણ તે તેની પાસે પાપ કરાવતો હોવાથી આત્માથી મનને સ્થિર કરી કામ ઉપર વિજય કરવો, અર્થાત્ સર્વ કામનાઓ-કર્મનાં ફળની કામનાઓ પણ તજવી જોઈએ ( અ.૩।૩૬ થી ૪૩ ).

તેથી જે કાંઈ કર્મ કરવું તે કર્મનાં ફલ અને તે પ્રાપ્ત કરવાની ઈચ્છા વિના જ કરવું, કર્મનાં ફલ અને તેનો સમ્બન્ધ તજી એટલે કર્મમાં આસક્તિ રાખ્યા વિના જ કર્મ કરવાથી કર્મ બંધન કરાવતું નથી અને પાપ લાગતું નથી (અ.૪।૧૯ થી ૨૧). કર્મનાં ફળ તજી યોગ પ્રમાણે કર્મ કરવાથી મોક્ષ પ્રાપ્ત થાય છે. પરન્તુ કર્મમાં આસક્તિ રાખી



કર્મ કરવાથી બંધન થાય છે( અ.૫।૧૨ ).

કર્મનાં ફલની જેને ઈચ્છા નથી, જેણે કર્મનાં ફલ તથા ફલ પ્રાપ્ત કરવાની ઈચ્છાનો ત્યાગ કરેલો છે, તેને પોતાનું કર્મ સફલ થયું કે અફલ થયું, કાર્ય પાર પડ્યું કે ન પડ્યું તેની કાંઈ ચિંતા રહેતી નથી. તેથી કાર્ય પાર પડે( સિદ્ધિ ) અથવા પાર ન પડે( અસિદ્ધિ )—એ બંને પ્રસંગમાં તે સમ રહે છે. આ સમપણું જ યોગ છે. કર્મના ફલની અપેક્ષા વિના, કાર્યની સિદ્ધિ અને અસિદ્ધિમાં સમાન રહી કર્મ કરવાં એ બુદ્ધિયોગ છે. આ બુદ્ધિયોગવાળા પુરુષોને પોતાનાં સુકૃત અથવા દુષ્કૃત નાં ફલ ભેગવવાં પડતાં નથી. આવા બુદ્ધિશાળી પુરુષો કર્મનાં ફલનો ત્યાગ કરી જન્મ-મરણનાં બંધનથી મુક્ત થાય છે અને અનામય પદ અથવા અક્ષરબ્રહ્મ ને પ્રાપ્ત કરે છે( અ.૨।૪૮ થી ૫૧ ). ભગવદિચ્છાથી જે કાંઈ મળી આવે તેથી સંતોષ પામી, સુખ તથા દુ:ખ એવા દ્વન્દ્વથી પર રહી, કાર્યની સિદ્ધિ અથવા અસિદ્ધિમાં સમાન રહે તે પુરુષ કર્મ કરવા છતાં તેને કર્મનું બંધન થતું નથી( અ.૪।૨૨ ).

વળી કર્મ કરવામાં ઈન્દ્રિયોને વશ રાખવી જોઈએ અને કર્મમાં આસક્તિ થવી ન જોઈએ. મનથી ઈન્દ્રિયોને વશ રાખી આસક્તિ વિના કર્મ કરવામાં આવે તેજ ઉત્તમ છે( અ.૩।૭ ). વાસ્તવિક રીતે પ્રકૃતિના ગુણો જ કર્મ કરે છે. કર્મમાં આસક્ત થઈ "હું કર્મ કરું છું" એવો જે અહંકાર રાખે છે તે મૂઢ છે. ગુણ અને કર્મ ના વિભાગોને જાણનાર તો એમજ માને છે કે પ્રકૃતિના ગુણો જ કર્મ કરે છે અને તેથી કર્મમાં આસક્ત થતો નથી. પ્રકૃતિના ગુણોથી મૂઢ થયેલા મંદ મતિવાળા જ કર્મમાં આસક્ત થાય છે ( અ.૩।૨૭-૨૯ ). ઇન્દ્રિયોને પોતાના પ્રિય પદાર્થો પર પ્રીતિ અને પોતાના અપ્રિય પદાર્થો પર દ્વેષ થાય છે, આ રાગ અને દ્વેષ ને વશ થઈ કર્મ કરવાં ન જોઈએ( અ.૩।૩૪ ). આ રાગ અને દ્વેષ થી કામ ઉત્પન્ન થાય અને કામ સિદ્ધ ન થતાં ક્રોધ થાય અને તે ઉપર જણાવ્યું તેમ માણસની ઈચ્છા વિરુદ્ધ તેની પાસે પાપ કરાવે છે. તેથી ઈન્દ્રિયોને વશ રાખી તેમના પ્રિય અને અપ્રિય પદાર્થો ઉપર રાગ તથા દ્વેષ થવા ન દેતાં કર્મમાં આસક્તિ થવા દેવી ન જોઈએ.

"સ્વર્ગની કામનાવાળાએ જ્યોતિષ્ટોમ યજ્ઞ કરવો" વગેરે જે કામ્ય કર્મો છે તે કર્મો ન કરવાં તે 'સન્ન્યાસ' અને કર્મમાત્રનાં ફલનો ત્યાગ કરીને બધાં કર્મો કરવાં તે 'ત્યાગ' કહેવાય છે. યજ્ઞ, દાન, તપ એ કર્મો પાવન કરનારાં છે. તેમનો ત્યાગ ન કરતાં, તેમનામાં આસક્તિ રાખ્યા વિના એટલે "હું આ કર્મોનો કર્તા છું" એવું અભિમાન રાખ્યા વિના અને તેમનાં ફલનો ત્યાગ કરીને તે કર્મો કરવાં( અ.૧૮।૨-૭ ).

વળી જે કાંઈ કર્મ કરવાં તે ભગવદર્થ જ કરવાં. ભગવદર્થ કરેલાં કર્મથી કોઈ સમયે બંધન થતું નથી. ભગવદર્થ કરેલાં ન હોય તેવાં કર્મથી બંધન થાય છે ( અ.૩।૯). યજ્ઞ ભગવાનનું સ્વરૂપ છે. કર્મ કરવાથી યજ્ઞ થાય છે, યજ્ઞ થવાથી વૃષ્ટિ થાય છે, વૃષ્ટિ થવાથી અન્ન ઉત્પન્ન થાય છે અને અન્નથી પ્રાણીઓ નભે છે. પ્રાણીઓ યજ્ઞ કરી દેવોની વૃદ્ધિ કરે અને દેવો પ્રાણીઓની વૃદ્ધિ કરે, કારણ કે યજ્ઞથી વૃદ્ધિ પામેલા દેવો પ્રાણીઓને તેમના ઇચ્છેલા ભોગ પ્રાપ્ત કરાવે છે. યજ્ઞ કરતાં બાકી રહેલાનો ભોગ કરવાથી સર્વ પાપથી મુક્ત થવાય છે( અ.૩।૧૦-૧૪ ). સર્વ કર્મ ભગવાનને સમર્પણ કરી, ફલની આશા વિના, "હું કર્તા છું" એવું અભિમાન અથવા મમતા રાખ્યા વિના કર્મ કરવાં( અ.૩।૩૦). પુત્ર વગેરેમાં આસક્તિ રાખ્યા વિના, ફલનો ત્યાગ કરી, જ્ઞાનથી ચિત્ત સ્થિર રાખી ભગવદર્થ કર્મ કરે તેનાં કર્મનો લય થાય છે એટલે તે કર્મ બંધન કરતાં નથી ( અ.૪।૩૦, અ.૫।૧૦ ).

**જ્ઞાનમાર્ગ :**

કર્મનો આરમ્ભ ન કરવાથી જ, અથવા કર્મનો ત્યાગ કરવાથી જ સિદ્ધિ પ્રાપ્ત થતી નથી( અ.૩।૪ ) પણ જે આત્મામાં જ તૃપ્ત રહેતો હોય, આત્મામાં જ રમણ કરતો હોય અને પોતાથી જ સંતોષ રાખતો હોય તેવા મનુષ્યને કાંઈ કર્મ કરવાનું રહેતું નથી, કારણ કે કર્મ કરવાથી તેને કોઈ લાભ થતો નથી અને કર્મ ન કરવાથી તેને કાંઈ હાનિ થવાની નથી( અ.૩।૧૭-૧૮ ) છતાં અજ્ઞાનીઓની બુદ્ધિનો ભેદ થાય એટલે અજ્ઞાનીઓ ઉપદેશ ગ્રહણ કરી શકે નહીં, તેવું જ્ઞાનીએ કરવું ન જોઈએ. તેથી અજ્ઞાનીઓ જેમ કર્મમાં આસક્તિ રાખી કર્મ કર્યા કરે છે, તેમ જ્ઞાનીઓએ પણ લોક સંગ્રહમાટે એટલે અજ્ઞાનીઓ



તેનું આચરણ જોઈ કર્મ કરતાં અટકે નહીં તે માટે કર્મ કરવાં, પરન્તુ તેમાં આસક્તિ રાખ્યા વિના જ કરવાં જોઈએ( અ.૩।૨૬-૨૫ ) કર્મની સમાપ્તિ જ્ઞાનમાં જ થાય છે( અ.૪।૩૩ ). જ્ઞાનની પ્રાપ્તિ તત્ત્વદર્શી જ્ઞાનીઓને પ્રણામ કરવાથી, પ્રશ્ન કરવાથી અને તેમની સેવા કરવાથી થાય છે( અ.૪।૩૪ ).

કર્મની સમાપ્તિ જ્ઞાનમાં થતી હોવાથી વાસ્તવિક રીતે યોગ અને સાંખ્ય એક જ છે. મૂર્ખ જ યોગ અને સાંખ્ય જૂદાં હોવાનું કહે છે. પંડિતો તો તે બંને એક જ હોવાનું જાણે છે. કારણ કે સાંખ્ય ( જ્ઞાન )થી જે સ્થાન પ્રાપ્ત થાય છે તે જ યોગ ( કર્મ )થી પણ પ્રાપ્ત થાય છે( અ.૫।૫-૬ ). સંકલ્પનો ત્યાગ કર્યા વિના કોઈ યોગી થઈ શકતો નથી. તેથી જેને સન્ન્યાસ કહે છે તેને યોગ જાણવો( અ.૬।૨ ).

જેઓએ જ્ઞાનથી પોતાનાં અજ્ઞાનનો નાશ કરેલો છે, તેઓનું આત્મજ્ઞાન સૂર્યની પેઠે પરબ્રહ્મને પ્રકાશે છે. તે પરબ્રહ્મમાં જ બુદ્ધિ, ચિત્ત અને નિષ્ઠા રાખી તેને પરાયણ જેઓ રહે છે, તેઓનાં પાપ જ્ઞાનથી ધોવાઈ જાય છે અને તેઓને મોક્ષ પ્રાપ્ત થાય છે. પંડિત જનો વિદ્યા અને વિનયવાળા બ્રાહ્મણ, ગાય, હાથી, કુતરા અને ચાંડાલ બધાને સમાન જાણે છે. જેઓનું આવી સમાનતામાં મન રહેલું છે તેઓએ આ લોકમાં જ પ્રવાહમાર્ગને અથવા જન્મ - મરણને જીતેલ છે, કારણ કે બ્રહ્મ દોષરહિત અને સમ છે અને તેઓ સમાનતામાં એટલે બ્રહ્મમાં રહેલા છે. આવી સ્થિર બુદ્ધિવાળા મોહરહિત બ્રહ્મવિત્ પુરુષને કોઈ પ્રિય કે અપ્રિય પદાર્થ પ્રાપ્ત થવાથી હર્ષ અથવા શોક થતો નથી. કારણ કે તેને સર્વ સમાન હોઈ પ્રિય કે અપ્રિય હોતું નથી( અ.૫।૧૬-૨૦ ). જેઓ પરબ્રહ્મ શ્રીકૃષ્ણને સર્વ યજ્ઞ તથા તપ ના ભોક્તા, સર્વ લોકના મહેશ્વર અને પ્રાણીમાત્રના પ્રિય જાણે છે તે શાંતિ પ્રાપ્ત કરે છે( અ.૫।૨૯ ).

અધ્યાય ૧૩ તથા ૧૪ માં સામાન્ય રીતે જ્ઞાન કહેલું છે. તેરમા અધ્યાયમાં ક્ષેત્ર ( અ.૧૫।૫-૬ ) ક્ષેત્રજ્ઞ ( શ્લો.૧-૨ ) જ્ઞાન અને અજ્ઞાન ( શ્લો.૭-૧૧ ) જ્ઞેય ( શ્લો.૧૨-૧૭). પ્રકૃતિ અને પુરુષ ( શ્લો.૧૯-૨૧ ) અંતર્યામી ( શ્લો.૨૨ ) સમ્બન્ધી સામાન્ય બોધ કરી, સ્થાવર-જંગમ પદાર્થમાત્રની ઉત્પત્તિ પ્રકૃતિ અને પુરુષ ના સંયોગથી થાય છે એમ જણાવેલ છે.

આત્મા સમ્બન્ધી બોધ પણ ઉપર-ઉપરથી આપેલ છે( શ્લો.૩૧-૩૨ ). અધ્યાય ૧૪ માં ભગવાનમાંથી પદાર્થ માત્રની ઉત્પત્તિ કેવી રીતે થાય છે( શ્લો.૩-૪ ) તે જણાવી પ્રકૃતિના ગુણો સત્ત્વ, રજ: અને તમ: બંધન કરનારા છે અને તે દરેક ગુણ કેવા છે તે જણાવેલ છે( શ્લો.૫-૧૮ ) અને ગુણાતીતના લક્ષણ કહેલાં છે( શ્લો.૨૨-૨૬ ).

જીવાત્માનું સ્વરૂપ અધ્યાય બીજામાં જ દર્શાવેલ છે. આત્મા નિત્ય છે. તેનું મૃત્યું થતું નથી, પરન્તુ તે એક દેહમાંથી નીકળી જઈ બીજો દેહ પ્રાપ્ત કરે છે( શ્લો.૧૩ ) અને પોતે તો અવિનાશી જ છે( શ્લો.૧૭ ). તે નથી કોઈથી હણાતો કે નથી કોઈને હણતો( શ્લો.૧૯ ), નથી જન્મતો કે નથી મરતો. માત્ર શરીરનું જ મૃત્યુ થાય છે. આત્મા તો નિત્ય, શાશ્વત પુરાણ છે( શ્લો.૨૦ ). જેમ મનુષ્ય જુનાં વસ્ત્રો તજી નવાં ધારણ કરે છે, તેમ આત્મા જુનાં શરીર તજી નવાં શરીરમાં પ્રવેશ કરે છે( શ્લો.૨૨ ). તેને નથી શસ્ત્રો છેદતાં કે નથી અગ્નિ બાળતો, નથી જલ ભીંજવતું કે નથી વાયુ સૂકવતો( શ્લો.૨૩ ). તે અણુ પરિમાણનો છે, પરન્તુ તેનો ચૈતન્ય ગુણ આખા દેહમાં પ્રસરી રહે છે( શ્લો.૨૪ ). તે નિત્ય હોવાથી શોક કરવા યોગ્ય નથી( શ્લો.૧૧ ).

ભગવાન્ જગતનું નિમિત્ત અને ઉપાદાન કારણ છે. તે પોતાની અપરા અને પરા એવી બે પ્રકારની પ્રકૃતિથી જગત્ રચે છે. પાંચ મહાભૂતો, મન, બુદ્ધિ અને અહંકાર એવા આઠ પ્રકારની અપરા પ્રકૃતિ છે. પરા પ્રકૃતિ જીવરૂપ છે. આ બે પ્રકૃતિમાંથી જ સર્વ ભૂતોની ઉત્પત્તિ થાય છે. તેથીજ ભગવાન્ સર્વ જગતનું કારણ છે અને સર્વ જગતનો લય પણ ભગવાનમાં થાય છે. ભગવાનથી પર કોઈ છે જ નહીં. સૂત્રમાં પરોવેલા મણિઓ પેઠે સર્વ જગત્ ભગવાનમાં રહેલું છે( અ.૭।૪-૭ ). ભગવાન્ પદાર્થમાત્રમાં તેના સારરૂપે રહેલા છે. પરન્તુ ભગવાનની માયાના ત્રણ ગુણોથી મોહ પામેલું જગત્ એ ગુણોથી પર અવ્યય ભગવાનને જાણતું નથી( અ.૭।૮-૧૪ ).

લોકમાં ક્ષર અને અક્ષર એવા બે પુરુષ છે. બ્રહ્માથી ખડના તરખલાં સુધીનાં પ્રાણીમાત્ર જે જીવ કહેવાય છે તે 'ક્ષર' છે અને કૂટસ્થ ભગવદ્ધામ



તરીકે પ્રસિદ્ધ સચ્ચિદાનન્દરૂપ પુરુષ 'અક્ષર' છે. આથી જુદા ઉત્તમ પુરુષ 'પરમાત્મા' છે. તે ક્ષરથી અતીત અને અક્ષરથી પણ ઉત્તમ હોવાથી લોક અને વેદ માં 'પુરુષોત્તમ' તરીકે પ્રસિદ્ધ છે. જે પુરુષોત્તમને જાણે છે તે સર્વ જાણનાર છે અને તેમનું ભજન કરે છે. આ ગુહ્યતમ શાસ્ત્ર છે અને તે જાણનાર બુદ્ધિમાન કૃતકૃત્ય થાય છે( અ.૧૫।૧૬-૨૦ ).

**ભક્તિમાર્ગ :**

આ ત્રણે માર્ગોમાં ભક્તિમાર્ગ મુખ્ય છે. ભક્તિમાર્ગથી પ્રભુની પ્રાપ્તિ કષ્ટવિના સહેલાઈથી થાય છે. ભગવાન્ સર્વ જગતનું ઉત્પત્તિ સ્થાન છે અને ભગવાનમાંથી જ સર્વથી પ્રવૃત્તિ થાય છે એમ જાણી જ્ઞાનીઓ પ્રેમવાળા થઈ ભગવાનની ભક્તિ કરે છે. તેઓનું ચિત્ત અને પ્રાણ સદા ભગવાનમાં જ રહે છે અને તેઓ પરસ્પર ભગવાનની કથા કરે છે અને ભગવાન્ સમ્બન્ધી બોધ કરે છે અને તેનાથી જ સદા પ્રસન્ન રહે છે અને તેમાં જ આનન્દ પામે છે. એ પ્રમાણે સદા ભગવાનમાં મન રાખી તેમનું પ્રેમથી જેઓ ભજન કરે છે તેઓને ભગવાન્ એવી બુદ્ધિ આપે છે કે તે બુદ્ધિથી તેઓને ભગવાનની પ્રાપ્તિ થાય છે. તેઓ ઉપર અનુકંપા કરવા ભગવાન્ અને તેઓનાં અન્ત:કરણમાં રહી જ્ઞાનરૂપ દીપકથી તેઓનાં અજ્ઞાનરૂપ અંધકારનો નાશ કરે છે ( અ.૧૦।૮-૧૧ ).

સત્ત્વ, રજ: અને તમ: એ ત્રણ ગુણવાળા ભાવોથી આ સર્વ જગત્ મોહ પામેલું છે, તેથી ભગવાન્ તે ગુણોથી પર છે એમ તે જાણતું નથી. તેઓને આવું જ્ઞાન ન થવાનું કારણ ભગવાનની દૈવી માયા છે. આ માયાને તરવી બહુ કઠણ છે. જેઓ ભગવાનને જ શરણ જાય છે. તેઓ જ આ માયાને તરી જાય છે. અને તેઓને એવું જ્ઞાન થાય છે. દુષ્ટ કર્મ કરનાર અધમ મૂઢ લોકોનું જ્ઞાન આ માયા હરી લે છે અને તેઓમાં આસુર ભાવ થાય છે.

ભગવાનને ચાર પ્રકારના સત્કર્મ કરનારા પુરુષો ભજે છે. ૧.દુ:ખી, ૨.જ્ઞાન પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા, ૩.ધન પ્રાપ્ત કરવા ઇચ્છનારા અને ૪.જ્ઞાનવાળા. આ ચાર પૈકી સદા ભગવાન્ સાથે સમ્બન્ધમાં રહેનાર,

તેમની અનન્ય ભક્તિ કરનાર જ્ઞાની ભક્ત ઉત્તમ છે; કારણ કે તેને ભગવાન્ ઘણા વહાલા છે અને ભગવાનને તે વહાલો છે( અ.૭।૧૩-૧૭).

ભક્તિનું લક્ષણ વેદમાં કહેલું છે: "ભક્તિર્ અસ્ય ભજનમ્ તદ્ ઈહામુત્ર ચ ફલભોગ્નૈરાશ્યેન અમુષ્મિન્ મનઃકલ્પનમ્—ભક્તિ ભગવાનનું ભજન. આ લોકનાં અને પરલોકનાં ફલના ભોગની ઈચ્છાનો સર્વથા ત્યાગ કરી ભગવાનમાં મનને દઢ કરવું તે ભજન છે".

ભગવદ્ગીતામાં પણ ભક્તિ આવી જ રીતે કરવાનો ઉપદેશ છે. તેથી જ કર્મ કરવાનો જ્યાં ઉપદેશ છે ત્યાં તે ફલની ઈચ્છા વિના કરવાનું કહેલ છે. કર્મમાં આસક્તિ રાખવાની નથી. જે કર્મ કરવાનાં હોય તે પણ આસક્તિ વિના જ કરવાનાં છે, કારણ કે આસક્તિ વિના એટલે ભગવદર્થ અથવા કામના રહિત કર્મ કરવાથી જ પરમ પદની પ્રાપ્તિ થાય છે( અ.૩।૧૯). કર્મમાં આસક્તિ ન રાખતાં ભગવાનને સમર્પણ કરી જે કર્મ કરે છે, તેને કમલપત્રને જેમ જલનો સ્પર્શ થતો નથી તેમ તે કર્મનાં પાપનો સ્પર્શ થતો નથી( અ.૫।૧૦). યોગીએ પણ અન્તઃકરણ શાંત રાખી ભયરહિત થઈ બ્રહ્મચારીનાં વ્રતનું આચરણ કરતાં મનને વશ રાખી ભગવાનમાં ચિત્ત રાખી ભગવત્પરાયણ થઈ રહેવું( અ.૬।૧૪). આ પ્રમાણે કર્મ કરતાં યોગ આચરતાં પણ ભગવાનમાં ચિત્ત રાખવાનો ઉપદેશ અહીં કરેલો છે.

જ્ઞાનીઓએ પણ ભગવાનમાં ચિત્ત રાખી ભાગવત્પરાયણ રહેવું જોઈએ. તેઓ પણ ભગવાનમાં બુદ્ધિ તથા અન્તઃકરણ રાખી તેમનામાં જ શ્રદ્ધા રાખી તેમને પરાયણ રહે ત્યારે તેઓનાં સર્વ પાપ જ્ઞાનથી ધોવાઈ જાય છે અને તેઓને અપુનરાવૃત્તિ એટલે મુક્તિ પ્રાપ્ત થાય છે( અ.૫।૧૭). ત્રણ ગુણવાળા પદાર્થોથી મોહ પામેલું સર્વ જગત્ ભગવાન્ આ ત્રણ ગુણોથી પર અને વિકારરહિત છે તે જાણતું નથી. આ અજ્ઞાન ભગવાનની ગુણમયી દૈવી માયાને લીધે રહે છે અને એ માયા તરવી કઠિન છે, એટલે તે અજ્ઞાન દૂર કરવું કઠિન છે. જે ભગવાનને જ શરણ આવે છે તેઓ જ આ માયાને તરે છે અને એવું જ્ઞાન પ્રાપ્ત કરે છે. તેથી જ્ઞાનપ્રાપ્તિમાટે પણ ભગવાનને શરણ જવું અને ભગવાનમાં ચિત્ત



રાખવું આવશ્યક છે( અ.૭।૧૩-૧૪). પુરુષોત્તમનું જેઓને જ્ઞાન છે તેઓ તેમને સર્વ ભાવથી ભજે છે. ભગવાન્ ક્ષર પદાર્થોથી પર છે, તેમજ અક્ષરબ્રહ્મથી પણ ઉત્તમ છે. તેથી લોકમાં તથા વેદમાં તે પુરુષોત્તમ તરીકે પ્રસિદ્ધ છે. જે મૂઢ ન રહેતાં પુરુષોત્તમને એવા પ્રકારે જાણે છે તે સર્વ જાણનાર પુરુષ સર્વ ભાવથી ભગવાનને ભજે છે( અ.૧૫।૧૮,૧૯). તેથી જ્ઞાનવાળા પણ સર્વભાવથી ભગવાનની ભક્તિ કરે છે.

ભક્તિ તો પર પુરુષ પુરુષોત્તમ ભગવાન્ શ્રીકૃષ્ણની જ કરવી જોઈએ. જ્યારે બ્રહ્માનો દિવસ થાય છે ત્યારે સર્વ વ્યક્તિઓ અવ્યક્ત અક્ષરબ્રહ્મમાંથી ઉત્પન્ન થાય છે અને જ્યારે બ્રહ્માની રાત્રિ થાય છે ત્યારે તે બધાનો અવ્યક્ત અક્ષરબ્રહ્મમાં લય થાય છે. એ પ્રમાણે બ્રહ્માના દિવસ અને રાત્રિ થયા કરે ત્યારે બધાની અક્ષરબ્રહ્મમાંથી ઉત્પત્તિ અને લય થયા કરે છે. આ વ્યક્તિઓ (ક્ષર પદાર્થ)થી જુદો અક્ષર પદાર્થ છે. તે અવ્યક્ત અને સનાતન છે. તેનો કદાપિ લય થતો નથી. તે અક્ષર કહેવાય છે અને ક્ષર પદાર્થોથી ઉત્તમ છે. તે ભગવાનનું ધામ છે અને તેને પ્રાપ્ત કર્યા પછી કોઈને આ લોકમાં પાછા આવવું પડતું નથી. આ અક્ષરથી પણ ભગવાન્ પર છે અને અનન્ય ભક્તિથી જ તેમની પ્રાપ્તિ થાય છે( અ.૮।૧૮-૨૨).

આ બાવીસમા શ્લોકમાં "પુરુષઃ સ પરઃ પાર્થ! ભક્ત્યા લભ્યસ્ત્વનન્યયા" એમ કહેલું છે, તેનો અર્થ કેટલાક એવો કરે છે કે મારાથી એટલે શ્રીકૃષ્ણથી પણ પર (ઉત્તમ) બીજો પુરુષ છે અને તે પોતે જેનું ભજન કરતા હોય તે આ પર પુરુષ છે. આ અર્થ દેખીતી રીતે ખોટો છે અને અજ્ઞાનીઓને ઉંધું સમજાવવા જ ઉપજાવી કાઢેલ છે, કારણ કે અહીં ક્ષર અને અક્ષરથી ઉત્તમ પુરુષ હોવાનું કહેલું છે. 'મારાથી' શબ્દ શ્લોકમાં નથી, તેથી શ્રીકૃષ્ણથી ઉત્તમ બીજો પુરુષ હોવાનું કહેલું નથી વળી અ.૧૫।૧૬-૧૮ માં સ્પષ્ટ કહેલું છે કે લોકોમાં ક્ષર અને અક્ષર એવા બે પુરુષો છે. પ્રાણિમાત્ર ક્ષર પુરુષ છે અને કૂટસ્થ અક્ષર છે. આ બન્નેથી જૂદાં ઉત્તમ પુરુષ 'પરમાત્મા' નામના છે જે અવ્યય ઈશ્વર ત્રણે લોકમાં પ્રવેશ કરી તેમને ધારણ કરી રાખે છે - હું( શ્રીકૃષ્ણ) ક્ષરથી પર છું અને અક્ષરથી પણ ઉત્તમ છું, તેથી લોક તથા વેદમાં 'પુરુષોત્તમ'

તરીકે પ્રસિદ્ધ છું. તેથી અ.૮।૨૨ માં પણ જે ક્ષર અને અક્ષરથી ઉત્તમ પુરુષ કહ્યાં તે ભગવાન્ શ્રીકૃષ્ણ જ છે, બીજો કોઈ નથી. ભગવાન્ શ્રીકૃષ્ણથી પર બીજું અથવા બીજો કોઈ છે જ નહીં. અ.૭।૭ માં પણ ભગવાન્ શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે મારાથી પર કાંઈ પણ બીજું છે જ નહીં. તેથી શ્રીકૃષ્ણથી પર બીજું કોઈ હોવાનું અ.૮।૨૨ માં કહેલ નથી અને એવો અર્થ તદ્દન ખોટો અને હાસ્યાપદ છે.

દશમા અધ્યાયમાં ભગવાન્ અર્જુનને પોતાની વિભૂતિઓ જણાવે છે. તેમાં છેવટે ભગવાન્ કહે છે કે જે-જે વિભૂતિવાળો સૌંદર્યવાળો અથવા તેજસ્વી પદાર્થ હોય તે સર્વની ઉત્પત્તિ મારા તેજના અંશથી થયેલી છે એમ જાણ. હું મારા એક અંશથી આ આખું વિશ્વ ધારણ કરી રહેલ છું( શ્લો.૪૧-૪૨ ). તેથી ભગવાન્ શ્રીકૃષ્ણ જ 'પર પુરુષ' છે. શ્રીભાગવતમાં પણ પ્રથમ સ્કન્ધના ત્રીજા અધ્યાયમાં જૂદાં - જૂદાં અંશાવતાર કલાવતાર વગેરેનું નિરૂપણ કરી શ્લો.૨૮ માં સ્પષ્ટ કહેલું છે કે ''એતે ચાંશકલાઃ પુંસઃ કૃષ્ણસ્તુ ભગવાન્ સ્વયમ્'' તેથી શ્રીકૃષ્ણ જ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન્ છે અને ભક્તિ તેમની જ કરવી જોઈએ.

ભગવાન્ શ્રીકૃષ્ણ સિવાય બીજા દેવોને જેઓ શ્રદ્ધાથી ભજે છે તેઓ પણ વાસ્તવિક રીતે તો ભગવાન્ શ્રીકૃષ્ણનું જ પૂજન કરે છે (કારણ કે સર્વમાં શ્રીકૃષ્ણ રહેલા છે), પરન્તુ તેમનાદ્વારા કરાતું તેવું ભજન વિધિપૂર્વકનું ભજન ન હોવાથી( અ.૯।૨૩ ) જૂદાં - જૂદાં દેવોની પૂજા કરનારાઓ તે-તે દેવોને પ્રાપ્ત થાય છે. પિતૃઓનું પૂજન કરનારા પિતૃઓને પ્રાપ્ત થાય છે, ભૂતોનું પૂજન કરનારા ભૂતોને પ્રાપ્ત થાય છે, જ્યારે ભગવાન્ શ્રીકૃષ્ણને ભજનારાએ ભગવાન્ શ્રીકૃષ્ણની પ્રાપ્તિ થાય છે( અ.૯।૨૫ ). બ્રહ્માના લોકથી માંડી નીચેના સર્વ લોક ફરી - ફરી સંસારમાં પટકાય છે, પરન્તુ ભગવાન્ શ્રીકૃષ્ણની જેઓને પ્રાપ્તિ થાય તેઓને પુનર્જન્મ થતો નથી( અ.૯।૧૬ ). વળી કોઈ ગમે તેવો દુરાચારી હોય પણ જો ભગવાન્ શ્રીકૃષ્ણની અનન્યતાથી ભક્તિ કરતો હોય તો તેને સારો પુરુષ જ જાણવો, કારણ કે તેનો નિર્ણય (શ્રીકૃષ્ણની ભક્તિ કરવાનો ઉદ્યમ) ઉત્તમ છે અને તેથી તે અલ્પ સમયમાં જ ધર્માત્મા થાય છે અને સદાની શાંતિ પ્રાપ્ત કરે છે. ભગવાન્ શ્રીકૃષ્ણના ભક્તનો



કોઈ પણ સમયે નાશ થતો જ નથી( અ.૯।૩૦-૩૧ ). તેથી ભગવાન્ શ્રીકૃષ્ણની જ ભક્તિ કરવી જોઈએ.

શ્રીકૃષ્ણની ભક્તિ પણ અનન્યતાથી જ કરવી જોઈએ. જે પુરુષો અનન્યતાથી ભગવાન્ શ્રીકૃષ્ણનું ચિંતન તથા ભજન કરે છે તેઓનાં યોગ અને ક્ષેમ ભગવાન્ પોતે જ વહન કર છે( અ.૯।૨૨ ). જેઓ સર્વ (લૌકિક તથા વૈદિક) કર્મ ભગવાનને અર્પણ કરી, તેમને પરાયણ રહી, અનન્યતાથી તેમનું ધ્યાન કરતાં તેમનું ભજન કરે છે, તેઓનો ઉદ્ધાર જન્મ-મરણવાળા સંસારસાગરમાંથી ભગવાન્ તરત જ કરે છે( અ.૧૨।૬-૭ ). ભગવાન્ શ્રીકૃષ્ણે અર્જુનને પોતાનાં વિશ્વરૂપનાં દર્શન કરાવ્યાં. આવા સ્વરૂપનાં દર્શન કરવાની દેવો પણ સદા આકાંક્ષા રાખે છે. વેદ-તપ-દાન-યજ્ઞ વગેરે સાધનોથી ભગવાનનાં આવા સ્વરૂપનાં દર્શન થઈ શકતાં નથી, પરન્તુ ભગવાન્ શ્રીકૃષ્ણની અનન્ય ભક્તિથી જ ભગવાનનાં એવાં સ્વરૂપનું જ્ઞાન, દર્શન વગેરે થઈ શકે( અ.૧૧।૫૩-૫૪ ). વળી ભગવદ્ગીતાના અંતમાં ભગવાન્ અર્જુનને સર્વથી ગુહ્યતમ ઉત્તમ ઉપદેશ કરે છે, કારણ કે તે ભગવાનને ઘણો પ્રિય હતો. ત્યાં ભગવાન્ ઉપદેશ કરે છે કે મારામાં મન રાખ, મારો ભક્ત થા, મારું ભજન કર, મને નમસ્કાર કર. તું મને પ્રિય હોવાથી હું તને સત્ય કહું છું કે એમ કરવાથી તું મનેજ પ્રાપ્ત થઈશ. વળી ઉપદેશ કરે છે કે સર્વ ધર્મોનો ત્યાગ કરી તું મને એકલાને જ શરણ આવ( અ.૧૮।૬૪-૬૬ ). અહીં ભગવાનની જ ભક્તિ કરવાનો અને તેમનો એકલાનો જ આશ્રય કરવાનો ઉપદેશ સ્પષ્ટ જ છે. આખી ભગવદ્ગીતાનું આ જ તાત્પર્ય છે. સર્વથી ગુહ્યતમ ઉત્તમ ઉપદેશ આજ છે.

અહીં સર્વ ધર્મનો ત્યાગ કરી માત્ર શ્રીકૃષ્ણની જ ભક્તિ અને આશ્રય કરવાનો ઉપદેશ છે. તેવો જ ઉપદેશ શ્રીમદ્ભાગવતમાં પણ છે. વ્યાસજીએ મહાભારત રચ્યું. તેમાં તે વાંચવાનો તથા તેમાંથી જ્ઞાન પ્રાપ્ત કરવાનો શૂદ્રોને અધિકાર રહે તે માટે તેનું ઈતિહાસ વાચક 'ભારત' નામ રાખ્યું, પણ તેમાં વેદનો સર્વ અર્થ જણાવ્યો( ૧।૪।૨૯ ), છતાં તેમને સંતોષ ન થયો અને તેનાં કારણનો વિચાર કરતા હતા, એટલામાં ત્યાં નારદ આવ્યા અને તેમણે વ્યાસજીને તેનું કારણ જણાવતાં સ્પષ્ટ કહ્યું છે કે જ્ઞાન કે કર્મ કાંઈ પણ ભગવાનની ભક્તિ વિનાનું શોભતું

નથી(૧૫৷૧૨) અને (૧૫৷૧૭ તથા ૧૮ માં) નિર્ણય જણાવ્યો. આ શ્લોક પરનાં સુબોધિનીમાં શ્રીમદાચાર્યચરણ સ્પષ્ટ કહે છે કે ભગવાનની કથાનું શ્રવણ ધર્મ આચરનારાઓએ જ કરવું, પરન્તુ ધર્મનો ત્યાગ કરીને કરવું. વિશેષ વિવેચન આ શ્લોકો ઉપરનાં સુબોધિની વાંચી જોઈ લેવું. પરિણામ એ આવે છે કે ધર્મ(કર્મ)નો ત્યાગ કરીને ભગવાન્ શ્રીકૃષ્ણની અનન્યતાથી ભક્તિ કરવી જોઈએ.

નિવેદક
**નાનુલાલ ગાંધી**



*સર્વથી ગુહ્યતમ મારું પરમ વચન ફરીથી સાંભળ. તું મને બહુ જ પ્રિય છે તેથી તને હિત કહું છું.*

*મારામાં મન રાખનાર થા, મારો ભક્ત થા, મને નમસ્કાર કર. તું મને પ્રિય છે. તેથી તારી પાસે સત્ય પ્રતિજ્ઞા કરું છું કે તું મને જ પામીશ.*

*સર્વ ધર્મોનો પરિત્યાગ કરી મને એકલાને જ શરણ આવ. હું તારો સર્વ પાપોમાંથી મોક્ષ કરીશ. શોક કર નહિ.*

*આ ગીતાનો ઉપદેશ તારે કોઈ દિવસ તપ નહિ કરનારને, ભક્તિરહિતને, શ્રવણ કરવાની ઈચ્છા ન હોય તેને તથા જે મારી અસૂયા કરતો હોય તેને કહેવું નહિ.*

*જે આ પરમ ગુહ્ય મારા ભક્તોને કહેશે તે મારામાં પરા ભક્તિ પ્રાપ્ત કરી મને જ નિ:સંશય પ્રાપ્ત કરશે.*

*ભૂતળ ઉપર મનુષ્યોમાં કોઈ પણ તેનાથી મારું વિશેષ પ્રિય કરનાર નથી, અને તેનાથી અન્ય કોઈ મને વિશેષ પ્રિય થનાર પણ નથી.*

*જે આ આપણા ધર્મ્ય સંવાદનું અધ્યયન કરશે તેણે મને જ્ઞાનયજ્ઞથી પૂજેલો છે એવી મારી મતિ છે.*

*શ્રદ્ધાવાળો તથા અસૂયારહિત જે નર આ સંવાદનું માત્ર શ્રવણ કરશે તે પણ મુક્ત થઈ પુણ્ય કર્મવાળાઓના શુભ લોકને પામશે.*

## ભગવદ્ગીતાનુક્રમણિકા


| | |
|---|---|
| ગીતાતાત્પર્યમ્ : શ્રીવિટ્ઠલનાથપ્રભુચરણ વિરચિત | ૧ |
| અધ્યાય ૧ | ૧૦ |
| અધ્યાય ૨ | ૫૦ |
| અધ્યાય ૩ | ૧૨૨ |
| અધ્યાય ૪ | ૧૬૪ |
| અધ્યાય ૫ | ૨૧૦ |
| અધ્યાય ૬ | ૨૩૬ |
| અધ્યાય ૭ | ૨૭૬ |
| અધ્યાય ૮ | ૩૦૬ |
| અધ્યાય ૯ | ૩૩૩ |
| અધ્યાય ૧૦ | ૩૭૦ |
| અધ્યાય ૧૧ | ૪૦૭ |
| અધ્યાય ૧૨ | ૪૫૮ |
| અધ્યાય ૧૩ | ૪૭૮ |
| અધ્યાય ૧૪ | ૫૧૧ |
| અધ્યાય ૧૫ | ૫૩૪ |
| અધ્યાય ૧૬ | ૫૬૦ |
| અધ્યાય ૧૭ | ૫૮૬ |
| અધ્યાય ૧૮ | ૬૦૮ |
| ન્યાસાદેશવિવરણમ્ : શ્રીવિટ્ઠલનાથપ્રભુચરણ વિરચિત | ૬૭૬ |
| ભગવદ્ગીતાસારસગ્ચય | ૬૯૩ |
| ગીતાદૂહા | ૭૦૬ |
| પાદાનુક્રમણિકા | ૭૧૨ |


# ॥ શ્રીમદ્ભગવદ્ગીતા ॥

## ॥ અધ્યાય ૧ ॥

## અર્જુનવિષાદયોગ

### શ્રીવિઠ્ઠલેશ્વર પ્રભુચરણપ્રણીત ગીતાતાત્પર્યમ્

અનુવાદક : વસન્તરામ હરિકૃષ્ણ શાસ્ત્રી, સં.૧૯૮૯; સને.૧૯૩૨

**મઙ્ગલાચરણ :**

પિતૃચરણ શ્રીવલ્લભાધીશ્વરના ચરણકમળોમાં હું પ્રણામ કરું છું. કમળમાં એક પ્રકારનો માદક મકરન્દરસ હોય છે અને તે ભ્રમરને ભાનભૂલો કરી નાખે છે, તેમ અહીં પણ કૃપારૂપ મકરન્દરસ છે. એ કૃપારસથી પૂર્ણ ચરણકમળ છે. વળી એઓશ્રીના કુળને શ્રીગોકુલેશે - શ્રીકૃષ્ણે સ્વરૂપબળથી અપનાવી લીધું છે. શ્રીગોકુલવાસીઓએ શા સાધનો કર્યા હતાં? છતાં સમગ્ર શ્રીમદ્ગોકુલનો જેમણે અઙ્ગીકાર કર્યો, એ શ્રીગોકુલપતિએ શ્રીવલ્લભકુલનો પણ પ્રમેયબલથી અઙ્ગીકાર કર્યો છે.

**વિચારપ્રારમ્ભ :**

હું પણ એ અઙ્ગીકાર થયેલા કુળમાં જ છું, તેથી વિચાર કરું છું કે શ્રીકૃષ્ણના મુખકમલમાંથી સ્રવી રહેલા ગીતારૂપ અમૃતસાગરનો આવિર્ભાવ થવામાં કારણ શું? આ વિચાર હું મારા પોતાના બુદ્ધિબળથી નહિ પણ પ્રભુના અનુગ્રહથી કરું છું.

કમલમાંથી જેમ મકરન્દરસ સ્રવે તેમ પ્રભુના મુખારવિન્દમાંથી આ ગીતારૂપ મહાન્ સુધાસાગર પ્રકટ થયો એનું રહસ્ય શું એનો વિચાર પણ એઓશ્રીના કૃપાબલથી જ કરવાનો છે. અહીં એક વાત ગૂઢ રહસ્યરૂપ એ છે કે શ્રીવલ્લભાધીશ્વર ભગવન્મુખારવિન્દમાં બિરાજતા અગ્નિસ્વરૂપ છે. તેથી અગ્નિમાંથી જળની ઉત્પત્તિ થવાનું જેમ શ્રુતિ વર્ણવે છે તેમ અહીં પણ મુખકમલમાંથી સુધાસમુદ્રનું પ્રાકટ્ય થયું એવું રહસ્ય છે.

શઙ્કા : ગીતાજીમાં તો શ્રીહરિ પોતે સાક્ષાત્ પોતાનું આ તત્ત્વ કુન્તાજીના પુત્ર અર્જુનને ઉપદેશે છે. કુન્તાજી ભક્ત રહ્યાં અને અર્જુન તેમનો પુત્ર છે, તેથી ભક્ત સમ્બન્ધનો વિચાર કરીને અર્જુનને આ ગૂઢ રહસ્ય ગીતાજીમાં પ્રભુ કહે છે. તેમાં શરુઆતમાં જ ગીતાજીમાં ભક્ત નહિ તેવા ધૃતરાષ્ટ્રનું વચન કેમ છે? ભગવાન્ ભક્તને ઉપદેશ કરે તેમાં પ્રારમ્ભમાં જ અસુરભાવવાળા દુષ્ટ અન્ધ ધૃતરાષ્ટ્રનું વચન હોય અને તેનાં જ વચનથી આ પવિત્ર ગીતાગ્રન્થ શરુ થાય તે તો અત્યન્ત અયોગ્ય - અનુચિત ગણાય! ગ્રન્થારમ્ભમાં તો સુન્દર મઙ્ગલાચરણ હોય. ધૃતરાષ્ટ્ર જેવા અસુર અન્ધના નામથી આવો ગ્રન્થ પ્રારમ્ભાય નહિ. શરૂઆતમાં જ "ધૃતરાષ્ટ્ર ઉવાચ" આવે એ શું? તેમાંએ વળી શરૂઆતમાં જ મહાદુષ્ટ અધમ પાપી દુર્યોધનની કથા માંડી છે. આ પણ આરમ્ભની અયોગ્યતાનું બીજું લક્ષણ છે. ત્રીજું, શરૂઆતમાં જ અર્જુનનો અફસોસ વર્ણવ્યો એ છે. એ પણ અતિ અયોગ્ય છે; કારણ કે ગીતા જેવા બ્રહ્મવિદ્યાશાસ્ત્રના અધિકારમાટે એવો શોક, એવો ખેદ આવશ્યક નથી. અર્જુનનો એ પ્રારમ્ભિક અફસોસ ભક્તિરૂપ પણ નથી. અહીં કોઈ એવો ખુલાસો કરે કે અર્જુનને જ્યારે અફસોસ થયો ત્યારે પ્રભુએ ગીતાજીનો ઉપદેશ કર્યો. તો હવે ગીતાજીનો ઉપદેશ કરવામાં કારણરૂપે શરૂઆતમાં ઉપદેશપાત્ર અર્જુનનો અફસોસ વર્ણવ્યો હોય તો તેમાં અજુગતું શું કીધું? આ ખુલાસાથી કાંઈ પણ સન્તોષ થતો નથી; કેમ કે એ ખેદ થવાથી તો ચિત્તમાં વિક્ષેપ - ખળભળાટ થતો હોય છે. એમાંએ જ્યાં ચિત્ત જ સ્થિર ન હોય; ત્યાં શાન્તિ તો કયાંથી મળે? શાન્તિ આદિ ગુણો ન હોય તો બ્રહ્મવિદ્યાનો અધિકાર પણ કેમ માની લેવાય? આવી અસ્થિર મનોદશા, અફસોસ, પાપનો ભય વગેરેથી થયેલો ખળભળાટ જ્યાં હોય ત્યાં શમ-દમાદિ ગુણસમ્પત્તિની શક્યતા જ કેમ મનાય? અને તે સદ્ગુણો ન હોય તો પછી બ્રહ્મવિદ્યાનો ઉપદેશ પણ પ્રભુ કેમ કરે? તેથી અમને તો એમ જણાય છે કે અધિકાર ન હોવાના સબબે બ્રહ્મવિદ્યાનો ઉપદેશ જ ગીતાજીમાં નથી, પણ લૌકિક - દુન્યવી કથા જ તેમાં વર્ણવી છે એવું માનવું બહેતર થઈ પડશે. કારણ કે શ્રોતાનો જેવો અને જેટલો અધિકાર તેના પ્રમાણમાં જ તેવો અને તેટલો ઉપદેશ થાય.

છે. તેથી જ ગીતાજીરૂપ ભક્તિમાર્ગના મહાન ગ્રન્થમાં પ્રારમ્ભમાં ધૃતરાષ્ટ્રનું નામ આવી જાય તેથી કાંઈ ગભરાવાની જરૂર નથી. મહાભારતના એક કથાનાયક અર્જુનજીનો અઙ્ગીકાર પણ લોકાતીત - અલૌકિક ભક્તિમાર્ગમાં થયેલો છે. પૃથાજી-કુન્તાજી પોતે ભક્ત હોવાથી તેમના સમ્બન્ધથી તેમના બધા પુત્રોને પ્રભુએ પોતાના તરીકે અપનાવીને તેમનો અઙ્ગીકાર ભક્તિમાર્ગમાં કર્યો છે. તેથી જ શ્રીમદ્ભાગવત્ ૩।૧।૧૨ માં વિદુરજી કહે છે કે "પૃથા કુન્તાજીના બધા પુત્રોનો ભગવાન્ મુકુન્દદેવે અઙ્ગીકાર કર્યો છે". તેમણે કાંઈ પણ સાધનો કર્યા ન હતાં, સહાયતામાટે પણ પ્રાર્થના તેમણે કરી કે નહિ તેની પણ પ્રભુએ દરકાર ન કરી. માત્ર કુન્તાજીનો સમ્બન્ધ જોયો. આ વિદુરજીના વાક્યથી પણ સમજાય છે કે પાણ્ડવોનો અઙ્ગીકાર ભક્તિમાર્ગમાં થયો છે, અને તે થયા પછી દુન્યવી રીત-ભાત તેમનામાં નજ હોય. નહિ તો ક્ષત્રિયોની લડાઈમાં તો સગામાં જણ્યા ભાઈને સગો ભાઈ હણી નાખતાં વિચાર ન કરે. આમ લૌકિક રીત મુજબ શત્રુઓને મારીને ભક્ત પાણ્ડવો જો રાજ્ય ભોગવે તો તે રાજ્યમાં ભગવાન્‌નો સમ્બન્ધ જ ન રહે, અને તે ન હોવાથી પાણ્ડવોનું ભગવદીયપણું - ભક્તપણું ન જ જળવાય. પણ અહીં તો અર્જુન પોતાની મેળે જ સ્વજનોની અને ગુરુજનોની હત્યાથી શરૂઆતમાં જ પાછો ફર્યો છે એટલે અર્જુને દુન્યવી રીતભાત તો સ્વીકારી જ નથી. જો અર્જુન લૌકિક ક્ષત્રિય હોત તો બધાયને મારીને રાજ્ય ભોગવવાને જ તલબગાર બની જાત, તે કશાનો વિચારજ ન કરત. કારણ કે રણસંગ્રામમાં સામે સહોદર ભાઈ આવે તો પણ તેની હત્યા કરવામાં કશો વિચાર ન કરવો એ તો ક્ષત્રિયોનો ધર્મ છે. વળી શૂરવીર પુરુષો રણસંગ્રામના મેદાનમાં જાય અને ત્યાં જો યુદ્ધ છેડાઈ જાય તો તેમનામાં વીરરસ જ ઉત્પન્ન થાય, કારણ કે ક્ષત્રિયોનો સ્વભાવ તથા એ વાતાવરણ જ એવું હોય છે. આ સમયે વૈરાગ્ય તો ઉભું જ શાનું રહે? છતાં આવા વિકટ અવસરમાં ક્ષત્રિય અર્જુનમાં જે વૈરાગ્ય ઉત્પન્ન થયું તેનું કારણ માત્ર ભગવદીયપણું છે. અર્જુનનો ભક્તિમાર્ગમાં અઙ્ગીકાર કરીને, પ્રભુએ તેનામાં ભક્તિપણું બીજરૂપે વાવી દીધું છે, તેથી તેના કુર ક્ષત્રિય તરીકેના સ્વભાવનો વિજય થઈ ગયો છે અને ભક્તપણાના પ્રતાપે રણસંગ્રામમાં પણ તેને વૈરાગ્ય થાય છે! આ અર્જુનના ભગવદીયપણાનો પ્રકટ પુરાવો છે.



ઊંડા ઉતરીને તપાસીશું તો લૌકિક ક્ષત્રિયોની પેઠે સગા-વહાલાંઓને મારી નાખીને મેળવેલા રાજ્યમાં પ્રભુનો સમ્બન્ધ ન હોય અને તે વિનાનું રાજ્ય એક ભગવદીયથી ભોગવાય જ નહિ. તેથી જ અર્જુન પહેલાં તો ગુરુહત્યા વગેરેથી પાછો જ હટી ગયો! જ્યારે ભગવાન્‌ની આજ્ઞા તેઓનો સંહાર કરવાની થઈ અને અસુરોનો ભાર પૃથ્વી ઉપરથી ઉતારવાનો સાફ હુકમ થયો ત્યારે તો અર્જુને એક દાસ તરીકેનો પોતાના માલીકનો હુકમ સમ્પૂર્ણ રીતે બજાવી દીધો. અને તેને પરિણામે મેળવેલા રાજ્યમાં ભગવાન્‌નો સમ્બન્ધ પણ સ્થપાઈ ગયો. તે પછી એ રાજ્યનો ઉપભોગ ભગવદીયને દોષરૂપ થઈ પડતો નથી; કેમકે એ બધું કરવામાં ભગવાન્‌ની આજ્ઞા થયેલી છે.

**કૌરવોમાં આસુરભાવ :**

બીજી બાજુ કૌરવો તરફ જોઈશું તો તેમનામાં અસુરભાવ છે. તેઓ ક્ષત્રિયો છે, પાણ્ડવોના ભાઈઓ છે, બધાનો યોગ-ક્ષેમ (લાલન-પાલન-ઉછેરણી) એક સરખો જ થયો છે. જે કાર્યથી પાણ્ડવો જીવનનિર્વાહ કરે છે તે કાર્યથી કૌરવો પણ કરે છે. છતાં કૌરવોમાં વૈરાગ્યનો અંશ પણ ઉત્પન્ન થયો નહીં. કારણ કે તેઓ અસુરો છે, ભક્ત નથી. વૈરાગ્ય તો ભક્તને થાય. યોગ-ક્ષેમ એક હોવાથી અસુરોનો સ્વભાવ દૈવી બની નથી જતો; તે જ પ્રમાણે યોગ-ક્ષેમ એક હોવાથી ભક્તોનો સ્વભાવ આસુરી બની નથી જતો. આ વસ્તુ જણાવવામાટે જ ગીતાજીના આરમ્ભમાં જ ધૃતરાષ્ટ્ર અને તેના પુત્રો - કૌરવોની કથા કહી છે. તેમ કહીને એ દુષ્ટ અસુરોનો ઉત્સાહ સૂચવી દીધો. લૌકિક ક્ષત્રિયોનો દુન્યવી ઉત્સાહ કેવો હોય છે તેનો ચિતાર શરૂઆતમાં જ બતાવી દીધો. તે પછી ભક્ત અર્જુનની કથા કહી. અસુરથી વિરુદ્ધ રીતે એક ભક્તના હૃદયમાં આવા પ્રસઙ્ગે કેવા ભાવો ઉદ્ભવે તેનો ખ્યાલ પણ તુરતજ આપી દીધો.

**ભગવદીયનો ધર્મ :**

ખરું જોતાં તો ભક્ત જ્યારે ભગવદીય - ભગવાન્‌નો થઈ જાય છે ત્યારે તેની બુદ્ધિ ભગવત્કાર્ય તરફ જ ઢળે છે. ભગવદીયની મતિ ભગવાન્‌નાં કાર્યો કરવામાં પરોવાયલી રહે એ જ યોગ્ય છે. જો તેમ

ન હોય તો તે સુમતિ ન કહેવાય; પણ કુમતિ - કુબુદ્ધિ જ ગણાય. ભગવાન્‌ની આજ્ઞા મુજબ બુદ્ધિ કામ કરે તે સદ્‌બુદ્ધિ અને બીજી કુબુદ્ધિ માની લેવી. ભક્તિમાર્ગની આ સ્વતન્ત્ર વ્યવસ્થા છે. જો આ વ્યવસ્થા નહિ માનો તો નીચે જણાવેલો વિરોધ ઉભો થશે.

**કુમતિ એટલે શું?**

ધર્મશાસ્ત્ર વગેરેમાં ગુરુ, વડીલ આદિને હણી નાંખવાનું કાર્ય વખોડી કાઢ્યું છે, તેનો નિષેધ કર્યો છે. તેથી તદનુસાર એવી હત્યાથી દૂર રહેવાની મતિ થાય તેને 'સુમતિ' જ કહેવાય. એટલે શરૂઆતમાં અર્જુન જે સ્વજનહત્યાથી દૂર નાઠો એ તેની બુદ્ધિને સદ્‌બુદ્ધિ તરીકે ગણી શકાય, કેમ કે ધર્મશાસ્ત્ર મુજબ તે ચાલે છે. પણ ભીષ્મપિતામહે ભગવાન્‌ની સ્તુતિમાં અર્જુનની એ સુમતિને 'કુમતિ' તરીકે વર્ણવી છે. ભીષ્મપિતામહ કહે છે કે *"દૂર ઉભેલી સેનાનો મોખરો નિરખીને 'મને દોષ લાગશે' એવી બુદ્ધિથી સ્વજનના વધથી મ્હોં ફેરવનારા અર્જુનની 'કુમતિ'ને પ્રભુએ આત્મવિદ્યાથી સ્પષ્ટ હરી લીધી છે"*. આ ભીષ્મવચનથી સ્પષ્ટ થાય છે કે અર્જુનની મતિ શાસ્ત્ર મુજબ છે છતાં તેને કુમતિ કહી છે.

આ ઉપરથી જ જણાશે કે જ્યાં લોક-વેદ અટકી જાય છે ત્યાંથી ભક્તિમાર્ગની મર્યાદા શરૂ થાય છે. અલૌકિક અને અવૈદિક નો અર્થ એ નથી કે તે લોકવિરુદ્ધ અને વેદવિરુદ્ધ છે, પણ લોક અને વેદ ની ગમ જ્યાં ન પડે, લોક અને વેદથી પણ જે પર હોય, પેલે પાર હોય તે લોકવેદાતીત ગણાય. ધર્મશાસ્ત્રમાં જે સદબુદ્ધિ કહેવાય છે, તેને ભક્તિમાર્ગમાં 'કુબુદ્ધિ' તરીકે ભક્તો ઓળખાવી દે છે. ભક્તિમાર્ગમાં માત્ર ભગવાન્‌ની આજ્ઞાનો જ વિચાર હોય છે, ધર્મશાસ્ત્રનો વિચાર કરવામાં આવતો નથી. તેથી ભગવાદાજ્ઞાને અનુસરીને જ ચાલવું એ ભક્તિમાર્ગીય પરમધર્મ છે. તેથી જ ભક્તિમાર્ગનો વિચાર લોકદષ્ટિએ તેમજ વેદદષ્ટિએ કરવાનો નથી; કેમ કે એ બન્નેથી ભક્તિમાર્ગ તો ઘણો આગળ વધેલો છે. તેથી લોક-વેદનો ડર રાખીને તેનો વિચાર જ ન થઈ શકે. એ કારણથી જ ગીતાજીરૂપ બ્રહ્મવિદ્યાના ઉપદેશ પછી તુરત જ અર્જુનની પ્રવૃત્તિ અસુરોજનોના વધમાટેની થઈ. કારણ કે ભગવદિચ્છા તથા પ્રેરણા અસુરોને હણવા માટે હતી.



આથી શરૂઆતમાં જે શઙ્કા કરેલી કે "બ્રહ્મવિદ્યાના ઉપદેશ પછી તો સર્વ રાજ્યાદિકનો ત્યાગ અર્જુને કરવો રહ્યો, નહિ કે ગુરુ આદિની હત્યા" તે દૂર થઈ જાય છે. સબબ કે શુદ્ધાદ્વૈત બ્રહ્મવિદ્યાનો ઉપદેશ થયા પછી અર્જુને ભગવાન્‌ની આજ્ઞાનું પાલન કર્યું એજ મુખ્ય ધર્મ છે અને સર્વત્યાગ પણ ખરો તે જ છે.

**સર્વત્યાગ એટલે શું?**

'સર્વ' એટલે બધાયનો ત્યાગ. તે ત્યાગમાં લોક અને વેદ પણ આવી જય છે. લોક અને વેદ ના બન્ધનો જ્યાં સુધી હોય ત્યાં સુધી સર્વત્યાગ ન જ ગણાય. આ દશા બહુ જ ઉચ્ચ છે. તે પ્રાપ્ત થયા વિના લોક-વેદના ત્યાગની વાતો તે કેવળ ફોગટનાં ફાંફાં જેવી છે. ઉચ્ચ દશા થતાં લોક અને વેદ નો ત્યાગ થવો અને કેવળ પ્રભુનું જ ગ્રહણ કરવું એ જ ખરો સર્વત્યાગ છે. આ સર્વત્યાગ તો અર્જુને કર્યો છે એ ગીતાજીનાં વાકયોથી સાબિત થાય છે.

ભગવાને જ્યારે અર્જુનને પૂછયું કે "હે પૃથાપુત્ર! તે એકાગ્ર થઈને આ સાંભળ્યું કે?" ત્યારે અર્જુને "મારો મોહ નષ્ટ થયો, હવે હું આપના વચન મુજબ કરીશ" એવો છેવટનો જવાબ આપ્યો. આ વચન ઉપરથી પણ ફલિત થાય છે કે અર્જુન કેવલ ભગવદીય છે અને તેણે સર્વત્યાગ—લોક-વેદત્યાગ પૂર્વક માત્ર પ્રભુને શરણે જઈને, ભગવાન્‌ની આજ્ઞાનું પાલન છેવટે કર્યું છે.

હવે રાજ્ય વગેરેનો ત્યાગ અર્જુને કેમ ન કર્યો? એ શઙ્કા જો રહેતી હોય તો તેનું નિરાકરણ આવી રીતે કરી લેવું. રાજ્ય વગેરેનો ત્યાગ જ્ઞાની લોકો શા માટે કરે છે? એનો જો આપણે વિચાર કરીશું તો સ્પષ્ટ સમજાશે કે રાજ્ય વગેરે મોક્ષ મેળવવામાં વિઘ્નરૂપ છે, મોક્ષમાં પ્રતિબન્ધ નાખનારાં છે તેથી તેનો ત્યાગ જ્ઞાની લોકો કરે છે. પણ અહીં તો ભક્તિમાર્ગ છે. ભગવાન્‌ની જ આજ્ઞા થઈ કે "અસુરોનો વધ કરીને પૃથ્વીનો ભાર ઉતારી નાખ". તો અર્જુને પણ ભગવદાજ્ઞાને અનુસરીને અસુરોને હણવાનું કાર્ય તે ભગવાન્‌નું જ કાર્ય છે એમ સમજીને કર્યું. છેવટે રાજ્ય મળ્યું તે પણ અર્જુને તો

પ્રભુને જ અર્પણ કર્યું. છતાં ભગવાન્‌ની આજ્ઞા થવાથી તે રાજ્ય પ્રભુનું છે એમ માનીને તે ભોગવ્યું. ભગવાન્‌ની આજ્ઞા અને ભગવાન્‌નો સમ્બન્ધ થયા પછી રાજ્યભોગ કાંઈ ફળમાં પ્રતિબન્ધ નાખી શક્તો નથી. માટે રાજ્યાદિનો ત્યાગ ન કર્યો તેમાં અર્જુને કંઈ અનુચિત કર્યું નથી જ.

**એક નવી શઙ્કા :**

અર્જુન તો ભક્ત હતો. તેનામાં ભગવાન્‌ની ઇચ્છાથી વિરુદ્ધ (યુદ્ધ ન કરવાની વગેરે) કુબુદ્ધિ ઉત્પન્ન જ કેમ થઈ? ભક્તમાં ભગવાન્‌ની મરજી મુજબ જ ચાલવાની મતિ હોવી જોઈએ. તો એવી વિરુદ્ધ મતિ થવાનું કારણ શું?

**સમાધાન :**

ખરું જોતાં તો અર્જુન ભગવદીય તો હતો જ તો પણ તેના મનમાં એવું ન હતું કે હું તો ભગવાન્‌ને આધીન થઈને જ યુદ્ધ કરીશ. તેમજ ભગવાને પોતાની શી ઇચ્છા છે તે પહેલેથી તેને જણાવી દીધી ન હતી. એટલે એ બિચારો શું કરે? તેથી તે જે રણસંગ્રામમાં આવ્યો હતો તે તો તેના વર્ણાશ્રમ ધર્મથી પ્રરાઈને. અર્જુન પોતે ક્ષત્રિય હોવાથી તેને પોતાનો ક્ષત્રિયધર્મ સ્ફુરેલો હતો, અને તેને લઈને જ રણસંગ્રામમાં તે લડવા આવ્યો હતો. તેને એમ ભાન હતું કે એક ક્ષત્રિય તરીકે હું રણમાં ઝુઝીશ. પણ આ ભાવના ભક્તને ન શોભે. અર્જુન માત્ર ભક્ત જ નથી, પણ અઙ્ગીકાર કરાયેલો ભગવદીય છે. તેમાં દેહધર્મરૂપ વર્ણાશ્રમધર્મની - ક્ષત્રિયપણાંની ઠસક ઉચિત નથી. ભક્તિમાર્ગની એ રીતે નથી. કારણ કે ભગવદીયપણાથી એ કૃતિ વિરુદ્ધ છે. આ જ હેતુથી અર્જુનને તેના અન્તઃકરણમાં બિરાજતા પ્રભુના પ્રભાવથી તેવી બુદ્ધિ થઈ, એટલે જ પહેલાં તેને વર્ણાશ્રમધર્મ પ્રમાણે એક વાર લડી લેવાની મતિ ઉદ્દ્ભવી. આ મતિ ભગવદિચ્છાથી જ થઈ છે. એ મતિ થતાં જ ભગવાને પોતાની ઇચ્છા શી છે તે પ્રકટ કરીને અર્જુનની કુમતિને દૂર કરી નાખી. અન્નનું દાન કરવામાટે જેમ પહેલા કુશલ વૈદ્ય મનુષ્યની ભૂખ ઉત્પન્ન કરે છે તેમ ભગવાન્‌ની ઇચ્છાથી જ તેવી મતિ અર્જુનની થઈ. કુમતિ ઉત્પન્ન પણ ભગવાને



કરી અને નિજ ઇચ્છા જણાવીને આખરે તેનો નાશ પણ પ્રભુએજ કર્યો.

આ ઉપરથી એમ સમજાય છે કે ભગવાન્ જ્યારે કૃપા કરીને જણાવે ત્યારે ભક્તથી પણ પ્રભુતત્ત્વ સમજી શકાય છે પોતાની મેળે તો કદી ન જ સમજી શકાય. ભક્તની જ્યારે આ દશા છે ત્યારે બીજાની તો વાત જ શી કરવી?

**ઉપસંહાર :**

હવે છેવટે શ્રીગુસાંઈજી તત્ત્વરૂપ સાર પ્રકટ કરે છે. જો જીવનો પુષ્ટિમાર્ગમાં અઙ્ગીકાર થયો હોય તો તેને પ્રભુતત્ત્વની સ્ફૂર્તિ આપ મેળે જ થઈ જાય છે, ભગવાન્‌ને તે જણાવવાનો શ્રમ લેવો પડતો નથી. પુષ્ટિભક્ત તો તુરત જ સમજી જાય છે. આ કુન્તાજીના પુત્રોનો તો અઙ્ગીકાર પુષ્ટિમર્યાદામાં થયેલો છે. એટલે પહેલા તો અર્જુનને તેવી બુદ્ધિ ભગવદિચ્છાથી થઈ ગઈ ખરી, પણ પછી ભગવાન્‌નો ઉપદેશ થવાથી તેવી કુમતિની નિવૃત્તિ થઈ ગઈ. શ્રીગોપીજન તો શુદ્ધપુષ્ટિભક્ત છે તેથી તેમને એવી મતિએ ન થાય અને તેને દૂર કરવાની કડાકૂટ પણ પ્રભુને કરવી પડે નહિ. પણ આ પૃથાપુત્રો તો મર્યાદામિશ્ર પુષ્ટિભક્ત હતા, કુન્તાજીના સમ્બન્ધથી તેમના ઉપર પ્રભુએ અનુગ્રહ કરેલો એટલે અંશે પુષ્ટિનો સમ્બન્ધ હતો, તેથી અર્જુનમાં કુમતિએ વાસો કર્યો અને છેવટે ભગવાને કૃપા કરીને તેની કુબુદ્ધિ દૂર કરી. ગીતાજીનું આ ટૂંકું રહસ્ય છે.

**એ પ્રમાણે શ્રીમદ્વલ્લભાધીશ્વરના ચરણકમળના દાસ એવા શ્રીવિટ્ઠલેશ્વરે પોતાના હૃદયમાં બિરાજી રહેલી ભક્તિમાર્ગની મર્યાદા સ્પષ્ટ કરી.**

મહાભારતના છઠ્ઠા ભીષ્મપર્વમાં યુદ્ધના દશમા દિવસે ભીષ્મ યુદ્ધમાં પડ્યા પછી સઞ્જય ધૃતરાષ્ટ્ર પાસે આવે છે અને સેનાપતિ ભીષ્મ પડ્યાના સમાચાર આપે છે. ત્યારે ધૃતરાષ્ટ્ર ભીષ્મના પતનનો શોક કર્યા પછી, શોક દૂર થતાં સઞ્જયને બધી કથા વિસ્તારથી કહેવા જણાવે છે, ત્યાંથી આ ગીતાનો આરમ્ભ થાય છે. આ પહેલા અધ્યાયમાં અર્જુનના વિષાદ( દુઃખ )નું વર્ણન છે.

કથાની સઙ્ગતિ જળવાય તે માટે આરમ્ભમાં વૈશમ્પાયન (મહાભારતના વક્તા) જનમેજય (મહાભારતના શ્રોતા)ને ધૃતરાષ્ટ્રનો નીચેનો શ્લોક કહી ગીતાનો પ્રારમ્ભ કરે છે:

**ધૃતરાષ્ટ્ર ઉવાચ**

**ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે સમવેતા યુયુત્સવઃ।**
**મામકાઃ પાણ્ડવાશ્ચૈવ કિમકુર્વત સઞ્જય!॥૧॥**

**સઞ્જય!** - **હે સઞ્જય;** સમ્બોધન

**ધર્મક્ષેત્રે** - **ધર્મક્ષેત્રમાં;** નામ, સપ્તમી વિભક્તિનું એક વચન (સ.એ.વ.), પુલ્લિઙ્ગ (પુ.) નામનું મૂળ રૂપ: 'ધર્મક્ષેત્ર'

**કુરુક્ષેત્રે** - **કુરુક્ષેત્રમાં, કર્મક્ષેત્રમાં;** નામ, સ.એ.વ., પુ., કુરુક્ષેત્ર

**સમવેતા:** - **ભેગા થયેલા;** સમ્ + અવ + ઈ (જવું) ૨ ગણ, ભૂતકૃદન્ત (ભૂ.કૃ.), વિશેષણ, 'પાણ્ડવા:' એ 'સમવેતા:'નું વિશેષ્ય છે.

**યુયુત્સવઃ** - **યુયુત્સવ;** નામ, પ્ર. બ. પુ.

**મામકા:** - **મારા;** 'મમ'નું તદ્ધિત

**ચ એવ** - **અને વળી;** અવ્યય

**પાણ્ડવા:** - **પાણ્ડવો;** નામ, પ્રથમા વિભક્તિનું બહુવચન (પ્ર.બ.વ.), પુ., પાણ્ડવ

**કિમ્** - **શું;** ક્રિયાવિશેષણ, (ક્રિ.વિ.) અવ્યય

**અકુર્વત** - **કર્યું;** ક્રિયાપદ (ક્રિ./ક્રિ.પ.) તૃતીય પુરુષ બહુવચન (તૃ.પુ.બ.વ.), (ધાતુનું મૂળરૂપ) 'કૃ', ૮ ગણ, અનદ્યતન ભૂતકાળ (અન.ભૂ.)

**શ્લોકાર્થ:** હે સઞ્જય! ધર્મના સ્થાન કુરુક્ષેત્રમાં યુદ્ધ કરવાની ઈચ્છાથી ભેગા થયેલા મારા પુત્રો અને પાણ્ડવોએ શું કર્યું?

**વિવેચન:** ધૃતરાષ્ટ્ર જાણતો હતો કે પાણ્ડવો મોટે ભાગે ધર્મ પ્રમાણે જ આચરણ કરનારા હતા, છતાં તેમણે પોતાના બન્ધુ (ભીષ્મ)ને મારવારૂપ અધર્મ કેમ કર્યો? એવા અભિપ્રાયથી તે આ પ્રશ્ન કરે છે. ધર્મની ઉત્પત્તિના સ્થાન કુરુક્ષેત્રમાં આવો અધર્મ થવાનું કેમ સમ્ભવ્યું? એવો આ પ્રશ્નનો અભિપ્રાય છે.

પાણ્ડવોનું સૈન્ય તો થોડું હતું અને દુર્યોધનનું મોટું હતું. વળી



દુર્યોધનના સૈન્યમાં શૂરવીરો પણ ઘણા હતા. તે બધાના દેખતાં જ, તેમણે ભીષ્મની સંભાળ ન રાખવાથી, ભીષ્મનું રણમાં પતન થયું અથવા પાણ્ડવોએ બળથી તેમને મારીને આવો અધર્મ કર્યો તે જાણવા ધૃતરાષ્ટ્ર પૂછે છે કે હે સઞ્જય! ધર્મની ઉત્પત્તિના સ્થાન કુરુક્ષેત્રમાં મારા પુત્રો અને પાણ્ડવો એ યુદ્ધ કરવાની ઈચ્છાથી ભેગા થઈ શું કર્યું? મારા પુત્રો અધર્મ કરવામાં રચ્યા-પચ્યા રહેનારા હોવાથી ત્યાં પણ તેમણે અધર્મ કર્યો અથવા ધર્મ કર્યો; અને પાણ્ડવો ધર્મ પ્રમાણે આચરણ કરનારા હોવાથી તેમણે ગુરુને મારવારૂપ અધર્મ કેમ કર્યો. એકનું મરણ થયા પછી જ બીજાને રાજ્ય પ્રાપ્ત થાય એવો ધર્મ પ્રમાણે આચરણ કરનાર હોવાથી તેઓએ નિશ્ચય કરેલ હોવા છતાં પણ તેમણે આ શું કર્યું? સઞ્જયને વ્યાસજીએ વરદાન આપી સર્વજ્ઞ કરેલ હોવાથી 'હે સઞ્જય!' એવું સમ્બોધન કરી તેને પ્રશ્ન કરેલ છે.

બલદેવજીની તીર્થયાત્રાના પ્રસઙ્ગમાં શ્રીભાગવત્ ૧૦।૭૮।૩ ઉપરનાં શ્રીસુબોધિનીમાં આ શ્લોકનું અનુસન્ધાન કરેલું છે.

**સઞ્જય ઉવાચ**

**દૃષ્ટ્વા તુ પાણ્ડવાનીકં વ્યૂઢં દુર્યોધનસ્તદા**
**આચાર્યમ્ ઉપસઙ્ગમ્ય રાજા વચનમ્ અબ્રવીત્॥૨॥**

**તદા** - **ત્યારે;** અવ્યય

**રાજા** - **રાજા;** નામ, પ્ર.એ.વ., પુ., રાજન્

**દુર્યોધનઃ** - **દુર્યોધન;** નામ, પ્ર.એ.વ., પુ., દુર્યોધન

**વ્યૂઢમ્** - **ગોઠવાયેલું;** વિ + વહ્નું ભૂ.કૃ.

**પાણ્ડવાનીકમ્** - **પાણ્ડવોનું લશ્કર;** ષષ્ઠી તત્પુરુષ સમાસ; "પાણ્ડવાનામ્ અનીકમ્", દ્વિતીયા વિભક્તિ એકવચન (દ્વિ.એ.વ.), પુ.

**દૃષ્ટ્વા** - **જોઈને;** 'દૃશ્'નું વિધેય કૃદન્ત, ૧ ગણ

**તુ** - **અવ્યય**

**આચાર્યમ્** - **આચાર્યને;** નામ, દ્વિ.એ.વ., પુ. આચાર્ય

**ઉપસઙ્ગમ્ય** - **પાસે જઈને;** ઉપ + સમ્ + ગમ્નું વિધેય કૃદન્ત

**વચનમ્** - **વચન;** નામ, દ્વિ.એ.વ., નપુ.

**અબ્રવીત્** - **બોલ્યો;** ક્રિ., તૃ.પુ.એ.વ., 'બ્રૂ' ૨ ગણ, અનદ્યતન ભૂતકાળ

**શ્લોકાર્થ:** તે સમયે પાણ્ડવોના સૈન્યને વ્યૂહમાં ગોઠવાએલું જોઈને રાજા

દુર્યોધન આચાર્ય પાસે જઈ નીચે પ્રમાણે વચન બોલ્યો.

**વિવેચન:** યુદ્ધ કર્તવ્ય છે એવો બોધ ભગવાને કરેલો હોવાથી પાણ્ડવોએ યુદ્ધ કર્યું, તેથી ભગવાનની આજ્ઞા પ્રમાણે આચરણ કરેલું હોવાથી પાણ્ડવોએ અધર્મ કર્યો નથી એમ સઞ્જય ઉત્તર આપવા ઈચ્છતો હોવાથી ૧૮ (૨-૧૯) શ્લોકવડે સઙ્ગતિ કહે છે. ધૃતરાષ્ટ્રનો પ્રશ્ન સાંભળી પ્રથમ તેણે પોતાના પુત્રોની વાત પૂછેલી હોવાથી પહેલાં તેના પુત્રની જ વાત કહે છે. 'તે સમયે' એટલે ધર્મયુદ્ધનો પ્રારમ્ભ થતી વખતે રાજા દુર્યોધન વ્યૂહમાં ગોઠવાએલું પાણ્ડવોનું સૈન્ય જોઈને દ્રોણાચાર્યની સમીપ જઈને નીચે પ્રમાણે (શ્લોક ૩-૧૧) બોલ્યો. દશ શ્લોકથી(૨-૧૧) પ્રથમ દુર્યોધનની કથા કહેલી છે, તેથી અપરાધી હોવા છતાં યુદ્ધમાં પ્રથમ પ્રવૃત્તિ તેની થઈ છે એવો બોધ થાય છે.

**પશ્યૈતાં પાણ્ડુપુત્રાણામ્ આચાર્ય! મહતીં ચમૂમ્।**
**વ્યૂઢાં દ્રુપદપુત્રેણ તવ શિષ્યેણ ધીમતા॥૩॥**

**આચાર્ય** - **હે આચાર્ય!** સમ્બોધન
**તવ** - **તારો;** સર્વનામ, ષ.એ.વ., 'યુષ્મદ્'
**શિષ્યેણ** - **શિષ્યવડે;** નામ, તૃ.એ.વ., પુ. 'શિષ્ય'
**ધીમતા** - **બુદ્ધિવાળાવડે;** વિશેષણ, 'શિષ્યેણ' વિશેષ્ય
**દ્રુપદપુત્રેણ** - **દ્રુપદના પુત્રથી;** નામ, તૃ.એ.વ., પુ.
**વ્યૂઢામ્** - **ગોઠવાયેલી;** વિશેષણ, વિ + વહનું ભૂ.કૃ., 'ચમૂમ્' વિશેષ્ય,
**એતામ્** - **એને;** સર્વનામ, 'એતદ્' દ્વિ.એ.વ.,
**પાણ્ડુપુત્રાણામ્** - **પાણ્ડુના છોકરાઓની;** પાણ્ડોઃ પુત્રાઃ, તત્પુરુષ, ષષ્ઠી વિભક્તિ બહુવચન (ષ.બ.વ.), પુ.
**મહતીમ્** - **મોટી;** વિશેષણ, 'ચમૂમ્' વિશેષ્ય
**ચમૂમ્** - **સેના;** **લશ્કર;** નામ, દ્વિ.એ.વ., સ્ત્રી.
**પશ્ય** - **જો, જુઓ;** ક્રિ. આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ., દશ્ ૧ ગણ

**શ્લોકાર્થ:** હે આચાર્ય! આપના બુદ્ધિશાળી શિષ્ય દ્રુપદપુત્રે વ્યૂહમાં ગોઠવેલી પાણ્ડુપુત્રોની આ મોટી સેના જૂઓ.

**વિવેચન:** આ શ્લોકથી આરમ્ભી નવ શ્લોકમાં દુર્યોધને દ્રોણાચાર્યને કહેલાં



વચનો છે. ભીષ્મનો સેનાપતિ તરીકે અભિષેક થયેલો હોવાથી તેને સ્વતઃ ઉત્સાહ હોય જ; પરન્તુ દ્રોણને ઉત્સાહ હોવાનું કારણ નહિ હોવાથી તેમની ઉદાસીનતા જોઈ તેમનામાં ઉત્સાહ ઉત્પન્ન કરવા દુર્યોધન સામાવાળાનાં સૈન્યના ઉત્કર્ષનું વર્ણન કરે છે.

હે આચાર્ય! તમારે ઉભયપક્ષ સમાન છે તો પણ પાણ્ડવોની સેના બહુ બલવતી છે. તેથી તમે અમારામાટે સારી રીતે યુદ્ધ કરો એમ સૂચવવા 'અચાર્ય' સમ્બોધન કરેલું છે. પાણ્ડુપુત્રોની આપણા સૈન્યને ભય ઉતપન્ન કરે તેવી મોટી સેના બુદ્ધિશાળી, એટલે વ્યૂહ રચનામાં કુશલ, તમારા શિષ્ય ધૃષ્ટદ્યુમ્ને વ્યૂહમાં ગોઠવેલી છે તે જુઓં. યુધિષ્ઠિરને આ સમયે રાજ્ય નહિ હોવાથી અને તે જીતવી કઠણ છે એમ જણાવવા યુધિષ્ઠિરની સેના ન કહેતાં સામાન્ય રીતે સર્વ પાણ્ડુપુત્રોની સેના કહી છે. 'આ' એટલે સમીપ રહેલી. ''આપના શિષ્ય દ્રુપદપુત્રે ગોઠવેલી'' શબ્દોથી સેના ઘણી બલવતી હોવાનું કહેલ છે. તેથી તે આપથી જ જીતી શકાય તેવી અને એમને ભય કરાવે તેવી છે એમ સૂચવ્યું છે.

**અત્ર શૂરા મહેષ્વાસા ભીમાર્જુનસમા યુધિ।**
**યુયુધાનો વિરાટશ્ચ દ્રુપદશ્ચ મહારથઃ॥૪॥**

**અત્ર** - **અહીં;** અવ્યય
**યુધિ** - **યુદ્ધમાં;** નામ, સ.એ.વ., સ્ત્રી. 'યુધ્'
**ભીમાર્જુનસમાઃ** - **ભીમ અને અર્જુન જેવા;** ''ભીમશ્ચ અર્જુનશ્ચ ઈતિ ભીમાર્જુનૌ, તાભ્યાં સમાઃ ઈતિ'' તત્પુ., નામ, પ્ર.બ.વ., પુ.
**મહેષ્વાસાઃ** - **મોટા ધનુષ ફેંકનારાઓ;** ''મહાન્તઃ ઈષવઃ અસ્યન્તે ઈતિ યેઃ'' બહુવ્રીહિ સમાસ, વિશેષણ, 'શૂરાઃ' વિશેષ્ય
**શૂરાઃ** - **શૂરાઓ;** નામ, પ્ર.બ.વ., પુ. 'શૂર'
**યુયુધાનઃ** - **યુયુધાન(સાત્યકી)** નામ, પ્ર.એ.વ., પુ.
**વિરાટઃ** - **વિરાટ;** નામ, પ્ર.એ.વ., પુ. 'વિરાટ'
**ચ** - **અને;** અવ્યય
**દ્રુપદઃ** - **દ્રુપદ;** નામ, પ્ર.એ.વ, પુ. 'દ્રુપદ'
**મહારથઃ** - **મહારથી;** ''મહાન્ ચ અસૌ રથઃ યસ્ય ઈતિ'' બહુવ્રીહિ સમાસ, વિશેષણ, વિ. 'દ્રુપદઃ'
**ચ** - **અને;** અવ્યય

**ધૃષ્ટકેતુશ્ચેકિતાનઃ કાશિરાજશ્ચ વીર્યવાન્।**
**પુરુજિત્-કુન્તિભોજશ્ચ શૈબ્યશ્ચ નરપુઙ્ગવઃ॥૫॥**

**ધૃષ્ટકેતુઃ** - **ધૃષ્ટકેતુ;** નામ, પ્ર.એ.વ., પુ. 'ધૃષ્ટકેતુ'
**ચેકિતાનઃ** - **ચેકિતાન;** નામ, પ્ર.એ.વ., પુ. 'ચેકિતાન'
**ચ** - **અને;** અવ્યય
**વીર્યવાન્** - **શૂરવીર;** વિશેષણ, પ્ર.એ.વ., પુ. 'વીર્યવત્'
**કાશિરાજઃ** - **કાશીરાજ;** નામ, પ્ર.એ.વ., પુ. 'કાશીરાજ'
**પુરુજિત્** - **પુરુને જીતનાર;** વિશેષણ, પ્ર.એ.વ.
**કુન્તિભોજઃ** - **કુન્તિભોજ;** નામ, પ્ર.એ.વ.
**ચ** - **અને;** અવ્યય
**શૈબ્યઃ** - **શૈબ્ય;** નામ, પ્ર.એ.વ.
**નરપુઙ્ગવઃ** - **નરશ્રેષ્ઠ;** વિશેષણ, પ્ર.એ.વ., વિ. 'શૈબ્ય'
**ચ** - **અને;** અવ્યય

**યુધામન્યુશ્ચ વિક્રાન્ત ઉત્તમૌજાશ્ચ વીર્યવાન્।**
**સૌભદ્રો દ્રૌપદેયાશ્ચ સર્વ એવ મહારથાઃ॥૬॥**

**વિક્રાન્તઃ** - **પરાક્રમી;** કૃદન્ત, વિશેષણ, વિ + ક્રમ્ ૧૪ ગણ, વિ. 'યુધામન્યુ'
**યુધામન્યુઃ** - **યુધામન્યુ;** નામ, પ્ર.એ.વ., પુ.
**ચ** - **અને;** અવ્યય
**વીર્યવાન્** - **શૂરવીર;** વિશેષણ 'વીર્યવત્'
**ઉત્તમૌજાઃ** - **ઉત્તમૌજા;** નામ, પ્ર.એ.વ., પુ. 'ઉત્તમ ઔજસ્'
**ચ** - **અને;** અવ્યય
**સૌભદ્રઃ** - **સુભદ્રાનો પુત્ર;** નામ, પ્ર.એ.વ., પુ. 'સૌભદ્ર'
**દ્રૌપદેયાઃ** - **દ્રૌપદીના પુત્ર;** નામ, પ્ર.બ.વ., પુ. 'દ્રૌપદેય'
**ચ** - **અને;** અવ્યય
**સર્વે** - **બધા;** સર્વનામ, પ્ર.બ.વ., પુ.
**એવ** - **જ;** અવ્યય
**મહારથાઃ** - **મહારથિઓ;** વિશેષણ, "મહાન્તઃ રથા યેષાં ઇતિ" બહુવ્રીહિ સમાસ, પ્ર.બ.વ., પુ.
**સન્તિ** - **છે;** ક્રિ., વર્ત.કા., તૃ.પુ.બ.વ., 'અસ્'

**શ્લોકાર્થ:** અહીં યુદ્ધમાં ભીમ અને અર્જુન સમાન મોટા ધનુષવાળા શૂરવીર



યુયુધાન(સાત્યકી), વિરાટ, મહારથી દ્રુપદ, ધૃષ્ટકેતુ, ચેકિતાન, વીર્યવાન, કાશિરાજ, પુરુજિત, કુન્તિભોજ, મનુષ્યોમાં શ્રેષ્ઠ શૈબ્ય, પરાક્રમી યુધામન્યુ, વીર્યવાન્, ઉત્તમૌજા, સૌભદ્ર અને દ્રૌપદીના પુત્રો સર્વે મહારથીઓ છે.

**વિવેચન:** અહીં આ સેનામાં એટલે પાણ્ડુપુત્રોની સેનામાં, ભીમ અને અર્જુન જેવા અતિ બલવાન્ મોટા ધનુષ્યવાળા શૂરવીર રાજાઓ અને યોદ્ધાઓ છે. ભીમ અને અર્જુન ઘણા બલવાન્ હોવાથી તેમની સમાન બીજાઓને કહેલા છે. તેઓ ઉપર - ઉપરથી તેવા જણાતા હોવા છતાં ભીમ અને અર્જુન ની સમાન છે એવો તેનો અર્થ છે. મોટા ધનુષ્યવાળા અને શૂર એ બે વિશેષણો યોજેલા હોવાથી યુદ્ધમાં તેઓનું સામર્થ્ય કેળવણીથી પ્રાપ્ત થયેલું તેમજ સ્વતઃ એટલે નૈસર્ગિક છે એવો ભાવાર્થ છે.

આ પ્રમાણે પાણ્ડવોની સેના દર્શાવી તે પ્રબલ છે એમ સ્પષ્ટ કરવા પાણ્ડવોની સેનાના શૂરવીરોનું વર્ણન. કરી તેમને નામથી ગણાવે છે. 'યુયુધાન' એટલે સાત્યકિ, વિરાટ અને દ્રુપદ રાજાઓ છે. વિરાટ મહારથી છે. ધૃષ્ટકેતુ વિગેરે રાજાઓ પાણ્ડવોના સમ્બન્ધી અને આપણા શત્રુઓ છે. 'સૌભદ્ર' એટલે અભિમન્યુ, પ્રતિવિન્ધ્ય વિગેરે યુધિષ્ઠિર વિગેરેથી ઉત્પન્ન થએલા દ્રૌપદીના પાંચ પુત્રો. આ સર્વ જ મહારથીઓ છે. શસ્ત્ર-શાસ્ત્રમાં પ્રવીણ એક જ માણસ દશ હજાર યોદ્ધાઓની સાથે યુદ્ધ કરે તે 'મહારથી' કહેવાય છે.

આ પ્રમાણે પાણ્ડવોની સેનાના યોદ્ધાઓને ગણાવી ઉત્સાહ ઉત્પન્ન કરવા પોતાના સૈનિકોની વાત કહે છે.

**અસ્માકં તુ વિશિષ્ટા યે તાન્ નિબોધ દ્વિજોત્તમ!।**
**નાયકા મમ સૈન્યસ્ય સઞ્જ્ઞાર્થં તાન્ બ્રવીમિ તે॥૭॥**

**દ્વિજોત્તમ** - **બ્રાહ્મણોમાં ઉત્તમ;** સમ્બોધન, નામ
**અસ્માકમ્** - **અમારા;** સર્વનામ, ષ.બ.વ., 'અસ્મદ્'
**તુ** - **તો, પણ;** અવ્યય
**યે** - **જેઓ;** સર્વનામ, પ્ર.બ.વ., 'યદ્'નું પુ.
**વિશિષ્ટાઃ** - **મુખ્ય;** વિ + શિષ્ નું ભૂ.કૃ., વિશેષણ
**તાન્** - **તેઓ;** સર્વનામ, દ્વિ.બ.વ., 'તદ્'
**નિબોધ** - **જાણ;** નિ + બુધ્ ૧ ગણ, આજ્ઞાર્થ દ્વિ.પુ.એ.વ.

તે - **તને**; સર્વનામ, ચ.એ.વ., 'યુષ્મત્'
**સઞ્જ્ઞાર્થમ્ - જાણમાટે**; "સઞ્જ્ઞાયૈ ઇતિ સંજ્ઞાર્થં" ક્રિયાવિશેષણ
**યે - જેઓ**; સર્વનામ, પ્ર.બ.વ., 'યદ્'નું પુ.
**મમ - મારું**; સર્વનામ, ષ.એ.વ., 'અસ્મદ્'
**સૈન્યસ્ય - લશ્કરના**; નામ, ષ.એ.વ., નપુ. 'સૈન્ય'
**નાયકાઃ - નાયકો**; નામ, પ્ર.બ.વ., પુ.
**સન્તિ - છે**; ક્રિ., વર્ત.કા., તૃ.પુ.બ.વ., 'અસ્'
**તાન્ - તેઓને**; સર્વનામ, દ્વિ.બ.વ., પુ. 'તત્'
**બ્રવીમિ - કહું છું**; ક્રિ. વર્ત.કા., પ્ર.પુ.એ.વ., 'બ્રૂ' ૨ ગણ

**શ્લોકાર્થ:** હે દ્વિજોત્તમ! આપણામાં પણ જે મારા સૈન્યના પ્રસિદ્ધ નાયકો છે તે સાંભળો. આપને સંજ્ઞામાટે તેઓના નામ કહું છું.

**વિવેચન:** તમને સ્મરણ હોવાનું સમ્ભવે છે એમ જણાવવા 'હે દ્વિજોત્તમ!' એવું સમ્બોધન કરેલું છે. સઞ્જ્ઞામાટે, જ્ઞાન થવામાટે અથવા જાણવામાટે મારા સૈન્યના પ્રસિદ્ધ નેતાઓનાં નામ કહું છું, એટલે તેઓની સાથે રહી યુદ્ધ કરી શકાય.

**ભવાન્ ભીષ્મશ્ચ કર્ણશ્ચ કૃપશ્ચ સમિતિઞ્જયઃ।**
**અશ્વત્થામા વિકર્ણશ્ચ સોમદત્તિસ્તથૈવ ચ॥૮॥**

**ભવાન્ - આપ**; નામ, વ.કૃદન્ત 'ભૂ'નું 'ભવત્' પ્ર.એ.વ., પુ.
**ભીષ્મ: - ભીષ્મ**; નામ, પ્ર.એ.વ., પુ.
**ચ - અને**; અવ્યય
**કર્ણઃ - કર્ણ**; નામ, પ્ર.એ.વ., પુ.
**ચ - અને**; અવ્યય
**કૃપઃ - કૃપાચાર્ય**; નામ, પ્ર.એ.વ., પુ.
**ચ - અને**; અવ્યય
**સમિતિઞ્જય: - લશ્કરને જીતનાર**; નામ, પ્ર.એ.વ., પુ.
**અશ્વત્થામા - અશ્વત્થામા**; નામ, પ્ર.એ.વ., પુ.
**ચ - અને**; અવ્યય
**વિકર્ણઃ - વિકર્ણ**; નામ, પ્ર.એ.વ., પુ.



**સૌમદત્તિઃ - સૌમદત્તનો છોકરો**; નામ, પ્ર.એ.વ., પુ.

**શ્લોકાર્થ:** સંગ્રામ જીતનાર આપ, ભીષ્મ, કર્ણ અને કૃપાચાર્ય તેમજ અશ્વત્થામા, વિકર્ણ અને સોમદત્તિ.

**વિવેચન:** હવે પોતાના સૈન્યના નાયકોનાં નામ કહે છે. આપ દ્રોણાચાર્ય અમારા સર્વના આચાર્ય હોવાથી મુખ્ય છો, તેથી આપ જ અન્ય સર્વને યુદ્ધમાં પ્રેરજો એવો ભાવાર્થ છે. યુદ્ધ કરવું અને બીજાઓને યુદ્ધમાં પ્રેરવા એ બન્ને શક્તિઓ આપમાં છે. ભીષ્મ પણ તેવા જ મુખ્ય છે, વળી ક્ષત્રિય છે. કર્ણ અને કૃપ પણ મુખ્ય છે. કર્ણને પહેલાં અર્ધરથીમાં ગણાવેલ હોવાથી તેને દુઃખ ન થાય તે માટે અહીં તેને મુખ્ય નાયક કહેલો છે. "સંગ્રામ જીતનાર" એ વિશેષણ સર્વની સાથે છૂટું - છૂટું લેવાનું છે. વળી આપનો પુત્ર અશ્વત્થામા તેમજ વિકર્ણ અને સોમદત્તિ પણ તેવા જ મુખ્ય નાયકો છે. જેમ આપને બન્ને પક્ષ સમાન હોવા છતાં આપ અમારા તરફ રહી યુદ્ધ કરો છો તેવી જ રીતે 'સોમદત્તિ' એટલે સોમદત્તનો પુત્ર ભૂરિશ્રવા પણ બન્નેને સમાન હોવા છતાં અમારા તરફથી યુદ્ધ કરે છે.

**અન્યે ચ બહવઃ શૂરા મદર્થે ત્યક્તજીવિતાઃ।**
**નાનાશસ્ત્રપ્રહરણાઃ સર્વે યુદ્ધવિશારદાઃ॥૯॥**

**અન્યે - બીજા**; સર્વનામ, પ્ર.બ.વ., 'અન્યદ્' પુ.
**બહવઃ - ઘણા**; વિશેષણ, 'શૂરાઃ' વિશેષ્ય
**શૂરાઃ - શૂરવીરો**; નામ, પ્ર.બ.વ., પુ.
**નાનાશસ્ત્રપ્રહરણાઃ - જુદી - જુદી જાતના મારવાના શસ્ત્રોવાળા**; વિશેષણ, પ્ર.બ.વ., પુ.
**મદર્થે - મારે માટે**; સ.એ.વ., "અહમ્ એવ અર્થઃ ઇતિ મદર્થઃ તસ્મિન્ મદર્થે" કર્મધારય સમાસ
**ત્યક્તજીવિતાઃ - જીવ છોડવાને તૈયાર**; "જીવિતં ત્યક્તં યૈઃ ઇતિ" વિશેષણ, બહુવ્રીહિ સમાસ
**સર્વે - બધા**; પ્ર.બ.વ., પુ. 'સર્વ'
**યુદ્ધવિશારદાઃ - યુદ્ધમાં હોશિયાર**; વિશેષણ, પ્ર.બ.વ., પુ. 'યુદ્ધવિશારદ'

ચ - અને; અવ્યય
સન્તિ - છે; ક્રિ. વર્ત.કા., તૃ.પુ.બ.વ. 'અસ્'

**શ્લોકાર્થ**: મારામાટે જીવનો ત્યાગ કરનાર અન્ય બહુ શૂરવીરો ભિન્ન - ભિન્ન શસ્ત્રથી પ્રહાર કરનાર છે. સર્વે યુદ્ધમાં કુશલ છે.

**વિવેચન**: મારામાટે જીવનો ત્યાગ કરનાર એટલે જીવવાની લાલસા તજી દઈ મારું કાર્ય સાધવા તત્પર થઈ રહેલા અન્ય બહુ શૂરવીરો જીવ તજવાવાળા છે, અને તે સર્વ યુદ્ધમાં અતિનિપુણ છે. આપ વિગેરે સર્વ જીવનો ત્યાગ કરી મારું કાર્ય સાધવા ઉદ્યમ કરો છો, તેથી મારો નક્કી જય થશે એવો છેલ્લા બે શ્લોકનો અર્થ છે.

**અપર્યાપ્તં તદસ્માકં બલં ભીષ્માભિરક્ષિતમ્।**
**પર્યાપ્તં ત્વિદમેતેષાં બલં ભીમાભિરક્ષિતમ્॥૧૦॥**

**ભીષ્માભિરક્ષિતમ્ - ભીષ્મથી સર્વ રીતે રક્ષાયેલું;** "ભીષ્મેણ અભિરક્ષિતમ્" તત્પુરુષ, ઉપપદ સમાસ, વિશેષણ, વિ. 'બલ'
**તદ્ - તે;** સર્વનામ, વિશેષણના ભાવમાં
**અસ્માકમ્ - અમારું;** સર્વનામ, 'અસ્મદ્' ષ.બ.વ.,
**બલમ્ - લશ્કર;** નામ, પ્ર.એ.વ., નપુ. 'બલ'
**અપર્યાપ્તમ્ - અપુરતું;** કૃદન્ત, વિશેષણ, અ + પરિ + આપ્ ૫ ગણ, પ્ર.એ.વ., નપુ. **અસ્તિ - છે;** ક્રિ. વર્ત.કા., તૃ.પુ.એ.વ. 'અસ્'
**ભીમાભિરક્ષિતમ્ - ભીમથી રક્ષાયેલું;** "ભીમેન અભિરક્ષિતમ્" ઉપપદ સમાસ, વિશેષણ, વિ. 'બલમ્'
**એતેષામ્ - એમનું;** સર્વનામ, ષ.બ.વ., એતદ્
**ઇદમ્ - આ;** સર્વનામ, પ્ર.એ.વ., નપુ. 'ઇદમ્'નું
**બલમ્ - લશ્કર;** નામ, પ્ર.એ.વં., નપુ. 'બલ'
**તુ - પણ;** અવ્યય
**પર્યાપ્તમ્ - પુરતું;** કૃદન્ત, વિશેષણ, પરિ + આપ્
**અસ્તિ - છે;** ક્રિ. વર્ત.કા., તૃ.પુ.એ.વ. 'અસ્'

**શ્લોકાર્થ**:ભીષ્મથી અભિરક્ષિત આપણું આ સૈન્ય તેમને જીતવા અશક્ત છે, પરન્તુ ભીમથી અભિરક્ષિત તેઓનું આ સૈન્ય શક્તિશાળી છે.

**વિવેચન**: આ પ્રમાણે પોતાનાં સૈન્યનાં નાયકો ગણાવી પોતાનું ભીષ્મથી રક્ષાએલું સૈન્ય પાણ્ડવોના સૈન્યને જીતવા અથવા તેની સાથે યુદ્ધ કરવા અસમર્થ છે જ્યારે કે પાણ્ડવોનું ભીમથી રક્ષાએલું સૈન્ય પોતાના સૈન્ય સાથે યુદ્ધ કરવા સમર્થ છે એમ કહે છે. અહીં 'પર્યાપ્ત' શબ્દનો અર્થ શક્તિમત્ અથવા સમર્થ કરેલો છે. પોતાનું સૈન્ય ભીષ્મથી રક્ષાએલું હોઈ યુદ્ધ કરવા અસમર્થ હોવાનું જે કહ્યું છે તે દ્રોણને કોપ ન થાય તે માટે કહેલું છે. 'અપર્યાપ્તમ્' નો બીજો અર્થ એવો પણ થઈ શકે કે સૈન્ય ગણી શકાય તેવું અથવા નાનું છે. કૌરવ સૈન્ય અપર્યાપ્ત એટલે અગણિત ઘણું મોટું છે. અને પાણ્ડવોનું સૈન્ય ગણિત અથવા નાનું છે, કારણ કે તે માત્ર ૭ અક્ષૌહિણી જ છે.

**અયનેષુ ચ સર્વેષુ યથાભાગમ્ અવસ્થિતાઃ**
**ભીષ્મમેવાભિરક્ષન્તુ ભવન્તઃ સર્વ એવ હિ॥૧૧॥**

**અયનેષુ - સ્થળે, માર્ગમાં;** નામ, સ.બ.વ., 'અયન' નપુ.
**ચ - અને;** અવ્યય
**સર્વેષુ - બધામાં;** સર્વનામ, સ.બ.વ.
**યથાભાગમ્ - નક્કી કરેલા ભાગે;** "ભાગમ્ અનતિક્રમ્ય ઇતિ" અવ્યયીભાવ સમાસ
**અવસ્થિતાઃ - ગોઠવાયેલા;** કૃદન્ત, વિશેષણ, અવ + સ્થા ૧ ગણ
**ભવન્તઃ - આપ;** વ.કૃદન્ત, નામ, પ્ર.બ., પુ. 'ભવત્'
**સર્વે - બધા;** સર્વનામ, પ્ર.બ.વ., પુ.
**એવ - માત્ર;** અવ્યય. **હિ - નિશ્ચય;** અવ્યય
**ભીષ્મમ્ - ભીષ્મને;** નામ, દ્વિ.એ.વ., પુ. 'ભીષ્મ'
**એવ - માત્ર;** અવ્યય
**અભિરક્ષન્તુ - બધી બાજુએથી રક્ષણ કરે;** અભિ + રક્ષ ત્રી.પુ.બ.વ., આજ્ઞાર્થ ૧ ગણ પરસ્મૈ

**શ્લોકાર્થ**: તેથી તમે બધા વિભાગ પ્રમાણે સર્વ માર્ગમાં ઉભા રહીને ભીષ્મનું જ રક્ષણ કરો.

**વિવેચન:** પાણ્ડવોનું સૈન્ય સમર્થ છે, આપણું સૈન્ય સમર્થ નથી. તેથી તમે સર્વ 'અયન' એટલે વ્યૂહમાં પ્રવેશ કરવાના માર્ગમાં પોત-પોતાના વિભાગ પ્રમાણે ઉભા રહી ભીષ્મનું જ રક્ષણ કરો. મૂલમાં 'અયનેષુ' પછી 'ચ' શબ્દ છે તેનો અયનથી અન્ય સ્થલોમાં પણ ઉભા રહી ભીષ્મનું રક્ષણ કરો એવો ભાવાર્થ છે. સેનાનું રક્ષણ કરવામાં અને યુદ્ધ કરવામાં ભીષ્મ રોકાએલા રહેવાથી પોતાનું રક્ષણ કરવામાં ઉદાસીન રહે તેવું સમ્ભવતું હોવાથી અને શત્રુઓ નબળાઈ જોનારા હોવાથી તમે બધા ભીષ્મનું જ રક્ષણ કરો.

**સઞ્જય ઉવાચ**

**તસ્ય સઞ્જનયન્ હર્ષં કુરુવૃદ્ધઃ પિતામહઃ।**
**સિંહનાદં વિનદ્યોચ્ચૈઃ શઙ્ખં દધ્મૌ પ્રતાપવાન્॥૧૨॥**

**તસ્ય** - તેનું; સર્વનામ, ષ.એ.વ., પુ. 'તદ્'
**હર્ષમ્** - **હર્ષને;** નામ, દ્વિ.એ.વ., પુ. 'હર્ષ'
**સઞ્જનયન્** - **ઉત્પન્ન કરતા - કરતા;** વ.કૃદન્ત, નામ, પ્ર.એ.વ., પુ.
**પ્રતાપવાન્** - **પ્રતાપી;** વ.કૃદન્ત, નામ, પ્ર.એ.વ., પુ.
**કુરુવૃદ્ધઃ** - **કુરુઓમાં વૃદ્ધ;** નામ, પ્ર.એ.વ., પુ.
**પિતામહઃ** - **દાદા;** નામ, પ્ર.એ.વ., પુ.
**સિંહનાદમ્** - **સિંહના નાદ જેવી ગર્જના;** નામ, દ્વિ.એ.વ., પુ., ષ.તત્પુરુષ ''સિંહસ્ય નાદમ્''
**વિનદ્ય** - **ગર્જના કરીને;** વિધ્યર્થ કૃદન્ત
**ઉચ્ચૈઃ** - **ઊંચેથી, મોટેથી;** અવ્યય
**શઙ્ખમ્** - **શઙ્ખને;** નામ, દ્વિ.એ.વ., પુ.
**દધ્મૌ** - **વગાડ્યો;** પૂર્ણ ભૂતકાળ, તૃ.પુ.એ.વ. ધ્મા - ધમતિ

**શ્લોકાર્થ:** તેને હર્ષ ઉત્પન્ન કરનાર કુરુવૃદ્ધ પ્રતાપી પિતામહે મોટેથી સિંહનાદ કરી શઙ્ખ વગાડ્યો.

**વિવેચન:** ''સેનાપતિ ભીષ્મનું જ સર્વ રક્ષણ કરો'' એમ દુર્યોધનનું પોતાને માન આપનારું વચન સાંભળી તેને હર્ષ ઉત્પન્ન કરવા ભીષ્મે શઙ્ખ વગાડ્યો. ભીષ્મ ભગવદ્ભક્ત હોવાથી પોતાનો પરાજય થનાર છે એમ જાણતા



હતા તેથી પોતે આનન્દથી શઙ્ખનાદ કર્યો નથી, પરન્તુ દુર્યોધનનાં વચન સાંભળી તેને પોતે હર્ષ ઉત્પન્ન કરવો એવી પ્રભુની ઇચ્છા જાણી તેને હર્ષ ઉત્પન્ન કરવા શઙ્ખનાદ કર્યો. તે કુરુઓમાં વૃદ્ધ હોઈ, દેશ અને કાલ માં જે કરવા યોગ્ય હોય તે જાણતા હતા. 'પિતામહ' હતા તે દુર્યોધનને હર્ષ ઉત્પન્ન કરવાનું કારણ હતું. સિંહનાદથી જ જય થશે એમ સૂચવતાં પોતાનું શૌર્ય દર્શાવવા તેમણે સિંહનાદ કર્યો.

**તતઃ શઙ્ખાશ્ચ ભેર્યશ્ચ પાણવાનક-ગોમુખાઃ।**
**સહસૈવાભ્યહન્યન્ત સ શબ્દઃ તુમુલોઽભવત્॥૧૩॥**

**તતઃ** - **પછી;** અવ્યય
**શઙ્ખાઃ** - **શઙ્ખો;** નામ, પ્ર.બ.વ., પુ.
**ભેર્યઃ** - **ભેરી;** નામ, પ્ર.બ.વ., ભેર/ભેરિ/ભેરી
**પાણવાનક - ગોમુખાઃ** - **ત્રાંસું-ઢોલ-રણશીંગા;** નામ, દ્વન્દ્વ સમાસ, ''પણવઃ ચ આનકઃ ચ ગોમુખઃ ચ'' પ્ર.બ.વ.
**ચ** - **અને;** અવ્યય
**સહસા** - **એકદમ, એકીસાથે;** અવ્યય
**એવ** - **માત્ર, જ;** અવ્યય
**અભ્યહન્યન્ત** - **વગાડ્યા;** કર્મણિ, તૃ.પુ.બ.વ. અનદ્યતન, ૨ ગણ, 'અભિ + હન્'
**સઃ** - **તે;** સર્વનામ, પ્ર.એ.વ., 'તદ્'
**તુમુલઃ** - **ભયઙ્કર;** વિશેષણ
**શબ્દઃ** - **શબ્દ;** નામ, પ્ર.એ.વ.
**અભવત્** - **થયો;** અનદ્યતન, તૃ.પુ.એ.વ., ધાતુ 'ભૂ', ૧ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** પછી શઙ્ખો, ભેરીઓ, પાણવ, આનક અને ગોમુખ એકદમ વાગ્યા. તે અવાજ તુમુલ થયો.

**વિવેચન:** યુદ્ધોત્સવમાં પ્રવૃત્તિ કરાવનાર સેનાપતિના શઙ્ખનો નાદ સાંભળી સર્વ સૈન્યને સાવધાન કરવા ભેરી વિગેરે વાજીંત્રો વગાડવામાં આવ્યાં. મૂલમાં 'એવ' શબ્દ છે તેથી શઙ્ખનાદ સાંભળીને જ વાજીંત્રો વગાડવામાં આવ્યાં છે, પરન્તુ યુદ્ધના પ્રારમ્ભ સમયે પોતામાં શૌર્યનો આવિર્ભાવ

થવાથી વાજીંત્ર વગાડવા જોઈએ તેમ વગાડેલ નથી. આ વાજીંત્રો વાગવાથી પાણ્ડવોની સેનાને પણ યુદ્ધના પ્રારમ્ભની ખબર પડી.

એ પ્રમાણે યુદ્ધોત્સવદર્શક શઙ્ખધ્વનિ સાંભળી પાણ્ડવોના સૈન્યમાં પણ યુદ્ધોત્સવ થયો એમ પાંચ શ્લોકથી ( ૧૪ - ૧૮ ) કહે છે.

**તતઃ શ્વૈતેર્ હયૈર્ યુક્તે મહતિ સ્યન્દને સ્થિતૌ।**
**માધવઃ પાણ્ડવશ્ચૈવ દિવ્યૌ શઙ્ખૌ પ્રદધ્મતુઃ॥૧૪॥**

**તતઃ** - **પછી;** અવ્યય
**શ્વેતૈઃ** - **સફેદોથી;** વિશેષણ
**હયૈઃ** - **ઘોડાઓથી;** નામ, તૃ.બ.પુ.
**યુક્તે** - **જોડાયેલામાં;** વિશેષણ, કૃદન્ત, સ.એ., નપુ. 'યુનિર્'
**મહતિ** - **મોટા, ઉત્તમ;** વ.કૃદન્ત, વિશેષણ, ધાતુ 'મહત્' પુ.
**સ્યન્દને** - **રથમાં;** નામ, સ.એ.વ. નપુ. 'સ્યન્દન
**સ્થિતૌ** - **બેઠેલા;** વિશેષણ, કૃદન્ત, પ્ર.દ્વિવ. 'સ્થા'
**માધવઃ** - **માધવ;** નામ, પ્ર.એ.વ., પુ. **ચ** - **અને;** અવ્યય
**પાણ્ડવઃ** - **પાણ્ડવ;** નામ, પ્ર.એ.વ., પુ.
**એવ** - **પણ;** અવ્યય
**દિવ્યૌ** - **અલૌકિક;** વિશેષણ, દ્વિતી.દ્વિવ., પુ.
**શઙ્ખૌ** - **શઙ્ખો( બે );** નામ, દ્વિતી.દ્વિવ. પુ.
**પ્રદધ્મતુઃ** - **વગાડ્યા;** ક્રિયાપદ, પૂર્ણ ભૂતકાળ, તૃ.પુ.દ્વિવ., 'ધ્મા' ૧ ગણ, પરસ્મૈપ. 'ધમતિ'

**શ્લોકાર્થ:** પછી શ્વેત અશ્વોથી જોડેલા મોટા રથમાં બેઠેલા માધવ અને પાણ્ડવે દિવ્ય શઙ્ખો વગાડ્યા.

**વિવેચન:** કૌરવોના સૈન્યના શઙ્ખ વિગેરેના ધ્વનિ થયા પછી શુભ સૂચવનાર શ્વેત અશ્વોથી જોડેલા, ત્રૈલોક્યનો વિજય કરવામાં સાધનભૂત થએલા, અગ્નિએ આપેલા, ભગવાનને સ્થિતિ કરવા યોગ્ય, મોટા, 'નન્દિઘોષ' નામના રથમાં બેઠેલા ભૂમિનો ભાર હરવા પ્રવૃત્તિ કરનાર નારાયણ અને નરે એટલે શ્રીકૃષ્ણ અને અર્જુને દિવ્ય શઙ્ખો વગાડ્યા. આ રથ ભગવાનનો નથી પણ ભગવાન્ સારથિ છે, એમ દર્શાવવા અશ્વોનું 'શ્વેત' વિશેષણ

જણાવવા તેઓનાં નામ બે શ્લોક (૧૫-૧૬)થી આપે છે. 'હૃષીકેશ' એટલે ઇન્દ્રિયોના ઈશ. ઇન્દ્રિયોના ઈશ એવા શ્રીકૃષ્ણ યુદ્ધમાં પ્રવૃત્ત થયા એટલે સર્વ ઇન્દ્રિયો સ્વતઃ યુદ્ધમાં પ્રવૃત્ત થશે એમ દર્શાવવા અહીં 'હૃષીકેશ' શબ્દ યોજેલો છે. શ્રીકૃષ્ણે 'પાઞ્ચજન્ય' શઙ્ખ વગાડ્યો. પઞ્ચજન દૈત્યમાંથી થયેલો શઙ્ખ તે પાઞ્ચજન્ય. 'ધનઞ્જય' એટલે અર્જુને 'દેવદત્ત' નામનો અગ્નિએ આપેલો શઙ્ખ વગાડ્યો. અને ભયાનક કર્મ કરનાર ભીમે 'પૌણ્ડ્ર' નામનો મોટો શઙ્ખ વગાડ્યો.

**અનન્તવિજયં રાજા કુન્તીપુત્રો યુધિષ્ઠિરઃ।**
**નકુલઃ સહદેવશ્ચ સુઘોષમણિપુષ્પકૌ॥૧૬॥**

**કુન્તીપુત્રઃ -કુન્તીનો પુત્ર;** નામ, પ્ર.એ.વ., પુ.
**રાજા -રાજા;** નામ, પ્ર.એ.વ., પુ. 'રાજન્'
**યુધિષ્ઠિરઃ -યુધિષ્ઠિર;** નામ, પ્ર.એ.વ., પુ. 'યુધિ સ્થિરઃ ઇતિ' અલુક્ સમાસ
**અનન્તવિજયમ્ -'અનન્તવિજય' નામના શઙ્ખને;** નામ, પ્ર.એ.વ., પુ., "અનન્તઃ વિજયઃ યસ્ય" બહુવ્રીહિ,
**નામ શઙ્ખં દધ્મૌ -નામના શઙ્ખને વાગડ્યું**
**નકુલઃ -નકુલ;** નામ, પ્ર.એ.વ., પુ.
**સહદેવઃ -સહદેવ;** પ્ર.એ.વ., પુ.
**ચ -અને;** અવ્યય
**સુઘોષ-મણિપુષ્પકૌ -સુઘોષ અને મણિપુષ્પક નામના બે શઙ્ખોને;** નામ, દ્વિતી.દ્વિ.વ. "સુઘોષશ્ચ મણિપુષ્પકશ્ચ" દ્વન્દ્વસમાસ
**નામાનિ શઙ્ખૌ દધ્મતુઃ -નામના શઙ્ખોને વગાડ્યા.**

**શ્લોકાર્થ:** કુન્તીના પુત્ર રાજા યુધિષ્ઠિરે 'અનન્તવિજય' નામનો અને નકુલ તેમજ સહદેવે 'સુઘોષ' અને 'મણિપુષ્પક' નામના શઙ્ખો વગાડ્યા.

**વિવેચન:** અનન્ત અથવા અસંખ્યનો વિજય જેનાથી થાય તેવો 'અનન્તવિજય' શઙ્ખ કુન્તીપુત્ર રાજા યુધિષ્ઠિરે વગાડ્યો. 'કુન્તિપુત્ર' શબ્દથી એમ જણાવ્યું છે કે કુન્તીએ યુધિષ્ઠિરને યુદ્ધ કરવાની પ્રેરણા કરેલી. તે ભગવાનની કૃપાનો અધિકારી છે. યુધિષ્ઠિરની યુદ્ધમાં પ્રવૃત્તિ આવશ્યક છે એમ 'રાજા' શબ્દથી સૂચવેલું છે. યુદ્ધમાં સ્થિર તે 'યુધિષ્ઠિર'. તે નામ સાર્થક છે



અને તેથી તેમનું સામર્થ્ય સૂચવેલું છે. નકુલે 'સુઘોષ' અને સહદેવે 'મણિપુષ્પક' શઙ્ખો વગાડ્યા.

**કાશ્યશ્ચ પરમેષ્વાસઃ શિખણ્ડી ચ મહારથઃ।**
**ધૃષ્ટદ્યુમ્નો વિરાટશ્ચ સાત્યકિશ્ચાપરાજિતઃ॥૧૭॥**

**પરમેષ્વાસઃ -ઉત્તમ ધનુષને નાંખનાર;** નામ, પ્ર.એ.વ., પુ., વિશેષણ, "પરમાઃ ઇષવઃ અસ્યન્તે" ઉપપદ
**કાશ્યઃ -કાશીરાજ;** નામ, પ્ર.એ.વ., પુ.
**ચ -અને;** અવ્યય
**મહારથઃ -મોટા રથવાળો;** વિશેષણ, નામ, પ્ર.એ.વ., પુ.
**શિખણ્ડી -શિખણ્ડી;** નામ, પ્ર.એ.વ., પુ. શિખણ્ડીન્
**ચ -અને;** અવ્યય
**વિરાટઃ -વિરાટ, વિરાટ દેશનો;** વિશેષણ, નામ, પ્ર.એ.વ., પુ.
**ધૃષ્ટદ્યુમ્નઃ -ધૃષ્ટદ્યુમ્ન;** નામ, પ્ર.એ.વ., પુ. ધૃષ્ટદ્યુમ્ન
**ચ -અને;** અવ્યય
**અપરાજિતઃ -અજેય;** વિશેષણ, પ્ર.એ.વ., પુ., "ન પરાજિતઃ" નઞ્ તત્પુરુષ.
**સાત્યકિઃ -સાત્યકિ;** નામ, પ્ર.એ.વ., પુ.
**ચ -અને;** અવ્યય

**દ્રુપદો દ્રૌપદેયાશ્ચ સર્વશઃ પૃથિવીપતે!।**
**સૌભદ્રશ્ચ મહાબાહુઃ શઙ્ખાન્ દધ્મુઃ પૃથક્-પૃથક્॥૧૮॥**

**પૃથિવીપતે -પૃથ્વીનો પતિ, રાજા;** સમ્બોધન, એ.વ.,
**દ્રુપદઃ -દ્રુપદ;** નામ, પ્ર.એ.વ., પુ.
**દ્રૌપદેયાઃ -દ્રૌપદીના પુત્રો;** નામ, પ્ર.બ.વ., પુ., "દ્રૌપદ્યાઃ પુત્રાઃ"
**ચ -અને;** અવ્યય
**મહાબાહુઃ -બળવાન;** વિશેષણ, પ્ર.એ.વ., પુ., "મહાન્ બાહુઃ યસ્ય સઃ" બહુવ્રીહિ
**સૌભદ્રઃ -સુભદ્રાનો પુત્ર;** પ્ર.એ.વ., પુ., "સુભદ્રાયાઃ પુત્રઃ સૌભદ્રઃ"
**ચ સર્વશઃ પૃથક્-પૃથક્ -અને બધી રીતે જુદા-જુદા;** અવ્યય
**શઙ્ખાન્ -શઙ્ખોને;** નામ, દ્વિતી.બ.વ., પુ. 'શઙ્ખ'

દધ્મુઃ - વગાડ્યા; ક્રિયાપદ, પૂર્ણભૂતકાળ, તૃ.પુ.બ.વ., ધ્મા-ધમતિ ૧ ગણ

**શ્લોકાર્થ:** હે પૃથિવીપતિ! શ્રેષ્ઠ ધનુષ્યવાળા કાશ્ય, મહારથી શિખણ્ડી, ધૃષ્ટદ્યુમ્ન, વિરાટ, અપરાજિત સાત્યકિ, દ્રુપદ, દ્રૌપદીના પુત્રો અને મહાબાહુ સુભદ્રાના પુત્રે સર્વ બાજુથી જુદા-જુદા શઙ્ખો વગાડ્યા.

**વિવેચન:** મુખ્ય-મુખ્ય યોદ્ધાઓ તથા તેઓના શઙ્ખોના નામ દઈ અન્ય મુખ્ય સૈનિકોનાં નામ કહે છે. 'કાશ્ય' એટલે કાશિરાજ, શિખણ્ડી મહારથી છે એટલે કે શસ્ત્ર-શાસ્ત્રમાં પ્રવીણ, અને 'ચ'(અને) શબ્દ હોવાથી શ્રેષ્ઠ ધનુષ્યવાળો હતો. સુભદ્રાનો પુત્ર અભિમન્યુ મહાબાહુ છે એટલે કે યુદ્ધ કરવા સમર્થ છે. 'હે પૃથિવીપતિ' એ ધૃતરાષ્ટ્રનું સમ્બોધન એમ જણાવવા કરેલું છે કે આ બધો અનર્થ તેં કરેલો છે. 'જુદા - જુદા' એટલે દરેક જુદો-જુદો ઓળખાય તેવી રીતે વગાડ્યા.

**સ ઘોષો ધાર્તરાષ્ટ્રાણાં હૃદયાનિ વ્યદારયત્।**
**નભશ્ચ પૃથિવીં ચૈવ તુમુલો વ્યનુનાદયન્॥૧૯॥**

સઃ - તે; સર્વનામ, પ્ર.એ.વ., 'તદ્'
તુમુલઃ - ભયઙ્કર; વિશેષણ, પુ.
ઘોષઃ - નાદ; નામ, પ્ર.એ.વ., પુ.
નભઃ - આકાશ; નામ, દ્વિ.એ.વ., પુ.   ચ - અને; અવ્યય
પૃથિવીમ્ - પૃથ્વીને; નામ, દ્વિ.એ.વ., સ્ત્રી.
એવ - પણ; અવ્યય
વ્યનુનાદયન્ - ગજાવતા - ગજાવતા; વિશેષણ, કૃદન્ત, વિ + અનુ + નદ્
ધાર્તરાષ્ટ્રાણામ્ - કૌરવોના; નામ, ષ.બ.વ. પુ.
હૃદયાનિ - હૃદયોને; નામ, દ્વિ.બ.વ. નપુ.
વ્યદારયત્ - ચીરી નાંખ્યા; વિ + દ ૧ ગણ, અનદ્યતન્ ભૂ. તૃ.પુ.બ.વ.

**શ્લોકાર્થ:** આકાશ અને પૃથિવીમાંથી પ્રતિધ્વનિ કરાવતા તે તુમુલ અવાજે ધૃતરાષ્ટ્રના પુત્રોનાં હૃદયોને ચીરી નાખ્યાં.

**વિવેચન:** આકાશમાંથી અને પૃથિવીમાંથી મોટો પ્રતિધ્વનિ ઉત્પન્ન કરાવતા



પાણ્ડવ સૈન્યના સૈનિકોના પાઞ્ચજન્ય વિગેરે શઙ્ખોના પ્રચણ્ડ અવાજે ધૃતરાષ્ટ્રના પુત્રોનાં હૃદયો ચીરી નાખ્યાં. આ અવાજથી તેમના હૃદયના સર્વ ઉત્સાહનો ભઙ્ગ થયો અને તેમાં ભય ઉત્પન્ન થયો. આથી એમ સૂચવ્યું છે કે સર્વ તરફ પ્રતિધ્વનિ થતો હોવાથી પલાયન કરવામાં પણ ભય છે.

આ પ્રમાણે અઢાર ( ૨-૧૯ ) શ્લોકથી પાણ્ડવો ધર્મિષ્ઠ અને ભગવદ્‌ભક્ત છે એમ દર્શાવવા સઙ્ગતિ કહી.

**અથ વ્યવસ્થિતાન્ દૃષ્ટ્વા ધાર્તરાષ્ટ્રાન્ કપિધ્વજઃ।**
**પ્રવૃત્તે શસ્ત્રસમ્પાતે ધનુર્ ઉદ્યમ્ય પાણ્ડવઃ॥૨૦॥**
**હૃષીકેશં તદા વાક્યમ્ ઇદમ્ આહ મહીપતે!।**

અથ - પછી; અવ્યય
મહીપતે! - હે રાજન્! સમ્બોધન
ધાર્તરાષ્ટ્રાન્ - કૌરવોને; નામ, દ્વિ.બ.વ., પુ.
વ્યવસ્થિતાન્ - ગોઠવાયેલાને; વિશેષણ, નામ, દ્વિતી.બ.વ., પુ.
દૃષ્ટ્વા - જોઈને; કૃદન્ત વિધેય
શસ્ત્રસમ્પાતે - શસ્ત્ર ફેંકવાના આરમ્ભ સમયમાં; નામ, સ.એ.વ., "શસ્ત્રાણાં સમ્પાતઃ" ષષ્ઠી તત્પુરુષ
પ્રવૃત્તે - આરમ્ભ થયેલામાં; ભૂ.કૃદન્ત, વિશેષણ, સ.એ.વ.
કપિધ્વજઃ - કપિધ્વજ; નામ, પ્ર.એ.વ., પુ., "કપિઃ ધ્વજે યસ્ય" બહુવ્રીહિ
પાણ્ડવઃ - અર્જુન; નામ, પ્ર.એ.વ., પુ. 'પાણ્ડોઃ અયમ્ ઇતિ પાણ્ડવઃ'
ધનુઃ - ધનુષ; નામ, દ્વિ.એ.વ., નપુ. 'ધનુષ્'
ઉદ્યમ્ય - ઉઠાવીને; વિધેય કૃદન્ત, ઉત્ + યમ્
હૃષીકેશમ્ - કૃષ્ણને; દ્વિ.એ.વ., "હૃષીકાણાં ઈશઃ અયમ્" તત્પુરુષ
ઇદમ્ - આ; સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.
આહ - બોલ્યો; ક્રિ.પ. વર્ત.કા. 'બ્રૂ' નું ત્રી.પુ.એ.વ.

**શ્લોકાર્થ:** હે મહીપતિ! પછી જ્યારે શસ્ત્રસમ્પાતની તૈયારી થઈ ત્યારે ધૃતરાષ્ટ્રના પુત્રોને વ્યવસ્થિત જોઈને કપિધ્વજ પાણ્ડવે ધનુષ ઊંચુ કરીને હૃષીકેશને આ ( નીચેનું ) વાક્ય કહ્યું.

**વિવેચન:** એવી રીતે શ્રીકૃષ્ણ અને અર્જુન ના સમાગમની વાત કહેવા

ઉભય સૈન્યના યુદ્ધોત્સવનો વૃત્તાન્ત કહ્યો. હવે યુદ્ધમાં પ્રવૃત્ત થએલા અર્જુનને બન્ધુનાશના વિચારથી વૈરાગ્ય પ્રાપ્ત થાય છે તે કહેવા ભિન્ન પ્રક્રમથી આરમ્ભ કરે છે. અર્જુનને વૈરાગ્ય થવાનું કારણ ચાર ( ૨૦-૨૩ ) શ્લોકથી કહે છે. 'કપિધ્વજ' શબ્દથી અર્જુનની શસ્ત્રોનો પ્રયોગ કરવાની ચતુરાઈ જણાવી છે. 'હે મહીપતિ!' સમ્બોધન રાજાઓનો ધર્મ એવો જ હોવાનું જણાવવા કરેલું છે.

**અર્જુન ઉવાચ**

**સેનયોર્ ઉભયોર્ મધ્યે રથં સ્થાપય મેઽચ્યુત !।।૨૧।।**
**યાવદ્ એતાન્ નિરીક્ષ્યેઽહં યોદ્ધુકામાન્ અવસ્થિતાન્ ।**

**અચ્યુત!** - કૃષ્ણ; નામ, સમ્બોધન,
**ઉભયોઃ** - બન્નેના; સર્વનામ, વિશેષણ
**સેનયોઃ** - બે સેનાઓના; નામ, ષ.દ્વિ.વ., સ્ત્રી.
**મધ્યે** - વચમાં; અવ્યય
**મે** - મારો; સર્વનામ, ષ.એ.વ., 'અસ્મદ્'નું
**રથમ્** - રથને; નામ, દ્વિ.એ.વ., પુ.
**સ્થાપય** - મૂકો, ગોઠવો; ક્રિયાપદ, દ્વિ.પુ.એ.વ., ૧ ગણ, આજ્ઞાર્થ
**યાવત્** - જેથી; અવ્યય
**અહમ્** - હું; સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મદ્'
**યોદ્ધુકામાન્** - લડવાને ઇચ્છનારાઓને; નામ, દ્વિ.બ.વ., ઉપપદ
**અવસ્થિતાન્** - ઉભેલાઓને; ભૂ.કૃદન્ત, દ્વિ.બ.વ., વિશેષણ
**એતાન્** - તેઓને; સર્વનામ, દ્વિ.બ.વ., 'એતદ્' પુ.
**નિરીક્ષે** - સારી રીતે જોઉં; ક્રિ., વ.કા., પ્ર.પુ.એ.વ., નિર્+ઈક્ષ્ ૧ ગણ

**કૈર્ મયા સહ યોદ્ધવ્યમ્ અસ્મિન્ રણસમુદ્યમે ।।૨૨।।**
**યોત્સ્યમાનાન્ અવેક્ષેઽહં ય એતેઽત્ર સમાગતાઃ ।।**
**ધાર્તરાષ્ટ્રસ્ય દુર્બુદ્ધેર્ યુદ્ધે પ્રિયચિકીર્ષવઃ ।।૨૩।।**

**અસ્મિન્** - આમાં; સર્વનામ, સ.એ.વ., 'ઇદમ્'નું
**રણસમુદ્યમે** - રણસઙ્ગ્રામમાં; નામ, સ.એ.વ.,
**મયા** - મારે / મારાદ્વારા; સર્વનામ, તૃ.એ.વ., 'અસ્મદ્'
**કૈઃ** - કેનાદ્વારા; સર્વનામ, તૃ.બ.વ., 'કિમ્' પુ.



**સહ** - સાથે; અવ્યય
**યોદ્ધવ્યમ્** - લડવું જોઈએ; કર્મણિ કૃદન્ત
**દુર્બુદ્ધેઃ** - ખરાબ બુદ્ધિવાળાના; વિશેષણ, ષ.એ.વ., પુ.
**ધાર્તરાષ્ટ્રસ્ય** - દુર્યોધનના; નામ, ષ.એ.વ., પુ.
**યુદ્ધે** - યુદ્ધમાં; નામ, સ.એ.વ.
**પ્રિયચિકીર્ષવઃ** - કલ્યાણ ચાહનારાઓ; વિશેષણ, વિશેષ્ય 'યે'
**યે** - જેઓ; સર્વનામ, પ્ર.બ.વ., પુ., 'યદ્'
**એતે** - તેઓ; સર્વનામ, પ્ર.બ.વ. પુ., 'એતદ્'
**અત્ર** - અહીં; અવ્યય
**સમાગતાઃ** - આવેલા; ભૂ.કૃદન્ત, વિશેષણ, સમ્ + આ + ગમ્
**તાન્** - તેઓને; દ્વિ.બ.વ. 'તદ્' સર્વનામ
**યોત્સ્યમાનાન્** - લડવામાટે તૈયાર થયેલાઓને; દ્વિ.બ.વ., ભવિષ્ય કૃદન્ત
**અહમ્** - હું; સર્વનામ, પ્ર.એ.વ. 'અસ્મદ્'
**અવેક્ષે** - જોઉં; ક્રિ.પ., વ.કા.પ્ર.પુ.એ.વ., અવ + ઈક્ષ્ ૧ ગણ

**શ્લોકાર્થ:** હે અચ્યુત! આ રણસંગ્રામમાં મારે કોની સાથે યુદ્ધ કરવાનું છે તે તેમજ દુષ્ટ બુદ્ધિવાળા કૌરવોનું પ્રિય કરવાની ઇચ્છાથી યુદ્ધ કરવામાટે તૈયાર થયેલાઓને હું જોઈ શકું તેવી રીતે બન્ને સેનાઓની મધ્યે આપ મારા રથને ઉભો રાખો.

**વિવેચન:** અર્જુને શ્રીકૃષ્ણને જે કહ્યું તે અહીં કહેલું છે. આ રણસંગ્રામમાં યુદ્ધનો પ્રારમ્ભ થયા પહેલાં જ માત્ર શઙ્ખનાદથી જ જેઓનાં હૃદયો ચીરાઈ ગયાં છે, વદન શુષ્ક થઈ ગયાં છે, તથા ભગવાનના પ્રતિપક્ષી હોવાથી પોતાના પરાજયનું પણ જેને અનુસન્ધાન રહેતું નથી એવા અન્ધ ધૃતરાષ્ટ્રના પુત્રોનું પ્રિય કરવા ઇચ્છનાર અને તેથી અન્ધજ બનેલા કૌરવસૈન્યના ક્યા નાયકોને મારી સાથે યુદ્ધ કરવાનું છે તે હું જોઉં તે રીતે મારો રથ ઉભય સેનાની મધ્યે ઉભો રાખો. આપ અચ્યુત છો તેથી ઉભય સેનાની મધ્યે મારો રથ રહે તો પણ મને કોઈ પણ પ્રકારનો ભય નથી. એ પ્રમાણે ચાર ( ૨૦-૨૩ ) શ્લોકથી યુદ્ધ કરવાનો ઉદ્યમ જણાવ્યો.

શ્રીભાગવત્ ૧।૯।૪૪ ભીષ્મની સ્તુતિ ઉપરનાં શ્રીસુબોધિનીમાં આ શ્લોકનું અનુસન્ધાન કરેલું છે.

सञ्जय उवाच

**एवम् उक्तो हृषीकेशो गुडाकेशेन भारत!।**
**सेनयोर् उभयोर् मध्ये स्थापयित्वा रथोत्तमम्॥२४॥**

**भारत!** - धृतराष्ट्र; सम्बोधन
**गुडाकेशेन** - अर्जुनवडे; नाम, तृ.ए.व., ''गुडाकायाः ईशः'' तत्पुरुष
**एवम्** - आ प्रमाणे; अव्यय
**उक्तः** - कहेवायेलो; भू.कृदन्त, विशेषण
**हृषीकेशः** - कृष्ण; नाम, प्र.ए.व., पु.
**उभयोः** - बन्नेनी; विशेषण
**सेनयोः** - बे सेनाओनी; नाम, ष.द्वि.व., स्त्री. 'सेना'
**मध्ये** - वच्चमां; अव्यय
**रथोत्तमम्** - उत्तम रथने; नाम, द्वि.ए.व., पु.
**स्थापयित्वा** - गोठवीने; विधेय कृदन्त

**भीष्म-द्रोण-प्रमुखतः सर्वेषां च महीक्षिताम्।**
**उवाच पार्थ पश्यैतान् समवेतान् कुरून् इति॥२५॥**

**भीष्म-द्रोणप्रमुखतः** - भीष्म - द्रोणनी आगळ; ''भीष्मश्च द्रोणश्च यस्य प्रमुखे वर्तते तत्र'' अव्ययीभाव समास
**च** - अने; अव्यय
**सर्वेषाम्** - बधाओना; सर्वनाम, ष.ब.व., पु.
**महीक्षिताम्** - पृथ्वीने जोनाराओ सभ्योना; नाम, ष.ब.व., कृदन्त ''महीम् ईक्षित् महीक्षित्, तेषाम् महीक्षिताम्'', 'महीक्षित्'
**इति** - आ;
**उवाच** - कह्युं; पूर्ण भूतकाळ, तृ.पु.ए.व., 'वच्' २ गण
**एतान्** - तेओने; सर्वनाम, द्वि.ब.व., 'एतद्'
**समवेतान्** - भेगा थयेलाओने; सम् + अव + इ, कृदन्त, विशेषण
**कुरून्** - कौरवोने; नाम, द्वि.ब.व.
**पश्य** - जो; आज्ञार्थ, द्वि.पु.ए.व.,

**श्लोकार्थ:** हे भारत! अर्जुने श्रीकृष्णने आ प्रमाणे कह्युं त्यारे श्रीकृष्णे उत्तम रथने उभय सेनानी मध्ये भीष्म द्रोण अने सर्व राजाओनी



सामे उभो राखीने ''हे पार्थ! ए एकठा थएला कुरुओने जो'' एम कह्युं.

**विवेचन:** 'गुडाका' एटले निद्राना ईश अथवा निद्राने जीतनार अर्जुने 'हृषीकेश' एटले इन्द्रियोना ईश अथवा इन्द्रियोना प्रेरक श्रीकृष्णने ए प्रमाणे कह्युं त्यारे श्रीकृष्णे अर्जुननो उत्तम रथ उभय सेनानी मध्ये युद्धमां परम कुशळ भीष्म, द्रोण आदि सर्व राजाओनी समक्ष उभो राख्यो अने एकठा थएला कुरुओने जोवा माटे अर्जुनने कह्युं.

**विशेष:** 'गुडाकेश' एटले जेणे तामस-निद्रा कबजे करी छे. निद्राना सामान्य रीते त्रण प्रकार होय छे. [1]तामस निद्रा मिथ्या मोहने वधारे छे अने आसुरभावने केळवे छे. [2]राजस निद्रा शरीर, मन वगेरेने सुरक्षित राखीने श्रमनुं निवारण करे छे. [3]सात्त्विक निद्राने घणी जग्याए योगनिद्रा कहेवामां आवे छे. आ प्रकारनी निद्रामां शरीर, मन वगेरे निश्चेष्ट देखाय छे छतां पण आन्तरिक जागृति रहे छे. अने ए जागृति भ्रमविषयक शत्रुओनी साथे विलास करवामां मददरूप थाय छे.

**तत्रापश्यत् स्थितान् पार्थः पितॄन् अथ पितामहान्।**
**आचार्यान् मातुलान् भ्रातॄन् पुत्रान् पौत्रान् सखींस्तथा॥२६॥**
**श्वशुरान् सुहृदश्चैव सेनयोर् उभयोरपि।**

**अथ** - पछी; अव्यय
**पार्थः** - अर्जुने; नाम, प्र.ए.व., पु.
**तत्र** - त्यां; अव्यय
**उभयोः** - बन्नेनी; विशेषण
**अपि** - पण;
**सेनयोः** - सेनाओनी वच्चमां; नाम, ष.द्वि.व., स्त्री. 'सेना'
**स्थितान्** - ऊभेलाओने; भूतकृदन्त, विशेषण, द्वि.ब.व.
**पितॄन्** - काका, पितराईओने; नाम, द्वि.ब.व., 'पितृ'
**पितामहान्** - दादाओने; नाम, द्वि.ब.व., पु.
**आचार्यान्** - गुरुओने; नाम, द्वि.ब.व., पु. 'आचार्य'
**मातुलान्** - मामाओने; नाम, द्वि.ब.व.,
**भ्रातॄन्** - भाईओने; नाम, द्वि.ब.व.

**પુત્રાન્ - પુત્રોને;** નામ, દ્વિ.બ.વ.
**પૌત્રાન્ - પૌત્રોને;** નામ, દ્વિ.બ.વ. **તથા - તથા;** અવ્યય
**સખીન્ - મિત્રોને;** નામ, દ્વિ.બ.વ.
**શ્વસુરાન્ - સસરાઓને;** નામ, દ્વિ.બ.વ. **ચ - અને;** અવ્યય
**સુહૃદઃ - મિત્રોને, સ્નેહીઓને;** ( સુહૃત્ - સુહૃદ્ ) નામ, દ્વિ.બ.વ.
**એવ - જ;** અવ્યય
**અપશ્યત્ - તેણે જોયું;** ક્રિયાપદ, તૃ.પુ.એ.વ., અનદ્યતન ભૂતકાળ, પરસ્મૈ. દશ્ ( પશ્ય ) ૧ ગણ

**શ્લોકાર્થ :** ત્યાં ઉભય સૈન્યમાં પિતરાઈઓ, પિતામહો, આચાર્યો, મામાઓ, ભાઈઓ, પુત્રો, પૌત્રો, સખાઓ, શ્વશુરો અને મિત્રો ને ઉભા રહેલા પાર્થે જોયા.

**વિવેચન :** ભગવાને અર્જુનને કુરુઓને જોવાનું કહ્યું ત્યારે અર્જુને તેઓને જોયા એમ આ દોઢ શ્લોકમાં કહેલું છે. 'ત્યાં' એટલે રણસંગ્રામમાં ઉભય સેનામાં ઉભા રહેલા પિતૃઓ વિગેરેને અર્જુને જોયા.

**તાન્ સમીક્ષ્ય સ કૌન્તેયઃ સર્વાન્ બન્ધૂન્ અવસ્થિતાન્।૨૭।**
**કૃપયા પરયાવિષ્ટો વિષીદન્ ઈદમ્ અબ્રવીત્।**

**તાન્ - તેઓને;** સર્વનામ, દ્વિ.બ.વ., પુ. 'તદ્'
**અવસ્થિતાન્ - ઉભેલાઓને;** ભૂ.કૃ., વિશેષણ, અવ + સ્થા, દ્વિ.બ.વ.પુ.
**સર્વાન્ - બધાઓને;** સર્વનામ, દ્વિ.બ.પુ., 'સર્વ'
**બન્ધૂન્ - ભાઈઓને;** નામ, દ્વિ.બ.વ., પુ. 'બન્ધુ'
**સમીક્ષ્ય - જોઈને;** વિધેય કૃદન્ત
**સઃ - તે;** સર્વનામ, પ્ર.એ.વ., પુ.
**પરયા - પુષ્કળથી;** વિશેષણ, તૃ.એ.વ., 'પરા' સ્ત્રીલિંગ
**કૃપયા - કૃપાથી, દયાથી;** નામ, તૃ.એ.વ., સ્ત્રી., 'કૃપા'
**આવિષ્ટઃ - આવેશ પામીને;** ભુ.કૃ., વિશેષણ, પ્ર.એ.વ., પુ.
**કૌન્તેયઃ - અર્જુન;** નામ, પ્ર.એ.વ., પુ.
**વિષીદન્ - શોક કરતો;** વ.કૃ., વિશેષણ, પ્ર.એ.વ., વિ + સદ્ ( સીદ્ ) ૧ ગણ
**ઈદમ્ - આ;** સર્વનામ, દ્વિ.એ.વ., નપુ. 'ઈદમ્'



**અબ્રવીત્ - બોલ્યો;** ક્રિ.પ., તૃ.પુ.એ.વ., 'બ્રૂ' ૨ ગણ, પરસ્મૈ

**શ્લોકાર્થ :** તે સર્વ બન્ધુઓને ઉભા રહેલા જોઈને, ખેદ કરતો પરમ કૃપાવશ અર્જુન આ પ્રમાણે ( નીચેનું વચન ) બોલ્યો.

**વિવેચન :** અર્જુન ક્ષત્રિય છે. યુદ્ધોત્સવ જોઈને ક્ષત્રિયને ઉત્સાહ જ ઉત્પન્ન થવો જોઈએ. છતાં યુદ્ધના પ્રારમ્ભ સમયે અર્જુનને ઉત્સાહ ઉત્પન્ન ન થતાં ખેદ કેમ ઉત્પન્ન થયો તે સમજાવવા ''કૃપયા પરયાવિષ્ટઃ'' 'પરમ કૃપાવશ' એવું વિશેષણ યોજેલું છે. પરમ કૃપા એટલે ભક્તિરૂપ કૃપા.

અર્જુન કૃપાવશ થઈ યુદ્ધ ન કરે તો તેને રાજ્યની પ્રાપ્તિ થાય નહિ. રાજ્યની પ્રાપ્તિ ન થાય તો તે લોકની રક્ષા કરી શકે નહિ. તેથી તે કૃપાવશ થવાથી લોકરક્ષા થઈ શકે નહિ. લોકરક્ષા કરી ન શકાય તેવી રીતે અર્જુન કૃપાવશ કેમ થયો એવી શઙ્કા થાય, તે દૂર કરવા 'બન્ધૂન્' 'બન્ધુઓને' શબ્દ યોજેલો છે. જેમની પાસે રાજ્ય છે તે પણ પોતાના બન્ધુઓ છે, અને તેથી તે પણ લોકરક્ષા કરવા સમર્થ છે. તેથી અર્જુન કૃપાવશ થવાથી લોક રક્ષા થતી અટકવાની નથી.

**અર્જુન ઉવાચ**

**દષ્ટ્વેમં સ્વજનં કૃષ્ણ યુયુત્સું સમુપસ્થિતમ્॥૨૮॥**
**સીદન્તિ મમ ગાત્રાણિ મુખં ચ પરિશુષ્યતિ।**
**વેપથુશ્ચ શરીરે મે રોમહર્ષશ્ચ જાયતે॥૨૯॥**

**કૃષ્ણ - હે કૃષ્ણ;** સમ્બોધન
**ઈમમ્ - આ;** સર્વનામ, દ્વિ.એ.વ., 'ઈદમ્' પુ.
**યુયુત્સુમ્ - યુદ્ધની ઈચ્છાવાળાઓને;** દ્વિ.એ.વ., વિશેષણ, યુધ્ ૪ ગણ
**સમુપસ્થિતમ્ - ઊભેલાઓને;** ભૂ.કૃદન્ત, વિ. સમ્ + ઉપ + સ્થા, દ્વિ.એ.વ.પુ.
**સ્વજનમ્ - સગાઓને;** નામ, દ્વિ.એ.વ., પુ. 'સ્વજન'
**દષ્ટ્વા - જોઈને;** વિધેય કૃદન્ત
**મમ - મારા;** ષ.એ.વ., સર્વનામ, 'અસ્મદ્'
**ગાત્રાણિ - શરીરનાં અવયવો;** પ્ર.બ.વ., નપુ.
**સીદન્તિ - શિથિલ થાય છે;** ક્રિ.પ., વ.કા.તૃ.પુ.બ.વ., 'સદ્(સીદ્)' પરસ્મૈ ૧ ગણ

ચ - અને; અવ્યય
**મુખમ્** - મોઢું; પ્ર.એ.વ., નપુ. 'મુખ'
**પરિશુષ્યતિ** - સુકાઈ જાય છે; ક્રિ. વર્ત.કા. તૃ.પુ.એ.વ.,
**ચ** - અને; અવ્યય
**મે** - મારા; સર્વનામ, ષ.એ.વ., 'અસ્મદ્'
**શરીરે** - શરીરમાં; નામ, સ.એ.વ., નપુ. 'શરીર'
**વેપથુઃ** - કમ્પ; નામ, પ્ર.એ.વ., પુ.
**ચ** - અને; અવ્યય
**રોમહર્ષઃ** - રોમાઞ્ચ; નામ, પ્ર.એ.વ., પુ.
**જાયતે** - થાય છે; ક્રિયાપદ, વ.કા.તૃ.પુ.એ.વ., ૪ ગણ, આત્મનેપદ

**શ્લોકાર્થ:** હે કૃષ્ણ! આ સ્વજનોને યુદ્ધ કરવા ઊભેલા જોઈને મારા ગાત્રો શિથિલ થઈ જાય છે, મુખ સુકાઈ જાય છે, મારા શરીરમાં કમ્પ થાય છે અને રૂંવાડાં ઉભા થઈ જાય છે.

**વિશેષ:** અર્જુન પોતાની સાથે જુદા - જુદા પ્રકારના સગપણ ધરાવનારાઓને 'સ્વજન' શબ્દથી મિથ્યા મોહ ધારણ કરીને કલ્પના કરે છે. આ એનો શુદ્ધ અને વાસ્તવિક ભાવ નથી એ કારણે એને કલ્પિત મોહનો નાશ કરવા ભગવાન્ "તતો યુદ્ધાય યુજ્યસ્વ નૈવં પાપમ્ અવાપ્સ્યસિ" ત્યારે તું યુદ્ધમાં સામેલ થઈ જા; તને પાપ નહિ લાગે—એવો ઉપદેશ આપે છે. કારણ કે, કલ્પિત ભાવનો નાશ થયા વિના શુદ્ધ ભાવ આવી શક્તો નથી. જીવને સ્વજન તો અન્તર્યામી જ બની શકે છે. કારણ જીવ અંશ છે; અન્તર્યામી અંશી છે. એટલે જીવના સ્વભાવધર્મથી જ અંશી સાથે એને નિત્ય સમ્બન્ધ છે. કાલ્પનિક સમ્બન્ધ કરતાં નિત્ય સમ્બન્ધને ટકાવવો જરૂરી છે. અને એ જ કારણે લોકવ્યવહારમાં પ્રચલિત શાસ્ત્રોને મોહશાસ્ત્રો કહેવામાં આવ્યા છે.

**ગાણ્ડીવં સ્રંસતે હસ્તાત્ ત્વક્ચૈવ પરિદહ્યતે।**
**ન ચ શક્નોમ્યવસ્થાતું ભ્રમતીવ ચ મે મનઃ ॥૩૦॥**

**હસ્તાત્** - હાથમાંથી; નામ, પં.એ.વ., પુ. 'હસ્ત'
**ગાણ્ડીવમ્** - ગાણ્ડીવ; નામ, પ્ર.એ.વ., નપુ. 'ગાણ્ડીવ'



**સ્રંસતે** - સરી પડે છે; ક્રિયાપદ, વ.કા.તૃ.પુ.એ.વ., આત્મને. 'સ્રંસ્' ૧ ગણ
**ચ** - અને; અવ્યય
**ત્વક્** - ચામડી; નામ, પ્ર.એ.વ., 'ત્વચ્' સ્ત્રીલિંગ
**એવ** - જ; અવ્યય
**પરિદહ્યતે** - બળે છે; ક્રિયાપદ, વ.કા.તૃ.પુ.એ.વ., પરિ + દહ્ ૧ ગણ
**ચ** - અને; અવ્યય
**મે** - મારું; સર્વનામ, ષ.એ.વ.
**મનઃ** - મન; નામ, પ્ર.એ.વ., 'મનસ્' નપુ.
**ભ્રમતિ ઈવ** - જાણે ભમે છે; ક્રિયાપદ, વ.કા.તૃ.પુ.એ.વ., 'ભ્રમ', ૧ ગણ
**અવસ્થાતુમ્** - ઊભા રહેવાને; હેત્વર્થ કૃદન્ત
**ચ ન** - અને નહિ; અવ્યય
**ન** - નહિ; અવ્યય
**શક્નોમિ** - શક્તિમાન છું; ક્રિયાપદ વ.કા.તૃ.પુ.એ.વ., 'શક્' ૫ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** ગાણ્ડીવ હાથમાંથી સરી જાય છે અને ત્વચા બળે છે. ઉભો રહેવાની મારામાં શક્તિ નથી. મારું મન ભમતું હોય તેવું જણાય છે.

**નિમિત્તાનિ ચ પશ્યામિ વિપરીતાનિ કેશવ!।**
**ન ચ શ્રેયોઽનુપશ્યામિ હત્વા સ્વજનમાહવે॥૩૧॥**

**કેશવ!** - કૃષ્ણ; સમ્બોધન
**નિમિત્તાનિ** - ચિહ્નોને; નામ, દ્વિ.બ.વ., નપુ.
**ચ** - અને; અવ્યય
**વિપરીતાનિ** - ખરાબને, વિરુદ્ધને; વિશેષણ, વિ + પરિ + ઈ ભૂ.કૃ., વિશેષણ, દ્વિ.બ.વ. નપુ.
**પશ્યામિ** - જોઉં છું; ક્રિયાપદ, વ.કા.પ્ર.પુ.એ.વ., 'દૃશ્' ૬ ગણ
**આહવે** - યુદ્ધમાં; નામ, સ.એ.વ., પુ.
**સ્વજનમ્** - પોતાનાં સગાંને; નામ, દ્વિ.એ.વ., પુ.
**હત્વા** - હણીને; વિધેય કૃદન્ત
**શ્રેયઃ** - કલ્યાણને; નામ, દ્વિ.એ.વ., નપુ. 'શ્રેયસ્'
**ચ** - અને; અવ્યય
**ન** - નથી; અવ્યય

અનુપશ્યામિ - જોઉં છું; ક્રિ., વ.કા.પ્ર.પુ.એ.વ., પરસ્મૈ. અનુ+દશ્ ૧ ગણ

શ્લોકાર્થ: હે કેશવ! હું વિપરીત નિમિત્તો જોઉં છું. સ્વજનને યુદ્ધમાં હણીને હું કાંઈ શ્રેય જોતો નથી.

વિવેચન: દુર્ગુણથી ભરેલા પાપી જીવોને પણ મોક્ષ આપનાર હે કેશવ! હું વિપરીત નિમિત્તો જોઉં છું. સ્વજનને યુદ્ધમાં હણી રાજ્ય પ્રાપ્ત કરીને રાજ્ય કરવું વિગેરે સર્વ વિપરીત પરિણામો છે. કારણ કે ભગવદીયને તેમ કરવું ઉચિત નથી. સ્વજનને યુદ્ધમાં હણવાથી શ્રેયઃ જણાતું નથી. આપની કૃપારૂપ ભક્તિની પ્રાપ્તિ તેથી થવાની નથી. ભગવત્કૃપારૂપ ભક્તિ એ જ શ્રેય છે અને તેની પ્રાપ્તિ સ્વજનને યુદ્ધમાં હણવાથી થવાની નથી.

**ન કાંક્ષે વિજયં કૃષ્ણ! ન ચ રાજ્યં સુખાનિ ચ।**
**કિં નો રાજ્યેન ગોવિન્દ! કિં ભોગૈર્ જીવિતેન વા ॥૩૨॥**

કૃષ્ણ! - કૃષ્ણ; સમ્બોધન
વિજયમ્ - વિજયને; નામ, દ્વિ.એ.વ., પુ. 'વિજય'
ન - નહીં, નથી; અવ્યય
કાઙ્ક્ષે - ઈચ્છું છું; ક્રિયાપદ, વ.કા.પ્ર.પુ.એ.વ., આત્મને. ૧ ગણ
ચ - અને; અવ્યય
રાજ્યમ્ - રાજ્યને; નામ, દ્વિ.એ.વ., નપુ. 'રાજ્ય'
ચ - અને; અવ્યય
સુખાનિ - સુખોને; નામ, દ્વિ.બ.વ., નપુ. 'સુખ'
ન - નથી; અવ્યય કાંક્ષે - ઈચ્છતો; ક્રિયાપદ
ગોવિન્દ! - કૃષ્ણ; નામ, સમ્બોધન
નઃ - અમને; સર્વનામ, ષ.બ.વ., 'અસ્મદ્' દ્વિતીયાના અર્થમાં
રાજ્યેન - રાજ્યથી; નામ, તૃ.એ.વ., નપુ.
કિમ્ - શું; અવ્યય
વા - અથવા; અવ્યય
ભોગૈઃ - ભોગોથી; નામ, તૃ.બ.વ., પુ.
જીવિતેન - જીવનથી; નામ, તૃ.એ.વ., નપુ.
કિમ્ - શું; અવ્યય



શ્લોકાર્થ: હે કૃષ્ણ! હું વિજયની, રાજ્યની અને સુખની ઈચ્છા રાખતો નથી. હે ગોવિંદ! અમારે રાજ્યથી, ભોગોથી અથવા જીવિતથી શું પ્રયોજન છે?

વિવેચન: હે કૃષ્ણ! મને આપની કૃપારૂપ ભક્તિની જ જરૂર છે, તે જ શ્રેય છે. તે વિના વિજય, રાજ્ય અને સુખ મારે જોઈતાં નથી. ગોવિન્દ! અમારે રાજ્યનું, ભોગોનું અથવા જીવિતનું શું પ્રયોજન છે? અમારે આપના વિના તેઓનું કાંઈ પણ પ્રયોજન નથી. 'હે ગોવિન્દ!' એ સમ્બોધનથી એવો ભાવ જણાવ્યો છે કે જેમ વ્રજવાસીઓના ઈન્દ્ર થઈ આપે તેમને સુખભોગ (આનન્દ) કરાવ્યો, તે જ પ્રમાણે ભક્તોને કરાવવું યોગ્ય છે.

**યેષામ્ અર્થે કાંક્ષિતં નો રાજ્યં ભોગાઃ સુખાનિ ચ।**
**ત ઈમેઽવસ્થિતા યુદ્ધે પ્રાણાન્ ત્યક્ત્વા ધનાનિ ચ ॥૩૩॥**

નઃ - અમારે, અમને; ષ.બ.વ., સર્વનામ, 'અસ્મદ્'નું
યેષામ્ - જેઓનું; ષ.બ.વ., 'યદ્'નું
અર્થે - માટે; અવ્યય
રાજ્યમ્ - રાજ્ય; નામ, પ્ર.એ.વ., નપુ.
ભોગાઃ - ભોગો; નામ, પ્ર.બ.વ., પુ. ચ - અને; અવ્યય
સુખાનિ: - સુખો; નામ, પ્ર.બ.વ., નપુ.
કાઙ્ક્ષિતમ્ - ઈચ્છયું; ભૂ.કૃ., વિશેષણ
તે - તેઓ; સર્વનામ, પ્ર.બ.વ., પુ.
ઈમે - આ બધા; સર્વનામ, પ્ર.બ.વ., પુ. 'ઈદમ્'
અવસ્થિતાઃ - ઊભેલા; ભૂ.કૃદન્ત, વિશેષણ
યુદ્ધે - યુદ્ધમાં; નામ, સ.એ.વ., નપુ.
પ્રાણાન્ - પ્રાણોને; નામ, દ્વિ.બ.વ., પુ. 'પ્રાણ'
ધનાનિ - ધનને; નામ, દ્વિ.બ.વ., નપુ. 'ધન'
ત્યક્ત્વા - છોડીને; ભૂ.કૃ. ચ - અને; અવ્યય

**આચાર્યાઃ પિતરઃ પુત્રાસ્ તથૈવ ચ પિતામહાઃ।**
**માતુલાઃ શ્વશુરાઃ પૌત્રાઃ શ્યાલાઃ સમ્બન્ધિનસ્ તથા॥૩૪॥**

આચાર્યાઃ - ગુરુઓ; નામ, પ્ર.બ.પુ.

**પિતરઃ** - **કાકાઓ;** નામ, પ્ર.બ.વ., પુ., 'પિતૃ'
**પુત્રાઃ** - **પુત્રો;** નામ. પ્ર.બ.વ., પુ.
**ચ તથૈવ** - **અને વળી;** અવ્યય
**પિતામહાઃ** - **દાદાઓ;** નામ, પ્ર.બ.વ., પુ.
**માતુલાઃ** - **મામાઓ;** નામ, પ્ર.બ.વ., પુ.
**શ્વશુરાઃ** - **સસરાઓ;** નામ, પ્ર.બ.વ., પુ.
**પૌત્રાઃ** - **છોકરાના છોકરાઓ;** નામ, પ્ર.બ.વ., પુ.
**શ્યાલાઃ** - **સાળાઓ;** નામ, પ્ર.બ.વ., પુ.
**તથા** - **તેમ;** અવ્યય
**સમ્બન્ધિનઃ** - **સમ્બન્ધીઓ;** નામ, પ્ર.બ.વ., પુ.
**અવસ્થિતાઃ સન્તિ** - **ઉભા છે;** વિશેષણ, ક્રિ. વર્ત.કા. તૃ.પુ.બ.વ. 'અસ્'

**શ્લોકાર્થ:** જેઓને માટે અમારે રાજ્ય, ભોગ અને સુખની ઇચ્છા હતી તે આચાર્યો, પિતૃઓ, પુત્રો તથા પિતામહો, મામાઓ, શ્વશુરો, પૌત્રો, સાળાઓ અને સમ્બન્ધીઓ પ્રાણ અને ધન નો ત્યાગ કરીને યુદ્ધમાં ઉભા રહેલા છે॥૩૩-૩૪॥

**વિવેચન:** તારે પોતાને રાજ્યની, ભોગની અને સુખની ઇચ્છા ન હોય તો કાંઈ નહિ પરન્તુ તારા સગાં-સમ્બન્ધીઓ વિગેરેને તેવી ઇચ્છા હોવાથી તેમને માટે યુદ્ધ કરી રાજ્ય વિગેરે પ્રાપ્ત કરવાં જોઈએ એવી શઙ્કા થાય તો તેને દૂર કરવા આ શ્લોકો યોજેલા છે. આચાર્યો, પિતૃઓ વિગેરે જે લોકોમાટે રાજ્યની ઇચ્છા હતી તે તો પ્રાણ અને ધન નો ત્યાગ કરીને યુદ્ધમાં મરવા આવી ઉભા છે. તેઓને મારીએ ત્યારે રાજ્યાદિ પ્રાપ્ત થાય અને તે પછી અમે જીવતા રહીએ અને રાજ્ય ભોગવી શકીએ. પરન્તુ અમારે તે જોઈતું નથી. તેથી રાજ્ય, ભોગ અને સુખનું કાંઈ પ્રયોજન નથી.

**એતાન્ ન હન્તુમ્ ઇચ્છામિ ઘ્નતોઽપિ મધુસૂદન!।**
**અપિ ત્રૈલોક્યરાજ્યસ્ય હેતોઃ કિન્નુ મહીકૃતે॥૩૫॥**

**મધુસૂદન!** - **કૃષ્ણ;** સમ્બોધન
**ઘ્નતઃ** - **હણાયેલો;** ભૂ.કૃદન્ત, વિશેષણ



**અપિ** - **પણ;** અવ્યય
**ત્રૈલોક્ય-રાજ્યસ્ય** - **ત્રણ લોકના રાજ્યનું;** "ત્રિલોક્યાઃ ઈદમ્ ત્રૈલોક્યમ્" નામ, ષ.એવ., નપુ.
**હેતોઃ** - **માટે;** નામ, ષ.એ.વ., પુ.
**અપિ** - **પણ;** અવ્યય
**અહમ્** - **હું;** સર્વનામ, પ્ર.પુ.એ.વ. 'અસ્મદ્'
**એતાન્** - **એઓને;** સર્વનામ, દ્વિ.બ.વ., 'એતદ્'નું પુ.
**હન્તુમ્** - **હણવાને;** હેત્વર્થ કૃદન્ત
**ન** - **નહિ;** અવ્યય
**મહીકૃતે** - **પૃથ્વીનેમાટે;** નામ, 'પૃથ્વી અર્થમ્' અથવા 'પૃથ્વીકૃતે' ચ.એ.વ.
**ઇચ્છામિ** - **ઇચ્છું છું;** ક્રિ.પ., વ.કા.પ્ર.પુ.એ.વ., પર. ૬ ગણ 'ઇષ્'(ઇચ્છ્)
**કિન્નુ** - **અથવા, શું, અત્યધિક, અત્યલ્પ ( કહવું જ શું );** અવ્યય

**શ્લોકાર્થ:** હે મધુસૂદન! તેઓ મને હણતા હોય તોપણ ત્રૈલોક્યના રાજ્યમાટે પણ તેમને હણવા હું ઇચ્છતો નથી તો પૃથ્વીમાટે કેમજ ઇચ્છું ?

**વિવેચન:** તું તેઓને નહિ હણે તો પણ તેઓ તને તો હણશે જ, માટે તેઓને હણવા એ જ યોગ્ય છે એવી શઙ્કા થાય તે દૂર કરવા આ શ્લોક યોજેલો છે. તેઓથી હણાવું અથવા તેમને હણી ત્રૈલોક્યનું રાજ્ય ભોગવવું એ બેમાંથી મારી ઇચ્છામાં આવે તે પસન્દ કરવાનું મને કહેવામાં આવે તો પણ હું તેઓથી હણાવાનું જ પસંદ કરું, પરન્તુ તેમને હણીને ત્રૈલોક્યનું રાજ્ય પસંદ કરું નહિ. અહીં તો તેમને હણીને માત્ર પૃથ્વીનું અમુક વિસ્તારનું રાજ્ય મળવાનું છે. તે માટે હું તેઓને કેમ હણું? 'હે મધુસૂદન' સમ્બોધનથી એમ જણાવ્યું છે કે આપની સાહાય્યવાળા મને તેઓ હણવા સમર્થ નથી જ. ( 'મધુ' નામનો દૈત્ય બ્રહ્માજી પાસેથી વેદોને છીનવી ગયો હતો. ભગવાને મત્સ્યનું રૂપ ધારણ કરીને તેને માર્યો અને વેદોનો ઉદ્ધાર કર્યો ).

**નિહત્ય ધાર્તરાષ્ટ્રાન્ નઃ કા પ્રીતિઃ સ્યાદ્ જનાર્દન!।**
**પાપમેવાશ્રયેદ્ અસ્માન્ હત્વૈતાન્ આતતાયિનઃ ॥૩૬॥**

**જનાર્દન!** - **કૃષ્ણ;** સમ્બોધન

**ધાર્તરાષ્ટ્રાન્** - **કૌરવોને;** નામ, દ્વિ.બ.વ., પુ.
**નિહત્ય** - **હણીને;** વિધેય કૃદન્ત
**અપિ** - **પણ;** અવ્યય
**નઃ** - **અમને;** સર્વનામ, ષ.બ.વ., 'અસ્મદ્'
**કા** - **શી;** વિશેષણ, વિ. 'પ્રીતિઃ'
**પ્રીતિઃ** - **ભાવ, પ્રસન્નતા;** નામ, પ્ર.એ.વ., સ્ત્રી.
**સ્યાત્** - **થાય;** ક્રિ.પ., તૃ.પુ.એ.વ., વિધ્યર્થ 'અસ્' ૨ ગણ પરસ્મૈ.
**એતાન્** - **તેઓને;** સર્વનામ, દ્વિ.બ.વ., 'એતદ્'
**આતતાયિનઃ** - **પીડનારને;** નામ, દ્વિ.બ.વ., પુ. 'આતતાયિન્'
**હત્વા** - **મારીને;** વિધેય કૃદન્ત
**અસ્માન્** - **અમને;** સર્વનામ, દ્વિ.બ.વ., અસ્મત્
**પાપમ્** - **પાપ;** પ્ર.એ.વ., નપુ. 'પાપ'
**એવ** - **જ;** અવ્યય
**આશ્રયેત્** - **આશ્રય લે;** ક્રિ.પ., તૃ.પુ.એ.વ., વિધ્યર્થ, પર. ૧ ગણ આ+શ્રિ

**શ્લોકાર્થ:** હે જનાર્દન! ધૃતરાષ્ટ્રના પુત્રોને હણીને અમને શું આનન્દ થવાનો? આ આતતાયિઓને હણવાથી અમને પાપ જ થવાનું!

**વિવેચન:** સર્વ અવિદ્યા દૂર કરનાર હે જનાર્દન! અન્ધ ધૃતરાષ્ટ્રના પુત્રો જ્ઞાન રહિત હોવાથી તેઓ આચાર્ય, ગુરુ વિગેરેનો ઘાત થાય તેવા યુદ્ધમાં પ્રવૃત્ત રહે, પણ અમે આપના સેવકો હોવાથી જ્ઞાન રહિત નથી. અમે આપના ભક્તો હોવાથી યુદ્ધ કરવું એ અમારામાટે ઉચિત નથી એમ 'હે જનાર્દન' એ સમ્બોધનથી જણાવ્યું છે. અન્ધ ધૃતરાષ્ટ્રના જ્ઞાનદૃષ્ટિ વિનાના પુત્રોને મારવાથી અમને શું આનન્દ થવાનો? તેમ કરવાથી અમને કાંઈ પણ આનન્દ થવાનો નથી. 'ધૃતરાષ્ટ્રના પુત્ર' શબ્દથી એમ જણાવ્યું છે કે તેઓ આપંને જાણતા નથી તેથી તેઓ તેમ કરે તે યોગ્ય છે. તેઓ આતતાયી છે. કારણ કે [૧]અગ્નિથી બાળનાર [૨]ઝેર આપનાર [૩]શસ્ત્ર હાથમાં લઈ મારવા આવનાર [૪]ધન લઈ લેનાર [૫]ક્ષેત્ર અથવા ભૂમિ લઈ લેનાર અને [૬]સ્ત્રીને લઈ જનાર— એ છ આતતાયી કહેવાય છે. ધાર્તરાષ્ટ્ર દુર્યોધનને આ સર્વ કાર્ય કરેલાં છે. '''આતતાયિને આવતો જોઈ વિચાર કર્યા વિના હણવો. આતતાયિનો વધ કરનારને કાંઈ દોષ

**યદ્યપ્યેતે ન પશ્યન્તિ લોભોપહતચેતસઃ ।**
**કુલક્ષયકૃતં દોષં મિત્રદ્રોહે ચ પાતકમ્॥૩૮॥**
**કથં ન જ્ઞેયમ્ અસ્માભિઃ પાપાદ્ અસ્માન્ નિવર્તિતુમ્।**
**કુલક્ષયકૃતં દોષં પ્રપશ્યદ્ભિર્ જનાર્દન!॥૩૯॥**

**યદિ - જો;** અવ્યય **અપિ - પણ;** અવ્યય
**લોભોપહતચેતસઃ - લોભથી હણાયેલાં ચિત્તવાળા;** નામ, પ્ર.બ.વ., "લોભેન અપહતાનિ ચિત્તાનિ યેષામ્" બહુવ્રીહિ
**એતે - તેઓ;** સર્વનામ, પ્ર.બ.વ., 'એતદ્'નું પુ.
**કુલક્ષયકૃતમ્ - કુલનો ક્ષય કરવાને;** વિશેષણ.
**દોષમ્ - દોષને;** નામ, દ્વિ.એ.વ., પુ.
**મિત્રદ્રોહે - મિત્રના દ્રોહમાં;** નામ, સ.એ.વ., પુ.
**પાતકમ્ - પાપને;** નામ, દ્વિ.એ.વ., નપુ.
**ચ - અને;** અવ્યય **ન - નહિ;** અવ્યય
**પશ્યન્તિ - જોઉં છું;** વ.કા.તૃ.પુ.બ.વ., 'દૃશ્'નું પરસ્મૈ. ૬ ગણ
**જનાર્દન! - હે કૃષ્ણ! સમ્બોધન;** "જનામ્ અર્દયતિ ઈતિ" અવિદ્યાનો નાશ કરનાર.
**કુલક્ષયકૃતમ્ - કુલનો ક્ષય થતો;** વિશેષણ, સમાસ ઉપપદ "કુલસ્ય ક્ષયમ્ યઃ કરોતિ તદ્"
**દોષમ્ - દોષ;** નામ, દ્વિ.એ.વ., પુ.
**પ્રપશ્યદ્ભિઃ - બરાબર તપાસનારાઓ વડે, જાણનારાઓ વડે;** વ.કૃ., વિશેષણ
**અસ્માભિઃ - અમારાથી;** સર્વનામ, તૃ.બ.વ. 'અસ્મત્'
**અસ્માત્ - આથી;** વિશેષણ, પં.એ.વ., 'ઈદમ્'નું
**પાપાત્ - પાપથી;** નામ, પં.એ.વ., નપુ.
**નિવર્તિતુમ્ - દૂર કરવાને;** હેત્વર્થ કૃદન્ત
**કથમ્ ન - કેવી રીતે નહિ;** અવ્યય
**જ્ઞેયમ્ - વિચાર કરવો જોઈએ;** ભવિષ્ય કૃદન્ત

**શ્લોકાર્થ :** હે જનાર્દન! લોભથી નષ્ટ થએલા ચિત્તવાળા આ કૌરવોને કુલક્ષયથી થતા દોષ અને મિત્રદ્રોહના પાતકનું જોકે ભાન નથી તો પણ કુલક્ષયથી થતા દોષને જાણનાર અમારે આ પાપથી દૂર રહેવાનું કેમ ન જાણવું?॥૩૮-૩૯॥



**કુલક્ષયે પ્રણશ્યન્તિ કુલધર્માઃ સનાતનાઃ ।**
**ધર્મે નષ્ટે કુલં કૃત્સ્નમ્ અધર્મોઽભિભવત્યુત॥૪૦॥**

**કુલક્ષયે - કુળનો નાશ થયે;** નામ, સ.એ.વ., પુ.
**સનાતનાઃ - ચાલ્યા આવતા;** નામ, પ્ર.બ.વ., પુ., વિશેષણ, વિ. 'ધર્માઃ'
**કુલધર્માઃ - કુળના ધર્મો;** નામ, પ્ર.બ.વ., પુ.
**પ્રણશ્યન્તિ - નાશ પામે છે;** ક્રિ.પ. વ.કા.તૃ.પુ.બ.વ., 'પ્ર + નશ્' ૪ ગણ પરસ્મૈ.
**ધર્મે - ધર્મમાં;** નામ, સ.એ.વ., પુ.
**નષ્ટે - નષ્ટ થયે;** વિશેષણ
**કૃત્સ્નમ્ - આખાને;** વિશેષણ, નામ, દ્વિ.એ.વ., નપુ., વિશેષ્ય 'કુલ'
**કુલમ્ - કુળને;** નામ, દ્વિ.એ.વ., નપુ.
**અધર્મઃ - અધર્મ;** નામ, પ્ર.એ.વ., પુ. **ઉત - પણ;** અવ્યય
**અભિભવતિ - વ્યાપી જાય છે, હલ્લો કરે છે;** ક્રિ.પ., વ.કા.તૃ.પુ.એ.વ., 'અભિ + ભૂ' ૧ ગણ

**શ્લોકાર્થ:** કુલનો ક્ષય થાય ત્યારે સનાતન કુલધર્મોનો નાશ થાય છે. ધર્મનો નાશ થાય ત્યારે અધર્મ આખા કુલમાં વ્યાપી જાય છે.

**વિવેચન:** કુલક્ષયથી થતા પાપના ભયથી નહિ, પરન્તુ લૌકિક ભયથી જ આ યુદ્ધ કરવા ઈચ્છતો નથી એવી જો શઙ્કા થાય તો તે દૂર કરવા કુલક્ષયથી થતા દોષો અહીંથી પાંચ (૪૦-૪૪) શ્લોકોથી વર્ણવે છે. કુળનો ક્ષય થાય ત્યારે સનાતન એટલે પ્રાચીન પરમ્પરા પ્રાપ્ત કુલધર્મોનો પ્રણાશ થાય છે. 'પ્રણાશ' એટલે પુરો નાશ, સમ્પૂર્ણ નાશ. કુલધર્મોનો સમ્પૂર્ણ નાશ થાય છે એટલે ફરીથી કુલધર્મોનો ઉદય થવાનો સમ્ભવ પણ રહેતો નથી. અમે પાર્થ એટલે પૃથાના પુત્ર છીએ. પૃથાના સમ્બન્ધથી આપે અમારો અઙ્ગીકાર કરેલો હોવાથી અમારો કુલધર્મ આપની ભક્તિ જ છે. તેનો નાશ થાય તેવા આ પાપથી અમારે દૂર રહેવું જ જોઈએ.

હાલ કુલધર્મનો નાશ થશે તો પણ ભવિષ્યમાં પ્રહ્લાદ જેવો ભક્તકુલમાં અવતરશે તો કુલનો ઉદ્ધાર કરશે, માટે ક્ષત્રિયોના ધર્મ શૌર્યનો આવિર્ભાવ કરીને યુદ્ધ કરવું ઉચિત છે એવી શઙ્કા થાય તો તેને દૂર કરવા કહે છે કે ધર્મનો નાશ થાય ત્યારે અધર્મ આખા કુળને વ્યાપી રહે છે

તેથી ભવિષ્યમાં પણ એવો કોઈ ભક્ત કુલમાં અવતરવાનો સમ્ભવ રહેતો નથી એમ વિશેષ સ્પષ્ટ કરવા નીચેનો શ્લોક યોજે છે :

**અધર્માભિભવાત્ કૃષ્ણ! પ્રદુષ્યન્તિ કુલસ્ત્રિયઃ ।**
**સ્ત્રીષુ દુષ્ટાસુ વાર્ષ્ણેય! જાયતે વર્ણસઙ્કરઃ ॥૪૧॥**

**કૃષ્ણ** - કૃષ્ણ; નામ, સમ્બોધન
**અધર્મઅભિભવાત્ - અધર્મ વડે નાશ થવાથી, અધર્મ ઘણો વધવાથી;** નામ, પં.એ.વ. 'અધર્મેન અભિભવઃ' તત્પુ.
**કુલસ્ત્રિયઃ - કુળની સ્ત્રીઓ;** નામ, પ્ર.બ.વ., સ્ત્રી
**પ્રદુષ્યન્તિ - દોષવાળી થાય છે;** ક્રિ.પ., વર્તમાનકાળ, તૃ.પુ.બ.વ., પ્ર + દુષ્ ૪ ગણ પરસ્મૈ.
**વાર્ષ્ણેય - કૃષ્ણ;** 'વૃષ્ણિવંશોત્પન્ન', તદ્ધિત
**સ્ત્રીષુ - સ્ત્રીઓમાં;** નામ, સ.બ.વ., સ્ત્રી.
**દુષ્ટાસુ - દૂષિત થવાથી;** ભૂ.કૃ., વિશેષણ, વિશેષ્ય 'સ્ત્રી'નું
**વર્ણસઙ્કરઃ - વર્ણસઙ્કર;** નામ, પ્ર.એ.વ., પુ.
**જાયતે - થાય છે;** ક્રિ.પ., વર્તમાનકાળ તૃ.પુ.એ.વ., 'જન્' ૪ ગણ

**શ્લોકાર્થ :** હે કૃષ્ણ! અધર્મ વ્યાપી રહેવાથી કુલસ્ત્રીઓ દૂષિત થાય છે. હે વાર્ષ્ણેય! સ્ત્રીઓ દૂષિત થાય ત્યારે પ્રજા વર્ણસઙ્કર થાય છે.

**વિવેચન :** કુલમાં અધર્મ વ્યાપી રહે ત્યારે કુલની સ્ત્રીઓ વ્યભિચારિણી અને દોષવાળી થવાથી વર્ણસઙ્કર પ્રજા ઉત્પન્ન થાય છે. તેમાં પ્રહ્લાદ જેવો ભક્ત અવતાર લઈ કુલનો ઉદ્ધાર કરશે એવી આશા કેમ રહે? 'હે વાર્ષ્ણેય!' સમ્બોધનથી એમ જણાવ્યું છે કે સારા કુલમાં ઉત્પન્ન થએલા હોય તેમના કુલમાં વર્ણસઙ્કર પ્રજા ઉત્પન્ન થાય તે યોગ્ય નથી.

**સઙ્કરો નરકાયૈવ કુલઘ્નાનાં કુલસ્ય ચ ।**
**પતન્તિ પિતરો હ્યેષાં લુપ્તપિણ્ડોદકક્રિયાઃ ॥૪૨॥**

**સઙ્કરઃ - વર્ણસઙ્કર;** નામ, પ્ર.એ.વ,
**કુલઘ્નાનામ્ - કુળઘાતીઓને;** નામ, ષ.બ.વ., 'કુલમ્ હન્તિ ઇતિ' ઉપપદ પુ.
**ચ - અને;** અવ્યય



**કુલસ્ય - કુળને;** નામ, ષ.એ.વ., નપુ. 'કુલ'
**નરકાય - નરકનેમાટે;** નામ, ચ.એ.વ., નપુ. 'નરક' **એવ - જ;** અવ્યય
**ભવતિ - હોય છે;** ક્રિ. વર્ત.કા. તૃ.પુ.એ.વ. 'ભૂ'
**લુપ્તપિણ્ડોદકક્રિયાઃ - જેઓનેમાટે પિણ્ડ અને ઉદકક્રિયા લુપ્ત થઈ છે.**
"લુપ્તાઃ પિણ્ડઃ ઉદકમ્ તયો ક્રિયા એષામ્ બહુવ્રીહિ
**એષામ્ - એમના;** સર્વનામ, ષ.બ.વ., 'ઇદમ્'નું નરજાતિ
**પિતરઃ - પિતૃઓ;** નામ, પ્ર.બ.વ., પુ. 'પિતૃ'
**હિ - નિશ્ચય;** અવ્યય
**પતન્તિ - પડે છે;** ક્રિ.પ., તૃ.પુ.બ.વ., 'પત્' ૧ ગણ પરસ્મૈ.

**શ્લોકાર્થ :** સઙ્કર (પ્રજા) કુલનો નાશ કરનારાઓને અને કુલને નરકમાં જ મોકલે છે. તેમના પૂર્વજોની પિણ્ડોદક ક્રિયાનો લોપ થવાથી તેઓનો પાત થાય છે.

**વિવેચન :** 'પિણ્ડોદક ક્રિયા' એટલે શ્રાદ્ધ વિગેરેના લોપ થાય છે, કારણ કે વર્ણસઙ્કર પ્રજાથી શ્રાદ્ધ વિગેરે થતાં નથી. શ્રાદ્ધ વિગેરે ન થવાથી પૂર્વજોએ ધર્મનું આચરણ કરી જે સ્વર્ગ વિગેરે લોકની પ્રાપ્તિ કરી હોય તેમાંથી તેઓનો પાત થાય છે. એવ = જ શબ્દથી એમ જણાવ્યું છે કે નરકમાં પડી પાપ ભોગવ્યા પછી પણ તેમાંથી તેઓનો ઉદ્ધાર થતો નથી.

**દોષૈરેતૈઃ કુલઘ્નાનાં વર્ણસઙ્કરકારકૈઃ ।**
**ઉત્સાદ્યન્તે જાતિધર્માઃ કુલધર્માશ્ચ શાશ્વતાઃ ॥૪૩॥**

**એતૈઃ - આ;** સર્વનામ, તૃ.બ.વ., 'એતદ્' નરજાતિ
**વર્ણસઙ્કરકારકૈઃ - વર્ણસઙ્કર કરાવનારા;** નામ, તૃ.બ.વ., નરજાતિ
**દોષૈઃ - દોષોથી;** નામ, તૃ.બ.વ. નરજાતિ
**કુલઘ્નાનામ્ - કુલના ઘાતકોના;** નામ, ષ.બ.વ., પુ. 'કુલઘ્ન'
**શાશ્વતાઃ - હંમેશા, સનાતન;** વિશેષણ, વિશેષ્ય 'જાતિધર્માઃ'
**કુલધર્માઃ - કુળધર્મો;** નામ, પ્ર.બ.વ., પુ.
**જાતિધર્માઃ - જાતિધર્મો;** નામ, પ્ર.બ.વ., પુ. **ચ - અને;** અવ્યય
**ઉત્સાદ્યન્તે - નષ્ટ થાય છે;** ક્રિ.પ., કર્મણિ વ.કાળ, તૃ.પુ.બ.વ., 'ઉત્ + સદ્' આત્મને. ૧ ગણ, પ્રેરક કર્મણિ

**શ્લોકાર્થ :** કુલનો નાશ કરનારાઓના વર્ણસઙ્કર ઉત્પન્ન કરનાર આ દોષોથી સનાતન કુલધર્મો અને જાતિધર્મોનો નાશ થાય છે.

**વિવેચન :** મૂલમાં 'ચ = અને' શબ્દ છે તેનો અર્થ કુલધર્મ અને જાતિધર્મ સાથે આશ્રમધર્મનો પણ નાશ થાય છે એવો છે.

**ઉત્સન્નકુલધર્માણાં મનુષ્યાણાં જનાર્દન !।**
**નરકે નિયતં વાસો ભવતીત્યનુશુશ્રુમ ॥૪૪॥**

**જનાર્દન - કૃષ્ણ;** સમ્બોધન "યઃ જનામ્ અર્દયતિ ઇતિ જનાર્દનઃ"
**ઉત્સન્નકુલધર્માણામ્ - નષ્ટ પામેલા છે કુળધર્મો જેના;** નામ, ષ.બ.વ., "ઉત્સન્નાઃ કુલધર્માઃ યેષામ્" બહુ.
**મનુષ્યાણામ્ - માણસોના;** નામ ષ.બ.વ. પુ.
**અનિયતમ્ - અનન્તકાળ સુધી;** અવ્યય
**નરકે - નરકમાં;** નામ સ.એ.વ., નપુ.
**વાસઃ - રહેઠાણ;** નામ, પ્ર.એ.વ., પુ.
**ભવતિ - થાય છે;** ક્રિ.પ. વ.કાળ તૃ.પુ.એ.વ., 'ભૂ' ૧ ગણ પરસ્મૈ.
**ઇતિ - એવું;** અવ્યય. વયમ્=અમોએ
**અનુશુશ્રુમ - સાંભળ્યું છે;** ક્રિ.પ., પૂર્ણભૂતકાળ પ્ર.પુ.બ.વ., પરસ્મૈ. અનુ + શ્રુ ૫ ગણ

**શ્લોકાર્થ :** હે જનાર્દન ! જેઓના કુલધર્મોનો નાશ થએલો હોય તેવા મનુષ્યોનો નરકમાં નિયત વાસ થાય છે એમ અમે સાંભળ્યું છે. 'હે જનાર્દન!' સમ્બોધનથી એમ જણાવ્યું છે કે આપના સમ્બન્ધ વગરનાને અવિદ્યાનો સમ્બન્ધ થવાથી તેઓની એવી દશા થાય છે.

આ પ્રમાણે જ્ઞાન હતું તો યુદ્ધની તૈયારી જ શા માટે કરી, એવો પ્રશ્ન ઉદ્‌ભવે તે માટે કહે છે :

**અહો બત મહત્પાપં કર્તું વ્યવસિતા વયમ્।**
**યદ્ રાજ્યસુખ-લોભેન હન્તું સ્વજનમુદ્યતાઃ ॥૪૫॥**

**અહો - અહો;** અવ્યય. **બત - ખરેખર;** અવ્યય
**વયમ્ - અમો;** સર્વનામ, પ્ર.બ.વ., 'અસ્મદ્' નું



**મહત્ - મોટું;** વિશેષણ, વિશેષ્ય 'પાપમ્'
**પાપમ્ - પાપ;** નામ, દ્વિ.એ.વ., નપુ.
**કર્તુમ્ - કરવાને;** હેત્વર્થ કૃદન્ત
**વ્યવસિતાઃ - તૈયાર થયેલા છીએ;** વિશેષણ, વિશેષ્ય 'વયમ્'
**યત્ - જે;** સર્વનામ, દ્વિ.એ.વ.,
**રાજ્યસુખલોભેન - રાજ્યના સુખના લોભથી;** નામ, તૃતીયા એ.વ., "રાજ્યસ્ય સુખમ્ તસ્ય લોભઃ" તત્પુ.
**સ્વજનમ્ - સ્વજનને;** નામ, દ્વિ.એ.વ., પુ.
**હન્તુમ્ - હણવાને;** હેત્વર્થ કૃદન્ત
**ઉદ્યતાઃ - તૈયાર થયેલા;** ભૂ.કૃ., વિશેષણ, વિશેષ્ય વયમ્

**શ્લોકાર્થ :** અહો ! અરે રાજ્યસુખના લોભથી સ્વજનને હણવા તૈયાર થયા તે અમે મોટું પાપ કરવાનો વ્યવસાય કરેલો.

**વિવેચન :** રાજ્યમાટે આવું પાપ કરવું પડશે એવું ભાન પહેલાં ન હતું. બહુ ખેદ થાય છે કે અમે આવું પાપ કરવા અજ્ઞાનથી તૈયાર થયેલા. ખેદ સાથે આશ્ચર્યની વાત છે કે અમે એવી તૈયારી કરી. કારણ કે જેને માટે રાજ્ય પ્રાપ્ત કરવાનું હતું તેઓને જ રાજ્ય પ્રાપ્ત કરવા મારવા તૈયાર થયા છીએ.

"તું તેમને નહિ હણે તો તેઓ તને હણશે" એમ કહેવામાં આવે, તેથી નીચેનો શ્લોક કહે છે :

**યદિ મામ્ અપ્રતીકારમ્ અશસ્ત્રં શસ્ત્રપાણયઃ।**
**ધાર્તરાષ્ટ્રા રણે હન્યુઃ તન્ મે ક્ષેમતરં ભવેત્ ॥૪૬॥**

**યદિ - જો;** અવ્યય
**મામ્ - મને;** સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મદ્'
**અશસ્ત્રમ્ - શસ્ત્ર વિનાનો;** નામ, દ્વિ.એ.વ., વિશેષણ
**અપ્રતીકારમ્ - ઉપાય વિનાનો;** વિશેષણ, વિશેષ્ય "મામ્ ન પ્રતીકાર યસ્ય વિદ્યતે ઇતિ" બહુ.
**શસ્ત્રપાણયઃ - શસ્ત્ર જેના હાથમાં છે એવા;** વિશેષણ, વિશેષ્ય "ધાર્તરાષ્ટ્રાઃ શસ્ત્રં પાણૌ યસ્ય ઇતિ" બહુ.

ધાર્તરાષ્ટ્રાઃ - કૌરવો; નામ, પ્ર.બ.વ., પુ.
રણે - યુદ્ધમાં; સ.એ.વ., નામ, પુ.
હન્યુઃ - હણે; ક્રિ.પ., વિધ્યર્થ તૃ.પુ.બ.વ., 'હન્' ૨ ગણ આત્મને.
તત્ - તે; નપુ. દ્વિ.એ. ઇકારાન્ત. મરણમપિ=મરણ પણ.
મે - મારું; સર્વનામ, ષ.એ.વ., 'અસ્મદ્'નું
ક્ષેમતરમ્ - વિશેષ કલ્યાણ; વિશેષણ, વિશેષ્ય 'તદ્'
ભવેત્ - થાય; ક્રિ.પ., વિધ્યર્થ તૃ.પુ.એ.વ., 'ભૂ' ૧ ગણ

**શ્લોકાર્થ:** જો હાથમાં શસ્ત્રવાળા ધાર્તરાષ્ટ્રો પ્રતીકારરહિત અને શસ્ત્રરહિત મને રણમાં હણે તો મારું વધારે શ્રેયઃ થાય.

**વિવેચન:** 'પ્રતીકાર' એટલે બદલો. બદલો નહિ આપનાર અથવા સામો પ્રહાર નહિ કરનાર એવા શસ્ત્રરહિત મને ધૃતરાષ્ટ્રના પુત્રો હણે તો મારું વધારે શ્રેય થાય, કારણ કે પ્રથમ બન્ધુઓને હણવાનો જે ઉદ્યમ મેં કર્યો તેનું પ્રાયશ્ચિત્ત થાય. વળી આપની સન્નિધિમાં મારું મરણ થાય એ જ મારું અધિક શ્રેયઃ

**સઞ્જય ઉવાચ**

**એવમ્ ઉક્ત્વાઽર્જુનઃ સંખ્યે રથોપસ્થ ઉપાવિશત્।**
**વિસૃજ્ય સશરં ચાપં શોક-સંવિગ્ન-માનસઃ ॥૪૭॥**

સંખ્યે - હું રણભૂમિમાં; નામ, સ.એ.વ., નપુ. 'સઙ્ખ્ય'
શોકસંવિગ્નમાનસઃ - શોકથી શોકાતુર થયેલું મન જેનું; વિશેષણ, વિશેષ્ય "અર્જુનઃ શોકેન સંવિગ્નં મનઃ યસ્ય ઇતિ" બહુવ્રીહિ.
અર્જુનઃ - અર્જુન; નામ, પ્ર.એ.વ., પુ.
એવમ્ - એ પ્રમાણે; અવ્યય
ઉક્ત્વા - કહીને; વિધેય કૃદન્ત
સશરમ્ - તીર સાથે; વિશેષણ
ચાપમ્ - બાણ; નામ, દ્વિ.એ.વ., પુ. 'ચાપ'
વિસૃજ્ય - છોડીને; વિધેય કૃદન્ત
રથોપસ્થ - રથ ઉપર બેઠેલો; વિશેષણ, વિશેષ્ય અર્જુન "રથે ઉપતિષ્ઠતિ ઇતિ" ઉપપદ સમાસ



ઉપાવિશત્ - બેઠો; ક્રિ.પ. ભૂતકાળ તૃ.પુ.એ.વ 'ઉપ + આ + વિશ' પરસ્મૈ. ૬ ગણ

**શ્લોકાર્થ:** આમ કહીને શોકથી ખિન્ન મનવાળો અર્જુન રણભૂમિમાં બાણસહિત ધનુષ્ તજી દઈને રથમાં બેઠો.

**વિવેચન:** યુદ્ધ અને યુદ્ધ કરવાથી પ્રાપ્ત થવાનું રાજ્ય એ બન્ને ભક્તિમાં અન્તરાયરૂપ હોવાથી અર્જુનને તેમાંથી કોઈની ઇચ્છા ન હતી. તેથી આ પ્રમાણે યુદ્ધ નહિ કરવા તેણે કહ્યું. છતાં ભગવાને કાંઈ ઉત્તર આપ્યો નહિ, તેથી ભક્તિજ્ઞાન પ્રાપ્ત કરવામાટે શોકથી મન ખિન્ન થયું, અને બાણ તથા ધનુષને તજી રથમાં બેઠો.

આ પ્રથમ અધ્યાય ઉપોદ્ઘાતરૂપ છે. આ અધ્યાયમાં અર્જુનના વિષાદનું વર્ણન કરેલું છે. અર્જુનને વિષાદ થવાનું કારણ કૃપા છે. લોક અને શાસ્ત્ર ના નિયમોનું અતિક્રમણ કરી તે કૃપાપરવશ થઈ યુદ્ધ કરવા ઇચ્છતો નથી. આ અર્જુનનું આર્તપણું અથવા આર્તિ દર્શાવે છે. બીજા અધ્યાયના આરમ્ભના શ્લોકોમાં પણ અર્જુન આર્ત છે એમ જણાય છે. તેથી આ પ્રથમ અધ્યાય પ્રયોજન રહિત છે એવી શઙ્કા કરવી નહિ, કારણ કે આ પ્રથમ અધ્યાયમાં અર્જુનમાં કૃપાનો આવેશ કેવી રીતે થયો તે પણ કહેલું છે. તેથી આ અધ્યાય ઉપોદ્ઘાતરૂપ છે, પ્રયોજનરહિત નથી. તેથી જ પદ્મ પુરાણમાં ગીતા માહાત્મ્યમાં "તેથી પ્રથમ અધ્યાયનો જે પાઠ કરે અને તેનું સ્મરણ કરે તેને ભવસાગર તરવો કઠિન રહેતો નથી" એમ આ અધ્યાયના પાઠ વિગેરેના ફલનું નિરૂપણ કરેલું છે.

**ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે**
**શ્રીકૃષ્ણાર્જુનસંવાદે 'અર્જુનવિષાદયોગો' નામ**
**પ્રથમઃ અધ્યાયઃ ॥૧॥**

# ॥ અધ્યાય ૨ ॥

## સાંખ્ય-યોગ

પહેલા અધ્યાયમાં અર્જુનને થયેલ વૈરાગ્ય અને તેને થયેલ દુઃખ કહ્યું. આ દુઃખ અને વૈરાગ્યને લીધે તે સાંખ્ય અને યોગ શાસ્ત્ર જાણવાનો અધિકારી છે એમ સિદ્ધ થયું. વૈરાગ્ય, સાંખ્ય, યોગ, તપ, અને કેશવની ભક્તિ એ પાંચ વિદ્યાના પર્વ (વિભાગ) છે (તત્ત્વદીપ૧।૪૫), અને તેથી પાછળથી ભગવાન્‌માં પ્રવેશ કરાવે તેવા છે, અને આત્માના સ્વરૂપના યથાર્થ જ્ઞાનમાં બુદ્ધિને સ્થિર કરાવનારા છે. એ પ્રમાણે આત્માનું જ્ઞાન દૃઢ થતાં આપણે ભગવાન્‌ના અંશ છીએ એવું ભાન થાય અને તેથી ભગવાન્‌નો આશ્રય કરવામાં આદર થાય. ભગવાન્‌નો આશ્રય જેને હોય તેનું કાર્ય એ છે કે તેણે ભગવાન્‌ની આજ્ઞાનું પાલન કરવું, કારણ કે ભગવાન્‌ની આજ્ઞા પ્રમાણે વર્તવું એ જ તેનો ધર્મ છે. તેથી જ અર્જુને પણ સાંખ્ય અને યોગ ના ઉપદેશ પછી ભગવાન્‌નો આશ્રય પ્રાપ્ત કરી તેમની આજ્ઞા પ્રમાણે યુદ્ધ કરેલું છે.

અર્જુન પુષ્ટિમિશ્ર મર્યાદાભક્ત છે. એવા ભક્તની માત્ર સાંખ્યમાંજ રુચિ થતી નથી, તેથી સાંખ્ય અને યોગ ના ઉપદેશની વચ્ચે ભગવાને તેને તેના ધર્મનો બોધ કરેલો છે. અર્જુનને પુષ્ટિમાર્ગનું ભાન થાય તે માટે ભગવાને તેને આ તેના ધર્મનો ઉપદેશ કરેલો છે.

આ બીજા અધ્યાયમાં અર્જુનનો શોક પ્રથમ વર્ણવેલો છે (શ્લો.૧।૯). પછી ભગવાને તેને કરેલ સાંખ્યનો ઉપદેશ જણાવેલો છે (શ્લો.૧૦।૩૦). ત્યાર પછી ભગવાન્ અર્જુનને તેના ધર્મનો ઉપદેશ કરે છે. (શ્લો.૩૧।૩૮), અને પછી યોગનો ઉપદેશ કરે છે (શ્લો.૩૯।૭૨). એવી રીતે શોકરૂપ સમુદ્રમાં ડૂબેલા અર્જુનને પોતાનો જાણી દયાળુ શ્રીકૃષ્ણે તેને સાંખ્ય અને યોગ નો ઉપદેશ કરી તેનો ઉદ્ધાર કર્યો.

ગયા અધ્યાયના અન્તે એમ કહેલું છે કે શોકથી ખિન્ન થએલ મનવાળો અર્જુન ધનુષ તથા બાણ તજી દઈ રથમાં બેઠો. ત્યાર પછી શું થયું તે સઞ્જય ધૃતરાષ્ટ્રને કહે છે:

પ્રકૃતિ અને ૨૪ તત્ત્વોદ્વારા બધું થયા કરે છે; પણ ત્યાં પુરુષનો પ્રકૃતિ સાથે સમ્બન્ધ તો રહે છે. આ સમ્બન્ધ પૂર્ણ જ્ઞાન થતાં છૂટે ત્યારે પુરુષનો મોક્ષ થાય છે. તાત્પર્ય કે સાંખ્યશાસ્ત્રના મત પ્રમાણે એકત્વ આવતું નથી, પણ અનેકત્વ આવે છે. એટલે એ સાંખ્યશાસ્ત્ર અભેદદર્શન કરાવી શકે નહિ.

**શ્રીભગવાન્ ઉવાચ**

**કુતસ્ત્વા કશ્મલમિદં વિષમે સમુપસ્થિતમ્।**
**અનાર્યજુષ્ટમ્ અસ્વર્ગ્યમ્ અકીર્તિકરમર્જુન!॥૨॥**

**અર્જુન - હે અર્જુન;** સમ્બોધન
**ત્વા - તને;** સર્વના., દ્વિ.એ.વ., 'યુષ્મદ્'. અસ્મિન્=આ; સ.એ.વ. 'અસ્'
**વિષમે - અયોગ્ય સમયે;** નામ, સ.એ.વ. સ્થલે=સ્થલમાં; સ.એ.વ.
**ઇદમ્ - આ;** સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
**કશ્મલમ્ - કાળાશ, કલંક;** નામ, પ્ર.એ.વ., નપુ.
**કુતઃ - ક્યાંથી;** અવ્યય
**સમુપસ્થિતમ્ - ઉત્પન્ન થયેલું;** ભૂ.કૃ., વિશેષણ, વિશેષ્ય 'કશ્મલ'.
યતઃ ઈદં = કેમકે આ
**અનાર્યજુષ્ટમ્ - અનાર્યોથી સેવાયેલું;** ભૂ.કૃદન્ત વિશેષણ, વિશેષ્ય 'કશ્મલ'
**અસ્વર્ગ્યમ્ - સ્વર્ગને માટે લાયક નહિ;** વિશેષણ, વિશેષ્ય 'કશ્મલ'
**અકીર્તિકરમ્ - કીર્તિ નહિ મેળવનાર;** વિશેષણ, વિશેષ્ય 'કશ્મલ'.
અસ્તિ=છે; ક્રિ., વર્ત.કા. તૃ.એ.વ. 'અસ્'

**શ્લોકાર્થ:** હે અર્જુન! અનાર્યોએ સેવેલો, સ્વર્ગથી દૂર રાખનાર, અકીર્તિ ઉત્પન્ન કરનાર આ મોહ અસમયે તને ક્યાંથી થયો?

**વિવેચન:** હે અર્જુન! આ યુદ્ધમાટે ઉત્સાહ કરવાનો સમય છે, દયા કરવાનો સમય નથી. આવા અસમયે તને મોહ ક્યાંથી થયો? આ મોહ અનાર્યોએ સેવેલો છે, સ્વર્ગથી દૂર રાખનાર હોવાથી ધર્મનો વિરોધી છે અને ક્ષાત્રધર્મનો નાશ કરનાર હોવાથી કુલધર્મનો પણ વિરોધી છે.

**ક્લૈબ્યં મા સ્મ ગમઃ પાર્થ! નૈતત્ ત્વય્યુપપદ્યતે।**



**ક્ષુદ્રં હૃદયદૌર્બલ્યં ત્યક્ત્વોત્તિષ્ઠ પરન્તપ!॥૩॥**
**પાર્થ - અર્જુન;** સમ્બોધન
**ક્લૈબ્યમ્ - કાયરતા;** નામ, દ્વિ.એ.વ., નપુ.
**મા - નહિ;** અવ્યય. **સ્મ - પ્રસિદ્ધ**
**(અ)ગમઃ - થાય નહિ;** ભૂતકાળ, દ્વિ.પુ.એ.વ., 'ગમ્'
**એતત્ - આ;** સર્વનામ, પ્ર.એ.વ.,
**ત્વયિ - તારામાં;** સર્વનામ, સ.એ.વ., 'યુષ્મત્' સર્વનામ્
**ન - નહિ;** અવ્યય
**ઉપપદ્યતે - યોગ્ય થવું જોઈએ;** ક્રિ.પ., વ.કાળ સહ્યભેદ તૃ.પુ.એ.વ., 'ઉપ + પદ્ ૧ ગણ. અતઃ=આથી
**પરન્તપ - અર્જુન;** સમ્બોધન, 'પરાન્ તાપયતિ ઇતિ' ઉપપદ
**ક્ષુદ્રમ્ - હલકું;** વિશેષણ, વિશેષ્ય 'હૃદયદૌર્બલ્યમ્'
**હૃદયદૌર્બલ્યમ્ - હૃદયનું હલકાપણું;** નામ, દ્વિ.એ.વ.
**ત્યક્ત્વા - છોડીને;** વિધેયાર્થ કૃદન્ત
**ઉત્તિષ્ઠ - ઉભો થા;** ક્રિ.પ., આજ્ઞાર્થ દ્વિ.પુ.એ.વ., 'ઉત્ + સ્થા' ૧ ગણ પરસ્મૈ.

**શ્લોકાર્થ:** હે પાર્થ! નપુંસકત્વ પ્રાપ્ત ન કર. આ તને યોગ્ય નથી. હે પરન્તપ! ક્ષુદ્ર હૃદયદૌર્બલ્ય તજી ઉઠ.

**વિવેચન:** આ પ્રમાણે તને કરવું યોગ્ય નથી એમ કહે છે. હે પાર્થ! ક્ષત્રિય કુલમાં ઉત્પન્ન થએલા અર્જુન! નપુંસકત્વ પ્રાપ્ત ન કર. તું ક્ષત્રિય હોવાથી તને એ યોગ્ય નથી. હૃદયની દુર્બલતા ક્ષુદ્ર છે. એવી ક્ષુદ્ર હૃદયદુર્બલતા શત્રુઓને તપાવનાર તારા જેવાએ રાખવી યોગ્ય નથી. તેથી ઉઠ, યુદ્ધમાટે સાવધાન થા.

**અર્જુન ઉવાચ**

**કથં ભીષ્મમ્ અહં સંખ્યે દ્રોણં ચ મધુસૂદન!।**
**ઇષુભિઃ પ્રતિયોત્સ્યામિ પૂજાર્હાવરિસૂદન!॥૪॥**
**મધુસૂદન - કૃષ્ણ, મધુ નામના દૈત્યને મારનાર;** સમ્બોધન "મધુ સૂદતિ ઇતિ" ઉપપદ

અહમ્ - હું; સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મદ્'નું
સંખ્યે - રણભૂમિમાં; નામ, સ.એ.વ.,
ભીષ્મમ્ - ભીષ્મને; નામ, દ્વિ.એ.વ., પુ. 'ભીષ્મ'
ચ - અને; અવ્યય
દ્રોણમ્ - દ્રોણ; નામ, દ્વિ.એ.વ., પુ. 'દ્રોણ'
કથમ્ - કેવીરીતે; અવ્યય
ઈષુભિઃ - બાણોથી; નામ, તૃ.બ.વ.,
પ્રતિયોત્સ્યામિ - સામો લડી શકીશ; ક્રિ.પ., ભવિષ્યકાળ પ્ર.પુ.એ.વ.,
'પ્રતિ + યુધ્' ૪ ગણ પરસ્મૈ.
યતઃ - કેમકે
અરિસૂદન - અરિને મારનાર - કૃષ્ણ; સમ્બોધન
એતૌ - આ બન્ને
પૂજા અર્હૌ - પૂજાને લાયક; વિશેષણ, વિશેષ્ય 'ભીષ્મ + દ્રોણ'
સ્મઃ - છે

**શ્લોકાર્થ:** હે મધુસૂદન! સંગ્રામમાં ભીષ્મ અને દ્રોણ સામે હું બાણોથી કેમ લડીશ? હે અરિસૂદન! તેઓ પૂજ્ય છે.

**વિવેચન:** એવાં ભગવાન્નાં વચન સાંભળી, "હું બીકથી યુદ્ધ કરતો નથી, એમ નથી, પરન્તુ ધર્મબુદ્ધિથી યુદ્ધ કરતો નથી" એમ સ્નેહ અને દયા થી વ્યાકુલ થએલો અર્જુન ભગવાન્નાં વચનનો અર્થ ન સમજતાં ભગવાન્ને અહીંથી આરંભી છ શ્લોકથી વિનવે છે. હે મધુસૂદન! મધુ દૈત્યને મારી, મથુરાનું સ્થાપન કરી ભક્તોનું પાલન કરનાર ભગવાન્! ભીષ્મ આપના ભક્ત છે તેથી તેમને મારવા ઉચિત નથી. દ્રોણ મારા ગુરુ છે તેથી તેમને પણ મારવા ઉચિત નથી. હે શત્રુઓનો સંહાર કરનાર ભગવાન્! ભીષ્મ ભક્ત અને દ્રોણ ગુરુ છે, તેઓ મારા પૂજ્ય છે, શત્રુ નથી, તેઓની સામે બાણોથી હું કેમ લડીશ તે વિચારો.

**ગુરૂન્ અહત્વા હિ મહાનુભાવાન્ શ્રેયો ભોક્તું ભૈક્ષ્યમપીહ લોકે ।**
**હત્વાર્થકામાંસ્તુ ગુરૂન્ ઈહૈવ ભુઞ્જીય ભોગાન્ રુધિરપ્રદિગ્ધાન્ ॥૫॥**

અતઃ એતાન્ - આથી આ;



મહાનુભાવાન્ - મહાન પરાક્રમવાળા; વિશેષણ, વિશેષ્ય 'ગુરુન્'
ગુરૂન્ - ગુરુને; નામ, દ્વિ.બ.વ., પુ.
અહત્વા - ન મારીને; વિધ્યર્થ કૃદન્ત
ઈહ - આ; અવ્યય. લોકે - લોકમાં; નામ, સ.એ.વ., પુ.
ભૈક્ષ્યમ્ - ભિક્ષા માંગવી તે; નામ, પ્ર.એ.વ., નપુ. 'ભૈક્ષ્ય'
અપિ - પણ; અવ્યય
ભોક્તુમ્ - ભોગવવાને; હેત્વર્થ કૃદન્ત
શ્રેયઃ - કલ્યાણને; નામ, પ્ર.એ.વ., નપુ. 'શ્રેયસ્'
હિ - નિશ્ચયથી; અવ્યય
ગુરૂન્ - ગુરુઓને; નામ, દ્વિ.બ.વ., પુ. 'ગુરુ'
હત્વા - હણીને; વિધેય કૃદન્ત. અપિ - પણ; અવ્યય
રુધિરપ્રદિગ્ધાન્ - લોહીથી ખરડાયેલા; ભૂતકૃદન્ત, વિશેષણ, વિશેષ્ય 'ભોગાન્'
'પ્ર + દિહ્' ૪ ગણ
અર્થકામાન્ - અર્થની ઈચ્છાવાળા; વિશેષણ, વિશેષ્ય 'ગુરુન્'
ભોગાન્ - ભોગોને; નામ, દ્વિ.બ.વ., પુ. 'ભોગ'
એવ - ચોક્કસ; અવ્યય. તુ - તો; અવ્યય
ઈહ - આ લોકમાં; અવ્યય
ભુઞ્જીય - હું ભોગવું; ક્રિ.પ., વિધ્યર્થ પ્ર.પુ.એ.વ., 'ભુજ્' ૭ ગણ આત્મને.

**શ્લોકાર્થ:** મહાનુભાવી ગુરુઓને હણ્યા વિના આ લોકમાં ભિક્ષાન્ન પણ ખાવું સારું, પરન્તુ અર્થની ઈચ્છાવાળા ગુરુઓને હણીને આ લોકમાં જ રુધિરથી ખરડાયેલા ભોગ મારે ભોગવવા પડે.

**વિવેચન:** ગુરુ વિગેરેને હણવા એ લોક અને વેદ થી વિરુદ્ધ છે. ભીષ્મ વિગેરે ગુરુઓને માર્યા વિના રાજ્ય ન મળે તો ભીખ માગીને ખાવું પડે, પણ તેમને મારીએ ને રાજ્ય પ્રાપ્ત કરીએ તો તેમના લોહીથી ખરડાએલા ભોગ ભોગવવા મળે. તેવા ભોગ ભોગવ્યા કરતાં ગુરુઓને માર્યા વિના ભીખ માગી ખાવું વધારે સારું, કારણ કે ગુરુઓ મહાનુભાવી છે. મહાન્ એટલે મોટા જે ભગવાન્ તેમનો અનુભવ કરાવનાર ગુરુઓ મહાનુભાવી છે. તેઓને માર્યા વિના આ લોકમાં ભીખ માંગીને ખાવું પડે, પણ પરલોકમાં અવશ્ય સુખ પ્રાપ્ત થાય એવો અર્થ 'લોકે' પદના

પ્રયોગથી સૂચવેલો છે. પણ જો મહાનુભાવી ગુરુઓને મારીએ તો પરલોકમાં અવશ્ય દુઃખી જ થઈએ. એટલું જ નહિ, પરન્તુ આ લોકમાં પણ તેઓના લોહીથી ખરડાએલા જ ભોગ ભોગવવા મળે. તેથી તેઓની સામે યુદ્ધ કરવું ઉચિત નથી.

**ન ચૈતદ્વિદ્મઃ કતરન્નો ગરીયો યદ્વા જયેમ યદિ વા નો જયેયુઃ।।**
**યાનેવ હત્વા ન જિજીવિષામઃ તેઽવસ્થિતાઃ પ્રમુખે ધાર્તરાષ્ટ્રાઃ।।૬।।**

**એતદ્** - **તે;** સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.
**ન ચ** - **અને નહિ;** અવ્યય
**વિદ્મઃ** - **અમે જાણીએ છીએ;** ક્રિ.પ., વ.કાળ પ્ર.પુ.બ.વ. 'વિદ્' ૨ ગણ પરસ્મૈ. યત્ = કે; અવ્યય
**નઃ** - **અમારા;** સર્વનામ, ષ.બ.વ.,
**કતરત્** - **કોણ;** સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
**ગરીયઃ** - **મોટું;** વિશેષણ, વિશેષ્ય 'કતરત્'
**યદ્વા** - **અથવા તો;** અવ્યય
ન અયમપિ ન જાનીમઃ યત્ વયં = એ પણ નથી જાણતા કે અમે
**જયેમ** - **જીતીએ;** ક્રિ.પ., પ્ર.પુ.બ.વ. વિધ્યર્થ ૧ ગણ પરસ્મૈ.
**વા** - **અથવા, કે;** અવ્યય
**નઃ** - **અમને;** સર્વનામ, દ્વિ.બ.વ., 'અસ્મદ્'
**તે** - **તે લોકો**
**જયેયુઃ** - **જીતે;** ક્રિ.પ., વિધ્યર્થ તૃ.પુ.બ.વ., જિ (જય્) ૧ ગણ પરસ્મૈ.
**યાન્** - **જેઓને;** સર્વનામ, દ્વિ.બ.વ., પુ.
**હત્વા** - **હણીને;** વર્તમાન કૃદન્ત. વયં = અમે
**ન** - **નહીં;** અવ્યય
**જિજીવિષામઃ** - **અમે જીવવાની ઈચ્છા કરીએ;** ક્રિ.પ., ઇચ્છાદર્શકકાળ, પ્ર.પુ.બ.વ., 'જીવ્' પરસ્મૈ. ૧ ગણ
**તે** - **તેઓ;** સર્વનામ, પ્ર.બ.વ., પુ.
**એવ** - **જ**
**ધાર્તરાષ્ટ્રા** - **ધૃતરાષ્ટ્રના પુત્રો;** અ.અ.પુ.પ્ર.વ.. અસ્માકં = અમારા
**પ્રમુખે** - **આગળ, સામે;** નામ, સ.એ.વ., નપુ. 'પ્રમુખ'
**અવસ્થિતાઃ** - **ઉભા રહેલા;** ભૂતકૃદન્ત, વિશેષણ, વિશેષ્ય 'તે'



**સન્તિ** - **છે;** ક્રિ.પ., વર્ત.કા. તૃ.બ.વ. 'અસ્'

**શ્લોકાર્થ:** વળી અમે જીતીએ અથવા તેઓ અમને જીતે એ બેમાં અમને શું શ્રેષ્ઠ છે તે અમે જાણતા નથી. જેમને, મારીને અમે જીવવાની આશા રાખતા નથી તે જ ધાર્તરાષ્ટ્રો સામા ઉભેલા છે.

**વિવેચન:** વળી જો આપણે એમ નિશ્ચયપૂર્વક જાણતા હોઈએ કે આપણો જ વિજય થશે તો અધર્મનો સ્વીકાર કરીને પણ યુદ્ધ કરીએ. વળી અમારા માટે અમે જીતીએ તે શ્રેષ્ઠ છે કે તેઓ જીતે તે શ્રેષ્ઠ છે તે પણ અમે જાણતા નથી. અમારા વિચાર પ્રમાણે તો અમે જીતીએ તે કરતાં તેઓ જીતે તે જ શ્રેષ્ઠ છે; કારણ કે ધાર્તરાષ્ટ્રો જે સામે લડવા ઉભેલા છે તેઓને માર્યા વિના અમે જીતીએ નહિ, અને તેઓને અમે મારીએ તો પછી અમારે જીવવાની આશા પણ રહેશે નહિ. ત્યારે તેઓને મારી અમે જીતીએ તે શું કામનું?

**કાર્પણ્યદોષોપહતસ્વભાવઃ પૃચ્છામિ ત્વાં ધર્મસમ્મૂઢચેતાઃ।।**
**યત્ શ્રેયઃ સ્યાત્ નિશ્ચિતં બ્રૂહિ તન્ મે**
**શિષ્યસ્ તેઽહં શાધિ માં ત્વાં પ્રપન્નમ્।।૭।।**

**કાર્પણ્ય-દોષોપહત-સ્વભાવઃ** - **કાયરતારૂપી દોષથી જેનો સ્વભાવ મરી ગયો છે;** "કાર્પણ્યએવ દોષઃ તેન ઉપહતઃ સ્વભાવઃ યસ્ય" વિશેષણ ('અહમ્' બહુવ્રીહિ)
**ચ** - **અને;** અવ્યય
**ધર્મસમ્મૂઢચેતાઃ**જેનું ચિત્ત ધર્મમાં મુગ્ધ થયેલું છે. વિશેષણ, વિશેષ્ય "અહમ્ ધર્મેણ સમ્મૂઢં ચેતઃ યસ્ય ઈતિ" બહુવ્રીહિ
**અહં** - **હું;** પ્ર.એ.વ., સર્વનામ 'અસ્મદ્'
**ત્વામ્** - **તને;** સર્વનામ, દ્વિ.એ.વ.,
**પૃચ્છામિ** - **પૂછુ છું;** ક્રિ.પ., વ.કાળ પ્ર.પુ.એ.વ., 'પૃચ્છ' ૬ ગણ પરસ્મૈ.
**યત્** - **જે;** સર્વનામ, વિશેષણ, વિશેષ્ય 'શ્રેયઃ'
**નિશ્ચિતમ્** - **નિશ્ચય થયેલું;** વિશેષણ; વિશેષ્ય 'શ્રેયઃ'
**શ્રેયઃ** - **કલ્યાણ;** નામ, પ્ર.એ.વ., નપુ. 'શ્રેયસ્'
**સ્યાત્** - **થાય;** ક્રિ.પ., વિધ્યર્થ તૃ.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ

તત્ - તે; સર્વનામ, દ્વિ.એ.વ., 'તદ્' પુ.
મે - મને; સર્વનામ, ચતુર્થી એ.વ.,
**બ્રૂહિ** - કહે; ક્રિ.પ., આજ્ઞાર્થ દ્વિ.પુ.એ.વ., આત્મને. ૨ ગણ 'બ્રૂ'
**અહમ્** - હું; પ્ર.એ.વ., સર્વનામ 'અસ્મદ્'
**તે** - તારો; સર્વનામ, ષષ્ઠી એ.વ., 'યુષ્મત્'
**શિષ્યઃ** - શિષ્ય; નામ, પ્ર.એ.વ., પુ. 'શિષ્ય'. અસ્મિ = છું. અતઃ = એટલે
**ત્વામ્** - તને, આપને, તારે; સર્વનામ, દ્વિ.એ.વ., 'યુષ્મત્'
**પ્રપન્નમ્** - શરણે આવેલા; વિશેષણ; વિશેષ્ય 'મામ્'
**મામ્** - મને; સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મદ્'
**શાધિ** - સમજાવ; ક્રિ.પ., આજ્ઞાર્થ દ્વિ.પુ. 'શાસ્' ૨ ગણ.

**શ્લોકાર્થ:** કાર્પણ્ય દોષથી બગડેલા સ્વભાવવાળો ધર્મમાં મૂઢ ચિત્તવાળો હું આપને પૂછું છું કે જે નિશ્ચિત શ્રેય હોય તે મને કહો. હું આપનો શિષ્ય છું. આપને શરણ આવેલા મને ઉપદેશ કરો.

**વિવેચન:** બન્ધુઓને મારવા એ અનુચિત છે એવું જ મારું માનવું છે તેથી હું કૃપણ થયો છું. એવું મારું જ્ઞાન છે તે જ મારો કાર્પણ્યદોષ છે. આ દોષથી મારો ક્ષાત્ર સ્વભાવ બગડેલો છે, કારણ કે યુદ્ધ કરવાનો ઉત્સાહ મને થતો નથી. હું બગડેલા સ્વભાવવાળો વિકલ હોવા છતાં ધર્મમાં મારું ચિત્ત સમ્મૂઢ હોવાથી આપને મારા શ્રેય સમ્બન્ધી પ્રશ્ન કરું છું. યુદ્ધ કરીને તેઓને મારું અથવા યુદ્ધ ન કરું અને તેઓને ન મારું એ બેમાં મારા માટે જે આપની પ્રસન્નતારૂપ શ્રેય હોય તે કહો. હું આપનો મિત્ર નથી, પણ શિષ્ય છું, ધર્મનું જ્ઞાન પ્રાપ્ત કરવાની ઇચ્છાથી શરણે આવેલો છું, તેથી મને ઉપદેશ કરો.

**ન હિ પ્રપશ્યામિ મમાપનુદ્યાદ્ યત્ શોકમુચ્છોષણમિન્દ્રિયાણામ્।**
**અવાપ્ય ભૂમાવસપત્નમૃદ્ધં રાજ્યં સુરાણામપિ ચાધિપત્યમ્॥૮॥**

**હિ** - કારણ કે; અવ્યય
**ભૂમૌ** - ભૂમિ ઉપર; નામ, સ.એ.વ., સ્ત્રી 'ભૂમિ'
**અસપત્નમ્** - બીનહરીફ; વિશેષણ, વિશેષ્ય 'રાજ્યમ્'
**ઋદ્ધમ્** - સમૃદ્ધિવાળું; વિશેષણ, વિશેષ્ય 'રાજ્યમ્'



**રાજ્યમ્** - રાજ્યને; નામ, અ.અ.પુ.દ્વિ.એ.
**ચ** - અને; અવ્યય
**સુરાણામ્** - દેવલોકનું; નામ, ષષ્ઠી બ., પુ. 'સુર'
**આધિપત્યમ્** - અધિપતિપણું; નામ, દ્વિ.એ.વ.,
**અવાપ્ય** - મેળવીને; વિધેય કૃદન્ત
**અપિ** - પણ; અવ્યય
**અહં તત્ ઉપાયં** - હું તે ઉપાયને;
**ન** - નહિ; અવ્યય
**પ્રપશ્યામિ** - જોઉં છું; ક્રિ.પ., વ.ક. પ્ર.પુ.એ.વ., 'પ્ર+દશ્' ૧ ગણ પરસ્મૈ.
**યત્** - જેથી, જે; સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
**મમ** - મારા; સર્વ. ષ.એ.
**ઇન્દ્રિયાણામ્** - ઇન્દ્રિયોનું; નામ, ષષ્ઠી બ.વ.,
**ઉત્શોષણમ્** - સૂકવી નાખનાર; વિશેષણ, વિશેષ્ય 'શોકમ્'
**શોકમ્** - શોકને; નામ, દ્વિ.એ.વ.,
**અપનુદ્યાત્** - દૂર કરે, દૂર થાય; ક્રિ.પ., વિધ્યર્થ તૃ.પુ.એ.વ., અપ + નુદ્ પરસ્મૈ ૧૦ ગણ

**શ્લોકાર્થ:** કારણ કે ભૂતલપર અદ્વિતીય સમૃદ્ધિમત્ રાજ્ય અને દેવોનું અધિપતિપણું પ્રાપ્ત કરીને પણ ઇન્દ્રિયોનું અતિશય શોષણ કરનાર મારા શોકને દૂર કરે તેવું કાંઈ હું જોતો નથી.

**વિવેચન:** "તું મારો મિત્ર છે અને શરણે આવેલો છે તેથી તું જેમ ઇચ્છે તેમ હું કરીશ" એમ આપ કહેતા હો તોપણ ગુરુઓને મારી મને એવો ઇન્દ્રિયોનું અતિશય શોષણ કરનાર શોક થશે કે ભૂતલ ઉપરનું અદ્વિતીય સર્વ સમૃદ્ધિવાળું રાજ્ય અને દેવોનું અધિપતિપણું મને મળે તોપણ તે શોકને દૂર કરનાર કાંઈ મળશે નહિ. 'હિ - કારણ કે' શબ્દથી એમ જણાવ્યું છે કે ઇન્દ્રિયોને તૃપ્ત કરવી એ ઘણું કઠણ છે.

**સઞ્જય ઉવાચ**

**એવમ્ ઉક્ત્વા હૃષીકેશં ગુડાકેશઃ પરન્તપ!।**
**ન યોત્સ્ય ઇતિ ગોવિન્દમ્ ઉક્ત્વા તૂષ્ણીં બભૂવ હ॥૯॥**

**પરન્તપ** - ધૃતરાષ્ટ્ર; સમ્બોધન
**ગુડાકેશઃ** - **અર્જુન**; નામ, પ્ર.એ.વ.,
**હૃષીકેશમ્** - **હૃષીકેશને**; નામ, દ્વિ.એ.વ., 'હૃષીકાણામ્ ઈશઃ' તત્પુરુષ
**એવમ્** - **એમ**; અવ્યય
**ઉક્ત્વા** - **કહીને**; વિધેય કૃદન્ત
**ગોવિન્દમ્** - **કૃષ્ણને**; નામ, દ્વિ.એ.વ. "ગવામ્ ઈન્દ્રઃ ઈતિ તત્પુરુષ
**ન** - **નહિં**; અવ્યય
**યોત્સ્યે** - **લડીશ**; ક્રિ. ભવિષ્યકાળ પ્ર.પુ.એ.વ., 'યુધ્' ૪ ગણ આત્મને.
**ઈતિ હ** - **એમ સ્પષ્ટ**; અવ્યય
**ઉક્ત્વા** - **કહીને**; વિધેય કૃદન્ત
**તૂષ્ણીમ્** - **શાન્ત**; અવ્યય
**બભૂવ** - **થયો**; ક્રિ. પૂર્ણ ભૂતકાળ તૃ.પુ.એ.વ. 'ભૂ' ૧ ગણ પરસ્મૈ.

**શ્લોકાર્થ :** હે પરન્તપ! ગુડાકેશ હૃષીકેશને એ પ્રમાણે કહી, ગોવિન્દને "હું યુદ્ધ કરીશ નહિ" એમ કહી બોલતો બંધ થયો!

**વિવેચન :** 'ગુડાકા' એટલે નિદ્રાનો ઈશ અથવા આલસ્યરહિત અર્જુને ઈન્દ્રિયોના ઈશ એટલે ઈન્દ્રિયોના પ્રેરક ભગવાન્‌ને એ પ્રમાણે કહી ભક્ત પરિપાલક ગોવિન્દને "હું યુદ્ધ કરીશ નહિં" એમ કહ્યું. અને પછી મૌન ધારણ કર્યું.

મૂલમાં 'હ' શબ્દ છે તે આશ્ચર્ય દર્શાવે છે. ભગવાને અર્જુનને યુદ્ધ કરી રાજ્ય પ્રાપ્ત કરવા કહ્યું. તોપણ તેને રાજ્યની સ્પૃહા થઈ નહિ એ આશ્ચર્યની વાત છે. અહીં સઞ્જય ધૃતરાષ્ટ્રને 'પરન્તપ' કહે છે. 'પરં' એટલે મોટું, મોટું તપ છે જેનું તે પરન્તપ. "તમારું તપ મોટું છે, ભાગ્યશાળી છો કે તમારા પુત્રો શ્રીકૃષ્ણની સન્નિધિમાં જીવનનો ત્યાગ કરી કૃતાર્થ થશે" એવા ભાવાર્થથી અહીં ધૃતરાષ્ટ્રને 'પરન્તપ' સમ્બોધન કરેલું છે. તેથી જ "અર્જુનના અસ્ત્રોથી પવિત્ર થએલાઓએ ભગવાનના ચરણની પ્રાપ્તિ કરી" એવું વાક્ય છે.

**તમ્ ઉવાચ હૃષીકેશઃ પ્રહસન્નિવ ભારત!।**
**સેનયોર્ ઉભયોર્ મધ્યે વિષીદન્તમ્ ઈદં વચઃ ॥૧૦॥**

**ભારત** - ધૃતરાષ્ટ્ર; સમ્બોધન



**હૃષીકેશઃ** - કૃષ્ણ; નામ. પ્ર.એ.વ.
**ઉભયોઃ** - **બે**; સર્વનામ, વિશેષણ, વિશેષ્ય 'સેનયોઃ'
**સેનયોઃ** - **બે સેનાની**; નામ, ષષ્ઠી દ્વિ.વ., સ્ત્રી 'સેના'
**મધ્યે** - **વચમાં**; નામ, સ.એ.વ.,
**તમ્** - **તેને**; સર્વનામ, દ્વિ.એ.વ., પુલ્લિંગ
**વિષીદન્તમ્** - **શોકવાળાને**; વિશેષણ, વિશેષ્ય 'તમ્'
**પ્રહસન્** - **હસતા**; વિશેષણ, વિશેષ્ય 'હૃષીકેશ' વ.કૃ.
**ઈવ** - **જેવો, પેઠે**; અવ્યય
**ઈદમ્** - **આ**; સર્વનામ, દ્વિ.એ.વ.,
**વચઃ** - **વચન**; નામ, દ્વિ.એ.વ., નપું.
**ઉવાચ** - **કહ્યું**; ક્રિ., પુ. ભૂ., તૃ.પુ.એ.વ., 'વચ્'

**શ્લોકાર્થ :** હે ભારત, ઉભય સેનાની મધ્યે શોક કરતા તેને હૃષીકેશે જાણે હસતા હોય તેમ આ (નીચેનું) વચન કહ્યું.

**વિવેચન :** અર્જુનને આત્મતત્ત્વ જ્ઞાન નહિં હોવાથી તે વિકલ થઈ ગયો છે એવા વિચારથી ભગવાન્ જાણે હસતા હોય તેમ શોક કરતા અર્જુનને, તે ધર્મિષ્ઠ હોવાથી આ પણ તેનામાં ઉચિત છે એમ વિચારી, નીચેનાં વચન કહે છે.

**શ્રીભગવાન્ ઉવાચ**

**અશોચ્યાનન્વશોચસ્ત્વં પ્રજ્ઞાવાદાંશ્ચ ભાષસે।**
**ગતાસૂન્ અગતાસૂંશ્ચ નાનુશોચન્તિ પણ્ડિતાઃ ॥૧૧॥**

**ત્વમ્** - **તું**; સર્વનામ, પ્ર.એ.વ., 'યુષ્મત્'
**અશોચ્યાન્** - **શોક કરવા લાયક નહિં તેઓનો**; વિશેષણ, વિશેષ્ય 'જનાન્'
**અન્વશોચઃ** - **શોક કર્યો**; ક્રિ. અનદ્યતન ભૂતકાળ દ્વિ.પુ.એ.વ., 'અનુ + શોચ્ ૧ ગણ
**ચ** - **અને**; અવ્યય
**પ્રજ્ઞાવાદાન્** - **પણ્ડિતાઈના શબ્દો**; નામ, દ્વિ.બ.વ., પુ. 'પ્રજ્ઞાવાદ'
**ભાષસે** - **બોલે છે**; ક્રિ. વ.કાળ દ્વિ.પુ.એ.વ., 'ભાષ્' ૧ ગણ આત્મને.
**પણ્ડિતાઃ** - **પણ્ડિતો**; નામ, પ્ર.બ.વ., પુ.

**ગતાસૂન્ - જેમના પ્રાણ ગયેલા છે;** દ્વિ.બ.વ., ''ગતાઃ અસવઃ યેષામ્ તાન્'' બહુવ્રીહિ

**ચ - અને;** અવ્યય

**અગતાસૂન્ - જેમના પ્રાણ ગયા નથી, પ્રાણવાળા;** દ્વિ.બ.વ., વિશેષણ

**ન - નહિં;** અવ્યય

**અનુશોચન્તિ - પાછળ શોક કરે છે;** ક્રિ.વ. તૃ.પુ.બ.વ. અનુ + શુચ્ ૧ ગણ

**શ્લોકાર્થ:** તેં શોક ન કરવા યોગ્યનો શોક કર્યો અને જ્ઞાનનાં વચનો બોલે છે. પણ્ડિતો મરેલા અથવા જીવતાઓનો શોક કરતા નથી.

**વિવેચન:** આ શ્લોકથી આરમ્ભી નર (અર્જુન)ના મોહ અને શોક દૂર કરવા ભગવાન્ તેને સાંખ્યનું જ્ઞાન આપે છે. ''સાંખ્યના ઘણા પ્રકારો છે, તે પૈકી એક ઉત્તમ પ્રમાણરૂપ છે (તે અહીંથી ભગવાન્ તેને કહે છે.). આ સાંખ્ય પ્રમાણે તત્ત્વોની સંખ્યા અઠ્ઠાવીસ છે, અને તે બધાનું સ્વરૂપ ભગવાન્ જ છે. સત્પુરુષોએ આદર કરી માન્ય ગણેલો યોગ પણ એક છે. તે યોગમાં ભગવાનનું ધ્યાન ધરવામાં આવે છે. વૈરાગ્ય, જ્ઞાન, યોગ, પ્રેમ અને તપ એ વિદ્યાના પાંચ સાધનો પૈકી હર એક સાધન પણ દઢ કરી ભગવાન્‌ને જે ભજે છે તે સિદ્ધિ પ્રાપ્ત કરે છે''. તેથી અર્જુનની કુમતિનો નાશ કરવા ભગવાન્ તેને ત્યાગ અને અત્યાગ ના વિભાગથી સાંખ્ય અને યોગ નો ઉપદેશ કરે છે. ''સાંખ્યમાં ત્યાગ કરવાનો ઉપદેશ છે. જ્યારે અહન્તા અને મમતા નો નાશ થાય, અને જીવમાં અહઙ્કાર જરાએ ન રહે અને તે પોતાનાં સ્વરૂપમાં સ્થિતિ કરે, ત્યારે ભગવાન્‌નો આશ્રય કરી તે કૃતાર્થ થાય છે. ત્યાગ ન કરવો હોય તેણે યોગનો માર્ગ ગ્રહણ કરવો. આ માર્ગમાં પણ મનથી તો ત્યાગ કરવાનો હોય જ છે, અને યમ-નિયમ વિગેરે (શ્રીમદ્‌ભાગવત સ્કન્ધ ત્રીજાના અઠ્ઠાવીસમા અધ્યાયમાં કહેલાં) યોગનાં સાધનો કરવાના હોય છે. એ સાધનો કરી યોગ સિદ્ધ થાય ત્યારે કૃતાર્થ થવાય છે. યોગમાં ઈશ્વરનો આધાર રાખવાથી તેવું ફલ પ્રાપ્ત કરી, ઘણાં જન્મો સુધી યોગની વૃદ્ધિ કરતાં તે ચોક્કસ ભક્તિ ઉત્પન્ન કરે છે. સાંખ્યમાં પણ જો ચિત્ત ભગવાન્‌માં રાખવામાં આવે તો આ ફલ પ્રાપ્ત થાય છે જ; પણ જો ચિત્ત ભગવાન્‌માં રાખવામાં ન આવે તો ભક્તિ પ્રાપ્ત



થતી નથી. કર્મો પણ જો ભગવાન્‌ને સમર્પણ કરવામાં આવે તો તેથી પણ દઢ ભક્તિ પ્રાપ્ત થાય છે. તેથી ભગવાન્ અર્જુનને પોતાના ભક્તિ માર્ગમાં ન સ્વીકારતાં ''આને આત્માના તત્ત્વનું વાસ્તવિક જ્ઞાન ન હોવાથી જ આ આવી રીતે શોક કરે છે'' એમ વિચારી, તેવા શાક દૂર કરવા તેને સાંખ્યનો બોધ કરે છે.

શાસ્ત્રાર્થના જ્ઞાનથી અર્જુનની બુદ્ધિ પ્રથમ સ્થિર કરી, પછી તેને ભક્તિનો ઉપદેશ કરવા ભગવાન્ ઇચ્છે છે. તેથી પ્રથમ શાસ્ત્રાર્થ જ્ઞાન અથવા આત્માના અને જડના જ્ઞાનનો ઉપદેશ કરે છે. અશોચ્ય અથવા શોક કરવા યોગ્ય નહિ તેવાનો તેં શોક કર્યો. આ સર્વ અશોચ્ય છે, શોક કરવા યોગ્ય નથી, કારણ કે તે મારા ભક્તો નથી, પણ અસુરના આવેશવાળા છે. ભૂમિનો ભાર હરવા મારે તેઓને મારવાના જ છે. તેવા અશોચ્યનો તેં શોક કર્યો. વળી તું પણ્ડિતોના જેવાં વચન બોલે છે, પરન્તુ પણ્ડિત નથી, કારણ કે પણ્ડિતોને તો સર્વ મારી ઇચ્છા પ્રમાણે જ થાય છે તેવું જ્ઞાન હોય છે. આવું પણ્ડિતોને જ્ઞાન હોવાથી તેઓ મરેલાનો અથવા જીવતાંઓનો શોક કરતા નથી. મરી ગયા તેઓનું પરલોકમાં શું થશે એવો પણ્ડિતો મરેલાંઓનો શોક કરતા નથી. તેમજ જીવે છે તેઓનું ભરણપોષણ તથા રક્ષણ કેમ થશે એવો જીવતાંઓનો પણ શોક કરતા નથી. શ્રુતિ પણ કહે છે ''જેને ઉદ્ધાર કરવાની ઇચ્છા થાય તેની પાસે ભગવાન જ સારાં કર્મ કરાવે છે, જેનો અધઃપાત કરવાની ઇચ્છા થાય, તેની પાસે ભગવાન જ અધમ કર્મ કરાવે છે'' તે સર્વ મારી ઇચ્છા પ્રમાણે જ થાય છે. હું જે કરું તેમાં શોક કરવાનું શું?

**ન ત્વેવાહં જાતુ નાસં ન ત્વં નેમે જનાધિપાઃ।**
**ન ચૈવ ન ભવિષ્યામઃ સર્વે વયમતઃ પરમ્॥૧૨॥**

**ન તુ - નહિં તો;** અવ્યય

**અહમ્ - હું;** સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મદ્'

**જાતુ ન - નિશ્ચય નહિ;** અવ્યય

**આસમ્ - હતો;** ક્રિ.પ., ભૂતકાળ પ્ર.પુ.એ.વ. 'અસ્' ૨ ગણ

**ત્વમ્ - તું;** સર્વનામ, પ્ર.એ.વ., 'યુષ્મત્'

**ન - નહિં;** અવ્યય. **આસીઃ - હતો**

**ઇમે - એઓ;** સર્વનામ, પ્ર.બ.વ., 'ઇદમ્'

**જનાધિપાઃ** - **રાજાઓ;** નામ, પ્ર.બ.વ., ''જનાનામ્ અધિપાઃ'' તત્પુરુષ
**ન** - **નહિં;** અવ્યય
**આસન્** - **હતા**
**ચ ન** - **અને નહિ;** અવ્યય
**એવમેવ** - **એ જ પ્રમાણે**
**અતઃપરમ્** - **હવે પછી;** અવ્યય
**વયમ્** - **અમો;** સર્વનામ, પ્ર.બ.વ., 'અસ્મદ્'
**સર્વે** - **બધા;** સર્વનામ, પ્ર.બ.વ.,
**ન** - **નહિં;** અવ્યય
**ભવિષ્યામઃ** - **અમે હોઈશુ;** ક્રિ, ભવિષ્યકાળ પ્ર.પુ.બ.વ. ભૂ ૧ ગણ પરસ્મૈ.

**શ્લોકાર્થ:** કોઈ પણ સમયે હું, તું અથવા આ રાજાઓ ન હતા એમ નથી. વળી આપણે સર્વ હવે પછી ન હોઈશું એમ પણ નથી.

**વિવેચન:** વળી જે ઉત્પન્ન થઈ મરણ પામે તે જ શોક કરવા યોગ્ય છે, પરન્તુ આ આત્મા હોવાથી તેની ઉત્પત્તિ જ સમ્ભવતી નથી. આ પ્રમાણે આત્મવાદથી ઉત્પત્તિનો નિરાસ કરી અશોચ્યતા દર્શાવે છે. મને તું જેવો જૂએ છે તેવો હું કોઈ પણ સમયે ન હતો એમ નથી, અર્થાત્ સર્વદા હું હતો. તેમજ તું અને આ રાજાઓ સદા હતા. હવે પછી ભવિષ્યમાં આપણે સર્વ નહિ હોઈશું એમ પણ નથી અર્થાત્ આપણે સર્વ હોઈશું. આત્માની ઉત્પત્તિ નથી તેમ નાશ પણ નથી. આત્મા નિત્ય, શુદ્ધ અને ચેતન છે. તેથી સર્વ નિત્ય હોવાથી કોઈનો શોક કરવો યોગ્ય નથી ''નિત્યોમાં નિત્ય, ચેતનોમાં ચેતન'' વિગેરે શ્રુતિ પ્રમાણે આત્માની ઉત્પત્તિ થતી નથી ( તેમ નાશરૂપ વિકાર પણ થતો નથી. ) એમ કહ્યું.

**દેહિનોઽસ્મિન્ યથા દેહે કૌમારં યૌવનં જરા।**
**તથા દેહાન્તરપ્રાપ્તિઃ ધીરસ્તત્ર ન મુહ્યતિ॥૧૩॥**

**યથા** - **જેમ;** અવ્યય
**દેહિનઃ** - **દેહવાળાને;** નામ, ષ.એ.વ., પુ.
**અસ્મિન્** - **આ;** સર્વનામ, સ.એ.વ., 'ઇદમ્'
**દેહે** - **દેહમાં;** નામ, સ.એ.વ., 'દેહ' પુ.



**કૌમારમ્** - **કૌમારાવસ્થા;** નામ, પ્ર.એ.વ., નપુ. ચ = અને
**યૌવનમ્** - **યુવાન;** નામ, પ્ર.એ.વ., નપુ.
**જરા** - **ઘડપણ;** નામ, પ્ર.એ.વ., સ્ત્રીલિંગ
**અવસ્થાઃ ભવન્તિ** - **અવસ્થાઓ હોય છે;**
**તથા** - **તેમ;** અવ્યય
**દેહાન્તરપ્રાપ્તિઃ** - **બીજા દેહની પ્રાપ્તિ;** નામ, પ્ર.એ.વ. ભવતિ = હોય છે
**તત્ર** - **ત્યાં;** અવ્યય
**ધીરઃ** - **ધીર;** વિશેષણ, વિશેષ્ય 'પુરુષઃ'
**ન** - **નહિ;** અવ્યય
**મુહ્યતિ** - **મોહ પામે છે;** ક્રિ.પ., વ.કાળ, તૃ.પુ.એ.વ., 'મુહ્' ૪ ગણ

**શ્લોકાર્થ:** દેહીને જેમ આ દેહમાં કૌમાર, યૌવન અને જરા પ્રાપ્ત થાય છે તેમ અન્ય દેહની પ્રાપ્તિ થાય છે, તેમાં ધીર પુરુષ મોહ પામતો નથી.

**વિવેચન:** આપણે સર્વ ભવિષ્યમાં હોઈશું ખરા, પરન્તુ આ દેહનું શું થશે અથવા આવો અલૌકિક દેહ પ્રાપ્ત થશે કે કેમ એવી શઙ્કા થાય, તે માટે આ શ્લોક યોજેલો છે. જેમ સમય જતાં જીવને આ દેહમાં બાલ્ય યૌવન અને વૃદ્ધાવસ્થા એમ ત્રણ અવસ્થા પ્રાપ્ત થાય છે; તેમ સમય જતાં અન્ય દેહની પ્રાપ્તિ થવાની જ. તેથી ધીર પુરુષ આ વિષયમાં મોહ રાખતો નથી. અન્ય દેહની પ્રાપ્તિ સર્વને થવાની જ. ભગવાન્ની ઇચ્છાથી ભગવદીયને દ્વિતીય પણ અલૌકિક દેહની જ પ્રાપ્તિ થવાની. તેથી ધીર અથવા ભક્તને કેવા દેહની પ્રાપ્તિ થશે એ સમ્બન્ધમાં મોહ થતો નથી.

**માત્રાસ્પર્શાસ્તુ કૌન્તેય શીતોષ્ણ-સુખદુઃખદાઃ।**
**આગમાપાયિનોઽનિત્યાઃ તાન્ તિતિક્ષસ્વ ભારત!॥૧૪॥**

**કૌન્તેય** - **અર્જુન;** સમ્બોધન
**શીતોષ્ણસુખદુઃખદાઃ** - **શીત, ઉષ્ણ, સુખ અને દુઃખ આપનારા;** નામ, પ્ર.બ.વ., ''શીતં ઉષ્ણં સુખં દુઃખં દદાતિ તે'' ઉપપદ સમાસ
**માત્રાસ્પર્શાઃ** - **ઇન્દ્રિય અને વિષયોના સંયોગો, માત્રાનો સ્પર્શ, પઞ્ચમહાભૂતનું મૂળ સ્વરૂપ;** નામ, પ્ર.બ.વ.,

તુ - તો; અવ્યય
**આગમાપાયિનઃ - આવતાંની સાથે દુઃખ આપનારા;** નામ, પ્ર.બ.વ., "આગમે એવ અપાયિનઃ" કર્મધારય. ચ = અને
**અનિત્યાઃ - અશાશ્વત;** વિશેષણ, વિશેષ્ય 'માત્રાસ્પર્શાઃ'
**સન્તિ - છે;** ક્રિ. વર્ત.કા. તૃ.પુ.બ.વ. 'અસ્'
**ભારત - હે અર્જુન;** સમ્બોધન
**તાન્ - તેઓને;** સર્વનામ, દ્વિ.બ.વ.,
**તિતિક્ષસ્વ - સહન કર;** ક્રિ.પ., આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ., 'ત્યજ્' ઇચ્છાદર્શક

**શ્લોકાર્થ:** હે કૌન્તેય! માત્રાના સ્પર્શો તો ટાઢ-તાપ, સુખ અને દુઃખ આપનાર, આવે-જાય તેવા અનિત્ય છે. હે ભારત! તેઓને સહન કર.

**વિવેચન:** ધીરને મોહ ન થાય, પરન્તુ મારામાં ધૈર્ય ન હોવાથી મને શોક થાય છે તેનો શું ઉપાય એવી શઙ્કા થાય, તે માટે ધૈર્ય પ્રાપ્ત કરવાનો ઉપાય આ શ્લોકમાં કહે છે. 'માત્રા' એટલે ઇન્દ્રિયોની વૃત્તિઓ. તેઓના પદાર્થો સાથેના સમ્બન્ધ ટાઢ-તાપ અને સુખ-દુઃખ આપનાર છે. જેમકે ત્વચાનો જલ સાથે સમ્બન્ધ થવાથી ટાઢ અથવા શીત થાય, તડકા અથવા અગ્નિ સાથે સમ્બન્ધ થવાથી તાપ લાગે. મિત્ર મળવાથી સુખ થાય, મિત્રનો વિયોગ થવાથી દુઃખ થાય. મિત્ર દર્શનથી સુખ થાય, શત્રુ દર્શનથી ઉદ્વેગ થાય વિગેરે. અથવા 'માત્રા' એટલે રૂપ વિગેરે ગુણવાળા પદાર્થો. તેઓનો ઇન્દ્રિયોની વૃત્તિઓ સાથેનો સ્પર્શ સુખ-દુઃખ વિગેરે આપનાર છે. આ માત્રાસ્પર્શો સ્થિર નથી, પરન્તુ આવે-જાય તેવા અસ્થિર છે, અનિત્ય છે. તેથી તેઓને સહન કર. તું ભરતકુલમાં ઉત્પન્ન થએલો હોવાથી તારે તેઓને સહન કરવા એ જ યોગ્ય છે. આ પ્રમાણે સહન કરવાની સાંખ્ય તથા યોગ ઉભયમાં આવશ્યકતા છે.

**યં હિ ન વ્યથયન્ત્યેતે પુરુષં પુરુષર્ષભ!।**
**સમદુઃખસુખં ધીરં સોઽમૃતત્વાય કલ્પતે ॥૧૫॥**

**હિ - નિશ્ચય;** અવ્યય
**પુરુષર્ષભ - હે અર્જુન;** સમ્બોધન, 'પુરુષેષુ ઋષભઃ' તત્પુ.
**સમદુઃખસુખમ્ - સમાન છે સુખ અને દુઃખ;** વિશેષણ, વિશેષ્ય "સમં



સુખં દુઃખં ચ યસ્ય ઇતિ"
**યમ્ - જેને;** સર્વનામ, દ્વિ.એ.વ., 'યત્'નું પુ.
**ધીરમ્ - ધીર;** વિશેષણ, વિશેષ્ય 'પુરુષમ્'
**પુરુષમ્ - પુરુષને;** નામ, દ્વિ.એ.વ.,
**એતે - આ;** સર્વનામ, પ્ર.બ.વ., 'એતદ્' (ઇન્દ્રિયવિષયાઃ = ઇન્દ્રિયોના વિષયો)
**ન - નહિ;** અવ્યય
**વ્યથયન્તિ - દુઃખ આપે છે;** ક્રિ. વ.કાળ, તૃ.પુ.બ.વ., 'વ્યથ્' ૧૦ ગણ
**સઃ - તે;** સર્વનામ, પ્ર.એ.વ., 'તદ્'
**અમૃતત્વાય - અમૃતત્વનેમાટે;** નામ, ચતુર્થી એ.વ.
**કલ્પતે - યોગ્ય છે;** ક્રિ.પ. વ.કાળ તૃ.પુ.એ.વ., 'ક્લૃપ્' ધાતુ ૧ ગણ

**શ્લોકાર્થ:** હે પુરુષરત્ન! દુઃખ અને સુખ ને સમાન જાણનાર જે ધીર પુરુષને માત્રાના સ્પર્શો વ્યથા કરતા નથી તે અમૃતત્વ પ્રાપ્ત કરવા યોગ્ય છે.

**વિવેચન:** આ પ્રમાણે સહન કરવાથી અમૃતત્વની પ્રાપ્તિ થાય છે એમ કહે છે. હે પુરુષોમાં શ્રેષ્ઠ અર્જુન! સુખ અને દુઃખ જેને સમાન છે, એવા ધીર અર્થાત્ માત્રા સ્પર્શોને સહન કરવા સમર્થ જે માણસને એ સ્પર્શો પીડતા નથી તે માણસ અમૃતત્વ એટલે મોક્ષ પ્રાપ્ત કરવા યોગ્ય છે, અથવા મોક્ષ પ્રાપ્ત કરાવનાર ભક્તિ પ્રાપ્ત કરવા યોગ્ય છે. સુખ અને દુઃખ ને સમાન ગણનારને ભગવાનની ઇચ્છાથી સર્વ આનન્દરૂપ જ જણાય છે એમ સૂચવેલ છે.

**નાસતો વિદ્યતે ભાવો નાભાવો વિદ્યતે સતઃ।**
**ઉભયોરપિ દૃષ્ટોન્તઃ ત્વનયોઃ તત્ત્વદર્શિભિઃ ॥૧૬॥**

**અસતઃ - નથી તેનો;** નામ, ષષ્ઠી એ.વ.,
**ભાવ - અસ્તિત્વ, હોવાપણું;** નામ, પ્ર.એ.વ., પુ. 'ભાવ'
**ન - નથી;** અવ્યય
**વિદ્યતે - જણાય છે;** ક્રિ. કર્મણિ વ.કાળ, તૃ.પુ.એ.વ., 'વિદ્' ૨ ગણ
**તુ - અને;** અવ્યય
**સતઃ - છે તેનો;** નામ, ષષ્ઠી એ.વ.,
**અભાવઃ - નહિ હોવાપણું;** નામ, પ્ર.એ.વ.,

**ન** - **નથી;** અવ્યય
**વિદ્યતે** - **જણાય છે;** ક્રિ. વ.કાળ કર્મણિ તૃ.પુ.એ.વ., 'વિદ્'
**ઈત્થં** - **આ પ્રકારે**
**અનયોઃ** - **બન્નેનો;** સર્વનામ, ષષ્ઠી દ્વિ.વચન. 'ઇદમ્'
**ઉભયોઃ** - **બન્નેનો;** સર્વનામ, ષ.દ્વિ.વ.,
**અપિ** - **પણ;** અવ્યય
**અન્તઃ** - **તત્વ;** નામ, પ્ર.એ.વ.,
**તત્ત્વદર્શિભિઃ** - **તત્ત્વને જાણનારાઓ વડે;** નામ, તૃ.બ.વ., પુ. 'તત્ત્વદર્શિન્'
**દૃષ્ટઃ** - **જોયેલું;** ભૂ.કૃદન્ત, વિશેષણ, વિશેષ્ય 'અન્તઃ'

**શ્લોકાર્થ :** અસત્‌નો ભાવ હોતો નથી. સત્‌નો અભાવ હોતો નથી. તત્ત્વદર્શીઓએ આ ઉભયનો પણ નિર્ણય કરેલો છે.

**વિવેચન :** આ શ્લોકમાં એમ જણાવે છે કે આત્માને અસ્તિત્વરૂપ ( થવાપણાનો ) વિકાર નથી, અને તેથી તે શોક કરવા યોગ્ય નથી. અસ્તિત્વરૂપ વિકાર તો પદાર્થની ઉત્પત્તિ થયા પછી તેનામાં થાય છે, પણ આત્માની તો ઉત્પત્તિ જ થતી ન હોવાથી તેનામાં એવો વિકાર નથી. "આ પહેલાં અસત્ હતું, તેમાંથી ખરેખર સત્ થયું" એ શ્રુતિથી અસદ્વાદ ( જગત્ અસત્ છે એવો વાદ ) ખોટો હોવાનું સિદ્ધ કરેલું છે, તેમ આ શ્લોકમાં ભગવાન્ અસદ્વાદ ખોટો હોવાનું જણાવે છે.

'અસત્' એટલે ત્રણે કાલમાં ન હોય તેવા પદાર્થ; જેમકે આકાશમાં ઉગેલું ફૂલ વિગેરે. આવા પદાર્થોનો ભાવ એટલે સત્તા હોતી નથી. તેમ જ 'સત્' એટલે ત્રણે કાલમાં જે હોય જ, કોઈ પણ સમયે ન હોય તેવું બને જ નહિ, તેવા પદાર્થ. આત્મા સત્ છે. તે ક્યારેય પણ ન હોય તેવું બને જ નહિ કારણ કે "આત્મા અમુક સમયે ન હતો" "આત્મા નથી" અથવા "આત્મા અમુક સમયે નહિ હોય" એવું જણાતું જ નથી. પરન્તુ દેહ વિગેરે પદાર્થ "અમુક સમય પછી હશે જ" એમ કહી શકાતું નથી, કારણ કે આવા પાદાર્થોનો નાશ થાય છે. તેથી તે 'સત્' નથી. વળી તે 'અસત્' છે એમ પણ કહી શકાય નહિ, કારણ કે તેમની ઉત્પત્તિ થાય છે, અને 'અસત્' પદાર્થનો ભાવ ( એટલે ઉત્પત્તિ ) થતી નથી. તેથી આ દેહ વિગેરે જગત્ 'સદ્સત્' છે. તેથી જ આ પદાર્થો અનિત્ય છે, કારણ કે ઉત્પત્તિ થયા પહેલાં તે હોતા નથી અને નાશ થયા પછી પણ હોતા નથી. પ્રકૃતિમાંથી તેમની ઉત્પત્તિ થાય છે અને પ્રકૃતિ સચ્ચિદાનન્દ બ્રહ્મમાંથી ઉત્પન્ન થાય છે, તેથી બ્રહ્મથી આ પદાર્થો ભિન્ન નથી એવી દૃષ્ટિથી જ વિષ્ણુપુરાણમાં "હે ઉત્તમ મુનિ! તેથી આ સર્વ જગત્ ક્ષય ન થાય તેવું નિત્ય છે!" એમ કહેલું છે. વેદસ્તુતિ ( ૧૦ ૮૭।૩૬ ) માં આ જગતને અસત્ જ કહેલું નથી, પરન્તુ ત્યાં તે સત્ નથી એમજ કહેલું છે. તે સત્ હોવાની કલ્પના વ્યવહારમાટે અંધપરમ્પરા પ્રમાણે કરાયેલી છે એમ તે સ્થળે જ કહેલું છે.

અથવા સત્ બે પ્રકારનું છે શુદ્ધ અને અશુદ્ધ. આત્મામાં રહેલું સત્ત્વ શુદ્ધ છે, જડ પદાર્થોમાં રહેલું સત્ત્વ અશુદ્ધ છે. અસત્ એટલે આત્મામાં જેવું શુદ્ધ સત્ત્વ જેમાં ન હોય તેવા દેહ વિગેરે પદાર્થો. આવા પદાર્થોનો ભાવ હોતા નથી એટલે આવા પદાર્થોમાં શુદ્ધ સત્ત્વ હોતું નથી, પરન્તુ વિકાર પામે તેવું અસ્થિર સત્ત્વ હોય છે. ( અશુદ્ધ સત્ત્વ હોય તે પદાર્થોનો વિકાર થાય છે. શુદ્ધ સત્ત્વવાળા આત્મામાં વિકાર થતો નથી. અશુદ્ધ સત્ત્વવાળા પદાર્થોમાં વિકાર થાય છે એટલે તેઓની આકૃતિ વિગેરે બદલાય છે, શુદ્ધ સત્ત્વવાળા આત્મામાં તેવો કાંઈ પણ વિકાર થતો નથી ) તેમ જ સત્ એટલે શુદ્ધ સત્ત્વવાળા આત્માનો અભાવ હોતો નથી એટલે તેમાં વિકાર પામે તેવું અસ્થિર સત્ત્વ હોતું નથી. આવો સત્ અને અસત્ ઉભય પદાર્થોનો નિર્ણય તત્ત્વદર્શીઓએ કરેલો છે. આથી એમ કહેવાયું કે આત્માને વૃદ્ધિ અને વિપરિણામ ( ફેરફાર ) નામના વિકારો પણ થતા નથી.

**અવિનાશિ તુ તદ્ વિદ્ધિ યેન સર્વમ્ ઇદં તતમ્।**
**વિનાશમ્ અવ્યયસ્યાસ્ય ન કશ્ચિત્ કર્તુમ્ અર્હતિ ॥૧૭॥**

**અવિનાશિ** - **શાશ્વત;** વિશેષણ, વિશેષ્ય 'તત્'
**તુ** - **તો;** અવ્યય
**તદ્** - **તે;** સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.
**વિદ્ધિ** - **જાણ;** ક્રિ. આજ્ઞાર્થ દ્વિ.પુ.એ.વ., ૨ જો ગણ 'વિદ્' આત્મને.
**યેન** - **જેનાથી;** સર્વનામ, તૃ.એ.વ., 'યત્' પુ.
**ઇદં** - **આ;** આ સર્વનામ, પ્ર.એ.વ. નપુ.
**સર્વમ્** - **બધું;** સર્વનામ, પ્ર.એ.વ., નપુ.

તતમ્ - ફેલાયેલો; ભૂ.કૃદન્ત, વિશેષણ, વિશેષ્ય 'સર્વમ્'
અસ્તિ - છે; ક્રિ.પ., વર્ત.કા. તૃ.એ.વ. 'અસ્'
અસ્ય - આનો; સર્વનામ, ષ.એ.વ., 'ઇદમ્'
અવ્યયસ્ય - અવ્યયનો; નામ, ષ.એ.વ., પુ. 'અવ્યય'
વિનાશમ્ - વિનાશ; નામ, દ્વિ.એ.વ.
કર્તુમ્ - કરવાને; હેત્વર્થ કૃદન્ત. કશ્ચિત્ - કોઈ પણ; સર્વનામ, પ્ર.એ.વ.,
ન - નહિ; અવ્યય
અર્હતિ - લાયક છે; ક્રિ. વ.કાળ તૃ.પુ.એ.વ., ૧ ગણ 'અર્હ' પરસ્મૈ.

**શ્લોકાર્થ:** આ સર્વ જેનાથી વ્યાપ્ત છે તે અવિનાશી જાણ. આ અવ્યયનો વિનાશ કરવા કોઈ સમર્થ નથી.

**વિવેચન:** આ શ્લોકમાં એમ કહે છે કે આત્માને ક્ષય અને વિનાશ નામના વિકારો પણ થતા નથી.

આ સર્વ દેહ વિગેરે જેનાથી વ્યાપ્ત છે, જે આ દેહ વિગેરે સર્વમાં વ્યાપી રહેલ છે, અસત્ અને નાશ પામે તેવી સ્થિતિમાં હોવા છતાં પણ જેને લીધે સર્વનો 'સત્' તરીકે વ્યવહાર થાય છે, તે આત્મા અવિનાશી છે એમ જાણ. આ અવ્યય અથવા જેનો ક્ષય ન થઈ શકે તેવા આત્માનો શસ્ત્ર અગ્નિ વિગેરે કોઈ પણ ઉપાયથી નાશ કરવા કોઈ સમર્થ નથી.

**અન્તવન્ત ઇમે દેહા નિત્યસ્યોક્તાઃ શરીરિણઃ।**
**અનાશિનોઽપ્રમેયસ્ય તસ્માદ્ યુધ્યસ્વ ભારત!॥૧૮॥**

અનાશિનઃ - શાશ્વતના; વિશેષણ, વિશેષ્ય 'અપ્રમેયસ્ય'
અપ્રમેયસ્ય - પ્રમાણથી સમજી શકાતો નથી એવો; નામ, ષષ્ઠી એ.વ.
નિત્યસ્ય - નિત્યના; વિશેષણ, વિશેષ્ય 'શરીરિણઃ
શરીરિણઃ - આત્માના; નામ, ષ.એ. 'શરીરિન્'
ઇમે - આ; સર્વનામ, પ્ર.બ.વ. દેહાઃ - દેહો; નામ, પ્ર.બ.વ., પુ.
અન્તવન્તઃ - નાશવાળાઓ; વિશેષણ, વિશેષ્ય 'દેહાઃ'
ઉક્તાઃ - કહેલા છે; ભૂત કૃ., પ્ર.બ.વ. પુ.
તસ્માત્ - તે કારણે; સર્વનામ, પં.એ.વ., 'તત્'



ભારત - અર્જુન; સમ્બોધન
યુદ્ધ્યસ્વ - યુદ્ધ કર; ક્રિ. આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ., 'યુધ્' ૪ ગણ આત્મને.

**શ્લોકાર્થ:** હે ભારત! નિત્ય, નાશરહિત, અપ્રમેય આત્માના આ દેહો અન્તવાળા કહેલા છે. તેથી યુદ્ધ કર.

**વિવેચન:** હે ભારત! આત્મા નિત્ય છે, તેનો નાશ થતો નથી. આત્મા અપ્રમેય અથવા જાણી ન શકાય તેવો છે. તેના આ દેહો અન્તવાળા એટલે અસ્થિર કહેલા છે. તેથી તું શોક કર તે પણ ન કર્યા જેવો છે. તેથી શોક કરવો તજી દઈ યુદ્ધ કર.

**ય એનં વેત્તિ હન્તારં યશ્ચૈનં મન્યતે હતમ્।**
**ઉભૌ તૌ ન વિજાનીતો નાયં હન્તિ ન હન્યતે॥૧૯॥**

યઃ - જે; સર્વનામ, પ્ર.એ.વ.
એનમ્ - તેને; સર્વનામ, દ્વિ.એ.વ., 'એતદ્'નું પુ.
હન્તારમ્ - મારનારને; નામ, દ્વિ.એ.વ., 'હન્તૃ' પુ.
વેત્તિ - જાણે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'વિદ્' ૨ ગણ
ચ - અને; અવ્યય
યઃ - જે; સર્વનામ, પ્ર.એ.વ., 'યત્' પુ.
એનમ્ - તેને; સર્વનામ, દ્વિ.એ.વ., 'એતદ્' પુ.
હતમ્ - મરેલો; ભૂ.કૃ., વિશેષણ, વિશેષ્ય 'એનમ્'
મન્યતે - માને છે; ક્રિ.પ., વ.કાળ, આત્મને. તૃ.પુ.એ.વ., 'મન્' ૪ ગણ
તૌ - તેઓ; સર્વનામ, પ્ર.દ્વિ.વ. ઉભૌ - બન્ને; સર્વનામ, પ્ર.દ્વિ.વ.
એવ - જ. ન - નથી
વિજાનીતઃ - જાણતા; ક્રિ.પ., વ.કાળ, તૃ.પુ.દ્વિ.વ., વિ + જ્ઞા પરસ્મૈ. ૯ ગણ. યદ્=કે
અયમ્ - આ; સર્વનામ, પ્ર.એ.વ., 'ઇદમ્' પુ.
ન - નથી; અવ્યય
હન્તિ - હણે છે; ક્રિ.પ., તૃ.પુ.એ.વ., 'હન્' ૨ ગણ પરસ્મૈ.
ચ - અને; અવ્યય. ન - ન; અવ્યય
હન્યતે - માર્યા જાય છે. ક્રિ.પ., વ.કા., કર્મણિ તૃ.પુ.એ.વ., 'હન્' ૨ ગણ

**શ્લોકાર્થ :** જે એને હણનાર જાણે છે, અને જે એને હણાએલો જાણે છે તેઓ ઉભય જાણતા નથી કે આ હણતો નથી અને હણાતો નથી.

**વિવેચન :** આત્મા હણનાર અથવા હંણાતો હોવાનું માનવાની અહીં નિન્દા કરે છે. આત્માનો અવયવોવાળા શરીરથી વિયોગ જ થાય છે તેથી તે હણાતો કે હણતો નથી. ''પ્રાણીમાત્રની હિંસા ન કરવી'' વિગેરે વચનો પણ શરીરની દૃષ્ટિથી કહેલા છે.

**ન જાયતે મ્રિયતે વા કદાચિત્ નાયં ભૂત્વા ભવિતા વા ન ભૂયઃ ।**
**અજો નિત્યઃ શાશ્વતોઽયં પુરાણો ન હન્યતે હન્યમાને શરીરે ॥૨૦॥**

**અયમ્** - આ; સર્વનામ, પ્ર.એ.વ., 'ઇદમ્' પુ.
**કદાચિત્** - કોઈ પણ વખતે; અવ્યય
**ન** - નહિ; અવ્યય
**જાયતે** - પેદા થાય છે; ક્રિ.પ., કર્મણિ, તૃ.પુ.એ.વ., 'જન્' ૪ ગણ વ.કાળ
**નવા** - ન તો; અવ્યય
**મ્રિયતે** - મરાતો; ક્રિ.પ., સહ્યભેદ, તૃ.પુ.એ.વ., 'મૃ' ૬ ગણ વ.કાળ
**ન** - નહિ; અવ્યય
**અયં** - આ
**ભૂત્વા** - થઈને, હોઈને; સબન્ધક ભૂતકૃદન્ત
**ભૂયઃ** - ફરીથી; અવ્યય
**ભવિતા** - હોનાર; નામ, પ્ર.એ.વ., પુ. 'ભવિતૃ'
**અયમ્** - આ; સર્વનામ, પ્ર.એ.વ., 'ઇદમ્' નું પુ.
**અજઃ** - અજન્મા; નામ, પ્ર.એ.વ., ''ન જાયતે ઇતિ અજઃ'' નઞ્ તત્પુ.
**નિત્યઃ** - નિત્ય; વિશેષણ, વિશેષ્ય 'અયમ્'
**શાશ્વતઃ** - નિત્ય; વિશેષણ, વિશેષ્ય 'અયમ્'
**પુરાણઃ** - જૂનો; વિશેષણ વિશેષ્ય 'અયમ્'
**શરીરે** - શરીરમાં; નામ, સ.એ.વ., નપુ. 'શરીર'
**હન્યમાને** - મૃત હોવા છતાં; ભૂ.કૃદન્ત વિશેષણ, વિશેષ્ય 'શરીરે'
અપિ અયં - પણ આ **ન** - નથી; અવ્યય
**હન્યતે** - મરાય છે; ક્રિ.પ., વ.કાળ, કર્મણિ તૃ.પુ.એ.વ., 'હન્' ૨ ગણ

**શ્લોકાર્થ :** આ કોઈ સમયે જન્મતો નથી તેમ મરતો નથી, થઈને પુનઃ થવાનો નથી. અજ, નિત્ય, શાશ્વત અને પુરાતન આ આત્મા હણાતા શરીરમાં હણાતો નથી.



**વિવેચન :** જેનો જન્મ અથવા ઉત્પત્તિ હોય તેનું જ મૃત્યુ થઈ શકે, પરન્તુ આત્માની ઉત્પત્તિ જ નથી તો મૃત્યુ કેવી રીતે થાય એમ જણાવવા ઉત્પત્તિનો નિષેધ કરે છે. આત્મા કોઈ સમયે જન્મતો નથી; તેમજ કોઈ સમયે મરતો નથી. ''ભૂત્વા ભૂયો ન ભવિતા'' થઈને પુનઃ થવાનો નથી. આનો અર્થ એવો છે કે : ભગવાને પોતાની ક્રીડામાટે સૃષ્ટિ રચી છે. તેમાં એકવાર જે ભાવથી અમુક આત્મા થએલો તે ભાવથી ભવિષ્યમાં પુનઃ તે આત્મા થવાનો નથી. તેથી જે કાર્યમાટે આત્માને જે વખતે ભગવાને યોજેલો છે તે વખતે તે જ કાર્ય તેણે કરવું. એ પ્રમાણે કરવાથી ભગવાન્‌ની પ્રીતિ પ્રાપ્ત થાય છે. તે પ્રમાણે ન થાય તો એની યોજના વ્યર્થ થાય છે. અહીં 'ભૂત્વા=થઈને' શબ્દ યોજેલો છે તેથી આત્માની પણ ઉત્પત્તિ હોય છે એવી શઙ્કા થાય, તે દૂર કરવા આત્માને પુનઃ અજ કહેલો છે. જેનો જન્મ ન હોય તે 'અજ'. આત્મા ભગવાન્‌નો અંશ હોવાથી તેનો જન્મ હોતો નથી એટલે તે અજ છે. વળી આત્મા નિત્ય છે, શાશ્વત એટલે સદા એકભાવવાળો છે, આત્મા પુરાણ અથવા પુરાતન છે, સદા મારી સેવા કરનાર મારો દાસ છે. જે શરીરમાં તે હોય તે શરીર હણાય તોપણ આત્મા હણાતો નથી. આ શ્લોકમાં કઠોપનિષદ્ વિગેરેની શ્રુતિઓનો અર્થ કહેલો છે, અને આત્માને ઉત્પત્તિ વિગેરે વિકારો થતા નથી એમ જણાવેલ છે.

બ્રહ્મસૂત્ર ૨ા૩ા૧૭ ઉપરના અણુભાષ્યમાં આ શ્લોકનું અનુસન્ધાન કરેલું છે.

**વેદાવિનાશિનં નિત્યં ય એનમ્ અજમવ્યયમ્ ।**
**કથં સ પુરુષઃ પાર્થ કં ઘાતયતિ હન્તિ કમ્ ॥૨૧॥**

**પાર્થ** - અર્જુન; સમ્બોધન
**યઃ** - જે; સર્વનામ, પ્ર.એ.વ.,
**એનમ્** - એને; સર્વનામ, દ્વિ.એ.વ., 'એતદ્'નું
**અજમ્** - અજન્મ; વિશેષણ, વિશેષ્ય 'એનમ્'
**અવિનાશિનઃ** - શાશ્વત; વિશેષણ, વિશેષ્ય 'એનમ્'

**નિત્યમ્** - **નિત્ય;** વિશેષણ, વિશેષ્ય 'એનમ્'
**અવ્યયમ્** - **ફેરફાર થઈ શક્તો નથી જેનો;** વિશેષણ, વિશેષ્ય 'એનમ્'
**વેદ** - **જાણે છે;** ક્રિ.પ., વ.કાળ, તૃ.પુ.એ.વ., 'વિદ્' ૨ ગણ
**સઃ** - **તે;** સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'તદ્'
**પુરુષઃ** - **પુરુષ;** નામ, પ્ર.એ.વ., પુ. 'પુરુષ'
**કથમ્** - **કેવીરીતે;** અવ્યય
**કમ્** - **કોને;** સર્વનામ દ્વિ.એ.વ., કિમ્ પુ.
**ઘાતયતિ** - **હણાવે છે;** ક્રિ.પ., પ્રેરકભેદ, વ.કાળ તૃ.પુ.એ.વ., પરસ્મૈ. 'હન્' ૨ ગણ
**ચ** - **અને;** અવ્યય
**કમ્** - **કોને;** સર્વનામ, દ્વિ.એ.વ.
**હન્તિ** - **હણે છે;** ક્રિ.પ., તૃ.પુ.એ.વ., 'હન્' વ.કાળ. પરસ્મૈ.

**શ્લોકાર્થ:** હે પાર્થ! જે આને અવિનાશી, નિત્ય, અજ અને અવ્યય જાણે છે તે પુરુષ કેવી રીતે કોનો ઘાત કરાવે છે તથા કોને હણે છે?

**વિવેચન:** આત્મા હણે છે અથવા હણાય છે એવી બુદ્ધિ થવાનું કારણ અજ્ઞાન જ છે એમ દર્શાવવા આત્માનું જ્ઞાન જેને હોય તેને એવી બુદ્ધિ થઈ શકે નહિ એમ કહે છે. જે આત્માને 'અવિનાશી' એટલે વિકાર રહિત, 'નિત્ય' એટલે સદા એકરૂપ, 'અજ' એટલે જન્માદિ રહિત, અને 'અવ્યય' એટલે નાશ રહિત જાણે તે પુરુષ ક્યા સાધનથી પોતે કોઈને હણે? અર્થાત્ કોઈ પણ સાધનથી કોઈનો ઘાત કરાવી શકાતો નથી અને કોઈ પણ સાધનથી કોઈને હણી શકાતો નથી.

**વાસાંસિ જીર્ણાનિ યથા વિહાય નવાનિ ગૃહ્ણાતિ નરોઽપરાણિ।**
**તથા શરીરાણિ વિહાય જીર્ણાનિ અન્યાનિ સંયાતિ નવાનિ દેહી॥૨૨॥**

**યથા** - **જેવી રીતે;** અવ્યય
**નરઃ** - **માણસ;** નામ, પ્ર.એ.વ., પુ. 'નર'
**જીર્ણાનિ** - **જૂનાં;** વિશેષણ, વિશેષ્ય 'વાસાંસિ'
**વાસાંસિ** - **કપડાં;** નામ, દ્વિ.બ., 'વાસસ્' નપુ.
**વિહાય** - **છોડીને;** સમ્બન્ધક ભૂતકૃદન્ત



**અપરાણિ** - **બીજા;** વિશેષણ, વિશેષ્ય 'વાસાંસિ'
**નવાનિ** - **નવાં;** વિશેષણ, વિશેષ્ય 'વાસાંસિ'
**ગૃહ્ણાતિ** - **ગ્રહણ કરે છે;** ક્રિ.પ., તૃ.પુ.એ.વ., 'ગૃહ્' ૯મો ગણ પરસ્મૈ.
**તથા** - **તેવી રીતે;** અવ્યય
**દેહી** - **દેહવાળો( જીવ );** નામ, પ્ર.એ.વ., પુ. 'દેહિન્'
**જીર્ણાનિ** - **જૂનાં;** વિશેષણ, વિશેષ્ય 'શરીરાણિ'
**અન્યાનિ** - **બીજા;** વિશેષણ, વિશેષ્ય 'શરીરાણિ'
**શરીરાણિ** - **શરીરો;** નામ, દ્વિ.બ.વ., નપુ.
**વિહાય** - **છોડીને;** સમ્બન્ધક ભૂતકૃદન્ત
**નવાનિ** - **નવા;** વિશેષણ, વિશેષ્ય 'શરીરાણિ'
**સંયાતિ** - **પ્રવેશે છે.** ક્રિ.પ. તૃ.પુ.એ.વ., પરસ્મૈ. સમ્ + યા ૨ ગણ

**શ્લોકાર્થ:** જેમ જૂના વસ્ત્રોને તજી માણસ બીજાં નવાં વસ્ત્રો ગ્રહણ કરે છે તેમ જૂનાં શરીરો તજી દેહી બીજાં નવાં શરીરોમાં પ્રવેશ કરે છે.

**વિવેચન:** ''આત્મા ભલે અવિનાશી હો, પરન્તુ તેના ભોગના સાધનભૂત દેહનો વિનાશ થશે એમ જાણી હું શોક કરું છું. વળી ''ભગવાનની ક્રીડામાટે રચાએલા દેહોને હણવાથી પણ દોષ જ થવાનો હોવાથી શોક કરવો જ યોગ્ય છે'' એવી શઙ્કા થાય તે દૂર કરે છે કે માણસ જેમ જૂનાં અનુપયોગી વસ્ત્રો તજી બીજાં ઉપયોગી વસ્ત્રો ગ્રહણ કરે છે, તેવી જ રીતે આત્મા પણ મારી ક્રીડામાં અનુપયોગી થએલાં શરીરો તજી દઈ મારી ક્રીડામાં ઉપયોગી થાય તેવાં બીજાં નવીન દેહોમાં મારી ઈચ્છા પ્રમાણે પ્રવેશ કરે છે, તેથી કર્મથી બંધાતા અન્ય નવીન શરીરો અવશ્ય પ્રાપ્ત થવાનાં હોવાથી જૂનાં શરીરોના નાશ વિષે શોક કરવો યોગ્ય નથી.

**નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવકઃ।**
**ન ચૈનં ક્લેદયન્ત્યાપો ન શોષયતિ મારુતઃ॥૨૩॥**

**એનમ્** - **( આને )તેને;** સર્વનામ, દ્વિ.એ.વ., 'એતદ્'
**શસ્ત્રાણિ** - **શસ્ત્રો;** નામ, પ્ર.બ.વ., નપુ. 'શસ્ત્ર'
**ન** - **નહિ;** અવ્યય

**છિન્દન્તિ** - **કાપે છે;** ક્રિ. વ.કાળ તૃ.પુ.બ.વ., 'છિદ્' પરસ્મૈ. ૭ ગણ
**એનમ્** - **( આને ) તેને;** સર્વનામ, દ્વિ.એ.વ, 'એતદ્' નું પુ.
**પાવકઃ** - **અગ્નિ;** નામ, પ્ર.એ.વ., પુ. 'પાવક'
**ન** - **નહિ;** અવ્યય
**દહતિ** - **બાળે છે;** ક્રિ. વ.કાળ, તૃ.પુ.એ.વ., પરસ્મૈ. 'દહ્' ૧ ગણ
**એનમ્** - **તેને;** સર્વનામ, દ્વિ.એ.વ.,
**આપઃ** - **જળ;** નામ, પ્ર.બ.વ., સ્ત્રી.
**ન** - **નહિ;** અવ્યય
**ક્લેદયન્તિ** - **પલાળે છે;** ક્રિ.પ., વ.કાળ, તૃ.પુ.બ.વ., 'ક્લિદ્' ૪ ગણ, પ્રેરક
**ન, ચ** - **નહિ, અને;** અવ્યય
**મારુતઃ** - **પવન;** નામ, પ્ર.એ.વ.
**શોષયતિ** - **સુકાવે છે;** ક્રિ.પ., વ.કાળ, તૃ.પુ.એ.વ., 'શુષ્' પરસ્મૈ. ૪ ગણ પ્રેરકભેદ

**શ્લોકાર્થ:** શસ્ત્રો આનો છેદ કરતા નથી, અગ્નિ આને બાળતો નથી, જલ આને ભીંજવતું નથી, અને વાયુ શોષતો નથી.

**વિવેચન:** સારી રીતે સમજી શકાય તે માટે આત્મા અવિનાશી છે એવો પુનઃ બોધ કરે છે. શાસ્ત્રો આત્માને છેદતાં નથી, અગ્નિ બાળતો નથી, જલ ભીંજવતુ નથી અને વાયુ શોષતો નથી. તેથી યુદ્ધમાં તું શસ્ત્ર વિગેરેનો પ્રયોગ કરીશ તો પણ તેને કાંઈ થવાનું નથી. શસ્ત્ર વિગેરે પણ જ્યાં મારી ઈચ્છા હોય ત્યાં જ પોતાનો પ્રભાવ દર્શાવી શકે છે. તેઓની પોતપોતાના ધર્મ પ્રમાણે કાર્ય કરવાની શક્તિ પણ મારી ઈચ્છાને જ આધીન છે. તેથી જ શ્રીમદ્‌ભાગવતમાં "મારા ભયથી આ વાયુ વાય છે" વિગેરે કહેલું છે. તેથી શસ્ત્ર વિગેરે આત્માને કાંઈ કરી શકતા નથી, અને મારી ઈચ્છાથી જ ત્યાજ્ય દેહોમાં તેઓનો પ્રભાવ ચાલે છે એમ જાણી યુદ્ધ કરવા તૈયાર થઈ જા.

**અચ્છેદ્યોઽયમ્ અદાહ્યોઽયમ્ અક્લેદ્યોઽશોષ્ય એવ ચ।**
**નિત્યઃ સર્વગતસ્થાણુઃ અચલોઽયં સનાતનઃ ॥૨૪॥**

**અયમ્** - **આ;** સર્વનામ, પ્ર.એ.વ., 'ઇદમ્'



**અચ્છેદ્યઃ** - **કપાય નહિ તેવો;** વિશેષણ, વિશેષ્ય 'અયમ્'
**અયમ્** - **આ;** પ્ર.એ.વ., 'ઇદમ્'
**અદાહ્યઃ** - **બાળી શકાતો નથી;** વિશેષણ, વિશેષ્ય 'ઇદમ્'
**અક્લેદ્યઃ** - **ભીંજાવી શકાતો નથી;** વિશેષણ, વિશેષ્ય 'અયમ્'
**એવ ચ** - **અને, વળી;** અવ્યય
**અશોષ્યઃ** - **સુકાતો નથી;** વિશેષણ, વિશેષ્ય 'અયમ્'
**અસ્તિ** - **છે;** ક્રિ. વર્ત.કા. તૃ.પુ. એ.વ. 'અસ્'
**અયમ્** - **આ;** સર્વનામ, પ્ર.એ.વ., 'ઇદમ્' પુ.
**નિત્યઃ** - **નિરન્તર;** વિશેષણ, વિશેષ્ય 'અયમ્'
**સર્વગતઃ** - **સર્વવ્યાપક, બધે જાય એવો;** વિશેષણ, વિશેષ્ય 'અયમ્'
**અચલઃ સ્થાણુઃ** - **અચળ સ્થિર;** વિશેષણ, વિશેષ્ય 'અયમ્'
**ચ** - **અને;** અવ્યય
**સનાતનઃ** - **સનાતન;** નામ, પ્ર.એ.વ., પુ.
**અસ્તિ** - **છે;** ક્રિ. વર્ત.કા. તૃ.પુ. એ.વ. 'અસ્'

**શ્લોકાર્થ:** એ છેદી ન શકાય તેવો, બાળી ન શકાય તેવો, ભીંજવી ન શકાય તેવો અને વળી શોષી ન શકાય તેવો, નિત્ય, વ્યાપક, સ્થિર, અચલ અને સનાતન છે.

**વિવેચન:** આ આત્મા છેદી, બાળી, ભીંજવી અથવા શોષી ન શકાય તેવો છે. તે નિત્ય છે એટલે તેની ઉત્પત્તિ નથી. વ્યાપક છે. જીવસ્વરૂપથી વ્યાપક નથી, પરન્તુ તે બ્રહ્મનો અંશ હોવાથી બ્રહ્મભાવના અભિપ્રાયથી અહીં તેને વ્યાપક કહેલો છે. ચૈતન્ય જીવનો ગુણ છે અને ચૈતન્ય વ્યાપક છે તેથી પોતાન ચૈતન્ય ગુણને લીધે જીવને વ્યાપક કહેલો છે. મૂલમાં 'સર્વગતઃ' શબ્દ છે તેનો અર્થ વ્યાપક કહેલો છે. જીવનો ચૈતન્ય ગુણ સર્વ શરીરમાં વ્યાપી રહેલો હોવાથી જીવને સર્વગત અથવા વ્યાપક કહેલો છે. વળી તે સ્થિર છે અને અચલ અથવા ક્રિયારહિત છે. સનાતન અથવા નિત્ય છે. આકાશ પણ નિત્ય નથી, કારણ કે "તેથી આમાંથી ખરેખર આકાશ ઉત્પન્ન થયું" એમ આકાશની ઉત્પત્તિ થવાનું કહેલ છે.

શ્રીભાગવત્ ૨।૭।૪૯ ઉપરના સુબોધિનીમાં આ શ્લોકનું અનુસન્ધાન કરેલું છે.

**અવ્યક્તોऽયમ્ અચિન્ત્યોऽયમ્ અવિકાર્યોऽયમ્ ઉચ્યતે।**
**તસ્માદ્ એવં વિદિત્વૈનં નાનુશોચિતુમ્ અર્હસિ॥૨૫॥**

**અયમ્ - આ;** સર્વનામ, પ્ર.એ.વ., 'ઇદમ્' પુ.
**અવ્યક્તઃ - ખુલ્લો પડે નહિ એવો;** વિશેષણ, વિશેષ્ય 'અયમ્'
**અયમ્ - આ;** સર્વનામ, પુ.એ.વ., 'ઇદમ્'
**અવિકાર્યઃ - વિકાર વિનાનો;** વિશેષણ, વિશેષ્ય 'અયમ્'
**ચ - અને;** અવ્યય
**અયમ્ - આ;** સર્વનામ, પ્ર.એ.વ., 'ઇદમ્'
**અચિન્ત્યઃ - ચિન્ત્વન થાય નહિ એવો;** વિશેષણ, વિશેષ્ય 'અયમ્'
**ઉચ્યતે - કહેવાય છે;** ક્રિ.પ., કર્મણિ તૃ.પુ.એ.વ., 'વચ્'નું ૨ ગણ
**તસ્માત્ - તેથી;** સર્વનામ, પ્ર.એ.વ., અવ્યય
**એનમ્ - આને, તેને;** સર્વનામ, દ્વિ.એ.વ., 'એતદ્'નું
**એવમ્ - જ;** અવ્યય. **વિદિત્વા - જાણીને;** વિધેય કૃદ.
**અનુશોચિતુમ્ - શોક કરવાને;** હેત્વર્થ કૃદન્ત
**ન - નહિ;** અવ્યય
**અર્હસિ - તું યોગ્ય છે;** ક્રિ.પ., વ.કાળ, દ્વિ.પુ.એ.વ., 'અર્હ્' ૧ ગણ પરસ્મૈ.

**શ્લાકાર્થ:** આને અવ્યક્ત, અચિન્ત્ય, અને અવિકાર્ય કહે છે. તેથી આને તેવો જાણીને શોક કર નહિ.

**વિવેચન:** આ 'અવ્યક્ત' એટલે લૌકિક ઇન્દ્રિયોથી ગ્રહણ થઈ શકે નહિ તેવો, 'અચિન્ત્ય' એટલે મનથી પણ વિચારી શકાય નહિ તેવો, અને 'અવિકાર્ય' એટલે જેનામાં વિકાર કરી શકાય નહિ તેવો કહેવાય છે. પ્રકૃતિથી પર હોય તે મનથી પણ વિચાર ન કરી શકાય તેવો હોય છે. પ્રકૃતિમાં વિકાર થાય છે, આત્મામાં વિકાર થતા નથી. આત્માને આવો જાણીને તેનો શોક કરવો તજી દે.

અહીં સુધી વિદ્વાનોએ નિર્ણય કરેલા સિદ્ધાન્ત પ્રમાણે આત્માનું સ્વરૂપ કહ્યું. એ પ્રમાણે આત્માના સ્વરૂપનું જ્ઞાન હોય તો યુદ્ધ કરવામાં કાંઈ શોક કરવા જેવું નથી એવો ઉપદેશ કરી, હવે અન્ય રીતે વિદ્વાનોનો સિદ્ધાન્ત ન રુચે તોપણ અજ્ઞાનીઓના મત પ્રમાણે પણ યુદ્ધ કરવામાં કાંઈ શોક કરવા જેવું નથી એમ કહે છે:

**મૃતસ્ય - મરેલાનો;** વિશેષણ, વિશેષ્ય 'પદાર્થસ્ય' ભૂ.કૃ.
**ધ્રુવમ્ - ચોક્કસ;** વિશેષણ, વિશેષ્ય 'જન્મન્'
**જન્મ - જન્મ;** નામ, પ્ર.એ.વ., 'જન્મન્' નપુ.
**અસ્તિ - છે;** ક્રિ. વર્ત.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'
**તસ્માત્ - તેથી;** અવ્યય
**અપરિહાર્યે - જેનો ઉપાય થઈ શક્તો નથી;** વિધ્યર્થ કૃદન્ત
**અર્થે - પ્રયોજનમાં, માટે; નામ, સ.એ.વ., પુ. 'અર્થ'**
**ત્વમ્ - તું;** સર્વનામ, પ્ર.એ.વ., 'યુષ્મત્'
**શોચિતુમ્ - શોક કરવાને;** હેત્વર્થકૃદન્ત
**ન - નહિ;** અવ્યય
**અર્હસિ - તું યોગ્ય છે;** ક્રિ.પ., દ્વિ.પુ.એ.વ., 'અર્હ્' પરસ્મૈ. ૧ ગણ

**શ્લોકાર્થ:** કારણ કે જન્મેલાનું મૃત્યુ નિશ્ચિત છે, અને મરેલાનો જન્મ નિશ્ચિત છે. તેથી ફેરવી ન શકાય તેવી બાબતમાં તારે શોક કરવો યોગ્ય નથી.

**વિવેચન:** કારણ કે આ સિદ્ધાન્ત પ્રમાણે જેનો જન્મ થયો તે મરવાનો જ. અને જેનું મરણ થયું તેનો જન્મ પણ થવાનો જ. મૃત્યુ અને જન્મ ટાળી શકાય તેમ નથી તો પછી તે બાબતમાં શોક કરવો શું કામનો?

**અવ્યક્તાદીનિ ભૂતાનિ વ્યક્તમધ્યાનિ ભારત।**
**અવ્યક્તનિધનાન્યેવ તત્ર કા પરિદેવના ॥૨૮॥**

**ભારત - ભારત;** સમ્બોધન
**ભૂતાનિ - ભૂતો;** નામ, પ્ર.બ.વ., નપુ.
**અવ્યક્તાદીનિ - અવ્યક્તથી ઉત્પન્ન થનારા;** વિશેષણ, વિશેષ્ય 'ભૂત્', 'અવ્યક્ત આદૌ યસ્ય ઇતિ' બહુવ્રીહિ
**વ્યક્તામધ્યાનિ - મધ્યમાં ખુલ્લો છે;** વિશેષણ, વિશેષ્ય ''ભૂતવ્યક્તમ્ મધ્યમ્ યસ્ય ઇતિ'' બહુવ્રીહિ
**ચ - અને;** અવ્યય
**અવ્યક્તનિધનાનિ - અસ્પષ્ટ જેને અન્ત;** ભૂ.કૃ. વિશેષણ, ''અવ્યક્તં નિધનં યસ્ય'' બહુવ્રીહિ



**એવ - જ;** અવ્યય. **તત્ર - ત્યાં;** અવ્યય
**કા - શી;** સર્વનામ, પ્ર.એ.વ., 'કિમ્' સ્ત્રી.
**પરિદેવના - શોક (ચિન્તા);** નામ, પ્ર.એ.વ., સ્ત્રી 'પરિદેવના'

**શ્લોકાર્થ:** હે ભારત! ભૂતો અવ્યક્તમાંથી ઉત્પન્ન થાય છે, મધ્યમાં વ્યક્ત હોય છે અને અવ્યક્તમાં જ લય પામે છે. તેમાં ચિન્તા શી?

**વિવેચન:** પુનઃ સાંખ્યરીતિથી ઉપદેશ કરે છે. હે ભારત! સર્વ ભૂતો અવ્યક્તમાંથી ઉત્પન્ન થાય છે. મધ્યે વ્યક્ત હોય છે ને પાછા અવ્યક્તમાંજ તેઓનો લય થાય છે તેમાં ચિન્તા શી? તેથી તું શત્રુઓને મારીશ તો પણ તારો પણ ઉત્પત્તિસ્થાનમાં જ લય થશે, તેથી શોક કરવાનું કારણ નથી.

આ શ્લોકમાં 'ભૂત' શબ્દના બે અર્થ સમ્ભવે છે. ૧. ભૂત = શરીરો. શરીરો 'અવ્યક્ત' એટલે પ્રકૃતિમાંથી ઉત્પન્ન થાય છે, મધ્યે જગતમાં વ્યક્ત હોય છે એટલે જોઈ શકાય છે, પુનઃ તેઓનો લય અવ્યક્ત પ્રકૃતિમાં થાય છે. ૨. ભૂત = જીવ. 'અવ્યક્ત' એટલે અક્ષર. અક્ષરબ્રહ્મમાંથી જીવોનું વ્યુચ્ચરણ થાય છે. જેમ અગ્નિમાંથી તણખાઓ નીકળે છે તેમ અક્ષરમાંથી જીવો વ્યુચ્ચરે છે, મધ્યમાં તેઓ દેહો ધારણ કરે છે એટલે વ્યક્ત થાય છે, અને પુનઃ અક્ષરમાં તેઓનો સમાવેશ થાય છે.

શ્રીભાગવત્ ૧૦।૧૩।૪૭ ઉપરનાં સુબોધિનીમાં આ શ્લોકનું અનુસન્ધાન કરેલું છે ॥૨૮॥

**આશ્ચર્યવત્ પશ્યતિ કશ્ચિદ્ એનમ્ આશ્ચર્યવદ્ વદતિ તથૈવ ચાન્યઃ।**
**આશ્ચર્યવત્ ચૈનમ્ અન્યઃ શ્રૃણોતિ શ્રુત્વાપ્યેનં વેદ ન ચૈવ કશ્ચિત્॥૨૯॥**

**કશ્ચિત્ - કોઈક;** સર્વનામ, પ્ર.એ.વ., કિમ્ + ચિત્ પુ.
**એનમ્ - આને;** સર્વનામ, દ્વિ.એ.વ., 'એતદ્'
**આશ્ચર્યવત્ - આશ્ચર્યવત્;** અવ્યય
**પશ્યતિ - તે જુએ છે;** ક્રિ.પ. તૃ.પુ.એ.વ., 'દશ્' ૧ ગણ પરસ્મૈ.
તથા એવ ચ - તેમ જ
**અન્યઃ - બીજો;** સર્વનામ, પ્ર.એ.વ., 'અન્યત્' નું
**આશ્ચર્યવત્ - આશ્ચર્યવત્;** અવ્યય
**વદતિ - કહે છે;** ક્રિ.પ., વ.કાળ તૃ.પુ.એ.વ., 'વદ્' ૧ ગણ

ચ - અને; અવ્યય
અન્યઃ - બીજો; સર્વનામ, પ્ર.એ.વ. એનમ્ - એને; કિ., એ.વ., 'એતત્'
આશ્ચર્યવત્ - આશ્ચર્યવત્; અવ્યય
શૃણોતિ - તે સાંભળે છે; કિ.પં., વ.કાળ તૃ.પુ.એ.વ., પરસ્મૈ. 'શ્રુ' ૫ ગણ
ચ - અને; અવ્યય
કશ્ચિત્ - કોઈક; સર્વનામ, પ્ર.એ.વ., 'કિઞ્ચિત્'નું પુ.
શ્રુત્વા - સાંભળીને; વિધેય કૃદન્ત. અપિ - પણ; અવ્યય
એનમ્ - એને; સર્વનામ, દ્વિ.એ.વ., 'એતદ્'
ન એવ - નહિ જ; અવ્યય
વેદ - જાણે છે; કિ.પ., તૃ.પુ.એ.વ.,

**શ્લોકાર્થ:** કોઈ આને આશ્ચર્યવત્ જૂએ છે, તેમ જ બીજો આશ્ચર્યવત્ કહે છે. અન્ય આને આશ્ચર્યવત્ સાંભળે છે, અને સાંભળીને પણ કોઈ આને જાણતું નથી.

**વિવેચન:** એ પ્રમાણે કાંઈ શોક કરવા જેવું ન હોય તો વિદ્વાનો પાપ કરવાથી નરકની પ્રાપ્તિ થશે એમ શોક શા માટે કરતા હશે? એવી શઙ્કા થાય, તે માટે આ શ્લોક યોજેલો છે. કોઈ આને આશ્ચર્યવત્ જુએ છે. આત્મા નિત્ય છે, અવ્યક્ત છે, વિગેરે જ્ઞાન શાસ્ત્રમાંથી પ્રાપ્ત થાય છે, છતાં જન્મ વિગેરેના અનુભવ થાય છે. તેથી ઈન્દ્રજાલ પેઠે આ સર્વ માયાથી થતું હોય તેમ જૂએ છે. તેવી જ રીતે માયાથી મોહિત થઈ બીજા તેને આશ્ચર્યવત્ કહે છે, એટલે આત્મા આશ્ચર્યવત્ છે એવો લોકોને બોધ કરે છે, અને જ્ઞાન રહિત શ્રોતાઓ તેને આશ્ચર્યવત્ સાંભળે છે. એ પ્રમાણે સાંભળવા છતાં આ ત્રણમાંથી કોઈ "આત્મા આવો છે" એમ નિશ્ચયપૂર્વક જાણતું નથી, તેથી સર્વ અજ્ઞાનને લીધે જ શોક કર્યા કરે છે એમ જાણ.

**દેહી નિત્યમ્ અવધ્યોઽયં દેહે સર્વસ્ય ભારત!।**
**તસ્માત્ સર્વાણિ ભૂતાનિ ન ત્વં શોચિતુમર્હસિ ॥૩૦॥**

ભારત - અર્જુન; સમ્બોધન
અયમ્ - આ; સર્વનામ, પ્ર.એ.વ., 'ઇદમ્' પુ. વિશેષણ



દેહી - શરીરવાળો; નામ, પ્ર.એ.વ., પુ. 'દેહિન'
સર્વસ્ય - બધાનું; સર્વનામ, ષ.એ.વ.,
દેહે - શરીરમાં; નામ, સ.એ.વ., પુ. 'દેહ'
નિત્યમ્ - હંમેશા; અવ્યય
અવધ્યઃ - વધ ન થઈ શકે એવો; વિશેષણ, વિશેષ્ય 'દેહી'
અસ્તિ - છે; કિ. વર્ત.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'
તસ્માત્ - તેથી; અવ્યય
સર્વાણિ - બધા; સર્વનામ, દ્વિ.બ.વ.,
ભૂતાનિ - ભૂતો; નામ, દ્વિ.બ.વ., નપુ. 'ભૂત'
ત્વમ્ - તું; સર્વનામ, પ્ર.એ.વ., 'યુષ્મત્'
શોચિતુમ્ - શોક કરવાને; હેત્વર્થ કૃદન્ત. ન - નહીં; અવ્યય
અર્હસિ - યોગ્ય છે; કિ.પ., વ.કાળ દ્વિ.પુ.એ.વ., 'અર્હ' પરસ્મૈ. ૧ ગણ

**શ્લોકાર્થ:** હે ભારત! સર્વના દેહમાં આ દેહી નિરન્તર અવધ્ય છે. તેથી સર્વ ભૂતોનો શોક કરવો તને યોગ્ય નથી.

**વિવેચન:** પાછળના સર્વ ઉપદેશનો ઉપસંહાર કરે છે. સર્વના અનેક પ્રકારના દેહોમાં રહેલો દેહી જીવ સદા અવધ્ય છે. તેનો વધ થઈ શકે તેમ નથી, તેથી કોઈ પ્રાણીનો શોક કરવો યોગ્ય નથી.

**સ્વધર્મમપિ ચાવેક્ષ્ય ન વિકમ્પિતુમ્ અર્હસિ।**
**ધર્મ્યાદ્ધિ યુદ્ધાત્ શ્રેયોઽન્યત્ ક્ષત્રિયસ્ય ન વિદ્યતે॥૩૧॥**

ચ - અને; અવ્યય
સ્વધર્મમ્ - પોતાના ધર્મને; નામ, દ્વિ.એ.વ.,
અવેક્ષ્ય - જોઈને; વિધેય કૃદન્ત
અપિ - વળી; અવ્યય
ત્વમ્ - તું; સર્વનામ, પ્ર.પુ.એ.વ. 'યુષ્મત્'
વિકમ્પિતુમ્ - કમ્પવાને, ધ્રૂજવાને; હેત્વર્થ કૃદન્ત
ન - નહિ; અવ્યય
અર્હસિ - તું યોગ્ય છે; કિ. વ.કાળ દ્વિ.પુ.એ.વ., 'અર્હ' ૧ ગણ
હિ - નિશ્ચય; અવ્યય

**ધર્મ્યાત્** - **ધર્મ જેમાં** રહેલો છે એવું; વિશેષણ, વિશેષ્ય 'યુદ્ધાત'
**યુદ્ધાત્** - **યુદ્ધથી;** નામ, પં.એ.વ.,
**અન્યત્** - **બીજું;** વિશેષણ, વિશેષ્ય 'શ્રેયઃ' સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
**શ્રેયઃ** - **કલ્યાણ;** નામ, પ્ર.એ.વ.,
**ક્ષત્રિયસ્ય** - **ક્ષત્રિયનું;** નામ, ષષ્ઠી એ.વ., પુ. 'ક્ષત્રિય'
**ન** - **નહિ;** અવ્યય
**વિદ્યતે** - **જણાયું;** ક્રિ.પ., તૃ.પુ.એ.વ., 'વિદ્' ૪ ગણ કર્તરિ

**શ્લોકાર્થ:** સ્વધર્મને જોઈને પણ તારે કમ્પવું યોગ્ય નથી, કારણ કે ક્ષત્રિયને ધર્મ્ય યુદ્ધથી અન્ય કાંઈ શ્રેયઃ નથી.

**વિવેચન:** તારા ક્ષત્રિય ધર્મ પ્રતિ દષ્ટિ કરીને પણ તારે કમ્પવું યોગ્ય નથી, કારણ કે ક્ષત્રિયનો ઉત્તમ ધર્મ ધાર્મિક યુદ્ધ જ છે. આવા યુદ્ધથી અન્ય કાંઈ ક્ષત્રિયોમાટે શ્રેયસ્કર છે જ નહિ. કારણ કે ક્ષત્રિયોને પરલોક વિગેરેની પ્રાપ્તિ પણ આવા યુદ્ધથી જ થાય છે.

**યદચ્છયા ચોપપન્નં સ્વર્ગદ્વારમ્ અપાવૃતમ્।**
**સુખિનઃ ક્ષત્રિયાઃ પાર્થ લભન્તે યુદ્ધમ્ ઈદશમ્॥૩૨॥**

**પાર્થ** - **અર્જુન;** સમ્બોધન
**યદચ્છયા** - **પોતાની મેળે;** નામ, તૃ.એ.વ.,
**ઉપપન્નમ્** - **મળેલું, પ્રાપ્ત થયેલું;** વિશેષણ, વિશેષ્ય 'સ્વર્ગદ્વારમ્'
**ચ** - **અને;** અવ્યય
**અપાવૃત્તમ્** - **ખુલ્લું થયેલું;** ભૂ.કૃ., વિશેષણ,વિશેષ્ય 'સ્વર્ગદ્વારમ્'
**સ્વર્ગદ્વારં** - **સ્વર્ગના દ્વારરૂપ;** અ.અ.ન. દ્વિ.એ.
**ઈદશમ્** - **આવું;** વિશેષણ, વિશેષ્ય 'યુદ્ધમ્'
**યુદ્ધમ્** - **યુદ્ધને;** નામ, દ્વિ.એ.વ.,
**સુખિનઃ** - **સુખી;** વિશેષણ, વિશેષ્ય 'ક્ષત્રિયાઃ'
**ક્ષત્રિયાઃ** - **ક્ષત્રિયો;** નામ, પ્ર.બ.વ.,
**લભન્તે** - **મેળવે છે;** ક્રિ.પ., વ.કા. તૃ.પુ.બ.વ., 'લભ્' ૧ ગણ આત્મને.

**શ્લોકાર્થ:** હે પાર્થ! ઉઘાડાં સ્વર્ગદ્વારરૂપ અકસ્માત પ્રાપ્ત થતું આવું યુદ્ધ



ભાગ્યશાળી ક્ષત્રિયોને મળે છે.

**વિવેચન:** પાર્થ! અકસ્માત્ ભગવદિચ્છાથી પ્રાપ્ત થતું આ યુદ્ધ ઉઘાડાં સ્વર્ગદ્વારારૂપ છે. આવું યુદ્ધ સુખી અથવા ભાગ્યશાળી ક્ષત્રિયોને જે પ્રાપ્ત થાય છે. આવું યુદ્ધ જેને પ્રાપ્ત થાય તે અવશ્ય ભાગ્યશાળી છે, કારણ કે ભગવદિચ્છા પ્રમાણે થતાં આ યુદ્ધમાં ભગવાનની સન્નિધિ પણ છે.

**અથ ચેત્ ત્વમ્ ઈમં ધર્મ્યં સઙ્ગ્રામં ન કરિષ્યસિ।**
**તતઃ સ્વધર્મં કીર્તિં ચ હિત્વા પાપમ્ અવાપ્સ્યસિ॥૩૩॥**

**અથ ચેત્** - **અને જો;** અવ્યય
**ત્વમ્** - **તું;** સર્વનામ, પ્ર.એ.વ., 'યુષ્મદ્'નું
**ઈમમ્** - **આ;** સર્વનામ, દ્વિ.એ.વ., 'ઈદમ્' નું
**ધર્મ્યમ્** - **ધર્મવાળું;** વિશેષણ, વિશેષ્ય 'સઙ્ગ્રામમ્'
**સંગ્રામમ્** - **યુદ્ધ;** નામ, દ્વિ.એ.વ.,
**ન** - **નહિ;** અવ્યય
**કરિષ્યસિ** - **તું કરશે;** ક્રિ.પ., ભવિષ્યકાળ દ્વિ.પુ.એ.વ., 'કૃ' ૮ ગણ
**તતઃ** - **(તેથી) તો;** અવ્યય
**સ્વધર્મમ્** - **પોતાના ધર્મને;** નામ, દ્વિ.એ.વ.,
**કીર્તિમ્** - **કીર્તિને;** નામ, દ્વિ.એ.વ.,
**ચ** - **અને;** અવ્યય
**હિત્વા** - **છોડીને;** વિધેય કૃદન્ત
**પાપમ્** - **પાપને;** નામ, દ્વિ.એ.વ.,
**અવાપ્સ્યસિ** - **તું મેળવશે;** ક્રિ.પ., ભવિષ્યકાળ ૨ પુ. એ.વ., અવ + આપ્ ૫ ગણ

**શ્લોકાર્થ:** વળી જો તું આ ધાર્મિક યુદ્ધ નહિ કરે તો સ્વધર્મ અને કીર્તિ ગુમાવી પાપ મેળવીશ.

**વિવેચન:** તારા ક્ષત્રિય ધર્મ પ્રતિ લક્ષ્ય રાખી મારી સમીપ થતું મારી આજ્ઞારૂપ આ યુદ્ધ નહિ કરે તો તું લૌકિક અને વૈદિક ગૂમાવીશ, ક્ષત્રિયધર્મથી ભ્રષ્ટ થઈશ, તારી કીર્તિ ગુમાવીશ અને તને પાપ થશે.

**અકીર્તિં ચાપિ ભૂતાનિ કથયિષ્યન્તિ તેઽવ્યયામ્।**
**સમ્ભાવિતસ્ય ચાકીર્તિઃ મરણાદ્ અતિરિચ્યતે॥૩૪॥**

**ચ** - **અને;** અવ્યય
**ભૂતાનિ** - **લોકો;** નામ, પ્ર.બ.વ.,
**તે** - **તારી;** સર્વનામ, ષ.એ.વ., 'યુષ્મત્'
**અવ્યયામ્** - **ઓછી થાય એવી;** વિશેષણ, વિશેષ્ય 'અકીર્તિ'
**સમ્ભાવિતસ્ય** - **કીર્તિવાળાની, પ્રતિષ્ઠાવાળાની;** વિશેષણ, વિશેષ્ય 'જનસ્ય'
**અકીર્તિમ્** - **નિન્દા;** નામ, દ્વિ.એ.વ.,
**અપિ** - **વળી;** અવ્યય
**કથયિષ્યન્તિ** - **કહેશે, નિંદા કરશે;** ક્રિ.પ., ભવિષ્યકાળ તૃ.પુ.બ.વ., 'કથ્'
૧૦ ગણ પરસ્મૈ.
**ચ** - **અને;** અવ્યય. **સા** - **તે;** સર્વનામ,
**અકીર્તિઃ** - **નિન્દા;** નામ, પ્ર.એ.વ.,
**મરણાત્** - **મરણથી;** નામ, પં.એ.વ.,
**અતિરિચ્યતે** - **વધારે ખરાબ હોય છે;** ક્રિ.પ., વ.કા., તૃ.પુ.એ.વ., 'રિચ્'
૪ ગણ

**શ્લોકાર્થ** : વળી પ્રાણીઓ તારી અવ્યય અપકીર્તિ ગાશે. સમ્ભાવિતને કીર્તિ મરણથી પણ અધિક દુઃખદ છે.

**વિવેચન** : પાપથી પરલોકનો નાશ થશે એટલું જ નહિ, પરન્તુ આ લોકમાં પણ તારી અપકીર્તિ થશે એમ આ શ્લોકથી કહે છે. પ્રાણીઓ તારી અવ્યય એટલે નિરન્તર રહેનારી અપકીર્તિ ગાશે. અહીં 'ભૂતાનિ = પ્રાણીઓ' નપુંસક લિઙ્ગવાળા શબ્દનો પ્રયોગ કરેલો છે, તેથી નપુંસકો જે બીજાના ભીરુત્વની વાત કરવા યોગ્ય નથી તેઓ પણ તારી અપકીર્તિ ગાશે એવો અર્થ થાય છે. તું યુદ્ધમાં 'શૂર' તરીકે પ્રસિદ્ધ થઈ માન પામેલો છે. આવા સમ્ભાવિતને અપકીર્તિ મરણથી પણ અધિક દુઃખદ હોય છે.

શ્રીભાગવત્ ૧૦।૪૪।૬૨ ઉપરના સુબોધિનીમાં આ શ્લોકનું અવતરણ કરેલું છે.

**ભયાદ્ રણાદ્ ઉપરતં મન્સ્યન્તે ત્વાં મહારથાઃ।**



**યેષાં ચ ત્વં બહુમતો ભૂત્વા યાસ્યસિ લાઘવમ્॥૩૫॥**

**ચ** - **અને;** અવ્યય
**યેષામ્** - **જેઓને;** સર્વનામ, ષ.બ.વ., 'યત્' પુ.
**ત્વમ્** - **તું;** સર્વનામ, પ્ર.એ.વ., 'યુષ્મદ્'
**બહુમતઃ** - **વધારે માન પામેલો;** વિશેષણ, વિશેષ્ય 'ત્વમ્'
**ભૂત્વા** - **હોઈને;** વિધેય કૃદન્ત
**અપિ ઇદાનીં** - **પણ આ સમયે**
**લાઘવમ્** - **લઘુતા, હીનતા;** નામ, દ્વિ.એ.
**યાસ્યસિ** - **જશે, થશે, પામશે;** ક્રિ.પ., ભવિષ્યકાળ દ્વિ.પુ.એ.વ., 'યા'
૨ ગણ પરસ્મૈ.
**ચ, તે** - **અને તે**
**મહારથાઃ** - **મોટા શૂરવીરો;** નામ, પ્ર.બ.વ., પુ.
**ત્વામ્** - **તને;** સર્વનામ, દ્વિ.એ.વ., 'યુષ્મદ્'નું
**ભયાત્ રણાત્** - **ભયથી રણમાંથી;** નામ, પં.એ.વ.,
**ઉપરતમ્** - **શાન્ત પડેલો;** વિશેષણ, વિશેષ્ય 'ત્વામ્' ભૂ.કૃ. 'ઉપ + રમ્'
**મન્સ્યન્તે** - **માનશે;** ક્રિ.પ., ભવિષ્યકાળ તૃ.પુ.બ.વ., 'મન્' ૪ ગણ. આત્મને.

**શ્લોકાર્થ** : મહારથીઓ તને ભયને લીધે રણમાંથી પાછો ફરેલો માનશે. તેઓમાં તું ઘણું માન પામેલો હોવા છતાં અપમાન પ્રાપ્ત કરીશ.

**વિવેચન** : તું "બન્ધુઓની હિંસા થશે" એવા ભયથી યુદ્ધ કરવા ઇચ્છતો નથી છતાં આ સર્વ મહારથીઓ અર્જુનને યુદ્ધમાં મરણનો ભય લાગવાથી તે યુદ્ધમાંથી પાછો ફર્યો એમ માનશે. તેઓમાં તું આજ દિવસ સુધી માન મળેલો છે છતાં અપમાન પ્રાપ્ત કરીશ.

**અવાચ્યવાદાંશ્ચ બહૂન્ વદિષ્યન્તિ તવાહિતાઃ।**
**નિન્દન્તસ્ તવ સામર્થ્યં તતો દુઃખતરં નુ કિમ્॥૩૬॥**

**ચ** - **અને;** અવ્યય
**તવ** - **તારા, તારું;** સર્વનામ, ષ.એ.વ., 'યુષ્મત્'
**અહિતાઃ** - **શત્રુઓ;** નામ, પ્ર.બ.વ., પુ. 'અહિત'
**તવ** - **તારા;** સર્વનામ, ષ.એ.વ., 'યુષ્મત્'

**સામર્થ્યમ્** - **સામર્થ્યને;** નામ, દ્વિ.એ.વ., નપુ. 'સામર્થ્ય'
**નિન્દન્તઃ** - **નિન્દા કરનાર;** વર્ત.કૃ., પ્ર.બ.વ., પુ. 'નિન્દત્'
**બહૂન્** - **ઘણા;** વિશેષણ, દ્વિ.બ.વ., વિશેષ્ય 'અવાચ્યવાદાન્'
**અવાચ્યવાદાન્** - **નહિ કહેવાય એવા શબ્દો અથવા બોલ;** નામ, દ્વિ.બ.વ.,
**વદિષ્યન્તિ** - **કહેશે, બોલશે;** ક્રિ.પ., ૨ ભવિષ્યકાળ તૃ.પુ.બ.વ., પરસ્મૈ. 'વદ્' ૧ ગણ
**નુ** - **તર્ક બતાવે છે;** અવ્યય. **તતઃ** - **તેથી, ત્યારે;** અવ્યય
**દુઃખતરમ્** - **દુઃખતર;** નામ, પ્ર.એ.વ., નપું. 'દુઃખતર'
**કિમ્** - **શું, ક્યું;** સર્વનામ, વિશેષણ, વિશેષ્ય 'દુઃખતરમ્'
**ભવિષ્યતિ** - **થશે;** ભ.કા. પ્ર.પુ. એ.વ. 'ભવ'

**શ્લોકાર્થ:** તારા શત્રુઓ તારું સામર્થ્ય નિન્દતાં ન બોલાય તેવા બહુ વચનો બોલશે જ. તેથી વધારે દુઃખકારી શું?

**હતો વા પ્રાપ્સ્યસિ સ્વર્ગં જિત્વા વા ભોક્ષ્યસે મહીમ્।**
**તસ્માદ્ ઉત્તિષ્ઠ કૌન્તેય! યુદ્ધાય કૃતનિશ્ચયઃ ॥૩૭॥**

**વા** - **અથવા;** અવ્યય
**હતઃ** - **હણાયેલો;** ભૂ.કૃ., વિશેષણ, વિશેષ્ય (ત્વમ્) 'હન્' ૨ ગણ
**સ્વર્ગમ્** - **સ્વર્ગને;** નામ, દ્વિ.એ.વ., પુ. 'સ્વર્ગ'
**પ્રાપ્સ્યસિ** - **મેળવશે;** ક્રિ.પ., ૨ ભવિષ્યકાળ દ્વિ.પુ.એ.વ., 'પ્ર + આપ્' ૫ ગણ પરસ્મૈ.
**વા** - **અથવા;** અવ્યય
**જિત્વા** - **જીતીને;** વિધેય કૃદન્ત (જી) 'જય્' ૧ ગણ પરસ્મૈ.
**મહીમ્** - **પૃથ્વીને;** નામ, દ્વિ.એ.વ., સ્ત્રી. 'મહી'
**ભોક્ષ્યસે** - **ભોગવશે;** ક્રિ.પ., ભવિષ્યકાળ દ્વિ.પુ.એ.વ., 'ભુજ્' આત્મને ૯ ગણ
**તસ્માત્** - **તે કારણે;** અવ્યય
**કૌન્તેય** - **અર્જુન;** સમ્બોધન, ''કુન્ત્યાઃ ઈતિ'' તદ્ધિત
**યુદ્ધાય** - **યુદ્ધને માટે;** નામ, ચ.એ.વ., પુ. 'યુદ્ધ'
**કૃતનિશ્ચયઃ** - **નિશ્ચય કરેલો છે જેણે;** વિશેષણ, વિશેષ્ય ''ત્વમ્ - કૃતઃ નિશ્ચયઃ યેન'' બહુવ્રીહિ



**ભૂત્વા** - **થઈને;** વિધેય કૃદન્ત
**ઉત્તિષ્ઠ** - **ઉઠ;** ક્રિ.પ., આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ., 'ઉત્ + સ્થા પરસ્મૈ. ૧ ગણ

**શ્લોકાર્થ:** હે કૌન્તેય! તું હણાઈશ તો સ્વર્ગ પ્રાપ્ત કરીશ અને જીતીશ તો પૃથ્વીનો ભોગ કરીશ. તેથી યુદ્ધ કરવાનો નિશ્ચય કરીને ઉઠ.

**વિવેચન:** યુદ્ધમાં મરીશ તો સ્વર્ગ મળશે, જીતીશ તો રાજ્ય પ્રાપ્ત થશે. યુદ્ધ કરવાથી હર કોઈ પરિણામ આવે તે લાભકારી છે. તેથી યુદ્ધ કરવાનો નિશ્ચય કર.

**સુખ-દુઃખે સમે કૃત્વા લાભાલાભૌ જયાજયૌ।**
**તતો યુદ્ધાય યુજ્યસ્વ નૈવં પાપમ્ અવાપ્સ્યસિ॥૩૮॥**

**સુખદુઃખે** - **સુખદુઃખ;** નામ, દ્વિ.વ. નપુ. 'સુખં દુઃખં ચ' દ્વન્દ્વ
**લાભાલાભૌ** - **લાભ-અલાભ;** નામ, દ્વિ.વ. પુ. 'લાભાલાભ' દ્વન્દ્વ
**જયાજયૌ** - **જય-પરાજય;** નામ, દ્વિ. દ્વિ.વ. 'જયાજય' દ્વન્દ્વ
**સમે** - **સરખા;** વિશેષણ, વિશેષ્ય 'સુખદુઃખ'
**કૃત્વા** - **કરીને, સમજીને;** વિધેય કૃદન્ત
**તતઃ** - **પછી;** અવ્યય
**યુદ્ધાય** - **યુદ્ધને માટે;** નામ, ચ.એ.વ., પુ. 'યુદ્ધ'
**યુજ્યસ્વ** - **જોડ;** ક્રિ.પ., આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ., 'યુજ્' ૭ ગણ, કર્મણિ
**એવમ્** - **એ પ્રમાણે;** અવ્યય
**ત્વં** - **તું;** સર્વનામ, પ્ર.એ.વ. 'યુષ્મદ્'
**પાપમ્** - **પાપ;** નામ, દ્વિ.એ.વ., નપુ. 'પાપમ્'
**ન** - **નહીં;** અવ્યય
**અવાપ્સ્યસિ** - **મેળવીશ;** ક્રિ.પ., ભવિષ્યકાળ દ્વિ.પુ.એ.વ., 'અવ + આપ્' ૫ ગણ

**શ્લોકાર્થ:** સુખ અને દુઃખ, લાભ અને હાનિ અને જય અને પરાજય ને સમાન જાણી પછી યુદ્ધ કર. એમ કરવાથી પાપ થશે નહિ.

**વિવેચન:** આતતાયિઓને મારવાથી પાપ થાય તેથી હું યુદ્ધ કરીશ નહિ

એમ તું કહેતો હતો, તેના સમ્બન્ધમાં પાપ ન થાય તેવો ઉપાય કહું છું. દેહના સુખ અને દુઃખ, રાજ્યનો લાભ અને હાનિ, અને યશ માટે જય અને પરાજય એ સર્વને સમાન જાણી મારી આજ્ઞાથી યુદ્ધ કરે છે એમ વિચારી, યુદ્ધ કરવામાં પ્રવૃત્ત થા. આ શ્લોકમાં યોગનું સ્મરણ કરી સાંખ્ય અને યોગ નો એકાર્થ કરેલો છે. સુખ અને દુઃખ, લાભ અને હાનિ, જય અને પરાજય વિગેરે ફલની આકાંક્ષા રાખ્યા વિના, જે ફલ પ્રાપ્ત થવાનું હોય તે સમાન જ છે એમ માની યુદ્ધ કર. આ પ્રમાણે યુદ્ધ કરવામાં ફલનો ઉપદેશ નહિ હોવાથી પાપ થશે નહિ.

અર્જુનનો શોક દૂર કરી તેની યુદ્ધમાં પ્રવૃત્તિ કરાવવા સાઙ્ખ્ય રીતિથી જ્ઞાનનો ઉપદેશ અહીં સુધી કર્યો. હવે યોગનો અથવા કર્મયોગનો ઉપદેશ કરવાનો આરમ્ભ કરે છે.

**એષા તેઽભિહિતા સાંખ્યે બુદ્ધિર્યોગે ત્વિમાં શૃણુ।**
**બુદ્ધ્યા યુક્તો યયા પાર્થ! કર્મબન્ધં પ્રહાસ્યસિ॥૩૯॥**

**પાર્થ** - **અર્જુન;** સમ્બોધન, પૃથાયાઃ ભવઃ તદ્ધિત
**એષા** - **તે;** સર્વનામ, પ્ર.એ.વ., સ્ત્રી. 'એતદ્' સ્ત્રી.
**બુદ્ધિ** - **બુદ્ધિ;** નામ, પ્ર.એ.વ., સ્ત્રી.
**તે** - **તારે માટે;** સર્વનામ, ચ.એ.વ., પુ. 'યુષ્મત્'
**સાંખ્યે** - **સાંખ્યશાસ્ત્રમાં;** નામ, સ.એ.વ., પુ. 'સાંખ્ય'
**અભિહિતા** - **કહેલી;** કૃ. વિશેષણ, 'અભિ + ધા' ૩ ગણ
**તુ** - **વળી, અને, તો;** અવ્યય
**ઈમામ્** - **આ;** સર્વનામ, દ્વિ.એ.વ., સ્ત્રી. 'ઇદમ્' ઇદાનીમ્ = હવે
**યોગે** - **યોગમાં, ભક્તિયોગની પહેલી કક્ષામાં એટલે જ્ઞાન અને ભક્તિ ના વહનમાં;** નામ, સ.એ.વ.,
**શૃણુ** - **સાંભળ;** ક્રિ. આજ્ઞાર્થ દ્વિ.પુ.એ.વ., 'શ્રુ' ૫ ગણ
**યયા** - **જેનાથી;** સર્વનામ, તૃ.એ.વ., 'યત્' સ્ત્રી.
**બુદ્ધ્યા** - **બુદ્ધિ વડે;** નામ, તૃ.એ.વ., સ્ત્રી. 'બુદ્ધિ'
**યુક્તઃ** - **જોડાયેલો;** ભૂ.કૃ., વિશેષણ, વિશેષ્ય 'ત્વમ્'
**ત્વમ્** - **તું;** સર્વનામ, પ્ર.પુ.એ.વ. 'યુષ્મદ્'
**કર્મબન્ધમ્** - **કર્મના બન્ધનો;** નામ, દ્વિ.એ.વ., 'કર્મણઃ બન્ધઃ તમ્' તત્પુરુષ
**પ્રહાસ્યસિ** - **સારીરીતે નાશ કરીશ;** ક્રિ.ભવિષ્ય. દ્વિ.પુ.એ.વ., 'પ્ર+હા' ૨ ગણ

**શ્લોકાર્થ:** સાંખ્ય પ્રમાણે આ બુદ્ધિ તને કહી. હવે યોગ પ્રમાણે આ બુદ્ધિ સાંભળ. હે પાર્થ! તે બુદ્ધિથી યુક્ત થઈ તું કર્મબન્ધનનો ત્યાગ કરીશ.

**વિવેચન:** 'સાંખ્ય' એટલે આત્માનું અને અનાત્માનું જ્ઞાન. આ અધ્યાયના ૧૨ શ્લોકથી આરમ્ભી સાંખ્યજ્ઞાનનો ઉપદેશ કરેલો છે. શ્લોક ૩૦ સુધી સાંખ્યનો ઉપદેશ છે, પછી ક્ષત્રિય ધર્મ પ્રમાણે શું કરવું જોઈએ તે ૩૧ થી ૩૭ શ્લોક સુધી દર્શાવેલ છે. ૩૮ શ્લોકમાં પુનઃ સાંખ્ય અને યોગ નો એકાર્થ કરી ઉપદેશ કરેલો છે. હવે અહીંથી યોગનો ઉપદેશ કરવાનો પ્રારમ્ભ કરે છે.

**નેહાભિક્રમ-નાશોઽસ્તિ પ્રત્યવાયો ન વિદ્યતે।**
**સ્વલ્પમપ્યસ્ય ધર્મસ્ય ત્રાયતે મહતો ભયાત્॥૪૦॥**

**ઈહ** - **આ બાબતમાં;** અવ્યય
**અભિક્રમ** - **આરમ્ભમાં;** નામ, પ્ર.એ.વ.,
**નાશઃ** - **નાશ;** નામ, પ્ર.એ.વ., પુ. 'નાશ'
**ન** - **નથી;** અવ્યય
**અસ્તિ** - **છે;** ક્રિ., વ.કાળ, તૃ.પુ.એ.વ., 'અસ્'
**પ્રત્યવાયઃ** - **અડચણ;** નામ, પ્ર.એ.વ.,
**અપિ** - **પણ;** અવ્યય
**ન** - **નહિ;** અવ્યય
**વિદ્યતે** - **જણાય છે;** ક્રિ, ત્રી.પુ.એ.વ., 'વિદ્' ૨ ગણ, કર્મણિ
**અસ્ય** - **આનો;** સર્વનામ, વિશેષણ, વિશેષ્ય 'ધર્મસ્ય, ઇદમ્' નું પુ.
**ધર્મસ્ય** - **ધર્મનું;** નામ, ષ.એ.વ., પુ. 'ધર્મ'
**સ્વલ્પમ્** - **થોડું;** નામ, પ્ર.એ.વ., નપુ. 'સ્વલ્પમ્'
**અપિ** - **પણ;** અવ્યય
**મહતઃ** - **મહાન;** વિશેષણ, વિશેષ્ય 'ભયાત્'
**ભયાત્** - **ભયથી;** અ.અ.પુ. પં.એ. વિશેષણ
**ત્રાયતે** - **બચાવે છે;** ક્રિ. વ.કાળ, ત્રી.પુ.એ.વ., 'ત્રા' ૨ ગણ.

**શ્લોકાર્થ:** અહીં આરમ્ભેલાનો નાશ નથી, વિઘ્ન હોતું નથી. સ્વલ્પ પણ આ ધર્મ મોટા ભયમાંથી રક્ષણ કરે છે.

**વિવેચન:** "કર્મ બહુ છે અને ઘણા કાળ પછી જ સિદ્ધ થઈ શકે તેવા હોવાથી અપૂર્ણ જ રહી જાય, અથવા વિઘ્ન આવી પડે તેથી ફલની પ્રાપ્તિ પણ થાય નહિ અને ઉલટો બંધ થાય" એવી શઙ્કા થાય, તેનો આ શ્લોકથી નિરાસ કરે છે. આ ભગવન્માર્ગમાં જે કર્મ કરવાનાં છે તે ભગવાનના અર્થે ભગવાનની આજ્ઞાથી કરવાનાં છે, ફલ પ્રાપ્ત કરવા કરવાનાં નથી. ભગવદર્થ ભગવાનની આજ્ઞાથી જે કર્મ કરવામાં આવે તેમાં એવો કોઈ દોષ સમ્ભવતો નથી. મારી આજ્ઞાથી આ માર્ગમાં જે કર્મ કરવામાં આવે છે તેના આરમ્ભનો નાશ થતો નથી. આરમ્ભેલું કર્મ અપૂર્ણ રહે તો પણ અપૂર્ણ રહેલું કર્મ પણ નિષ્ફળ થતું નથી. આ કર્મમાં વિઘ્ન પણ આવતાં નથી, કારણ કે આવું સ્વલ્પ કર્મ કરેલું હોય તો તે પણ મોટા ભયમાંથી રક્ષણ કરે છે. અન્યત્ર પણ જે કાંઈ કર્મ કરવામાં આવે છે તે સમ્પૂર્ણ થાય અને સફલ થાય તે માટે ભગવાનનું જ સ્મરણ મઙ્ગલાચરણ વિગેરેમાં કરવામાં આવે છે, તો પછી જે કર્મ સાક્ષાત્ ભગવાનના માટેજ કરવામાં આવતાં હોય તેમાં વિઘ્ન થવાની અથવા વિફળ રહેવાની ભીતિ જ ક્યાંથી સમ્ભવે?

**વ્યવસાયાત્મિકા બુદ્ધિઃ એકેહ કુરુનન્દન!।**
**બહુશાખા હ્યનન્તાશ્ચ બુદ્ધયોઽવ્યવસાયિનામ્॥૪૧॥**

**કુરુનન્દન** - **અર્જુન;** સમ્બોધન
**હિ ઇહ** - **નિશ્ચય અહીં;** અવ્યય
**વ્યવસાયાત્મિકા** - **નિશ્ચયાત્મક;** વિશેષણ, વિશેષ્ય 'બુદ્ધિ'
**બુદ્ધિઃ** - **બુદ્ધિ;** નામ, પ્ર.એ.વ., સ્ત્રી. 'બુદ્ધિ'
**એકા** - **એક જ પ્રકારની;** વિશેષણ, વિશેષ્ય 'બુદ્ધિ'
**ચ** - **અને;** અવ્યય
**અવ્યવસાયિનામ્** - **અવ્યવસાયીઓની બુદ્ધિ;** નામ, ષ.બ.વ.,
**બુદ્ધયઃ** - **બુદ્ધિઓ;** નામ, પ્ર.બ.વ., સ્ત્રી. 'બુદ્ધિ'
**અનન્તાઃ** - **અનન્ત;** વિશેષણ, વિશેષ્ય 'બુદ્ધયઃ'. **ચ** - **અને;** અવ્યય
**બહુશાખાઃ** - **બહુ ભેદોવાળી;** વિશેષણ, વિશેષ્ય 'બુદ્ધયઃ'
**ભવતિ** - **હોય છે;** ક્રિ. વર્ત.કા. પ્ર.પુ. એ.વ. 'ભવ'

**શ્લોકાર્થ:** હે કુરુનન્દન! અહીં નિશ્ચયરૂપ એક બુદ્ધિ છે. નિશ્ચય રહિતોની



બુદ્ધિઓ ઘણી શાખાઓવાળી અને અનન્ત હોય છે.

**વિવેચન:** અહીં અથવા આ માર્ગમાં નિશ્ચયરૂપ એક જ બુદ્ધિ છે. મારી આજ્ઞાથી કર્મ કરવાનું હોવાથી તેઓની બુદ્ધિ મારામાં જ હોય છે. ભગવાનની આજ્ઞા પ્રમાણે કર્મ કરીશ જ એવો જ તેઓનો નિશ્ચય હોય છે. ફલની તેઓને આકાંક્ષા અથવા અભિલાષા હોતી નથી. આવી બુદ્ધિનો વિષય માત્ર હું જ હોવાથી તેઓની એક જ બુદ્ધિ છે. નિશ્ચયરહિત ફલની આકાંક્ષાવાળા બહિર્મુખોની અનન્ત બુદ્ધિઓ હોય છે અને તે બુદ્ધિઓની શાખાઓ પણ ઘણી હોય છે, કારણ કે તેઓ ફલની ઈચ્છા રાખતા હોવાથી ભિન્ન - ભિન્ન ફલની તેઓને અભિલાષા હોય છે.

**યામ્ ઇમાં પુષ્પિતાં વાચં પ્રવદન્ત્યવિપશ્ચિતઃ।**
**વેદવાદરતાઃ પાર્થ નાન્યદ્ અસ્તીતિ વાદિનઃ॥૪૨॥**
**કામાત્માનઃ સ્વર્ગપરા જન્મ-કર્મ-ફલ-પ્રદામ્।**
**ક્રિયાવિશેષબહુલાં ભોગૈશ્વર્યગતિં પ્રતિ॥૪૩॥**
**ભોગૈશ્વર્ય-પ્રસક્તાનાં તયાઽપહૃતચેતસામ્।**
**વ્યવસાયાત્મિકા બુદ્ધિઃ સમાધૌ ન વિધીયતે॥૪૪॥**

**પાર્થ** - **અર્જુન;** સમ્બોધન
**કામાત્માનઃ** - **ઈચ્છાવાળાઓ;** વિશેષણ, વિશેષ્ય "વાદિનઃ, કામઃ આત્મા યસ્મિન્" બહુવ્રીહિ
**વેદવાદરતાઃ** = **પળમાં જે કેવળ બુદ્ધિ રાખનારા સકામ ઉપાસકો;** વિશેષણ, વિશેષ્ય 'વાદિનઃ વેદવાદરતાઃ સ. તત્પુ.
**સ્વર્ગપરાઃ** - **સ્વર્ગને જ શ્રેષ્ઠ માનનારા;** વિશેષણ, વિશેષ્ય "વાદિનઃ, સ્વર્ગઃ પરં યસ્મિન્ ઇતિ" બહુવ્રીહિ
**અન્યત્** - **બીજું;** સર્વનામ, પ્ર.એ.વ.,
**ન** - **નહિ;** અવ્યય
**અસ્તિ** - **છે;** ક્રિ., વર્ત.કા., તૃ.પુ.એ.વ., 'અસ્'
**ઇતિ** - **આ પ્રમાણે;** અવ્યય
**વાદિનઃ** - **કહેનારાઓ;** નામ, પ્ર.બ.વ., વાદિન્ પુ.
**સન્તિ ચ તે** - **છે અને તેઓ;** ક્રિયાપદ, તૃ.બ.વ. 'અસ્', અવ્યય
**અવિપશ્ચિતઃ** - **અવિવેકી માણસો;** નામ, પ્ર.બ.વ., પુ. 'અવિપશ્ચિત્'

**જન્મકર્મફલપ્રદામ્ - જન્મ અને કર્મફળ ને આપનારી;** વિશેષણ, વિશેષ્ય "વાચમ્, જન્મ કર્મ ચ" "ફલં પ્રદાતિ ઈતિ" ઉપપદ

**ચ - અને;** અવ્યય

**ભોગૈશ્વર્યગતિમ્ - ભોગ અને ઐશ્વર્ય ની પ્રાપ્તિવાળા;** વિશેષણ, વિશેષ્ય વાચમ્, ભોગૈશ્ચ ઐશ્વર્યમ્ ચ ગતિઃ યસ્મિન્ ઈતિ (બ.વ.) "ભોગૈશ્વર્યં એવ ગતિઃ ભોગૈશ્વર્ય ગતિં"

**પ્રતિ - તરફ;** અવ્યય

**ક્રિયાવિશેષ બહુલામ્ - ક્રિયા જેમાં ઘણી વિચારવાળી સમાઈ છે;** વિશેષણ, વિશેષ્ય 'વાચમ્' "ક્રિયા વિશેષાઃ બહુલાઃ યસ્મિન્ ઈતિ" બહુવ્રીહિ

**ઈમામ્ - આ;** સર્વનામ, દ્વિ.એ.વ., 'ઈદમ્' સ્ત્રી.

**યામ્ - જે;** સર્વનામ, દ્વિ.એ.વ., 'યત્' સ્ત્રી.

**પુષ્પિતામ્ - મધુર;** વિશેષણ, વિશેષ્ય 'વાચમ્'

**વાચમ્ - વાણી;** નામ, દ્વિ.એ.વ., સ્ત્રી 'વાચ્'

**પ્રવદન્તિ - બોલે છે;** ક્રિ. ત્રી.પુ.બ.વ., વર્ત.કાળ, પ્ર + વદ્ ૧ ગણ

**તયા - તે વડે, તે વેદવાણી વડે;** સર્વનામ, તૃ.એ.વ., 'તદ્'

**અપહૃતચેતસામ્ - જેમનાં હૃદય ખેંચાયેલાં છે;** વિશેષણ, વિશેષ્ય "પુરુષાણામ્, અપહૃતં ચેતઃ યેષામ્" બ.વ.

**તથા - તથા**

**ભોગૈશ્વર્યપ્રસક્તાનાં - ભોગ અને ઐશ્વર્ય માં આસક્તિવાળા પુરુષોના;** "ભોગશ્ચ ઐશ્વર્યં ચ ભોગૈશ્વર્યં, તસ્મિન્ પ્રસક્તાનામ્" ષ.બ.વ., નામ, પુ.

**સમાધૌ - સમાધિયુક્ત અન્તઃકરણમાં;** નામ, સ.એ.વ.

**વ્યવસાયાત્મિકા - નિશ્ચયપૂર્વક ઉપયોગમાં આવતી;** વિશેષણ, વિશેષ્ય "બુદ્ધિ, વ્યવસાયઃ આત્મા યસ્યામ્" બ.વ.

**બુદ્ધિઃ - બુદ્ધિ;** નામ, પ્ર.એ., સ્ત્રીલિંગ

**ન - નહિ;** અવ્યય

**વિધીયતે - થાય છે;** ક્રિયા, ત્રી.પુ.એ., સહાભેદ. વિ + ધા ૩ ગણ

**શ્લોકાર્થ:** હે પાર્થ! વેદવાદમાં રતિવાળા, "અન્ય કાંઈ નથી" એમ કહેનારા, કામનાવાળા, સ્વર્ગને પર(ફલ) જાણનારા અવિદ્વાનો ભોગ અને ઐશ્વર્ય ની પ્રાપ્તિમાટે અમુક ક્રિયાઓથી ભરપુર, જન્મ અને કર્મ ફલ આપનારી



આ જે પુષ્પિત વાણી વદે છે તેનાથી હરાએલ ચિત્તવાળા, ભોગ અને ઐશ્વર્ય માં આસક્ત રહેલાની સમાધિમાં નિશ્ચયાત્મક બુદ્ધિ થતી નથી.

**વિવેચન:** જો એ પ્રમાણે વ્યવસાયાત્મિક બુદ્ધિ ઉત્તમ હોય તો સર્વ એવી બુદ્ધિ કેમ રાખતા નથી? એવી શઙ્કા થાય, તે દૂર કરવા વ્યવસાયાત્મક બુદ્ધિ કેમ થતી નથી તે દર્શાવે છે. જેઓ વેદવાદમાં રતિવાળા છે, વેદમાં કરેલું કર્મ તેમાં કહેલા ફલ પ્રાપ્ત કરવા અવશ્ય કરવું જોઈએ પરન્તુ ફલની ઈચ્છા વિના કરવું યોગ્ય નથી એવા મતવાળા છે, તેથી જ "વૈદિક કર્મના ફલ વિના અન્ય કાંઈ ફલ છે જ નહિ" એમ જેઓ કહ્યા કરે છે, જેઓ કામનાવાળા છે, અટલે જેમને નિરન્તર કર્મનાં ફલ પ્રાપ્ત કરવાની કામના હોય છે, જેઓ સ્વર્ગને જ ઉત્તમ ફલ માને છે તેવા અવિદ્વાનો વેદોનું તાત્પર્ય નહિ જાણનાર મૂર્ખ અજ્ઞાનીઓ "વૈદિક ફલ વિના અન્ય કાંઈ નથી" એવી પુષ્પિત વાણી વદે છે. આ વાણી માત્ર પુષ્પવાળી છે, પરન્તુ ફલરહિત છે. પુષ્પવાળી લતાની પેઠે દેખાવમાં રમ્ય લાગે છે પરન્તુ ફલહીન છે. માત્ર ગન્ધના લોભથી જ તેઓનાં ચિત્ત આવી વાણીથી ભ્રાન્ત થએલાં છે એવો ભાવાર્થ છે. આ વાણી જન્મ અને કર્મ રૂપ ફલ આપનારી છે, અર્થાત્ આ વાણીનું ફલ ઉત્તમ યોનિમાં જન્મ અને ઉત્તમ કર્મજ છે. વળી ભોગ અને ઐશ્વર્ય પ્રાપ્ત કરવામાટે આ વાણીમાં બહુ ક્રિયાઓ કરવાની છે. આ વાણી ભોગ અને ઐશ્વર્ય પ્રાપ્ત કરવામાટે અનેક ક્રિયાઓથી ભરપુર છે.

અથવા 'ભોગૈશ્વર્યગતિં પ્રતિ' 'ક્રિયાવિશેષબહુલાં' સાથે નહિ લેતાં 'કામાત્માનઃ' સાથે લેવું. એટલે ભોગ અને ઐશ્વર્ય ની પ્રાપ્તિની કામનાવાળાઓ અવિદ્વાનો આવી પુષ્પિત વાણી વદે છે. વળી 'જન્મકર્મફલપ્રદામ્' વાણીનું વિશેષણ નહિ લેતાં 'ભોગૈશ્વર્યગતિમ્" નું વિશેષણ પણ લઈ શકાય. તેથી જન્મ અને કર્મ ના ફલ આપનાર ભોગ અને ઐશ્વર્યની પ્રાપ્તિની કામનાવાળા અવિદ્વાન લોકો આવી પુષ્પિત વાણી વદે છે એવો અર્થ થાય છે.

આવી પુષ્પિત વાણીથી આવા અજ્ઞાનીઓનાં ચિત્ત હરાએલાં છે અને તેઓ ભોગ અને ઐશ્વર્ય માં આસક્તિવાળા હોય છે. તેથી તેઓનું ચિત્ત વ્યગ્ર રહેવાથી સમાધિ અથવા ભગવાનનું ચિન્તન કરવામાં તેવી નિશ્ચયાત્મક બુદ્ધિ તેઓની થતી નથી.

**त्रैगुण्यविषया वेदा निस्त्रैगुण्यो भवार्जुन!।**
**निर्द्वन्द्वो नित्यसत्त्वस्थो निर्योगक्षेम आत्मवान्॥४५॥**

**અર્જુન - અર્જુન;** સમ્બોધન

વેદાઃ - વેદો; નામ પ્ર.બ.વ., પુ. 'વેદ'

**ત્રૈગુણ્યવિષયાઃ - ત્રણ ગુણના વિષયો જેમાં છે એવા;** વિશેષણ, વિશેષ્ય "વેદા ત્રિષુ ગુણેષુ ભવાઃ વિષયાઃ ઇતિ" બ.વ.

**સન્તિ, અતઃ ત્વમ્ - છે, તેથી તું**

**નિસ્ત્રૈગુણ્યઃ - ત્રણે ગુણો વિનાનો નિષ્કામ;** વિશેષણ, વિશેષ્ય "ત્વમ્ ત્રૈગુણ્યમ્ યસ્મિન્ ન વર્તતે ઇતિ" ઉપપદ

**નિર્દ્વન્દ્વો - દ્વન્દ્વ વિનાનો, બેપણા વિનાનો;** વિશેષણ, વિશેષ્ય "ત્વમ્ દ્વન્દ્વ યસ્મિન્ ન વર્તતે" ઉપપદ

**નિત્યસત્ત્વસ્થઃ - નિત્યમાં સ્થિત થનારો;** વિશેષણ, વિશેષ્ય 'ત્વમ્' "નિત્ય સત્ત્વે તિષ્ઠતિ ઇતિ" ઉપપદ

**નિર્યોગક્ષેમઃ - યોગ અને ક્ષેમ વિનાનો;** વિશેષણ, વિશેષ્ય "ત્વમ્, યોગઃ ક્ષેમઃ ચ ન વર્તતે ઇતિ" ઉપપદ. ચ - અને

**આત્મવાન્ - આત્માવાળો;** વિશેષણ, વિશેષ્ય 'ત્વમ્'

**શ્લોકાર્થ:** વેદો ત્રૈગુણ્યવિષય છે. હે અર્જુન! તું નિસ્ત્રૈગુણ્ય, નિર્દ્વન્દ્વ, સત્વમાં રહેનાર, યોગ-ક્ષેમરહિત અને આત્મવાન્ થા.

**વિવેચન:** સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ પ્રાકૃત ગુણ છે. આ છે. આ ત્રણ ગુણની અથવા ત્રિગુણ સૃષ્ટિમાં જે જીવો સરજાએલા છે તે ત્રૈગુણ્ય છે. વેદો આવા ત્રૈગુણ્ય જીવોના વિષયવાળા છે, એટલે આવા ત્રૈગુણ્ય જીવોને પ્રાપ્ત કરવાના સ્વર્ગ વિગેરે ફલો આપનાર કર્મોનું પ્રતિપાદન કરનાર છે, પરન્તુ ગુણાતીત સાક્ષાત્ ભગવાનની ક્રીડામાં ઉપયોગી ભગવદીય સૃષ્ટિમાં રહેલા ભગવદ્ ભક્તોને માટે નથી. ભગવાનની લીલાસૃષ્ટિ ત્રિગુણાત્મક નથી, પરન્તુ નિર્ગુણ છે. તેથી જ શ્રીવરાહ પણ "એ અન્ય જ કોઈ સૃષ્ટિ બ્રહ્માની સૃષ્ટિથી ભિન્ન છે" એમ કહે છે. શ્રીપુરુષોત્તમ ગુણાતીત છે. ગુણાતીત પુરુષોત્તમનું સ્વરૂપ વેદનો વિષય નથી. શ્રુતિ પણ "નેતિ નેતિ" "વાણીઓ મન સાથે જ્યાં પહોંચ્યા વિના પાછી ફરે છે" એમ કહે છે. તેથી વેદો માત્ર ત્રિગુણાત્મક સૃષ્ટિમાં રહેલા ત્રૈગુણ્ય જીવોને



કરવાનાં કર્મનું પ્રતિપાદન કરે છે. હે અર્જુન! તું નિસ્ત્રૈગુણ્ય થા. અથવા ત્રણ ગુણથી પર નિસ્ત્રિગુણ ભગવાનનો આશ્રય કરી રહેલ હોય તેવો નિસ્ત્રૈગુણ્ય થા. ત્રણ ગુણનો આશ્રય કરી રહેલા ત્રૈગુણ્ય જીવોથી ભિન્ન હોય તે નિસ્ત્રૈગુણ્ય એટલે ભગવદ્ભક્ત હે અર્જુન! તું મારો ભક્ત થા. ભક્ત થવા શું સાધન કરવાં તે કહે છે. તું નિર્દ્વન્દ્વ થા. સુખ-દુઃખ, અહન્તા-મમતા વિગેરે દ્વન્દ્વ રહિત થા. વળી નિત્ય સત્ત્વમાં રહેનાર થા. નિત્ય સત્ત્વ જેમાંથી નીકળે છે તે નિત્યસત્ત્વ ભગવાન્. નિત્યસત્ત્વમાં રહેનાર અથવા ભગવન્નિષ્ઠ થા. જે વસ્તુ પ્રાપ્ત થએલ ન હોય તેને પોતાના બલથી પ્રાપ્ત કરવી તે યોગ. પ્રાપ્ત થએલી વસ્તુનું પરિપાલન કરવું તે ક્ષેમ. યોગ અને ક્ષેમ રહિત થા. આત્મવાન્ થા. 'આત્મા' એટલે મન જેને વશ છે તે આત્મવાન્, મનને વશ રાખનાર.

આ શ્લોકનું અનુસન્ધાન શ્રીભાગવત્ ૧૧।૪।૨૨ ઉપરના સુબોધિનીમાં કરેલું છે.

**यावान् अर्थ उदपाने सर्वतः सम्प्लुतोदके।**
**तावान् सर्वेषु वेदेषु ब्राह्मणस्य विजानतः॥४६॥**

**સર્વતઃ સમ્પ્લુતોદકે - બધી રીતે પૂર્ણ જલાશયમાં;** નામ, સ.એ.વ.,

**ઉદપાને - પાણી પીવામાં; (જળાશયમાં);** નામ, સ.એ.વ., નપુ.

**યાવાન્ - જેટલો;** વિશેષણ, વિશેષ્ય 'અર્થઃ'

**અર્થઃ - અર્થ;** નામ, પ્ર.એ.વ., પુ. 'અર્થ'

**ભવતિ - હોય છે;** ક્રિ. વર્ત.કા. પ્ર.પુ. એ.વ. 'ભવ'

**વિજાનતઃ - સારી રીતે જાણનાર;** વિશેષણ, વિશેષ્ય 'બ્રાહ્મણસ્ય'

**બ્રાહ્મણસ્ય - બ્રહ્મને જાણનાર;** નામ, ષ.એ.વ., પુ. 'બ્રાહ્મણ'

**સર્વેષુવેદેષુ - બધા વેદોમાં;** નામ, સ.બ.વ., પુ.

**તાવાન્ - તેટલો;** વિશેષણ, વિશેષ્ય 'અર્થ'

**અર્થઃ ભવતિ - પ્રયોજન હોય છે**

**શ્લોકાર્થ:** સર્વતઃ પરિપૂર્ણ જલવાળા સરોવરમાં જેટલો અર્થ હોય છે તેટલો જ વિદ્વાન્ બ્રાહ્મણને સર્વ વેદોમાં હોય છે.

**વિવેચન:** વેદોમાં કહેલું હોય તે સર્વ સગુણ અને ગુણાતીત સર્વ લોકોને

ગ્રહણ કરવાનું નથી, પરન્તુ જેને ઉપયોગી હોય તેટલું જ તેને ગ્રહણ કરવાનું છે એવો દૃષ્ટાન્તથી બોધ કરે છે. સર્વ અર્થ પરિપૂર્ણ કરી શકે તેવા સર્વતઃ જલથી પરિપૂર્ણ અગાધ સરોવરમાંથી જલપાન કરવાને ઇચ્છનાર જેટલો અર્થ અથવા પ્રયોજન હોય તેટલું જ ગ્રહણ કરે છે, તે પ્રમાણે સર્વ વેદોમાંથી વેદાધિકારી વેદને વિવેકથી જાણનાર વિદ્વાન્ બ્રાહ્મણ આત્માની સંસિદ્ધિમાટે જેટલા સાધનોની જરૂર હોય તેટલાં જ ગ્રહણ કરે છે, પરન્તુ વેદોક્ત સર્વ સાધનોનું ગ્રહણ કરતો નથી.

આ શ્લોકનું પણ શ્રીભાગવત્ ૧૧।૪।૨૨ ઉપરનાં સુબોધિનીમાં અનુસન્ધાન કરેલું છે.

**કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન।**
**મા કર્મફલહેતુર્ ભૂર્ મા તે સઙ્ગોઽસ્ત્વકર્મણિ॥૪૭॥**

**તે** - તારો; સર્વનામ, ષ.એ.વ., પુ. 'યુષ્મદ્'
**કર્મણિ** - **કર્મમાં;** નામ, સ.એ.વ., 'કર્મ'
**એવ** - **જ, માત્ર;** અવ્યય
**અધિકારઃ** - **અધિકાર;** નામ, પ્ર.એ.વ., પુ. 'અધિકાર'
**અસ્તિ** - **છે;** ક્રિ. વર્ત.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'
**ફલેષુ** - **ફળોમાં;** નામ, સ.બ.વ., નપુ. 'ફલ'
**કદાચન** - **કોઈ પણ વખતે;** અવ્યય
**મા** - **નથી;** અવ્યય
**ચ ત્વમ્** - **અને, તું;** અવ્યય, સર્વનામ, પ્ર.પુ. એ.વ. 'યુષ્મદ્'
**કર્મફલહેતુઃ** - **કર્મોના ફળના હેતરૂપ વાસનાવાળો;** વિશેષણ, વિશેષ્ય 'ત્વમ્'
**અપિ** - **પણ;** અવ્યય. **મા** - **નહિ;** અવ્યય
**ભૂઃ** - **થા;** ક્રિ.પ., દ્વિ.પુ.એ.વ.,
**તે** - **તારું;** સર્વનામ, ષ.એ.વ.,
**સઙ્ગઃ** - **સઙ્ગ, પ્રીતિ;** નામ, પ્ર.એ.વ., પુ. 'સઙ્ગ'
**અકર્મણિ** - **અકર્મમાં, કર્મ નહિ કરવામાં;** નામ, સ.એ.વ., નપુ. 'અકર્મન્'
**મા** - **નહિ;** અવ્યય
**અસ્તુ** - **થાઓ, હો;** ક્રિયા, આજ્ઞાર્થ, તૃ.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ

**શ્લોકાર્થ:** કર્મમાં જ તારો અધિકાર છે, ફલમાં કદાપિ ન હો. કર્મફલના પ્રયોજનવાળો ન થા. અકર્મમાં તારો સઙ્ગ ન હો.

**વિવેચન:** વેદરૂપી સમુદ્રમાંથી મારે શું ગ્રહણ કરવું એવી આકાંક્ષા થાય તે માટે આ શ્લોક યોજેલો છે. તારો કર્મમાં જ અધિકાર છે એટલે તારે કર્મ જ કરવું, પરન્તુ કર્મફલમાં તારો કદાપિ અધિકાર ન હો. તેથી જ કર્મફલ જેનો હેતુ અથવા પ્રયોજન છે તેવો તું ન થા, એટલે કર્મમાં ફલપ્રાપ્તિનું પ્રયોજન રાખીશ નહિ. 'અકર્મ' એટલે નિષિદ્ધ કર્મમાં અથવા પરધર્મમાં તારો સઙ્ગ ન હો.

**યોગસ્થઃ કુરુ કર્માણિ સઙ્ગં ત્યક્ત્વા ધનઞ્જય!।**
**સિદ્ધ્યસિદ્ધ્યોઃ સમો ભૂત્વા સમત્વં 'યોગ' ઉચ્યતે।૪૮।**

**ધનઞ્જય** - **અર્જુન;** સમ્બોધન "ધનમ્ જયતિ" ઉપપદ, ધન = ગોધનવૃત્તિસમૂહ; ચિત્ત વૃત્તિયો - ગોધન
**સઙ્ગમ્** - **સઙ્ગને, આસક્તિને, પ્રીતિને;** નામ, દ્વિ.એ.વ., પુ. 'સઙ્ગ'
**ત્યક્ત્વા** - **છોડીને;** વિધેય કૃદન્ત
**સિદ્ધ્યસિદ્ધ્યોઃ** - **સિદ્ધિ અને અસિદ્ધિમાં;** નામ, સ.દ્વિ.વ., 'સિદ્ધિ અસિદ્ધિ ચ' દ્વન્દ્વ
**સમઃ** - **સરખો, સમબુદ્ધિવાળો;** વિશેષણ, વિશેષ્ય 'ત્વમ્'
**ભૂત્વા** - **થઈને;** વિધેય કૃદન્ત
**યોગસ્થઃ** - **યોગમાં સ્થિત થયેલો;** વિશેષણ, વિશેષ્ય 'ત્વમ્'
**કર્માણિ** - **કર્મોને;** નામ, દ્વિ.બ.વ., નપુ. 'કર્મન્'
**કુરુ** - **કર;** ક્રિ.પ., આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ., 'કૃ' ૮ ગણ
**સમત્વમ્** - **સરખાપણુ, સમાનભાવ;** નામ, પ્ર.એ.વ., નપુ.
**યોગઃ** - **યોગ;** નામ, પ્ર.એ.વ., પુ. 'યોગ'
**ઉચ્યતે** - **કહેવાય છે;** કર્મણિ, ક્રિ.પ., તૃ.પુ.એ.વ., વર્ત. 'વચ્' ૨ ગણ

**શ્લોકાર્થ:** ધનઞ્જય! યોગમાં રહી, સઙ્ગ તજી, સિદ્ધિ અને અસિદ્ધિ માં સમાન રહી કર્મ કર, સમપણું યોગ કહેવાય છે.

**વિવેચન:** કર્મ કેવી રીતે કરવું તે અહીં કહેલું છે. યોગમાં રહી અથવા ભગવાનમાં જ ચિત્ત રાખીને, સઙ્ગ તજી કર્મ કરવાં. 'સિદ્ધિ' એટલે

કર્મના ફલની પ્રાપ્તિ. 'અસિદ્ધિ' એટલે વિપરીત ફલની પ્રાપ્તિ. સિદ્ધિ અને અસિદ્ધિમાં સમાન રહી અર્થાત્ ઉભયને સમાન ગણી પ્રથમ મેં કહ્યાં તેવાં મારી આજ્ઞારૂપ કર્મ કર. સિદ્ધિ અને અસિદ્ધિ માં સમાન રહી કર્મ કરવાં તે 'યોગ' કહેવાય છે. ભગવાનની આજ્ઞા હોવાથી જ જે કર્મ કરે છે તેમનો કર્મના ફલ પ્રતિ સમાનભાવ જ હોય છે આ સમપણું જ કર્મ કરનાર ભગવત્પરાયણ છે એમ દર્શાવતું હોવાથી યોગરૂપ છે.

**દૂરેણં હ્યવરં કર્મ બુદ્ધિયોગાદ્ ધનઞ્જય!।**
**બુદ્ધૌ શરણમ્ અન્વિચ્છ કૃપણાઃ ફલહેતવઃ ॥૪૯॥**

**ધનઞ્જય - હે અર્જુન;** સમ્બોધન
**બુદ્ધિયોગાત્ - બુદ્ધિયોગથી;** નામ, પં.એ.વ.,
**કર્મ - કામ;** નામ, પ્ર.એ.વ., નપુ.
**હિ - નિશ્ચય;** અવ્યય
**દૂરેણં - ઘણું;** અવ્યય
**અવરમ્ - હલકું;** વિશેષણ, વિશેષ્ય 'કર્મ'
**અસ્તિ - છે;** ક્રિ., વર્ત.કા., તૃ.પુ.એ.વ. 'અસ્' **અતઃ - આથી**
**બુદ્ધૌ - બુદ્ધિમાં;** નામ, સ.એ.વ., સ્ત્રી 'બુદ્ધિ'
**શરણમ્ - શરણ;** નામ, દ્વિ.એ.વ., નપુ. 'શરણ'
**અન્વિચ્છ - ગ્રહણ કર, મેળવ;** ક્રિ. આજ્ઞાર્થ દ્વિ.પુ.એ.વ., 'અનુ + ઈષ્' (ઈચ્છ) ૬ ગણ
**હિ - કેમકે;** અવ્યય
**ફલહેતવઃ - ફલની વાસના વાળા જીવો;** નામ, પ્ર.બ.વ., પુ.
**કૃપણાઃ - હલકા;** વિશેષણ, વિશેષ્ય 'ફલહેતવઃ'
**ભવન્તિ - હોય છે;** ક્રિ. વર્ત.કા. પ્ર.પુ. બ.વ. 'ભવ'

**શ્લોકાર્થ:** હે ધનઞ્જય! બુદ્ધિયોગથી કર્મ ઘણું જ હલકું છે. બુદ્ધિમાં શરણ કર, ફલ કામનાવાળા કૃપણ છે.

**વિવેચન:** ફલની અપેક્ષા વિના, સિદ્ધિ અને અસિદ્ધિ માં સમાન રહી કર્મ કરવામાં આવે તે બુદ્ધિયોગ. આ બુદ્ધિયોગથી કર્મ ઘણું જ હલકું છે. બુદ્ધિયોગથી ફલની આકાંક્ષા રાખી કર્મ કરવામાં આવે તે ઘણું જ



હલકું છે. આવું હલકું ફલની કામનાથી કરવામાં આવતું કર્મ પ્રાકૃત લોકો જ કરે, તારા જેવાએ કરવા જેવું નથી એમ દર્શાવવા 'ધનઞ્જય' પદ યોજેલું છે તેથી તું બુદ્ધિમાં એટલે બુદ્ધિયોગના નિમિત્ત ઈશ્વરમાં શરણ કર, અર્થાત્ ઈશ્વરનું શરણ રાખ. ફલની કામનાવાળા અર્થાત્ ફલની કામનાથી કર્મ કરનાર કૃપણ એટલે લોભી છે. ફલ પ્રાપ્ત થાય તોપણ પુનઃ તેઓને ફલની તૃષ્ણા થાય છે.

**બુદ્ધિયુક્તો જહાતીહ ઉભે સુકૃત-દુષ્કૃતે।**
**તસ્માદ્ યોગાય યુજ્યસ્વ યોગઃ કર્મસુ કૌશલમ્॥૫૦॥**

**બુદ્ધિયુક્તઃ - સમાનભાવવાળી બુદ્ધિવાળો;** વિશેષણ, વિશેષ્ય પુરુષઃ
**સુકૃત-દુષ્કૃતે - સારું - નઠારું કામ, પુણ્ય - પાપ;** નામ, દ્વિ. દ્વિવચન 'સુકૃતદુષ્કૃતમ્' ચ દ્વન્દ્વ
**ઉભે - બન્ને;** વિશેષણ, વિશેષ્ય 'સુકૃતદુષ્કૃતે'
**ઈહ - આ લોકમાં;** અવ્યય **એવ - જ**
**જહાતિ - તજી દે છે;** ક્રિ. વર્તમાન. તૃ.પુ.એ.વ., 'હા' ૩ ગણ
**તસ્માત્ - તેથી;** અવ્યય
**યોગાય - યોગને માટે, સમત્વને માટે;** નામ, ચ.એ.વ., પુ. 'યોગ'
**યુજ્યસ્વ - જોડાવ;** ક્રિ. આજ્ઞાર્થ, દ્વિ.પુ. 'યુજ્' ૭ ગણ આત્મને.
**યોગઃ - યોગ;** નામ, પ્ર.એ.વ., પુ. 'યોગ'
**કર્મસુ - કર્મોમાં;** નામ, સ.બ.વ., નપુ. 'કર્મન્'
**કૌશલમ્ - કુશળતા, બન્ધનથી છૂટવામાં કુશળતા;** નામ, પ્ર.એ.વ., નપુ. 'કૌશલ'
**અસ્તિ - છે;** ક્રિ. વર્ત.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'

**શ્લોકાર્થ:** બુદ્ધિવાળો આ લોકમાં સુકૃત અને દુષ્કૃત ઉભયનો ત્યાગ કરે છે. તેથી તું યોગમાટે તૈયાર થા. યોગ કર્મોનું કૌશલ છે.

**વિવેચન:** બુદ્ધિવાળો; અથવા ભગવાનની આજ્ઞા હોવાથી જ કર્મ કરવાં જોઈએ એમ વિચારી ફલની કામના વિના કર્મ કરનાર બુદ્ધિયોગવાળો; સુકૃત અને દુષ્કૃત તેમ જ તેઓનાં ફલ સ્વર્ગ અને નરક વિગેરેનો આ લોકમાં જ ત્યાગ કરે છે. હું આ સુકૃત અથવા દુષ્કૃત કરું છું તેનું

મને આ પુણ્ય અથવા પાપ થશે એવો તેને વિચાર આવતો નથી, પરન્તુ જેવી ઈશ્વર મને પ્રેરણા કરે છે તેવું કાર્ય કરું છું એમ વિચારી કાર્ય કરે છે. તેથી તે પુણ્ય-પાપનો ત્યાગ કરે છે, અને બુદ્ધિયોગથી કરેલું કાર્ય ભક્તિનું સાધન થાય છે. તેથી તું પણ યોગ અર્થાત્ બુદ્ધિયોગમાટે તૈયાર થા. યોગ એ કર્મોનું કૌશલ અથવા ચાતુર્ય છે. કારણ કે બુદ્ધિયોગવાળો ભગવન્નિષ્ઠ છે, અને યોગ ભગવાનના દર્શનાર્થ મનને સ્થિર કરવાનું મુખ્ય સાધન છે.

**કર્મજં બુદ્ધિયુક્તા હિ ફલં ત્યક્ત્વા મનીષિણઃ।**
**જન્મ-બન્ધ-વિનિર્મુક્તાઃ પદં ગચ્છન્ત્યનામયમ્॥૫૧॥**

**હિ** - નિશ્ચય જ
**બુદ્ધિયુક્તાઃ** - **બુદ્ધિયોગવાળા;** વિશેષણ, વિશેષ્ય 'મનીષિણઃ'
**મનીષિણઃ** - **સમજવાળા માણસો;** વિશેષણ, વિશેષ્ય ''પુરુષાઃ મનીષા યસ્મિન્ વિદ્યતે તે'' બહુવ્રીહિ.
**કર્મજમ્** - **કર્મથી ઉત્પન્ન થયેલું;** વિશેષણ, વિશેષ્ય 'ફલમ્'
**ફલમ્** : **ફળને;** નામ, દ્વિ.એ.વ., 'ફલ' નપુ.
**ત્યક્ત્વા** - **તજીને;** વિધેય કૃદન્ત
**જન્મબન્ધવિનિર્મુક્તાઃ** - **જન્મરૂપ બન્ધનથી છૂટેલા;** વિશેષણ, વિશેષ્ય 'પુરુષાઃ'
**ભૂત્વા** - **થઈને**
**અનામયમ્** - **દુઃખ વિનાનું, નિર્દોષ;** વિશેષણ, વિશેષ્ય 'પદમ્'
**પદમ્** - **પદને;** નામ, દ્વિ.એ.વ., નપુ.
**ગચ્છન્તિ** - **પામે છે, જાય છે;** ક્રિ. વ.કાળ, તૃ.પુ.બ.વ., 'ગમ્' (ગચ્છ્) ૧ ગણ.

**શ્લોકાર્થ :** બુદ્ધિયોગવાળા જ્ઞાનીઓ કર્મથી થતાં ફલનો ત્યાગ કરી, જન્મબન્ધનથી વિમુક્ત થઈ અનામય પદ પ્રાપ્ત કરે છે.

**વિવેચન :** કર્મ સ્વતન્ત્રતાથી પોતાનાં ફલ આપે છે તે ભક્તિનું સાધન કેમ થાય, એવી શઙ્કા થાય તે માટે આ શ્લોક યોજેલો છે. શાસ્ત્રાર્થને જાણનાર પુરુષો ઉપર વાર્ણવ્યો તેવા બુદ્ધિયોગવાળા થઈ જન્મના બન્ધનથી વિમુક્ત થઈ અનામય પદ અર્થાત્ ભગવાનનાં ધામને પ્રાપ્ત કરે છે.



'અનામય' એટલે રોગરહિત. અનામય અથવા રોગરહિત પદ માત્ર ભગવાનનું ધામ જ છે. અન્યત્ર સર્વ સ્થળે રોગનો ભય રહે છે, પરન્તુ અક્ષરબ્રહ્મમાં ભય હોતો નથી.

**યદા તે મોહકલિલં બુદ્ધિર્ વ્યતિતરિષ્યતિ।**
**તદા ગન્તાસિ નિર્વેદં શ્રોતવ્યસ્ય શ્રુતસ્ય ચ॥૫૨॥**

**યદા** - **જ્યારે;** અવ્યય
**તે** - **તારી;** સર્વનામ, ષ.એ.વ., 'યુષ્મત્'
**બુદ્ધિઃ** - **બુદ્ધિ;** નામ, પ્ર.એ.વ., સ્ત્રી.
**મોહકલિલં** - **મોહરૂપ કાદવ;** નામ, દ્વિ.એ.વ., નપુ.
**વ્યતિતરિષ્યતિ** - **ઓળંગી જશે, બરાબર રીતે તરી જશે;** ક્રિ. ભવિષ્યકાળ તૃ.પુ.એ.વ., વિ + અતિ + તૃ (તર્) ૧ ગણ
**તદા** - **ત્યારે;** અવ્યય
**ત્વમ્** - **તું;** સર્વનામ, પ્ર.પુ. એ.વ. 'યુષ્મદ્'
**શ્રોતવ્યસ્ય** - **સાંભળવા યોગ્ય;** વિશેષણ, વિશેષ્ય 'વિષયઃ'
**ચ** - **અને;** અવ્યય
**શ્રુતસ્ય** - **સાંભળેલું;** વિશેષણ, વિશેષ્ય 'વિષયઃ'
**નિર્વેદમ્** - **વૈરાગ્ય;** નામ, દ્વિ.એ.વ., પુ. 'નિર્વેદ'
**ગન્તાસિ** - **જશે;** ક્રિ. ૧ ભવિ.કાળ, દ્વિ.પુ.એ.વ., 'ગમ્' નું ૧ ગણ

**શ્લોકાર્થ :** જ્યારે તારી બુદ્ધિ મોહકલિલને તરી જશે ત્યારે શ્રવણ કરવાનાનો અને શ્રવણ કરેલાનો તને વૈરાગ્ય થશે.

**વિવેચન :** આવો બુદ્ધિયોગ ક્યારે પ્રાપ્ત થશે એવી જીજ્ઞાસા થાય તે માટે અહીંથી બે શ્લોક (૫૨ - ૫૩) યોજેલા છે. તારી બુદ્ધિ જ્યારે મોહકલિલને તરી જશે. જ્યારે લૌકિક દેહાદિ પદાર્થોમાં તને મોહ નહિ રહે, ત્યારે શ્રવણ કરવાના અને શ્રવણ કરેલા ત્રૈગુણ્યના ધર્મોનો વૈરાગ્ય તને પ્રાપ્ત થશે. જ્યારે લૌકિક દેહાદિ પદાર્થમાંથી તારો મોહ દૂર થશે ત્યારે એવા પદાર્થની પ્રાપ્તિની કામના પણ નહિ રહે. ફલની કામના નહિ રહેવાથી અમુક ફલ પ્રાપ્ત કરવા અમુક કર્મ કરવું જોઈએ એવું જે કાંઈ શ્રવણ કરેલું છે અને કરવાનું છે તેનો વૈરાગ્ય થશે.

**શ્રુતિવિપ્રતિપન્ના તે યદા સ્થાસ્યતિ નિશ્ચલા।**
**સમાધાવચલા બુદ્ધિઃ તદા યોગમ્ અવાપ્સ્યસિ ॥૫૩॥**

**યદા** - **જ્યારે;** અવ્યય
**તે** - **તારી;** સર્વનામ, ષ.એ.વ., 'યુષ્મત્'
**બુદ્ધિઃ** - **બુદ્ધિ;** નામ, પ્ર.એ.વ., સ્ત્રી.
**શ્રુતિવિપ્રતિપન્ના** - **સાંભળીને સ્થિર થયેલી;** વિશેષણ, વિશેષ્ય 'બુદ્ધિઃ' સ્ત્રી. 'શ્રુત્વાવિપ્રતિપન્ના' તૃ.તત્પુ.
**સમાધૌ** - **સમાધિમાં, પરમાત્મામાં;** નામ, સ.એ.વ., 'સમાધિ' પુ.
**અચલા** - **અચળ;** વિશેષણ, વિશેષ્ય બુદ્ધિઃ
**ચ** - **અને;** અવ્યય
**નિશ્ચલાઃ** - **સ્થિર;** વિશેષણ, વિશેષ્ય 'બુદ્ધિઃ'
**સ્થાસ્યતિ** - **રહેશે;** ક્રિ. ભવિષ્યકાળ તૃ.પુ.એ.વ., 'સ્થા.' ૧ ગણ
**તદા** - **ત્યારે;** અવ્યય
**યોગમ્** - **યોગને, સમાન ભાવને;** નામ, દ્વિ.એ.વ., પુ. 'યોગ'
**અવાપ્સ્યસિ** - **પામીશ;** ક્રિ.ભવિ. કાળ, દ્વિ.પુ.એ.વ., 'અવ+આપ્' ૫ ગણ.

**શ્લોકાર્થ :** શ્રુતિથી વિક્ષિપ્ત થએલી તારી બુદ્ધિ જ્યારે નિશ્ચલ અને સમાધિમાં અચલ રહેશે ત્યારે તું યોગ પ્રાપ્ત કરીશ.

**વિવેચન :** શ્રુતિથી એટલે ત્રૈગુણ્યોએ ફલ પ્રાપ્તિમાટે કયાં કર્મ કરવા જોઈએ વિગેરે જે શ્રવણ કરેલું છે તેનાથી વિક્ષિપ્ત થએલી તારી બુદ્ધિ જ્યારે નિશ્ચલ એટલે ભિન્ન - ભિન્ન પ્રકારના ધર્મનું શ્રવણ કરવાની ઈચ્છારહિત થશે, અને સમાધિમાં એટલે મારું ચિન્તન કરતી વખતે અચલ એટલે ભિન્ન - ભિન્ન ધર્મોનું શ્રવણ થાય તો પણ ચાલે નહિ તેવી સ્વતઃ દઢ થશે ત્યારે તને બુદ્ધિયોગ પ્રાપ્ત થશે.

**અર્જુન ઉવાચ**

**સ્થિતપ્રજ્ઞસ્ય કા ભાષા સમાધિસ્થસ્ય કેશવ!।**
**સ્થિતધીઃ કિં પ્રભાષેત કિમાસીત વ્રજેત કિમ્ ॥૫૪॥**

**કેશવ** - **કૃષ્ણ;** સમ્બોધન
**સમાધિસ્થસ્ય** - **સમાધિમાં સ્થિત થયેલાની;** વિશેષણ, વિશેષ્ય ''પુરુષસ્ય સમાધૌ સ્થિતઃ''



**સ્થિતપ્રજ્ઞસ્ય** - **સ્થિર બુદ્ધિવાળાની;** વિશેષણ, વિશેષ્ય 'પુરુષસ્ય'
**કા** - **કેવી, શી;** સર્વનામ, પ્ર.એ.વ., 'કિમ્' સ્ત્રી.
**ભાષા** - **ભાષા;** નામ, પ્ર.એ.વ., સ્ત્રી. 'ભાષા'
**સ્થિતધીઃ** - **સ્થિર બુદ્ધિવાળો;** નામ, પ્ર.એ.વ., 'સ્થિતા ધીઃ યસ્ય' બહુવ્રીહિ
**કિમ્** - **કેમ, શું;** સર્વનામ; દ્વિ.એ.વ., નપુ.
**પ્રભાષેત** - **બોલે;** ક્રિ. વિધ્યર્થ, તૃ.પુ.એ.વ., 'પ્ર + ભાષ્' ૧ ગણ
**કિમ્** - **કેમ;** સર્વનામ, દ્વિ.એ.વ., 'કિમ્' નપું.
**આસીત** - **બેસે;** ક્રિ. વિધ્યર્થ, તૃ.પુ.એ.વ., 'આસ્' ૧ ગણ
**વ્રજેત** - **ચાલે, જાય;** ક્રિ., વિ. તૃ.પુ.એ.વ., 'વ્રજ્' ૧ ગણ

**શ્લોકાર્થ :** હે કેશવ! સમાધિસ્થ સ્થિતપ્રજ્ઞનું લક્ષણ શું? સ્થિતધી કેમ બોલે? કેમ બેસે? કેમ ચાલે?

**વિવેચન :** સમાધિમાં રહેનાર 'સ્થિતપ્રજ્ઞ' એટલે નિશ્ચયાત્મક બુદ્ધિવાળો. તેની ભાષા એટલે પરિભાષા શું? કઈ પરિભાષાથી અથવા ક્યા લક્ષણથી સ્થિતપ્રજ્ઞ ઓળખાય? તે કેમ બોલે? બેસે કેમ? ચાલે કેમ? આ પ્રમાણે સ્થિતપ્રજ્ઞનું સ્વરૂપ જાણવા અર્જુન પ્રશ્ન કરે છે.

ભગવાન્ અહીંથી આ અધ્યાયની સમાપ્તિ સુધી અર્જુનના પ્રશ્નોનો ઉત્તર આપે છે. અહીંથી બે શ્લોકમાં (૫૫ - ૫૬) સ્થિતપ્રજ્ઞનું લક્ષણ કહેલું છે.

**શ્રીભગવાન્ ઉવાચ**

**પ્રજહાતિ યદા કામાન્ સર્વાન્ પાર્થાન્ મનોગતાન્।**
**આત્મન્યેવાત્મના તુષ્ટઃ સ્થિતપ્રજ્ઞઃ તદોચ્યતે ॥૫૫॥**

**પાર્થ** - **હે અર્જુન;** સમ્બોધન
**યદા** - **જ્યારે;** અવ્યય. **અયં પુરુષઃ** - **આ પુરુષ**
**મનોગતાન્** - **મનમાં રહેલી;** વિશેષણ, વિશેષ્ય 'કામાન્'
**સર્વાન્** - **બધા;** વિશેષણ, વિશેષ્ય 'કામાન્'
**કામાન્** - **ઈચ્છાઓને;** નામ, દ્વિ.બ.વ., પુ. 'કામ'
**પ્રજહાતિ** - **છોડે છે;** ક્રિ., વ.કાળ, તૃ.પુ.એ.વ., પ્ર + હા ૩ ગણ

તદા - ત્યારે; અવ્યય
આત્મના - આત્માવડે; નામ, તૃ.એ.વ., પુ. 'આત્મન્'
એવ - જ; અવ્યય
આત્મનિ - આત્મામાં; નામ, સ.એ.વ., 'આત્મન્'
તુષ્ટઃ - સન્તોષ પામેલો; વિશેષણ, વિશેષ્ય 'પુરુષ'
સ્થિતપ્રજ્ઞઃ - સ્થિર બુદ્ધિવાળો; વિશેષણ, વિશેષ્ય 'પુરુષઃ'
ઉચ્યતે - કહેવાય છે; ક્રિ. તૃ.પુ.એ.વ., વર્ત.કાળ, કર્મણિ, 'વચ્' ૨ ગણ

**શ્લોકાર્થ :** હે પાર્થ! જ્યારે મનમાં થતી સર્વ કામનાઓનો ત્યાગ કરે છે, અને આત્મામાં જ આત્માથી સન્તુષ્ટ રહે છે ત્યારે 'સ્થિતપ્રજ્ઞ' કહેવાય છે.

**વિવેચન :** જ્યારે મનમાં ઉત્પન્ન થતી સર્વ કામનાઓનો સારી રીતે ત્યાગ કરે છે, પુનઃ એવી કામનાનું સ્મરણ પણ ન થાય એવી રીતે જ્યારે કામનાઓનો ત્યાગ કરે છે, અને પોતાના આત્માના સ્વરૂપભૂત આત્મામાં, પોતાના જીવાત્મા સ્વરૂપથી જ સન્તુષ્ટ રહે છે, અર્થાત્ પોતાના સ્વરૂપભૂત આત્માનું ઐક્ય સ્ફુરવાથી પોતાની મેળે સન્તુષ્ટ રહે છે, ત્યારે સ્થિતપ્રજ્ઞ કહેવાય છે.

**દુઃખેષ્વનુદ્વિગ્નમનાઃ સુખેષુ વિગતસ્પૃહઃ ।**
**વીતરાગ-ભય-ક્રોધઃ સ્થિતધીર્મુનિરુચ્યતે ॥૫૬॥**

દુઃખેષુ - દુઃખોમાં; નામ, સ.બ.વ., નપુ. 'દુઃખ'
અનુદ્વિગ્નમનાઃ - ઉદ્વેગ રહિત મન છે જેનું; વિશેષણ, વિશેષ્ય "પુરુષઃ ન ઉદ્વિગ્નં - અનુદ્વિગ્નં, અનુદ્વિગ્નમ્ મનઃ યસ્ય ઇતિ" બહુવ્રીહિ
સુખેષુ - સુખોમાં; નામ, સ.બ.વ., નપુ. 'સુખ'
વિગતસ્પૃહઃ - જેની સ્પૃહા જતી રહી છે; વિશેષણ, વિશેષ્ય પુરુષઃ, વિગતા સ્પૃહા યસ્ય બહુવ્રીહિ
વીતરાગભયક્રોધઃ - રાગ, ભય અને ક્રોધ જેનાં જતાં રહ્યાં છે; વિશેષણ, વિશેષ્ય "પુરુષઃ, વીતાઃ રાગ ભયક્રોધાઃ યસ્ય ઇતિ"
સ્થિતધીઃ - સ્થિર બુદ્ધિવાળો; વિશેષણ, વિશેષ્ય 'મુનિઃ'
મુનિઃ - મુનિ; નામ, પ્ર.એ.વ., પુ. 'મુનિ'
ઉચ્યતે - કહેવાય છે; ક્રિ. તૃ.પુ.એ.વ., કર્મણિ પ્રયોગ 'વચ્' ૨ ગણ



**શ્લોકાર્થ :** જેનું મન દુઃખમાં ઉદ્વેગ પામતું નથી, સુખમાટે જેને સ્પૃહા નથી, જેના રાગ ભય અને ક્રોધ દૂર થએલા છે, તેવો મુનિ 'સ્થિતધી' કહેવાય છે. **વિવેચન :** આ શ્લોકમાં સ્થિતપ્રજ્ઞને ઓળખવાના ચિહ્ન કહેલા છે.

**યઃ સર્વાત્રાનભિસ્નેહઃ તત્-તત્ પ્રાપ્ય શુભાશુભમ્ ।**
**નાભિનન્દતિ ન દ્વેષ્ટિ તસ્ય પ્રજ્ઞા પ્રતિષ્ઠિતા ॥૫૭॥**

યઃ - જે; સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'યત્'
સર્વત્ર - બધે; અવ્યય
અનભિસ્નેહઃ - સ્નેહરહિત થયેલો; નામ, પ્ર.એ.વ., પુ. 'સ્નેહ'
તત્-તત્ - તે તે; સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.
શુભાશુભમ્ - શુભ અને અશુભ; નામ, દ્વિ.એ.વ., 'શુભં અશુભઞ્ચ' દ્વન્દ્વ
પ્રાપ્ય - મેળવીને; વિધેય કૃદન્ત
ન - ન અવ્યય
અભિનન્દતિ - પ્રસન્ન થાય છે; ક્રિ. વ.કાળ, તૃ.પુ.એ.વ., 'અભિ + નન્દ્'
ન - ન; અવ્યય
દ્વેષ્ટિ - દ્વેષ કરે છે; વ.કા. તૃ.પુ.એ.વ., 'દ્વિષ્' ૨ ગણ
તસ્ય - તેનો; સર્વનામ, ષ.એ.વ., 'તદ્'
પ્રજ્ઞા - બુદ્ધિ; નામ, પ્ર.એ.વ., સ્ત્રી 'પ્રજ્ઞા'
પ્રતિષ્ઠિતા - સ્થિરતા પામેલી; 'કૃ' વિશેષણ, વિશેષ્ય 'પ્રજ્ઞા'. કથ્યતે=કહેવાય છે.

**શ્લોકાર્થ :** જે સર્વત્ર સ્નેહરહિત છે, તે-તે શુભ અથવા અશુભ પ્રાપ્ત કરી આનન્દ પામતો નથી અથવા દ્વેષ કરતો નથી, તેની બુદ્ધિ પ્રતિષ્ઠિત છે.

**વિવેચન :** સ્થિતપ્રજ્ઞ કેમ બોલે? એ પ્રશ્નનો આ શ્લોકમાં ઉત્તર આપેલો છે. તે સંસારમાં સર્વત્ર સ્નેહરહિત હોય છે, તેથી ભિન્ન-ભિન્ન 'શુભ' એટલે લૌકિકને અનુકૂળ અથવા 'અશુભ' એટલે લૌકિકને પ્રતિકૂળ પ્રાપ્ત કરી આનન્દ પામતો નથી અથવા દ્વેષ કરતો નથી. લૌકિકમાં કોઈ સ્થલે સ્નેહ નહિ હોવાથી, શુભ પ્રાપ્ત થવાથી તેને આનન્દ થતો નથી, તેમ જ અશુભ પ્રાપ્ત થવાથી દ્વેષ થતો નથી. શુભ પ્રાપ્ત થાય ત્યારે તે આનન્દનાં વચન બોલતો નથી, અશુભ પ્રાપ્ત થાય ત્યારે દ્વેષનાં વચન

બોલતો નથી. આવા પુરુષની પ્રજ્ઞા પ્રતિષ્ઠિત છે.

**યદા સંહરતે ચાયં કૂર્મોઽજ્ઞાનીવ સર્વશઃ ।**
**ઇન્દ્રિયાણીન્દ્રિયાર્થેભ્યઃ તસ્ય પ્રજ્ઞા પ્રતિષ્ઠિતા ॥૫૮॥**

**ચ** - **અને;** અવ્યય
**કૂર્મઃ** - **કાચબો;** **નામ,** પ્ર.એ.વ.,
**અજ્ઞાનિ** - **અજ્ઞોને;** **નામ,** દ્વિ.બ.વ., નપુ. 'અજ્ઞ'
**ઇવ** - **જેમ, આ પ્રમાણે;** અવ્યય
**અયમ્** - **આ;** સર્વનામ, પ્ર.એ.વ., 'ઇદમ્' પુ.
**યદા** - **જ્યારે;** અવ્યય
**સર્વશઃ** - **બધી તરફથી;** અવ્યય
**ઇન્દ્રિયાણિ** - **ઇન્દ્રિયોને;** નામ, દ્વિ.બ.વ., નપુ. 'ઇન્દ્રિય'
**ઇન્દ્રિયાર્થેભ્યઃ** - **ઇન્દ્રિયોના વિષયોમાંથી;** નામ, પં.બ.વ.,
**સંહરતે** - **સમેટી લે છે, પાછો ખેંચી લે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'સમ્ + હૃ ૧ ગણ
**તદા** - **ત્યારે;** અવ્યય
**તસ્ય** - **તેની;** સર્વનામ, ષ.એ.વ., 'તદ્'
**પ્રજ્ઞા** - **બુદ્ધિ;** નામ, પ્ર.એ.વ., સ્ત્રી 'પ્રજ્ઞા'
**પ્રતિષ્ઠિતા** - **પ્રતિષ્ઠિત થયેલી;** વિશેષણ, વિશેષ્ય 'પ્રજ્ઞા'

**શ્લોકાર્થ :** કાચબો ચારે બાજુએથી અવયવો અંદર ખેંચી લે છે તેમ જ્યારે આ ઇન્દ્રિયોના અર્થોમાંથી ઇન્દ્રિયોને ખેંચી લે ત્યારે તેની બુદ્ધિ પ્રતિષ્ઠિત થાય છે.

**વિવેચન :** સ્થિતપ્રજ્ઞ કેમ બેસે? એ પ્રશ્નનો ઉત્તર અહીંથી ચાર શ્લોકથી (૫૮ થી ૬૧) આપે છે. જ્યારે આ ઇન્દ્રિયોના અર્થોમાંથી એટલે ઇન્દ્રિયોના ભોગ્ય પદાર્થોમાંથી ઇન્દ્રિયોને ખેંચી લે ત્યારે તેની બુદ્ધિ પ્રતિષ્ઠિત થાય છે. ભોગ્ય પદાર્થોમાંથી ઇન્દ્રિયોને કેવી રીતે ખેંચી લે એ જણાવવા કૂર્મનું દષ્ટાન્ત આપે છે. જેમ કાચબો પોતાના કર, ચરણ, વિગેરે સર્વ અવયવોને સ્વભાવથી જ ખેંચી લે છે તે પ્રમાણે ઇન્દ્રિયોને સ્વભાવથી જ ભોગ્ય પદાર્થોમાંથી ખેંચી લે, ભોગ્ય પદાર્થોનું દર્શન થતાં જ ઇન્દ્રિયો



સ્વભાવિક રીતે જ તેમાંથી નિવૃત્ત થાય ત્યારે બુદ્ધિ પ્રતિષ્ઠિત થાય છે.

**વિષયાઃ વિનિવર્તન્તે નિરાહારસ્ય દેહિનઃ ।**
**રસવર્જં રસોઽપ્યસ્ય પરં દષ્ટ્વા નિવર્તતે ॥૫૯॥**

**યદ્યપિ** - **જો કે**
**નિરાહારસ્ય** - **નિરાહારવાળા;** વિશેષણ, વિશેષ્ય "દેહિનઃ નિર્ગતઃ આહારઃ યસ્માત્ ઇતિ" બહુ. આહારઃ = અન્તઃ પ્રવેશ
**દેહિનઃ** - **દેહવાળાને;** **નામ,** ષ.એ.વ., પુ. 'દેહિન્'
**વિષયાઃ** - **વિષયો;** **નામ,** પ્ર.બ.વ., પુ. 'વિષય'
**વિનિવર્તન્તે** - **ખસી જાય છે;** ક્રિ. વ., તૃ.પુ.બ.વ., વિ + નિ + વૃત્ ૧ ગણ
**પરન્તુ** - **પરન્તુ**
**રસવર્જમ્** - **રાગ વિનાનું;** વિશેષણ, વિશેષ્ય 'પરમ્'
**અસ્ય** - **આનો;** સર્વનામ, **ષ.એ.વ.,** 'ઇદમ્' પુ.
**રસઃ** - **રાગ;** **નામ,** પ્ર.એ.વ., પુ. 'રસ'
**અપિ** - **પણ, વળી;** અવ્યય
**પરમ્** - **પરને;** **નામ,** દ્વિ.એ.વ.,
**દષ્ટ્વા** - **જોઈને;** વિધેય કૃદન્ત
**નિવર્તતે** - **નિવૃત્ત થાય છે;** ક્રિ. વર્ત. તૃ.પુ.એ.વ., નિ + વૃત્ ૧ ગણ

**શ્લોકાર્થ :** નિરાહાર દેહીના વિષયો રસ સિવાય દૂર થાય છે. આનો રસ પણ પરનાં દર્શન થવાથી દૂર થાય છે ॥૫૯॥

**વિવેચન :** કાચબાની પેઠે ઇન્દ્રિયોને ભોગ્ય પદાર્થમાંથી ખેંચી લેવાનો ઉપદેશ ગયા શ્લોકમાં કર્યો. તેમાં શઙ્કા થાય કે જે દેહી અથવા માણસ આહાર ન લે તેની ઇન્દ્રિયોમાં શક્તિ જ નહિ રહેવાથી ઇન્દ્રિયાર્થોમાં પ્રવૃત્ત થઈ શકે નહિ, તેથી તેને જ સ્થિતપ્રજ્ઞ કહેવો યોગ્ય છે. આવી શઙ્કા આ શ્લોકથી દૂર કરે છે. જે માણસ આહાર ન લે તેની ઇન્દ્રિયો વિષયોમાં પ્રવૃત્ત થઈ શક્તી નથી એ ખરું, પરન્તુ તેને રસ રહી જાય છે. 'રસ' એટલે વિષયોને અનુભવ કરવાની અથવા વિષયો ભોગવવાની ઇચ્છા. નિરાહાર દેહીને આ ઇચ્છા રહે છે. અહીં 'દેહી' શબ્દ યોજેલો હોવાથી તેને દેહનું અભિમાન પણ રહે છે એવો ભાવાર્થ નીકળે છે.

આનો એટલે સ્થિતપ્રજ્ઞનો, રસ એટલે વિષયો ભોગવવાની ઇચ્છા પણ દૂર થાય છે. સ્થિતપ્રજ્ઞને પર રસ અથવા પરમ ઉત્કૃષ્ટ ભગવદીય રસનો અનુભવ થવાથી લૌકિક ઇન્દ્રિયોના ભોગ ભોગવવાની તેને ઇચ્છા ન જ રહે એ સ્વાભાવિક જ છે, કારણ કે મહાનન્દ હોય ત્યારે અલ્પાનન્દમાં કોઈની પ્રવૃત્તિ ન જ થાય. નિરાહાર દેહી અને સ્થિતપ્રજ્ઞમાં આ ભેદ છે.

શ્રીભાગવત્ ૧।૧૧।૪ તથા ૧૦।૧૦।૧૬ ઉપરનાં શ્રીસુબોધિનીમાં આ શ્લોકનું અનુસન્ધાન કરેલું છે.

**યતતો હ્યપિ કૌન્તેય પુરુષસ્ય વિપશ્ચિતઃ।**
**ઇન્દ્રિયાણિ પ્રમાથીનિ હરન્તિ પ્રસભં મનઃ ॥૬૦॥**

**કૌન્તેય - અર્જુન;** સમ્બોધન
**હિ - નિશ્ચય;** અવ્યય
**યતતઃ - યત્ન કરનારા;** વિશેષણ, વિશેષ્ય 'પુરુષસ્ય'
**વિપશ્ચિતઃ - બુદ્ધિમાનના;** વિશેષણ, વિશેષ્ય 'પુરુષસ્ય'
**પુરુષસ્ય - પુરુષનો;** નામ, ષ.એ.વ.,
**અપિ - પણ;** અવ્યય
**મનઃ - મન;** નામ, દ્વિ.એ.વ., નપુ. 'મનસ્'
**પ્રમાથીનિ - મન્થન કરવાના સ્વભાવવાળા;** વિશેષણ, વિશેષ્ય 'ઇન્દ્રિયાણિ'
**ઇન્દ્રિયાણિ - ઇન્દ્રિયો;** નામ, પ્ર.બ.વ., નપુ. 'ઇન્દ્રિય'
**પ્રસભમ્ - પરાણે, બળાત્કારે;** વિશેષણ, વિશેષ્ય 'મન'
**હરન્તિ - હરી લે છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.બ.વ., 'હૃ' ૧ ગણ

**શ્લોકાર્થ:** હે કૌન્તેય! ક્ષોભ કરનારી ઇન્દ્રિયો યત્ન કરતા વિદ્વાન્ પુરુષના મનને પણ બલાત્કારે હરી જાય છે.

**વિવેચન:** ઇન્દ્રિયોનો નિગ્રહ સર્વ લોકોએ કરવો જોઈએ. તેથી સ્થિતપ્રજ્ઞમાં વિશેષ શું? એવી શઙ્કા થાય, તે માટે આ શ્લોક યોજેલો છે. ઘણો વિદ્વાન્ માણસ ઇન્દ્રિયોને વિષયોમાંથી દૂર રાખવા પ્રયત્નો કરતો હોય તો પણ મનનું મથન અથવા મનનો ક્ષોભ કરનારી ઇન્દ્રિયો તેના યત્નો છતાં બલાત્કારે તેના મનને હરી જાય છે. ઇન્દ્રિયો મનને વિષયો પ્રતિ લઈ જાય છે, એટલે તેવો માણસ પણ વિષયોનું ચિન્તન કરે છે.



**તાનિ સર્વાણિ સંયમ્ય યુક્ત આસીત મત્પરઃ।**
**વશે હિ યસ્યેન્દ્રિયાણિ તસ્ય પ્રજ્ઞા પ્રતિષ્ઠિતા ॥૬૧॥**

**તાનિ - તેને;** સર્વનામ, વિશેષણ, વિશેષ્ય 'ઇન્દ્રિયાણિ'
**સર્વાણિ - બધી;** સર્વનામ, વિશેષણ, વિશેષ્ય 'ઇન્દ્રિયાણિ'
**સંયમ્ય - સંયમમાં રાખીને;** વિધેય કૃદન્ત
**યુક્તઃ - સ્થિર થયેલા ચિત્તવાળો;** વિશેષણ, વિશેષ્ય 'પુરુષઃ'
**મત્પરઃ - મારા પરાયણ;** વિશેષણ, વિશેષ્ય 'પુરુષઃ'
**આસીત - સ્થિત થાય છે;** ક્રિ.વિધ્યર્થ તૃ.પુ.એ.વ., 'આસ્' ૨ ગણ
**હિ - કેમકે;** અવ્યય
**ઇન્દ્રિયાણિ - ઇન્દ્રિયો;** નામ, પ્ર.બ.વ., નપુ. 'ઇન્દ્રિય'
**યસ્ય - જેની;** સર્વનામ, ષ.એ.વ., 'યત્'
**વશે - વશમાં;** નામ, સ.એ.વ., પુ. 'વશ'
**તસ્ય - તેની;** સર્વનામ, ષ.એ.વ., 'તદ્'
**પ્રજ્ઞા - બુદ્ધિ;** નામ, પ્ર.એ.વ., સ્ત્રી. 'પ્રજ્ઞા'
**પ્રતિષ્ઠિતા - સ્થિર થયેલી;** વિશેષણ, વિશેષ્ય 'પ્રજ્ઞા'

**શ્લોકાર્થ:** યોગીએ તો સર્વનો સંયમ કરી મત્પર થઈ રહેવું, કારણ કે જેને ઇન્દ્રિયો વશ છે તેની બુદ્ધિ પ્રતિષ્ઠિત છે.

**વિવેચન:** હું જ જેને પર છું તે મત્પર. ભગવાનને જ પર જાણનાર થઈ સર્વ ઇન્દ્રિયોનો સંયમ કરી રહેવું. જેને ઇન્દ્રિયો વશ છે તેની જ પ્રજ્ઞા પ્રતિષ્ઠિત છે. અથવા જેની પ્રજ્ઞા પ્રતિષ્ઠિત છે તેને જ ઇન્દ્રિયો વશ રહે છે, અન્યને રહેતી નથી. તેથી જ ગયા શ્લોકમાં વિદ્વાનો પણ પ્રયત્ન કરવા છતાં ઇન્દ્રિયોને વશ કરી શક્તા નથી એમ કહેલ છે.

**વિશેષ:** મત્પરઃ, કૃષ્ણપરઃ, બ્રહ્મપરઃ, નાદપરઃ, રસપરઃ, શબ્દપરઃ, અર્થપરઃ. તાત્પર્ય એ કે જીવ તો એકલો કોઈ પણ સ્થિતિમાં અને કોઈ પણ સ્થળે ટકી શક્તો નથી. તેથી કોઈ યોગ્ય સહાય અને આધાર જોઈએ છે. આ સહાય અને આધારમાં પરતાદ્વારા એ જીવનું આશ્રયસ્થાન બને છે. જ્યાં સુધી આશ્રયસ્થાન શુદ્ધ, સત્ય અને કેવળભાવે હોતું નથી ત્યાં સુધી પરતા અથવા આશ્રયસ્થાન જીવનેમાટે આ શ્લોકમાં કૃષ્ણ પોતે

પોતાને જ બતાવે છે. એટલે સમ્પૂર્ણ ભાવાત્મક કૃષ્ણ જો જીવને માટે આશ્રયસ્થાન બની જાય, તો પછી એના પ્રત્યેક ધર્મ નિર્દોષ અને બ્રહ્મમય બની જાય. જીવને કૃષ્ણ સાથે અંશઅંશી ભાવ હોવાથી જીવ કૃષ્ણની સાથે તત્પર રહી શકે છે. આ સ્થિતિમાં જ્યાં સુધી મન બરાબર પરોવાતું નથી ત્યાં સુધી અગવડતા તો રહે છે. એ અગવડતા મટાડવા જીવની ફરજ છે કે આસપાસના ઇન્દ્રિયોના વિષય સંસર્ગમાં ન જતાં કૃષ્ણ પરાયણ થવું જોઈએ. અને સાથે - સાથે બુદ્ધિને પણ તેમાં યોજવી જોઈએ.

**વિવેચન :** અહીં સુધી બાહ્ય ઇન્દ્રિયો વશ ન હોય તો શું થાય તે કહ્યું. હવે મન વશ ન હોય તો પણ બુદ્ધિયોગથી ભ્રંશ થાય છે એમ કહે છે. તેમાં પ્રથમ બે શ્લોકથી ( ૬૨।૬૩ ) મનનો સંયમ ન કરવાથી થતા દોષનું વર્ણન કરે છે.

**ધ્યાયતો વિષયાન્ પુંસઃ સઙ્ગસ્ તેષૂપજાયતે।**
**સઙ્ગાત્ સઞ્જાયતે કામઃ કામાત્ ક્રોધોઽભિજાયતે ॥૬૨॥**

**વિષયાન્** - **વિષયોને;** નામ, દ્વિ.બ.વ., પુ. 'વિષય'
**ધ્યાયતઃ** - **ધ્યાન કરતો;** વ.કૃ.વિશેષણ, વિશેષ્ય 'પુંસઃ'
**પુંસઃ** - **પુરુષનો;** નામ, ષ.એ.વ., પુ. 'પુમાન્'
**તેષુ** - **તેઓમાં;** સર્વનામ, સ.બ.વ., પુ. 'તદ્'
**સઙ્ગઃ** - **સઙ્ગ;** નામ, પ્ર.એ.વ., પુ. 'સઙ્ગ'
**ઉપજાયતે** - **થાય છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ., 'ઉપ + જન્' ૪ ગણ
**સઙ્ગાત્** - **સઙ્ગથી;** નામ, પં.એ.વ., પુ. 'સઙ્ગ'
**કામઃ** - **કામ, ઇચ્છા;** નામ, પ્ર.એ.વ., પુ. 'કામ'
**સઞ્જાયતે** - **ઉત્પન્ન થાય છે;** ક્રિ.વ.કા. તૃ.પુ.એ.વ., 'સમ્+જન્' ૪ ગણ
**કામાત્** - **ઇચ્છાથી;** નામ, પં.એ.વ., પુ. 'કામ'
**ક્રોધઃ** - **ક્રોધ;** નામ, પ્ર.એ.વ., પુ. 'ક્રોધ'
**અભિજાયતે** - **ઉત્પન્ન થાય છે;** ક્રિ.વ.કા. તૃ.પુ.એ.વ., અભિ+જન્ ૪ ગણ

**શ્લોકાર્થ :** વિષયોનું ધ્યાન કરતા પુરુષનો વિષયોમાં સઙ્ગ થાય છે. સઙ્ગમાંથી કામ ઉત્પન્ન થાય છે. કામમાંથી ક્રોધ ઉત્પન્ન થાય છે.

**વિવેચન :** વિષયોનું ચિન્તન કરનાર પુરુષને વિષયોમાં આસક્તિ થાય છે.



વિષયોમાં આસક્તિ થવાથી વિષયો ભોગવવાની કામના થાય છે. કામના પરિપૂર્ણ ન થાય અથવા કામના પરિપૂર્ણ થવામાં વિઘ્ન આવે એટલે ક્રોધ થાય છે.

**ક્રોધાદ્ ભવતિ સમ્મોહઃ સમ્મોહાત્ સ્મૃતિવિભ્રમઃ।**
**સ્મૃતિભ્રંશાદ્ બુદ્ધિનાશો બુદ્ધિનાશાત્ પ્રણશ્યતિ ॥૬૩॥**

**ક્રોધાત્** - **ક્રોધથી;** નામ, પં.એ.વ., પુ. 'ક્રોધ'
**સમ્મોહઃ** - **અવિવેક, મૂઢભાવ;** નામ, પ્ર.એ.વ., પુ. 'સમ્મોહ'
**ભવતિ** - **થાય છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ., 'ભૂ' ૧ ગણ
**સમ્મોહાત્** - **મૂઢભાવથી, અવિવેકથી;** નામ, પં.એ.વ. પુ. સમ્મોહ
**સ્મૃતિવિભ્રમઃ** - **સ્મરણશક્તિનું ભ્રમિત થવું;** નામ, પ્ર.એ.વ., પુ.
**સ્મૃતિભ્રંશાત્** - **સ્મૃતિ ખસી જવાથી;** નામ, પં.એ.વ., પુ. 'ભ્રંશ'
**બુદ્ધિનાશઃ** - **બુદ્ધિનો નાશ;** નામ, પ્ર.એ.વ., પુ. 'નાશ'
**બુદ્ધિનાશાત્** - **બુદ્ધિના નાશથી;** નામ, પં.એ.વ., પુ.
**પ્રણશ્યતિ** - **નાશ પામે છે;** ક્રિ. તૃ.પુ.એ.વ., 'પ્ર + નશ્' ૪ ગણ

**શ્લોકાર્થ :** ક્રોધમાંથી સમ્મોહ થાય છે, સમ્મોહમાંથી સ્મૃતિવિભ્રમ થાય છે. સ્મૃતિનો ભ્રંશ થવાથી બુદ્ધિનો નાશ થાય છે. બુદ્ધિનો નાશ થવાથી વિનાશ થાય છે.

**વિવેચન :** ક્રોધ થવાથી મોહ વિશેષ થાય છે, એટલે વિવેક જતો રહે છે. મોહ થવાથી શાસ્ત્રોમાંથી અથવા ગુરુદ્વારા જે ઉપદેશ શ્રવણ કર્યો હોય તેમાં વિભ્રમ થાય છે. આવી રીતે સ્મૃતિનો ભ્રંશ થવાથી વ્યવસાયાત્મક બુદ્ધિનો નાશ થાય છે. આવી બુદ્ધિનો નાશ થવાથી તેનો પોતાનો વિનાશ થાય છે અર્થાત્ તે પ્રાકૃત અવિશુદ્ધ પુરુષ થઈ રહે છે. વિષયોનું ધ્યાન કરવાથી આ પ્રમાણે વિનાશ થાય છે, તેથી વિષયોનું ધ્યાન કરવું નહિ. આ ( ૬૨,૬૩ ) બે શ્લોકોથી સ્થિતપ્રજ્ઞ કેમ ચાલે તેનો ઉત્તર આપેલો છે. સ્થિતપ્રજ્ઞ વિષયોનું ધ્યાન કર્યા વિના ચાલે છે.

**રાગ-દ્વેષ-વિયુક્તૈસ્તુ વિષયાન્ ઇન્દ્રિયૈશ્ચરન્।**
**આત્મવશ્યૈર્ વિધેયાત્મા પ્રસાદમ્ અધિગચ્છતિ ॥૬૪॥**

તુ - તો; અવ્યય
**વિધેયાત્મા** - અન્તઃકરણ જેના વશમાં છે એવો; નામ, પ્ર.એ.વ., પુ. 'આત્મન્'
**રાગદ્વેષવિયુક્તૈઃ** - રાગદ્વેષવાળાઓ વડે; વિશેષણ, વિશેષ્ય 'ઇન્દ્રિયૈઃ'
**આત્મવશ્યૈઃ** - પોતાના વશમાં રાખેલી; વિશેષણ, વિશેષ્ય 'ઇન્દ્રિયૈઃ'
**ઇન્દ્રિયૈઃ** - ઇન્દ્રિયોવડે; નામ, તૃ.બ.વ., નપુ. 'ઇન્દ્રિય'
**વિષયાન્** - વિષયોને; નામ, દ્વિ.બ.વ., પુ. 'વિષય'
**ચરન્** - ભોગવતો; વ.કૃ. નામ, પ્ર.એ.વ.,
**પ્રસાદમ્** - અન્તઃકરણની પ્રસન્નતા સ્વચ્છતા; નામ, દ્વિ.એ.વ., પુ. 'પ્રસાદ'
**અધિગચ્છતિ** - મેળવે છે; ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ., 'અધિ + ગમ્' ૧ ગણ

**શ્લોકાર્થ:** કર્તવ્યમાં ચિત્ત રાખનાર રાગ-દ્વેષરહિત પોતાને વશ રહેલી ઇન્દ્રિયોથી વિષયોનો ભોગ કરતાં પ્રસાદ પ્રાપ્ત કરે છે.

**વિવેચન:** ઇન્દ્રિયોનો સ્વભાવ જ વિષયો પ્રતિ ગમન કરવાનો હોવાથી ઇન્દ્રિયોનો નિગ્રહ અશક્ય જ છે, તેથી પ્રજ્ઞા કેવી રીતે પ્રતિષ્ઠિત રહી શકે? એવી શઙ્કા થાય, તે માટે કહે છે કે 'વિધેય' એટલે કર્તવ્યમાં ચિત્ત રાખનાર માણસ રાગ-દ્વેષરહિત થઈ ઇન્દ્રિયોને પોતાને વશ રાખી વિષયોનો ભોગ કરે તો તેનું ચિત્ત પ્રસન્ન રહે છે.

**પ્રસાદે સર્વદુઃખાનાં હાનિરસ્યોપજાયતે।**
**પ્રસન્નચેતસો હ્યાશુ બુદ્ધિઃ પર્યવતિષ્ઠતે ॥૬૫॥**

**પ્રસાદે** - પ્રસન્નતામાં; નામ, સ.એ.વ., પુ. 'પ્રસાદ'
**અસ્ય** - આને; સર્વનામ, વિશેષણ, વિશેષ્ય 'પુરુષસ્ય'
**સર્વદુઃખાનામ્** - બધાં દુઃખોનો; નામ, ષ.બ.વ.,
હાનિ - **નાશ;** નામ, પ્ર.એ.વ., સ્ત્રી.
ઉપજાયતે - **ઉત્પન્ન થાય છે.** ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ., 'ઉપ+જન્' ૪ ગણ
**પ્રસન્નચેતસઃ** - પ્રસન્ન છે ચિત્ત જેનું; વિશેષણ, વિશેષ્ય 'પુરુષસ્ય'
**બુદ્ધિઃ** - બુદ્ધિ; નામ, પ્ર.એ.વ., સ્ત્રી.
**આશુ હિ** - તરત જ નિશ્ચય; અવ્યય
**પર્યવતિષ્ઠતે** - સ્થિર થાય છે. ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ., 'પરિ+અવ+સ્થા' ૧ ગણ



**શ્લોકાર્થ:** પ્રસાદ થવાથી આના સર્વ દુઃખોનો નાશ થાય છે, કારણ કે પ્રસન્ન ચિત્તવાળાની બુદ્ધિ એકદમ સારી રીતે પ્રતિષ્ઠિત થાય છે. 'પ્રસાદ' એટલે ચિત્તની પ્રસન્નતા.

**વિશેષ:** ચિત્તનો પ્રસાદ પ્રાપ્ત થતાં સર્વ દુઃખોનો નાશ થાય છે. જ્યાં સુધી ચિત્ત બ્રહ્મપરાયણ થતું નથી, ત્યાં સુધી ચિત્તની પ્રસન્નતા બનતી નથી, કારણ કે બ્રહ્મ સિવાય બધા પદાર્થો કંઈ ને કંઈ દોષમય હોય છે. નિર્દુષ્ટ ચિત્ત જ બ્રહ્મની સાથે સહભાવને પામે છે. અને આ પ્રકારના સહભાવદ્વારા જ બ્રહ્મ સાથે સમાનતા થતાં લીલાનો આસ્વાદ લઈ શકે છે.

**નાસ્તિ બુદ્ધિઃ અયુક્તસ્ય ન ચાયુક્તસ્ય ભાવના।**
**ન ચાભાવયતઃ શાન્તિઃ અશાન્તસ્ય કુતઃ સુખમ્॥૬૬॥**

**અયુક્તસ્ય** - અયુક્તને; વિશેષણ, વિશેષ્ય 'પુરુષસ્ય'
**બુદ્ધિઃ** - બુદ્ધિ; નામ, પ્ર.એ.વ., સ્ત્રી. 'બુદ્ધિ'.
**ન** - નહિ; અવ્યય
**અસ્તિ** - છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ
**ચ** - અને; અવ્યય
**અયુક્તસ્ય** - અયુક્તને; વિશેષણ, વિશેષ્ય 'પુરુષસ્ય'
**ભાવના** - ભાવ, આસક્તિભાવ; નામ, પ્ર.એ.વ., 'ભાવના' સ્ત્રી.
**અપિ** - પણ. **ન** - નહિ અવ્યય.
**ભવતિ** - હોય છે; ક્રિ. વર્ત.કા. પ્ર.પુ. એ.વ. 'ભવ'
**અભાવયતઃ** - આસક્તિ ભાવ વગરનાની; વિશેષણ, વિશેષ્ય 'પુરુષસ્ય'
**શાન્તિઃ** - શાન્તિ; નામ, પ્ર.એ.વ.
**ચ** - પણ; અવ્યય. **ન** - નહિ; અવ્યય. **ભવતિ** - હોય છે
**અશાન્તસ્ય** - શાન્તિરહિત પુરુષને; વિશેષણ, વિશેષ્ય 'પુરુષસ્ય'
**સુખમ્** - સુખ; નામ, પ્ર.એ.વ., પુ. 'સુખ'
કુતઃ - **ક્યાંથી;** અવ્યય. **સ્યાત્** - થાય

**શ્લોકાર્થ:** અયુક્તને બુદ્ધિ હોતી નથી અને તેને ભાવના પણ હોતી નથી. ભાવના ન કરનારને શાન્તિ હોતી નથી. શાન્તિ ન હોય તેને સુખ ક્યાંથી હોય?

**વિવેચન:** મનને સંયમમાં રાખવાથી બુદ્ધિયોગ પ્રાપ્ત થાય છે એમ ઉપર કહ્યું. હવે મનને સંયમમાં ન રાખે તેને બુદ્ધિયોગ પ્રાપ્ત થતો નથી એમ વ્યતિરેકથી મનનો નિગ્રહ બુદ્ધિયોગ પ્રાપ્ત કરવાનું સાધન છે એમ કહે છે. 'અયુક્ત' એટલે મનનો નિરોધ નહીં રાખનાર, મનનો સંયમ નહીં રાખનાર. મનના નિરોધરૂપી યોગરહિત. આવા અયુક્તને વ્યવસાયાત્મિકા બુદ્ધિ અથવા બુદ્ધિયોગ ઉપર વર્ણવ્યો તે હોતો નથી, અને તેને ભાવના પણ હોતી નથી. 'ભાવના' એટલે તત્ત્વનું ચિન્તન, અથવા ભગવાનનું ચિન્તન. તેનાથી તે પણ થઈ શકતું નથી. ભાવના જેને ન હોય તેને શાન્તિ હોતી નથી, અને શાન્તિ ન હોય તેને સુખ ક્યાંથી જ હોય?

**ઇન્દ્રિયાણાં હિ ચરતાં યન્ મનોઽનુવિધીયતે।**
**તદ્ અસ્ય હરતિ પ્રજ્ઞાં વાયુર્નાવમ્ ઇવામ્ભસિ॥૬૭॥**

**હિ - નિશ્ચય;** અવ્યય
**અમ્ભસિ - જળમાં;** નામ, સ.એ.વ., નપુ. 'અમ્ભસ્'
**વાયુઃ - વાયુ;** નામ, પ્ર.એ.વ., પુ. 'વાયુ'
**નાવમ્ - નાવડી;** નામ, દ્વિ.એ.વ.,
**ઇવ - માફક;** અવ્યય
**હરતિ - હરિ લે છે;** ક્રિ. વર્ત.કા. પ્ર.પુ. એ.વ. (તથૈવ વિષયેષુ=તેમજ વિષયોમાં)
**ચરતામ્ - ફરતી ઇન્દ્રિયો;** વિશેષણ, વિશેષ્ય 'ઇન્દ્રિયાણામ્'
**ઇન્દ્રિયાણામ્ - ઇન્દ્રિયોનું;** નામ, ષ.બ.વ., નપુ.
**યદ્ - જે;** સર્વનામ, વિશેષણ, વિશેષ્ય 'મનઃ'
**અનુ - પાછળ;** અવ્યય
**મનઃ - મન;** નામ, પ્ર.એ.વ., નપુ.
**વિધીયતે - પકડાય છે;** ક્રિ. કર્મણિ 'વિ +ધા' તૃ.પુ.એ.વ. વ.કા.
**તત્ - તે ઇન્દ્રિય;** સર્વનામ, વિશેષણ, વિશેષ્ય 'ઇન્દ્રિય'
**ઇન્દ્રિયં - ઇન્દ્રિય**
**અસ્ય - આને;** સર્વનામ, વિશેષણ, વિશેષ્ય 'પુરુષસ્ય'
**પ્રજ્ઞામ્ - બુદ્ધિને;** નામ, દ્વિ.એ.વ., સ્ત્રી. 'પ્રજ્ઞા'
**હરતિ - હરે છે, ઘસડે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'હૃ' ૧ ગણ

**શ્લોકાર્થ:** ચરતી ઇન્દ્રિયોમાંથી જેની પાછળ મન જાય છે તે જલમાં



જેમ વાયુ નાવને લઈ જાય તેમ આની બુદ્ધિને હરી જાય છે.

**વિવેચન:** પાછલા શ્લોકમાં અયુક્તને અથવા મનનો નિગ્રહ નહીં રાખનારને બુદ્ધિ હોતી નથી એમ કહ્યું તેનું આ શ્લોકમાં કારણ આપેલું છે. રાગ-દ્વેષરહિત વશ રહેલી ઇન્દ્રિયોથી વિષયોપભોગ કરવામાં આવે તો બુદ્ધિયોગ પ્રાપ્ત કરવામાં કાંઈ વિઘ્ન થતું નથી, પણ જો ઇન્દ્રિયો વશ ન હોય અને લૌકિક વિષયમાં ઇચ્છા પ્રમાણે ચરતી હોય તો જે ઇન્દ્રિય પાછળ મન જાય તે ઇન્દ્રિય આ માણસની ભાવનાત્મક અથવા વ્યવસાયાત્મક બુદ્ધિ હરી જાય છે. જેમ વાયુ જલમાં તરવાના સાધનરૂપ નૌકાને ખેંચી જઈ ડૂબાડી દે છે તેમ આ ઇન્દ્રિય આ માણસના તરવાના સાધનરૂપ વ્યવસાયાત્મિકા બુદ્ધિને હરી જઈ તેનો અધઃપાત કરાવે છે. તેથી તેને બુદ્ધિયોગ ન હોય તે યોગ્ય જ છે.

**તસ્માત્ યસ્ય મહાબાહો નિગૃહીતાનિ સર્વશઃ।**
**ઇન્દ્રિયાણીન્દ્રિયાર્થેભ્યઃ તસ્ય પ્રજ્ઞા પ્રતિષ્ઠિતા॥૬૮॥**

**તસ્માત્ - તે કારણે;** અવ્યય
**મહાબાહો - મોટા બાહુવાળા, કીર્તિવાળા;** સમ્બોધન
**યસ્ય - જેની;** સર્વનામ, વિશેષણ, વિશેષ્ય 'પુરુષસ્ય'
**ઇન્દ્રિયાણિ - ઇન્દ્રિયોને;** નામ, પ્ર.બ.વ., નપુ.
**ઇન્દ્રિયાર્થેભ્યઃ - ઇન્દ્રિયોના વિષયોમાંથી;** નામ, પં.બ.વ.,
**સર્વશઃ - બધી રીતે;** અવ્યય
**નિગૃહીતાનિ - ગ્રહણ કરાયેલા;** વિશેષણ, વિશેષ્ય 'ઇન્દ્રિયાણિ'
**ભવતિ - હોય છે**
**તસ્ય - તેની;** સર્વનામ, ષ.એ.વ., 'તદ્'
**પ્રજ્ઞા - બુદ્ધિ;** નામ, પ્ર.એ.વ., સ્ત્રી.
**પ્રતિષ્ઠિતા - સ્થિર થયેલી;** વિશેષણ, વિશેષ્ય 'પ્રજ્ઞા'

**શ્લોકાર્થ:** તેથી હે મહાબાહો! જેની ઇન્દ્રિયો ઇન્દ્રિયોના વિષયોમાંથી સર્વ તરફથી નિગ્રહમાં રખાએલી છે તેની પ્રજ્ઞા પ્રતિષ્ઠિત છે.

**વિવેચન:** હવે ઉપસંહાર કરે છે. હે મહાબાહો! મોટા બાહુવાળા અર્જુન!

તારા બાહુ મોટા હોવાથી તું પણ ક્રિયા કરવા સમર્થ છે, તેથી તું પણ ઇન્દ્રિયોનો નિગ્રહ કરવા યોગ્ય છે એવો ભાવાર્થ છે. ઇન્દ્રિયોનો નિગ્રહ ન હોય તેની પ્રજ્ઞાનો નાશ થાય છે. તેથી જેની ઇન્દ્રિયોનો નિગ્રહ થયેલો છે, તેની જ પ્રજ્ઞા પ્રતિષ્ઠિત થાય છે.

**યા નિશા સર્વભૂતાનાં તસ્યાં જાગર્તિ સંયમી।**
**યસ્યાં જાગ્રતિ ભૂતાનિ સા નિશા પશ્યતો મુનેઃ ॥૬૯॥**

**સર્વભૂતાનામ્ - બધા પ્રાણીઓની;** નામ, ષ.બ.વ.,
**યા - જે;** સર્વનામ, પ્ર.એ.વ., સ્ત્રી.
**નિશા - રાત્રિ;** નામ, પ્ર.એ.વ., સ્ત્રી. 'નિશા'
**તસ્યામ્ - તેમાં;** વિશેષણ, વિશેષ્ય 'નિશાયામ્' સ.એ.વ.,
**સંયમી - સંયમ રાખનાર;** નામ, પ્ર.એ.વ., પુ. 'સંયમિન્'
**જાગર્તિ - જાગે છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ. 'જાગૃ' ૨ ગણ
**યસ્યામ્ - જેમાં;** સર્વનામ, સ.એ.વ., સ્ત્રી.
**ભૂતાનિ - પ્રાણીઓ;** નામ, પ્ર.બ.વ.
**જાગ્રતિ - જાગે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., 'જાગૃ' ૨ ગણ
**પશ્યતઃ - તત્ત્વને સમજી જોનાર;** ક્રિ. વ.કૃ. વિશેષણ, વિશેષ્ય 'મુનેઃ'
**મુનેઃ - મુનિની;** નામ, ષ.એ.વ., પુ. 'મુનિ'
**સા - તે;** વિશેષણ, વિશેષ્ય 'નિશા'
**નિશા - રાત્રિ;** પ્ર.એ.વ., સ્ત્રી 'નિશા'
**અસ્તિ - છે;** ક્રિયાપદ, વર્ત.કા., તૃ.પુ.એ.વ. 'અસ્'

**શ્લોકાર્થ :** જે સર્વ પ્રાણીઓની નિશા છે તેમાં સંયમી જાગે છે. જેમાં પ્રાણીઓ જાગે છે તે દેખતા મુનિની નિશા છે.

**વિવેચન :** ઇન્દ્રિયોના સંયમથી જેની બુદ્ધિ પ્રતિષ્ઠિત થએલી છે તેનું લક્ષણ આ શ્લોકમાં આપે છે. આત્મવિષયી બુદ્ધિ એટલે ભગવાન્ સમ્બન્ધી બુદ્ધિ જે સર્વ પ્રાણીઓની નિશા છે અર્થાત્ જેનો પ્રકાશ સર્વ સંસારી પ્રાણીઓને જાણે તે ઊંઘતા હોય તેમ પડતો નથી, અથવા અજ્ઞાનરૂપી અન્ધકારથી મુંઝાએલી મતિવાળા સંસારી પ્રાણીઓ જેનો અનુભવ કરી શકતા નથી, તેમાં ઇન્દ્રિયોનો સંયમ રાખનાર પ્રતિષ્ઠિત બુદ્ધિવાળો જાગે



છે, અર્થાત્ તેનો સાક્ષાત્કાર કરે છે. જે સંસારી વ્યવહારોમાં સર્વ પ્રાણીઓ જાગે છે અથવા મચ્યા રહે છે, તે આવા સંયમ રાખનાર મુનિની રાત્રિ છે, એટલે તેવા વ્યવહારોનો આવા મુનિને કાંઈ સમ્બન્ધ હોતો નથી. આ પ્રમાણે સંસારી પ્રાણીઓથી સંયમી મુનિનાં લક્ષણો ભિન્ન જ હોય છે.

**આપૂર્યમાણમ્ અચલપ્રતિષ્ઠિતં સમુદ્રમાપઃ પ્રવિશન્તિ યદ્વત્।**
**તદ્વત્ કામા યં પ્રવિશન્તિ સર્વે સ શાન્તિમાપ્નોતિ ન કામકામી॥૭૦॥**

**યદ્વત્ - જેવી રીતે;** અવ્યય
**આપૂર્યમાણમ્ - સર્વ તરફથી ભરપૂર;** વિશેષણ, વિશેષ્ય 'સમુદ્ર'
**અચલપ્રતિષ્ઠિમ્ - અચળ પ્રતિષ્ઠાવાળું;** વિશેષણ, વિશેષ્ય 'સમુદ્ર'
**સમુદ્રમ્ - સમુદ્રને;** નામ, દ્વિ.એ.વ., પુ. 'સમુદ્ર'
**આપઃ - જળ ( નદીઓ )** નામ, પ્ર.બ.વ., સ્ત્રી. 'આપસ્'
**પ્રવિશન્તિ - પ્રવેશે છે, સમાય છે;** વ.કા., તૃ.પુ.બ.વ., 'પ્ર + વિશ્' ૬ ગણ.
**તદ્વત્ - તેવી રીતે;** અવ્યય
**યમ્ - જેને;** વિશેષણ, વિશેષ્ય 'પુરુષઃ' અધ્યાહાર
**સર્વે - બધા;** વિશેષણ, વિશષ્ય 'કામાઃ'
**કામાઃ - ઇચ્છાઓ, ભોગો;** પ્ર.બ.વ., પુ. 'કામ'
**પ્રવિશન્તિ - પ્રવેશે છે;** વ.કા., તૃ.પુ.બ.વ., 'પ્ર + વિશ્' ૬ ગણ
**સઃ - તે;** વિશેષણ, વિશેષ્ય 'પુરુષઃ'
**શાન્તિમ્ - શાન્તિને;** દ્વિ.એ.વ., સ્ત્રી. 'શાન્તિ'
**આપ્નોતિ - મેળવે છે;** વ.કા., તૃ.પુ.એ.વ., 'આપ્' ૫ ગણ
**કામકામી - કામનાની ઇચ્છા રાખનારો;** પ્ર.એ.વ. "કામાન્ કમતે ઇતિ કામકામી" ઉપપદ
**ન - નહિ;** અવ્યય
**આપ્નોતિ - પ્રાપકો છે**

**શ્લોકાર્થ :** જેમ જલો ભરાતાં અચળ પ્રતિષ્ઠિવાળા સમુદ્રમાં પ્રવેશ કરે છે તેવી રીતે સર્વ કામનાઓ જેનામાં પ્રવેશ કરે છે તે શાન્તિ પ્રાપ્ત કરે છે, કામનાઓની ઇચ્છા રાખનાર પ્રાપ્ત કરતો નથી.

**વિવેચન :** સંયમી પ્રતિષ્ઠિત બુદ્ધિવાળાનું આ શ્લોકમાં બીજું લક્ષણ કહેલું

છે. જેમ સમુદ્ર કોઈ જલ પ્રતિ પ્રયાણ કરતો નથી, પરન્તુ સર્વ જલો અથવા નદીઓ સમુદ્ર પ્રતિ પ્રયાણ કરે છે, તેમ સર્વ કામનાઓ જે સંયમીમાં પ્રવેશ કરે છે, પરન્તુ જેને કોઈ પણ કામના થતી નથી તે શાન્તિ પ્રાપ્ત કરે છે. કામનાઓ પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળાને શાન્તિ પ્રાપ્ત થતી નથી.

**વિહાય કામાન્ યઃ સર્વાન્ પુમાંશ્ચરતિ નિઃસ્પૃહઃ।**
**નિર્મમો નિરહઙ્કારઃ સ શાન્તિમ્ અધિગચ્છતિ॥૭૧॥**

**યઃ** - **જે;** પ્ર.એ.વ. વિશેષણ, વિશેષ્ય 'પુમાન્'
**પુમાન્** - **પુરુષ;** પ્ર.એ.વ. 'પુમાન્'
**સર્વાન્** - **બધી;** વિશેષણ, વિશેષ્ય 'કામાન્'
**કામાન્** - **કામનાઓ;** દ્વિ.બ.વ.,
**વિહાય** - **છોડી દઈને;** વિધેય કૃદન્ત
**નિર્મમઃ** - **મમતા રહિત;** વિશેષણ, વિશેષ્ય 'પુમાન્'
**નિરહઙ્કારઃ** - **અહઙ્કાર વિનાનો;** વિશેષણ, વિશેષ્ય 'પુમાન્'
**નિઃસ્પૃહઃ** - **સ્પૃહા રહિત;** વિશેષણ, વિશેષ્ય 'પુમાન્'
**ચરતિ** - **વિહરે છે, વિચરે છે, ચાલે છે;** વ.કા., તૃ.પુ.એ.વ., ૧ ગણ
**સઃ** - **તે;** અવ્યય, વિશેષણ, વિશેષ્ય 'પુમાન્'
**શાન્તિમ્** - **શાન્તિને;** દ્વિ.એ.વ., સ્ત્રી. 'શાન્તિ'
**અધિગચ્છતિ** - **મેળવે છે;** વ.કા. તૃ.પુ.એ.વ., 'અધિ + ગમ્' ૧ ગણ

**શ્લોકાર્થ:** જે પુરુષ સર્વ કામનાઓનો ત્યાગ કરી નિઃસ્પૃહી મમતા રહિત અને અહઙ્કારરહિત રહે છે તે શાન્તિ પ્રાપ્ત કરે છે.

**વિવેચન:** આમ હોવાથી જે પુરુષ સર્વ પ્રાકૃત કામનાઓનો ત્યાગ કરી, આત્મામાં જ રમણ કરનાર થઈ, બીજા કોઈ પણ પદાર્થની કોઈ પણ પ્રકારની સ્પૃહા રાખતો નથી અને અહન્તા - મમતારહિત થાય છે તે શાન્તિ પ્રાપ્ત કરે છે. "જ્યારે અહન્તા અને મમતા નો નાશ થાય, સર્વથા અહઙ્કૃતિ દૂર થાય, અને જીવ સ્વરૂપસ્થ થાય ત્યારે તે કૃતાર્થ થએલો કહેવાય છે" એ સિદ્ધાન્ત પ્રમાણે તેને શાન્તિ પ્રાપ્ત થાય છે.

**એષા બ્રાહ્મી સ્થિતિઃ પાર્થ! નૈનાં પ્રાપ્ય વિમુહ્યતિ।**



**સ્થિત્વાઽસ્યામ્ અન્તકાલેઽપિ બ્રહ્મનિર્વાણમ્ ઋચ્છતિ॥૭૨॥**

**પાર્થ** - **અર્જુન;** સમ્બોધન એ.વ.
**એષા** - **આ;** પ્ર.એ.વ. 'એતદ્' સ્ત્રી. વિશેષણ, વિશેષ્ય 'સ્થિતિઃ'
**બ્રાહ્મી** - **બ્રહ્મભાવવાળી;** વિશેષણ, વિશેષ્ય 'સ્થિતિઃ'
**સ્થિતિઃ** - **સ્થિતિ;** નામ, પ્ર.એ.વ. સ્ત્રી. 'સ્થિતિ'
**એનામ્** - **એને;** દ્વિ.એ.વ., 'એતદ્' સ્ત્રી.
**પ્રાપ્ય** - **પામીને, પ્રાપ્ત કરીને;** વિધેય કૃદન્ત પ્ર + આપ્
**ન** - **નહિ;** અવ્યય
**વિમુહ્યતિ** - **વિશેષ મોહ કરે છે;** વિ + મોહ ૪ ગણ તૃ. પુ.એ.વ.
**ચ** - **અને;** અવ્યય
**અન્તકાલે** - **અન્તકાળમાં, મૃત્યુ સમયે;** સ.એ.વ.,
**અપિ** - **પણ;** અવ્યય
**અસ્યામ્** - **એમાં;** સર્વનામ, સ.એ.વ., 'ઇદમ્' સ્ત્રી.
**સ્થિત્વા** - **રહીને;** વિધેય કૃદન્ત 'સ્થા'
**બ્રહ્મનિર્વાણમ્** - **બ્રહ્મસુખ, બ્રહ્માનન્દ;** "બ્રહ્મ એવ નિર્વાણં ઇતિ"
**ઋચ્છતિ** - **પામે છે;** 'ઋચ્છ્' ૧ ગણ તૃ.પુ.એ.વ.,

**શ્લોકાર્થ:** હે પાર્થ! આ બ્રાહ્મી સ્થિતિ છે આને પ્રાપ્ત કરી કોઈ મોહ પામતો નથી. અન્તકાલે પણ આમાં રહીને બ્રહ્મસુખ પ્રાપ્ત કરે છે.

**વિવેચન:** આ યોગની સ્તુતિ કરતા ઉપસંહાર કરે છે. હે પાર્થ! આ બ્રાહ્મી સ્થિતિ તને કહી. બ્રહ્મ નિર્દોષ અને સમ છે તેવી સ્થિતિ બ્રાહ્મી, અથવા બ્રહ્મસમ્બન્ધી સ્થિતિ બ્રાહ્મી. સ્થિતધી અથવા પ્રતિષ્ઠિત બુદ્ધિરૂપી બ્રાહ્મી સ્થિતિ તને કહી. આ સ્થિતિ જેણે પ્રાપ્ત કરી હોય તેને કોઈ સમયે મોહ થતો નથી. અન્તકાલ સમયે પણ આ સ્થિતિમાં જે રહે તેને બ્રહ્મસુખ પ્રાપ્ત થાય છે. તો જે આખી જીંદગી સુધી આ સ્થિતિમાં રહે તેને બ્રહ્માનન્દ પ્રાપ્ત થાય તેમાં સંશય જ શું?

**ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે**
**શ્રીકૃષ્ણાર્જુનસંવાદે 'સાંખ્ય-યોગ'નામ**
**દ્વિતીયોઽધ્યાયઃ॥૨॥**

## ॥ અધ્યાય ૩ ॥

## કર્મયોગ

અહીંથી આઠ અધ્યાયથી ( ૩ થી ૧૦ ) ભગવાન્ અર્જુનને વૈદિક ધર્મનો ઉપદેશ કરે છે. આ વૈદિક ધર્મથી ભગવાન્‌નાં માહાત્મ્યજ્ઞાનનું ભાન થાય છે અને તેથી ભક્તિ પ્રાપ્ત થાય છે. અહીં વૈદિક ધર્મ કહેલા હોવાથી આને 'મર્યાદા' કહે છે, અર્થાત્ આ આઠ અધ્યાયમાં મર્યાદામાર્ગનો બોધ કરેલો છે.

દ્વિતીય અધ્યાયમાં સાંખ્ય અને યોગ નું નિરૂપણ કરેલું છે. હવે આ તૃતીય અધ્યાયમાં ધર્મ અથવા કર્મ નો નિર્ણય કરે છે. ૧.'ત્યાગ' એટલે કર્મનો ત્યાગ કરવો, એટલે કર્મ ન કરવાં અને ૨.'અત્યાગ' એટલે કર્મ કરવાં. અહીં એ ઉભય ભેદથી કર્મનો નિર્ણય કરેલો છે. તેમાં ત્યાગ કરતાં અત્યાગ ઉત્તમ છે, અર્થાત્ કર્મનો ત્યાગ કરવા કરતાં અત્યાગ ઉત્તમ છે. કારણ કે શરીરનો સમ્બન્ધ હોય ત્યાં સુધી કર્મનો ત્યાગ કરી શકાતો નથી. તેથી ભગવાન્‌ની આજ્ઞા પ્રમાણે ભગવદર્થ કર્મ કરવાં એ જ ઉત્તમ છે એવો નિર્ણય કરેલો છે.

દ્વિતીયાધ્યાયમાં કર્મમાર્ગ યોગનો ઉપદેશ કરેલો છે. તેમાં અન્તે "વિહાય કામાન્—સર્વ કામનાને તજી" વિગેરે કીધેલું હોવાથી સાંખ્યવત્ કર્મત્યાગનો જ ઉપદેશ કર્યો હોય નહીં એમ લાગવાથી કોઈ પ્રકારનો નિશ્ચય કરી નહીં શકવાથી અર્જુન પુનઃ પ્રશ્ન કરે છે.

**અર્જુન ઉવાચ**

**જ્યાયસી ચેત્ કર્મણસ્તે મતા બુદ્ધિર્ જનાર્દન!।**
**તત્ કિં કર્મણિ ઘોરે માં નિયોજયસિ કેશવ!॥૧॥**

**જનાર્દન** - **ભગવાન્;** સમ્બોધન, "જનામ્ ( અવિદ્યાં ) અર્દતિ ઈતિ"
**ચેત્** - **જો;** અવ્યય
**બુદ્ધિઃ** - **બુદ્ધિ, સ્થિર બુદ્ધિ;** નામ, પ્ર.એ.વ. સ્ત્રી. 'બુદ્ધિ'
**કર્મણઃ** - **કર્મથી;** નામ, પં.એ.વ.,
**જ્યાયસી** - **વધારે મોટી;** વિશેષણ, વિશેષ્ય 'બુદ્ધિઃ' કોમ્પેરેટીવ્



**તે ( તવ )** - **તારા વડે;** સર્વનામ, ષ.એ.વ., 'યુષ્મત્'નું
**મતા** - **માનેલી;** વિશેષણ, વિશેષ્ય 'બુદ્ધિઃ મન્' ધાતુનું ભૂ.કૃ.
**તત્** - **ત્યારે;** અવ્યય
**કેશવ** - **કેશવ;** સમ્બોધન, 'ક' = બ્રહ્મા + ઈશ = શિવ + 'વ' = સુખ. "કેશયોઃ વં યસ્માત્ ઈતિ"
**મામ્** - **મને;** સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મદ્'
**ઘોરે** - **ઘોરમાં;** વિશેષણ, વિશેષ્ય 'કર્મણિ'
**કર્મણિ** - **કર્મમાં;** નામ, સ.એ.વ., 'કર્મન્'નું નપુ.
**કિમ્** - **કેમ, શા માટે?** અવ્યય
**નિયોજયસિ** - **તું જોડે છે;** ક્રિ. વ.કા., દ્વિ.પુ.એ.વ., 'નિ + યુજ્' ૧૦ગણ

**શ્લોકાર્થ:** હે જનાર્દન! હે કેશવ! આપ કર્મ કરતાં બુદ્ધિ ઉત્તમ માનતા હો તો ઘોર કર્મમાં મને શા માટે યોજો છો?

**વિવેચન:** સર્વ અવિદ્યાને દૂર કરનાર હે જનાર્દન! કર્મ કરતાં બુદ્ધિયોગ ઉત્તમ હોય તો કર્મમાં મને શા માટે યોજો છો?

**વ્યામિશ્રેણેવ વાક્યેન બુદ્ધિં મોહયસીવ મે।**
**તદ્ એકં વદ નિશ્ચિત્ય યેન શ્રેયોઽહમ્ આપ્નુયામ્॥૨॥**

**વ્યામિશ્રેણ** - **સંશયવાળું;** વિશેષણ, વિશેષ્ય 'વાક્યેન'
**ઈવ** - **વાળા;** અવ્યય
**વાક્યેન** - **વાક્યથી;** નામ, તૃ.એ.વ., નપુ. 'વાક્ય'
**મે** - **મારું;** સર્વનામ, ષ.એ.વ., 'અસ્મદ્'
**બુદ્ધિમ્** - **બુદ્ધિને;** નામ, દ્વિ.એ.વ., સ્ત્રી. 'બુદ્ધિ'
**મોહયસિ** - **મોહ પમાડે છે;** ક્રિ. વર્ત.કા., દ્વિ.પુ.એ.વ., કારકભેદ 'મુહ્' ૪ગણ
**ઈવ** - **જેવું;** અવ્યય. **તત્** - **તેથી;** અવ્યય
**એકમ્** - **એક;** સર્વનામ, દ્વિ.એ.વ., વિશેષણ, વિશેષ્ય 'વાક્યમ્'
**વાક્યમ્** - **વાક્યને**
**નિશ્ચિત્ય** - **નિશ્ચય કરીને;** વિધેય કૃદન્ત
**વદ** - **કહે;** ક્રિ. આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ.

**યેન** - જેના વડે; સર્વનામ, તૃ.એ.વ., 'યત્'
**અહમ્** - હું; સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મદ્'
**શ્રેયઃ** - કલ્યાણ; નામ, દ્વિ.એ.વ.
**આપ્નુયામ્** - મેળવું, પામવું; ક્રિ. વિધ્યર્થ, પ્ર.પુ.એ.વ., 'આપ્' ૫ ગણ

**શ્લોકાર્થ:** વ્યામિશ્ર જેવા વાક્યથી મારી બુદ્ધિને મોહ કરતા હો તેમ જણાય છે. તેથી હું જેનાથી શ્રેયઃ પ્રાપ્ત કરું તે એક નિશ્ચય કરી કહો.

**વિવેચન:** કોઈ સ્થળે કર્મની પ્રશંસા કરનાર, કોઈ સ્થળે કર્મત્યાગની પ્રશંસા કરનાર તથા કોઈ સ્થળે જ્ઞાનની પ્રશંસા કરનાર વાક્યો કહ્યાં. તેવા વ્યામિશ્ર અથવા મિશ્રિત વાક્યોથી મારી બુદ્ધિને આપ મોહ કરતા હો તેમ જણાય છે. ભગવાન્નાં વાક્યો મોહક હોતાં નથી. પરન્તુ જીવોથી સમજી શકાતાં નહીં હોવાથી મોહ થાય છે, એમ દર્શાવવા 'ઈવ' શબ્દનો પ્રયોગ કરેલો છે. ''મોહ કરો છો'' એમ નહીં કહેતાં ''મોહ કરતા હો તેમ જણાય છે'' એવો અર્થ થાય છે. તેથી મારી બુદ્ધિનો મોહ દૂર થાય તેવી રીતે જેનાથી મારું શ્રેય અથવા કલ્યાણ થાય તેવો ઉપદેશ નિશ્ચય કરીને કહો.

**શ્રીભગવાન્ ઉવાચ**

**લોકેઽસ્મિન્ દ્વિવિધા નિષ્ઠા પુરા પ્રોક્તા મયાનઘ!।**
**જ્ઞાનયોગેન સાંખ્યાનાં કર્મયોગેન યોગિનામ્॥૩॥**

**અનઘ** - હે પાપરહિત; સમ્બોધન
**અસ્મિન્** - આમાં; સર્વનામ, સ.એ.વ., 'ઇદમ્'નું
**લોકે** - લોકમાં, સંસારમાં; નામ, સ.એ.વ. પુ. 'લોક'
**પુરા** - પહેલાં; અવ્યય
**મયા** - મારાવડે; સર્વનામ, તૃ.એ.વ., 'અસ્મત્'
**દ્વિવિધા** - બે પ્રકારની; વિશેષણ, વિશેષ્ય 'નિષ્ઠા'
**નિષ્ઠા** - શ્રદ્ધા, આસ્તિકી બુદ્ધિ; નામ, પ્ર.એ.વ., સ્ત્રી. 'નિષ્ઠા'
**પ્રોક્તા** - કહેવાયેલી; ભૂ.કૃદન્ત, વિશેષણ, વિશેષ્ય 'નિષ્ઠા'
**સાંખ્યાનામ્** - સાંખ્યતત્ત્વ જાણનારાઓની; નામ, ષ.બ.વ., પુ.
**જ્ઞાનયોગેન** - જ્ઞાનયોગથી; નામ, તૃ.એ.વ., પુ.
**ચ** - અને; અવ્યય



**યોગિનામ્** - યોગીઓની; નામ, ષ.બ.વ., પુ. 'યોગિન્'
**કર્મયોગેન** - કર્મયોગથી; નામ, તૃ.એ.વ., પુ.

**શ્લોકાર્થ:** હે અનઘ! આ લોકમાં મેં પહેલાં બે પ્રકારની નિષ્ઠા કહેલી છે ૧. સાંખ્યોની જ્ઞાનયોગથી ૨. યોગીઓની કર્મયોગથી.

**વિવેચન:** મેં પહેલાં તને જે કહ્યું તેનું તેં ચિત્ત રાખી શ્રવણ કરેલું જણાતું નથી. મેં બે પ્રકારની નિષ્ઠા કહી: ૧. સાંખ્યોની જ્ઞાનયોગથી નિષ્ઠા. આમાં સર્વનો ત્યાગ આવશ્યક છે. ૨. યોગીઓની મેં યોગનું વર્ણન કર્યું તેવા કર્મયોગથી નિષ્ઠા. પોત-પોતાના અધિકાર પ્રમાણે આ ઉભય યોગ્ય જ છે. જેનો જે નિષ્ઠાનો અધિકાર તેણે તેનું ગ્રહણ કરવું. અધિકાર ભેદ સર્વ સમ્મત છે. તેથી જ શાસ્ત્રમાં પણ કોઈ સ્થળે જ્ઞાનને અને કોઈ સ્થળે ભક્તિને પુરુષાર્થસાધક કહેલાં છે. આમાં મોહ કરવાનું કાંઈ કારણ નથી.

**ન કર્મણામ્ અનારમ્ભાત્ નૈષ્કર્મ્યં પુરુષોઽશ્નુતે।**
**ન ચ સન્ન્યસનાદેવ સિદ્ધિં સમધિગચ્છતિ॥૪॥**

**પુરુષઃ** - પુરુષ; નામ, પ્ર.એ.વ., પુ.
**ન** - નહિ; અવ્યય. **તુ** - તો
**કર્મણામ્** - કર્મોનું; નામ, ષ.બ.વ., નપુ. 'કર્મન્'
**અનારમ્ભાત્** - કર્મના નહિ આરમ્ભ કરવાવડે; નામ, પં.એ.વ.,
**નૈષ્કર્મ્યમ્** - કર્મોનું ફળરહિતપણું; નામ, દ્વિ.એ.વ., પુ. 'નૈષ્કર્મ્ય'
**અશ્નુતે** - મેળવે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'અશ્' ૫ ગણ
**ન, ચ** - અને, નહિ; અવ્યય
**સન્ન્યસનાત્** - છોડી દેવા પડે; નામ, પં.એ.વ.,
**એવ** - જ; અવ્યય
**સિદ્ધિમ્** - સિદ્ધિને; નામ, દ્વિ.એ.વ., સ્ત્રી. 'સિદ્ધિ'
**સમધિગચ્છતિ** - મેળવે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'સમ્ + અધિ + ગમ્ ૧ ગણ

**શ્લોકાર્થ:** કર્મનો આરમ્ભ નહિ કરવાથી પુરુષ નૈષ્કર્મ્ય પ્રાપ્ત કરતો નથી, તેમજ કર્મના સન્ન્યાસથી જ સિદ્ધિ પ્રાપ્ત કરતો નથી.

**વિવેચન :** યોગમાર્ગવાળા કર્મનો આરમ્ભ જ ન કરે તો તેથી તેઓને નૈષ્કર્મ્ય પ્રાપ્ત થતું નથી, પરન્તુ બુદ્ધિયોગથી કર્મ કરે તો જ તેઓનું અન્તઃકરણ શુદ્ધ થાય છે અને પુરુષાર્થ સિદ્ધ થાય છે. તેવી જ રીતે સાંખ્યમાર્ગવાળા માત્ર કર્મનો ત્યાગ કરે તેથી જ તેઓને સિદ્ધિ પ્રાપ્ત થતી નથી, પરન્તુ આગળ આ અધ્યાયના ૧૭-૧૮ શ્લોકમાં વર્ણન કરેલું છે તે પ્રમાણે રહેવાથી તેઓને સિદ્ધિ પ્રાપ્ત થાય છે. તેથી તારા જેવા કર્મના અધિકારીઆને કર્મનો ત્યાગ કરવાથી અથવા સાંખ્યથી પણ સિદ્ધિ થવાની નથી.

**ન હિ કશ્ચિત્ ક્ષણમપિ જાતુ તિષ્ઠત્યકર્મકૃત્।**
**કાર્યતે હ્યવશઃ કર્મ સર્વઃ પ્રકૃતિજૈર્ ગુણૈઃ ॥૫॥**

**હિ - નિશ્ચયપણે;** અવ્યય
**કશ્ચિત્ - કોઈક;** સર્વનામ, પ્ર.એ.વ.,
**જાતુ - નક્કી;** અવ્યય
**ક્ષણમ્ - ક્ષણ;** નામ, દ્વિ.એ.વ., પુ. 'ક્ષણ'
**અપિ - પણ;** અવ્યય
**અકર્મકૃત્ - કર્મ નહિ કરનાર, કર્મ કર્યા વિનાનો;** નામ, પ્ર.એ.વ.,
**ન - નહિ;** અવ્યય
**તિષ્ઠતિ - ઉભો રહે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'સ્થા' ૧ ગણ
**હિ - નિશ્ચય;** અવ્યય
**સર્વઃ - બધા;** સર્વનામ, પ્ર.એ.વ. **પુરુષ - પુરુષ;**
**પ્રકૃતિજૈઃ - પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા;** નામ, તૃ.બ.વ.,
**ગુણૈઃ - ગુણોથી;** નામ, તૃ.બ.વ.,
**અવશઃ - પોતાને વશ નહિ એવો;** નામ, પ્ર.એ.વ., પુ.
**કર્મ - કર્મ;** નામ, દ્વિ.એ.વ., નપુ.
**કાર્યતે - કરાવે તે;** ક્રિ. કર્મણિ, કોઝલ કારકભેદ વર્ત.કાળ, તૃ.પુ.એ.વ., 'કૃ' ૮ ગણ અવ્યથ

**શ્લોકાર્થ :** કોઈ સમયે ક્ષણ પણ કર્મ કર્યા વિના કોઈ પણ રહેતો નથી, કારણ કે પ્રકૃતિના ગુણો સર્વને પરવશ કરી કર્મ કરાવે છે.

**વિવેચન :** પ્રારબ્ધ કર્મનો આશ્રય દેહ હોય ત્યાં સુધી જીવન્મુક્ત પણ કરે

છે, સાંખ્ય અને યોગ નું ફલ એક જ છે. કર્મનો ત્યાગ થતાં સન્ન્યાસ પ્રાપ્ત થાય છે. (આ ઉભયનું ફલ છે) પરન્તુ મનથી જો પુનઃ (વિષયોનું) સ્મરણ થાય તો વિઘ્નો ઉત્પન્ન થાય છે. તેથી કર્મ કરવાં એ (યોગમાર્ગ) ઉત્તમ છે'' તેથી કર્મનો ત્યાગ કરી મનથી ઇન્દ્રિયોના અર્થોનું સ્મરણ કરવું એ બહુ જ અનર્થકારક છે. એમ કરનાર મૂઢાત્મા મિથ્યાચારી કહેવાય છે.

**યસ્ત્વિન્દ્રિયાણિ મનસા નિયમ્યારભતેઽર્જુન।**
**કર્મેન્દ્રિયૈઃ કર્મયોગમ્ અસક્તઃ સ વિશિષ્યતે॥૭॥**

**અર્જુન** - હે! અર્જુન; સમ્બોધન
**યઃ** - જે; સર્વનામ, પ્ર.એ.વ., 'યત્'
**તુ** - તો, અને; અવ્યય
**ઇન્દ્રિયાણિ** - ઇન્દ્રિયો; નામ, દ્વિ.બ.વ., નપુ.
**મનસા** - મનવડે; નામ, તૃ.એ.વ., 'મનસ્'
**નિયમ્ય** - નિયમમાં રાખીને; વિધેય કૃદન્ત
**કર્મેન્દ્રિયૈઃ** - કર્મેન્દ્રિયોવડે; નામ, તૃ.બ.વ.,
**કર્મયોગમ્** - કર્મયોગને; નામ, દ્વિ.એ.વ., પુ.
**આરભતે** - આરમ્ભ કરે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'આ + રભ્' ૧ ગણ આત્મને.
**સઃ** - તે; સર્વનામ, પ્ર.એ.વ., 'તદ્' પુ.
**અસક્તઃ** - આસક્તિ વિનાનો; વિશેષણ, વિશેષ્ય 'સઃ'
**વિશિષ્યતે** - વિશેષ છે; ક્રિ.વ.કા., તૃ.પુ.એ.વ., કર્મણિ વિ+શિષ્ ૭ ગણ

**શ્લોકાર્થ:** પણ હે અર્જુન! જે ઇન્દ્રિયોને મનથી નિયમમાં રાખી આસક્તિ વિના કર્મેન્દ્રિયોથી કર્મયોગ આરમ્ભે છે તે ઉત્તમ છે.

**નિયતં કુરુ કર્મ ત્વં કર્મ જ્યાયો હ્યકર્મણઃ।**
**શરીરયાત્રાઽપિ ચ તે ન પ્રસિદ્ધ્યેદ્ અકર્મણઃ॥૮॥**

**ત્વમ્** - તું; સર્વનામ, પ્ર.એ.વ., 'યુષ્મત્'
**નિયતમ્** - ઠેરવેલું; વિશેષણ, વિશેષ્ય 'કર્મ'
**કુરુ** - કર; ક્રિ. આજ્ઞાર્થ દ્વિ.પુ.એ.વ., 'કૃ' ૮ ગણ
**કર્મ** - કર્મ; નામ, દ્વિ.એ.વ., 'કર્મન્' નપુ.



**હિ** - નિશ્ચય; અવ્યય
**અકર્મણઃ** - નહિ કરેલા કર્મ કરવા; નામ, પં.એ.વ., 'અકર્મન્' નપું.
**કર્મ** - કર્મ; નામ, પ્ર.એ.વ.,
**જ્યાયઃ** - શ્રેષ્ઠ; વિશેષણ, વિશેષ્ય 'કર્મ'
**અસ્તિ** - છે; ક્રિ. વર્ત.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'
**ચ** - અને; અવ્યય
**અકર્મણઃ** - કર્મ નહિ કરતાં, કર્મ કર્યા વગર; નામ, પં.એ.વ.,
**તે** - તારી; સર્વનામ, ષ.એ.વ., 'યુષ્મત્'
**શરીરયાત્રા** - શરીરનો નિર્વાહ; નામ, પ્ર.એ.વ., સ્ત્રી.
**અપિ ન** - પણ નહિ; અવ્યય
**પ્રસિદ્ધ્યેત્** - પ્રસિદ્ધ થાય છે. ક્રિ. વિધ્યર્થ તૃ.પુ.એ.વ., 'પ્ર + સિધ્ ૪ ગણ

**શ્લોકાર્થ:** તું અવશ્ય કર્મ કર, કારણ કે અકર્મ કરતાં કર્મ ઉત્તમ છે. તું કર્મ ન કરે તો તારી શરીરયાત્રા પણ સિદ્ધ ન થાય.

**વિવેચન:** તું કર્મનો અધિકારી હોવાથી અવશ્ય કર્મ કર. અકર્મથી કર્મ ઉત્તમ છે. કર્મ કર્યા વિના શરીરયાત્રાદિ પણ સિદ્ધ ન થાય. તેથી ભગવદીઓએ આસક્તિ રાખ્યા વિના કર્મ કરવું એ જ ઉત્તમ છે.

**યજ્ઞાર્થાત્ કર્મણોઽન્યત્ર લોકોઽયં કર્મબન્ધનઃ।**
**તદર્થં કર્મ કૌન્તેય! મુક્તસઙ્ગઃ સમાચર॥૯॥**

**યજ્ઞાર્થાત્** - યજ્ઞરૂપ પ્રયોજનદ્વારા; નામ, પં.એ. ''યજ્ઞઃ એવ અર્થઃ ઇતિ'' કર્મધારય
**કર્મણઃ** - કર્મથી, કર્મ સિવાય; નામ, પં.એ.વ., નપુ. 'કર્મન્'
**અન્યત્ર** - બીજું, બીજા કામમાં; અવ્યય
**અયમ્** - આ; વિશેષણ, વિશેષ્ય 'લોકઃ'
**લોકઃ** - લોક; નામ, પ્ર.એ.વ.,
**કર્મબન્ધનઃ** - કર્મ છે બન્ધન જેનું; નામ, પ્ર.એ.વ., વિશેષણ, વિશેષ્ય 'લોકઃ' ''કર્મ એવ બન્ધનમ્ યસ્ય ઇતિ'' બહુ.
**કૌન્તેય** - અર્જુન; સમ્બોધન
**તદર્થમ્** - તેને માટે, યજ્ઞને માટે; તદ્ધિત, ચતુર્થી નિમિત્તક

**મુક્તસઙ્ગઃ** - **સઙ્ગથી છૂટી ગયો છે એવો;** નામ, પ્ર.એ.વ., ''મુક્તઃ સઙ્ગઃ યસ્ય ઈતિ'' બહુ.

**સન્** - **થઈને**

**કર્મ** - **કર્મ, કામ;** નામ, દ્વિ.એ.વ., નપુ. 'કર્મન્'

**સમાચર** - **આચરણ કર;** વર્ત. ક્રિ. આજ્ઞાર્થ દ્વિ.પુ.એ.વ., 'સમ્ + આ + ચર્' ૧ ગણ

**શ્લોકાર્થ:** યજ્ઞાર્થ કર્મથી અન્યત્ર આ લોકને કર્મથી બન્ધન થાય છે. હે કૌન્તેય! સઙ્ગથી મુક્ત રહી યજ્ઞાર્થ કર્મ કર.

**વિવેચન:** સાંખ્યવાળા ''આત્મા વિના અન્ય સર્વ બન્ધનકર્તા છે'' એમ માની કર્મ ન કરવાનું કહે છે, પણ તે મત શાસ્ત્રાનુસાર નથી. ''યજ્ઞો વૈ વિષ્ણુઃ—યજ્ઞ વિષ્ણુ છે'' એ શ્રુતિ પ્રમાણે યજ્ઞનો અર્થ ભગવાન્ થાય છે. યજ્ઞાર્થ કર્મ એટલે ભગવદર્થ કર્મ, ભગવત્સેવા વિગેરે. ભગવદર્થ કર્મ સિવાયના બીજાં કર્મ; જેવા કે કામ્ય કર્મ, પરધર્મ વિગેરે આ લોકમાં બન્ધન કરાવનારાં છે, પરન્તુ યજ્ઞાર્થ કર્મથી બન્ધન થતું નથી. તેથી હે કૌન્તેય! યજ્ઞાર્થ કર્મ કર. કોઈ પદાર્થમાં આસક્તિ રાખ્યા વિના યજ્ઞાર્થ કર્મ કર.

**સહયજ્ઞાઃ પ્રજાઃ સૃષ્ટ્વા પુરોવાચ પ્રજાપતિઃ।**
**અનેન પ્રસવિષ્યધ્વમ્ એષ વોऽસ્ત્વિષ્ટકામધુક્॥૧૦॥**

**પુરા** - **પહેલાં;** અવ્યય

**પ્રજાપતિઃ** - **બ્રહ્મા;** નામ, પ્ર.એ.વ.,

**સહયજ્ઞાઃ** - **યજ્ઞોની સાથે;** વિશેષણ, વિશેષ્ય ''પ્રજાઃ, યજ્ઞેન સહિતાઃ'' અવ્યયીભાવ

**પ્રજાઃ** - **પ્રજાને;** નામ, દ્વિ.બ.વ., સ્ત્રી.

**સૃષ્ટ્વા** - **ઉત્પન્ન કરીને;** વિધેય કૃદન્ત

**ઉવાચ** - **બોલ્યો;** ક્રિ. પૂર્ણ ભૂતકાળ તૃ.પુ.એ.વ., 'વચ્' ૨ ગણ

**અનેન** - **આનાથી;** સર્વનામ, તૃ.એ.વ., 'ઇદમ્'નું પુ.

**યૂયં** - **તમે બધા**

**પ્રસવિષ્યધ્વમ્** - **વૃદ્ધિ પામો;** ક્રિ. આજ્ઞાર્થ દ્વિ.પુ.બ.વ., પ્ર + સૂ ભવિષ્યકાળ



**એષઃ** - **એ (યજ્ઞ);** સર્વનામ, પ્ર.એ.વ., 'એતદ્' નું. પુ.

**વઃ** - **તમને;** સર્વનામ, ચ.બ.વ., 'યુષ્મદ્'

**ઈષ્ટકામધુક્** - **ઈચ્છેલો કામને આપનારો;** વિશેષણ, વિશેષ્ય ''યજ્ઞઃ ઈષ્ટાન્ કામાન્ દોગ્ધિ ઈતિ'' ઉપપદ

**અસ્તુ** - **હો, થાઓ;** ક્રિ. આજ્ઞાર્થ તૃ.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ

**શ્લોકાર્થ:** પહેલાં યજ્ઞ સાથે પ્રજા ઉત્પન્ન કરી પ્રજાપતિએ કહ્યું ''આથી તમે વૃદ્ધિ પામો. આ તમને ઈષ્ટ કામ આપનાર થાઓ''.

**વિવેચન:** વળી સર્ગપ્રકરણમાં શાસ્ત્રોમાં જણાવેલ છે કે બ્રહ્માએ યજ્ઞ અને પ્રજા ઉત્પન્ન કર્યા તેથી પણ કર્મ અવશ્ય કરવાં જોઈએ એમ દર્શાવવા અહીંથી ચાર શ્લોક યોજેલા છે. પહેલાં યજ્ઞ અને યજ્ઞના અધિકારી બ્રાહ્મણ વિગેરે પ્રજા બ્રહ્માએ ઉત્પન્ન કરી અને પ્રજાને કહ્યું કે યજ્ઞથી તમે વૃદ્ધિ પામો. યજ્ઞ તમને ઈષ્ટ કામ આપનાર થાઓ. આવું વરદાન બ્રહ્માએ પ્રજાને આપેલ છે. અહીં કામ્ય કર્મની પ્રશંસા કરી છે એમ માનવાનું નથી, કારણ કે અહીં યજ્ઞને કામધેનુરૂપ કહેલ છે. તેથી યજ્ઞ વિગેરે અવશ્ય કરવાયોગ્ય વિહિત કર્મ કોઈ પણ પ્રકારની કામના વિના કરવાથી મોક્ષ પણ આપી શકે છે. તેથી એ પ્રમાણે યજ્ઞ સર્વ પુરુષાર્થ આપી શકનાર હોવાથી તેને કામધેનુ કહેલ છે. આજ આગળ કહે છે.

**દેવાન્ ભાવયતાનેન તે દેવા ભાવયન્તુ વઃ।**
**પરસ્પરં ભાવયન્તઃ શ્રેયઃ પરમવાપ્સ્યથ॥૧૧॥**

**અનેન** - **એ વડે;** સર્વનામ, તૃ.એ.વ., 'ઇદમ્'

**દેવાન્** - **દેવોને;** નામ, દ્વિ.બ.વ., પુ. 'દેવ'

**ભાવયત** - **સમુદ્ધ કરો;** ક્રિ. આજ્ઞાર્થ દ્વિ.પુ.બ.વ., 'ભૂ' ૧ ગણ

**તે** - **તેઓ;** સર્વનામ, પ્ર.બ.વ., વિશેષણ, વિશેષ્ય 'દેવાઃ'

**દેવાઃ** - **દેવો;** નામ, પ્ર.બ.વ.,

**વઃ** - **તમને;** સર્વનામ, દ્વિ.બ.વ.,

**ભાવયન્તુ** - **સમૃદ્ધ કરો;** ક્રિ. આજ્ઞાર્થ તૃ.પુ.બ.વ., 'ભૂ' ૧ ગણ

**એવમ્** - **આ પ્રકારે;**

**પરસ્પરમ્** - **એકબીજાને;** સર્વનામ, દ્વિ.એ.વ.,

ભાવયન્તઃ - સમૃદ્ધ કરતા; પ્રેરક વ.કૃ.
પરમ્ - મોટો; સર્વનામ, દ્વિ.એ.વ.,
શ્રેયઃ - કલ્યાણ; નામ, દ્વિ.એ.વ., 'શ્રેયસ્' નપુ.
અવાપ્સ્યથ - મેળવશો; ક્રિ.ભવિ. દ્વિ.પુ.બ.વ., 'અવ+આપ્' ૫ ગણ

**શ્લોકાર્થ:** તમે આનાથી દેવોની વૃદ્ધિ કરો અને તે દેવો તમારી વૃદ્ધિ કરો. પરસ્પર વૃદ્ધિ કરતાં પરમ શ્રેયઃ પ્રાપ્ત કરશો.

**વિવેચન:** આ યજ્ઞથી તમે દેવોને સમૃદ્ધિમાન કરો. દેવો તમને સમૃદ્ધિમાન કરો. દેવોને હવિષ આપી તમે તેઓને સમૃદ્ધિમાન કરો, અને દેવો તમને યજ્ઞ કરવાના સાધનો આપી તમને સમૃદ્ધિમાન કરો. એમ કરતાં પરમશ્રેય અર્થાત્ મોક્ષની પ્રાપ્તિ કરશો.

**ઈષ્ટાન્ ભોગાન્ હિ વો દેવા દાસ્યન્તે યજ્ઞભાવિતાઃ ।**
**તૈર્ દત્તાન્ અપ્રદાયૈભ્યો યો ભુંક્તે સ્તેન એવ સઃ ॥૧૨॥**

યજ્ઞભાવિતાઃ - યજ્ઞની ભાવના વાળા, યજ્ઞથી સમૃદ્ધ થયેલા; ભૂ.કૃદન્ત વિશેષણ, વિશેષ્ય 'દેવાઃ'
દેવાઃ - દેવો; નામ, પ્ર.બ.વ.,
વઃ - તમને; સર્વનામ, ચ.બ.વ., 'યુષ્મદ્'
ઈષ્ટાન્ - ઈચ્છિત; વિશેષણ, વિશેષ્ય 'ભોગાન્'
ભોગાન્ - ભોગોને; નામ, દ્વિ.બ.વ., પુ. 'ભોગ'
દાસ્યન્તે - આપશે; ક્રિ. ભવિ. કાળ તૃ.પુ.બ.વ., 'દા' ૩ ગણ
તૈઃ - તેઓ વડે; સર્વનામ, તૃ.બ.વ., 'તદ્' પુ.
દત્તાન્ - આપેલા ભોગો; કૃદન્ત, વિશેષણ, વિશેષ્ય 'ભોગાન્'
યઃ - જે; સર્વનામ, પ્ર.એ.વ., 'યદ્' પુ.
એભ્યઃ - એઓનેં; સર્વનામ, ચ.બ.વ., 'ઈદમ્' પુ.
અપ્રદાય - નહિ આપીને; વિધેય કૃદન્ત
હિ - નિશ્ચય; અવ્યય
ભુંક્તે - ભોગવે છે; ક્રિ. વ.કાળ, સ.પુ.એ.વ.,
સઃ - તે; સર્વનામ, પ્ર.એ.વ., 'તદ્' પુ.
એવ - ચોક્કસ; અવ્યય. સ્તેનઃ - ચોર; નામ, પ્ર.એ.વ., પુ.



**શ્લોકાર્થ:** "કારણ કે યજ્ઞથી વૃદ્ધિ પામેલા દેવો તમને ઈષ્ટ ભોગ આપશે. તેમણે આપેલાનો તેમને આપ્યા વિના જે ભોગ કરે તે ચોર જ છે.

**વિવેચન:** વૃષ્ટિ વિગેરેથી દેવો જે પદાર્થો આપે છે તે પદાર્થોનો તેમને આપ્યા વિના જે ભોગ કરે છે તે ચોર જ છે. બીજાની અને બીજામાટે જ મુકરર થયેલી વસ્તુમાં "આ મારી છે" એવી બુદ્ધિ રાખી તેનાથી પોતાનું પોષણ કરવું તે ચોરી. એમ કરવાથી પરમ પુરુષાર્થની પ્રાપ્તિમાં અયોગ્ય થવાય છે એટલું જ નહિ પણ નરમાં પડાય છે. (રામાનુજ)

**યજ્ઞશિષ્ટાશિનઃ સન્તો મુચ્યન્તે સર્વકિલ્બષૈઃ ।**
**ભુઞ્જતે તે ત્વઘં પાપા યે પચન્ત્યાત્મકારણાત્ ॥૧૩॥**

યજ્ઞશિષ્ટાશિનઃ - યજ્ઞથી શિષ્ટ થયેલું ખાનારાઓ; વિશેષણ, વિશેષ્ય 'તે'
યજ્ઞસ્ય શિષ્ટં— "યજ્ઞશિષ્ટં અશ્નુવન્તિ ઈતિ" ઉપપદ
સન્તઃ - સન્ત પુરુષો; નામ, પ્ર.બ.વ., પુ. 'સત્'
સર્વકિલ્બિષૈઃ - બધાં પાપથી; નામ, તૃ.બ.વ., નપુ. 'કિલ્બિષ'
મુચ્યન્તે - મુક્ત થાય છે; ક્રિ. કર્મણિ, વ.કાળ., તૃ.પુ.બ.વ., 'મુચ્' ૬ ગણ
યે - જેઓ; સર્વનામ, પ્ર.બ.વ.,
પાપાઃ - પાપીઓ; વિશેષણ, વિશેષ્ય 'તે'
આત્મકારણાત્ - શરીર પોષણમાટે; નામ, પં.એ.વ.,
પચન્તિ - પકવે છે; ક્રિ. વ.કાળ, તૃ.પુ.બ.વ., 'પચ્' ૧ ગણ
તે - તેઓ; સર્વનામ, પ્ર.બ.વ., 'તત્'
તુ - તો; અવ્યય
અઘમ્ - પાપને; નામ, દ્વિ.એ.વ.,
ભુઞ્જતે - ખાય છે, ભોગવે છે; ક્રિ. વ.કાળ, તૃ.પુ.બ.વ., 'ભુજ્' ૭ ગણ

**શ્લોકાર્થ:** યજ્ઞ કરતાં અવશિષ્ટ રહેલાનો ભોગ કરતાં સર્વ પાપોથી મુક્ત થાય છે. જે પાપીઓ પોતાન માટે જ અન્ન રાંધે છે તેઓ પાપનો જ ભોગ કરે છે.

**વિવેચન:** પાંચ પ્રકારના યજ્ઞ ભગવાનનું જ સ્વરૂપ છે. તેથી યજ્ઞ કરતાં અવશિષ્ટ રહેલાં અન્નાદિ ભગવાનની જ પ્રસાદી હોવાથી તેનો ભાગ

કરતાં સર્વ પાપોથી મુક્ત થાય છે. પરન્તુ જે પાપીઓ તે પ્રમાણે નહિ કરતાં પોતે જ પ્રથમ ભોગવે છે તેઓ પાપ જ ભોગવે છે. આવા ભોગનું પરિણામ પાપ થતું હોવાથી આવા ભોગને 'પાપ' કહેલ છે. (રામાનુજ)

**અન્નાદ્ ભવન્તિ ભૂતાનિ પર્જન્યાદ્ અન્નસમ્ભવઃ।**
**યજ્ઞાદ્ ભવતિ પર્જન્યો યજ્ઞઃ કર્મસમુદભવઃ ॥૧૪॥**

**અન્નાત્ - અન્નથી;** નામ, પં.એ.વ., નપુ. 'અન્ન'
**ભૂતાનિ - પ્રાણીઓ;** નામ, પ્ર.બ.વ., નપું.
**ભવન્તિ - થાય છે;** ક્રિ. વર્ત.કાળ, તૃ.પુ.બ.વ., 'ભૂ' ૧ ગણ
**પર્જન્યાત્ - વરસાદથી;** નામ, પં.એ.વ.,
**અન્નસમ્ભવઃ - અન્નનો સમ્ભવ;** પ્ર.એ.વ., નામ
**યજ્ઞાત્ - યજ્ઞથી;** નામ, પં.એ.વ., પુ. 'યજ્ઞ'
**પર્જન્યઃ - વૃષ્ટિ;** નામ, પ્ર.એ.વ., પુ.
**ભવતિ - થાય છે;** ક્રિ. વર્ત.કાળ, તૃ.પુ.એ.વ., 'ભૂ' ૧ ગણ
**ચ - અને;** અવ્યય
**યજ્ઞઃ - યજ્ઞ;** નામ, પ્ર.એ.વ., પુ.
**કર્મસમુદ્ભવઃ - કર્મને ઉત્પન્ન કરવું તે;** વિશેષણ, વિશેષ્ય 'યજ્ઞઃ'

**શ્લોકાર્થ:** અન્નથી પ્રાણીઓ થાય છે, પર્જન્યથી અન્ન થાય છે. યજ્ઞથી પર્જન્ય થાય છે. યજ્ઞ કર્મથી થાય છે.

**વિવેચન:** અહીંથી બે શ્લોકથી (૧૪,૧૫) ઉત્પત્તિપ્રકાર લક્ષમાં લઈએ તો પણ કર્મ કરવાં જોઈએ એવો ઉપદેશ કરે છે. પ્રાણીમાત્ર અન્નથી નભે છે. વરસાદ થવાથી અન્ન પાકે છે. યજ્ઞ કરવાથી વરસાદ થાય છે. યજ્ઞાત્મક ભગવદ્રૂપની ઉત્પત્તિ કર્મથી સારી રીતે થાય છે, અર્થાત્ દ્રવ્ય કમાવું વિગેરે પુરુષનાં કાર્યરૂપ કર્મ કરવાથી યજ્ઞાત્મક ભગવાનનું પ્રાકટ્ય થાય છે.

**કર્મ બ્રહ્મોદ્ભવં વિદ્ધિ બ્રહ્માક્ષરસમુદ્ભવમ્।**
**તસ્માત્ સર્વગતં બ્રહ્મ નિત્યં યજ્ઞે પ્રતિષ્ઠિતમ્॥૧૫॥**

**ચક્રમ્** - **ચક્ર, કર્મરૂપ ચક્ર;** નામ, દ્વિ.એ.વ., નપુ.
**ન** - **નહિ;** અવ્યય
**અનુવર્તયતિ** - **અનુસરે છે;** ક્રિ. પ્રેરક વ.કાળ, તૃ.પુ.એ.વ., 'અનુ + વૃત્' ૧ ગણ
**સઃ** - **તે;** સર્વનામ, પ્ર.એ.વ., 'તદ્' પુ.
**ઈન્દ્રિયારામઃ** - **ઈન્દ્રિયલમ્પટ;** વિશેષણ, વિશેષ્ય 'સઃ'
**અઘાયુઃ** - **પાપમય વૃત્તિવાળો;** વિશેષણ, વિશેષ્ય 'સઃ'
**મોઘમ્** - **નકામું, નિષ્ફળ;** અવ્યય
**જીવતિ** - **જીવે છે;** ક્રિ. વ.કાળ, તૃ.પુ.એ.વ., ૧ ગણ 'જીવ્'

**શ્લોકાર્થ:** હે પાર્થ! આવી રીતે પ્રવર્તિત ચક્રને જે અહીં અનુસરતો નથી તે ઈન્દ્રિયોમાં સુખ માનનાર પાપી આયુષ્યવાળો વૃથા જીવે છે.

**વિવેચન:** આવી રીતે પ્રજાપતિએ ઉપદેશ કરી પ્રવર્તાવેલા કર્મના ચક્રને અથવા કર્મના અનુશાસનને જે પુરુષ અનુસરતો નથી એટલે જ યજ્ઞાર્થ કર્મ કરતો નથી તે ઈન્દ્રિયોમાં અથવા ઈન્દ્રિયોના વિષયોમાં જ રમણ કરનારનું આયુષ્ય પાપમય છે, તેથી તેનું જીવન વ્યર્થ છે.

**યસ્ત્વાત્મરતિરેવ સ્યાદ્ આત્મતૃપ્તશ્ચ માનવઃ।**
**આત્મન્યેવ ચ સન્તુષ્ટઃ તસ્ય કાર્યં ન વિદ્યતે॥૧૭॥**

**તુ** - **તો;** અવ્યય
**યઃ** - **જે;** સર્વનામ, પ્ર.એ.વ., 'યદ્' પુ.
**માનવઃ** - **મનુષ્ય;** નામ, પ્ર.એ.વ., પુ.
**આત્મરતિઃ** - **આત્મામાં રતિવાળો;** વિશેષણ, વિશેષ્ય 'માનવઃ'
**એવ ચ** - **જ અને;** અવ્યય
**આત્મતૃપ્તઃ** - **આત્મામાં, કૃતાર્થ થયેલા;** વિશેષણ, વિશેષ્ય 'માનવઃ'
**ચ** - **વળી, અને;** અવ્યય
**આત્મનિ** - **આત્મામાં;** નામ, સ.એ.વ. 'આત્મન્'
**એવ** - **જ;** અવ્યય
**સન્તુષ્ટઃ** - **સન્તોષ પામેલો;** વિશેષણ, વિશેષ્ય 'માનવઃ' કૃદન્ત
**સ્યાત્** - **હોય;** ક્રિ. તૃ.પુ.એ.વ., વિધેય કાળ 'અસ્' ૨ ગણ



**તસ્ય** - **તેનો, તેનું;** સર્વનામ, ષ.એ.વ., 'તદ્'
**કાર્યમ્** - **કાર્ય;** નામ, પ્ર.એ.વ., નપુ. **ન** - **નહિ;** અવ્યય
**વિદ્યતે** - **જણાય છે;** ક્રિ. કર્તરિ વ.કાળ તૃ.પુ.એ.વ., 'વિદ્' ૪ ગણ

**શ્લોકાર્થ:** પરન્તુ જે મનુષ્ય આત્મતૃપ્ત અને આત્મરતિ જ છે અને આત્મમાં જ સન્તુષ્ટ રહે છે તેને કાંઈ કરવાનું નથી.

**વિવેચન:** એવી રીતે યોગમાર્ગીય પુરુષને સ્વાર્થની સિદ્ધિમાટે કર્મ કરવાનું છે એમ ઉપદેશ કરી, હવે સાંખ્યમાર્ગવાળાને જ્ઞાનની જ આવશ્યક્તા છે, કર્મ કરવાનું નથી એમ અહીંથી બે શ્લોકથી (૧૭૧૮) કહે છે. 'પરન્તુ' શબ્દ હવે જુદા માર્ગની વાત કરવામાં આવે છે એમ દર્શાવે છે. જે મનુષ્ય આત્મતૃપ્ત, આત્મામાં જ રમણ કરનાર હોય અને આત્માથી જ સન્તુષ્ટ રહેતો હોય તેને કાંઈ પણ કાર્ય કરવાનું નથી.

**નૈવ તસ્ય કૃતેનાર્થો નાકૃતેનેહ કશ્ચન।**
**ન ચાસ્ય સર્વભૂતેષુ કશ્ચિદ્ અર્થવ્યપાશ્રયઃ॥૧૮॥**

**ઈહ** - **આ લોકમાં;** અવ્યય
**તસ્ય** - **તેનું;** સર્વનામ, ષ.એ.વ., 'તદ્'
**કૃતેન** - **કૃતિથી, કામથી;** કૃદન્ત વિશેષણ, વિશેષ્ય 'કર્મણા'
**એવ ન** - **જ નહિ;** અવ્યય
**અર્થઃ** - **અર્થ, લાભ;** નામ, પ્ર.એ.વ., પુ. 'અર્થ'
**ચ** - **અને;** અવ્યય
**અકૃતેન** - **નહિ કામ કરવાવડે;** કૃદન્ત વિશેષણ, વિશેષ્ય 'કર્મણા'
**કશ્ચન** - **કોઈ પણ;** વિશેષણ, વિશેષ્ય 'અર્થઃ'
**અર્થઃ અસ્તિ** - **પ્રયોજન છે;** ક્રિયાપદ, તૃ.પુ.એ.વ. 'અસ્'
**ચ ન** - **અને નહિ;** અવ્યય
**અસ્ય** - **એનું;** સર્વનામ, ષ.એ.વ., 'ઇદમ્'
**સર્વભૂતેષુ** - **બધા પ્રાણીઓમાં;** નામ, સ.બ.વ., નપુ.
**કશ્ચિત્** - **કોઈક;** વિશેષણ, વિશેષ્ય 'અર્થવ્યપાશ્રયઃ'
**અર્થવ્યપાશ્રયઃ** - **અર્થનો સમ્બન્ધ;** નામ, પ્ર.એ.વ., પુ.
**અસ્તિ** - **છે;** ક્રિ., વર્ત.કા., તૃ.પુ.એ.વ. 'અસ્'

શ્લોકાર્થ: તેને કર્મ કરવાથી અથવા નહિ કરવાથી અહીં કોઈ પણ અર્થ નથી, અને આને સર્વ પ્રાણીઓમાં કોઈનો પણ અર્થમાટે આશ્રય નથી.

વિવેચન: તેને કર્મ કરવાથી પુણ્ય વિગેરે અર્થ પ્રાપ્ત કરવાનો નથી, તેમજ કર્મ નહિ કરવાથી પાપ વિગેરે કાંઈ પ્રત્યવાય થવાનો નથી. દેવાદિ સર્વ પ્રાણીઓમાંથી કોઈ પણ પ્રાણીનો કોઈ અર્થ પ્રાપ્ત કરવા તેને આશ્રય કરવાનો નથી.

**તસ્માદ્ અસક્તઃ સતતં કાર્યં કર્મ સમાચર।**
**અસક્તો હ્યાચરન્ કર્મ પરમાપ્નોતિ પુરુષઃ ॥૧૯॥**

**તસ્માત્ - તેથી;** અવ્યય
**ત્વમ્ - તું;** સર્વનામ; પ્ર.એ.વ. 'યુષ્મત્'
**અસક્તઃ - આસક્તિ વિનાનો;** કૃદન્ત વિશેષણ, વિશેષ્ય 'ત્વમ્'
**સતતમ્ - હંમેશા;** અવ્યય
**કાર્યમ્ - કર્તવ્ય કરવાનું;** વિશેષણ, વિશેષ્ય 'કર્મ'
**કર્મ - કામ;** નામ, દ્વિ.એ.વ., નપુ. 'કર્મન્'
**સમાચર - સારી રીતે આચરણ કર;** ક્રિ. આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ., 'સમ્ + આ + ચર્' ૧ ગણ
**હિ - નિશ્ચય;** અવ્યય
**અસક્તઃ - આસક્તિ વિનાનો;** વિશેષણ, વિશેષ્ય 'પુરુષઃ'
**કર્મ - કામ;** નામ, દ્વિ.એ.વ., નપુ. 'કર્મન્'
**આચરન્ - આચરતો;** વ.કૃ. વિશેષણ, વિશેષ્ય 'પુરુષઃ'
**પુરુષઃ - મનુષ્ય;** નામ, પ્ર.એ.વ.,
**પરમ્ - પરમને;** નામ, દ્વિ.એ.વ.,
**આપ્નોતિ - પામે છે;** ક્રિ. વર્ત.કાળ તૃ.પુ.એ.વ., 'આપ્' ૫ ગણ

શ્લોકાર્થ: તેથી અસક્ત રહી નિરન્તર કાર્ય કર્મ કર, કારણ કે અસક્ત રહી કર્મ કરનાર પુરુષ પર પ્રાપ્ત કરે છે.

વિવેચન: તને સાંખ્યજ્ઞાન નથી તેથી તારે આસક્તિ રાખ્યા વિના કર્મ કરવું એ જ ઉત્તમ છે. એ પ્રમાણે આસક્તિ વિના કર્મ કરવાથી પર



પદની પ્રાપ્તિ થાય છે. અથવા 'અસક્ત રહી' એટલે ભગવાન્ માટે કર્મ કરનાર થઈ. આવો અર્થ કરવાનું પ્રયોજન એ છે કે કોઈ પણ દેહના અભિમાનવાળો પુરુષ કોઈ પણ કર્મ કામના વિના કરતો જ નથી.

શઙ્કા: "પ્રતિદિન સન્ધ્યા કરવી" એવાં નિત્ય કર્મોના કોઈ ફલ શાસ્ત્રમાં કહેલા નથી, તેથી કામના વિના કોઈ કર્મ કરતું જ નથી એમ ન કહેવાય.

સમાધાન: એવું ન માનવું. કારણ કે તેવા પણ કર્મો કરવાની શાસ્ત્રમાં આજ્ઞા હોવાથી તેવા કર્મોનું પણ કામનાવાળું ફલ છે એવી કલ્પના કરી શકાય. વળી તેવાં નિત્ય કર્મો કરવાથી વિઘ્નો દૂર થાય છે. એ પણ ફલ જ છે. જેમ જ્યોતિષ્ટોમ યજ્ઞનું ફલ સ્વર્ગ છે, તેમ વિઘ્નોનો નાશ થવો એ આવા નિત્ય કર્મોનું ફલ છે. તેવું ફલ ન હોય તો કોઈ નિત્યકર્મ કરવાની પ્રવૃત્તિ પણ ન કરે. તેથી આ શ્લોકમાં એમ જ કહ્યું છે કે ભગવાન્‌ની પ્રાપ્તિની કામનાથી કર્મ કરવાં. આ વિષય આગળ સ્પષ્ટ કરવામાં આવશે.

**કર્મણૈવ હિ સંસિદ્ધિમ્ આસ્થિતા જનકાદયઃ।**
**લોકસંગ્રહમેવાપિ સંપશ્યન્ કર્તુમ્ અર્હસિ ॥૨૦॥**

**જનકાદયઃ - જનક અને બીજા;** નામ, પ્ર.બ.વ., પુ.
આસક્તિરહિતેન - આસક્તિરહિત
**કર્મણા - કર્મથી;** નામ, તૃ.એ.વ., 'કર્મન્'
**એવ - જ;** અવ્યય
**સંસિદ્ધિમ્ - સિદ્ધિ, મોક્ષ;** નામ, દ્વિ.એ.વ.,
**આસ્થિતાઃ - મેળવેલા;** વિશેષણ, વિશેષ્ય 'જનકાદયઃ'
**લોકસંગ્રહમ્ - લોકહિતને;** નામ, દ્વિ.એ.વ.,
**અપિ - પણ;** અવ્યય
**સંપશ્યન્ - જોતો;** વ.કૃદન્ત, વિશેષણ, વિશેષ્ય 'ત્વમ્'
**ત્વમ્ - તું;** સર્વનામ, પ્ર.એ.વ. 'યુષ્મત્'
**કર્તુમ્ - કરવાને;** હેત્વર્થ કૃદન્ત. **એવ - ચોક્કસ**
**અર્હસિ - યોગ્ય છે;** ક્રિ. વ.કાળ, દ્વિ.પુ.એ.વ., 'અર્હ્' ૧ ગણ

શ્લોકાર્થ: જનક વિગેરેએ કર્મથી જ સંસિદ્ધિ પ્રાપ્ત કરી છે. લોકસંગ્રહ

પ્રતિ પણ દષ્ટિ રાખી તારે કર્મ કરવાં ઉચિત છે.

**વિવેચન:** કર્મ કરવામાં સદાચાર પણ પ્રમાણ છે એમ જણાવવા કહે છે કે જનક વિગેરેએ પણ અનાસક્ત રહી કર્મ કરવાથી સંસિદ્ધિ અથવા જીવન્મુક્તાવસ્થા પ્રાપ્ત કરેલી છે. અથવા જનકાદિએ કર્મથી સંસિદ્ધિ એટલે જ્ઞાનની સિદ્ધિ પ્રાપ્ત કરેલી છે, એટલે તને જ્ઞાનસિદ્ધિનું અભિમાન હોય તો પણ તારે કર્મ કરવાં યોગ્ય છે. લોકસંગ્રહ પ્રતિ દષ્ટિ રાખી તે માટે કર્મ કરવાં પણ યોગ્ય છે. આનું કારણ નીચેના શ્લોકમાં આપે છે.

**યદ્-યદ્ આચરતિ શ્રેષ્ઠઃ તત્-તદેવેતરો જનઃ।**
**સ યત્ પ્રમાણં કુરુતે લોકસ્ તદનુવર્તતે॥૨૧॥**

**શ્રેષ્ઠઃ - ઉત્તમ;** વિશેષણ, વિશેષ્ય 'જનઃ'
**યદ્યદ્ - જે-જે;** સર્વનામ, દ્વિ.એ.વ., 'યદ્' નપુ.
**આચરતિ - આચરે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'આ + ચર્' ૧ ગણ
**ઈતરઃ - બીજો;** સર્વનામ, વિશેષણ, વિશેષ્ય 'જનઃ'
**જનઃ - માણસ; નામ, પ્ર.એ.વ.,**
**અપિ - પણ;** અવ્યય
**તદ્તદ્ - તે-તે; સર્વનામ,** દ્વિ.એ.વ., **નપુ.**
**એવ - જ;** અવ્યય (અનુકુરુતે - અનુકરણ કરે છે)
**સઃ - તે; સર્વનામ, પ્ર.એ.વ., 'તદ્' પુ.**
**યત્ - જે કાંઈક; સર્વનામ,** દ્વિ.એ.વ., **નપુ.**
**પ્રમાણમ્ - પ્રમાણ; નામ,** દ્વિ.એ.વ.,
**કુરુતે - કરે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'કૃ' ૮ ગણ
**તદ્ - તેને;** સર્વનામ, દ્વિ.એ.વ., 'તદ્' નપુ.
**લોકઃ - લોક; નામ, પ્ર.એ.વ.,**
**અનુવર્તતે - અનુસરે છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ., 'અનુ + વૃત્' ૧ ગણ

**શ્લોકાર્થ:** શ્રેષ્ઠ પુરુષ જેનું-જેનું આચરણ કરે છે તે-તે અન્ય લોકો કરે છે. તે જેને પ્રમાણ કરે છે તેને લોકો અનુસરે છે.

**વિવેચન:** શ્રેષ્ઠ પુરુષના આચરણનું લોકો અનુકરણ કરતા હોવાથી તથા



તે પ્રમાણ કરે તેને અનુસરતા હોવાથી એવા પુરુષે લોકસંગ્રહમાટે એટલે લોકો પણ તે પ્રમાણે આચરણ કરે તે માટે કર્મ કરવાં ઉચિત છે.

શ્રીભાગવત્ ૧૧૧૯।૮ ઉપરના સુબોધિનીમાં આ શ્લોકનું અનુસન્ધાન કરેલું છે.

**ન મે પાર્થાસ્તિ કર્તવ્યં ત્રિષુ લોકેષુ કિઞ્ચન।**
**નાનાવાપ્તમ્ અવાપ્તવ્યં વર્ત એવ ચ કર્મણિ॥૨૨॥**

**પાર્થ - અર્જુન;** સમ્બોધન
**મે (મહ્યમ્) - મારે માટે;** સર્વનામ, ચ.એ.વ., 'અસ્મદ્'
**ત્રિષુ - ત્રણમાં;** વિશેષણ, વિ. 'લોકેષુ'
**લોકેષુ - લોકોમાં;** નામ, સ.બ.વ.,
**કિઞ્ચન - કોઈ પણ;** વિશેષણ, વિ. 'કર્તવ્ય'
**કર્તવ્યમ્ - કામ; નામ, પ્ર.એ.વ.,**
**ન - નહિ;** અવ્યય
**અસ્તિ - છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ
**ચ - અને;** અવ્યય (કિઞ્ચિદપિ - કાંઈપણ)
**અનવાપ્તમ્ - નહિ મેળવેલું;** વિશેષણ, વિ. 'કર્તવ્યમ્'
**વા - અથવા**
**અવાપ્તવ્યમ્ - પ્રાપ્ત કરવા યોગ્ય;** વિશેષણ, વિશેષ્ય 'કર્તવ્યમ્'
**ન - નહિ;** અવ્યય (અસ્તિ. તથાપિ અહમ્ - છે. તો પણ)
**કર્મણિ - કર્મમાં; નામ,** સ.એ.વ.
**એવ - જ, માત્ર;** અવ્યય
**વર્તે - હું વર્તુ છું.** ક્રિ. વ.કા., પ્ર.પુ.એ.વ., 'વૃત્' ૧ ગણ

**શ્લોકાર્થ:** હે પાર્થ! ત્રણ લોકમાં મારે કાંઈ પણ કર્તવ્ય નથી, કાંઈ નહિ પ્રાપ્ત કરેલું પ્રાપ્ત કરવાનું નથી છતાં હું કર્મમાં પ્રવર્તુ છું.

**વિવેચન:** લોકસંગ્રહમાટે કર્મ કરનારાઓમાં પોતાનું જ દષ્ટાન્ત અહીંથી ત્રણ શ્લોકથી (૨૨-૨૪) આપે છે. મારે કાંઈ કર્તવ્ય નથી તેમજ કાંઈ કર્મ કરવાની આવશ્યક્તા નથી, છતાં લોકસંગ્રહમાટે કર્મમાં પ્રવૃત્તિ કરું છું.

**વિશેષ :** આ શ્લોક સિદ્ધ પુરુષનો પ્રકાર બતાવે છે. જેને પરમસિદ્ધિ પ્રાપ્ત થઈ છે તેને કાંઈ કર્તવ્ય રહેતું નથી. તેને કાંઈ પણ પ્રાપ્તિ નહિ થાય તેવી વસ્તુ નથી. કારણ કે સમસ્ત વસ્તુનો અન્તર્ભાવ તો પરમતત્ત્વ કૃષ્ણરૂપે એને પ્રાપ્ત થયા કરે છે. તો પણ એ (સિદ્ધ) એનાં કર્મોને વહ્યા કરે છે. કારણ માત્ર કે એના આધાર પર રહી અન્ય જીવો પ્રવૃત્તિ કરે અને આગળ વધ્યા કરે. ક્રિયા હંમેશા ઉપકારક હોવી જોઈએ. જો ઉપકારક ક્રિયા ન થાય તો તે ક્રિયા દોષવાન્ છે. સ્વાર્થ સિદ્ધ કરવામાટે કરેલી ક્રિયા પાપમય છે. દેખાવમાં કદાચ લાભ દેખાય છે પણ બારીક તપાસ કરીએ છીએ તો ત્યાં ફ્લાસક્તિ હોવાને કારણે દોષવાન્ બને છે અને દોષમય હોવાથી અન્યને ઉપકારક નથી.

**યદિ હ્યહં ન વર્તેયં જાતુ કર્મણ્યતન્દ્રિતઃ।**
**મમ વર્ત્માનુવર્તન્તે મનુષ્યાઃ પાર્થ! સર્વશઃ ॥૨૩॥**

**હિ - નિશ્ચય;** અવ્યય
**યદિ - જો;** અવ્યય
**અહમ્ - હું;** સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મદ્'
**અતન્દ્રિતઃ - સાવધ રહી, આળસ રહિત;** વિશેષણ, વિ. 'અહમ્'
**જાતુ - નક્કી;** અવ્યય
**કર્મણિ - કર્મમાં;** નામ, સ.એ.વ., 'કર્મન્' નપુ.
**ન - નહિ;** અવ્યય
**વર્તેયમ્ - હું વર્તું;** ક્રિ. વિધ્યર્થ પ્ર.પુ.એ.વ., 'વૃત્' ૧ ગણ
**તર્હિ - તો;** અવ્યય
**પાર્થ - અર્જુન;** સમ્બોધન
**સર્વશઃ - બધી રીતે;** અવ્યય
**મનુષ્યાઃ - માણસો;** પ્ર.બ.વ., પુ. 'મનુષ્ય'
**મમ - મારો;** સર્વનામ, ષ.એ.વ., 'અસ્મદ્'
**વર્ત્મ - માર્ગ;** નામ, દ્વિ.એ.વ., નપું.
**અનુવર્તન્તે - ચાલે, અનુસરે;** ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., 'અનુ + વૃત્' ૧ ગણ

**શ્લોકાર્થ :** હે પાર્થ! હું આલસ્યરહિત થઈ કોઈ સમયે કર્મમાં પ્રવૃત્ત ન થાઉં તો મનુષ્યો સર્વ તરફથી મારા માર્ગને અનુસરે.



**વિવેચન :** શ્રીભાગવત્ ૧૦।૭૭।૩૦ ઉપરના સુબોધિનીમાં આ શ્લોકનું અનુસન્ધાન કરેલું છે.

**ઉત્સીદેયુર્ ઇમે લોકા ન કુર્યાં કર્મ ચેદ્ અહમ્।**
**સઙ્કરસ્ય ચ કર્તા સ્યામ્ ઉપહન્યામ્ ઇમાઃ પ્રજાઃ ॥૨૪॥**

**ચેત્ - જો;** અવ્યય. **અહમ્ - હું;** સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મદ્'
**કર્મ - કામ;** નામ, દ્વિ.એ.વ., 'કર્મન્' નપુ.
**ન - નહિ;** અવ્યય
**કુર્યામ્ - કરું;** ક્રિ. વિધ્યર્થ, પ્ર.પુ.એ.વ., 'કૃ' ૮ ગણ
**ઇમે - આ;** સર્વનામ, પ્ર.બ.વ., 'ઇદમ્' પુ.
**લોકાઃ - લોકો;** નામ, પ્ર.બ.વ.,
**ઉત્સીદેયુઃ - ઉચ્છેદ થાય, ભ્રષ્ટ થાય;** ક્રિ. વિધ્યર્થ તૃ.પુ.બ.વ., 'ઉત્ + સદ્ (સીદ્) પરસ્મૈ.
**ચ - અને;** અવ્યય
**અહમ્ - હું;** સર્વનામ, પ્ર.એ.વ. 'અસ્મદ્'
**સઙ્કરસ્ય - વર્ણસઙ્કરનો, મિશ્રનો;** નામ, ષ.એ.વ., પુ. 'સઙ્કર'
**કર્તા - કરનાર;** નામ, પ્ર.એ.વ., પુ. 'કર્તૃ'
**સ્યામ્ - થાઉં;** ક્રિ. વિધ્યર્થ, પ્ર.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ
**ચ - અને;** અવ્યય
**ઇમાઃ - આ;** સર્વનામ, દ્વિ.બ.વ., સ્ત્રી. 'ઇદમ્'
**પ્રજાઃ - પ્રજા;** નામ, દ્વિ.બ.વ., સ્ત્રી. 'પ્રજા'
**ઉપહન્યામ્ - નાશ કરું;** ક્રિ. વિધ્યર્થ, પ્ર.પુ.એ.વ., 'ઉપ+હન્' ૨ ગણ પરસ્મૈ.

**શ્લોકાર્થ :** જો હું કર્મ ન કરું તો આ લોકોનો નાશ થાય, હું સઙ્કરનો કર્તા થાઉં અને આ પ્રજાનો નાશ કરું.

**વિવેચન :** હું કર્મ ન કરું તો મનુષ્યો કર્મ કરે નહિ, તેથી આ લોકોનો નાશ થાય વિગેરે આ શ્લોકમાં વર્ણવેલા પરિણામ આવે.

**સક્તાઃ કર્મણ્યવિદ્વાંસો યથા કુર્વન્તિ ભારત!।**
**કુર્યાદ્ વિદ્વાન્ તથાऽસક્તઃ ચિકીર્ષુઃ લોકસંગ્રહમ્ ॥૨૫॥**

ભારત - અર્જુન; સમ્બોધન
કર્મણિ - કર્મમાં; નામ, સ.એ.વ., 'કર્મન્' નપુ.
સક્તાઃ - આસક્તિવાળા; વિશેષણ, વિશેષ્ય 'અવિદ્વંસઃ'
અવિદ્વાંસ - અવિદ્વાન, મૂર્ખ; નામ, પ્ર.બ.વ., 'વિદ્વન્' પુ.
યથા - જેવી રીતે; અવ્યય
કુર્વન્તિ - કરે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., 'કૃ' ૮ ગણ પરસ્મૈ.
તથા - તેવી રીતે; અવ્યય
અસક્તઃ - આસક્તિ વિનાનો; વિશેષણ, વિશેષ્ય 'વિદ્વાન્' પુ.
વિદ્વાન્ - વિદ્વાન; નામ, પ્ર.એ.વ., 'વિદ્વાન્' પુ.
અપિ - પણ; અવ્યય
લોકસંગ્રહમ્ - લોકસંગ્રહને; નામ, દ્વિ.એ.વ., પુ. 'લોકસંગ્રહ'
ચિકીર્ષુઃ - ઇચ્છતો; ઇચ્છાદર્શક વિશેષણ વિ. 'વિદ્વાન્'
કુર્યાત્ - કરે; ક્રિ. વિધ્યર્થ, તૃ.પુ.એ.વ., 'કૃ' ૮ ગણ પરસ્મૈ.

**શ્લોકાર્થ :** હે ભારત! અવિદ્વાનો જેમ કર્મમાં આસક્ત થઈ કર્મ કરે છે તેમ લોકસંગ્રહ કરવાની ઇચ્છાથી વિદ્વાને આસક્તિ રાખ્યા વિના કરવું.

**વિવેચન :** બ્રહ્મસૂત્ર ૩।૩।૪૨ ઉપરનાં અણુભાષ્યમાં આ શ્લોકનું અનુસન્ધાન કરેલું છે.

હે ભારત! જેમ અવિદ્વાનો અથવા મૂર્ખ લોકો કર્મમાં આસક્ત થઈ તેના ફલની ઇચ્છા રાખી વિષયોનો ત્યાગ કરવાની શક્તિ નહિ હોવાથી કર્મ કરે છે તેમ વિદ્વાનોએ એટલે આત્મા અને અનાત્મા અથવા જડનું સ્વરૂપ જાણનાર લોકોએ પણ કર્મ કરવું. પરન્તુ કર્મમાં આસક્તિ રાખ્યા વિના કર્મ કરવું. કર્મ અવિદ્વાન અને વિદ્વાન ઉભય કરે, પરન્તુ અવિદ્વાન કર્મમાં આસક્તિ રાખે છે અને વિદ્વાને આસક્તિ રાખ્યા વિના લોકસંગ્રહમાટે કર્મ કરવું.

**ન બુદ્ધિભેદં જનયેદ્ અજ્ઞાનાં કર્મસઙ્ગિનામ્।**
**જોષયેત્ સર્વકર્માણિ વિદ્વાન્ યુક્તઃ સમચારન્॥૨૬॥**

વિદ્વાન્ - વિદ્વાન; નામ, પ્ર.એ.વ., પુ. 'વિદ્વસ'
કર્મસઙ્ગિનામ્ - કર્મમાં આસક્તિવાળા; નામ, ષ.બ.વ., પુ. 'કર્મસઙ્ગિન્'



અજ્ઞાનામ્ - અજ્ઞાનીઓનો; નામ, ષ.બ.વ., વિશે. પુ. 'અજ્ઞ'
બુદ્ધિભેદમ્ - બુદ્ધિનો ભ્રમ, બુદ્ધિમાં ભ્રમ અશ્રદ્ધા ધર્મમાં કરવી તે; નામ, દ્વિ.એ.વ., પુ. 'બુદ્ધૌ ભેદઃ' સપ્તમી તત્પુરુષ
ન - નહિ; અવ્યય
જનયેત્ - ઉત્પન્ન કરે; ક્રિ. વિધ્યર્થ કાળ, તૃ.પુ.એ.વ., 'જન્' ૪ ગણ કારકભેદ પરસ્મૈ. કિન્તુ સ્વયમ્ - પરન્તુ પોતે
યુક્તઃ - યોગ્ય સ્વરૂપમાં, યોગ્ય; વિશેષણ, વિ. 'વિદ્વાન્'
સર્વકર્માણિ - બધા કર્મનો; નામ, દ્વિ.બ.વ., નપુ.
સમાચરન્ - સારી રીતે કર્મ કરતો; વ.કૃ., વિશેષણ, વિ. 'વિદ્વાન્'
(તાનપિ - એ લોકોને પણ)
જોષયેત્ - પ્રવૃત્તિ કરાવવી; ક્રિ. કારકભેદ વિધ્યર્થ કાળ, તૃ.પુ.એ.વ., 'જુષ' ૧૦ ગણ પરસ્મૈ.

**શ્લોકાર્થ :** કર્મસઙ્ગી અજ્ઞોની બુદ્ધિનો ભેદ વિદ્વાને કરવો નહિ, પણ યુક્ત રહી કર્મ કરતાં સર્વ કર્મો શીખવવાં.

**વિવેચન :** અજ્ઞ પુરુષો કર્મના સઙ્ગી છે અથવા તેઓ કર્મમાં આસક્ત છે તેથી તેઓને અન્ય ઉપદેશ આપવો નહિ, કારણ કે તેમ કરવાથી તેમની બુદ્ધિનો ભેદ થાય એટલે તેઓ ઉપદેશ ગ્રહણ કરી શકે નહિ, અને કર્મ પણ તજી દે. તેઓ ચિત્તની શુદ્ધિ થાય તે માટે કર્મ કરતા નથી, પરન્તુ બીજા પણ્ડિતને કર્મ કરતો જોઈ, ફલ પ્રાપ્ત કરવા જ કર્મ કરતા હોય છે. તેથી વિદ્વાને પોતે બુદ્ધિયોગથી કર્મ કરતાં-કરતાં અજ્ઞોને સર્વ કર્મ કરતાં ધીરે-ધીરે શીખવવું.

**પ્રકૃતેઃ ક્રિયમાણાનિ ગુણૈઃ કર્માણિ સર્વશઃ।**
**અહઙ્કાર-વિમૂઢાત્મા 'કર્તાહમ્' ઇતિ મન્યતે॥૨૭॥**

સર્વશઃ - બધી રીતિએ; અવ્યય
કર્માણિ - કર્મો; નામ, પ્ર.બ.વ., નપુ. 'કર્મન્'
પ્રકૃતેઃ - પ્રકૃતિના; નામ, ષ.એ.વ., સ્ત્રી. 'પ્રકૃતિ'
ગુણૈઃ - ગુણો વડે; નામ, તૃ.બ.વ., પુ. 'ગુણ'
ક્રિયમાણાનિ - કરાતાં; કર્મણિ વ.કૃ. 'કર્માણિ'

(સન્તિ તથાપિ - છે તોપણ; ક્રિ. તૃ.પુ.બ.વ. 'અસ્', અવ્યય)

**અહઙ્કારવિમૂઢાત્મા - અહઙ્કારથી વિશેષ મોહિત થઈ ગયેલો;** "અહઙ્કારેણ વિમૂઢ આત્મા યસ્ય સઃ ઈતિ" બહુવ્રીહિ વિશેષણ, વિશેષ્ય 'પુરુષઃ'

**અહમ્ - હું;** સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મદ્'

**કર્તા - કરનાર;** વિશેષણ, વિશેષ્ય 'અહમ્'

**ઈતિ - એમ;** અવ્યય

**મન્યતે - માને છે;** ક્રિ. તૃ.પુ.એ.વ., 'મન્' ૪ ગણ આત્મને.

**શ્લોકાર્થ:** સર્વ તરફથી પ્રકૃતિના ગુણો કર્મ કરે છે. અહઙ્કારથી વિમૂઢ અન્તઃકરણવાળો "હું કર્તા છું" એમ માને છે.

**વિવેચન:** વિદ્વાન્ અને અવિદ્વાન્ ઉભય કર્મ કરે તો પણ તેમાં શું ભેદ છે એ અહીંથી બે શ્લોકથી (૨૭,૨૮) વધારે સ્પષ્ટ કરે છે. અહીં રીતિથી વિચાર કરતાં પણ એ જ નિર્ણય આવે છે એમ અહીં કહે છે. બ્રહ્મવાદિ સાંખ્યમત પ્રમાણે જગતના કર્તા ભોક્તા સર્વ ધર્મના આશ્રય પુરૂષોત્તમ જ છે. શ્રીપુરૂષોત્તમ અંશવડે અક્ષર, કાલ, પ્રકૃતિ, પુરુષ, આત્મા રૂપ થાય છે. શ્રુતિ પણ કહે છે કે "તેણે પોતાના બે વિભાગ કર્યા, પતિ અને પત્ની થયા" તેમાં કાર્ય કરનારી પ્રકૃતિ છે. પુરુષ માત્ર પ્રકૃતિના સમ્બન્ધથી ભોક્તા થાય છે. તેથી કર્મ કરનાર પ્રકૃતિના ગુણો જ છે, પરન્તુ અહઙ્કારથી મૂઢ થએલા અન્તઃકરણવાળો જીવ "હું કર્તા છું" એમ પોતાની વિપરીત મતિથી માને છે. વાસ્તવિક રીતે તો કમલના અને ખાખરાના પાન જલથી ભીંજાતા નથી તેમ પુરુષ પ્રકૃતિના ગુણોથી લેપાતો નથી, છતાં ઈન્દ્રિયોના ગુણો કર્મ કરે છે તે કર્મ હું કરું છું એમ વિપરીત મતિથી માને છે.

**તત્ત્વવિત્તુ મહાબાહો ગુણ-કર્મવિભાગયોઃ ।**
**ગુણા ગુણેષુ વર્તન્તે ઈતિ મત્વા ન સજ્જતે ॥૨૮॥**

**તુ - પરન્તુ;** અવ્યય

**મહાબાહો - અર્જુન;** સમ્બોધન

**ગુણકર્મવિભાગયોઃ - ગુણ અને કર્મ ના વિભાગને;** નામ, ષ.દ્વિવચન

**તત્ત્વવિત્ - તત્ત્વને જાણનાર;** "તત્ત્વં વેત્તિ ઈતિ" ઉપપદ. નામ, પ્ર.એ.વ., પુ.

**ગુણાઃ - ગુણો;** નામ, પ્ર.બ.વ., પુ.

**ગુણેષુ - ગુણોમાં;** નામ, સ.બ.વ., પુ.

**વર્તન્તે - વર્તે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., 'વર્ત્' ૧ ગણ આત્મને.

**ઈતિ - એ પ્રમાણે;** અવ્યય

**મત્વા - માનીને;** સમ્બન્ધક ભૂતકૃદન્ત

**કર્મસુ - કર્મોમાં;** નામ, સ.બ.વ. પુ.

**ન - નહિ;** અવ્યય

**સજ્જતે - આસક્ત થાય છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'સજ્જ્' ૧ ગણ આત્મને.

**શ્લોકાર્થ:** પરન્તુ હે મહાબાહો! ગુણ અને કર્મ ના વિભાગોના તત્ત્વને જાણનાર ગુણો ગુણોમાં વર્તે છે એમ માની આસક્ત થતો નથી.

**વિવેચન:** ગુણ અને કર્મ ના વિભાગને જાણનાર અર્થાત્ ગુણો જ કર્મ કરે છે, કેવલ આત્માથી કર્મ થતું જ નથી એમ જાણનાર કર્મમાં આસક્ત થતો નથી, કારણ કે ઈન્દ્રિયોના ગુણો જ વિષયમાં રહેલા ગુણોમાટે પ્રવર્તે છે, આત્મા પ્રવર્તતો નથી એમ તેઓ માને છે.

**પ્રકૃતેર્ ગુણસમ્મુઢા સજ્જન્તે ગુણકર્મસુ ।**
**તાન્ અકૃત્સ્નવિદો મન્દાન્ કૃત્સ્નવિન્ ન વિચાલયેત્ ॥૨૯॥**

**પ્રકૃતેઃ - પ્રકૃતિના;** નામ, ષ.એ.વ., સ્ત્રી. 'પ્રકૃતિ'

**ગુણસમ્મૂઢાઃ - ગુણવડે સારી રીતે મોહ પામેલા;** વિશેષણ, વિશેષ્ય 'પુરુષાઃ'

**ગુણકર્મસુ - ગુણ અને કર્મોમાં;** નામ, સ.બ.વ.

**સજ્જન્તે - આસક્ત થાય છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.બ.વ., 'સજ્જ્' ૧ ગણ આત્મને.

**તાન્ - તેઓને;** સર્વનામ, દ્વિ.બ.વ., 'તદ્' પુ.

**અકૃત્સ્નવિદઃ - બધું નહિ જાણનાર;** વિશેષણ, વિશેષ્ય 'પુરુષાઃ'

**મન્દાન્ - મૂર્ખ, મૂઢ, આળસુ;** વિશેષણ, વિશેષ્ય 'પુરુષાન્'

**કૃત્સ્નવિદ્ - બધું જાણનાર;** વિશેષણ, વિશેષ્ય 'પુરુષઃ'

**ન - નહિ;** અવ્યય

**વિચાલયેત્ - ચલાયમાન કરે;** ક્રિ. વિધ્યર્થ, તૃ.પુ.એ.વ., વિ+ચલ્ ૧ ગણ

શ્લોકાર્થ : પ્રકૃતિના ગુણોથી મૂઢ થએલા ગુણોના કર્મમાં આસક્ત થાય છે. તેવા પૂર્ણ નહિ જાણનાર મન્દોને પૂર્ણ જાણનારે ચલાવવા નહિ.

વિવેચન : પ્રકૃતિના ગુણોથી મૂઢ થએલા અજ્ઞાનીઓ ગુણોના કાર્ય કર્મમાં આસક્ત થાય છે, કારણ કે તેઓને પૂર્ણ જ્ઞાન નથી અને તેઓની મતિ મન્દ છે. એવા લોકોને પૂર્ણ જાણનારે ચલાવવા નહિ. અહીં ૨૬ મા શ્લોકમાં કહેલો અર્થ વિશેષ દઢ થવા પુનઃ કહેલ છે.

**મયિ સર્વાણિ કર્માણિ સંન્યસ્યાધ્યાત્મચેતસા।**
**નિરાશીર્ નિર્મમો ભૂત્વા યુધ્યસ્વ વિગતજ્વરઃ ॥૩૦॥**

**અધ્યાત્મચેતસા - આધ્યાત્મ વૃત્તિથી, આધ્યાત્મ ચિત્તથી;** નામ, તૃ.એ.વ., નપુ. 'ચેતસ્'
**સર્વાણિ - બધા;** વિશેષણ, વિશેષ્ય 'કર્માણિ'
**કર્માણિ - કર્મોને;** નામ, દ્વિ.બ.વ., નપુ.
**મયિ - મારામાં;** સર્વનામ, સ.એ.વ. 'અસ્મદ્' પુ.
**સંન્યસ્ય - ત્યાગ કરીને, સમર્પણ કરીને;** સં. ભૂતકૃદન્ત સમ્ + ન્યસ્
**નિરાશીઃ - આશા વગરનો;** ''નિર્ગતા આશા યસ્ય ઈતિ'' બહુવ્રીહિ. વિશેષણ, વિશેષ્ય 'પુરુષઃ'
**નિર્મમઃ - મમતા રહિત;** ''નિર્ગતં મમત્વં યસ્ય ઈતિ'' બહુ. વિશેષણ, વિશેષ્ય 'પુરુષઃ'
**ચ - અને;** અવ્યય
**વિગતજ્વરઃ - સંતાપ વિનાનો;** ''વિગતઃ જ્વરઃ યસ્ય ઈતિ'' બહુ. વિશેષણ, વિશેષ્ય 'પુરુષઃ'
**ભૂત્વા - થઈને;** સં. ભૂતકૃદન્ત
**યુધ્યસ્વ - યુદ્ધ કર;** ક્રિ. આજ્ઞાર્થ દ્વિ.પુ.એ.વ., 'યુધ્' ૪ ગણ આત્મને.

શ્લોકાર્થ : અધ્યાત્મ ચિત્તથી સર્વ કર્મો મારા વિષે અર્પણ કરી, આશારહિત, મમતારહિત, તાપરહિત થઈ યુદ્ધ કર.

વિવેચન : અધ્યાત્મ ચિત્તથી સર્વ કર્મો મુખ્ય સાક્ષાત્કર્તા દેવદેવ પ્રભુ મારા વિષે સમર્પણ કરી યુદ્ધ કર. ફલની આશા રાખ્યા વિના, કાર્યથી પ્રાપ્ત



થતા ફલમાં મમતા રાખ્યા વિના અને ''હું કર્તા છું'' એવો કોઈ પ્રકારનો તાપ અથવા ઉચાટ રાખ્યા વિના યુદ્ધ કર. અહીં કર્મના ફલનો, મમતાનો અને કર્તાપણાનો એવા ત્રણ પ્રકારનો ત્યાગ કરવાનો કહેલ છે. નિબન્ધ ૨૨૭૫ માં પણ આજ અર્થ કહેલો છે.

વિશેષ : જીવનો સ્વભાવ તો કરેલાં કર્મનો ઉપભોગ કરવાનો હોય છે. જીવ વાસનામય છે એટલે એનાં કર્મો સામાન્ય રીતે દોષમય હોય છે. દોષમય કર્મનાં ફળ પણ દોષમય બને છે. એથી જીવ હંમેશા દોષબદ્ધ જ રહે. જ્યાં સુધી જીવ દોષબદ્ધ હોય ત્યાં સુધી મુક્ત થવાની આશા રાખવી વ્યર્થ છે એ કારણે જીવ કોઈ પણ જાતની આશા રાખ્યા વિના; તેમજ મમત્વનો ત્યાગ કરીને શુદ્ધ - નિખાલસ ચિત્તથી પોતાનાં કરેલાં કર્મને ભગવાનને સમર્પણ કરે તો દોષરહિત બની શકે છે અને કર્મ બન્ધનમાંથી મુક્ત થાય છે. સન્તાપ હંમેશા કર્મમાંથી ઉભો થાય છે. કર્મ અર્પણ કર્યા પછી સન્તાપ રહેતો નથી; કારણ કે કર્મ દેવાધિદેવને અર્પણ કરેલ છે. દેવાધિદેવ શુદ્ધ ચિત્તવાળાના સમસ્ત દોષ દૂર કરવા સામર્થ્ય ધરાવે છે. જીવ પરતન્ત્ર છે પણ ભગવાન્ સ્વતન્ત્ર છે. પરતન્ત્રનો ધર્મ માત્ર સ્વતન્ત્રને સર્વનિવેદન કરવાનો છે.

**યે મે મતમિદં નિત્યમ્ અનુતિષ્ઠન્તિ માનવાઃ।**
**શ્રદ્ધાવન્તોઽનસૂયન્તો મુચ્યન્તે તેઽપિ કર્મભિઃ ॥૩૧॥**

**યે - જેઓ;** સર્વનામ, પ્ર.બ.વ., 'યત્' પુ.
**અપિ - પણ;** અવ્યય
**માનવાઃ - માણસો;** નામ, પ્ર.બ.વ., પુ. 'માનવ'
**અનુસૂયન્તઃ - અસૂયાથી રહિત;** વિશેષણ, વિ. 'માનવાઃ'
**ચ - અને;** અવ્યય
**શ્રદ્ધાવન્તઃ - શ્રદ્ધાવાળાઓ;** વિશેષણ, વિ. 'માનવાઃ'
**નિત્યમ્ - હંમેશા;** અવ્યય
**મે - મારું;** સર્વનામ, ષ.એ.વ., 'અસ્મદ્' પુ.
**ઈદમ્ - આ;** સર્વનામ, દ્વિ.એ.વ., 'ઈદમ્' નપુ.
**મતમ્ - મતને;** નામ, દ્વિ.એ.વ., નપુ.
**અનુતિષ્ઠન્તિ - અનુસરે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., અનુ+સ્થા ૧ ગણ પરસ્મૈ.

તે - તેઓ; સર્વનામ, પ્ર.બ.વ., 'તદ્' પુ.
**કર્મભિઃ - કર્મોથી;** નામ, તૃ.બ.વ., નપુ. 'કર્મન્'
**મુચ્યન્તે - મુક્ત થાય છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., 'મુચ્' ૬ ગણ કર્મણિ આત્મને.

**શ્લોકાર્થ:** જે શ્રદ્ધાવાળા અસૂયારહિત માણસો મારા આ મત પ્રમાણે નિત્ય ચાલે છે તેઓ પણ કર્મથી મુક્ત થાય છે.

**વિશેષ:** સંશયવાળા ચિત્તથી કરેલું સમર્પણ શુભફલનું જનક બનતું નથી. શ્રદ્ધાથી સંશય દૂર થાય છે. શ્રદ્ધા વિશ્વાસને ઉભો કરે છે. વિશ્વાસ દેવાધિદેવ પર મૂકવો. બધી રીતે શુભ ભાવનાવાળો બનતાં ક્રિયાના પરિણામમાં મદદરૂપ બને છે॥૩૧॥

**યે ત્વેતદભ્યસૂયન્તો નાનુતિષ્ઠન્તિ મે મતમ્।**
**સર્વજ્ઞાનવિમૂઢાંસ્તાન્ વિદ્ધિ નષ્ટાન્ અચેતસઃ॥૩૨॥**

**યે - જેઓ;** સર્વનામ, પ્ર.બ.વ., 'યત્' પુ.
**તુ - પણ;** અવ્યય
**અભ્યસૂયન્તઃ - દોષબુદ્ધિવાળા;** વિશેષણ વિશેષ્ય 'પુરુષાઃ'
**અચેતસઃ - મૂર્ખ;** વિશેષણ, વિશેષ્ય 'પુરુષાન્'
**એતદ્ - તે, આ;** સર્વનામ, દ્વિ.એ.વ., નપુ. વ.કૃ.
**મે - મારો;** સર્વનામ, ષ.એ.વ., 'અસ્મદ્'
**મતમ્ - મતને;** નામ, દ્વિ.એ. નપુ.
**ન - નહિ;** અવ્યય
**અનુતિષ્ઠન્તિ - અનુસરે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., 'અનુ+સ્થા' ૧ ગણ પરસ્મૈ
**તાન્ - તેઓ;** સર્વનામ, દ્વિ.બ.વ., 'તદ્' પુ.
**સર્વજ્ઞાનવિમૂઢાન્ - બધા જ્ઞાનમાં મોહવાળા બનેલા છે;** વિશેષણ, વિશેષ્ય 'તાન્'. (**ત્વમ્ - તું;** સર્વનામ, પ્ર.એ.વ. 'યુષ્મત્')
**નષ્ટાન્ - નાશ પામેલા;** વિશેષણ, વિશેષ્ય 'પુરુષાન્'
**વિદ્ધિ - જાણ;** ક્રિ. આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ., 'વિદ્' ૨ ગણ પરસ્મૈ.

**શ્લોકાર્થ:** પરન્તુ જે અસૂયાવાળા મારા આ મત પ્રમાણે ચાલતા નથી



તે સર્વજ્ઞાનમાં વિમૂઢ શૂન્ય હૃદયોને નાશ પામેલા જાણ.

**વિવેચન:** જેઓ ઉપર જણાવ્યા પ્રમાણે મારા મત અનુસાર ચાલતા નથી અને કર્મ કરતા નથી તેઓ નષ્ટ જ છે.

**વિશેષ:** આ શ્લોકમાં ભગવાન્ જીવને પોતાનો જાણી કાંઈક વિશેષ પ્રકારે બોધ કરે છે. જીવમાં સ્વાભાવિક દોષ તરીકે આશા, મમતા અને અસૂયા છે. એ સિવાય બીજા દોષો પણ ખરા. પરન્તુ આ ત્રણે દોષ એને આગળ વધવાની સામગ્રી તૈયાર કરવામાં નડતરરૂપ બને છે. તે કારણે અહીં ભગવાન્ કહે છે કે આ ત્રણ દોષને જીવે દૂર કરવા જોઈએ અને મારામાં અચળ શ્રદ્ધા રાખી પોતાનું સ્વાભાવિક કામ કરતાં-કરતાં જો દોષ થઈ જશે તો પણ તેને દૂર કરવા શ્લોક ૩૧ માં કહેલી પ્રતિજ્ઞા પ્રમાણે કર્મ સમર્પિત થતાં ભગવાન્ સમર્થ બને છે.

**સદૃશં ચેષ્ટતે સ્વસ્યાઃ પ્રકૃતેર્ જ્ઞાનવાનપિ।**
**પ્રકૃતિં યાન્તિ ભૂતાનિ નિગ્રહઃ કિં કરિષ્યતિ॥૩૩॥**

**યતઃ - કેમકે;** અવ્યય
**ભૂતાનિ - પ્રાણીઓ;** નામ, પ્ર.બ.વ., નપુ. 'ભૂત'
**પ્રકૃતિમ્ - પ્રકૃતિને;** નામ, દ્વિ.એ.વ., સ્ત્રી. 'પ્રકૃતિ'
**યાન્તિ - જાય છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., 'યા' ૨ ગણ પરસ્મૈ.
**જ્ઞાનવાન્ - જ્ઞાનવાળો;** વિશેષણ, વિશેષ્ય 'પુરુષઃ'. **અપિ - પણ;** અવ્યય
**સ્વસ્યાઃ - પોતાની;** સર્વનામ, ષ.એ.વ., સ્ત્રી.
**પ્રકૃતેઃ - પ્રકૃતિના;** નામ, ષ.એ.વ., સ્ત્રી.
**સદૃશમ્ - પ્રમાણે, જેવું;** અવ્યય
**ચેષ્ટતે - ચેષ્ટા કરે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'ચેષ્ટ્' ૧ ગણ
**નિગ્રહઃ - રોકાણ;** નામ, પ્ર.એ.વ., પુ. 'નિગ્રહ'.
**કિમ્ - કેમ શું;** અવ્યય
**કરિષ્યતિ - કરશે;** ક્રિ. ભવિ.કાળ, તૃ.પુ.એ.વ., 'કૃ' ૮ ગણ પરસ્મૈ.

**શ્લોકાર્થ:** જ્ઞાનવાળો પણ પોતાની પ્રકૃતિ અનુસાર ચેષ્ટા કરે છે. પ્રાણીઓ પ્રકૃતિ પ્રમાણે ચાલે છે. નિગ્રહ શું કરશે?

**વિવેચન :** આપના મત પ્રમાણે ચાલવાથી આવું ઉત્તમ ફલ પ્રાપ્ત થતું હોય તો સર્વ એ પ્રમાણે કેમ ચાલતા નથી એવી શઙ્કા થાય, તે અહીં દૂર કરેલી છે. સાધારણ માણસો તો શું, પરન્તુ શાસ્ત્રના જ્ઞાનવાળો સાત્ત્વિક પુરુષ પણ પોતાની પ્રકૃતિને અનુસાર ચેષ્ટા કરે છે. અમુક પ્રકારની ચેષ્ટા થવામાં પ્રકૃતિ જ કારણરૂપ છે. પ્રકૃતિથી જ મોહિત થએલો મનુષ્ય "હું જ જ્ઞાની છું" એમ માની બીજા કહે તે સાંભળતો પણ નથી. જ્ઞાનીઓને પણ પ્રકૃતિ આ પ્રમાણે વશ કરે છે તો અજ્ઞાનીઓની એવી દશા થાય તેમાં કહેવું જ શું? તેથી સાત્ત્વિક, રાજસ અને તામસ સર્વ પ્રાણીઓ જેમ તણખલું વાયુને અનુસરે તેમ પોતપોતાની પ્રકૃતિને અનુસરે છે. પ્રકૃતિ આવી પ્રબલ હોવાથી 'નિગ્રહ' એટલે ઉપદેશ અથવા ઇન્દ્રિયોનો સંયમ શું કરી શકે તેમ છે? અર્થાત્ કાંઈ જ કરી શકે તેમ નથી.

**વિશેષ :** ક્રિયાભાવના કરતાં શરણભાવના જેટલા પ્રમાણમાં વધારે હોય છે તેટલા પ્રમાણમાં પ્રકૃતિ - સ્વભાવ ઉપર નિગ્રહ મૂકી શકાય છે. શરણભાવના વિના પ્રકૃતિ ઉપર મૂકેલો નિગ્રહ નિરુપયોગી બને છે; એટલું જ નહિ પણ પ્રકૃતિ પોતાની બલવત્તર સત્તા જીવ પર મૂકી જીવને વધારે પ્રમાણમાં હંફાવે છે. શરણભાવના - ભગવત્શરણભાવના "ભગવાન્‌ને શરણે હું છું" એ પ્રકારની ભાવના કર્યા કરવી ॥૩૩॥

**ઇન્દ્રિયસ્યેન્દ્રિયસ્યાર્થે રાગ-દ્વેષૌ વ્યવસ્થિતૌ ।**
**તયોર્ ન વશમાગચ્છેત્ તૌ હ્યસ્ય પરિપન્થિનૌ ॥૩૪॥**

**ઇન્દ્રિયસ્ય** - **ઇન્દ્રિયનું;** નામ, ષ.એ.વ., નપુ. 'ઇન્દ્રિય'
**ઇન્દ્રિયસ્ય** - **ઇન્દ્રિયનું;** નામ, ષ.એ.વ., નપુ. 'ઇન્દ્રિય
**અર્થે** - **અર્થમાં, ભોગમાં;** નામ, સ.એ.વ. પુ. 'અર્થ'
**યૌ** - **જે બે;** સર્વનામ, પ્ર. દ્વિવચન
**રાગદ્વેષૌ** - **રાગ અને દ્વેષ;** નામ, પ્ર. દ્વિવચન
**વ્યવસ્થિતૌ** - **રહેલા;** ભૂ.કૃ. વિશેષણ, વિશેષ્ય 'રાગદ્વેષૌ'
**સ્તઃ** - **છે;** ક્રિયાપદ
**તયોઃ** - **તે બન્નેના;** સર્વનામ, ષ.દ્વિવચન 'તદ્' પુ.
**વશમ્** - **વશ;** નામ, દ્વિ.એ.વ., પુ. **ન** - **નહિ;** અવ્યય



**આગચ્છેત્** - **આવવું જોઈએ;** ક્રિ. વિધ્યર્થ, તૃ.પુ.એ.વ., 'આ + ગમ્' ૧ ગણ પરસ્મૈ.
**હિ** - **ચોક્કસ;** અવ્યય
**અસ્ય** - **આના;** સર્વનામ, ષ.એ.વ., 'ઇદમ્'
**તૌ** - **તે બન્ને;** સર્વનામ, પ્ર.દ્વિવચન પુ.
**પરિપન્થિનૌ** - **વિઘ્ન કરનાર;** વિશેષણ, વિશેષ્ય 'રાગદ્વેષૌ'. **સ્તઃ** - **છે**

**શ્લોકાર્થ :** ઇન્દ્રિયના ઇન્દ્રિયાર્થ પ્રતિ રાગદ્વેષ નિર્માણ થએલા છે. તેમને વશ ન થવું, કારણ કે તે આને વિઘ્નકારક છે.

**વિવેચન :** દરેક ઇન્દ્રિયને પોતાના ઇષ્ટ અર્થ પ્રતિ રાગ અને અનિષ્ટ અર્થ પ્રતિ દ્વેષ થાય છે. આ રાગ અને દ્વેષ જ વિવેકી પુરુષને વિઘ્નકારક છે, આડે રસ્તે દોરનાર છે. તેથી રાગ અને દ્વેષ ને વશ ન થવું.

**વિશેષ :** જીવના બે શત્રુઓ રાગ અને દ્વેષ પ્રકૃતિના ગુણભાવે ઉભા થાય છે. આ રાગ અને દ્વેષ નો ઉપયોગ પોતાના ઐહિક ઇન્દ્રિયોના હિતને માટે ઉપયોગમાં લે છે. જીવ એમ માને છે કે રાગથી હું ઇન્દ્રિયસુખ મેળવી શકું છું અને બીજાનાં સુખને પોતાની પાસે રહેલા દ્વેષ નામના શત્રુથી બીજાનું સુખ છીનવી લઈ પોતે વધારે સુખી થઈ શકે છે. આ પ્રકારે પ્રાપ્ત કરેલા સુખમાં રાગ અને દ્વેષ કારણભૂત થાય ખરા, પણ એ સુખ એનું ક્ષણિક હોવાથી તેમજ એના હવે પછીના માર્ગમાં અવરોધ કરનારું હોવાથી સુખ પોતે પણ દુઃખરૂપ થાય છે. એ કારણે રાગ અને દ્વેષ ને જીવના શત્રુરૂપે અહીં વર્ણવેલા છે. અન્તઃકરણમાં મોહ, કામ અને ક્રોધ રહેલા છે. કામને 'મોહ' નામે પણ ઓળખી શકાય છે. ક્રોધને 'રોષ' નામથી પણ ઓળખાય છે. ઇન્દ્રિયોના ધર્મો તો ઇન્દ્રિયોના પ્રયોજનમાં ઉપયોગમાં આવે છે. તાત્પર્ય કે ઇન્દ્રિયોનો સ્વાભાવિક ધર્મ તો ચાલુ રહેવાનો. અને એ ચાલુ રહેતા જે વસ્તુની સાથે ક્રિયાધર્મ યોજાય છે તે વસ્તુ સાથે રાગ અથવા દ્વેષ ઉભો થાય છે. રાગ અને દ્વેષ બાહ્યભાવ છે. એ અન્તઃકરણમાં રહેલા કામ અને ક્રોધ ને સતેજ કરે છે. આ રીતે ગુણક્ષોભ થતાં જીવ સ્વભાવતઃ ઉન્નતિમાર્ગમાં જનાર હોવા છતાં આ બે (રાગ અને દ્વેષ અથવા કામ અને ક્રોધ)

અટકાવનાર બને છે. તે કારણે તેઓ જીવના શત્રુ છે. પ્રકૃતિ અને તેના ગુણો પણ જીવના શત્રુરૂપે બને છે.

**શ્રેયાન્ સ્વધર્મો વિગુણઃ પરધર્માત્ સ્વનુષ્ઠિતાત્।**
**સ્વધર્મે નિધનં શ્રેયઃ પરધર્મો ભયાવહઃ ॥૩૫॥**

**સ્વનુષ્ઠિતાત્ - સારી રીતે અનુસરાયેલા;** કૃ. વિશેષણ, વિશેષ્ય 'પરધર્માત્'
**પરધર્માત્ - બીજાના ધર્મથી;** નામ, પં.એ.વ., પુ. 'પરધર્મ'
**વિગુણઃ - ગુણ વિનાનો;** વિશેષણ, વિશેષ્ય 'સ્વધર્મ'
**અપિ - પણ;** અવ્યય
**સ્વધર્મઃ - પોતાનો ધર્મ;** નામ, પ્ર.એ.વ., પુ.
**શ્રેયાન્ - શ્રેય, વધારે સારો;** વિશેષણ, વિશેષ્ય 'સ્વધર્મઃ'
**સ્વધર્મે - પોતાના ધર્મમાં;** નામ, સ.એ.વ. પુ.
**નિધનમ્ - નાશ;** નામ, પ્ર.એ.વ., નપુ. **અપિ - પણ;** અવ્યય
**શ્રેયઃ - સારું;** વિશેષણ, વિશેષ્ય 'નિધનમ્'
**ચ - અને;** અવ્યય
**પરધર્મઃ - બીજાનો ધર્મ;** નામ, પ્ર.એ.વ., પુ.
**ભયાવહઃ - ભય ઉત્પન્ન કરનારો;** વિશેષણ, વિશેષ્ય 'પરધર્મઃ'
**અસ્તિ : છે;** ક્રિ. વર્ત.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'

**શ્લોકાર્થ :** સારી રીતે આચરેલા પરધર્મ કરતાં વિગુણ સ્વધર્મ વધારે સારો છે. સ્વધર્મમાં નિધન પણ શ્રેયઃ છે, પરધર્મ ભયકારક છે.

**વિવેચન :** જીવ પ્રકૃતિને વશ હોવાથી રાગ-દ્વેષ તજી વિહિત ધર્મમાં પ્રવૃત્તિ કરી શકતો નથી તોપણ પ્રાકૃત જીવે પણ રાગ-દ્વેષ તજી પરધર્મનું આચરણ ન કરવું અને સ્વધર્મ તજવો નહિ એમ કહે છે. સર્વ અઙ્ગ સહિત પરધર્મનું સારી રીતે આચરણ કરવામાં આવે તોપણ તે કરતાં અઙ્ગરહિત સ્વધર્મનું આચરણ કરવું સારું. સ્વધર્મનું આચરણ કરતાં મરણ થાય તો તે પણ સારું છે, પરન્તુ પરધર્મ તો ભય ઉત્પન્ન કરે છે.

રાગ-દ્વેષને વશ થવું નહિ એમ ઉપર ૩૪માં શ્લોકમાં કહ્યું. ૩૫ મા શ્લોકમાં પરધર્મનું આચરણ નહિ કરતાં સ્વધર્મનું આચરણ કરવું એમ કહ્યું. આ સર્વ અશક્ય છે, કારણ કે જીવને પ્રકૃતિને અનુસાર કાર્ય



કરવાં પડે છે, તે પોતે સ્વતન્ત્ર નથી. જેમ રોગી શક્તિહીન હોવાથી પરતન્ત્ર હોઈ પોતાની ઇચ્છા હોવા છતાં કાર્ય કરવા શક્તિમાન નથી, સ્વધર્મનું આચરણ કરી શકતો નથી, પરધર્મ તજી શકતો નથી. આનું શું કારણ? કોણ બલાત્કારે તેને આડે રસ્તે લઈ જાય છે? એવી શઙ્કા થવાથી અર્જુન પૂછે છે—

**વિશેષ :** અર્જુનનો દેહ ક્ષત્રિય હોવાથી ક્ષત્રિયધર્મ કરતાં પણ કાંઈક સારો ધર્મ બ્રાહ્મણનો અથવા સન્ન્યાસીનો જણાય છે. તો પણ તે ધર્મનો અઙ્ગીકાર કરવાની જરૂર નથી એવું સૂચન થાય છે ખરું. ઉપલક દષ્ટિએ જોતાં આ અર્થ નીકળે છે પણ વસ્તુતઃ વિચારીએ તો અર્જુન નર-જીવ છે અને તેનો ઉપદેષ્ટા વાસુદેવ-નારાયણ છે. એટલે અર્જુનનો સ્વધર્મ તો જીવ-અંશ થાય છે. એટલે વાસુદેવ-ગુરુ એને પ્રાકૃત (પ્રકૃતિવશ) શિષ્ય તરીકે ન ગણતાં અપ્રાકૃત ભાવમાં લઈ જવા તેને આજ્ઞા કરે છે કે તું તારા જીવધર્મ (ભગવદ્ધર્મ) બરાબર રીતે સાંચવી અંશી સાથેનો તારો સમ્બન્ધ કાયમ રાખ અને તેની આજ્ઞાનુસાર, યોગ્યાયોગ્યનો વિચાર કર્યા વિના, વર્તન કર. કદાચ તારા પ્રકૃતિધર્મના યોગે અયુક્ત લાગે છતાં પણ વર્તન કર.

**શ્રીઅર્જુન ઉવાચ**

**અથ કેન પ્રયુક્તોઽયં પાપં ચરતિ પુરુષઃ।**
**અનિચ્છન્નપિ વાર્ષ્ણેય! બલાદિવ નિયોજિતઃ ॥૩૬॥**

**વાર્ષ્ણેય - કૃષ્ણ;** સમ્બોધન
**અથ - ત્યાર પછી;** અવ્યય
**અયમ્ - આ;** સર્વનામ, પ્ર.એ.વ., 'ઇદમ્' પુ.
**પુરુષઃ - પુરુષ;** નામ, પ્ર.એ.વ., પુ.
**બલાત્ - બળથી, પરાણે;** નામ, પં.એ.વ.,
**નિયોજિતઃ - જોડાયેલો;** કૃ. વિશેષણ, વિ. 'પુરુષઃ'
**ઇવ - જાણે કે;** અવ્યય
**અનિચ્છન્ - નહિ ઇચ્છતો;** વ.કૃ. વિશેષણ, વિશેષ્ય 'પુરુષઃ'
**અપિ - છતાં;** અવ્યય
**કેન - કોનાવડે;** સર્વનામ, તૃ.એ.વ., 'કિમ્' પુ.

પ્રયુક્ત - પ્રયોજાયેલો; વિશેષણ, વિશેષ્ય 'પુરુષ'
પાપમ્ - પાપને; અ.અ.નપુ. દ્વિ.એ.
ચરતિ - આચરણ કરે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'ચર્' ૧ ગણ પરસ્મૈ.

શ્લોકાર્થ: ત્યારે હે વાર્ષ્ણેય! ઇચ્છા ન હોવા છતાં પણ બલાત્કારે યોજાએલો ન હોય તેમ આ પુરુષ કોનાથી યોજાઈ પાપ કરે છે?

વિશેષ: જીવનું આચરણ પોતાની ઇચ્છાથી બનતું નથી. તેનું આચરણ પ્રકૃતિના ગુણભાવથી બને છે. પ્રકૃતિ અને તેના ગુણભાવ સામાન્યતઃ દોષમય હોવાને કારણે જીવ દોષમય કર્મ તરફ આસક્તિ ધરાવે છે.

અર્જુનના આ પ્રશ્નનો ભગવાન્ ઉત્તર આપે છે.

**શ્રીભગવાન્ ઉવાચ**

**કામ એષ ક્રોધ એષ રજોગુણસમુદ્ભવઃ ।**
**મહાશનો મહાપાપ્મા વિદ્ધ્યેનમ્ ઇહ વૈરિણમ્॥૩૭॥**

રજોગુણસમુદ્ભવઃ - રજોગુણથી ઉત્પન્ન થયેલ; વિશેષણ, વિશેષ્ય 'કામ'
એષઃ - આ; સર્વનામ, પ્ર.એ.વ., 'એતદ્' પુ.
કામઃ - કામ; નામ, પ્ર.એ.વ., પુ. 'કામ'
એવ - જ; અવ્યય
ક્રોધઃ - ક્રોધ; નામ, પ્ર.એ.વ., પુ.
અસ્તિ - છે; ક્રિ. વર્ત.કા. તૃ.પુ.બ.વ. 'અસ્'
એષઃ - આ; સર્વનામ, પ્ર.એ.વ., 'એતદ્' પુ.
મહાશનઃ - મહા અશન; ઘણું ખાનારો, ખાઈ જનારો અગ્નિરૂપ; "મહત્ અશનમ્ યસ્ય ઇતિ" બહુવ્રીહિ. વિશેષણ, વિશેષ્ય 'કામ'
ચ - અને; અવ્યય
મહાપાપ્મા - મહાપાપી; "મહત્ પાપમ્ વિદ્યતે યસ્મિન્ ઇતિ" બહુ. વિશેષણ, વિશેષ્ય 'કામ'
અસ્તિ - છે; ક્રિ. વર્ત.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'
ઇહ - અહીં, આ બાબતમાં; અવ્યય
એનમ્ - એને જ; સર્વનામ, દ્વિ.એ.વ., 'એતદ્' પુ.
વૈરિણમ્ - શત્રુ; નામ, દ્વિ.એ.વ., પુ.



વિદ્ધિ - જાણ; ક્રિ. આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ., 'વિદ્' પરસ્મૈ. ૨ ગણ

શ્લોકાર્થ: રજોગુણથી ઉત્પન્ન થએલો, બહુ ખોરાકવાળો, મહાપાપી એ કામ છે. એ ક્રોધ છે. તેને અહીં વૈરી જાણ.

વિવેચન: રાગ ઉત્પન્ન કરનાર કામ છે. ભિન્ન-ભિન્ન પદાર્થની ઇચ્છારૂપી કામ એ જ રાગ ઉત્પન્ન થવાનું કારણ છે. દ્વેષ ઉત્પન્ન કરનાર ક્રોધ પણ કામનું પરિણામ છે. કામ એ જ ક્રોધ છે પરન્તુ કામ પ્રથમ થાય છે. કામના પૂર્ણ નહિ થવાથી ક્રોધ થાય છે. તેથી ક્રોધ કામનું પરિણામ છે. કામથી બુદ્ધિનો નાશ થાય છે. કામ દુષ્પૂર છે, અને મહાપાપ કરાવે છે. કામ ભોગથી પણ શાન્ત થતો નથી, તેથી તેને બહુ ખાનારો કહેલો છે. શ્રીમદ્‌ભાગવતમાં પણ કહેલું છે કે "કામ ઇચ્છિત પદાર્થોના ભોગથી કદાપિ શાન્ત થતો નથી, પણ બલિથી જેમ અગ્નિ વૃદ્ધિ પામે તેમ પુનઃ વૃદ્ધિ પામે છે". કામ દુષ્પૂર હોવાથી મહાપાપ કરાવે છે. તેથી પોતાની ઇચ્છા ન હોવા છતાં પુરુષને રાગ-દ્વેષમાં પ્રવૃત્ત કરી પાપનું આચરણ બલાત્કારે કરાવનાર આ કામ જ છે. તેને વૈરી જાણ.

**ધૂમેનાવ્રિયતે વહ્નિર્ યથાઽઽદર્શો મલેન ચ ।**
**યથોલ્બેનાવૃતો ગર્ભઃ તથા તેનેદમ્ આવૃતમ્॥૩૮॥**

યથા - જેવી રીતે; અવ્યય
ધૂમેન - ધુમાડાથી; નામ, તૃ.એ.વ., 'ધૂમ' પુ.
વહ્નિ - અગ્નિ; નામ, પ્ર.એ.વ., પુ. 'વહ્નિ'. ચ - અને; અવ્યય
મલેન - મેલથી; નામ, તૃ.એ.વ., પુ. 'મલ'
આદર્શઃ - દર્પણ; નામ, પ્ર.એ.વ.,
આવ્રિયતે - ઢંકાય છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., કર્મણિ આ+વૃ ૫ ગણ
ચ યથા - અને જેવી રીતે; અવ્યય
ઉલ્બેન - ઓરથી (ચામડી, એક જાતનું ઢાંકણ) નામ, તૃ.એ.વ., નપુ.
ગર્ભઃ - ગર્ભ; નામ, પ્ર.એ.વ., પુ. 'ગર્ભ'
આવૃતઃ - ઢંકાયેલો; ભૂ.કૃ., વિશેષણ, વિશેષ્ય 'ગર્ભ'
તથૈવ - તેવીજ રીતે; અવ્યય. ઇદમ્ - આ; સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
તેન - તેના વડે; સર્વનામ, તૃ.એ.વ., 'તદ્' પુ.
આવૃતમ્ - ઢંકાયેલું છે; ભૂ.કૃ., વિશેષણ, વિશેષ્ય 'જ્ઞાન'

શ્લોકાર્થ: જેમ ધૂમાડાથી અગ્નિ છવાય છે, જેમ મેલથી આદર્શ ઢંકાય છે, જેમ ઓરથી ગર્ભ વીંટાએલો હોય છે તેમ તેનાથી આ જગત્ છવાએલું છે.

**વિવેચન:** 'તેનાથી' એટલે કામથી. સર્વ જગત્ કામથી છવાઈ રહેલું છે. કેવી રીતે છવાએલું છે તે જણાવવા ત્રણ દષ્ટાન્ત આપેલાં છે.

**વિશેષ:** જે જેનો અંશ હોય છે તેને તેનું જ્ઞાન સ્વાભાવિક રીતે હોય જ. કારણ કે અંશનો તેના અંશી સાથે નિત્ય સમ્બન્ધ છે. આ સમ્બન્ધ બધી રીતે છે એ કારણે નવો સમ્બન્ધ કાંઈ ઉત્પન્ન કરવાનો નથી. માત્ર કોઈક આસપાસના અજ્ઞાનથી પોતાના નિત્ય સમ્બન્ધનું ભાન જીવને રહેતું નથી. પણ જ્યારે તેને ખબર પડે છે કે માત્ર અજ્ઞાનના થરથી તેનું સ્વાભાવિક જ્ઞાન લુપ્ત થઈ ગયું છે ત્યારે એ લુપ્ત થઈ ગયેલા જ્ઞાનને મેળવવા પ્રયત્ન કરી લે છે અને પોતાનો સમ્બન્ધ સુધારી લે છે.

**આવૃતં જ્ઞાનમ્ એતેન જ્ઞાનિનો નિત્યવૈરિણા।**
**કામરૂપેણ કૌન્તેય! દુષ્પૂરેણાનલેન ચ ॥૩૯॥**

**ચ** - **અને;** અવ્યય
**કૌન્તેય** - **કુન્તાના પુત્ર;** સમ્બોધન, એ.વ.
**એતેન** - **એના વડે;** સર્વનામ, તૃ.એ.વ., 'એતદ્'
**અનલેન** - **અગ્નિથી;** નામ, તૃ.એ.વ., પુ. 'અનલ'
**દુષ્પૂરેણ** - **પૂર્ણ ન થાય એવું;** વિશેષણ, વિશેષ્ય 'અનલેન'
**કામરૂપેણ** - **કામરૂપી;** ''કામઃ રૂપં યસ્ય ઈતિ તેન'' બહુ. વિશેષણ, વિશેષ્ય 'અનલ'
**જ્ઞાનિનઃ** - **જ્ઞાનીનું;** વિશેષણ, વિશેષ્ય 'પુરુષસ્ય'
**નિત્યવૈરિણા** - **કાયમી શત્રુવડે;** નામ, તૃ.એ.વ., વિશેષણ, વિશેષ્ય 'નિત્યં વૈરં યસ્ય 'ઈતિ' બહુ.
**જ્ઞાનમ્** - **જ્ઞાન;** નામ, પ્ર.એ.વ., નપુ. 'જ્ઞાન'
**આવૃતમ્** - **ઢંકાયેલું;** કૃ. વિશેષણ, વિશેષ્ય 'જ્ઞાનમ્'. (અસ્તિ - છે)

**શ્લોકાર્થ:** હે કૌન્તેય! જ્ઞાનીના નિત્ય વૈરી આ કામરૂપી દુષ્પૂર અગ્નિએ જ્ઞાનીનું જ્ઞાન ઢાંકેલું છે.



**વિવેચન:** ગયા શ્લોકમાં કામને વૈરી કહ્યો છે. અહીં તેનું વૈરીપણું દર્શાવે છે. કામ દુષ્પૂર છે એ ઉપર જણાવેલું છે. શોક અને સન્તાપ ઉત્પન્ન કરનાર કામ હોવાથી તેને અગ્નિ કહેલો છે. અગ્નિવત્ દુષ્પૂર હોવાથી પણ તેને અગ્નિ કહેવો ઉચિત છે. કામથી જ્ઞાનીનું જ્ઞાન ઢંકાઈ જાય છે.

**ઇન્દ્રિયાણિ મનો બુદ્ધિઃ અસ્યાધિષ્ઠાનમ્ ઉચ્યતે।**
**એતૈર્ વિમોહયત્યેષ જ્ઞાનમ્ આવૃત્ય દેહિનમ્॥૪૦॥**

**ઇન્દ્રિયાણિ** - **ઇન્દ્રિયો;** નામ, પ્ર.બ.વ., નપુ.
**મનઃ** - **મન;** નામ, પ્ર.એ.વ., નપું. 'મનસ્'
**ચ** - **અને;** અવ્યય
**બુદ્ધિઃ** - **બુદ્ધિ;** નામ, પ્ર.એ.વ., સ્ત્રી. 'બુદ્ધિ'
**અસ્ય (કામસ્ય)** - **આ કામનું;** નામ, ષ.એ.વ., 'ઈદમ્'
**અધિષ્ઠાનમ્** - **રહેઠાણ;** નામ, પ્ર.એ.વ., નપું. 'અધિષ્ઠાન'
**ઉચ્યતે** - **કહેવાય છે;** કર્મણિપ્રયોગ, તૃ.પુ.એ.વ., 'વચ્' ૨ ગણ
**એષઃ** - **આ;** સર્વનામ, પ્ર.એ.વ., 'એતદ્'
**એતૈઃ** - **એમના વડે;** સર્વનામ, તૃ.બ.વ., 'એતદ્'
**જ્ઞાનમ્** - **જ્ઞાનને;** નામ, દ્વિ.એ.વ., નપુ. 'જ્ઞાન'
**આવૃત્ય** - **ઘેરીને, ઢાંકીને;** સં.ભૂતકૃદન્ત આ + વૃ
**દેહિનમ્** - **દેહીને;** નામ, દ્વિ.એ.વ., પુ. 'દેહિન્'
**વિમોહયતિ** - **વિશેષ મોહ પમાડે છે;** કારક, તૃ.પુ.એ.વ., વ.કા. વિ + મુહ્ ૪ ગણ પરસ્મૈ.

**શ્લોકાર્થ:** ઇન્દ્રિયો મન અને બુદ્ધિ આનું અધિષ્ઠાન કહેવાય છે. આ આથી જ્ઞાનને ઢાંકી દેહીને મોહ કરે છે.

**વિવેચન:** કામનું સ્થાન અથવા રહેવાનું સ્થળ કહે છે. ઇન્દ્રિયો, મન અથવા અન્તઃકરણ અને બુદ્ધિ એ કામના રહેવાનાં સ્થળ છે. આ ઇન્દ્રિયો-મન-બુદ્ધિ જ્ઞાનને ઢાંકી દઈ, દેહી અથવા જીવને મોહ ઉત્પન્ન કરે છે.

**વિશેષ:** કામ શબ્દ 'કમ્' ધાતુથી બનેલો છે. 'કમ્' ધાતુનો અર્થ ચાહવું

થાય છે. 'કામ' શબ્દનો અર્થ ચાહના અથવા પ્રેમ. એને શરીરરૂપી ઘરમાં સ્થાન લેવું છે ત્યારે એ પાંચ જ્ઞાનેન્દ્રિય અને છઠ્ઠા મનમાં સ્થાન કરે છે. આ પ્રકારે સ્થાન પ્રાપ્ત થયા પછી અનલની ભાવના ધારણ કરે છે અને જે જે શુભાશુભ ભાવ આવે છે તે બધાને ખાઈ જાય છે અને તેના ફલમાં જેમ અગ્નિ અન્તમાં રાખોડી આપે છે તેમ એ પણ કોઈ પણ જાતના વિકાસમાં સહાય કર્યા વિના પ્રત્યેક ઇન્દ્રિયને આસક્ત બનાવે છે.

હવે કામને જીતવાનો ઉપાય કહે છે:

**તસ્માત્ ત્વમ્ ઇન્દ્રિયાણ્યાદૌ નિયમ્ય ભરતર્ષભ!।**
**પાપ્માનં પ્રજહિ હ્યેનં જ્ઞાન-વિજ્ઞાન-નાશનમ્॥૪૧॥**

**તસ્માત્** - **તેથી;** પં.વિ.એ.વ., સર્વ 'તદ્'
**ભરતર્ષભ** - **ભરતશ્રેષ્ઠ;** સમ્બોધન, એ.વ.,
**ત્વમ્** - **તું;** સર્વનામ, પ્ર.એ.વ., 'યુષ્મદ્'
**આદૌ** - **શરુઆતમાં;** નામ, સ.એ.વ., 'આદિ'
**ઇન્દ્રિયાણિ** - **ઇન્દ્રિયોનો;** નામ, દ્વિ.બ.વ., નપુ.
**નિયમ્ય** - **નિયમમાં રાખીને;** સં.ભૂતકૃદન્ત, નિ + યમ્
**હિ** - **નિશ્ચય;** અવ્યય
**એનમ્** - **એને;** દ્વિ.એ.વ.,
**જ્ઞાનવિજ્ઞાનનાશનમ્** - **જ્ઞાન અને વિજ્ઞાન નો નાશ કરનાર;** દ્વિ.એ.વ., "જ્ઞાનં ચ વિજ્ઞાનં ચ જ્ઞાનવિજ્ઞાને તયોઃ નાશનમ્ ઇતિ" તત્પુરુષ.
**પાપ્માનં** - **પાપીને;** વિશેષણ, વિશેષ્ય 'કામ'
**પ્રજહિ** - **નાશ કર;** ક્રિ. આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ., ૩ ગણ 'પ્ર + હા'

**શ્લોકાર્થ:** તેથી હે ભરતર્ષભ! આરમ્ભમાં ઇન્દ્રિયોને નિયમમાં રાખી જ્ઞાન અને વિજ્ઞાન નો નાશ કરનાર આ પાપીને તું હણ.

**વિવેચન:** ઇન્દ્રિયોમાં એ રહે છે, અને ઇન્દ્રિયોથી મોહ કરે છે. તેથી તેને જીતવા પ્રથમ તેના અધિષ્ઠાનરૂપ અને કાર્ય સાધવામાં સહાયભૂત ઇન્દ્રિયોને નિયમમાં રાખ અથવા વશ કર; પછી શાસ્ત્રીય જ્ઞાન અને વિજ્ઞાન ઉભયનો નાશ કરનાર આ પાપી કામને હણ.



**વિશેષ:** ઇન્દ્રિયોનું નિયમન કહ્યું; દમન કહ્યું નથી; છતાં દમનની જરૂર છે, એમ જણાય છે. કારણ કે કામનું નિર્વહન ઇન્દ્રિયોદ્વારા થાય છે. ઇન્દ્રિયો કામનાનિર્વાહક હોવાથી ઇન્દ્રિયોને રોકવાથી કામને પણ રોકી શકાય છે. એને રોકવામાં મનોનિગ્રહની વધુ પ્રમાણમાં જરૂર છે. જ્યાં મનોનિગ્રહ ઓછા પ્રમાણમાં હોય ત્યાં નિયમનની જરૂર છે. કોઈ પણ રસ્તે ઇન્દ્રિયોના નિગ્રહની આવશ્યક્તા તો છે જ. હઠયોગમાં દમન છે અને રાજયોગમાં નિયમન છે. અર્જુન ક્ષત્રિય એટલે રજોગુણી અર્થાત્ વિલાસી હોવાથી 'દમન' શબ્દનો ઉપયોગ ન કરતાં 'નિયમન' શબ્દનો ઉપયોગ કર્યો છે.

**ઇન્દ્રિયાણિ પરાણ્યાહુઃ ઇન્દ્રિયેભ્યઃ પરં મનઃ।**
**મનસસ્તુ પરાબુદ્ધિઃ યો બુદ્ધેઃ પરતસ્તુ સઃ॥૪૨॥**

**વિદ્વાંસઃ** - **વિદ્વાનો;** નામ, દ્વિ.બ.વ.
**ઇન્દ્રિયાણિ** - **ઇન્દ્રિયો;** નામ, દ્વિ.બ.વ., નપુ.
**શરીરાત્** - **દેહથી;** પં.એ.વ.
**પરાણિ** - **શ્રેષ્ઠ ( સૂક્ષ્મ );** વિશેષણ, વિશેષ્ય 'ઇન્દ્રિયાણિ'
**આહુઃ** - **કહે છે;** ક્રિ. તૃ.પુ.બ.વ., વ.કા. 'બ્રૂ' ૨ ગણ
**ઇન્દ્રિયેભ્યઃ** - **ઇન્દ્રિયો કરતાં;** નામ, પં.બ.વ.
**પરમ્** - **શ્રેષ્ઠ;** વિશેષણ, વિશેષ્ય 'મનઃ'
**મનઃ** - **મન;** પ્ર.એ.વ.
**તુ** - **વળી, અને;** અવ્યય
**મનસઃ** - **મન કરતાં;** નામ, પં.એ.વ., 'મનસ્' નપું.
**પરા** - **શ્રેષ્ઠ;** અવ્યય, વિશેષણ, વિશેષ્ય 'બુદ્ધિ'
**બુદ્ધિઃ** - **બુદ્ધિ; નામ,** પ્ર.એ.વ., સ્ત્રી. 'બુદ્ધિ'
**અસ્તિ ઇત્યાહુઃ** - **છે એમ કહે છે;** ક્રિયાપદ
**યઃ** - **જે; સર્વનામ,** પ્ર.એ.વ. 'યત્' પુ.
**તુ** - **વળી;** અવ્યય
**બુદ્ધેઃ** - **બુદ્ધિ કરતાં;** નામ, પં.એ.વ. સ્ત્રી. 'બુદ્ધિ'
**પરતઃ** - **પર, સર્વશ્રેષ્ઠ;** વિશેષણ, વિશેષ્ય 'બુદ્ધિ'
**અસ્તિ** - **છે;** ક્રિયાપદ, તૃ.પુ.એ.વ. 'અસ્'
**સઃ** - **તે;** પ્ર.એ.વ., 'તત્' (આત્મા અસ્તિ - આત્મા છે)

**શ્લોકાર્થ :** ઇન્દ્રિયોને પર કહે છે. ઇન્દ્રિયોથી પર મન છે, મનથી પણ પર બુદ્ધિ છે અને બુદ્ધિથી પણ પર તે છે.

**વિવેચન :** અહીં જ્ઞાનના વિરોધી તરીકે બળવાન કોણ છે તે કહે છે. ઇન્દ્રિયોને જ્ઞાનના વિરોધીઓમાં પર અથવા બલવતી કહેલી છે. ઇન્દ્રિયોથી પર અથવા બલવત્તર મન છે, મનથી પણ અધિક બળવતી બુદ્ધિ છે, અને બુદ્ધિથી પણ વધારે બલવાન તે કામ છે. એટલે ઇન્દ્રિયો જ્ઞાનની વિરોધી છે, મનથી બુદ્ધિ વધારે વિરોધી છે અને બુદ્ધિથી પણ કામ વધારે વિરોધી છે. (શ્રીવલ્લભજી)

**વિશેષ :** ઇન્દ્રિયોન શ્રેષ્ઠ કહે છે. ઇન્દ્રિયો કરતાં મન શ્રેષ્ઠ છે. મન કરતાં બુદ્ધિ શ્રેષ્ઠ છે. બુદ્ધિથી શ્રેષ્ઠ છે તે આત્મા છે.

આ શ્લોકમાં શ્રેષ્ઠતા આત્માની બતાવી છે. આત્માને સાધનરૂપે મન, બુદ્ધિ ઇન્દ્રિયો અને દેહ આપવામાં આવ્યાં છે. દેહ કરતાં ઇન્દ્રિયો પ્રબળ છે અને ઇન્દ્રિયો કરતાં મન પ્રબળ છે અને મન કરતાં બુદ્ધિ પ્રબળ છે. બુદ્ધિ કરતાં આત્મા પ્રબળ છે. અધિકાધિક પ્રાબલ્યનો વિચાર કરી તેમાં ચિત્તને રોકવું જરૂરનું હોવાથી આત્મનિગ્રહ વધારે ઉપયોગી છે. આત્માને જો ભગવત્સક્ત બને તો જ તેનો નિગ્રહ થાય. આ નિગ્રહદ્વારા સર્વ નિગ્રહ આવી જાય છે.

**એવં બુદ્ધેઃ પરં બુદ્ધ્વા સંસ્તભ્યાત્માનમ્ આત્મના।**
**જહિ શત્રું મહાબાહો કામરૂપં દુરાસદમ્॥૪૩॥**

**એવમ્** - **એ પ્રકારે;** અવ્યય
**બુદ્ધેઃ** - **બુદ્ધિથી;** નામ, પં.એ.વ., સ્ત્રી.
**પરમ્** - **શ્રેષ્ઠ ( સૂક્ષ્મ );** દ્વિ.એ.વ., વિશેષણ, વિશેષ્ય 'આત્માનમ્'
**આત્માનમ્** - **આત્માને;** નામ, દ્વિ.એ.વ.
**બુદ્ધ્વા** - **જાણીને;** વિધેય કૃદન્ત
**આત્મના** - **આત્માથી, બુદ્ધિથી;** નામ, તૃ.એ.વ., પુ. 'આત્મન્'
**આત્માનમ્** - **આત્માને, મનને;** નામ, દ્વિ.એ.વ., પુ. 'આત્મન્'
**સંસ્તભ્ય** - **વશમાં રાખીને;** વિધેય કૃદન્ત
**મહાબાહો** - **અર્જુન;** સમ્બોધન, એ.વ.



**ઇદં કામરૂપં** - **આ કામરૂપને;** વિશેષણ, વિશેષ્ય 'શત્રુમ્'
**દુરાસદમ્** - **શાન્ત ન પડે એવા તે;** વિશેષણ, વિશેષ્ય 'શત્રુમ્'
**શત્રુમ્** - **શત્રુને;** નામ, દ્વિ.એ.વ., પુ. 'શત્રુ'
**જહિ** - **નાશ કર;** ક્રિ. આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ., 'હન્' ૨ ગણ પરસ્મૈ.

**શ્લોકાર્થ :** હે મહાબાહો! એવી રીતે કામરૂપી દુર્જય શત્રુને બુદ્ધિથી પર જાણી, આત્માથી મનને સ્થિર કરી કામરૂપી શત્રુનો ત્યાગ કર.

**વિશેષ :** આ શ્લોકમાં કામરૂપી શત્રુનો નાશ કરવામાં મુખ્ય સાધનરૂપ આત્માને માને છે અને તેની મદદમાં બુદ્ધિ ઇત્યાદિને ગણે છે. આત્માને ભગવત્સક્ત થવાથી આત્મા નિગ્રહ કરી શકે છે. આ રીતે નિગ્રહદ્વારા કામ નામના મુખ્ય શત્રુ પર જય પ્રાપ્ત કરી શકાય છે. ભગવત્સક્ત જેટલા અંશે તેટલા અંશે જય.

આ અધ્યાયમાં કર્મયોગનો ઉપદેશ કરેલો છે. કામ અને ક્રોધ બુદ્ધિનો નાશ કરનાર હોવાથી તેઓનો ત્યાગ કરવાનો અહીં ઉપદેશ કરેલો છે. તેઓનો ત્યાગ કરવામાટે સર્વ ઇન્દ્રિયોનો નિગ્રહ પણ આવશ્યક હોવાથી સર્વ ઇન્દ્રિયોનો નિગ્રહ કરવાનો ઉપદેશ કરેલો છે. તેથી હરિની એવી ઇચ્છા હોવાથી કર્મનો ત્યાગ કરાવવાની હોય ત્યાં કર્મનો ત્યાગ કરવો ઉત્તમ છે, તેથી જ એવો ઉપદેશ પણ હોય છે; પણ જ્યાં ભગવાન્ પોતે કર્મ કરાવતા હોય ત્યાં કર્મ કેમ બન્ધનકારક થઈ શકે? તેથી તેવે પ્રસક્ને કર્મ કરવું જ યોગ્ય છે. ભક્તિમાર્ગરૂપી આત્મયોગમાં ભગવાનની જેવી ઇચ્છા જણાય તેમાં ભક્તોએ કોઈ પ્રકારનો વિચાર કરવાનો નથી, પરન્તુ વિચાર કર્યા વિના ભગવાનની ઇચ્છા પ્રમાણે જ આચરણ કરવાનું છે.

**ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે**
**શ્રીકૃષ્ણાર્જુનસંવાદે 'કર્મયોગો' નામ**
**તૃતીયોઽધ્યાયઃ॥૩॥**

## ॥ અધ્યાય ૪ ॥
## જ્ઞાનકર્મસંન્યાસયોગ

ત્રીજા અધ્યાયમાં યોગીઓએ કર્મ કરવું એવો ઉપદેશ કર્યો છે. હવે આ કર્મયોગ ઉત્તમ છે એમ દર્શાવવા તેની પરમ્પરા કહે છે. પ્રાચીન પરમ્પરા હોવાથી કર્મયોગ પણ નિત્ય છે એવો ઉપદેશ થાય છે. કર્મયોગ નિત્ય હોવાથી તેનું આચરણ કરવું જોઈએ. સર્વત્ર બ્રહ્મભાવ રાખી ફલનાં અનુસન્ધાન વિના કર્મયોગનો જ આશ્રય કરવાથી યોગી વિદ્યાવડે મોક્ષ પ્રાપ્ત કરે છે. ગયા બે અધ્યાયમાં (૨ - ૩) યોગબુદ્ધિથી સ્વધર્મનું આચરણ કરવાથી મોક્ષ પ્રાપ્ત થાય છે તેમ કહેલ છે. એ જ કર્મયોગનું અહીં ભગવાન્ બ્રહ્મભાવથી નિરૂપણ કરે છે, અને તેવી રીતે નિરૂપણ કરવામાટે તે પરમ્પરાથી પ્રાપ્ત થએલ છે એમ પ્રથમ ત્રણ શ્લોકથી દર્શાવતા તેની સ્તુતિ કરે છે.

**શ્રીભગવાન્ ઉવાચ**

**ઈમં વિવસ્વતે યોગં પ્રોક્તવાન્ અહમ્ અવ્યયમ્।**
**વિવસ્વાન્ મનવે પ્રાહ મનુરિક્ષ્વાકવેઽબ્રવીત્॥૧॥**

**ઈમમ્ - આ;** સર્વનામ, દ્વિ.એ.વ., 'ઈદમ્' પુ.
**અવ્યયમ્ - જેમાં વ્યય નથી તે;** અવ્યય
**યોગમ્ - યોગને;** નામ, દ્વિ.એ.વ.,
**વિવસ્વતે - વિવસ્વાનને, (માટે) સૂર્યને;** નામ, ચ.એ.વ., ''વસતિ ઈતિ વિવસ્વાન્''
**અહમ્ - મેં**
**પ્રોક્તવાન્ - કહ્યો;** વ.કૃ. વિશેષણ, વિશેષ્ય 'અહમ્'
**વિવસ્વાન્ - સૂર્ય;** નામ, પ્ર.એ.વ. (સ્વ પુત્રાય - પોતાના પુત્ર)
**મનવે - મનુને;** નામ, ચ.એ.વ.,
**પ્રાહ - કહ્યું;** ક્રિ. અદ્યતન ભૂ.કાળ, તૃ.પુ.એ.વ., 'બ્રૂ' ૨ ગણ આત્મને.
**ચ - અને;** અવ્યય
**મનુઃ - મનુ;** નામ, પ્ર.એ.વ. (સ્વ પુત્રાય - પોતાના પુત્ર)



**ઈક્ષ્વાકવે - ઈક્ષ્વાકુને;** નામ, ચ.એ.વ.,
**અબ્રવીત્ - કહ્યું;** ક્રિ. અદ્યતન ભૂ.કાળ, તૃ.પુ.એ.વ., 'બ્રૂ' ૨ ગણ

**શ્લોકાર્થ :** મેં આ અવ્યય યોગ સૂર્યને કહ્યો, સૂર્યે મનુને કહ્યો, અને મનુએ ઈક્ષ્વાકુને કહ્યો.

**વિવેચન :** યોગનું ફલ અવ્યય હોવાથી યોગને અહીં અવ્યય કહેલો છે. આ અવ્યય યોગ મેં, વિષ્ણુ ભગવાને, પ્રથમ સૂર્યને કહ્યો. યુદ્ધ કરવાનો ઉત્સાહ તને થાય તે માટે જ આ યોગ તને કહું છું એમ નથી, પરન્તુ મન્વન્તરના આરમ્ભમાં જ આખા જગતનો ઉદ્ધાર થાય તે માટે મેં સૂર્યને કહેલો. સૂર્યે મનુને કહ્યો અને મનુએ ઈક્ષ્વાકુને કહ્યો.

**વિશેષ :** જીવ વિખુટો પડેલો 'વિસ્ફુલ્લિંગ' એટલે તણખો છે. અગ્નિનો સમૂહ ભગવાન્ છે. સ્વાભાવિક રીતે જ અગ્નિ પોતાનો ભાવ જીવને આપે અને પ્રકાશમાન જીવને પોતાનો ભાવ આપવાની વિશેષ ઈચ્છા કરે. એ કારણે આ જ્ઞાન વિવસ્વાનને આપે છે. 'વિવસ્વાન' એટલે સૂર્ય. સૂર્ય કાલાધિપતિ છે અને એ કારણે તેને જ્ઞાન આપવામાં આવે છે. આ પ્રકારે શિષ્ય પરમ્પરાએ અથવા પુત્રપરમ્પરાએ એ જ્ઞાન આગળ ઉપર ચાલ્યા કર્યું; પણ પછી કાલક્રમે લુપ્ત થયું. અર્જુનને એ જ્ઞાન કહેવામાં આવતા શઙ્કા થાય છે. અર્જુન માને છે કે કૃષ્ણ એના જેવા અને સરખી વયના છે. એટલે એ સૂર્યને જ્ઞાન ક્યાંથી આપી શકે? કારણ સૂર્યનો જન્મ ઘણો જ પહેલાંનો છે અને કૃષ્ણજન્મ અર્જુનના માનવા પ્રમાણે સમકાલીન છે. અર્જુન સખા ખરો, ભક્ત ખરો પણ એનામાં લૌકિકભાવ (દેહભાવ) હોવાથી તે આ મુજબ માને છે. જો એને ભગવદ્દભાવ સ્ફુર્યો હોત તો આ પ્રશ્ન ઉપસ્થિત થાત નહિ. ખુલાસો તો શ્રીકૃષ્ણ આપે છે ખરા; પરન્તુ એનામાં ભગવદ્દભાવ સ્ફુરે એવા લક્ષણોનું દાન આ જગ્યાએ ભગવાન્ કરતા નથી. વિરાટ સ્વરૂપનું દર્શન ભગવન્માહાત્મ્ય સૂચક છે. એ માહાત્મ્ય ભાવ અને સખામય સ્નેહભાવ ભગવદ્દસ્વરૂપનું કાંઈ વિશેષ દર્શન કરાવે છે. આ સ્વરૂપ દષ્ટ થાય છે અને ધ્યાનમાં પણ ઉતારી શકાય છે. યોગમાં પ્રવેશનારને આ સ્વરૂપની ખાસ જરૂર છે.

**એવં પરમ્પરાપ્રાપ્તમ્ ઇમં રાજર્ષયો વિદુઃ।**
**સ કાલેનેહ મહતા યોગો નષ્ટઃ પરન્તપ!॥૨॥**

**એવમ્** - **એ પ્રમાણે;** અવ્યય
**પરમ્પરાપ્રાપ્તમ્** - **પરમ્પરાથી મેળવેલું;** વિશેષણ, વિ. 'યોગમ્'
**ઇમમ્** - **આ;** સર્વનામ, દ્વિ.એ.વ., 'ઇદમ્' પુ.
**યોગમ્** - **યોગને;** નામ, પ્ર.બ.વ., પુ. 'યોગ'
**રાજર્ષયઃ** - **રાજર્ષિઓ;** નામ, પ્ર.બ.વ., પુ.
**વિદુઃ** - **જાણ્યો;** ક્રિ. વર્તમાનકાળ, તૃ.પુ.બ.વ., 'વિદ્' ૨ ગણ
**પરં** - **પરન્તુ**
**પરન્તપ** - **અર્જુન;** સમ્બોધન, એ.વ.,
**સઃ** - **તે;** સર્વનામ, પ્ર.એ.વ., 'તદ્' પુ.
**યોગઃ** - **યોગ;** નામ, પ્ર.એ.વ., પુ. 'યોગ'
**મહતા** - **મોટા;** વિશેષણ, વિશેષ્ય 'કાલેન'
**કાલેન** - **કાળથી;** નામ, તૃ.એ.વ. પુ. 'કાલ'
**ઇહ** - **આ ( લોકમાં );** અવ્યય
**નષ્ટઃ** - **નષ્ટ થઈ ગયો;** ભૂ.કૃ. વિશેષણ, વિશેષ્ય 'યોગઃ'

**શ્લોકાર્થ:** એવી રીતે પરમ્પરાથી પ્રાપ્ત થએલા આ યોગને રાજર્ષિઓ જાણતા હતા. હે પરન્તપ! તે યોગ લાંબા સમયે અહીં નષ્ટ થયો.

**સ એવાયં મયા તેઽદ્ય યોગઃ પ્રોક્તઃ પુરાતનઃ।**
**ભક્તોઽસિ મે સખા ચેતિ રહસ્યં હ્યેતદ્ ઉત્તમમ્॥૩॥**

**સઃ** - **તે;** સર્વનામ, પ્ર.એ.વ., 'તદ્' પુ.
**એવ** - **જ;** અવ્યય
**અયમ્** - **આ;** સર્વનામ, પ્ર.એ.વ., 'ઇદમ્' પુ.
**પુરાતનઃ** - **પુરાણો;** વિશેષણ, વિશેષ્ય 'યોગઃ'
**યોગઃ** - **યોગ;** નામ, પ્ર.એ.વ., પુ.
**અદ્ય** - **આજે;** અવ્યય
**મયા** - **મારાવડે;** સર્વનામ, તૃ.એ.વ., 'અસ્મદ્' પુ.
**તે** - **તને;** સર્વનામ, ચ.એ.વ., 'યુષ્મદ્'
**પ્રોક્તઃ** - **કહેલો;** કર્મણિ ભૂ.કૃ. વિશેષણ, વિશેષ્ય 'યોગઃ'



**હિ** - **ચોક્કસ;** અવ્યય
**ત્વમ્** - **તું;** સર્વનામ, પ્ર.એ.વ. 'યુષ્મત્'
**મે** - **મારા;** સર્વનામ, ષ.એ.વ., 'અસ્મદ્'
**ભક્તઃ** - **ભક્ત;** નામ, પ્ર.એ.વ., પુ.
**ચ** - **અને;** અવ્યય
**સખા** - **સખા, પ્રિય;** નામ, પ્ર.એ.વ., 'સખિન્'
**અસિ** - **તું છે;** ક્રિ. વ.કા. દ્વિ.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ પરસ્મૈ.
**ઇતિ** - **એથી;** અવ્યય
**એતદ્** - **એ;** સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.
**ઉત્તમમ્** - **ઉત્તમ;** વિશેષણ, વિશેષ્ય 'રહસ્યમ્'
**રહસ્યમ્** - **રહસ્યને, યોગનું ગુપ્ત હિત;** નામ, દ્વિ.એ.વ., નપું. 'રહસ્ય'
**અસ્તિ** - **છે;** ક્રિયાપદ, તૃ.પુ.એ.વ. 'અસ્'

**શ્લોકાર્થ:** તું મારો ભક્ત અને સખા છે તેથી તે જ આ પુરાતન યોગ મેં આજે તને કહ્યો, કારણ કે આ ઉત્તમ રહસ્ય છે.

**વિવેચન:** આ યોગ યુદ્ધ કરવામાટે ઉત્સાહ ઉત્પન્ન કરવાજ તને આજે હું નવો કહું છું એમ નથી, પરન્તુ બીજા મન્વન્તરોમાં પણ આખા જગતનો ઉદ્ધાર કરવા મેં આ યોગનો ઉપદેશ કરેલો. તે જ પરમ્પરા પ્રાપ્ત યોગ મેં તને આજે કહ્યો છે. આ યોગ ઉત્તમ રહસ્ય છે, પાણ તું મારો ભક્ત અને સખા છે તેથી તને કહેલો છે.

**અર્જુન ઉવાચ**

**અપરં ભવતો જન્મ પરં જન્મ વિવસ્વતઃ।**
**કથમ્ એતદ્ વિજાનીયાં ત્વમાદૌ પ્રોક્તવાન્ ઇતિ॥૪॥**

**ભવતઃ** - **આપનો;** સર્વનામ, ષ.એ.વ., 'ભવત્'
**જન્મ** - **જન્મ;** નામ, પ્ર.એ.વ., નપુ. 'જન્મ'
**તુ** - **તો;** અવ્યય
**અપરમ્** - **પછીનું, આધુનિક;** વિશેષણ, વિશેષ્ય 'જન્મ'
**વિવસ્વતઃ** - **વિવસ્વાનનો;** નામ, ષ.એ.વ., 'વિવસ્વત્'
**જન્મ** - **જન્મ;** નામ, પ્ર.એ.વ., નપુ. 'જન્મ'

પરમ્ - આગળ (પૂર્વનું); વિશેષણ, વિશેષ્ય 'જન્મ'
અતઃ - આથી; અવ્યય
એતદ્ - આ; સર્વનામ, દ્વિ.એ.વ., 'એતદ્' નપુ.
આદૌ - આદિ કાળમાં; નામ, સ.એ.વ., સ્ત્રી. 'આદિ'
ત્વમ્ - તું; સર્વનામ, પ્ર.એ.વ., 'યુષ્મદ્'
પ્રોક્તવાન્ - કહેલો; કર્તરી ભૂ.કૃ., પ્ર.એ.વ., વિશેષણ, વિ. 'ત્વમ્'
ઇતિ કથમ્ - એમ કેવી રીતે; અવ્યય
વિજાનીયામ્ - હું જાણું; ક્રિ. વિધ્યર્થ, પ્ર.પુ.એ.વ., વિ + જ્ઞા ૯ ગણ

શ્લોકાર્થ: આપનો જન્મ પછી છે, સૂર્યનો જન્મ પહેલાં છે. પહેલાં આપે યોગ કહ્યો એ હું કેમ જાણી શકું?

વિવેચન: ભગવાનના અવતારનાં યાથાત્મ્યનો બોધ થાય એવો પ્રશ્ન અસમ્ભવના મિષથી અર્જુન પૂછે છે. આપનો જન્મ તો આધુનિક સમયમાં થયો. સૂર્યનો જન્મ ઘણાં કાલ પૂર્વે થઈ ગયો. ત્યારે આપે પ્રથમ સૂર્યને એવો ઉપદેશ કર્યો તે કેમ સમ્ભવે? અહીં એવી શઙ્કા થાય છે "આ કર્મયોગ પોતાના પહેલાનાં બીજા જન્મમાં ભગવાને સૂર્યને કહેલ હોય અને ઉત્તમ પુરુષોને પોતાનાં બીજા જન્મોનું સ્મરણ હોવાનું સમ્ભવે છે, તેથી ભગવાને પહેલા શ્લોકમાં જે કહ્યું, તેમાં વિરોધ નથી. વળી અર્જુન જાણતો જ હતો કે જે તે તેને ઉપદેશ કરે છે તે વસુદેવના પુત્ર સર્વના ઈશ્વર છે, કારણ કે તે પોતે અ.૧૦ શ્લો.૧૨।૧૩ માં કહે છે કે "બધા ઋષિઓ અને દેવર્ષિ નારદ, અસિત, દેવલ અને વ્યાસ આપને શાશ્વત દિવ્ય પુરુષ આદિદેવ, અજ, અને વિભુ કહે છે" વળી યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞ વિગેરે પ્રસઙ્ગોમાં ભીષ્મ વિગેરે પાસેથી વારંવાર તેણે શ્રવણ કરેલું કે "શ્રીકૃષ્ણ જ લોકોની ઉત્પત્તિ, પ્રભવ અને લય નું સ્થાન છે. શ્રીકૃષ્ણમાટે જ આ સ્થાવર તથા જઙ્ગમ સર્વ જગત્ ઉત્પન્ન થએલું છે" (મહાભા.સભાપર્વ ૩૮।૨૩). તેથી આ સર્વ જગત્ શ્રીકૃષ્ણના અઙ્ગનું છે એમ તે જાણતો હતો, છતાં આવો પ્રશ્ન તેણે કેમ કર્યો?"

એવી શઙ્કા થાય તો જાણવું કે વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણ ભગવાન્ છે એમ અર્જુન જાણતો જ હતો. જાણવા છતાં, પોતે ન જાણતો હોય તેવી રીતે આ પ્રશ્ન કરવામાં તેનો આશય એવો હતો કે: સર્વ



તજવા યોગ્ય પદાર્થોના વિરોધી, માત્ર સર્વનું કલ્યાણ કરવામાં તત્પર રહેતા સર્વના ઈશ્વર, સર્વ જાણનાર, સત્યસઙ્કલ્પ, જેમના સર્વ કામો પોતાની મેળે જ પ્રાપ્ત થએલા છે તેવા ભગવાનનો, કર્મને વશ રહેલા દેવો મનુષ્યો વિગેરેના જેવો જન્મ ઇન્દ્રજાલ વિગેરેની પેઠે ખોટો જ હોય છે કે સાચો? જો સાચો હોય, તો જન્મ કેવા પ્રકારે થાય છે? તેમનો દેહ શેનો બનેલો હોય છે? જન્મનું પ્રયોજન શું? જન્મ ક્યારે થાય છે? અને કોને માટે જન્મ થાય છે? આવા સર્વ પ્રશ્નોનું સમાધાન થાય તે માટે અર્જુને આ પ્રશ્ન કર્યો એમ જણાય છે. (રામાનુજ)

શ્રીભગવાન્ ઉવાચ

**બહૂનિ મે વ્યતીતાનિ જન્માનિ તવ ચાર્જુન।**
**તાન્યહં વેદ સર્વાણિ ન ત્વં વેત્થ પરન્તપ॥૫॥**

અર્જુન - અર્જુન; સમ્બોધન
મે - મારા; સર્વનામ, ષ.એ.વ., 'અસ્મદ્'
ચ - અને; અવ્યય
તવ - તારા; સર્વનામ, ષ.એ.વ., 'યુષ્મદ્'
બહૂનિ - ઘણા; વિશેષણ, વિ. 'જન્માનિ'
જન્માનિ - જન્મો; નામ, પ્ર.બ.વ., નપુ. 'જન્મ'
વ્યતીતાનિ - પસાર કરેલા; ભૂ.કૃ. વિશેષણ, વિ. 'જન્માનિ'
પરન્તપ - અર્જુન; સમ્બોધન
તાનિ - તેઓને; સર્વનામ, દ્વિ.બ.વ., 'તદ્' નપુ.
સર્વાણિ - બધા; સર્વનામ, દ્વિ.બ.વ., 'સર્વ' નપુ.
ત્વમ્ - તું; સર્વનામ, પ્ર.એ.વ., 'યુષ્મદ્'
ન - નહિ; અવ્યય
વેત્થ - જાણે છે; ક્રિ. વ.કા., દ્વિ.પુ.એ.વ., 'વિદ્' ૨ ગણ
અપિતુ - અપિતુ; અવ્યય
અહમ્ - હું; સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મદ્'
વેદ - જાણું છું; ક્રિ. વ.કા., પ્ર.પુ.એ.વ., 'વિદ્' ૨ ગણ

શ્લોકાર્થ: હે અર્જુન! મારા અને તારા અનેક જન્મો થઈ ગયા. હે પરન્તપ! હું તે સર્વ જાણું છું, તું જાણતો નથી.

**વિવેચન :** મારા બહુ જન્મો અથવા અવતારો થઈ ગયા. તેથી મેં પૂર્વે જ્યારે મારો અવતાર થએલો તે સમયે સૂર્યને કર્મયોગ કહેલો. અહીં મારા બહુ અવતારો થઈ ગયા એમ કહેલું છે. તેથી સર્વ અવતારોના હેતુભૂત શ્રીકૃષ્ણ અવતારી પૂર્ણ છે. આ સર્વ અવતારો હું જાણું છું, કારણ કે નિત્યસિદ્ધ જ્ઞાન વગેરે સર્વ શક્તિઓ મારામાં છે. તું જાણતો નથી. હું ઈશ્વર હોવાથી સર્વજ્ઞ છું તેથી સર્વ જાણું છું. તું જીવ હોવાથી સર્વજ્ઞ નથી તેથી જાણતો નથી. ઈશ્વર સર્વજ્ઞ છે, જીવ સર્વજ્ઞ નથી. એવી રીતે જીવ અને ઈશ્વરના સ્વરૂપમાં બ્રહ્મવાદ પ્રમાણે ભેદ છે એમ દર્શાવેલ છે. ભગવાને પોતાના ઘણા જન્મો થયાનું કહ્યું અને અર્જુનના જન્મોનું દૃષ્ટાન્ત કહ્યું, તેથી પોતાના જન્મો સત્ય હોવાનું જણાવ્યું. (રામાનુજ)

**અજોઽપિ સન્ અવ્યયાત્મા ભૂતાનામ્ ઈશ્વરોઽપિ સન્।**
**પ્રકૃતિં સ્વામ્ અધિષ્ઠાય સમ્ભવામ્યાત્મમાયયા ॥૬॥**

**અહમ્** - હું; સર્વનામ, પ્ર.એ.વ. 'અસ્મદ્'
**અવ્યયાત્મા** - **શાશ્વત આત્મા;** વિશેષણ, વિ. 'અહમ્'
**અજઃ** - **અજન્મ;** વિશેષણ, વિશેષ્ય 'અહમ્'
**સન્** - **હોવું, છતાં;** વ.કૃ., વિશેષણ, વિ. 'અહમ્, અસ્' ૨ ગણ
**અપિ** - **પણ;** અવ્યય
**ભૂતાનામ્** - **પ્રાણીઓના;** નામ, ષ.બ.વ.,
**ઈશ્વરઃ** - **ઈશ્વર;** પ્ર.એ.વ., વિશેષણ, વિ. 'અહમ્'
**સન્** - **છતાં;** વ.કૃ., વિશેષણ, વિશેષ્ય 'અહમ્'
**અપિ** - **પણ;** અવ્યય
**સ્વામ્** - **પોતાની;** વિશેષણ, વિ. 'પ્રકૃતિમ્'
**પ્રકૃતિમ્** - **પ્રકૃતિને;** નામ, દ્વિ.એ.વ., સ્ત્રી.
**અધિષ્ઠાય** - **આધીન રાખીને;** વિધેય કૃદન્ત, 'અધિ + સ્થા' ૧ ગણ
**આત્મમાયયા** - **આત્મમાયા વડે;** નામ, તૃ.એ.વ., સ્ત્રી. 'આત્મમાયા'
**સમ્ભવામિ** - **ઉત્પન્ન થાઉં છું;** ક્રિ. વ.કા., પ્ર.પુ.એ.વ., 'સમ્ + ભૂ' ૧ ગણ પરસ્મૈ.

**શ્લોકાર્થ :** હું અજ, અવ્યયાત્મા, અને પ્રાણીઓનો ઈશ્વર હોવા છતાં મારી પ્રકૃતિનું અધિષ્ઠાન કરી મારી માયાથી અવતરું છું.



**વિવેચન :** ભગવાન્ અનાદિ અને અવિનાશી છે તો જીવ પેઠે તેમનો જન્મ કેમ કહ્યો? એવી શઙ્કા થાય, તે માટે આ શ્લોક યોજેલો છે. હું અજ અથવા જન્મરહિત છું, હું 'અવ્યયાત્મા' એટલે વિકારરહિત છું, હું પ્રાણીઓનો ઈશ્વર છું તેથી કર્મને પરતન્ત્ર નથી. તો પણ મારી માયાથી અવતાર લઉં છું. મારા અવતારનું કારણ મારી સ્વતન્ત્ર માયા. 'માયા' શબ્દના ઘણા અર્થ થાય છે. હરિસામર્થ્ય, અવિદ્યા, મિથ્યા, કૃપા, કપટ વિગેરે ઘણા અર્થ થાય છે. અહીં 'માયા' શબ્દનો અર્થ કૃપા છે. આગળનો (૭) શ્લોક વાંચવાથી આ અર્થ જ યોગ્ય છે એમ જણાય છે. અથવા અહીં 'માયા' શબ્દનો અર્થ હરિસામર્થ્ય લઈ શકાય. અપ્રચ્યુત જ્ઞાન, બલ; ઐશ્વર્ય વિગેરે શક્તિઓથી સર્વભવનસામર્થ્ય એ માયા. આવી મારી માયાથી હું અવતાર લઉં છું. ભગવાન્ ભલે પોતાની માયાથી અવતાર લેતા હોય તો પણ જીવની પેઠે તેમનો પણ જન્મ થવાથી તે જીવતુલ્ય ગણાય એવી શઙ્કા થાય, તે દૂર કરવા "પ્રકૃતિં સ્વામ્ અધિષ્ઠાય — પોતાની પ્રકૃતિનું અધિષ્ઠાન કરીને" શબ્દો યોજેલા છે. પોતાની પ્રકૃતિ એટલે પોતાનો અસાધારણ સ્વભાવ અથવા નિત્યસિદ્ધ જ્ઞાન અને ક્રિયાશક્તિ ના આશ્રયરૂપ તથા ઐશ્વર્ય વિગેરે છ ગુણના આશ્રયરૂપ સચ્ચિદાનન્દરૂપ. આવા રૂપનું અધિષ્ઠાન કરીને એટલે આ રૂપ પોતાની સાથે લઈને જ હું મારો પ્રાદુર્ભાવ કરું છું, પરન્તુ જીવની પેઠે સ્વરૂપથી ચ્યુત થઈ અવતરતો નથી. જીવનું ભગવાનમાંથી વ્યુચ્ચરણ થાય છે કે તરત જ ભગવાન્‌ની ઈચ્છાથી તેનો આનન્દ અને ઐશ્વર્ય આદિ છ ગુણ તિરોહિત થાય છે. આનન્દ અને ઐશ્વર્ય વિગેરે છ ગુણ તિરોહિત થવાથી જીવ જગતમાં જન્મમરણના ફેરા ફરે છે. મારો એવો જન્મ નથી, કારણ કે હું અજ છું તેમજ અવ્યયાત્મા અથવા વિકાર રહિત છું. તેથી મારામાં છ ભાવવિકારમાંથી એક પણ નથી. જો કે જીવમાં પણ આ ભાવવિકાર નથી પણ પ્રકૃતિના પરિણામરૂપ દેહમાં જ છે, તો પણ શરીર આવિર્ભાવ અને તિરોભાવ થી જન્મ અને મરણ ની પ્રતીતિ કરાવે છે. તેથી જીવમાં ભાવવિકાર ન હોવા છતાં શરીર તેમાં પ્રાકૃત પેઠે ભાવવિકાર હોવાની પ્રતીતિ કરાવે છે. તેથી જ સૂત્રકારે "પરાભિધ્યાનાત્ તુ તિરોહિતં તતો હિ અસ્ય બન્ધ-વિપર્યયૌ" (બ્રહ્મસૂત્ર ૩।૨।૫) સૂત્ર યોજેલું છે. 'પર' એટલે ભગવાન્‌ની 'અભિધ્યાન' એટલે પોતાના અને જીવ (ના સર્વતઃ ભોગ) ની ઇચ્છા (થઈ). તેથી ઈશ્વરની ઇચ્છાથી ભગવાન્‌માંથી વ્યુચ્ચરણ કરી બહાર નીકળેલા

જીવમાંથી ભગવાનના ગુણોનો તિરોભાવ થયો. ૧. ઐશ્વર્યનો તિરોભાવ થતાં, જીવ લાચાર અને પરાધીન થયો. ૨. વીર્યનો તિરોભાવ થતાં તેને સર્વ દુઃખ સહન કરવા પડ્યાં. ૩. યશનો તિરોભાવ થતાં તે સર્વથી હલકો થયો. ૪. શ્રીનો તિરોભાવ થતાં તેને જન્મ મરણ વિગેરે આપત્તિ થઈ. ૫. જ્ઞાનનો તિરોભાવ થતાં તેને દેહ વિગેરેમાં 'આ હું છું' એવી બુદ્ધિ થઈ, અને જેમ અપસ્મારના રોગીને સર્વ વિપરીત જણાય છે તેવું તેને વિપરીત જ્ઞાન થવા લાગ્યું અને ૬. વૈરાગ્યનો તિરોભાવ થતાં તે વિષયોમાં રચ્યો-પચ્યો રહેવા લાગ્યો. આ ભગવાનના છ ગુણોનો તિરોભાવ થતાં જીવને બંધન અને ઉલટું જ્ઞાન થવા લાગ્યાં 'આનન્દ' અંશનો તો પહેલાં જ તિરોભાવ થએલો, અને તેથી જ તેને જીવની સ્થિતિ પ્રાપ્ત થએલી, અને તે કામમય (કામનાઓથી ભરપૂર) થએલો, કારણ કે આનન્દ હોય ત્યાં કામનાઓ હોતી નથી. તેથી દેહ ધારણ કરનાર જીવના જન્મ અને મરણ થાય છે. પરન્તુ બ્રહ્મ અથવા ભગવાનના આવિર્ભાવ અને તિરોભાવ જ થાય છે એવા અભિપ્રાયથી એમ કહેલું છે કે 'હું અવતરું છું' એટલે મારા નિત્ય અને હદ વિનાના દેહ પ્રકટ થાય છે. આથી એમ કહેલું છે કે: હું અવતારી પુરુષોત્તમ જ બીજે અવતાર લઉં છું. વળી હું અજ હોવા છતાં અવતાર લઉં છું, બાલ હોવા છતાં કિશોર હોઉં છું, એક હોવા થતાં અનેક થાઉં છું. હું સર્વ વિરૂદ્ધ ધર્મનો આશ્રય હોવાથી એમાં કાંઈ પણ અનુપપત્તિ નથી.

**યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ ભવતિ ભારત!।**
**અભ્યુત્થાનમ્ અધર્મસ્ય તદાઽઽત્માનં સૃજામ્યહમ્॥૭॥**

**ભારત** - હે અર્જુન; સમ્બોધન
**યદા - યદા** - જ્યારે - જ્યારે; અવ્યય
**ધર્મસ્ય** - ધર્મની; નામ, ષ.એ.વ.,
**ગ્લાનિઃ** - હ્રાસ; હાનિ; નામ, પ્ર.એ.વ., પુ.
**ચ** - અને; અવ્યય
**અધર્મસ્ય** - અધર્મની; નામ, ષ.એ.વ., પુ. 'અધર્મ'
**અભ્યુત્થાનમ્** - વધવું તે, વૃદ્ધિ; નામ, દ્વિ.એ.વ., નપુ.
**ભવતિ** - થાય છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'ભૂ' ૧ ગણ, પરસ્મૈ.
**તદા હિ** - ત્યારે ચોક્કસ; અવ્યય



**અહમ્** - હું; સર્વનામ, પ્ર.એ. 'અસ્મદ્'
**આત્માનમ્** - ખુદ પોતાને; નામ, દ્વિ.એ.વ., પુ. 'આત્મન્'
**સૃજામિ** - સરજું છું; ક્રિ. વ.કા., પ્ર.પુ.એ.વ., 'સૃજ્' ૬ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** હે ભારત! જ્યારે-જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે, અને અધર્મની વૃદ્ધિ થાય છે ત્યારે હું પોતે અવતરું છું.

**વિવેચન:** અહીંથી બે શ્લોકથી (૭-૮) ભગવાન્ પોતે ક્યારે અવતાર લે છે એ કહે છે. જ્યારે ધર્મનો ક્ષય થાય અને અધર્મનું અભ્યુત્થાન એટલે વૃદ્ધિ અથવા ઉત્પત્તિ થાય છે ત્યારે હું પોતે અવતરું છું.

શ્રીભાગવત્ ૧૧૧૨૩; ૧૧૦૨૪ તથા ૧૦૪૭૧૦ ઉપરનાં સુબોધિનીમાં આ શ્લોકનું અનુસન્ધાન કરેલું છે.

**પરિત્રાણાય સાધૂનાં વિનાશાય ચ દુષ્કૃતામ્।**
**ધર્મસંસ્થાપનાર્થાય સમ્ભવામિ યુગે યુગે॥૮॥**

**અહમ્** - હું; સર્વનામ, પ્ર.એ.વ. 'અસ્મદ્'
**સાધૂનામ્** - સાધુ પુરુષોનું; નામ, ષ.બ.વ., પુ. 'સાધુ'
**પરિત્રાણાય** - રક્ષણને માટે; નામ, ચ.એ.વ., નપુ.
**ચ** - અને; અવ્યય
**દુષ્કૃતામ્** - દુષ્કર્મ કરનારાઓના; નામ, ષ.બ.વ., વિશે. પુ. 'દુષ્કૃત'
**વિનાશાય** - વિનાશને માટે; નામ, ચ.એ.વ., પુ. 'વિનાશ'
**ધર્મસંસ્થાપનાર્થાય** - ધર્મ સ્થાપન કરવામાટે; નામ, ચ.એ.વ., પુ.
**યુગે-યુગે** - યુગ-યુગમાં; નામ, સ.એ.વ., પુ. 'યુગ'
**સમ્ભવામિ** - પ્રકટું છું; ક્રિ. વ.કા. પ્ર.પુ.એ.વ., 'સમ્+ભૂ' ૧ ગણ પરસ્મૈ.

**શ્લોકાર્થ:** સાધુઓનું રક્ષણ કરવા, પાપીઓનો વિનાશ કરવા, અને ધર્મનું સંસ્થાપન કરવા હું દરેક યુગમાં અવતરું છું.

**વિવેચન:** સાધુ અથવા ધર્મી પુરુષોનું રક્ષણ કરવા, તેઓના પ્રતિપક્ષી દુષ્ટ કર્મ કરનાર પાપીઓનો વિનાશ કરવા અને ધર્મનું સારી રીતે સ્થાપન કરવા હું દરેક યુગમાં અવતરું છું. સાધુ પુરુષોનું ઈશ્વર રક્ષણ કરે છે

અને પાપીઓનો સંહાર કરે છે, તેથી ઈશ્વર પક્ષપાતી છે એમ કહેવું યોગ્ય નથી, કારણ કે જેમ પુત્રને માતા લાલન કરે અથવા દોષ આવે ત્યારો મારે તેમાં માતા દયાહીન નથી, તેમજ ગુણીને ઉત્તેજન આપે અને પાપીઓને શિક્ષા કરે તેમાં ઈશ્વર પાણ પક્ષપાતી થતા નથી.

**જન્મ કર્મ ચ મે દિવ્યમ્ એવં યો વેત્તિ તત્ત્વતઃ।**
**ત્યક્ત્વા દેહં પુનર્જન્મ નૈતિ મામેતિ સોઽર્જુન॥૯॥**

**અર્જુન** - **અર્જુન;** સમ્બોધન
**મે** - **મારું;** સર્વનામ, ષ.એ.વ., 'અસ્મદ્'
**જન્મ** - **જન્મ;** નામ, દ્વિ.એ.વ., 'જન્મન્' નપુ. 'જન્મ'
**કર્મ** - **કર્મ;** નામ, દ્વિ.એ.વ., 'કર્મન્' નપુ.
**ચ** - **અને;** અવ્યય
**દિવ્યમ્** - **દિવ્ય, અલૌકિક;** વિશેષણ, વિશેષ્ય 'જન્મ, કર્મ'
**અસ્તિ** - **છે;** ક્રિયાપદ, તૃ..એ.વ. 'અસ્'
**એવમ્** - **એ પ્રમાણે;** અવ્યય
**યઃ** - **જે;** સર્વનામ, પ્ર.એ.વ., 'યત્' પુ.
**તત્ત્વતઃ** - **તત્ત્વથી;** નામ, પં.એ.વ.,
**વેત્તિ** - **જાણે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'વિદ્' ૨ ગણ પરસ્મૈ.
**સઃ** - **તે;** સર્વનામ, પ્ર.એ. 'તદ્' પુ.
**દેહમ્** - **દેહને;** નામ, દ્વિ.એ.વ., પુ. 'દેહ'
**ત્યક્ત્વા** - **છોડીને;** વિધેય કૃદન્ત
**પુનર્જન્મ** - **પુનર્જન્મ;** નામ, દ્વિ.એ.વ., નપુ. 'પુનર્જન્મન્'
**ન** - **નહિ;** અવ્યય
**એતિ** - **પ્રાપ્ત કરે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'ઇ' ૨ ગણ પરસ્મૈ.
**અપિતુ** - **અપિતુ**
**મામ્** - **મને;** સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મદ્'
**એવ** - **જ;** અવ્યય
**એતિ** - **પામે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'ઇ' ૨ ગણ પરસ્મૈ.

**શ્લોકાર્થ:** હે અર્જુન! એવી રીતે મારા જન્મ અને કર્મ ને જ તત્ત્વથી દિવ્ય જાણે છે તે દેહને તજી પુનઃ જન્મતો નથી. તે મને પ્રાપ્ત કરે છે.



**વિવેચન:** વૈષ્ણવ તન્ત્રોમાં કહેલું છે તે પ્રમાણે ઉત્પત્તિ પણ વળી ત્રણ પ્રકારની છે. અનિત્ય પદાર્થની ઉત્પત્તિને 'જન્મ' કહે છે. નિત્ય પદાર્થના બે પેટા વિભાગ પરિચ્છિન્ન અને અપરિચ્છિન્ન છે. 'પરિચ્છિન્ન' એટલે હદવાળાં અમુક કદના. 'અપરિચ્છિન્ન' એટલે હદ **વિનાના. અર્થાત્** વ્યાપક. નિત્યપરિચ્છિન્ન પદાર્થનો અન્ય સાથે સમાગમ થાય તે જ ઉત્પત્તિ. નિત્ય અને અપરિચ્છિન્ન પદાર્થનો પ્રાદુર્ભાવ થાય તે 'ઉત્પત્તિ'. ભગવાન્ નિત્ય અને અપરિચ્છિન્ન હોવાથી ભગવાન્‌નો જન્મ તે પ્રાદુર્ભાવ જ છે. ભગવાન્‌નો જન્મ પ્રાદુર્ભાવરૂપી હોવાથી દિવ્ય છે. જન્મ દિવ્ય છે ત્યારે વપુઃ અથવા શરીર દિવ્ય હોય તેમાં આશ્ચર્ય જ શું? ભગવાન્‌નું કર્મ પણ દિવ્ય અથવા અલૌકિક જ છે. મારા જન્મ અને કર્મ આવી રીતે દિવ્ય છે એમ જે તત્ત્વથી જાણે છે તે પ્રાકૃત દેહ તજી પુનઃ જન્મતો નથી, પરન્તુ મને પ્રાપ્ત કરે છે.

કેટલાક વાદીઓ ભગવાન્‌નો દેહ જન્મતો હોવાથી તે પ્રાકૃત અનિત્ય છે એમ માને છે તે યોગ્ય નથી, કારણ કે ભગવાન્‌નો દેહ અને આત્મા સર્વ આનન્દમય આનન્દસ્વરૂપ જ છે. ભગવાન્‌માં દેહ અને દેહી એવો વિભાગ જ નથી. સર્વ જીવોના દેહ જન્મતા હોવાથી અનિત્ય છે તેમ ભગવાન્‌નો દેહ પણ અનિત્ય છે એમ પણ ધારી શકાય નહિ, કારણ કે એમ માનીએ તો સર્વ જીવોનું જ્ઞાન-ઇચ્છા વિગેરે અનિત્ય છે, તેથી ભગવાન્‌નું જ્ઞાન ભગવાન્‌ની ઇચ્છા વિગેરે પણ અનિત્ય જ છે એમ માનવું પડે. "ભગવાન્ જગતના કર્તા હોવાથી તેમનું જ્ઞાન નિત્ય માનવું પડે, કારણ કે નિત્યજ્ઞાન ન હોય તો જગત્ રચી શકાય નહિ" એમ કહો, તો તે જ કારણથી ભગવાન્‌નો દેહ પણ આનન્દમય અને નિત્ય છે એમ માનો, કારણ કે નિત્ય આનન્દમય દેહ ન હોય તો પણ જગત્ રચી શકાય નહિ. વળી ભગવાન્‌નો દેહ નિત્ય અને અપરિચ્છિન્ન હોવાથી તેનો પ્રાદુર્ભાવ એ જ જન્મ છે. સાધારણ જીવો જેવો ભગવાન્‌નો જન્મ નથી, તેથી ભગવાન્‌નો દેહ પણ સાધારણ જીવોના દેહ પેઠે અનિત્ય નથી. "માત્ર આનન્દના જ કર પાદ મુખ ઉદર વિગેરે જેનાં છે" વિગેરે શાસ્ત્ર વચનોથી જેના દેહ, ઇન્દ્રિય, પ્રાણ, અન્તઃકરણ, આત્મા સર્વ આનન્દમય આનન્દ સ્વરૂપ છે એવા સદાનન્દરૂપ જ્ઞાનરૂપ પુરુષોત્તમ છે, માત્ર આત્મરૂપ નથી એમ નિઃશઙ્ક જાણો. "એમ હોય તો આનન્દપણું અને દેહપણું એ બેમાં વિરોધ રહે" એવી શઙ્કા પણ

યોગ્ય નથી, કારણ કે પ્રમાણોથી પોતપોતાના આધારમાં એક સાથે તે બન્ને હોવાનું સિદ્ધ થાય છે, એટલે વિરોધ રહેતો નથી. છતાં આનન્દ ધર્મીરૂપ (ગુણવાળો પદાર્થ) હોવાથી તે ધર્મરૂપ (ગુણ) પણ કેમ હોઈ શકે? એવી શઙ્કા પણ ન કરવી, કારણ કે "જે સર્વજ્ઞ છે" શ્રુતિ પ્રમાણે ભગવાન્ જ્ઞાનના આધાર છે અને સચ્ચિદાનન્દરૂપ હોઈ જ્ઞાનરૂપ પણ છે. તેવી જ રીતે ભગવાન્ આનન્દરૂપ હોય અને આનન્દના આધાર હોય તેમાં પણ વિરોધ નથી. ભગવાન્ વિરુદ્ધ ધર્મોના આશ્રય હોવાથી આનન્દવાળા પણ છે. આ યથાર્થ ઉપદેશ કરનારાં ભગવાન્નાં વચનોથી એવો નિશ્ચય થાય છે કે જે ભગવાનનું રૂપ જોવામાં આવે છે, તે જ ભગવાને પોતાની ઈચ્છાથી ધારણ કરેલ દેહવાળા આનન્દમય પુરુષોત્તમ જ છે. આ ગોપાલનન્દન હરિ પ્રભુ પુરુષોત્તમ જ છે અને પોતાના ભક્તોનો વિશ્વાસ થાય તે માટે પોતાન ઐશ્વર્ય વિગેરેવાળાં, અક્ષર, વિરુદ્ધ ધર્મોના આધારરૂપ, વેદમાં જણાવેલ પોતાનાં જોવાય તેવા શરીરનાં કોઈ-કોઈ વાર દર્શન કરાવે છે.

**વીતરાગભયક્રોધા મન્મયા મામ્ ઉપાશ્રિતાઃ।**
**બહવો જ્ઞાન-તપસા પૂતા મદ્ભાવમ્ આગતાઃ ॥૧૦॥**

**વીતરાગભયક્રોધા** - **રાગ, ભય અને ક્રોધ થી રહિત;** વિશેષણ, વિ. "પુરુષાઃ વીતાઃ રાગઃ ભયઃ ક્રોધશ્ચ યસ્ય ઈતિ" બહુ.
**મન્મયા** - **મારામાં સ્થિત રહેલા;** વિશેષણ, વિશેષ્ય 'પુરુષાઃ'
**મામ્** - **મને;** સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મદ્'
**ઉપાશ્રિતાઃ** - **શરણે રહેલા;** ભૂ.કૃ. વિશેષણ, વિ. 'પુરુષાઃ'
**બહવઃ** - **ઘણા;** પ્ર.બ.વ., 'બહુ'
**જ્ઞાનતપસા** - **જ્ઞાનરૂપી તપથી;** નામ, તૃ.એ.વ., નપુ. "તપસ્ઃ જ્ઞાનં એવ તપઃ" કર્મધારય
**પૂતાઃ** - **પવિત્ર થયેલા;** વિશેષણ, વિ. પુરુષાઃ
**મદ્ભાવમ્** - **મારા ભાવને, મારા સ્વરૂપને;** નામ, દ્વિ.એ.વ.,
**આગતાઃ** - **આવેલા, થયેલા;** ભૂ.કૃ. વિશેષણ, વિ. 'પુરુષાઃ'
**સન્તિ** - **છે;** ક્રિયાપદ, તૃ.પુ.બ.વ. 'અસ્'

**શ્લોકાર્થ:** જેઓના રાગ, ભય અને ક્રોધ દૂર થયેલા છે તેવા મન્મય,



મારો આશ્રય કરનાર, જ્ઞાન અને તપથી પવિત્ર થએલા ઘણા લોકો મારા ભાવને પામેલા છે.

**વિવેચન:** જો મારા જન્મ અને કર્મ પ્રાકૃત્ત હોય તો મારો આશ્રય કરનાર કોઈ મુક્તિ ન પામે, પરન્તુ મારો આશ્રય કરેલા ઘણા મુક્ત થએલા છે. તેઓના રાગ, ભય અને ક્રોધ દૂર થાય છે.

**યે યથા માં પ્રપદ્યન્તે તાંસ્તથૈવ ભજામ્યહમ્।**
**મમ વર્ત્માનુવર્તન્તે મનુષ્યાઃ પાર્થ સર્વશઃ ॥૧૧॥**

**પાર્થ** - **અર્જુન;** સમ્બોધન
**યે** - **જેઓ;** સર્વનામ, પ્ર.બ.વ., પુ.
**મામ્** - **મને;** સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મદ્'
**યથા** - **જેવી રીતે;** અવ્યય
**પ્રપદ્યન્તે** - **શરણે છે, ભજે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., પ્ર + પદ્ ૪ ગણ આત્મને.
**અહમ્** - **હું;** સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મદ્'. **અપિ** - **પણ;** અવ્યય
**તાન્** - **તેઓને;** સર્વનામ, દ્વિ.બ.વ., પુ.
**તથા એવ** - **તેવી રીતે જ;** અવ્યય
**ભજામિ** - **ભજું છું;** ક્રિ. વ.કા., પ્ર.પુ.એ.વ., 'ભજ્' ૧ ગણ પરસ્મૈ.
(ઈદં જ્ઞાત્વૈવ - આને જાણીને જ)
**મનુષ્યાઃ** - **માણસો;** નામ, પ્ર.બ.વ., પુ.
**સર્વશઃ** - **બધી રીતે;** અવ્યય
**મમ** - **મારું;** સર્વનામ, ષ.એ.વ., 'અસ્મદ્'
**વર્ત્મ** - **માર્ગ;** નામ, દ્વિ.એ.વ., નપુ. 'વર્ત્મન્'
**અનુવર્તન્તે** - **અનુસરે છે.** ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., 'અનુ + વૃત્ (વર્ત્) આત્મને. ૧ ગણ

**શ્લોકાર્થ:** જેઓ મને જેવી રીતે ભજે છે તેઓને હું તેવી જ રીતે ભજું છું. હે પાર્થ! સર્વ તરફથી મનુષ્યો મારા માર્ગને અનુસરે છે.

**વિવેચન:** આપનો જે આશ્રય કરે તેમને મુક્તિ આપ આપો અને આશ્રય

ન કરે તેને મુક્તિ ન આપો, તો આપનામાં પણ વૈષમ્ય (પક્ષપાત) દોષ આવે, એવી શઙ્કા થાય, તે દૂર કરવા કહે છે કે પુષ્ટિ, પ્રવાહ, મર્યાદા વિગેરે માર્ગના જેવા અધિકારીઓ સકામ રીતે, નિષ્કામ રીતે જેમ મને ભજે છે તેઓને હું તેવી જ રીતે ફલ આપું છું. સર્વ તરફથી મનુષ્યો મારા માર્ગને અનુસરે છે, કારણ કે જેઓ ઈન્દ્રાદિ દેવોનું ભજન કરે છે, તેઓ પણ ઈન્દ્રાદિ દેવો મારી વિભૂતિ જ હોવાથી મારા માર્ગને અનુસરે છે, પરન્તુ મારું ભજન કરતા નથી. આ ભજન કરવાની ખરી રીત નથી એ આગળ કહેવામાં આવશે (અધ્યાય ૯ શ્લોક ૨૩).

બ્રહ્મસૂત્ર ૩।૩।૩૦ ઉપરના અણુભાષ્યમાં તથા શ્રીભાગવત્ ૧।૧।૨૩, ૧।૯।૨૪, ૧।૧૦।૨૪, ૧।૧૧।૮, ૧।૧૧।૨૮, ૧૦।૨૮।૬, ૧૦।૩૧।૧૮, ૧૦।૩૩।૧૩, ૧૦।૩૫।૨૨, ૧૦।૪૭।૭, ૧૦।૬૮।૨૯, ૧૦।૮૧।૩૦ તથા ૧૦।૮૩।૫૬ ઉપરના સુબોધિનીમાં આ શ્લોકનું અનુસન્ધાન કરેલું છે.

**કાંક્ષન્તઃ કર્મણાં સિદ્ધિં યજન્ત ઇહ દેવતાઃ।**
**ક્ષિપ્રં હિ માનુષે લોકે સિદ્ધિર્ ભવતિ કર્મજા॥૧૨॥**

**ઇહ** - **આ, અહીં;** અવ્યય
**માનુષે લોકે** - **માનુષ લોકમાં;** નામ, સ.એ.વ.
**કર્મણામ્** - **કર્મોની;** નામ, ષ.બ.વ., નપુ. 'કર્મન્'
**સિદ્ધિમ્** - **ફળ;** નામ, દ્વિ.એ.વ., સ્ત્રી. 'સિદ્ધિ'
**કાંક્ષન્તઃ** - **ઈચ્છા રાખતા;** વર્ત.કૃ., વિશેષણ, વિ. 'જનાઃ'
**દેવતાઃ** - **દેવતા;** નામ, દ્વિ.બ.વ., સ્ત્રી.
**યજન્તે** - **પૂજે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., 'યજ્' ૧ ગણ આત્મને.
**તેષામ્** - **તેઓની;** સર્વનામ, ષ.બ.વ.,
**કર્મજા** - **કર્મથી ઉત્પન્ન થનારી;** વિશેષણ, વિ. 'સિદ્ધિ'
**સિદ્ધિઃ** - **સિદ્ધિ, ફળ;** નામ, પ્ર.એ.વ., સ્ત્રી.
**અપિ** - **પણ;** અવ્યય
**ક્ષિપ્રમ્** - **ઉતાવળથી;** અવ્યય
**હિ** - **ચોક્કસ;** અવ્યય
**ભવતિ** - **થાય છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ., 'ભૂ' ૧ ગણ પરસ્મૈ.

**શ્લોકાર્થ:** કર્મની સિદ્ધિની આકાંક્ષા રાખનાર આ લોકમાં દેવતાઓનું યજન



કરે છે, કારણ કે માનુષ લોકમાં કર્મથી સત્ત્વર સિદ્ધિ થાય છે.

**વિવેચન:** ત્યારે આ લોકમાં અન્ય દેવોને લોકો કેમ ભજે છે? એવી શઙ્કા થાય, તે માટે આ શ્લોક કહે છે. અન્ય દેવતાઓનું ભજન કરવાથી આ લોકમાં કર્મનું ફલ તરત જ પ્રાપ્ત થાય છે. કર્મનું ફલ પ્રાકૃત છે. આવું પ્રાકૃત ફલ ઈન્દ્રાદિ દેવો તરત જ આપે છે. તેથી એવા પ્રાકૃત ફલની ઈચ્છાવાળા આ લોકમાં ઈન્દ્રાદિ દેવોનું યજન કરે છે, પરન્તુ મારું ભજન કરતા નથી.

**ચાતુર્વર્ણ્યં મયા સૃષ્ટં ગુણ-કર્મ-વિભાગશઃ।**
**તસ્ય કર્તારમપિ માં વિદ્ધ્યકર્તારમ્ અવ્યયમ્॥૧૩॥**

**ગુણકર્મવિભાગશઃ** - **ગુણ-કર્મના વિભાગથી;** નામ, પં.એ.વ., પુ.
**ચાતુર્વર્ણ્યમ્** - **ચાર વર્ણનો સમૂહ;** નામ, પ્ર.એ.વ., "ચતુર્ણામ્ વર્ણાનામ્ સમાહારઃ ઇતિ" ચતુર્વર્ણ દ્વિગુ. ઉપરથી તદ્ધિતના 'ય'થી ભાવનામ
**મયા** - **મારાવડે;** તૃ.એ.વ., 'અસ્મદ્'
**સૃષ્ટમ્** - **ઉત્પન્ન થયેલું;** ભૂ.કૃ. વિશેષણ, વિ. 'ચાતુર્વર્ણ્યમ્'
**તસ્ય** - **તેનો;** સર્વનામ, ષ.એ.વ., 'તદ્'
**કર્તારમ્** - **કર્તા;** નામ, દ્વિ.એ.વ., વિશે. પુ.'કર્તૃ'
**અપિ** - **પણ, છતાં પણ;** અવ્યય
**મામ્** - **મને;** સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મદ્'
**અવ્યયમ્** - **અવ્યય, અવિનાશ;** અવ્યય
**ત્વમ્** - **તું;** સર્વનામ, પ્ર.એ.વ. 'યુષ્મદ્'
**અકર્તારમ્** - **અકર્તા;** નામ, દ્વિ.એ.વ., પુ. 'અકર્તૃ'
**એવ** - **જ;** અવ્યય
**વિદ્ધિ** - **જાણ;** ક્રિ. આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ., 'વિદ્' ૨ ગણ

**શ્લોકાર્થ:** ગુણ અને કર્મ ના વિભાગ પ્રમાણે ચાર વર્ણો મેં સર્જેલા છે. અકર્તા અને અવ્યય મને તેઓનો કર્તા પણ જાણ.

**વિવેચન:** કેટલાક કામનાઓથી દેવોને ભજે, કેટલાક નિષ્કામ રહી આપને ભજે. એ પ્રમાણે ભિન્ન-ભિન્ન કર્મ કરે અને જેવાં કર્મ કરે તેને

અનુસરી બ્રાહ્મણ વિગેરે ઉત્તમ-અધમ વર્ણના લોકો થાય એમ આપે રચેલું હોવાથી આપ પણ અમુક જીવો ઉપર કૃપા રાખો છો અને અમુક ઉપર અકૃપા રાખો છો. એમ થવાથી વૈષમ્ય અને નૈર્ઘૃણ્ય દોષ આપને પણ કેમ લાગે નહિ એવી શઙ્કા થાય, તે માટે કહે છે કે મેં જગતમાં ચાર વર્ણ ગુણ અને કર્મ ના વિભાગ પ્રમાણે રચેલા છે.

સત્વ, રજઃ અને તમઃ ત્રણ ગુણ છે. સત્ત્વપ્રધાન બ્રાહ્મણો, સત્ત્વરજઃપ્રધાન ક્ષત્રિયો, રજસ્તમઃપ્રધાન વૈશ્યો, અને તમઃપ્રધાન શૂદ્રો રચેલા છે, અને ગુણને અનુસાર શમ-દમાદિ, શૌર્યાદિ, કૃષિ-વાણિજ્યાદિ, તથા દ્વિજસેવા એ તેઓના અનુક્રમે ધર્મ કરેલા છે. ચાર વર્ણના જીવોને પ્રકૃતિ સાથે સમ્બન્ધ થએલો હોવાથી તેઓને ઇન્દ્રિયો સાથે જ ગુણ અને કર્મ પણ આપેલા છે, તેથી તેઓ જેવાં કર્મ કરે છે તેવા જ ફલ તેમને મળે છે. તેથી ચારે વર્ણનો હું કર્તા અથવા જનક હોવાં છતાં વસ્તુતઃ હું અકર્તા છું એમ જાણ. હું અકર્તા છું, કારણ કે હું અવ્યય છું. અહઙ્કાર વિગેરે મારામાં નથી. તેથી જ મને વૈષમ્ય-નૈર્ઘૃણ્ય દોષ થતો નથી. ''વૈષમ્યનૈર્ઘૃણ્યે ન સાપેક્ષત્વાત્ તથાહિ દર્શયતિ'' બ્રહ્મસૂત્રમાં પણ આજ બોધ કરેલો છે. ભગવાન્ જીવના કર્મ પ્રમાણે સુખ-દુઃખ વિગેરે આપતાં હોવાથી તેમનામાં વૈષમ્ય-નૈર્ઘૃણ્ય દોષ નથી. ભગવાન્ ફલદાન કરવામાં કર્મની અપેક્ષા રાખે છે એમ પણ વાદીને સન્તોષ કરવા જ કહેલું છે. વસ્તુતઃ સર્વ જીવો ભગવાન્‌માંથી જ વ્યુચ્ચરેલા હોવાથી, ભગવાનના અંશ જ હોવાથી ભગવાન્‌થી ભિન્ન નથી. તેથી સર્વ જીવો એ ભગવાનની જ સૃષ્ટિ અથવા આત્મસૃષ્ટિ થઈ, તેથી સર્વ જીવો આત્મસૃષ્ટિ જ હોવાથી વૈષમ્ય-નૈર્ઘૃણ્ય દોષનો સમ્ભવ જ રહેતો નથી.

**ન માં કર્માણિ લિમ્પન્તિ ન મે કર્મફલે સ્પૃહા।**
**ઇતિ માં યોऽભિજાનાતિ કર્મભિર્ન સ બધ્યતે॥૧૪॥**

**કર્મફલે** - **કર્મફલમાં;** નામ, સ.એ.વ., નપુ.
**મે** - **મારી;** સર્વનામ, ષ.એ.વ., 'અસ્મદ્'
**સ્પૃહા** - **ઇચ્છા;** નામ, પ્ર.એ.વ., સ્ત્રી. 'સ્પૃહા'
**ન** - **નહિ;** અવ્યય
**અસ્તિ અતઃ** - **છે, અતઃ;** ક્રિ. વર્ત.કા. તૃ.એ.વ. 'અસ્'
**મામ્** - **મને;** સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મદ્'



**કર્માણિ** - **કર્મો;** નામ, પ્ર.બ.વ., નપુ.
**ન** - **નહિ;** અવ્યય
**લિમ્પન્તિ** - **લેપ કરતાં;** ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., 'લિપ્' ૬ ગણ
**ઇતિ** - **એ પ્રમાણે;** અવ્યય
**મામ્** - **મને;** સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મદ્'
**યઃ** - **જે;** સર્વનામ, પ્ર.એ.વ., 'યત્' પુ.
**અભિજાનાતિ** - **જાણે છે, સમજે છે;** ક્રિ. વ.કા, તૃ.પુ.એ.વ., અભિ + જ્ઞા ૯ ગણ પરસ્મૈ.
**સઃ** - **તે;** સર્વનામ, પ્ર.એ.વ., 'તદ્' પુ.
**કર્મભિઃ** = **કર્મોથી;** નામ, તૃ.બ.વ., 'કર્મન્'
**ન** - **નહિ;** અવ્યય
**બધ્યતે** - **બંધાય છે** ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ., કર્મણિ, 'બધ્' ૯ ગણ

**શ્લોકાર્થ:** મને કર્મ લેપતા નથી, મારે કર્મફલની સ્પૃહા નથી. એમ જે મને જાણે છે તે કર્મથી બંધાતો નથી.

**વિવેચન:** મને કર્મ લેપતા નથી, કારણ કે મારે કર્મફલની સ્પૃહા નથી. આ જ જીવ અને ઈશ્વર માં મુખ્ય વિલક્ષણતા છે. આ પ્રમાણે મને જે જાણે છે તેને પણ કર્મનુ બન્ધન થતું નથી.

**એવં જ્ઞાત્વા કૃતં કર્મ પૂર્વૈરપિ મુમુક્ષુભિઃ।**
**કુરુ કર્મૈવ તસ્માત્ ત્વં પૂર્વૈઃ પૂર્વતરં કૃતમ્॥૧૫॥**

**પૂર્વૈઃ** - **પહેલાં;** વિશેષણ, વિશેષ્ય 'મુમુક્ષુભિઃ'
**મુમુક્ષુભિઃ** - **મુમુક્ષુઓએ;** નામ, તૃ.બ.વ. પું, 'મુમુક્ષુ'
**અપિ એવમ્** - **પણ એ પ્રમાણે;** અવ્યય
**જ્ઞાત્વા** - **જાણીને;** વિધેય કૃદન્ત
**એવ** - **જ;** અવ્યય
**કર્મ** - **કર્મ;** નામ, દ્વિ.એ.વ., 'કર્મન્' નપુ.
**કૃતમ્** - **કરેલું;** ભૂ.કૃ. વિશેષણ, વિ. 'કર્મ'
**તસ્માત્** - **તેથી;** અવ્યય
**ત્વમ્** - **તું;** સર્વનામ, પ્ર.એ.વ., 'યુષ્મદ્'

**અપિ** - પણ; અવ્યય
**પૂર્વૈઃ** - **પહેલાંઓ વડે, પૂર્વજો વડે;** નામ, તૃ.બ.વ.,
**પૂર્વતરમ્** - **આગળ, પૂર્વકાળનું;** વિશેષણ, વિશેષ્ય 'કર્મ'
**કૃતમ્** - **કરેલું;** ભૂ.કૃ. વિશેષણ, વિ. 'કર્મ'
**કર્મ** - **કર્મ;** નામ, દ્વિ.એ.વ. કર્મનું નપુ.
**એવ** - **જ;** અવ્યય
**કુરુ** - **કર;** ક્રિ. આજ્ઞાર્થ દ્વિ.પુ.એ.વ., 'કૃ' ૮ ગણ પરસ્મૈ.

**શ્લોકાર્થ:** પૂર્વના મુમુક્ષુઓએ પણ આમ જાણીને કર્મ કરેલું છે. તેથી પૂર્વજોએ પૂર્વના સમયમાં કરેલું કર્મ જ તું કર.

**વિવેચન:** આ પ્રમાણે પ્રાસઙ્ગિક કહી પુનઃ કર્મ કરવાનું સ્મરણ કરાવે છે. ભગવદર્થ કરેલું કર્મ બન્ધન કરતું નથી એમ જાણીને પૂર્વના સમયના મુમુક્ષુઓ કક્ષીવાન્, નારદ, મનુ વિગેરેએ પણ પોત-પોતાના ધર્મને અનુસાર કર્મ કરેલું છે. તેથી કર્મ આધુનિક નથી પરન્તુ પ્રાચીન સમયથી છે અને પૂર્વજોએ કરેલું છે. તેથી કર્મ કરવાનો શિષ્ટાચાર હોવાથી પણ કર્મ કરવું યોગ્ય છે. તેથી કર્મ કર.

**કિં કર્મ કિમ્ અકર્મેતિ કવયોઽપ્યત્ર મોહિતાઃ।**
**તત્ તે કર્મ પ્રવક્ષ્યામિ યજ્ જ્ઞાત્વા મોક્ષ્યસેઽશુભાત્॥૧૬॥**

**કર્મ** - **કર્મ;** નામ, પ્ર.એ.વ., નપુ. 'કર્મન્'
**કિમ્** - **શું;** સર્વનામ, પ્ર.એ.વ., નપુ. 'કિમ્'
**ચ** - **અને;** અવ્યય
**અકર્મ** - **અકર્મ;** નામ, પ્ર.એ.વ., નપુ.
**કિમ્** - **શું;** સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
**ઇતિ અત્ર** - **એ પ્રમાણે અહીં;** અવ્યય
**કવયઃ** - **બુદ્ધિમાન્ પુરુષો;** નામ, પ્ર.બ.વ., પુ. 'કવિ'
**અપિ** - **પણ;** અવ્યય
**મોહિતાઃ** - **મોહ પામેલા;** ભૂ.કૃ. વિશેષણ, વિ. 'કવયઃ' (અતઃ અહં=તેથી હું)
**તે** - **તારે, તને;** સર્વનામ, ચ.એ.વ., 'યુષ્મદ્'
**તત્** - **તે;** સર્વનામ, પ્ર.એ.વ., નપુ. 'તદ્'



**કર્મ** - **કર્મ;** નામ, દ્વિ.એ.વ., નપુ. 'કર્મન્'
**પ્રવક્ષ્યામિ** - **કહીશ;** ક્રિ. ભ.કા. પ્ર.પુ.એ.વ., 'પ્ર + વચ્' ૨ ગણ પરસ્મૈ.
**યત્** - **જે;** સર્વનામ, દ્વિ.એ.વ., 'યત્' નપુ.
**જ્ઞાત્વા** - **જાણીને;** વિધેય કૃદન્ત
**ત્વમ્** - **તું;** સર્વનામ, પ્ર.એ.વ. 'યુષ્મદ્'
**અશુભાત્** - **અશુભથી, સંસારથી;** નામ, પં.એ.વ., 'અશુભ'
**મોક્ષ્યસે** - **છૂટી જશે;** ક્રિ. કર્મણિ ભવિ.કા., દ્વિ.પુ.એ.વ., 'મુચ્' આત્મને. ૬ ગણ

**શ્લોકાર્થ:** કર્મ શું અને અકર્મ શું? એમાં અહીં કવિઓ પણ મોહ પામી ગયા છે. હું તને એવું કર્મ કહીશ કે તે જાણી તું અશુભથી મુક્ત થઈશ.

**વિવેચન:** 'કર્મ' એટલે વિહિત કર્મ અથવા કરવા યોગ્ય કર્મ. કર્મ કયું અને 'અકર્મ' એટલે અવિહિત કર્મ અથવા કરવા યોગ્ય નહિ તેવું કર્મ કયું એ પ્રશ્ન ગમ્ભીર છે. આનો નિર્ણય કરવામાં કવિઓ પણ મોહ પામી ભૂલ કરી ગએલ છે. તેથી કર્મ વિચાર કરી કરવા યોગ્ય છે, લોક પરમ્પરાથી જ કરવા જેવું નથી. તેથી હું તને કર્મ શું તે સારી રીતે સમજાવીશ એટલે તેનું જ્ઞાન પ્રાપ્ત થવાથી તું અશુભ કર્મ અથવા વિકર્મથી મુક્ત રહીશ.

**કર્મણો હ્યપિ બોદ્ધવ્યં બોદ્ધવ્યં ચ વિકર્મણઃ।**
**અકર્મણશ્ચ બોદ્ધવ્યં ગહના કર્મણો ગતિઃ॥૧૭॥**

**કર્મણઃ** - **કર્મનું;** નામ, ષ.એ.વ., નપુ. 'કર્મન્'
**અપિ** - **પણ;** અવ્યય
**બોદ્ધવ્યમ્** - **જાણવું જોઈએ;** વિધ્યર્થ કૃદન્ત, વિશેષણ, વિ. 'તત્ત્વમ્'
**ચ** - **અને;** અવ્યય
**વિકર્મણઃ** - **ઊલટું કર્મ;** નામ, ષ.એ.વ., નપુ.
**બોદ્ધવ્યમ્** - **જાણવું જોઈએ;** કૃદન્ત વિશેષણ, વિ. 'તત્ત્વમ્'
**ચ** - **અને;** અવ્યય
**અકર્મણઃ** - **નહિ કરવાનું;** નામ, ષ.એ.વ., નપુ. (અપિ=પણ)
**બોદ્ધવ્યમ્** - **જાણવું જોઈએ;** કૃદન્ત વિશેષણ, વિ. 'તત્ત્વમ્'

હિ - ચોક્કસ; પણ અવ્યય
કર્મણઃ - કર્મની; નામ, ષ.એ.વ.,
ગતિઃ - ગતિ; નામ, પ્ર.એ.વ., સ્ત્રી.
ગહના - નહિ સમજી શકાય એવું; વિશેષણ, વિ. 'ગતિઃ'
અસ્તિ - છે; ક્રિયાપદ, તૃ.એ.વ. 'અસ્'

**શ્લોકાર્થ:** કર્મનું સ્વરૂપ પણ જાણવું જોઈએ, વિકર્મનું પણ જાણવું જોઈએ અને અકર્મનું પણ જાણવું જોઈએ. કર્મની ગતિ ગહન છે.

**વિવેચન:** વિહિત કર્મ, વિકર્મ અથવા નિષિદ્ધ કર્મ અને અકર્મ અથવા અવિહિત કર્મ સર્વનું સ્વરૂપ જાણવું જોઈએ. વિહિત કર્મનું સ્વરૂપ જાણ્યા વિના ક્યું કર્મ કરવા યોગ્ય છે તે જણાય નહિ. વિકર્મ અને અકર્મ નું સ્વરૂપ જાણ્યા વિના ક્યું કર્મ તજવા યોગ્ય છે તે જાણાય નહિ. તેથી સર્વનું સ્વરૂપ જાણવું જોઈએ. કર્મની ગતિ ગહન છે, તેથી કર્માદિનું સ્વરૂપ જાણવું કઠિન છે.

**કર્મણ્યકર્મ યઃ પશ્યેદ્ અકર્મણિ ચ કર્મ યઃ ।**
**સ બુદ્ધિમાન્ મનુષ્યેષુ સ યુક્તઃ કૃત્સ્નકર્મકૃત્ ॥૧૮॥**

યઃ - જે; સર્વનામ, પ્ર.એ.વ., 'યત્'
કર્મણિ - કર્મમાં, અહઙ્કારરહિત કરેલાં કર્મમાં; નામ, સ.એ.વ., નપુ.
અકર્મ - અકર્મ; નામ, દ્વિ.એ.વ., નપુ.
પશ્યેત્ - જુવે; ક્રિ.વિધ્યર્થ, તૃ.પુ.એ.વ., 'દશ્' (પશ્ય્) ૧ ગણ પરસ્મૈ.
ચ - અને; અવ્યય
યઃ - જે; સર્વનામ, પ્ર.એ.વ., 'યત્' પુ.
અકર્મણિ - અજ્ઞાની પુરુષોવડે કરેલ ત્યાગરૂપ કર્મ; નામ, સ.એ.વ.,
કર્મ - ત્યાગરૂપ ક્રિયા; નામ, દ્વિ.એ.વ., નપુ.
પશ્યેત્ - જુવે
સઃ - તે; સર્વનામ, પ્ર.એ.વ., 'તત્' પુ.
મનુષ્યેષુ - માણસોમાં; નામ, સ.બ.વ., પુ. 'મનુષ્ય'
બુદ્ધિમાન્ - બુદ્ધિવાળા; વિશેષણ, વિ. 'સઃ'. (અસ્તિ=છે)
સઃ - તે; સર્વનામ, પ્ર.એ.વ., 'તત્'



યુક્તઃ - યોગયુક્ત (યોગી); ભૂ.કૃ. વિશેષણ, વિ. 'સઃ'
કૃત્સ્નકર્મકૃત્ - સમ્પૂર્ણ કર્મ કરનારો; વિશેષણ, વિ. 'સઃ' (અસ્તિ=છે)

**શ્લોકાર્થ:** જે કર્મમાં અકર્મ જૂએ અને અકર્મમાં કર્મ જૂએ તે મનુષ્યોમાં બુદ્ધિમાન્ યુક્ત (યોગવાળો) સર્વ કર્મ કરનાર છે.

**વિવેચન:** જે કર્મ અથવા વિહિત કર્મમાં અકર્મ એટલે કર્મના બન્ધનનો અભાવ જૂએ છે અર્થાત્ વિહિત કર્મ કરવાથી કર્મબન્ધન થતું નથી એમ જે જાણે છે, અને અકર્મમાં એટલે નિષિદ્ધ કર્મમાં અથવા કરવા યોગ્ય નહિ એવા કર્મમાં કર્મ એટલે કર્મબન્ધન જુએ અર્થાત્ નિષિદ્ધ અથવા કરવા યોગ્ય નહિ એવું કર્મ કરવાથી કર્મબન્ધન પ્રાપ્ત થાય છે એમ જે જાણે છે તે સર્વ મનુષ્યોમાં બુદ્ધિમાન્ છે, યુક્ત એટલે કર્મયોગવાળો છે અને સર્વ કર્મ કરનાર છે.

**યસ્ય સર્વે સમારમ્ભાઃ કામસઙ્કલ્પવર્જિતાઃ ।**
**જ્ઞાનાગ્નિદગ્ધકર્માણં તમાહુઃ પણ્ડિતં બુધાઃ ॥૧૯॥**

યસ્ય - જેનો; સર્વનામ, ષ.એ.વ., 'યત્' પુ.
સર્વે - બધા; સર્વનામ, પ્ર.બ.વ. 'સર્વ' પુ.
સમારમ્ભાઃ - કાર્યો; નામ, પ્ર.બ.વ. પુ. 'સમારમ્ભ'
કામસઙ્કલ્પવર્જિતાઃ - કામ અને સઙ્કલ્પથી વર્જિત - રહિત; વિશેષણ, વિ. 'સમારમ્ભાઃ'
સન્તિ - છે; ક્રિયાપદ, તૃ.બ.વ. 'અસ્'
તમ્ - તેન; સર્વનામ, દ્વિ.બ.વ. 'તદ્' પુ.
જ્ઞાનગ્નિદગ્ધકર્માણમ્ - અગ્નિથી ભસ્મ થઈ ગયાં છે કર્મ જેનાં; "જ્ઞાનમ્ એવ અગ્નિઃ તેન દગ્ધાનિ યસ્ય કર્માણિ તમ્" બહુવ્રીહિ
બુધાઃ - જ્ઞાનીઓ; નામ, પ્ર.બ.વ. પુ. 'બુધ'
પણ્ડિતમ્ - પણ્ડિત; નામ, દ્વિ.એ.વ., પુ. 'પણ્ડિત'
આહુઃ - કહે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'બ્રૂ' ૨ ગણ

**શ્લોકાર્થ:** જેના સર્વ સમારમ્ભો કામ અને સઙ્કલ્પ થી રહિત છે તેને જ્ઞાનીઓ જ્ઞાનાગ્નિ દગ્ધ થએલાં કર્મવાળો પણ્ડિત કહે છે.

**વિવેચન :** જેના કર્મના સર્વ સમારમ્ભો 'કામ' એટલે ફલ અને 'સઙ્કલ્પ' એટલે ફલપ્રાપ્ત કરવા ની ઇચ્છા ઉભયથી રહિત છે, અર્થાત્ જે કર્મના સર્વ સમારમ્ભો ફલની અથવા ફલ પ્રાપ્ત કરવાની ઇચ્છાની અપેક્ષા વિના કરે છે, તેનાં કર્મ જ્ઞાનરૂપી અગ્નિથી દગ્ધ થએલા છે. કર્મ દગ્ધ થએલ હોવાથી તેનાં બીજ પુનઃ વૃદ્ધિ પામતાં નથી, તેથી તેને કદાપિ કર્મબન્ધન થવાની ભીતિ જ નથી. આવા પુરુષને જ્ઞાનીઓ પણ્ડિત કહે છે.

**ત્યક્ત્વા કર્મફલાસઙ્ગં નિત્યતૃપ્તો નિરાશ્રયઃ।**
**કર્મણ્યભિપ્રવૃત્તોઽપિ નૈવ કિઞ્ચિત્ કરોતિ સઃ॥૨૦॥**

**નિરાશ્રયઃ - આશ્રય વિનાનો;** વિશેષણ, વિ. 'સઃ'
**નિત્યતૃપ્તઃ - સદા તૃપ્ત, પરમાનન્દમાં વિલસતા;** ભૂ.કૃ. વિશેષણ, વિ. 'સઃ'
**સઃ - તે;** સર્વનામ, પ્ર.એ.વ., 'તદ્' પુ.
**કર્મફલાસઙ્ગમ્ - કર્મોનું ફળ અને સઙ્ગ (અભિમાન);** નામ, દ્વિ.એ.વ., પુ.
**ત્યક્ત્વા - તજીને;** વિધેય કૃદન્ત
**કર્મણિ - કર્મમાં;** નામ, સ.એ.વ., નપુ.
**અભિપ્રવૃત્તઃ - સારી રીતે પ્રવૃત્ત થયેલા;** ભૂ.કૃ. વિશેષણ વિ. 'સઃ'
**અપિ - પણ;** અવ્યય
**કિઞ્ચિત્ - કોઈ પણ, કશું પણ;** સર્વનામ, દ્વિ.એ.વ., કિમ્ + ચિત્ નપુ.
**એવ ન - જ નહિ;** અવ્યય
**કરોતિ - કરે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'કૃ' ૮ ગણ પરસ્મૈ.

**શ્લોકાર્થ :** કર્મના ફલ અને આસઙ્ગને તજી નિત્યતૃપ્ત અને નિરાશ્રય રહી કર્મમાં પ્રવૃત્ત રહેવા છતાં તે કાંઈ પણ કરતો જ નથી.

**વિવેચન :** અહીંથી ચાર શ્લોકથી (૨૦-૨૩) ઉપર અઢારમાં શ્લોકમાં કહેલા અર્થનું ભગવાન્ પોતે વિવેચન કરે છે. ક્રિયાથી થતાં યજ્ઞાદિ કર્મના સ્વર્ગાદિ ફલ અને 'હું કર્તા છું' એવી પ્રાકૃત આસક્તિ તજી. નિત્ય તૃપ્ત રહી, કર્મથી બંધાતા અને કર્મનું ફલ આપવામાં સાધનભૂત અદૃષ્ટ વિગેરેનો આશ્રય કર્યા વિના, કર્મના સાધન વિગેરે સર્વમાં રહેલ અપ્રાકૃત વસ્તુની યથાર્થ રીતે ભાવના રાખી કર્મમાં મચી રહે તે પણ કાંઈ કર્મ કરતો જ નથી. આવો પુરુષ નિત્યાનન્દમાં તૃપ્ત હોવાથી, પ્રાકૃત આશ્રયરહિત



હોવાથી, કર્મના ફલની ઇચ્છારહિત હોવાથી તથા કર્મમાં આસક્તિરહિત હોવાથી તેને કર્મબન્ધન થતું નથી.

**નિરાશીર્યતચિત્તાત્મા ત્યક્તસર્વપરિગ્રહઃ।**
**શારીરં કેવલં કર્મ કુર્વન્ આપ્નોતિ કિલ્બિષમ્॥૨૧॥**

**યતચિત્તાત્મા - અન્તઃકરણ જેણે જીત્યું છે તે;** વિશેષણ, વિ. 'પુરુષઃ'
"યતમ્ ચિત્તમ્ આત્માય યેન ઇતિ" બહુવ્રીહિ
**ત્યક્તસર્વપરિગ્રહઃ - બધા ભોગોને છોડ્યા છે જેણે;** "ત્યક્તાઃ સર્વે પરિગ્રહાઃ યેન" બહુ. વિશેષણ, વિ. 'પુરુષઃ'
**ચ - અને;** અવ્યય
**નિરાશીઃ - આશા રહિત;** "નિર્ગતા આશા યસ્માત્ ઇતિ બહુ. વિશેષણ, વિ. 'પુરુષઃ'
**કેવલમ્ - માત્ર;** અવ્યય
**શારીરમ્ - શરીર સમ્બન્ધી;** વિશેષણ, વિ. 'કર્મ'
**કર્મ - કર્મ;** નામ, દ્વિ.એ.વ., નપુ.
**કુર્વન્ - કરતો;** વ.કૃ. વિશેષણ, વિ. 'પુરુષઃ'
**અપિ - પણ;** અવ્યય
**કિલ્બિષમ્ - પાપને;** નામ, દ્વિ.એ.વ., નપુ. 'કિલ્બિષ'
**ન - નહિ;** અવ્યય
**આપ્નોતિ - મેળવે છે;** ક્રિ. વ.કાળ, તૃ.પુ.એ.વ., 'આપ્' ૫ ગણ

**શ્લોકાર્થ :** જે આશારહિત છે, જેણે ચિત્ત અને દેહ ને વશ કરેલા છે અને સર્વ પરિગ્રહનો ત્યાગ કરેલો છે તે કેવલ શારીર કર્મ કરતાં પાપ પામતો નથી.

**વિવેચન :** જે સ્વર્ગ વિગેરે કર્મફલની આશા અથવા ઇચ્છા રહિત હોય, જેણે યોગથી ચિત્ત અને દેહ ને પોતાને વશ કરેલા છે અને પશુપુત્રાદિ પોતાના સર્વ પરિગ્રહનો ત્યાગ કરેલો છે, તે કેવલ શારીરિક કર્મ કરવાથી પાપ પામતો નથી; કારણ કે 'હું કર્તા છું' એવો તેને અહઙ્કાર નથી.

**વિશેષ :** આરૂઢ જ્ઞાની, આરૂઢ ભક્ત અને આરૂઢ કર્મઠ આ ત્રણે પોત-પોતાનાં

ક્ષેત્રમાં— તાત્પર્ય કે જ્ઞાન-ભક્તિ-કર્મમાં પ્રવર્તે છે; પણ એ આરૂઢ હોવાથી એમની પ્રવૃત્તિ લૌકિક આશા વિનાની; અન્તઃકરણની ભાવના નિર્દોષ અને શુભ કરનારી અને માત્ર શરીરના સામાન્ય નિર્વાહ સિવાય બીજું કાંઈ પણ વધારે પડતું ઉપાર્જન નહિ કરનારી અને સામાન્ય શરીરવ્યવહારમાં રહેનારી હોવાથી સામાન્ય કર્મો કરનારી હોવા છતાં પણ તેઓ ( ત્રણે આરૂઢ ) નિર્દોષ રહે છે.

**યદચ્છા-લાભ-સન્તુષ્ટો દ્વન્દ્વાતીતો વિમત્સરઃ।**
**સમઃ સિદ્ધાવસિદ્ધૌ ચ કૃત્વાપિ ન નિબધ્યતે ॥૨૨॥**

**યદચ્છાલાભસન્તુષ્ટઃ - એની મેળે જ જે પ્રાપ્ત થાય તેમાં જ સન્તુષ્ટ** રહેનારો; ભૂ.કૃ. વિશેષણ, વિ. 'પુરુષઃ'
**દ્વન્દ્વાતીતઃ - હર્ષ-શોકાદિ લાભાલાભ, સુખ-દુઃખ વગેરેથી રહિત;** વિશેષણ, વિ. ''પુરુષઃ દ્વન્દ્વાત્ અતીતઃ'' તત્પુરુષ
**વિમત્સરઃ - ઈર્ષ્યા રહિત;** વિશેષણ, વિ. ''પુરુષઃ વિગતઃ મત્સરઃ યસ્મિન્ ઈતિ'' બહુ.
**ચ - અને;** અવ્યય
**સિદ્ધૌ - સિદ્ધિમાં;** નામ, સ.એ.વ., સ્ત્રી. 'સિદ્ધિ'
**અસિદ્ધૌ - અસિદ્ધિમાં;** નામ, સ.એ.વ.,
**ચ - અને;** અવ્યય
**સમઃ - સરખો, સમભાવવાળો;** વિશેષણ, વિ. 'પુરુષઃ'
**કર્માણે - કર્મોને;** દ્વિ.એ.વ.
**કૃત્વા - કરીને;** વિધેય કૃદન્ત
**અપિ ન - પણ નહિ;** અવ્યય
**નિબધ્યતે - બંધાય છે;** ક્રિ. વ.કાળ, કર્મણિ તૃ.પુ.એ.વ., નિ + બુધ્ ૯ ગણ.

**શ્લોકાર્થ :** જે યદચ્છાલાભથી સન્તુષ્ટ છે, દ્વન્દ્વાતીત, મત્સરરહિત અને સિદ્ધિ અને અસિદ્ધિ માં સમાન છે તે કર્મ કરીને પણ બંધાતો નથી.

**વિવેચન :** જે ભગવદિચ્છાથી જે લાભ પ્રાપ્ત થાય તેથી સન્તોષમાં રહેનાર, સુખ અને દુઃખ રૂપી દ્વન્દ્વથી અતીત, મત્સરરહિત અને કર્મની સિદ્ધિ અથવા અસિદ્ધિ ઉભયમાં સમાન રહેનાર છે, તે કર્મ કરવા છતાં કર્મથી



બંધાતો નથી. કર્મની સિદ્ધિ અથવા અસિદ્ધિમાં સમતા કહેવાથી પૂર્વે નિરૂપણ કરેલા સાંખ્ય અને યોગ નો અર્થ જણાવેલ છે.

**ગતસઙ્ગસ્ય મુક્તસ્ય જ્ઞાનાવસ્થિતચેતસઃ।**
**યજ્ઞાયાચરતઃ કર્મ સમગ્રં પ્રવિલીયતે ॥૨૩॥**

**ગતસઙ્ગસ્ય - સઙ્ગ રહિત, આસક્તિ રહિત;** વિશેષણ, વિ. 'મુક્તસ્ય'
**જ્ઞાનાવસ્થિતચેતસઃ - જ્ઞાનમાં સ્થિત ચિત્તવાળાનું;** વિશેષણ, વિ. 'મુક્તસ્ય જ્ઞાને અવસ્થિતમ્ ચેતઃ યસ્ય ઈતિ'' બહુ.
**યજ્ઞાય - યજ્ઞને માટે;** નામ, ચ.એ.વ., પુ. 'યજ્ઞ'
**આચરતઃ - આચરણ કરનારનું;** વ.કૃ. વિશેષણ, વિ. 'મુક્તસ્ય'
**મુક્તસ્ય - મુક્ત પુરુષનું;** નામ, ષ.એ.વ.,
**કર્મ - કર્મ;** નામ, પ્ર.એ.વ., નપુ. 'કર્મન્'
**સમગ્રમ્ - બધું;** વિશેષણ, વિ. 'કર્મ'
**પ્રવિલીયતે - નષ્ટ થઈ જાય છે.** ક્રિ. વ.કાળ, કર્મણિ તૃ.પુ.એ.વ., ૯ ગણ વિ + લિ

**શ્લોકાર્થ :** સઙ્ગરહિત, મુક્ત, જ્ઞાનથી સ્થિર ચિત્તવાળો યજ્ઞમાટે કર્મ કરે તેનું સર્વ કર્મ લય પામે છે.

**વિવેચન :** જે લૌકિક પશુપુત્રાદિ સર્વ પરિગ્રહમાં આસક્તિરહિત હોય, જે કર્મફલથી મુક્ત હોય, જ્ઞાનથી જેનું ચિત્ત સ્થિર થએલું હોય અને જે યજ્ઞ અથવા વિષ્ણુમાટે કર્મ કરતો હોય, તેનું સર્વ કર્મ લય પામે છે અથવા અકર્મ થાય છે.

**બ્રહ્માર્પણં બ્રહ્મ હવિર્ બ્રહ્માગ્નૌ બ્રહ્મણા હુતમ્।**
**બ્રહ્મૈવ તેન ગન્તવ્યં બ્રહ્મકર્મસમાધિના ॥૨૪॥**

**અર્પણમ્ - અર્પણ;** નામ, પ્ર.એ.વ.,
**બ્રહ્મ - બ્રહ્મ;** નામ, પ્ર.એ.વ., 'બ્રહ્મન્' નપુ.
**હવિઃ - હવિ;** નામ, પ્ર.એ.વ., નપુ.
**અપિ - પણ;** અવ્યય
**બ્રહ્મ - બ્રહ્મ;** નામ, પ્ર.એ.વ., 'બ્રહ્મન્' નપુ.

ચ - અને; અવ્યય
બ્રહ્માગ્નૌ - બ્રહ્માગ્નિમાં; નામ, સ.એ.વ.,
બ્રહ્મણા - બ્રહ્મથી; નામ, તૃ.એ.વ., નપુ. 'બ્રહ્મન્'
હુતમ્ - હોમાયેલું; નામ, પ્ર.એ.વ., નપુ. 'હુત' (અપિ બ્રહ્મ અસ્તિ - પણ બ્રહ્મ છે; ક્રિયાપદ, વર્ત.કા. તૃ.પુ.એ.વ., 'અસ્')
બ્રહ્મકર્મસમાધિના - બ્રહ્મકર્મરૂપ સમાધિ; નામ, તૃ.એ.વ.,
તેન - તેના વડે; સર્વનામ, તૃ.એ.વ., 'તદ્'
ગન્તવ્યમ્ - જવું જોઈએ; વિધેય કૃદન્ત
અપિ - પણ; અવ્યય
બ્રહ્મ - બ્રહ્મ; નામ, પ્ર.એ.વ., નપુ. 'બ્રહ્મન્'
એવ - જ; અવ્યય
અસ્તિ - છે; ક્રિયાપદ, તૃ.એ.વ. 'અસ્'

**શ્લોકાર્થ :** બ્રહ્મ અર્પણથી બ્રહ્મ હવિઃ બ્રહ્માગ્નિમાં બ્રહ્મે (યજ્ઞકર્તાએ) હોમેલું છે. તે બ્રહ્મકર્મની સમાધિથી પ્રાપ્ત થવાનું પણ બ્રહ્મ જ છે.

**વિવેચન :** કર્મનો લય કેવી રીતે થાય છે તે અહીં કહેલું છે. 'અર્પણ' એટલે હોમ કરવાનું સાધન કાષ્ઠનો ચાટવો વિગેરે બ્રહ્મ છે. એવા બ્રહ્મ અર્પણથી જે 'હવિઃ' ઘી વિગેરેનો હોમ કરવાનો છે તે પણ બ્રહ્મ જ છે. જે અગ્નિમાં હોમ થવાનો છે તે પણ બ્રહ્મ જ છે. યજ્ઞકર્તા હોમ કરનાર પણ બ્રહ્મ જ છે. આ પ્રમાણે કર્મ બ્રહ્મ છે. એ બ્રહ્મકર્મની સમાધિથી પ્રાપ્ત કરવાનું પણ બ્રહ્મ જ છે. આ પ્રમાણે અર્પણ, હવિઃ, અગ્નિ, હોમકર્તા વિગેરે સર્વમાં બ્રહ્મની ભાવનાથી જે બ્રહ્મરૂપ કર્મ કરવામાં આવે તેથી બંધન પ્રાપ્ત થાય જ નહિ. આવી રીતે સર્વ કર્મનો લય થાય છે. અનેક પ્રકારની બ્રહ્મની ઉપાસના કરતાં અભેદની ભાવના રાખતાં ભગવાનના સત્, ચિત્ અને આનન્દ અંશમાંથી ઉત્પન્ન થએલું જગત્, કાર્ય તરીકે જુદું જણાતાં છતાં, કારણ(બ્રહ્મ) સાથે તેનો અભેદ જોવામાં આવે તે જ બ્રહ્મવાદીઓ અથવા જ્ઞાનીઓ નો બ્રહ્મયજ્ઞ હોવાનું અહીં કહેલ છે.

બ્રહ્મસૂત્ર ૧૧૧૩૩ ઉપરના અણુભાષ્યમાં આ શ્લોકનું અનુસન્ધાન કરેલું છે.



**દૈવમેવાપરે યજ્ઞં યોગિનઃ પર્યુપાસતે ।**
**બ્રહ્માગ્નાવપરે યજ્ઞં યજ્ઞેનૈવોપજુહ્વતિ ॥૨૫॥**

અપરે - બીજા; સર્વનામ, પ્ર.બ.વ.
યોગિનઃ - યોગીઓ; નામ, પ્ર.બ.વ. પુ.
દૈવમ્ - દેવ સમ્બન્ધી - પૂજન; નામ, દ્વિ.એ.વ., નપુ. 'દૈવ'
યજ્ઞમ્ - યજ્ઞને; નામ, દ્વિ.એ.વ., પુ. 'યજ્ઞ'
એવ - જ; અવ્યય
પર્યુપાસતે - સારી રીતે ઉપાસના કરે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ. પરિ + ઉપ + આસ્ ૨ ગણ આત્મને.
ચ - અને; અવ્યય
અપરે - બીજા; સર્વનામ, પ્ર.બ.વ.
બ્રહ્માગ્નૌ - પરબ્રહ્મરૂપ અગ્નિમાં; નામ, સ.એ.વ., 'અગ્નિ'
યજ્ઞેન - યજ્ઞ વડે; નામ, તૃ.એ.વ.,
એવ - જ; અવ્યય
યજ્ઞમ્ - યજ્ઞને; નામ, દ્વિ.એ.વ., પુ. 'યજ્ઞ'
ઉપજુહ્વતિ - હોમે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ. ઉપ + હુ ૩ ગણ પરસ્મૈ.

**શ્લોકાર્થ :** કોઈ યોગીઓ દૈવ યજ્ઞની જ ઉપાસના કરે છે. બીજા યજ્ઞને બ્રહ્માગ્નિમાં યજ્ઞથી જ હોમે છે.

**વિવેચન :** એવી રીતે બ્રહ્મકર્મ બ્રહ્મભાવનું જ્ઞાન પ્રાપ્ત કરવાનું સાધન છે એમ દર્શાવી જુદા-જુદા અધિકારીઓ જુદા-જુદા યજ્ઞો કરે છે એમ કહે છે. જુદા-જુદા દેવોનું આરાધન કરનાર યોગીઓ જુદા-જુદા દેવતાઓના યજ્ઞો કરે છે. જ્ઞાની બ્રહ્મવાદીઓ, ઉપર જણાવ્યું તેવા, બ્રહ્માગ્નિમાં બ્રહ્મરૂપી યજ્ઞનો બ્રહ્મરૂપી યજ્ઞથી હોમ કરે છે.

**વિશેષ :** ઉપરના શ્લોકમાં બતાવેલી પ્રક્રિયા કોઈક વિલક્ષણ પ્રકારના ટોચ ઉપર આવી રહેલા આરૂઢ જ્ઞાનીને માટે જણાય છે. આરૂઢ ભક્તની સ્થિતિ તેમજ આરૂઢ કર્મીની સ્થિતિ આ શ્લોકમાં સમજાવે છે. આરૂઢ ભક્ત ઉપાસનામાર્ગમાં પ્રવેશી કોઈ ને કોઈ દેવના અર્ચન-પૂજનદ્વારા પોતાની સમસ્ત ક્રિયા તેને અર્પણ કરે છે. આરૂઢ કર્મી સામાન્યતઃ પોતાનાં નિત્યકર્મ

અને નૈમિત્તિકકર્મ વેદાદિ મન્ત્રોદ્વારા કરે છે. એ કર્મોમાં પણ જુદા-જુદા સમયે જુદા-જુદા દેવો નિમિત્ત આહૂતિ પોતાના ઠરવેલા અગ્નિમાં પઞ્ચવિધિથી પોતાની ક્રિયા પૂર્ણ કરે છે અને શિષ્ટ આહૂતિ અચ્યુતના ભાવથી અગ્નિને અર્પણ કરે છે. કર્મમાં કોઈ જાતની ખામી ન આવે એ હેતુથી આ શિષ્ટ આહૂતિ અપાય છે. આ પ્રકારે પોતાની ક્રિયા ચાલુ રાખતાં યજ્ઞભગવાન્ સાથે નિકટ પરિચયમાં આવી જાય છે અને પછી એ રીતે ધીમે-ધીમે મુક્ત પણ થાય છે. આ બધાની આરૂઢ દશા હોવાથી પૂર્ણભાવે પોતાની ક્રિયા કરે છે ॥૨૫॥

**શ્રોત્રાદીન્ ઇન્દ્રિયાણ્યન્યે સંયમાગ્નિષુ જુહ્વતિ।**
**શબ્દાદીન્ વિષયાન્ અન્યે ઇન્દ્રિયાગ્નિષુ જુહ્વતિ ॥૨૬॥**

**અન્યે** - બીજા; નામ, પ્ર.બ.વ. પુ.
**શ્રોત્રાદીનિ** - શ્રોત્ર ઇત્યાદિ; નામ, દ્વિ.બ.વ. નપુ. 'શ્રોત્ર'
**ઇન્દ્રિયાણિ** - ઇન્દ્રિયો; નામ, દ્વિ.બ.વ. નપુ. 'ઇન્દ્રિય'
**સંયમાગ્નિષુ** - સંયમરૂપી અગ્નિઓમાં; નામ, સ.બ.વ. પુ. 'અગ્નિ'
**જુહ્વતિ** - હોમે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ. 'હુ' ૩ ગણ પરસ્મૈ.
**અન્યે** - બીજાઓ; નામ, પ્ર.બ.વ. પુ.
**શબ્દાદીન્** - શબ્દ વગેરે; નામ, દ્વિ.બ.વ. પુ.
**વિષયાન્** - વિષયોને; નામ, દ્વિ.બ.વ. પુ. 'વિષય'
**ઇન્દ્રિયાગ્નિષુ** - ઇન્દ્રિયરૂપી અગ્નિઓમાં; નામ, સ.બ.વ. પુ. 'અગ્નિ'
**જુહ્વતિ** - હોમે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ. 'હુ' ૩ ગણ પરસ્મૈ.

**શ્લોકાર્થ :** બીજા શ્રોત્ર વિગેરે ઇન્દ્રિયોને સંયમાગ્નિમાં હોમે છે. કેટલાક બીજા શબ્દ વિગેરે વિષયોને ઇન્દ્રિયાગ્નિમાં હોમે છે.

**વિવેચન :** શ્રોત્ર વિગેરે ઇન્દ્રિયોને સંયમાગ્નિમાં હોમે છે એટલે યોગથી મને પ્રાપ્ત કરવાની ઇચ્છાથી પ્રાપ્તિમાં પ્રતિબન્ધ કરનાર ઇન્દ્રિયોનો સંયમ કરે છે. બીજા શબ્દ વિગેરે વિષયોને તે-તે ઇન્દ્રિયરૂપી અગ્નિમાં હોમે છે.

**વિશેષ :** આ શ્લોક યોગ પરિચર્યાનો વિષય સમજાવે છે. એ વર્ગનો સ્વીકૃત પક્ષ એવો હોય છે કે શરીરના પ્રત્યેક વિભાગો તેમજ આન્તર ઇન્દ્રિયોના



સંયમદ્વારા પોતાની ઇષ્ટ સિદ્ધિ કરવામાં તે-તે દેવો મદદરૂપ થાય છે અને પોતાના નિત્ય વ્યવહાર તેમજ નૈમિત્તિક વ્યવહારમાં તે દેવોની સહાયતા લેવામાં આવે છે. ઇષ્ટ સિદ્ધિ જ્યારે પૂર્ણભાવે આવે છે ત્યારે આ બધા દેવો મુખ્યદેવ બ્રહ્મના અઙ્ગભાવે હોવાથી બ્રહ્મમાં યોગની પૂર્ણતા થાય છે.

શ્લોક ૨૫ થી ૩૦ યોગવિષયક છે. જુદા-જુદા પ્રકારે તેમાં પ્રવૃત્ત થતાં યોગીઓની પરિસ્થિતિ સમજાવે છે. જો કે પ્રકાર તો જુદા-જુદા જણાય છે પણ વાસ્તવિક રીતે દરેક પ્રકાર બ્રહ્મની સાથે સમ્બન્ધ કરવામાં ઉપયોગી નીવડે છે. આ વર્ગને કોઈ પણ બાહ્ય પદાર્થની અપેક્ષા પડતી જણાતી નથી. માત્ર નિયમન ઉપર વિશેષ ભાર મૂકવામાં આવે છે અને એ નિયમનદ્વારા અન્તઃકરણની શુદ્ધિ થતાં-થતાં પરમાત્મભાવને અઙ્ગીકાર કરવો પડે છે. અહીં પરમાત્મા બ્રહ્મવાચક છે. યજ્ઞના અનેક પ્રકાર છે. યજ્ઞનો ઉપયોગ માત્ર પરમાત્માની સન્તુષ્ટિ માટે છે એટલે જેવી જેની શક્તિ અને ગતિ તે પ્રમાણે તે તેની નિયત યજ્ઞક્રિયામાં જોડાઈ પૂર્ણભાવે યજ્ઞરૂપ પરમાત્મામાં પોતાનો વિનિમય કરે છે. ધ્યાનમાં એટલું જ રાખવાની જરૂર છે કે : ૧. ભૂત ૨. માત્રા ૩. ઇન્દ્રિય ૪. ક્રિયા ૫. મનચતુષ્ટય અને ૬. જીવ આ ૬ નો વિનિયોગ પરમાત્મામાં કરવાનો છે. આટલું થયે સર્વકાર્ય સિદ્ધ થાય છે.

૧. ભૂતમાં પઞ્ચમહાભૂત ૨. માત્રામાં પઞ્ચતન્માત્રા ૩. ઇન્દ્રિયમાં પઞ્ચકર્મેન્દ્રિય ૪. ક્રિયામાં પઞ્ચપરિણામભાવો ૫. મનચતુષ્ટયમાં મન, બુદ્ધિ, ચિત્ત અને અહઙ્કાર ૬. જીવ-જીવનભાવ ૭. ગુણત્રય ૮. પ્રકૃતિ ૯. ઈશ્વર ૧૦. ગુણાધિષ્ઠાત્રી દેવતા ॥૨૬॥

**સર્વાણીન્દ્રિયકર્માણિ પ્રાણકર્માણિ ચાપરે।**
**આત્મસંયમયોગાગ્નૌ જુહ્વતિ જ્ઞાનદીપિતે ॥૨૭॥**

**અપરે** - બીજા; સર્વનામ, પ્ર.બ.વ.
**સર્વાણિ** - બધા; સર્વનામ, દ્વિ.બ.વ. નપુ.
**ઇન્દ્રિયકર્માણિ** - ઇન્દ્રિયકર્મો, ચેષ્ટાઓ; નામ, દ્વિ.બ.વ. નપુ.
**ચ** - અને; અવ્યય
**પ્રાણકર્માણિ** - પ્રાણના કર્મોને; નામ, દ્વિ.બ.વ. નપુ.
**જ્ઞાનદીપિતે** - જ્ઞાનવડે પ્રદીપ્ત થયેલ; વિશેષણ, વિ. 'યોગાગ્નૌ'

આત્મસંયમયોગાગ્નૌ - આત્માના સંયમરૂપ યોગમય અગ્નિમાં; નામ, સ.એ.વ., પુ.
જુહ્વતિ - હોમે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ. 'હુ' ૩ ગણ પરસ્મૈ.

**શ્લોકાર્થ**: બીજાઓ સર્વ ઇન્દ્રિયોના કર્મોને તથા પ્રાણકર્મોને, જ્ઞાનથી પ્રદીપ્ત થયેલા આત્મસંયમરૂપ યોગાગ્નિમાં હોમે છે.

**દ્રવ્યયજ્ઞાઃ તપોયજ્ઞા યોગયજ્ઞાઃ તથાઽપરે।**
**સ્વાધ્યાયજ્ઞાનયજ્ઞાશ્ચ યતયઃ સંશિતવ્રતાઃ ॥૨૮॥**

અપરે - બીજા; સર્વનામ, પ્ર.બ.વ. પુ. 'અપર'
દ્રવ્યયજ્ઞાઃ - દ્રવ્યમય યજ્ઞો; નામ, પ્ર.બ.વ. પુ.
તથા - અને; અવ્યય
તપોયજ્ઞાઃ - તપમય યજ્ઞો; નામ, પ્ર.બ.વ. પુ.
અપરે - બીજા; સર્વનામ, પ્ર.બ.વ. પુ. 'અપર'
યોગયજ્ઞાઃ - યોગમય યજ્ઞો; નામ, પ્ર.બ.વ. પુ.
ચ - અને; અવ્યય
સંશિતવ્રતાઃ - તીવ્ર વ્રત ધારણ કરનારા; નામ, પ્ર.બ.વ.
યતયઃ - મુનિઓ, યત્નશીલ યોગીઓ; નામ, પ્ર.બ.વ.
સ્વાધ્યાયજ્ઞાનયજ્ઞાઃ - અધ્યયનદ્વારા જ્ઞાનરૂપી યજ્ઞો; નામ, પ્ર.બ.વ.
કુર્વન્તિ - કરે છે; ક્રિયાપદ, પ્ર.બ.વ. 'કુર્વન્'

**શ્લોકાર્થ**: બીજા વ્રત પાળનારા યતિઓ દ્રવ્યયજ્ઞ, તપોયજ્ઞ, યોગયજ્ઞ, સ્વાધ્યાયયજ્ઞ અને જ્ઞાનયજ્ઞ કરનારા હોય છે.

**વિવેચન**: દ્રવ્યયજ્ઞ કરનાર ગૃહસ્થાશ્રમીઓ, તપોયજ્ઞ કરનાર વાનપ્રસ્થો, યોગયજ્ઞ કરનાર યોગીઓ, સ્વાધ્યાયયજ્ઞ કરનાર બ્રહ્મચારીઓ, જ્ઞાનયજ્ઞ કરનાર જ્ઞાનીઓ હોય છે. સર્વ પોત-પોતાના અધિકાર પ્રમાણે યજ્ઞ કરે છે.

**અપાને જુહ્વતિ પ્રાણં પ્રાણેઽપાનં તથાઽપરે।**
**પ્રાણાપાનગતી રુદ્ધ્વા પ્રાણાયામપરાયણાઃ ॥૨૯॥**

કેચન - કેટલાક



અપાને - અપાનવાયુમાં; નામ, સ.એ.વ., પુ.
પ્રાણમ્ - પ્રાણવાયુને; નામ, દ્વિ.એ.વ., પુ. 'પ્રાણ'
જુહ્વતિ - હોમે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ. 'હુ' ૩ ગણ પરસ્મૈ.
તથા - વળી; અવ્યય. અપરે - બીજા;
પ્રાણે - પ્રાણમાં; નામ, સ.એ.વ., 'પ્રાણ'
અપાનમ્ - અપાનવાયુને; નામ, દ્વિ.એ.વ., પુ. 'અપાન'
જુહ્વતિ - હોમે છે; ક્રિ. વ.કા. તૃ.પુ.બ.વ. 'હુ' ૩ ગણ પરસ્મૈ,
અપરે - બીજા; સર્વનામ, પ્ર.બ.વ. પુ. 'અપર'
પ્રાણાપાનગતી - પ્રાણ અને અપાનની ગતિને; નામ, દ્વિ.દ્વિવ., સ્ત્રી.
રુદ્ધ્વા - અટકાવીને; વિદેય કૃદન્ત
પ્રાણાયામપરાયણાઃ - પ્રાણાયામ પરાયણ; નામ, પ્ર.બ.વ.
ભવતિ - થાય છે; ક્રિયાપદ

**શ્લોકાર્થ**: કોઈ અપાનમાં પ્રાણ હોમે છે. બીજા પ્રાણમાં અપાન હોમે છે. કોઈ પ્રાણ અને અપાનની ગતિ રોકી પ્રાણાયામ પરાયણ હોય છે.

**વિવેચન**: અપાનમાં એટલે નીચે રહેતા પ્રાણમાં, પ્રાણ એટલે ઉપર રહેલો પ્રાણ હોમે છે. આને 'પૂરક' વિધિ કહે છે. બીજા પ્રાણમાં અપાન હોમે છે. આને 'રેચક' વિધિ કહે છે. બીજા કુમ્ભક વિધિથી પ્રાણ અને અપાન ઉભયની ગતિ રોકી 'પ્રાણાયામપરાયણ' કહે છે.

**અપરે નિયતાહારાઃ પ્રાણાન્ પ્રાણેષુ જુહ્વતિ।**
**સર્વેઽપ્યેતે યજ્ઞવિદો યજ્ઞક્ષપિતકલ્મષાઃ ॥૩૦॥**

અપરે - બીજા; સર્વનામ, પ્ર.બ.વ. પુ. 'અપર'
નિયતાહારાઃ - નિયત આહારવાળા; વિશેષણ, વિ. 'અપરે'
પ્રાણાન્ - પ્રાણવાયુઓને; નામ, દ્વિ.બ.વ. પુ. 'પ્રાણ'
પ્રાણેષુ - પ્રાણમાં; નામ, સ.બ.વ.
જુહ્વતિ - હોમે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ. 'હુ' ૩ ગણ પરસ્મૈ
ઇત્થં - આપ્રકારે
યજ્ઞક્ષપિતકલ્મષાઃ - યજ્ઞથી જેમનાં પાપ નાશ પામ્યાં છે; વિશેષણ, વિ. 'એતે'

એતે - એઓ; સર્વનામ, પ્ર.બ.વ. 'એતદ્' પુ.
સર્વે - બધા; સર્વનામ, પ્ર.બ.વ. પુ. 'સર્વ'
અપિ - પણ; અવ્યય
યજ્ઞવિદઃ - યજ્ઞને જાણનારાઓ; નામ, પ્ર.બ.વ. પુ. 'યજ્ઞવિત્'
સન્તિ - છે; ક્રિયાપદ, તૃ.પુ.બ.વ. 'અસ્'

**શ્લોકાર્થ :** બીજા નિયત આહારવાળા પ્રાણને પ્રાણમાં હોમે છે. આ સર્વે પણ યજ્ઞ જાણનાર છે. તેઓના પાપનો યજ્ઞથી ક્ષય થયેલો છે.

**વિવેચન :** બીજા નિયત ખોરાક લે છે અને આહારથી તૃપ્ત થનારી પ્રાણની વૃત્તિઓનો પ્રાણમાં જ હોમ કરે છે. આ ઉપર જુદા-જુદા યજ્ઞ કરનાર વર્ણવ્યા તે સર્વ યજ્ઞ જાણનાર છે, અને તે સર્વના પાપનો યજ્ઞથી ક્ષય થાય છે.

**યજ્ઞશિષ્ટામૃતભુજો યાન્તિ બ્રહ્મ સનાતનમ્।**
**નાયં લોકોઽસ્ત્યયજ્ઞસ્ય કુતોઽન્યઃ કુરુસત્તમ!॥૩૧॥**

કુરુસત્તમ - કુરુશ્રેષ્ઠ; સમ્બોધન
યજ્ઞશિષ્ટામૃતભુજઃ - યજ્ઞમાંથી અવશિષ્ટ રહેલું, અમૃતને ભોગવનારાઓ; વિશેષણ, વિ. "પુરુષાઃ યજ્ઞાત્ અવશિષ્ટં અમૃતં ભુઞ્જન્તિ ઈતિ" ઉપપદ
સનાતનમ્ - સનાતન; વિશેષણ, વિ. 'બ્રહ્મ'
બ્રહ્મ - બ્રહ્મ; નામ, દ્વિ.એ.વ., નપુ. 'બ્રહ્મન્'
યાન્તિ - જાય છે, મેળવે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ. 'યા' ૨ ગણ પરસ્મૈ.
અયજ્ઞસ્ય - યજ્ઞરહિતનો, યજ્ઞ ન કરનારો; નામ, ષ.એ.વ.,
અયમ્ - આ; સર્વનામ, પ્ર.એ.વ., 'ઇદમ્' પુ.
લોકઃ - લોંક; નામ, પ્ર.એ.વ., પુ.
સુખકારકઃ - સુખકરવાવાળો;
ન - નહિ; અવ્યય
અસ્તિ - છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ પરસ્મૈ.
તર્હિ - તો પછી; અવ્યય
અન્યઃ - બીજો પરલોક; સર્વનામ, પ્ર.એ.વ., પુ.



કુતઃ - ક્યાં; અવ્યય (સુખદાયકઃ ભવિષ્યતિ? - સુખદાયક થાશે?)

**શ્લોકાર્થ :** યજ્ઞના અવશિષ્ટ અમૃતનો ભોગ કરનાર સનાતન બ્રહ્મ પ્રાપ્ત કરે છે. હે કુરુસત્તમ! યજ્ઞ ન કરનારને આ લોક પણ નથી. તો અન્ય તો ક્યાંથી જ હોય?

**વિવેચન :** યજ્ઞ કરતાં અવશિષ્ટ રહેલા અમૃતનો જે ભોગ કરે છે તેને પરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે. યજ્ઞ ન કરે તેને આ લોક પણ સુખરૂપ થતો નથી. યજ્ઞ ન કરનારને આ અલ્પાનન્દ લોકમાં અલ્પ આનન્દની પણ પ્રાપ્તિ થતી નથી તો અન્ય લોકની એટલે દિવ્ય લોકની પ્રાપ્તિ ક્યાંથી જ થાય? તેથી યજ્ઞ અવશ્ય કરવા જોઈએ. બ્રહ્મજ્ઞાનીઓએ કર્મનો ત્યાગ કરવાનો છે તેઓ પણ ઉપર વર્ણવેલ બ્રહ્મયજ્ઞ કરે છે. તેથી કર્મ કર્યા વિના કોઈ ક્ષણ પણ રહી શકતું નથી એ પણ સ્પષ્ટ થાય છે. તેથી યજ્ઞ અવશ્ય કરવા.

**વિશેષ :** યજ્ઞ ક્રિયાત્મક અને જ્ઞાનાત્મક હોય છે. ક્રિયાત્મક યજ્ઞમાં ક્રિયાનું પ્રાધાન્ય છે અને તેમાં જુદા-જુદા દેવોનું યજન થાય છે અને તે જ પ્રકારે આહુતિ પણ અપાય છે. આ બધા જુદા-જુદા દેવતાઓ પરમાત્માના જુદા-જુદા અઙ્ગરૂપે છે અને એ કારણે પરમાત્માને પૂજન અને નિવેદન પહોંચે છે. ત્યાર પછીનો અવશિષ્ટ પદાર્થ નિષ્પાપ બને છે. નિષ્પાપ પદાર્થનું સેવન, અંતઃકરણને શુદ્ધ બનાવતાં બ્રહ્મરસનું પાન કરવા લાયક ઠરે છે.

જ્ઞાનાત્મક યજ્ઞ સ્વાધ્યાયદ્વારા અન્તરવિચારોને શુદ્ધભાવ તરફ લઈ જાય છે. આ રીતે પણ અન્તઃકરણ શુદ્ધ થાય છે. તાત્પર્ય કે ક્રિયાત્મક યજ્ઞ અથવા જ્ઞાનાત્મક યજ્ઞ બ્રહ્મરસનું પાન કરાવી શકે છે. આને જ 'અમૃત' સંજ્ઞા આપવામાં આવી છે. આ પ્રકારના અમૃતનો ઉપભોગ કરતાં-કરતાં બ્રહ્મની સાથે ઐક્યભાવ પામી શકાય છે. કેટલાક આને મોક્ષ પણ કહે છે. વસ્તુતઃ આનન્દમય સ્વરૂપ સાથેનો સમ્બન્ધ સનાતનબ્રહ્મ કહેવાય છે. આ પ્રકારના અમૃતનો ઉપભોગ જેને મળતો નથી તેનું જીવન કેવળ ભારરૂપ છે. એટલે આ લોક પણ નિરુપયોગી થાય છે અને તેવી જ રીતે પરલોક પણ નિરુપયોગી બને છે. જો કે એના જીવનમરણનો વિષય તો ચાલુ રહે છે॥૩૧॥

**એવં બહુવિધા યજ્ઞા વિતતા બ્રહ્મણો મુખે।**
**કર્મજાન્ વિદ્ધિ તાન્ સર્વાન્ એવં જ્ઞાત્વા વિમોક્ષ્યસે ॥૩૨॥**

**એવમ્** - **એ પ્રમાણે;** અવ્યય
**બહુવિધાઃ** - **બહુ પ્રકારના;** વિશેષણ, વિ. 'યજ્ઞાઃ'
**યજ્ઞાઃ** - **યજ્ઞો;** નામ, પ્ર.બ.વ., પુ.
**બ્રહ્મણઃ** - **બ્રહ્માના;** નામ, ષ.એ.વ., પુ.
**મુખે** - **મુખમાં;** નામ, સ.એ.વ.,
**વિતતાઃ** - **વિસ્તાર પામેલા;** વિશેષણ, વિ. 'યજ્ઞાઃ'
**સન્તિ** - **છે;** ક્રિયાપદ, તૃ.પુ.બ.વ. 'અસ્'
**તાન્** - **તેઓને;** સર્વનામ, દ્વિ.બ.વ., 'તદ્' પુ.
**સર્વાન્** - **બધાને;** સર્વનામ, દ્વિ.બ.વ., 'સર્વ' પુ.
**કર્મજાન્** - **કર્મથી ઉત્પન્ન થયેલા;** નામ, દ્વિ.બ.વ., પુ.
**વિદ્ધિ** - **જાણ;** ક્રિ. આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ., 'વિદ્' ૨ ગણ આત્મને.
**એવમ્** - **એ પ્રમાણે;** અવ્યય
**જ્ઞાત્વા** - **જાણીને;** વિધેય કૃદન્ત
**વિમોક્ષ્યસે** - **મોક્ષ પામીશ, મુક્ત થઈશ;** ક્રિ. કર્મણિ ભવિષ્યકાળ, દ્વિ.પુ.એ.વ., 'વિ + મુચ્' ૬ ગણ

**શ્લોકાર્થ :** આવી રીતે વેદમાં બહુ પ્રકારના યજ્ઞો વિસ્તારથી કહેલા છે. તે સર્વ કર્મથી થતા જાણ. એમ જાણીને તું મુક્ત થઈશ.

**વિવેચન :** વેદમાં ઉપર કહ્યા તેવા બહુ પ્રકારના યજ્ઞો વિસ્તારપૂર્વક કહેલા છે. તે સર્વ યજ્ઞો કર્મથી અથવા ક્રિયાથી સિદ્ધ થાય છે એમ જાણ. એમ જાણવાથી તને મોક્ષ પ્રાપ્ત થશે.

**વિશેષ :** વેદમાં અનેક પ્રકારના યજ્ઞો બતાવવામાં આવેલા છે. એ બધા યજ્ઞો રજોગુણમય છે. છતાં પણ જો નિષ્કામ ભાવે કરવામાં આવે તો ઘણા લાંબા કાળે ભાવનાઓ બદલાય છે ખરી; અને અન્તઃકરણમાં સાત્ત્વિક ભાવનાઓનો ઉદય થાય છે ખરો. સાત્ત્વિક ભાવનાઓ સાત્ત્વિક વિચારોને જાગૃત કરે છે અને એ રીતે જે-જે જ્ઞાનપોષક ભાવોનું પ્રાકટ્ય હૃદયમાં થાય તે-તે પ્રકારનાં સાધનો તરફ ચિત્ત અવલમ્બે છે. આ અવલમ્બનને



આધારે પોતાના વિચારો પરમાત્મા તરફ યોજે છે અને બ્રહ્મભાવ ઉભો કરે છે.

**શ્રેયાન્ દ્રવ્યમયાદ્ યજ્ઞાત્ જ્ઞાનયજ્ઞઃ પરન્તપ!।**
**સર્વં કર્માખિલં પાર્થ! જ્ઞાને પરિસમાપ્યતે ॥૩૩॥**

**પરન્તપ** - **અર્જુન, શત્રુને તાપ આપનાર;** સમ્બોધન
**દ્રવ્યમયાત્** - **દ્રવ્યવાળા;** વિશેષણ, વિશેષ્ય 'યજ્ઞાત્'
**યજ્ઞાત્** - **યજ્ઞથી;** નામ, પં.એ.વ., પુ. 'યજ્ઞ'
**જ્ઞાનયજ્ઞઃ** - **જ્ઞાનરૂપી યજ્ઞ;** નામ, પ્ર.એ.વ., પુ.
**શ્રેયાન્** - **વધારે સારો;** વિશેષણ, વિશેષ્ય 'જ્ઞાનયજ્ઞ'
**યતઃ** - **કેમકે;** અવ્યય
**પાર્થ** - **અર્જુન;** સમ્બોધન
**સર્વમ્** - **બધું;** સર્વનામ, પ્ર.એ.વ., 'સર્વ' નપુ.
**અખિલમ્** - **બધું પાપ જેમાં નહિ તે;** વિશેષણ, વિ. 'કર્મન્'
**કર્મ** - **કર્મ;** નામ, પ્ર.એ.વ., 'કર્મન્' નપુ.
**જ્ઞાને** - **જ્ઞાનમાં;** નામ, સ.એ.વ., પુ.
**પરિસમાપ્યતે** - **પરિણામ પામે છે;** ક્રિ. વ.કા., કર્મણિ પરિ + સમ્ + આપ્ ૫ ગણ

**શ્લોકાર્થ :** હે પરન્તપ! દ્રવ્યમય યજ્ઞથી જ્ઞાનયજ્ઞ વધારે સારો છે. હે પાર્થ! સર્વ કર્મ જ્ઞાનમાં સમ્પૂર્ણ સમાપ્ત થાય છે.

**વિવેચન :** એ પ્રમાણે ભિન્ન-ભિન્ન યજ્ઞોનો બોધ કરી, અન્ય સર્વ યજ્ઞ કરતાં સાંખ્ય અને યોગના એકાર્થરૂપ બ્રહ્માત્મક જ્ઞાનયજ્ઞ ઉત્તમ છે એમ કહે છે, કારણ કે તેમાં સર્વ કર્મ જ્ઞાનમાં સમ્પૂર્ણ એટલે ફલસહિત સમાઈ જાય છે.

શ્રીભાગવત ૧૦।૮૧।૩૮ ઉપરનાં શ્રીસુબોધિનીમાં આ શ્લોકનું અનુસન્ધાન કરેલું છે.

**તદ્ વિદ્ધિ પ્રણિપાતેન પરિપ્રશ્નેન સેવયા।**
**ઉપદેક્ષ્યન્તિ તે જ્ઞાનં જ્ઞાનિનઃ તત્ત્વદર્શિનઃ ॥૩૪॥**

**પાર્થ!** - **હે અર્જુન!** સમ્બોધન,
**ત્વમ્** - **તું**
**તત્** - **તે;** સર્વનામ, દ્વિ.એ.વ., 'તત્' નપુ.
**જ્ઞાનમ્** - **જ્ઞાન;** નામ, પ્ર.એ.વ. નપુ.
**પ્રણિપાતેન** - **દણ્ડવત્ પ્રણામથી;** નામ, તૃ.એ.વ., પુ.
**પરિપ્રશ્નેન** - **નિષ્કપટ પ્રશ્નોની પરમ્પરાથી;** નામ, તૃ.એ.વ., પુ.
**ચ** - **અને;** અવ્યય
**સેવયા** - **સેવાથી, સેવાવડે;** નામ, તૃ.એ.વ., સ્ત્રી.
**પ્રાપ્યતે ઇતિ** - **પ્રાપ્ત થાય છે એમ;** ક્રિયાપદ
**વિદ્ધિ** - **જાણ;** ક્રિ. આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ., 'વિદ્' ૨ ગણ
**એવમ્** - **આ પ્રકારે**
**તત્ત્વદર્શિનઃ** - **તત્ત્વને જોનારાઓ, મર્મને સમજનારાઓ;** નામ, પ્ર.બ.વ.,
**જ્ઞાનિનઃ** - **જ્ઞાનીઓ;** નામ, પ્ર.બ.વ.,
**તે** - **તને;** સર્વનામ, ચ.એ.વ., 'યુષ્મદ્'
**જ્ઞાનમ્** - **જ્ઞાન;** નામ, દ્વિ.એ.વ., નપુ.
**ઉપદેક્ષ્યન્તિ** - **ઉપદેશ કરશે;** ક્રિ. ભવિષ્યકાળ, તૃ.પુ.બ.વ., ઉપ + દિશ્ ૬ ગણ

**શ્લોકાર્થ:** દણ્ડવત્ પ્રણામદ્વારા, નિષ્કપટ ભાવથી પૂછેલા પ્રશ્નોવડે અને સેવાવડે તે જ્ઞાનને તું જાણ; તત્ત્વને જોનારાઓ (સમજનારાઓ) તને જ્ઞાનનો ઉપદેશ કરશે.

**વિવેચન:** પ્રણિપાત અથવા પોતાનું અમાનિપણું દર્શાવનાર કાયિક પ્રણામ કરવા, પરિપ્રશ્ન એટલે પ્રણય પૂર્વક વારંવાર પ્રશ્ન કરવા અને સેવા કરવા વડે તું તે જ્ઞાન જાણ. જ્ઞાનની પ્રાપ્તિ પ્રણામ અને પ્રણય પૂર્વક પ્રશ્ન પૂછવાથી તથા જ્ઞાનીઓની સેવા કરવાથી થાય છે એમ જાણ. તને તત્ત્વદર્શી જ્ઞાનીઓ જ્ઞાનનો ઉપદેશ કરશે.

**યજ્ જ્ઞાત્વા ન પુનર્ મોહમ્ એવં યાસ્યસિ પાણ્ડવ!।**
**યેન ભૂતાન્યશેષેણ દ્રક્ષ્યસ્યાત્મન્યથો મયિ॥૩૫॥**

**યત્** - **જેને;** સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.
**જ્ઞાત્વા** - **જાણીને;** વિધેય કૃદન્ત



**ત્વમ્** - **તું;** સર્વનામ, પ્ર.એ.વ. 'યુષ્મદ્'
**પુનઃ એવમ્** - **ફરીથી એ પ્રમાણે;** અવ્યય
**મોહમ્** - **મોહને;** નામ, દ્વિ.એ.વ., પુ. 'મોહ'
**ન** - **નહિ;** અવ્યય
**યાસ્યસિ** - **તું પામીશ;** ક્રિ. ભ.કા., દ્વિ.પુ.એ.વ., 'યા' ૨ ગણ
**પાણ્ડવ** - **અર્જુન;** સમ્બોધન
**યેન** - **જે;** સર્વનામ, તૃ.એ.વ., 'યત્'
**જ્ઞાનેન** - **જ્ઞાનવડે;** તૃ.એ.વ.
**આત્મનિ** - **આત્મામાં;** નામ, સ.એ.વ., પુ. 'આત્મન્'
**અશેષેણ** - **સમ્પૂર્ણતાથી;** નામ, તૃ.એ.વ., પુ. 'અશેષ'
**ભૂતાનિ** - **ભૂતોને, પ્રાણીઓને;** નામ, દ્વિ.બ.વ., નપુ.
**દ્રક્ષ્યસિ** - **જોઈશ;** ક્રિ. ભ.કા., દ્વિ.પુ.એ.વ., 'દશ્ (પશ્ય)' ૧ ગણ
**અથ ઉ** - **પછી પૂરક;** અવ્યય
**મયિ** - **મારામાં;** સર્વનામ, સ.એ.વ., 'અસ્મદ્'
(સર્વાણિ ભૂતાનિ દ્રક્ષ્યતિ - સર્વ ભૂતોને જોશે; ક્રિયાપદ)

**શ્લોકાર્થ:** હે પાણ્ડવ! તે જાણીને તને પુનઃ આવી રીતે મોહ થશે નહિ. તેથી સર્વ ભૂતોને તારા પોતામાં તેમજ મારામાં તું જોઈશ.

**વિવેચન:** અહીંથી સાડાત્રણ શ્લોકથી જ્ઞાનનું ફલ કહે છે. સાંખ્ય અને યોગ ના એકાર્થરૂપ બ્રહ્માત્મક જ્ઞાન તને પ્રાપ્ત થશે. ત્યાર પછી તને આવી રીતે મોહ થશે નહિ, અને ચિદંશભૂત સર્વ પ્રાણીઓને તું ચેતન પુરુષમાં અને મારામાં જોઈશ. આ શ્લોક "તત્ ત્વમ્ અસિ" નામના મહાવાક્યને સમજાવે છે.

**અપિ ચેદ્ અસિ પાપેભ્યઃ સર્વેભ્યઃ પાપકૃત્તમઃ।**
**સર્વં જ્ઞાનપ્લવેનેવ વૃજિનં સન્તરિષ્યસિ॥૩૬॥**

**ચેદ્** - **જો;** અવ્યય
**ત્વમ્** - **તું;** સર્વનામ, પ્ર.એ.વ. 'યુષ્મદ્'
**સર્વેભ્યઃ** - **બધા કરતાં;** સર્વનામ, પં.બ.વ.,
**પાપેભ્યઃ** - **પાપીઓ કરતાં;** નામ, પં.બ.વ., નપુ. 'પાપ'

અપિ - પણ; અવ્યય
**પાપકૃત્તમઃ - સૌથી વધારે પાપ કરનારો;** નામ, પ્ર.એ.વ.,
**અસિ - તું હોઈશ;** ક્રિ. વ.કા., દ્વિ.પુ.એ.વ., 'અસ્' ર ગણ પરસ્મૈ.
**તદાપિ - ત્યારે પણ;** અવ્યય
**જ્ઞાનપ્લવેન - જ્ઞાનરૂપી વહાણથી;** નામ, તૃ.એ.વ.,
**એવ - માત્ર;** અવ્યય
**સર્વમ્ - બધું;** સર્વનામ, દ્વિ.એ.વ.,
**વૃજિનમ્ - પાપને;** નામ, દ્વિ.એ.વ., નપુ. 'વૃજિન્'
**સન્તરિષ્યસિ - સારી રીતે તરી જશે;** ક્રિ. ભ.કા., દ્વિ.પુ.એ.વ., સમ્ + તૅ ૧ ગણ પરસ્મૈ.

**શ્લોકાર્થ:** વળી જો સર્વ પાપીઓથી વધારે પાપી હોઈશ તો પણ જ્ઞાનરૂપી નૌકાથી જ સર્વ પાપને સહેલથી તરી જઈશ.

**યથૈધાંસિ સમિદ્ધોઽગ્નિઃ ભસ્મસાત્કુરુતેઽર્જુન !।**
**જ્ઞાનાગ્નિઃ સર્વકર્માણિ ભસ્મસાત્ કુરુતે તથા ॥૩૭॥**

**અર્જુન - અર્જુન;** સમ્બોધન
**યથા - જેવી રીતે;** અવ્યય
**સમિદ્ધઃ - પ્રજ્વલિત;** વિશેષણ, વિ. 'અગ્નિ' ભૂ.કૃ., સમ્ + ઈધ્ ૭ ગણ
**અગ્નિઃ - અગ્નિ;** નામ, પ્ર.એ.વ., પુ. 'અગ્નિ'
**એધાંસિ - ઈન્ધન, લાકડા;** નામ, દ્વિ.બ.વ., 'એધસ્' નપુ.
**ભસ્મસાત્ - ભસ્મમય;** નામ, અવ્યયી પ્રયોગ, 'સાત્' પ્રત્યય
**કુરુતે - કરે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'કૃ' ૮ ગણ આત્મને.
**તથા - તેવી રીતે;** અવ્યય
**જ્ઞાનાગ્નિઃ - જ્ઞાનરૂપી અગ્નિ;** નામ, પ્ર.એ.વ.
**સર્વકર્માણિ - બધાં કર્મોને;** નામ, દ્વિ.બ.વ., 'સર્વાણિ ચ કર્માણિ ચ' દ્વન્દ્વ
**ભસ્મસાત્ - ભસ્મમય;** નામ, અવ્યયીભાવ પ્રયોગ, 'સાત્' પ્રત્યય
**કુરુતે - કરે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'કૃ' ૮ ગણ આત્મને.

**શ્લોકાર્થ:** હે અર્જુન! જેમ પ્રજ્વલિત અગ્નિ કાષ્ઠને ભસ્મસાત્ કરે છે તેમ જ્ઞાનાગ્નિ સર્વ કર્મને ભસ્મસાત્ કરે છે.



**વિવેચન:** ગયા શ્લોકમાં પાપને સમુદ્ર ગણી જ્ઞાનને નૌકા કહી, પરન્તુ સમુદ્ર આગાધ વિસ્તૃત હોવાથી અને નૌકા નાની હોવાથી કદાચ નૌકા સમુદ્રમાં ડૂબી જાય તેવો ભય રહે, તેથી પુનઃ જ્ઞાનનું પ્રાબલ્ય દર્શાવનાર બીજું દૃષ્ટાન્ત કહે છે. જેમ પ્રજ્વલિત અગ્નિ કાષ્ઠને ભસ્મસાત્ કરે છે તેમ જ્ઞાનરૂપી અગ્નિ સર્વ કર્મને બાળીને ભસ્મસાત્ કરે છે.

બ્રહ્મસૂત્ર ૪।૧।૧૩ ઉપરના આણુભાષ્યમાં તથા શ્રીભાગવત ૧।૫।૨૫, ૧૦।૬૧।૩૨ અને ૧૦।૭૧।૩૩ ઉપરનાં શ્રીસુબોધિનીમાં આ શ્લોકનું અનુસન્ધાન કરેલું છે.

**વિશેષ:** આ શ્લોકમાં જ્ઞાનરૂપી નૌકાવડે તું તરી જશે એ પ્રમાણે ગયા શ્લોકમાં જણાવ્યું. એ હકીકતને વધારે સ્પષ્ટ આ શ્લોકમાં કરી છે. જીવને આત્મા સાથે શાશ્વત સમ્બન્ધ છે; પરન્તુ એ સમ્બન્ધ કર્મવશાત્ ઓછો થઈ ગયો છે. એટલે એના પૂર્વસ્વરૂપમાં હીનતા પ્રાપ્ત થઈ છે. એ હીનતા અને મોહને વશ થઈને કાંઈ ને કાંઈ ફળની આશાએ તે કર્મ કરે જાય છે અને પોતાનો ભગવત્સમ્બન્ધ-બ્રહ્મ સાથેનો સમ્બન્ધ ભૂલી જાય છે. એ સમ્બન્ધ બતાવવા એને જ્ઞાનની જરૂર પડે છે. જ્ઞાન સમ્બન્ધ બતાવે છે; એટલું જ નહિ પણ જણાવે છે કે જીવ બ્રહ્મનો અંશ છે; તાત્પર્ય કે બ્રહ્મ જેવો જ છે. આ પ્રકારનું જ્ઞાન પ્રાપ્ત થતાં સઘળાં કર્મો ભસ્મ થઈ જાય છે એટલે કર્મ ફળ આપવા સમર્થ બનતા નથી.

**ન હિ જ્ઞાનેન સદૃશં પવિત્રમ્ ઇહ વિદ્યતે।**
**તત્ સ્વયં યોગસંસિદ્ધઃ કાલેનાત્મનિ વિન્દતિ ॥૩૮॥**

**હિ - ચોક્કસ;** અવ્યય
**ઇહ - આ લોકમાં;** અવ્યય
**જ્ઞાનેન - જ્ઞાનથી;** નામ, તૃ.એ.વ., નપુ.
**સદૃશમ્ - જેવું;** અવ્યય
**પવિત્રમ્ - પવિત્ર કરનારું;** વિશેષણ, વિ. 'સાધનમ્'
**ન - નહિ;** અવ્યય
**વિદ્યતે - જણાય છે;** ક્રિ. વ.કા. કર્મણિ, તૃ.પુ.એ.વ., 'વિદ્' ૨ ગણ
**તત્ - તે જ્ઞાન;** સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.

**કાલેન - સમયે, યોગ્ય સમયે;** નામ, તૃ.એ.વ., પુ. 'કાલ'
**સ્વયમ્ - એની મેળે, પોતે જ;** સર્વનામ, અવ્યય
**યોગસંસિદ્ધઃ - યોગવડે સિદ્ધ થયેલો, સમત્વ બુદ્ધિરૂપ યોગવડે શુદ્ધ અન્તઃકરણવાળો;** વિશેષણ, વિ. 'પુરુષઃ'
**આત્મનિ - આત્મામાં;** નામ, સ.એ.વ., પુ. 'આત્મન્'
**વિન્દતિ - મેળવે છે;** ક્રિ.વ.કા., તૃ.પુ.એ.વ., 'વિદ્' ૬ ગણ પરસ્મૈ.

**શ્લોકાર્થ:** જ્ઞાનસમાન પવિત્ર અહીં કાંઈ નથી. પોતે યોગથી સિદ્ધ થએલો પુરુષ તે ( જ્ઞાન ) સમય જતાં પોતામાં પ્રાપ્ત કરે છે.

**વિવેચન:** તપ, ધ્યાન વિગેરે સાધનોમાં કોઈ જ્ઞાન સમાન પવિત્ર સાધન નથી. સાંખ્યરૂપ જ્ઞાન પણ યોગથી સિદ્ધ થએલો પુરુષ સમય જતાં પોતામાં પ્રાપ્ત કરે છે. કોઈ એકલા સાંખ્યને પ્રાપ્ત કરે છે, કોઈ એકલા યોગને પ્રાપ્ત કરે છે, પરન્તુ સાંખ્ય અને યોગ ના એકાર્થરૂપ આ જ્ઞાન પ્રાપ્ત થવું કઠિન છે.

**વિશેષ:** જ્ઞાનને પવિત્ર માનવામાં આવ્યુ છે. એથી એવો અર્થ નથી થતો કે લોકસમ્બન્ધી વ્યવહારવાળું જ્ઞાન પવિત્ર છે. આ પ્રકારનું જ્ઞાન તો કોઈ પણ જીવની અધોગતિ જ કરે છે. તાત્પર્ય કે વાસનામાં બદ્ધ ને બદ્ધ જ રાખે છે.

સમભાવવાળું જ્ઞાન એટલે બ્રહ્મજ્ઞાન અથવા શ્રીવાસુદેવ સિવાય બીજું કાંઈ નથી એ પ્રકારનું જ્ઞાન. આ જ્ઞાન જે માર્ગે તૈયાર થાય એ માર્ગને યોગ નામની સંજ્ઞા અપાય છે. આ પ્રકારના યોગનું કેટલાય કાળ સુધી સેવન કરવાથી પરાગતિ અથવા પરમજ્ઞાન અથવા ઉત્કૃષ્ટ જ્ઞાન પ્રાપ્ત થાય છે. અવિદ્યા, પ્રકૃતિ, અજ્ઞાન આ ત્રણ માયાના સમ્બન્ધે પોત-પોતાનાં નિરાળાં કાર્ય બજાવે છે. એક જીવની સાથે અવિદ્યા અને માયા નો સમ્બન્ધ થાય છે. આ સ્થિતિમાં જીવ કર્મપરાયણ બને છે. તાત્પર્ય કે એને જુદા-જુદા કર્મ કરવાનું મન અવાર-નવાર થયા કરે છે અને એ દ્વારા લાભ શોધવાનો પ્રયત્ન કરે છે.

પ્રકૃતિ એ જીવનો કાંઈક મૂળભાવ જણાય છે અને એ મૂળભાવના હિસાબે એની પ્રવૃત્તિ ચાલુ રહે છે. માયાનો એની સાથે સમ્બન્ધ થાય



છે. તે કાંઈક જુદા-જુદા પ્રપઞ્ચ બતાવે છે; પણ પ્રવૃત્તિમાં માયા કરતાં કાંઈક વિશેષ સામર્થ્ય જણાય છે. એ કારણે એની પ્રવૃત્તિ પોતાની સામાન્ય સ્થિતિમાં જ ચાલુ રહે છે. કોઈ પણ વિશેષ પક્ષ અઙ્ગીકાર કરતો નથી.

કોઈ એક જીવ કેવળ અજ્ઞાનનું જ ગ્રહણ કરી રહે છે. એવા જીવ પાસે તામસભાવ અથવા જડભાવ વધારે છે. આ પ્રકારનો બુદ્ધિનો જડભાવ તેને શું કરવું અને શું ન કરવું તેનો વિચાર થવા દેતો નથી એટલે એને પોતાના હિતાહિતની સમજ પડતી નથી. આ પરિસ્થિતિ ગમ્ભીર છે કેમકે એ અન્ધકારમાં પડેલી અવસ્થા જ ભોગવે છે. એની અજ્ઞાનતા બીજાને લાભકારક થાય છે. આ પ્રકારની મૂઢદશા વિષમતાને જ તૈયાર કરે છે.

**શ્રદ્ધાવાન્ લભતે જ્ઞાનં તત્પરઃ સંયતેન્દ્રિયઃ ।**
**જ્ઞાનં લબ્ધ્વા પરાં શાન્તિમ્ અચિરેણાધિગચ્છતિ ॥૩૯॥**

**સંયતેન્દ્રિયઃ - સંયત કરેલી છે ઇન્દ્રિય જેણે;** વિશેષણ, વિ. 'પુરુષઃ'
**તત્પરઃ - તત્પર, જ્ઞાનપર;** વિશેષણ, વિ. 'પુરુષઃ'
**શ્રદ્ધાવાન્ - શ્રદ્ધાવાળો;** વિશેષણ, વિ. 'પુરુષઃ'
**જ્ઞાનમ્ - જ્ઞાનને;** નામ, દ્વિ.એ.વ., નપુ.
**લભતે - મેળવે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'લભ્' ૧ ગણ આત્મને.
**જ્ઞાનમ્ - જ્ઞાનને;** નામ, દ્વિ.એ.વ., નપુ.
**લબ્ધ્વા - મેળવીને;** વિધેય કૃદન્ત
**અચિરેણ - વિના વિલમ્બે;** અવ્યય
**પરામ્ - શ્રેષ્ઠ, બ્રહ્મમયી;** વિશેષણ, વિશેષ્ય 'શાન્તિમ્'
**શાન્તિમ્ - શાન્તિને;** નામ, દ્વિ.એ.વ., સ્ત્રી. 'શાન્તિ'
**અધિગચ્છતિ - મેળવે છે, પામે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'અધિ + ગમ્' પરસ્મૈ. ૧ ગણ

**શ્લોકાર્થ:** શ્રદ્ધાવાન્, જ્ઞાનપરાયણ, અને ઇન્દ્રિયોને નિયમમાં રાખનાર જ્ઞાન પ્રાપ્ત કરે છે, અને જ્ઞાન પ્રાપ્ત કરી થોડા સમયમાં પરા શાંતિ પામે છે.

**વિવેચન:** ઉત્તમ જ્ઞાનનું દાન કોને કરવું તેની પરીક્ષા કરવા ગુરુ શિષ્યની શ્રદ્ધા જુએ છે. તેથી શ્રદ્ધાવાન્ હોય તેને જ જ્ઞાન પ્રાપ્ત થાય છે.

શ્રદ્ધાવાન્ જ્ઞાનપરાયણ અને ઇન્દ્રિયોનો સંયમ કરનાર પુરુષ જ્ઞાન પ્રાપ્ત કરે છે. જ્ઞાન પ્રાપ્ત થયા પછી પરા શાન્તિ અથવા ચિત્તની શાન્તિ તે મેળવે છે.

**વિશેષ :** શ્રદ્ધા, સઙ્કલ્પ અને ધૈર્ય આ ત્રણની ખાસ જરૂર છે. ગુરુવાક્ય, પ્રમાણવાક્ય અને શાસ્ત્રવાક્યમાં શ્રદ્ધા જોઈએ. 'સઙ્કલ્પ' એટલે નિશ્ચય - વિચાર. ધૈર્યદ્વારા જીવના કોઈ પણ કાર્યમાં આવતી મુશ્કેલીઓ સહન કરવાની શક્તિ કેળવાય છે. સહનશક્તિ વધતાં લાલચો દૂર થઈ લોલુપતા ઘટે છે. લોલુપતા ઓછી થતાં પઞ્ચ જ્ઞાનેન્દ્રિય અને પઞ્ચ કર્મેન્દ્રિય પર કાબુ મૂકી શકાય છે. આ પ્રકારનો કાબુ સ્થિર થતાં સમ (શાન્તિ), દમ, તિતિક્ષા અને ઉપરતિ પ્રાપ્ત થાય છે. આ પ્રકારની સ્થિતિને ઇન્દ્રિયજય કહેવાય છે. અભ્યાસમાં પણ આ પ્રકારના જયની આવશ્યક્તા છે. આ સ્થિતિ ક્રમેક્રમે જ્ઞાનને સિદ્ધ કરે છે જેથી પરમ શાન્તિ મળે છે. સમ - શાન્તિ (ચિત્તની શાન્તિ), દમ - દમન (ઇન્દ્રિયો પર કાબુ), તિતિક્ષા - સારાસારનો વિચાર કરી સાર ગ્રહણ કરવાની શક્તિ કેળવવી. ઉપરતિ - સાંસારિક પદાર્થોમાં ક્લેશભાવ જ ઉત્પન્ન થાય છે એમ માની એ તરફની (સાંસારિક પદાર્થો તરફની) મમતા કાઢી નાખવી.

**અજ્ઞશ્ચાશ્રદ્દધાનશ્ચ સંશયાત્મા વિનશ્યતિ ।**
**નાયં લોકોऽસ્તિ ન પરો ન સુખં સંશયાત્મનઃ ॥૪૦॥**

**અજ્ઞઃ** - ભગવત્ તત્ત્વને નહિ જાણનાર; વિશેષણ, વિ. 'પુરુષઃ'
**ચ** - અને; અવ્યય
**અશ્રદ્દધાનઃ** - શ્રદ્ધાને નહિ મેળવનાર; વ.કૃ., વિશેષણ, વિ. 'પુરુષઃ'
**ચ** - અને; અવ્યય
**સંશયાત્મા** - જેનું અન્તઃકરણ સંશયવાળું છે તે; વિશેષણ, વિ. 'પુરુષઃ'
**વિનશ્યતિ** - નાશ પામે છે, પરમસુખથી ભ્રષ્ટ થાય છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., વિ + નશ્ ૪ ગણ પરસ્મૈ.
**સંશયાત્મનઃ** - સંશયવાળા અન્તઃકરણવાળાને; નામ, ષ.એ.વ., પુ., ''સંશય એવ આત્મા યસ્ય ઇતિ'' બહુ.
**ન** - નહિ; અવ્યય
**અયમ્** - આ; સર્વનામ, પ્ર.એ.વ., 'ઇદમ્' પુ.



**લોકઃ** - લોક; નામ, પ્ર.એ.વ., પુ. 'લોક'
**અસ્તિ** - છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ
**ચ** - અને; અવ્યય
**સુખમ્** - સુખ; નામ, પ્ર.એ.વ., નપુ.
**ન** - નહિ; અવ્યય. **અસ્તિ** - છે; ક્રિયાપદ, તૃ.પુ.એ.વ. 'અસ્'

**શ્લોકાર્થ :** અજ્ઞ, શ્રદ્ધારહિત અને સંશયવાળો વિનાશ પામે છે. સંશયવાળાને આ લોક પરલોક અથવા સુખની પ્રાપ્તિ થતી નથી.

**વિવેચન :** શ્રદ્ધા વિના જ્ઞાન પ્રાપ્ત થતું નથી એમ કહ્યું, તેથી શ્રદ્ધારહિત હોય તે અધિકારી નથી એમ સિદ્ધ થયું. બીજા પણ અનધિકારીઓ કોણ છે તે કહે છે. અજ્ઞ એટલે ઉપદેશ કરેલ અર્થ પણ જે જાણતો ન હોય તે અજ્ઞાની પણ અધિકારી નથી. જ્ઞાન હોય તો પણ શ્રદ્ધા ન હોય તે પણ અધિકારી નથી. સંશયવાળો હોય તે પણ અધિકારી નથી. સંશયવાળાને કોઈ પણ પ્રકારનો નિશ્ચય થતો નહિ હોવાથી તે જ્ઞાનનો અનધિકારી જ છે. તેને આલોક - પરલોક અથવા સુખ પ્રાપ્ત થતું નથી. તેથી સંશયવાળા નહિ થતાં નિશ્ચયાત્મક બુદ્ધિ રાખવી ઉચિત છે.

**યોગસંન્યસ્તકર્માણં જ્ઞાનસંછિન્નસંશયમ્ ।**
**આત્મવન્તં ન કર્માણિ નિબધ્નન્તિ ધનઞ્જય ! ॥૪૧॥**

**ધનઞ્જય** - હે અર્જુન; સમ્બોધન
**યોગસંન્યસ્તકર્માણમ્** - સમત્વબુદ્ધિ રાખીને કર્મ જેણે ભગવદાર્પણ કર્યાં છે તેને; ''યોગેન સંન્યસ્તાનિ કર્માણિ યેન તમ્ ઇતિ'' બહુ. વિશેષણ, વિ. 'પુરુષમ્'
**જ્ઞાનસંછિન્નસંશયમ્** - જ્ઞાનવડે જેના સંશયો છેદાઈ ગયા છે તે; ''જ્ઞાનેન સંછિન્નાઃ સંશયાઃ યસ્ય તમ્'' બહુ. વિશેષણ, વિ. 'પુરુષમ્'
**આત્મવન્તમ્** - આત્માવાળો, ભગવત્પરાયણ; વિશેષણ, વિ. 'પુરુષમ્'
**પુરુષમ્** - પુરુષને; દ્વિ.એ.વ.
**કર્માણિ** - કર્મો; નામ, પ્ર.બ.વ., નપુ. 'કર્મન્'
**ન** - નહિ; અવ્યય
**નિબધ્નન્તિ** - બાંધે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., નિ + બધ્ પરસ્મૈ. ૯ ગણ

**શ્લોકાર્થ:** હે ધનઞ્જય! યોગથી જેણે કર્મનો ત્યાગ કરેલો છે, જ્ઞાનથી જેના સંશયો છેદાઈ ગએલા છે તેવા આત્મવાન્‌ને કર્મ બન્ધન કરતાં નથી.

**વિવેચન:** સાંખ્ય અને યોગ ઉભયના એકાર્થમાં જે તત્પર હોય તેને કર્મ બન્ધન થતું નથી એમ કહે છે. બહારથી ક્રિયા કરતો હોય છતાં પાછળ યોગનું વર્ણન કર્યું તેવા યોગથી ક્રિયાની સિદ્ધિ અથવા અસિદ્ધિ ઉભયમાં સમાન ચિત્ત રાખી અન્દરથી જેણે કર્મનો ત્યાગ કરેલો છે અર્થાત્ અન્દરથી જેને કર્મનો કાંઈ પણ સમ્બન્ધ નથી, અને સાંખ્ય જ્ઞાનથી જેના સર્વ સંશયો છેદાઈ ગયા છે અને તેથી આત્મા અથવા અનાત્મા સમ્બન્ધી સર્વ સંશયો દૂર થવાથી જેને અનાત્માનું અલ્પ પણ અભિમાન નથી અને જે માત્ર આત્મવાન્ જ છે તેવા પુરુષને તે જે કર્મ કરે તે બન્ધન કરતાં નથી.

**તસ્માદ્ અજ્ઞાનસમ્ભૂતં હૃત્સ્થં જ્ઞાનાસિનાત્મનઃ।**
**છિત્ત્વૈનં સંશયં યોગમ્ આતિષ્ઠોત્તિષ્ઠ ભારત!॥૪૨॥**

**તસ્માત્** - **તેટલા માટે;** અવ્યય
**ભારત** - **અર્જુન;** સમ્બોધન
**ત્વમ્** - **તું;** સર્વનામ, પ્ર.એ.વ. 'યુષ્મદ્'
**યોગમ્** - **યોગને;** નામ, દ્વિ.એ.વ., પુ. 'યોગ'
**આતિષ્ઠ** - **શરૂ કર, ધ્યાન આપ** ક્રિ. આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ., આ + સ્થા ૧ ગણ પરસ્મૈ.
**ચ** - **અને;** અવ્યય
**અજ્ઞાનસમ્ભૂતમ્** - **અવિદ્યાથી ઉત્પન્ન થયેલું;** વિશેષણ, વિ. ''સંશયમ્, અજ્ઞાનેન સમ્ભૂતમ્'' ઉપપદ
**હૃત્સ્થમ્** - **હૃદયમાં રહેલું;** વિશેષણ, વિ. 'સંશયમ્'
**એનમ્** - **આને;** સર્વનામ, દ્વિ.એ.વ., 'એતદ્' પુ.
**આત્મનઃ** - **આત્માનું;** નામ, ષ.એ.વ., 'આત્મન્'
**સંશયમ્** - **સંશયને;** નામ, દ્વિ.એ.વ., પુ. 'સંશય'
**જ્ઞાનાસિના** - **જ્ઞાનરૂપી તલવારથી;** નામ, તૃ.એ.વ., 'જ્ઞાનમ્ એવ અસિઃ' કર્મધારય
**છિત્ત્વા** - **છેદીને;** વિધેય કૃદન્ત



**ઉત્તિષ્ઠ** - **ઉભો થા;** ક્રિ. આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ., ઉત્ + સ્થા ૧ ગણ પરસ્મૈ.

**શ્લોકાર્થ:** તેથી હે ભારત! ઉઠ અને અજ્ઞાનથી ઉત્પન્ન થયેલા, હૃદયમાં રહેલા તારા આ સંશયને જ્ઞાનરૂપી તલવારથી છેદીને યોગ કર.

**વિવેચન:** તેથી હે ભારત! તું ઉઠ, સાંખ્ય બુદ્ધિ પ્રમાણે અનાત્મરૂપ સંશયને જ્ઞાનરૂપી અસિથી છેદી યોગ કર. તારા ક્ષત્રિયના કર્મયુદ્ધમાટે તૈયાર થા.

**વિશેષ:** આ શ્લોકમાં જીવને કર્તવ્યપરાયણ થવાનો ઉપદેશ આપે છે. જીવનો ધર્મ તો માત્ર કર્તવ્ય-કર્મ કર્યાં જ કરવાં અને તે ફરજરૂપે જ કરવાં. તેમાં ફળની આશા રાખવી નહિ. ફળની આશાએ કરેલાં કર્મ વાસનાઓને ઉભી કરે છે કોઈ પણ પ્રકારની આશા વિના કરેલાં કર્મ બુદ્ધિનું સમત્વ રાખી બ્રહ્મ સાથે સમ્બન્ધ રાખવામાં સહાયક થાય છે.

જીવનો મિત્ર અન્તર્યામી-આત્મા છે. એની દોરવણીથી જીવ પોતાના કાર્યમાં પ્રવૃત્ત થાય તો કોઈ પણ જાતના સંશય ઉભા થતા નથી. સંશય માત્ર અજ્ઞાનથી ઉભા થાય છે. એ કારણે આ શ્લોકમાં કહે છે કે તુ સંશય-અજ્ઞાનને છોડી દઈ તારા યુદ્ધકાર્યમાં પ્રવૃત્ત થા. આમ કરવાથી તુ તારી કીર્તિ સાચવશે અને નિષ્પાપ રહેશે; વિશેષમાં તુ જ્ઞાનનિષ્ઠ થશે અને બ્રહ્મ સાથે એકભાવને પણ પામશે.

**ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે**
**શ્રીકૃષ્ણાર્જુનસંવાદે 'કર્મબ્રહ્માર્પણયોગો' નામ**
**ચતુર્થોઽધ્યાયઃ ॥૪॥**

# ॥ અધ્યાય ૫ ॥

# કર્મસન્ન્યાસયોગ

પોતાનું કર્મ બહારથી કરવું પરન્તુ ફલમાં આસક્તિ ન રાખવી તેમજ કોઈ રીતે અન્દરથી કર્મનો સમ્બન્ધ ન રાખવો એ સાંખ્ય અને યોગ ઉભયનો એકાર્થ છે એમ પાછળ ચતુર્થ અધ્યાયમાં સારી રીતે પ્રતિપાદન કર્યું, તે નહિ સમજવાથી અર્જુન પુનઃ પોતાના શ્રેય સંબંધી પ્રશ્ન કરે છે.

અર્જુન ઉવાચ

**સન્ન્યાસં કર્મણાં કૃષ્ણ! પુનર્યોગં ચ શંસસિ।**
**યચ્છ્રેય એતયોરેકં તન્મે બ્રૂહિ સુનિશ્ચિતમ્॥૧॥**

**કૃષ્ણ** - કૃષ્ણ; સમ્બોધન
**કર્મણામ્** - **કર્મોનું;** નામ, ષ.બ.વ., નપુ. 'કર્મન્'
**સન્ન્યાસમ્** - **ત્યાગને;** નામ, દ્વિ.એ.વ., પુ. 'સન્ન્યાસ'
**ચ પુનઃ** - **અને ફરીથી;** અવ્યય
**યોગમ્** - **યોગને;** નામ, દ્વિ.એ.વ., પુ. 'યોગ'
**શંસસિ** - **વખાણે છે;** ક્રિ. વ.કા., દ્વિ.પુ.એ.વ., 'શંસ્' ૧ ગણ પરસ્મૈ.
**એતયોઃ** - **બેમાંથી, સન્ન્યાસ અને યોગમાંથી;** સર્વનામ, સ. દ્વિ વચન, પુ. 'એતદ્'
**એકમ્** - **એકને;** સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.
**યત્** - **જે;** સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.
**સુનિશ્ચિતમ્** - **સારી રીતે નિશ્ચય કરાયેલું;** વિશેષણ, વિ. 'શ્રેયઃ'
**શ્રેયઃ** - **કલ્યાણ;** નામ, દ્વિ.એ.વ., નપુ. 'શ્રેયસ્'
**તત્** - **તે;** સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.
**મે** - **મને;** સર્વનામ, ચ.એ.વ., 'અસ્મદ્'
**બ્રૂહિ** - **કહે;** ક્રિ. આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ., 'બ્રૂ' ૨ ગણ

**શ્લોકાર્થ :** હે કૃષ્ણ! સન્ન્યાસનો અને પુનઃ યોગનો ઉપદેશ કરો છો. આ બેમાંથી જે એક શ્રેયઃ હોય તે સારી રીતે નિશ્ચય કરી મને કહો.



**વિવેચન :** કર્મના સન્ન્યાસ અથવા ત્યાગ નો આપ ઉપદેશ કરો છો, વળી કર્મયોગનો પણ ઉપદેશ કરો છો. કર્મયોગ આચરે અથવા કર્મ કરે તેનાથી કર્મનો સમ્બન્ધ તજાય નહિ, તેથી સન્ન્યાસ થઈ શકે નહિ. કર્મનો સમ્બન્ધ તજી સન્ન્યાસ રાખે તો કર્મયોગ થઈ શકે નહિ. કર્મસન્ન્યાસ અને કર્મયોગ આવી રીતે પરસ્પર વિરુદ્ધ સ્વરૂપવાળા હોવાથી એક જ માણસ એક જ વખતે ઉભય કરી શકે નહિ. તેથી બેમાંથી જે એક શ્રેયસ્કર હોય તેનો મને સારી રીતે નિશ્ચય કરી આપ ઉપદેશ કરો.

શ્રીભગવાન્ ઉવાચ

**સન્ન્યાસઃ કર્મયોગશ્ચ નિઃશ્રેયસકરાવુભૌ।**
**તયોસ્તુ કર્મસન્ન્યાસાત્ કર્મયોગો વિશિષ્યતે॥૨॥**

**સન્ન્યાસઃ** - **સન્ન્યાસ;** નામ, પ્ર.એ.વ., પુ.
**ચ** - **અને;** અવ્યય
**કર્મયોગઃ** - **કર્મયોગ;** નામ, પ્ર.એ.વ., પુ.
**ઉભૌ** - **બન્ને;** સર્વનામ, પ્ર. દ્વિવચન, પુ.
**નિઃશ્રેયસકરૌ** - **કલ્યાણ કરનારા;** નામ, પ્ર. દ્વિવચન, પુ.
**સ્તઃ** - **છે;** ક્રિયાપદ
**તુ** - **પણ;** અવ્યય
**તયોઃ** - **તે બેમાંથી;** સર્વનામ, સ.દ્વિવચન
**કર્મસન્ન્યાસાત્** - **કર્મના ત્યાગ કરતાં;** નામ, પં.એ.વ.,
**કર્મયોગઃ** - **કર્મમાં જોડાવું તે;** નામ, પ્ર.એ.વ., પુ. 'કર્મયોગ'
**વિશિષ્યતે** - **શ્રેષ્ઠ છે;** ક્રિ. વ.કા. કર્મણિ, તૃ.પુ.એ.વ., વિ + શિષ્ ૭ ગણ

**શ્લોકાર્થ :** સન્ન્યાસ અને કર્મયોગ ઉભય નિઃશ્રેયસ્કર છે, પણ તે બેમાં કર્મસન્ન્યાસ કરતાં કર્મયોગ વધારે સારો છે.

**વિવેચન :** સાંખ્યનો કર્મસન્ન્યાસ અને કર્મયોગ ઉભય શ્રેયસ્કર છે. ઉભય મુખ્ય સાધન છે અને સ્વતન્ત્રતાથી પુરુષાર્થના સાધન છે. આ બેમાંથી કોઈ એકબીજાનું અઙ્ગ નથી. આ બેમાંથી હરકોઈ એકનું આચરણ કરે તેને મોક્ષરૂપ શ્રેયઃ પ્રાપ્ત થાય છે. તથાપિ સન્ન્યાસ કરતાં કર્મયોગ વધારે સારો છે. સન્ન્યાસમાં બહારથી પણ સર્વ કર્મનો ત્યાગ કરવાનો છે.

કર્મયોગમાં બહારથી કર્મનો ત્યાગ ન કરતાં માત્ર મનથી જ ત્યાગ કરવાનો છે. કર્મયોગ સન્ન્યાસ કરતાં ઉત્તમ છે, કારણ કે તત્ત્વજ્ઞાનીઓ પણ લોકાનુગ્રહ માટે કર્મ કરે છે. તેથી મનથી જ કર્મનો ત્યાગ કરવો અને બહારથી ત્યાગ ન કરતાં કર્મ કરવું એ તારે માટે પણ ઉત્તમ છે.

**જ્ઞેયઃ સ નિત્યસન્ન્યાસી યો ન દ્વેષ્ટિ ન કાંક્ષતિ।**
**નિર્દ્વન્દ્વો હિ મહાબાહો! સુખં બન્ધાત્ પ્રમુચ્યતે॥૩॥**

**મહાબાહો** - **અર્જુન;** સમ્બોધન
**યઃ** - **જે;** સર્વનામ, પ્ર.એ.વ., 'યત્' પુ.
**ન** - **નહિ;** અવ્યય
**દ્વેષ્ટિ** - **દ્વેષ કરે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'દ્વિષ્' ૨ ગણ પરસ્મૈ.
**ચ ન** - **અને નહિ;** અવ્યય
**કાંક્ષતિ** - **ઇચ્છે છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ., 'કાઙ્ક્ષ્' ૧ ગણ પરસ્મૈ.
**સઃ** - **તે;** સર્વનામ, પ્ર.એ.વ., 'તત્' પુ.
**નિત્યસન્ન્યાસી** - **હંમેશાનો ત્યાગી;** નામ, પ્ર.એ.વ., 'સંન્યાસિન્' પુ.
**જ્ઞેયઃ** - **જાણવું જોઈએ;** કર્મણિ વિધ્યર્થ કૃદન્ત, વિશેષણ, વિ. 'સઃ'
**હિ** - **ચોક્કસ;** અવ્યય
**નિર્દ્વન્દ્વઃ** - **દ્વન્દ્વ જેને નથી;** વિશેષણ, વિ. 'સઃ'
**સુખમ્** - **સુખવડે, સુખથી;** અવ્યય, નામ
**બન્ધાત્** - **બન્ધનમાંથી;** નામ, પં.એ.વ.,
**પ્રમુચ્યતે** - **તદ્દન મુક્ત થાય છે;** ક્રિ.વ.કા. કર્મણિ, તૃ.પુ.એ.વ., પ્ર + મુચ્ ૬ ગણ કર્મણિ

**શ્લોકાર્થ**: હે મહાબાહો! જે દ્વેષ કરતો નથી અને ઇચ્છા રાખતો નથી તેને નિત્યસન્ન્યાસી જાણવો, કારણ કે દ્વન્દ્વરહિત તે સહેલાઈથી બન્ધનમાંથી મુક્ત થાય છે.

**વિવેચન**: યોગમાર્ગ પ્રમાણે કર્મ કરતો હોય તો પણ દ્વેષ કરતો ન હોય, ઇચ્છા રાખતો ન હોય અને દ્વન્દ્વરહિત હોય તે નિત્યસન્ન્યાસી જ છે. જે દ્વેષ કરતો ન હોય, કર્મફલની ઇચ્છા રાખતો ન હોય, અને લાભ અને હાનિ, જય અને પરાજય વિગેરે દ્વન્દ્વોથી રહિત હોય, તેણે દ્વન્દ્વનો ત્યાગ કરેલો હોવાથી તે નિત્ય સન્ન્યાસી જ છે. તે



બંધમાંથી સહેલાઈથી મુક્ત થાય છે. તું મહાબાહુવાળો હોવાથી તારે પણ એમજ કરવું ઉચિત છે.

**સાંખ્ય-યોગૌ પૃથગ્ બાલાઃ પ્રવદન્તિ ન પણ્ડિતાઃ।**
**એકમપ્યાસ્થિતઃ સમ્યગ્ ઉભયોર્ વિન્દતે ફલમ્॥૪॥**

**સાંખ્યયોગૌ** - **સાંખ્ય અને યોગ;** દ્વન્દ્વ સમાસ, દ્વિ.વ. દ્વિ.વ. પુ.
**બાલાઃ** - **મૂર્ખાઓ;** નામ, પ્ર.બ.વ.,
**પૃથક્** - **જુદા;** અવ્યય
**પ્રવદન્તિ** - **કહે છે;** ક્રિ.વ.કા., તૃ.પુ.બ.વ., 'પ્ર+વદ્' પરસ્મૈ. ૧ ગણ
**પણ્ડિતાઃ** - **પણ્ડિતો;** નામ, પ્ર.બ.વ. **ન** - **નહિ;** અવ્યય
**યતઃ** - **કેમકે;** અવ્યય
**એકમ્** - **એક;** વિશેષણ, વિ. 'સાંખ્ય' નામ, દ્વિ.એ.વ.,
**અપિ, સમ્યક્** - **પણ, સારી રીતે;** અવ્યય
**આસ્થિતઃ** - **સ્થિર થયેલો;** વિશેષણ, વિ. 'પુરુષઃ' ભ.કૃ.
**ઉભયોઃ** - **બન્નેનું;** સર્વનામ, ષ.દ્વિ.વ.
**ફલમ્** - **ફળ;** નામ, દ્વિ.એ.વ., નપુ. 'ફલ'
**વિન્દતે** - **મેળવે છે;** ક્રિ. તૃ.પુ.એ.વ., 'વિન્દ્' ૬ ગણ

**શ્લોકાર્થ**: સાંખ્ય અને યોગ ને બાલકો જુદાં કહે છે, પણ્ડિતો કહેતા નથી. એકને પણ સારી રીતે આચરવાથી ઉભયનું ફલ પ્રાપ્ત કરે છે.

**વિવેચન**: સાંખ્ય અને યોગ ભિન્ન-ભિન્ન શાસ્ત્ર હોવા છતાં તેમનો એક જ અર્થ કેમ કહો છો? એવી શઙ્કા થાય, તે માટે ઉભય શાસ્ત્રો પણ એક જ ફલ પ્રાપ્ત કરાવનાર હોવાથી તથા તેઓનો એક જ અર્થ હોવાથી ઉભય શાસ્ત્રો એક જ છે એમ કહે છે. સાંખ્યમાં કર્મનો ત્યાગ કરવાનો છે અને યોગમાં કર્મ કરવાનાં છે, એવો ભેદ હોવા છતાં યોગમાં પણ લાભ અને હાનિ, જય અને પરાજય વિગેરે દ્વન્દ્વનો ત્યાગ કરીને અન્દરથી કર્મ સાથે કંઈ પણ સમ્બન્ધ રાખ્યા વિના કર્મ કરવાનાં હોવાથી ઉભયનો એક જ અર્થ છે. તેથી બાલક અથવા મૂર્ખ જ સાંખ્ય અને યોગ ને જુદાં કહે છે, પણ્ડિતો જુદાં કહેતા નથી. આ બેમાંથી એકનું પણ આચરણ કરવાથી સારી રીતે ફલની પ્રાપ્તિ થાય છે.

यत् सांख्यैः प्राप्यते स्थानं तद् योगैरपि गम्यते।
एकं सांख्यं च योगं च यः पश्यति स पश्यति॥५॥

**સાંખ્યૈઃ** - **સાંખ્યવડે;** નામ, તૃ.બ.વ.
**યત્** - **જે;** સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
**સ્થાનમ્** - **સ્થાનને;** નામ, પ્ર.એ.વ., નપુ. 'સ્થાન'
**પ્રાપ્યતે** - **મેળવાય છે;** ક્રિ.વ.કા. કર્મણિ, તૃ.પુ.એ.વ., પ્ર+આપ્ ૫ ગણ
**યોગૈઃ** - **નિષ્કામ કર્મયોગીઓ વડે;** નામ, તૃ.બ.વ., પુ. 'યોગ'
**અપિ** - **પણ;** અવ્યય
**તત્** - **તે;** સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
**ગમ્યતે** - **મેળવાય છે;** ક્રિ.વ.કા. કર્મણિ, તૃ.પુ.એ.વ., 'ગમ્' ૧ ગણ
**યઃ** - **જે;** સર્વનામ, પ્ર.એ.વ., પુ.
**સાંખ્યમ્** - **જ્ઞાનયોગ;** નામ, દ્વિ.એ.વ., પુ. 'સાંખ્ય'
**ચ** - **અને;** અવ્યય
**યોગમ્** - **નિષ્કામ કર્મયોગ;** નામ, દ્વિ.એ.વ. પુ. 'યોગ'
**એકમ્** - **એક સરખા;** વિશેષણ, વિ. 'સાંખ્યયોગમ્'
**પશ્યતિ** - **જુવે છે;** ક્રિ.વ.કા., તૃ.પુ.એ.વ., 'દૃશ્'(પશ્ય) ૧ ગણ પરસ્મૈ.
**સઃ** - **તે;** સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'તત્'
**ચ** - **જ;** અવ્યય (યથાર્થમ્ - યથાર્થને)
**પશ્યતિ** - **જુવે છે;** પૂર્વવત્

**શ્લોકાર્થ:** સાંખ્યોને જે સ્થાન પ્રાપ્ત થાય છે તે યોગોથી પણ પ્રાપ્ત થાય છે. જે સાંખ્ય અને યોગ ને એક જાણે છે તે ખરું જાણે છે.

**વિવેચન:** સાંખ્ય રીતિથી કર્મનો ત્યાગ કરનારને જે મોક્ષરૂપી સ્થાન પ્રાપ્ત થાય છે તે જ સ્થાન યોગનું આચરણ કરનારાઓને પણ પ્રાપ્ત થાય છે. સાંખ્ય અને યોગ ઉભય સ્વતન્ત્રતાથી તે જ ફલ આપનાર હોવાથી એક જ છે. એક જ ફલ આપનાર સાંખ્ય અને યોગ ને જે એક જ જાણે છે તે સત્ય જાણે છે.

सन्न्यासस्तु महाबाहो दुःखम् आप्तुम् अयोगतः।
योगयुक्तो मुनिर् ब्रह्म न चिरेणाधिगच्छति॥६॥



**તુ** - **પરન્તુ;** અવ્યય
**મહાબાહો** - **અર્જુન;** સમ્બોધન
**અયોગતઃ** - **કર્મયોગ વિના;** નામ, પં.એ.વ.,
**સન્ન્યાસઃ** - **સન્ન્યાસ, જ્ઞાનપ્રયોગ;** નામ, પ્ર.એ.વ.,
**આપ્તુમ્** - **મેળવવાને;** હેત્વર્થ કૃદન્ત
**દુઃખમ્** - **દુઃખને;** નામ, દ્વિ.એ.વ. નપુ.
**અસ્તિ** - **છે;** ક્રિયાપદ, વર્ત.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'
**ચ** - **અને;** અવ્યય
**યોગયુક્તઃ** - **યોગયુક્ત;** વિશેષણ, વિ. 'મુનિઃ'
**મુનિઃ** - **મુનિ;** નામ, પ્ર.એ.વ., પુ.
**બ્રહ્મ** - **પરબ્રહ્મને;** નામ, દ્વિ.એ.વ., નપુ. 'બ્રહ્મન્'
**ન ચિરેણ** - **વિના વિલમ્બે, શીઘ્ર;** અવ્યય
**અધિગચ્છતિ** - **પામે છે;** ક્રિ.વ.કા., તૃ.પુ.એ. પરસ્મૈ. 'અધિ+ગમ્' ૧ ગણ

**શ્લોકાર્થ:** હે મહાબાહો! યોગ વિના સન્ન્યાસ પ્રાપ્ત કરવો બહુ કઠિન છે, પરન્તુ યોગયુક્ત મુનિ અલ્પ સમયમાં બ્રહ્મ પ્રાપ્ત કરે છે.

**વિવેચન:** સાંખ્યથી સિદ્ધ થતું કાર્ય સન્ન્યાસ વિના યોગથી થઈ શકે છે, પરન્તુ યોગ વિના સન્ન્યાસીની સિદ્ધિ થતી નથી એમ કહે છે. યોગ વિના સન્ન્યાસ પ્રાપ્ત કરવો એ બહુ કઠિન છે. કાર્યની સિદ્ધિ અને અસિદ્ધિ માં સમાન રહેવું તે યોગ. આ યોગનું આચરણ કર્યા વિના સન્ન્યાસ પ્રાપ્ત થવો કઠિન છે, કારણ કે બહારથી પણ જે કર્મ કરતો જ ન હોય તે કોનો સન્ન્યાસ અથવા ત્યાગ કરે? જે કર્મ કરેલાં નથી તેનો ત્યાગ કરે એમ કહી શકાય નહિ, કારણ કે, નહિ કરેલાંનો ત્યાગ સ્વતઃ છે જ, તો સન્ન્યાસીને ત્યાગ કરવાનું શું? તેથી યોગ વિના સન્ન્યાસ પ્રાપ્ત થવો બહુ કઠિન છે, પરન્તુ યોગયુક્ત સાંખ્ય આચરનાર મુનિ-સન્ન્યાસી અલ્પ સમયમાં જ બ્રહ્મ પ્રાપ્ત કરે છે.

योगयुक्तो विशुद्धात्मा विजितात्मा जितेन्द्रियः।
सर्वभूतात्मभूतात्मा कुर्वन्नपि न लिप्यते॥७॥

**વિજિતાત્મા** - **વશમાં શરીર જેણે કરેલું છે;** વિશેષણ, વિ. 'પુરુષઃ'

જિતેન્દ્રિયઃ - ઇન્દ્રિયો જીતેલી છે; વિશેષણ, વિ. 'પુરુષઃ'
**વિશુદ્ધાત્મા** - **વિશુદ્ધ અન્તઃકરણવાળો;** વિશેષણ, વિ. 'પુરુષઃ'
**યોગયુક્તઃ** - **યોગમાં જોડાયેલો;** વિશેષણ, વિ. 'પુરુષઃ'
**ચ** - **અને;** અવ્યય
**સર્વભૂતાત્મભૂતાત્મા** - **સર્વ પ્રાણીઓના આત્મા રૂપમાં ઐક્યભાવથી સ્થિત થયેલો;** "સર્વેષાં ભૂતાનામ્ આત્મા, તસ્ય ભૂતસ્ય આત્મા - સર્વભૂતાત્મા" તત્પુરુષ
**કુર્વન્** - **કરતા;** વ.કૃ. વિશેષણ, વિ. 'પુરુષઃ'
**અપિ ન** - **પણ નહિ;** અવ્યય
**લિપ્યતે** - **લેપાય છે;** ક્રિ. વ.કર્મણિ, તૃ.પુ.એ.વ., 'લિપ્' ૬ ગણ

**શ્લોકાર્થ :** યોગયુક્ત, વિશુદ્ધ અન્તઃકરણવાળો, જેણે મનને જીતેલું છે, જેણે ઇન્દ્રિયોને જીતેલી છે અને જેનો આત્મા પ્રાણીમાત્રના આત્મારૂપ છે તે કર્મ કરવા છતાં લેપાતો નથી.

**વિવેચન :** અહીંથી ત્રણ શ્લોકથી યોગીના સ્વરૂપનું વર્ણન કરે છે. યોગ આચરનાર, શુદ્ધ અન્તઃકરણવાળો, મન અને ઇન્દ્રિયોને જેણે જીતેલી છે તેવો અને જેનો આત્મા પ્રાણીમાત્રના આત્મારૂપ છે અર્થાત્ જે પ્રાણીમાત્રના આત્માને પોતાના આત્મારૂપ જાણે છે તેવો યોગી કર્મ કરવાં છતાં કર્મથી લેપાતો નથી.

**નૈવ કિઞ્ચિત્ કરોમીતિ યુક્તો મન્યેત તત્ત્વવિત્।**
**પશ્યન્ શૃણ્વન્ સ્પૃશન્ જિઘ્રન્ અશ્નન્ ગચ્છન્ સ્વપન્ શ્વસન્॥૮॥**
**પ્રલપન્ વિસૃજન્ ગૃહ્ણન્ ઉન્મિષન્ નિમિષન્નપિ।**
**ઇન્દ્રિયાણીન્દ્રિયાર્થેષુ વર્તન્ત ઇતિ ધારયન્॥૯॥**

**તત્ત્વવિત્** - **તત્ત્વને જાણનાર;** વ.કૃ., વિશેષણ, વિ. 'પુરુષઃ'
**યુક્તઃ** - **જોડાયેલો, સાઙ્ખ્યયોગ યુક્ત;** વિશેષણ, વિ. 'પુરુષઃ'
**પશ્યન્ શૃણ્વન્ સ્પૃશન્** - **જોતો સાંભળતો અડતો;** વ.કૃ., વિશેષણ, વિ. 'પુરુષઃ'
**જિઘ્રન્ અશ્નન્ ગચ્છન્** - **સૂંઘતો ખાતો જતો;** વ.કૃ., વિશેષણ, વિ. 'પુરુષઃ'
**સ્વપન્ શ્વસન્ પ્રલપન્** - **સૂતો શ્વાસલેતો બોલતો;** વ.કૃ. વિશેષણ, વિ. 'પુરુષઃ'
**વિસૃજન્ ગૃહ્ણન્** - **ત્યાગ કરતો લેતો;** વ.કૃ., વિશેષણ, વિ. 'પુરુષઃ'



**ઉન્મિષન્ નિમિષન્** - **આંખ ઉઘાડતો-બંધ કરતો;** વ.કૃ., વિશેષણ, વિ. 'પુરુષઃ'
**અપિ** - **પણ;** અવ્યય
**ઇન્દ્રિયાણિ** - **ઇન્દ્રિયો;** નામ, પ્ર.બ.વ., નપુ.
**ઇન્દ્રિયાર્થેષુ** - **ઇન્દ્રિયોના વિષયમાં;** નામ, સ.બ.વ.
**વર્તન્તે** - **વર્તે છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.બ.વ., 'વૃત્' ૧ ગણ
**ઇતિ** - **એ પ્રમાણે;** અવ્યય
**ધારયન્** - **સમજતો, ધારણ કરતો;** વ.કૃ., વિશેષણ, વિ. 'પુરુષઃ'
**કિઞ્ચિત્** - **કોઈ;** સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.
**અપિ ન** - **પણ નહિ;** અવ્યય
**કરોમિ** - **કરું છું;** ક્રિ. વ.કા., પ્ર.પુ.એ.વ., 'કૃ' ૮ ગણ પરસ્મૈ.
**ઇતિ એવ** - **એ જ પ્રમાણે;** અવ્યય
**મન્યેત** - **માને;** ક્રિ. વિધ્યર્થ, તૃ.પુ.એ.વ., 'મન્' ૪ ગણ

**શ્લોકાર્થ :** જોતાં, સાંભળતાં, સ્પર્શ કરતાં, સૂંઘતાં, ખાતાં, જતાં, ઉંઘતા, શ્વાસ લેતાં, બોલતાં, આપતા, લેતાં, આંખ ઉઘાડતાં અથવા મીંચતા પણ "ઇન્દ્રિયો ઇન્દ્રિયોના અર્થોમાં પ્રવર્તે છે" એમ ધારણા રાખીને "હું કોઈ કરતો જ નથી" એમ તત્ત્વ જાણનાર યોગી માને છે.

**વિવેચન :** ગયા શ્લોકમાં કર્મ કરવા છતાં યોગી કર્મથી લેપાતો નથી એમ કહ્યું, એ નિયત ફલવાળા કર્મનું ફલ અવશ્ય પ્રાપ્ત થવું જોઈએ એ સિદ્ધાન્તથી વિરુદ્ધ હોવાથી ઉચિત નથી, એવી શઙ્કા થાય તે દૂર કરે છે. જોતાંથી આરમ્ભી આંખ મીંચતાં સુધી મન અને ઇન્દ્રિયોના ભિન્ન-ભિન્ન વ્યાપાર વર્ણવ્યા તે સર્વ વ્યાપાર કરવા છતાં "હું કર્તા છું" એવું અભિમાન નહિ હોવાથી, પ્રત્યુત "ઇન્દ્રિયો ઇન્દ્રિયોના કાર્યોમાં પ્રવર્તે છે, હું કર્તા નથી" એવી પ્રતીતિ હોવાથી, કર્તૃપણાનું અલ્પ પણ અભિમાન નહિ હોવાથી, તથા લાભ અને હાનિ, જય અને પરાજય વિગેરે દ્વન્દ્વથી રહિત હોવાથી, સર્વ કર્મ કરવા છતાં કર્મનું બન્ધન ન થાય એમાં કાંઈ વિરોધ નથી. આવા પુરુષને કર્મબન્ધન નહિ હોવાથી તે કેવલ સાંખ્યમાર્ગીય મુનિ છે એમ માનવાનું નથી, પરન્તુ તે કર્મ કરતો હોવાથી યોગમાર્ગીય તત્ત્વવેત્તા જ છે એમ નીચેના શ્લોકથી વિશેષ સ્પષ્ટ કરે છે.

**બ્રહ્મણ્યાધાય કર્માણિ સઙ્ગં ત્યક્ત્વા કરોતિ યઃ।**

**લિપ્યતે ન સ પાપેન પદ્મપત્રમ્ ઈવામ્ભસા ॥૧૦॥**

**યઃ** - **જે;** સર્વનામ, પ્ર.એ.વ., પુ.
**કર્માણિ** - **કર્મો;** નામ, દ્વિ.બ.વ., નપું.
**બ્રહ્મણિ** - **બ્રહ્મમાં;** નામ, સ.એ.વ.,
**આધાય** - **અર્પણ કરીને;** વિધેય કૃદન્ત
**ચ** - **અને;** અવ્યય
**સઙ્ગમ્** - **સઙ્ગને;** નામ, દ્વિ.એ.વ., પુ.
**ત્યક્ત્વા** - **છોડીને;** વિધેય કૃદન્ત
**કરોતિ** - **કરે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'કૃ' ૮ ગણ
**સઃ** - **તે;** સર્વનામ, પ્ર.એ.વ., પુ.
**અમ્ભસા** - **જળથી;** નામ, તૃ.એ.વ., 'અમ્ભસ્' નપુ.
**પદ્મપત્રમ્** - **કમળનું પાન;** નામ, પ્ર.એ.વ., નપુ.
**ઈવ** - **એ પ્રમાણે;** અવ્યય
**પાપેન** - **પાપથી;** નામ, તૃ.એ.વ., નપુ.
**ન** - **નહિ;** અવ્યય
**લિપ્યતે** - **લેપાય છે;** ક્રિ. વ. કર્મણિ, તૃ.પુ.એ.વ., 'લિપ્' ૬ ગણ

**શ્લોકાર્થ:** બ્રહ્મમાં કર્મોનું અનુસન્ધાન કરી, સઙ્ગ તજી જે કર્મ કરે છે તે જલથી જેમ કમલ પત્ર લેપાતું નથી તેમ પાપથી લેપાતો નથી.

**વિવેચન:** બ્રહ્મ એટલે ઉપર બ્રહ્મયજ્ઞનું વર્ણન ચતુર્થ અધ્યાયમાં કર્યું તેવા બ્રહ્મયજ્ઞનો વિષય. તેમાં પોતાથી થતાં સર્વ કર્મનું અનુસન્ધાન રાખી, કર્મમાં ફલની ઈચ્છા અથવા મમતાનો ત્યાગ કરી જે યોગી કર્મ કરે છે તે પાપથી લેપાતો નથી. જેમ કમલપત્ર જલમાં રહેવા છતાં તેનાથી લેપાતું નથી તેમ યોગ કર્મના બન્ધનથી લેપાતો નથી.

શ્લોક ૮ થી ૧૦ નું અનુસન્ધાન બ્રહ્મસૂત્ર ૧।૧।૧ ઉપરનાં આણુભાષ્યમાં કરેલું છે.

**કાયેન મનસા બુદ્ધ્યા કેવલૈઃ ઈન્દ્રિયૈરપિ।**
**યોગિનઃ કર્મ કુર્વન્તિ સઙ્ગં ત્યક્ત્વાત્મશુદ્ધયે ॥૧૧॥**

**યોગિનઃ** - **યોગીઓ;** નામ, પ્ર.બ.વ., 'યોગિન્' પુ.



**કેવલૈઃ** - **ફક્ત;** વિશેષણ, વિ. 'ઈન્દ્રિયૈઃ'
**ઈન્દ્રિયૈઃ** - **ઈન્દ્રિયોથી;** નામ, તૃ.બ.વ., નપુ.
**મનસા** - **મનથી;** નામ, તૃ.એ.વ., 'મનસ્' નપુ.
**બુદ્ધ્યા** - **બુદ્ધિથી;** નામ, તૃ.એ.વ., સ્ત્રી.
**કાયેન** - **શરીરથી;** નામ, તૃ.એ.વ., પુ.
**અપિ** - **પણ;** અવ્યય
**સઙ્ગમ્** - **સઙ્ગને;** નામ, દ્વિ.એ.વ., પુ.
**ત્યક્ત્વા** - **છોડીને;** વિધેય કૃદન્ત
**આત્મશુદ્ધયે** - **અન્તઃકરણની શુદ્ધિમાટે;** નામ, ચ.એ.વ., સ્ત્રી.
**કર્મ** - **કર્મને;** નામ, દ્વિ.એ.વ., 'કર્મન્' નપુ.
**કુર્વન્તિ** - **કરે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., 'કૃ' ૮ ગણ

**શ્લોકાર્થ:** કાયાથી, મનથી, બુદ્ધિથી અને માત્ર ઈન્દ્રિયોથી પણ યોગીઓ ચિત્તની શુદ્ધિ માટે સઙ્ગ તજી કર્મ કરે છે.

**વિવેચન:** આસન વિગેરે કર્મ કાયાથી, ધ્યાન વિગેરે મનથી, તત્ત્વનિશ્ચય વિગેરે બુદ્ધિથી અને શ્રવણ-દર્શન-કીર્તન વિગેરે કર્મો આસક્તિ રહિત ઈન્દ્રિયોથી નારદાદિક યોગીઓ કરે છે. આત્મા એટલે મનની શુદ્ધિ એટલે સમપણામાટે યોગીઓ આવી રીતે આસક્તિ તજી કર્મ કરે છે. તેથી જે સાંખ્યમતને અનુસરનારા છે તેઓ કર્મત્યાગને જ સિદ્ધાન્ત માને છે અને જે યોગમાર્ગને અનુસરનારા છે તેઓ કર્મ કરવું એને જ સિદ્ધાન્ત માને છે. અહિ દર્શાવેલ સદાચારથી પણ કર્મ કર્તવ્ય છે.

**યુક્તઃ કર્મફલં ત્યક્ત્વા શાન્તિમ્ આપ્નોતિ નૈષ્ઠિકીમ્।**
**અયુક્તઃ કામકારેણ ફલે સક્તો નિબધ્યતે ॥૧૨॥**

**યુક્તઃ** - **નિષ્કામ કર્મયોગી;** ભૂ.કૃ. વિશેષણ, વિ. 'યોગી'
**કર્મફલમ્** - **કર્મના ફળને;** નામ, દ્વિ.એ.વ., નપુ.
**ત્યક્ત્વા** - **તજીને, ઈશ્વરાર્પણ કરીને;** વિધેય કૃદન્ત
**નૈષ્ઠિકીમ્** - **નિષ્ઠાવાળી, ભગવત્ નિષ્ઠાવાળી;** વિશેષણ, વિ. 'શાન્તિમ્'
**શાન્તિમ્** - **શાન્તિને;** નામ, દ્વિ.એ.વ., સ્ત્રી.
**આપ્નોતિ** - **મેળવે છે. પામે છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ., 'આપ્' ૫ ગણ

**ચ** - અને; અવ્યય
**અયુક્તઃ** - **અયોગ્ય;** વિશેષણ, વિ. 'યોગી'
**ફલે** - **ફલમાં;** નામ, સ.એ.વ.. નપુ.
**સક્તઃ** - **આસક્તિવાળો;** વિશેષણ, વિ. 'યોગી'
**કામકારેણ** - **કામકાર, કામનાવડે;** નામ, તૃ.એ.વ., પુ.
**નિબધ્યતે** - **બંધાય છે;** ક્રિ. કર્મણિ વ.કા. તૃ.પુ.એ.વ., 'નિ + બધ્' ૯ ગણ

**શ્લોકાર્થ :** યોગ યુક્ત મનુષ્ય કર્મનાં ફલ તજી નૈષ્ઠિકી શાન્તિ પ્રાપ્ત કરે છે. અયુક્ત મનુષ્ય ફલમાં આસક્ત હોઈ કામનાથી બંધાય છે.

**વિવેચન :** યોગ પ્રમાણે કર્મ કરવાથી નૈષ્ઠિક શાન્તિ અથવા મોક્ષ પ્રાપ્ત થાય છે, પરન્તુ તેથી વિપરીત રીતે ફલમાં આસક્ત રહી કર્મ કરવાથી બંધ પ્રાપ્ત થાય છે.

**સર્વકર્માણિ મનસા સંન્યસ્યાસ્તે સુખં વશી ।**
**નવદ્વારે પુરે દેહી નૈવ કુર્વન્ ન કારયન્ ॥૧૩॥**

**વશી** - **વશ કરનારો, અન્તઃકરણ વશ કરનારો;** વિશેષણ, વિ. 'યોગી'
**દેહી** - **દેહવાળો, પુરુષ;** નામ, પ્ર.એ.વ., 'દેહિન્' પુ.
**એવ ન** - **જ નહિ;** અવ્યય
**કુર્વન્** - **કરતો;** વ.કૃ., વિશેષણ, વિ. 'યોગી'
**ચ ન** - **અને નહિ;** અવ્યય
**કારયન્** - કરાવતો; પ્રેરક વ.કૃ. વિશેષણ, વિ. 'યોગી'
**નવદ્વારે** - **નવદ્વારવાળા;** વિશેષણ, વિ. 'પુરે'
**પુરે** - **શરીરરૂપ ઘરમાં;** નામ, સ.એ.વ.
**સર્વકર્માણિ** - **બધાં કામોને;** નામ, દ્વિ.બ.વ., નપુ.
**મનસા** - **મનથી;** નામ, તૃ.એ.વ., નપુ.
**સન્ન્યસ્ય** - **રૂડે પ્રકારે ત્યાગ કરીને;** વિધેય કૃદન્ત
**સુખમ્** - **સુખથી;** અવ્યય
**આસ્તે** - **છે, રહે છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ., 'આસ્' આત્મને. ૨ ગણ

**શ્લોકાર્થ :** ઇન્દ્રિયોને વશ રાખનાર દેહી સર્વ કર્મનો મનથી ત્યાગ કરી



નવદ્વારવાળા પુરમાં કાંઈ નહિ કરતાં અને નહિ કરાવતાં સુખમાં રહે છે.

**વિવેચન :** યોગમાં મનથી કર્મનો ત્યાગ કરી બહારથી કર્મ કરવાનાં છે. તેથી યોગથી સમ થએલા મનવડે સર્વ કર્મનો ત્યાગ કરી યોગી સુખમાં રહે છે. આ નવદ્વારવાળા પુરમાં એટલે શરીરમાં તે કાંઈ કરતો નથી, કારણ કે મનથી સર્વ કર્મનો તેણે ત્યાગ કરેલો છે, તેમજ ઇન્દ્રિયો પાસે પણ તે કાંઈ કરાવતો નથી.

**વિશેષ :** જે કર્મ કરવામાં આવે તે સમસ્ત દેવના અધિપતિ દેવ (બ્રહ્મ)ને અર્પણ કરવાની જરૂર છે. કર્માજ્ઞ દેવને કર્મ અર્પણ થતાં ફળ વાસનામય થશે અને બ્રહ્મને અર્પણ થતાં જ્ઞાનમય થશે. વાસનામય કર્મ ફરીથી સંસાર ઊભો કરશે અને જ્ઞાનમય કર્મ મોક્ષને પ્રાપ્ત કરાવશે. સાંખ્યના મતે પણ જે જ્ઞાન પ્રાપ્ત કરવાનું છે તે નિર્લેપ ભાવનામય છે. કર્મયોગદ્વારા છેવટે પ્રાપ્ત કરવાનો મોક્ષ જ્ઞાનમાં પરિસમાપ્ત થાય છે. આ બન્નેથી જીવ પોતાનો અહંભાવ છોડી દે છે અને બ્રહ્મભાવ તૈયાર કરે છે.

**ન કર્તૃત્વં ન કર્માણિ લોકસ્ય સૃજતિ પ્રભુઃ ।**
**ન કર્મફલસંયોગં સ્વભાવસ્તુ પ્રવર્તતે ॥૧૪॥**

**પ્રભુઃ** - **પરમેશ્વર;** નામ, પ્ર.એ.વ., પુ. 'પ્રભુ'
**લોકસ્ય** - **લોકની;** નામ, ષ.એ.વ., પુ. 'લોક'
**ન** - **નહિ;** અવ્યય
**કર્તૃત્વમ્** - **કર્તાપણું;** નામ, દ્વિ.એ.વ., નપુ. 'કર્તૃત્વ'
**ન** - **નહિ;** અવ્યય
**કર્માણિ** - **કર્મોને;** નામ, દ્વિ.બ.વ., નપુ. 'કર્મન્'
**ચ** - **અને;** અવ્યય
**કર્મફલસંયોગમ્** - **કર્મફળ સંયોગને;** નામ, દ્વિ.એ.વ., પુ.
**અપિ ન** - **પણ નહિ;**
**સૃજતિ** - **સરજે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'સૃજ્' ૬ ગણ પરસ્મૈ.
**તુ** - **પરન્તુ;** અવ્યય
**સ્વભાવઃ** - **સ્વભાવ, પ્રકૃતિ;** નામ, પ્ર.એ.વ., પુ. 'સ્વભાવ'
**પ્રવર્તતે** - **પ્રવર્તે છે.** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., પ્ર + વૃત્ ૧ ગણ આત્મને.

શ્લોકાર્થ : પ્રભુ લોકના કર્તૃપણાને અથવા કર્મોને અથવા કર્મફલના સંયોગને સર્જતા નથી, પરન્તુ સ્વભાવ પ્રવર્તે છે.

વિવેચન : પ્રભુ-ઈશ્વર પ્રાકૃત શરીરના અભિમાનવાળા લોકના કર્તાપણાને અથવા કર્મોને તેમજ કર્મફલના સંયોગને સર્જતા નથી, પરન્તુ લોકનો સ્વભાવ જ એવો છે કે તે "હું કર્તા છું" એવું અભિમાન ધરાવે છે, કર્મોમાં મચ્યા રહે છે અને કર્મફલની અભિલાષા રાખે છે.

વિશેષ : પ્રભુ પણ છે અને પ્રકૃતિ( સ્વભાવ ) પણ છે. આ બન્ને જુદાં-જુદાં કામ કરતાં જણાય છે. આવો પ્રકાર ક્યાં સુધી બની રહે છે એટલું જ આપણે તપાસવાની જરૂર છે. જ્યાં સુધી જીવમાં હુંપણું વિશેષ પ્રમાણમાં પ્રવૃત્ત થાય છે ત્યાં સુધી સ્વભાવ અને પ્રભુ નિરનિરાળા રહે છે.

**નાદત્તે કસ્યચિત્ પાપં ન ચૈવ સુકૃતં વિભુઃ ।**
**અજ્ઞાનેનાવૃતં જ્ઞાનં તેન મુહ્યન્તિ જન્તવઃ ॥૧૫॥**

**વિભુઃ - પરમેશ્વર, વ્યાપક;** નામ, પ્ર.એ.વ., પુ. 'વિભુ'
**ન - નહિ;** અવ્યય
**કસ્યચિત્ - કોઈનું પણ;** સર્વનામ, ષ.એ.વ.,
**પાપમ્ - પાપને;** નામ, દ્વિ.એ.વ., નપુ. 'પાપ'
**ચ ન - અને ન;** અવ્યય
**કસ્યાપિ - કોઈના પણ**
**સુકૃતમ્ - સારા કામને, પુણ્યને;** વિશેષણ, વિ. 'કર્મ'
**એવ - માત્ર;** અવ્યય
**આદત્તે - લે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., આ + દા ૩ ગણ આત્મને
**અજ્ઞાનેન - અજ્ઞાનથી;** નામ, તૃ.એ.વ., નપુ.
**જ્ઞાનમ્ - જ્ઞાન;** નામ, પ્ર.એ.વ., નપુ.
**આવૃતમ્ - ઢંકાયેલું;** વિશેષણ, વિ. 'જ્ઞાનમ્'
**અસ્તિ - છે;** ક્રિયાપદ, વર્ત.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'
**તેન - તેનાથી ઢંકાયેલા જ્ઞાનવડે;** સર્વનામ, તૃ.એ.વ., પુ. 'તત્'
**જન્તવઃ - પ્રાણીઓ;** નામ, પ્ર.બ.વ., પુ. 'જન્તુ'



**મુહ્યન્તિ - મોહ પામે છે.** ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., મુહ્ ૪ ગણ પરસ્મૈ.

શ્લોકાર્થ : પ્રભુ કોઈ પણ પાપ અથવા પુણ્ય ને ગ્રહણ કરતા નથી. અજ્ઞાનથી જ્ઞાન ઢંકાયેલું હોવાથી જન્તુઓ મોહ પામે છે.

વિવેચન : પ્રભુ કોઈના પણ પાપ અથવા પુણ્ય ને ગ્રહણ કરતા નથી. બુદ્ધિ, ઈન્દ્રિયો, મન, પ્રાણ બધું પ્રભુએ સર્જેલા છે. તેઓની ભોગમાં અથવા મોક્ષમાં પ્રવૃત્તિ થાય છે. તેથી બધું સ્વભાવથી જ થાય છે. જીવ ભગવાનના અંશ હોવાથી પ્રાકૃત પેઠે કેમ મોહ પામતા હશે? એવો સંશય થાય, તે માટે કહે છે કે અજ્ઞાનથી તેઓનું જ્ઞાન ઢંકાયેલું છે. તેથી તેઓને પોતાના સ્વરૂપનું જ્ઞાન રહેતું નથી. તેઓનું પોતાના સ્વરૂપનું જ્ઞાન અવિદ્યાના પાંચ પર્વ માંહેના પહેલા પર્વ 'સ્વરૂપાજ્ઞાન'થી ઢંકાય છે. ત્યાર પછી અવિદ્યાના બીજા ચાર પર્વો પ્રાણાધ્યાસ, અન્તઃકરણાધ્યાસ, ઇન્દ્રિયાધ્યાસ અને દેહાધ્યાસથી ઢંકાય છે. વાસ્તવિક રીતે તો વિચિત્ર રમણ કરવાની ઈચ્છાવાળા ભગવાનની શ્રી, પુષ્ટિ, ગીઃ( સરસ્વતી ), કાન્તિ, કીર્તિ, તુષ્ટિ, ઈલા, ઊર્જા, વિદ્યા, અવિદ્યા, ઈચ્છા અને માયા એ બાર શક્તિઓ શ્રીભાગવત્ ૧૦।૩૯।૫૫ માં કહેલી છે. તેમાંની અવિદ્યાશક્તિ જીવ પાસે કર્મ કરાવી તેને જન્મ-મરણના ફેરામાં નાંખે છે. આ શક્તિ વિદ્યાશક્તિથી વિરુદ્ધ સ્વભાવવાળી છે. તે આત્માના સ્વરૂપના જ્ઞાનને ઢાંકી દે છે. આ શક્તિથી પ્રાણીઓ જન્તુ જેવા થઈ મોહ પામે છે. તેથી જીવો પોતે જ પોતામાં કર્તૃત્વ વિગેરે સર્જે છે, પરમાત્મા સર્જતા નથી એવો ભાવાર્થ છે.

**જ્ઞાનેન તુ તદજ્ઞાનં યેષાં નાશિતમ્ આત્મનઃ ।**
**તેષામ્ આદિત્યવજ્ જ્ઞાનં પ્રકાશયતિ તત્પરમ્ ॥૧૬॥**

**તુ - વળી;** અવ્યય
**યેષામ્ - જેઓનું;** સર્વનામ, ષ.બ.વ., પુ. 'યત્'
**તત્ - તે;** સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
**આત્મનઃ - અન્તઃકરણનું;** નામ, ષ.એ.વ., પુ. 'આત્મન્'
**અજ્ઞાનમ્ - અજ્ઞાનને;** નામ, પ્ર.એ.વ., નપુ.
**જ્ઞાનેન - જ્ઞાનવડે;** નામ, તૃ.એ.વ., નપુ.

**નાશિતમ્** - **નાશ પામેલું;** પ્રેરક ભૂ.કૃ. વિશેષણ, વિ. 'અજ્ઞાનમ્'
**તેષામ્** - **તેમનું;** સર્વનામ, ષ.બ.વ., પુ. 'તત્'
**તત્** - **તે;**
**જ્ઞાનમ્** - **જ્ઞાનને;** નામ, પ્ર.એ.વ., નપુ.
**આદિત્યવત્** - **આદિત્ય જેવું;** વિશેષણ, વિ. 'જ્ઞાનમ્'
**તત્પરમ્** - **તે પરમાત્માને;** નામ, દ્વિ.એ.વ.,
**પ્રકાશયતિ** - **પ્રકાશ કરે છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ. પ્ર + કાશ્ ૧૦ગણ પરસ્મૈ.

**શ્લોકાર્થ:** પરન્તુ જેઓનું તે અજ્ઞાન જ્ઞાનથી નાશ પામ્યું છે તેઓનું તે આત્મજ્ઞાન સૂર્ય પેઠે પરબ્રહ્મને પ્રકાશે છે.

**વિવેચન:** ભગવાન્ જેમને આત્મવિદ્યાનું દાન કરે છે તેઓને તેવો મોહ થતો નથી. જે ભગવાન્‌ના કૃપાપાત્ર છે અથવા જેઓ સાધનવડે ભગવાનને પ્રસન્ન કરે છે તેઓનું સ્વરૂપાજ્ઞાન ભગવાને આપેલા આત્મજ્ઞાનથી નાશ પામે છે, અને ભગવાને આપેલું આત્મજ્ઞાન જેમ સૂર્ય સર્વ વસ્તુઓનો પ્રકાશ કરે છે તેમ પરને એટલે "બ્રહ્મ જાણનારને પરની પ્રાપ્તિ થાય છે" એ શ્રુતિમાં કહેલા પરબ્રહ્મને પ્રકાશે છે. આ જ્ઞાન ભગવાને આપેલું હોવાથી તે પોતે જ પરબ્રહ્મને પ્રકાશે છે. પરબ્રહ્મનો પ્રકાશ થવામાં આ જ્ઞાન માત્ર કરણરૂપ નથી, પરન્તુ કર્તૃ છે.

**તદ્બુદ્ધયસ્ તદાત્માનઃ તન્નિષ્ઠાઃ તત્પરાયણાઃ।**
**ગચ્છન્ત્યપુનરાવૃત્તિં જ્ઞાનનિર્ધૂતકલ્મષાઃ॥૧૭॥**

**તદ્બુદ્ધયઃ** - **તેનાંમાં જ બુદ્ધિ છે જેમની;** વિશેષણ, વિ. 'પુરુષાઃ'
**તદાત્મનઃ** - **પરમાત્મા જ આત્મા છે જેમનો;** વિશેષણ, વિ. 'પુરુષાઃ'
**તન્નિષ્ઠાઃ** - **તેમાં જ નિષ્ઠા છે જેમની;** વિશેષણ, વિ. 'પુરુષાઃ'
**તત્પરાયણઃ** - ભગવત્પરાયણ; વિશેષણ, વિશેષ્ય 'પુરુષાઃ'
**જ્ઞાનનિર્ધૂતકલ્મષાઃ** - **જ્ઞાનવડે જેમનાં પાપો ધોવાઈ ગયાં છે;** વિશેષણ, વિ. 'પુરુષાઃ'
**પુરુષાઃ** - **પુરુષો;** પ્ર.બ.વ.
**અપુનરાવૃત્તિમ્** - **અપુનરાવૃત્તિને, પરમગતિને;** નામ, દ્વિ.એ.વ., સ્ત્રી.



**ગચ્છન્તિ** - **જાય છે, મેળવે છે.** ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., 'ગમ્' ૧ ગણ પરસ્મૈ.

**શ્લોકાર્થ:** તેમાં બુદ્ધિવાળા, તેમાં ચિત્તવાળા, તેમાં નિષ્ઠાવાળા, તેને પરાયણ, જ્ઞાનથી ધોવાએલ પાપવાળા અપુનરાવૃત્તિ પ્રાપ્ત કરે છે.

**વિવેચન:** આવા જ્ઞાનવાળાને મુક્તિ પ્રાપ્ત થાય છે એમ કહે છે. 'તેમાં' એટલે પરબ્રહ્મમાં બુદ્ધિવાળા, પરબ્રહ્મમાં ચિત્તવાળા, પરબ્રહ્મમાં નિષ્ઠા અથવા ભાવવાળા, પરબ્રહ્મ પરાયણ પુરુષોના પાપ તેનાં જ્ઞાનથી ધોવાઈ જાય છે, અને તેઓ અપુનરાવૃત્તિ એટલે મોક્ષ પ્રાપ્ત કરે છે.

**વિદ્યા-વિનયસમ્પન્ને બ્રાહ્મણે ગવિ હસ્તિનિ।**
**શુનિ ચૈવ શ્વપાકે ચ પણ્ડિતાઃ સમદર્શિનઃ॥૧૮॥**

**પણ્ડિતાઃ** - **પણ્ડિતો;** નામ, પ્ર.બ.વ., પુ. 'પણ્ડિત'
**વિદ્યા-વિનયસમ્પન્ને** - **વિદ્યા અને વિનય સમ્પન્નમાં;** વિશેષણ, વિ. 'બ્રાહ્મણે'
**બ્રાહ્મણે** - **બ્રાહ્મણમાં;** નામ, સ.એ.વ., પુ.
**ચ** - **અને;** અવ્યય
**ગવિ** - **ગાયમાં;** નામ, સ.એ.વ., સ્ત્રી. 'ગો'
**હસ્તિનિ** - **હાથીમાં;** નામ, સ.એ.વ., પુ. 'હસ્તિન્'
**શુનિ** - **કુતરામાં;** નામ, સ.એ.વ., 'શ્વન્' પુ.
**ચ, એવ** - **અને, વળી, એમજ;** અવ્યય
**શ્વપાકે** - **ચાંડાલમાં;** નામ, સ.એ.વ., 'શ્વપાક'
**સમદર્શિનઃ** - **સમભાવથી જોનારા;** નામ, પ્ર.બ.વ., પુ. 'સમદર્શિન્'
**ભવન્તિ** - **હોય છે;** ક્રિયાપદ વર્ત.કા.

**શ્લોકાર્થ:** વિદ્યા અને વિનય સમ્પન્ન બ્રાહ્મણ, ગાય, હાથી, કુતરા તેમજ ચાણ્ડાલ પ્રતિ પણ્ડિતો સમદર્શી હોય છે.

**વિવેચન:** તે જ્ઞાનીઓ કેવા હોય છે તેમ જણાવવા તેઓનું લક્ષણ કહે છે. બ્રાહ્મણ વિગેરે વિષમ પદાર્થોમાં પણ એક જ બ્રહ્મને તેઓ જુએ છે અને તેથી સર્વ પદાર્થો પ્રતિ સમદર્શી હોય છે.

શ્રીભાગવત ૧૧૧૮૧૪૫ ઉપરનાં સુબોધિનીમાં આ શ્લોકનું અનુસન્ધાન કરેલું છે.

**ઇહૈવ તૈર્જિતઃ સર્ગો યેષાં સામ્યે સ્થિતં મનઃ।**
**નિર્દોષં હિ સમં બ્રહ્મ તસ્માદ્ બ્રહ્મણિ તે સ્થિતાઃ ॥૧૯॥**

**યેષામ્** - **જેઓનું;** સર્વનામ, ષ.બ.વ., પુ. 'યદ્'
**મનઃ** - **મન;** નામ, પ્ર.એ.વ., 'મનસ્' નપુ.
**સામ્યે** - **સમભાવમાં;** નામ, સ.એ.વ., નપુ. 'સામ્ય'
**સ્થિતમ્** - **રહેલું;** વિશેષણ, વિ. 'મનઃ'
**તૈઃ** - **તેઓવડે;** સર્વનામ, તૃ.બ.વ., 'તત્' પુ.
**ઇહ, એવ** - **અહીં, જ;** અવ્યય
**સર્ગઃ** - **સમ્પૂર્ણ સંસાર;** નામ, પ્ર.એ.વ. પુ. 'સર્ગઃ'
**જિતઃ** - **જીતાયેલો;** ભૂ.કૃ. વિશેષણ, વિ. 'સર્ગઃ'
**બ્રહ્મ** - **બ્રહ્મ;** નામ, પ્ર.એ.વ., નપુ. 'બ્રહ્મન્'
**હિ** - **ચોક્કસ;** અવ્યય
**નિર્દોષમ્** - **દોષ વિનાનું;** વિશેષણ, વિ. 'બ્રહ્મ'
**ચ** - **અને;** અવ્યય
**સમમ્** - **સમ;** વિશેષણ, વિ. 'બ્રહ્મ'
**અસ્તિ** - **છે;** ક્રિયાપદ. વર્ત.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'
**તસ્માત્** - **તેથી;** અવ્યય
**તે** - **તેઓ;** સર્વનામ, પ્ર.બ.વ., પુ.
**બ્રહ્મણિ** - **બ્રહ્મમાં;** સ.એ.વ. નામ, નપુ. 'બ્રહ્મન્'
**સ્થિતાઃ** - **સ્થિત થયેલા;** ભૂ.કૃ., વિશેષણ, વિ. 'તે'
**સન્તિ** - **છે;** ક્રિયાપદ વર્ત.કા. તૃ.પુ.બ.વ. 'અસ્'

**શ્લોકાર્થ :** જેઓનું મન સામ્યમાં રહેલું છે તેઓએ અહીં જ સર્ગ જીતેલો છે, કારણ કે બ્રહ્મ નિર્દોષ અને સમ છે. તેથી તેઓ બ્રહ્મમાં રહેલા છે.

**વિવેચન :** બ્રહ્મ સમ છે તેથી જે-જે સમ હોય તે બ્રહ્મરૂપ છે એમ માનવું જોઈએ. મન પણ જો નિરોધથી સમ થએલું હોય તો બ્રહ્મરૂપ જ થાય છે. તેથી જેઓનું મન સામ્યમાં રહેલું છે એટલે સમ છે



તેઓએ અહીં જ 'સર્ગ' એટલે પ્રવાહમાર્ગ જીતેલો છે. બ્રહ્મ નિર્દોષ અને સમ હોવાથી અને તેઓનું મન સમ હોવાથી તેઓ બ્રહ્મમાં જ રહેલા છે.

શ્રીભાગવત્ ૧૧૮૧૨૭ ઉપરનાં સુબોધિનીમાં આ શ્લોકનું અનુસન્ધાન કરેલું છે.

**ન પ્રહૃષ્યેત્ પ્રિયં પ્રાપ્ય નોદ્વિજેત્ પ્રાપ્ય ચાપ્રિયમ્।**
**સ્થિરબુદ્ધિઃ અસમ્મૂઢો બ્રહ્મવિદ્ બ્રહ્મણિ સ્થિતઃ ॥૨૦॥**

**પ્રિયમ્** - **પ્રિયને;** વિશેષણ, વિ. 'વસ્તુ'
**પ્રાપ્ય** - **મેળવીને;** વિધેય કૃદન્ત
**ન** - **નહિ** અવ્યય
**પ્રહૃષ્યેત્** - **આનન્દ પામે;** ક્રિ. વિધ્યર્થ, તૃ.પુ.એ.વ., આત્મને 'પ્ર + હૃષ્' ૪ ગણ
**ચ** - **અને;** અવ્યય
**અપ્રિયમ્** - **અપ્રિય;** વિશેષણ, વિ. 'વસ્તુ'
**પ્રાપ્ય** - **મેળવીને;** વિધેય કૃદન્ત
**ન** - **નહિ;** અવ્યય
**ઉદ્વિજેત્** - **ઉદ્વેગ પામે;** ક્રિ. વિધ્યર્થ, તૃ.પુ.એ.વ., 'ઉદ્ + વિજ્' ૬ ગણ
**એતાદૃશઃ** - **એવો**
**સ્થિરબુદ્ધિઃ** - **સ્થિર બુદ્ધિવાળો;** વિશેષણ, વિ. 'પુરુષઃ'
**અસમ્મૂઢઃ** - **સમ્મોહ વિનાનો, સંશય વિનાનો;** વિશેષણ, વિ. 'પુરુષઃ'
**બ્રહ્મવિત્** - **બ્રહ્મને જાણનાર;** વિશેષણ, વિ. 'પુરુષઃ'
**બ્રહ્મણિ** - **પરબ્રહ્મમાં;** નામ, સ.એ.વ., નપુ. 'બ્રહ્મન્'
**સ્થિતઃ** - **ઐક્યભાવ પ્રાપ્ત થયેલો;** વિશેષણ, વિ. 'પુરુષઃ'
**અસ્તિ** - **છે;** ક્રિયાપદ, વર્ત.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'

**શ્લોકાર્થ :** સ્થિરબુદ્ધિવાળો, મોહરહિત, બ્રહ્મમાં સ્થિતિવાળો, બ્રહ્મવિત્ પ્રિયને પ્રાપ્ત કરી હરખાય નહિ અને અપ્રિયને પ્રાપ્ત કરી ઉદ્વેગ કરે નહિ.

**વિવેચન :** આવા જ્ઞાનીને પરમાનન્દની પ્રાપ્તિ કરાવનાર લક્ષણ અહીંથી બે શ્લોકથી કહે છે. તે સ્થિર બુદ્ધિવાળો હોય છે. મોહ આસુરી હોવાથી

તે મોહરહિત હોય છે. તે બ્રહ્મ જાણનાર અને બ્રહ્મમાં સ્થિતિવાળો હોય છે, તેથી પ્રિય પદાર્થ પ્રાપ્ત કરવાથી હર્ષ અથવા અપ્રિય પ્રાપ્ત થવાથી ઉદ્વેગ તેને થતો નથી.

**બાહ્યસ્પર્શેષ્વસક્તાત્મા વિન્દત્યાત્મનિ યત્ સુખમ્।**
**સ બ્રહ્મયોગયુક્તાત્મા સુખમ્ અક્ષય્યમ્ અશ્નુતે ॥૨૧॥**

**બાહ્યસ્પર્શેષુ** - **બહારના સ્પર્શમાં, સાંસારિક, ભોગોમાં;** નામ, સ.બ.વ., પુ.
**અસક્તાત્મા** - **આસક્તિ રહિત અન્તઃકરણવાળો;** વિશેષણ, વિ. 'પુરુષ'
**આત્મનિ** - **અન્તઃકરણમાં;** નામ, સ.એ.વ., પુ. 'આત્મન્'
**યત્** - **જે;** સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.
**સુખમ્** - **સુખને, ભગવદાનન્દને;** નામ, દ્વિ.એ.વ., નપુ.
**અસ્તિ તત્** - **છે તેને;** ક્રિયાપદ; વર્ત.કા. તૃ.પુ.એ.વ.
**વિન્દતિ** - **મેળવે છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ., 'વિદ્' ૬ ગણ
**ચ** - **અને;** અવ્યય
**સઃ** - **તે;** સર્વનામ, પ્ર.એ.વ., પુ.
**બ્રહ્મયોગયુક્તાત્મા** - **પરમાત્મારૂપ ઐક્યભાવ પામેલો;** વિશેષણ, વિ. 'પુરુષઃ', "બ્રહ્મ એવ યોગઃ તેન યુક્તઃ આત્મા યસ્ય ઈતિ" બહુવ્રીહિ (પુરુષઃ = પુરુષ)
**અક્ષય્યમ્** - **અક્ષય;** વિશેષણ, વિ. 'સુખમ્'
**સુખમ્** - **સુખને, આનન્દને;** નામ, દ્વિ.એ.વ., નપુ. 'સુખ'
**અશ્નુતે** - **પામે છે, ખાય છે, અનુભવે છે, એકમેક થાય છે.** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'અશ્' ૫ ગણ આત્મને.

**શ્લોકાર્થ:** બાહ્ય સ્પર્શમાં આસક્તિરહિત અન્તઃકરણવાળો આત્મામાં જે સુખ પ્રાપ્ત કરે છે તે અક્ષય્ય સુખ બ્રહ્મયોગમાં યુક્ત આત્માવાળો પ્રાપ્ત કરે છે.

**વિવેચન:** બહારના વિષયોમાં આસક્તિ ન હોય તેને આત્મામાં જે સુખ પ્રાપ્ત થાય છે, તે જ અખૂટ સુખ બ્રહ્મયોગથી બ્રહ્મ સાથે ઐક્ય જેના આત્માને પ્રાપ્ત થયેલું હોય તે પણ ભોગવે છે.

**યે હિ સંસ્પર્શજા ભોગા દુઃખયોનય એવ તે।**



**આદ્યન્તવન્તઃ કૌન્તેય ન તેષુ રમતે બુધઃ ॥૨૨॥**

**કૌન્તેય** - **અર્જુન;** સમ્બોધન
**યે** - **જેઓ;** સર્વનામ, પ્ર.બ.વ., પુ. 'યત્'
**સંસ્પર્શજા** - **ઈન્દ્રિય તથા વિષયો ના સ્પર્શથી ઉભા થયેલા;** વિશેષણ, વિ. 'ભોગાઃ'
**ભોગાઃ** - **ભોગો;** નામ, પ્ર.બ.વ., પુ. 'ભોગ'
**સન્તિ** - **છે;** ક્રિયાપદ; વર્ત.કા. તૃ.પુ.બ.વ. 'અસ્'
**તે** - **તેઓ;** સર્વનામ, પ્ર.બ.વ., પુ. 'તત્'
**હિ** - **ચોક્કસ;** અવ્યય
**દુઃખયોનયઃ** - **દુઃખના હેતુઓ;** નામ, પ્ર.બ.વ., સ્ત્રી.
**એવ** - **જ;** અવ્યય
**આદ્યન્તવન્તઃ** - **આદિ અને અન્તવાળા;** વિશેષણ, વિ. 'ભોગાઃ'
**સન્તિ** - **છે;** ક્રિયાપદ; વર્ત.કા. તૃ.પુ.બ.વ. 'અસ્'
**બુધઃ** - **જ્ઞાની;** નામ, પ્ર.એ.વ., પુ. 'બુધ'
**તેષુ** - **તેઓમાં;** સર્વનામ, સ.બ.વ., 'તત્' પુ.
**ન** - **નહિ;** અવ્યય
**રમતે** - **રમણ કરે છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ., 'રમ્' ૧ ગણ આત્મને.

**શ્લોકાર્થ:** હે કૌન્તેય! સંસ્પર્શથી થતાં ભોગો દુઃખ ઉત્પન્ન કરાવનાર જ છે, અને આદિ તથા અન્તવાળા છે. વિદ્વાન્ તેઓમાં રમણ કરતો નથી.

**વિવેચન:** 'સંસ્પર્શ' એટલે ઇન્દ્રિયોના વિષયોથી જે ભોગ ઉત્પન્ન થાય છે તે ભોગ આદિ અને અન્તવાળા છે એટલે નિત્ય નથી, અને તેથી તે દુઃખ જ ઉત્પન્ન કરનાર છે. આમ હોવાથી વિદ્વાન્ આવા ભોગોમાં રમતો નથી. આવા ભોગ વિદ્વાન્ ભોગવતો નથી તેમ ભોગવવાની ઇચ્છા પણ રાખતો નથી.

**શક્નોતીહૈવ યઃ સોઢું પ્રાક્ શરીરવિમોક્ષણાત્।**
**કામ-ક્રોધોદ્ભવં વેગં સ યુક્તઃ સ સુખી નરઃ ॥૨૩॥**

**યઃ** - **જે;** સર્વનામ, પ્ર.એ.વ., 'યત્' પુ.
**શરીરવિમોક્ષણાત્** - **શરીર છૂટતાં;** નામ, પં.એ.વ., નપુ.

પ્રાક્ એવ - પહેલાં જ; અવ્યય
કામક્રોધોદ્ભવમ્ - કામક્રોધથી ઉત્પન્ન થતું; વિશેષણ, વિ. 'વેગમ્'
વેગમ્ - વેગને; નામ, દ્વિ.એ.વ., પુ.
સોઢુમ્ - સહન કરવાને; હેત્વર્થ કૃદન્ત
શક્નોતિ - શક્તિમાન છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'શક્' ૫ ગણ પરસ્મૈ.
સઃ - તે; સર્વનામ, પ્ર.એ.વ., 'તત્' પુ.
નરઃ - નર, પુરુષ; નામ, પ્ર.એ.વ., પુ. 'નર'
ઇહ - આ સંસારમાં; અવ્યય
યુક્તઃ - યોગી; વિશેષણ, વિ. 'સઃ'
ચ - અને; અવ્યય
સઃ - તે; સર્વનામ, પ્ર.એ.વ., 'તત્' પુ.
સુખી - સુખી; વિશેષણ, વિ. 'નરઃ'
અસ્તિ - છે; ક્રિયાપદ, વર્ત.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'

**શ્લોકાર્થ :** શરીર તજતાં પહેલા અહીં જ કામ અને ક્રોધ થી થતા વેગને સહન કરવાને જે શક્તિમાન હોય છે તે જ પુરુષ યુક્ત અને સુખી છે.

**વિવેચન :** યોગીનો પુરુષાર્થ મોક્ષ જ છે. મોક્ષના વિરોધી સર્વ દુઃખને તે સહન કરે ત્યારે જ તેને મોક્ષ પ્રાપ્ત થાય છે. કામ અને ક્રોધ ના વેગને શરીર તજતાં પહેલાં સહન કરે, તે સહન કરવા પડે તો પણ મોક્ષ સાધન કર્યા વિના ન રહે, તે જ ખરો યોગી અને સુખી છે.

**યોન્તઃ સુખોઽન્તરારામઃ તથાન્તર્જ્યોતિરેવ યઃ ।**
**સ યોગી બ્રહ્મનિર્વાણં બ્રહ્મભૂતોઽધિગચ્છતિ ॥૨૪॥**

યઃ - જે; સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'યત્'
અન્તઃસુખઃ - અન્તઃકરણમાં સુખવાળો; વિશેષણ, વિ. 'પુરુષઃ'
અન્તરારામઃ - અન્તઃકરણમાં આરામવાળો; વિશેષણ, વિ. 'પુરુષઃ'
તથા - વળી; અવ્યય
યઃ - જે; સર્વનામ, પ્ર.એ.વ., પુ.
અન્તર્જ્યોતિઃ - અન્તઃકરણમાં જ્ઞાનનો પ્રકાશ જેને છે તે; વિશેષણ, વિ. 'પુરુષઃ - યોગી'



પુરુષઃ અસ્તિ - પુરુષ છે; ક્રિ. તૃ.પુ.એ.વ. 'અસ્'
સઃ - તે; સર્વનામ, પ્ર.એ.વ., પુ.
બ્રહ્મભૂતઃ - ઐક્યભાવ પામેલા; વિશેષણ, વિ. 'પુરુષ - યોગી'
યોગી - યોગી. સાંખ્યયોગી; નામ, પ્ર.એ.વ., પુ. 'યોગિન્'
એવ - જ; અવ્યય
બ્રહ્મનિર્વાણમ્ - બ્રહ્મની શાન્તિને; નામ, દ્વિ.એ.વ., પુ.
અધિગચ્છતિ - પામે છે; ક્રિ.વ.કા., તૃ.પુ.એ.વ., અધિ+ગમ્ ૧ ગણ પરસ્મૈ

**શ્લોકાર્થ :** જે અન્તઃ સુખવાળો, અન્તઃ આરામવાળો અને અન્તઃ જ્યોતિઃવાળો હોય તે બ્રહ્મભૂત યોગી બ્રહ્મ નિર્વાણ પ્રાપ્ત કરે છે.

**વિવેચન :** અન્તરાત્મામાં જ સુખી, અન્તરાત્મામાં રમણ કરનાર, અને અન્તરાત્મામાં પ્રકાશવાળો યોગી હોય, તેને બ્રહ્મનિર્વાણ એટલે મોક્ષ અથવા બ્રહ્માનન્દની પ્રાપ્તિ થાય છે. માત્ર કામ ક્રોધના વેગને સહન કરવાથી જ બ્રહ્મનિર્વાણ પ્રાપ્ત થતું નથી, પરન્તુ તે ઉપરાન્ત અહીં કહેલા ગુણોની પણ આવશ્યક્તા છે.

**લભન્તે બ્રહ્મનિર્વાણમ્ ઋષયઃ ક્ષીણકલ્મષાઃ ।**
**છિન્નદ્વૈધા યતાત્માનઃ સર્વભૂતહિતે રતાઃ ॥૨૫॥**

ક્ષીણકલ્મષાઃ - જેનાં પાપો નાશ થયાં છે; વિશેષણ, વિ. 'ઋષયઃ'
છિન્નદ્વૈધાઃ - સંશય જેના નાશ પામ્યા છે; વિશેષણ, વિ. 'ઋષયઃ'
યતાત્માનઃ - જેમનાં અન્તઃકરણ નિયમમાં છે; વિશેષણ, વિ. 'ઋષયઃ'
રતાઃ - મગ્ન, આનન્દવાળા; ભૂ.કૃ. વિશેષણ, વિ. 'ઋષયઃ'
સર્વભૂતહિતે - સર્વ પ્રાણીના હિતમાં; નામ, સ.એ.વ., નપુ.
ઋષયઃ - ઋષિઓ; ભગવન્માર્ગમાં ચાલનારા; નામ, પ્ર.બ.વ., પુ.
બ્રહ્મનિર્વાણમ્ - પરાશાન્તિને; નામ, દ્વિ.એ.વ., પુ.
લભન્તે - મેળવે છે; ક્રિ. વ.કા. તૃ.પુ.બ.વ., આત્મને. ૧ ગણ 'લભ્'

**શ્લોકાર્થ :** જેઓના પાપ ક્ષીણ થયેલા છે, જેઓનો દ્વૈતભાવ (સંશય) દૂર થએલો છે, જેઓનું અન્તઃકરણ નિયત છે અને જેઓ પ્રાણીમાત્રના હિતમાં રમણ કરે છે તેવા ઋષિઓ બ્રહ્મનિર્વાણ પ્રાપ્ત કરે છે.

**વિવેચન :** અહીં સત્પુરુષોનું આચરણ પ્રમાણ કહેલું છે, મન્ત્રદષ્ટા ઋષિઓ જેઓના પાપ ક્ષીણ થએલાં છે, જેઓના સંશયો કપાઈ ગયા છે, અને જેઓ પ્રાણીમાત્રના હિતમાં રમણ કર્યા કરે છે તેઓને બ્રહ્મનિર્વાણ અથવા બ્રહ્માનન્દ મળે છે.

**કામક્રોધવિયુક્તાનાં યતીનાં યતચેતસામ્।**
**અભિતો બ્રહ્મનિર્વાણં વર્તતે વિદિતાત્મનામ્॥૨૬॥**

**કામક્રોધવિયુક્તાનામ્** - **કામ-ક્રોધ વિનાના;** વિશેષણ, વિ. 'યતીનામ્'
**વિદિતાત્મનામ્** - **જેઓએ પરબ્રહ્મ સાક્ષાત્કાર કરેલો છે;** વિશેષણ, વિ. 'યતીનામ્'
**યતચેતસામ્** - **જીતેલાં છે ચિત્ત જેમનાં;** વિશેષણ, વિ. 'યતીનામ્'
**યતીનામ્** - **જ્ઞાની પુરુષોને માટે;** નામ, ષ.બ.વ., પુ. 'યતિ'
**અભિતઃ** - **બધા સ્થળપર, આસપાસ;** અવ્યય
**બ્રહ્મનિર્વાણમ્** - **પરાશાન્તિ, પરમાત્માપદ;** નામ, પ્ર.એ.વ., નપુ.
**વર્તતે** - **છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ., 'વૃત્' ૧ ગણ

**શ્લોકાર્થ :** કામક્રોધરહિત, ચિત્તને નિયમમાં રાખનાર, આત્માને જાણનાર યતિઓને અભિતઃ બ્રહ્મનિર્વાણ છે.

**વિવેચન :** કામક્રોધરહિત વિગેરે ગુણવાળા યતિઓને અભિતઃ અર્થાત્ જીવતાં તેમજ મરણ પછી બ્રહ્માનન્દ છે જ. તેઓને જીવતાં પણ બ્રહ્મનિર્વાણ છે તેથી બ્રહ્મનિર્વાણ પ્રાપ્ત કરવામાટે દેહાન્તરની કાંઈ પણ આવશ્યક્તા નથી.

**સ્પર્શાન્ કૃત્વા બહિર્બાહ્યાન્ ચક્ષુશ્ચૈવાન્તરે ભ્રુવોઃ।**
**પ્રાણાપાનૌ સમૌ કૃત્વા નાસાભ્યન્તરચારિણૌ॥૨૭॥**
**યતેન્દ્રિય-મનો-બુદ્ધિઃ મુનિર્ મોક્ષ-પરાયણઃ।**
**વિગતેચ્છા-ભય-ક્રોધો યઃ સદા મુક્ત એવ સઃ॥૨૮॥**

**બાહ્યાન્** - **બહારના;** વિશેષણ, વિ. 'સ્પર્શાન્'
**સ્પર્શાન્** - **સ્પર્શેન્દ્રિયોને, ઇન્દ્રિયોના વિષયોને;** નામ, દ્વિ.બ.વ., પુ.
**બહિઃ એવ** - **બહાર જ;** અવ્યય
**કૃત્વા** - **કરીને, રાખીને;** વિધેય કૃદન્ત. **ચ** - **અને;** અવ્યય



**ચક્ષુઃ** - **ચક્ષુની શક્તિને, દષ્ટિને;** નામ, દ્વિ.એ.વ., નપુ.
**ભ્રૂવોઃ** - **બે ભવાંઓની, બે ભમરોની;** નામ, ષ.દ્વિ.વ. 'ભ્રૂઃ' સ્ત્રી
**અન્તરે** - **મધ્યમાં;** અવ્યય
**નાસાભ્યન્તરચારિણૌ** - **નાસિકામાં વિચરનારા;** વિશેષણ, વિ. 'પ્રાણાપાનૌ'
**પ્રાણાપાનૌ** - **પ્રાણ અને અપાન;** નામ, દ્વિ. દ્વિવચન પુ.
**સમૌ** - **સરખા;** વિશેષણ, વિ. 'પ્રાણાપાનૌ'
**કૃત્વા** - **કરીને;** વિધેય કૃદન્ત
**યતેન્દ્રિયમનોબુદ્ધિઃ** - **નિયમમાં રહેલાં છે ઇન્દ્રિય મન અને બુદ્ધિ જેનાં;** વિશેષણ, વિ. 'મુનિઃ'
**યઃ** - **જે;** સર્વનામ, પ્ર.એ.વ., પુ.
**મોક્ષપરાયણઃ** - **મોક્ષપરાયણ;** વિશેષણ, વિ. 'મુનિઃ'
**મુનિઃ** - **મનનશીલ યોગી;** નામ, પ્ર.એ.વ., પુ. 'મુનિ'
**વિગતેચ્છાભયક્રોધઃ** - **ઇચ્છા, ભય, અને ક્રોધ જતાં રહ્યાં છે જેનાં;** વિશેષણ, વિ. 'મુનિઃ'
**અસ્તિ** - **છે;** ક્રિયાપદ, વર્ત.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'
**સઃ** - **તે;** સર્વનામ, પ્ર.એ.વ., 'તત્' પુ.
**સદા** - **હંમેશા;** અવ્યય
**મુક્તઃ** - **મુક્ત;** વિશેષણ, વિ. 'મુનિઃ'
**એવ** - **જ, માત્ર;** અવ્યય
**અસ્તિ** - **છે;** ક્રિયાપદ, વર્ત.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'

**શ્લોકાર્થ :** બાહ્ય સ્પર્શોને બહાર રાખીને, ચક્ષુને બે ભ્રુકુટિની મધ્યમાં રાખીને, પ્રાણ અને અપાન ને નાસિકામાં ફરતાં સમાન રાખી જે મોક્ષપરાયણ મુનિએ ઇન્દ્રિયો મન અને બુદ્ધિ ને નિયમમાં રાખેલા છે અને જેની ઇચ્છા, ભય અને ક્રોધ દૂર થયેલા છે તે સદા મુક્ત જ છે.

**વિવેચન :** હવે બે શ્લોકથી યોગનું વર્ણન કરે છે. આ યોગ ઈશ્વરનું આલમ્બન કરનાર છે. ઈશ્વરનું આલમ્બન કરનાર યોગનું સ્વરૂપ બે શ્લોકથી કહે છે. બાહ્ય સ્પર્શો એટલે રૂપ, રસ વિગેરે બહારના પદાર્થો. આ પદાર્થોનું માત્ર ચિન્તન કરવામાં આવે તો તરત જ અન્તઃપ્રવેશ કરે છે. તેથી તેઓના ચિન્તનનો ત્યાગ કરી તેઓને અન્તઃપ્રવેશ કરવા નહિ દેતાં બહાર

જ રાખી, જ્ઞાનપ્રધાન નેત્રને બે ભ્રુકુટિ મધ્યે રાખી અર્થાત્ ચક્ષુઃ અર્ધ બંધ રાખી, એકાગ્ર મન કરી, ઉર્ધ્વ અને અધઃગતિવાળા પ્રાણ અને અપાન ઉભયને સમાન રાખી એટલે પ્રાણ અને અપાન ઉભયનો પ્રાણાયામની કુમ્ભક વિધિથી સંયમ કરી તેઓને નાસિકામાં રાખી, પોતાના કાર્યની સિદ્ધિપરાયણ નહિ પરન્તુ મોક્ષપરાયણ એટલે મોક્ષ માટે ઈશ્વરનું અવલમ્બન કરનાર જે મુનિ પોતાની ઇન્દ્રિયો, પ્રાણ મન અને બુદ્ધિ નો સંયમ કરે છે અને જેની ઇચ્છાં, ભય ક્રોધ વિગેરે, દૂર થએલા છે તે સદા મુક્ત જ છે; અર્થાત્ પ્રપઞ્ચમાં પણ તે જીવન્મુક્ત જ છે.

**ભોક્તારં યજ્ઞતપસાં સર્વલોકમહેશ્વરમ્।**
**સુહૃદં સર્વભૂતાનાં જ્ઞાત્વા માં શાન્તિમ્ ઋચ્છતિ॥૨૯॥**

**યજ્ઞતપસામ્ - યજ્ઞ અને તપના કર્મોના;** નામ, ષ.બ.વ., નપુ.
**ભોક્તારમ્ - ભોગવનાર;** નામ, દ્વિ.એ.વ., 'ભોક્તૃ' પુ.
**સર્વભૂતાનામ્ - સમ્પૂર્ણ ભૂતપ્રાણીઓના;** નામ, ષ.બ.વ., નપુ.
**સુહૃદમ્ - મિત્ર;** નામ, દ્વિ.એ.વ., સ્ત્રી. 'સુહૃત્'
**ચ - અને;** અવ્યય
**સર્વલોકમહેશ્વરમ્ - સર્વ લોકના ઈશ્વર;** નામ, દ્વિ.એ.વ., પુ.
**મામ્ - મને;** સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મદ્'
**જ્ઞાત્વા - જાણીને;** વિધેય કૃદન્ત
**પુરુષઃ - પુરુષ**
**શાન્તિમ્ - શાન્તિને;** નામ, દ્વિ.એ.વ., સ્ત્રી.
**ઋચ્છતિ - મેળવે છે;** ક્રિ.વ.કા., તૃ.પુ.એ.વ., 'ઋ(ઋચ્છ)' ૧ ગણ પરસ્મૈ

**શ્લોકાર્થ:** મને યજ્ઞ અને તપ નો ભોક્તા, સર્વ લોકનો મહેશ્વર, અને પ્રાણીમાત્રનો સુહૃત જાણીને તે શાન્તિ પામે છે.

**વિવેચન:** ઇન્દ્રિય આદિના સંયમ માત્રથી મુક્તિ કેમ પ્રાપ્ત થાય એવી શઙ્કા થાય તે દૂર કરે છે. માત્ર સંયમથી મુક્તિ પ્રાપ્ત થતી નથી, પરન્તુ મારા એટલે ભગવાનનાં માહાત્મ્યજ્ઞાનથી મુક્તિ પ્રાપ્ત થાય છે. હું યજ્ઞ અને તપનો ભોક્તા છું અર્થાત્ વેદના કર્મકાણ્ડનું તાત્પર્ય હું જ છું. હું સર્વ લોકોનો મહેશ્વર છું, અર્થાત્ વેદના ઉપાસનાકાણ્ડનું

## ॥ અધ્યાય ૬ ॥
## આત્મસંયમયોગ

**શ્રીભગવાન્ ઉવાચ**

**અનાશ્રિતઃ કર્મફલં કાર્યં કર્મ કરોતિ યઃ।**
**સ સન્ન્યાસી ચ યોગી ચ ન નિરગ્નિર્ ન ચાક્રિયઃ॥૧॥**

**યઃ** - જે; સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'યત્'
**કર્મફલમ્** - કર્મફળને; નામ, દ્વિ.એ.વ., નપુ. 'કર્મફલ'
**અનાશ્રિતઃ** - આશ્રય વિનાનો, ઇચ્છા વિનાનો; વિશેષણ, વિ. 'યઃ'
**કાર્યમ્** - કાર્ય-કર્તવ્યને, કરવા લાયકને; 'કૃ' વિશેષણ, વિ. 'કર્મ'
**કર્મ** - કર્મને; નામ, દ્વિ.એ.વ., નપુ. 'કર્મન્'
**કરોતિ** - કરે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'કૃ' ૮ ગણ પરસ્મૈ.
**સઃ** - તે; સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'તત્'
**સન્ન્યાસી** - સન્ન્યાસી; નામ, પ્ર.એ.વ., પુ. 'સંન્યાસિન્'
**ચ** - અને; અવ્યય
**યોગી** - યોગી; નામ, પ્ર.એ.વ. 'યોગિન્' પુ.
**અસ્તિ** - છે; ક્રિયાપદ, વર્ત.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'
**ચ કેવલમ્** - અને કેવલ; અવ્યય
**નિરગ્નિઃ** - અગ્નિને તજનારો; નામ, પ્ર.એ.વ., પુ. 'નિર્ + અગ્નિ' (સન્ન્યાસી=સન્ન્યાસી)
**ન** - નહિ; અવ્યય
**અસ્તિ** - છે; ક્રિયાપદ, વર્ત.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'
**ચ કેવલમ્** - અને કેવલ; અવ્યય
**અક્રિયઃ** - ક્રિયાનો ત્યાગ કરનારો; વિશેષણ, વિ. 'સન્ન્યાસી, યોગી' (અપિ સન્ન્યાસી=પણ સન્ન્યાસી)
**ન** - નહિ; અવ્યય
**અસ્તિ** - છે; ક્રિયાપદ, વર્ત.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'

**શ્લોકાર્થ:** કર્મફલનો આશ્રય કાર્ય વિના જે કાર્ય કર્મ કરે છે તે સંન્યાસી છે



અને યોગી છે. નિરગ્નિ અથવા અક્રિય (સન્ન્યાસી અથવા યોગી) નથી.

**વિવેચન:** આત્મસંયમ કરી તે વડે ઉપર વર્ણન કર્યું તેમ સન્ન્યાસ અને યોગ ઉભયના એકાર્થની સિદ્ધિ થાય છે. તેથી જે કર્મફલનો ત્યાગ કરી, માત્ર કર્તવ્ય હોવાથી જ અગ્નિહોત્ર વિગેરે કર્મ કરે છે, તેણે કર્મફલનો આશ્રય રાખેલ નહિ હોવાથી અથવા કર્મફલ સ્વર્ગ વિગેરેનો ત્યાગ કરેલો હોવાથી તે સન્ન્યાસી છે, અને કર્તવ્ય કર્મ કરતો હોવાથી તે યોગી પણ છે. આ રીતે સન્ન્યાસ અને યોગ ઉભયના એકાર્થની સિદ્ધિ તેનામાં થાય છે. પરન્તુ જે નિરગ્નિ છે અર્થાત્ અગ્નિથી કરવાના અગ્નિહોત્રાદિ કર્મ કરતો નથી, તે સન્ન્યાસી નથી. યોગી તો હોઈ શકે જ નહિ. તેમજ જે અક્રિય છે અર્થાત્ જે અગ્નિ વિના કરવાનાં કર્મ જેવાં કે વાવ-કૂવા વિગેરે ખોદાવવા, દાન કરવું વિગેરે કરતો નથી તે પણ સન્ન્યાસી નથી, યોગી તો હોઈ શકે જ નહિ. તેથી ફલની ઇચ્છા વિના માત્ર કર્તવ્ય હોવાથી જ જે કર્મ કરે છે તે જ સન્ન્યાસી છે, તે જ યોગી પણ છે.

**યં સન્ન્યાસમ્ ઈતિ પ્રાહુઃ યોગં તં વિદ્ધિ પાણ્ડવ!।**
**ન હ્યસંન્યસ્ત-સઙ્કલ્પો યોગી ભવતિ કશ્ચન॥૨॥**

**પાણ્ડવ** - અર્જુન; સમ્બોધન
**યમ્** - જેને; સર્વનામ, દ્વિ.એ.વ., પુ.
**સન્ન્યાસમ્** - સન્ન્યાસને; નામ, દ્વિ.એ.વ., પુ. 'સન્ન્યાસ'
**ઈતિ** - એ પ્રમાણે; અવ્યય
**પ્રાહુઃ** - કહે છે; ક્રિ. વ.કા, તૃ.પુ.બ.વ., પ્ર + બ્રૂ ૨ ગણ
**તમ્** - તેને; સર્વનામ, દ્વિ.એ.વ., પુ. 'તત્'
**ત્વમ્** - તું; સર્વનામ, પ્ર.એ.વ. 'યુષ્મદ્'
**યોગમ્** - યોગને; નામ, દ્વિ.એ.વ., પુ. 'યોગ'
**વિદ્ધિ** - જાણ; ક્રિ. આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ., 'વિદ્' ૨ ગણ આત્મને.
**હિ** - કારણ કે; અવ્યય
**અસંન્યસ્તસઙ્કલ્પઃ** - સઙ્કલ્પોનો ત્યાગ જેણે કર્યો નથી એવો; વિશેષણ, વિ. 'યોગી'
**કશ્ચન** - કોઈ પણ; સર્વનામ, પ્ર.એ.વ., પુ.
**યોગી** - યોગી; નામ, પ્ર.એ.વ., પુ. 'યોગિન્'

**ન** - **નહિ;** અવ્યય
**ભવતિ** - **થાય છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'ભૂ' ૧ ગણ પરસ્મૈ.

**શ્લોકાર્થ:** હે પાણ્ડવ! જેને સન્ન્યાસ એમ કહે છે તેને યોગ જાણ, કારણ કે સઙ્કલ્પનો સન્ન્યાસ કર્યા વિના કોઈ પણ યોગી થતો નથી.

**વિવેચન:** ઋષિઓ જેને 'સન્ન્યાસ' એમ કહે છે તે જ યોગ છે, કારણ કે તેમાં પણ ફલના સઙ્કલ્પનો ત્યાગ કરવાનો ઉપદેશ છે. તેવા સઙ્કલ્પનો ત્યાગ કર્યા વિના કોઈ પણ યોગી થઈ શકતું નથી. તેથી સન્ન્યાસ અને યોગ ઉભયમાં કર્મફલના સઙ્કલ્પનો ત્યાગ કરવાનો હોવાથી ઉભય એક જ છે.

**વિશેષ:** સામાન્ય જગત્ એવું માને છે કે સન્ન્યાસી અગ્નિ વગરનો અને કર્મ વિનાનો હોવો જોઈએ. તાત્પર્ય એ કે તે અગ્નિ સાથે સમ્બન્ધ રાખી શકે નહિ અને કર્મ સાથે સમ્બન્ધ રાખી શકે નહિ એટલે કે વૈદિક અગ્નિ અને વૈદિક કર્મ એ રાખી શકે નહિ. જો કે આ પ્રકારની રીત શિષ્ટ પુરુષોએ બતાવી છે ખરી પણ આ શ્લોક એ તરફ બહુ દરકાર ન કરતાં કોઈ જુદી રીતે સન્ન્યાસીનું લક્ષણ આપે છે. કેવળ ત્યાગને સન્ન્યાસ માનવા કરતાં કર્મના ફળ તરફ અનાસક્તિ રાખી કર્મ કર્યા જવાં એને પણ સન્ન્યાસ તરીકે ઓળખાવે છે. સન્ન્યાસી = ઉત્પન્ન થતી વૃત્તિઓનો ત્યાગ કરનાર અથવા તેના તરફ અંકુશ મૂકી નિર્લેપ રહી આગળ વધનાર; નહિ કે વિહિત કર્મનો ત્યાગ કરનાર. કર્મ કરતો છતાં પણ તેના ફળ તરફ આશા નહિ રાખનાર. આ પ્રકારનો કર્મ સન્ન્યાસ યોગમાર્ગમાં અતિ સાધનરૂપે કામ કરે છે અને બ્રહ્મ સાથે સમ્બન્ધ કરવામાં પણ સહાયક બને છે. યોગનો અર્થ ભગવાન્‌ની સાથે જોડાણ. જોડાણ કર્મદ્વારા અગર જ્ઞાનદ્વારા ભક્તિદ્વારા થઈ શકે છે. દરેકમાં ત્યાગની જરૂર છે ત્યાગ મનથી હોવો જોઈએ.

**આરુરુક્ષોર્મુનેર્યોગં કર્મ કારણમ્ ઉચ્યતે।**
**યોગારૂઢસ્ય તસ્યૈવ શમઃ કારણમ્ ઉચ્યતે॥૩॥**

**યોગમ્** - **યોગને, સમત્વબુદ્ધિયોગને;** નામ, દ્વિ.એ.વ., પુ. 'યોગ'



**આરુરુક્ષોઃ** - **આરૂઢ થવાની ઈચ્છા કરનારનો;** ષ.એ.વ., પુ. 'આરુરુક્ષુઃ'
**મુનેઃ** - **મુનિનો;** **નામ,** ષ.એ.વ., પુ.
**કર્મ** - **કર્મ, નિષ્કામ કર્મ;** **નામ,** પ્ર.એ.વ., નપુ. 'કર્મન્'
**કારણ** - **કારણ;** પ્ર.એ.વ., નપુ.
**ઉચ્યતે** - **કહેવાય છે;** ક્રિ. વ.કર્મણિ, તૃ.પુ.એ.વ., 'વચ્' ૨ ગણ
**તસ્ય** - **તેનું;** સર્વનામ, ષ.એ.વ., પુ.
**યોગઆરૂઢસ્ય** - **યોગમાં આરૂઢ થયેલાનું;** વિશેષણ, વિ. 'તસ્ય'
**શમઃ** - **મનનો નિગ્રહ, સઙ્કલ્પોનો અભાવ;** **નામ,** પ્ર.એ.વ., પુ. 'શમ'
**એવ** - **જ;** અવ્યય
**કારણમ્** - **કારણ;** **નામ,** પ્ર.એ.વ., નપુ.
**ઉચ્યતે** - **કહેવાય છે;** ક્રિ. વ.કર્મણિ, તૃ.પુ.એ.વ., 'વચ્' ૨ ગણ

**શ્લોકાર્થ:** યોગ આરોહ કરવાની ઈચ્છાવાળા મુનિને કર્મ સાધન છે. તે જ યોગારૂઢ થાય ત્યારે શમ સાધન છે.

**વિવેચન:** યોગ અથવા આત્મસંયમ કરવાની ઈચ્છાવાળા મુનિને તે પ્રાપ્ત કરવાનું મુખ્ય સાધન ઉપર કહ્યું તેવું કર્મ છે. એટલે ફલની ઈચ્છા વિના સ્વધર્મનું આચરણ સાધન છે. તે જ મુનિ યોગારૂઢ થાય અર્થાત્ તેને આત્મસંયમ સિદ્ધ થાય, ત્યારે તેને 'શમ' એટલે સર્વ સઙ્કલ્પનો ત્યાગ સાધન છે. સર્વ સઙ્કલ્પનો ત્યાગ કરવાથી આત્મસંયમ દૃઢ થાય. તેથી શમ એટલે સર્વ સઙ્કલ્પનો ત્યાગ એ યોગારૂઢ મુનિને સ્થૂણાખનન પેઠે આત્મસંયમ વિશેષ દૃઢ કરવાનું સાધન છે.

**યદા હિ નેન્દ્રિયાર્થેષુ ન કર્મસ્વનુષજ્જતે।**
**સર્વસઙ્કલ્પસન્ન્યાસો યોગારૂઢસ્ તદોચ્યતે॥૪॥**

**યદા હિ** - **જ્યારે ચોક્કસ;** અવ્યય
**ઈન્દ્રિયાર્થેષુ** - **ઈન્દ્રિયોના અર્થમાં;** નામ, સ.બ.વ., પુ. 'ઈન્દ્રિયાર્થ'
**ન** - **નહિ;** અવ્યય
**અનુષજ્જતે** - **આસક્ત થાય છે;** ક્રિ. વ.કા, તૃ.પુ.એ.વ., 'અનુ + સજ્જ્'
૧ ગણ આત્મને.
**ચ ન** - **અને નહિ;** અવ્યય

**કર્મસુ** - **કર્મોમાં**; નામ, સ.બ.વ., નપુ. 'કર્મન્'
**અનુષજ્જતે** - **આસક્ત થાય છે**; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ. 'અનુ + સજ્જ્'
૧ ગણ આત્મને.
**તદા** - **ત્યારે**; અવ્યય
**સર્વસઙ્કલ્પસન્ન્યાસી** - **સર્વ સઙ્કલ્પોનો ત્યાગ કરનાર**; નામ, પ્ર.એ.વ., પુ.
**યોગારૂઢઃ** - **યોગપર આરૂઢ થયેલો**; વિશેષણ, વિ. 'સન્ન્યાસી'
**ઉચ્યતે** - **કહેવાય છે**; ક્રિ. વ. કર્મણિ, તૃ.પુ.એ.વ., 'વ્' ૨ ગણ આત્મને.

**શ્લોકાર્થ**: જ્યારે ઇન્દ્રિયોના અર્થોમાં અથવા કર્મમાં આસક્ત થતો નથી અને સર્વ સઙ્કલ્પનો ત્યાગ કરે છે ત્યારે યોગારૂઢ કહેવાય છે.

**વિવેચન**: જ્યારે ઇન્દ્રિયોના અર્થમાંથી આસક્તિ ટળી જાય અને પોતાની ક્રિયાથી થતાં કર્મમાં પણ આસક્તિ રહે નહિ અને સઙ્કલ્પનો ત્યાગ થાય, ત્યારે યોગારૂઢ કહેવાય છે.

**વિશેષ**: યોગરૂઢ એટલે યોગમાં આરૂઢ. એનું ચિત્ત બ્રહ્મમાં જ રહેતું હોવાથી લોકધર્મ એની પાસે નથી. એથી ઇન્દ્રિયો અને ઇન્દ્રિયોના વિષય સાથે સમ્બન્ધ થવાનો સમ્ભવ નથી. માત્ર દેહના નિર્વાહ પૂરતું સામાન્ય ધ્યાન અપાય તેમાં દોષ ગણાતો નથી. દેહને ટકાવવા પૂરતું જ ધ્યાન અપાય છે, નહિ કે દેહના આરામ અથવા સુખ પૂરતું ધ્યાન.

**ઉદ્ધરેદ્ આત્મનાત્માનં નાત્માનમ્ અવસાદયેત્।**
**આત્મૈવ હ્યાત્મનો બન્ધુઃ આત્મૈવ રિપુરાત્મનઃ ॥૫॥**

**આત્મના** - **આત્માવડે, મનથી**; નામ, તૃ.એ.વ., પુ. 'આત્મન્'
**આત્માનમ્** - **આત્માને, સંસારરૂપ શરીરને**; નામ દ્વિ.એ.વ., પુ. 'આત્મન્'
ઉદ્ધરેત્ - ઉદ્ધાર કરે છે; ક્રિ. વિધ્યર્થ, તૃ.પુ.એ.વ., ઉત્ + હૃ ૧ ગણ
**ચ ન** - **અને નહિ**; અવ્યય
**અવસાદયેત્** - **અધોગતિમાં નાખે**; ક્રિ. વિધ્યર્થ, તૃ.પુ.એ.વ., કારક 'અધ + સદ્'
પ્રેરક, ૧ ગણ પરસ્મૈ.
**આત્માનમ્** - **આત્માને; પોતાના જીવાત્માને**; નામ, દ્વિ.એ.વ. પુ.
**હિ** - **કેમક**; અવ્યય



**આત્મા** - **આત્મા**; નામ, પ્ર.એ.વ., પુ. 'આત્મન્'
**એવ** - **જ, માત્ર**; અવ્યય
**આત્મનઃ** - **આત્માનો**; નામ, ષ.એ.વ., પુ.
**બન્ધુઃ** - **બન્ધુ**; નામ, પ્ર.એ.. પુ. 'બન્ધુ' (અસ્તિ ચ=છે અને)
**આત્મા** - **આત્મા**; નામ, પ્ર.એ.વ., પુ.
**એવ** - **જ, માત્ર**; અવ્યય
**આત્મનઃ** - **આત્માનો**; નામ, ષ.એ.વ., પુ.
**રિપુઃ** - **દુશ્મન**; નામ, પ્ર.એ.વ., પુ. 'રિપુ'
**અસ્તિ** - **છે**; ક્રિ.પ., વર્ત.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'

**શ્લોકાર્થ**: આત્માથી આત્માનો ઉદ્ધાર કરવો, પણ આત્માનો નાશ ન કરવો, કારણ કે આત્મા જ આત્માનો બન્ધુ છે અને આત્મા જ આત્માનો શત્રુ છે.

**વિવેચન**: વિષયોમાં આસક્તિ ન રાખવારૂપ કર્મ કરી પોતે જ આત્માનો ઉદ્ધાર કરવો, પરન્તુ વિષયોમાં આસક્તિ રાખી આત્માનો વિનાશ ન કરવો, કારણ કે આત્મા એટલે કર્તા પોતે જ આત્માનો બન્ધુ છે, અર્થાત્ ફલની ઇચ્છા રાખ્યા વિના કર્તવ્ય હોવાથી જ કર્મ કરી પોતાનો ઉદ્ધાર કરે છે; અને આત્મા એટલે કર્તા પોતે જ આત્માનો શત્રુ છે અર્થાત્ વિષયોમાં આસક્તિ રાખી પોતાનો વિનાશ કરે છે.

**વિશેષ**: આત્મા આત્માનો ઉદ્ધાર કરે છે અને આત્મા આત્માનો નાશ કરે છે. તાત્પર્ય કે 'આત્મા'નો એક અર્થ જીવ થાય છે અને બીજા અર્થમાં જીવને મદદમાં આપેલી સામગ્રી—મન, બુદ્ધિ, ચિત્ત, અહઙ્કાર, દેહ, પ્રાણ અને ઇન્દ્રિય—ને પણ આત્મારૂપ કહેવામાં આવે છે. હવે જીવે પોતાનો ઉદ્ધાર કરવો છે તેથી આ સામગ્રીની યથાયોગ્ય મદદ લે તો ઉદ્ધાર થાય અને જો એ સામગ્રી તરફ બેદરકાર રહે તો જીવનો અધઃપાત થાય. દષ્ટાન્તમાં ઘોડેસવાર જો ઘોડા પર કાબુ ન રાખે તો ઘોડો સ્વછન્દતા ધારણ કરી ઘોડેસવારને પાડી નાખે અને જો કાબુમાં રાખે તો નિયત સ્થળે લઈ જાય. એ રીતે પોતાનો મિત્ર પણ બની શકે અને શત્રુ પણ બની શકે. ઇન્દ્રિયો અશ્વરૂપે છે. મન તેની લગામ

છે. બુદ્ધિ સારથીનું કામ કરે છે. રથરૂપે દેહ છે. રથી તરીકે જીવ છે. જો આ બધાં પોતપોતાનાં કામો નિયમિત આપે તો રથીને સુખકર પણ થાય અને નિયત સ્થળે લઈ જાય.

**બન્ધુરાત્માત્મનસ્તસ્ય યેનાત્મૈવાત્મના જિતઃ।**
**અનાત્મનસ્તુ શત્રુત્વે વર્તેતાત્મૈવ શત્રુવત્‌॥૬॥**

**યેન** - **જેના વડે;** સર્વનામ, તૃ.એ.વ., પુ.

**આત્મના** - **આત્માથી, જીવાત્મા વડે;** નામ, તૃ.એ.વ., પુ.

**એવ** - **જ, માત્ર;** અવ્યય

**આત્મા** - **આત્મા, પોતે, મન, ઈન્દ્રિય સહિત શરીર;** નામ, પ્ર.એ.વ., પુ.

**જિતઃ** - **જીતાયેલો;** ભૂ.કૃ. વિશેષણ, વિ. 'આત્મા'

**અસ્તિ** - **છે;** ક્રિ.પ., વર્ત.કા. તૃ.પુ.એ.વ. 'અસ્‌'

**તસ્ય** - **તેનો;** સર્વનામ, ષ.એ.વ., પુ. 'તત્‌'

**આત્મનઃ** - **આત્માનો, જીવાત્માનો;** નામ, ષ.એ.વ., પુ.

**આત્મા** - **આત્મા;** નામ, પ્ર.એ.વ., પુ. 'આત્મન્‌'

**બન્ધુઃ** - **બન્ધુ;** નામ, પ્ર.એ.વ., પુ. 'બન્ધુ'

**તુ** - **પણ, તો;** અવ્યય

**અનાત્મનઃ** - **આત્મા નથી જેનો, જેણે ઈન્દ્રિય વગેરે જીત્યાં નથી;** નામ, ષ.એ.વ., પુ.

**આત્મા** - **જીવાત્મા;** નામ, પ્ર.એ.વ., પુ.

**એવ** - **જ, માત્ર;** અવ્યય

**શત્રુવત્‌** - **શત્રુની માફક;** અવ્યય

**શત્રુત્વે** - **શત્રુરૂપે;** નામ, સ.એ.વ., નપુ. 'શત્રુત્વ'

**વર્તેત** - **વર્તે;** ક્રિ. વિધ્યર્થ, તૃ.પુ.એ.વ., 'વૃત્‌' ૧ ગણ આત્મને.

**શ્લોકાર્થ :** જેણે આત્માથી આત્માને જ જીત્યો છે તેનો આત્મા આત્માને બન્ધુ છે, પરન્તુ અનાત્મા શત્રુ હોવાથી આત્મા જ શત્રુની પેઠે વર્તે છે.

**વિવેચન :** જેણે આત્માથી એટલે વિવેકબુદ્ધિથી પોતાના આત્માને એટલે કર્તાપણાના અભિમાનીને જ જીત્યો છે તેનો આત્મા આત્માનો એટલે પોતાનો બન્ધુ છે, અર્થાત્‌ જેને "હું કર્તા છું" એવું અભિમાન નથી

**તથા** - **અને;** અવ્યય

**સમલોષ્ટાશ્મકાઞ્ચનઃ** - **સરખાં છે માટી, પત્થર, સોનું જેને;** વિશેષણ, વિ. 'યોગી' "લોષ્ટં, અશ્મા, કાઞ્ચનં ચ સમમ્ યસ્ય ઇતિ" બહુવ્રીહિ.

**યોગી** - **યોગી;** નામ, પ્ર.એ.વ., પુ. 'યોગિન્'

**યુક્તઃ** - **યોગ્ય, ભગવત્ પ્રાપ્તિવાળો;** વિશેષણ, વિ. 'યોગી'

**ઇતિ** - **એ પ્રમાણે;** અવ્યય

**ઉચ્યતે** - **કહેવાય છે;** ક્રિ. વ.કર્મણિ, તૃ.પુ.એ.વ., 'વચ્' ૨ ગણ આત્મને.

**શ્લોકાર્થ :** જેનું અન્તઃકરણ જ્ઞાન અને વિજ્ઞાન થી તૃપ્ત છે, જે નિર્વિકાર છે, જેણે ઇન્દ્રિયોને જીતેલી છે અને જેને લોષ્ઠ, પથ્થર અને સુવાર્ણ સમાન છે, તેવો યોગી 'યુક્ત' કહેવાય છે.

**વિવેચન :** અહીંથી બે શ્લોકથી યોગારૂઢ મુનિનું સ્વરૂપ તથા ઉત્તમપણું દર્શાવે છે. જેનું અન્તઃકરણ ઉપદેશથી પ્રાપ્ત થયેલાં જ્ઞાનથી તથા સાક્ષાત્ થએલા અનુભવથી તૃપ્ત થએલું છે, જે વિકારરહિત છે, જેણે ઇન્દ્રિયોને જીતેલી છે અને માટીના ઢેફામાં, પથ્થરમાં તથા સુવર્ણમાં જેની સમાન બુધ્ધિ છે તેવો યોગી યુક્ત અથવા યોગારૂઢ છે.

**સુહૃન્-મિત્રાર્યુદાસીન-મધ્યસ્થ-દ્વેષ્ય-બન્ધુષુ ।**
**સાધુષ્વપિ ચ પાપેષુ સમબુદ્ધિર્ વિશિષ્યતે ॥૯॥**

**સુહૃન્-મિત્રાર્યુદાસીન-મધ્યસ્થ-દ્વેષ્ય-બન્ધુષુ** - **સુહૃદ્, મિત્ર, શત્રુ, ઉદાસીન, મધ્યસ્થ, દ્વેષ્ય અને બન્ધુ માં;** નામ, સ.બ.વ.,

**ચ** - **અને;** અવ્યય

**સાધુષુ** - **સાધુઓમાં;** નામ, સ.બ.વ., પુ. 'સાધુ'

**ચ** - **અને;** અવ્યય

**પાપેષુ** - **પાપીઓમાં;** નામ, સ.બ.વ., પુ.

**અપિ** - **પણ;** અવ્યય

**સમબુદ્ધિઃ** - **સમભાવવાળો;** નામ, પ્ર.એ.વ., સ્ત્રી. 'સમબુદ્ધિ'

**વિશિષ્યતે** - **શ્રેષ્ઠ છે, વિશેષ છે;** ક્રિ. વ.કર્મણિ તૃ.પુ.એ.વ., 'વિ + શિષ્' ૭ ગણ આત્મને.



**શ્લોકાર્થ :** સુહૃદ્, મિત્ર, શત્રુ, ઉદાસીન, મધ્યસ્થ, દ્વેષ્ય, બન્ધુ, સાધુઓ અને પાપીઓમાં પણ જેની બુદ્ધિ સમાન છે તે ઉત્તમ છે.

**વિવેચન :** 'સુહૃત્' એટલે સર્વ હિત ઉપદેશ કરનાર. 'મિત્ર' એટલે સ્નેહથી પરવશ રહેનાર. 'ઉદાસીન' એટલે શત્રુ પણ નહિ અને મિત્ર પણ નહિ તેવો. 'મધ્યસ્થ' એટલે વાદ કરનાર ઉભય પક્ષના સદ્ અથવા અસદ્ વાક્યનો નિર્ણય કરનાર. 'દ્વેષ્ય' એટલે સદ્ભાવ રહિત. 'બન્ધુ' એટલે સમ્બન્ધી. 'સાધુ' એટલે સદાચારવાળા અને 'પાપી' એટલે ધર્મના વિરોધી. સુહૃદ્ વિગેરે સર્વમાં જેની બુદ્ધિ સમાન છે તે ઉત્તમ યોગી છે.

**યોગી યુઞ્જીત સતતમ્ આત્માનં રહસિ સ્થિતઃ ।**
**એકાકી યતચિત્તાત્મા નિરાશીરપરિગ્રહઃ ॥૧૦॥**

**નિરાશીઃ** - **આશા વિનાનો, વાસના વિનાનો;** વિશેષણ, વિ. 'યોગી'

**યતચિત્તાત્મા** - **મન-ઇન્દ્રિય સહિત શરીરને જીતનાર;** વિશેષણ, વિ. યોગી

**ચ** - **અને;** અવ્યય

**અપરિગ્રહઃ** - **સંગ્રહ વિનાનો;** વિશેષણ, વિ. 'યોગી'

**યોગી** - **યોગી;** નામ, પ્ર.એ.વ., પુ. 'યોગિન્'

**એકાકી** - **એકલો;** વિશેષણ, વિ. 'યોગી'

**રહસિ** - **એકાન્તમાં;** નામ, સ.એ.વ., 'રહસ્' નપુ.

**સ્થિતઃ** - **સ્થિર થયેલો;** વિશેષણ, વિ. 'યોગી'

**સતતમ્** - **ચાલુ;** અવ્યય

**આત્માનમ્** - **આત્માને;** નામ, દ્વિ.એ.વ., પુ. 'આત્મન્'

**યુઞ્જીત** - **જોડાય;** ક્રિ. વિધ્યર્થ તૃ.પુ.એ.વ., 'યુજ્' ૭ ગણ આત્મને.

**શ્લોકાર્થ :** યોગીએ એકાન્તમાં રહી, ચિત્ત અને બુદ્ધિ ને નિયમમાં રાખી, ઇચ્છારહિત અને પરિગ્રહરહિત રહી નિરન્તર આત્માને (પરમાત્મામાં) યોજવો.

**વિવેચન :** યોગારૂઢ મુનિનું સ્વરૂપ કહી, અહીંથી છ શ્લોકથી (૧૦ થી ૧૫) અંગસહિત યોગની સિદ્ધિ કેવી રીતે થાય છે તે કહે છે. યોગીએ એકાન્તમાં યોગ અહીં જણાવ્યું તેમ સાધવો.

**શુચૌ દેશે પ્રતિષ્ઠાપ્ય સ્થિરમ્ આસનમાત્મનઃ।**
**નાત્યુચ્છ્રિતં નાતિનીચં ચૈલાજિનકુશોત્તરમ્॥૧૧॥**

**શુચૌ** - **પવિત્ર, શુદ્ધ;** વિશેષણ, વિ. 'દેશે'
**દેશે** - **સ્થળમાં;** નામ, સ.એ.વ., પુ. 'દેશ'
**ચૈલાજિનકુશોત્તરમ્** - **વસ્ત્ર, મૃગચર્મ, દર્ભવાળું;** વિશેષણ, વિ. 'આસનમ્'
**આત્મનઃ** - **પોતાના;** નામ, ષ.એ.વ., પુ. 'આત્મન્'
**આસનમ્** - **આસનને;** નામ, દ્વિ.એ.વ., નપુ. 'આસન'
**ન** - **નહિ;** અવ્યય
**અત્યુચ્છ્રિતમ્** - **વધારે ઊંચું;** વિશેષણ, વિ. 'આસનમ્'
**ચ ન** - **અને નહિ;** અવ્યય
**અતિનીચમ્** - **ઘણું નીચું;** વિશેષણ, વિ. 'આસનમ્' (એતાદૃશમ્ - એવું)
**સ્થિરમ્** - **સ્થિર;** વિશેષણ, વિ. 'આસનમ્'
**પ્રતિષ્ઠાપ્ય** - **મૂકીને, સ્થાપન કરીને;** પ્રેરક, સં.ભૂ.કૃદન્ત

**શ્લોકાર્થ:** બહુ ઊંચુ નહિ તેમ બહુ નીચું નહિ એવું, પોતાનું સ્થિર આસન જેમાં કુશ ઉપર મૃગચર્મ અને વસ્ત્ર હોય તેવું, પવિત્ર દેશમાં સ્થાપન કરી ત્યાં આસન ઉપર બેસી યોગ કરવો.

**તત્રૈકાગ્રં મનઃ કૃત્વા યત-ચિત્તેન્દ્રિય-ક્રિયઃ।**
**ઉપવિશ્યાસને યુઞ્જ્યાદ્ યોગોગમ્ આત્મવિશુદ્ધયે॥૧૨॥**
**સમં કાય-શિરો-ગ્રીવં ધારયન્ અચલં સ્થિરઃ।**
**સમ્પ્રેક્ષ્ય નાસિકાગ્રં સ્વં દિશશ્ચાનવલોકયન્॥૧૩॥**

**તત્ર** - **ત્યાં;** અવ્યય
**આસને** - **આસન ઉપર;** નામ, સ.એ.વ., નપુ. 'આસન'
**ઉપવિશ્ય** - **બેસીને;** વિધેય કૃદન્ત
**મનઃ** - **મનને;** નામ, દ્વિ.એ.વ., 'મનસ્' નપુ.
**એકાગ્રમ્** - **એકાગ્ર;** વિશેષણ, વિ. 'મનઃ'
**કૃત્વા** - **કરીને;** વિધેય કૃદન્ત
**યતચિત્તેન્દ્રિયક્રિયઃ** - **ચિત્ત અને ઈન્દ્રિયો ની ક્રિયાઓને રોકેલી છે જેણે;** વિશેષણ, વિ. "યોગીઃ ચિત્તસ્ય ઈન્દ્રિયાણાં ક્રિયાઃ યતાઃ યેન ઈતિ" બહુવ્રીહિ



**આત્મવિશુદ્ધયે** - **અન્તઃકરણની શુદ્ધિમાટે;** નામ, ચ.એ.વ., સ્ત્રી. 'આત્મવિશુદ્ધિ'
**યોગમ્** - **યોગને;** નામ, દ્વિ.એ.વ., પુ.
**યુઞ્જ્યાત્** - **જોડે;** ક્રિ. વિધ્યર્થ, તૃ.પુ.એ.વ., 'યુજ્' ૭ગણ પરસ્મૈ.
**કાયશિરોગ્રીવં** - **કાયા, માથું, ડોકું;** નામ, દ્વિ.એ.વ., "કાયઃ, શિરઃ, ગ્રીવા ચ દ્વન્દ્વ"
**સમમ્** - **સરખું;** વિશેષણ, વિ. 'કાયશિરોગ્રીવં'
**ચ** - **અને;** અવ્યય
**અચલમ્** - **અચળ;** વિશેષણ, વિ. 'કાયશિરોગ્રીવં'
**ધારયન્** - **ધારણ કરતો;** વ.કૃ., વિશેષણ, વિ. 'યોગી'
**સ્થિરઃ** - **સ્થિર, દૃઢ;** વિશેષણ, વિ. 'યોગી' **ભૂત્વા=થઈને;** ક્રિ.પ.,
**સ્વમ્** - **પોતાનું;** વિશેષણ, વિ. 'નાસિકાગ્રમ્'
**નાસિકાગ્રમ્** - **નાસિકાની અણી;** નામ, દ્વિ.એ.વ.,
**સમ્પ્રેક્ષ્ય** - **જોઈને;** વિધેય કૃદન્ત
**ચ** - **અને;** અવ્યય
**દિશઃ** - **દિશાઓ;** નામ, દ્વિ.બ.વ., 'દિશ્' સ્ત્રી.
**અનવલોકયન્** - **નહિ જોતો;** વ.કૃ. વિશેષણ, વિ. 'યોગી'

**શ્લોકાર્થ:** મનને એકાગ્ર કરી કાયા, શિર અને ગ્રીવા ને સરખી રીતે અચલ રાખીને પોતાના નાકના ટેરવાને જોઈ, અને દિશાઓ જોયા વિના સ્થિર રહી, ચિત્ત અને ઈન્દ્રિયો ની ક્રિયાઓનો નિગ્રહ કરી આત્માની શુદ્ધિ માટે યોગ કરવો.

યોગ કેવી રીતે કરવો તેનો અહીં (૧૧,૧૨,૧૩ શ્લોકોમાં) ઉપદેશ કરેલો છે.

**પ્રશાન્તાત્મા વિગતભીર્બ્રહ્મચારિવ્રતે સ્થિતઃ।**
**મનઃ સંયમ્ય મચ્ચિત્તો યુક્ત આસીત મત્પરઃ॥૧૪॥**

**બ્રહ્મચારિવ્રતે** - **બ્રહ્મચારીના વ્રતમાં;** નામ, સ.એ.વ., પુ. "બ્રહ્મણિ ચરતિ ઈતિ બ્રહ્મચારી તસ્ય વ્રતે ઈતિ" તત્પુરુષ
**સ્થિતઃ** - **સ્થિર થયેલો;** વિશેષણ, વિ. 'યોગી'
**વિગતભીઃ** - **નિર્ભય;** "વિગતાભીઃ યસ્ય ઈતિ" બહુવ્રીહિ

ચ - અને; અવ્યય
પ્રશાન્તાત્મા - સારી રીતે શાન્ત અન્તઃકરણવાળો; વિશેષણ, વિ. 'યોગી'
યુક્તઃ - સાવધ (જોડાયેલો) વિશેષણ, વિ.'યોગી'. ભૂત્વા - થઈને
મનઃ - મનને; નામ, દ્વિ.એ.વ., નપુ. 'મનસ્'
સંયમ્ય - સંયમમાં રાખીને; વિધેય કૃદન્ત
મચ્ચિત્તઃ - મારામાં ચિત્ત છે જેનું; વિશેષણ, વિ. 'યોગી'
ચ - અને; અવ્યય
મત્પરઃ - મારામાં પરાયણ; વિશેષણ, વિ. "યોગી મયિ પરં અયનં યસ્ય ઈતિ" બહુવ્રીહિ.
આસીત - થાય; ક્રિ. વિધ્યર્થ, તૃ.પુ.એ.વ., 'આસ્' ૨ ગણ આત્મને.

**શ્લોકાર્થ:** યોગીએ શાન્ત આત્માવાળા, ભયરહિત બ્રહ્મચારિવ્રતમાં રહેનાર થઈ, મનનો સંયમ કરી, મારામાં ચિત્ત રાખી, સાવધાન થઈ મને પરાયણ થઈ રહેવું.

**વિવેચન:** મનનો સંયમ કરી, ભગવાનમાં ચિત્ત રાખી, સાવધાન થઈ, ભગવત્પરાયણ રહેવું એ સમ્પ્રજ્ઞાત સમાધિનો પ્રકાર કહેલો છે.

**યુઞ્જન્ એવં સદાત્માનં યોગી નિયતમાનસઃ।**
**શાન્તિં નિર્વાણપરમાં મત્સંસ્થામ્ અધિગચ્છતિ॥૧૫॥**

એવમ્ - એ પ્રમાણે; અવ્યય
આત્માનમ્ - આત્માને, અન્તઃકરણને; નામ, દ્વિ.એ.વ., પુ. 'આત્મન્'
સદા - હંમેશા; અવ્યય
યુઞ્જન્ - યોજાતો; વ.કૃ., વિશેષણ, વિ. 'યોગી'
નિયતમાનસઃ - સ્વાધીન મનવાળો; વિશેષણ, વિ. 'યોગી', "નિયતં મનઃ યસ્ય ઈતિ" બહુવ્રીહિ
યોગી - યોગી; નામ, પ્ર.એ.વ., પુ. 'યોગિન્'
મત્સંસ્થામ્ - મારામાં સ્થિતિરૂપ; વિશેષણ, વિ. 'શાન્તિમ્'
નિર્વાણપરમામ્ - પરમાનન્દ પરાકાષ્ઠાવાળી; વિશેષણ, વિ. 'શાન્તિમ્'
શાન્તિમ્ - શાન્તિને; નામ, દ્વિ.એ.વ., સ્ત્રી 'શાન્તિ'
અધિગચ્છતિ - પામે છે; ક્રિ.વ.કા., તૃ.પુ.એ.વ., 'અધિ+ગમ્' ૧ ગણ પરસ્મૈ.



**શ્લોકાર્થ:** આત્માને સદા એ પ્રમાણે યોજતાં મનને નિયમમાં રાખનાર યોગી નિર્વાણથી ઉત્તમ મારા વિષે સ્થિતિરૂપી શાન્તિ પ્રાપ્ત કરે છે.

**વિવેચન:** એવી રીતે સદા આત્માને મારા વિષે યોજતાં નિર્વાણ એટલે મોક્ષ અથવા અક્ષરબ્રહ્મ સાથે તાદાત્મ્ય નહિ, પરન્તુ તેથી પણ અધિક મારામાં લય અથવા સ્થિતિ રૂપી શાન્તિ પ્રાપ્ત કરે છે.

**નાત્યશ્નતસ્તુ યોગોઽસ્તિ ન ચૈકાન્તમ્ અનશ્નતઃ।**
**ન ચાતિ સ્વપ્નશીલસ્ય જાગ્રતો નૈવ ચાર્જુન!॥૧૬॥**

અર્જુન - અર્જુન; સમ્બોધન
યોગઃ - યોગ; નામ, પ્ર.એ.વ., પુ. 'યોગ'
અત્યશ્નતઃ - વધારે ખાનારનો; વર્ત.કૃ. વિશેષણ, 'પુરુષસ્ય'
ન - નહિ; અવ્યય
અસ્તિ - છે; ક્રિ. વ.કાળ, તૃ.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ પરસ્મૈ.
ચ - અને; અવ્યય
એકાન્તમ્ - તદ્દન, કેવળ; અવ્યય
અનશ્નતઃ - નહિ ખાનારનો; વર્ત.કૃ. વિશેષણ, વિ. 'પુરુષસ્ય'
તુ, ન, ચ - તોપણ નહિ અને અવ્યય
અતિસ્વપ્નશીલસ્ય - વધારે ઊંઘનારને; વિશેષણ, વિ. 'પુરુષસ્ય'
ન, ચ - નહિ, અને; અવ્યય
(અતિ) જાગ્રતઃ - વધારે જાગ્રત; વર્ત.કૃ. વિશેષણ, વિ. 'પુરુષસ્ય'
ન, એવ - નહિ, જ; અવ્યય

**શ્લોકાર્થ:** હે અર્જુન! બહુ ખાનારને યોગ પ્રાપ્ત થતો નથી, તેમ તદ્દ નહિ ખાનારને પણ પ્રાપ્ત થતો નથી. બહુ નિદ્રા કરનારને તેમજ જાગરણ કરનારને પણ પ્રાપ્ત થતો નથી.

**વિવેચન:** યોગ કરવાની ઇચ્છાવાળાએ કેવા આહાર વિગેરે કરવા તે કહે છે. પ્રથમ બહુ આહાર અથવા બહુ ઉપવાસ તેમજ બહુ નિદ્રા અથવા જાગરણ કરવાં નહિ એમ કહે છે.

કેવા આહાર વિગેરે કરવા તે નીચેના શ્લોકથી કહે છે:

યુક્તાહાર-વિહારસ્ય યુક્તચેષ્ટસ્ય કર્મસુ।
યુક્ત-સ્વપ્નાવબોધસ્ય યોગો ભવતિ દુઃખહા ॥૧૭॥

**દુઃખહા** - દુઃખને હણનારો; વિશેષણ, વિ. 'યોગિનઃ' ''દુઃખં હન્તિ ઇતિ'' ઉપપદ.

**યોગઃ** - યોગ; નામ, પ્ર.એ.વ., પુ. 'યોગ'

**યુક્તાહારવિહારસ્ય** - આહાર અને વિહાર જેના બરાબર છે; વિશેષણ, વિ. 'યોગિનઃ' ''યુક્તઃ આહારઃ વિહારશ્ચ યસ્ય ઇતિ'' બહુવ્રીહિ

**કર્મસુ** - કર્મોમાં; નામ, સ.બ.વ., નપુ. 'કર્મન્'

**યુક્તચેષ્ટસ્ય** - જેની ચેષ્ટા યોગ્ય છે; વિશેષણ, વિ. 'યોગિનઃ' ''યુક્તાઃ ચેષ્ટાઃ યસ્ય ઇતિ'' બહુવ્રીહિ

**યુક્તસ્વપ્નાવબોધસ્ય** - ઊંઘ તથા જાગ્રતિ છે બરાબર જેનાં; વિશેષણ, વિ. 'યોગિનઃ' ''યુક્તઃ સ્વપ્નં અવબોધશ્ચ યસ્ય ઇતિ'' બહુવ્રીહિ

**ભવતિ** - થાય છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'ભૂ' ૧ ગણ પરસ્મૈ.

**શ્લોકાર્થ :** યોગ્ય આહાર અને યોગ્ય વિહારવાળાને, કર્મમાં યોગ્ય ચેષ્ટાવાળાને, યોગ્ય નિદ્રા અને યોગ્ય જાગરણ વાળાને દુઃખ હરનાર યોગ પ્રાપ્ત થાય છે.

યદા વિનિયતં ચિત્તમ્ આત્મન્યેવાવતિષ્ઠતે।
નિઃસ્પૃહઃ સર્વકામેભ્યો 'યુક્ત' ઇત્યુચ્યતે તદા ॥૧૮॥

**યદા** - જ્યારે; અવ્યય

**વિનિયતમ્** - અત્યન્ત વશમાં કરેલું; વિશેષણ, વિ. 'ચિત્તમ્'

**ચિત્તમ્** - ચિત્ત; નામ, પ્ર.એ.વ., નપુ. 'ચિત્ત'

**આત્મનિ** - પરમાત્મામાં; નામ, સ.એ.વ., પુ. 'આત્મન્'

**એવ** - જ, માત્ર; અવ્યય

**અવતિષ્ઠતે** - સારી રીતે સ્થિત થાય છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'અવ + સ્થા' ૧ ગણ આત્મને.

**તદા** - ત્યારે; અવ્યય

**સર્વકામેભ્યઃ** - બધી ઇચ્છાઓમાંથી; નામ, પં.બ.વ., પુ.

**નિઃસ્પૃહઃ** - ઇચ્છા જેની તદ્દન ગઈ છે એવો; વિશેષણ, વિ. 'પુરુષઃ'

**યુક્તઃ** - યોગ્ય, સમત્વબુદ્ધિવાળો; વિશેષણ, વિ. 'પુરુષઃ'

**ઇતિ** - એમ; અવ્યય



**ઉચ્યતે** - કહેવાય છે; ક્રિ. વ.કા., કર્મણિ, તૃ.પુ.એ.વ., 'વચ્' ૨ ગણ આત્મને.

**શ્લોકાર્થ :** જ્યારે નિયમમાં રહેલું ચિત્ત આત્મામાં જ રહે છે અને સર્વ કામનાઓથી નિઃસ્પૃહ થાય છે ત્યારે 'યુક્ત' કહેવાય છે.

**વિવેચન :** પુરુષ સિદ્ધયોગવાળો ક્યારે થાય તે અહીં કહે છે. જ્યારે નિયત ચિત્ત આત્મામાં જ રહે છે, અને યોગનું ઐશ્વર્ય વિગેરે સિદ્ધિઓ પ્રાપ્ત થતી હોય તેને માટે પણ સ્પૃહા રહે નહિ, ત્યારે સિદ્ધયોગવાળો એટલે દૃઢયોગી અથવા અસમ્પ્રજ્ઞાત સમાધિવાળો યોગી કહેવાય છે.

**વિશેષ :** આ શ્લોક યોગમાં સ્થિરભાવ ક્યારે થાય છે તેનું લક્ષણ આપે છે. ૧. ચિત્ત નિયમિત રહે છે. ૨. નિઃસ્પૃહતા - તાત્પર્ય કે કોઈ પણ પ્રકારની લોભમય પ્રવૃત્તિ ન થવી. આ બે પ્રકાર પર જો બરાબર ધ્યાન આપવામાં આવશે તો ચિત્ત સ્થિર થતાં અન્તઃકરણના દોષો નાશ પામશે અને ત્યાં બ્રહ્મનો બોધ થતાં બ્રહ્મમયતાનો અનુભવ કરાશે. કોઈક સ્થિર સ્વરૂપનો ચિત્તમાં આવિર્ભાવ થાય ત્યારે તે સ્વરૂપને બરાબર ધારણાપૂર્વક ધ્યાનમાં ઉતારી લેવું. કેટલાએ વખત સુધી આ પ્રકારના સ્વરૂપનું ધ્યાન થયા કરશે અને પછી તે તેજના રૂપમાં ફેરવાઈ જશે. આ જગ્યા ઉપર ''બ્રહ્મજ્યોતિઃ સનાતનમ્'' નો અનુભવ થશે.

યથા દીપો નિવાતસ્થો નેઙ્ગતે સોપમા સ્મૃતા।
યોગિનો યતચિત્તસ્ય યુઞ્જતો યોગમ્ આત્મનઃ ॥૧૯॥

**યથા** - જેવી રીતે; અવ્યય

**નિવાતસ્થઃ** - વાયુરહિત સ્થાનમાં રહેલો; વિશેષણ, વિ. 'દીપઃ'

**દીપઃ** - દીવો; નામ, પ્ર.એ.વ. પુ. 'દીપઃ'

**ન** - નહિ; અવ્યય

**ઇઙ્ગતે** - હાલે છે. ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'ઇઙ્ગ' ૧ ગણ આત્મને.

**સા** - તે; સર્વનામ, પ્ર.એ.વ., સ્ત્રી. 'તત્'

**ઉપમા** - ઉપમા; નામ, પ્ર.એ.વ., સ્ત્રી. 'ઉપમા'

**આત્મનઃ** - પરમાત્માને; નામ, ષ.એ.વ., પુ. 'આત્મન્'

**યોગમ્** - યોગને; નામ, દ્વિ.એ.વ., પુ. 'યોગ'

યુઞ્જતઃ - યોજાતો; વર્ત.કૃ. વિશેષણ, વિ. 'યોગિનઃ'
યતચિત્તસ્ય - નિરુદ્ધ ચિત્તવાળાનું; વર્ત.કૃ. વિશેષણ, વિ. 'યોગિનઃ'
યોગિનઃ - યોગીની; નામ, ષ.એ.વ., પુ. 'યોગિન્'
સ્મૃતા - કહેવાય છે, સમજાય છે, બતાવાય છે; વિશેષણ, વિ. 'ઉપમા'

**શ્લોકાર્થ:** જેમ પવનરહિત પ્રદેશમાં રહેલો દીપક હાલતો નથી એ ઉપમા નિયતચિત્તવાળા યોગ આચરતા યોગીના મનને માટે કહેલી છે.

**વિવેચન:** જેનું ચિત્ત આત્મા સાથે એક થઈ રહેલ છે તેવા યોગીનાં ચિત્તને પવનરહિત પ્રદેશમાં રહેલા દીપક સાથે સરખાવે છે. એવો દીપ જેમ હાલતો નથી તેમ યોગીનું ચિત્ત પણ ચઞ્ચલ નહિ થતાં સ્થિર રહે છે.

**યત્રોપરમતે ચિત્તં નિરુદ્ધં યોગસેવયા।**
**યત્ર ચૈવાત્મનાત્માનં પશ્યન્ આત્મનિ તુષ્યતિ॥૨૦॥**

યત્ર - જ્યાં; અવ્યય
યોગસેવયા - યોગના અભ્યાસથી; નામ, તૃ.એ.વ. સ્ત્રી. 'યોગસેવા'
નિરુદ્ધમ્ - રોકાયેલું; વિશેષણ, વિ. 'ચિત્તમ્'
ચિત્તમ્ - ચિત્ત; નામ, પ્ર.એ.વ., નપુ. 'ચિત્ત'
ઉપરમતે - શાન્ત થાય છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'ઉપ + રમ્' ૧ ગણ આત્મને.
ચ યત્ર એવ - અને જ્યાં ચોકકસ; અવ્યય
આત્મના - આત્માવડે, શુદ્ધ બુદ્ધિવડે; નામ, તૃ.એ.વ., પુ.
આત્માનમ્ - પરમાત્માને; નામ, દ્વિ.એ.વ., પુ. 'આત્મન્'
પશ્યન્ - જોતો, સાક્ષાત્ કરતો; વ.કૃ. વિશેષણ, વિ. 'યોગી'
આત્મનિ - પોતાનામાં, અન્તઃકરણમાં; નામ, સ.એ.વ., પુ.
એવ - જ; અવ્યય
તુષ્યતિ - સન્તોષ પામે છે; ક્રિ.વ.કા. તૃ.પુ.એ.વ., 'તુષ્' ૪ ગણ પરસ્મૈ

**શ્લોકાર્થ:** યોગસેવાથી નિરુદ્ધ ચિત્ત જેમાં ઉપરમે છે, તથા જેમાં આત્માથી આત્માને જોઈને આત્મામાં સન્તોષ પામે છે.



**વિવેચન:** યોગનું જ સ્વરૂપ અને ફલ સાડાત્રાણ શ્લોકથી કહે છે. જે અવસ્થામાં યોગતન્ત્ર પ્રમાણે સેવા કરવાથી નિરુદ્ધ થએલું ચિત્ત ઉપરમે છે અથવા સર્વ તરફથી શાન્ત થઈ રહે છે, તે અવસ્થાને 'યોગ' કહે છે. આ યોગનું સ્વરૂપલક્ષણ છે. પાતઞ્જલ સૂત્રમાં પણ ચિત્તની વૃત્તિઓનો નિરોધ એ જ 'યોગ' એમ કહેલું છે. આ અવસથામાં ચિત્તનો નિરોધ હોવાથી આત્માને આત્માથી એટલે મનથી જોઈ આત્મામાં જ સન્તોષ પામે છે.

**સુખમ્ આત્યન્તિકં યત્તદ્ બુદ્ધિગ્રાહ્યમ્ અતીન્દ્રિયમ્।**
**વેત્તિ યત્ર ન ચૈવાયં સ્થિતશ્ચલતિ તત્ત્વતઃ॥૨૧॥**

અતીન્દ્રિયમ્ - ઇન્દ્રિયોથી અતીત; નામ, વિશેષણ, વિ. 'સુખમ્'
બુદ્ધિગ્રાહ્યમ્ - શુદ્ધ બુદ્ધિવડે ગ્રહણ કરવા યોગ્ય; વિશેષણ, વિ. ''સુખમ્ અતીન્દ્રિયમ્'' ઇન્દ્રિયથી અતીત વિશેષણ, વિ. 'સુખમ્'
યત્ - જે; સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.
આત્યન્તિકમ્ - અનન્ત, અનન્ત આનન્દમય રસ; વિશષણ, વિ. 'સુખમ્'
સુખમ્ - સુખ, આનન્દરસ; નામ, દ્વિ.એ.વ., નપુ.
તત્ - તે; સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.
યત્ર - જ્યાં; અવ્યય
વેત્તિ - જાણે છે; ક્રિ.વ.કા., તૃ.પુ.એ.વ., 'વિદ્' ૨ ગણ પરસ્મૈ
ચ - અને; અવ્યય
સ્થિતઃ - સ્થિર થયેલો; ભૂ.કૃ. વિશેષણ, વિ. 'અયમ્'
અયમ્ - આ; સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'ઇદમ્'
તત્ત્વતઃ - ભગવત્સ્વરૂપથી; નામ, પં.એ.વ., પુ. 'તત્ત્વતઃ'
ન, એવ - નહિ, અને; અવ્યય
ચલતિ - ચલિત થાય છે; ક્રિ.વ.કા. તૃ.પુ.એ.વ., 'ચલ્' ૧ ગણ પરસ્મૈ

**યં લબ્ધ્વા ચાપરં લાભં મન્યતે નાધિકં તતઃ।**
**યસ્મિન્ સ્થિતો ન દુઃખેન ગુરુણાપિ વિચાલ્યતે॥૨૨॥**
**તં વિદ્યાદ્ દુઃખસંયોગ—વિયોગં યોગસઞ્જ્ઞિતમ્।**

ચ - અને; અવ્યય
યમ્ - જેને; સર્વનામ, દ્વિ.એ.વ., પુ. 'યત્'

લબ્ધ્વા - મેળવીને; વિધેય કૃદન્ત
તતઃ - તેના કરતાં; સર્વનામ, પં.એ.વ., 'તત્' પુ.
અધિકમ્ - બીજું, વધારે; નામ, દ્વિ.એ.વ., પુ. 'અધિક'
અપરમ્ - બીજું; સર્વનામ, દ્વિ.એ.વ., પુ. 'અપર'
લાભમ્ - લાભને; નામ, દ્વિ.એ.વ., પુ. 'લાભ'
ન - નહિ; અવ્યય
મન્યતે - માને છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'મન્' ૪ ગણ આત્મને.
ચ - અને; અવ્યય
યસ્મિન્ - જેમાં; સર્વનામ, સ.એ.વ., 'યત્' પુ.
સ્થિતઃ - સ્થિર થયેલો; વિશેષણ, વિ. 'યોગી'
ગુરુણા - ભારે, મોટું; વિશેષણ, વિ. 'દુઃખેન'
દુઃખેન - દુઃખથી; નામ, તૃ.એ.વ., નપુ. 'દુઃખ'
અપિ ન - પણ નહિ; અવ્યય
વિચાલ્યતે - ચલાયમાન કરાય છે; ક્રિ. વ.કા. કારક, તૃ.પુ.એ.વ., ૧ ગણ કર્મણિ વિ + ચલ્
યમ્ - જે
દુઃખસંયોગવિયોગં - દુઃખરૂપ સંસારના સંયોગથી રહિત; વિશેષણ, વિ. 'તમ્ - સુખમ્'
અસ્તિ - છે; ક્રિ.પ., વર્ત.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'
તમ્ - તેને, (સુખને); સર્વનામ, દ્વિ.એ.વ., પુ. 'તત્'
યોગસંજ્ઞિતમ્ - 'યોગ' નામથી કહેવાતું; વિશેષણ, વિ. 'તમ્'
વિદ્યાત્ - જાણવું જોઈએ; ક્રિ. વિધ્યર્થ, તૃ.પુ.એ.વ., 'વિદ્' ૨ ગણ પરસ્મૈ.

**શ્લોકાર્થ :** જેમાં આત્યન્તિક સુખ કે જે બુદ્ધિગ્રાહ્ય અને અતીન્દ્રિય છે તેનો અનુભવ કરે છે, અને જેમાં રહેલો યોગી તત્ત્વથી ચલતો નથી. જેને પ્રાપ્ત કરીને બીજા લાભને તેનાથી અધિક માનતો નથી, જેમાં રહીને મોટા દુઃખથી પણ ડગતો નથી તે દુઃખના સંયોગના વિયોગને યોગસંજ્ઞાવાળો જાણવો.

**વિવેચન :** આત્યન્તિક અથવા નિત્યનું સુખ જેનો બુદ્ધિથી જ અનુભવ થાય છે અને જે ઇન્દ્રિયોથી અતીત છે તે સુખનો જે અવસ્થામાં



અનુભવ થાય છે, અને જે અવસ્થામાં રહેલો યોગી સુખરૂપ આત્મસ્વરૂપથી ચલતો નથી તે યોગ છે. અહીં યોગનું ફલથી નિરૂપણ કરેલું છે. આ ફલનું જ વિશેષ વર્ણન કરે છે કે જે પ્રાપ્ત કરીને બીજા કોઈ પણ લાભને તેનાથી અધિક યોગી માનતો નથી અને જેમાં રહેલો યોગી મોટા દુઃખથી પણ ડગતો નથી. તે દુઃખસંયોગના વિયોગને એટલે દુઃખનો નાશ કરનારને યોગ જાણવો.

અહીંથી યોગ આવો ઉત્તમ હોવાથી આચરવો એમ ઉપદેશ કરે છે.

**સ નિશ્ચયેન યોક્તવ્યો યોગોઽનિર્વિણ્ણચેતસા ॥૨૩॥**

અનિર્વિણ્ણચેતસા - શોક (નિર્વેદ) વિનાના ચિત્તવાળાએ.
સઃ - તે; સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'તત્'
યોગઃ - યોગ; નામ, પ્ર.એ.વ., પુ. 'યોગ'
નિશ્ચયેન - નિશ્ચયવડે; નામ, તૃ.એ.વ., પુ. 'નિશ્ચય'
યોક્તવ્યઃ - યોજાવવો જોઈએ, યોજવા લાયક; વિધેય કર્મણિ કૃ. વિશેષણ, વિ. 'યોગઃ'

**શ્લોકાર્થ :** ખિન્ન નહિ થયેલા ચિત્તથી તે યોગ નિશ્ચય આચરવો.

**સઙ્કલ્પપ્રભવાન્ કામાન્ ત્યક્ત્વા સર્વાન્ અશેષતઃ ।**
**મનસૈવેન્દ્રિયગ્રામં વિનિયમ્ય સમન્તતઃ ॥૨૪॥**
**શનૈઃ શનૈઃ ઉપરમેદ્ બુદ્ધ્યા ધૃતિગૃહીતયા ।**
**આત્મસંસ્થં મનઃ કૃત્વા ન કિઞ્ચિદપિ ચિન્તયેત્ ॥૨૫॥**

સઙ્કલ્પપ્રભવાન્ - સઙ્કલ્પથી ઉત્પન્ન થનારા; વિશેષણ, વિ. 'કામાન્'
સર્વાન્ - બધા; સર્વનામ, દ્વિ.બ.વ., પુ. 'સર્વ'
કામાન્ - કામનાઓને, વાસનાઓને; નામ, દ્વિ.બ.વ., પુ. 'કામ'
અશેષતઃ - નિઃશેષ; અવ્યય
ત્યક્ત્વા - છોડીને; વિધેય કૃદન્ત
ચ - અને; અવ્યય
મનસા - મનથી; નામ, તૃ.એ.વ., નપુ. 'મનસ્'
ઇન્દ્રિયગ્રામમ્ - ઇન્દ્રિયોના સમૂહને; નામ, દ્વિ.એ.વ., નપુ. 'ઇન્દ્રિયગ્રામ'
સમન્તતઃ - બધી તરફથી; અવ્યય

એવ - જ; અવ્યય
વિનિયમ્ય - નિયમમાં રાખીને; વિધેય કૃદન્ત
શનૈઃ શનૈઃ - ધીમે-ધીમે; અવ્યય
ઉપરમેત્ - શાન્ત પડવો જોઈએ, શાન્ત પામે; ક્રિ. વિધ્યર્થ તૃ.પુ.એ.વ., 'ઉપ + રમ્' ૧ ગણ પરસ્મૈ.
ધૃતિગૃહીતયા - ધૈર્યથી ગ્રહણ થયેલી બુદ્ધિવડે; નામ, તૃ.એ.વ. સ્ત્રી.
બુદ્ધ્યા - બુદ્ધિવડે; નામ, તૃ.એ.વ., સ્ત્રી.
મનઃ - મનને; નામ, દ્વિ.એ.વ., 'મનસ્' નપુ.
આત્મસંસ્થમ્ - પરમાત્મામાં સ્થિત થયેલું; વિશેષણ, વિ. 'મનઃ'
કૃત્વા - કરીને; વિધેય કૃદન્ત
કિઞ્ચિત્ અપિ ન - કંઈ પણ નહિ; અવ્યય
ચિન્તયેત્ - ચિન્તન કરવું જોઈએ; ક્રિ. વિધ્યર્થ, તૃ.પુ.એ.વ., 'ચિન્ત્' ૧૦ ગણ પરસ્મૈ.

**શ્લોકાર્થ :** સઙ્કલ્પથી ઉત્પન્ન થતી સર્વ કામનાઓને તદ્દન તજી, સર્વ તરફથી ઇન્દ્રિયોના સમૂહને મનથી જ નિયમમાં રાખી, ધૃતિવાળી બુદ્ધિથી ધીરે-ધીરે ઉપરમવું. મનને આત્મામાં સ્થિર કરી કોઈનું પણ ચિન્તન ન કરવું.

**યતો યતો નિશ્ચરતિ મનશ્ચઞ્ચલમ્ અસ્થિરમ્।**
**તતસ્તતો નિયમ્યૈતદ્ આત્મન્યેવ વશં નયેત્॥૨૬॥**

એતદ્ - આ; સર્વનામ, દ્વિ.એ.વ., નપુ. 'એતદ્'
અસ્થિરમ્ ચઞ્ચલમ્ - અસ્થિર; વિશેષણ, વિ. 'મનઃ'
મનઃ - મન; નામ, પ્ર.એ.વ., નપુ. 'મનસ્'
યતઃ યતઃ - જે જે કારણથી; અવ્યય
નિશ્ચરતિ - બહાર જાય છે, સાંસારિક પદાર્થોમાં વિચરે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., નિસ્ + ચર્ ૧ ગણ પરસ્મૈ.
તતઃ તતઃ - તે કારણમાંથી; અવ્યય
નિયમ્ય - નિયમમાં રાખીને; વિધેય કૃદન્ત
આત્મનિ - આત્મામાં, પરમાત્મામાં; નામ, સ.એ.વ., પુ. 'આત્મન'
એવ - જ, માત્ર; અવ્યય
વશમ્ - વશમાં; નામ, દ્વિ.એ.વ., પુ. 'વશ'



નયેત્ - લઈ જવું; ક્રિ. વિધ્યર્થ, તૃ.પુ.એ.વ., 'ની' ૧ ગણ પરસ્મૈ.

**શ્લોકાર્થ :** ચઞ્ચલ અને અસ્થિર મન જ્યાં-જ્યાં બહાર જાય ત્યાં-ત્યાંથી નિયમન કરી તેને આત્માને જ વશ કરવું.

આ શ્લોકનું અનુસન્ધાન શ્રીભાગવત્ ૧૦।૮૪।૩૩ ઉપરના સુબોધિનીમાં કરેલું છે.

**વિશેષ :** યોગના અભ્યાસીએ બુદ્ધિની સ્થિરતા રાખવી જોઈએ. મનને વશ કરવું જોઈએ અને ચિત્તવ્યાપાર બ્રહ્મ તરફ રાખવો જોઈએ. બુદ્ધિની સ્થિરતા કેળવવા ધૈર્યની જરૂર છે. જ્યાં સુધી દુઃખ સહન કરાતું નથી ત્યાં સુધી ધૈર્ય પ્રાપ્ત થતું નથી. દુઃખ ભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક હોય છે. આ પ્રકારનાં ત્રણે પ્રકારનાં દુઃખ પ્રભુનો દૃઢ આશ્રય રાખી સહન કરવાની ટેવ પાડવાથી બુદ્ધિ સ્થિર થાય છે. બુદ્ધિ સ્થિર થયા પછી મનને અને ઇન્દ્રિયોને વશ કરવાની ટેવ પાડવી. બુદ્ધિ અને મન ને નિયમનમાં રાખતાં ચિત્તનો વ્યાપાર પણ ધીમે-ધીમે ઓછો થતો જશે અને છેવટે બ્રહ્મમાં લય પામશે॥૨૬॥

**પ્રશાન્તમનસં હ્યેનં યોગિનં સુખમુત્તમમ્।**
**ઉપૈતિ શાન્તરજસં બ્રહ્મભૂતમ્ અકલ્મષમ્॥૨૭॥**

હિ - ચોકકસ; અવ્યય
પ્રશાન્તમનસમ્ - શાન્ત મનવાળો; વિશેષણ, વિ.'યોગિનમ્'
અકલ્મષમ્ - પાપરહિત; વિશેષણ, વિ. 'યોગિનમ્'
શાન્તરજસમ્ - રજોગુણ જેનો શાન્ત થયો છે; વિશેષણ, વિ. 'યોગિનમ્'
એનમ્ - આ; સર્વનામ, દ્વિ.એ.વ., પુ. 'એતદ્'
બ્રહ્મભૂતમ્ - આનન્દઘનમાં ઐક્ય થયેલું છે જેનું; વિશેષણ, વિ. 'યોગિનમ્'
યોગિનમ્ - યોગીને; નામ, દ્વિ.એ.વ., પુ. 'યોગિન્'
ઉત્તમમ્ - ઉત્તમ; વિશેષણ, વિ. 'સુખ'
સુખમ્ - સુખ, આનન્દ; નામ, પ્ર.એ.વ., પુ. 'સુખ'
ઉપૈતિ - જાય છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., ઉપ + ઇ ૨ ગણ પરસ્મૈ.

**શ્લોકાર્થ :** અતિ શાન્ત મનવાળા અને જેનો રજોગુણ શાન્ત થયો છે તેવા

બ્રહ્મભૂત પાપરહિત આ યોગીને ઉત્તમ સુખ પ્રાપ્ત થાય છે.

**યુઞ્જન્ એવં સદાત્માનં યોગી વિગતકલ્મષઃ।**
**સુખેન બ્રહ્મસંસ્પર્શમ્ અત્યન્તં સુખમશ્નુતે॥૨૮॥**

**વિગતકલ્મષઃ - પાપરહિત;** વિશેષણ, વિ. 'યોગી'
**યોગી - યોગી;** નામ, પ્ર.એ.વ., પુ. 'યોગિન્'
**એવમ્ સદા - એ રીતે હંમેશા;** અવ્યય
**આત્માનમ્ - પરમાત્માને;** નામ, દ્વિ.એ.વ., પુ. 'આત્મન્'
**યુઞ્જન્ - જોડતો, યોજતો;** વ.કૃ. વિશેષણ, વિ. 'યોગી'
**સુખેન - સુખથી;** નામ, તૃ.એ.વ., નપુ.
**બ્રહ્મસંસ્પર્શમ્ - બ્રહ્મ સાક્ષાત્કારનો;** નામ, દ્વિ.એ.વ., પુ.
**અત્યન્તમ્ - અનન્તને;** વિશેષણ, વિ. 'સુખમ્'
**સુખમ્ - સુખને;** નામ, દ્વિ.એ.વ., નપુ. 'સુખ'
**અશ્નુતે - મેળવે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'અશ્' ૫ ગણ આત્મને.

**શ્લોકાર્થ:** આ પ્રમાણે સદા આત્માને મારામાં યોજનાર પાપરહિત યોગી બ્રહ્મસંસ્પર્શ અત્યન્ત સુખથી ભોગવે છે.

**વિવેચન:** આ પ્રમાણે કરવાથી કૃતાર્થ થાય છે એમ કહે છે. આવી રીતે આત્માને પરબ્રહ્મમાં સદા જોડનાર અથવા યોજનાર યોગીના સર્વ પાપ નાશ પામે છે અને તે સુખથી અથવા અનાયાસે બ્રહ્મ સંસ્પર્શ સુખ ભોગવે છે. બ્રહ્મ અથવા અક્ષર બ્રહ્મનો સંસ્પર્શ એટલે અત્યન્ત ભેદ દૂર કરનાર સાક્ષાત્કાર જેમાં થાય તે બ્રહ્મસંસ્પર્શ સુખ. અક્ષરબ્રહ્મના સાક્ષાત્કારરૂપ સુખ લોકોત્તર છે. આવું લોકોત્તર અત્યન્ત સુખ યોગી ભોગવે છે. 'અશ્નુતે' માં 'અશ્' ધાતુ છે તે પરસ્મૈપદનો હોવા છતાં યોગીને પોતાને સુખરૂપ ફલ પ્રાપ્ત થતું હોવાથી તેનું આત્મનેપદનું રૂપ યોજેલું છે. આવો યોગી લોકોત્તર સુખ ભોગવતો હોવાથી જીવન્મુક્ત છે એમ સૂચવેલું છે.

**સર્વભૂતસ્થમ્ આત્માનં સર્વભૂતાનિ ચાત્મનિ।**
**ઈક્ષતે યોગયુક્તાત્મા સર્વત્ર સમદર્શનઃ॥૨૯॥**

**સર્વત્ર - બધે;** અવ્યય



**સમદર્શનઃ - બધે સમાનભાવથી જોનાર;** વિશેષણ, વિ. 'યોગી'
**યોગયુક્તાત્મા - યોગથી જોડાયેલો છે આત્મા જેનો;** વિશેષણ, વિ. 'યોગી'
**આત્માનમ્ - આત્માને, પરમાત્માને;** નામ, દ્વિ.એ.વ., પુ. 'આત્મન્'
**સર્વભૂતસ્થમ્ - બધા પ્રાણીઓમાં રહેલો;** વિશેષણ, વિ. 'આત્માનમ્'
**ચ - અને;** અવ્યય
**સર્વભૂતાનિ - બધા પ્રાણીઓ;** દ્વિ.બ.વ. નામ, નપુ.
**આત્મનિ - આત્મામાં, પોતાનામાં;** નામ, સ.એ.વ., પુ.
**ઈક્ષતે - જુએ છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., ઈક્ષ્ ૧ ગણ આત્મને.

**શ્લોકાર્થ:** સર્વત્ર સમદર્શનવાળો યોગયુક્ત પુરુષ સર્વ ભૂતોમાં રહેલા પોતાને અને પોતામાં સર્વ ભૂતોને જૂએ છે.

**વિવેચન:** આવા યોગીને બ્રહ્મસુખનો આવિર્ભાવ થવાથી વામદેવ પેઠે સર્વાત્મભાવ સિદ્ધ થાય છે તે કહે છે. ગુહ્ય અસમ્પ્રજ્ઞાત સમાધિ બે પ્રકારની છે. ૧. અક્ષરબ્રહ્મના સમ્બન્ધવાળી. ૨. ભગવાનના સમ્બન્ધવાળી. તેમાં પહેલા પ્રકારનું ફલ આ શ્લોકમાં કહે છે. તે સર્વ ભૂતોમાં પોતાને જૂએ છે, અને પોતામાં સર્વ ભૂતોને જૂએ છે. અક્ષરબ્રહ્મ કારણ છે અને ભૂતો કાર્ય છે. તેથી કારણ અને કાર્ય એક જ હોવાથી અથવા સર્વ ભૂતમાત્રની અક્ષરબ્રહ્મમાં સ્થિતિ હોવાથી તે સર્વ ભૂતોને પોતામાં જૂએ છે; અર્થાત્ તેનામાં આનન્દ અંશનો આવિર્ભાવ થએલો છે તેથી તે પોતે ભગવદાત્મક થવાથી તેનું વ્યાપકપણું પ્રકટ થાય છે. તેથી તે સર્વ ભૂતોને પોતામાં જૂએ છે. આ ગુહ્ય ફલ કહ્યું. હવે બીજા પ્રકારનું તેથી પણ વિશેષ ગુહ્ય ફલ કહે છે.

**યો માં પશ્યતિ સર્વત્ર સર્વં ચ મયિ પશ્યતિ।**
**તસ્યાહં ન પ્રણશ્યામિ સ ચ મે ન પ્રણશ્યતિ॥૩૦॥**

**યઃ - જે;** સર્વનામ, પ્ર.એ.વ., પુ.
**સર્વત્ર - બધે ઠેકાણે;** અવ્યય
**મામ્ - મને;** સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મદ્'
**પશ્યતિ - જુએ છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'દશ્'(પશ્ય) ૧ ગણ પરસ્મૈ.
**ચ - અને;** અવ્યય

**સર્વમ્** - બધું; સર્વનામ, દ્વિ.એ.વ., નપુ. 'સર્વ'
**મયિ** - મારામાં; સર્વનામ, સ.એ.વ., 'અસ્મત્'
**પશ્યતિ** - જુએ છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'દૃશ્'(પશ્ય) ૧ ગણ પરસ્મૈ.
**તસ્ય** - તેનું, તેનો; સર્વનામ, ષ.એ.વ., પુ. 'તત્'
**અહમ્** - હું; સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મદ્'
**ન** - નહિ; અવ્યય
**પ્રણશ્યામિ** - સારી રીતે નાશ પામું છું; અદૃશ્ય થાઉં છું. ક્રિ. વ.કા., પ્ર.પુ.એ.વ., પ્ર + નશ્ ૪ ગણ પરસ્મૈ.
**ચ** - અને; અવ્યય
**સઃ** - તે; સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'તત્'
**મે** - મારા માટે, મને; સર્વનામ, ચ.એ.વ., 'અસ્મત્'
**ન** - નહિ; અવ્યય
**પ્રણશ્યતિ** - અદૃશ્ય થાય છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'પ્ર + નશ્' ૪ ગણ પરસ્મૈ.

**શ્લોકાર્થ :** જે મને સર્વત્ર જુએ છે અને મારામાં સર્વ જુએ છે તેને હું અદૃશ્ય થતો નથી, અને તે મને અદૃશ્ય થતો નથી.

**વિવેચન :** મને વાસુદેવને જે સર્વત્ર જુએ છે, અને સર્વભૂતો તથા પોતે પણ મારામાં રહેલા હોવાથી સર્વને મારામાં જૂએ છે તેને હું અદૃશ્ય થતો નથી, અર્થાત્ હું તેના ઉપર નિરન્તર કૃપાદૃષ્ટિથી અનુગ્રહ કરું છું.

**સર્વભૂતસ્થિતં યો માં ભજત્યેકત્વમ્ આસ્થિતઃ।**
**સર્વથા વર્તમાનોઽપિ સ યોગી મયિ વર્તતે॥૩૧॥**

**યઃ** - જે; સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'યત્'
**એકત્વમ્** - એકત્વને, સામ્યભાવને, ઐક્ય, પ્રાણીમાં અન્તઃસ્થ સમભાવ; નામ, દ્વિ.એ.વ., નપુ. 'એકત્વ'
**આસ્થિતઃ** - રહેલો; ભૂ.કૃ. વિશેષણ, વિ. 'યઃ'
**સર્વભૂતસ્થિતમ્** - સર્વભૂતોમાં આત્મારૂપ સ્થિત; વિશેષણ, વિ. 'મામ્'
**મામ્** - મને; સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
**ભજતિ** - ભજે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'ભજ્' ૧ ગણ પરસ્મૈ.



**સઃ** - તે; સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'તત્'
**યોગી** - યોગી; નામ, પ્ર.એ.વ., પુ. 'યોગિન્'
**સર્વથા** - બધી રીતે; અવ્યય
**વર્તમાનઃ** - વર્તતો; વર્ત.કૃ. વિશેષણ, વિ. 'યોગી'
**અપિ** - પણ; અવ્યય
**મયિ** - મારામાં; સર્વનામ, સ.એ.વ., 'અસ્મત્'
**વર્તતે** - વર્તે છે; ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ., 'વૃત્' ૧ ગણ આત્મને.

**શ્લોકાર્થ :** એકપણામાં રહીને જે સર્વ ભૂતોમાં રહેલા મને ભજે છે. તે યોગી સર્વ પ્રકારે વર્તન કરવા છતાં મારામાં રહેલો છે.

**વિવેચન :** આવી રીતે એકપણામાં રહેલો પણ જે યોગી પ્રાણીમાત્રમાં રહેલા મને વાસુદેવને ભજે તે ગમે તે પ્રકારે વ્યવહાર કરવા છતાં મારામાં રહેલો છે અર્થાત્ તેનો મારા ઉપર આધાર છે, એટલે શુકદેવજી અને ઉદ્ધવ પેઠે તે મારો સેવક છે.

**આત્મૌપમ્યેન સર્વત્ર સમં પશ્યતિ યોઽર્જુન!।**
**સુખં વા યદિ વા દુઃખં સ યોગી પરમો મતઃ॥૩૨॥**

**અર્જુન** - અર્જુન; સમ્બોધન
**યઃ** - જે; સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'યત્'
**આત્મૌપમ્યેન** - પોતાના સદૃશત્વથી, પોતાના જ જેવું; નામ, તૃ.એ.વ., "આત્મા એવ ઉપમા યસ્ય ઈતિ" બહુવ્રીહિ.
**સર્વત્ર** - બધે ઠેકાણે; અવ્યય
**સમમ્** - સરખું; વિશેષણ, વિ. "સુખં દુઃખં ચ"
**પશ્યતિ** - જુએ છે; ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ., 'દૃશ્' ( પશ્ય ) ૧ ગણ પરસ્મૈ.
**વા** - અથવા; અવ્યય
**સુખમ્** - સુખને; નામ, દ્વિ.એ.વ., નપુ. 'સુખ'
**યદિ વા** - જો અથવા; અવ્યય
**દુઃખમ્** - દુઃખને; નામ, દ્વિ.એ.વ., નપુ. 'દુઃખ'
**સર્વત્ર સમમ્ પશ્યતિ** - બધે સમાનરૂપથી જુએ છે; ક્રિ.પ.
**સઃ** - તે; સાર્વનામ, પ્ર.એ.વ., પુ. 'તત્'

યોગી - યોગી; નામ, પ્ર.એ.વ., પુ. 'યોગિન્'
પરમઃ - શ્રેષ્ઠ; વિશેષણ, વિ. 'યોગી'
મતઃ - મનાયો છે; ભૂ.કૃ. વિશેષણ, વિ. 'યોગી'

**શ્લોકાર્થ:** હે અર્જુન! જે પોતાના દૃષ્ટાન્તથી સુખ અથવા દુઃખ ને સર્વત્ર સમાન જૂએ છે તે યોગી શ્રેષ્ઠ માનેલો છે.

**અર્જુન ઉવાચ**

**યોઽયં યોગસ્ત્વયા પ્રોક્તઃ સામ્યેન મધુસૂદન!।**
**એતસ્યાહં ન પશ્યામિ ચઞ્ચલત્વાત્ સ્થિતિં સ્થિરામ્॥૩૩॥**

મધુસૂદન - કૃષ્ણ, (મધુ = મોહ, સદન = નાશક, મોહનો નાશક) સમ્બોધન
યઃ - જે; સર્વનામ, પ્ર.એ.વ., પુ.
અયમ્ - આ; સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'ઇદમ્'
યોગઃ - યોગ; નામ, પ્ર.એ.વ., પુ. 'યોગ'
ત્વયા - તારા વડે; સર્વનામ, તૃ.એ.વ., 'યુષ્મત્'
સામ્યેન - સમત્વવડે; નામ, તૃ.એ.વ., પુ. 'સામ્ય'
પ્રોક્તઃ - કહેવાયો છે; ભૂ.કૃ. વિશેષણ, વિ. 'યોગઃ'
એતસ્ય - આનો, તેનો; સર્વનામ, ષ.એ.વ., 'એતદ્' પુ.
અહમ્ - હું; સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
ચઞ્ચલત્વાત્ - ચઞ્ચળતાને લીધે; નામ, પં.એ.વ., નપુ. 'ચઞ્ચલ'
સ્થિરામ્ - સ્થિર, લાંબા કાળ સુધી ટકે એવી; વિશેષણ, વિ. 'સ્થિતિમ્'
સ્થિતિમ્ - સ્થિતિ; નામ, દ્વિ.એ.વ., સ્ત્રી. 'સ્થિતિ'
ન - નહિ; અવ્યય
પશ્યામિ - જોઉં છું; ક્રિ. વ.કા. એ.વ. 'દૃશ્' (પશ્ય) ૧ ગણ પરસ્મૈ.

**શ્લોકાર્થ:** હે મધુસૂદન! સામ્યથી જે આ યોગ આપે કહ્યો તેની સ્થિતિ (મનની) ચઞ્ચલતાને લીધે સ્થિર હું જોઈ શક્તો નથી.

**વિવેચન:** ઉપર વર્ણવેલો યોગ અસમ્ભવિત જ છે, કારણ કે મન ઘણું ચઞ્ચલ હોવાથી સુખ-દુઃખ વિગેરેમાં સ્થિર અને એક સરખું રહી શકે જ નહિ, એમ માની અર્જુન બે શ્લોકથી પ્રશ્ન કરે છે. હે મધુસૂદન!



મન બહુ ચઞ્ચલ હોવાથી મનને સમાન રાખી સામ્યથી સિદ્ધ થતાં જે આ યોગનું આપે વર્ણન કર્યું તે યોગની સ્થિતિ સ્થિર દેખાતી નથી, કારણ કે અગ્નિધ્ર અને સૌભરિ જેવાનાં મન પણ સ્થિર રહ્યાં નથી.

**ચઞ્ચલં હિ મનઃ કૃષ્ણ! પ્રમાથિ બલવદ્ દૃઢમ્।**
**તસ્યાહં નિગ્રહં મન્યે વાયોરિવ સુદુષ્કરમ્॥૩૪॥**

હિ - ચોક્કસ; અવ્યય
કૃષ્ણ - હે કૃષ્ણ; સમ્બોધન
મનઃ - મન; નામ, પ્ર.એ.વ., 'મનસ્' નપુ.
ચઞ્ચલમ્ - ચઞ્ચળ; વિશેષણ, વિ. 'મનઃ'
ચ - અને; અવ્યય
પ્રમાથિ - પ્રમથન કરે એવું, ગભરાવે એવું; વિશેષણ, વિ. 'મનઃ'
બલવત્ - બલવાન; વિશેષણ, વિ. 'મનઃ'
ચ - અને; અવ્યય
દૃઢમ્ - દૃઢ; વિશેષણ, વિ. 'મનઃ'
અસ્તિ - છે; ક્રિયાપદ, વર્ત.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'
તસ્ય - તેનો; સર્વનામ, ષ.એ.વ., નપુ. 'તત્'
નિગ્રહમ્ - નિગ્રહ, વશ; નામ, દ્વિ.એ.વ., પુ. 'નિગ્રહ'
અહમ્ - હું; સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
વાયોઃ - વાયુનો; નામ, ષ.એ.વ., પુ. 'વાયુ'
ઈવ - માફક; અવ્યય
સુદુષ્કરમ્ - અત્યન્ત કઠિન; વિશેષણ, વિ. 'નિગ્રહમ્'
મન્યે - માનું છું; ક્રિ. વ.કા., પ્ર.પુ.એ.વ., 'મન્' ૪ ગણ આત્મને.

**શ્લોકાર્થ:** કારણ કે, હે કૃષ્ણ! મન ચઞ્ચલ, ઇન્દ્રિયોનો ક્ષોભ કરનારું, બલવાળું અને દૃઢ છે. વાયુની પેઠે તેનો નિગ્રહ હું દુષ્કર માનું છું.

**વિવેચન:** આવા યોગની સ્થિતિ સ્થિર હોઈ શકે નહિ, કારણ કે મન બહુ ચઞ્ચલ છે, ઇન્દ્રિયોનો ક્ષોભ કરી મૂકે તેવું છે, બલવાળું છે એટલે જ્ઞાનના બોધ વિગેરેથી સાધ્ય નથી, અને દૃઢ છે તેથી પોતાનો જે વિષયમાં અનુરાગ હોય તેનો ત્યાગ કરે તેવું નથી. જેમ આકાશમાં સુસવાટ

કરતા વાયુનો ઘડા વિગેરેમાં નિગ્રહ થવો અશક્ય છે તેમજ આવા મનનો નિગ્રહ પણ અશક્ય જ છે એમ હું માનું છું.

**શ્રીભગવાન્ ઉવાચ**

**અસંશયં મહાબાહો! મનો દુર્નિગ્રહં ચલમ્।**
**અભ્યાસેન તુ કૌન્તેય વૈરાગ્યેણ ચ ગૃહ્યતે॥૩૫॥**

**મહાબાહો** - **અર્જુન;** સમ્બોધન
**અસંશયમ્** - **સંશય વિનાનું, ખરેખર;** અવ્યય
**મનઃ** - **મન;** નામ, પ્ર.એ.વ., નપુ. 'મનસ્'
**દુર્નિગ્રહમ્** - **વશ કરવું કઠિન છે;** વિશેષણ, વિ. 'મનઃ'
**ચ** - **અને;** અવ્યય
**ચલમ્** - **ચઞ્ચળ, હાલતું;** વિશેષણ, વિ. 'મનઃ'
**અસ્તિ** - **છે;** ક્રિયાપદ; વર્ત.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'
**તુ** - **પરન્તુ;** અવ્યય
**કૌન્તેય** - **હે અર્જુન!;** સમ્બોધન
**અભ્યાસેન** - **વારંવાર યત્ન કરવાથી;** નામ, તૃ.એ.વ., પુ. 'અભ્યાસ'
**ચ** - **અને;** અવ્યય
**વૈરાગ્યેણ** - **વૈરાગ્યથી;** નામ, તૃ.એ.વ., નપુ. 'વૈરાગ્ય'
**ગૃહ્યતે** - **પકડાય છે, વશ થાય છે;** ક્રિ. વર્ત. કર્મણિ તૃ.પુ.એ.વ., 'ગૃહ્' ૯ ગણ આત્મને.

**શ્લોકાર્થ:** હે મહાબાહુવાળા! નક્કી, મન દુર્નિગ્રહ અને ચઞ્ચલ છે, પણ હે કૌન્તેય! અભ્યાસ અને વૈરાગ્ય થી તેનો નિગ્રહ થાય છે.

**વિવેચન:** અર્જુને કહ્યું તે બરાબર હોવાથી હવે ભગવાન્ મનનો નિગ્રહ કરવાનો ઉપાય કહે છે. મનનો નિગ્રહ થવો બહુ કઠિન છે કારણ કે તે ચઞ્ચલ છે તો પણ અભ્યાસથી અને વૈરાગ્યથી તેનો નિગ્રહ થવો બહુ કઠિન છે કારણ કે તે ચઞ્ચલ છે તો પણ અભ્યાસથી અને વૈરાગ્ય થી તેનો નિગ્રહ થઈ શકે છે.

**અસંયતાત્મના યોગો દુષ્પ્રાપ ઇતિ મે મતિઃ।**



**વશ્યાત્મના તુ યતતા શક્યોઽવાપ્તુમ્ ઉપાયતઃ॥૩૬॥**

**અસંયતાત્મના** - **જેણે મનને વશ કર્યું નથી એવા યોગી વડે;** વિશેષણ,વિ. 'યોગિના' "ન સંયતઃ આત્મા યસ્ય ઇતિ" બહુવ્રીહિ
**યોગઃ** - **યોગ;** નામ, પ્ર.એ.વ., પુ. 'યોગ'
**દુષ્પ્રાપઃ** - **પ્રાપ્ત થવું કઠિન છે;** વિશેષણ, વિ. 'યોગી' 'દુઃખેન પ્રાપ્તું શક્યઃ ઇતિ" ઉપપદ
**અસ્તિ** - **છે;** ક્રિયાપદ, વર્ત.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'
**તુ** - **પરન્તુ;** અવ્યય
**વશ્યાત્મના** - **વશ કરાયેલા, મનવાળા વડે;** વિશેષણ, વિ. 'યોગિના'
**યતતા** - **યત્નશીલ વડે;** વ.કૃ., વિશેષણ, વિ. 'યોગિના'
**યોગિના** - **યોગી વડે;** નામ,
**ઉપાયતઃ** - **સાધનથી, ઉપાયથી;** નામ, પં.એ.વ., 'તઃ' પ્રત્યય
**અવાપ્તુમ્** - **પ્રાપ્ત કરવાને;** હેત્વર્થ કૃદન્ત, ૫ ગણ 'અવ + આપ્'
**શક્યઃ** - **થઈ શકવા યોગ્ય;** વિધેય કર્મણિ કૃદન્ત
**ઇતિ** - **એમ;** અવ્યય
**મે** - **મારી;** સર્વનામ, ષ.એ.વ., 'અસ્મત્'
**મતિઃ** - **મત, અભિપ્રાય;** નામ, પ્ર.એ.વ., સ્ત્રી. 'મતિ'
**અસ્તિ** - **ક્રિયાપદ;** વર્ત.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'

**શ્લોકાર્થ:** જેને મન વશ નથી તેનાથી યોગ દુષ્પ્રાપ છે એવો મારો મત છે, પરન્તુ જેને મન વશ છે તેવા યત્ન કરનારને ઉપાયથી પ્રાપ્ત થઈ શકે તેવો છે.

**વિવેચન:** મનનો નિરોધ કરી મનને સમ રાખવાથી યોગ પ્રાપ્ત થઈ શકે છે. બીજી કોઈ રીતે તે પ્રાપ્ત થઈ શકે તેમ નથી.

**અર્જુન ઉવાચ**

**અયતિઃ શ્રદ્ધયોપેતો યોગાત્ ચલિતમાનસઃ।**
**અપ્રાપ્ય યોગસંસિદ્ધિં કાં ગતિં કૃષ્ણ! ગચ્છતિ॥૩૭॥**

**કૃષ્ણ** - **હે કૃષ્ણ;** સમ્બોધન
**યોગાત્** - **યોગથી;** નામ, પં.એ.વ., પુ.

**ચલિતમાનસઃ** - **ચલાયમાન માનસવાળો;** વિશેષણ, વિ. 'અયતિઃ'
**અયતિઃ** - **શિથિલ પ્રયત્ન કરનાર;** નામ, પ્ર.એ.વ., પુ. 'અયતિ'
**શ્રદ્ધયા** - **શ્રદ્ધાવડે;** નામ, તૃ.એ.વ., સ્ત્રી. 'શ્રદ્ધા'
**ઉપેતઃ** - **રહેનારો;** ભૂ.કૃ. વિશેષણ, વિ. 'અયતિઃ'
**પુરુષઃ** - **પુરુષ;** નામ, પ્ર.એ.વ.
**યોગસંસિદ્ધિમ્** - **યોગની સિદ્ધિને, ભગવત્સાક્ષાત્કારને;** નામ, દ્વિ.એ.વ., સ્ત્રી. 'યોગસંસિદ્ધિ'
**અપ્રાપ્ય** - **નહિ પ્રાપ્ત કરીને;** વિધેય કૃદન્ત
**કામ્** - **કયી;** વિશેષણ, વિ. 'ગતિમ્'
**ગતિમ્** - **ગતિને;** નામ, દ્વિ.એ.વ., સ્ત્રી. 'ગતિ'
**ગચ્છતિ** - **જાય છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'ગમ્(ગચ્છ્)' ૧ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** હે કૃષ્ણ! અલ્પ પ્રયત્નવાળો શ્રદ્ધાળુ જેનું મન યોગથી ચલિત થએલું છે તે સિદ્ધિ ન પામતાં કઈ ગતિને પ્રાપ્ત કરે છે?

**વિવેચન:** આ યોગ કરવાની અભિલાષવાળો હોય પરન્તુ જેને મન વશ ન હોય અને પ્રયત્ન પણ કરી શકતો ન હોય તેની શી ગતિ થાય છે તેવી જીજ્ઞાસા થવાથી અર્જુન પુનઃ પ્રશ્ન કરે છે. હે કૃષ્ણ! યોગ સાધવાના સાધનરૂપ અભ્યાસ અને વૈરાગ્ય માં જે અલ્પ પ્રયત્નવાળો જ હોય અને શ્રદ્ધાવાળો હોય, પરન્તુ જેને મન વશ થતું ન હોય અને યોગથી ચલિત થતું હોય તેને યોગની સિદ્ધિ થાય નહિ ત્યારે તેની શી ગતિ થાય?

**કચ્ચિન્ નોભયવિભ્રષ્ટઃ છિન્નાભ્રમિવ નશ્યતિ।**
**અપ્રતિષ્ઠો મહાબાહો વિમૂઢો બ્રહ્મણઃ પથિ॥૩૮॥**

**મહાબાહો** - **હે મોટા બાહુવાળાં;** નામ, સમ્બોધન, એ.વ. પુ.
**કચ્ચિત્** - **શું;** અવ્યય
**બ્રહ્મણઃ** - **ભગવત્પ્રાપ્તિના;** નામ, ષ.એ.વ., નપુ. 'બ્રહ્મન્'
**પથિ** - **માર્ગમાં;** નામ, સ.એ.વ., પુ. 'પથિન્'
**વિમૂઢઃ** - **મોહિત થયેલો;** નામ, પ્ર.એ.વ. પુ. 'વિમૂઢ' વિશેષણ
**અપ્રતિષ્ઠઃ** - **પ્રતિષ્ઠા વિનાનો, આશ્રય વિનાનો;** વિશેષણ, વિ. 'પુરુષઃ'



**પુરુષઃ** - **પુરુષ;** નામ, પ્ર.એ.વ.
**છિન્નાભ્રમ્** - **છુટું પડેલું વાદળું;** નામ, પ્ર.એ.વ., નપુ.
**ઈવ** - **માફક;** અવ્યય
**ઉભયવિભ્રષ્ટઃ** - **બન્ને બાજુએથી ભ્રષ્ટ થયેલો;** વિશેષણ, વિ. 'પુરુષઃ' "ઉભયાભ્યાં વિભ્રષ્ટઃ" ઉપપદ
**સન્** - **થઈને;**
**ન** - **નહિ;** અવ્યય
**નશ્યતિ** - **નાશ પામે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'નશ્' ૪ ગણ પરસ્મૈ.

**શ્લોકાર્થ:** હે મહાબાહો! અપ્રતિષ્ઠિત હોવાથી અને બ્રહ્મમાર્ગમાં વિમૂઢ હોવાથી ઉભયથી ભ્રષ્ટ થએલો તે છૂટાં પડેલાં વાદળાં પેઠે નાશ પામતો નથી ને?

**વિવેચન:** અર્જુન પોતાના સન્દેહનું વિવેચન કરે છે. હે સર્વ સન્દેહ દૂર કરવા સમર્થ મહાબાહો! આવો પુરુષ અપ્રતિષ્ઠિત છે, કારણ કે પૂર્વે જ કર્મ વિગેરે કરતો હતો તેનો ત્યાગ કરી યોગમાર્ગમાં પ્રવૃત્ત થએલો, અને યોગમાર્ગ પ્રાપ્ત કરવા મનના નિગ્રહમાટે અભ્યાસ થઈ નહિ શકવાથી તથા વૈરાગ્ય પ્રાપ્ત નહિ થવાથી એ બ્રહ્મમાર્ગ અર્થાત્ બ્રહ્મ પ્રાપ્ત કરવાના ઉપાયરૂપ યોગમાર્ગમાં પણ મૂઢ થએલો છે. તેથી ઉભયમાર્ગથી ભ્રષ્ટ થવાથી બીજાં વાદળાંઓથી છૂટાં પડેલાં વાદળો પેઠે તેનો નાશ થતો નથી ને?

**એતન્ મે સંશયં કૃષ્ણ છેત્તુમ્ અર્હસ્યશેષતઃ।**
**ત્વદન્યઃ સંશયસ્યાસ્ય છેત્તા ન હ્યુપપદ્યતે॥૩૯॥**

**કૃષ્ણ** - **હે કૃષ્ણ;** સમ્બોધન
**મે** - **મારો;** સર્વનામ, ષ.એ.વ., 'અસ્મત્'
**એતદ્** - **એ;** સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.
**સંશયમ્** - **સંશયને;** નામ, દ્વિ.એ.વ., પુ.
**અશેષતઃ** - **સમૂળ, શેષ રહે નહિ એવું;** અવ્યય
**છેત્તુમ્** - **છેદવાને;** હેત્વર્થ કૃદન્ત
**ત્વમેવ** - **તમે જ;**
**અર્હસિ** - **યોગ્ય છે;** ક્રિ. વ.કા., દ્વિ.પુ.એ.વ., 'અર્હ્' ૧ ગણ પરસ્મૈ.
**અસ્ય** - **જેનું, જેનો;** સર્વનામ, ષ.એ.વ., પુ. 'ઇદમ્'

સંશયસ્ય - સંશયનું, સંશયને; નામ, ષ.એ.વ., પુ. 'સંશય'
છેત્તા - ભાંગનાર; નામ, પ્ર.એ.વ., પુ. 'છેતૃ'
ત્વત્ અન્યઃ - તારા સિવાય બીજો; સર્વનામ, પ્ર.એ.વ., પુ.
હિ ન - ચોક્કસ નહિ; અવ્યય
ઉપપદ્યતે - મળે; ક્રિ. વિધ્યર્થ, તૃ.પુ.એ.વ., કર્મણિ 'ઉપ+પદ્' ૪ ગણ આત્મને.

શ્લોકાર્થ: હે કૃષ્ણ! આ મારા સંશયને સમ્પૂર્ણ રીતે દૂર કરવા આપ યોગ્ય છો, કારણ કે આપ વિના આ સંશય દૂર કરનાર બીજો કોઈ નથી.

શ્રીભગવાન્ ઉવાચ

પાર્થનેવેહ નામુત્ર વિનાશસ્તસ્ય વિદ્યતે।
ન હિ કલ્યાણકૃત્કશ્ચિદ્ દુર્ગતિં તાત! ગચ્છતિ॥૪૦॥

પાર્થ - હે અર્જુન; સમ્બોધન
તસ્ય - તેનો; સર્વનામ, ષ.એ.વ., પુ. 'તત્'
ન / ઇહ / ચ / ન / અમુત્ર - ન અહીં અને ન પરલોકમાં; અવ્યય
એવ - જ; અવ્યય
વિનાશઃ - વિનાશ; નામ, પ્ર.એ.વ., પુ. 'વિનાશ'
વિદ્યતે - છે; ક્રિ. વ.કા. કર્મણિ, તૃ.પુ.એ.વ., 'વિદ્' ૪ ગણ આત્મને.
હિ - કારણ કે; અવ્યય
તાત - અર્જુન, વ્હાલા; સમ્બોધન
કશ્ચિત્ - કોઈ પણ; સર્વનામ, પ્ર.એ.વ., પુ.
કલ્યાણકૃત્ - શુભ કર્મ કરનાર, ભગવત્ અર્થ કરનાર; નામ, પ્ર.એ.વ., પુ.
દુર્ગતિમ્ - દુર્ગતિને; નામ, દ્વિ.એ.વ., સ્ત્રી. 'દુર્ગતિ'
ન - નહિ; અવ્યય
ગચ્છતિ - જાય છે, ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'ગમ્(ગચ્છ)' ૧ ગણ પરસ્મૈ.

શ્લોકાર્થ: હે પાર્થ! આ લોકમાં અથવા પરલોકમાં તેનો વિનાશ થતો જ નથી, કારણ કે હે વહાલા! કોઈ પણ કલ્યાણ કરનારની દુર્ગતિ થતી નથી.

વિવેચન: હે પાર્થ! કોઈ પણ કલ્યાણ અથવા શુભ કર્મ કરનારની દુર્ગતિ



થતી નથી. આવો પુરુષ કલ્યાણ કર્મમાં પ્રવૃત્ત થએલો હોવાથી તેની દુર્ગતિ કેમ થાય? આ લોકમાં અથવા પરલોકમાં કોઈ સ્થળે તેનો નાશ થતો નથી.

પ્રાપ્ય પુણ્યકૃતાં લોકાન્ ઉષિત્વા શાશ્વતીઃ સમાઃ।
શુચીનાં શ્રીમતાં ગેહે યોગભ્રષ્ટોऽભિજાયતે॥૪૧॥

યોગભ્રષ્ટઃ - યોગથી ભ્રષ્ટ થયેલો; નામ, પ્ર.એ.વ., પુ. 'યોગભ્રષ્ટ'
પુણ્યકૃતામ્ - પુણ્ય કરનારાઓનાં; નામ, ષ.બ.વ., પુ.
લોકાન્ - લોકોને, સ્વર્ગાદિ લોકોને; નામ, દ્વિ.બ.વ., પુ.
પ્રાપ્ય - મેળવીને; વિધેય કૃદન્ત
શાશ્વતીઃ - ઘણા; વિશેષણ, વિ. 'સમાઃ'
સમાઃ - વર્ષો; નામ, દ્વિ.બ.વ., સ્ત્રી. 'સમા'
ઉષિત્વા - રહીને, વસીને; વિધેય કૃદન્ત, 'વસ્' ૧ ગણ, પરસ્મૈ.
શુચીનામ્ - શુદ્ધ આચરણવાળાઓના; નામ, ષ.બ.વ., પુ. 'શુચિ'
શ્રીમતામ્ - શ્રીમન્ત પુરુષોના; નામ, ષ.બ.વ., પુ. 'શ્રીમત્'
ગેહે - ઘરમાં; નામ, સ.એ.વ., નપુ. 'ગેહ'
અભિજાયતે - જન્મે છે; ક્રિ.વ.કા., તૃ.પુ.એ.વ., 'અભિ+જન્' ૪ ગણ આત્મને

શ્લોકાર્થ: પુણ્ય કરનારના લોક પ્રાપ્ત કરી, ત્યાં ઘણા વર્ષો રહી, યોગભ્રષ્ટ થએલો શુચિ શ્રીમન્તોને ઘેર અવતરે છે.

વિવેચન: તેણે શુભ અથવા કલ્યાણ કર્મ કરેલ હોવાથી તે યોગભ્રષ્ટ પુરુષ પુણ્ય કરનારના લોકને પ્રાપ્ત કરે છે અને તેણે કરેલાં કલ્યાણ કર્મનાં ફલ ભોગવે ત્યાં સુધી ઘણાં વર્ષો ત્યાં રહી, પછી શુચિ અર્થાત્ પવિત્ર અથવા સદાચારવાળા શ્રીમન્તોને ત્યાં અવતરે છે, પરન્તુ તેણે અશુભ કર્મો કરેલાં નહિ હોવાથી તેની દુષ્ટ ગતિ થતી નથી એવો ભાવ છે.

અથવા યોગિનામેવ કુલે ભવતિ ધીમતામ્।
એતદ્ધિ દુર્લભતરં લોકે જન્મ યદ્ ઈદૃશમ્॥૪૨॥

અથવા - અથવા; અવ્યય
સઃ - તે; સર્વનામ, પ્ર.એ.વ.

**ધીમતામ્** - બુદ્ધિવાળાના, જ્ઞાનવાળાના; નામ, ષ.બ.વ., પુ. 'ધીમત્'
**યોગિનામ્** - યોગીઓના; નામ, ષ.બ.વ., પુ. 'યોગિન્'
**એવ** - જ, માત્ર; અવ્યય
**કુલે** - કુળમાં; નામ, સ.એ.વ., નપુ. 'કુલ'
**ભવતિ** - થાય છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'ભૂ' ૧ ગણ, પરસ્મૈ.
**ઈદૃશમ્** - આના જેવું; વિશેષણ, વિ. 'જન્મ'
**યત્** - જે; સર્વનામ, પ્ર.એ.વ., નપુ. 'યત્'
**એતદ્** - એ, તે; સર્વનામ, પ્ર.એ.વ., નપુ. 'એતદ્'
**જન્મ** - જન્મ; નામ, પ્ર.એ.વ., નપુ. 'જન્મન્'
**તત્** - તે; સર્વનામ
**હિ** - ચોક્કસ; અવ્યય
**લોકે** - લોકમાં; નામ, સ.એ.વ., નપુ. 'લોક'
**દુર્લભતરં** - અતિ દુર્લભ; વિશેષણ, વિ. 'જન્મ'
**અસ્તિ** - છે; ક્રિયાપદ, વર્ત.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'

**શ્લોકાર્થ:** અથવા બુદ્ધિશાળી યોગીઓના કુલમાં જ અવતરે છે; કારણ કે લોકમાં આવો જન્મ થાય તો તે બહુ દુર્લભ છે.

**વિવેચન:** અથવા તેણે યોગનો આરમ્ભ કરેલો તેમાંથી તે ભ્રષ્ટ થએલો હોવાથી પુનઃ તે યોગ સાધે તે માટે તેના પૂર્વના યોગના સંસ્કારને લીધે તે બુદ્ધિવાળા અથવા યોગબુદ્ધિવાળા યોગીઓના જ કુલમાં અવતરે છે. આવો જન્મ આ લોકમાં થાય તે બહુ દુર્લભ છે. ગયા શ્લોકમાં શુચિ શ્રીમન્તોને ત્યાં યોગભ્રષ્ટ અવતરે છે એમ કહ્યું, ત્યાં તે પૂર્વના સંસ્કારથી ભરતરાજા ની પેઠે યોગ સાધવા પ્રયત્ન કરે છે, અને પ્રયત્ન કરતાં યોગ તેને સિદ્ધ થાય છે. આ શ્લોકમાં યોગીઓને ત્યાં તેનો જન્મ થાય છે તેમ કહ્યું, તેથી આવો જેનો જન્મ થાય તેને પ્રયત્ન વિનાજ જડભરત પેઠે યોગ સિદ્ધ થાય છે. આવો જન્મ બહુ દુર્લભ છે.

**તત્ર તં બુદ્ધિસંયોગં લભતે પૌર્વદેહિકમ્।**
**યતતે ચ તતો ભૂયઃ સંસિદ્ધૌ કુરુનન્દન!॥૪૩॥**

**તત્ર** - ત્યાં; અવ્યય



**તમ્** - તેને; સર્વનામ, દ્વિ.એ.વ., પુ. 'તત્'
**પૌર્વદેહિકમ્** - પૂર્વદેહનું, પૂર્વદેહ સમ્બન્ધનો; વિશેષણ, વિ. 'બુદ્ધિસંયોગમ્'
**બુદ્ધિસંયોગમ્** - સમત્વબુદ્ધિના યોગને, તેના સંસ્કારને; નામ, દ્વિ.એ.વ., પુ. 'બુદ્ધિસંયોગ'
**લભતે** - મેળવે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'લભ્' ૧ ગણ આત્મને.
**ચ** - અને; અવ્યય
**કુરુનન્દન** - હે અર્જુન; સમ્બોધન
**તતઃ ભૂયઃ** - તેથી ફરીથી; અવ્યય
**સંસિદ્ધૌ** - ભગવત્પ્રાપ્તિરૂપ સિદ્ધિમાં; નામ, સ.એ.વ., સ્ત્રી. 'સંસિદ્ધિ'
**યતતે** - પ્રયાસ કરે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'યત્' ૧ ગણ, આત્મને.

**શ્લોકાર્થ:** હે કુરુનન્દન! ત્યાં તે પૂર્વદેહનો બુદ્ધિસંયોગ પ્રાપ્ત કરે છે, અને પછી પુનઃ સંસિદ્ધિમાટે યત્ન કરે છે.

**વિવેચન:** પૂર્વદેહમાં યોગબુદ્ધિ થઈ હતી તે યોગબુદ્ધિ પુનઃ તેને પ્રાપ્ત થાય છે, અને તેથી પુનઃ યોગસિદ્ધ કરવા પ્રયત્ન કરે છે.

**પૂર્વાભ્યાસેન તેનૈવ હ્રિયતે હ્યવશોઽપિ સઃ।**
**જિજ્ઞાસુરપિ યોગસ્ય શબ્દબ્રહ્માતિવર્તતે॥૪૪॥**

**સઃ** - તે; સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'તત્'
**અવશઃ** - વિષયોના વશમાં રહેનારો; વિશેષણ, વિ. 'સઃ'
**અપિ** - પણ; અવ્યય
**તેન** - તેનાવડે; સર્વનામ, તૃ.એ.વ., પુ. 'તત્'
**એવ** - જ, માત્ર; અવ્યય
**પૂર્વાભ્યાસેન** - પૂર્વજન્મના અભ્યાસ વડે, ગત જન્મના અભ્યાસવડે; નામ, તૃ.એ.વ., પુ. 'પૂર્વઅભ્યાસ'
**હિ** - ચોક્કસ; અવ્યય
**હ્રિયતે** - ખેંચાઈ જાય છે, હરાઈ જાય છે, ભગવાન્ તરફ ખેંચાય છે; ક્રિ. વર્ત. કર્મણિ, તૃ.પુ.એ.વ., 'હૃ' ૧ ગણ આત્મને.
**ચ** - અને; અવ્યય
**યોગસ્ય** - યોગનું, સમત્વ બુદ્ધિરૂપ યોગનો; નામ, ષ.એ.વ., પુ. 'યોગ'

જિજ્ઞાસુઃ - જિજ્ઞાસુ, જાણવાની ઇચ્છાવાળો; નામ, પ્ર.એ.વ., પુ. 'જિજ્ઞાસુ'
અપિ - પણ; અવ્યય
શબ્દબ્રહ્મ - શબ્દબ્રહ્મ, વેદમાં કહેલા સકામ કર્મના ફળનો; નામ, દ્વિ.એ.વ., નપુ. 'શબ્દબ્રહ્મ'
અતિવર્તતે - ઓળંગી જાય છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., અતિ + વૃત્ ૧ ગણ, આત્મને.

શ્લોકાર્થ: પૂર્વજન્મના તે જ અભ્યાસથી અવશ છતાં પણ તે વિષયોથી નિવૃત્ત થાય છે. એ યોગનો જીજ્ઞાસુ પણ શબ્દબ્રહ્મને અતિવર્તે છે.

વિવેચન: પૂર્વજન્મનો તેને યોગનો અભ્યાસ હોવાથી વિષયોરૂપી અન્તરાયને લીધે યોગ સાધવાની ઇચ્છા થતી ન હોય તો પણ તે જ અભ્યાસથી તે વિષયોથી નિવૃત્ત થાય છે અને યોગ સાધવામાં તત્પર રહે છે. આમાં કાંઈ આશ્ચર્ય જેવું નથી, કારણ કે માત્ર યોગનું સ્વરૂપ જાણવાની ઇચ્છા હોય તે પણ શબ્દબ્રહ્મને અતિવર્તે છે અર્થાત્ યોગના પ્રભાવથી શબ્દબ્રહ્મના તાત્પર્યભૂત પરબ્રહ્મનું પણ જ્ઞાન પ્રાપ્ત કરે છે, તો પછી જેણે યોગ સાધવા યત્ન કરેલો હોય તેને આવું ફલ પ્રાપ્ત થાય તેમાં આશ્ચર્ય શું?

**પ્રયત્નાદ્ યતમાનસ્તુ યોગી સંશુદ્ધકિલ્બિષઃ।**
**અનેકજન્મસંસિદ્ધઃ તતો યાતિ પરાં ગતિમ્॥૪૫॥**

અનેકજન્મસંસિદ્ધઃ - અનેક જન્મોથી સંસિદ્ધ થયેલો; "અનેકૈઃ જન્મભિઃ સંસિદ્ધઃ ઇતિ" તત્પુરુષ
તુ - પરન્તુ, તો પણ; અવ્યય
પ્રયત્નાત્ - પ્રયત્નથી; નામ, પં.એ.વ., પુ. 'પ્રયત્ન'
યતમાનઃ - યત્ન કરતો, અભ્યાસ કરતો; વિશેષણ, વિ. 'યોગી'
યોગી - યોગી; નામ, પ્ર.એ.વ., પુ. 'યોગિન્'
સંશુદ્ધકિલ્બિષઃ - સર્વ પાપોથી સારી રીતે શુદ્ધ થયેલો; વિશેષણ, વિ. 'યોગી'
તતઃ - તેથી, તેના પ્રભાવથી; અવ્યય
પરામ્ - પરમ, શ્રેષ્ઠ; વિશેષણ, વિ. 'ગતિમ્'
ગતિમ્ - ગતિને; નામ, દ્વિ.એ.વ., સ્ત્રી. 'ગતિ'
યાતિ - જાય છે, પામે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'યા' ૨ ગણ પરસ્મૈ.



શ્લોકાર્થ: પ્રયત્નથી અભ્યાસ કરતો યોગી તો પાપથી વિશુદ્ધ થઈ અનેક જન્મથી સંસિદ્ધ થઈ પછી પરાગતિ પ્રાપ્ત કરે છે.

વિવેચન: યોગભ્રષ્ટની ગતિ ઉપર કહી, હવે જે યોગથી ભ્રષ્ટ ન થતાં પ્રયત્ન કરી મનનો નિગ્રહ કરી યોગનો અભ્યાસ કરે તેની ગતિ કહે છે. તેના સર્વ પાપો નાશ થાય છે તેથી તે વિશુદ્ધ થાય છે, અને પછી અનેક જન્મ સુધી તત્ત્વજ્ઞાનવાળો રહી યોગ સિદ્ધ કરી પરાગતિ અર્થાત્ મારા સ્વરૂપ અક્ષરને પ્રાપ્ત કરે છે, અથવા અનેક જન્મના યોગથી ભક્તિ પ્રાપ્ત કરે છે અને ભક્તિવડે વૈકુણ્ઠરૂપી પરાગતિ પ્રાપ્ત કરે છે. નિબન્ધમાં પણ શ્રીમદાચાર્યચરણ ઉપદેશ કરે છે કે "ઈશ્વરના આલમ્બનરૂપ યોગ બહુ જન્મના વિપાકથી ભક્તિ ઉત્પન્ન કરે છે".

આ અધ્યાયના ૪૧ થી ૪૫ સુધીના અને ૪૬ મા શ્લોકનું અનુસન્ધાન શ્રીભાગવત્ ૨।૧।૬ ઉપરનાં સુબોધિનીમાં કરેલું છે.

**તપસ્વિભ્યોઽધિકો યોગી જ્ઞાનિભ્યોઽપિ મતોઽધિકઃ।**
**કર્મિભ્યશ્ચાધિકો યોગી તસ્માદ્ યોગી ભવાર્જુન!॥૪૬॥**

યોગી - યોગી; નામ, પ્ર.એ.વ., પુ. 'યોગિન્'
તપસ્વિભ્યઃ - તપસ્વી કરતાં; નામ, પં.બ.વ., પુ.
અધિકઃ - વધારે; વિશેષણ, વિ. 'યોગી'. ચ - અને; અવ્યય
જ્ઞાનિભ્યઃ - જ્ઞાન કરતાં; નામ, પં.બ.વ., પુ. 'જ્ઞાનિન્'
અપિ - પણ; અવ્યય
અધિકઃ - અધિક; વિશેષણ, વિ. 'યોગી'
મતઃ - કબુલ થયેલો, માનેલો; ભૂ.કૃ. વિશેષણ, વિ. 'યોગી મન્' ૪ ગણ
ચ - અને; અવ્યય
કર્મિભ્યઃ - કર્મો કરતાં; નામ, પં.એ.વ., પુ. 'કર્મિન્'
અપિ - પણ; અવ્યય
અધિકઃ - અધિક; વિશેષણ, વિ. 'યોગી'
તસ્માત્ - તેથી, તે કારણે; અવ્યય
અર્જુન - અર્જુન; સમ્બોધન
ત્વમ્ - તું; સર્વનામ, પ્ર.એ.વ 'યુષ્મદ્'
યોગી - યોગી; નામ, પ્ર.એ.વ., પુ.

**ભવ** - **થા;** ક્રિ. આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ., 'ભૂ' ૧ ગણ પરસ્મૈ.

**શ્લોકાર્થ :** હે અર્જુન! યોગી તપસ્વીઓથી અધિક છે, જ્ઞાનીઓથી પણ અધિક મનાએલો છે, કર્મવાળાઓથી પણ યોગી અધિક છે. તેથી તું યોગી થા.

**વિવેચન :** કાયાના ક્લેશ વિગેરે સહન કરનાર તપસ્વીઓ કરતાં (તપો)યોગી અધિક છે, સાંખ્યવાળા જ્ઞાનીઓ કરતાં પણ (સાંખ્ય)યોગી અધિક છે અને માત્ર કર્મ કરનાર કર્મવાળાઓથી પણ (કર્મ)યોગી અધિક છે. તેથી તું મનના નિગ્રહરૂપ યોગ સાધનાર યોગી થા. તને તો બાહ્ય યોગનો ઉપદેશ કર્યો નથી, પરન્તુ અનિષિદ્ધ ઉત્તમ યોગનો ઉપદેશ કરેલો છે, કારણ કે તે તારા ચિત્તનો નિરોધ મારામાં-શ્રીવાસુદેવમાં કરવાનો છે. તેથી તને ઉત્તમ ભક્તિરૂપ યોગનો ઉપદેશ કરેલો છે. તું યોગી થા.

**યોગિનામપિ સર્વેષાં મદ્ગતેનાન્તરાત્મના ।**
**શ્રદ્ધાવાન્ ભજતે યો માં સ મે યુક્તતમો મતઃ ॥૪૭॥**

**સર્વેષામ્** - **બધાઓનો;** સર્વનામ, ષ.બ.વ., પુ. 'સર્વ'
**યોગિનામ્** - **યોગીઓનો;** નામ, ષ.બ.વ., પુ. 'યોગિન્'
**અપિ** - **પણ;** અવ્યય
**યઃ** - **જે;** સર્વનામ, પ્ર.એ.વ., પુ.
**શ્રદ્ધાવાન્** - **શ્રદ્ધાવાળો;** વિશેષણ, વિ. 'યઃ'
**મદ્ગતેન** - **મારામાં લાગેલા;** વિશેષણ, વિ. 'અન્તરાત્મના'
**અન્તરાત્મના** - **અન્તરાત્માવડે;** નામ, તૃ.એ.વ., પુ.
**મામ્** - **મને;** સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
**ભજતે** - **ભજે છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ., 'ભજ્' ૧ ગણ આત્મને.
**સઃ** - **તે;** સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'તત્'
**મે** - **મારો;** સર્વનામ, ષ.એ.વ., 'અસ્મત્'
**યુક્તતમઃ** - **પરમશ્રેષ્ઠ, યોગીઓમાં ઉત્તમ;** વિશેષણ, વિ. 'સઃ'
**મતઃ** - **માનેલો, માન્ય;** ભૂ.કૃ. વિશેષણ, વિ. 'સઃ'

**શ્લોકાર્થ :** સર્વ યોગીઓમાં પણ મારામાં અન્તરાત્મા યોજી, શ્રદ્ધાળુ થઈ જે મને ભજે છે તેને હું ઉત્તમ યોગી ગણું છું.



**વિવેચન :** સર્વ યોગીઓમાં પણ પુષ્ટિભક્તિપરાયણ યોગી ઉત્તમ છે. તે પોતાનાં ચિત્તનો મારામાં-શ્રીવાસુદેવમાં જ નિરોધ કરે છે. આવી રીતે ચિત્તનો મારામાં નિરોધ કરી, શ્રીમદાચાર્યચરણના ઉપદેશ ઉપર શ્રદ્ધા રાખી જે મારું શ્રીવાસુદેવનું ભજન કરે છે તે ઉત્તમ યોગી છે. તેથી જે યોગનું ફલ શરણ ભક્તિ પ્રાપ્ત થાય છે તે યોગ સાધનાર યોગી થા એવો ગૂઢ આશય છે. તેથી જ આચાર્યશ્રીએ કહેલું છે કે (ભગવાને ભગવદ્ગીતામાં) આરમ્ભમાં સાઙ્ખ્ય અને યોગ નું નિરૂપણ કરી, અર્જુનનો મોહ દૂર કરી, પછી તેને ભક્તિરૂપ અમૃતનું પાન કરાવ્યું એવો સાર છે. આ પહેલા છ અધ્યાયોમાં સાંખ્યમાં તથા યોગમાં વિવેકથી અને ધૈર્યથી પોતાના ધર્મનું આચરણ ભક્તિથી કરવાનું કહેલું છે.

**ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે**
**શ્રીકૃષ્ણાર્જુનસંવાદે 'આત્મસંયમયોગો' નામ**
**ષષ્ઠોઽધ્યાયઃ ॥૬॥**

## ॥ અધ્યાય ૭ ॥
## જ્ઞાનવિજ્ઞાનયોગ

પ્રથમ છ અધ્યાયમાં સાંખ્ય અને યોગ નું ફલ આત્મજ્ઞાન છે એમ દર્શાવ્યું. અહીંથી ભગવાનના માહાત્મ્યજ્ઞાનપૂર્વક ભક્તિનું નિરૂપણ કરવામાં આવે છે.

"માહાત્મ્યજ્ઞાનપૂર્વક સુદૃઢ અને સર્વથી અધિક સ્નેહને 'ભક્તિ' કહે છે. તેનાથી મુક્તિ થાય છે, અન્ય રીતે થતી નથી" તેથી ભગવાન્ વાસુદેવનાં માહાત્મ્યનું જ્ઞાન યોગીઓને સિદ્ધિ પ્રાપ્ત કરાવનાર હોવાથી, અને સિદ્ધિ પ્રાપ્ત કરવાનો અન્ય ઉપાય નહિ હોવાથી અહીં ભગવાન્ વાસુદેવના માહાત્મ્યનું નિરૂપણ કરવામાં આવે છે.

જે ભક્ત પ્રયાણકાલે ભગવાનનું સ્મરણ કરે છે, તેને અક્ષસહિત શ્રીપુરુષોત્તમના માહાત્મ્યનું વિજ્ઞાન પ્રાપ્ત થાય છે. આરમ્ભમાં યોગધર્મનું આચરણ કરવાથી ભગવાનના માહાત્મ્યનું વિજ્ઞાન પ્રાપ્ત થાય છે. ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન થવાથી ભગવાનનો આશ્રય થાય છે. આશ્રય થવાથી ભગવાનનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. આ ઉત્તમ જ્ઞાન છે. આવું જ્ઞાન હોવાથી જ જ્ઞાનીઓની શ્રેષ્ઠતા કહેલી છે, કારણ કે ભગવાનનું જેને જ્ઞાન હોય તે જ ઉત્તમ છે, માત્ર આત્મજ્ઞાન હોય તે ઉત્તમ નથી. આવા જ્ઞાનીઓ ભગવાનની નિરન્તર સેવા કરે છે.

**શ્રીભગવાન્ ઉવાચ**

**મય્યાસક્તમનાઃ પાર્થ! યોગં યુઞ્જન્ મદાશ્રયઃ ।**
**અસંશયં સમગ્રં માં યથા જ્ઞાસ્યસિ તત્ શ્રુણુ ॥૧॥**

**પાર્થ** - **અર્જુન;** સમ્બોધન
**મયિ** - **મારામાં;** સર્વનામ, સ.એ.વ., 'અસ્મત્'
**આસક્તમનાઃ** - **આસક્ત થયેલું છે મન જેનું એવો;** વિશેષણ, વિ. 'પુરુષઃ', "આસક્તં મનઃ યસ્ય ઇતિ" બહુવ્રીહિ
**ચ** - **અને;** અવ્યય
**મદાશ્રયઃ** - **મારો આશ્રય કરનારો;** વિશેષણ, વિ. 'ત્વમ્'



**ચ** - **અને;** અવ્યય
**યોગમ્** - **યોગને;** નામ, દ્વિ.એ.વ., પુ. 'યોગ'
**યુઞ્જન્** - **યોજતો;** વ.કૃ. વિશેષણ, વિ. 'પુરુષઃ'
**ત્વમ્** - **તું;** સર્વનામ, પ્ર.એ.વ. 'યુષ્મદ્'
**મામ્** - **મને;** સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
**સમગ્રમ્** - **સમ્પૂર્ણ રીતે, સમ્પૂર્ણ સાધનથી;** વિશેષણ, વિ. 'મામ્'
**યથા અસંશયમ્** - **જેમ સંશય રહિત;** અવ્યય
**જ્ઞાસ્યસિ** - **જાણીશ;** ક્રિ. ભ.કા., દ્વિ.પુ.એ.વ., 'જ્ઞા' ૯ ગણ પરસ્મૈ.
**તત્** - **તે;** સર્વનામ, દ્વિ.એ.વ., નપુ. 'તત્'
**શ્રુણુ** - **સાંભળ;** ક્રિ. આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ., 'શ્રુ' ૫ ગણ પરસ્મૈ.

**શ્લોકાર્થ :** હે પાર્થ! મારામાં મન આસક્ત રાખી, મારો આશ્રય રાખી યોગ આચરતાં જે પ્રકારે તું સમ્પૂર્ણતાથી મને નિઃસંશય જાણીશ તે સાંભળ.

**વિવેચન :** ભગવાન્, સ્વધર્મના આશ્રય, ઉત્તમ અલૌકિક લીલાવાળા મોટામાં મોટા નિયન્તા, કરુણાલુ, પરમાત્મા એવા મારામાં મનને આસક્ત રાખી, મારો આશ્રય રાખી, પાછળ વર્ણન કર્યું તેવા યોગનું આચરણ કરતાં નિરુપધિ માહાત્મ્યવાળા અને ઉત્તમ અલૌકિક ગુણથી પૂર્ણ મારું તને જે પ્રકારે જ્ઞાન થશે તે તને હું કહું છું તે સાંભળ.

**જ્ઞાનં તેઽહં સવિજ્ઞાનમ્ ઇદં વક્ષ્યામ્યશેષતઃ ।**
**યજ્જ્ઞાત્વા નેહ ભૂયોઽન્યજ્ જ્ઞાતવ્યમ્ અવશિષ્યતે ॥૨॥**

**અહમ્** - **હું;** સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મદ્'
**તે (તુભ્યમ્)** - **તને;** સર્વનામ, ચ.એ.વ., 'યુષ્મદ્'
**ઇદમ્** - **આ;** સર્વનામ, દ્વિ.એ.વ., નપુ. 'ઇદમ્'
**સવિજ્ઞાનમ્** - **રહસ્ય સાથે;** વિશેષણ, વિ. 'જ્ઞાનમ્'
**જ્ઞાનમ્** - **જ્ઞાન;** નામ, દ્વિ.એ.વ., નપુ. 'જ્ઞાન'
**અશેષતઃ** - **સમ્પૂર્ણ રીતે, પૂરેપૂરું;** અવ્યય
**વક્ષ્યામિ** - **કહીશ;** ક્રિ. ભ.કા., પ્ર.પુ.એ.વ., 'વચ્' ૨ ગણ પરસ્મૈ.
**યત્** - **જે;** સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.
**જ્ઞાત્વા** - **જાણીને;** વિધેય કૃદન્ત

**ઇહ ભૂયઃ** - **આ લોકમાં ફરીથી;** અવ્યય
**અન્યત્** - **બીજું;** સર્વનામ, દ્વિ.એ.વ., નપુ. 'અન્યત્'
**જ્ઞાતવ્યમ્** - **જાણવા યોગ્ય;** વિધેય કર્મણિ, કૃ. વિશેષણ, વિ. 'અન્યત્'
**ન** - **નહિ;** અવ્યય
**અવશિષ્યતે** - **બાકી રહે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., કર્મણિ અવ + શિષ્ ૭ ગણ આત્મને.

**શ્લોકાર્થ :** વિજ્ઞાનસહિત આ જ્ઞાન પૂરેપૂરું હું તને કહીશ. તે જાણીને કાંઈ વધારે જાણવાનું અહીં રહેશે નહિ.

**વિવેચન :** વિજ્ઞાનસહિત એટલે વિવિધ અથવા ભિન્ન - ભિન્ન પ્રકારથી, ચિદ્ અને અચિદ્ રૂપથી, વિભૂતિઓના ધર્મોથી, અને બીજા ભેદોથી આ સમ્પૂર્ણ જ્ઞાન હું તને કહીશ. તે જાણી તારે અન્ય કાંઈ પણ અહીં જાણવાનું બાકી રહેશે નહિ.

**મનુષ્યાણાં સહસ્રેષુ કશ્ચિદ્ યતતિ સિદ્ધયે।**
**યતતામપિ સિદ્ધાનાં કશ્ચિત્ માં વેત્તિ તત્ત્વતઃ ॥૩॥**

**સહસ્રેષુ** - હજારોમાં; વિશેષણ, વિ. 'પુરુષેષુ'
**મનુષ્યાણામ્** - **માણસોમાનાં;** નામ, ષ.બ.વ., પુ.'મનુષ્ય'
**કશ્ચિત્** - કોઈક; સર્વનામ, પ્ર.એ.વ., પુ.
**સિદ્ધયે** - **સિદ્ધિને માટે;** નામ, ચ.એ.વ., સ્ત્રી. 'સિદ્ધિ'
**યતતિ** - **યત્ન કરે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'યત્' ૧ ગણ પરસ્મૈ.
**યતતામ્** - **યત્ન કરનારાઓના;** વ.કૃ. વિશેષણ, વિ. 'સિદ્ધાનામ્'
**સિદ્ધાનામ્** - **સિદ્ધ યોગીઓનું;** નામ, ષ.બ.વ., પુ. 'સિદ્ધ'
**અપિ** - **પણ;** અવ્યય
**કશ્ચિત્** - **કોઈક;** સર્વનામ, પ્ર.એ.વ., પુ.
**મામ્** - **મને;** સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
**તત્ત્વતઃ** - **તત્ત્વથી;** નામ, પં.એ.વ., પુ. 'તઃ' પ્રત્યય
**વેત્તિ** - **જાણે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'વિદ્' ૨ ગણ

**શ્લોકાર્થ :** હજારો મનુષ્યોમાં કોઈક જ સિદ્ધિમાટે પ્રયાસ કરે છે, પ્રયાસ કરનાર સિદ્ધોમાં પણ કોઈક જ મને તત્ત્વથી જાણે છે.

**વિવેચન :** હજારો મનુષ્યોમાં કોઈક જ આત્મતત્ત્વના જ્ઞાનમાટે પ્રયાસ કરે છે. અને જે પ્રયાસ કરનારને તેવું જ્ઞાન સિદ્ધ થએલું હોય છે તેઓમાંથી કોઈક જ ભગવાન્ પરમાત્મા સર્વ ધર્મોના આશ્રય ઈશ્વર એવા મને તત્ત્વથી એટલે મારા નિરતિશય માહાત્મ્યપૂર્વક જાણે છે. આવા વ્યાસ, વામદેવ, શુક જેવા મને તત્ત્વથી જાણનાર કોઈક જ હોય છે. તેથી મારું આ જ્ઞાન બહુ જ ઉત્તમ છે તે હું તને કહીશ.

**ભૂમિરાપોઽનલો વાયુઃ ખં મનો બુદ્ધિરેવ ચ।**
**અહઙ્કાર ઈતીયં મે ભિન્ના પ્રકૃતિરષ્ટધા ॥૪॥**

**ભૂમિઃ** - **ભૂમિ;** નામ, પ્ર.એ.વ., સ્ત્રી.
**આપઃ** - **જળ, પાણી;** નામ, પ્ર.બ.વ., સ્ત્રી. હંમેશા બહુવચનમાં વપરાય છે.
**અનલઃ** - **અગ્નિ;** નામ, પ્ર.એ.વ., પુ.
**વાયુઃ** - **વાયુ;** નામ, પ્ર.એ.વ., પુ. 'વાયુ'
**ખમ્** - **આકાશ;** નામ, પ્ર.એ.વ., નપુ. 'ખ'
**મનઃ** - **મન;** નામ, પ્ર.એ.વ., નપુ. 'મનસ્'
**બુદ્ધિઃ** - **બુદ્ધિ;** નામ, પ્ર.એ.વ., સ્ત્રી. 'બુદ્ધિ'
**ચ** - **અને;** અવ્યય
**અહઙ્કારઃ** - **અહઙ્કાર;** નામ, પ્ર.એ.વ., પુ. 'અહઙ્કાર'
**એવ ઈતિ** - **માત્ર એ પ્રમાણે;** અવ્યય
**ઈયમ્** - **આ;** સર્વનામ, પ્ર.એ.વ., સ્ત્રી. 'ઈદમ્'
**અષ્ટધા** - **આઠ પ્રકારે;** અવ્યય
**ભિન્ના** - **વહેંચાયેલી;** વિશેષણ, વિ. 'પ્રકૃતિ'
**મે** - **મારી;** સર્વનામ, ષ.એ.વ., 'અસ્મત્'
**પ્રકૃતિઃ** - **પ્રકૃતિ છે;** નામ, પ્ર.એ.વ., સ્ત્રી 'પ્રકૃતિ'

**શ્લોકાર્થ :** ભૂમિ, જલ, અગ્નિ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ અને અહઙ્કાર એવા આઠ પ્રકારની આ મારી ભિન્ન પ્રકૃતિ છે.

**વિવેચન :** અહીંથી ભગવાન્ બ્રહ્મવાદ પ્રમાણે પોતાનો મહિમા પોતે જ

કહે છે. સર્વ ધર્મોનું આશ્રય પરબ્રહ્મ જેને 'પુરુષોત્તમ' પણ કહેવામાં આવે છે તે પોતાની ઇચ્છાથી સર્વ ચિત્-અચિત્ વિગેરે થાય છે. એમ "ક્ષીરવદ્ધિ" "આત્મકૃતેઃ પરિણામાત્" વિગેરે બ્રહ્મસૂત્રોમાં પણ ઉપદેશ કરેલો છે. તેથી આ જગતનું અભિન્ન નિમિત્ત અને ઉપાદાન કારણ બ્રહ્મ છે. તેથી અહીં પણ પરા અને અપરા એવી બે પ્રકારની પ્રકૃતિથી અસાધારણ સૃષ્ટિ વિગેરે કાર્ય ભગવાન્ કરે છે એમ માહાત્મ્ય દર્શાવવા કહે છે. પ્રથમ અપરા પ્રકૃતિના આઠ પ્રકાર કહ્યા છે. મારી નિરતિશય અનન્ત મહિમાવાળા ભગવાન્‌ની સદંશ થએલી છતાં અજ પ્રકૃતિ ભૂમિ વિગેરે આઠ પ્રકારની છે. ભૂમિ, જલ, અગ્નિ, વાયુ અને આકાશ એ પાંચ મહાભૂતો છે, મન, બુદ્ધિ અને અહઙ્કાર એ ત્રણ અનિરુદ્ધ પ્રદ્યુમ્ન અને સઙ્કર્ષણ ના અધિષ્ઠાનરૂપ છે. એમ આઠ પ્રકાર કહ્યા. નવમું 'ચિત્ત' શ્રીવાસુદેવનું અધિષ્ઠાન હોવાથી પોતાથી અભિન્ન હોવાથી અને પોતાને અર્જુન જોતો હોવાથી કહ્યું નથી. અથવા ચિત્ત ભાગવત્ છે, પ્રાકૃત નથી તેથી અહીં કહેલું નથી. આ ભગવાન્‌ની સદંશભૂત પ્રકૃતિ કહી, તેને અચિત્ પણ કહે છે. તેને ચિત્તનો સમ્બન્ધ થાય ત્યારે જ સર્વ કાર્ય કરવા સમર્થ થાય છે, તે વિના કાંઈ કાર્ય તેનાથી થતું નથી. તેથી તેને 'અપરા' કહે છે.

**અપરેયમ્ ઇતસ્ ત્વન્યાં પ્રકૃતિં વિદ્ધિ મે પરામ્।**
**જીવભૂતાં મહાબાહો! યયેદં ધાર્યતે જગત્॥૫॥**

**ઇયમ્** - **આ;** સર્વનામ, પ્ર.એ.વ., સ્ત્રી.
**તુ** - **તો;** અવ્યય
**મે** - **મારી;** સર્વનામ, ષ.એ.વ., 'અસ્મત્'
**અપરા** - **બીજી;** સર્વનામ, પ્ર.એ.વ., સ્ત્રી.
**પ્રકૃતિરસ્તિ** - **પ્રકૃતિ છે;** ક્રિયાપદ
**મહાબાહો** - **અર્જુન;** સમ્બોધન
**ઇતઃ** - **આનાથી;** અવ્યય
**અન્યામ્** - **બીજી;** સર્વનામ, દ્વિ.એ.વ., સ્ત્રી. 'અન્યા'
**જીવભૂતામ્** - **જીવરૂપ થયેલી;** વિશેષણ, વિ. 'પરામ્'
**પરામ્** - **પરા, ચેતનશક્તિ;** સર્વનામ, દ્વિ.એ.વ., સ્ત્રી. 'પરા'
**પ્રકૃતિમ્** - **પ્રકૃતિને;** નામ, દ્વિ.એ.વ., સ્ત્રી. 'પ્રકૃતિ'



**વિદ્ધિ** - **જાણ;** ક્રિ. આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ., 'વિદ્' ૨ ગણ પરસ્મૈ.
**યયા** - **જેનાવડે;** સર્વનામ, તૃ.એ.વ., સ્ત્રી. 'યત્'
**ઇદમ્** - **આ;** સર્વનામ, પ્ર.એ.વ., નપુ. 'ઇદમ્'
**જગત્** - **જગત;** નામ, પ્ર.એ.વ., નપુ.
**ધાર્યતે** - **ધારણ કરાય છે;** ક્રિ. વર્ત.કર્મણિ, તૃ.પુ.એ.વ., 'ધૃ' ૧૦ગણ

**શ્લોકાર્થ:** આ અપરા પ્રકૃતિ છે. પણ હે મહાબાહો! આથી અન્ય મારી જીવભૂત પરા પ્રકૃતિ જાણ. તેનાથી આ જગત્ ધારણ થયેલું છે.

**વિવેચન:** આ એટલે ગયા શ્લોકમાં કહેલી પ્રકૃતિ અવશ્ય અપરા અથવા નીચી પ્રકૃતિ છે. પણ હે મહાબાહો! આ અપરા પ્રકૃતિથી ભિન્ન મારી બીજી જીવભૂતા પરા પ્રકૃતિ છે. આ પરા પ્રકૃતિ ચિદ્રૂપ હોવાથી જડ નથી. ભોક્ત્રી હોવાથી પ્રધાનભૂત અથવા મુખ્ય પરા છે. તેને ઘણે સ્થળે 'પુરુષ' પણ કહે છે. અહિં 'જીવભૂતામ્' શબ્દ યોજેલો છે. પરન્તુ 'જીવીભૂતામ્' શબ્દ નથી, તેથી જીવ અવિદ્યાથી થએલ નથી. પરન્તુ ભગવાન્‌ની સહજ ઇચ્છાથી થએલ છે એમ સિદ્ધ થાય છે. આ જીવભૂત ભગવદંશથી આ જગત્ એટલે જડરૂપ શરીર સત્ અને અસત્‌ના મિશ્રણવાળું વિરાટરૂપ ધારણ થએલું છે. આ મારી પ્રકૃતિ જાણ.

**એતદ્ યોનીનિ ભૂતાનિ સર્વાણીત્યુપધારય।**
**અહં કૃત્સ્નસ્ય જગતઃ પ્રભવઃ પ્રલયસ્તથા॥૬॥**

**સર્વાણિ** - **બધા;** સર્વનામ, દ્વિ.બ.વ., નપુ.
**ભૂતાનિ** - **પ્રાણીઓ, ભૂતો;** નામ, દ્વિ.બ.વ., નપુ.
**એતદ્યોનીનિ** - **આ બે પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા;** વિશેષણ, વિ. 'ભૂતાનિ'
**ચ** - **અને;** અવ્યય
**અહમ્** - **હું;** સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
**કૃત્સ્નસ્ય** - **અખિલ;** વિશેષણ, વિ. 'જગતઃ'
**જગતઃ** - **જગતનું;** નામ, ષ.એ.વ., નપુ. 'જગત્'
**પ્રભવઃ** - **પ્રભવ, ઉત્પાદક;** નામ, પ્ર.એ.વ., પુ. 'પ્રભવ'
**પ્રલયઃ** - **નાશક, સંહારક;** નામ, પ્ર.એ.વ., પુ. 'પ્રલય'
**તથા** - **તેમ;** અવ્યય

અસ્તિ - છું; ક્રિયાપદ, વર્ત.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'
ઇતિ - એ પ્રમાણે; અવ્યય
ઉપધારય - જાણ; ક્રિ.આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ., 'ઉપ+ધૃ' ૧૦ગણ પરસ્મૈ

**શ્લોકાર્થ:** સર્વ ભૂતો આ બે માંથી જ ઉત્પન્ન થાય છે એમ જાણ. હું સર્વ જગતનો પ્રભવ અને પ્રલય છું.

**વિવેચન:** આ બે પ્રકૃતિ સર્વ પ્રાણીમાત્રની ઉત્પત્તિનું કારણ છે એમ કહી તે બે દ્વારા ભગવાન્ પોતે અસાધારણ કાર્ય કરે છે એમ કહે છે. સ્થાવર-જંગમાત્મક સર્વભૂતોની ઉત્પત્તિ આ બે પ્રકૃતિમાંથી થાય છે એમ જાણ. તેમાં જડ અપરા પ્રકૃતિમાંથી દેહ વિગેરે થાય છે. અને ચેતન પરા પ્રકૃતિમાંથી ભોક્તા-ક્ષેત્રજ્ઞ-જીવ થાય છે. તે દેહાદિમાં પ્રવેશ કરી તેને ધારણ કરે છે. આ બન્ને પ્રકૃતિ મારામાંથી ઉત્પન્ન થયેલી છે ને તેથી હું જ છું. તેથી જેમ ઘટ-પટ વિગેરેનું કારણ ભૂમિ છે તે પ્રમાણે આ સર્વ ભૂતમાત્રનું પ્રકૃતિ અને પુરુષ દ્વારા હું જ કારણ છું. તેથી આ સર્વ જગતની ઉત્પત્તિ તથા પ્રલય મારામાંથી જ છે.

**મત્તઃ પરતરં નાન્યત્ કિઞ્ચિદ્ અસ્તિ ધનઞ્જય!।**
**મયિ સર્વમ્ ઇદં પ્રોતં સૂત્રે મણિગણા ઇવ॥૭॥**

ધનઞ્જય - અર્જુન; સમ્બોધન
મત્તઃ - મારાથી; સર્વનામ, પં.એ.વ., 'તઃ' પ્રત્યય
પરતરમ્ - શ્રેષ્ઠ, વધારે શ્રેષ્ઠ; વિશેષણ, વિ. 'વસ્તુ'
અન્યત્ - બીજું; સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
કિઞ્ચિત્ - કોઈક; સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
ન - નહિ; અવ્યય
અસ્તિ - છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ, પરસ્મૈ
ઇદમ્ - આ; સર્વનામ, પ્ર.એ.વ., નપુ. 'સર્વ'
સર્વમ્ - બધું; સર્વનામ, પ્ર.એ.વ., નપુ. 'ઇદમ્'
જગત્ - જગત; નામ,
મયિ - મારામાં; સર્વનામ, સ.એ.વ., 'અસ્મત્'
સૂત્રે - દોરામાં; નામ, સ.એ.વ., નપુ. 'સૂત્ર'



મણિગણાઃ - મણકાઓ; નામ, પ્ર.બ.વ., પુ. 'મણિગણ'
ઇવ - માફક, જેવું; અવ્યય
પ્રોતમ્ - પરોવાયેલું; ભૂ.કૃ. વિશેષણ, વિ. 'સર્વમ્'
અસ્તિ - છે; ક્રિયાપદ, વર્ત.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'
**શ્લોકાર્થ:** હે ધનઞ્જય! મારાથી પર બીજું કાંઈ નથી. સૂત્રમાં મણિઓના સમૂહ પેઠે આ સર્વ મારામાં પરોવાયેલું છે.

**વિવેચન:** મારું આ માહાત્મ્ય જાણવા જેવું છે. સર્વ જગતની ઉત્પત્તિ તથા પ્રલય મારાથી થાય છે તેથી મારાથી બીજું કાંઈ પણ નથી. હું જ સર્વથી પર છું. ઉત્પત્તિ અને પ્રલય જેમ મારામાંથી થાય છે તેમજ સર્વ જગતની સ્થિતિ પણ મારામાં જ છે. જેમ સૂત્રમાં મણિઓ પરોવેલાં હોય છે તે પ્રમાણે સર્વ જગત્ મારામાં પરોવાએલું છે અર્થાત્ મારો આશ્રય કરી રહેલું છે. અહીં સૂત્ર અને મણિ નું દૃષ્ટાન્ત આપેલું છે તેથી જડ અને જીવ અવિદ્યાથી કલ્પેલા નથી, પરન્તુ સત્ય છે અને શરીરમાં જેમ જીવ રહે છે તે પ્રમાણે ઈશ્વર તેમાં રહેલા છે એમ સિદ્ધ થાય છે. "જેનું પૃથિવી શરીર છે, જેનું આત્મા શરીર છે" વિગેરે સ્થળે પણ આજ અર્થનું પ્રતિપાદન કરેલું છે.

**રસોઽહમ્ અપ્સુ કૌન્તેય! પ્રભાસ્મિ શશિ-સૂર્યયોઃ।**
**પ્રણવઃ સર્વવેદેષુ શબ્દઃ ખે પૌરુષં નૃષુ॥૮॥**

કૌન્તેય - હે અર્જુન; સમ્બોધન
અહમ્ - હું; સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
અપ્સુ - જળમાં; નામ, સ.બ.વ., નપુ
રસઃ - રસ; નામ, પ્ર.એ.વ., પુ. 'રસ'
શશિસૂર્યયોઃ - ચન્દ્ર અને સૂર્ય માં; નામ, સ.દ્વિ.વ.
પ્રભા - પ્રભા; નામ, પ્ર.એ.વ., સ્ત્રી. 'પ્રભા'
સર્વવેદેષુ - બધા વેદોમાં; નામ, સ.બ.વ., પુ.
પ્રણવઃ - પ્રણવ ૐ; નામ, પ્ર.એ.વ. પુ 'પ્રણવ'
ખે - આકાશમાં; નામ, સ.એ.વ., નપુ. 'ખ'
શબ્દઃ - શબ્દ; નામ, પ્ર.એ.વ., પુ. 'શબ્દ'
ચ - અને; અવ્યય

નૃષુ - માણસોમાં; નામ, સ.બ.વ. પુ. 'નૃ'
પૌરુષમ્ - પુરુષત્વ; નામ, પ્ર.એ.વ., નપુ. 'પૌરુષ'
અસ્મિ - હું છું; ક્રિ. વ.કા., પ્ર.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ પરસ્મૈ.

**શ્લોકાર્થ:** હે કૌન્તેય! જલોમાંનો રસ હું છું, ચંદ્ર અને સૂર્ય માંની પ્રભા, સર્વ વેદોમાં પ્રણવ, આકાશમાં શબ્દ અને પુરુષોમાં પૌરુષ હું છું.

**વિવેચન:** એક ભગવાન્ જ સર્વ જગતનું કારણ છે એમ કહ્યું તો ભગવાન્ જગતનુ ઊપાદાન કારણ છે કે નિમિત્ત કારણ? તેમાં પણ ભગવાન્ મુખ્ય કારણ છે કે ગૌણ? એવી શઙ્કા થાય તે માટે ભગવાન્ સર્વ જગતનું ઉપાદાન અને નિમિત્ત કારણ પણ છે અને તે પણ મુખ્ય કારણ છે. ગૌણ કારણ નથી, કારણ કે ભગવાન્ સર્વરૂપ છે, સર્વ શક્તિવાળા છે, અને તેમને કારણ થવામાં બીજા કોઈની ગરજ નથી. શ્રુતિ, સ્મૃતિ તથા શ્રીમદ્ભાગવત્ માં ભગવાનને મુખ્ય જ કારણ કહેલા છે. તેથી ભગવાન્ અહીં પણ તેવી જ રીતે ચાર (૮-૧૧) શ્લોકથી પોતાની વિભૂતિના માહાત્મ્યને સ્પષ્ટ કરી પોતાના મુખ્ય કારણપણાને દર્શાવે છે. હે કૌન્તેય! જલોમાં રસ હું છું, તેમજ સૂર્ય અને ચન્દ્ર માં પ્રભા હું છું. સર્વ વેદોમાં પ્રણવ, આકાશમાં શબ્દ અને પુરુષોમાં પૌરુષ અથવા વીર્ય હું છું.

**પુણ્યો ગન્ધઃ પૃથિવ્યાં ચ તેજશ્ચાસ્મિ વિભાવસૌ।**
**જીવનં સર્વભૂતેષુ તપશ્ચાસ્મિ તપસ્વિષુ।।૯।।**

ચ - અને; અવ્યય
પૃથિવ્યામ્ - પૃથ્વીમાં; નામ, સ.એ.વ., સ્ત્રી.
પુણ્યઃ - પવિત્ર; વિશેષણ, વિ. 'ગન્ધઃ'
ગન્ધઃ - ગન્ધ; નામ, પ્ર.એ.વ., પુ. 'ગન્ધ'
વિભાવસૌ - અગ્નિમાં, વિભાવસુમાં; નામ, સ.એ.વ., પુ. 'વિભાવસુ'
તેજઃ - તેજ; નામ, પ્ર.એ.વ., નપુ. 'તેજસ્'
અસ્મિ - છું; ક્રિ. વ.કા., પ્ર.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ પરસ્મૈ.
તથૈવ - તેમજ; અવ્યય
સર્વભૂતેષુ - સર્વ પ્રાણીઓમાં; નામ, સ.બ.વ., નપુ.



જીવનમ્ - જીવન; નામ, પ્ર.એ.વ., નપું. 'જીવન'. ચ - અને; અવ્યય
તપસ્વિષુ - તપસ્વીઓમાં; નામ, સ.બ.વ., 'તપસ્વિન્'
તપઃ - તપ; નામ, પ્ર.એ.વ., નપુ. 'તપસ્'
અસ્મિ - છું; ક્રિ. વ.કા., પ્ર.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ પરસ્મૈ.

**શ્લોકાર્થ:** પૃથિવીમાં પુણ્ય ગન્ધ, અગ્નિમાં તેજ, સર્વભૂતોમાં જીવન અને તપસ્વીઓમાં તપ હું છું.

**બીજં માં સર્વભૂતાનાં વિદ્ધિ પાર્થ! સનાતનમ્।**
**બુદ્ધિઃ બુદ્ધિમતામસ્મિ તેજસ્તેજસ્વિનામહમ્।।૧૦।।**

પાર્થ - અર્જુન; સમ્બોધન
મામ્ - મને; સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
સર્વભૂતાનામ્ - સર્વ ભૂતોનું; નામ, ષ.બ.વ., નપુ.
સનાતનમ્ - શાશ્વત; નામ, દ્વિ.એ.વ., પુ. 'સનાતન'
બીજમ્ - બીજ (કારણ); નામ, દ્વિ.એ.વ., નપુ. 'બીજ'
વિદ્ધિ - જાણ; ક્રિ. આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ., 'વિદ્' ૨ ગણ પરસ્મૈ.
અહમ્ - હું; સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
બુદ્ધિમતામ્ - બુદ્ધિમાનોની; નામ, ષ.બ.વ., પુ. 'બુદ્ધિમત્'
બુદ્ધિઃ - બુદ્ધિ; નામ, પ્ર.એ.વ., સ્ત્રી. 'બુદ્ધિ'
ચ - અને; અવ્યય
તેજસ્વિનામ્ - તેજસ્વીઓનું; નામ, ષ.બ.વ., પુ. 'તેજસ્વિન્'
તેજઃ - તેજ; નામ, પ્ર.એ.વ., નપુ. 'તેજસ્'
અસ્મિ - છું; ક્રિ. વ.કા., પ્ર.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ પરસ્મૈ.

**શ્લોકાર્થ:** હે પાર્થ! મને સર્વ ભૂતોનું સનાતન બીજ જાણ. બુદ્ધિવાળાઓની બુદ્ધિ અને તેજસ્વીઓનું તેજ હું છું.

**વિવેચન:** પ્રાણીમાત્રનું કારણભૂત ચૈતન્ય બીજ હું છું એમ જાણ. બુદ્ધિવાળાઓની બુદ્ધિ અને તેજસ્વીઓનું તેજ પણ હું છું.

**બલં બલવતાં ચાહં કામ-રાગ-વિવર્જિતમ્।**

**ધર્માવિરુદ્ધો ભૂતેષુ કામોઽસ્મિ ભરતર્ષભ!॥૧૧॥**

**ભરતર્ષભ** - **અર્જુન, ભરતશ્રેષ્ઠ;** સમ્બોધન

**ચ** - **અને;** અવ્યય

**અહં** - **હું;**

**બલવતામ્** - **બળવાનોનું;** નામ, ષ.બ.વ., પુ. 'બલવત્'

**કામરાગવિવર્જિતમ્** - **આસક્તિ અને કામનાથી રહિત;** વિશેષણ, વિ. 'બલમ્'

**બલમ્** - **બળ;** નામ, પ્ર.એ.વ., નપુ. 'બલ'

**ભૂતેષુ** - **પ્રાણીઓમાં;** નામ, સ.બ.વ., નપુ. 'ભૂત'

**ધર્માવિરુદ્ધઃ** - **ધર્મને અનુકૂળ;** વિશેષણ, વિ. 'કામઃ'

**કામઃ** - **કામ;** નામ, પ્ર.એ.વ., પુ. 'કામ'

**અસ્મિ** - **છું;** ક્રિ. વ.કા., પ્ર.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ પરસ્મૈ.

**શ્લોકાર્થ:** હે ભરતર્ષભ! કામ અને રાગ વિનાનું બલવાળાઓનું બલ હું છું. પ્રાણીઓમાં ધર્મથી અવિરુદ્ધ કામ હું છું.

**વિવેચન:** બલવાળાઓનું ક્રિયાશક્તિરૂપ બલ હું છું, પરન્તુ પ્રવૃત્ત્યાત્મક હું નથી એમ જણાવવા કામ અને રાગ રહિત બલ હું છું એમ કહેલું છે. તેવી જ રીતે પ્રાણીઓનો કામ હું છું, પણ ધર્મથી અવિરુદ્ધ કામ હું છું, ધર્મથી વિરુદ્ધ કામ હું નથી.

**યે ચૈવ સાત્ત્વિકા ભાવા રાજસાઃ તામસાશ્ચ યે।**
**મત્ત એવેતિ તાન્ વિદ્ધિ ન ત્વહં તેષુ તે મયિ॥૧૨॥**

**ચ** - **અને;** અવ્યય

**યે** - **જેઓ;** સર્વનામ, પ્ર.બ.વ., પુ. 'યત્'

**એવ** - **પણ;** અવ્યય

**સાત્ત્વિકાઃ** - **સાત્ત્વિક, સત્ત્વગુણથી ઉત્પન્ન થનારા;** વિશેષણ, વિ. 'ભાવાઃ'

**ભાવાઃ** - **ભાવો;** નામ, પ્ર.બ.વ., પુ. 'ભાવ'

**ચ** - **અને;** અવ્યય

**યે** - **જેઓ;** સર્વનામ, પ્ર.બ.વ., પુ. 'યત્'

**રાજસાઃ** - **રાજસ;** વિશેષણ, વિ. 'ભાવાઃ'. **ચ** - **અને;** અવ્યય

ગુણમયૈઃ - ગુણોના કાર્યરૂપ વડે; વિશેષણ, વિ. 'ભાવૈઃ'
એભિઃ - એઓ વડે, ભાવો વડે; સર્વનામ, તૃ.બ.વ., 'ઇદમ્'
ત્રિભિઃ - ત્રણ વડે; વિશેષણ, વિ. 'ભાવૈઃ'
ભાવૈઃ - ભાવો વડે; નામ, તૃ.બ.વ., પુ.
ઇદમ્ - આ; સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
સર્વમ્ - બધું; સર્વનામ, પ્ર.એ.વ., નપુ. 'સર્વ'
જગત્ - જગત; નામ, પ્ર.એ.વ., નપુ. 'જગત્'
મોહિતમ્ - મોહ પામેલું; ભૂ.કૃ. વિશેષણ, વિ. 'જગત્'
અસ્તિ અતઃ - છે; એટલે ક્રિયાપદ, તૃ.પુ.એ.વ. 'અસ્'
એભ્યઃ - એનાથી; સર્વનામ, પં.બ.વ., 'ઇદમ્'
પરમ્ - શ્રેષ્ઠ; વિશેષણ, વિ. 'મામ્'
અવ્યયમ્ - અવિનાશી; વિશેષણ, વિ. 'મામ્' "ન વિદ્યતે વ્યયઃ યસ્માત્ ઇતિ" બહુવ્રીહિ.
મામ્ - મને; સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
ન - નહિ; અવ્યય
અભિજાનાતિ - જાણે છે; ક્રિ.વ.કા., તૃ.પુ.એ.વ., 'અભિ+જ્ઞા' ૯ ગણ પરસ્મૈ

**શ્લોકાર્થ :** તે ત્રણ ગુણમય ભાવોથી મોહ પામેલું આ સર્વ જગત્ તેનાથી પર અવ્યય મને જાણતું નથી.

**વિવેચન :** આ ત્રણ ગુણોના પદાર્થો હોય છે. જગતના પદાર્થો આ ત્રણ ગુણોવાળા હોય છે. આવા પદાર્થોથી મોહ પામેલું જગત્ એ ગુણોથી પર અવ્યય અથવા વિકારરહિત મને ભગવાનને જાણતું નથી.

**દૈવી હ્યેષા ગુણમયી મમ માયા દુરત્યયા।**
**મામેવ યે પ્રપદ્યન્તે માયામ્ એતાં તરન્તિ તે॥૧૪॥**

હિ - ચોક્કસ; અવ્યય
એષા - આ; સર્વનામ, પ્ર.એ.વ., સ્ત્રી. 'એતદ્'
દૈવી - દૈવી, અલૌકિક; વિશેષણ, વિ. 'માયા'
ગુણમયી - ત્રણ ગુણવાળી; વિશેષણ, વિ. 'માયા'
મમ - મારી; સર્વનામ, ષ.એ.વ., 'અસ્મત્'



માયા - માયા; નામ, પ્ર.એ.વ. માયા. સ્ત્રી.
દુરત્યયા - દુસ્તર; વિશેષણ, વિ. 'માયાઃ' "દુઃખેન અત્યેતુ યોગ્યા ઇતિ" ઉપપદ
અસ્તિ પરન્તુ - છે, પરન્તુ;
યે - જેઓ; સર્વનામ, પ્ર.બ.વ., પુ.
મામ્ - મને; સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
એવ - જ, માત્ર; અવ્યય
પ્રપદ્યન્તે - શરણે આવે છે, ભજે છે; ક્રિ. વ.કા. તૃ.પુ.બ.વ., પ્ર + પદ્ ૪ ગણ, આત્મને.
તે - તેઓ; સર્વનામ, પ્ર.બ.વ., પુ. 'તત્'
એતામ્ - એ; સર્વનામ, દ્વિ.એ.વ., સ્ત્રી. 'એતદ્'
માયામ્ - માયાને; નામ, દ્વિ.એ.વ., સ્ત્રી 'માયા'
તરન્તિ - તરે છે; ક્રિ. વ.કા. તૃ.પુ.બ.વ., 'તૃ (તર્)' ૧ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ :** આ મારી ગુણમયી દૈવી માયા દુસ્તર છે. જેઓ મારો જ આશ્રય કરે છે તેઓ આ માયાને તરે છે.

**વિવેચન :** પ્રકૃતિના ગુણો જ બંધ કરાવનાર છે. તે જ માયાના ગુણો સર્વ જગતને મોહ કરે છે અને ઈશ્વરના સ્વરૂપને જાણવા દેતા નથી એટલું જ નહિ, પરન્તુ જીવનો અવિદ્યાથી થતો અધ્યાસ વધારે દૃઢ કરાવે છે અને તેથી જીવને બન્ધનરૂપ છે. તેથી મારી આ દૈવી ગુણમયી માયા તરવી કઠિન છે. પરન્તુ જેઓ મારો જ આશ્રય કરે છે તેઓ એ માયાને તરે છે. અહીં 'એવ-જ' શબ્દ યોજેલો છે, તેથી બીજો માયાને તરવાનો ઉપાય નથી એવો ભાવાર્થ સ્પષ્ટ થાય છે. મારો શ્રીકૃષ્ણ પુરુષોત્તમનો જ જેઓ આશ્રય કરે છે, તેઓ આ માયાને તરે છે. આ દૈવી માયા છે, આસુરી નથી. આસુરી માયા પ્રયાસ કરી અમુક જ્ઞાન પ્રાપ્ત કરવાથી દૂર થઈ શકે છે, પરન્તુ આ દૈવી માયા તરવામાટે શ્રીકૃષ્ણનો જ આશ્રય કરવાની આવશ્યક્તા છે. આ માયા મારી છે એટલે મારો આશ્રય કરી રહેલા ભક્તોનું હિત કરનારી છે.

બ્રહ્મસૂત્ર ૩।૪।૨૭ પરના અણુભાષ્યમાં અને ભાગવત ૧૧।૭।૬, ૧૧।૮।૪૦, તથા ૧૧।૩।૧૮ પરના સુબોધિનીમાં આ શ્લોકનું અનુસન્ધાન કરેલું છે.

**ન માં દુષ્કૃતિનો મૂઢાઃ પ્રપદ્યન્તે નરાધમાઃ।**
**માયયાઽપહૃતજ્ઞાના આસુરં ભાવમ્ આશ્રિતાઃ ॥૧૫॥**

**માયયા** - **માયાવડે;** નામ, તૃ.એ.વ., સ્ત્રી. 'માયા'
**અપહૃતજ્ઞાનાઃ** - **જેઓનું જ્ઞાન હણાઈ ગયું છે;** વિશેષણ, વિ. 'નરાઃ', 'અપહૃતં જ્ઞાનં યેષાં'' બહુવ્રીહિ
**આસુરમ્** - **અસુર સમ્બન્ધી;** વિશેષણ, વિ. 'ભાવમ્'
**ભાવમ્** - **ભાવને;** નામ,દ્વિ.એ.વ., પુ.
**આશ્રિતાઃ** - **આશ્રય કરેલા;** વિશેષણ, વિ. 'નરાઃ'
**નરાધમાઃ** - **માણસોમાં અધમ;** વિશેષણ, વિ. 'નરાઃ', 'નરેષુ અધમાઃ' તત્પુ.
**ચ** - **અને;** અવ્યય
**દુષ્કૃતિનઃ** - **નઠારાં કામ કરનાર;** વિશેષણ, વિ. 'નરાઃ' શબ્દ 'દુષ્કૃતિન્'
**મૂઢાઃ** - **મોહ પામેલા;** વિશેષણ, વિ. 'નરાઃ'
**નરાઃ** - **મનુષ્યો, નામ;** પ્ર.બ.વ.
**મામ્** - **મને;** સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
**ન** - **નહિ;** અવ્યય
**પ્રપદ્યન્તે** - **શરણે આવે છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.બ.વ., 'પ્ર + પદ્' ૪ ગણ

**શ્લોકાર્થ :** દુષ્ટકર્મવાળા, મૂઢ, માયાથી હરાએલ જ્ઞાનવાળા, અને આસુર ભાવનો આશ્રય કરેલા અધમ લોકો મારો આશ્રય કરતા નથી.

**વિવેચન :** આપનો આશ્રય કરવાથી માયા તરાતી હોય તો સર્વ આપનો આશ્રય કેમ કરતા નથી? એવી શઙ્કા થાય તે દૂર કરે છે. દુષ્ટકર્મ કરનારા લોકો, જેઓનું દુષ્ટકર્મ મારો આશ્રય કરવામાં પ્રતિબન્ધક છે તેવા, મૂઢ અથવા પશુ પેઠે વિવેકરહિત, જેઓનું ગુરુએ આપેલું જ્ઞાન માયાથી હરાઈ ગયેલું છે તેવા, અને આસુર ભાવનો આશ્રય કરી રહેલા અધમ લોકો મારો આશ્રય કરતા નથી. આવા અધમ લોકો મારો આશ્રય કરતા નથી એટલું જ નહિ, પરન્તુ ભગવાન્‌નો દ્વેષ કરે છે એમ આગળ ભગવાન્ કહેશે.

**ચતુર્વિધા ભજન્તે માં જનાઃ સુકૃતિનોઽર્જુન!।**
**આર્તો જિજ્ઞાસુરર્થાર્થી જ્ઞાની ચ ભરતર્ષભ!॥૧૬॥**



**ભરતર્ષભ** - **ભરતમાં શ્રેષ્ઠ;** સમ્બોધન
**અર્જુન** - **હે અર્જુન;** સમ્બોધન
**સુકૃતિનઃ** - **સારાં કર્મો કરનારાઓ;** વિશેષણ, વિ. 'જનાઃ'
**અર્થાર્થી** - **અર્થને ઈચ્છનારો, લાભને ઈચ્છનારો;** વિશેષણ, વિ. 'જનઃ'
**આર્તઃ** - **ઉત્કણ્ઠાવાળો, ઉત્કટ ભાવવાળો, દુઃખી;** વિશેષણ, વિ. 'જનઃ'
**જિજ્ઞાસુઃ** - **જાણવાની ઈચ્છાવાળો;** વિશેષણ, વિ. 'જનઃ'
**ચ** - **અને;** અવ્યય
**જ્ઞાની** - **જ્ઞાની;** વિશેષણ, વિ. 'જનઃ'
**ઈત્થં** - **આપ્રકારે;**
**ચતુર્વિધા** - **ચાર પ્રકારના;** વિશેષણ, વિ. 'જનાઃ'
**જનાઃ** - **માણસો;** નામ, પ્ર.બ.વ., પુ. 'જન'
**મામ્** - **મને;** સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
**ભજન્તે** - **ભજે છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.બ.વ., 'ભજ્' ૧ ગણ, આત્મને.

**શ્લોકાર્થ :** હે અર્જુન! હે ભરતર્ષભ! સત્કર્મવાળા ચાર પ્રકારના પુરુષો મને ભજે છે ૧. આર્ત ૨. જીજ્ઞાસુ ૩. અર્થાર્થી અને ૪. જ્ઞાની.

**વિવેચન :** હે અર્જુન! હે ભરતર્ષભ! જેમણે સત્કાર્ય કરેલાં છે એવા ચાર પ્રકારના પુરુષો મને ભજે છે

૧. ગજેન્દ્ર જેવા આર્ત અથવા દુઃખી પુરુષો સંસારનો પોતાનો ક્લેશ દૂર કરવાના હેતુથી મને ભજે છે. પૂર્વના સત્કાર્યને લીધે મારું ભજન કરવામાં તેઓની પ્રવૃત્તિ થાય છે.
૨. શૌનક જેવા જીજ્ઞાસુ અથવા મારા સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળા.
૩. અર્થની ઈચ્છાવાળા અર્થાર્થી. ધન વિગેરે પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળા.
૪. શુકદેવ જેવા જ્ઞાની મોક્ષ પ્રાપ્ત કરવાની ઈચ્છાથી ભજન કરે છે.

આ ચારે પ્રકારના ભજન કરનાર પુરુષો પૂર્વના સુકૃત હોવાથી ભજન કરે છે. તેઓની ભજનમાં પ્રવૃત્તિ કરાવનાર પૂર્વ જન્મના સુકૃત છે. પરન્તુ જેઓ ભજન કરે છે, અને ભજનમાં પ્રવૃત્તિ કરાવનાર પૂર્વ જન્મના સુકૃત વિગેરે જેઓના નથી તેવો ગોપીજનો વિગેરે પુષ્ટિભક્તો છે. આવા ભક્તોનો અહીં સમાવેશ થતો નથી. કોઈ 'ચ-અને' શબ્દમાં ગોપિકાઓનો સમાવેશ કરે છે, પરન્તુ તે યોગ્ય નથી, કારણ કે પૂર્વના

સુકૃતવાળા ભજન કરનાર અહીં કહેલા છે. ગોપીઓને પૂર્વના સુકૃત ન હતા એમ પણ શ્રીમદ્ ભાગવતમાં કહેલું છે. દષ્ટ અથવા અદષ્ટ કોઈ પણ પ્રકારનું સાધન ન હોવા છતાં સાધનરૂપ અને ફલરૂપ ભગવાનના સ્વરૂપાનુગ્રહના બલથી તેઓનો ભગવાનમાં અલૌકિક સ્નેહ થએલો હોવાથી આ ચાર પ્રકારના ભક્તોમાં તેઓનો સમાવેશ થઈ શક્તો નથી.

શ્રીભાગવત્ ૧૦।૮૪।૨૪ તથા ૧૦।૮૪।૩૦ ઉપરનાં સુબોધિનીમાં આ શ્લોકનું અનુસન્ધાન કરેલું છે.

**તેષાં જ્ઞાની નિત્યયુક્ત એકભક્તિર્વિશિષ્યતે।**
**પ્રિયો હિ જ્ઞાનિનોઽત્યર્થમ્ અહં સ ચ મમ પ્રિયઃ ॥૧૭॥**

**તેષામ્** - તેઓનું; સર્વનામ, ષ.બ.વ., પુ. 'તદ્'
**નિત્યયુક્તઃ** - નિત્ય મારામાં, ચિત્ત રાખનાર; વિશેષણ, વિ. 'જ્ઞાની
**ચ** - અને; અવ્યય
**એકભક્તિઃ** - મારા એકલામાં ભક્તિ કરનાર; વિશેષણ, વિ. 'જ્ઞાનીઃ'
''એકસ્મિન્ એવ ભક્તિઃ યસ્ય ઈતિ'' બહુવ્રીહિ
**જ્ઞાની** - જ્ઞાની; નામ, પ્ર.એ.વ., પુ. 'જ્ઞાનિન્'
**વિશિષ્યતે** - ઉત્તમ છે; ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ., 'વિ + શિષ્' ૭ ગણ, કર્મણિ
**હિ** - નિશ્ચય; અવ્યય
**જ્ઞાનિનઃ** - જ્ઞાનીની; નામ, ષ.એ.વ., પુ. 'જ્ઞાનિન્'
**અહમ્** - હું; સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
**અત્યર્થમ્** - અત્યન્ત, ઘણો; અવ્યય
**પ્રિયઃ** - પ્રિય; વિશેષણ, વિ. 'અહમ્'
**અસ્તિ** - છું; ક્રિ. વર્ત.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'
**ચ** - અને; અવ્યય
**સઃ** - તે; સર્વનામ, તૃ.એ.વ., પુ. 'તદ્'
**મમ** - મારો; સર્વનામ, ષ.એ.વ., 'અસ્મત્'
**પ્રિયઃ** - પ્રિય; વિશેષણ, વિશેષ્ય 'સઃ'
**અસ્તિ** - છે; ક્રિયાપદ. વર્ત.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'

**શ્લોકાર્થ:** તેઓમાં જ્ઞાની નિત્યયુક્ત અને એકમાં જ ભક્તિવાળો હોવાથી ઉત્તમ છે. કેમકે જ્ઞાનીને હું ઘણોજ પ્રિય છું અને તેઓ મને પ્રિય છે.



**વિવેચન:** આ ચાર પ્રકારના ભક્તોમાં મોક્ષની ઈચ્છાવાળો જ્ઞાની ઉત્તમ છે એમ કહે છે. જ્ઞાની ઉત્તમ છે કારણ કે આગળ જે યોગનું વર્ણન કર્યું તેવા યોગવાળો તે સદા હોય છે. વળી મારા માહાત્મ્યનું તેને જ્ઞાન હોવાથી સર્વ વ્યાપક પુરુષોત્તમ પરમાત્મા એવો હું, તેમાં એકલામાં તેની એકાન્ત અથવા નિરપેક્ષ-અપેક્ષારહિત ભક્તિ હોય છે. બીજા ભક્તો પોતપોતાની ઈચ્છેલી વસ્તુમાં પ્રીતિવાળા હોય છે અને મારામાં તો માત્ર તે વસ્તુઓ આપનાર તરીકે જ તેઓની પ્રીતિ હોય છે, પરન્તુ જ્ઞાનીની મારામાં અત્યન્ત પ્રીતિ હોય છે, કારણ કે જે-જે પદાર્થોની મમતા હોય છે તેમાં પોતાનો આત્મા આનન્દરૂપ હોવાથી તેને વધારે પ્રિય હોય છે અને તે આત્મા પરમાનન્દ પરમાત્માનો અંશ હોવાથી તેની પરમાત્મામાં એટલે મારામાં અત્યન્ત પ્રીતિ હોય છે. તેથી તે મને પણ પ્રિય હોય છે.

શ્રીભાગવત્ ૧૦।૮૪।૨૪ ઉપરના સુબોધિનીમાં આ શ્લોકનું અનુસન્ધાન કરેલું છે.

**ઉદારાઃ સર્વ એવૈતે જ્ઞાની ત્વાત્મૈવ મે મતમ્।**
**આસ્થિતઃ સ હિ યુક્તાત્મા મામેવાનુત્તમાં ગતિમ્॥૧૮॥**

**એતે** - તેઓ, એઓ; સર્વનામ, પ્ર.બ.વ., પુ. 'એતદ્'
**સર્વે** - બધા; સર્વનામ, પ્ર.બ.વ., પુ.
**એવ** - માત્ર; અવ્યય
**ઉદારાઃ** - ઉદાર, શ્રદ્ધાવાન્; વિશેષણ, વિ. 'સર્વે ભક્તાઃ'
**સન્તિ** - છે; ક્રિ. વર્ત.કા. તૃ.પુ.બ.વ. 'અસ્'
**તુ** - તો પણ, પરન્તુ; અવ્યય
**જ્ઞાની** - જ્ઞાની, ભક્ત; નામ, પ્ર.એ.વ., પુ. 'જ્ઞાનિન્'
**એવ** - જ; અવ્યય
**મે** - મારો; સર્વનામ, ષ.એ.વ., 'અસ્મત્'
**આત્મા** - આત્મા; ''મત્સદશઃ, મત્સ્વરૂપઃ'' નામ, પ્ર.એ.વ., પુ. 'આત્મન્'
**મતમ્** - મત, અભિપ્રાય; નામ, પ્ર.એ.વ., નપુ.
**હિ** - ચોક્કસ; અવ્યય
**સઃ** - તે; સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'તત્'
**યુક્તાત્મા** - સ્થિર બુદ્ધિવાળો, જ્ઞાની ભક્ત; વિશેષણ, વિ. 'જ્ઞાની'
**અનુત્તમામ્** - અતિ ઉત્તમ; વિશેષણ, વિ. 'ગતિમ્'

ગતિમ્ - ગતિને; નામ, દ્વિ.એ.વ., સ્ત્રી. 'ગતિ'
મામ્ - મને; સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
એવ - જ; અવ્યય
આસ્થિતઃ - આસ્થાવાળો, મારામાં સ્થિતિ કરનારો; વિશેષણ, વિ. 'જ્ઞાની'
અસ્તિ - છે; ક્રિયાપદ, વર્ત.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'

શ્લોકાર્થ: આ સર્વે ઉદાર છે, પણ જ્ઞાનીભક્ત તો આત્મા જ છે એવો મારો મત છે, કારણ કે યુક્તાત્મા તે અનુત્તમગતિવાળા મારો જ આશ્રય કરી રહેલો છે.

વિવેચન: ચતુર્થ પ્રકારના ભક્ત જ્ઞાનીને ઉત્તમ કહ્યો. તેને મોક્ષ પ્રાપ્ત થાય છે ત્યારે બીજા ત્રણ પ્રકારના ભક્તો સંસારમાં જ મચ્યા રહે છે એવી શઙ્કા થાય તે દૂર કરે છે. આ ચારે પ્રકારના સર્વે ભક્તો બીજા દેવોના ભક્તો કરતાં ઉત્તમ છે. માત્ર તેઓનું ભજન વ્યાવહારિક રીતિ પ્રમાણે હોવાથી પ્રાકૃત છે તેથી તેઓને પ્રિય કહ્યા નથી, પરન્તુ પ્રાકૃત જીવોની પેઠે તેઓ સંસારમાં મચ્યા રહેતા નથી, પરન્તુ "હરિમાં કામ, ક્રોધ, ભય, સ્નેહ, ઐક્ય અથવા સૌહૃદ નિત્ય રાખતાં તેઓ તન્મય થાય છે" એમ શ્રીમદ્ભાગવતમાં કહેલું છે, તે પ્રમાણે હરકોઈ રીતે પ્રભુનો સમ્બન્ધ થવાથી પણ તન્મયતા થતી હોવાથી તેઓને પણ એ જ ફલ પ્રાપ્ત થવાનું; પરન્તુ જ્ઞાની ભક્ત તો આત્મા જ છે અર્થાત્ મારો આત્મા છે. તેને હું આત્મા જ માનું છું. અથવા જ્ઞાની ભક્ત આત્મા જ છે, એટલે મદાત્મક અથવા મુક્ત જ છે એમ હું માનું છું, કારણ કે જેનાથી કાંઈ પણ ઉત્તમ નથી એવા અનુત્તમગતિવાળા મારો જ તે આશ્રય કરી સદા રહેલો છે.

**બહૂનાં જન્મનામ્ અન્તે જ્ઞાનવાન્ માં પ્રપદ્યતે।**
**'વાસુદેવઃ સર્વમ્' ઈતિ સ મહાત્મા સુદુર્લભઃ ॥૧૯॥**

બહૂનામ્ - ઘણા; વિશેષણ, વિ. 'જન્મનામ્'
જન્મનામ્ - જન્મોના; નામ, ષ.બ.વ., નપુ.
અન્તે (જન્મનિ) - અન્ત જન્મમાં, છેલ્લા જન્મમાં; નામ, સ.એ.વ., પુ.
જ્ઞાનવાન્ - જ્ઞાની; નામ, પ્ર.એ.વ., પુ.



મામ્ - મને; સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
સર્વમ્ - બધું; સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
વાસુદેવઃ - વાસુદેવ; નામ, પ્ર.એ.વ., પુ.
એવાસ્તિ - જ છે; ક્રિ. વર્ત.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'
ઈતિ - એમ; અવ્યય
પ્રપદ્યતે - શરણે આવે છે; ક્રિ.વ.કા. તૃ.પુ.એ.વ., 'પ્ર+પદ્' ૪ ગણ, આત્મને
સઃ - તે; સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'તદ્'
મહાત્મા - મહાત્મા; નામ, પ્ર.એ.વ., પુ. "મહાત્મન્=મહાન્ ચ અસૌ આત્મા ચ" કર્મધારય
સુદુર્લભઃ - અતિ દુર્લભ; વિશેષણ, વિ. 'મહાત્મા'
અસ્તિ - છે; ક્રિયાપદ, તૃ.પુ.એ.વ.'અસ્' વર્ત.કા.

શ્લોકાર્થ: ઘણા જન્મોના અન્તે 'સર્વ વાસુદેવ છે' એવા જ્ઞાનવાળો મને શરણ આવે છે. એવો મહાત્મા બહુ જ દુર્લભ છે.

વિવેચન: આત્મજ્ઞાન કદાચ અલ્પ સમયમાં અથવા એકાદ જન્મમાં સિદ્ધ થાય, પરન્તુ ભગવાનનું જ્ઞાન પ્રાપ્ત થવું કઠિન છે. જ્ઞાન પ્રાપ્ત થયા પછી ભગવત્પ્રપત્તિ જેને થઈ હોય તેવો જ્ઞાની મહા દુર્લભ છે. બહુ જન્મો પછી છેલ્લા જન્મમાં ભગવાને પોતે સન્તુષ્ટ થઈ પોતાનાં જ્ઞાનનું જેને દાન કરેલું છે તેવો જ્ઞાની દુર્લભ છે. તેવા જ્ઞાનીમાં પણ જેને ભગવાન્‌ની પ્રપત્તિ થઈ હોય તેવો અતિ દુર્લભ છે.

શ્રીભાગવત્ ૨૧૧૬ ઉપરનાં સુબોધિનીમાં આ શ્લોકનું અનુસન્ધાન કરેલું છે.

**કામૈસ્તૈસ્તૈર્ હૃતજ્ઞાનાઃ પ્રપદ્યન્તેઽન્યદેવતાઃ।**
**તં-તં નિયમમાસ્થાય પ્રકૃત્યા નિયતાઃ સ્વયા॥૨૦॥**

સ્વયા - પોતાની; વિશેષણ, વિ. 'પ્રકૃત્યા'
પ્રકૃત્યા - પ્રકૃતિવડે; નામ, દ્વિ.એ.વ., સ્ત્રી. 'પ્રકૃતિ'
નિયતાઃ - નક્કી કરેલા; વિશેષણ, વિ. 'જનાઃ'
તૈઃ તૈઃ - તે તે; સર્વનામ, તૃ.બ.વ., પુ.
કામૈઃ - કામનાઓ વડે; નામ, તૃ.બ.વ., પુ.

હૃતજ્ઞાનાઃ - જેઓનું જ્ઞાન ભ્રષ્ટ થયેલું છે; વિશેષણ, વિ. 'જનાઃ'
તમ્ તમ્ - તે તે; સર્વનામ, દ્વિ.એ.વ., પુ. 'તત્'
નિયમમ્ - નિયમને, ઉપાસનામાં જે-જે નિયમ લોકમાં પ્રસિદ્ધ છે તે; નામ, દ્વિ.એ.વ., પુ. 'નિયમ'
આસ્થાય - ધારણ કરીને, પાળીને; વિધેય કૃદન્ત
જનાઃ - લોકો; નામ, પ્ર.બ.વ. પુ. 'જન'
અન્યદેવતાઃ - બીજા દેવતાઓને; નામ, દ્વિ.બ.વ., સ્ત્રી. 'અન્યદેવતા'
પ્રપદ્યન્તે - શરણે જાય છે; ક્રિ. વ.કા. તૃ.પુ.બ.વ., પ્ર + પદ્ ૪ ગણ

શ્લોકાર્થ: જુદી-જુદી કામનાઓથી જેઓનું જ્ઞાન હરાએલું છે તેવા પોતાની પ્રકૃતિને અધીન થએલા જુદા-જુદા નિયમો પાળી અન્ય દેવતાઓને શરણે જાય છે.

વિવેચન: અલૌકિક મહિમાવાળા મને જેઓ હરકોઈ પ્રકારે ભજે છે તેઓ અન્તે સિદ્ધિ પ્રાપ્ત કરી સંસાર તરી જાય છે એમ કહ્યું. હવે જેઓ મારું ભજન કરતાં નથી પરન્તુ પ્રાકૃત કામો કરવામાટે અન્ય દેવતાઓનું ભજન કરે છે તેઓ સંસારમાં બુડ્યા રહે છે એમ અહીંથી સાડાત્રણ (૨૦-૨૨ાા) શ્લોકથી કહે છે. જુદી-જુદી કામનાઓથી જેઓનું જ્ઞાન હરાએલું છે અને જેઓ પોતાના રાજસ અથવા તામસ સ્વભાવને વશ થઈ રહેલા છે તેઓ ભિન્ન-ભિન્ન દેવતાઓને પ્રસન્ન કરવા ઉપવાસ વિગેરે વ્રતો કરે છે અને મારું ભજન નહિ કરતાં આવા દેવતાઓનું ભજન કરે છે.

**યો યો યાં યાં તનું ભક્તઃ શ્રદ્ધયાઽર્ચિતુમ્ ઈચ્છતિ।**
**તસ્ય તસ્યાં ચલાં શ્રદ્ધાં તામેવ વિદધામ્યહમ્॥૨૧॥**

યઃ યઃ - જે જે; સર્વનામ, પ્ર.એ.વ., પુ.
ભક્તઃ - ભક્ત, સકામ; નામ, પ્ર.એ.વ., પુ. 'ભક્ત'
યામ્ યામ્ - જેને જેને; સર્વનામ, દ્વિ.એ.વ., સ્ત્રી.
તનુમ્ - શરીર, દેવતાના સ્વરૂપને; નામ, દ્વિ.એ.વ., પુ. 'તનુ'
શ્રદ્ધયા - શ્રદ્ધાથી; નામ, તૃ.એ.વ., સ્ત્રી. 'શ્રદ્ધા'
અર્ચિતુમ્ - પૂજવાને માટે; હેત્વર્થ કૃદન્ત



ઈચ્છતિ - ઈચ્છે છે; ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ., 'ઈષ્(ઈચ્છ્) ૬ ગણ, પરસ્મૈ.
તસ્ય તસ્ય - તેનું તનું, તે તે ભક્તના; સર્વનામ, ષ.એ.વ., પુ. 'તત્'
તામ્ - તેને; સર્વનામ, દ્વિ.એ.વ., સ્ત્રી. 'તત્'
એવ - જ; અવ્યય
શ્રદ્ધામ્ - શ્રદ્ધાને; નામ, દ્વિ.એ.વ., સ્ત્રી. 'શ્રદ્ધા'
અહમ્ - હું; સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
અચલામ્ - અચળ; વિશેષણ, વિ. 'શ્રદ્ધામ્'
વિદધામિ - કરું છું; ક્રિ. વ.કા. પ્ર.પુ.એ.વ., 'વિ+ધા ૩ ગણ, પરસ્મૈ.

શ્લોકાર્થ: જે-જે ભક્ત જે-જે મૂર્તિનું શ્રદ્ધાથી પૂજન કરવા ઈચ્છે છે તેની-તેની તે જ શ્રદ્ધાને હું અચલ કરું છું.

વિવેચન: દેવતાઓ પણ મારું શરીર છે. શ્રુતિ પણ કહે છે કે "જે આદિત્યમાં રહે છે, જેને આદિત્ય જાણતો નથી, જેનું આદિત્ય શરીર છે" વિગેરે. તેથી જે અન્ય દેવતાઓનું ભજન કરે છે તે પણ દેવો મારું શરીર છે એમ જાણ્યા વિના, તેમનું શ્રદ્ધાથી પૂજન કરવા જેઓ ઈચ્છે છે, તેઓની તે-તે દેવતાઓમાં રહેલી શ્રદ્ધાને હું અચલ કરું છું.

**સ તયા શ્રદ્ધયા યુક્તઃ તસ્યારાધનમ્ ઈહતે।**
**લભતે ચ તતઃ કામાન્ મયૈવ વિહિતાન્ હિ તાન્॥૨૨॥**

સઃ - તે; સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'તદ્'
તયા - તેનાવડે; સર્વનામ, તૃ.એ.વ., સ્ત્રી. 'તત્'
શ્રદ્ધયા - શ્રદ્ધાવડે; નામ, તૃ.એ.વ., સ્ત્રી. 'શ્રદ્ધા'
યુક્તઃ - યુક્ત થઈને જોડાઈને; વિશેષણ, વિ. 'સઃ', 'યુજ્' ૭ ગણ ભૂ.કૃ.
તસ્ય - તેનો; સર્વનામ, ષ.એ.વ., પુ. 'તત્'
આરાધનમ્ - આરાધનને; નામ, દ્વિ.એ.વ., નપુ.
ઈહતે - કરે છે; ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ., 'ઈહ' ૧ ગણ, આત્મને.
ચ - અને; અવ્યય
તતઃ - તેના તરફથી, તે દેવ તરફથી; સર્વનામ, પં.એ.વ., 'તઃ' તદ્ધિત પ્રત્યય
મયૈવ - મારાજ વડે; સર્વનામ, તૃ.એ.વ., 'અસ્મત્'
વિહિતાન્ - ઠેરવેલા; વિશેષણ, વિ. 'કામાન્'

તાન્ - તેઓને; સર્વનામ, દ્વિ.બ.વ., પુ. 'તત્'
કામાન્ - કામનાઓને ઈચ્છિત ભોગોને; નામ, દ્વિ.બ.વ., પુ. 'કામ'
હિ - નિશ્ચય; અવ્યય
લભતે - મેળવે છે; ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ., 'લભ્' ૧ ગણ, આત્મને.

**શ્લોકાર્થ:** શ્રદ્ધાથી યુક્ત ભક્ત તે દેવતાનું આરાધન કરે છે. અને તેની પાસેથી મેં જ નિર્માણ કરેલા કામ્ય-ફળોને પ્રાપ્ત કરે છે.

**વિવેચન:** પછી મારા અઙ્ગભૂત જે દેવતાની તે ઉપાસના કરે છે. તેની પાસેથી તે પોતાના ઈચ્છેલા પદાર્થ પ્રાપ્ત કરે છે. આ પદાર્થો પણ મેં જ નિર્માણ કરેલા છે. જો કે ઉપાસના કરવાના સમયે પણ દેવતાની ઉપાસના કરનાર જાણતો નથી કે હું અવયવી છું અને તે દેવતા તો મારું અઙ્ગ જ છે, અને તે દેવતાની જ ઉપાસના કરે છે, છતાં પણ વાસ્તવિક રીતે દેવતા મારું અઙ્ગ હોવાથી તે મારી જ ઉપાસના ગણાય, અને તેથી મેં જ નિર્માણ કરેલું ફલ તે ઉપાસના કરનારને પ્રાપ્ત થાય છે.

શ્રીભાગવત્ ૧૦।૩૭।૯ ઉપરનાં સુબોધિનીમાં આ શ્લોકનું અનુસન્ધાન કરેલું છે.

**અન્તવત્તુ ફલં તેષાં તદ્ ભવત્યલ્પમેધસામ્।**
**દેવાન્ દેવયજો યાન્તિ મદ્ભક્તા યાન્તિ મામપિ॥૨૩॥**

તુ - પરન્તુ; અવ્યય
તેષામ્ - તેઓનું; સર્વનામ, ષ.બ.વ., પુ. 'તત્'
અલ્પમેધસા - ટૂંકી બુદ્ધિવાળાઓનું; વિશેષણ, વિ. 'પુરુષાણામ્'
તત્ - તે; સર્વનામ, પ્ર.એ.વ., નપું. 'તદ્'
ફલમ્ - ફળ; નામ, પ્ર.એ.વ., નપું. 'ફલ'
અન્તવત્ - અન્તવાળું, નાશવન્ત; વિશેષણ, વિ. 'ફલમ્'
ભવતિ - થાય છે; ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ., 'ભૂ' ૧ ગણ પરસ્મૈ.
દેવયજા - દેવોને પૂજનારા; વિશેષણ, વિ. 'પુરુષાઃ'
દેવાન્ - દેવોને; નામ, દ્વિ.બ.વ., પુ.
યાન્તિ - પામે છે; ક્રિ. વ.કા. તૃ.પુ.બ.વ., 'યા' ૨ ગણ, પરસ્મૈ.
ચ - અને; અવ્યય



મદ્ભક્તાઃ - મારા ભક્તો; નામ, પ્ર.બ.વ. પુ. ''મમ ભક્તઃ ઇતિ મદ્ભક્તા'' ષષ્ઠી તત્પુરુષ
મામ્ (અપિ) - મને જ; સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મદ્'
યાન્તિ - પ્રાપ્ત થાય છે; ક્રિયાપદ, તૃ.પુ.બ.વ.

**શ્લોકાર્થ:** પરન્તુ તે અલ્પબુદ્ધિવાળાઓને તત્તત્ દેવતાઓ પાસેથી પ્રાપ્ત થતું ફલ વિનાશી હોય છે. દેવોના પૂજકો દેવોને પામે છે અને મારા ભક્તો દેવાધિદેવ એવા મને પામે છે.

**વિવેચન:** ભાવભેદથી ફલભેદ થાય છે એમ કહે છે. ઈન્દ્ર વિગેરે અન્ય દેવતાઓનું ભજન કરનાર અલ્પ બુદ્ધિવાળાઓને શાખા અથવા ફલ અથવા પત્રને જલનું સિંચન કરનારની પેઠે અલ્પ, વિનાશી અને અન્તવાળું ફલ પ્રાપ્ત થાય છે. દેવોના પૂજકો તે-તે દેવોને પામે છે, મારા ભક્તો મને પામે છે. તેથી અન્ય દેવતાઓના ભક્તોનું ફલ વિનાશી છે. શ્રૌતયજ્ઞમાં તો ભગવાનના અઙ્ગરૂપ દેવો છે એમ જાણીને તેમની આરાધના થાય છે. ભક્તિમાં તો માત્ર અઙ્ગી ભગવાનની આરાધના જ થાય છે. જે જેને શ્રદ્ધાથી ભજે છે તે તેને પ્રાપ્ત કરે છે. તેથી મારા ભક્તો મને પ્રાપ્ત કરી, અક્ષય્ય ફલ પ્રાપ્ત કરે છે.

ભાગવત્ ૧૧।૮।૨૨ પરનાં સુબોધિનીમાં આ શ્લોકનું અનુસન્ધાન કરેલું છે.

**વિશેષ:** ત્રણ પ્રકારના ભજન કરનારાઓ છે; ૧. અલ્પબુદ્ધિવાળા ક્ષુદ્ર સાંસારિક લાભને માટે ભજન કરે છે. ૨. ભજનદ્વારા દેવને પ્રાપ્ત કરવાની બુદ્ધિવાળા દેવનું ભજન કરે છે. ૩. ત્રીજા વર્ગના ભજન કરનારાઓ કૃષ્ણનું ભજન કરવા પ્રવૃત્ત થાય છે અને તે દ્વારા કૃષ્ણને પ્રાપ્ત કરે છે.

...જેમ-જેમ વાસનામય વિભાવો ઓછા થતા જશે તેમ-તેમ ઉત્કૃષ્ટ ભાવોનું ગ્રહણ થતું જશે. સર્વોત્કૃષ્ટ ભાવ જ્યાં સુધી તૈયાર થતો નથી ત્યાં સુધી કૃષ્ણાશ્રય અને કૃષ્ણસેવન બનતું નથી. આ પ્રાપ્ત કરવા ભગવત્શાસ્ત્રનો અભ્યાસ કરવાની જરૂર છે. ભગવત્શાસ્ત્ર = ગીતા, ભાગવતાદિ.

**અવ્યક્તં વ્યક્તિમાપન્નં મન્યન્તે મામ્ અબુદ્ધયઃ।**
**પરં ભાવમ્ અજાનન્તો મમાવ્યયમ્ અનુત્તમમ્॥૨૪॥**

અબુદ્ધયઃ - મૂઢ, જડ; નામ, પ્ર.બ.વ., પુ.
મમ - મારું; સર્વનામ, ષ.એ.વ., 'અસ્મત્'
અનુત્તમમ્ - જેથી ઉત્તમ બીજું કોઈ નથી; વિશેષણ, વિ. 'ભાવમ્'
અવ્યયમ્ - નહિ ફેરફાર થાય એવું; અવ્યય
પરમ્ - પરમ; વિશેષણ, વિ. 'ભાવમ્'
ભાવમ્ - ભાવને, પ્રભાવને; નામ, દ્વિ.એ.વ., પુ. 'ભાવ'
અજાનન્તઃ - નહિ જાણતા માણસો; વ.કૃ. વિશેષણ વિ. 'જનાઃ'
અવ્યક્તમ્ - અવ્યક્ત, અસ્પષ્ટ મન અને ઈન્દ્રિયોથી; વિશેષણ, વિ. 'મામ્'
મામ્ - મને; સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
વ્યક્તિમ્ - દશ્ય સ્વરૂપ વ્યક્તિ; નામ, દ્વિ.એ.વ., સ્ત્રી. 'વ્યક્તિ'
આપન્નમ્ - પ્રાપ્ત થયેલું; વિશેષણ, વિ. 'મામ્'
મન્યન્તે - માને છે ક્રિ. વ.કા. તૃ.પુ.બ.વ., 'મન્' ૪ ગણ, આત્મને.

**શ્લોકાર્થ :** બુદ્ધિરહિત લોકો મારો અવ્યય અનુત્તમ પર ભાવ જાણતા નહિ હોવાથી અવ્યક્ત એવા મને વ્યક્તિ પામેલો માને છે.

**વિવેચન :** મારું ભજન કરનારને અવિનાશી અક્ષય્ય ફલ પ્રાપ્ત થાય છે અને અન્ય દેવતાઓનું ભજન કરનારને વિનાશી ફલ પ્રાપ્ત થાય છે, તો પણ મારું યથાર્થ જ્ઞાન નહિ હોવાથી બુદ્ધિરહિત લોકો મારું ભજન નહિ કરતાં દેવતાઓનું ભજન કરે છે એમ કહે છે. બુદ્ધિરહિત લોકો જેઓનું જ્ઞાન વિવિધ કામનાઓથી હરાઈ ગયેલું છે તેઓ મારા ઉત્તમ અવ્યય પર ભાવથી અર્થાત્ અંશાંશિભાવથી સર્વ જગત્ મારામાં રહેલું છે એ ભાવથી અજાણ્યા હોવાથી મને અવ્યક્ત પુરુષોત્તમને સાધારણ લોક પેઠે અથવા દેવતાઓ પેઠે આ લોકમાં વ્યક્ત થએલો અથવા જન્મેલો માને છે.

**નાહં પ્રકાશઃ સર્વસ્ય યોગમાયાસમાવૃતઃ ।**
**મૂઢોઽયં નાભિજાનાતિ લોકોમામ્ અજમ્ અવ્યયમ્ ॥૨૫॥**

યોગમાયાસમાવૃતઃ - યોગમાયાથી છુપાયેલો; વિશેષણ, વિ. 'અહમ્'
સર્વસ્ય - બધાને; સર્વનામ, ષ.એ.વ., પુ. 'સર્વ'
પ્રકાશઃ - પ્રકાશ, પ્રત્યક્ષ; નામ, પ્ર.એ.વ., પુ. 'પ્રકાશ'



નાહમ્ - ન + અહમ્ - હું નથી; સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
અયમ્ - આ; સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'ઈદમ્'
મૂઢઃ - મૂઢ; વિશેષણ, વિ. 'લોકઃ'
લોકઃ - લોક; નામ, પ્ર.એ.વ., પુ. 'લોક'
મામ્ - મને; સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
અજમ્ - અજન્મા, જન્મરહિત; નામ, દ્વિ.એ.વ., પુ. 'અજ'
ચ અવ્યયમ્ ન - અને અવિનાશી નથી; અવ્યય
અભિજાનાતિ - જાણતો નથી; ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ., અભિ + જ્ઞા ૯ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ :** યોગમાયાથી ઢંકાએલો હું સર્વને દેખાતો નથી. આ મૂઢલોકો મને અજ અને અવ્યય જાણતા નથી.

**વિવેચન :** સર્વભવનસામર્થ્યરૂપ મારી યોગમાયાથી હું સારી રીતે ઢંકાએલો હોવાથી માત્ર મારા ભક્તો જ મને જોઈ શકે છે પરન્તુ સર્વ કોઈ લોક મને દેખી શકતા નથી. તેથી આ સંસારના મૂઢ ભક્તિરહિત લોક હું અજ છું તથા અવ્યય છું તે જાણી શક્તા નથી.

**વેદાહં સમતીતાનિ વર્તમાનાનિ ચાર્જુન ! ।**
**ભવિષ્યાણિ ચ ભૂતાનિ માં તુ વેદ ન કશ્ચન ॥૨૬॥**

અર્જુન - અર્જુન; સમ્બોધન
સમતીતાનિ - પૂર્વે થઈ ગયેલા; વિશેષણ, વિ. 'ભૂતાનિ'
ચ - અને; અવ્યય
વર્તમાનાનિ - વર્તમાનમાં રહેલા; વિશેષણ, વિ. 'ભૂતાનિ'
ચ - અને; અવ્યય
ભવિષ્યાણિ - ભવિષ્યમાં થનાર; વિશેષણ, વિ. 'ભૂતાનિ'
ભૂતાનિ - પ્રાણીઓને; નામ, દ્વિ.બ.વ., નપુ.
અહમ્ - હું; સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મદ્'
વેદ - જાણું છું; ક્રિ. વ.કા., પ્ર.પુ.એ.વ., 'વિદ્' ૨ ગણ
તુ - પણ, તો પણ; અવ્યય
મામ્ - મને; સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'

કશ્ચન - કોઈક, શ્રદ્ધાભક્તિવાળો કોઈક; સર્વનામ, પ્ર.એ.વ., પુ.
ન - નહિ; અવ્યય
વેદ - જાણુ; ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ., 'વિદ્' ર ગણ

શ્લોકાર્થ: હે અર્જુન! જેઓ થઈ ગયેલા છે, જેઓ છે તે અને જઓ થનારાં છે તે સર્વ પ્રાણીઓને હું જાણું છું, પરન્તુ મને કોઈ જાણતું નથી.

વિવેચન: હું ભૂત, વર્તમાન અને ભવિષ્ય ના સર્વ પ્રાણીઓને જાણુ છું, પરન્તુ ત્રણે કાલના પ્રાણીઓમાં કોઈ અવ્યય અજ તથા અનન્ત મહિમાવાળા અને સર્વને મુક્તિનું દાન કરવા અવતરેલ મને વાસુદેવ જાણી મારું જ ભજન કરનાર જણાતો નથી.

ઈચ્છા-દ્વેષ-સમુત્થેન દ્વન્દ્વમોહેન ભારત!।
સર્વભૂતાનિ સમ્મોહં સર્ગે યાન્તિ પરન્તપ!॥૨૭॥

પરન્તપ! ભારત! - અર્જુન; સમ્બોધન
સર્ગે - સંસારમાં; નામ, સ.એ.વ., પુ. 'સર્ગ'
ઈચ્છાદ્વેષસમુત્થેન - ઈચ્છા અને દ્વેષ થી ઉત્પન્ન થયેલું; વિશેષણ, વિ. 'દ્વન્દ્વમોહેન'
દ્વન્દ્વમોહેન - દ્વન્દ્વના મોહથી, સુખદુઃખ આદિ મોહથી; નામ, તૃ.એ.વ., પુ. 'દ્વન્દ્વમોહ'
સર્વભૂતાનિ - બધા પ્રાણીઓ; નામ, પ્ર.બ.વ., નપુ.
સમ્મોહમ્ - સમ્મોહ; નામ, દ્વિ.એ.વ., પુ. 'સમ્મોહ'
યાન્તિ - પામે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., 'યા' ર ગણ, પરસ્મૈ.

શ્લોકાર્થ: હે ભારત! હે પરન્તપ! ઇચ્છા અને દ્વેષ થી ઉત્પન્ન થતા દ્વન્દ્વના મોહથી સર્વ પ્રાણીઓ સંસારમાં મોહ પામે છે.

વિવેચન: પોતાને પ્રિય વસ્તુની ઇચ્છાથી, અને અપ્રિય વસ્તુના દ્વેષથી સુખ તથા દુઃખ રૂપ દ્વન્દ્વ ઉત્પન્ન થાય છે. તે દ્વન્દ્વથી મોહ ઉત્પન્ન થાય છે. સંસારમાં સર્વ પ્રાણીઓ આ મોહને વશ થાય છે, તેથી તેઓને મારું જ્ઞાન થતું નથી.



યેષાં ત્વન્તગતં પાપં જનાનાં પુણ્યકર્મણામ્।
તે દ્વન્દ્વ-મોહ-નિર્મુક્તા ભજન્તે માં દઢવ્રતાઃ॥૨૮॥

તુ - પરન્તુ; અવ્યય
યેષામ્ - જેઓનું; સર્વનામ, ષ.બ.વ., પુ. 'યત્'
પુણ્યકર્મણામ્ - પુણ્ય કર્મોના; વિશેષણ, વિ. 'જનાનામ્'
જનાનામ્ - માણસોના; નામ, ષ.બ.વ., પુ. 'જન'
પાપમ્ - પાપને; નામ, દ્વિ.એ.વ., નપુ. 'પાપ'
અન્તગતમ્ - નાશ પામ્યું છે. વિશેષણ, વિ. 'પાપમ્'
દ્વન્દ્વમોહનિર્મુક્તાઃ - દ્વન્દ્વના મોહથી તદ્દન મુક્ત થયેલા; વિશે. વિ. 'તે'
દઢવ્રતાઃ - દઢ નિશ્ચયવાળા; વિશેષણ, વિ. 'તે'
તે - તેઓ; સર્વનામ, પ્ર.બ.વ., પુ. 'તદ્'
મામ્ - મને; સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
ભજન્તે - ભજે છે; ક્રિ. વ.કા. તૃ.પુ.બ.વ., 'ભજ્' ૧ ગણ, આત્મને.

શ્લોકાર્થ: પરન્તુ જે પુણ્યકર્મવાળા લોકોનાં પાપ નષ્ટ થએલા છે તેઓ દ્વન્દ્વના મોહથી મુકત થએલા દઢવ્રત થઈ મને ભજે છે.

વિવેચન: પરન્તુ કેટલાક દુર્લભ ભાગ્યશાળી પુણ્ય કર્મ કરનાર લોકો, જેઓ મારાં દર્શન વિગેરે પુણ્ય કર્મ કરે છે અને વિનયવાળા હોય છે, તેઓના પાપ પુણ્યકર્મથી નષ્ટ થતાં, મારા સ્વરૂપનું જ્ઞાન થવામાં પ્રતિબન્ધરૂપ પાપ દૂર થવાથી તેઓ સુખ-દુઃખ વિગેરે દ્વન્દ્વના મોહથી મુક્ત થાય છે અને પછી દઢ સઙ્કલ્પથી મને જ ભજે છે.

જરા-મરણ-મોક્ષાય મામ્ આશ્રિત્ય યતન્તિ યે।
તે બ્રહ્મ તદ્વિદુઃ કૃત્સ્નમ્ અધ્યાત્મં કર્મ ચાખિલમ્॥૨૯॥

યે - જેઓ; સર્વનામ, પ્ર.બ.વ., પુ. 'યત્'
મામ્ - મને; સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
આશ્રિત્ય - આશ્રય અને શરણે આવીને; વિધેય કૃદન્ત
જરામરણમોક્ષાય - જરા, મરણ અને મોક્ષને માટે, જરા - મરણથી છુટવાને માટે; નામ, ચ.એ.વ., પુ.
યતન્તિ - યત્ન કરે છે; ક્રિ. વ.કા. તૃ.પુ.બ.વ., 'યત્' ૧ ગણ પરસ્મૈ.

તે - તેઓ; સર્વનામ, પ્ર.બ.વ., પુ. 'તત્'
તત્ - તે; સર્વનામ, દ્વિ.એ.વ., નપુ. 'તત્'
બ્રહ્મ - બ્રહ્મને; નામ, દ્વિ.એ.વ., નપુ. 'બ્રહ્મન્'
ચ - અને; અવ્યય
કૃત્સ્નમ્ - અખિલ; વિશેષણ, વિ. 'અધ્યાત્મમ્'
અધ્યાત્મમ્ - અધ્યાત્મને; નામ, દ્વિ.એ.વ., પુ.
ચ - અને; અવ્યય
અખિલમ્ - અખિલ; વિશેષણ, વિ. 'કર્મ'
કર્મ - કર્મને; નામ, દ્વિ.એ.વ., નપુ. 'કર્મન્'
વિદુઃ - જાણે છે; ક્રિ. વિધ્યર્થ, તૃ.પુ.બ.વ., 'વિદ્' ૨ ગણ

**શ્લોકાર્થ :** જેઓ મારો આશ્રય કરી જરા તથા મરણ થી મુક્ત થવા યત્ન કરે છે તેઓ તે સર્વ બ્રહ્મને, અધ્યાત્મને તથા સર્વ કર્મને જાણે છે.

**વિવેચન :** પાછળ ચાર પ્રકારના ભક્તો કહેલા છે : ૧. આર્ત ૨. જીજ્ઞાસુ ૩. અર્થાર્થી અને ૪. જ્ઞાની. તેમાં જ્ઞાનીભક્ત સર્વથી ઉત્તમ છે તેમ કહ્યું. આર્ત અને અર્થાર્થી ભક્તો ભગવાન પાસેથી પોતાનાં ઇચ્છેલાં ફલ પ્રાપ્ત કરી મુમુક્ષુ થઈ જીજ્ઞાસુ થાય છે. તેથી જીજ્ઞાસુ ભક્તો અને જ્ઞાની ભક્તો ઉભયને શું ફલ પ્રાપ્ત થાય છે તે કહેતાં, તે પ્રાપ્ત કરવાના સાધનરૂપ જ્ઞાન પ્રાપ્ત કરવાની અર્જુનને જીજ્ઞાસા ઉત્પન્ન કરવા તે ઉભય પ્રકારના ભક્તોની અહીંથી બે શ્લોકથી (૨૯-૩૦) પ્રશંસા કરે છે. જરા અને મરણ થી બ્રહ્માત્મજ્ઞાન પ્રાપ્ત કરવાથી મુક્ત થવા મારો આશ્રય કરી જે પ્રયત્ન કરે છે તેઓ બ્રહ્મ અર્થાત્ પરબ્રહ્મ નું સર્વ જ્ઞાન પ્રાપ્ત કરે છે, 'તત્' અર્થાત્ અક્ષરબ્રહ્મનું જ્ઞાન પ્રાપ્ત કરે છે, અને અધ્યાત્મ એટલે આત્માને પ્રાપ્ત થએલ સ્વભાવનું અને સર્વ કર્મનું જ્ઞાન પણ પ્રાપ્ત કરે છે.

**સાધિભૂતાધિદૈવં માં સાધિયજ્ઞં ચ યે વિદુઃ ।**
**પ્રયાણકાલેऽપિ ચ માં તે વિદુર્ યુક્તચેતસઃ ॥૩૦॥**

યે - જેઓ; સર્વનામ, પ્ર.બ.વ., પુ. 'યત્'
સાધિભૂતાધિદૈવં - અધિભૂત અને અધિદૈવ; વિશેષણ, વિ. 'મામ્'
ચ - અને; અવ્યય



સાધિયજ્ઞમ્ - અધિયજ્ઞ સહિત, અધ્યાત્મા; વિશેષણ, વિ. 'મામ્'
મામ્ - મને; સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
વિદુઃ - જાણે છે; ક્રિ. વિધ્યર્થ, તૃ.પુ.બ.વ., 'વિદ્' ૨ ગણ
તે - તેઓ; સર્વનામ, પ્ર.બ.વ., પુ. 'તદ્'
યુક્તચેતસઃ - યુક્ત ચિત્તવાળા પુરુષો; વિશેષણ, વિ. 'તે'
પ્રયાણકાલે - અન્તકાળમાં; નામ, સ.એ.વ., પુ.
અપિ - પણ; અવ્યય
મામ્ - મને; સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'. ચ - જ; અવ્યય
વિદુઃ - જાણે છે; ક્રિ. વિધ્યર્થ, તૃ.પુ.બ.વ., 'વિદ્' ૨ ગણ

**શ્લોકાર્થ :** જેઓ અધિભૂત, અધિદૈવ અને અધિયજ્ઞ સહિત મને જાણે છે તેઓ યુક્તચિત્તવાળા થઈ પ્રયાણ કાલે પણ મને જાણે છે.

**વિવેચન :** 'યે=જેઓ' એમ પુનઃ અહીં કહેલ છે, તેથી આ શ્લોકમાં પૂર્વ શ્લોકમાં કહેલ જ્ઞાની ભક્તથી અન્ય જીજ્ઞાસુ ભક્તની વાત કહે છે એવો નિશ્ચય થાય છે. જેઓ અધિભૂત, અધિદૈવ અને અધિયજ્ઞ સહિત મને જાણે છે તેઓ યુક્તચિત્તવાળા થઈ પ્રયાણકાલે એટલે પ્રાણોના પ્રયાણ કાલે પણ મને તેવી જ રીતે જાણે છે. અહીં 'યુક્તચિત્તવાળા થઈ' એમ કહેલ હોવાથી તેઓને અન્તે યોગસિદ્ધિ પણ પ્રાપ્ત થાય છે એમ સૂચવેલું છે.

**ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે**
**શ્રીકૃષ્ણાર્જુનસંવાદે 'જ્ઞાનવિજ્ઞાનયોગો' નામ**
**સપ્તમોऽધ્યાયઃ ॥૭॥**

## ॥ અધ્યાય ૮ ॥

## અક્ષરબ્રહ્મયોગ

અર્જુન ઉવાચ

**કિં તદ્બ્રહ્મ કિમ્ અધ્યાત્મં કિં કર્મ પુરુષોત્તમ!।**
**અધિભૂતં ચ કિં પ્રોક્તમ્ અધિદૈવં કિમ્ ઉચ્યતે॥૧॥**

**પુરુષોત્તમ** - **પુરુષોત્તમ;** સમ્બોધન
**તત્** - **તે;** સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
**બ્રહ્મ** - **બ્રહ્મ;** નામ, પ્ર.એ.વ., નપુ. 'બ્રહ્મન્'
**કિમ્** - **શું;** સર્વનામ, વિશેષણ, વિ. 'બ્રહ્મ'
**અધ્યાત્મમ્** - **અધ્યાત્મ;** નામ, પ્ર.એ.વ., નપુ.
**કિમ્** - **શું;** સર્વનામ, વિશેષણ, વિ. 'અધ્યાત્મમ્'
**કર્મ** - **કર્મ;** નામ, પ્ર.એ.વ. નપુ. 'કર્મન્'
**કિમ્** - **શું;** સર્વનામ, વિશેષણ, વિશેષ્ય 'કર્મ'
**અસ્તિ** - **છે;** ક્રિયાપદ. વર્ત.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'
**અધિભૂતમ્** - **અધિભૂત;** નામ, પ્ર.એ.વ., નપુ. 'અધિભૂત'
**કિમ્** - **શું;** સર્વનામ, વિશેષણ, વિ. 'અધિભૂતમ્'
**પ્રોક્તમ્** - **કહેલું;** ભૂ.કૃ. વિશેષણ, વિ. 'અધિભૂતમ્'
**ચ** - **અને;** અવ્યય
**અધિદૈવં** - **અધિદૈવ;** નામ, પ્ર.એ.વ., નપુ. 'અધિદૈવ'
**કિમ્** - **શું;** સર્વનામ, વિશેષણ, વિ. 'અધિદૈવમ્'
**ઉચ્યતે** - **કહેવાય છે;** ક્રિ. વ.કર્મણિ તૃ.પુ.એ.વ., 'વચ્' ૨ ગણ, આત્મને.

**શ્લોકાર્થ:** હે પુરુષોત્તમ! તે બ્રહ્મ શું? અધ્યાત્મ શું? કર્મ શું? અધિભૂત કોને કહ્યું? અધિદૈવ શું કહેવાય છે?

**વિવેચન:** સપ્તમ અધ્યાયના અન્તના બે શ્લોકમાં ભગવાને બ્રહ્મ, અધ્યાત્મ વિગેરે કહ્યાં. તેના સ્વરૂપનું સ્પષ્ટ જ્ઞાન થવા માટે અર્જુન બે શ્લોકથી (૧|૨) પ્રશ્ન કરે છે.



**અધિયજ્ઞઃ કથં કોઽત્ર દેહેઽસ્મિન્ મધુસૂદન!।**
**પ્રયાણકાલે ચ કથં જ્ઞેયોઽસિ નિયતાત્મભિઃ॥૨॥**

**મધુસૂદન** - મધુસૂદન; સમ્બોધન
**અત્ર** - **અહીં, આ શરીરમાં;** અવ્યય
**અધિયજ્ઞઃ** - **અધિયજ્ઞ;** નામ, પ્ર.એ.વ., પુ.
**કઃ** - **કોણ;** સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'કિમ્'
**અસ્તિ** - **છે;** ક્રિયાપદ, વર્ત.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'
**ચ** - **અને;** અવ્યય
**અસ્મિન્** - **આ;** સર્વનામ, સ.એ.વ., પુ. 'ઇદમ્'
**દેહે** - **દેહમાં, શરીરમાં;** નામ, સ.એ.વ., પુ. 'દેહ'
**કથમ્** - **કેવી રીતે;** અવ્યય. (અસ્તિ=છે)
**નિયતાત્મભિઃ** - **નિયમમાં રાખેલો છે આત્મા જેણે;** વિશેષણ, વિ. 'જનૈઃ'
**પ્રયાણકાલે** - **જતી વખતે, અન્ત સમયે;** નામ, સ.એ.વ., પુ.
**ત્વમ્** - **આપ;** સર્વનામ, પ્ર.એ.વ. 'યુષ્મદ્'
**કથમ્** - **કેવી રીતે;** અવ્યય
**જ્ઞેયઃ** - **જણાઓ;** કૃદન્ત, વિધેય કર્મણિ
**અસિ** - **છો;** ક્રિ. વ.કા., દ્વિ.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** હે મધુસૂદન! અધિયજ્ઞ કોણ? આ દેહમાં તે કેવી રીતે જણાય? આત્માને નિયમમાં રાખનારાઓથી પ્રયાણકાલે આપ કેવી રીતે જણાઓ?

પ્રશ્નના અનુક્રમે ભગવાન્ અહીંથી ત્રણ શ્લોકમાં (૩-૫) ઉત્તર આપે છે.

શ્રીભગવાન્ ઉવાચ

**અક્ષરં બ્રહ્મ પરમં સ્વભાવોઽધ્યાત્મમ્ ઉચ્યતે।**
**ભૂતભાવોદ્ભવકરો વિસર્ગઃ કર્મસઞ્જ્ઞિતઃ॥૩॥**

**હે અર્જુન** - **હે અર્જુન;** સમ્બોધન
**પરમમ્** - **પરમ;** વિશેષણ, વિ. 'બ્રહ્મ'
**અક્ષરમ્** - **અક્ષર, કદિ પણ નાશ ન થાય એવું; સત્+ચિત્+આનન્દ;** વિશેષણ, વિ. 'બ્રહ્મ'
**બ્રહ્મ** - **બ્રહ્મ;** નામ, પ્ર.એ.વ., નપુ. 'બ્રહ્મન્'

**અસ્તિ ચ** - **અને;** ક્રિ. વર્ત.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'
**સ્વભાવઃ** - **સ્વભાવ, અક્ષરભાવ જીવ;** નામ, પ્ર.એ.વ., પુ.
**અધ્યાત્મમ્** - **અધ્યાત્મા;** નામ, પ્ર.એ.વ., નપુ.
**ઉચ્યતે** - **કહેવાય છે;** ક્રિ. વ. કર્મણિ, તૃ.પુ.એ.વ., 'વચ્' ૨ ગણ, આત્મને.
**ચ** - **અને;** અવ્યય
**ભૂતભાવોદ્ભવકરઃ** - **ભૂતના ભાવોને ઉત્પન્ન કરનાર;** વિશેષણ, વિ. 'વિસર્ગઃ', "ભૂતાનાં ભાવાનાં ઉદ્ભવસ્ય કરઃ" ષ. તત્પુ.
**વિસર્ગઃ** - **ત્યાગશાસ્ત્ર;** નામ, પ્ર.એ.વ., પુ. 'વિસર્ગ'
**કર્મસંજ્ઞિતઃ** - **કર્મની સંજ્ઞાવાળો;** ભૂ.કૃ. વિશેષણ, વિ. 'વિસર્ગઃ'
**અસ્તિ** - **છે;** ક્રિયાપદ, વર્ત.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'

**શ્લોકાર્થ:** પરમ અક્ષર બ્રહ્મ છે; સ્વભાવ અધ્યાત્મ કહેવાય છે. ભૂતભાવનો ઉદ્ભવ કરનાર વિસર્ગ કર્મ કહેવાય છે.

**વિવેચન:** જે બ્રહ્મ કહ્યું તે પરમ અક્ષર છે. પરમ એટલે પ્રધાન, ઉત્કૃષ્ટ, ક્ષરે નહિ અર્થાત્ જેનો વિકાર થાય નહિ તે અક્ષર. આને ભગવાન્ બ્રહ્મ-પરમાત્મા કહે છે. શ્રીમદ્ભાગવત્ ૧૨।૧૧ માં આનું નિરૂપણ કરેલું છે. આ સમષ્ટિ અને વ્યષ્ટિનું મૂલ છે. સમષ્ટિનું મૂલ હોવાથી આખા બ્રહ્માણ્ડમાં વ્યાપી રહેલું છે. વ્યષ્ટિનું મૂલ હોવાથી પ્રાણીમાત્રમાં રહેલું છે. તે વિકારરહિત છે, ભગવાનનું ગણિતાનન્દવાળું અધ્યાત્મ સ્વરૂપ છે. ભગવાન્થી જુદું ન હોવા છતાં ભગવાનનું ધામ હોવાથી જુદું કહેવામાં આવે છે. સાત્વતતન્ત્રમાં કહેલું છે કે: 'પુરુષ' નામથી ઓળખાતાં વિષ્ણુના ત્રણ રૂપ છે. ૧. મહત્ તત્ત્વને ઉત્પન્ન કરનારું (અક્ષર), ૨. સમષ્ટિરૂપ (બ્રહ્માણ્ડમાં વ્યાપી રહેલું) અને ૩. વ્યષ્ટિરૂપ (પ્રાણીમાત્રમાં રહેલું).

'અધ્યાત્મ' એટલે સોળ કળાવાળું, આત્મામાં જણાતું, સૂક્ષ્મ, ઇન્દ્રિયો સાથેના મનનું રૂપ અથવા સ્વભાવ. સ્વભાવને 'અધ્યાત્મ' કહે છે. આત્મામાં જણાતું તે અધ્યાત્મ. સ્વભાવની આત્મામાં સ્થિતિ હોવાથી તે અધ્યાત્મ કહેવાય છે. પઞ્ચ મહાભૂતોના ભાવ એટલે ભૌતિક શરીર, તેનો ઉદ્ભવ અથવા ઉત્પત્તિ કરનાર વિસર્ગ અથવા આહુતિ તે કર્મ કહેવાય છે. "અગ્નિમાં નાખેલી આહુતિ સારી રીતે આદિત્યને પહોંચે છે". "પઞ્ચમ આહુતિમાં પાણી પુરુષરૂપ થાય છે" વિગેરે શ્રુતિઓમાં આહુતિથી ઉત્પત્તિ થાય



છે એમ કહેલું હોવાથી, ઉત્પત્તિ કરવાનો તેનો સ્વભાવ હોવાથી તેને કર્મ કહેલું છે.

**અધિભૂતં ક્ષરોભાવઃ પુરુષશ્ચાધિદૈવતમ્।**
**અધિયજ્ઞોઽહમેવાત્ર દેહે દેહભૃતાં વર॥૪॥**

**ક્ષરોભાવઃ** - **ઉત્પન્ન થનાર અને નાશ થનાર પદાર્થ;** નામ, પ્ર.એ.વ., પુ.
**અધિભૂતમ્** - **અધિભૂત;** નામ, પ્રે.વ. નપુ.
**અસ્તિ, ચ** - **છે;** ક્રિ. તૃ.પુ.એ.વ. વર્ત.કા. 'અસ્' અને
**પુરુષઃ** - **પુરુષ, સૂત્રાત્મા, હિરણ્યગર્ભ, પ્રજાપતિ, બ્રહ્મા વ.;** નામ, પ્ર.એ.વ., પુ. 'પુરુષ'
**અધિદૈવતમ્** - **અધિદેવ, વિષ્ણુરૂપ;** નામ, પ્ર.એ.વ., નપુ. 'અધિદૈવત'
**અસ્તિ** - **છે;** ક્રિ. તૃ.પુ.એ.વ. વર્ત.કા. 'અસ્'
**દેહભૃતામ્** - **દેહધારીઓના;** નામ, ષ.બ.વ., પુ. 'દેહભૃત્'
**વર** - **શ્રેષ્ઠ;** નામ, સમ્બોધન
**અત્ર** - **અહીં;** અવ્યય
**દેહે** - **દેહમાં;** નામ, સ.એ.વ., 'દેહ'
**અહમ્** - **હું, વાસુદેવ;** સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'અસ્મત્'
**એવ** - **જ;** અવ્યય
**અધિયજ્ઞઃ** - **અધિયજ્ઞ;** નામ, પ્ર.એ.વ., પુ. 'અધિયજ્ઞ'
**અસ્મિ** - **છું;** ક્રિ. વર્ત.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'

**શ્લોકાર્થ:** ક્ષર ભાવ અધિભૂત છે અને પુરુષ અધિદૈવત છે. હે પ્રાણીઓમાં શ્રેષ્ઠ! અહીં દેહમાં અધિયજ્ઞ હું જ છું.

**વિવેચન:** ક્ષર ભાવ અથવા 'ક્ષરણ' એટલે નાશ પામવાનો અથવા વિકાર થવાનો જેનો સ્વભાવ છે તે ભૌતિક પદાર્થ, તૃણથી આરમ્ભી વિરાટ્પર્યન્ત સર્વ પદાર્થ જે વારંવાર ઉત્પત્તિ વિગેરે વિકાર અનુભવે છે, તે અધિભૂત છે. વળી પુરુષ એટલે જીવ-આત્મા તે સર્વત્ર અધિદૈવ છે. શબ્દાદિનો ભોક્તા હોવાથી આત્મા અધિદૈવ છે. 'ચ=અને' શબ્દથી સૂર્ય વિગેરે અધિદેવોનો સમાવેશ થાય છે. અધિયજ્ઞ કોણ? એમ પૂછ્યું તેનો ઉત્તર કહે છે: અધિયજ્ઞ હું છું. યજ્ઞોનો અધિષ્ઠાતા અવયવી, યજ્ઞોથી આરાધ્ય પરમાત્મા

હું અધિયજ્ઞ છું. સર્વના દેહમાં 'હું' અધિયજ્ઞ છું. દેહમાં એટલે સર્વ પ્રાણીઓના શરીરમાં અન્તર્યામી હું રહેલો છું.

**અન્તકાલે ચ મામેવ સ્મરન્ મુક્ત્વા કલેવરમ્।**
**યઃ પ્રયાતિ સ મદ્‌ભાવં યાતિ નાસ્ત્યત્રસંશયઃ ।।૫।।**

**ચ** - **અને;** અવ્યય
**યઃ** - **જે;** સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'યત્'
**અન્તકાલે** - **મરણ વખતે;** નામ, સ.એ.વ., પુ.
**મામ્ એવ** - **મને જ;** સર્વનામ, દ્વિ.એ.વ., પુ. 'અસ્મત્'
**સ્મરન્** - **સ્મરતો;** વ.કૃ. વિશેષણ, વિ. 'યઃ'
**કલેવરમ્** - **શરીરને** (હલાવવું); નામ, દ્વિ.એ.વ., નપુ. 'કલેવરમ્'
**મુક્ત્વા** - **છોડીને;** વિધેય કૃદન્ત 'મુચ્'
**પ્રયાતિ** - **જાય છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., પ્ર + યા ૨ ગણ પરસ્મૈ.
**સઃ** - **તે;** સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'તદ્'
**મદ્‌ભાવમ્** - **મારા સ્વરૂપને;** નામ, દ્વિ.એ.વ., પુ.
**યાતિ** - **પામે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'યા' ૨ ગણ, પરસ્મૈ.
**અત્ર** - **અહીં;** અવ્યય
**સંશય** - **સંશય;** નામ, પ્ર.એ.વ., પુ.
**ન** - **નહી;** અવ્યય
**અસ્તિ** - **છે;** ક્રિ. તૃ.પુ.એ.વ. 'અસ્' ૨ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** અન્તકાલે મારું જ સ્મરણ કરતાં જે શરીર તજી જાય છે તે મારા ભાવને પામે છે. આમાં સંશય નથી.

**વિવેચન:** "પ્રયાણકાલે આપ કેવી રીતે જણાઓ?" પ્રશ્નનો હવે ઉત્તર આપે છે. મન્ત્ર ઉપાસના વિગેરેથી જેનો સ્પર્શ પણ હોઈ શકે નહિ તેવો પૂર્ણાનન્દ લીલાપુરુષોત્તમ હું છું. તેનું જ અન્તકાલે જે ભક્તિવાળો યોગી સ્મરણ કરે, બીજા કોઈમાં ચિત્ત નહિ રાખતાં મારું જ સ્મરણ કરતાં-કરતાં દેહ તજે, તે મારા ભાવને પામે છે તેમાં કાંઈ પણ સંશય નથી.

**યં યં વાપિ સ્મરન્ ભાવં ત્યજત્યન્તે કલેવરમ્।**
**તં તમેવૈતિ કૌન્તેય સદા તદ્‌ભાવભાવિતઃ ।।૬।।**

**કૌન્તેય** - **અર્જુન;** સમ્બોધન
**અન્તે** - **પ્રયાણકાળે, અન્તકાળે;** નામ, સ.એ.વ., પુ.
**યમ્-યમ્** - **જે-જે;** સર્વનામ, દ્વિ.એ.વ., પુ. 'યદ્'
**વા, અપિ** - **અથવા, પણ;** અવ્યય
**ભાવમ્** - **ભાવને વૃત્તિથી ઉત્પન્ન થયેલું;** નામ, દ્વિ.એ.વ., પુ. 'ભાવ'
**સ્મરન્** - **સ્મરતો;** વ.કૃ., વિશેષણ, વિ. 'જનઃ'
**કલેવરમ્** - **શરીરને;** નામ, દ્વિ.એ.વ., નપુ.
**ત્યજતિ** - **છોડે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'ત્યજ્' ૧ ગણ, પરસ્મૈ.
**સદા** - **હંમેશા;** અવ્યય
**તદ્‌ભાવભાવિતઃ** - **તે ભાવથી ભાવિત થયેલો, તે ભાવને ચિન્તવત્ કરવાવાળો;** વિશેષણ, વિ. 'જનઃ' "તેન ભાવેન ભાવિતઃ ઇતિ" તત્પુ.
**સઃ** - **તે;** સર્વનામ, પ્ર.એ.વ. 'તત્'
**તમ્ તમ્** - **તે-તે;** સર્વનામ, દ્વિ.એ.વ., પુ. 'તત્'
**એવ** - **જ, માત્ર;** અવ્યય
**એતિ** - **પામે છે, જાય છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'ઇ' ૨ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** અથવા હે કૌન્તેય! અન્તે જે-જે ભાવનું સ્મરણ કરતાં શરીર તજે છે તે સદા તે ભાવની ભાવનાવાળો હોવાથી તેને જ પામે છે.

**વિવેચન:** અન્તકાલે મારું જ સ્મરણ કરનારા મારા ભાવને પામે છે. એટલો જ નિયમ નથી, પરન્તુ જે-જે માણસ જે-જે ભાવનું અન્તકાલે સ્મરણ કરતાં શરીરને તજે છે તે-તે માણસ સદા તે જ ભાવની ભાવનાવાળો હોવાથી તે ભાવને પામે છે. જેમ ભરતે મૃગનું સ્મરણ કરતાં શરીર તજેલું હોવાથી મૃગ થયા હતા તેવી રીતે સામાન્ય નિયમ છે. તેથી અન્તકાલે બીજા કોઈનું સ્મરણ નહિ કરતાં મારું જ સ્મરણ કરતાં શરીર તજવું ઉત્તમ છે.

શ્રીભાગવત્ ૨।૧।૬ ઉપરનાં સુબોધિનીમાં આ શ્લોકનું અનુસન્ધાન કરેલું છે.

**તસ્માત્ સર્વેષુ કાલેષુ મામ્ અનુસ્મર યુદ્ધય ચ।**

मय्यर्पित-मनो-बुद्धिः          मामेवैष्यस्यसंशयम्॥७॥

**તસ્માત્** - તેથી; અવ્યય
**સર્વેષુ** - બધામાં; સર્વનામ, સ.બ.વ., પુ.
**કાલેષુ** - કાલમાં, સમયોમાં; નામ, સ.બ.વ., પુ.
**મામ્** - મને; સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
**અનુસ્મર** - સ્મરણ કર; ક્રિ. આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ., અનુ + સ્મૃ ૧ ગણ, પરસ્મૈ.
**ચ** - અને; અવ્યય
**યુદ્ધ્ય** - લડ; ક્રિ. આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ., 'યુધ્' ૪ ગણ
**ઇત્થં** - આપ્રકારે;
**મયિ** - મારામાં; સર્વનામ, સ.એ.વ., 'અસ્મત્'
**અર્પિતમનોબુદ્ધિઃ** - જેણે મન અને બુદ્ધિ ને અર્પેલી છે; ''અર્પિતં મનઃ બુદ્ધિશ્ચ યેન'' બહુવ્રીહિ, વિશેષણ, વિ. 'ત્વમ્'
**ત્વમ્** - તું; સર્વનામ, પ્ર.એ.વ. 'યુષ્મદ્'
**અસંશયમ્** - સંશય વિના; અવ્યય
**મામ્** - મને; સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
**એવ** - જ; અવ્યય
**એષ્યસિ** - પામીશ, જશે; ક્રિ. ભ.કા. દ્વિ.પુ.એ.વ., 'ઇ' ૨ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ :** તેથી સર્વ કાલમાં મારું સ્મરણ કર અને યુદ્ધ કર. મારામાં મન અને બુદ્ધિ નું અર્પણ કરી તું મને જ પામીશ તેમાં સંશય નથી.

**વિવેચન :** આ પ્રમાણે નિયમ હોવાથી તું સર્વ કાલમાં ''શ્રી કૃષ્ણઃ શરણં મમ'' એમ મારું જ સ્મરણ કર. આ પ્રમાણે મારું સ્મરણ કરતાં તારું સ્વકર્મ કર તે પણ ઉત્તમ છે. તેથી યુદ્ધ કર. મારામાં મન તથા બુદ્ધિ અર્પણ કરી એટલે મારા માં જ સઙ્કલ્પ તથા વ્યવસાય રાખી તું મને જ પ્રાપ્ત કરીશ તેમાં કાંઈ સંશય નથી.

अभ्यासयोगयुक्तेन     चेतसा     नान्यगामिना।
परमं  पुरुषं  दिव्यं  याति  पार्थानुचिन्तयन्॥८॥

**પાર્થ** - હે અર્જુન; સમ્બોધન
**અભ્યાસયોગયુક્તેન** - અભ્યાસયોગમાં યોજાયેલા વડે; વિશેષણ, વિ. 'ચેતસાઃ'



''અભ્યાસઃ એવ યોગઃ તેન યુક્તેન'' કર્મધારય
**ન** - નહિ; અવ્યય
**અન્યગામિના** - બીજા કશામાં જનારા; વિશેષણ, વિ. 'ચેતસા' ''અન્યત્ર ગચ્છતિ ઇતિ'' ઉપપદ
**ચેતસા** - ચિત્તવડે; નામ તૃ.એ.વ., 'ચેતસ્'
**અનુચિન્તયન્** - ચિન્તન કરનારો; વ.કૃ. વિશેષણ, વિ. 'જનઃ'
**પરમમ્** - પરમ (શ્રેષ્ઠ); વિશેષણ, વિ. 'પુરુષમ્'
**દિવ્યમ્** - દિવ્ય; 'દિવિભવમ્' તદ્ધિત, વિશેષણ, વિ. 'પુરુષમ્'
**પુરુષમ્** - પુરુષને; સર્વનામ, દ્વિ.એ.વ.
**યાતિ** - જાય છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'યા' ૨ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ :** હે પાર્થ! અન્યત્ર નહિ જનાર અને અભ્યાસ તથા યોગથી યુક્ત ચિત્તથી પરમ દિવ્ય પુરુષનું ચિન્તન કરનાર તેને પામે છે.

**વિવેચન :** અન્યત્ર એટલે વિષય અથવા અક્ષર વિગેરે બીજા કોઈ સ્થળે નહિ જનાર, પરન્તુ અભ્યાસથી થતા યોગથી સ્થિર થએલા ચિત્તથી માત્ર પરમ દિવ્ય પુરુષનું ચિન્તન કરનાર તેને પામે છે.

कविं पुराणम् अनुशासितारम् अणोरणीयान् समनुस्मरेद् यः।
सर्वस्य धातारमचिन्त्यरूपम् आदित्यवर्णं तमसः परस्तात्॥९॥

**યઃ** - જે; સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'યત્'
**કવિમ્** - કવિ; નામ, દ્વિ.એ.વ., પુ. 'કવિ'
**પુરાણમ્** - પુરાણને; નામ, દ્વિ.એ.વ., પુ. વિશેષણ, વિ. 'કવિમ્'
**અનુશાસિતારમ્** - નિયન્તાને; વિશેષણ, વિ. 'કવિમ્'
**અણોઃ** - સૂક્ષ્મથી; નામ, પં.એ.વ., 'અણુ'
**અણીયાંસમ્** - વધારે સૂક્ષ્મને; વિશેષણ, વિ. 'કવિમ્'
**સર્વસ્ય** - બધાનું; સર્વનામ, ષ.એ.વ., નપુ.
**ધાતારમ્** - ધારણ કરનાર; નામ, દ્વિ.એ.વ., પુ. 'ધાતૃ'
**અચિન્ત્યરૂપમ્** - નહિ ચિન્તવન થાય એવા રૂપને; નામ, દ્વિ.એ.વ., પુ.
**આદિત્યવર્ણમ્** - સૂર્યના પ્રકાશ જેવું જેનું વર્ણ છે; વિશેષણ, વિ. 'કવિમ્'
**ચ** - અને; અવ્યય

तमसः - अन्धकारथी; नाम, पं.એ.વ., નપુ. 'तमस्'
परस्तात् - દૂર; અવ્યય
अनुस्मरेत् - સ્મરણ કરે; વિધ્યર્થ, તૃ.પુ.એ.વ., 'अनु + स्मृ' ૧ ગણ

**प्रयाणकाले मनसाऽचलेन भक्त्या युक्तो योगबलेन चैव।**
**भ्रुवोर्मध्ये प्राणमावेश्य सम्यक् स तं परं पुरुषमुपैति दिव्यम्॥१०॥**

**सः** - તે; સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'तद्'
**भक्त्या** - ભક્તિથી; નામ, તૃ.એ.વ., સ્ત્રી.
**युक्तः** - યોજાયેલો; વિશેષણ, વિ. 'यः' ભૂ.કૃ.
**प्रयाणकाले** - મરણ સમયે; નામ, સ.એ.વ., પુ.
**योगबलेन** - યોગના બળથી; નામ, તૃ.એ.વ., પુ. 'योगबल'
**भ्रुवोः** - બે ભવાંની (ભમરની); નામ, ષ.દ્વિ.વ. સ્ત્રી. 'भ्रू'
**मध्ये** - મધ્યભાગમાં; નામ, સ.એ.વ., નપુ.
**प्राणम्** - પ્રાણને; નામ, દ્વિ.એ.વ., પુ. 'प्राण'
**सम्यक्** - રૂડી રીતે; અવ્યય
**आवेश्य** - મૂકીને, સ્થાપન કરીને; વિધેય કૃદન્ત
**च** - અને; અવ્યય
**अचलेन** - સ્થિર; વિશેષણ, વિ. 'मनसा'
**मनसा** - મનથી; નામ, તૃ.એ.વ., નપુ. 'मनस्'
**स्मरन्** - સ્મરણ કરતો;
**तम्** - તેને; સર્વનામ, દ્વિ.એ.વ., પુ. 'तद्'
**दिव्यम्** - દિવ્ય; વિશેષણ, વિ. 'पुरुषम्'
**परम्** - પરમ; સર્વનામ, દ્વિ.એ.વ., પુ.
**पुरुषम्** - પુરુષને; નામ, દ્વિ.એ.વ., પુ.
**एव** - જ; અવ્યય
**उपैति** - પામે છે; સમીપમાં જાય છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., ઉપ + ઇ ૨ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** જે પ્રયાણ કાલે ભક્તિ તથા યોગબલથી યુક્ત થઈ બે ભ્રમરો મધ્યે પ્રાણને સારી રીતે રાખી અચલ મનથી પુરાણ કવિ, અનુશાસન કરનાર, અણુથી પણ અણુ, સર્વને ધારણ કરનાર, અચિન્ત્યરૂપવાળા,



તમઃથી પર, આદિત્યવર્ણવાળાનું સ્મરણ કરે તે - તે પર દિવ્ય પુરુષને પામે છે.

તે પર દિવ્ય પુરુષને પામે છે અર્થાત્ તેના સામીપ્યને પ્રાપ્ત કરે છે. સામીપ્યરૂપ મુક્તિ પ્રાપ્ત કરે છે.(૯-૧૦)

**यदक्षरं वेदविदो वदन्ति विशन्ति यद्यतयो वीतरागाः।**
**यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति तत्ते पदं संग्रहेण प्रवक्ष्ये॥११॥**

**वेदविदः** - વેદને જાણનારા, વિદ્વાનો; નામ, પ્ર.બ.વ., પુ. 'वेदविद्'
**यत्** - જે (પરમપદ); સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.
**अक्षरम्** - અક્ષરને (ૐને) નામ, દ્વિ.એ.વ., નપુ. 'अक्षर'
**वदन्ति** - કહે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., 'वद्' ૧ ગણ, પરસ્મૈ.
**वीतरागाः** - આસક્તિ વિનાના; વિશેષણ, વિ. 'यतयः' "वीताः रागाः येभ्यः" બહુવ્રીહિ
**यतयः** - યતિઓ, ઋષિઓ; નામ, પ્ર.બ.વ., પુ.
**यद्** - જે; સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.
**विशन्ति** - પ્રવેશે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., 'विश्' ૬ ગણ પરસ્મૈ.
**च** - અને; અવ્યય
**यत्** - જે; સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.
**इच्छन्तः** - ઈચ્છતા; વ.કૃ. વિશેષણ, વિ. 'पुरुषः'
**ब्रह्मचर्यम्** - બ્રહ્મચર્ય; નામ, દ્વિ.એ.વ., નપુ.
**चरन्ति** - આચરે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., 'चर्' ૧ ગણ
**तत्** - તે; સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.
**पदम्** - પદને; નામ, દ્વિ.એ.વ., નપુ. 'पद'
**ते** - તેને; સર્વનામ, ચ.એ.વ., 'युष्मद्'
**सङ्ग्रहेण** - સઙ્ગ્રહથી, ટૂંકમાં; નામ, તૃ.એ.વ., પુ. 'सङ्ग्रह'
**प्रवक्ष्ये** - સારી રીતે કહીશ; ક્રિ. ભ.કા. પ્ર.પુ.એ.વ., प्र + वच् ૨ ગણ, આત્મને.

**શ્લોકાર્થ:** વેદ જાણનારો જેને અક્ષર કહે છે, જેનો રાગ દૂર થએલો છે તેવા યતિઓ જેમાં પ્રવેશ કરે છે, જેની ઈચ્છા રાખનાર બ્રહ્મચર્ય પાળે છે તે પદ તને સંક્ષેપમાં કહીશ.

વિવેચન: ગયા શ્લોકમાં કહ્યા પ્રમાણે યોગથી અધિયજ્ઞની પ્રાપ્તિ થાય છે. જ્ઞાનીઓને પણ તેની જ પ્રાપ્તિ થાય છે એમ કહેવા તેના ઉપાસકો કહે છે. તે મારા અક્ષરનું સ્વરૂપ હું તને સંક્ષેપથી કહીશ. તેને વેદ જાણનાર 'અક્ષર' કહે છે. "હે ગાર્ગિ! આ તે અક્ષર છે" વિગેરે શ્રુતિઓમાં તેને અક્ષર કહેલું છે. વેદ જાણનાર ઘણું કરી અક્ષર સુધી પહોંચી શકે છે એવો ભાવાર્થ આમાંથી નીકળે છે. જેનો રાગ દૂર થએલો છે તેવા યતિઓ તેમાં પ્રવેશ કરે છે. અર્થાત્ તે પદ પ્રાપ્ત કરે છે. તેની જ ઈચ્છાથી બ્રહ્મચારીઓ બ્રહ્મચર્ય પાળે છે. મારા ચરણરૂપ હોવાથી અક્ષરને અહીં 'પદ' કહેલું છે.

બ્રહ્મસૂત્ર ૩।૩।૩૩ ઉપરના અણુભાષ્યમાં આ શ્લોક તથા આની પછીના ૧૨, ૧૩ અને ૧૪ મા શ્લોકોનું અનસન્ધાન કરેલું છે.

**સર્વદ્વારાણિ સંયમ્ય મનોહૃદિ નિરુધ્ય ચ।**
**મૂર્ધ્ન્યાધાયાત્મનઃ પ્રાણમ્ આસ્થિતો યોગધારણામ્॥૧૨॥**

**સર્વદ્વારાણિ - ઈન્દ્રિયોનાં બધાં દ્વારોને;** નામ, દ્વિ.બ.વ., નપુ.
**સંયમ્ય - રોકીને, વિષયોમાંથી રોકીને;** વિધેય કૃદન્ત
**મનઃ - મનને;** નામ, દ્વિ.એ.વ., 'મનસ્' નપુ.
**હૃદિ - હૃદયમાં;** નામ, સ.એ.વ., નપુ. 'હૃદ્'
**નિરુધ્ય - નિરોધ કરીને;** વિધેય કૃદન્ત
**ચ - અને;** અવ્યય
**આત્મનઃ - પોતાના;** નામ, ષ.એ.વ., પુ. 'આત્મન્'
**પ્રાણમ્ - પ્રાણને;** નામ, દ્વિ.એ.વ., પુ.
**મૂર્ધ્નિ - તાળવામાં, મસ્તકમાં;** નામ, સ.એ.વ., પુ. 'મૂર્ધન્'
**આધાય - મૂકીને, રાખીને;** વિધેય કૃદન્ત આ + ધા ૩ ગણ
**યોગધારણામ્ - યોધારણામાં;** નામ, દ્વિ.એ.વ., સ્ત્રી. 'યોગધારણા'
**આસ્થિતઃ - સ્થિર રહેલો;** વિશેષણ, વિ. 'યોગી' ભૂ.કૃ.

**ઓમ્ ઈત્યેકાક્ષરં બ્રહ્મ વ્યાહરન્ મામ્ અનુસ્મરન્।**
**યઃ પ્રયાતિ ત્યજન્ દેહં સ યાતિ પરમાં ગતિમ્॥૧૩॥**

**યઃ - જે;** સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'યદ્'
**ઓમ્ - ઓમ્, અક્ષરબ્રહ્મ, પ્રણવ;** નામ



**ઈતિ - એમ;** અવ્યય
**એકાક્ષરમ્ - એક અક્ષર સ્વરૂપને;** નામ, દ્વિ.એ.વ., નપુ.
**બ્રહ્મ - બ્રહ્મને;** નામ, દ્વિ.એ.વ., નપુ.
**વ્યાહરન્ - ઉચ્ચાર કરતો;** વ.કૃ. વિશેષણ, વિ. 'યઃ'
**મામ્ - મને;** સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
**અનુસ્મરન્ - ચિન્તવન કરતો;** વ.કૃ. વિશેષણ, વિ. 'યઃ'
**દેહમ્ - શરીરને;** નામ, દ્વિ.એ.વ., પુ. 'દેહ'
**ત્યજન્ - છોડતો;** વ.કૃ. વિશેષણ, વિ. 'યઃ'
**પ્રયાતિ - જાય છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., પ્ર + યા ૨ ગણ
**સઃ - તે;** સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'તદ્'
**પરમામ્ - પરમ, શ્રેષ્ઠ;** વિશેષણ, વિ. 'ગતિમ્'
**ગતિમ્ - ગતિને;** નામ, દ્વિ.એ.વ., સ્ત્રી. 'ગતિ'
**યાતિ - પામે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'યા' ૨ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** સર્વ દ્વારોનો સંયમ કરી, મનનો હૃદયમાં નિરોધ કરી, પોતાના પ્રાણને મસ્તકમાં રાખી, યોગધારણા કરતાં, ૐ એ એકાક્ષર બ્રહ્મ ઉચ્ચારતાં અને મારું સ્મરણ કરતાં જે દેહ તજી જાય છે તે પરમ ગતિ પામે છે.

**વિવેચન:** 'અક્ષર' પદ પ્રાપ્ત કરવાનો ઉપાય અઙ્ગસહિત આ બે શ્લોકમાં કહે છે. આ પ્રમાણે આચરણ કરનાર ગયા શ્લોકમાં 'પદ' કહ્યું તે ઉત્તમ ગતિને અર્થાત્ અક્ષરને પામે છે(૧૨-૧૩).

**અનન્યચેતાઃ સતતં યો માં સ્મરતિ નિત્યશઃ।**
**તસ્યાહં સુલભઃ પાર્થ! નિત્યયુક્તસ્ય યોગિનઃ॥૧૪॥**

**પાર્થ - અર્જુન;** સમ્બોધન
**યઃ - જે;** સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'યત્'
**અનન્યચેતાઃ - મારામાં અનન્ય ચિત્તવડે સ્થિત થયેલો;** "ન અન્યત્ ચેતઃ યસ્ય ઈતિ" બહુવ્રીહિ
**નિત્યશઃ સતતમ્ - સદા નિરન્તર;** અવ્યય
**મામ્ - મને;** સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
**સ્મરતિ - સ્મરણ કરે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'સ્મૃ' ૧ ગણ, પરસ્મૈ.

તસ્ય - તેનો; સર્વનામ, ષ.એ.વ., પુ. 'તદ્'
નિત્યયુક્તસ્ય - હંમેશા મારામાં યોજાયેલો; વિશેષણ, વિ. 'યોગિનઃ'
યોગિનઃ - યોગીનું; નામ, ષ.એ.વ., 'યોગિન્'
અહમ્ - હું; સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
સુલભઃ - જલદીથી પ્રાપ્ત થઈ શકે એવો; વિશેષણ, વિ. 'અહમ્'

શ્લોકાર્થ :હે પાર્થ! જે અનન્ય ચિત્તવાળો રહી નિત્ય મારું સતત સ્મરણ કરે છે તે નિત્યયુક્ત યોગીને હું સુલભ છું.

વિવેચન: ૮ (૯,૧૦), ૧૧, (૧૨,૧૩) શ્લોકથી પરમાત્માનું ચિન્તન કરનારને અક્ષરની પ્રાપ્તિ થવાના ત્રણ પ્રકાર કહ્યા. હવે ભક્તોને ભગવાન્‌ની પ્રાપ્તિ કેવી રીતે થાય છે તે કહે છે. ભગવાન્ સિવાય અન્ય સ્ત્રી-પુત્ર વિગેરે લૌકિક વિષય અથવા અક્ષર વિગેરે અલૌકિક વિષયમાં પણ ચિત્ત નહિ રાખતાં જે માત્ર ભગવાનમાં જ અર્થાત્ મારામાં જ ચિત્ત રાખે છે અને સદા નિરન્તર મારું જ સ્મરણ કરે છે, તેવા નિત્યયુક્ત અથવા મારામાં નિત્ય અનુરાગ રાખનાર યોગીને નિરુપમ મહિમાવાળો પુરુષોત્તમ ભગવાન વાસુદેવ હું પણ સુલભ છું.

ભગવાન્ વાસુદેવની જેને પ્રાપ્તિ થાય તેને પુનર્જન્મ થતો નથી એમ સદાચારથી દર્શાવે છે:

**મામ્ ઉપેત્ય પુનર્જન્મ દુઃખાલયમ્ અશાશ્વતમ્।**
**નાપ્નુવન્તિ મહાત્માનઃ સંસિદ્ધિં પરમાં ગતાઃ ॥૧૫॥**

પરમામ્ - પરમ; વિશેષણ, વિ. 'સંસિદ્ધિમ્'
સંસિદ્ધિમ્ - સિદ્ધિને; નામ, દ્વિ. એ. સ્ત્રી. 'સંસિદ્ધિ'
ગતાઃ - પામેલા, ગયેલા; વિશેષણ, વિ. 'મહાત્માનઃ'
મહાત્માનઃ - મહાત્માઓ; નામ, પ્ર.બ.વ., પુ. 'મહાત્મન્'
મામ્ - મને; સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મદ્'
ઉપેત્ય - પામીને; વિધેય કૃદન્ત 'ઉપ + ઈ'
દુઃખાલયમ્ - દુઃખનું સ્થાન; દ્વિ.એ.વ., નપુ. વિશેષણ, વિ, 'પુનર્જન્મ' "દુઃખસ્ય આલયમ્" તત્પુરુષ
અશાશ્વતમ્ - હંમેશાનું નહિ તે; "ન શાશ્વતમ્ ઈતિ" નઞ તત્પુ. વિશેષણ



પુનર્જન્મ - પુનર્જન્મ; નામ, દ્વિ.એ.વ., નપુ.
ન - નહિ; અવ્યય
આપ્નુવન્તિ - પ્રાપ્ત કરે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., 'આપ્' ૫ ગણ, પરસ્મૈ.

શ્લોકાર્થ: પરમ સંસિદ્ધિને પામેલા મહાત્માઓને મને પ્રાપ્ત કર્યા પછી દુઃખના સ્થાનરૂપ અનિત્ય પુનર્જન્મ થતો નથી.

વિવેચન: ભગવાન્‌ના ભક્તો અને અન્ય દેવતાઓના ઉપાસકોમાં આ મુખ્ય ભેદ છે. ભગવાન્‌ના ભક્તોને ભગવાન્‌ની પ્રાપ્તિ થાય છે અને ત્યાર પછી તેમને પુનર્જન્મ થતો નથી. અન્ય સર્વને પુનર્જન્મ થાય છે.

**આબ્રહ્મભુવનાત્ લોકાઃ પુનરાવર્તિનોઽર્જુન!।**
**મામ્ ઉપેત્ય તુ કૌન્તેય! પુનર્જન્મ ન વિદ્યતે ॥૧૬॥**

અર્જુન - અર્જુન; સમ્બોધન
આબ્રહ્મભુવનાત્ - બ્રહ્મલોકથી માંડીને; નામ, પં.એ.વ., નપુ.
લોકાઃ - લોકો; નામ, પ્ર.બ.વ., પુ. 'લોક'
પુનરાવર્તિનઃ - પુનરાવૃત્તિ સ્વભાવવાળા; વિશેષણ, વિ. 'લોકાઃ'
સન્તિ - છે; ક્રિ. વર્ત.કા. તૃ.પુ.બ.વ. 'અસ્'
તુ - તો પણ; અવ્યય
કૌન્તેય - અર્જુન; સમ્બોધન
મામ્ - મને; સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
ઉપેત્ય - પામીને; વિધેય કૃદન્ત, 'ઉપ +ઈ' ૨ ગણ, પરસ્મૈ.
પુનર્જન્મ - પુનર્જન્મ; નામ, પ્ર.એ.વ., નપુ.
ન - નહિ; અવ્યય
વિદ્યતે - થાય છે. ક્રિ. વ.કર્મણિ તૃ.પુ.એ.વ., 'વિદ્' ૬ ગણ

શ્લોકાર્થ: હે અર્જુન! બ્રહ્મલોક પર્યન્ત સર્વ લોકોની પુનરાવૃત્તિ થાય છે, પરન્તુ હે કૌન્તેય! મને પ્રાપ્ત કર્યા પછી પુનર્જન્મ થતો નથી.

વિવેચન: બ્રહ્મભુવન સુધીના સર્વે લોકોને પુનર્જન્મ થાય છે પરન્તુ જે મને પ્રાપ્ત કરે છે તેમને પુનર્જન્મ થતો નથી. આ વાત નિશ્ચિત છે

એમાં કાંઈ સંશય નથી એમ દર્શાવવા આ પુનઃ કહેલ છે.

બ્રહ્મસૂત્ર ૪।૧।૧૨ તથા ૪।૩।૧ ઉપરના આણુભાષ્યમાં અને શ્રીભાગવત્ ૧૧।૭।૨૨, ૨।૨।૮, ૨।૨।૩૧, ૩।૧૯।૧૫ તથા ૧૦।૨૦।૨૯ ઉપરનાં સુબોધિનીમાં આ શ્લોકનું અનુસન્ધાન કરેલું છે.

**સહસ્રયુગપર્યન્તમ્ અહર્ યદ્ બ્રહ્મણો વિદુઃ ।**
**રાત્રિં યુગસહસ્રાન્તાં તેઽહોરાત્રવિદો જનાઃ ॥૧૭॥**

**બ્રહ્મણઃ** - **બ્રહ્માનો;** નામ, ષ.એ.વ., નપુ.
**યત્** - **જે;** સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.
**અહઃ** - **દિવસ;** નામ, દ્વિ.એ.વ., નપુ.
**સહસ્રયુગમપર્યન્તમ્** - **હજાર ચતુર્યુગો સુધીનો;** વિશેષણ, વિ. 'અહઃ'
**ચ** - **અને;** અવ્યય
**યુગસહસ્રાન્તામ્** - **હજાર ચતુર્યુગની અવધિવાળી;** વિશેષણ, વિ. 'રાત્રિમ્'
**રાત્રિમ્** - **રાત્રિને;** નામ, દ્વિ.એ.વ., સ્ત્રી. 'રાત્રિ'. **યે જનાઃ** - **જે લોકો**
**વિદુઃ** - **જાણે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., 'વિદ્' ૨ ગણ
**તે** - **તેઓ;** સર્વનામ, પ્ર.બ.વ., પુ. 'તત્'
**અહોરાત્રવિદઃ** - **દિવસ અને રાત્રિ જાણનારાઓ, કાલના તત્ત્વને સમજનારા;** વિશેષણ, વિ. 'જનાઃ'
**જનાઃ** - **માણસો;** નામ,પ્ર.બ.વ., પુ. 'જન'
**સન્તિ** - **છે;** ક્રિ. વર્ત.કા. તૃ.પુ.બ.વ. 'અસ્'

**શ્લોકાર્થ :** જેઓ સહસ્ર મહાયુગ સુધીનો બ્રહ્માનો દિવસ અને તે સહસ્ર મહાયુગની રાત્રિ જાણે છે તેઓ અહોરાત્રને જાણનાર છે.

**વિવેચન :** બ્રહ્મભુવન સુધીના લોકોની પુનરાવૃત્તિ કેમ થાય? એવી શઙ્કા થાય, તે દૂર કરવા બ્રહ્માના દિવસ તથા રાત્રિ નું પરિમાણ કહે છે. મનુષ્યના ૪,૩૨,૦૦૦ વર્ષનો કલિયુગ છે. તેથી બમણો દ્વાપરયુગ, ત્રણગણો ત્રેતાયુગ અને ચારગણો કૃતયુગ છે. તેથી ચારે યુગ મળી મનુષ્યનાં ૪૩,૨૦,૦૦૦ વર્ષ થાય છે. તેને મહાયુગ કહે છે. આવા ૧૦૦૦ મહાયુગનો બ્રહ્માનો દિવસ અને તેટલી જ બ્રહ્માની રાત્રિ છે. રાત્રિ દિવસ મળી એક દિવસ થયો. એ પ્રમાણે દિવસ ગણી ૧૦૦ વર્ષનું બ્રહ્માનું આયુષ્ય પુરું થતાં



બ્રહ્માનો પણ લય થઈ જાય છે ત્યારે બ્રહ્મલોક પ્રાપ્ત કરનારનો લય થઈ જાય તેમાં આશ્ચર્ય શું?

આ શ્લોકથી આરમ્ભી ૨૨ મા સુધીના શ્લોકોનું અનુસન્ધાન બ્રહ્મસૂત્ર ૩।૩।૩૩ ઉપરના આણુભાષ્યમાં કરેલું છે.

**અવ્યક્તાદ્ વ્યક્તયઃ સર્વાઃ પ્રભવન્ત્યહરાગમે ।**
**રાત્ર્યાગમે પ્રલીયન્તે તત્રૈવાવ્યક્તસઞ્જ્ઞકે ॥૧૮॥**

**સર્વાઃ** - **બધા;** નામ, પ્ર.બ.વ. સ્ત્રી. 'સર્વ'
**વ્યક્તયઃ** - **દશ્ય પદાર્થો;** નામ, પ્ર.બ.વ., સ્ત્રી. 'વ્યક્તિ'
**અહરાગમે** - **બ્રહ્માનો દિવસ થાય ત્યારે;** નામ, સ.એ.વ., પુ.
**અવ્યક્તાત્** - **અવ્યક્ત, બ્રહ્માના સૂક્ષ્મ શરીરથી;** વિશેષણ, વિ. 'બ્રહ્મણઃ'
**પ્રભવન્તિ** - **ઉત્પન્ન થાય છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., પ્ર + ભૂ ૧ ગણ, પરસ્મૈ.
**ચ** - **અને;** અવ્યય
**રાત્ર્યાગમે** - **બ્રહ્માની રાત્રિ થાય ત્યારે;** નામ, સ.એ.વ., પુ.
**તત્રૈવ** - **ત્યાંજ;** અવ્યય
**અવ્યક્તસંજ્ઞકે** - **અવ્યક્ત સંજ્ઞાવાળા બ્રહ્મામાં;** નામ, સ.એ.વ.,
**પ્રલીયન્તે** - **પ્રલય થાય છે;** ક્રિ. વ.કર્મણિ તૃ.પુ.બ.વ., પ્ર + લિ ૯ ગણ

**શ્લોકાર્થ :** દિવસ થાય ત્યારે વ્યક્તિઓનો અવ્યક્તમાંથી પ્રભવ થાય છે. રાત્રિ થાય ત્યારે તે જ અવ્યક્તમાં તેઓનો લય થાય છે.

**વિવેચન :** જ્યારે બ્રહ્માનો દિવસ થાય ત્યારે ભગવાન્ના ચરણરૂપ અવ્યક્ત અક્ષરમાંથી સમષ્ટિના મૂલભૂત અને તેમની પ્રકૃતિ સાથે ઉત્પન્ન થએલ પરમેષ્ઠી બ્રહ્મામાંથી દેવ, મનુષ્ય, કીટ, તૃણ વિગેરે સ્થાવર જઙ્ગમ સર્વ વ્યક્તિઓ પ્રકટ થાય છે, અને જ્યારે બ્રહ્માની રાત્રિ થાય છે ત્યારે તે જ અવ્યક્ત અક્ષરમાં તે સર્વ વ્યક્તિઓ લીન થઈ જાય છે.

**ભૂતગ્રામઃ સ એવાયં ભૂત્વા-ભૂત્વા પ્રલીયતે ।**
**રાત્ર્યાગમેઽવશઃ પાર્થ! પ્રભવત્યહરાગમે ॥૧૯॥**

**સઃ** - **તે;** સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'તદ્'

એવ - જ, માત્ર; અવ્યય
અયમ્ - આ; સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'ઇદમ્'
ભૂતગ્રામઃ - ભૂતોનો સમુદાય; નામ, પ્ર.એ.વ., પુ. 'ભૂતગ્રામઃ'
ભૂત્વા - ભૂત્વા - થઈ થઈને; વિધેય કૃદન્ત
અવશઃ - પરવશ; વિશેષણ, વિ. 'ભૂતગ્રામઃ'
રાત્ર્યાગમે - બ્રહ્માની રાત્રિ આવતાં; નામ, સ.એ.વ.,
પ્રલીયતે - લય પામે છે; ક્રિ. વર્ત. કર્મણિ, તૃ.પુ.એ.વ., પ્ર + લી ૯ગણ
ચ - અને; અવ્યય
અહરાગમે - બ્રહ્માનો દિવસ આવતાં; નામ, સ.એ.વ.,
પ્રભવતિ - ઉત્પન્ન થાય છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., પ્ર + ભૂ ૧ ગણ પરસ્મૈ.
પાર્થ - અર્જુન; સમ્બોધન

**શ્લોકાર્થ:** હે પાર્થ! તે જ આ ભૂતોનો સમૂહ પ્રકટ થઈ રાત્રિ થાય ત્યારે પરવશ હોઈ લીન થાય છે અને દિવસ થાય ત્યારે પ્રકટ થાય છે.

**વિવેચન:** આ જ ભૂતોનો સમૂહ પ્રકૃતિના ગુણોને પરવશ હોવાથી જ્યારે-જ્યારે બ્રહ્માનો દિવસ થાય ત્યારે-ત્યારે પ્રકટ થાય છે અને જ્યારે-જ્યારે બ્રહ્માની રાત્રિ થાય ત્યારે-ત્યારે લય પામે છે.

**પરસ્તસ્માત્તુ ભાવોઽન્યોઽવ્યક્તો વ્યક્તાત્ સનાતનઃ।**
**યઃ સ સર્વેષુ ભૂતેષુ નશ્યત્સુ ન વિનશ્યતિ॥૨૦॥**

તુ - પરન્તુ; અવ્યય
તસ્માત્ - તેનાથી; સર્વનામ, પં.એ.વ., 'તદ્'
વ્યક્તાત્ - વ્યક્તથી; નામ, પં.એ.વ., પુ.
અપિ - પણ; અવ્યય
પરઃ - આગળ, શ્રેષ્ઠ; વિશેષણ, વિ. 'ભાવઃ'
અન્યઃ - બીજો; વિશેષણ, વિ. 'ભાવઃ'
યઃ - જે; સર્વનામ, પ્ર.એ.વ., પુ.
સનાતનઃ અવ્યક્તઃ - શાશ્વત અવ્યક્ત; વિશેષણ, વિ. 'ભાવઃ'
ભાવઃ - ભાવ; નામ, પ્ર.એ.વ., પુ. 'ભાવ'



સઃ - તે; સર્વનામ પ્ર.એ.વ., પુ.
સર્વેષુ - બધામાં; સર્વનામ, સ.બ.વ. પુ.
ભૂતેષુ - ભૂતોમાં; નામ, સ.બ.વ., પુ.
નશ્યત્સુ - નાશ પામતાઓમાં; વિશેષણ, વિ. 'ભૂતેષુ'
અપિ ન - પણ નહિ; અવ્યય
વિનશ્યતિ - નાશ પામે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'વિ + નશ્' ૪ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** પણ તે વ્યક્તથી પર અન્ય સનાતન અવ્યક્ત ભાવ છે જે સર્વ ભૂતોનો નાશ થવા છતાં નાશ પામતો નથી.

**વિવેચન:** વારંવાર વ્યક્ત અથવા પ્રકટ થતો હોવાથી આને વ્યક્ત ભાવ કહ્યો. તેમાં બ્રહ્મલોક પર્યન્ત સર્વ લોકોનો સમાવેશ થાય છે. આ ભાવ ક્ષર છે, કારણ કે તેનો વારંવાર લય થાય છે. આ વ્યક્ત ક્ષર ભાવથી પર અથવા ગુણાતીત અન્ય સનાતન અવ્યક્ત ભાવ છે. સર્વભૂતોનો નાશ થવા છતાં ગુણાતીત અવ્યક્ત ભાવનો નાશ થતો નથી. આ અવ્યક્ત ભાવ સનાતન હોવાથી અનાદિસિદ્ધ છે, પર એટલે ગુણાતીત અથવા સર્વોત્તમ છે. સર્વ ભૂતોનો નાશ થવાં છતાં આ સર્વોત્તમ ભાવમાં કોઈ પ્રકારનો વિકાર થતો નથી.

**અવ્યક્તો'ઽક્ષર' ઈત્યુક્તઃ તમાહુઃ પરમાં ગતિમ્।**
**યં પ્રાપ્ય ન નિવર્તન્તે તદ્ધામ પરમં મમ॥૨૧॥**

યમ્ - જેને; સર્વનામ, દ્વિ.એ.વ., પુ. 'યત્'
પ્રાપ્ય - મેળવીને; વિધેય કૃદન્ત
જનાઃ - લોકો;
ન - નહિ; અવ્યય
નિવર્તન્તે - પાછા આવે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., 'નિ + વૃત્' ૧ ગણ, આત્મને.
તત્ - તે; સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.
મમ - મારું; સર્વનામ, ષ.એ.વ., 'અસ્મત્'
પરમમ્ - પરમ; વિશેષણ, વિ. 'ધામ'

ધામ - ધામ; નામ, દ્વિ.એ.વ., નપુ. 'ધામન્'
અવ્યક્તઃ - અવ્યક્ત; વિશેષણ, વિ. 'અક્ષરઃ'
અક્ષરઃ - અક્ષર; નામ, પ્ર.એ.વ., પુ. 'અક્ષર'
ઇતિ - એ પ્રમાણે; અવ્યય
ઉક્તઃ - કહેવાયેલો છે; ભૂ.કૃ. વિશેષણ, વિ. 'અક્ષરઃ'
જ્ઞાનિનઃ - જ્ઞાનિજનો
તમ્ - તેને; સર્વનામ, દ્વિ.એ.વ., પુ.
પરમામ્ - પરમ; વિશેષણ, વિ. 'ગતિમ્'
ગતિમ્ - ગતિને; નામ, દ્વિ.એ.વ., સ્ત્રી
આહુઃ - કહે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., 'બ્રૂ' ૨ ગણ

**શ્લોકાર્થ:** અવ્યક્તને 'અક્ષર' કહે છે. તેને પરમ ગતિ કહે છે. તેને પ્રાપ્ત કરી પાછા ફરતા નથી. તે મારું પરમ ધામ છે.

**વિવેચન:** આ અવ્યક્તને 'અક્ષર' કહે છે, કારણ કે તે મારા ચરણાંશરૂપ હોવાથી તેનામાં વિકાર થતો નથી. તેને જ પરમ ગતિ કહે છે, કારણ કે તે અક્ષરને પ્રાપ્ત કર્યા પછી કોઈ સંસારમાં પાછું આવતું નથી. આ અક્ષરનું માહાત્મ્ય મારા સમ્બન્ધને લઈને છે એમ દર્શાવવા તે અક્ષર મારું પરમ ધામ છે એમ કહે છે. મારા ધામમાંથી પુનઃ સંસારમાં આવવાનું હોય નહિ.

અહીં 'અવ્યક્ત' અક્ષરબ્રહ્મને કહેલ છે, તેનો અર્થ જીવ અથવા પ્રકૃતિ થઈ શકે નહિ; કારણ કે જીવ અથવા પ્રકૃતિ પરમ ગતિ કહેવાય નહિ. તેમજ જીવ અથવા પ્રકૃતિને પ્રાપ્ત કરી પુનઃજન્મ ન થાય એમ પણ કહી શકાય નહિ.

આ અક્ષરની પ્રાપ્તિ કરવા ઉપર પ્રમાણે સાધન આવશ્યક છે, પરન્તુ મારી પ્રાપ્તિ માત્ર અહૈતુકી ભક્તથી જ થાય છે એમ કહે છે:

**પુરુષઃ સ પરઃ પાર્થ! ભક્ત્યા લભ્યઃ ત્વનન્યયા।**
**યસ્યાન્તઃ સ્થાનિ ભૂતાનિ યેન સર્વમ્ ઇદં તતમ્॥૨૨॥**

પાર્થ - અર્જુન; સમ્બોધન
યસ્ય - જેનું; સર્વનામ, ષ.એ.વ., 'યદ્'



અન્તઃસ્થાનિ - અન્દર રહેલા (અન્તરમાં); વિશેષણ, વિ. 'ભૂતાનિ'
ભૂતાનિ - ભૂતો; નામ, પ્ર.બ.વ., નપુ. 'ભૂત'
ચ - અને; અવ્યય
યેન - જેનાવડે; સર્વનામ, તૃ.એ.વ., પુ. 'યત્'
ઇદમ્ - આ; સર્વનામ, પ્ર.એ.વ., નપુ. 'ઇદમ્'
સર્વમ્ - બધું; સર્વનામ, પ્ર.એ.વ., નપુ. 'સર્વ'
તતમ્ - પથરાયેલું; ભૂ.કૃ. વિશેષણ, વિ. 'ઇદમ્' તન્' ૮ ગણ
સઃ - તે; સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'તદ્'
પરઃ - શ્રેષ્ઠ; વિશેષણ, વિ. 'પુરુષઃ'
પુરુષઃ - પુરુષ; નામ, પ્ર.એ.વ., પુ.
તુ - પણ; અવ્યય
અનન્યયા - અનન્યવડે; વિશેષણ, વિ. 'ભક્ત્યા'
ભક્ત્યા - ભક્તિથી; નામ, તૃ.એ.વ., સ્ત્રી 'ભક્તિ'
લભ્યઃ - મેળવી શકાય એવા; વિધેય કર્મણિ કૃદન્ત, વિશેષણ, વિ. 'પુરુષઃ'

**શ્લોકાર્થ:** પરન્તુ હે પાર્થ! અનન્ય ભક્તિથી લભ્ય પુરુષ પર છે. તેની અન્દર ભૂતો રહેલા છે. તેનાથી આ સર્વ વ્યાપેલું છે.

**વિવેચન:** તે અક્ષર જેનું ધામ છે તે પર પુરુષ અનન્ય ભક્તિથી પ્રાપ્ય છે. તેથી જ્ઞાનીઓને માત્ર અક્ષરની જ પ્રાપ્તિ થાય છે, પણ પર પુરુષની પ્રાપ્તિ થતી નથી. માત્ર અનન્ય ભક્તોને જ પર પુરુષ પ્રાપ્ત થાય છે. આ પરપુરુષનું લક્ષણ કહે છે કે તે પરપુરુષની અંદર સર્વ ભૂતો રહેલાં છે. અક્ષર સહિત સર્વ ભૂતો તેની અન્દર રહેલાં છે. આ મૃદભક્ષણ પ્રસંગમાં સિદ્ધ થએલું છે. વળી તે પરપુરુષથી આ સર્વ વ્યાપી રહેલું છે. હું તે પરપુરુષ છું. પરિચ્છિન્ન દેખાઉં છું છતાં આ સર્વવ્યાપી રહેલો છું તે દામોદરલીલાથી સિદ્ધ થએલું છે.

**યત્ર કાલે ત્વનાવૃત્તિમ્ આવૃત્તિં ચૈવ યોગિનઃ।**
**પ્રયાતા યાન્તિ તં કાલં વક્ષ્યામિ ભરતર્ષભ!॥૨૩॥**

તુ - અને; અવ્યય
યત્ર - જ્યાં, જે ગતિમાર્ગમાં; અવ્યય

કાલે - વખતમાં, સમયમાં, ગતિમાં, માર્ગ; નામ, સ.એ.વ., પુ.
પ્રયાતાઃ - ગયેલા; ભૂ.કૃ. વિશેષણ, વિ. 'યોગિનઃ'
યોગિનઃ - યોગીઓ; નામ, પ્ર.બ.વ., પુ. 'યોગિન્'
અનાવૃત્તિમ્ - પાછા ન ફરવું તે; નામ, દ્વિ.એ.વ., સ્ત્રી. 'અનાવૃત્તિ'
ચ - અને; અવ્યય
આવૃત્તિમ્ - પાછા ફરવું તે; નામ, દ્વિ.એ.વ., સ્ત્રી.
એવ - જ માત્ર; અવ્યય
યાન્તિ - જાય છે; ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., 'યા' ૨ ગણ પરસ્મૈ.
ભરતર્ષભ - અર્જુન; સમ્બોધન
તમ્ - તે; સર્વનામ, દ્વિ.એ.વ., પુ. 'તદ્'
કાલમ્ - કાળગતિને; નામ, દ્વિ.એ.વ., પુ. 'કાલ'
વક્ષ્યામિ - હું કહીશ; ક્રિ. ભ.કા. પ્ર.પુ.એ.વ., 'વચ્' ૨ ગણ, પરસ્મૈ.

શ્લોકાર્થ: હે ભરતર્ષભ! જે કાલમાં પ્રયાણ કરનાર યોગીઓ 'અનાવૃત્તિ તથા આવૃત્તિ પામે છે તે કાલ કહું છું.

વિવેચન: ક્યારે ક્યા માર્ગે જનાર યોગીઓને પુનર્જન્મ થતો નથી, અને ક્યારે ક્યા માર્ગે જનાર યોગીઓને પુનર્જન્મ થાય છે તે કહે છે. જે કાલમાં પ્રયાણ કરનાર એટલે પ્રાણ ત્યાગ કરનાર યોગીઓ અનાવૃત્તિ પામે છે એટલે પુનર્જન્મથી મુક્ત થાય છે, અને જે કાલમાં પ્રાણ ત્યાગ કરનાર યોગીઓ આવૃત્તિ પામે છે એટલે પુનર્જન્મ પામે છે તે કહું છું. અહીં કાલ શબ્દથી ૧. સમય તેમજ ૨. દિવસથી આરમ્ભી સંવત્સર સુધીના કાલના અભિમાની દેવતાઓ જે માર્ગે જીવને લઈ જાય છે તે માર્ગ સમજવાના છે.

**અગ્નિર્જ્યોતિરહઃ શુક્લઃ ષણ્માસા ઉત્તરાયણમ્।**
**તત્ર પ્રયાતા ગચ્છન્તિ બ્રહ્મ બ્રહ્મવિદો જનાઃ ॥૨૪॥**

જ્યોતિઃ - પ્રકાશ; નામ, પ્ર.એ.વ., નપુ. 'જ્યોતિ'
અગ્નિઃ - અગ્નિ; નામ, પ્ર.એ.વ., પુ. 'અગ્નિ'
ચ - અને; અવ્યય
અહઃ - દિવસ ''દિવસનો અભિમાની દેવતા''; નામ, પ્ર.એ.વ., નપુ.



અસ્તિ - છે; ક્રિ. વર્ત.કા., તૃ.પુ.એ.વ. 'અસ્'
શુક્લઃ - શુક્લપક્ષ, સુદ; નામ, પ્ર.એ.વ., પુ. 'શુક્લ'
અપિ અસ્તિ ચ - પણ છે અને; અવ્યય, ક્રિયાપદ
ષણ્માસાઃ - ઉત્તરાયણના છ મહિના; નામ, પ્ર.બ.વ., પુ. 'ષણ્માસ'
ઉત્તરાયણમ્ - ઉત્તરાયણ; નામ, પ્ર.એ.વ., નપુ. 'ઉત્તરાયણ'
અપિ અસ્તિ - પણ છે; ક્રિયાપદ
તત્ર - ત્યાં, તે કાલમાર્ગમાં; અવ્યય
પ્રયાતાઃ - ગયેલા; વિશેષણ, વિ. 'જનાઃ'
બ્રહ્મવિદઃ - બ્રહ્મને જાણનાર; વિશેષણ, વિ. 'જનાઃ'
જનાઃ - માણસો; નામ, પ્ર.બ.વ., પુ. 'જન'
બ્રહ્મ - બ્રહ્મને; નામ, દ્વિ.એ.વ., નપુ. 'બ્રહ્મન્'
ગચ્છન્તિ - જાય છે; ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., 'ગમ્' ૧ ગણ, પરસ્મૈ.

શ્લોકાર્થ: અગ્નિ, જ્યોતિઃ, દિવસ, શુક્લપક્ષ અને ઉત્તરાયણના છ માસમાં પ્રયાણ કરનાર બ્રહ્મ જાણનાર લોકો બ્રહ્મ પામે છે.

વિવેચન: આ સમયે પ્રયાણ કરનાર નિષ્કામ કર્મ કરનાર બ્રહ્મ જાણનાર યોગીઓને અક્ષરબ્રહ્મ ક્રમમુક્તિ પ્રકારથી પ્રાપ્ત થાય છે.

**ધૂમો રાત્રિસ્તથા કૃષ્ણઃ ષણ્માસા દક્ષિણાયનમ્।**
**તત્ર ચાન્દ્રમસં જ્યોતિર્ યોગી પ્રાપ્ય નિવર્તતે ॥૨૫॥**

ધૂમઃ - ધુમાડો, ધૂમ 'દેવતા'; નામ, પ્ર.એ.વ., પુ. 'ધૂમ'
રાત્રિઃ - રાત્રિ 'દેવતા'; નામ, પ્ર.એ.વ., સ્ત્રી. 'રાત્રિ'
તથા - અને; અવ્યય
કૃષ્ણઃ - કૃષ્ણપક્ષ 'અભિમાની દેવતા'; નામ, પ્ર.એ.વ., પુ. 'કૃષ્ણ'
ષણ્માસાઃ - દક્ષિણાયનનો છ માસનો અભિમાની દેવતા; નામ, પ્ર.બ.વ., પુ.
દક્ષિણાયનમ્ - દક્ષિણાયન; નામ, પ્ર.એ.વ., નપુ. 'દક્ષિણાયન'
અપિ અસ્તિ - પણ છે; અવ્યય, ક્રિયાપદ
તત્ર - ત્યાં, તે કાળગતિમાં; અવ્યય
ગતઃ - ગયેલો; ભૂ.કૃદન્ત
યોગી - યોગી; નામ, પ્ર.એ.વ., પુ. 'યોગિન્'

**ચાન્દ્રમસમ્ - ચન્દ્રમા સમ્બન્ધી;** વિશેષણ, દ્વિ.એ.વ., વિશેષ્ય 'જ્યોતિઃ'
**જ્યોતિઃ - પ્રકાશ;** નામ, દ્વિ.એ.વ., નપુ. 'જ્યોતિ'
**પ્રાપ્ય - મેળવીને;** વિધેય કૃદન્ત
**નિવર્તતે - પાછો આવે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., નિ + વૃત્ ૧ ગણ, આત્મને

**શ્લોકાર્થ :** ધૂમ, રાત્રિ, કૃષ્ણપક્ષ અને દક્ષિણાયન ના છ માસમાં પ્રયાણ કરનાર યોગી ચન્દ્રમાની જ્યોતિ પ્રાપ્ત કરી પાછો ફરે છે.

**વિવેચન :** આ સમયે પ્રયાણ કરનાર સકામ કર્મ કરનાર યોગી ચન્દ્રલોકમાં સુખ ભોગવી પુનઃ જન્મે છે. તેથી ભગવાન્‌ને અર્પણ કરી નિષ્કામતાથી કર્મ કરનારને ભગવાન્‌ની સાત્ત્વિક ઉપાસનાથી સાત્ત્વિક ક્રમમુક્તિ થાય છે. કામ્ય કર્મ કરનારને ચન્દ્રલોકની પ્રાપ્તિ થાય છે. ત્યાં સુખ ભોગવી પુનઃ તેની આવૃત્તિ થાય છે. નિષિદ્ધ કર્મ કરનારને નરકની પ્રાપ્તિ થાય છે. ત્યાં દુઃખ ભોગવી પુનઃ તેની આવૃત્તિ થાય છે; અને ક્ષુદ્ર કર્મ કરનાર જન્તુઓને અહીં જ પુનઃ-પુનઃ જન્મ થયા કરે છે.

બ્રહ્મસૂત્ર ૩।૧।૧ ઉપરના અણુભાષ્યમાં આ શ્લોકનું અનુસન્ધાન કરેલું છે.

**શુક્લ-કૃષ્ણે ગતી હ્યેતે જગતઃ શાશ્વતે મતે।**
**એકયા યાત્યનાવૃત્તિમ્ અન્યયાઽઽવર્તતે પુનઃ ॥૨૬॥**

**હિ - નિશ્ચય;** અવ્યય
**જગતઃ - જગતના;** નામ, ષ.એ.વ., નપુ. 'જગત્'
**એતે - આ બે;** સર્વનામ, પ્ર.દ્વિ.વ. સ્ત્રી. 'એતદ્'
**શુક્લકૃષ્ણે - શુક્લ અને કૃષ્ણ, શુક્લ = દેવયાન કૃષ્ણ = પિતૃયાણ;** નામ, પ્ર.દ્વિ.વ. સ્ત્રી. 'શુક્લકૃષ્ણા' "શુક્લા ચ કૃષ્ણા ચ ઈતિ શુક્લકૃષ્ણે" દ્વન્દ્વ સમાસ
**ગતી - બે માર્ગો;** નામ, પ્ર.દ્વિ.વ. સ્ત્રી. 'ગતિ'
**શાશ્વતે - સનાતન;** વિશેષણ, વિ. 'ગતી'
**મતે - માનેલું, માનેલી;** ભૂ.કૃ. વિશેષણ, વિ. 'ગતી'
**એકયા - એક ગતિ વડે;** સર્વનામ, તૃ.એ.વ., સ્ત્રી.



**અનાવૃત્તિમ્ - પાછા ન ફરવાવાળી ગતિને;** નામ, દ્વિ.એ.વ., સ્ત્રી. 'અનાવૃત્તિ'
**યાતિ - પામે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'યા' ૨ ગણ, પરસ્મૈ.
**અન્યયા - બીજીવડે;** સર્વનામ, તૃ.એ.વ., સ્ત્રી.
**ગતઃ જીવઃ - ગયેલો જીવ;**
**પુનઃ - ફરીથી;** અવ્યય
**આવર્તતે - પાછો આવે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., આ + વૃત્ ૧ ગણ, આત્મને.

**શ્લોકાર્થ :** જગતની આ શુક્લ અને કૃષ્ણ ગતિઓ શાશ્વત મનાએલી છે. એકથી અનાવૃત્તિ પામે છે અને અન્યથી પુનઃ આવર્તન થાય છે.

**વિવેચન :** ઉભય માર્ગનો ઉપસંહાર કરે છે. જગતની આ શુક્લ અને કૃષ્ણ ગતિ નિત્ય છે શુક્લ માર્ગથી અનાવૃત્તિ પ્રાપ્ત થાય છે અને કૃષ્ણ માર્ગથી પુનઃ આવૃત્તિ થાય છે.

**વિશેષ :** કેટલાએકનું એવું માનવું છે કે મરણ પોતાના હાથમાં છે અને તે પ્રમાણે તે સાધક કાલ સિદ્ધ કરી લે છે. આ બાબત વિચારવા જેવી છે. સર્વત્ર આવો અનુભવ જણાતો નથી; પણ એવું સમજાય છે કે કોઈક નિગ્રહિતા હોવો જોઈએ જે જીવોના કર્મો ઉપર દેખરેખ રાખે અને ફળ પણ આપે. આ નિગ્રહિતાને ઈશ્વર ભાવથી ઓળખવામાં આવે છે. મરણ સમયે ઈશ્વર પોતાનો ભાવ યમસ્વરૂપે બનાવે છે, એ કારણે યમને નિયન્તા તરીકે માનવામાં આવ્યો. કાલને પણ નિયમન કરવાની સત્તા હોય એવું પણ સમજાય છે. આથી સુયોગ કાલમાં મરણ થાય તેને કાલ સાધક બને છે અને વિપરીત કાલમાં મરણ થાય તેને કાલ બાધક બને છે.

દૈવી કાલ ઉત્તરાયણથી છ મહિના સુધીનો ગણવામાં આવે છે અને પિતૃકાલ દક્ષિણાયનના છ મહિનાનો ગણ્યો છે.

દેવકાલમાં પ્રકાશનાં તત્ત્વો વધારે પ્રમાણમાં હોય છે તેથી તેને સુયોગ માન્યો છે અને દક્ષિણાયનમાં પ્રકાશનાં તત્ત્વો ઓછાં હોવાથી તેને વિપરીત કાલ કહેવામાં આવે છે. આથી ઉત્તરાયણ એટલે દેવગતિ અને દક્ષિણાયન એટલે પિતૃગતિ એવો અર્થ સિદ્ધ થાય છે.

વિશેષમાં નિષ્કામ કર્મ કરનારની અર્ચિદાદિ ( અર્ચિષ્ = પ્રકાશ = દેવગતિ ) માર્ગમાં એની ગતિ થાય છે. સકામ કર્મ કરનારની ગતિ સોમ અથવા પિતૃ માર્ગમાં થાય છે. પિતૃમાર્ગમાં એને સ્વર્ગપર્યન્તનું સુખ ભોગવી પાછા આવવાની જરૂર પડે છે.

નિષ્કામ કર્મ કરનારને ફળની લાલસા ન હોવાથી મોક્ષ પર્યન્ત જાય છે. એટલે બ્રહ્મલોક પર્યન્ત જાય છે. જો કે કોઈનું પણ જવું નિશ્ચયરૂપે આંકી શકાતું નથી, છતાં પણ કાંઈક સાધારણ સમજ પૂરતું જ્ઞાન આ શ્લોકો આપે છે. જેને કોઈ પણ પ્રકારની કામના નથી એવો જ્ઞાની અથવા ભક્ત ચાહે તો શુક્લપક્ષમાં મરણ થાય; ચાહે તો કૃષ્ણપક્ષમાં મરણ થાય તો પણ તેની ગતિ તો માત્ર ભગવદધીન હોવાથી એની વ્યવસ્થા તો ભગવાન્ જ કરી લેશે. એને પોતાને કોઈ પણ જાતનો મોહ ન હોવાથી હંમેશા એની સદ્‌ગતિ જ બની રહે છે.

કાલ ભગવાન્ દેશ, કાળ, દ્રવ્ય, કર્તા, મન્ત્ર અને કર્મ પ્રકારમાં પોતાની યોજના કર્યા કરે છે. તાત્પર્ય કે કાલની અસર આ -છ ઉપર લાગે છે. જેવો-જેવો કાલ તેવા આ છ બને છે. સારા કાલમાં આ બધા સારા થઈ જાય છે અને નબળા કાલમાં આ બધા નબળા બને છે.

**નૈતે સૃતી પાર્થ જાનન્ યોગી મુહ્યતિ કશ્ચન।**
**તસ્માત્ સર્વેષુ કાલેષુ યોગયુક્તો ભવાર્જુન!॥૨૭॥**

**પાર્થ** - અર્જુન; સમ્બોધન
**એતે** - આ બે; સર્વનામ, દ્વિ.દ્વિ.વ. સ્ત્રી.
**સૃતી** - સંસારના બે માર્ગોને; નામ, દ્વિ.દ્વિ.વ. સ્ત્રી.
**જાનન્** - જાણતો; વ.કૃ. વિશેષણ, વિ. 'યોગી'
**કશ્ચન** - કોઈ પણ; સર્વનામ, પ્ર.એ.વ., પુ.
**યોગી** - યોગી; નામ, પ્ર.એ.વ., પુ. 'યોગિન્'
**ન** - નહિ; અવ્યય
**મુહ્યતિ** - મોહ પામે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'મુહ્' ૪ ગણ
**તસ્માત્** - તેથી, તેટલા માટે; અવ્યય
**અર્જુન** - અર્જુન; સમ્બોધન
**ત્વમ્** - તું; સર્વનામ, તૃ.પુ.એ.વ. 'યુષ્મદ્'
**સર્વેષુ** - બધામાં; સર્વનામ, વિશેષણ, વિ. 'કાલેષુ'



**કાલેષુ** - વખતોમાં, સમયોમાં; નામ, સ.બ.વ., પુ.
**યોગયુક્તઃ** - યોગયુક્ત "સમત્વ બુદ્ધિરૂપ યોગવાળો"; વિશેષણ, વિ. 'યોગી'
**ભવ** - થા; ક્રિ. આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ., 'ભૂ' ૧ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** હે પાર્થ! આ બે માર્ગને જાણનાર કોઈ પણ યોગીને મોહ થતો નથી. તેથી હે અર્જુન! સર્વ કાલમાં યોગયુક્ત થા.

**વિવેચન:** આ બે માર્ગના જ્ઞાનનું ફલ કહી યોગનો ઉપદેશ કરે છે. માત્ર પ્રયાણ કાલે જ યોગ ધારણ નહિ કરતાં સદા યોગ કરવો, કારણ કે યોગની નિત્ય અપેક્ષા છે.

**વેદેષુ યજ્ઞેષુ તપઃસુ ચૈવ દાનેષુ યત્ પુણ્યફલં પ્રદિષ્ટમ્।**
**અત્યેતિ તત્ સર્વમિદં વિદિત્વા યોગી પરં સ્થાનમુપૈતિ ચાદ્યમ્॥૨૮॥**

**યોગી** - યોગી; નામ, પ્ર.એ.વ., પુ. 'યોગિન્'
**ઈદમ્** - આ; સર્વનામ, દ્વિ.એ.વ., નપુ. 'ઈદમ્'
**વિદિત્વા** - જાણીને; વિધેય કૃદન્ત
**વેદેષુ** - વેદોમાં, વેદ ભણવામાં; નામ, સ.બ.વ., પુ. 'વેદ'
**ચ** - અને; અવ્યય
**યજ્ઞેષુ** - યજ્ઞ કરવામાં; નામ, સ.બ.વ., પુ. 'યજ્ઞ'
**તપઃસુ** - તપ કરવામાં; નામ, સ.બ.વ., નપુ. 'તપસ્'
**ચ** - અને; અવ્યય
**દાનેષુ** - દાન કરવામાં; નામ, સ.બ.વ., નપુ. 'દાન'
**યત્** - જે; સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
**પુણ્યફલમ્** - પુણ્યફળને; નામ, પ્ર.એ.વ., નપુ.
**પ્રદિષ્ટમ્** - કહેવાયેલું; ભૂ.કૃ. વિશેષણ, વિ. 'પુણ્યફલમ્'
**તત્** - તે; સર્વનામ, દ્વિ.એ.વ., નપુ. 'તત્'
**સર્વમ્** - બધું; સર્વનામ, દ્વિ.એ.વ., નપુ. 'સર્વ'
**એવ** - જ; અવ્યય
**અત્યેતિ** - ઓળંગી જાય છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., અતિ + ઈ ૨ ગણ
**ચ** - અને; અવ્યય
**આદ્યમ્** - મૂળ, પહેલું, મુખ્ય; વિશેષણ, વિ. 'સ્થાનમ્'

પરમ્ - શ્રેષ્ઠ; વિશેષણ, વિ. 'સ્થાનમ્'
સ્થાનમ્ - સ્થાનને; નામ, દ્વિ.એ.વ., નપુ. 'સ્થાન'
ઉપૈતિ - પામે છે; ક્રિ.વ.કા., તૃ.પુ.એ.વ., 'ઉપ+ઈ' ૨ ગણ, પરસ્મૈ

**શ્લોકાર્થ:** વેદોમાં, યજ્ઞોમાં, તપોમાં, અને દાનોમાં પુણ્યનું જે ફલ કહેલું છે તે સર્વનું, આ જાણી યોગી અતિક્રમણ કરે છે અને પર આદ્યસ્થાન પામે છે.

**વિવેચન:** વેદો વગેરેમાં પુણ્યનું ઐહિક અથવા પારલૌકિક ફલ કહેલું છે તેનું યોગી આ અધ્યાયમાં કરેલા ઉપદેશને જાણી અતિક્રમણ કરે છે. અર્થાત્ તે ફલથી અધિક ફલ તેને પ્રાપ્ત થવાથી તેની તે ઇચ્છા કરતો નથી, અને આ અધ્યાયમાં આઠ પ્રશ્નનો નિર્ણય કરી જે કહેલું છે તેનું જ્ઞાન પ્રાપ્ત થવાથી તે આદ્ય એટલે જગતના મૂલભૂત પર સ્થાન ભગવદ્ધામને પ્રાપ્ત કરે છે.

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે
શ્રીકૃષ્ણાર્જુનસંવાદે 'અક્ષરબ્રહ્મયોગો' નામ
અષ્ટમોऽધ્યાયઃ ॥૮॥



# ॥ અધ્યાય ૯ ॥
## રાજવિદ્યારાજગુહ્યયોગ

મહાપતિતને પણ પાવન કરનાર ભગવાન્ આ નવમા અધ્યાયમાં ઉત્તમ ભક્તિ જેમાં રહેલી છે એવું પોતાના અક્ષરના ઐશ્વર્યનું જ્ઞાન, વિજ્ઞાનસહિત કહે છે. આઠમા અધ્યાયમાં ભગવાને પોતાનો મહિમા કહ્યો તથા પોતે સર્વથી ઉત્તમ છે એમ કહી યોગનિષ્પન્ન જ્ઞાનીને પણ માત્ર ભક્તિથી જ પોતાની પ્રાપ્તિ થાય છે એમ સૂચવેલું છે. હવે આ નવમા અધ્યાયમાં પોતાના અક્ષરના ઐશ્વર્યના મહિમાના જ્ઞાનદ્વારા પોતાની ભક્તિનું અસાધારણ માહાત્મ્ય તથા મહાપતિતને પણ પાવન કરવાની શક્તિ જણાવે છે.

**શ્રીભગવાન્ ઉવાચ**

**ઇદં તુ તે ગુહ્યતમં પ્રવક્ષ્યામ્યનસૂયવે ।**
**જ્ઞાનં વિજ્ઞાનસહિતં યજ્ જ્ઞાત્વા મોક્ષ્યસેऽશુભાત્ ॥૧॥**

તે (તુભ્યમ્) - તને, તારામાટે; સર્વનામ, ચ.એ.વ., 'યુષ્મદ્'
અનસૂયવે - ઈર્ષ્યા વિનાનો; વિશેષણ, વિ. તે, "અનસૂયઃ = ન વિદ્યતે અસૂયા યસ્મિન્ ઇતિ" બહુવ્રીહિ
ઇદમ્ - આ; સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.
ગુહ્યતમમ્ - અતિગુહ્ય; વિશેષણ, ભવિ. 'જ્ઞાનમ્'
જ્ઞાનમ્ - જ્ઞાનને; નામ, દ્વિ.એ.વ., નપુ.
વિજ્ઞાનસહિતમ્ - વિજ્ઞાન સાથેનું; વિશેષણ, વિ. 'જ્ઞાનમ્'
પ્રવક્ષ્યામિ - કહીશ; ક્રિ. વિ. પ્ર.પુ.એ.વ., પ્ર + વચ્ ૨ ગણ, પરસ્મૈ.
તુ - પરન્તુ; અવ્યય
યત્ - જે; સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.
જ્ઞાત્વા - જાણીને; વિધેય કૃદન્ત
અશુભાત્ - દુઃખરૂપ સંસારથી; નામ, પં.એ.વ., નપુ. "ન શુભં વિદ્યતે યસ્મિન્ ઇતિ" બહુવ્રીહિ
મોક્ષ્યસે - મુક્ત થશે; ક્રિ. ભ.કાળ, દ્વિ.પુ.એ.વ., 'મુચ્' ૬ ગણ, આત્મને.

શ્લોકાર્થ : પરન્તુ અસૂયારહિત તને આ અત્યન્ત ગુહ્ય જ્ઞાન વિજ્ઞાન સહિત કહીશ. તે જાણી તું અશુભથી મુક્ત થઈશ.

વિવેચન : આઠમા અધ્યાયમાં જે જ્ઞાન કહ્યું તેથી આ જ્ઞાન ભિન્ન છે એમ દર્શાવવા 'તુ=પરન્તુ' શબ્દ યોજેલો છે. આઠમા અધ્યાયમાં કહેલું જ્ઞાન ચાર પ્રકારના ઉપાસકોનો ભેદ જણાવનાર હતું, પરન્તુ આ અત્યન્ત ગુહ્ય જ્ઞાન ભજનીય ભગવાન્‌ની ભક્તિનું માહાત્મ્ય દર્શાવનાર છે. તું અસૂયારહિત છે તેથી મારા અપરિમિત ગુણોનું માહાત્મ્ય સાંભળી "એમજ સમ્ભવે છે" એમ માને છે, તેથી તને આ મારા માહાત્મ્યનું જ્ઞાન વિજ્ઞાનસહિત અર્થાત્ મારી ભક્તિના વિશેષ જ્ઞાનસહિત કહીશ. તો સાંભળી તુ અશુભ અથવા મોહમાંથી મુક્ત થઈશ.

**રાજવિદ્યા રાજગુહ્યં પવિત્રમ્ ઇદમુત્તમમ્।**
**પ્રત્યક્ષાવગમં ધર્મ્યં સુસુખં કર્તુમ્ અવ્યયમ્॥૨॥**

ઇદમ્ - આ; સર્વનામ, પ્ર.એ.વ., નપુ. 'ઇદમ્'
જ્ઞાનમ્ - જ્ઞાન
રાજવિદ્યા - રાજવિદ્યા, વિદ્યાઓમાં ઉત્તમ; નામ, પ્ર.એ.વ., સ્ત્રી. 'રાજવિદ્યા'
રાજગુહ્યમ્ - રાજગુહ્ય, ગુહ્યમાં ઉત્તમ; નામ, પ્ર.એ.વ., નપુ. 'રાજગુહ્ય'
પવિત્રમ્ ઉત્તમમ્ - પવિત્ર ઉત્તમ; વિશેષણ, વિ. 'રાજગુહ્યમ્'
પ્રત્યક્ષાવગમમ્ - સ્પષ્ટ સમજાય એવું; વિશેષણ, વિ. 'રાજગુહ્યમ્'
ધર્મ્યમ્ - ધારણ કરવા યોગ્ય, ધર્મયુક્ત; વિશેષણ, વિ. 'રાજગુહ્યમ્'
કર્તુમ્ - કરવાને; હેત્વર્થ કૃદન્ત
સુસુખમ્ - સહેલાઈ ભરેલું, સુગમ; વિશેષણ, વિ. 'રાજગુહ્યમ્'
ચ - અને; અવ્યય
અવ્યયમ્ - નાશ ન થાય એવું; વિશેષણ, વિ. 'રાજગુહ્યમ્'

શ્લોકાર્થ : આ રાજવિદ્યા છે, રાજગુહ્ય છે, પવિત્ર છે, ઉત્તમ છે. વિષયને પ્રત્યક્ષ કરાવનાર છે, ધર્મ્ય છે, સુખથી સધાય તેવું અને અવ્યય છે.

વિવેચન : આ જ્ઞાન રાજવિદ્યા અર્થાત્ વિદ્યાઓનો રાજા એટલે વિદ્યાઓમાં



ઉત્તમ છે. રાજગુહ્ય અર્થાત્ ગુહ્યનો રાજા એટલે ગુહ્યતમ છે. અથવા આ જ્ઞાન વિદ્યાઓનો રાજા એટલે ઉત્તમ વિદ્યા અને અત્યન્ત ગોપ્ય છે. પવિત્ર અર્થાત્ પરમ પાવન કરનાર છે. સર્વથી ઉત્તમ છે. પોતાનો અવગમ એટલે વિષય જેનાથી પ્રત્યક્ષ થાય તેવું અર્થાત્ તેના વિષય ભગવાન્‌ને પ્રત્યક્ષ કરાવનાર છે. વળી ધર્મ્ય અથવા ધર્મ ઉત્પન્ન કરનાર છે. સુખથી સાધી શકાય તેવું અને અવ્યય એટલે અવિનાશી છે, એટલે મારી પ્રાપ્તિરૂપ ફલ પ્રાપ્ત કરાવીને પણ તેનો નાશ થતો નથી. એમાં જણાવ્યા પ્રમાણે ઉપાસના કરનારને મારા સ્વરૂપનું દાન કરવા છતાં પણ "આનું મેં કાંઈ કર્યું નથી" એમજ મને જણાય છે (રામાનુજાચાર્ય).

**અશ્રદ્દધાનાઃ પુરુષા ધર્મસ્યાસ્ય પરન્તપ!।**
**અપ્રાપ્ય માં નિવર્તન્તે મૃત્યુસંસારવર્ત્મનિ॥૩॥**

પરન્તપ - અર્જુન; સમ્બોધન
અસ્ય - આનું; સર્વનામ, ષ.એ.વ., નપુ. 'ઇદમ્'
ધર્મસ્ય - ધર્મનું; નામ, ષ.એ.વ., નપુ. 'ધર્મ'
અશ્રદ્દધાનાઃ - શ્રદ્ધા વિનાના; વ.કૃ. વિશેષણ, વિ. 'પુરુષાઃ'
પુરુષાઃ - પુરુષો; નામ, પ્ર.બ.વ., પુ. 'પુરુષ'
મામ્ - મને; સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
અપ્રાપ્ય - નહિ મેળવીને; વિધેય કૃદન્ત
મૃત્યુસંસારવર્ત્મનિ - મૃત્યુરૂપ સંસારમાર્ગમાં; નામ, સ.એ.વ., નપુ.
નિવર્તન્તે - પાછા ફરે છે; ક્રિ. વ.કા. તૃ.પુ.બ.વ., 'નિ+વૃત્' ૧ ગણ, આત્મને.

શ્લોકાર્થ : હે પરન્તપ! આ ધર્મમાં શ્રદ્ધા નહિ રાખનારા પુરુષો મને પ્રાપ્ત કર્યા વિના મૃત્યુરૂપ સંસારના માર્ગમાં નિરન્તર ભટકે છે.

**મયા તતમિદં સર્વં જગદ્ અવ્યક્તમૂર્તિના।**
**મત્સ્થાનિ સર્વભૂતાનિ ન ચાહં તેષ્વવસ્થિતઃ॥૪॥**

મયા - મારા વડે; સર્વનામ, તૃ.એ.વ., 'અસ્મત્'
અવ્યક્તમૂર્તિના - અવ્યક્ત છે મૂર્તિ જેની; વિશેષણ, વિ. 'મયા'
ઇદમ્ - આ; સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
સર્વમ્ - બધું; સર્વનામ, પ્ર.એ.વ., નપુ.

**જગત્** - જગત નામ; પ્ર.એ.વ., નપુ. 'જગત્'
**તતમ્** - પથરાયેલું; ભૂ.કૃ. વિશેષણ, વિ. 'જગત્ તન્' ૮ ગણ
**અસ્તિ** - છે; ક્રિયાપદ, વર્ત.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'
**ચ** - અને; અવ્યય
**સર્વભૂતાનિ** - બધા પ્રાણીઓ; નામ, પ્ર.બ.વ., નપુ.
**મત્સ્થાનિ** - મારામાં રહેલા; નામ, ષ.બ.વ., નપુ.
**સન્તિ** - છે; ક્રિ. વર્ત.કા. તૃ.પુ.બ.વ. 'અસ્'
**અહમ્** - હું; સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્માત્'
**તેષુ** - તેમનામાં; સર્વનામ, સ.બ.વ., પુ. 'તદ્'
**અવસ્થિતઃ** - રહેલા; વિશેષણ, વિ. 'અહમ્' ભૂ.કૃ.
**ન** - નહિ; અવ્યય
**અસ્મિ** - છું; ક્રિયાપદ,

**શ્લોકાર્થ:** મેં અવ્યક્ત સ્વરૂપથી આ સર્વ જગત્‌ને વ્યાપેલું છે. સર્વભૂતો મારામાં રહેલાં છે, પણ હું તેઓમાં રહેલો નથી.

**વિવેચન:** આ પ્રમાણે જ્ઞાનની સ્તુતિ કરી અર્જુનને તેનું શ્રવણ કરવા તત્પર કરી પોતાના માહાત્મ્યનો બોધ કરે છે. 'અવ્યક્ત' એટલે અધ્યાત્મસ્વરૂપ અક્ષર. અક્ષરમૂર્તિથી મેં જડ તથા ચેતનાત્મક આ સર્વ પ્રાકૃત જગતને વ્યાપેલું છે. તેથી સર્વભૂતો પઞ્ચમહાભૂતો તથા પ્રાણીમાત્ર મારામાં રહેલા છે, એટલે તેઓનું ઉપાદાન સર્વનું અન્તર્યામિ મારું અક્ષરસ્વરૂપ જ છે. તેમાં તેઓ રહેલાં છે અથવા તેઓ મારામાં રહેલા છે એટલે તેઓની સ્થિતિ મને અધીન છે, પરન્તુ હું તેઓમાં રહેલો નથી અર્થાત્ મારી સ્થિતિ તેઓને અધીન નથી.

**ન ચ મત્સ્થાનિ ભૂતાનિ પશ્ય મે યોગમૈશ્વરમ્।**
**ભૂતભૃન્ન ચ ભૂતસ્થો મમાત્મા ભૂતભાવનઃ ॥૫॥**

**ચ** - અને; અવ્યય
**ભૂતાનિ** - પ્રાણીઓ; નામ, પ્ર.બ.વ., નપુ. 'ભૂત'
**મત્સ્થાનિ** - મારામાં રહેલા; નામ, પ્ર.બ.વ., નપુ. 'મત્સ્થ'
**ન** - નહિ; અવ્યય. **સન્તિ** - છે; ક્રિ. વર્ત.કા. તૃ.પુ.બ.વ. 'અસ્'



**મે** - મારું; સર્વનામ, ષ.એ.વ., 'અસ્મત્'
**યોગમ્** - યોગને, યોગમાયાને; નામ, દ્વિ.એ.વ., પુ.
**ચ** - અને; અવ્યય
**ઐશ્વરમ્** - ઈશ્વર સત્તાવાળો, ઈશ્વરભાવ; વિશેષણ, વિ. 'યોગમ્'
**પશ્ય** - જો; ક્રિ. આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ., 'દશ્ (પશ્ય્)' ૧ ગણ, પરસ્મૈ.
**યત્** - કે;
**ભૂતભૃત્** - ભૂતોને ધારણ 'પોષણ' કરનારો; વ.કૃ. વિશેષણ, વિ. 'અહમ્'
**ચ** - અને; અવ્યય
**ભૂતભાવનઃ** - ભૂતને ઉત્પન્ન કરનાર; વિશેષણ, વિ. 'અહમ્'
**મમ** - મારો; સર્વનામ, ષ.એ.વ., 'અસ્મત્'
**આત્મા** - આત્મા; નામ, પ્ર.એ.વ., પુ. 'આત્મન્'
**ભૂતસ્થઃ** - પ્રાણીઓમાં રહેલો; વિશેષણ, વિ. 'અહમ્'
**ન** - નહિ; અવ્યય
**અસ્તિ** - છે; ક્રિ. વર્ત.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'

**શ્લોકાર્થ:** વળી ભૂતો મારામાં રહેલા નથી. મારો ઈશ્વરનો યોગ જો. મારો આત્મા ભૂતોને ધારણ કરે છે તથા ભૂતોનો ઉદ્ભવ કરે છે છતાં ભૂતોમાં રહેલો નથી.

**વિવેચન:** અખિલ ધર્મોના આશ્રય, મૂલભૂત, ક્ષર અને અક્ષરથી પણ અતીત ભગવાન્ શ્રીકૃષ્ણ આ શ્લોકમાં પોતાનો ઐશ્વર-મહિમા કહે છે. ગયા શ્લોકમાં "સર્વ ભૂતો મારામાં રહેલા છે" એમ કહેલું છે, છતાં જેમ ઘટમાં રહેલા જલથી ઘટ લેપાય છે તેમ તે ભૂતોથી હું લેપાતો નથી, એમ જણાવવા "ભૂતો મારામાં નથી" એમ કહે છે. આ પ્રમાણે ભૂતોથી હું લેપાતો નથી છતાં મારી આધારશક્તિથી જ ભૂતોની સ્થિતિ છે, અન્યથા તેઓની સ્થિતિ પણ સમ્ભવતી નથી એ મારું ઐશ્વર્ય અથવા ઈશ્વરનો યોગપ્રભાવ જો. માત્ર મારો મનોમય સઙ્કલ્પ જ સર્વ કરવા શક્તિમાન છે એ મારો અલૌકિક-અચિન્ત્ય પ્રભાવ છે. મારો આત્મા સર્વભૂતોને ધારણ કરનાર છે તથા તેઓનો ઉદ્ભવ કરનાર છે છતાં તે ભૂતોમાં નથી, તે ભૂતોનો સજાતીય નથી, પરન્તુ ભૂમિ વિગેરે ભૂતોની અંદર રહી તેઓનું પાલન કરનાર છે અને તેઓનો ઉદ્ભવ પણ કરે છે.

**યથાऽऽકાશસ્થિતો નિત્યં વાયુઃ સર્વત્રગો મહાન્।**
**તથા સર્વાણિ ભૂતાનિ મત્સ્થાનીત્યુપધારય ॥૬॥**

**યથા** - **જેવીરીતે;** અવ્યય
**સર્વત્રગઃ** - **બધે ઠેકાણે જનારો;** વિશેષણ, વિ. 'વાયુઃ'
**મહાન્** - **મોટો;** વિશેષણ, વિ. 'વાયુઃ'
**વાયુઃ** - **વાયુ;** નામ, પ્ર.એ.વ., પુ. 'વાયુ'
**નિત્યમ્** - **હંમેશા;** અવ્યય
**આકાશસ્થિતઃ** - **આકાશમાં રહેલો;** વિશેષણ, વિ. 'વાયુઃ'
**અસ્તિ** - **છે;** ક્રિ. વર્ત.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'
**તથા** - **તેવી રીતે;** અવ્યય
**સર્વાણિ** - **બધા;** સર્વનામ, પ્ર.બ.વ., નપુ. 'સર્વ'
**ભૂતાનિ** - **પ્રાણીઓ;** નામ, પ્ર.બ.વ., નપુ.
**મત્સ્થાનિ** - **મારામાં રહેલા;** વિશેષણ, વિ. 'ભૂતાનિ'
**ઇતિ** - **એમ;** અવ્યય
**ઉપધારય** - **જાણ;** ક્રિ. આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ., 'ઉપ + ધૃ' ૧૦ ગણ.

**શ્લોકાર્થ:** જેમ સર્વત્ર જનાર મહાન્ વાયુ નિત્ય આકાશમાં રહેલો છે તેમ સર્વ ભૂતો મારામાં રહેલા છે એમ સમજ.

**વિવેચન:** સંશ્લેષ વિના પણ આધાર અને આધેય હોઈ શકે છે, એમ દૃષ્ટાન્ત આપે છે. સર્વત્ર જનાર મહાન્ વાયુ નિત્ય આકાશમાં રહેલો છે. આકાશ વાયુનો આધાર છે, કારણ કે અવકાશ વિના વાયુ રહે ક્યાં? તેથી અવકાશ અથવા અકાશ વાયુનો આધાર છે, અને વાયુ આધેય છે છતાં તેઓમાં સંશ્લેષ નથી, કારણ કે આકાશ અવયવરહિત હોવાથી તેનો સંશ્લેષ શી રીતે થઈ શકે? તેથી જેમ વાયુ આકાશમાં રહેલો છે તે પ્રમાણે સર્વ ભૂતો પણ મારામાં રહેલા છે, હું સર્વ ભૂતોનો આધાર છું, છતાં સંશ્લેષ નહિ હોવાથી હું ભૂતોથી લેપાતો નથી એમ સમજ. આકાશ વિગેરે સર્વ મહાભૂતોનો હું આધાર છું. હું જ તેઓને મારા અક્ષરસ્વરૂપથી ધારણ કરું છું. શ્રુતિ પણ કહે છે કે "હે ગાર્ગિ! આ અક્ષરના જ પ્રશાસનમાં આકાશ અને પૃથિવી, સૂર્ય અને ચન્દ્ર ધારણ કરેલાં રહે છે" વિગેરે.



**સર્વભૂતાનિ કૌન્તેય! પ્રકૃતિં યાન્તિ મામિકામ્।**
**કલ્પક્ષયે પુનસ્તાનિ કલ્પાદૌ વિસૃજામ્યહમ્ ॥૭॥**

**કૌન્તેય** - **અર્જુન;** સમ્બોધન
**કલ્પક્ષયે** - **કલ્પના ક્ષય ભાગમાં;** નામ, સ.એ.વ., પુ. 'કલ્પક્ષય'
**સર્વભૂતાનિ** - **બધા પ્રાણીઓ;** નામ, પ્ર.બ.વ., નપુ.
**મામિકામ્** - **મારી;** વિશેષણ, વિ. 'પ્રકૃતિમ્'
**પ્રકૃતિમ્** - **પ્રકૃતિને;** નામ, દ્વિ.એ.વ., સ્ત્રી. 'પ્રકૃતિ'
**યાન્તિ** - **જાય છે, પામે છે, લય પામે છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.બ. 'યા' ૨ ગણ, પરસ્મૈ.
**કલ્પાદૌ** - **કલ્પના પ્રારમ્ભમાં;** નામ, સ.એ.વ., પુ.
**અહમ્** - **હું;** સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
**પુનઃ** - **ફરીથી;** અવ્યય
**તાનિ** - **તેઓને;** સર્વનામ, દ્વિ.બ.વ., નપુ. 'તત્'
**વિસૃજામિ** - **સરજું છું.** ક્રિ. વ.કા. પ્ર.પુ.એ.વ., 'વિ+સૃજ્' ૬ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** હે કૌન્તેય! કલ્પના અન્તે સર્વભૂતો મારી પ્રકૃતિમાં લય પામે છે. કલ્પના આરમ્ભમાં હું પુનઃ તેઓને સરજું છું.

**વિવેચન:** એ પ્રમાણે સઙ્ગ અથવા સંશ્લેષ વિના પોતાની યોગૈશ્વર્ય શક્તિ અથવા માયાથી ભગવાન્ સર્વભૂતોનો ઉદ્‌ભવ કરે છે તથા તેઓને ધારણ કરે છે એમ કહ્યું. હવે સર્ગ તથા પ્રલય પણ પોતે જ કરે છે એમ કહે છે. કલ્પના અન્તે અર્થાત્ બ્રહ્માનાં ૧૦૦ વર્ષ પુરાં થાય ત્યારે આકાશ વિગેરે સર્વભૂતો મારી ક્રિયાશક્તિના અંશરૂપ ત્રિગુણાત્મક પ્રકૃતિ, જેને શ્રુતિ તમઃ કહે છે, તેમાં લય પામે છે. વળી બીજા કલ્પના આરમ્ભમાં હું મારા અક્ષરસ્વરૂપથી પ્રકૃતિ તથા પુરુષ દ્વારા તેઓને પુનઃ સરજું છું.

**પ્રકૃતિં સ્વામ્ અવષ્ટભ્ય વિસૃજામિ પુનઃ પુનઃ।**
**ભૂતગ્રામ્ ઇમિમં કૃત્સ્નમ્ અવશં પ્રકૃતેર્વશાત્ ॥૮॥**

**સ્વામ્** - **મારી પોતાની;** વિશેષણ, વિ. 'પ્રકૃતિમ્'
**પ્રકૃતિમ્** - **પ્રકૃતિને;** નામ, દ્વિ.એ.વ., સ્ત્રી. 'પ્રકૃતિ'

**અવષ્ટભ્ય** - **આધાર રાખીને;** વિધેય કૃદન્ત, અવ + સ્તમ્ભ્ ૯ ગણ
**પ્રકૃતેઃ** - **પ્રકૃતિના;** નામ, ષ.એ.વ., સ્ત્રી. 'પ્રકૃતિ'
**વશાત્** - **આધીનપણામાંથી;** નામ, પં.એ.વ., પુ. 'વશ'
**ઇમમ્** - **આ;** સર્વનામ, દ્વિ.એ.વ., પુ. 'ઇદમ્'
**કૃત્સ્નમ્** - **અખિલ;** વિશેષણ, વિ. 'ભૂતગ્રામમ્'
**અવશમ્** - **પરાધીન;** વિશેષણ, વિ. 'ભૂતગ્રામમ્'
**ભૂતગ્રામમ્** - **ભૂતસમુદાય;** નામ, દ્વિ.એ.વ., પુ.
**પુનઃ પુનઃ** - **ફરીથી ફરીથી;** અવ્યય
**વિસૃજામિ** - **સરજું છું;** ક્રિ. વ.કા. પ્ર.પુ.એ.વ., 'વિ+સૃજ્' ૬ ગણ પરસ્મૈ.

**શ્લોકાર્થ:** પ્રકૃતિને અધીન હોવાથી પરવશ થએલા આ સર્વ ભૂતસમૂહને મારી પ્રકૃતિનું અવલમ્બન કરી હું પુનઃ-પુનઃ સરજું છું.

**વિવેચન:** પ્રકૃતિ મારા સદંશરૂપ છે. તે પોતાના ગુણોથી મોહ ઉત્પન્ન કરતી હોવાથી 'માયા' પણ કહેવાય છે. તે આઠ પ્રકારે પરિણામ પામે છે એમ પાછળ કહેલું છે. તે પ્રકૃતિનું અવલમ્બન કરી તેમાં લીન થએલા આ સર્વ ભૂતસમૂહને પુરુષરૂપ અક્ષરસ્વરૂપ હું પુનઃ સરજું છું. તેથી આ વિભાગ હું પોતે જ પ્રકૃતિદ્વારા કરું છું. આ વિભાગ કરનાર બીજું કોઈ નથી એમ સૂચવેલું છે.

**ન ચ માં તાનિ કર્માણિ નિબધ્નન્તિ ધનઞ્જય!।**
**ઉદાસીનવદ્ આસીનમ્ અસક્તં તેષુ કર્મસુ॥૯॥**

**ધનઞ્જય** - **અર્જુન;** સમ્બોધન
**તેષુ** - **તેમાં;** સર્વનામ, સ.બ.વ., નપુ. 'તત્'
**કર્મસુ** - **કર્મોમાં;** નામ, સ.બ.વ., નપુ.
**અસક્તમ્** - **આસક્તિ વિનાનો;** ભૂ.કૃ. વિશેષણ, વિ. 'મામ્'
**ચ** - **અને;** અવ્યય
**ઉદાસીનવત્** - **ઉદાસીનની માફક;** અવ્યય
**આસીનમ્** - **બેઠેલા, રહેલા;** વ.કૃ. વિશેષણ, વિ. 'મામ્'
**મામ્** - **મને;** સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
**તાનિ** - **તે;** સર્વનામ, પ્ર.બ.વ., નપુ. 'તત્'



**કર્માણિ** - **કર્મો;** નામ, પ્ર.બ.વ., નપુ. 'કર્મન્'
**ન** - **નહિ;** અવ્યય
**નિબધ્નન્તિ** - **બાંધે છે;** ક્રિ.વ.કા. તૃ.પુ.બ.વ., નિ+બધ્ ૯ ગણ, પરસ્મૈ

**શ્લોકાર્થ:** હે ધનઞ્જય! તે કર્મોમાં આસક્તિરહિત ઉદાસીન પેઠે રહેલા મને કર્મ બન્ધન કરતા નથી.

**વિવેચન:** હું ભૂતોને સરજું છું અને પ્રાણીઓને સુખ-દુઃખ વિગેરે હોય છે તેથી કોઈને સુખ અને કોઈને દુઃખ હોવાથી પક્ષપાત અથવા વૈષમ્ય અને નિર્દયતા અથવા નૈર્ઘૃણ્ય દોષ મને લાગે એવી શઙ્કા કરવી નહિ, કારણ કે મને આ કર્મમાં આસક્તિ નથી. આ સર્જન કર્મ મારો અસાધારણ મહિમા દર્શાવે છે, પરન્તુ મારી કર્મમાં આસક્તિ નહિ હોવાથી તે મને બન્ધન કરતું નથી. જીવોનાં પોતાનાં પ્રાકૃત કર્મોથી તેઓ દેવ-મનુષ્ય વિગેરે થાય છે અને આ પ્રાકૃત કર્મો પ્રતિ પણ હું ઉદાસીન છું તેથી મને કર્મ બન્ધન કરતાં નથી. તેથી મને કોઈ દોષ નથી.

**મયાऽધ્યક્ષેણ પ્રકૃતિઃ સૂયતે સચરાચરમ્।**
**હેતુનાऽનેન કૌન્તેય! જગદ્ વિપરિવર્તતે॥૧૦॥**

**કૌન્તેય** - **અર્જુન;** સમ્બોધન
**મયા** - **મારા વડે;** સર્વનામ, તૃ.એ.વ., 'અસ્મત્'
**અધ્યક્ષેણ** - **અધ્યક્ષવડે;** નામ, તૃ.એ.વ., પુ.
**પ્રકૃતિઃ** - **પ્રકૃતિ;** નામ, પ્ર.એ.વ., સ્ત્રી.
**સચરાચરમ્** - **ચર અને અચર સહિત;** વિશેષણ, વિ. 'જગત્'
**સૂયતે** - **રચે છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ., 'સૂ' ૪ ગણ, આત્મને.
**અનેન** - **આનાથી;** સર્વનામ, તૃ.એ.વ., પુ. 'ઇદમ્'
**હેતુના** - **કારણથી;** નામ, તૃ.એ.વ., પુ. 'હેતુ'
**જગત્** - **જગત;** નામ, પ્ર.એ.વ., નપુ. 'જગત્'
**વિપરિવર્તતે**-**આવગમન થાય છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., વિ+પરિ+વૃત્ ૧ ગણ

**શ્લોકાર્થ:** મારી અધ્યક્ષતામાં પ્રકૃતિ જડ-ચેતન જગત્ સરજે છે. હે કૌન્તેય! આ હેતુથી જગતનું પરિવર્તન થાય છે.

**વિવેચન:** કેવલ પ્રકૃતિ કાંઈ કાર્ય કરી શકતી નથી, કારણ કે તે અચેતન છે. તેથી પુરુષરૂપ હું અધ્યક્ષ અથવા અધિષ્ઠાતા થાઉં ત્યારે તે ચેતન અને જડ રૂપ જગત્ સરજે છે. તેમાં પણ ચેતન જીવોનો પોતાના પૂર્વના કર્મને અનુરૂપ જન્મ આપે છે, અને તેને અનુગુણ પદાર્થો સાથે જ તેઓનો સમ્બન્ધ થાય છે. આવી રીતે આ કારણથી એટલે હું અધ્યક્ષ થવાથી પ્રકૃતિથી વારંવાર જગતનું પરિવર્તન થયા કરે છે.

**અવજાનન્તિ માં મૂઢા માનુષીં તનુમ્ આશ્રિતમ્।**
**પરં ભાવમ્ અજાનન્તો મમ ભૂતમહેશ્વરમ્॥૧૧॥**

**ભૂતમહેશ્વરમ્ - સર્વ ભૂતોના મહાન ઈશ્વરરૂપને;** નામ, દ્વિ.એ.વ., પુ.
**મમ - મારું;** સર્વનામ, ષ.એ.વ., 'અસ્મત્'
**પરમ્ - પરમ શ્રેષ્ઠ;** વિશેષણ, વિ. 'ભાવમ્'
**ભાવમ્ - ભાવને;** નામ, દ્વિ.એ.વ., પુ. 'ભાવ'
**અજાનન્તઃ - નહિ જાણનાર;** વ.કૃ. વિશેષણ, વિ. 'જનાઃ'
**મૂઢાઃ - મૂઢો, મોહ પામેલાઓ;** વિશેષણ, વિ. 'જનાઃ'
**મામ્ - મને;** સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
**માનુષીમ્ - મનુષ્યની;** વિશેષણ, વિ. 'તનુમ્'
**તનુમ્ - શરીરને;** નામ, દ્વિ.એ.વ., સ્ત્રી.
**આશ્રિતમ્ - આશ્રય કરેલાને;** વિશેષણ, વિ. 'મામ્'
**અવજાનન્તિ - અવજ્ઞા કરે છે, તુચ્છ ગણે છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.બ.વ., અવ + જ્ઞા ૯ ગણ

**મોઘાશા મોઘકર્માણો મોઘજ્ઞાના વિચેતસઃ।**
**રાક્ષસીમ્ આસુરીં ચૈવ પ્રકૃતિં મોહિનીં શ્રિતાઃ॥૧૨॥**

**મોઘાશાઃ - વિફળ છે આશા જેઓની;** વિશેષણ, વિ. 'જનાઃ'
**મોઘકર્માણઃ - વિફળ છે કર્મ જેઓનાં;** વિશેષણ, વિ. 'જનાઃ'
**ચ - અને;** અવ્યય
**મોઘજ્ઞાનાઃ - વિફળ છે જ્ઞાન જેઓનું;** વિશેષણ, વિ. 'જનાઃ'
**વિચેતસઃ - અજ્ઞાની જનો;** વિશેષણ, વિ. 'જનાઃ'
**રાક્ષસીમ્ આસુરીમ્ - રાક્ષસી આસુરી ને;** વિશેષણ, વિ. 'પ્રકૃતિમ્'
**ચ - અને;** અવ્યય



**મોહિનીમ્ - મોહ પમાડે એવી;** વિશેષણ, વિ. 'પ્રકૃતિમ્'
**પ્રકૃતિમ્ - પ્રકૃતિને;** નામ, દ્વિ.એ.વ., સ્ત્રી. 'પ્રકૃતિ'
**એવ - જ;** અવ્યય
**શ્રિતાઃ - આશ્રયવાળા;** વિશેષણ, વિ. 'જનાઃ'

**શ્લોકાર્થ:** વ્યર્થ આશાવાળા, વ્યર્થ કામવાળા, વ્યર્થ જ્ઞાનવાળા, રાક્ષસી તથા આસુરી મોહિની પ્રકૃતિને પ્રાપ્ત થએલા, ભ્રાન્તમનવાળા મૂઢો મારો પર ભાવ નહિ જાણવાથી માનુષ શરીર ધારણ કરેલાની મારી ભૂતોના મહેશ્વરની અવજ્ઞા કરે છે॥૧૧-૧૨॥

**વિવેચન:** ભગવાન્‌નો આવો અલૌકિક અચિન્ત્ય મહિમા હોવા છતાં કેટલાક લોકો ભગવાન્‌ની અવજ્ઞા કેમ કરે છે? તે શઙ્કાનું સમાધાન કહે છે. સર્વ પ્રાણીમાત્રના નિયન્તા સર્વજ્ઞ સત્યસઙ્કલ્પ અચિન્ત્ય મહિમાવાળા, સર્વ જગતનું એક જ કારણ એવા મેં ભગવાને પરમ કૃપાથી સર્વ લોકો મારો આશ્રય કરી શકે તે માટે માનુષ શરીર ધારણ કરેલું હોવાથી મને મૂઢ લોકો સાધારણ મનુષ્યો જેવો માને છે અને મારું આનન્દમાત્ર અચિન્ત્ય મહિમાવાળું સ્વરૂપ જાણતા નહિ હોવાથી મારી અવજ્ઞા કરે છે, કારણ કે તેઓ વ્યર્થ આશાવાળા છે. પરમાત્મા ભગવાન્ વિના માત્ર કર્મ જ ફલ આપશે એવી તેઓને વ્યર્થ આશા હોય છે તેઓ વ્યર્થ કર્મવાળા છે, તેઓનું જ્ઞાન પણ વ્યર્થ છે. તેઓનું જ્ઞાન આસુર હોવાથી વ્યર્થ છે તેથી જ તેઓનું ચિત્ત પણ વિક્ષિપ્ત હોય છે. તેનું કારણ એ છે કે તેઓ રાક્ષસી તથા આસુરી મોહિની પ્રકૃતિને પ્રાપ્ત થએલા છે. રાક્ષસી પ્રકૃતિ માત્ર પોતાના દેહનું જ પોષણ કરવામાં તેઓને તત્પર રાખે છે. આસુરી પ્રકૃતિ તેઓને અન્ય પ્રાણીઓને ઉપદ્રવ કરવા પ્રેરે છે. મોહિની પ્રકૃતિથી તેઓને મોહ થવાથી મારું સ્મરણ થઈ શકતું નથી. તેથી જ માનુષ દેહ ધારણ કરેલા મને સાધારણ મનુષ્ય જાણી તેઓ મારી અવજ્ઞા કરે છે.

આ અગીયારમાં શ્લોકનું અનુસન્ધાન શ્રીભાગવત્ ૩।૨।૧૭ ઉપરનાં શ્રીસુબોધિનીમાં કરેલું છે॥૧૧-૧૨॥

**મહાત્માનસ્તુ માં પાર્થ! દૈવીં પ્રકૃતિમ્ આશ્રિતાઃ।**

**ભજન્ત્યનન્યમનસો જ્ઞાત્વા ભૂતાદિમવ્યયમ્।।૧૩।।**

**તુ - પરન્તુ, તો;** અવ્યય

**પાર્થ - અર્જુન;** સમ્બોધન

**દૈવીમ્ - દૈવી;** વિશેષણ, વિ. 'પ્રકૃતિમ્'

**પ્રકૃતિમ્ - પ્રકૃતિને;** નામ, દ્વિ.એ.વ., સ્ત્રી.

**આશ્રિતાઃ - આશ્રય કરેલાઓ;** ભૂ.કૃ. વિશેષણ, વિ. 'મહાત્માનઃ'

**મહાત્માનઃ - મોટા પુરુષો, દૈવી જીવો;** નામ, પ્ર.બ.વ., પુ. 'મહાત્મન્'

**મામ્ - મને;** સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'

**ભૂતાદિમ્ - સર્વ ભૂતોનાં કારણરૂપ;** વિશેષણ, વિ. 'મામ્'

**અવ્યયમ્ - અવિનાશી, અક્ષરરૂપ;** વિશેષણ, વિ. 'મામ્'

**જ્ઞાત્વા - જાણીને;** વિધેય કૃદન્ત

**અનન્યમનસઃ - અનન્ય મનવાળા;** વિશેષણ, વિ. 'મહાત્માનઃ'. **સન્તઃ=થઈને**

**ભજન્તિ - ભજે છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.બ.વ., 'ભજ્' ૧ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** પરન્તુ હે પાર્થ! દૈવી પ્રકૃતિનો આશ્રય કરેલા મહાત્માઓ મને ભૂતોના આદિ અને અવ્યય જાણી અનન્ય મનથી ભજે છે.

**વિવેચન:** તેથી ઉલટું, મહાત્માઓ મારું અનન્ય મનથી ભજન કરે છે. તેઓ આ દૈવી પ્રકૃતિ એટલે દૈવી સ્વભાવરૂપ પ્રકૃતિનો આશ્રય કરી રહેલા છે, તેથી અનેક જન્મ - જન્માન્તરમાં કરેલાં પુણ્યકર્મના સઞ્ચયથી પાપરહિત થઈ અન્તિમ જન્મમાં આવેલા હોવાથી તેઓને અહીં 'મહાત્મા' કહેલા છે. તેઓ મારું ભજન અનન્ય મનથી કરે છે, પરન્તુ કદાપિ મારી અવજ્ઞા કરતા નથી. તેઓ મને સર્વભૂતોનો 'આદિ' એટલે સર્વનું કારણ જાણીને તથા 'અવ્યય' એટલે અવિકૃત અર્થાત્ વિકાર રહિત માત્ર આનન્દનાં જ કર-પાદ-મુખ-ઉદર વિગેરે વાળો જાણી ભગવન્માર્ગીય આચાર્યના ઉપદેશ અનુસાર મારું પુરુષોત્તમનું જ ભજન કરે છે, પરન્તુ અક્ષર આદિ અન્ય કોઈ સ્થળે મન રાખતા નથી.

આ તેરમા તથા ચૌદમા શ્લોકનું અનુસન્ધાન બ્રહ્મસૂત્ર ૩।૪।૩૩ ઉપરના અણુભાષ્યમાં કરેલું છે.

**સતતં કીર્તયન્તો માં યતન્તશ્ચ દૃઢવ્રતાઃ।**

સદા સાવધાન રહે છે. વળી તેઓ ભક્તિ અથવા સ્નેહ થી જ મારી સેવા કરે છે પરન્તુ વિધિ તેવી હોવાથી સેવા કરવી જોઈએ, એમ માની સેવા કરતા નથી.

**જ્ઞાનયજ્ઞેન ચાપ્યન્યે યજન્તો મામ્ ઉપાસતે।**
**એકત્વેન પૃથક્ત્વેન બહુધા વિશ્વતોમુખમ્॥૧૫॥**

**મામ્** - **મને;** સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મદ્'
**વિશ્વતોમુખમ્** - **વિશ્વમાં એટલે સર્વ તરફ મુખવાળાને;** નામ, દ્વિ.એ.વ., પુ. વિશેષણ, વિ. 'મામ્'
**જ્ઞાનયજ્ઞેન** - **જ્ઞાનયજ્ઞથી;** નામ, તૃ.એ.વ., પુ.
**યજન્તઃ** - **પૂજન કરતા;** વ.કૃદન્ત વિશેષણ, વિ. 'અન્યે'
**એકત્વેન** - **એકપણાએ, એકત્વભાવથી;** નામ, તૃ.એ.વ., નપુ.
**ઉપાસ્તિ** - **ઉપાસના કરે છે;** ક્રિયાપદ
**અન્યે** - **બીજા;** સર્વનામ, પ્ર.બ.વ. પુ. 'અન્ય'
**અપિ** - **અને, પણ;** અવ્યય
**પૃથક્ત્વેન** - **પૃથક્ભાવથી "સ્વામી સેવકના ભાવથી";** નામ, તૃ.એ.વ., નપુ. 'પૃથક્ત્વ'
**ચ** - **અને;** અવ્યય
**બહુધા** - **બહુ પ્રકારે;** અવ્યય
**મામ્** - **મને;** સર્વનામ, દ્વિ.એ.વ. 'અસ્મદ્'
**ઉપાસતે** - **ઉપાસના કરે છે, સેવે છે.** ક્રિ. વ.કા. તૃ.પુ.બ.વ. 'ઉપ + આસ્' ૨ ગણ, આત્મને.

**શ્લોકાર્થ :** અને બીજાઓ વળી જ્ઞાનયજ્ઞથી યજન કરતાં એકપણાથી, પૃથક્પણાથી અથવા બહુ પ્રકારથી વિશ્વ થઈ રહેલાની મારી ઉપાસના કરે છે.

**વિવેચન :** ભક્તોનો ભજન પ્રકાર કહી હવે જ્ઞાનીઓનો પ્રકાર કહે છે. જ્ઞાનયજ્ઞનું પાછળ અધ્યાય ૪।૨૪માં નિરૂપણ કરેલું છે. તેવા જ્ઞાનયજ્ઞથી જ્ઞાનીઓ મારી અક્ષરસ્વરૂપની ઉપાસના કરે છે. તેઓ પણ જુદા-જુદા પ્રકારથી મારી ઉપાસના કરે છે. કેટલાક એકપણાથી એટલે અભેદભાવથી અર્થાત્ "તે હું છું" એમ અભેદપણાથી ઉપાસના કરે છે. બીજાઓ



પૃથક્પણાથી એટલે ભેદની ભાવનાથી અર્થાત્ "હું પ્રભુનો દાસ છું" એવા ભાવથી ઉપાસના કરે છે. હું વિશ્વરૂપે રહેલો છું તેની બીજાઓ બહુ ભિન્ન-ભિન્ન પ્રકારથી એટલે શિવ, શક્તિ, ગણેશ, સૂર્ય વિગેરે ભિન્ન-ભિન્ન રૂપથી ઉપાસના કરે છે. અથવા ઘટ-પટ વગેરે ભિન્ન-ભિન્ન આકારોથી જગત્ થઈ રહેલા હોવા છતાં 'અવિકૃત' એટલે વિકારરહિત મારી વિશ્વ તરીકે રહેવાની એટલે જેમના પાણિ અને પાદના અન્ત સર્વત્ર છે, જેમની અક્ષિ, શિરઃ મુખ સર્વત્ર છે તેવાની મારી ઉપાસના કરે છે.

**અહં ક્રતુરહં યજ્ઞઃ સ્વધાઽહમ્ અહમ્ ઔષધમ્।**
**મન્ત્રોઽહમ્ અહમેવાજ્યમ્ અહમ્ અગ્નિરહં હુતમ્॥૧૬॥**

**અહમ્** - **હું;** સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
**ક્રતુઃ** - **શ્રૌતયજ્ઞ;** નામ, પ્ર.એ.વ., પુ. 'ક્રતુ'
**અસ્મિ** - **છું;** ક્રિ. વર્ત.કા. પ્ર.પુ.એ.વ. 'અસ્'
**અહમ્** - **હું;** સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
**યજ્ઞઃ** - **યજ્ઞ;** નામ, પ્ર.એ.વ., પુ. 'યજ્ઞ' (અસ્મિ=છું)
**અહમ્** - **હું;** સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
**સ્વધા** - **પિતૃના નિમિત્તમાં અપાતી આહૂતિ;** નામ, પ્ર.એ.વ., સ્ત્રી. 'સ્વધા' (અસ્મિ=છું)
**અહમ્** - **હું;** સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
**ઔષધમ્** - **વનસ્પતિ;** નામ, પ્ર.એ.વ., નપુ. 'ઔષધ' (અસ્મિ=છું)
**અહમ્** - **હું;** સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
**મન્ત્રઃ** - **મન્ત્ર;** નામ, પ્ર.એ.વ., પુ. 'મન્ત્ર' (અસ્મિ=છું)
**અહમ્** - **હું;** સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
**આજ્યમ્** - **ઘી;** નામ, પ્ર.એ.વ., નપુ. 'આજ્ય' (અસ્મિ=છું)
**ચ** - **અને;** અવ્યય
**અહમ્** - **હું;** સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
**એવ** - **માત્ર;** અવ્યય
**અગ્નિઃ** - **અગ્નિ;** નામ, પ્ર.એ.વ., પુ. 'અગ્નિ'
**ચ** - **અને;** અવ્યય
**હુતમ્** - **હોમાયેલું;** ભૂ.કૃ. વિશેષણ, વિ. 'દ્રવ્યમ્'(અસ્મિ=છું)

શ્લોકાર્થ: હું ક્રતુ છું, હું યજ્ઞ છું, હું સ્વધા છું, હું ઔષધ છું, હું મન્ત્ર છું, હું જ ઘી છું, હું અગ્નિ છું, અને હોમવાનું પણ હું જ છું.

વિવેચન: જ્ઞાનીઓના પ્રકારમાં જે છેલ્લો પ્રકાર કહ્યો તે બ્રહ્મવાદીઓનો ઉપાસનાનો પ્રકાર છે. તેનું વિવરણ ચારે પ્રકારની પુરુષાર્થની સિદ્ધિ થાય તે માટે ચાર શ્લોકથી (૧૬-૧૯) કરે છે. ભગવાન્ શ્રીકૃષ્ણ પોતે સર્વરૂપ છે તેથી સર્વ હું છું એટલું જ નહિ કહેતાં, જુદા-જુદા પદાર્થોનાં નામ આપી "તે હું છું" એમ કહે છે. તેનો હેતુ એમ દર્શાવવાનો છે કે જેઓ મારું તે રૂપથી ભજન કરે છે તેઓને તે રૂપથી ફલદાન કરનાર હું જ છું.

'ક્રતુ' એટલે શ્રૌતકર્મોમાં કરવાનો સઙ્કલ્પ હું છું. અથવા 'ક્રતુ' એટલે યજ્ઞની અધિષ્ઠાત્રી દેવતા. યજ્ઞનું ફલ આપનાર આધિદૈવિક દેવતા હું છું. અગ્નિહોત્ર વગેરે ધર્મરૂપ યજ્ઞ હું છું. 'સ્વધા' અર્થાત્ પિતૃઓને આપવાનું અન્ન પણ હું છું એટલે પિતૃયજ્ઞરૂપ પણ હું છું. 'ઔષધ' એટલે સર્વ રોગને દૂર કરનાર દવારૂપી અન્ન અથવા વ્રીહિ વગેરે અન્ન પણ હું છું. 'મન્ત્ર' એટલે ઋચા. ગાયત્રી વિગેરે મન્ત્ર પણ હું છું. અગ્નિમાં હોમવાનું ઘી પણ હું છું. આહવનીય ભિન્ન-ભિન્ન પ્રકારનો અગ્નિ પણ હું છું. 'હુત' એટલે હોમવાનું અન્ન અથવા હોમ પણ હું છું.

**પિતાઽહમ્ અસ્ય જગતો માતા ધાતા પિતામહઃ।**
**વેદ્યં પવિત્રમ્ ઓઙ્કાર ઋક્ સામ યજુરેવ ચ॥૧૭॥**

**અસ્ય** - **આનો;** સર્વનામ, ષ.એ.વ., નપુ. 'ઇદમ્'
**જગતઃ** - **જગતનો;** નામ, ષ.એ.વ., નપુ. 'જગત્'
**ધાતા** - **પોષણ કરનાર;** નામ, પ્ર.એ.વ., પુ. 'ધાતૃ'
**માતા** - **મા;** નામ, પ્ર.એ.વ., સ્ત્રી. 'માતૃ'
**પિતા** - **પિતા;** નામ, પ્ર.એ.વ., પુ. 'પિતૃ'
**પિતામહઃ** - **પિતામહ;** નામ, પ્ર.એ.વ., પુ.
**ચ** - **અને;** અવ્યય
**વેદ્યમ્** - **જાણવા યોગ્ય;** વિધેય કર્મણિ કૃ. વિશેષણ, વિ. 'ઋક્સામયજુઃ'
**પવિત્રમ્** - **પવિત્ર;** વિશેષણ, વિ. "ઋક્ સામ યજુઃ"
**ઓંકારઃ** - **ૐકાર;** નામ, પ્ર.એ.વ., પુ. ૐકાર



**ઋક્** - **ઋગ્વેદ;** નામ, પ્ર.એ.વ., સ્ત્રી. 'ઋચ્'
**સામ** - **સામવેદ;** નામ, પ્ર.એ.વ., નપુ.
**યજુઃ** - **યજુર્વેદ;** નામ, પ્ર.એ.વ., નપુ. 'યજુષ્'
**અપિ** - **પણ;** અવ્યય
**અહમ્** - **હું;** સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
**એવ** - **માત્ર;** અવ્યય
**અસ્મિ** - **છું;** ક્રિ. વર્ત.કા. પ્ર.પુ.એ.વ. 'અસ્'

શ્લોકાર્થ: હું આ જગતનો પિતા, માતા, ધાતા, તથા પિતામહ છું, હું વેદ્ય, પાવન કરનાર, ઓંકાર, ઋક્, સામ અને યજુઃ પણ છું.

વિવેચન: આ જગતનો પિતા અથવા ઉત્પાદક હું છું. જગતની માતા પણ હું છું. ધાતા એટલે કર્મના ફળને આપનાર પણ હું છું. તેમજ જગતનો પિતામહ અથવા બ્રહ્મા પણ હું છું. 'વેદ્ય' એટલે સર્વ જ્ઞાનમાં સાધનોથી જાણવા યોગ્ય પણ હું છું તેમજ પાવન કરનાર પણ હું છું. હું 'ઓંકાર' એટલે પ્રણવ છું. તેમજ ઋગ્વેદ, સામવેદ તથા યજુર્વેદ પણ હું છું. 'ચ=અને' શબ્દથી આમાં અથર્વવેદનો પણ સમાવેશ થાય છે. ઋગ્વેદના મન્ત્રો પાદવાળા છે, સામવેદના મન્ત્રા ગીતવાળા છે અને યજુર્વેદના મન્ત્રો પાદવાળા નથી તેમ ગીતવાળા પણ નથી. આ સર્વ પ્રકારના વેદ હું છું.

**ગતિર્ ભર્તા પ્રભુઃ સાક્ષી નિવાસઃ શરણં સુહૃત્।**
**પ્રભવઃ પ્રલયઃ સ્થાનં નિધાનં બીજમ્ અવ્યયમ્॥૧૮॥**

**ગતિઃ** - **પ્રાપ્ત થવા યોગ્ય સ્થાન;** નામ, પ્ર.એ.વ., સ્ત્રી. 'ગતિ'
**ભર્તા** - **ધણી, માલીક;** નામ, પ્ર.એ.વ., પુ. 'ભર્તૃ'
**પ્રભુઃ** - **પ્રભુ;** નામ, પ્ર.એ.વ., પુ.
**સાક્ષી** - **સાક્ષી, શુભાશુભનો જોનાર;** નામ, પ્ર.એ.વ., પુ. 'સાક્ષિન્'
**નિવાસઃ** - **સર્વમાં નિવાસ કરનાર;** નામ, પ્ર.એ.વ., પુ. 'નિવાસ'
**શરણમ્** - **શરણરૂપ;** નામ, પ્ર.એ.વ., નપુ. 'શરણ'
**સુહૃત્** - **મિત્ર, પ્રત્યુપકારની આશા ન રાખનાર;** નામ, પ્ર.એ.વ., સ્ત્રી.
**ચ** - **અને;** અવ્યય

**પ્રભવઃ** - ઉત્પત્તિરૂપ; નામ, પ્ર.એ.વ., પુ. 'પ્રભવ'
**પ્રલયઃ** - પ્રલયરૂપ; નામ, પ્ર.એ.વ., પુ. 'પ્રલય'
**સ્થાનમ્** - આધાર; નામ, પ્ર.એ.વ., નપુ. 'સ્થાન'
**નિધાનમ્** - નિધિ, સર્વપ્રાણી સૂક્ષ્મરૂપથી જેમાં સ્થિતિ કરે છે; નામ, પ્ર.એ.વ., નપુ. 'નિધાન'
**બીજમ્** - બીજ, કારણરૂપ; નામ, પ્ર.એ.વ., નપુ. 'બીજ'
**અવ્યયમ્** - અવિનાશી; અવ્યય
**અપિ અહમેવ અસ્મિ** = પણ હું જ છું; અવ્યય, સર્વનામ, ક્રિ.

**શ્લોકાર્થ :** ગતિ, ભર્તા, પ્રભુ, સાક્ષી, નિવાસ, શરણ, સુહૃત્, પ્રભવ, પ્રલય, સ્થાન, નિધાન અને અવ્યય બીજ હું છું.

**વિવેચન :** 'ગતિ' એટલે મોક્ષ વિગેરે ફલરૂપ હું છું. 'ભર્તા' એટલે ભરણ અથવા પોષણ કરનાર. 'પ્રભુઃ' એટલે સર્વનો નિયન્તા. 'સાક્ષી' એટલે દ્રષ્ટા. 'નિવાસ' એટલે સ્થાન અથવા યાગભૂમિ. 'શરણ' એટલે અભય આપનાર; મૃત્યુ વિગેરે સર્વ ભયોમાંથી રક્ષણ કરનાર. 'સુહૃત્' એટલે પ્રાર્થના વિના હિત કરનાર. 'પ્રભવ' એટલે ઉત્પત્તિ કરનાર જગત્ સરજનાર. 'પ્રલય' એટલે જગતનું લયસ્થાન. 'સ્થાન' એટલે જગતની સ્થિતિ રાખનાર. 'નિધાન' એટલે રક્ષક. અને અવ્યય બીજ એટલે વિનાશરહિત મૂળ કારણ હું છું.

**તપામ્યહમ્ અહં વર્ષં નિગૃહ્ણામ્યુત્સૃજામિ ચ ।**
**અમૃતં ચૈવ મૃત્યુશ્ચ સદ્-અસચ્ચાહમ્ અર્જુન ! ॥૧૯॥**

**અહમ્** - હું; સર્વનામ, પ્ર.એ.વ. 'અસ્મત્'
**એવ** - જ; અવ્યય
**તપામિ** - તપું છું, તાપ આપું છું; ક્રિ. વ.કા. પ્ર.પુ.એ.વ., 'તપ્' ૧ ગણ
**અહમ્** - હું; સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
**એવ** - જ; અવ્યય
**વર્ષમ્** - વર્ષાને, વરસાદને; નામ, દ્વિ.એ.વ., પુ. 'વર્ષ'
**નિગૃહ્ણામિ** - આકર્ષું છું; ક્રિ. વ.કા. પ્ર.પુ.એ.વ., 'નિ + ગૃહ્' ૯ ગણ પરસ્મૈ.
**ચ** - અને; અવ્યય



**ઉત્સૃજામિ** - નાખું છું. ક્રિ. વ.કા. પ્ર.પુ.એ.વ., ઉત્ + સૃજ્ ૬ ગણ, પરસ્મૈ.
**અર્જુન** - અર્જુન; સમ્બોધન
**ચ** - અને; અવ્યય
**અહમ્** - હું; સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
**એવ** - જ; અવ્યય
**અમૃતમ્** - અમૃત; નામ, પ્ર.એ.વ., નપુ. 'અમૃત'
**ચ** - અને; અવ્યય
**મૃત્યુઃ** - મરણ; નામ, પ્ર.એ.વ., પુ. 'મૃત્યુ'
**સત્** - સત્; નામ, પ્ર.એ.વ.,
**ચ** - અને; અવ્યય
**અસત્** - અસત્; નામ, પ્ર.એ.વ., (અપિ, અર્થાત્ સર્વમ્ અહમ્ એવ અસ્મિ - પણ અર્થાત્ બધું હું જ છું.)

**શ્લોકાર્થ :** હે અર્જુન! હું તપું છું, હું વરસાદને ખેંચું છું અને છોડું છું. હું અમૃત છું તેમજ મૃત્યુ છું, સત્ છું અને અસત્ છું.

**વિવેચન :** હે અર્જુન! હું સૂર્યરૂપે તપું છું ને તેથી વરસાદમાટે જળ ખેંચું છું ને પાછું તે જ જળ છોડી વૃષ્ટિ કરું છું. આ વરસાદના જળથી અન્ન વિગેરે ઉત્પન્ન થતું હોવાથી સૃષ્ટિનો આધાર હું હોવાથી ઉપાસ્ય છું. હું અમૃત એટલે જીવન અથવા જીવાડનાર છું, કારણ કે વરસાદથી સર્વ જગતની સ્થિતિ છે તેમજ વરસાદ રોકી રાખવાથી હું મૃત્યુરૂપ પણ છું. તેમજ સત્ એટલે ભાવપદાર્થ અને અસત્ એટલે અભાવ પણ હું છું. આ સર્વ હું હોવાથી મારી બહુ પ્રકારથી જ્ઞાનીઓ ઉપાસના કરે છે.

એવી રીતે બહુ પ્રકારથી ભગવત્સ્વરૂપનું વર્ણન કર્યું તે નહિ જાણતાં, ભગવત્સ્વરૂપ છે એમ નહિ જાણતા માત્ર કામનાથી જેઓ યજ્ઞ વિગેરે કર્મ કરે છે તેઓ જન્મ-મરણરૂપ આ સંસારમાં આથડ્યા કરે છે એમ બે શ્લોકથી ( ૨૦।૨૧ ) કહે છે.

**ત્રૈવિદ્યા માં સોમપાઃ પૂતપાપા યજ્ઞૈરિષ્ટ્વા સ્વર્ગતિં પ્રાર્થયન્તે ।**
**તે પુણ્યમ્ આસાદ્ય સુરેન્દ્રલોકમ્ અશ્નન્તિ દિવ્યાન્ દિવિ દેવભોગાન્ ॥૨૦॥**

**ત્રૈવિદ્યાઃ** - **ત્રણે વેદોમાં કહેલા સકામ કર્મને આચરનારા;** વિશેષણ, વિ. 'સોમપાઃ'
**પૂતપાપાઃ** - **પાપોથી છૂટી પવિત્ર થયેલા;** વિશેષણ, વિ. 'સોમપાઃ'
**સોમપાઃ** - **સોમરસને પીનારા;** નામ, પ્ર.બ.વ. પુ. 'સોમપ'
**મામ્** - **મને;** સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
**યજ્ઞૈઃ** - **યજ્ઞોવડે;** નામ, તૃ.બ.વ. પુ. 'યજ્ઞ'
**ઈષ્ટ્વા** - **યજન કરીને;** વિધેય કૃદન્ત
**સ્વર્ગતિમ્** - **સ્વર લોકને, સ્વર્ગલોકને;** નામ, દ્વિ.એ.વ., સ્ત્રી.
**પ્રાર્થયન્તે** - **પ્રાર્થના કરે છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.બ.વ. પ્ર + અર્થ ૧૦ગણ, આત્મને.
**તે** - **તેઓ;** સર્વનામ, પ્ર.બ.વ. પુ. 'તદ્'
**પુણ્યમ્** - **પુણ્ય ફલરૂપ;** વિશેષણ, વિ. 'સુરેન્દ્રલોકમ્'
**સુરેન્દ્રલોકમ્** - **સુરેન્દ્ર લોક, ઈન્દ્રલોક;** નામ, દ્વિ.એ.વ., પુ.
**આસાદ્ય** - **મેળવીને;** વિધેય કૃદન્ત, આ + સદ્
**દિવિ** - **સ્વર્ગમાં;** નામ, સ.એ.વ.,
**દિવ્યાન્** - **દેવલોકને;** નામ, દ્વિ.બ.વ. પુ.
**દેવભોગાન્** - **દેવોના ભોગોને;** નામ, દ્વિ.બ.વ. પુ.
**અશ્નન્તિ** - **ભોગવે છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.બ.વ. 'અશ્' ૯ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** સોમપાન કરનાર, નિષ્પાપ થએલા, ત્રયી વિદ્યાના જાણનાર લોકો યજ્ઞોથી મારું યજન કરી સ્વર્ગની ગતિ માગે છે. તેઓ પુણ્યશાલી સુરેન્દ્રલોક પ્રાપ્ત કરી સ્વર્ગમાં દિવ્ય દેવોના ભોગો ભોગવે છે.

**વિવેચન:** ત્રણ ગુણાત્મક ત્રણ વેદોમાં પ્રવીણ થએલા અને તેથી ત્રિગુણાત્મક કર્મ કરાવનાર સોમપાન કરનાર અને સોમપાન યજ્ઞકરણ વિગેરેથી નિષ્પાપ થએલા પુરુષો યજ્ઞોમાં તે-તે દેવતાઓનું યજન કરે છે, અને સ્વર્ગાદિ ફલમાટે પ્રાર્થના કરે છે. જો કે યજ્ઞાદિમાં સર્વત્ર હું જ રહેલો છું તે નહિ જાણવાથી તેઓ જુદા - જુદા દેવતાઓનું યજન કરે છે, પરન્તુ વસ્તુતઃ ત્યાં હું જ રહેલો હોવાથી અહીં 'મારું' યજન કરે છે એમ કહેલું છે. તેઓ પુણ્યશાળી સુરેન્દ્રલોક પ્રાપ્ત કરી ત્યાં સ્વર્ગમાં દિવ્ય દેવોના ભોગો ભોગવે છે.



આ તથા એકવીસમા શ્લોકનું અનુસન્ધાન બ્રહ્મસૂત્ર ૪।૧।૧૨ ઉપરના અણુભાષ્યમાં કરેલું છે.

**તે તં ભુક્ત્વા સ્વર્ગલોકં વિશાલં ક્ષીણે પુણ્યે મર્ત્યલોકં વિશન્તિ।**
**એવં ત્રયીધર્મમ્ અનુપ્રપન્ના ગતાગતં કામકામા લભન્તે॥૨૧॥**

**તે** - **તેઓ;** સર્વનામ, પ્ર.બ.વ. પુ. 'તદ્'
**તમ્** - **તેને;** સર્વનામ, દ્વિ.એ.વ., પુ.
**વિશાલમ્** - **વિશાળ;** વિશેષણ, વિ. 'સ્વર્ગલોકમ્'
**સ્વર્ગલોકમ્** - **સ્વર્ગલોકને;** નામ, દ્વિ.એ.વ., પુ.
**ભુક્ત્વા** - **ભોગવીને;** વિધેય કૃદન્ત 'ભુજ્'
**પુણ્યે** - **પુણ્ય;** નામ, સ.એ.વ.,
**ક્ષીણે** - **ક્ષીણ થતાં;** વ.કૃ. વિશેષણ, વિ. 'પુણ્યે'
**મર્ત્યલોકમ્** - **મર્ત્યલોકમાં;** નામ, દ્વિ.એ.વ., પુ. 'મર્ત્યલોક'
**વિશન્તિ** - **પ્રવેશે છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.બ.વ. 'વિશ્' ૬ગણ, પરસ્મૈ.
**એવમ્** - **એ પ્રમાણે;** અવ્યય
**ત્રયીધર્મમ્** - **ત્રણે વેદોમાં કહેલા સકામ ધર્મકર્મને;** નામ, દ્વિ.એ.વ., પુ. 'ત્રયીધર્મ'
**અનુપ્રપન્નાઃ** - **આશ્રય કરનારા;** વિશેષણ, વિ. 'જનાઃ'
**કામકામાઃ** - **ભોગોની ઈચ્છાવાળા;** નામ, પ્ર.બ.વ., પુ.
**પુરુષાઃ** - **પુરુષો;** સર્વનામ, પ્ર.બ.વ.
**ગતાગતમ્** - **આવવું અને જવું;** નામ, દ્વિ.એ.વ., પુ.
**લભન્તે** - **મેળવે છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.બ.વ. 'લભ્' ૧ગણ, આત્મને.

**શ્લોકાર્થ:** તેઓ તે વિશાળ સ્વર્ગલોકનો ભોગ કરી પુણ્ય ક્ષીણ થતાં મર્ત્યલોકમાં આવે છે. આવી રીતે ત્રયીધર્મને વળગનાર કામોની ઈચ્છાવાળાઓને જન્મ-મરણ પ્રાપ્ત થયા કરે છે.

**વિવેચન:** ઉપર કહેલા કામની ઈચ્છાવાળા ત્રયીધર્મને અનુસરનાર લોકો સ્વર્ગ પ્રાપ્ત થતાં સ્વર્ગના વિશાળ ભોગો ભોગવે છે. ભોગો ભોગવવાથી તેઓનું પુણ્ય ક્ષીણ થતાં તેઓ પુનઃ આ મર્ત્યલોકમાં અવતરે છે. આ પ્રમાણે તેઓનાં જન્મ-મરણ થયા જ કરે છે. આ જન્મ-મરણરૂપી અધમ

તૃતીય ગુણપ્રવાહ માર્ગ કહેલો છે. આ માર્ગમાં રહેલા જીવોનો ભગવાન્ કોઈ પણ સ્વરૂપથી અઙ્ગીકાર કરતા નથી, પરન્તુ તેઓને ભગવાનનું ભાન નહિ થતાં તેઓ સદા માયામાં જ રહે છે.

આ શ્લોકનું અનુસન્ધાન બ્રહ્મસૂત્ર ૩।૧।૧ ઉપરના અણુભાષ્યમાં કરેલું છે.

**અનન્યાશ્ચિન્તયન્તો માં યે જનાઃ પર્યુપાસતે।**
**તેષાં નિત્યાભિયુક્તાનાં યોગ-ક્ષેમં વહામ્યહમ્॥૨૨॥**

**યે** - **જેઓ;** સર્વનામ, પ્ર.બ.વ. પુ. 'યત્'
**અનન્યાઃ** - **અનન્ય ભાવથી મારામાં સ્થિત થયેલા;** વિશેષણ, વિ. 'જનાઃ'
**જનાઃ** - **માણસો;** નામ, પ્ર.બ.વ. પુ. 'જન'
**મામ્** - **મને;** સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
**ચિન્તયન્તઃ** - **ચિન્તન કરનારાઓ;** વ.કૃ. વિશેષણ, વિ. 'જનાઃ'
**પર્યુપાસતે** - **ઉપાસના કરે છે, સેવે છે, 'નિષ્કામભાવથી';** ક્રિ. વ.કા. તૃ.પુ.બ.વ. 'પરિ + ઉપ + આસ્' ૨ ગણ, આત્મને.
**તેષામ્** - **તેઓનું;** સર્વનામ, ષ.બ.વ. પુ. 'તત્'
**નિત્યાભિયુક્તાનામ્** - **હંમેશા ઐક્યભાવથી સ્થિર થયેલ;** વિશેષણ, વિ. 'જનાનામ્'
**યોગક્ષેમમ્** - **યોગ અને ક્ષેમ;** નામ, દ્વિ.એ.વ., પુ. 'યોગક્ષેમ'
**અહમ્** - **હું;** સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
**વહામિ** - **વહન કરું છું;** ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ., 'વહ્' ૧ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** જે અનન્ય લોકો મારું ચિન્તન કરતાં મારું સર્વ પ્રકારે ભજન કરે છે તે નિત્ય અભિયુક્તના યોગ અને ક્ષેમ હું જાળવું છું.

**વિવેચન:** એ પ્રમાણે અન્ય માર્ગની વાત કહી હવે પોતાના ભક્તોનો વૃત્તાન્ત કહે છે. ભક્તિના મુખ્ય બે પ્રકાર છે: ૧. મર્યાદાભક્તિ અને ૨. પુષ્ટિભક્તિ. જે દૈવી જીવોનો પ્રભુએ મર્યાદા માર્ગમાં અઙ્ગીકાર કરેલો છે તેઓને ક્રમે-ક્રમે સાધનદ્વારા ભગવાનની પ્રાપ્તિ થાય છે. જે દૈવી જીવોનો ભગવાને પુષ્ટિભક્તિમાર્ગમાં અઙ્ગીકાર કરેલો છે તેઓને સાધનની કાંઈ પણ અપેક્ષા નથી, અને માત્ર ભગવાનના અનુગ્રહથી જ ભગવાનની



પ્રાપ્તિ થાય છે. ક્યા જીવનો ક્યા માર્ગમાં અઙ્ગીકાર કરવો એ ભગવાનની ઇચ્છાને જ અધીન છે. ભગવાન્ સ્વતન્ત્ર છે તેથી ક્યા જીવનો ક્યા માર્ગમાં અઙ્ગીકાર કરવો તે વિષયમાં પોતાની ઇચ્છા સિવાય કોઈ નિયામક સમ્ભવતો જ નથી. તેથી જ્યાં-જ્યાં સાધન કરવાનાં કહેલાં હોય તે વાક્યો મર્યાદામાર્ગને ઉદ્દેશી યોજેલાં છે, કારણ કે જે જીવોનો એ માર્ગમાં અઙ્ગીકાર થએલો છે તેઓની તેવી જ પ્રવૃત્તિ થવાની અને ફલ પણ તે માર્ગનું જ તેઓને પ્રાપ્ત થવાનું. જેઓનો પુષ્ટિમાર્ગમાં અઙ્ગીકાર થએલો છે તેઓને જ્ઞાન વિગેરે સાધન વિના જ ભક્તિ પ્રાપ્ત થાય છે.

આ શ્લોકનું અનુસન્ધાન બ્રહ્મસૂત્ર ૩।૪।૨૭ ઉપરનાં અણુભાષ્યમાં કરેલું છે.

જે મારા સિવાય અન્ય દેવની, અન્ય ફલની, અથવા અન્ય માર્ગની ભાવના પણ રાખતા નથી તેવા અનન્ય લોકો મારું પુરુષોત્તમનું જ ચિન્તન કરતાં મેં કહેલા પ્રકારથી મારી સેવા કરે છે. તેવા નિત્ય અભિયુક્ત એટલે મારી સાથે નિત્ય સમ્બન્ધવાળા લોકોના યોગ અને ક્ષેમ હું જાળવું છું. 'યોગ' એટલે ભગવાનની સેવામાં ઉપયોગી ધન-ધાન્ય-વસ્ત્ર વિગેરે પદાર્થોની આ લોકમાં પ્રાપ્તિ. 'ક્ષેમ' એટલે આત્યન્તિક શ્રેયઃ અથવા મોક્ષ. આવા ભક્તોને હું સેવોપયોગી સર્વ પદાર્થોની આ લોકમાં પ્રાપ્તિ કરાવું છું અને પરલોકમાં મોક્ષ આપું છું.

**યેઽપ્યન્યદેવતાભક્તા યજન્તે શ્રદ્ધયાન્વિતાઃ।**
**તેઽપિ મામેવ કૌન્તેય! યજન્ત્યવિધિપૂર્વકમ્॥૨૩॥**

**કૌન્તેય** - **હે અર્જુન;** સમ્બોધન
**અપિ** - **યદ્યપિ;** અવ્યય
**શ્રદ્ધયાન્વિતાઃ** - **શ્રદ્ધાવાળા;** નામ, તૃ.એ.વ., સ્ત્રી 'શ્રદ્ધા'
**યે** - **જેઓ;** સર્વનામ, પ્ર.બ.વ., પુ.
**અન્યદેવતાભક્તાઃ** - **બીજા દેવતાઓના ભક્તો;** નામ, દ્વિ.બ.વ., સ્ત્રી.
**તાઃ** - **તેઓને;**
**યજન્તે** - **પૂજે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., 'યજ્' ૧ ગણ, આત્મને.
**તે** - **તેઓ;** સર્વનામ, પ્ર.બ.વ., પુ.
**અપિ** - **પણ;** અવ્યય
**અવિધિપૂર્વકમ્** - **વિધિ વગર, જ્ઞાન વગર;** અવ્યય

મામ્ - મને; સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
એવ - જ, માત્ર; અવ્યય
યજન્તિ - ભજન કરે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., 'યજ્' ૧ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ :** વળી હે કૌન્તેય! જે અન્ય દેવતાઓના ભક્તો શ્રદ્ધાપૂર્વક તેઓનું યજન કરે છે તેઓ પણ અવિધિપૂર્વક મારું જ યજન કરે છે.

**વિવેચન :** બ્રહ્મવાદ પ્રમાણે સર્વ ભગવાન્ હોવાથી, જે લોકો ઇન્દ્ર, રવિ વિગેરે દેવોનું યજન કરે છે તેઓ પણ વસ્તુતઃ ભગવાનનું જ યજન કરે છે છતાં તેઓને ભગવાનની ભક્તિનું ફલ કેમ પ્રાપ્ત થતું નથી? એવી શઙ્કા થાય તે દૂર કરે છે. હે કૌન્તેય! મારા સિવાય રવિ વિગેરે અન્ય દેવોનું જેઓ શ્રદ્ધાપૂર્વક યજન કરે છે તેઓ પણ વસ્તુતઃ મારું જ યજન કરે છે, પરન્તુ તેઓ મારું યજન **અવિધિપૂર્વક** કરે છે. વેદોમાં જ્યાં-જ્યાં અન્ય દેવનું યજન કરવાનું કહેલું છે ત્યાં-ત્યાં તેઓના આત્મા ભગવાન્ એટલે હું છું એવા જ્ઞાનપૂર્વક તેઓ યજન કરતા નહિ હોવાથી અવિધિપૂર્વક અર્થાત્ વિધિ વિના મારું યજન કરે છે. તેથી જ તેઓને ભગવત્પ્રાપ્તિ થતી નથી, પરન્તુ તેઓના જન્મ-મરણ જ થયા કરે છે.

આ તથા ચોવીસમા શ્લોકોનું અનુસન્ધાન શ્રીભાગવત્ ૧૦।૩૭।૯ ઉપરના સુબોધિનીમાં કરેલું છે.

**અહં હિ સર્વયજ્ઞાનાં ભોક્તા ચ પ્રભુરેવ ચ।**
**ન તુ મામ્ અભિજાનન્તિ તત્ત્વેનાતશ્ચ્યવન્તિ તે॥૨૪॥**

હિ - નિશ્ચયથી; અવ્યય
સર્વયજ્ઞાનામ્ - બધા યજ્ઞોનો; નામ, ષ.બ.વ., પુ.
ભોક્તા - ભોક્તા; નામ, પ્ર.એ.વ., પુ. 'ભોક્તૃ'
ચ - અને; અવ્યય
પ્રભુઃ - પરમેશ્વર; નામ, પ્ર.એ.વ., પુ. 'પ્રભુ'
ચ - પણ; અવ્યય
અહમ્ એવ - હું જ; સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
અસ્મિ - છું; ક્રિ. વર્ત.કા. પ્ર.પુ.એ.વ. 'અસ્'
તુ - પરન્તુ; અવ્યય



મામ્ - મને; અધિયજ્ઞ સ્વરૂપને; સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
તે - તેઓ; સર્વનામ, પ્ર.બ.વ., પુ.
તત્ત્વેન - તત્ત્વથી; નામ, તૃ.એ.એ.વ., નપુ. 'તત્ત્વ'
ન - નહિ; અવ્યય
અભિજાનન્તિ - જાણે છે, તત્ત્વથી જાણે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., 'અભિ + જ્ઞા' ૯ ગણ, પરસ્મૈ.
અતઃ - તેથી; અવ્યય
ચ્યવન્તિ - પડે છે "પુનર્જન્મ પ્રાપ્ત કરે છે"; ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., 'ચ્યુ' ૧ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ :** કારણ કે સર્વયજ્ઞોનો ભોક્તા અને પ્રભુ હું જ છું. પરન્તુ તેઓ મને તત્ત્વથી જાણતા નથી તેથી તેઓનો પાત થાય છે.

**વિવેચન :** ગયા શ્લોકમાં કહેલા અર્થનું જ વિસ્તારથી નિરૂપણ કરે છે. સર્વયજ્ઞોનો ભોક્તા અને પ્રભુ એટલે યજ્ઞફલનું દાન કરનાર તેમજ યજ્ઞરૂપ અને યજ્ઞોના સાધનરૂપ જુદા-જુદા દેવોમાં તેઓના આત્મા તરીકે રહેલો હું જ છું. પરન્તુ તેઓને મારું યથાર્થ જ્ઞાન નથી તેથી તેઓ એ સર્વ હું જ છું, અથવા એ સર્વનો આત્મા હું છું અને તેઓ માત્ર મારા અઙ્ગભૂત છે એમ જાણતા નથી, તેથી મારા યથાર્થ જ્ઞાન વિના તેઓ અવિધિપૂર્વક યજન કરતા હોવાથી સુકૃતનું ફલ ભોગવી પુનઃ અવતરે છે. તેથી તેઓ પણ વસ્તુતઃ મારું જ યજન કરતા હોવા છતાં તેઓનો ભાવ ભિન્ન પ્રકારનો હોવાથી તેઓને મારા ભક્તોના જેવું ફલ પ્રાપ્ત થતું નથી. અર્થાત્ જેનો જેવો ભાવ તેવું તેને ફલ પ્રાપ્ત થાય છે. ભાવમાં ભેદ હોવાથી જ ફલ પણ ભિન્ન પ્રાપ્ત થાય છે.

**યાન્તિ દેવવ્રતા દેવાન્ પિતૄન્ યાન્તિ પિતૃવ્રતાઃ।**
**ભૂતાનિ યાન્તિ ભૂતેજ્યા યાન્તિ મદ્યાજિનોઽપિ મામ્॥૨૫॥**

દેવવ્રતાઃ - દેવતાઓને પૂજનારા; નામ, પ્ર.બ.વ., પુ.
દેવાન્ - દેવતાઓને; નામ, દ્વિ.બ.વ., પુ. 'દેવ'
યાન્તિ - પામે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., 'યા' ૨ ગણ, પરસ્મૈ.
પિતૃવ્રતાઃ - પિતૃઓને પૂજનારા; નામ, પ્ર.બ.વ., પુ. 'પિતૃવ્રત'

**પિતૄન્** - પિતૃલોકોને; નામ, દ્વિ.બ.વ., પુ. 'પિતૃ'
**યાન્તિ** - પામે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., 'યા' ૨ ગણ પરસ્મૈ.
**ભૂતેજ્યાઃ** - ભૂતોને પૂજનારા; નામ પ્ર.બ.વ.
**ભૂતાનિ** - ભૂતોને; નામ, દ્વિ.બ.વ., નપુ.
**યાન્તિ** - પામે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., 'યા' ૨ ગણ પરસ્મૈ.
**ચ** - અને; અવ્યય
**મદ્યાજિનઃ** - મને પૂજનારાઓ; નામ, પ્ર.બ.વ., પુ.
**મામ્** - મને; સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
**અપિ** - જ; અવ્યય. **(યાન્તિ=પ્રાપ્ત કરે છે)**

**શ્લોકાર્થ:** દેવોનું વ્રત કરનારા દેવોને પામે છે, પિતૃઓનું વ્રત કરનારા પિતૃઓને પામે છે, ભૂતોનું યજન કરનાર ભૂતોને પામે છે અને મારું યજન કરનારા મને પામે છે.

**વિવેચન:** વ્રત એટલે સઙ્કલ્પ અથવા માનસિક કર્મ, તેને જ 'ભાવ' પણ કહે છે. જેઓ દર્શ પૂર્ણમાસ વિગેરે કર્મ કરતાં "ઇન્દ્ર દેવનું યજન કરીએ છીએ" એવો સઙ્કલ્પ કરે છે તેઓ ઇન્દ્રને પામે છે. એ પ્રમાણે જે-જે દેવનો સઙ્કલ્પ કરીને કર્મ કરે છે તે-તે દેવને પામે છે. પિતૃઓનો સઙ્કલ્પ કરનારને પિતૃની પ્રાપ્તિ થાય છે. તેવી જ રીતે યક્ષ-રાક્ષસ-પિશાચ વિગેરે ભૂતોનો સઙ્કલ્પ કરી કર્મ કરનારને ભૂતોની પ્રાપ્તિ થાય છે, અને મારો પરમાત્મા શ્રીવાસુદેવનો સઙ્કલ્પ કરી કર્મ કરનારને મારી પ્રાપ્તિ થાય છે. તેથી જેવો ભાવ તેવું ફલ પ્રાપ્ત થાય છે એમ યોગ્ય જ છે.

**પત્રં પુષ્પં ફલં તોયં યો મે ભક્ત્યા પ્રયચ્છતિ।**
**તદહં ભક્ત્યુપહૃતમ્ અશ્નામિ પ્રયતાત્મનઃ ॥૨૬॥**

**પત્રમ્** - પાનને; નામ, દ્વિ.એ.વ., નપુ. 'પત્ર'
**પુષ્પમ્** - ફૂલને; નામ, દ્વિ.એ.વ., નપુ. 'પુષ્પ'
**ફલમ્** - ફળને; નામ, દ્વિ.એ.વ., નપુ. 'ફલ'
**તોયમ્** - જળને; નામ, દ્વિ.એ.વ., નપુ. 'તોય'
**યઃ** - જે; સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'યત્'
**મે - મહ્યમ્** - મને; સર્વનામ, ચ.એ.વ., 'અસ્મત્'



**ભક્ત્યા** - ભક્તિથી, પ્રેમ ભક્તિથી; નામ, તૃ.એ.વ., સ્ત્રી. 'ભક્તિ'
**પ્રયચ્છતિ** - આપે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., પ્ર + દા (યચ્છ્) ૧ ગણ
**પ્રયતાત્મનઃ** - શુદ્ધ બુદ્ધિવાળા, નિષ્કામ પ્રેમી ભક્તોના; નામ, ષ.એ.વ., પુ. "પ્રયતઃ આત્મા યસ્ય ઇતિ" બહુવ્રીહિ
**તત્** - તે; સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.
**ભક્ત્યુપહૃતમ્** - ભક્તિથી અર્પણ કરેલું; વિશેષણ, વિ. 'તત્' "ભક્ત્યા ઉપહૃતમ્ ઇતિ" ઉપપદ
**અહમ્** - હું; સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
**અશ્નામિ** - ખાઉં છું, ભોગવું છું; ક્રિ. વ.કા., પ્ર.પુ.એ.વ., 'અશ્' ૯ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** જે મને ભક્તિથી પત્ર, પુષ્પ, ફલ અને જલ અર્પે છે તે પ્રયતાત્માવાળાનું ભક્તિથી અર્પેલું હું આરોગું છું.

**વિવેચન:** ભક્તોને ભગવત્પ્રાપ્તિ કેવી રીતે થાય છે તે કહી, એ ભગવાનની ભક્તિ સર્વથી ઉત્તમ છે તથા તેમાં શ્રમ પણ નથી એમ કહે છે. ક્ષુદ્ર દેવતાઓની પેઠે બહુ ઉપચાર અને મોટા આડમ્બરથી પૂજા કરવાથી મને સન્તોષ થતો નથી, પરન્તુ પ્રયતાત્માવાળા એટલે મારી સાથે સમ્બન્ધવાળા અથવા મને જેમણે સર્વસ્વ નિવેદન કરેલું છે તેવા ભક્તો પત્ર, પુષ્પ, અને જલ જે કાંઈ મને અર્પણ કરે તે તેમણે ભક્તિથી અર્પેલું હું આરોગું છું. જેમ વિદુરને ત્યાં ભાજી મેં આરોગી હતી તેવી રીતે પત્ર-પુષ્પ વિગેરે ભક્તિથી મને અર્પણ થાય તેથી હું પ્રસન્ન થાઉં છું.

આ શ્લોકનું અનુસન્ધાન શ્રીભાગવત્ ૧૦।૮૧।૩૫ ઉપરનાં સુબોધિનીમાં કરેલું છે.

**યત્ કરોષિ યદ્ અશ્નાસિ યજ્ જુહોસિ દદાસિ યત્।**
**યત્ તપસ્યસિ કૌન્તેય! તત્ કુરુષ્વ મદર્પણમ્॥૨૭॥**

**કૌન્તેય** - અર્જુન; સમ્બોધન
**યત્** - જે; સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.
**કરોષિ** - કરે છે; ક્રિ. વ.કા., દ્વિ.પુ.એ.વ., 'કૃ', ૮ ગણ, પરસ્મૈ.
**યત્** - જે; સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.

**અશ્નાસિ** - **ખાય છે;** ક્રિ. વ.કા., દ્વિ.પુ.એ.વ., 'અશ્' ૯ ગણ, પરસ્મૈ.
**યત્** - **જે;** સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.
**જુહોષિ** - **હોમે છે;** ક્રિ. વ.કા., દ્વિ.પુ.એ.વ., 'હુ' ૩ ગણ પરસ્મૈ.
**યત્** - **જે;** સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.
**દદાસિ** - **આપે છે;** ક્રિ. વ.કા., દ્વિ.પુ.એ.વ., 'દા' ૩ ગણ, પરસ્મૈ.
**યત્** - **જે;**
**તપસ્યસિ** - **તપ કરશે;** ક્રિ. ભ.કા. દ્વિ.પુ.એ.વ., 'તપ્' ૧ ગણ, પરસ્મૈ.
**તત્** - **તે;** સર્વનામ, દ્વિ.એ.વ., નપુ. **સર્વ** - **બધું;**
**ત્વમ્** - **તું;** સર્વનામ, પ્ર.એ.વ. 'યુષ્મદ્'
**મદર્પણમ્** - **મને અર્પણ;** નામ, દ્વિ.એ.વ., નપુ.
**કુરુષ્વ** - **કર;** ક્રિ. આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ., 'કૃ' ૮ ગણ, આત્મને.

**શ્લોકાર્થ :** હે કૌન્તેય! તું જે કરે છે, જે ભોગ કરે છે, જે હોમે છે, જે દાન કરે છે, અને જે તપ કરે છે તે મને અર્પણ કર.

**વિવેચન :** લૌકિક, વૈદિક, નિત્ય, નૈમિત્તિક જે કાંઈ કર્મ તું કરે છે તે મને અર્પણ કરવાથી કર્મના બન્ધનથી મુક્ત થઈ તું મને પ્રાપ્ત કરીશ એમ બે શ્લોકથી (૨૭-૨૮) કહે છે. હે કૌન્તેય! તું જે ધનસઞ્ચય વિગેરે કરે છે, તું અન્ન વિગેરેનો જે ભોગ કરે છે, જે હોમ, દાન અથવા તપ કરે છે તે સર્વ કર્મ મને અર્પણ કર. આમ કરવાથી તું સર્વ દોષથી મુક્ત થઈશ. સિદ્ધાન્તરહસ્ય ગ્રન્થમાં શ્રીમદાચાર્યચરણે આ ભક્તિમાર્ગના સિદ્ધાન્તનો ઉપદેશ કરેલો છે.

આ શ્લોકનું અનુસન્ધાન શ્રીભાગવત ૧૧।૨।૩૬ ઉપરના સુબોધિનીમાં કરેલું છે. તેમજ આ તથા ૨૮ મા શ્લોકનું અનુસન્ધાન શ્રીભાગવત ૧૧।૨।૩૪ ઉપરના સુબોધિનીમાં કરેલું છે.

**શુભાશુભ ફલૈરેવં મોક્ષ્યસે કર્મબન્ધનૈઃ ।**
**સન્ન્યાસયોગયુક્તાત્મા વિમુક્તો મામ્ ઉપૈષ્યસિ ॥૨૮॥**

**એવમ્** - **એ પ્રમાણે;** અવ્યય
**સન્ન્યાસયોગયુક્તાત્મા** - **સન્ન્યાસ અને યોગથી યુક્ત થયેલો છે આત્મા જેનો;** વિશેષણ, વિ. 'ત્વમ્'; ''સન્ન્યાસઃ એવ યોગઃ તેન



યુક્તઃ આત્મા યસ્ય'' બહુવ્રીહિ
**ત્વમ્** - **તું;** સર્વનામ, પ્ર.એ.વ. 'યુષ્મદ્'
**શુભાશુભફલૈઃ** - **શુભ અને અશુભ ફલોથી;** વિશેષણ, વિ. 'કર્મબન્ધનૈઃ'
**કર્મબન્ધનૈઃ** - **કર્મોના બન્ધનોથી;** નામ, તૃ.બ.વ., નપુ.
**મોક્ષ્યસે** - **મોક્ષ પામશે;** ક્રિ. ભ.કા. દ્વિ.પુ.એ.વ., 'મુચ્' ૬ ગણ, આત્મને.
**ચ તેભ્ય** - **અને, તેઓથી;** અવ્યય, સર્વનામ પં.બ.વ. 'તત્'
**વિમુક્તઃ** - **મુક્ત થયેલો;** ભૂ.કૃ. વિશેષણ, વિ. 'ત્વમ્'
**ત્વમ્** - **તું;** સર્વનામ, પ્ર.એ.વ. 'યુષ્મદ્'
**મામ્** - **મને;** સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
**ઉપૈષ્યસિ** - **મેળવશે;** ક્રિ. ભ.કા. દ્વિ.પુ.એ.વ., 'ઉપ + ઈ' ૨ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ :** એવી રીતે સન્ન્યાસ તથા યોગ થી યુક્ત અન્તઃકરણવાળો થઈ કર્મના બન્ધન શુભ અને અશુભ ફલથી તું મુક્ત થઈશ, અને મુક્ત થએલો મને પામીશ.

**વિવેચન :** એવી રીતે સર્વ કર્મ મને અર્પણ કરવાથી તને સન્ન્યાસ તથા યોગ પ્રાપ્ત થશે. ભગવાનનું ભજન સારી રીતે થઈ શકે તે માટે ભજનના વિરોધી સર્વ પદાર્થનો ત્યાગ તે સન્ન્યાસ. અથવા સર્વ કર્મ ભગવાનને સમર્પણ કરવાં તે સન્ન્યાસ. ભક્તિરૂપ યોગ. આ સન્ન્યાસ તથા યોગ થી યુક્ત અન્તઃકરણવાળો થઈ કર્મના બન્ધન, શુભ અથવા અશુભ કર્મનાં ફલ, થી મુક્ત થઈશ. એમ કર્મબન્ધથી મુક્ત થએલો તું સંસારના બન્ધનથી લિપ્ત નહિ થતાં મને પુરુષોત્તમને પ્રાપ્ત કરીશ અર્થાત્ સેવોપયોગી દેહ ધારણ કરી વ્યાપિ વૈકુણ્ઠમાં મારી સમીપમાં રહીશ.

આ શ્લોકનું અનુસન્ધાન ભાગ. ૧૧।૨।૩૬ પરના શ્રીસુબોધિનીમાં કરેલું છે.

**સમોઽહં સર્વભૂતેષુ ન મે દ્વેષ્યોસ્તિ ન પ્રિયઃ ।**
**યે ભજન્તિ તુ માં ભક્ત્યા મયિ તે તેષુ ચાપ્યહમ્ ॥૨૯॥**

**અહમ્** - **હું;** સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
**સર્વભૂતેષુ** - **બધા પ્રાણીઓમાં;** નામ, સ.બ.વ., નપુ.
**સમઃ** - **સરખો, સમભાવથી વ્યાપક;** વિશેષણ, વિ. 'અહમ્'
**અસ્મિ** - **છું;** ક્રિ. વર્ત.કા. પ્ર.પુ.એ.વ. 'અસ્'

**મે** - **મારો;** સર્વનામ, ષ.એ.વ., 'અસ્મત્'
**ન** - **નહિ;** અવ્યય
**દ્વેષ્યઃ** - **દ્વેષ્ય;** વિશેષણ, વિ. 'કશ્ચિત્'
**અસ્તિ** - **છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ, પરસ્મૈ.
**ચ ન** - **અને નહિ;** અવ્યય
**પ્રિયઃ** - **વ્હાલો;** વિશેષણ, વિ. 'કશ્ચિત્'
**અસ્તિ** - **છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ, પરસ્મૈ
**તુ** - **પરન્તુ;** અવ્યય
**યે** - **જેઓ;** સર્વનામ, પ્ર.બ.વ., પુ. 'યત્'
**ભક્ત્યા** - **ભક્તિથી;** નામ, તૃ.એ.વ., સ્ત્રી. 'ભક્તિ'
**મામ્** - **મને;** સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
**ભજન્તિ** - **ભજે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., 'ભજ્' ૧ ગણ, પરસ્મૈ.
**તે** - **તેઓ;** સર્વનામ, પ્ર.બ.વ., પુ. 'તદ્'
**મયિ** - **મારામાં;** સર્વનામ, સ.એ.વ., 'અસ્મત્'
**ચ** - **અને;** અવ્યય
**અહમ્** - **હું;** સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
**અપિ** - **વળી, પણ;** અવ્યય
**તેષુ** - **તેઓમાં;** સર્વનામ, સ.બ.વ., પુ. 'તદ્'
**અસ્મિ** - **છું;** ક્રિ. વ.કા. પ્ર.પુ.એ.વ. 'અસ્'

**શ્લોકાર્થ :** હું સર્વ ભૂતોમાં સમ છું, મારે કોઈ દ્વેષ્ય નથી, કોઈ પ્રિય નથી. પરન્તુ જેઓ મને ભક્તિથી ભજે છે તેઓ મારામાં છે અને હું તેઓમાં છું.

**વિવેચન :** આપના ભક્તોને જ આપ મુક્તિનું દાન કરો છો, બીજાઓને મુક્તિનું દાન કરતા નથી તો આપનામાં પણ વૈષમ્ય એટલે પક્ષપાતરૂપ દોષ થયો જ, એવી શઙ્કા થાય તે દૂર કરે છે. નીચ - ઉચ્ચ અથવા સર્વે ભૂતો મને સમાન છે, મારે કોઈ દ્વેષ્ય નથી તેમજ કોઈ મને પ્રિય નથી. છતાં જેઓ ભક્તિથી મારું ભજન કરે છે તેઓ મારામાં છે અર્થાત્ હું તેઓનો આધાર છું, અને હું પણ તેઓમાં છું અર્થાત્ હું પણ તેઓને અધીન છું. આ ભક્તિનું વિશેષ મહાત્મ્ય છે કે મને



સર્વનિયન્તા પરમેશ્વરને પણ અસ્વતન્ત્ર જેવો બનાવે છે. ભગવાન્ પોતે શ્રીમદ્ભાગવતમાં કહે છે કે "હે દ્વિજ! હું અસ્વતન્ત્ર હોઉં તેમ ભક્તોને પરાધીન છું. સારી સ્ત્રીઓ જેમ સારા પતિને વશ કરે છે તેમ ભક્તો મને ભક્તિથી વશ કરે છે". હું ભક્તોને વશ થઈ તેઓને મુક્તિનું દાન કરું તેમાં વૈષમ્યદોષ નથી. જેમ કલ્પતરુ તેનો આશ્રય કરનાર પ્રાણીમાત્રને તેઓના ઇચ્છેલા પદાર્થ આપે છે, પરન્તુ તેનો આશ્રય ન કરે તેઓને કાંઈ આપતું નથી તેમાં તેને વૈષમ્યદોષ નથી, તેમ જ જેઓ મારો આશ્રય કરી મારી ભક્તિ કરે છે તેઓને હું મુક્તિનું દાન કરું અને મારી ભક્તિ ન કરે તેઓને મુક્તિનું દાન ન કરું તેમાં કાંઈ પણ વૈષમ્ય નથી. આ સર્વ જગત્ અને ભૂતો મેં મારી ક્રીડામાટે રચેલા છે. જેઓ મારી ક્રીડારૂપ પ્રયોજનને જાણતા નથી, પાપ કર્મ કરે છે અને મારામાં વૈષમ્ય વિગેરે દોષ જુએ છે તેઓ મને, સર્વ પ્રાણીઓ સમાન હોવા છતાં, પોતાના જ દોષથી બન્ધન પામે છે અને જેઓ મારું ક્રીડારૂપ પ્રયોજન જાણી ભક્તિ અથવા સ્નેહ થી મારું ભજન કરે છે તેઓનું હું સદા રક્ષણ કરું છું તેમાં મને કાંઈ વૈષમ્યદોષ નથી.

**અપિ ચેત્ સુદુરાચારો ભજતે મામ્ અનન્યભાક્।**
**સાધુરેવ સ મન્તવ્યઃ સમ્યગ્ વ્યવસિતો હિ સઃ ॥૩૦॥**

**ચેત્** - **જ્યારે;** અવ્યય
**સુદુરાચારઃ** - **અતિ દુરાચારી;** નામ, પ્ર.એ.વ., પુ.
**અપિ** - **પણ;** અવ્યય
**મામ્** - **મને;** સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
**અનન્યભાક્** - **અનન્ય ભાવથી મારો ભક્ત;** વિશેષણ, વિ. 'સાધુઃ'
**ભૂત્વા** - **થઈને;**
**ભજતે** - **ભજે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'ભજ્' ૧ ગણ
**સઃ** - **તે;** સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'તત્'
**સાધુઃ** - **સાધુ;** નામ, પ્ર.એ.વ., પુ. 'સાધુ'
**એવ** - **જ, માત્ર;** અવ્યય
**મન્તવ્યઃ** - **માનવા યોગ્ય;** વિધેય કર્મણિ, કૃ. વિશેષણ, વિ. 'સાધુઃ'
**હિ** - **નિશ્ચય;** અવ્યય
**સઃ** - **તે;** સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'તત્'

સમ્યક્ - યથાર્થ; અવ્યય
વ્યવસિતઃ - નિશ્ચયવાળો; ભૂ.કૃ. વિશેષણ, વિ. 'સાધુઃ'
અસ્તિ - છે; ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'

**શ્લોકાર્થ:** જો અત્યન્ત દુષ્ટ આચારવાળો પણ મને અનન્યતાથી ભજે તો તેને સારો જ માનવો, કારણ કે તે સારા નિશ્ચયવાળો છે.

**વિવેચન:** મારી ભક્તિ પ્રાપ્ત કરવા અમુક અધિકાર હોવો જ જોઈએ એવું કાંઈ નથી અર્થાત્ મહાપતિતને પણ મારી ભક્તિ પાવન કરે છે. અત્યન્ત દુષ્ટ આચારવાળો માણસ પણ જો મને અનન્યતાથી ભજે, અર્થાત્ મને એકલાને જ ભજે અને મારા સિવાય અન્ય કોઈ દેવનું ભજન અથવા સેવા અથવા આશ્રય કરે નહિ તો તે સારો વૈષ્ણવોનો અગ્રણી જ માનવો. શ્રીમદ્ભાગવતમાં પણ ભગવાન્ કહે છે કે "બાર સદ્ગુણ યુક્ત બ્રાહ્મણ ભગવાનની ભક્તિથી વિમુખ હોય તે કરતાં ભગવાનને મન, વચન, કર્મ, અર્થ, પ્રાણ જેણે અર્પણ કરેલા છે તેવો ચાણ્ડાલ પણ ઉત્તમ છે" આમ હોવાનું પ્રયોજન એ છે કે દુરાચારી હોવા છતાં સારા નિશ્ચયવાળો છે, તેણે મારી અનન્ય ભક્તિ કરવાનો કરેલો નિશ્ચય ઉત્તમ છે.

આ શ્લોકનો ભાવાર્થ એવો છે કે વિષય વિગેરે મહાપાપ નિરન્તર કર્યા કરનાર જે માણસ તેવા પાપની નિવૃત્તિમાટે અન્ય દેવનું ભજન અથવા પ્રાયશ્ચિત વગેરે ઉપાયો બરાબર નથી એમ જાણે છે, અન્ય કોઈ દેવનું ભજન કરતો નથી, અને વિષય વિગેરે પાપી આચરણનો ત્યાગ કરવા શક્તિમાન નથી, પરન્તુ તેનો ત્યાગ કરવાની ઇચ્છા રાખે છે અને તેથી પોતાના દૈન્યનો આવિર્ભાવ કરી મારી જ અનન્ય ભક્તિ કરે છે તે સાધુ છે; કારણ કે તેનો નિશ્ચય ઉત્તમ છે. ભક્ત હોય તે ગમે તેવો દુરાચારી હોય તો પણ સારો જ છે એમ અહીં કહેલું હોવાથી ભક્તોને દુષ્ટ આચરણ બાધ કરતું નથી, તેથી ભક્તોએ દુષ્ટ આચરણ કરવામાં કાંઈ સઙ્કોચ રાખવો નહિ એમ માનવાનું નથી.

આ વિષયનું તત્ત્વદીપ નિબન્ધના બીજા સર્વ નિર્ણય પ્રકરણમાં શ્લોક ૨૩૯ની ટીકામાં વિસતારથી વિવેચન કરેલું હોવાથી અહીં વિશેષ લખવું આવશ્યક નથી.



**ક્ષિપ્રં ભવતિ ધર્માત્મા શશ્વત્ શાન્તિં નિગચ્છતિ।**
**કૌન્તેય! પ્રતિજાનીહિ ન મે ભક્તઃ પ્રણશ્યતિ॥૩૧॥**

સઃ - તે; સર્વનામ, પ્ર.એ.વ. પુ. 'તત્'
ક્ષિપ્રમ્ - જલદીથી; અવ્યય
ધર્માત્મા - ધર્માત્મા; નામ, પ્ર.એ.વ., પુ.
ભવતિ - થાય છે; ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ., 'ભૂ' ૧ ગણ
ચ - અને; અવ્યય
શશ્વત્ શાન્તિમ્ - નિત્ય ટકનારી શાન્તિ; નામ, દ્વિ.એ.વ., સ્ત્રી.
નિગચ્છતિ - પામે છે; ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ., 'નિ + ગમ્' ૧ ગણ, પરસ્મૈ.
કૌન્તેય - અર્જુન; સમ્બોધન
ત્વમ્ - તું; સર્વનામ; પ્ર.એ.વ. 'યુષ્મત્'
પ્રતિજાનીહિ - નક્કી જાણ; ક્રિ. આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ., પ્રતિ+જ્ઞા ૯ ગણ
યત્ - કે; અવ્યય
મે - મારો; સર્વનામ, ષ.એ.વ., 'અસ્મત્'
ભક્તઃ - ભક્ત; નામ, પ્ર.એ.વ., પુ. 'ભક્ત'
ન - નહિ; અવ્યય
પ્રણશ્યતિ - નાશ પામે છે; ક્રિ.વ.કા. તૃ.પુ.એ.વ., પ્ર+નશ્ ૪ ગણ, પરસ્મૈ

**શ્લોકાર્થ:** તે તરત જ ધર્માત્મા થાય છે, અને સદાની શાન્તિ પામે છે. હે કૌન્તેય! મારા ભક્તનો નાશ થતો નથી એવી પ્રતિજ્ઞા જાણ.

**વિવેચન:** એવો અત્યન્ત દુરાચારી માત્ર સારા નિશ્ચયને લીધે સારો કેમ થાય? એવી શઙ્કા થાય, તે માટે તેના દુરાચારનો તરત જ નાશ થાય છે એમ કહે છે. તે તરત જ ધર્માત્મા થાય છે, પાપ કરતો અટકે અને ઉત્તમ આચરણ કરે છે. તેનાં પાપ નિર્મૂલ ઉખડી જાય છે. તેને સદાની શાન્તિ પ્રાપ્ત થાય છે. હે કૌન્તેય! તું મારી પ્રતિજ્ઞા જાણ કે મારા ભક્તનો કદાપિ નાશ થતો નથી. અથવા મારા ભક્તનો કદાપિ નાશ થતો નથી એવી તું સભાઓમાં પ્રતિજ્ઞા કર. તેથી અતિતામસ, રાજસ, મહાપતિત લોકોને પણ ભગવત્સમ્બન્ધ થતાં ભગવાન્ તેઓને પાવન કરે છે અને તેઓનો કૃપાથી નિરોધ કરે છે.

આ શ્લોકનું અનુસન્ધાન ભાગ.૧૦।૨।૨૬ પરનાં સુબોધિનીમાં કરેલું છે.

**માં હિ પાર્થ વ્યપાશ્રિત્ય યેઽપિ સ્યુઃ પાપયોનયઃ।**
**સ્ત્રિયો વૈશ્યાસ્તથા શૂદ્રાઃ તેપિ યાન્તિ પરાં ગતિમ્॥૩૨॥**

**હિ - નિશ્ચય;** અવ્યય
**પાર્થ - અર્જુન;** સમ્બોધન
**મામ્ - મને;** સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
**વ્યપાશ્રિત્ય - શરણ થઈને;** વિધેય કૃદન્ત 'વિ + અપ + આ + શ્રિ ૧ ગણ, ઉભય.
**સ્ત્રિયઃ - સ્ત્રીઓ;** નામ, પ્ર.બ.વ., સ્ત્રી
**વૈશ્યાઃ - વૈશ્યો;** નામ, પ્ર.બ.વ., પુ. 'વૈશ્ય'
**શૂદ્રાઃ - શૂદ્રો;** નામ, પ્ર.બ.વ., પુ. 'શૂદ્ર'
**તથા - અને, વળી;** અવ્યય
**પાપયોનયઃ - પાપ યોનિમાં જન્મવાળા;** વિશેષણ, વિ. 'સ્ત્રિયઃ વૈશ્યાઃ શૂદ્રાઃ'.
**અપિ - પણ;** અવ્યય
**યે - જેઓ;** સર્વનામ, પ્ર.બ.વ., પુ. 'યત્'
**સ્યુઃ - હોય;** ક્રિયાપદ, વિધ્યર્થ, તૃ.પુ.બ.વ., 'અસ્' ૨ ગણ, પરસ્મૈ.
**તે - તેઓ;** સર્વનામ, પ્ર.બ.વ., પુ. 'તદ્'
**અપિ - પણ;** અવ્યય
**પરામ્ - શ્રેષ્ઠ, પરમ;** વિશેષણ, વિ. 'ગતિમ્'
**ગતિમ્ - ગતિને;** નામ, દ્વિ.એ.વ., સ્ત્રી. 'ગતિ'
**યાન્તિ - પામે છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.બ.વ., 'યા' ૨ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ :** કારણ કે હે પાર્થ! જે કોઈ પાપીઓ, સ્ત્રીઓ, વૈશ્યો તથા શૂદ્રો હોય તે પણ મારો આશ્રય કરીને પરમ ગતિ પામે છે.

**વિવેચન :** ગયા શ્લોકમાં કહી તેવી પ્રતિજ્ઞા કરવાનું કારણ એ છે કે મારો આશ્રય જેણે કરેલો છે તે પછી ગમે તેવા, પૂતના જેવા, પાપી હોય, ગોપીઓ પેઠે માત્ર અભણ, શાસ્ત્રની અનધિકારી સ્ત્રીઓ હોય, તુલાધાર અથવા નન્દ વિગેરે જેવા વૈશ્યો હોય અથવા વિદુર જેવા શૂદ્રો હોય તો પણ તેઓ પરમ ગતિ પામે છે.

**કિં પુનર્ બ્રાહ્મણાઃ પુણ્યા ભક્તા રાજર્ષયસ્તથા।**
**અનિત્યમ્ અસુખં લોકમ્ ઇમં પ્રાપ્ય ભજસ્વ મામ્॥૩૩॥**

મન્મના ભવ મદ્ભક્તો મદ્યાજી માં નમસ્કુરુ।
મામેવૈષ્યસિ યુક્ત્વૈવમ્ આત્માનં મત્પરાયણઃ ॥૩૪॥

**ત્વમ્** - તું; સર્વનામ, પ્ર.એ.વ. 'યુષ્મદ્'
**મન્મનાઃ** - મારામાં મનવાળો; વિશેષણ, વિ. 'ત્વમ્'
**મદ્ભક્તઃ** - મારો ભક્ત; વિશેષણ, વિ. 'ત્વમ્'
**ચ** - અને; અવ્યય
**મદ્યાજી** - મારું યજન કરનારા; વિશેષણ, વિ. 'ત્વમ્'
**ભવ** - થા; ક્રિ. આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ., 'ભૂ' ૧ ગણ, પરસ્મૈ.
**મામ્** - મને; સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
**નમસ્કુરુ** - નમસ્કાર કર; ક્રિ. આજ્ઞાર્થ દ્વિ.પુ.એ.વ., 'નમસ્ + કૃ' ૮ ગણ, પરસ્મૈ.
**એવમ્** - એ પ્રમાણે; અવ્યય
**મત્પરાયણઃ** - મારામાં પરાયણ થયેલો; વિશેષણ, વિ. 'ત્વમ્'
**આત્માનમ્** - આત્માને; નામ, દ્વિ.એ.વ., પુ. 'આત્મન્'
**યુક્ત્વા** - જોડાઈને; વિધેયકૃદ. 'યુજ્'
**મામ્** - મને; સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
**એવ** - જ, માત્ર; અવ્યય
**એષ્યસિ** - પામશે; ક્રિ. ભ.કા. દ્વિ.પુ.એ.વ., 'ઇ' ૨ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** મારામાં મનવાળો થા, મારો ભક્ત થા, મારું યજન કરનાર થા. મને નમન કર. મને પરાયણ રહી આત્માને એવી રીતે યોજવાથી તું મને જ પ્રાપ્ત કરીશ.

**વિવેચન:** નીલવ્યોમ જેવી મૂર્તિવાળા, સર્વજ્ઞ, સર્વશક્તિમાન્, માત્ર પરમ આનન્દના જ કર-પાદ-મુખ-ઉદર વિગેરે જેમનાં છે તેવા, સર્વ અલૌકિક ગુણોના ભંડાર, અચિન્ત્ય, સર્વવેદાન્તોથી વેદ્ય, પોતાની ઇચ્છાથી જ પોતાનાં અશેષ સૌન્દર્યનો આવિર્ભાવ કરી ભૂતલ ઉપર પ્રકટ થએલા ભગવાન્ શ્રીપુરુષોત્તમ એવા ''મારામાં જ તું મન રાખનાર થા''. આ ઉપર કહેલા સાંખ્ય અને યોગ ના તાત્પર્યરૂપ સ્મરણરૂપ ભક્તિ કહી, તેથી જ્ઞાનકાણ્ડના અર્થની સિદ્ધિ થાય છે. ''મારો ભક્ત થા'' અર્થાત્ મારી પુરુષોત્તમસ્વરૂપની જ સેવા કર. આથી ઉપાસનાકાણ્ડની સિદ્ધિ થાય છે. ''મારું જ યજન



કરનાર થા''. આથી કર્મકાણ્ડના અર્થની સિદ્ધિ થાય છે. મને જ નમસ્કાર કર. ''હું આપનો દાસ છું'' એમ અનન્ય ભાવથી સાષ્ટાઙ્ગદણ્ડવત્ કરી તારા અહઙ્કારાદિ સર્વ દોષનો ત્યાગ કરી મારે શરણે આવ. મને પરાયણ રહી આત્માને આવી રીતે યોજવાથી તું મને જ પ્રાપ્ત કરીશ. અહીં છેવટે 'એવ=જ' યોજેલો છે તેનો સર્વ વાક્યમાં સમ્બન્ધ છે. તેથી મારું જ ભજન વિગેરે કર એટલે અન્ય દેવનું ભજન અથવા દેવને નમસ્કાર વિગેરે કરીશ નહિ એવો બોધ છે. ભગવાન્‌ના અનુગ્રહાત્મક પુષ્ટિમાર્ગનો આ મુખ્ય સિદ્ધાન્ત છે. આ માર્ગમાં ભગવાન્‌નો આશ્રય જ મુખ્ય છે તથા ભક્તોના સર્વસાધનરૂપ તથા ફલરૂપ ભગવાન્ પોતે જ છે. તેથી જ ભગવાન્ ''મને જ પ્રાપ્ત કરીશ'' એમ કહે છે. મારી ભક્તિથી પ્રાપ્ય ફલ હું જ છું. આના સમ્બન્ધમાં શ્રીમદાચાર્યચરણવિરચિત સેવાફલ ગ્રન્થનું અવલોકન કરવું.

આ શ્લોકનું અનુસન્ધાન શ્રીભાગવત્ ૩।૯।૧૭ ઉપરના સુબોધિનીમાં કરેલું છે.

**ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે**
**શ્રીકૃષ્ણાર્જુનસંવાદે 'રાજવિદ્યારાજગુહ્યયોગો' નામ**
**નવમોઽધ્યાયઃ ॥૯॥**

## ॥ અધ્યાય ૧૦ ॥
## વિભૂતિયોગ

નવમા અધ્યાયમાં ભક્તિનું સ્વરૂપ કહ્યું અને ભગવાનને સર્વ કર્મ સમર્પણ કરવાનો તથા ભક્તિ કરવાનો બોધ દીધો; પરન્તુ ભગવાનનું સ્વરૂપ જાણ્યા વિના ભક્તિ સમ્ભવતી નથી, તેથી ભગવત્સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થાય તે માટે ભગવાન્ પોતાના સ્વરૂપનું તથા પોતાની વિભૂતિઓનું આ અધ્યાયમાં નિરૂપણ કરે છે.

**શ્રીભગવાન્ ઉવાચ**

**ભૂય એવ મહાબાહો શૃણુ મે પરમં વચઃ।**
**યત્ તેऽહં પ્રીયમાણાય વક્ષ્યામિ હિતકામ્યયા॥૧॥**

**મહાબાહો** - **અર્જુન;** સમ્બોધન
**ભૂયઃ એવ** - **ફરીથી, માત્ર જ;** અવ્યય
**મે** - **મારું;** સર્વનામ, ષ.એ.વ., 'અસ્મત્'
**પરમમ્** - **શ્રેષ્ઠ, રહસ્યયુક્ત;** વિશેષણ, વિ. 'વચઃ'
**વચઃ** - **વાણી, વચન;** નામ, પ્ર.એ.વ., નપુ. 'વચસ્'
**શૃણુ** - **સાંભળ;** ક્રિ. આજ્ઞાર્થ દ્વિ.પુ.એ.વ., 'શ્રુ' ૫ ગણ
**યત્** - **જે;** સર્વનામ, દ્વિ.એ.વ., નપુ. 'યત્'
**અહમ્** - **હું;** સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
**પ્રીયમાણાય** - **પ્રેમ રાખવામાટે;** વિશેષણ, વિ. 'તે' વ.કૃ.
**તે (તુભ્યમ્)** - **તને;** સર્વનામ, ચ.એ.વ., 'યુષ્મદ્'
**હિતકામ્યયા** - **હિતની ઇચ્છાથી;** નામ, તૃ.એ.વ., સ્ત્રી. 'હિતકામ્યા'
**વક્ષ્યામિ** - **કહીશ;** ક્રિ. ભ.કા. પ્ર.પુ.એ.વ., 'વચ્' ૨ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** હે મહાબાહો! પ્રસન્ન થતા તને (તારા) હિતની ઇચ્છાથી જે પરમ વચન હું કહું છું તે પુનઃ પણ સાંભળ.

**વિશેષ:** વાસુદેવ ભગવાને અર્જુનને ઉપદેશ તો આપ્યો અને એના હિતનું



ઘણું - ઘણું કહ્યું; પણ અર્જુન ઉપર કૃષ્ણ પ્રીતિ કરે છે એવું કોઈ શ્લોક પરથી નિશ્ચય કહી શકાતું નથી. આ શ્લોકમાં તેમની પ્રીતિ અર્જુન પર છે તે ખુલ્લેખુલ્લું જણાવે છે. જીવભાવે અર્જુન ભગવદંશ તો છે; પરન્તુ તે વ્યામોહ દશામાં પડેલો હોવાથી સામાન્ય લોક તરફ એની પ્રીતિ ઢળે છે. નવ અધ્યાય સુધીમાં પ્રભુનાં વચનદ્વારા એનો વ્યામોહ ઓછો થયેલો જણાતાં પ્રભુ પણ એના તરફ પ્રીતિમય વચન સાથે કાંઈક વધારે રહસ્યમય ઉપદેશ આપે છે.

**ન મે વિદુઃ સુરગણાઃ પ્રભવં ન મહર્ષયઃ।**
**અહમ્ આદિર્હિ દેવાનાં મહર્ષીણાં ચ સર્વશઃ॥૨॥**

**મે** - **મારો;** સર્વનામ, ષ.એ.વ., 'અસ્મત્'
**પ્રભવમ્** - **પ્રભાવને;** નામ, દ્વિ.એ.વ., પુ. 'પ્રભવ'
**સુરગણાઃ** - દેવલોકો; નામ, પ્ર.બ.વ., પુ. 'સુરગણ'
**ન** - **નથી;** અવ્યય
**વિદુઃ** - **જાણતા;** ક્રિ. વ.કા. તૃ.પુ.બ.વ., 'વિદ્' ૨ ગણ, પરસ્મૈ.
**ચ** - **અને;** અવ્યય
**મહર્ષયઃ** - **મહર્ષિઓ;** નામ, પ્ર.બ.વ., પુ. 'મહર્ષિ'
**અપિ** - **પણ;** અવ્યય
**ન હિ** - **નથી જ;** અવ્યય. **વિદુઃ** - **જાણે છે;** ક્રિયાપદ
**અહમ્** - **હું;** સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
**મહર્ષીણામ્** - **મહર્ષિઓનું;** નામ, ષ.બ.વ., પુ.
**ચ** - **અને;** અવ્યય
**દેવાનામ્** - **દેવોનું;** નામ, ષ.બ.વ., પુ. 'દેવ'
**સર્વશઃ** - **બધી રીતે;** અવ્યય
**આદિઃ** - **આદિ;** નામ, પ્ર.એ.વ., પુ.
**અસ્મિ** - **છું;** ક્રિ. વર્ત.કા. પ્ર.પુ.એ.વ. 'અસ્'

**શ્લોકાર્થ:** દેવોના ગણો અથવા મહર્ષિઓ મારો પ્રભવ જાણતા નથી; કારણ કે દેવોનું તથા મહર્ષિઓનું હું સર્વ પ્રકારે આદિ કારણ છું.

**વિવેચન:** મારાં સ્વરૂપ તથા વિભૂતિ ના જે પરમ વચન હું તને કહેવાનો

છું તે બહુ ગૂઢ છે. દેવો અથવા મહર્ષિઓ પણ મારા પ્રભવને એટલે પ્રાદુર્ભાવને જાણતા નથી. તેઓ દેવ અને મહર્ષિ હોવાથી મેં ભૂમિનો ભાર હરવા ધર્મનું તથા તેઓનું રક્ષણ કરવા અવતાર ધારણ કરેલો છે એમ જાણે છે, પરન્તુ હું પૂર્ણરૂપ સાક્ષાત્ શ્રીપુરુષોત્તમ અવતરેલો છું અને ભક્તિનો પ્રચાર કરવાનું મારા અવતારનું મુખ્ય પ્રયોજન છે એમ તેઓ પણ જાણતા નથી. મારી કૃપા વિના કોઈ મારા અવતારનું પ્રયોજન અથવા મારું સ્વરૂપ જાણી શકે નહિ. દેવોનું તથા મહર્ષિઓનું સર્વ પ્રકારે આદિ કારણ હું છું, તેથી તેઓ મારા આવિર્ભાવના પ્રયોજન તથા મારા સ્વરૂપને શી રીતે જાણે?

**યો મામ્ અજમ્ અનાદિં ચ વેત્તિ લોકમહેશ્વરમ્।**
**અસમ્મૂઢઃ સમર્ત્યેષુ સર્વપાપૈઃ પ્રમુચ્યતે॥૩॥**

**યઃ** - જે; સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'યત્'
**મામ્** - **મને;** સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
**અજમ્** - **અજન્મ;** વિશેષણ, વિ. 'મામ્'
**અનાદિમ્** - **અનાદિ;** વિશેષણ, વિ. 'મામ્'
**ચ** - **અને;** અવ્યય
**લોકમહેશ્વરમ્** - **લોકનો મહેશ્વર;** વિશેષણ, વિ. 'મામ્'
**વેત્તિ** - **જાણે છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ., 'વિદ્' ૨ ગણ પરસ્મૈ.
**અસમ્મૂઢઃ** - **સમ્મોહ વિનાનો, જ્ઞાનવાન્;** વિશેષણ,વિ. 'સઃ'
**સઃ** - **તે;** સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'તદ્'
**મર્ત્યેષુ** - **મૃત્યુલોકમાં;** નામ, સ.બ.વ., પુ. 'મર્ત્ય'
**સર્વપાપૈઃ** - **બધા પાપોથી;** નામ, તૃ.બ.વ., નપુ.
**પ્રમુચ્યતે** - **મુક્ત થાય છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ., પ્ર + મુચ્ ૬ ગણ, કર્મણિ.

**શ્લોકાર્થ:** મર્ત્યોમાં જે મોહથી રહિત પુરુષ મને અજ, અનાદિ અને લોકોનો મહેશ્વર જાણે છે તે સર્વ પાપોથી મુક્ત થાય છે.

**વિવેચન:** મન્ત્રદ્રષ્ટા ઋષિઓ પણ મારા આવિર્ભાવને જાણતા નથી. તેથી જ હું અજ છું. અન્ય સર્વ ગુણ, પ્રકૃતિ, આકાશ વિગેરેનો જન્મ



થાય છે, પરન્તુ હું અજ છું. હું અનાદિ છું. મુક્ત જીવોનો પણ જન્મ થતો ન હોવાથી, તેઓ પણ 'અજ' જન્મરહિત છે, પરન્તુ તેમનાં જન્મરહિતપણાને આદિ( આરમ્ભ ) હોવાથી તેઓ 'અનાદિ' નથી. તેથી તેમનાથી પણ પોતે 'પર' છે એમ જણાવવા 'અનાદિ' શબ્દ યોજેલ છે. તેથી 'અજ' અને 'અનાદિ' એ શબ્દો એક જ અર્થવાળા નથી. સર્વ લોકોનો નિયન્તા છું, મર્ત્યોમાં અસમ્મૂઢ એટલે પ્રમાદરહિત જે કોઈ પુરુષ મને એવો જાણે છે, તે સંસારહેતુભૂત ભક્તિવિરોધી સર્વ પાપોથી મુક્ત થાય છે.

**બુદ્ધિર્જ્ઞાનમ્ અસમ્મોહઃ ક્ષમા સત્યં દમઃ શમઃ।**
**સુખં દુઃખં ભવોઽભાવો ભયં ચાભયમેવ ચ॥૪॥**
**અહિંસા સમતા તુષ્ટિઃ તપો દાનં યશોઽયશઃ।**
**ભવન્તિ ભાવા ભૂતાનાં મત્તએવ પૃથગ્વિધાઃ॥૫॥**

**બુદ્ધિઃ** - **બુદ્ધિ;** નામ, પ્ર.એ.વ., સ્ત્રી.
**જ્ઞાનમ્** - **જ્ઞાન;** નામ, પ્ર.એ.વ., નપુ.
**અસમ્મોહઃ** - **અમૂઢતા;** નામ, પ્ર.એ.વ., પુ.
**ક્ષમા** - **ક્ષમા;** નામ, પ્ર.એ.વ., સ્ત્રી.
**સત્યમ્** - **સત્ય;** નામ, પ્ર.એ.વ., નપુ.
**દમઃ** - **ઈન્દ્રિયનો નિગ્રહ;** નામ, પ્ર.એ.વ., પુ.
**શમઃ** - **મનની શાન્તિ;** નામ, પ્ર.એ.વ., પુ.
**સુખંદુઃખમ્** - **સુખ અને દુઃખ;** નામ, પ્ર.એ.વ., નપુ.
**ભવઃ અભાવઃ** - **ઉત્પત્તિ અને લય;** નામ, પ્ર.એ.વ., પુ.
**ભયમ્** - **ભય;** નામ, પ્ર.એ.વ., નપુ.
**ચ** - **અને;** અવ્યય
**અભયમ્** - **અભય;** નામ, પ્ર.એ.વ., નપુ.
**ચ** - **અને;** અવ્યય
**અહિંસા** - **અહિંસા;** નામ, પ્ર.એ.વ., સ્ત્રી.
**સમતા** - **સમતા;** નામ, પ્ર.એ.વ., સ્ત્રી.
**એવ** - **પણ;** અવ્યય
**તુષ્ટિઃ** - **સન્તોષ;** નામ, પ્ર.એ.વ., સ્ત્રી.
**તપઃ** - **તપ;** નામ, પ્ર.એ.વ., નપુ. 'તપસ્'

દાનમ્ - દાન; નામ, પ્ર.એ.વ., નપુ. 'દાન'
યશઃ - યશ; નામ, પ્ર.એ.વ., નપુ. 'યશસ્'. ચ - અને; અવ્યય
અયશઃ - હાનિ, અકીર્તિ, અપકીર્તિ; નામ, પ્ર.એ.વ., નપુ.
એવમ્ - આ પ્રકારે;
ભૂતાનામ્ - પ્રાણીઓનું; નામ, ષ.બ.વ., નપુ. 'ભૂત'
પૃથગ્વિધાઃ - જુદા પ્રકારના; વિશેષણ, વિ. 'ભાવાઃ
ભાવાઃ - ભાવો; નામ, પ્ર.બ.વ., પુ. 'ભાવ'
મત્તઃ - મારા તરફથી; સર્વનામ, પં.એ.વ., 'અસ્મત્' તદ્ધિત પ્રત્યય 'તઃ'
એવ - માત્ર; અવ્યય
ભવન્તિ - થાય છે; ક્રિ. વ.કા. તૃ.પુ.બ.વ., 'ભૂ' ૧ ગણ, પરસ્મૈ.

શ્લોકાર્થ : બુદ્ધિ, જ્ઞાન, અસમ્મોહ, ક્ષમા, સત્ય, દમ, શમ, સુખ, દુઃખ, ભવ, અભાવ, ભય અને અભય, અહિંસા, સમતા, તુષ્ટિ, તપ, દાન, યશ, અને અપયશ એ બધા જાતજાતના પ્રાણીઓના ભાવો મારાથી જ થાય છે.

વિવેચન : પ્રાણીઓના સર્વ ભાવો મારાથી જ થાય છે. ભાવો વર્ણવે છે.

અધ્યવસાય અથવા નિશ્ચયરૂપ 'બુદ્ધિ'. ઉપદેશથી ઉત્પન્ન થતું 'જ્ઞાન'. 'અસમ્મોહ' એટલે માયાના વિલાસમાં મોહ ન થાય તે. 'ક્ષમા' અથવા સહનશીલતા. 'સત્ય' એટલે પ્રમાણથી જેવા અર્થનો નિર્ણય થાય તેવું જ ભાષણ. બાહ્ય ઈન્દ્રિયોને તેઓના વિષયોથી દૂર રાખવી તે 'દમ'. 'શમ' એટલે અન્તઃકરણની શાન્તિ, આત્માને અનુકૂળ અનુભવ તે 'સુખ'. આત્માને પ્રતિકૂળ અનુભવ તે 'દુઃખ'. સુખ અને દુઃખ પણ મારાથી જ થાય છે, કારણ કે હું ત્રણે માર્ગનો અધિષ્ઠાતા છું અને જીવ પોત-પોતાના અધિકાર પ્રમાણે ત્રણ માર્ગમાં જે માર્ગને અનુસરે તેના પ્રમાણમાં તેને સુખ અથવા દુઃખ આપુ છું. 'ભવ' એટલે ઉત્પત્તિ. 'અભાવ' એટલે નાશ, 'ભય' એટલે મૃત્યુ; કાલ વિગેરેનો ભય. 'અભય' એટલે મારા ચરણની પ્રાપ્તિ થવાથી કાલ મૃત્યુ વગેરેના ભયનો અભાવ, 'અહિંસા' અર્થાત્ દયા. 'સમતા' એટલે સર્વત્ર ભગવદ્બુદ્ધિ. 'તુષ્ટિ' એટલે સન્તોષ. તે જ પ્રમાણે તપ, દાન, યશ, અને અપયશ વગેરે સર્વ પ્રાણીમાત્રના ભાવો મારાથી થાય છે; તેથી મુખ્ય કર્તા તથા સર્વનું કારણ હું છું.



પ્રકૃતિ વિગેરે માત્ર કરણ છે, કારણ નથી; તેથી મારો મહિમા મહાન છે.

આ બે શ્લોકનું અનુસન્ધાન બ્રહ્મસૂત્ર ૩।૩।૩૯ ઉપરના અણુભાષ્યમાં તથા શ્રીભાગવત્ ૧૦।૧૩।૫૯ ઉપરના સુબોધિનીમાં કરેલું છે.

**મહર્ષયઃ સપ્ત પૂર્વે ચત્વારો મનવસ્તથા ।**
**મદ્ભાવા માનસા જાતા યેષાં લોક ઇમાઃ પ્રજાઃ ॥૬॥**

પૂર્વે - પહેલાં; સર્વ. સા.વિ.એ.વ.,
સપ્ત - સાત; વિશેષણ, વિ. 'મહર્ષયઃ'
મહર્ષયઃ - મહર્ષિઓ; નામ, પ્ર.બ.વ., પુ. 'મહર્ષિ'
ચત્વારઃ - ચાર 'સનકાદિક'; વિશેષણ, વિ. 'મહર્ષયઃ'
તથા - અને; અવ્યય
મનવઃ - મનુઓ; નામ, પ્ર.બ.વ., પુ. 'મનુ'
મદ્ભાવાઃ માનસાઃ - મારામાં ભાવવાળાઓ, મારા સઙ્કલ્પવાળા; વિશેષણ, વિ. 'મનવઃ' 'મહર્ષયઃ સનકાદયઃ'
જાતાઃ - ઉત્પન્ન થયેલા; ભૂ.કૃ. વિશેષણ, વિ. 'મહર્ષયઃ'
યેષામ્ - જેઓની; સર્વનામ, ષ.બ.વ., પુ.
લોકે - લોકમાં, સંસારમાં; નામ, સ.એ.વ., પુ.
ઈમાઃ - આ 'બધા'; સર્વનામ, પ્ર.બ.વ., સ્ત્રી. 'ઇદમ્'
પ્રજાઃ - પ્રજા; નામ, પ્ર.બ.વ., સ્ત્રી. 'પ્રજા'
સન્તિ - છે; ક્રિ. વ.કા. તૃ.પુ.બ.વ. 'અસ્'

શ્લોકાર્થ : સપ્ત મહર્ષિઓ તથા પ્રથમના ચાર મનુઓ મારા પ્રભાવવાળા મારા મનમાંથી ઉત્પન્ન થએલા છે. તેઓની લોકમાં આ પ્રજાઓ છે.

વિવેચન : મહર્ષિઓ તથા દેવોના આદિકારણ પોતે કેવી રીતે છે તે જણાવે છે. સાતે મહર્ષિઓ તથા ૧૪ મનુ માંહેના પ્રથમ ચાર મનુઓ મારા મનમાંથી ઉત્પન્ન થએલા છે અને તેઓમાં મારો પ્રભાવ છે. મહર્ષિઓ તથા મનુઓ ભગવાનના મનમાંથી ઉત્પન્ન થએલા છે, કારણ કે ભગવાન્ મનની જ સૃષ્ટિ રચે છે. "તેણે ઇચ્છા કરી, હું બહુ થાઉં, પ્રજા ઉત્પન્ન કરું" વિગેરે શ્રુતિ પણ મનથી જ સૃષ્ટિ રચાએલી છે એવો બોધ કરે છે. આ મહર્ષિઓ અને મનુઓ ની આ લોકમાં સર્વ પ્રજા

છે. તેથી સર્વ પ્રજાનાં કારણરૂપ મહર્ષિ તથા મનુઓ ના પણ કારણ હોવાથી ભગવાન્ અનાદિ છે.

**એતાં વિભૂતિં યોગં ચ મમ યો વેત્તિ તત્ત્વતઃ।**
**સોઽવિકમ્પેન યોગેન યુજ્યતે નાત્ર સંશયઃ॥૭॥**

**યઃ** - **જે;** સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'યત્'
**એતામ્** - **તે;** સર્વનામ, દ્વિ.એ.વ., સ્ત્રી. 'એતદ્'
**મમ** - **મારી;** સર્વનામ, ષ.એ.વ., 'અસ્મત્'
**વિભૂતિમ્** - **વિભૂતિને;** નામ, દ્વિ.એ.વ., સ્ત્રી. 'વિભૂતિ'
**ચ** - **અને;** અવ્યય
**યોગમ્** - **યોગને, યોગશક્તિ;** નામ, દ્વિ.એ.વ., પુ. 'યોગ'
**તત્ત્વતઃ** - **તત્ત્વથી;** નામ, પં.એ.વ.,
**વેત્તિ** - **જાણે છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ., 'વિદ્' ૨ ગણ, પરસ્મૈ.
**સઃ** - **તે;** સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'તદ્'
**અવિકમ્પેન** - **નિશ્ચલ, સ્થિર;** વિશેષણ, વિ. 'યોગેન'
**યોગેન** - **યોગથી;** નામ, તૃ.એ.વ., પુ. 'યોગ'
**યુજ્યતે** - **જોડે છે, યોજાય છે, ઐક્યભાવ પામે છે;** ક્રિ. વ.કા. કર્મણિ, તૃ.પુ.એ.વ., 'યુજ્' ૭ ગણ
**અત્ર** - **અહીં;** અવ્યય
**સંશયઃ** - **સંશય;** નામ, પ્ર.એ.વ., પુ. 'સંશય'
**ન** - **નહિ;** અવ્યય
**અસ્તિ** - **છે;** ક્રિ. વ.કા. પ્ર.પુ.એ.વ. 'અસ્'

**શ્લોકાર્થ:** જે મારી આ વિભૂતિ અને યોગ ને તત્ત્વથી જાણે છે તે નિશ્ચલ યોગથી યુક્ત થાય છે. આમાં સન્દેહ નથી.

**વિવેચન:** જે મારી આ મહર્ષિ તથા મનુરૂપ વિભૂતિ તથા મારો ઉપર કહ્યો તેવો યોગ અથવા પ્રભાવ તત્ત્વથી જાણે છે, તેને નિશ્ચલ ભક્તિરૂપ યોગ પ્રાપ્ત થાય છે તેમાં કાંઈ પણ સન્દેહ નથી.

**અહં સર્વસ્ય પ્રભવો મત્તઃ સર્વં પ્રવર્તતે।**



**ઇતિ મત્વા ભજન્તે માં બુધા ભાવસમન્વિતાઃ॥૮॥**

**અહમ્** - **હું;** સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
**સર્વસ્ય** - **બધાનું;** સર્વનામ, ષ.એ.વ., 'સર્વ'
**પ્રભવઃ** - **ઉત્પત્તિનું કારણ;** નામ, પ્ર.એ.વ., પુ. 'પ્રભવ'
**અસ્મિ ચ** - **છું, અને;** ક્રિ. વ.કા. 'અસ્'
**સર્વમ્** - **બધું;** સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
**મત્તઃ** - **મારાથી;** સર્વનામ, પં.એ.વ.,
**પ્રવર્તતે** - **પ્રવૃત્તિ કરે છે;** ક્રિ.વ.કા. તૃ.પુ.એ.વ., પ્ર+વૃત્ ૧ ગણ, આત્મને.
**ઇતિ** - **એ પ્રમાણે;** અવ્યય
**મત્વા** - **માનીને, સમજીને;** વિધેય કૃદન્ત, 'મન્' ૪ ગણ, આત્મને.
**ભાવસમન્વિતાઃ** - **ભાવયુક્ત;** વિશેષણ, વિ. 'બુધાઃ'
**બુધાઃ** - **બુદ્ધિમાન ભક્તો;** નામ, પ્ર.બ.વ., પુ. 'બુધ'
**મામ્** - **મને;** સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
**ભજન્તે** - **ભજે છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.બ.વ., 'ભજ્' ૧ ગણ, આત્મને.

**શ્લોકાર્થ:** હું સર્વનો પ્રભવ છું. મારાથી સર્વ પ્રવર્તે છે એમ જાણી ભાવવાળા બુદ્ધિમાનો મને ભજે છે.

**વિવેચન:** અહીંથી ચાર શ્લોકથી ( ૮ - ૧૧ ) ભગવાનની વિભૂતિ તથા યોગના જ્ઞાનથી પ્રાપ્ત થએલી ભક્તિ કેવી રીતે વૃદ્ધિ પામે છે તે કહે છે. હું સર્વ જગતનો પ્રભવ અથવા ઉત્પત્તિસ્થાન છું, ઉપર કહ્યું તે પ્રમાણે સર્વ જગત્ મારાથી પ્રવર્તે છે એમ જાણી મારા માહાત્મ્યનું જ્ઞાન થવાથી મારામાં ભાવવાળા બુદ્ધિમાન લોકો મને ભજે છે.

**મચ્ચિત્તા મદ્ગતપ્રાણા બોધયન્તઃ પરસ્પરમ્।**
**કથયન્તશ્ચ માં નિત્યં તુષ્યન્તિ ચ રમન્તિ ચ॥૯॥**

**મચ્ચિત્તાઃ** - **મારામાં ચિત્તવાળા;** વિશેષણ, વિ. 'બુધાઃ'
**ચ** - **અને;** અવ્યય
**મદ્ગતપ્રાણાઃ** - **મારામાં પ્રાણોને અર્પણ કર્યા છે;** વિશેણ, વિ. 'બુધાઃ'
**પરસ્પરમ્** - **એકબીજાને;** અવ્યય
**મામ્** - **મને;** સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'

**ચ નિત્યમ્** - જ હંમેશા; અવ્યય
**બોધયન્તઃ** - **સમજાવતાં, જેણે;** વ.કૃ. વિશેષણ, વિ. 'બુધાઃ'
**ચ** - **અને;** અવ્યય
**કથયન્તઃ** - **કહેતા, ગુણનું વર્ણન કરતાં;** વ.કૃ. વિશેષણ, વિ. 'બુધાઃ'
**તુષ્યન્તિ** - **સન્તોષ પામે છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.બ.વ., 'તુષ્' ૪ ગણ, પરસ્મૈ.
**રમન્તિ** - **આનન્દ કરે છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.બ.વ., 'રમ્' ૧ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ :** મારામાં ચિત્તવાળા, મારામાં પ્રાણવાળા, મારો પરસ્પર બોધ કરતા તથા નિત્ય મારી કથા કરતા સન્તોષ પામે છે અને રમે છે.

**વિવેચન :** મારામાં ચિત્તવાળા એટલે મને જેઓએ ચિત્ત અર્પણ કરેલું છે તેવા, તથા મારામાં પ્રાણવાળા અર્થાત્ પ્રાણ તથા ઇન્દ્રિયો જેઓએ મને અર્પણ કરેલ છે તેવા, પરસ્પર મારો બોધ કરે છે તથા નિત્ય મારી કથા કરે છે. આવી રીતે નિત્ય મારું સેવામાર્ગની રીતથી ભજન કરે છે તથા મારી કથા કરે છે અને તેમાં સન્તોષ પામી આનન્દ કરે છે. મને ચિત્ત, પ્રાણ, તથા ઇન્દ્રિયો અર્પણ કરેલી હોવાથી તેઓને મારો સમ્બન્ધ થએલો છે. આજ બ્રહ્મસમ્બન્ધ છે. ભગવાન્ શ્રીકૃષ્ણને આત્મા સાથે દેહ, ઇન્દ્રિય, પ્રાણ, અન્તઃકરણ તથા તેઓના ધર્મનું અર્પણ કરવું તે 'બ્રહ્મસમ્બન્ધ'. આ પ્રમાણે દેહ, ઇન્દ્રિય, પ્રાણ વિગેરે મને અર્પણ કરી મારા દાસ થઈ મારી સેવા કરે છે તથા મારી કથા કરી આનન્દ પામે છે.

**તેષાં સતતયુક્તાનાં ભજતાં પ્રીતિપૂર્વકમ્ ।**
**દદામિ બુદ્ધિયોગં તં યેન મામ્ ઉપયાન્તિ તે ॥૧૦॥**

**તેષામ્** - **તેઓને;** સર્વનામ, ષ.બ.વ., પુ. 'તત્'
**સતતયુક્તાનામ્** - **નિરન્તર મારામાં યોજાયેલો;** ભ.કૃ. વિશેષણ, વિ. 'બુધાનામ્'
**પ્રીતિપૂર્વકમ્** - **પ્રીતિપૂર્વક;** અવ્યય
**ભજતામ્** - **ભજનારાઓ;** વ.કૃ. વિશેષણ વિ. 'બુધાનામ્'
**અહમ્** - **હું;** સર્વનામ, પ્ર.એ.વ. 'અસ્મદ્'
**તમ્** - **તે;** સર્વનામ, દ્વિ.એ.વ., પુ. 'તત્'
**બુદ્ધિયોગમ્** - **બુદ્ધિયોગ;** નામ, દ્વિ.એ.વ., પુ.



**દદામિ** - **આપુ છું;** ક્રિ. વ.કા. પ્ર.પુ.એ.વ., 'દા' ૩ ગણ, પરસ્મૈ.
**યેન** - **જેનાવડે;** સર્વનામ, તૃ.એ.વ., પુ. 'યત્'
**તે** - **તેઓ;** સર્વનામ, પ્ર.બ.વ. પુ. 'તત્'
**મામ્** - **મને;** સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
**ઉપયાન્તિ** - **સમીપમાં જાય છે, મને મેળવે છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.બ.વ., 'ઉપ + યા' ૨ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ :** તેવા નિરન્તર યુક્ત અને પ્રીતિપૂર્વક ભજનારાઓને હું તે બુદ્ધિયોગ આપું છું જેથી તેઓ મારી સમીપમાં આવે છે.

**વિવેચન :** તેવા નિરન્તર મારી સાથે યુક્ત અર્થાત્ જેમણે દેહ પણ મને અર્પણ કરેલો છે તેવા, અથવા જેઓ નિરન્તર મારી કૃપાથી યુક્ત છે તેવા અને પ્રીતિથી એટલે સ્નેહપૂર્વક મારું ભજન કરનારાઓને હું મારી સ્વરૂપાત્મક ભક્તિના ઉપાયરૂપ બુદ્ધિયોગ આપું છું, તેથી તેઓ મારી સમીપમાં આવે છે, અર્થાત્ આ યોગથી તેઓને નિર્ગુણ મુક્તિ પ્રાપ્ત થાય છે.

**તેષામેવાનુકમ્પાર્થમ્ અહમ્ અજ્ઞાનજં તમઃ ।**
**નાશયામ્યાત્મભાવસ્થો જ્ઞાનદીપેન ભાસ્વતા ॥૧૧॥**

**તેષામ્** - તેઓનું; સર્વનામ, ષ.બ.વ., પુ.
**એવ** - **જ, માત્ર;** અવ્યય
**અનુકમ્પાર્થમ્** - **અનુગ્રહ કરવા માટે;** નામ, ચ.એ.વ.,
**આત્મભાવસ્થઃ** - **આત્મભાવમાં સ્થિત થયેલો;** વિશેષણ, વિ. 'અહમ્'
**અહમ્** - **હું;** સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
**ભાસ્વતા** - **પ્રકાશમય;** વ.કૃ. વિશેષણ, વિ. 'જ્ઞાનદીપેન'
**જ્ઞાનદીપેન** - **જ્ઞાનરૂપ દીવાથી;** નામ, તૃ.એ.વ., પુ. 'જ્ઞાનદીપ'
**અજ્ઞાનજમ્** - **અજ્ઞાનથી ઉત્પન્ન થયેલું;** વિશેષણ, વિ. 'તમઃ'
**તમઃ** - **અન્ધકાર;** નામ, દ્વિ.એ.વ., નપુ. 'તમસ્'
**નાશયામિ** - **નાશ કરું છું;** ક્રિ.પ્રેરક વ.કા. દ્વિ.પુ.એ.વ., 'નશ્' ૪ ગણ, પરસ્મૈ

**શ્લોકાર્થ :** તેઓ ઉપર જ કૃપા કરવા તેઓના આત્મભાવમાં રહીને પ્રકાશમાન

જ્ઞાનરૂપી દીપકથી હું તેઓના અજ્ઞાનથી ઉત્પન્ન થએલા અન્ધકારને દૂર કરું છું.

**વિવેચન:** તેઓને આત્મજ્ઞાનનું દાન પણ હું જ કરું છું એમ કહે છે. તેઓના આત્મભાવમાં રહીને અર્થાત્ તેઓનાં અન્તરાત્મત્વનો અઙ્ગીકાર કરી હું રહું છું, અને તેથી જ્ઞાનરૂપી પ્રકાશમાન દીપકથી તેઓના દેહાધ્યાસ વિગેરે અજ્ઞાનરૂપી અન્ધકારનો હું નાશ કરું છું અર્થાત્ મારા ભગવદીઓના યોગ અને ક્ષેમ હું જ સાચવું છું.

**અર્જુન ઉવાચ**

**પરં બ્રહ્મ પરં ધામ પવિત્રં પરમં ભવાન્।**
**પુરુષં શાશ્વતં દિવ્યમ્ આદિદેવમ્ અજં વિભુમ્॥૧૨॥**
**આહુસ્ત્વામ્ ઋષયઃ સર્વે દેવર્ષિર્નારદસ્તથા।**
**અસિતો દેવલો વ્યાસઃ સ્વયં ચૈવ બ્રવીષિ મે॥૧૩॥**

**ભવાન્ - આપ;** સર્વનામ, 'ભવત્' પુ. પ્ર.એ.વ.,
**પરમ્ - પરમ;** વિશેષણ, વિ. 'બ્રહ્મ'
**બ્રહ્મ - બ્રહ્મ;** નામ, પ્ર.એ.વ., નપુ. 'બ્રહ્મન્'
**પરમ્ - પરમ;** વિશેષણ, વિ. 'ધામ'
**ધામ - ધામ, તેજોમય સ્થાન;** નામ, પ્ર.એ.વ., નપુ. 'ધામન્'
**ચ - અને;** અવ્યય
**પરમમ્ - પરમ;** વિશેષણ, વિ. 'ધામન્'
**પવિત્રમ્ - પવિત્ર છો;** વિશેષણ, વિ. 'ધામ'
**ત્વામ્ - તને;** સર્વનામ, દ્વિ.એ.વ., 'યુષ્મદ્'
**સર્વે - બધા;** સર્વનામ, પ્ર.બ.વ., પુ.
**ઋષયઃ - ઋષિઓ;** નામ, પ્ર.બ.વ., પુ. 'ઋષિ'
**શાશ્વતમ્ - શાશ્વત, સનાતન;** વિશેષણ, વિ. 'પુરુષમ્'
**દિવ્યમ્ - દિવ્ય;** વિશેષણ, વિ. 'પુરુષમ્'
**આદિદેવમ્ - મુખ્ય દેવ;** નામ, દ્વિ.એ.વ., પુ. 'આદિદેવ'
**અજમ્ - અજન્મ;** વિશેષણ, વિ. 'પુરુષમ્'
**ચ - અને;** અવ્યય
**વિભુમ્ - વ્યાપક;** વિશેષણ, વિ. 'પુરુષમ્'



**પુરુષમ્ - પુરુષને;** નામ, દ્વિ.એ.વ., પુ. 'પુરુષ'
**આહુઃ - કહે છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.બ.વ., 'બ્રૂ' ૨ ગણ, પરસ્મૈ.
**તથા - અને; તેવી જ રીતે;** અવ્યય
**દેવર્ષિ - દેવર્ષિ, દેવના સમ્બન્ધમાં આવતો ઋષિ;** વિશેષણ, વિ. 'નારદઃ'
**નારદઃ - નારદ;** નામ, પ્ર.એ.વ., પુ.
**અસિતઃ - અસિત ઋષિનું નામ છે;** નામ, પ્ર.એ.વ., પુ. 'અસિત'
**દેવલઃ વ્યાસઃ - દેવલ વ્યાસ(નામ છે);** નામ, પ્ર.એ.વ., પુ.
**ચ, એવ - અને, વળી;** અવ્યય
**સ્વયમ્ - પોતે;** સર્વનામ, પ્ર.એ.વ., 'અવ્યય'
**ત્વમ્ - તમે;** સર્વનામ, પ્ર.એ.વ. 'યુસ્મત્'
**મે (મહ્યમ્) - મને;** નામ, ચ.એ.વ., 'અસ્મત્'
**બ્રવીષિ - તું કહે છે;** ક્રિ. વ.કા. દ્વિ.પુ.એ.વ., 'બ્રૂ' ૨ ગણ

**શ્લોકાર્થ:** આપ પરબ્રહ્મ છો, પરધામ છો, અને પરમ પવિત્ર છો. સર્વ ઋષિઓ તેમજ દેવર્ષિ નારદ, અસિત, દેવલ અને વ્યાસ આપને શાશ્વત દિવ્ય પુરુષ, આદિદેવ, અજ અને વિભુ કહે છે અને આપ પણ મને એમ કહો છો.

**વિવેચન:** સર્વથી વિલક્ષણ ભગવાન્‌નો ઉત્તમ યોગપ્રભાવ, અને પોતાના અનન્ય ભક્તના અન્તરાત્મામાં રહેવા માટે વિભૂતિપણું જાણી વિસ્તારથી તે સાંભળવાની ઈચ્છાથી અર્જુન સાત શ્લોકથી (૧૭-૧૮) ભગવાન્‌ની સ્તુતિ કરી પ્રશ્ન કરે છે. આપ પરબ્રહ્મ એટલે વ્યાપક પુરુષોત્તમ છો, પરધામ અર્થાત્ પુરુષોત્તમાત્મક તેજોરૂપ છો, પરમ પવિત્ર એટલે સર્વથી ઉત્તમ પાવન કરનાર છો. આવું આપનું સ્વરૂપ છે તેમાં કાંઈ સન્દેહ નથી; કારણ કે ભૃગુ વિગેરે ઋષિઓ, પરમ ભાગવત દેવર્ષિ નારદ, ભગવદ્ધર્મરૂપ અસિત, દેવલ અને જ્ઞાનાવતાર વ્યાસજી પણ આપને શાશ્વત અર્થાત્ નિત્ય દિવ્ય પુરુષ એટલે પુરુષોત્તમ, 'આદિદેવ' એટલે મૂલરૂપ અવતારી, 'અજ' એટલે જન્મરહિત, અને 'વિભુ' એટલે સર્વશક્તિમાન કહે છે. અને આપ પણ મને "હું દેવોનું તથા મહર્ષિઓનું આદિકારણ છું" વિગેરે કહો છો, તેથી આપ પરબ્રહ્મ, પરમ ધામ, અને પરમ પવિત્ર છો તેમાં કાંઈ સન્દેહ નથી.

सर्वम् एतद् ऋतं मन्ये यन् मां वदसि केशवः।
न हि ते भगवन्व्यक्तिं विदुर्देवा न दानवाः॥१४॥

**કેશવ** - કૃષ્ણ; સમ્બોધન
**યત્** - જે; સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.
**મામ્** - મને; સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
**ત્વમ્** - તું; સર્વનામ, પ્ર.એ.વ. 'યુષ્મદ્'
**વદસિ** - બોલે છે; ક્રિ. વ.કા. દ્વિ.પુ.એ.વ., 'વદ્' ૧ ગણ, પરસ્મૈ.
**એતદ્ સર્વમ્** - આ બધું; સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.
**અહમ્** - હું; સર્વનામ, પ્ર.એ.વ. 'અસ્મદ્'
**ઋતમ્** - સત્ય; નામ, દ્વિ.એ.વ., નપુ.
**મન્યે** - માનું છું; ક્રિ. વ.કા. પ્ર.પુ.એ.વ., 'મન્' ૪ ગણ, આત્મને.
**ભગવન્** - હે ભગવાન; સમ્બોધન
**તે** - તારી; સર્વનામ, ષ.એ.વ., 'યુષ્મદ્'
**વ્યક્તિમ્** - લીલામય સ્વરૂપને; નામ, દ્વિ.એ.વ., સ્ત્રી 'વ્યક્તિ'
**ન** - નહિ; અવ્યય
**દાનવાઃ** - દાનવો; નામ, પ્ર.બ.વ., પુ. 'દાનવ'
**વિદુઃ** - જાણે છે; ક્રિ. વ.કા. તૃ.પુ.બ.વ., 'વિદ્' ૨ ગણ, પરસ્મૈ.
**ચ ન હિ** - અને નહિ જ; અવ્યય
**દેવાઃ** - દેવો; નામ, પ્ર.બ.વ., પુ.
**વિદુઃ** - જાણે છે; ક્રિ. વ.કા. તૃ.પુ.બ.વ. 'વિદ્' ૨ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** હે કેશવ! આપ મને જે કહો છો તે સર્વ હું સત્ય માનું છું, કારણ કે હે ભગવન્! આપની વ્યક્તિને દેવો કે દાનવો જાણતા નથી.

**વિવેચન:** હે ભગવન્! જ્ઞાન પણ સર્વ આપનું જ છે. ગુણ પણ આપે આપેલા જ બીજે હોય છે. તેથી દેવો અને દાનવો પણ આપના અનન્ય અસાધારણ યોગપ્રભાવને અથવા આપની ભિન્ન - ભિન્ન વિભૂતિરૂપ વ્યક્તિને જાણતા નથી.

स्वयमेवात्मनाऽऽत्मानं वेत्थ त्वं पुरुषोत्तम!।
भूतभावन! भूतेश! देवदेव! जगत्पते!॥१५॥



**દેવદેવ** - દેવોના દેવ; સમ્બોધન
**જગત્પતે** - જગતના અધિપતિ; સમ્બોધન
**ભૂતેશ** - ભૂતોના ઈશ્વર; સમ્બોધન, "ભૂતાનામ્ ઈશઃ" તત્પુરુષ
**ભૂતભાવન** - ભૂતોને ઉત્પન્ન કરનાર; "ભૂતાનિ ભાવયતિ ઈતિ" ઉપપદ, સમ્બોધન
**પુરુષોત્તમ** - હે પુરુષોત્તમ; સમ્બોધન
**ત્વમ્** - તું; સર્વનામ, પ્ર.એ.વ., 'યુષ્મદ્'
**સ્વયમેવ** - જાતેજ; અવ્યય
**આત્મના** - આત્માવડે, પોતાની મેળે; નામ, તૃ.એ.વ., પુ. 'આત્મન્'
**આત્માનમ્** - પોતાને; નામ, દ્વિ.એ.વ.; પુ. 'આત્મન્'
**વેત્થ** - તું જાણે છે; ક્રિ. વ.કા. દ્વિ.પુ.;એ.વ., 'વિદ્' ૨ ગણ પરસ્મૈ.

**શ્લોકાર્થ:** હે પુરુષોત્તમ! હે ભૂતભાવન! હે ભૂતોના ઈશ! દેવોના દેવ! જગત્પતિ! આપ પોતે જ પોતાથી પોતાને જાણો છો.

**વિવેચન:** બીજું કોઈ દેવ અથવા દાનવ આપના સ્વરૂપને જાણતું નથી. માત્ર આપ પોતે જ પોતાથી આપના યથાર્થ સ્વરૂપને જાણો છો. બીજા જાણી શક્તા નથી; કારણ કે આપ પુરુષોત્તમ છો. બ્રહ્માણ્ડપુરાણમાં પણ કહ્યું છે કે "આ પુરુષોત્તમ કોઈથી પણ જાણી શકાઓ તેવા નથી". પાછળ "જે મને અજ, અનાદિ, ભૂતોના ઈશ જાણે છે" વિગેરે કહેલું છે તેનો આથી વિરોધ થતો નથી, કારણ કે જેઓ આપને તેમ જાણે છે તેઓ આપે તેઓને વેદનાત્મક શક્તિનું દાન કરેલું હોવાથી જાણે છે. તેથી જ આપે ત્યાં કહ્યું કે "હું તેઓને બુદ્ધિયોગ આપું છું". આપ તે પ્રમાણે બુદ્ધિયોગ આપો છો કારણ કે આપ 'ભૂતભાવન' છો. ભૂતો અથવા પ્રાણીઓને પોતાના ભાવથી યુક્ત કરે તે ભૂતભાવન. ભૂતોમાં આપ પોતાનો ભાવ મૂકો છો, કારણ કે આપ ભૂતેશ અથવા ભૂતોના સ્વામી છો. વળી દેવોના પણ દેવ છો અર્થાત્ પૂજ્યોના પણ પૂજ્ય છો એટલે તેઓની પૂજાથી સન્તુષ્ટ થઈ તેમ કરો છો. માત્ર દેવોના જ પૂજ્ય છો એમ નહિ પણ જગતના પણ પતિ અર્થાત્ રક્ષક છો. તેથી દેવોની પેઠે જગતના અન્ય ભૂતોને પણ એવો બુદ્ધિયોગ આપો છો.

**वक्तुम् अर्हस्यशेषेण दिव्या ह्यात्मविभूतयः।**
**याभिर् विभूतिभिर् लोकान् ईमान् त्वं व्याप्य तिष्ठसि ॥१६॥**

**त्वम्** - તું; સર્વનામ, પ્ર.એ.વ., 'યુષ્મદ્'
**याभिः** - જે વડે; સર્વનામ, તૃ.બ.વ., સ્ત્રી.
**विभूतिभिः** - વિભૂતિઓદ્વારા; નામ, તૃ.બ.વ., સ્ત્રી. 'વિભૂતિ'
**ईमान्** - આ; સર્વનામ, દ્વિ.બ.વ., પુ. 'ઇદમ્'
**लोकान्** - લોકોને; નામ, દ્વિ.બ.વ., પુ.
**व्याप्य** - વ્યાપીને; વિધેય કૃદન્ત વિ + આપ્
**तिष्ठसि** - સ્થિત છે; ક્રિ. વ.કા. દ્વિ.પુ.એ.વ., 'સ્થા' ૧ ગણ પરસ્મૈ.
**हि** - ચોક્કસ; અવ્યય. **ताः** - તે;
**दिव्याः** - દિવ્ય; વિશેષણ, વિ. 'આત્મવિભૂતયઃ'
**आत्मविभूतयः** - પોતાની વિભૂતિઓ, વૈભવ; નામ, પ્ર.બ.વ., સ્ત્રી.
**अशेषेण** - સમ્પૂર્ણતાથી; નામ, તૃ.એ.વ.,પુ.
**वक्तुम्** - બોલાવીને, કહેવાને; હેત્વર્થ કૃદન્ત
**अर्हसि** - યોગ્ય છે; ક્રિ. વ.કા. દ્વિ.પુ.એ.વ., 'અર્હ્' ૧ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** જે વિભૂતિઓવડે આ લોકોને વ્યાપી આપ રહો છો તે આપની વિભૂતિઓ દિવ્ય છે, તેથી તે સર્વ કહેવા આપ યોગ્ય છો.

**વિવેચન:** દેવો વિગેરેને પણ આપની વિભૂતિઓનું જ્ઞાન નથી તેથી આપ જ જાણતા હોવાથી આપે જ કહેવી યોગ્ય છે. તેથી જે આપના અંશરૂપ સર્વને વશ રાખનારી વિભૂતિઓથી આ ત્રણે લોક વ્યાપી આપ રહેલા છો તે આપની અસાધારણ દિવ્ય સર્વ વિભૂતિઓ મને કહો.

**कथं विद्याम् अहं योगिन्! त्वां सदा परिचिन्तयन्।**
**केषु केषु च भावेषु चिन्त्योऽसि भगवन्! मया ॥१७॥**

**योगिन्** - હે યોગી; સમ્બોધન
**अहम्** - હું; સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
**कथम् सदा** - કેવી રીતે હંમેશા; અવ્યય
**परिचिन्तयन्** - બરાબર ચિન્તવન કરતો; વ.કૃ. વિશેષણ, વિ. 'અહમ્'
**त्वाम्** - તને; સર્વનામ, દ્વિ.એ.વ., 'યુષ્મદ્'



**विद्याम्** - જાણું; ક્રિ. વિધ્યર્થ પ્ર.પુ.એ.વ., વિદ્ ૨ ગણ,
**च** - અને; અવ્યય
**भगवन्** - હે ભગવાન; સમ્બોધન
**त्वम्** - તું; સર્વનામ, પ્ર.એ.વ. 'યુષ્મદ્'
**केषु केषु** - ક્યા - ક્યા; સર્વનામ, સ.બ.વ., પુ. 'કિમ્'
**भावेषु** - ભાવોમાં; નામ, સ.બ.વ., પુ. 'ભાવ'
**मया** - મારાવડે; સર્વનામ, તૃ.એ.વ., 'અસ્મદ્'
**चिन्त्यः** - ચિન્તન કરવાયોગ્ય; વિધેય કર્મણિ કૃદન્ત, વિશેષણ, વિ. 'ત્વમ્'.
**असि** - છે; ક્રિ. વ.કા. દ્વિ.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** હે યોગિન્! આપનું સદા ચિન્તન કરતો હું આપને કેવી રીતે જાણી શકું? હે ભગવન્ મારે આપનું ક્યા - ક્યા ભાવોમાં ચિન્તન કરવું.

**વિવેચન:** વિભૂતિઓ શા માટે કહેવી તેનું કારણ કહે છે. ક્યા - ક્યા પદાર્થોમાં મારે આપનું ચિન્તન કરવું, તે વિભૂતિઓ જાણવાથી જાણાય.

**विस्तरेणात्मनो योगं विभूतिं च जनार्दन!।**
**भूयः कथय तृप्तिर्हि शृण्वतो नास्ति मेऽमृतम् ॥१८॥**

**जनार्दन** - કૃષ્ણ; સમ્બોધન
**त्वम्** - તું; સર્વનામ, પ્ર.એ.વ. 'યુષ્મદ્'
**विस्तरेण** - વિસ્તારથી; નામ, તૃ.એ.વ., પુ. 'વિસ્તર'
**आत्मनः** - પોતાનો; નામ, ષ.એ.વ., પુ. 'આત્મન્'
**योगम्** - યોગને; નામ, દ્વિ.એ.વ., પુ.
**च** - અને; અવ્યય
**विभूतिम्** - વિભૂતિને, વૈભવને; નામ, દ્વિ.એ.વ., સ્ત્રી. 'વિભૂતિ'
**कथय** - કહે; ક્રિ. આજ્ઞાર્થ દ્વિ.પુ.એ.વ., 'કથ્' ૧૦ગણ પરસ્મૈ.
**भूयः हि** - ફરીથી ચોક્કસ; અવ્યય. **ते** - તમારા
**अमृतम्** - અમૃત, વચનામૃત; નામ, દ્વિ.એ.વ., નપુ. 'અમૃત'
**वचनम्** - વચનને; દ્વિ.એ.વ
**शृण्वतः** - સાંભળતા; વ.કૃ. વિશેષણ, વિ. 'મે'
**मे** - મારું; સર્વનામ, ષ.એ.વ., 'અસ્મત્'

તૃપ્તિઃ - તૃપ્તિ; નામ, પ્ર.એ.વ., સ્ત્રી. 'તૃપ્તિ'
ન - નહિ; અવ્યય
અસ્તિ - છે; ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** હે જનાર્દન! આપનો યોગ તથા વિભૂતિ પુનઃ વિસ્તારથી કહો, કારણ કે અમૃતનું શ્રવણ કરતાં મને તૃપ્તિ થતી નથી.

**વિવેચન:** પહેલાં આપે સંક્ષેપથી વિભૂતિ તથા યોગ કહેલા છે; પરન્તુ પુનઃ તે વિસ્તારથી કહો, કારણ કે આપના વચનરૂપી અમૃતનું શ્રવણ કરતાં મને તૃપ્તિ થતી નથી.

**શ્રીભગવાન્ ઉવાચ**

**હન્ત તે કથયિષ્યામિ દિવ્યા હ્યાત્મવિભૂતયઃ।**
**પ્રાધાન્યતઃ કુરુશ્રેષ્ઠ! નાસ્ત્યન્તો વિસ્તરસ્ય મે॥૧૯॥**

હન્ત - ઠીક, હમણાં, હવે; અવ્યય
કુરુશ્રેષ્ઠ - અર્જુન; સમ્બોધન
હિ - ચોક્કસ; અવ્યય
તે (તુભ્યમ્) - તને; સર્વનામ, ચ.એ.વ., 'યુષ્મદ્'
દિવ્યાઃ - દિવ્ય; વિશેષણ, વિ. 'આત્મવિભૂતયઃ'
આત્મવિભૂતયઃ - મારી પોતાની વિભૂતિઓ; નામ, પ્ર.બ.વ., સ્ત્રી.
પ્રાધાન્યતઃ - પ્રધાનતાથી, મુખ્યતાથી; નામ, પં.એ.વ.
કથયિષ્યામિ - કહીશ; ક્રિ. ભ.કા. પ્ર.પુ.એ.વ., 'કથ્' ૧૦ ગણ, પરસ્મૈ.
યતઃ - કેમકે;
મે - મારો; સર્વનામ, ષ.એ.વ., 'અસ્મત્'
વિસ્તરસ્ય - વિસ્તારનો; નામ, ષ.એ.વ., પુ.
અન્તઃ - છેડો; નામ, પ્ર.એ.વ., પુ.
ન - નહિ; અવ્યય
અસ્તિ - છે; ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** હન્ત! હે કુરુશ્રેષ્ઠ! મારી દિવ્ય વિભૂતિઓ મુખ્યતાથી તને કહું છું, કારણ કે મારી વિભૂતિઓના વિસ્તારનો અન્ત નથી.



**વિવેચન:** અનુકમ્પા દર્શાવવા 'હન્ત!' કહે છે. હે કુરુશ્રેષ્ઠ! મારી દિવ્ય વિભૂતિઓ મુખ્યતાથી કહું છું, કારણ કે તેના વિસ્તારનો અન્ત જ નથી. વિભૂતિ એટલે વિવિધરૂપે પોતાના અંશથી પ્રકૃતિમાં આવિર્ભાવ થવો તે, સર્વત્ર કોઈ-કોઈ અંશથી મારો આવિર્ભાવ થવો તે. સર્વત્ર કોઈ-કોઈ અંશથી મારો આવિર્ભાવ છે જ, કારણ કે હું સર્વનો નિયામક છું. તેથી સર્વત્ર મારી વિભૂતિઓ હોવાથી તેના વિસ્તારનો અન્ત નથી, તેથી હું મુખ્ય = મુખ્ય વિભૂતિઓ કહું છું.

**અહમ્ આત્મા ગુડાકેશ! સર્વભૂતાશયસ્થિતઃ।**
**અહમ્ આદિશ્ચ મધ્યં ચ ભૂતાનામ્ અન્ત એવ ચ॥૨૦॥**

ગુડાકેશ - અર્જુન; સમ્બોધન
અહમ્ - હું; સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
સર્વભૂતાશયસ્થિતઃ - સર્વ ભૂતોના અન્તઃકરણમાં સ્થિત થયેલા; વિશેષણ, વિ. 'અહમ્'
આત્મા - આત્મા; નામ, પ્ર.એ.વ., પુ. 'આત્મન્'
અસ્મિ - છું; ક્રિ. વ.કા. પ્ર.પુ.એ.વ. 'અસ્'
ચ - અને; અવ્યય
અહમ્ - હું; સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
ભૂતાનામ્ - પ્રાણીઓનું; નામ, ષ.બ.વ., નપુ.
આદિઃ - આદિ, ઉત્પત્તિ; નામ, પ્ર.એ.વ., પુ.
ચ - અને; અવ્યય
મધ્યમ્ - મધ્ય 'પોષક વિભાવ'; નામ, પ્ર.એ.વ., નપુ.
એવ, ચ - અને, વળી, માત્ર; અવ્યય
અન્તઃ - અન્ત; નામ, પ્ર.એ.વ., પુ. 'અન્ત'
અસ્મિ - છે; ક્રિ. વ.કા. પ્ર.પુ.એ.વ. 'અસ્'

**શ્લોકાર્થ:** હે ગુડાકેશ! સર્વ ભૂતોના અન્તઃકરણમાં રહેલો હું આત્મા છું. હું ભૂતોનો આદિ, મધ્ય, તેમજ અન્ત પણ છું.

**વિવેચન:** પ્રારમ્ભમાં પોતાનો યોગ કહે છે. 'હે ગુડાકેશ' સમ્બોધનથી એમ સૂચવ્યું છે કે 'ગુડાકા' એટલે નિદ્રાનો 'ઈશ' થઈ, એટલે આળસ તજી

ચિન્તન કરજે. પ્રાણીમાત્રના અન્તઃકરણમાં રહેલો આત્મા હું છું. શરીરભૂત પૃથિવી વિગેરે ભૂતોનો પણ આત્મા હું છું. તેમજ સર્વ ભૂતોનો આદિ, મધ્ય તેમજ અન્ત પણ હું છું. તેથી સર્વના આત્મા તરીકે મારું ચિન્તન કરવું. અંશ અને અંશીમાં ભેદ નથી, એટલે તે જુદા પ્રકારના નથી એવા અભિપ્રાયથી આ કહેલ છે.

આ શ્લોકનું અનુસન્ધાન શ્રીભાગવત્ ૨।૨।૧૬ તથા ૨।૬।૩૯ ઉપરનાં સુબોધિનીમાં કરેલું છે. તેમજ ૧૦ ક્ષેપક અધ્યાય ૩ - ૧૪ ઉપરનાં સુબોધિનીમાં પણ કરેલું છે.

**આદિત્યાનામ્ અહં વિષ્ણુર્ જ્યોતિષાં રવિરંશુમાન્।**
**મરીચિર્ મરુતામ્ અસ્મિ નક્ષત્રાણામ્ અહં શશી ॥૨૧॥**

**અહમ્** - **હું;** સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
**આદિત્યાનામ્** - **આદિત્યોમાં;** નામ, ષ.બ.વ., પુ. 'આદિત્ય'
**વિષ્ણુઃ** - **વિષ્ણુ (વામન)** નામ, પ્ર.એ.વ., પુ.
**જ્યોતિષામ્** - **જ્યોતિઓના;** નામ, સ.બ.વ., સ્ત્રી.
**અંશુમાન્** - **કિરણોવાળો;** વિશેષણ, વિ. 'રવિઃ'
**રવિઃ** - **રવિ;** નામ, પ્ર.એ.વ., પુ.
**મરુતામ્** - **વાયુઓમાં;** નામ, ષ.બ.વ., પુ. 'મરુત્'
**મરીચિઃ** - **મરીચિ, 'વાયુદેવતા';** નામ, પ્ર.એ.વ., પુ. 'મરીચિ'
**ચ** - **અને;** અવ્યય
**અહમ્** - **હું;** સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
**નક્ષત્રાણામ્** - **નક્ષત્રોમાં;** નામ, ષ.બ.વ., પુ. 'નક્ષત્ર'
**શશી** - **ચન્દ્ર;** નામ, પ્ર.એ.વ., પુ. 'શશિન્'
**અસ્મિ** - **હું છું;** ક્રિ. વ.કા. પ્ર. પુ.એ.વ., 'અસ્' ૨ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** આદિત્યોમાં હું વિષ્ણુ છું. જ્યોતિઓમાં હું અંશુમાન રવિ છું. મરુતોમાં હું મરીચિ છું, અને નક્ષત્રોનો હું ચન્દ્ર છું.

**વિવેચન:** બાર આદિત્યોમાં હું વિષ્ણુ આદિત્ય છું, અથવા 'આદિત્ય' એટલે દેવોમાં હું વિષ્ણુ અર્થાત્ વામન છું એવો કેટલાક અર્થ કરે છે. જ્યોતિઓમાં હું કિરણવાળો સૂર્ય છું. મરુતોમાં હું મરીચિ છું અને નક્ષત્રોનો હું ચન્દ્ર છું.



આ શ્લોકથી આરમ્ભી ભગવાન્ પોતાની વિભૂતિઓ કહે છે. આ અધ્યાયની સમાપ્તિ સુધી વિભૂતિઓનું નિરૂપણ છે.

**વેદાનાં સામવેદોઽસ્મિ દેવાનામ્ અસ્મિ વાસવઃ।**
**ઇન્દ્રિયાણાં મનશ્ચાસ્મિ ભૂતાનામ્ અસ્મિ ચેતના ॥૨૨॥**

**અહમ્** - **હું;** સર્વનામ, પ્ર.એ.વ. 'અસ્મદ્'
**વેદાનામ્** - **વેદોનો;** નામ, ષ.બ.વ., પુ. 'વેદ'
**સામવેદઃ** - **સામવેદ;** નામ, પ્ર.એ.વ., પુ.
**અસ્મિ** - **હું છું;** ક્રિ. વ.કા. પ્ર.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ, પરસ્મૈ.
**દેવાનામ્** - **દેવોનો;** નામ, ષ.બ.વ., પુ. 'દેવ'
**વાસવઃ** - **ઇન્દ્ર;** નામ, પ્ર.એ.વ., પુ. 'વાસવ'
**અસ્મિ** - **હું છું;** ક્રિ. વ.કા. પ્ર.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ, પરસ્મૈ.
**ઇન્દ્રિયાણામ્** - **ઇન્દ્રિયોનું;** નામ, ષ.બ.વ., નપુ.
**મનઃ** - **મન;** નામ, પ્ર.એ.વ., નપુ. 'મનસ્'
**ચ** - **અને;** અવ્યય
**ભૂતાનામ્** - **પ્રાણીઓની;** નામ, ષ.બ.વ. નપુ. 'ભૂતમ્'
**અહમ્** - **હું;** સર્વનામ, પ્ર.એ.વ. 'અસ્મદ્'
**ચેતના** - **ચૈતન્યશક્તિ;** નામ, પ્ર.એ.વ., સ્ત્રી. 'ચેતના'
**અસ્મિ** - **હું છું;** ક્રિ. વ.કા. પ્ર. પુ.એ.વ., 'અસ્' ૨ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** વેદોમાં હું સામવેદ છું. દેવોમાં હું ઇન્દ્ર છું. ઇન્દ્રિયોમાં હું મન છું. અને પ્રાણીઓમાં હું ચેતના છું.

**વિવેચન:** વેદોમાં હું ગાનાત્મક મધુર રસવાળો સામવેદ છું. દેવોમાં હું સો યજ્ઞ કરનાર, સર્વ ક્રિયાઓનો ભોક્તા, તથા રાજ્યભોક્તા ઇન્દ્ર છું. એકાદશ ઇન્દ્રિયો મધ્યે હું બીજી ઇન્દ્રિયોનું પ્રેરક મન છું. પ્રાણીઓમાં હું ચેતના અથવા જ્ઞાનશક્તિ છું.

**રુદ્રાણાં શઙ્કરશ્ચાસ્મિ વિત્તેશો યક્ષરક્ષસામ્।**
**વસૂનાં પાવકશ્ચાસ્મિ મેરુઃ શિખરિણામ્ અહમ્ ॥૨૩॥**

**અહમ્** - **હું;** સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મદ્'

રુદ્રાણામ્ - રુદ્રોનો; નામ, ષ.બ.વ., પુ. 'રુદ્ર'
શઙ્કરઃ - શઙ્કર; નામ, પ્ર.એ.વ., પુ.
અસ્મિ - હું છું; ક્રિ. વ.કા. પ્ર. પુ.એ.વ., 'અસ્' ૨ ગણ, પરસ્મૈ.
યક્ષરક્ષસામ્ - યક્ષ અને રાક્ષસો નો; નામ, ષ.બ.વ., નપુ.
વિત્તેશઃ - વિત્તેશ, કુબેર; નામ, પ્ર.એ.વ., પુ. ચ - અને; અવ્યય
વસૂનામ્ - વસૂઓનો; નામ, ષ.બ.વ., પુ. 'વસુ'
પાવકઃ - અગ્નિ; નામ, પ્ર.એ.વ., પુ. 'પાવક'
ચ - અને; અવ્યય
શિખરિણામ્ - પર્વતોના; નામ, ષ.બ.વ., પુ.
મેરુઃ - મેરુ પર્વત; નામ, પ્ર.એ.વ., પુ.
અસ્મિ - હું છું; ક્રિ. વ.કા. પ્ર.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** રુદ્રોમાં હું શઙ્કર છું. યક્ષ અને રાક્ષસો માં હું કુબેર છું. વસુઓમાં હું અગ્નિ છું. અને પર્વતોમાં હું મેરુ છું.

**વિવેચન:** એકાદશ રુદ્ર મધ્યે હું સર્વને સુખ આપનાર તથા ભક્તિ અને જ્ઞાન નો ઉપદેશ કરનાર શઙ્કર છું. યક્ષ અને રાક્ષસો માં હું વિત્તેશ કુબેર છું. વસુઓમાં હું ભગવાનના મુખારવિન્દરૂપ અગ્નિ છું. પર્વતોમાં હું સુવર્ણમય મેરુ છું.

**પુરોધસાં ચ મુખ્યં માં વિદ્ધિ પાર્થ! બૃહસ્પતિમ્।**
**સેનાનીનામ્ અહં સ્કન્દઃ સરસામ્ અસ્મિ સાગરઃ ॥૨૪॥**

પુરોધસામ્ - પુરોહિતોનો; નામ, ષ.બ.વ., પુ. 'પુરોધસ્'
મુખ્યમ્ - મુખ્ય; વિશેષણ, વિ. 'મામ્'
બૃહસ્પતિમ્ - બૃહસ્પતિને; નામ, દ્વિ.એ.વ., પુ. 'બૃહસ્પતિ'
મામ્ - મને; સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
વિદ્ધિ - જાણ; ક્રિ. આજ્ઞાર્થ દ્વિ.પુ.એ.વ., 'વિદ્' ૨ ગણ, પરસ્મૈ.
ચ - અને; અવ્યય
પાર્થ - અર્જુન; સમ્બોધન
અહમ્ - હું; સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
સેનાનીનામ્ - સેનાપતિઓનો; નામ, ષ.બ.વ., પુ. 'સેનાની'



સ્કન્દઃ - કાર્તિક સ્વામી; નામ, પ્ર.એ.વ., પુ. 'સ્કન્દ'
ચ - અને; અવ્યય
સરસામ્ - જળાશયોમાં નો; નામ, ષ.બ.વ. નપુ. 'સરસ્'
સાગરઃ - સાગર; નામ, પ્ર.એ.વ., પુ.
અસ્મિ - હું છું; ક્રિ. વ.કા., પ્ર.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** હે પાર્થ! પુરોહિતોમાં મુખ્ય બૃહસ્પતિ મને જાણ. સેનાધિપતિઓમાં હું સ્કન્દ છું, અને જલાશયોમાં હું સાગર છું.

**વિવેચન:** હે પાર્થ! પુરોહિતોમાં મુખ્ય દેવોનો પુરોહિત બૃહસ્પતિ હું છું. સેનાધિપતિઓમાં હું દેવોનો સેનાધિપતિ સ્કન્દ છું અને સ્થિર જલાશયોમાં હું રત્નાકર સાગર છું.

**મહર્ષીણાં ભૃગુરહં ગિરામ્ અસ્મ્યેકમ્ અક્ષરમ્।**
**યજ્ઞાનાં જપયજ્ઞોઽસ્મિ સ્થાવરાણાં હિમાલયઃ ॥૨૫॥**

અહમ્ - હું; સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'અસ્મત્'
મહર્ષીણામ્ - મહર્ષિઓનો; નામ, ષ.બ.વ., પુ. 'મહર્ષિ'
ભૃગુ - ભૃગુ; નામ, પ્ર.એ.વ., પુ. 'ભૃગુ'
અસ્મિ - છું; ક્રિ. વ.કા., પ્ર.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ, પરસ્મૈ.
એવમેવ - એમજ;
ગિરામ્ - વાણીઓનો; નામ, ષ.બ.વ., સ્ત્રી.
એકમક્ષરમ્ - એક અક્ષર; નામ, પ્ર.એ.વ., નપુ.
યજ્ઞાનામ્ - યજ્ઞોનો; નામ, ષ.બ.વ., પુ.
જપયજ્ઞઃ - જપથી કરેલો યજ્ઞ; નામ, પ્ર.એ.વ., પુ.
ચ - અને; અવ્યય
સ્થાવરાણામ્ - સ્થાવર ચીજોનો; નામ, ષ.બ.વ., પુ.
હિમાલયઃ - હિમાલય; નામ, પ્ર.એ.વ., પુ.
અસ્મિ - હું છું; ક્રિ. વ.કા., પ્ર.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** મહર્ષિઓમાં હું ભૃગુ છું. વચનોમાં હું એકાક્ષર છું. યજ્ઞોમાં હું જપ યજ્ઞ છું. સ્થાવરોમાં હું હિમાલય છું.

વિવેચન : મહર્ષિઓમાં હું ભક્તિ ક્યા દેવની કરવી તેનો નિર્ધાર કરનાર ભૃગુ છું, વચન અથવા અક્ષરોમાં સર્વ અક્ષરોનું બીજ પ્રણવરૂપ ૐકાર છું. યજ્ઞોમાં હું જપયજ્ઞ છું. અને સ્થાવરોમાં હું હિમાલય પર્વત છું.

**અશ્વત્થઃ સર્વવૃક્ષાણાં દેવર્ષીણાં ચ નારદઃ ।**
**ગન્ધર્વાણાં ચિત્રરથઃ સિદ્ધાનાં કપિલો મુનિઃ ॥૨૬॥**

**અહમ્** - હું; સર્વનામ, પ્ર.એ.વ. 'અસ્મદ્'
**સર્વવૃક્ષાણામ્** - બધા ઝાડોનો; નામ, ષ.બ.વ., પુ.
**અશ્વત્થઃ** - પીપળો; નામ, પ્ર.એ.વ., પુ.
**દેવર્ષીણામ્** - દેવર્ષિઓનો; નામ, ષ.બ.વ., પુ. 'દેવર્ષિ'
**નારદઃ** - નારદ; નામ, પ્ર.એ.વ., પુ.
**ગન્ધર્વાણામ્** - ગન્ધર્વોનો; નામ, ષ.બ.વ., પુ.
**ચિત્રરથઃ** - ચિત્રરથ; નામ, પ્ર.એ.વ., પુ.
**ચ** - અને; અવ્યય
**સિદ્ધાનામ્** - સિદ્ધ પુરુષોનો; નામ, ષ.બ.વ., પુ. 'સિદ્ધ'
**કપિલઃ** - કપિલ; નામ, પ્ર.એ.વ., પુ.
**મુનિઃ** - મુનિ; નામ, પ્ર.એ.વ., પુ. 'મુનિ'
**અસ્મિ** - છું; ક્રિ. વ.કા. પ્ર.એ.વ. 'અસ્'

**શ્લોકાર્થ :** સર્વ વૃક્ષોમાં હું અશ્વત્થ છું. દેવર્ષિઓમાં હું નારદ છું. ગન્ધર્વોમાં હું ચિત્રરથ છું. સિદ્ધોમાં હું કપિલ મુનિ છું.

**વિવેચન :** સર્વ વૃક્ષોમાં હું વૈષ્ણવ સ્વરૂપ પૂજ્ય અશ્વત્થ અથવા પીપળો છું. દેવર્ષિઓમાં હું મહાભાગવત્ નારદ છું. ગન્ધર્વોમાં હું ચિત્રરથ છું. અને સિદ્ધોમાં હું ભગવદવતાર અને સાંખ્યતત્ત્વના વક્તા કપિલ મુનિ છું.

**ઉચ્ચૈઃશ્રવસમ્ અશ્વાનાં વિદ્ધિ મામ્ અમૃતોદ્ભવમ્ ।**
**ઐરાવતં ગજેન્દ્રાણાં નરાણાં ચ નરાધિપમ્ ॥૨૭॥**

**હે અર્જુન** - હે અર્જુન! સમ્બોધન
**મામ્** - મને; સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
**અશ્વાનામ્** - ઘોડાઓ, ઘોડાનો; નામ, ષ.બ.વ., પુ.



**અમૃતોદ્ભવમ્** - અમૃતમન્થન ટાણે ઉત્પન્ન થયેલું; વિશેષણ, વિ. 'ઉચ્ચૈઃશ્રવસમ્'
**ઉચ્ચૈઃશ્રવસમ્** - ઘોડાનું નામ, ઈન્દ્રનો ઘોડો; નામ, દ્વિ.એ.વ., પુ. 'ઉચ્ચૈઃશ્રવસ્'
**ત્વમ્** - તું; સર્વનામ, પ્ર.એ.વ. 'યુષ્મદ્'
**ગજેન્દ્રાણામ્** - હાથીઓમાં; નામ, ષ.બ.વ., પુ. 'ગજેન્દ્ર'
**ઐરાવતમ્** - હાથીનું નામ; નામ, દ્વિ.એ.વ., પુ.
**ચ** - અને; અવ્યય
**નરાણામ્** - માણસોનો; નામ, ષ.બ.વ., પુ. 'નર'
**નરાધિપમ્** - રાજા; નામ, દ્વિ.એ.વ., પુ. 'નરાધિપ'
**વિદ્ધિ** - જાણ; ક્રિ. આજ્ઞાર્થ દ્વિ.પુ.એ.વ., વિદ્ ૨ ગણ

**શ્લોકાર્થ :** અશ્વોમાં મને અમૃત સાથે ઉત્પન્ન થએલો ઉચ્ચૈઃશ્રવા, ગજેન્દ્રોમાં ઐરાવત અને માણસોમાં રાજા જાણ.

**વિવેચન :** અશ્વોમાં હું અમૃત સાથે ઉત્પન્ન થએલો સાત મુખવાળો અગ્નિસ્વરૂપ ઉચ્ચૈઃશ્રવા છું. ઉત્તમ હાથીઓમાં હું ઐરાવત છું, અને માણસોમાં હું રાજા છું.

**આયુધાનામ્ અહં વજ્રમ્ ધેનૂનામ્ અસ્મિ કામધુક્ ।**
**પ્રજનશ્ચાસ્મિ કન્દર્પઃ સર્પાણામ્ અસ્મિ વાસુકિઃ ॥૨૮॥**

**અહમ્** - હું; સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
**આયુધાનામ્** - આયુધોનો, શસ્ત્રોનો; નામ, ષ.બ.વ., પુ. 'આયુધ'
**વજ્રમ્** - વજ્ર; નામ, પ્ર.એ.વ., નપુ.
**ધેનૂનામ્** - ગાયોનો; નામ, ષ.બ.વ., સ્ત્રી. 'ધેનુ'
**કામધુક્** - કામધેનુ; નામ, પ્ર.એ.વ., સ્ત્રી. 'કામધુક્'
**પ્રજનઃ** - સન્તાનની ઉત્પત્તિના કારણરૂપ; નામ, પ્ર.એ.વ., પુ. 'પ્રજન'
**કન્દર્પઃ** - કામદેવ; નામ, પ્ર.એ.વ., પુ. 'કન્દર્પઃ'
**ચ** - અને; અવ્યય
**સર્પાણામ્** - સર્પોમાં; નામ, ષ.બ.વ., પુ. 'સર્પઃ'
**વાસુકિઃ** - વાસુકિ; નામ, પ્ર.એ.વ., પુ. 'વાસુકિ'
**અહમેવ** - હું જ; સર્વનામ, પ્ર.એ.વ. 'અસ્મદ્',
**અસ્મિ** - છું; ક્રિ. વ.કા., પ્ર.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ

શ્લોકાર્થ : આયુધોમાં હું વજ્ર છું, ધેનુઓમાં હું કામધેનુ છું, કામોમાં હું પ્રજા ઉત્પન્ન કરનાર કામ છું, સર્પોમાં હું વાસુકિ છું.

વિવેચન : શસ્ત્રોમાં હું વજ્ર છું, ગાયોમાં હું કામધેનુ છું, કામોમાં ભગવદીય પ્રજાની ઉત્પત્તિના હેતુરૂપ કામ હું છું. સર્પોમાં હું વાસુકિ છું. સર્પો એક મુખવાળા હોય છે( રામાનુજ ).

**અનન્તશ્ચાસ્મિ નાગાનાં વરુણો યાદસામ્ અહમ્।**
**પિતૃણામ્ અર્યમા ચાસ્મિ યમઃ સંયમતામ્ અહમ્॥૨૯॥**

**અહમ્** - હું; સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
**નાગાનામ્** - નાગોનો; નામ, ષ.બ.વ., પુ.
**અનન્તઃ** - અનન્ત; નામ, પ્ર.એ.વ., પુ. 'અનન્ત'
**ચ** - અને; અવ્યય
**યાદસામ્** - જળમાં રહેનારાઓનો; નામ, પ્ર.બ.વ., પુ. 'યાદસ્'
**વરુણઃ** - વરુણ; નામ, પ્ર.એ.વ., પુ. 'વરુણ'
**અસ્મિ** - છું; ક્રિ. વ.કા., પ્ર.પુ.એ.વ., પુ. 'અસ્' ૨ ગણ
**અહમ્** - હું; સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
**પિતૃણામ્** - પિતૃઓનો; નામ, ષ.બ.વ., પુ. 'પિતૃ'
**અર્યમા** - પિતૃદેવ; નામ, પ્ર.એ.વ., પુ. 'અર્યમન્'
**ચ** - અને; અવ્યય
**સંયમતામ્** - સંયમ કરનારાઓનો; વર્ત.કૃ. ષ.બ.વ., 'સંયમત્'
**યમઃ** - યમ; નામ, પ્ર.એ.વ., પુ.
**અસ્મિ** - છું; ક્રિ. વ.કા., પ્ર.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ

શ્લોકાર્થ : નાગોમાં હું અનન્ત છું, જલચરોમાં હું વરુણ છું, પિતૃઓમાં હું અર્યમા છું અને સંયમ કરનારમાં હું યમ છું.

વિવેચન : ઘણા મુખવાળા નાગોમાં હું અનન્ત અર્થાત્ શેષ છું, જલચરોમાં હું તેઓનો અધિષ્ઠાતા વરુણ છું. પિતૃઓમાં હું શ્રાદ્ધાન્નનો ભોગ કરનાર અર્યમા છું, અને સંયમ કરનારમાં હું યમ છું.

**પ્રહ્લાદશ્ચાસ્મિ દૈત્યાનાં કાલઃ કલયતામ્ અહમ્।**



**મૃગાણાં ચ મૃગેન્દ્રોઽહં વૈનતેયશ્ચ પક્ષિણામ્॥૩૦॥**

**અહમ્** - હું; સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
**દૈત્યાનામ્** - દૈત્યોના; નામ, ષ.બ.વ., પુ. 'દૈત્ય'
**પ્રહ્લાદઃ** - પ્રહ્લાદ; નામ, પ્ર.એ.વ., પુ.
**ચ** - અને; અવ્યય
**કલયતામ્** - કલન કરનારાઓનો, સઙ્ખ્યાની ગણના કરનારાઓનો; નામ, ષ.બ.વ., પુ. વ.કૃ., 'કલયત્'
**કાલઃ** - કાલ, ક્ષણ, ઘડી, દિવસ, પક્ષ, માસ, વર્ષ ઇત્યાદિ માં જે કાળભાવ છે તે હું છું; નામ, પ્ર.એ.વ., પુ. 'કાલ'
**અસ્મિ** - છું; ક્રિ. વ.કા., પ્ર.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ, પરસ્મૈ.
**તથૈવ ચ** - તેમજ; અવ્યય
**અહમ્** - હું; સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
**મૃગાણામ્** - પશુઓના; નામ, ષ.બ.વ., પુ. 'મૃગ'
**મૃગેન્દ્રઃ** - સિંહ; નામ, પ્ર.એ.વ., પુ.
**ચ** - અને; અવ્યય
**પક્ષિણામ્** - પક્ષીઓનો; નામ, ષ.બ.વ., પુ. 'પક્ષિન્'
**વૈનતેય** - ગરુડ; નામ, પ્ર.એ.વ.,
**અસ્મિ** - છું; ક્રિ. વ.કા. પ્ર.પુ.એ.વ. 'અસ્'

શ્લોકાર્થ : દૈત્યોમાં હું પ્રહ્લાદ છું. ગણનારાઓમાં હું કાલ છું. પશુઓમાં હું સિંહ છું, અને પક્ષીઓમાં ગરુડ છું.

વિવેચન : દૈત્યોમાં હું મહાભાગવત દૈત્યકુલનો ઉદ્ધાર કરનાર પ્રહ્લાદ છું. પ્રાણીઓના આયુષ્ય વિગેરેની ગણના કરનાર સંવત્સર વિગેરેમાં હું કાલ છું. પશુઓમાં હું તેઓનો રાજા સિંહ છું અને પક્ષીઓમાં હું તેઓનો રાજા ગરુડ છું.

**પવનઃ પવતામ્ અસ્મિ રામઃ શસ્ત્રભૃતામ્ અહમ્।**
**ઝષાણાં મકરશ્ચાસ્મિ સ્રોતસામ્ અસ્મિ જાહ્નવી॥૩૧॥**

**અહમ્** - હું; સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
**પવતામ્** - પાવન કરનારાઓમાં; વર્ત.કૃ. ષ.બ.વ., પુ. 'પવત્'

**શ્લોકાર્થ :** આયુધોમાં હું વજ્ર છું, ધેનુઓમાં હું કામધેનુ છું, કામોમાં હું પ્રજા ઉત્પન્ન કરનાર કામ છું, સર્પોમાં હું વાસુકિ છું.

**વિવેચન :** શસ્ત્રોમાં હું વજ્ર છું, ગાયોમાં હું કામધેનુ છું. કામોમાં ભગવદીય પ્રજાની ઉત્પત્તિના હેતુરૂપ કામ હું છું. સર્પોમાં હું વાસુકિ છું. સર્પો એક મુખવાળા હોય છે( રામાનુજ ).

**અનન્તશ્ચાસ્મિ નાગાનાં વરુણો યાદસામ્ અહમ્।**
**પિતૃણામ્ અર્યમા ચાસ્મિ યમઃ સંયમતામ્ અહમ્॥૨૯॥**

**અહમ્** - હું; સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
**નાગાનામ્** - નાગોનો; નામ, ષ.બ.વ., પુ.
**અનન્તઃ** - અનન્ત; નામ, પ્ર.એ.વ., પુ. 'અનન્ત'
**ચ** - અને; અવ્યય
**યાદસામ્** - જળમાં રહેનારાઓનો; નામ, પ્ર.બ.વ., પુ. 'યાદસ્'
**વરુણઃ** - વરુણ; નામ, પ્ર.એ.વ., પુ. 'વરુણ'
**અસ્મિ** - છું; ક્રિ. વ.કા., પ્ર.પુ.એ.વ., પુ. 'અસ્' ૨ ગણ
**અહમ્** - હું; સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
**પિતૃણામ્** - પિતૃઓનો; નામ, ષ.બ.વ., પુ. 'પિતૃ'
**અર્યમા** - પિતૃદેવ; નામ, પ્ર.એ.વ., પુ. 'અર્યમન્'
**ચ** - અને; અવ્યય
**સંયમતામ્** - સંયમ કરનારાઓનો; વર્ત.કૃ. ષ.બ.વ., 'સંયમત્'
**યમઃ** - યમ; નામ, પ્ર.એ.વ., પુ.
**અસ્મિ** - છું; ક્રિ. વ.કા., પ્ર.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ

**શ્લોકાર્થ :** નાગોમાં હું અનન્ત છું, જલચરોમાં હું વરુણ છું, પિતૃઓમાં હું અર્યમા છું અને સંયમ કરનારમાં હું યમ છું.

**વિવેચન :** ઘણા મુખવાળા નાગોમાં હું અનન્ત અર્થાત્ શેષ છું, જલચરોમાં હું તેઓનો અધિષ્ઠાતા વરુણ છું. પિતૃઓમાં હું શ્રાદ્ધાન્નનો ભોગ કરનાર અર્યમા છું, અને સંયમ કરનારમાં હું યમ છું.

**પ્રહ્લાદશ્ચાસ્મિ દૈત્યાનાં કાલઃ કલયતામ્ અહમ્।**



**મૃગાણાં ચ મૃગેન્દ્રોઽહં વૈનતેયશ્ચ પક્ષિણામ્॥૩૦॥**

**અહમ્** - હું; સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
**દૈત્યાનામ્** - દૈત્યોના; નામ, ષ.બ.વ., પુ. 'દૈત્ય'
**પ્રહ્લાદઃ** - પ્રહ્લાદ; નામ, પ્ર.એ.વ., પુ.
**ચ** - અને; અવ્યય
**કલયતામ્** - કલન કરનારાઓનો, સઙ્ખ્યાની ગણના કરનારાઓનો; નામ, ષ.બ.વ., પુ. વ.કૃ., 'કલયત્'
**કાલઃ** - કાલ, ક્ષણ, ઘડી, દિવસ, પક્ષ, માસ, વર્ષ ઇત્યાદિ માં જે કાળભાવ છે તે હું છું; નામ, પ્ર.એ.વ., પુ. 'કાલ'
**અસ્મિ** - છું; ક્રિ. વ.કા., પ્ર.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ, પરસ્મૈ.
**તથૈવ ચ** - તેમજ; અવ્યય
**અહમ્** - હું; સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
**મૃગાણામ્** - પશુઓના; નામ, ષ.બ.વ., પુ. 'મૃગ'
**મૃગેન્દ્રઃ** - સિંહ; નામ, પ્ર.એ.વ., પુ.
**ચ** - અને; અવ્યય
**પક્ષિણામ્** - પક્ષીઓનો; નામ, ષ.બ.વ., પુ. 'પક્ષિન્'
**વૈનતેય** - ગરુડ; નામ, પ્ર.એ.વ.,
**અસ્મિ** - છું; ક્રિ. વ.કા. પ્ર.પુ.એ.વ. 'અસ્'

**શ્લોકાર્થ :** દૈત્યોમાં હું પ્રહ્લાદ છું. ગણનારાઓમાં હું કાલ છું. પશુઓમાં હું સિંહ છું, અને પક્ષીઓમાં ગરુડ છું.

**વિવેચન :** દૈત્યોમાં હું મહાભાગવત દૈત્યકુલનો ઉદ્ધાર કરનાર પ્રહ્લાદ છું. પ્રાણીઓના આયુષ્ય વિગેરેની ગણના કરનાર સંવત્સર વિગેરેમાં હું કાલ છું. પશુઓમાં હું તેઓનો રાજા સિંહ છું અને પક્ષીઓમાં હું તેઓનો રાજા ગરુડ છું.

**પવનઃ પવતામ્ અસ્મિ રામઃ શસ્ત્રભૃતામ્ અહમ્।**
**ઝષાણાં મકરશ્ચાસ્મિ સ્રોતસામ્ અસ્મિ જાહ્નવી॥૩૧॥**

**અહમ્** - હું; સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
**પવતામ્** - પાવન કરનારાઓમાં; વર્ત.કૃ. ષ.બ.વ., પુ. 'પવત્'

પવનઃ - **પવન**; નામ, પ્ર.એ.વ., પુ. 'પવન'
**અસ્મિ - હું છું;** ક્રિ. વ.કા., પ્ર.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ
**શસ્ત્રભૃતામ્ - શસ્ત્રો ધારણ કરનારાઓમાં;** નામ, ષ.બ.વ., પુ. 'શસ્ત્રભૃત્'
**રામઃ - રામ;** નામ, પ્ર.એ.વ., પુ.
**અસ્મિ - છું;** ક્રિ. વ.કા., પ્ર.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ, પરસ્મૈ.
**તથૈવ - તેમજ;**
**ઝષાણામ્ - માછલીઓમાં;** નામ, ષ.બ.વ., પુ.
**મકરઃ - મગર;** નામ, પ્ર.એ.વ., પુ. 'મકર'
**ચ - અને;** અવ્યય
**સ્રોતસામ્ - જળના પ્રવાહોમાં;** નામ, ષ.બ.વ., નપુ. 'સ્રોતસ્'
**જાહ્નવી - ગઙ્ગા;** નામ, પ્ર.એ.વ., સ્ત્રી.
**અસ્મિ - છું;** ક્રિ. વ.કા., પ્ર.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ

**શ્લોકાર્થ:** શુદ્ધિ કરનારમાં હું પવન છું, શસ્ત્રધારીઓમાં હું રામ છું. મત્સ્યોમાં હું મકર છું, વહેતા જલોમાં હું ગઙ્ગા છું.

**વિવેચન:** શુદ્ધિ કરનાર પદાર્થોમાં હું પવન છું. શસ્ત્ર ધારણ કરનારાઓમાં હું દશરથનો પુત્ર રામ છું, અથવા શસ્ત્ર ધારણ કરનારાઓમાં હું જમદગ્નિનો પુત્ર પરશુરામ છું. મત્સ્યોમાં હું મકર છું. વહેતા જલમાં હું ભગવત્પાદોદક ગઙ્ગા છું.

**સર્ગાણામ્ આદિરન્તશ્ચ મધ્યં ચૈવાહમ્ અર્જુન!।**
**અધ્યાત્મવિદ્યા વિદ્યાનાં વાદઃ પ્રવદતામ્ અહમ્॥૩૨॥**

**અહમ્ - હું;** સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
**એવ - જ, માત્ર;** અવ્યય
**સર્ગાણામ્ - સૃષ્ટિઓનો;** નામ, ષ.બ.વ., પુ.
**આદિઃ - પ્રારમ્ભ;** નામ, પ્ર.એ.વ., પુ.
**અન્તઃ - અન્ત;** નામ, પ્ર.એ.વ., પુ.
**ચ - અને;** અવ્યય
**મધ્યમ્ - મધ્ય;** નામ, પ્ર.એ.વ., નપુ.
**અસ્મિ - છું;** ક્રિ. વ.કા. પ્ર.પુ.એ.વ. 'અસ્'



**ચ - અને;** અવ્યય
**અર્જુન - અર્જુન;** સમ્બોધન
**અહમ્ - હું;** સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
**એવ - જ;** અવ્યય
**વિદ્યાનામ્ - વિદ્યાઓમાં;** નામ, ષ.બ.વ., સ્ત્રી. 'વિદ્યા'
**અધ્યાત્મવિદ્યા - બ્રહ્મવિદ્યા;** નામ, પ્ર.એ.વ., સ્ત્રી. 'અધ્યાત્મવિદ્યા'
**ચ - અને;** અવ્યય
**પ્રવદતામ્ - અરસ-પરસ વિવાદવાળાઓનો;** વ.કૃ., નામ, ષ.બ.વ.,
**વાદઃ - તત્ત્વનિર્ણય કરવાને કરેલી ચર્ચા;** નામ, પ્ર.એ.વ., પુ. 'વાદ'
**અસ્મિ - છું;** ક્રિ. વ.કા.

**શ્લોકાર્થ:** હે અર્જુન! સૃષ્ટિઓનો આદિ, અન્ત તથા મધ્ય પણ હું છું. વિદ્યાઓમાં અધ્યાત્મવિદ્યા અને વાદ કરનારોના વાદ હું છું.

**વિવેચન:** પુષ્ટિ, પ્રવાહ અને મર્યાદા ત્રણે સૃષ્ટિનો આદિ, અન્ત અને મધ્ય હું છું. વિદ્યાઓમાં તત્ત્વનો નિર્ધાર કરનારી અધ્યાત્મવિદ્યા અને વાદ કરનારાઓનો તત્ત્વના સ્વરૂપના નિર્ણયાત્મક વાદ હું છું.

**અક્ષરાણામ્ અકારોઽસ્મિ દ્વન્દ્વઃ સામાસિકસ્ય ચ।**
**અહમેવાક્ષયઃ કાલો ધાતાઽહં વિશ્વતોમુખઃ॥૩૩॥**

**અહમ્ - હું;** સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
**એવ - જ, માત્ર;** અવ્યય
**અક્ષરાણામ્ - અક્ષરોમાં;** નામ, ષ.બ.વ., નપુ. 'અક્ષર'
**અકારઃ - 'અ'અક્ષર;** નામ, પ્ર.એ.વ., પુ. 'અકાર'
**સામાસિકસ્ય - સમાસોનો;** નામ, ષ.એ.વ., પુ.
**દ્વન્દ્વઃ - દ્વન્દ્વ;** નામ, પ્ર.એ.વ., પુ. 'દ્વન્દ્વ'
**અક્ષયઃ - અક્ષય, નહિ નાશ પામે એવું;** વિશેષણ, વિ. 'કાલઃ'
**કાલઃ - કાલ, મહાકાલ 'કાલાધિપતિ';** નામ, પ્ર.એ.વ., પુ. 'કાલ'
**ચ - અને;** અવ્યય
**અસ્મિ - હું છું;** ક્રિ. વ.કા., પ્ર.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ, પરસ્મૈ.
**વિશ્વતોમુખઃ - બધે મુખવાળો;** વિશેષણ, પ્ર.એ.વ., પુ. 'વિશ્વતોમુખ'

**ધાતા** - **પોષણ કરનાર**; નામ, પ્ર.એ.વ., પુ. 'ધાતૃ'
**અપિ** - **પણ**; અવ્યય
**અહમ્** - **હું**; સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
**એવાસ્મિ** - **જ છું**; ક્રિયાપદ

**શ્લોકાર્થ**: અક્ષરોમાં હું અકાર છું, સમાસોમાં હું દ્વન્દ્વ છું. હું જ અક્ષય કાલ છું. સર્વત્ર મુખવાળો ધાતા હું છું.

**વિવેચન**: અક્ષરોમાં હું વાસુદેવવાચક 'અ' છું. શ્રુતિ પણ કહે છે કે "અકાર સર્વવાણી છે". સમાસોમાં ઉભય પદનું જેમાં પ્રાધાન્ય છે તેવો દ્વન્દ્વ સમાસ હું છું. દ્વન્દ્વ સિવાયના સમાસોમાં એક પદનું જ પ્રાધાન્ય હોય છે, પરન્તુ દ્વન્દ્વ સમાસમાં ઉભય પદનું પ્રાધાન્ય હોય છે. પ્રવાહરૂપ અક્ષય કાલ પણ હું જ છું. સર્વત્ર મુખવાળો સૃષ્ટિ ઉત્પન્ન કરનાર ધાતા એટલે બ્રહ્મા પણ હું છું.

**મૃત્યુઃ સર્વહરશ્ચાહમ્ ઉદ્ભવશ્ચ ભવિષ્યતામ્।**
**કીર્તિઃ શ્રીર્વાક્ ચ નારીણાં સ્મૃતિર્ મેધા ધૃતિઃ ક્ષમા ॥૩૪॥**

**અહમ્** - **હું**; સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
**સર્વહરઃ** - **સર્વનો નાશ કરવાવાળો**; વિશેષણ, વિ. 'મૃત્યુઃ'
**મૃત્યુઃ** - **મૃત્યુ**; નામ, પ્ર.એ.વ., પુ. 'મૃત્યુ'
**ચ** - **અને**; અવ્યય
**ભવિષ્યતામ્** - **થનારાઓનો**; ભવિ.કા., ષ.બ.વ., વ.કૃ., 'ભવિષ્યત્'
**ઉદ્ભવઃ** - **ઉત્પત્તિનું કારણ**; નામ, પ્ર.એ.વ., પુ. 'ઉદ્ભવ'
**અસ્મિ** - **છું**; ક્રિ. વ.કા. પ્ર.પુ.એ.વ. 'અસ્'
**ચ** - **અને**; અવ્યય
**નારીણામ્** - **નારીઓનો**; નામ, ષ.બ.વ., સ્ત્રી. 'નારી'
**કીર્તિઃ** - **કીર્તિ**; નામ, પ્ર.એ.વ., સ્ત્રી 'કીર્તિ'
**શ્રીઃ** - **શ્રી**; નામ, પ્ર.એ.વ., સ્ત્રી. 'શ્રી'
**વાક્** - **વાણી**; નામ, પ્ર.એ.વ., સ્ત્રી. 'વાચ્'
**સ્મૃતિઃ** - **સ્મૃતિ, યાદદાસ્ત**; નામ, પ્ર.એ.વ., સ્ત્રી. 'સ્મૃતિ'
**મેધા** - **મેધા, બુદ્ધિ**; નામ, પ્ર.એ.વ., સ્ત્રી. 'મેધા'



**ધૃતિઃ** - **ધારણા, ધૈર્ય**; નામ, પ્ર.એ.વ., સ્ત્રી. 'ધૃતિ'
**ચ** - **અને**; અવ્યય. **ક્ષમા** - **ક્ષમા**; નામ, પ્ર.એ.વ., સ્ત્રી. 'ક્ષમા'

**શ્લોકાર્થ**: સર્વને હરનાર મૃત્યુ અને ભવિષ્યમાં થનાર પદાર્થોનો ઉદ્ભવ હું છું. સ્ત્રીઓમાં હું કીર્તિ, શ્રી, વાક્, સ્મૃતિ, મેધા, ધૃતિ અને ક્ષમા છું.

**વિવેચન**: સર્વનો સંહાર કરનાર મૃત્યુ હું છું. ભવિષ્યમાં ઉત્પન્ન થનાર પદાર્થોનો ઉદ્ભવ અર્થાત્ ઉત્પત્તિ હું છું. નારીઓમાં કીર્તિ, શ્રી, વાણી, સ્મૃતિ, મેધા, ધૃતિ, અને ક્ષમા એ સાત હું છું.

**બૃહત્સામ તથા સામ્નાં ગાયત્રી છન્દસામ્ અહમ્।**
**માસાનાં માર્ગશીર્ષોऽહમ્ ઋતૂનાં કુસુમાકરઃ ॥૩૫॥**

**અહમ્** - **હું**; સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
**સામ્નામ્** - **ગેય શ્રુતિઓમાં**; નામ, ષ.બ.વ., નપુ.
**બૃહત્સામઃ** - **બૃહત્સામ**; નામ, પ્ર.એ.વ., નપુ.
**તથા** - **અને**; અવ્યય
**છન્દસામ્** - **છન્દોની**; નામ, ષ.બ.વ., નપુ. 'છન્દસ્'
**ગાયત્રી** - **ગાયત્રી છન્દનું નામ**; નામ, પ્ર.એ.વ., સ્ત્રી 'ગાયત્રી'
**અસ્મિ** - **છું**. **તથૈવ** - **તેમજ**
**અહમ્** - **હું**; સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
**માસાનામ્** - **મહિનાઓનો**; નામ, ષ.બ.વ., પુ. 'માસ'
**માર્ગશીર્ષઃ** - **માગશર**; નામ, પ્ર.એ.વ., પુ. 'માર્ગશીર્ષ'
**ચ** - **અને**; અવ્યય
**ઋતૂનામ્** - **ઋતુઓનો**; નામ, ષ.બ.વ., 'ઋતુ'
**કુસુમાકરઃ** - **વસન્ત ઋતુ**; નામ, પ્ર.એ.વ., પુ. 'કુસુમાકર'
**અસ્મિ** - **છું**; ક્રિ. વ.કા. પ્ર.પુ.એ.વ. 'અસ્'

**શ્લોકાર્થ**: સામોમાં હું બૃહત્સામ છું. છન્દોમાં હું ગાયત્રી છું. માસોમાં હું માર્ગશીર્ષ છું. ઋતુઓમાં હું વસન્ત છું.

**વિવેચન**: સામોમાં હું બૃહત્સામ છું. આ સામથી સર્વેશ્વર તરીકે સ્તુતિ

થતી હોવાથી આ સામ ઉત્તમ છે. વેદના છન્દોમાં હું ભગવત્સ્વરૂપનું પ્રતિપાદન કરનાર ગાયત્રી છું. માસોમાં હું માર્ગશીર્ષ માસ છું અને ઋતુઓમાં હું જડ પદાર્થોમાં પણ આનન્દ ઉત્પન્ન કરનારી અને વૃન્દાવનમાં નિત્ય રહેનારી વસન્ત ઋતુ છું.

આ શ્લોકનું અનુસન્ધાન શ્રીભાગવત્ ૧૦।૧૯।૧ ઉપરનાં સુબોધિનીમાં કરેલું છે.

**દ્યૂતં છલયતામ્ અસ્મિ તેજસ્તેજસ્વિનામ્ અહમ્।**
**જયોઽસ્મિ વ્યવસાયોઽસ્મિ સત્ત્વં સત્ત્વવતામ્ અહમ્॥૩૬॥**

**અહમ્** - હું; સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
**છલયતામ્** - **છલ કરનારાઓમાં;** નામ, ષ.બ.વ., પુ. 'છલયત્'
**દ્યૂતમ્** - **દ્યૂત;** નામ, પ્ર.એ.વ., નપુ. 'દ્યૂત'
**અસ્મિ** - **હું છું;** ક્રિ. વ.કા., પ્ર.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ, પરસ્મૈ.
**ચ** - **અને;** અવ્યય
**તેજસ્વિનામ્** - **તેજસ્વીઓનું;** નામ, ષ.બ.વ., પુ. 'તેજસ્વિન્'
**તેજઃ** - **પ્રભાવ;** નામ, પ્ર.એ.વ., નપુ. 'તેજસ્'
**અસ્મિ** - **હું છું;** ક્રિ. વ.કા., પ્ર.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ, પરસ્મૈ.
**અહમ્** - **હું;** સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
**જેતૃણામ્** - **જીતવાવાળાઓનું;**
**જયઃ** - **જય;** નામ, પ્ર.એ.વ., પુ. 'જય'
**વ્યવસાયિનામ્** - **વ્યવસાયીઓમાં;** સ.એ.વ.
**વ્યવસાયઃ** - **વ્યવસાય નિશ્ચય;** નામ, પ્ર.એ.વ., પુ. 'વ્યવસાય'
**ચ** - **અને;** અવ્યય
**સત્ત્વવતામ્** - **સાત્વિક પુરુષોનો;** નામ, ષ.બ.વ., પુ. 'સત્ત્વવત્'
**સત્ત્વમ્** - **સત્ત્વ;** નામ, પ્ર.એ.વ., નપુ. 'સત્ત્વ'
**અસ્મિ** - **હું છું;** ક્રિ. વ.કા., પ્ર.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ :** છલનારાઓમાં હું દ્યૂત છું, તેજસ્વીઓનું હું તેજ છું. હું જય છું, હું વ્યવસાય છું, સત્ત્વવાળાઓમાં હું સત્ત્વ છું.

**વિવેચન :** વ્યવસાય અર્થાત્ ઉદ્યમ અથવા નિશ્ચય હું છું. સત્ત્વવાળાઓમાં



એટલે ધૈર્યવાળાઓમાં હું સત્ત્વ અર્થાત્ ધૈર્ય છું.

**વૃષ્ણીનાં વાસુદેવોઽસ્મિ પાણ્ડવાનાં ધનઞ્જયઃ।**
**મુનીનામપ્યહં વ્યાસઃ કવીનામ્ ઉશનાકવિઃ॥૩૭॥**

**અહમ્** - **હું;** સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
**વૃષ્ણીનામ્** - **યાદવોના અન્તર્ગત વંશોના;** નામ, ષ.બ.વ., પુ. 'વૃષ્ણી'
**વાસુદેવઃ** - **કૃષ્ણ, વાસુદેવ;** નામ, પ્ર.એ.વ., પુ. 'વાસુદેવ'
**પાણ્ડવાનામ્** - **પાણ્ડવોનો;** નામ, ષ.બ.વ., પુ. 'પાણ્ડવ'
**ધનઞ્જય** - **ધનઞ્જય, અર્જુન;** નામ, પ્ર.એ.વ., પુ.
**મુનીનામ્** - **મુનિઓમાં;** નામ, ષ.બ.વ., પુ. 'મુનિ'
**વ્યાસઃ** - **વ્યાસ;** નામ, પ્ર.એ.વ., પુ. 'વ્યાસ'
**ચ** - **અને;** અવ્યય
**કવીનામ્** - **કવિઓમાં;** નામ, ષ.બ.વ., પુ. 'કવિ'
**ઉશના** - **નામ છે;** નામ, પ્ર.એ.વ., પુ. 'ઉશનસ્'
**કવિઃ** - **કવિ;** નામ, પ્ર.એ.વ., પુ. 'કવિ'
**અપિ** - **પણ, તથા;** અવ્યય
**અસ્મિ** - **હું છું;** ક્રિ. વ.કા., પ્ર.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ

**શ્લોકાર્થ :** વૃષ્ણિઓમાં હું વાસુદેવ છું. પાણ્ડવોમાં હું ધનઞ્જય છું. મુનિઓમાં હું વ્યાસ છું, કવિઓમાં હું શુક્રાચાર્ય કવિ છું.

**વિવેચન :** વૃષ્ણિઓમાં હું વાસુદેવ છું. વસુદેવના ઘેર ધર્મમય ભગવાનનો પ્રાદુર્ભાવ થએલો છે અને તે અન્યત્ર કેવલ પૂર્ણ પુરુષોત્તમ છે. તેથી વાસુદેવની વિભૂતિમાં ગણના કરેલી છે. અથવા વૃષ્ણિઓમાં વસુદેવના પુત્ર બલભદ્ર મારી વિભૂતિ છે. પાંચ પાણ્ડવો મધ્યે નારાયણના અંશ નરરૂપ ધનઞ્જય અર્થાત્ તું મારી વિભૂતિ છે. મનન કરનાર મુનિઓમાં હું કૃષ્ણદ્વૈપાયન છું, અને કવિઓમાં હું ઉત્તમ કવિ શુક્રાચાર્ય છું.

**દણ્ડો દમયતામ્ અસ્મિ નીતિરસ્મિ જિગીષતામ્।**
**મૌનં ચૈવાસ્મિ ગુહ્યાનાં જ્ઞાનં જ્ઞાનવતામ્ અહમ્॥૩૮॥**

**અહમ્** - **હું;** વિશેષણ, સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'

**દમયતામ્** - **દમન કરવાવાળાઓનું;** વર્ત.કૃ. ષ.બ.વ., પુ. 'દમયત્'
**દણ્ડઃ** - **દણ્ડ, દમન કરવાની શક્તિ;** નામ, પ્ર.એ.વ., પુ.
**અસ્મિ** - **હું છું;** ક્રિ. વ.કા., પ્ર.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ, પરસ્મૈ.
**જિગીષતામ્** - **જીતવાની ઇચ્છાવાળાઓની;** ઇચ્છાદર્શક વર્ત.કૃ. નામ, ષ.બ.વ., પુ.
**નીતિઃ** - **નીતિ;** નામ, પ્ર.એ.વ., સ્ત્રી. 'નીતિ'
**અસ્મિ** - **હું છું;** ક્રિ. વ.કા., પ્ર.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ
**ગુહ્યાનામ્** - **ગુપ્ત રાખવા યોગ્ય ભાવોનું;** નામ, ષ.બ.વ., નપુ. 'ગુહ્ય'
**મૌનમ્** - **મૌન;** નામ, પ્ર.એ.વ., નપુ. 'મૌન'
**ચ, એવ** - **અને, વળી;** અવ્યય
**જ્ઞાનવતામ્** - **જ્ઞાનવાળાઓનું;** વિશેષણ, ષ.બ.વ., પુ. 'જ્ઞાનવત્'
**જ્ઞાનમ્** - **જ્ઞાન;** નામ, પ્ર.એ.વ., નપુ. 'જ્ઞાન'
**અસ્મિ** - **હું છું;** ક્રિ. વ.કા., પ્ર.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ પરસ્મૈ.

**શ્લોકાર્થ :** દમનારાઓનો દણ્ડ હું છું. વિજયની ઇચ્છાવાળાઓની નીતિ હું છું. ગુહ્ય પદાર્થોમાં હું મૌન છું. અને જ્ઞાનીઓનું જ્ઞાન હું છું.

**વિવેચન :** દમનારાઓનો સર્વના દોષને હરનાર દણ્ડ હું છું.

**યચ્ચાપિ સર્વભૂતાનાં બીજં તદ્ અહમ્ અર્જુન!।**
**ન તદસ્તિ વિના યત્ સ્યાત્ મયા ભૂતં ચરાચરમ્॥૩૯॥**

**ચ અપિ** - **અને, પણ;** અવ્યય
**અર્જુન** - **અર્જુન;** સમ્બોધન
**યત્** - **જે;** સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
**સર્વભૂતાનામ્** - **સર્વપ્રાણીઓનું;** નામ, ષ.બ.વ., નપુ.
**બીજમ્** - **બીજ;** નામ, પ્ર.એ.વ., નપુ. 'બીજ'
**તત્** - **તે;** સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
**અપિ** - **પણ;** અવ્યય
**અહમ્** - **હું;** સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
**એવમ્ અસ્મિ** - **જ છું;** ક્રિ. વ.કા. પ્ર.પુ.એ.વ. 'અસ્'
**અત્ર કોऽપિ** - **અહીંયા કોઈપણ;**



**તત્** - **તે;** સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
**ચરાચરમ્** - **ચર અને અચર, જડ અને ચૈતન્ય;** વિશેષણ, વિ. 'ભૂતમ્'
**ભૂતમ્** - **પ્રાણી;** નામ, પ્ર.એ.વ., નપુ.
**ન** - **નહિ;** અવ્યય
**અસ્તિ** - **છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ, પરસ્મૈ.
**યત્** - **જે;** સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
**મયા** - **મારાવડે;** સર્વનામ, તૃ.એ.વ., 'અસ્મત્'
**વિના** - **વિના;** અવ્યય
**સ્યાત્** - **હોય;** ક્રિ. વિધ્યર્થ, તૃ.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ

**શ્લોકાર્થ :** હે અર્જુન! સર્વભૂતોનું જે કાંઈ બીજ છે તે હું છું. એવું કોઈ ચર અથવા અચર ભૂત નથી જે મારા વિનાનું હોય.

**વિવેચન :** ચર અથવા અચર ભૂતમાત્ર મારી, ઉપર કહેલી બે, પ્રકૃતિનું જ કાર્ય હોવાથી એવું કોઈ સમ્ભવતું નથી કે જે મારા વિનાનું હોય. તેથી સર્વત્ર હું છું.

**નાન્તોऽસ્તિ મમ દિવ્યાનાં વિભૂતીનાં પરન્તપ!।**
**એષ તૂદ્દેશતઃ પ્રોક્તો વિભૂતેર્ વિસ્તરો મયા॥૪૦॥**

**પરન્તપ** - **શત્રુતાપન;** સમ્બોધન
**મમ** - **મારી;** સર્વનામ, ષ.એ.વ., 'અસ્મત્'
**દિવ્યાનામ્** - **દિવ્ય;** વિશેષણ, વિ. 'વિભૂતીનામ્'
**વિભૂતિનામ્** - **વિભૂતિઓનો;** નામ, ષ.બ.વ., સ્ત્રી. 'વિભૂતિ'
**અન્તઃ** - **અન્ત;** નામ, પ્ર.એ.વ., પુ. **ન** - **નહિ;** અવ્યય
**અસ્તિ** - **છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ, પરસ્મૈ.
**એષઃ** - **તે;** સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'એતદ્'
**તુ** - **તો પણ;** અવ્યય
**મયા** - **મારા વડે;** સર્વનામ, તૃ.એ.વ., 'અસ્મત્'
**સ્વસ્ય** - **પોતાની;** ષ.એ.વ.
**વિભૂતેઃ** - **વિભૂતિનું;** નામ, ષ.એ.વ., સ્ત્રી. 'વિભૂતિ'
**વિસ્તરઃ** - **વિસ્તાર;** નામ, પ્ર.એ.વ., પુ. 'વિસ્તર'

**ઉદ્દેશતઃ** - **ઉદ્દેશથી, સંક્ષેપથી;** નામ, પં.એ.વ.,
**પ્રોક્તઃ** - **કહેવાયું;** કૃ. વિશેષણ, વિ. 'વિસ્તરઃ'

**શ્લોકાર્થ:** હે પરન્તપ! મારી દિવ્ય વિભૂતિઓનો અન્ત નથી. આ તો વિભૂતિનો વિસ્તારમેં ઉદ્દેશથી કહ્યો.

**વિવેચન:** ઉદ્દેશથી એટલે નામમાત્રથી અથવા સંક્ષેપથી મેં વિભૂતિઓનો વિસ્તાર કહ્યો. મારી દિવ્ય વિભૂતિઓ અનન્ત હોવાથી તે કહેતાં પાર આવે જ નહિ.

**યદ્-યદ્ વિભૂતિમત્ સત્ત્વં શ્રીમદૂર્જિતમેવ વા।**
**તત્તદેવાવગચ્છ ત્વં મમ તેજોંડશસમ્ભવમ્॥૪૧॥**

**યત્ યત્** - **જે જે;** સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
**વિભૂતિમત્** - **ઐશ્વર્યયુક્ત વિભાવવાળું;** વિશેષણ, વિ. 'સત્ત્વમ્'
**શ્રીમત્** - **કાન્તિયુક્ત;** વિશેષણ, વિ. 'સત્ત્વમ્'
**વા** - **અથવા;** અવ્યય
**ઉર્જિતમ્** - **શક્તિવાળું;** વિશેષણ, વિ. 'સત્ત્વમ્'
**એવ** - **માત્ર, અથવા;** અવ્યય
**સત્વમ્** - **વસ્તુ;** નામ, પ્ર.એ.વ. નપુ. 'સત્વમ્'
**અસ્તિ** - **છે;** ક્રિયાપદ
**તત્ તત્** - **તે તે;** સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.
**ત્વમ્** - **તું;** સર્વનામ, પ્ર.એ.વ., 'યુષ્મદ્'
**મમ** - **મારું;** સર્વનામ, ષ.એ.વ., 'યુષ્મદ'
**તેજોંડશસમ્ભવમ્** - **તેજના અંશથી ઉત્પન્ન થયેલું;** વિશેષણ, વિ. 'તત્-તત્'
**એવ** - **જ;** અવ્યય
**અવગચ્છ** - **જાણ;** ક્રિ. અજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ., 'અવ + ગમ્' ૧ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** જે-જે વિભૂતિવાળું, શોભાવાળું અથવા ઉત્કર્ષવાળું સત્ત્વ છે તે-તે મારા તેજના અંશમાંથી ઉત્પન્ન થએલું તું જાણ.

**વિવેચન:** જે-જે સત્ત્વ અથવા પદાર્થ વિભૂતિવાળો એટલે ઐશ્વર્યવાળો,

મહિમાથી મારા અધ્યાત્મરૂપથી આ સર્વ સ્થૂલ અને સૂક્ષ્મ, ચેતન અને અચેતન જગતને વ્યાપી અથવા ધારણ કરી રહેલો છું. એ મારા યોગનું ઐશ્વર્ય જાણ. આવું મારું માહાત્મ્ય છે.

**ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે**
**શ્રીકૃષ્ણાર્જુનસંવાદે 'વિભૂતિયોગો' નામ**
**દશમોઽધ્યાયઃ ॥૧૦॥**



# ॥ અધ્યાય ૧૧ ॥
# વિશ્વરૂપદર્શનયોગ

**અર્જુન ઉવાચ**

**મદનુગ્રહાય પરમં ગુહ્યમ્ અધ્યાત્મસઞ્જ્ઞિતમ્।**
**યત્ ત્વયોક્તં વચસ્તેન મોહોઽયં વિગતો મમ॥૧॥**

**મદનુગ્રહાય** - **મારા ઉપર અનુગ્રહ કરવાને માટે;** નામ, ચ.એ.વ., પુ.
**ત્વયા** - **તારાથી;** સર્વનામ, તૃ.એ.વ., 'યુષ્મત્'
**પરમમ્** - **પરમ;** વિશેષણ, વિ. 'વચઃ'
**ગુહ્યમ્** - **ગૂઢ, ગોપનીય, રક્ષણીય;** વિશેષણ, વિ. 'વચઃ' વિધેય કર્મ કૃ.
**યત્** - **જે;** સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
**અધ્યાત્મસઞ્જ્ઞિતમ્** - **અધ્યાત્મવિષયક;** વિશેષણ, વિ. 'વચઃ'
**વચઃ** - **વચન;** નામ, પ્ર.એ.વ., નપુ.
**ઉક્તમ્** - **કહેવાયેલું;** ભૂ.કૃ. વિશેષણ, વિ. 'વચસ્'
**અસ્તિ** - **છે;** ક્રિયાપદ
**તેન** - **તેનાવડે;** સર્વનામ, તૃ.એ.વ., નપુ.
**મમ** - **મારો;** સર્વનામ, ષ.એ.વ., 'અસ્મત્'
**અયમ્** - **આ;** સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'ઇદમ્'
**મોહઃ** - **મોહ, અજ્ઞાન;** નામ, પ્ર.એ.વ., પુ. 'મોહ'
**વિગતઃ** - **નાશ પામ્યો;** ભૂ.કૃ. વિશેષણ, વિ. 'મોહઃ'
**અસ્તિ** - **છે;** ક્રિયાપદ

**શ્લોકાર્થ:** મારા પર અનુગ્રહ કરવા આપે જે પરમ ગુહ્ય અધ્યાત્મ વચન કહ્યાં તેથી મારો આ મોહ નષ્ટ થયો.

**વિવેચન:** ગયા અધ્યાયના અન્તે ભગવાને પોતાનો પરમ અસાધારણ યોગ કહ્યો, અને કહ્યું કે "હું એક અંશથી આ સર્વ જગતને વ્યાપી રહેલો છું". આવું ભગવાનનું રૂપ સાંભળી તેના દર્શન કરવાની ઇચ્છા થવાથી ચાર શ્લોકથી ૧-૪ અર્જુન એ રૂપના દર્શનમાટે પ્રાર્થના કરે છે. આપે

મારા ઉપર અનુગ્રહ કરવા પરમ ગુહ્ય અધ્યાત્મ વચનથી મને બોધ દીધો. તેનાથી મારો આપના ઐશ્વર્યના અજ્ઞાનરૂપ મોહ નષ્ટ થયો, અર્થાત્ આપના માહાત્મ્યનું ભાન કરાવનાર આપની વાણીનું મને શ્રવણ થયું, પરન્તુ આપના તેવા રૂપનું દર્શન થયું નથી.

**ભવાપ્યયૌ હિ ભૂતાનાં શ્રુતૌ વિસ્તરશો મયા।**
**ત્વત્તઃ કમલપત્રાક્ષ માહાત્મ્યમપિ ચાવ્યયમ્॥૨॥**

**હિ** - કેમકે; અવ્યય
**કમલપત્રાક્ષ** - કમળના પાન જેવી આંખ છે જેની; સમ્બોધન
**મયા** - મારા વડે; સર્વનામ, તૃ.એ.વ., 'અસ્મત્'
**ભૂતાનામ્** - પ્રાણીઓના; નામ, ષ.બ.વ., નપુ. 'ભૂત'
**ભવાપ્યયૌ** - ઉત્પત્તિ અને નાશ; નામ, પ્ર.દ્વિ.વ. ''ભવ અપ્યયશ્ચ'' દ્વન્દ્વ
**વિસ્તરશઃ** - વિસ્તારથી, વિસ્તારપૂર્વક; અવ્યય
**ત્વત્તઃ** - તારાથી, તારી પાસેથી; સર્વનામ, પં.એ.વ.,
**શ્રુતૌ** - સાંભળ્યાં; ભૂ.કૃ. વિશેષણ, વિ. 'ભવાપ્યયૌ'. **સ્તઃ** - છે; ક્રિયાપદ
**ચ** - અને; અવ્યય
**અવ્યયમ્** - અવિનાશી; વિશેષણ, વિ. 'માહાત્મ્યમ્'
**માહાત્મ્યમ્** - માહાત્મ્ય; નામ, પ્ર.એ.વ., નપુ. 'માહાત્મ્ય'
**અપિ** - પણ; અવ્યય. **શ્રુતમ્ અસ્તિ** - સાંભળ્યું છે; ક્રિયાપદ

**શ્લોકાર્થ:** હે કમલપત્ર જેવા ચક્ષુવાળા! આપથી ભૂતોની ઉત્પત્તિ તથા લય તેમજ આપનું અવ્યય માહાત્મ્ય પણ મેં વિસ્તારથી સાંભળ્યાં.

**એવમ્ એતદ્ યથાઽઽત્થત્વમ્ આત્માનં પરમેશ્વર!।**
**દ્રષ્ટુમ્ ઈચ્છામિ તે રૂપમ્ ઐશ્વરં પુરુષોત્તમ!॥૩॥**

**પરમેશ્વર** - પરમેશ્વર; સમ્બોધન
**ત્વમ્** - તું; સર્વનામ, પ્ર.એ.વ., 'યુષ્મત્'
**યથા** - જેવી રીતે; અવ્યય
**આત્માનમ્** - આત્માને, પોતાને; નામ, દ્વિ.એ.વ., પુ. 'આત્મન્'
**આત્થ** - કહે છે; ક્રિ. વ.કા. દ્વિ.પુ.એ.વ., 'બ્રૂ' ૨ ગણ પરસ્મૈ.
**એતદ્** - આ, એ; સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.



**એવમ્** - એ પ્રમાણે જ; અવ્યય
**અસ્તિ** - છે; ક્રિયાપદ
**પુરુષોત્તમ** - હે પુરુષોત્તમ; સમ્બોધન
**તે** - તારું; સર્વનામ, ષ.એ.વ., 'યુષ્મત્'
**ઐશ્વરમ્** - ઈશ્વરભાવવાળું; વિશેષણ, વિ. 'રૂપમ્'
**રૂપમ્** - સ્વરૂપને; નામ, દ્વિ.એ.વ., નપુ.
**દ્રષ્ટુમ્** - જોવાને; હેત્વર્થ કૃદન્ત
**ઈચ્છામિ** - હું ઈચ્છા રાખું છું; ક્રિ. વ.કા. પ્ર.પુ.એ.વ., 'ઈષ્' (ઈચ્છ્) ૬ ગણ, પરસ્મૈ

**શ્લોકાર્થ:** હે પરમેશ્વર! આપનું સ્વરૂપ આપે જેવું કહ્યું તેવું જ છે. હે પુરુષોત્તમ! હું આપના તે ઐશ્વર રૂપના દર્શન કરવા ઈચ્છું છું.

**વિવેચન:** આપના વચનમાં મને અવિશ્વાસ નથી. આપનું સ્વરૂપ આપે જેવું વર્ણવ્યું તેવું જ છે તેમાં મને અવિશ્વાસ નથી. આજ દર્શાવે છે કે મારો મોહ દૂર થયો છે. હે પુરુષોત્તમ! આપના તે ઐશ્વર રૂપ અર્થાત્ આપના ઐશ્વર્યવાળાં રૂપનું દર્શન કરવાની મારી ઈચ્છા છે.

**મન્યસે યદિ તચ્છક્યં મયા દ્રષ્ટુમ્ ઇતિ પ્રભો!।**
**યોગેશ્વર! તતો મે ત્વં દર્શયાત્માનમ્ અવ્યયમ્॥૪॥**

**પ્રભો** - હે પ્રભુ; સમ્બોધન
**મયા** - મારાવડે; સર્વનામ, તૃ.એ.વ., 'અસ્મત્'
**તત્** - તે; સર્વનામ, દ્વિ.એ.વ., નપુ. (તવ રૂપમ્=તમારું રૂપ)
**દ્રષ્ટુમ્** - જોવાને; હેત્વર્થ કૃદન્ત
**શક્યમ્** - શક્ય; વિધેય કર્મણિ, કૃદન્ત, વિશેષણ, વિ. 'તત્'
**ઇતિ યદિ** - એમ જો; અવ્યય
**મન્યસે** - તું માને છે; ક્રિ. વ.કા. દ્વિ.પુ.એ.વ., 'મન્' ૪ ગણ, આત્મને.
**તતઃ** - તેથી; અવ્યય
**યોગેશ્વર** - હે યોગેશ્વર; સમ્બોધન
**ત્વમ્** - તું; સર્વનામ, પ્ર.એ.વ., 'યુષ્મત્'
**અવ્યયમ્** - અવિનાશી; વિશેષણ, વિ. 'આત્માનમ્'

**આત્માનમ્** - **સ્વરૂપને;** નામ, દ્વિ.એ.વ., પુ. 'આત્મન્'
**મે** - **મને;** સર્વનામ, ચ.એ.વ., 'અસ્મત્'
**દર્શય** - **દેખાડ;** ક્રિ. આજ્ઞાર્થ દ્વિ.પુ.એ.વ., કારક **'દશ્'** ૧ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ**: હે પ્રભો! હે યોગેશ્વર! જો તે મારાથી જોઈ શકાય તેવું આપ માનતા હો તો આપ મને આપના અવ્યય સ્વરૂપનાં દર્શન કરાવો.

**વિવેચન**: આ દર્શન જીવની કૃતિથી પ્રાપ્ત થાય તેવા નથી પરન્તુ ઈશ્વરની ઈચ્છા હોય તો જ થઈ શકે તેમ હોવાથી કહે છે કે હે પ્રભો! જો તે મારાથી જોઈ શકાય તેવું આપ માનતા હો તો મને આપનાં તે અવ્યય સ્વરૂપનાં દર્શન કરાવો.

**શ્રીભગવાન્ ઉવાચ**

**પશ્ય મે પાર્થ! રૂપાણિ શતશોઽથ સહસ્રશઃ।**
**નાનાવિધાનિ દિવ્યાનિ નાનાવર્ણાકૃતીનિ ચ ॥૫॥**

**પાર્થ** - **હે અર્જુન;** સમ્બોધન
**મે** - **મારું;** સર્વનામ, ષ.એ.વ., 'અસ્મત્'
**શતશઃ અથ સહસ્રશઃ** - **સેંકડો તથા હજારો;** અવ્યય
**નાનાવિધાનિ** - **જુદી-જુદી જાતના;** વિશેષણ, વિ. 'રૂપાણિ'
**ચ** - **અને;** અવ્યય
**નાનાવર્ણાકૃતીનિ** - **જુદા-જુદા રઙ્ગ-આકૃતિવાળા;** વિશેષણ, વિ. 'રૂપાણિ'
**દિવ્યાનિ** - **દિવ્ય;** વિશેષણ, વિ. 'રૂપાણિ'
**રૂપાણિ** - **સ્વરૂપોને;** નામ, દ્વિ.બ.વ., નપુ. 'રૂપ'
**પશ્ય** - **જો;** ક્રિ. આજ્ઞાર્થ દ્વિ.પુ.એ.વ., 'દશ્' ૧ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ**: હે પાર્થ! નાના પ્રકારના, વિવિધ વર્ણ અને આકૃતિ વાળાં મારાં સેંકડો અને હજારો દિવ્ય રૂપો તું જો.

**વિવેચન**: અર્જુને એ પ્રમાણે પ્રાર્થના કરી તેથી પોતાનું અદભુત અક્ષર સ્વરૂપ દર્શાવવા ભગવાન્ પ્રથમ ચાર (૫-૮) શ્લોકથી તેનાં દર્શન કરવામાટે અર્જુનને સાવધાન કરે છે. હે પાર્થ! મારાં સેંકડો અને હજારો અર્થાત્



તારી ઇચ્છામાં આવે તેટલાં દિવ્ય રૂપો તું જો.

**પશ્યાદિત્યાન્ વસૂન્ રુદ્રાન્ અશ્વિનૌ મરુતસ્ તથા।**
**બહૂન્યદષ્ટપૂર્વાણિ પશ્યાશ્ચર્યાણિ ભારત!॥૬॥**

**ભારત** - **અર્જુન, ભરતવંશોત્પન્ન;** સમ્બોધન
**આદિત્યાન્** - **બાર આદિત્યોને** (૧૨) ધાતા, મિત્ર, અર્યમા, રુદ્ર, વરુણ, સૂર્ય, ભગ, વિવસ્વાન, પૂષા, સવિતા, ત્વષ્ટા અને વિષ્ણુ; નામ, દ્વિ.બ.વ., પુ. 'આદિત્ય'
**વસૂન્** - **આઠ વસુઓને** (૮) ધર, ધ્રૂવ, સોમ, અહ (આપ) અનિલ, અનલ, પ્રત્યૂષ ને પ્રભાસ; નામ, દ્વિ.બ.વ., પુ. 'વસુ'
**રુદ્રાન્** - **બાર રુદ્રોને** (અજૈકપાત્, અહિર્બુધ્ન, વિરૂપાક્ષ, સુરેશ્વર, જયન્ત, બહુરૂપ, ત્ર્યમ્બક, અપરાજીત, સાવિત્ર અને હર) નામ, દ્વિ.બ.વ., પુ.
**અશ્વિનૌ** - **બે અશ્વિનીકુમારો**(દેવતાઓનો વૈદ્ય, સૂર્યની વડવાથી જેમની ઉત્પત્તિ થઈ છે); નામ, દ્વિ. દ્વિ.વ. પુ.
**તથા** - **અને;** અવ્યય
**મરુતઃ** - **ઓગણપચાસ મરુતો**(દિતિના પુત્રો); નામ, દ્વિ.વ. પુ. બ. 'મરુત્'
**પશ્ય** - **જો;** ક્રિ. આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ., 'દશ્' (પશ્ય) ૧ ગણ, પરસ્મૈ.
**ચ** - **અને;** અવ્યય
**બહૂનિ** - **ઘણા;** વિશેષણ, વિ. 'રૂપાણિ'
**અદષ્ટપૂર્વાણિ** - **પહેલાં નહિ જોયેલા એવા;** વિશેષણ, વિ. 'રૂપાણિ'
**આશ્ચર્યાણિ** - **આશ્ચર્યકારક;** વિશેષણ, વિ. 'રૂપાણિ'
**પશ્ય** - **જો;** ક્રિ. આજ્ઞાર્થ દ્વિ.પુ.એ.વ., 'દશ્' (પશ્ય) ૧ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ**: હે ભારત! આદિત્યો, વસુઓ, રુદ્રો, બે અશ્વિનિકુમારો, મરુતો તથા પ્રથમ નહિ જોએલાં એવાં બહુ આશ્ચર્યો તું જો.

**વિવેચન**: એક જ સ્થાનમાં અન્યોન્ય વિરુદ્ધ ધર્મો જે રૂપમાં રહેલાં હોય તે આશ્ચર્યરૂપ છે. એવાં બહુ આશ્ચર્યો જો. બાર આદિત્યો, આઠ વસુઓ, અગીઆર રુદ્રો, બે અશ્વિનીકુમારો અને ઓગણપચાસ મરુતો તું જો.

**ઈહૈકસ્થં જગત્કૃત્સ્નં પશ્યાદ્ય સચરાચરમ્।**

**મમ દેહે ગુડાકેશ! યચ્ચાન્યદ્ દ્રષ્ટુમ્ ઈચ્છસિ॥૭॥**

**ગુડાકેશ - અર્જુન;** સમ્બોધન
**અદ્ય - આજે, હમણાં;** અવ્યય
**ઈહ - અહીં;** અવ્યય
**મમ - મારા;** સર્વનામ, ષ.એ.વ., 'અસ્મત્'
**દેહે - દેહમાં;** નામ, સ.એ.વ., પુ. 'દેહ'
**એકસ્થમ્ - ભેગું રહેલું, એક જગાએ રહેલું;** વિશેષણ, વિ. 'જગત્'
**સચરાચરમ્ - ચર અને અચર, જડ અને ચૈતન્ય;** વિશેષણ, વિ. 'જગત્'
**કૃત્સ્નમ્ - અખિલ;** વિશેષણ, વિ. જગત્
**જગત્ - જગતને;** નામ, દ્વિ.એ.વ., નપુ. 'જગત્'
**ચ - અને;** અવ્યય
**યત્ - જે;** સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.
**અન્યત્ - બીજું;** સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.
**દ્રષ્ટુમ્ - જોવાને;** હેત્વર્થ કૃદન્ત
**ઈચ્છસિ - ઈચ્છે છે;** ક્રિ. વ.કા. દ્વિ.પુ.એ.વ., 'ઈષ્(ઈચ્છ્)' ૬ ગણ, પરસ્મૈ.
**તત્ - તે;** સર્વનામ
**પશ્ય - જો;** ક્રિ. આજ્ઞાર્થ દ્વિ.પુ.એ.વ., 'દૃશ્' ૧ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** હે ગુડાકેશ! મારા આ દેહમાં સ્થાવર-જઙ્ગમ સહિત સર્વ જગત્ એક સ્થળે રહેલું આજ જો, અને અન્ય જે જોવાની ઈચ્છા હોય તે જો.

**વિવેચન:** આ અર્થાત્ આ અક્ષર સ્વરૂપ મારા દેહમાં સ્થાવર-જઙ્ગમ સહિત સર્વ જગત્ એક જ સ્થળે રહેલું તુ આજ જો. અહીં જગતનું પ્રત્યક્ષ દર્શન કરવાનું કહેલું હોવાથી જગત્ સત્ય છે, મિથ્યા નથી એમ સિદ્ધ થાય છે. અન્ય જે કાંઈ જોવાની ઈચ્છા હોય તે પણ તું જો.

**ન તુ માં શક્યસે દ્રષ્ટુમ્ અનેનેવ સ્વચક્ષુષા।**
**દિવ્યં દદામિ તે ચક્ષુઃ પશ્ય મે યોગમૈશ્વરમ્॥૮॥**

**તુ - તો પણ;** અવ્યય
**મામ્ - મને;** સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
**ત્વમ્ - તું;** સર્વનામ, પ્ર.એ.વ. 'યુષ્મદ્'



**અનેન - આના વડે;** સર્વનામ, તૃ.એ.વ., 'ઈદમ્'
**એવ - જ;** અવ્યય
**સ્વચક્ષુષા - તારી પોતાની આંખે;** નામ, તૃ.એ.વ., નપુ. 'સ્વચક્ષુષ્'
**દ્રષ્ટુમ્ - જોવાને;** હેત્વર્થ કૃદન્ત
**ન - નહિ;** અવ્યય
**અતઃ અહમ્ - એટલે હું;** અવ્યય, સર્વનામ
**શક્યસે - થઈ શકે છે, સમર્થ;** ક્રિ. વ.કા. દ્વિ.પુ.એ.વ., 'શક્' ૫ ગણ, આર્ષ કર્મણિ, આત્મને.
**તે - તને;** સર્વનામ, ચ.એ.વ., 'યુષ્મદ્'
**દિવ્યમ્ - દિવ્ય;** વિશેષણ, વિ. 'ચક્ષુઃ'
**ચક્ષુઃ - આંખ;** નામ, દ્વિ.એ.વ., નપુ.
**દદામિ - આપું છું;** ક્રિ. વ.કા. પ્ર.પુ.એ.વ., 'દા' ૩ ગણ, પરસ્મૈ.
**તેન ત્વમ્ - તેનાથી તું;** સર્વનામ
**મે - મારા;** સર્વનામ, ષ.એ.વ., 'અસ્મત્'
**ઐશ્વરમ્ - ઈશ્વરભાવવાળું;** વિશેષણ, વિ. 'યોગમ્'
**યોગમ્ - યોગને;** નામ, દ્વિ.એ.વ., પુ. 'યોગ'
**પશ્ય - જો;** ક્રિ. આજ્ઞાર્થ દ્વિ.પુ.એ.વ., 'દૃશ્' ૧ ગણ

**શ્લોકાર્થ:** પરન્તુ આ જ તારા ચક્ષુથી મારાં દર્શન કરવા તું સમર્થ નથી, તેથી તને દિવ્ય ચક્ષુ આપું છું. મારો ઐશ્વર યોગ તું જો.

**વિવેચન:** આ તારા પ્રાકૃત ચક્ષુઓ જે માત્ર પરિમિત વસ્તુનું જ ગ્રહણ કરી શકે તેવા છે તેનાથી મારાં અલૌકિક અક્ષર સ્વરૂપના દર્શન થઈ શકશે નહિ તેથી હું તને દિવ્ય ચક્ષુ આપું છું. તેથી તું મારો ઐશ્વર યોગ અર્થાત્ જેની અન્દર સર્વ વિરુદ્ધ ધર્મો આશ્રય કરી રહેલા છે તેવું રૂપ જો.

**સઞ્જય ઉવાચ**

**એવમ્ ઉક્ત્વા તતો રાજન્! મહાયોગેશ્વરો હરિઃ।**
**દર્શયામાસ પાર્થાય પરમં રૂપમ્ ઐશ્વરમ્॥૯॥**

**રાજન્ - હે રાજન્;** સમ્બોધન

**મહાયોગેશ્વરઃ** - મહાયોગેશ્વર; વિશેષણ, વિ. 'હરિઃ'
**હરિઃ** - હરિ, સર્વ પાપોનો નાશ કરવાવાળો; નામ, પ્ર.એ.વ., પુ.
**એવમ્** - એ પ્રમાણે; અવ્યય
**ઉક્ત્વા** - કહીને; વિધેય કૃદન્ત
**તતઃ** - તેથી, ત્યાર પછી; અવ્યય
**પાર્થાય** - પાર્થને; નામ, ચ.એ.વ., પુ. 'પાર્થ'
**પરમમ્** - પરમ; વિશેષણ, વિ. 'રૂપમ્'
**ઐશ્વરમ્** - ઈશ્વરભાવવાળું; વિશેષણ, વિ. 'રૂપમ્'
**રૂપમ્** - સ્વરૂપને; નામ, દ્વિ.એ.વ., નપુ. 'રૂપ'
**દર્શયામાસ** - દેખાડ્યું; ક્રિ. પૂર્ણ. ભૂ.કા. તૃ.પુ.એ.વ., 'દશ્' ૧ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** હે રાજન્! મહાયોગેશ્વર હરિએ એ પ્રમાણે કહીને ત્યાર પછી પાર્થને પરમ ઐશ્વર્યયુક્ત રૂપને દેખાડ્યું.

**અનેક-વક્ત્ર-નયનમ્ અનેકાદ્ભુતદર્શનમ્।**
**અનેકદિવ્યાભરણં દિવ્યાનેકોદ્યતાયુધમ્॥૧૦॥**

**અનેકવક્ત્રનયનમ્** - અનેક મુખ તથા નેત્રોથી યુક્ત; વિશેષણ, વિ. 'રૂપમ્' "અનેકાનિ વક્ત્રાણિ નયનાનિ ચ યસ્ય ઇતિ" બહુવ્રીહિ.
**અનેક અદ્ભુતદર્શનમ્** - અનેક અદ્ભુત દર્શનવાળું; વિશેષણ, વિ. 'રૂપમ્'
**અનેકદિવ્યાભરણમ્** - અનેક દિવ્ય આભરણવાળું; વિશેષણ, વિ. 'રૂપમ્' "અનેકાનિ દિવ્યાનિ આભરાણિ યસ્ય ઇતિ"
**ચ** - અને; અવ્યય
**દિવ્યાનેકોદ્યતાયુધમ્** - દિવ્ય અનેક શસ્ત્રોને ઉગામેલા છે એવું; વિશેષણ, વિ. 'રૂપમ્' "દિવ્યાનિ અનેકાનિ ઉદ્યતાનિ આયુધાનિ યસ્ય ઇતિ" બહુવ્રીહિ

**દિવ્યમાલ્યામ્બરધરં દિવ્યગન્ધાનુલેપનમ્।**
**સર્વાશ્ચર્યમયં દેવમ્ અનન્તં વિશ્વતોમુખમ્॥૧૧॥**

**દિવ્યમાલ્યામ્બરધરમ્** - દિવ્ય માલા અને અમ્બર ધારણ કરનારને; વિશેષણ, વિ. 'રૂપમ્' "દિવ્યાનિ માલ્યાનિ અમ્બરાણિ ધરતિ ઇતિ" ઉપપદ
**દિવ્યગન્ધાનુલેપનમ્** - દિવ્ય ગન્ધનું લેપવાળું; વિશેષણ, વિ. 'રૂપમ્' "ગન્ધસ્ય



અનુલેપનં દિવ્યં ચ ગન્ધાનુલેપનમ્ યસ્મિન્ ઇતિ" બહુ.
**સર્વાશ્ચર્યમયમ્** - સર્વ આશ્ચર્યવાળું; વિશેષણ, વિ. 'રૂપમ્' "સર્વમ્ આશ્ચર્યમ્ યસ્મિન્ વિદ્યતે" બહુ.
**વિશ્વતોમુખમ્** - બધા વિશ્વમાં મુખ છે જેનું; વિશેષણ, વિ. 'દેવમ્' "વિશ્વતઃ મુખમ્ યસ્ય ઇતિ" બહુ.
**અનન્તમ્** - અનન્ત; વિશેષણ, વિ. 'દેવમ્'
**દેવમ્** - દેવને; નામ, દ્વિ.એ.વ., પુ. 'દેવ'
**અપશ્યત્** - જોયું; ક્રિયાપદ, ભૂ.કા. તૃ.પુ.એ.વ.

**શ્લોકાર્થ:** અનેક મુખ અને નયનવાળું, અનેક અદ્ભુત દર્શનવાળું, અનેક દિવ્ય આભરણોવાળું, દિવ્ય અનેક આયુધો ધારણ કરેલું, દિવ્ય માલા અને વસ્ત્રો ધારણ કરેલું, દિવ્ય ગન્ધોના લેપવાળું, સર્વ આશ્ચર્યવાળું, પ્રકાશમાન, અનન્ત, સર્વત્ર મુખવાળું (પોતાનું પરમ ઐશ્વર રૂપ અર્જુનને દેખાડ્યું)॥૧૦-૧૧॥

**વિવેચન ૧:** હે રાજન્! સર્વકરણસમર્થ મહાયોગેશ્વર હરિએ એ પ્રમાણે કહી અર્જુનને પોતાનું પરમ ઐશ્વર રૂપ દેખાડ્યું. આ રૂપને અનેક મુખ અને નયન હતાં, તેમાં અનેક અદ્ભુત દેખાવો હતા. કિરીટ વિગેરે અનેક દિવ્ય આભરણો ધારણ કરેલાં હતાં, તેમ જ ભક્તોના તાપને દૂર કરનાર ગદા વિગેરે અનેક દિવ્ય આયુધો અને દિવ્ય માંલા અને વસ્ત્રો ધારણ કરેલા હતાં, દિવ્ય ગન્ધોનો લેપ કરેલો હતો. તે રૂપ સર્વ આશ્ચર્યોવાળું હતું, અર્થાત્ તેમાં સર્વ પરસ્પર વિરુદ્ધ ધર્મો રહેલા હતા. તે પ્રકાશમાન અનન્ત અને સર્વત્ર મુખવાળું હતું.

દશમા શ્લોકનું અનુસન્ધાન શ્રીભાગવત્ ૧૧૩।૪ ઉપરનાં સુબોધિનીમાં કરેલું છે.

**દિવિ સૂર્યસહસ્રસ્ય ભવેદ્ યુગપદુત્થિતા।**
**યદિ ભાઃ સદૃશી સા સ્યાદ્ ભાસસ્તસ્ય મહાત્મનઃ॥૧૨॥**

**દિવિ** - આકાશમાં; નામ, સ.એ.વ., સ્ત્રી 'દ્યુ'
**સૂર્યસહસ્રસ્ય** - હજારો સૂર્યની; નામ, ષ.એ.વ., પુ.
**યુગપત્** - એકદમ, એકાએક; અવ્યય

**ઉત્થિતા** - **જાગૃત;** ભૂ.કૃ. વિશેષણ, વિ. 'ભાઃ'
**ભાઃ** - **પ્રકાશ, કાન્તિ;** નામ, પ્ર.એ.વ., સ્ત્રી. 'ભાસ્'
**ભવેત્** - **થાય;** ક્રિ. વિધ્યર્થ તૃ.પુ.એ.વ., 'ભૂ' ૧ ગણ
**યદિ** - **જો;** અવ્યય
**સ્યાત્** - **થાય;** ક્રિયાપદ
**સા** - **તે;** સર્વનામ, પ્ર.એ.વ., સ્ત્રી.
**તસ્ય** - **તેનું, તેની;** સર્વનામ, ષ.એ.વ., પુ. 'તત્'
**મહાત્મનઃ** - **મહાત્માની;** નામ, ષ.એ.વ., પુ. 'મહાત્મન્'
**ભાસઃ** - **પ્રકાશની;** નામ, ષ.એ.વ., સ્ત્રી. 'ભાસ્'
**સદૃશી** - **જેવું, જેવી;** વિશેષણ, વિ. 'ભાઃ'
**કદાચિદેવ** - **કદાચ જ;** અવ્યય
**સ્યાત્** - **થાય;** ક્રિ. વિધ્યર્થ તૃ.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ :** જો આકાશમાં એક સાથે ઉદય પામેલા એક હજાર સૂર્યનો પ્રકાશ ઉત્પન્ન થાય તો તે પ્રકાશ તે મહાત્માના પ્રકાશના જેવો થાય.

**વિવેચન :** આ અલૌકિક રૂપના પ્રકાશનું અદભૂત ઉપમાથી વર્ણન કરે છે. આકાશમાં જો એક હજાર સૂર્ય એક સાથે ઉદય પામે તો તેમનો જે પ્રકાશ થાય તે એ મહાત્માના પ્રકાશ સમાન કદાચ થાય! અર્થાત્ તે મહાત્માના પ્રકાશ જેવો તે થાય નહિ, પરન્તુ તે મહાત્માના પ્રકાશનું ભાન તેનાથી કદાચ થઈ શકે.

**તત્રૈકસ્થં જગત્કૃત્સ્નં પ્રવિભક્તમ્ અનેકધા ।**
**અપશ્યદ્ દેવદેવસ્ય શરીરે પાણ્ડવસ્તદા ॥૧૩॥**

**પાણ્ડવ** - **અર્જુન;** નામ, પ્ર.એ.વ., પુ.
**તદા** - **ત્યારે;** અવ્યય
**અનેકધા** - **અનેક પ્રકારે, વિવિધ પ્રકારે;** અવ્યય
**પ્રવિભક્તમ્** - **વહેંચાયેલું, વિભાગ પડેલું;** વિશેષણ, વિ. 'જગત્'
**કૃત્સ્નમ્** - **અખિલ;** વિશેષણ, વિ. 'જગત્'
**જગત્** - **જગતને;** નામ, દ્વિ.એ.વ., નપુ.
**તત્ર** - **ત્યાં;** અવ્યય



**દેવદેવસ્ય** - **દેવાધિદેવના;** નામ, ષ.એ.વ., પુ.
**શરીરે** - **શરીરમાં;** નામ, સ.એ.વ., નપુ. 'શરીર'
**એકસ્થમ્** - **એક જગ્યામાં સ્થિત થયેલો;** વિશેષણ, વિ. 'જગત્'
**અપશ્યત્** - **જોયું;** ક્રિ. ભૂ.કા. તૃ.પુ.એ.વ., 'દૃશ્' ૧ ગણ

**શ્લોકાર્થ :** તે સમયે પાણ્ડવે દેવોના દેવના શરીરમાં એક સ્થળે રહેલું અને અનેક પ્રકારે વિભક્ત થએલું સમ્પૂર્ણ જગત્ જોયું.

**વિવેચન :** પોતાનાં માહાત્મ્યના જ્ઞાન વિના ભક્તિ દૃઢ થઈ શકે તેમ નહિ હોવાથી ભગવાને કૃપાથી જ્યારે અર્જુનને પોતાનાં અક્ષરસ્વરૂપનાં દર્શન કરાવ્યાં ત્યારે અર્જુને ચેતન અને અચેતન ચૌદલોક સહિત અનેક પ્રકારે વિભક્ત થએલું સર્વ જગત્ દેવોના પણ દેવ શ્રીપુરુષોત્તમના શરીરમાં એક સ્થળે રહેલું જોયું. આવી જ રીતે શ્રીયશોદાજીએ મૃત્સ્નાભક્ષણના પ્રસઙ્ગમાં ભગવાનના મુખારવિન્દમાં સર્વ જગત્ જોયું હતું, પરન્તુ શ્રીયશોદાજીનો પ્રેમ પોતામાં દૃઢ થાય તે માટે ભગવાને તેમના માહાત્મ્યજ્ઞાનનું પોતાની વૈષ્ણવી માયાથી તરત જ તિરોધાન કર્યું હતું. એ શુદ્ધપુષ્ટિનું માહાત્મ્ય છે. અર્જુનનો શુદ્ધપુષ્ટિમાં અધિકાર નથી, પરન્તુ મર્યાદાપુષ્ટિમાં અધિકાર છે, તેથી ભગવાને કૃપા કરી તેને અક્ષરસ્વરૂપનાં દર્શન કરાવી પોતાના માહાત્મ્યનું ભાન કરાવ્યું, પરન્તુ શ્રીયશોદાજી પેઠે તેનો પ્રેમ દૃઢ કરવા તેના માહાત્મ્યનાં જ્ઞાનનું વૈષ્ણવી માયાથી તિરોધાન કર્યું નથી.

**તતઃ સ વિસ્મયાવિષ્ટો હૃષ્ટરોમા ધનઞ્જયઃ ।**
**પ્રણમ્ય શિરસા દેવં કૃતાઞ્જલિરભાષત ॥૧૪॥**

**તતઃ** - **ત્યાર પછી;** અવ્યય
**સઃ** - **તે;** સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'તત્'
**વિસ્મયાવિષ્ટઃ** - **આશ્ચર્યચકિત;** ભૂ.કૃ. વિશેષણ, વિ. 'ધનઞ્જયઃ'
**હૃષ્ટરોમા** - **પ્રફુલ્લ થયેલાં છે રોમાઞ્ચ જેનાં;** વિશેષણ, વિ. 'ધનઞ્જય'
"હૃષ્ટાનિ રોમાણિ યસ્ય" બહુ.
**ધનઞ્જયઃ** - **ધનઞ્જય, ઇન્દ્રિયોનો જય કરનાર;** નામ, પ્ર.એ.વ., પુ.
**દેવમ્** - **દેવને, વિરાટ સ્વરૂપને;** નામ, દ્વિ.એ.વ., પુ. 'દેવ'
**શિરસા** - **મસ્તકવડે;** નામ, તૃ.એ.વ., નપુ. 'શિરસ્'

પ્રણમ્ય - નમીને; વિધેય કૃદન્ત
કૃતાઞ્જલિઃ - જોડ્યો છે હાથ જોડેલા છે એવો; વિશેષણ, વિ. 'ધનઞ્જયઃ'
અભાષત - બોલ્યો; ક્રિ. ભૂ.કા. તૃ.પુ.એ.વ., 'ભાષ્' ૧ ગણ, આત્મને.

શ્લોકાર્થ: પછી વિસ્મય પામેલા અને રોમાઞ્ચિત થએલા અર્જુને મસ્તકથી દેવને પ્રણામ કરી, હાથ જોડી નીચે પ્રમાણે કહ્યું.

વિવેચન: દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત થવાથી ભગવાનનાં સ્વરૂપનાં દર્શન થવાથી વિસ્મય પામેલા એટલે આશ્ચર્યરસમાં નિમગ્ન થએલા અને રોમાઞ્ચિત થએલા અર્જુને દેવને મસ્તકથી પ્રણામ કરી હાથ જોડી નીચે પ્રમાણે વિજ્ઞપ્તિ કરી.

**અર્જુન ઉવાચ**

**પશ્યામિ દેવાન્ તવ દેવ! દેહે સર્વાંસ્તથા ભૂતવિશેષસંઘાન્।**
**બ્રહ્માણમીશં કમલાસનસ્થમ્ ઋષીંશ્ચ સર્વાનુરગાંશ્ચ દિવ્યાન્॥૧૫॥**

દેવ - હે દેવ; સમ્બોધન
તવ - તારા; સર્વનામ, ષ.એ.વ., 'યુષ્મત્'
દેહે - શરીરમાં; નામ, સ.એ.વ., પુ. 'દેહ'
સર્વાન્ - બધાને; સર્વનામ, દ્વિ.બ.વ., પુ.
દેવાન્ - દેવોને; નામ, દ્વિ.બ.વ. પુ. 'દેવ'
તથા - તેવી રીતે, અને; અવ્યય
ભૂતવિશેષસઙ્ઘાન્ - ભૂતોના સમુદાયો; નામ, દ્વિ.બ.વ. પુ.
કમલાસનસ્થમ્ - કમળના આસન ઉપર બેઠેલા; ભૂ.કૃ. વિશેષણ, વિ. 'બ્રહ્માણમ્'
બ્રહ્માણમ્ - બ્રહ્માને; નામ, દ્વિ.એ.વ., પુ. 'બ્રહ્મન્'
ઈશમ્ - મહાદેવને; નામ, દ્વિ.એ.વ., પુ. ચ - અને; અવ્યય
સર્વાન્ - બધાને; સર્વનામ, દ્વિ.બ.વ., પુ.
ઋષીન્ - ઋષિઓને; નામ, દ્વિ.બ.વ., પુ. 'ઋષિ'
ચ - અને; અવ્યય
દિવ્યાન્ - દિવ્ય; વિશેષણ, વિ. 'ઉરસાન્'
ઉરગાન્ - સર્પોને; નામ, દ્વિ.બ.વ., "ઉરસા ગચ્છતિ ઇતિ" ઉપપદ



પશ્યામિ - જોઉં છું; ક્રિ. વ.કા., પ્ર.પુ.એ.વ., 'દશ્' ૧ ગણ, પરસ્મૈ.

શ્લોકાર્થ: હે દેવ! આપના દેહમાં સર્વ દેવોને તથા ભૂતોના સમૂહોને, કમલાસન ઉપર બેઠેલા બ્રહ્માને, ઈશને, સર્વ ઋષિઓને, અને દિવ્ય સર્પોને હું જોઉં છું.

વિવેચન: અહીંથી સત્તર શ્લોકથી ૧૫ - ૩૧ અર્જુન ભગવાનની સ્તુતિ કરે છે. ભગવાનની સોળ કળાઓરૂપ સોળ શ્લોક, અને એક શ્લોક પ્રાર્થનાનો મળી કુલ સત્તર શ્લોકથી વિજ્ઞપ્તિ કરે છે.

**અનેક-બાહૂદર-વક્ત્ર-નેત્રમ્ પશ્યામિ ત્વાં સર્વતોઽનન્તરૂપમ્।**
**નાન્તં ન મધ્યં ન પુનસ્તવાદિં પશ્યામિ વિશ્વેશ્વર! વિશ્વરૂપ॥૧૬॥**

વિશ્વેશ્વર - હે વિશ્વના ઈશ્વર; સમ્બોધન
ત્વામ્ - તને; સર્વનામ, દ્વિ.એ.વ., 'યુષ્મત્'
અનેકબાહૂદરવક્ત્રનેત્રમ્ - ઘણા બાહુ, ઉદર, મુખ અને નેત્ર છે જેનાં; વિશેષણ, વિ. 'ત્વામ્' "અનેકા બાહવઃ ઉદરાણિ વક્ત્રાણિ નેત્રાણિ ચ યસ્ય ઇતિ" બહુ.
સર્વતઃ - બધી તરફથી; સર્વનામ, પં. અવ્યયાન્ત
અનન્તરૂપમ્ - અનન્તરૂપને; નામ, દ્વિ.એ.વ., નપુ.
પશ્યામિ - જોઉં છું; ક્રિ. વ.કા., પ્ર.પુ.એ.વ., 'દશ્' ૧ ગણ, પરસ્મૈ.
વિશ્વરૂપ - હે વિશ્વરૂપ; સમ્બોધન
તવ - તારું; સર્વનામ, ષ.એ.વ., 'યુષ્મત્'. ન - નહિ; અવ્યય
અન્તમ્ - છેડો, અન્ત; નામ, દ્વિ.એ.વ., પુ.
ન - નહિ; અવ્યય
મધ્યમ્ - મધ્યને; નામ, દ્વિ.એ.વ., પુ. 'મધ્ય'
ન પુનઃ - ફરીથી નહિ; અવ્યય
આદિમ્ - આદિ; નામ, દ્વિ.એ.વ.,પુ.
પશ્યામિ - જોઉં છું. ક્રિ. વ.કા., પ્ર.પુ.એ.વ., 'દશ્' ૧ ગણ, પરસ્મૈ.

શ્લોકાર્થ: હું આપને અનેક બાહુ, ઉદર, મુખ અને નેત્રવાળા અને સર્વતઃ અનન્ત રૂપવાળા જોઉં છું. હે વિશ્વેશ્વર! આપનો અન્ત, મધ્ય અથવા

આદિ હું જોતો નથી, અને વિશ્વરૂપ જોઉં છું.

આ શ્લોકનું અનુસન્ધાન બ્રહ્મસૂત્ર ૩ા૨ા૨૪ પરના આણુભાષ્યમાં કરેલું છે.

**કિરીટિનં ગદિનં ચક્રિણં ચ તેજોરાશિં સર્વતોદીપ્તિમન્તમ્।**
**પશ્યામિ ત્વાં દુર્નિરીક્ષ્યં સમન્તાદ્ દીપ્તાનલાર્કદ્યુતિમપ્રમેયમ્॥૧૭॥**

**ત્વામ્ - તને;** સર્વનામ, દ્વિ.એ.વ., 'યુષ્મત્'

**કિરીટિનમ્ - મુગટ ધારણ કરનારને;** વિશેષણ, વિ. 'ત્વામ્'

**ગદિનમ્ - ગદા ધારણ કરનારને;** વિશેષણ, વિ. 'ત્વામ્'

**ચ - અને;** અવ્યય

**ચક્રિણમ્ - ચક્ર ધારણ કરનારને;** વિશેષણ, વિ. 'ત્વામ્'

**સર્વતઃ - બધી તરફથી;** સર્વનામ, પં.એ.વ.,

**દીપ્તિમાનમ્ - પ્રકાશમાનને;** વ.કૃ., વિશેષણ, વિ. 'ત્વામ્'

**તેજોરાશિમ્ - તેજનો અમ્બાર, તેજનો ઢગલો;** વિશેષણ, વિ. 'ત્વામ્'

**દીપ્તાનલાર્કદ્યુતિમ્ - પ્રકાશિત અગ્નિ તથા સૂર્યની કાન્તિ જેવો;** વિશેષણ, વિ. 'ત્વામ્'

**દુર્નિરીક્ષ્યમ્ - મુશ્કેલીથી જોવાય એવું;** વિશેષણ, વિ. 'ત્વામ્' વિધેય કર્મણિ કૃદન્ત વિશેષણ

**અપ્રમેયમ્ - જેનું માપ થાય નહિ એવો તે;** વિશેષણ, વિ. 'ત્વામ્'

**સમન્તાત્ - ચારે બાજુથી;** અવ્યય

**પશ્યામિ - જોઉં છું;** ક્રિ. વ.કા., પ્ર.પુ.એ.વ., 'દશ્' ૧ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ :** કિરીટવાળા, ગદાવાળા, ચક્રવાળા, તેજના સમૂહરૂપ, સર્વતઃ પ્રકાશમાન, જેમની સામે દષ્ટિ થઈ ન શકે તેવા, સર્વ બાજુએ પ્રદીપ્ત અગ્નિ અને સૂર્યના જેવી કાન્તિવાળા તથા પ્રમાણ થઈ ન શકે તેવા હું આપને જોઉં છું.

**ત્વમક્ષરં પરમં વેદિતવ્યમ્ ત્વમસ્ય વિશ્વસ્ય પરં નિધાનમ્।**
**ત્વમવ્યયઃ શાશ્વતધર્મગોપ્તા સનાતનસ્ ત્વં પુરુષોમતો મે॥૧૮॥**

**ત્વમ્ - તું;** સર્વનામ, પ્ર.એ.વ., 'યુષ્મત્'

**વેદિતવ્યમ્ - જાણવું જોઈએ;** નામ, વિધેયકૃદન્ત, પ્ર.એ.વ. નપુ.

**પરમમ્ - શ્રેષ્ઠ;** વિશેષણ, વિ. 'અક્ષરમ્'

**અનાદિ-મધ્યાન્તમ્ અનન્તવીર્યમ્ અનન્તબાહું શશિ-સૂર્ય-નેત્રમ્।**
**પશ્યામિ ત્વાં દીપ્તહુતાશવક્ત્રમ્ સ્વતેજસા વિશ્વમિદં તપન્તમ્॥૧૯॥**

**ત્વામ્** - **તને;** સર્વનામ, દ્વિ.એ.વ., 'યુષ્મત્'

**અનાદિમધ્યાન્તમ્** - **આદિ, મધ્ય અને અન્ત વિનાનો;** વિશેષણ, વિ. 'ત્વમ્' "ન આદિઃ મધ્યઃ અન્તઃ યસ્ય" બહુ.

**અનન્તવીર્યમ્** - **જેનું પરાક્રમ અન્ત વિનાનું છે;** વિશેષણ, વિ. 'ત્વામ્' "ન અન્તઃ વીર્ય યસ્ય ઇતિ"

**અનન્તબાહુમ્** - **અનન્ત છે બાહુઓ જેના;** "અનન્તાઃ બાહવઃ યસ્ય ઇતિ" બહુ. વિશેષણ, વિ. 'ત્વામ્'

**શશિસૂર્યનેત્રમ્** - **શશિ અને સૂર્યરૂપ નેત્રવાળાને;** વિશેષણ, વિ. 'ત્વામ્' "શશી ચ સૂર્યશ્ચ નેત્રે યસ્ય" બહુ.

**દીપ્તહુતાશવક્ત્રમ્** - **પ્રકાશિત અગ્નિના રૂપ જેવા મુખવાળાને;** વિશેષણ, વિ. 'ત્વામ્' "દીપ્ત હુતાશસ્ય વક્ત્રં ઇવ યસ્ય ઇતિ" બહુ.

**ચ** - **અને;** અવ્યય

**સ્વતેજસા** - **પોતાના તેજથી;** નામ, તૃ.એ.વ., નપુ. 'સ્વતેજસ્'

**ઇદમ્** - **આ;** સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.

**વિશ્વમ્** - **વિશ્વને;** નામ, દ્વિ.એ.વ., નપુ. 'વિશ્વ'

**તપન્તમ્** - **તપાવતા;** વ.કૃ., વિશેષણ, વિ. 'ત્વામ્'

**પશ્યામિ** - **જોઉં છું.** ક્રિ. વ.કા., પ્ર.પુ.એ.વ., 'દશ્ (પશ્ય્)' ૧ ગણ

**શ્લોકાર્થ:** આદિ, મધ્ય, તથા અન્ત રહિત, અનન્ત વીર્યવાળા, અનન્ત બાહુવાળા, ચન્દ્ર અને સૂર્ય રૂપી નેત્રવાળા, પ્રદીપ્ત અગ્નિ જેમના મુખમાં છે તેવા અને પોતાના તેજથી આ વિશ્વને તપાવતા હું આપને જોઉં છું.

**દ્યાવા-પૃથિવ્યોરિદમન્તરં હિ વ્યાપ્તં ત્વયૈકેન દિશશ્ચ સર્વાઃ।**
**દૃષ્ટ્વાદ્ભુતં રૂપમ્ ઉગ્રં તવેદમ્ લોકત્રયં પ્રવ્યથિતં મહાત્મન્!॥૨૦॥**

**મહાત્મન્** - **હે મહાત્મન્;** સમ્બોધન

**ઇદમ્** - **આ;** સર્વનામ, પ્ર.એ.વ., નપુ.

**દ્યાવાપૃથિવ્યો** - **સ્વર્ગ અને પૃથ્વી નું;** નામ, ષ.દ્વિ.વ. "દ્યૌઃ પૃથિવી ચ" દ્વન્દ્વસમાસ

**અન્તરમ્** - **વચલો ભાગ;** નામ, પ્ર.એ.વ., નપુ. 'અન્તર'



**ચ** - **અને;** અવ્યય

**સર્વાઃ** - **બધી;** પ્ર.બ.વ., સ્ત્રી.

**દિશઃ** - **દિશાઓ;** નામ, પ્ર.બ.વ., સ્ત્રી.'દિશ્'

**હિ** - **ચોક્કસ;** અવ્યય

**ત્વયા** - **તારાવડે;** સર્વનામ, તૃ.એ.વ., પુ. 'યુષ્મત્'

**એકેન** - **એકથી;** વિશેષણ, વિ. 'ત્વયા'

**વ્યાપ્તમ્** - **વ્યાપેલું;** વિશેષણ, વિ. 'અન્તરમ્'. **અસ્તિ** - **છે;** ક્રિયાપદ

**તવ** - **તારું;** સર્વનામ, ષ.એ.વ., 'યુષ્મત્'

**ઇદમ્** - **આ;** સર્વનામ, પ્ર.એ.વ., નપુ.

**અદ્ભુતમ્** - **અદ્ભુત;** વિશેષણ, વિ. 'રૂપમ્'

**ચ** - **અને;** અવ્યય

**ઉગ્રમ્** - **ઉગ્ર;** વિશેષણ, વિ. 'રૂપમ્'

**રૂપમ્** - **રૂપને;** નામ, દ્વિ.એ.વ., નપુ. 'રૂપ'

**દૃષ્ટ્વા** - **જોઈને;** વિધેય કૃદન્ત

**લોકત્રયમ્** - **ત્રણ લોક;** નામ, પ્ર.એ.વ., નપુ.

**પ્રવ્યથિતમ્** - **ગભરાઈ ગયેલું, વ્યથાને પામેલું;** વિશેષણ, વિ. 'લોકત્રયમ્'

**અસ્તિ** - **છે;** ક્રિયાપદ તૃ.પુ.એ.વ. 'અસ્'

**શ્લોકાર્થ:** આકાશ અને પૃથિવી નું આ અન્તર અને સર્વ દિશાઓ આપ એકલાએ વ્યાપેલ છે. હે મહાત્મન્! આપનું આ અદ્ભુત ઉગ્ર રૂપ જોઈને ત્રણે લોક બહુ વ્યથિત થએલા છે.

**વિવેચન:** યુદ્ધ જોવાની ઇચ્છાથી બ્રહ્મા વિગેરે દેવો, અસુરો, પિતૃઓ, સિદ્ધો, ગન્ધર્વો, યક્ષો, રાક્ષસો આવેલા. તેઓમાં પાણ્ડવોને અનુકૂલ, તેમનાથી પ્રતિકૂલ અને તટસ્થ હતા. એ ત્રણે લોક આ ભગવાનનું વિશ્વરૂપ જોઈ વ્યથા પામ્યા. ભગવાને પોતાનું ઐશ્વર્ય અર્જુનને દેખાડવા તેઓને પણ દિવ્ય દૃષ્ટિ આપેલી. (રામાનુજ)

**અમી હિ ત્વાં સુરસઙ્ઘા વિશન્તિ કેચિદ્ ભીતાઃ પ્રાઞ્જલયો ગૃણન્તિ।**
**'સ્વસ્તી'ત્યુક્ત્વા મહર્ષિસિદ્ધસઙ્ઘાઃ સ્તુવન્તિ ત્વાં સ્તુતિભિઃ પુષ્કલાભિઃ॥૨૧॥**

**હિ** - **ચોક્કસ;** અવ્યય

અમી - આ; સર્વનામ, પ્ર.બ.વ., પુ. 'અદસ્'
સુરસઙ્ઘાઃ - દેવોના સમૂહ; નામ, પ્ર.બ.વ., પુ.
ત્વામ્ - તને; સર્વનામ, દ્વિ.એ.વ., 'યુષ્મત્'
વિશન્તિ - પ્રવેશે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., 'વિશ્' ૬ ગણ, પરસ્મૈ.
ચ - અને; અવ્યય
કેચિદ્ - કેટલાક; સર્વનામ, પ્ર.બ.વ., પુ.
ભીતાઃ - બીયેલા; વિશેષણ, વિ. 'સુરસઙ્ઘાઃ'
પ્રાઞ્જલયઃ - નમસ્કારો કરીને; નામ, પ્ર.બ.વ., પુ. 'પ્રાઞ્જલિ'
ગૃણન્તિ - બોલે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., 'ગૃ' ૯ ગણ, પરસ્મૈ.
ચ - અને; અવ્યય
મહર્ષિસિદ્ધસઙ્ઘાઃ - મોટા ઋષિ-સિદ્ધોના સંઘો; નામ, પ્ર.બ.વ., પુ.
સ્વસ્તિ - સ્વસ્તિ; નામ,
ઇતિ - એ પ્રમાણે; અવ્યય
ઉક્ત્વા - કહીને; વિધેય કૃદન્ત
ત્વામ્ - તને; સર્વનામ, દ્વિ.એ.વ., 'યુષ્મત્'
પુષ્કલાભિઃ - પુષ્કળ, ઘણી; વિશેષણ, વિ. 'સ્તુતિભિઃ'
સ્તુતિભિઃ - સ્તુતિઓ વડે; નામ, તૃ.બ.વ., સ્ત્રી. 'સ્તુતિ'
સ્તુવન્તિ - સ્તુતિ કરે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., 'સ્તુ' ૨ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** આ દેવોનાં ટોળા આપમાં પ્રવેશ કરે છે. કેટલાકો ભય પામી હાથ જોડી સ્તુતિ કરે છે. મહર્ષિ અને સિદ્ધો નાં ટોળાંઓ 'સ્વસ્તિ' એમ કહી પુષ્કળ સ્તુતિથી આપનું સ્તવન કરે છે.

**રુદ્રાદિત્યા વસવો યે ચ સાધ્યા વિશ્વેઽશ્વિનૌ મરુતશ્ચોષ્મપાશ્ચ।**
**ગન્ધર્વ-યક્ષાસુર-સિદ્ધસઙ્ઘા વીક્ષન્તે ત્વાં વિસ્મિતાશ્ચૈવ સર્વે।૨૨।**

યે - જેઓ; સર્વનામ, પ્ર.બ.વ., પુ.
રુદ્રાદિત્યાઃ - રુદ્રો અને આદિત્યો; નામ, પ્ર.બ.વ., પુ.
ચ - અને; અવ્યય
વસવઃ - વસુઓ; નામ, પ્ર.બ.વ., પુ. 'વસુ'.   ચ - અને; અવ્યય
સાધ્યાઃ - સાધ્યો; નામ, પ્ર.બ.વ., પુ. 'સાધ્ય'
વિશ્વે - વિશ્વે નામના બે દેવો; નામ, પ્ર.દ્વિ.વ. સ્ત્રી.



અશ્વિનૌ - અશ્વિનીકુમારો; નામ, પ્ર.દ્વિ.વ. પુ.
ચ - અને; અવ્યય
મરુતઃ - મરુત્ગણો; નામ, પ્ર.બ.વ., પુ. 'મરુત્'
ઉષ્મપાઃ - પિતૃગણો; નામ, પ્ર.બ.વ., પુ. 'ઉષ્મપ'
ચ, એવ - અને, માત્ર; અવ્યય
ગન્ધર્વયક્ષાસુરસિદ્ધસઙ્ઘાઃ - ગન્ધર્વ, યક્ષ, અસુર અને સિદ્ધો ના સમૂહો; નામ, પ્ર.બ.વ., પુ. 'ગન્ધર્વાઃ યક્ષાઃ અસુરાઃ સિદ્ધસઙ્ઘાશ્ચ' દ્વન્દ્વ
સર્વે - બધા; સર્વનામ, પ્ર.બ.વ., પુ.
ત્વામ્ - તને; સર્વનામ, દ્વિ.એ.વ., 'યુષ્મત્'
વિસ્મિતાઃ - વિસ્મય પામેલા; વિશેષણ, વિ. 'સર્વે' ભ.કૃ.
સન્તઃ - થઈને;
વીક્ષન્તે - જુએ છે; ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., વિ + ઈક્ષ્ ૧ ગણ, આત્મને.

**શ્લોકાર્થ:** રુદ્રો, આદિત્યો, વસુઓ અને સર્વે સાધ્યો, બે અશ્વિનીકુમારો, મરુતો, પિતૃઓ, ગન્ધર્વો, યક્ષો, અસુરો અને સિદ્ધોના સમૂહો સર્વ વિસ્મિત થઈ આપનાં દર્શન કરે છે.

**રૂપં મહત્ તે બહુવક્ત્રનેત્રમ્ મહાબાહો! બહુબાહૂરુપાદમ્।**
**બહૂદરં બહુદંષ્ટ્રાકરાલમ્ દષ્ટ્વા લોકાઃ પ્રવ્યથિતાસ્તથાઽહમ્॥૨૩॥**

મહાબાહો - હે મહાબાહો, કૃષ્ણ; સમ્બોધન
તે - તારું; સર્વનામ, ષ.એ.વ., 'યુષ્મત્'
બહુવક્ત્રનેત્રમ્ - ઘણા મુખો તથા નેત્રોવાળું; વિશેષણ, વિ. 'રૂપમ્' "બહૂનિ વક્ત્રાણિ નેત્રે યસ્ય" બહુ.
બહુબાહૂરુપાદમ્ - ઘણા છે બાહુ, જાઙ્ઘ અને પગ; વિશેષણ, વિ. 'રૂપમ્' "બહવઃ બાહવઃ ઉરવઃ પાદાશ્ચ યસ્ય ઇતિ" બહુ.
બહૂદરમ્ - ઘણા ઉદરવાળું; વિશેષણ, વિ. 'રૂપમ્' "બહૂનિ ઉદરાણિ યસ્ય ઇતિ" બહુ.
ચ - અને; અવ્યય
બહુદંષ્ટ્રાકરાલમ્ - ઘણી વિકરાળ દાઢોવાળું; વિશેષણ, વિ. 'રૂપમ્' "બહવાઃ દંષ્ટ્રાઃ કરાલાઃ યસ્ય ઇતિ" બહુ.
મહત્ - મોટું; વિશેષણ, વિ. 'રૂપમ્'

**રૂપમ્** - રૂપ; નામ, દ્વિ.એ.વ., નપુ.
**દૃષ્ટ્વા** - જોઈને; વિધેય કૃદન્ત
**લોકાઃ** - લોકો; નામ, પ્ર.બ.વ., પુ. 'લોક'
**પ્રવ્યથિતાઃ** - ઘણી વ્યથા પામેલા; વિશેષણ, વિ. 'લોકાઃ'
**સન્તિ** - થઈ ગયા છે; ક્રિયાપદ તૃ.પુ.એ.વ. 'અસ્'
**તથા** - અને; અવ્યય
**અહમ્** - હું, અર્જુન; સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
**અપિ વ્યથિતઃ અસ્મિ** - તેમ હું પણ વ્યથિત થઈ રહ્યો છું.

**શ્લોકાર્થ:** હે મહાબાહો! અનેક મુખ અને નેત્રવાળા, અનેક બાહુ સાથળ અને ચરણવાળા, અનેક ઉદરવાળા, અને ઘણી દાઢોથી વિકરાળ આપનાં મોટાં રૂપને જોઈને લોકો તેમજ હું ખુબ વ્યથિત થયા છીએ.

**નભઃસ્પૃશં દીપ્તમ્ અનેકવર્ણં વ્યાત્તાનનં દીપ્તવિશાલનેત્રમ્।**
**દૃષ્ટ્વા હિ ત્વાં પ્રવ્યથિતાન્તરાત્મા ધૃતિં ન વિન્દામિ શમં ચ વિષ્ણો॥૨૪॥**
**હિ** - ચોક્કસ; અવ્યય
**વિષ્ણો** - હે વિષ્ણુ; સમ્બોધન
**નભઃસ્પૃશમ્** - આકાશને અડકતું; નામ, દ્વિ.એ.વ., ''નભઃ સ્પૃશતિ ઈતિ'' ઉપપદ
**દીપ્તમ્** - પ્રકાશિત; વિશેષણ, વિ. 'અનેકવર્ણમ્'
**અનેકવર્ણમ્** - અનેક રંગોવાળું; વિશેષણ, વિ. 'ત્વામ્' ''અનેકાનિ વર્ણાનિ યસ્ય ઈતિ'' બહુ.
**વ્યાત્તાનનમ્** - વિકસેલા મુખવાળું; વિશેષણ, વિ. 'ત્વામ્' ''વ્યાત્તમ્ આનનમ્'' કર્મધારય
**ચ** - અને; અવ્યય
**દીપ્તવિશાલનેત્રમ્** - પ્રકાશિત વિશાળ નેત્રવાળું; વિશેષણ, વિ. 'ત્વામ્' ''દીપ્તે ચ વિશાલે ચ નેત્રે યસ્ય ઈતિ'' બહુ.
**ત્વામ્** - તને; સર્વનામ, દ્વિ.એ.વ., 'યુષ્મત્'
**દૃષ્ટ્વા** - જોઈને; વિધેય કૃદન્ત
**પ્રવ્યથિતાન્તરાત્મા** - દુઃખિત છે અન્તરાત્મા જેનો; ''પ્રવ્યથિતઃ અન્તરાત્મા યસ્ય ઈતિ'' બહુ.



**અહમ્** - હું; સર્વનામ, પ્ર.એ.વ. 'અસ્'
**ધૃતિમ્** - ધીરજ; નામ, દ્વિ.એ.વ., સ્ત્રી. 'ધૃતિ'
**ચ** - અને; અવ્યય
**શમમ્** - શાન્તિને; નામ, દ્વિ.એ.વ., પુ.
**ન** - નહિ; અવ્યય
**વિન્દામિ** - મેળવું છું; ક્રિ. વ.કા., પ્ર.પુ.એ.વ., 'વિન્દ્' ૬ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** હે વિષ્ણો! આકાશનો સ્પર્શ કરતા, પ્રકાશમાન, અનેક રંગવાળા, પ્રસારેલ મુખોવાળા, પ્રદીપ્ત અને વિશાલ નેત્રોવાળા આપને જોઈને જેનો અન્તરાત્મા બહુ વ્યથિત થએલો છે એવો હું ધૈર્ય અથવા શાન્તિ પ્રાપ્ત કરી શક્તો નથી.

**દંષ્ટ્રાકરાલાનિ ચ તે મુખાનિ દૃષ્ટ્વૈવ કાલાનલસન્નિભાનિ।**
**દિશો ન જાને ન લભે ચ શર્મ પ્રસીદ દેવેશ! જગન્નિવાસ!॥૨૫॥**
**તે** - તારું; સર્વનામ, ષ.એ.વ., 'યુષ્મત્'
**દંષ્ટ્રાકરાલાનિ** - વિકરાળ દાઢોવાળા; વિશેષણ, વિ. 'મુખાનિ'
**ચ** - અને; અવ્યય
**કાલાનલસન્નિભાનિ** - કાલાગ્નિના તેજ જેવા; ''કાલાનલસ્ય સન્નિભા યેષુ ઈતિ'' બહુ. વિશેષણ, વિ. 'મુખાનિ'
**મુખાનિ** - મોઢાં; નામ, દ્વિ.બ.વ., નપુ. 'મુખ'
**દૃષ્ટ્વા** - જોઈને; વિધેય કૃદન્ત
**દિશઃ** - દિશાઓને; નામ, દ્વિ.બ.વ., સ્ત્રી. 'દિશ્'
**ન** - નહિ; અવ્યય
**જાને** - જાણું છું; ક્રિ. વ.કા., પ્ર.પુ.એ.વ., 'જ્ઞા' ૯ ગણ, આત્મને.
**ચ** - અને; અવ્યય
**શર્મ** - સુખ; નામ, દ્વિ.એ.વ., નપુ. 'શર્મન્'
**એવ ન** - પણ નહિ; અવ્યય
**લભે** - મેળવું છું; ક્રિ. વ.કા., પ્ર.પુ.એ.વ., 'લભ્' ૧ ગણ, આત્મને
**અતઃ** - એટલે; અવ્યય
**દેવેશ** - હે દેવના ઈશ્વર!; સમ્બોધન
**જગન્નિવાસ** - હે જગન્નિવાસ!; સમ્બોધન

ત્વમ્ - તું; સર્વનામ, પ્ર.એ.વ. 'યુષ્મદ્'
પ્રસીદ - પ્રસન્ન થા; ક્રિ. આજ્ઞાર્થ દ્વિ.પુ.એ.વ., પ્ર + સદ્ ( સીદ્ ) ૧ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** દાઢોથી વિકરાળ અને કાલાગ્નિ જેવાં આપનાં મુખો જોઈને જ હું દિશાઓ જાણતો નથી અને મને શાન્તિ મળતી નથી. તેથી હે દેવેશ! હે જગન્નિવાસ! પ્રસન્ન થાઓ.

**વિવેચન:** આપનાં વિકરાળ અને કાલાગ્નિ જેવાં મુખો જોઈને જ હું દિશાઓ જાણતો નથી એટલે કઈ દિશામાં નાસવું તે મને સૂઝ પડતી નથી, કોઈ દિશામાં નાસવાથી ભય દૂર થાય તેવું જણાતું નથી.

**અમી ચ ત્વાં ધૃતરાષ્ટ્રસ્ય પુત્રાઃ સર્વે સહૈવાવનિપાલસંઘૈઃ ।**
**ભીષ્મો દ્રોણઃ સૂતપુત્રસ્તથાસૌ સહાસ્મદીયૈરપિ યોદ્ધમુખ્યૈઃ ॥૨૬॥**
**વક્ત્રાણિ તે ત્વરમાણા વિશન્તિ દંષ્ટ્રાકરાલાનિ ભયાનકાનિ ।**
**કેચિદ્ વિલગ્ના દશનાન્તરેષુ સન્દશ્યન્તે ચૂર્ણિતૈરુત્તમાઙ્ગૈઃ ॥૨૭॥**

અમી - તે; સર્વનામ, પ્ર.બ.વ., પુ. 'અદસ્'
સર્વે - બધા; સર્વનામ, પ્ર.બ.વ., પુ.
એવ - જ, માત્ર; અવ્યય
ધૃતરાષ્ટ્રસ્ય - ધૃતરાષ્ટ્રના; નામ, ષ.એ.વ., પુ.
પુત્રાઃ - છોકરાઓ; નામ, પ્ર.બ.વ., પુ.
અવનિપાલસઙ્ઘૈઃ - રાજાઓના સઙ્ઘો સાથે; નામ, તૃ.બ.વ., ''અવનેઃ પાલાનામ્ સઙ્ઘૈઃ'' તત્પુરુષ
સહ - સાથે; અવ્યય
ત્વામ્ - તને; સર્વનામ, દ્વિ.એ.વ., 'યુષ્મત્'
વિશન્તિ - પ્રવેશે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., 'વિશ્' ૬ ગણ, પરસ્મૈ.
ચ - અને; અવ્યય
ભીષ્મઃ - ભીષ્મ; નામ, પ્ર.એ.વ., પુ.
દ્રોણઃ - દ્રોણ; નામ, પ્ર.એ.વ., પુ.
તથા - તેવી રીતે; અવ્યય
અસૌ - તે; સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'અદસ્'



સૂતપુત્રઃ - કર્ણ; નામ, પ્ર.એ.વ., પુ.
અસ્મદીયૈઃ - અમારા; વિશેષણ, વિ. 'યોધમુખ્યૈઃ'
અપિ - પણ; અવ્યય
યોધમુખ્યૈઃ - લડવૈયાઓમાં મુખ્ય; નામ, તૃ.બ.વ., પુ.
સહ - સાથે; અવ્યય
ત્વરમાણાઃ - ઉતાવળ કરતાં; વિશેષણ, વિ. 'પુત્રાઃ'
તે - તારા; સર્વનામ, ષ.એ.વ., 'યુષ્મત્'
દંષ્ટ્રાકરાલાનિ - વિશાળ દાઢોવાળા; વિશેષણ, વિ. ''વક્ત્રાણિ કરાલાઃ દંષ્ટ્રાઃ યેષુ'' બહુ.
ભયાનકાનિ - ભયાનક; વિશેષણ, વિ. 'વક્ત્રાણિ'
વક્ત્રાણિ - મુખો, મોઢાંઓ; નામ, દ્વિ.બ.વ., નપુ. 'વક્ત્ર'
વિનશન્તિ - પ્રવેશે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ. 'વિશ્' ૬ ગણ પરસ્મૈ.
ચ - અને; અવ્યય
કેચિદ્ - કેટલાક; સર્વનામ, પ્ર.બ.વ., પુ. 'કિમ્ + ચિત્'
ચૂર્ણિતૈઃ - ભૂકો થઈ ગયેલા, ચૂરેચૂરા થઈ ગયેલા; વિશેષણ, વિ. 'ઉત્તમાઙ્ગૈઃ'
ઉત્તમાઙ્ગૈઃ - માથાંઓ સાથે; નામ, તૃ.બ.વ. નપુ.
દશનાન્તરેષુ - દાંતના ગાળાઓમાં; નામ, સ.બ.વ., પુ.
વિલગ્નાઃ - વળગેલાં; વિશેષણ, વિ. 'કેચિદ્'
સંદશ્યન્તે - સારી રીતે દેખાય છે; ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., ૧ ગણ કર્મણિ, સમ્ + દશ્

**શ્લોકાર્થ:** અને આ ધૃતરાષ્ટ્રના સર્વ પુત્રો તેમજ ભીષ્મ, દ્રોણ, અને સૂતપુત્ર ભૂપાલોના સમૂહો સાથે અને આપણા પણ મુખ્ય યોદ્ધાઓ સાથે દાઢોથી વિકરાળ અને ભયાનક આપનાં મુખો પ્રતિ દોડીને આપમાં પ્રવેશ કરે છે. કેટલાકો ચુરેચુરા થએલા મસ્તકોવાળા આપના દાંતોની ફાટોમાં ચોંટેલા દેખાય છે.

**યથા નદીનાં બહવોઽમ્બુવેગાઃ સમુદ્રમેવાભિમુખા દ્રવન્તિ ।**
**તથા તવામી નરલોકવીરા વિશન્તિ વક્ત્રાણ્યભિવિ જ્વલન્તિ ॥૨૮॥**
યથા - જેવી રીતે; અવ્યય
નદીનામ્ - નદીઓનો; નામ, ષ.બ.વ., સ્ત્રી. 'નદી'

**બહવઃ** - **ઘણા;** વિશેષણ, વિ. 'અમ્બુવેગાઃ'
**અમ્બુવેગાઃ** - **જળપ્રવાહો;**
**સમુદ્રમ્** - **સમુદ્ર તરફ;** નામ, દ્વિ.એ.વ., પુ. 'સમુદ્ર'
**એવ** - **માત્ર, જ;** અવ્યય
**અભિમુખાઃ** - **સન્મુખ;** વિશેષણ, વિ. 'અમ્બુવેગાઃ'
**દ્રવન્તિ** - **ધસે છે;** ક્રિ.વ.કા., તૃ.પુ.બ.વ., 'દ્રુ'(દ્રવ્) ૧ ગણ, પરસ્મૈ
**તથા** - **તેવી રીતે;** અવ્યય
**અમી** - **તે;** સર્વનામ, પ્ર.બ.વ., પુ. 'અદસ્'
**નરલોકવીરાઃ** - **નરલોકના વીરો;** નામ, પ્ર.બ.વ., પુ., તત્પુ.
**તવ** - **તારા;** સર્વનામ, ષ.એ.વ., 'યુષ્મદ્'
**અભિતોજ્વલન્તિ** - **આસપાસ અગ્નિ ઝરતા;** વ.કૃ., વિશેષણ, વિ. વિ. 'વક્ત્રાણિ'
**વક્ત્રાણિ** - **મુખો;** નામ, દ્વિ.બ.વ., નપુ.
**વિશન્તિ** - **પ્રવેશે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., 'વિશ્' ૬ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ :** જેમ નદીઓના અનેક જલના પ્રવાહો સમુદ્રની જ તરફ વહે છે તેમ આ નરલોકના વીરપુરુષો આપનાં સર્વ બાજુએ જ્વલતાં મુખોમાં પ્રવેશ કરે છે.

**વિવેચન :** નદીઓના પ્રવાહો પોતાનાં લયસ્થાનરૂપ સમુદ્ર પ્રતિ વહી સમુદ્રમાં લય પામે છે તેવી રીતે આ વીરપુરુષો આપનાં જ્વલતાં મુખોમાં પ્રવેશ કરી લય પામે છે.

લયનું અથવા નાશનું દૃષ્ટાન્ત ઉપર કહ્યું તેમાં નાશ પ્રકટ નહિ લાગવાથી નાશનો પ્રકાર વિશેષ સ્પષ્ટ કરવા બીજું દૃષ્ટાન્ત કહે છે.

**યથા પ્રદીપ્તં જ્વલનં પતઙ્ગાઃ વિશન્તિ નાશાય સમૃદ્ધવેગાઃ।**
**તથૈવ નાશાય વિશન્તિ લોકાસ્તવાપિ વક્ત્રાણિ સમૃદ્ધવેગાઃ।૨૯।**

**યથા** - **જેમ;** અવ્યય
**પતઙ્ગાઃ** - **પતઙ્ગીઆઓ;** નામ, પ્ર.બ.વ., 'પતઙ્ગ'
**નાશાય** - **નાશને માટે;** નામ, ચ.એ.વ., પુ.
**પ્રદીપ્તમ્** - **સળગેલો;** કૃદન્ત, વિશેષણ, પ્ર + દીપ્ ધાતુ



**જ્વલનમ્** - **અગ્નિ;** કૃદન્ત, નામ, દ્વિ.એ.વ., નપુ. 'જ્વલ્' ધાતુ
**સમૃદ્ધવેગાઃ** - **વધારેલા વેગવાળાઓ;** વિશેષણ, વિ. 'પતઙ્ગા' "સમૃદ્ધઃ વેગઃ એષામ્" બહુ.
**વિશન્તિ** - **પ્રવેશે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., 'વિશ્' ૬ ગણ, પરસ્મૈ.
**તથૈવ** - **તેવી રીતે;** અવ્યય તથા + એવં
**લોકાઃ** - **લોકો;** **નામ, પ્ર.એ.વ., પુ.** 'લોક'
**અપિ** - **વળી;** અવ્યય
**નાશાય** - **નાશને માટે;** નામ ચ.એ.વ. પુ. 'નાશ'
**સમૃદ્ધવેગાઃ** - **વધારેલા વેગવાળાઓ;** વિશેષણ, વિ. 'લોકાઃ' "સમૃદ્ધઃ વેગઃ યેષામ્" બહુ.
**તવ** - **તારા;** ષ.એ.વ., 'યુષ્મદ્'
**વક્ત્રાણિ** - **મુખોમાં;** નામ, દ્વિ.બ.વ., નપુ. 'વક્ત્ર'
**વિશન્તિ** - **પ્રવેશે છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.બ.વ., 'વિશ્' ૬ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ :** જેમ પતઙ્ગીઆઓ વધારે વેગવાળા થઈ પ્રજ્વલિત અગ્નિમાં પોતાના નાશ માટે પ્રવેશ કરે છે તેમજ લોકો પણ વધારે વેગવાળા થઈ આપના મુખોમાં પોતાના નાશ માટે પ્રવેશ કરે છે.

**લેલિહ્યસે ગ્રસમાનઃ સમન્તાત્ લોકાન્ સમગ્રાન્ વદનૈર્જ્વલદ્ભિઃ ।**
**તેજોભિરાપૂર્યજગત્સમગ્રં ભાસસ્તવોગ્રાઃ પ્રતપન્તિ વિષ્ણો ॥૩૦॥**

**સમગ્રાન્** - **બધા;** વિશેષણ, વિ. 'લોકાન્'
**લોકાન્** - **લોકોને;** નામ, દ્વિ.બ.વ., પુ. 'લોક'
**જ્વલદ્ભિઃ** - **સળગતા;** વ.કૃ., વિશેષણ, વિ. 'વદનૈઃ'
**વદનૈઃ** - **મુખો વડે;** નામ, તૃ.બ.વ., નપુ. 'વદન'
**ગ્રસમાનઃ** - **ગળી જવાની ક્રિયા કરતો;** વિશેષણ, વિ. 'ત્વમ્'
**સમન્તાત્** - **બધી બાજુએથી;** અવ્યય
**લેલિહ્યસે** - **ચાટવાની ઈચ્છા કરે છે;** ઈચ્છા દર્શક ક્રિ. વ.કા., દ્વિ.પુ.એ.વ., 'લિહ્' ૪ ગણ
**વિષ્ણો** - **હે વિષ્ણુ;** સમ્બોધન
**તવ** - **તારો;** સર્વનામ, ષ.એ.વ., 'યુષ્મત્'
**ઉગ્રાઃ** - **ઉગ્ર;** વિશેષણ, વિ. 'ભાસઃ'

**ભાસઃ** - **પ્રકાશની છટાઓ;** નામ, પ્ર.બ.વ., સ્ત્રી. 'ભાસ્'
**સમગ્રમ્** - **અખિલ;** વિશેષણ, વિ. 'જગત્'
**જગત્** - **જગતને;** નામ, દ્વિ.એ.વ., નપુ. 'જગત્'
**તેજોભિઃ** - **તેજો વડે, પ્રકાશ વડે;** નામ, તૃ.બ.વ., નપુ. 'તેજસ્'
**આપૂર્ય** - **પૂરીને, ઘેરીને;** વિધેય કૃદન્ત
**પ્રતપન્તિ** - **સારી રીતે તપાવે છે, ખૂબ તપાવે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., પ્ર + તપ્ ૧ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** આપ જ્વલતાં મુખોથી ચારે તરફથી સર્વ લોકોને ગળતાં ચાટો છો. હે વિષ્ણુ! આપનાં ઉગ્ર તેજો પોતાની કાન્તિથી સર્વ જગતને ભરી દઈ પ્રકાશે છે.

**આખ્યાહિ મે કો ભવાન્ ઉગ્રરૂપો નમોઽસ્તુ તે દેવવર! પ્રસીદ।**
**વિજ્ઞાતુમિચ્છામિ ભવન્તમાદ્યં ન હિ પ્રજાનામિ તવ પ્રવૃત્તિમ્॥૩૧॥**

**મે** - **મને;** સર્વનામ, ચ.એ.વ., 'અસ્મત્'
**આખ્યાહિ** - **કહે;** ક્રિ. આજ્ઞાર્થ દ્વિ.પુ.એ.વ., આ + ખ્યા ૨ ગણ, પરસ્મૈ.
**ભવાન્** - **આપ;** નામ, પ્ર.એ.વ., પુ. 'ભવન્'
**ઉગ્રરૂપઃ** - **વિકરાળ રૂપ;** નામ, પ્ર.એ.વ., પુ. 'ઉગ્રરૂપ'
**કઃ** - **કોણ;** સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'કિમ્'
**અસિ** - **છો** ક્રિ. વ.કા. દ્વિ.પુ.એ.વ. 'અસ્'
**દેવવર** - **દેવાધિપતિ દેવોમાં શ્રેષ્ઠ;** સમ્બોધન
**તે** - **તને;** સર્વનામ, ચ.એ.વ., 'યુષ્મત્'
**નમઃ** - **નમસ્કાર**
**અસ્તુ** - **હો;** ક્રિ. આજ્ઞાર્થ તૃ.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ, પરસ્મૈ.
**પ્રસીદ** - **પ્રસન્ન થાઓ;** ક્રિ. આજ્ઞાર્થ દ્વિ.પુ.એ.વ., પ્ર + સદ્ (સીદ્) ૧ ગણ, પરસ્મૈ.
**આદ્યમ્** - **મૂળ સ્વરૂપને;** વિશેષણ, વિ. 'ભવન્તમ્'
**ભવન્તમ્** - **આપને, તમને;** નામ, દ્વિ.એ.વ., પુ. 'ભવત્'
**અહમ્** - **હું;** સર્વનામ, પ્ર.એ.વ. 'અસ્મદ્'
**વિજ્ઞાતુમ્** - **જાણવાને;** હેત્વર્થ કૃદન્ત
**ઇચ્છામિ** - **ઇચ્છું છું;** ક્રિ.વ.કા., પ્ર.પુ.એ.વ., 'ઇષ્'(ઇચ્છ્) ૬ ગણ, પરસ્મૈ



**હિ** - **કેમકે;** અવ્યય
**તવ** - **તારી;** સર્વનામ, ષ.એ.વ., 'યુષ્મત્'
**પ્રવૃત્તિમ્** - **પ્રવૃત્તિને;** નામ, દ્વિ.એ.વ., સ્ત્રી. 'પ્રવૃત્તિ'
**ન** - **ન;** અવ્યય
**પ્રજાનામિ** - **બધી રીતે જાણું છું;** ક્રિ. વ.કા., પ્ર.પુ.એ.વ., પ્ર + જ્ઞા ૯ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** ઉગ્રરૂપવાળા આપ કોણ તે મને કહો. હે દેવવર! આપને નમસ્કાર હો! આપ પ્રસન્ન થાઓ. આદ્ય પુરુષ આપને જાણવા ઇચ્છું છું; કારણ કે આપની પ્રવૃત્તિ હું જાણતો નથી.

**શ્રીભગવાન્ ઉવાચ**

**કાલોઽસ્મિ લોકક્ષયકૃત્પ્રવૃદ્ધો લોકાન્ સમાહર્તુમ્ સહ પ્રવૃત્તઃ।**
**ઋતેઽપિ ત્વાં ન ભવિષ્યન્તિ સર્વે યેઽવસ્થિતાઃ પ્રત્યનીકેષુ યોધાઃ।૩૨।**

**અહમ્** - **હું;** સર્વનામ, પ્ર.એ.વ. 'અસ્મદ્'
**લોકક્ષયકૃત્** - **લોકનો નાશ કરવાવાળો;** વિશેષણ, વિ. 'કાલઃ'
**પ્રવૃદ્ધઃ** - **વધેલો;** વિશેષણ, વિ. 'કાલઃ'
**કાલઃ** - **કાળ, મહાકાળ;** નામ, પ્ર.એ.વ., પુ. 'કાલ'
**અસ્મિ** - **છું;** ક્રિ. વ.કા., પ્ર.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ, પરસ્મૈ.
**ઇહ** - **અહીં;** અવ્યય
**લોકાન્** - **લોકોને;** નામ, દ્વિ.બ.વ., પુ. 'લોક'
**સમાહર્તુમ્** - **ગળી જવાને, સમ્પૂર્ણ રીતે ગળી જવાને;** હેત્વર્થ કૃદન્ત 'સમ્ + આ + હૃ'
**પ્રવૃત્તઃ** - **પ્રવૃત્ત થયેલો;** ભૂ.કૃ. વિશેષણ, વિ. 'કાલઃ'
**અસ્મિ અતઃ** - **છું, એટલે;** ક્રિયાપદ
**યે** - **જેઓ;** સર્વનામ, પ્ર.બ.વ., પુ. 'યત્'
**પ્રત્યનીકેષુ** - **પ્રતિપક્ષની સેનાઓમાં;** નામ, સ.બ.વ., નપુ.
**અવસ્થિતાઃ** - **સ્થિર કરેલા, રહેલા;** ભૂ.કૃ. વિશેષણ, વિ. 'યોધા'
**યોધાઃ** - **યોદ્ધાઓ, લડવૈયાઓ;** નામ, પ્ર.બ.વ., પુ. 'યોધ'
**સન્તિ તે** - **છે તેઓ;** ક્રિયાપદ, વ.કા. તૃ.પુ.બ.વ. 'અસ્'
**સર્વે** - **બધા;** સર્વનામ, પ્ર.બ.વ., પુ. 'સર્વ'

**ત્વામ્** - **તને;** સર્વનામ, દ્વિ.એ.વ., 'યુષ્મત્'
**ઋતે અપિ ન** - **વિના પણ નહિ;** અવ્યય
**ભવિષ્યન્તિ** - **રહેશે.** ક્રિ. ભ.કા. તૃ.પુ.બ.વ., 'ભૂ' ૧ ગણ

**શ્લોકાર્થ:** શ્રીભગવાન્ કહે છે: હું લોકોનો ક્ષય કરનાર વૃદ્ધિ પામેલો કાલ છું, લોકોનો સંહાર કરવા અહીં પ્રવૃત્ત થએલો છું. દરેક સૈન્યમાં જે યોદ્ધાઓ ઉભેલા છે તે સર્વે તારા વિના પણ રહેવાના નથી.

**વિવેચન:** એ પ્રમાણે અર્જુને પ્રાર્થના કરી ત્યારે ભગવાન્ તેને અહીંથી ત્રણ શ્લોકોથી ઉત્તર આપે છે. હું અક્ષર, કાલ, કર્મ અને સ્વભાવ એવા ચાર પ્રકારના ભેદથી કાલરૂપ પ્રકટ થયો છું. હું અક્ષર પણ છું. ચાટવું વિગેરે ગુણવાળો હોવાના ચિહ્નથી કાલરૂપ પણ મને જાણ. કાલરૂપ હોવાથી અસુરાવેશવાળા જીવોનું મૃત્યુ કરનાર છું; તેથી અસુરાવેશવાળા જીવોનો સંહાર કરવા અહીં પ્રવૃત્ત થએલો છું. આજ સઙ્કર્ષણભાવ છે, કારણ કે સઙ્કર્ષણવ્યૂહ સંહાર કરનાર છે. તારા વિના પણ એટલે તું કોઈને નહિ મારે તો પણ કાલરૂપ હું તેઓને ગળી જઈશ, અને તેઓનો તિરોભાવ થઈ જશે.

**તસ્માત્ ત્વમ્ ઉત્તિષ્ઠ યશો લભસ્વ જિત્વા શત્રૂન્ ભુંક્ષ્વ રાજ્યં સમૃદ્ધમ્।**
**મયૈવૈતે નિહતાઃ પૂર્વમેવ નિમિત્તમાત્રં ભવ સવ્યસાચિન્!॥૩૩॥**

**તસ્માત્** - **તેથી;** અવ્યય
**ત્વમ્** - **તું;** સર્વનામ, પ્ર.એ.વ., 'યુષ્મત્'
**ઉત્તિષ્ઠ** - **તૈયાર થા, ઉભો થા;** ક્રિ. આજ્ઞાર્થ દ્વિ.પુ.એ.વ., 'ઉત્ + સ્થા' ૧ ગણ, પરસ્મૈ.
**ચ** - **અને;** અવ્યય
**યશઃ** - **યશને;** નામ, દ્વિ.એ.વ., નપુ. 'યશસ્'
**લભસ્વ** - **મેળવ;** ક્રિ. આજ્ઞાર્થ દ્વિ.પુ.એ.વ., 'લભ્' ૧ ગણ, આત્મને.
**શત્રૂન્** - **શત્રુઓને;** નામ, દ્વિ.બ.વ., પુ. 'શત્રુ'
**જિત્વા** - **જીતીને;** વિધેય કૃદન્ત
**સમૃદ્ધમ્** - **આબાદ;** વિશેષણ, વિ. 'રાજ્યમ્'
**રાજ્યમ્** - **રાજ્યને;** નામ, દ્વિ.એ.વ., નપુ. 'રાજ્ય'



**ભુંક્ષ્વ** - **ભોગવ;** ક્રિ. આજ્ઞાર્થ દ્વિ.પુ.એ.વ., 'ભુજ્' ૭ ગણ, આત્મને.
**સવ્યસાચિન્** - **હે ડાબે હાથે કામ કરનાર, અર્જુન;** સમ્બોધન
**એતે** - **તેઓ;** સર્વનામ, પ્ર.બ.વ., પુ. 'એતદ્'
**પૂર્વમ્, એવ** - **પહેલાંથી જ;** અવ્યય
**મયા એવ** - **મારા જ વડે;** સર્વનામ, તૃ.એ.વ., 'અસ્મત્'
**નિહતાઃ** - **હણાયેલા, મરાયેલા;** ભૂ.કૃ. વિશેષણ, વિ. 'એતે'
**ત્વમ્** - **તું;** સર્વનામ, પ્ર.એ.વ. 'યુષ્મદ્'
**નિમિત્તમાત્રમ્** - **માત્ર નિમિત્તરૂપ;** અવ્યય, નામ, પ્ર.એ.વ., નપુ. ''નિમિત્તે એવ ઈતિ'' અવ્યયીભાવ
**ભવ** - **થા;** ક્રિ. આજ્ઞાર્થ દ્વિ.પુ.એ.વ., 'ભૂ' ૧ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** તેથી તું ઉઠ. યશ પ્રાપ્ત કર. શત્રુઓને જીતી સમૃદ્ધિવાળું રાજ્ય ભોગવ. પ્રથમથી જ મેં જ આમને મારેલા છે. હે સવ્યસાચિન્! તું નિમિત્તમાત્ર થા.

**વિવેચન:** હે સવ્યસાચિન્! એટલે ડાબા હાથથી બાણ ફેંકનાર! આ સર્વે યોદ્ધાઓને કાલરૂપ મેં જ મારેલા છે. તારે માત્ર નિમિત્ત થઈ યશ પ્રાપ્ત કરવાનો છે, તેથી ઉઠ અને શત્રુઓને મારી સમૃદ્ધિવાળુ રાજ્ય ભોગવ.
આ શ્લોકનું અનુસંધાન ભાગ. ૧।૧૫।૧૩ ઉપરના સુબોધિનીમાં કરેલું છે.

**દ્રોણં ચ ભીષ્મં ચ જયદ્રથં ચ કર્ણં તથાઽન્યાનપિ યોધવીરાન્!।**
**મયા હતાંસ્ત્વં જહિ મા વ્યથિષ્ઠા યુદ્ધ્યસ્વ જેતાસિ રણે સપત્નાન્॥૩૪॥**

**દ્રોણમ્** - **દ્રોણને;** નામ, દ્વિ.એ.વ., પુ. 'દ્રોણ'. **ચ** - **અને;** અવ્યય
**ભીષ્મમ્** - **ભીષ્મને;** નામ, દ્વિ.એ.વ., પુ. 'ભીષ્મ'. **ચ** - **અને;** અવ્યય
**જયદ્રથમ્** - **જયદ્રથને;** નામ, દ્વિ.એ.વ., પુ. 'જયદ્રથ'. **ચ** - **અને;** અવ્યય
**કર્ણમ્** - **કર્ણને;** નામ, દ્વિ.એ.વ., પુ. 'કર્ણ'
**તથા** - **અને;** અવ્યય
**અન્યાન્** - **બીજાઓને;** સર્વનામ, દ્વિ.એ.વ.પુ. **અપિ** - **પણ;** અવ્યય
**મયા** - **મારા વડે;** સર્વનામ, તૃ.એ.વ., 'યુષ્મત્'
**હતાન્** - **મારી નાખેલાઓને;** ભૂ.કૃ. વિશેષણ, વિ. 'યોધવીરાન્'
**યોધવીરાન્** - **વીર યોદ્ધાઓને;** નામ, દ્વિ.બ.વ., પુ. 'યોધવીર'

**ત્વમ્** - **તું;** સર્વનામ, પ્ર.એ.વ., 'યુષ્મત્'
**જહિ** - **માર;** ક્રિ. આજ્ઞાર્થ દ્વિ.પુ.એ.વ., 'હન્' ૨ ગણ, પરસ્મૈ.
**ચ મા** - **અને નહિ;** અવ્યય
**વ્યથિષ્ટાઃ** - **વ્યથા પામ;** ક્રિ. ભૂતકાળ, દ્વિ.પુ.એ.વ., 'વ્યથ્' ૧ ગણ, આત્મને.
**રણે** - **રણમાં;** નામ, સ.એ.વ., નપુ. 'રણ'
**સપત્નાન્** - **શત્રુઓને;** નામ, દ્વિ.બ.વ., પુ. 'સપત્ન'
**જેતાસિ** - **તું જીતીશ;** ક્રિ. પ્ર. ભવિ.કા., પ્ર.પુ.એ.વ., જિ (જય્) ૧ ગણ, પરસ્મૈ.
**અતઃ ત્વમ્** - **એટલે તું;**
**યુધ્યસ્વ** - **લડ;** ક્રિ. આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ., 'યુધ્' ૪ ગણ, આત્મને.

**શ્લોકાર્થ :** દ્રોણ, ભીષ્મ, જયદ્રથ, કર્ણ તેમજ અન્ય વીર યોદ્ધાઓને મેં મારેલા છે તેમને તું હણ. વ્યથા પામ નહિ. યુદ્ધ કર. સંગ્રામમાં તું શત્રુઓને જીતીશ.

**વિવેચન :** ભીષ્મ-દ્રોણ વિગેરેને હું કેમ મારું? એવી શઙ્કા કર નહિ. આ સર્વ યોદ્ધાઓને મેં મારેલા જ છે. તેઓ કાલદષ્ટિથી અથવા પ્રારબ્ધ કર્મવડે જ જીવે છે. તેમને હણ, તું દુઃખી ન થતાં યુદ્ધ કર. તું શત્રુઓને સંગ્રામમાં જીતીશ.

### સઞ્જય ઉવાચ

**એતત્ શ્રુત્વા વચનં કેશવસ્ય કૃતાઞ્જલિર્વેપમાનઃ કિરીટી।**
**નમસ્કૃત્વા ભૂયઃ એવાહ કૃષ્ણં સગદગદં ભીતભીતઃ પ્રણમ્ય ॥૩૫॥**

**કેશવસ્ય** - **કેશવનું;** નામ, ષ.એ.વ., પુ. 'કેશવ'
**એતદ્** - **આ;** સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.
**વચનમ્** - **વચનને;** નામ, દ્વિ.એ.વ., નપુ. 'વચન'
**શ્રુત્વા** - **સાંભળીને;** વિધેય કૃદન્ત
**કિરીટી** - **કિરીટમુકુટ પહેરનાર અર્જુન;** નામ, પ્ર.એ.વ., પુ. 'કિરીટિન્'
**કૃતાઞ્જલિઃ** - **હાથ જોડેલા છે જેણે;** વિશેષણ, વિ. 'કિરીટી' ''કૃતઃ અઞ્જલિઃ યેન ઇતિ'' બહુ.
**વેપમાનઃ** - **ધ્રૂજતો, કમ્પાયમાન થતો;** વ.કૃ., વિશેષણ, વિ. 'કિરીટી'



**નમસ્કૃત્વા** - **નમસ્કાર કરીને;** વિધેય કૃદન્ત
**ભૂયઃ એવ** - **ફરીથી જ;** અવ્યય
**ભીતભીતઃ** - **ભીયભીત થયેલો;** વિશેષણ, વિ. 'કિરીટી'
**પ્રણમ્ય** - **નમસ્કાર કરીને;** વિધેય કૃદન્ત.
**કૃષ્ણમ્** - **કૃષ્ણને;** નામ, દ્વિ.એ.વ., પુ. 'કૃષ્ણ'
**સગદ્ગદમ્** - **ગદ્ગદ્ વાણીથી;** અવ્યય
**આહ** - **કહ્યું;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'બ્રૂ' ૨ ગણ

**શ્લોકાર્થ :** સઞ્જય કહે છે : કેશવનું આ વચન સાંભળીને, ઘણા જ ભયભીત થએલા અને ધ્રૂજતા અર્જુને હાથ જોડી શ્રીકૃષ્ણને નમસ્કાર કરી તથા પ્રણામ કરી ગદ્ગદ કંઠે પુનઃ નીચે પ્રમાણે કહ્યું.

### અર્જુન ઉવાચ

**સ્થાને હૃષીકેશ તવ પ્રકીર્ત્યા જગત્પ્રહૃષ્યત્યનુરજ્યતે ચ।**
**રક્ષાંસિ ભીતાનિ દિશો દ્રવન્તિ સર્વે નમસ્યન્તિ ચ સિદ્ધસંઘાઃ।૩૬।**

**હૃષીકેશ** - **હે કૃષ્ણ, હે ઇન્દ્રિયોના અધિપતિ;** સમ્બોધન
**તવ** - **તારી;** સર્વનામ, ષ.એ.વ., 'યુષ્મત્'
**પ્રકીર્ત્યા** - **કીર્તનથી;** તૃ.એ.વ., સ્ત્રી. 'કીર્તિ'
**જગત્** - **જગત;** નામ, પ્ર.એ.વ., નપુ. 'જગત્'
**પ્રહૃષ્યતિ** - **અતિ હર્ષ પામે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., પ્ર + હૃષ્ ૪ ગણ, પરસ્મૈ.
**ચ** - **અને;** અવ્યય
**અનુરજ્યતે** - **અનુરાગ થાય છે, પ્રેમ થાય છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'અનુ + રજ્' ૪ ગણ, આત્મને.
**એતત્** - **આ;**
**સ્થાને** - **યોગ્ય જગ્યાએ;** નામ, સ.એ.વ., નપુ. 'સ્થાન'
**એવાસ્તિ** - **જ છે;** અવ્યય, ક્રિયાપદ
**ભીતાનિ** - **બીધેલા;** વિશેષણ, વિ. 'રક્ષાંસિ' ભૂ.કૃ.
**રક્ષાંસિ** - **રાક્ષસો;** નામ, પ્ર.બ.વ., 'રક્ષસ્'
**દિશઃ** - **દિશાઓ તરફ;** નામ, દ્વિ.બ.વ., સ્ત્રી. 'દિશ્'
**દ્રવન્તિ** - **દોડે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., 'દ્રુ' ૧ ગણ, પરસ્મૈ.

ચ - અને; અવ્યય
સર્વે - બધા; સર્વનામ, પ્ર.બ.વ., પુ.
સિદ્ધસઙ્ઘાઃ - સિદ્ધગણો; નામ, પ્ર.બ.વ., પુ.
નમસ્યન્તિ - નમસ્કાર કરશે; ક્રિ. ભ.કા. તૃ.પુ.બ.વ., 'નમસ્' નામધાતુ, પરસ્મૈ.
એતદપિ યોગ્યમેવ - આ પણ યોગ્ય જ છે; ક્રિયાપદ

**શ્લોકાર્થ:** અર્જુન કહે છે: હે હૃષીકેશ! આપની કીર્તિથી જગત્ હર્ષ પામે છે અને પ્રસન્ન થાય છે, રાક્ષસો ભય પામી દિશાઓમાં દોડે છે, અને સર્વ સિદ્ધોના સમૂહો નમન કરે છે તે યોગ્ય જ છે.

**વિવેચન:** અહીંથી (૩૬ થી ૪૬) અગીઆર શ્લોકથી અર્જુન ભગવાનની પ્રાર્થના કરે છે. આ ૩૬ મો શ્લોક રક્ષોઘ્નમન્ત્ર એટલે રાક્ષસોને મારવાનો મન્ત્ર છે. તે રક્ષોઘ્નમન્ત્ર શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે.

**કસ્માચ્ચ તે ન નમેરન્ મહાત્મન્ ગરીયસે બ્રહ્મણોઽપ્યાદિકર્ત્રે।**
**અનન્ત દેવેશ જગન્નિવાસ! ત્વમક્ષરં સદસત્તત્પરં યત્॥૩૭॥**
મહાત્મન્ - હે મહાત્મા; સમ્બોધન
બ્રહ્મણઃ - બ્રહ્માના; નામ, ષ.એ.વ., પુ. 'બ્રહ્મન્'
અપિ - પણ; અવ્યય
આદિકર્ત્રે - આદિ કર્તાને; નામ, ચ.એ.વ., પુ. 'આદિકર્તૃ'
ચ - અને; અવ્યય
ગરીયસે - વધારે મોટું; વિશેષણ, વિ. 'આદિકર્ત્રે'
તે - તેઓ; સર્વનામ, પ્ર.બ.વ., પુ.
કસ્માત્ - શા માટે, શાથી; સર્વનામ, પં.એ.વ., નપુ. 'કિમ્'
ન - નહિ; અવ્યય
નમેરન્ - નમે; ક્રિ. વિધ્યર્થ તૃ.પુ.બ.વ., 'નમ્' ૧ ગણ, આત્મને.
યતઃ - કેમકે; અવ્યય
અનન્ત દેવેશ - હે અનન્ત, હે દેવોના ઈશ; સમ્બોધન
જગન્નિવાસ - હે જગતમાં નિવાસ કરનાર; સમ્બોધન
યત્ - જે; સર્વનામ, પ્ર.એ.વ., નપુ. 'યત્'
સત્ - સત્; નામ, પ્ર.એ.વ., નપુ. 'સત્'



અસત્ - અસત્; નામ, પ્ર.એ.વ., નપુ. 'અસત્'
તત્પરમ્ - તેનાથી પર; વિશેષણ, પ્ર.એ.વ., નપુ. 'તત્પર'
અક્ષરમ્ - અક્ષર; નામ, પ્ર.એ.વ., નપુ. 'અક્ષર'
ત્વમ્ - તમે; સર્વનામ, પ્ર.એ.વ., 'યુષ્મત્'
એવાસ્તિ - જ છો; ક્રિયાપદ

**શ્લોકાર્થ:** હે મહાત્મન્! બ્રહ્માથી પણ મોટા આદિકર્તા આપને (તેઓ) કેમ ન નમે? હે અનન્ત! હે દેવોના ઈશ! હે જગન્નિવાસ! આપ અક્ષર છો, સત્ છો, અસત્ છો અને જે 'પર' છે તે છો.

**વિવેચન:** આપ વિરુદ્ધ સર્વ ધર્મના આશ્રય હોવાથી સત્ છો, અને અસત્ પણ છો. જે પર કારણ એટલે પુરુષોત્તમ છે તે પણ આપ છો.

**ત્વમાદિદેવઃ પુરુષઃ પુરાણઃ ત્વમસ્ય વિશ્વસ્ય પરં નિધાનમ્।**
**વેત્તાઽસિ વેદ્યં ચ પરં ચ ધામ ત્વયા તતં વિશ્વમનન્ત રૂપ॥૩૮॥**
ત્વમ્ - તું; સર્વનામ, પ્ર.એ.વ., 'યુષ્મત્'
આદિદેવઃ - આદિદેવ; નામ, પ્ર.એ.વ., પુ. 'આદિદેવ'
ચ - અને; અવ્યય
પુરાણઃ - પુરાણ, સનાતન; વિશેષણ, વિ. 'પુરુષઃ'
પુરુષઃ - પુરુષ; નામ, પ્ર.એ.વ., પુ. 'પુરુષ'
અસિ - છો; ક્રિયાપદ, દ્વિ.એ.વ. 'અસ્'
ત્વમ્ - તું; સર્વનામ, પ્ર.એ.વ., 'યુષ્મત્'
અસ્ય - આ; સર્વનામ, ષ.એ.વ., નપુ. 'ઇદમ્'
વિશ્વસ્ય - જગતના; નામ, ષ.એ.વ., નપુ. 'વિશ્વ'
પરમ્ - પરમ; વિશેષણ, વિ. 'નિધાનમ્'
નિધાનમ્ - સ્થાન; નામ, પ્ર.એ.વ., નપુ. 'નિધાન'. ચ - અને; અવ્યય
વેદ્યમ્ - જાણવા યોગ્ય; વિધેય કર્મણિ કૃદન્ત, વિશેષણ, વિ. 'ત્વમ્'
ચ - અને; અવ્યય
વેત્તા - જાણવાવાળો, જાણનાર; વ.કૃ., નામ, પ્ર.એ.વ., પુ. 'વેત્તૃ'
ચ - અને; અવ્યય
પરમ્ - પરમ, શ્રેષ્ઠ; વિશેષણ, વિ. 'ધામ'

**ધામ** - **ધામ, સ્થાન;** નામ, પ્ર.એ.વ., નપુ. 'ધામન્'
**અસિ** - **છે;** ક્રિ. વ.કા., દ્વિ.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ, પરસ્મૈ.
**અનન્તરૂપ** - **અનન્તરૂપ;** સમ્બોધન, "અનન્તાનિ રૂપાણિ યસ્મિન્ વિદ્યન્તે ઇતિ" બહુવ્રીહિ.
**ત્વયા** - **તારાવડે;** સર્વનામ, તૃ.એ.વ., 'યુષ્મત્'
**વિશ્વમ્** - **વિશ્વ;** નામ, પ્ર.એ.વ., નપુ. 'વિશ્વ'
**તતમ્** - **વ્યાપ્ત;** ભૂ.કૃ. વિશેષણ, વિ. 'વિશ્વમ્'
**અસ્તિ** - **છે;** ક્રિયાપદ, વ.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'

**શ્લોકાર્થ:** આપ આદિદેવ છો, પુરાણ પુરુષ છો. આપ આ વિશ્વનું પરમ નિધાન છો. આપ વેત્તા છો, વેદ્ય છો, અને પરમ ધામ છો. હે અનન્તરૂપ! વિશ્વ આપથી વ્યપાએલું છે.

**વિવેચન:** આપ આદિ દેવ છો અથવા દેવોના આદિ છો. આપ પુરાણ પુરુષ અથવા પુરુષોત્તમ છો. આ વિશ્વનું પરમ નિધાન અથવા લયસ્થાન પણ આપ છો. 'વેત્તા' એટલે જાણનાર તેમજ 'વેદ્ય' એટલે જાણવા યોગ્ય પદાર્થ પણ આપ છો, પર ધામ એટલે પુરુષોત્તમનું પર ધામ અક્ષર પણ આપ છો, અને આપના અનન્તરૂપથી આ વિશ્વ વ્યપાઈ રહેલું છે.

**વાયુર્યમોઽગ્નિર્વરુણઃ શશાઙ્કઃ પ્રજાપતિસ્ત્વં પ્રપિતામહશ્ચ।**
**નમો નમસ્તેઽસ્તુ સહસ્રકૃત્વઃ પુનશ્ચ ભૂયોઽપિ નમો નમસ્તે।૩૯।**

**ત્વમ્** - **તું;** સર્વનામ, પ્ર.એ.વ., 'યુષ્મત્'
**વાયુઃ** - **વાયુ;** નામ, પ્ર.એ.વ., પુ. 'વાયુ'
**યમઃ** - **યમ;** નામ, પ્ર.એ.વ., પુ. 'યમ'
**અગ્નિઃ** - **અગ્નિ;** નામ, પ્ર.એ.વ., પુ.
**વરુણઃ** - **વરુણ;** નામ, પ્ર.એ.વ., પુ. 'વરુણ'
**શશાઙ્કઃ** - **ચન્દ્ર;** નામ, પ્ર.એ.વ., પુ. 'શશાઙ્ક'
**પ્રજાપતિઃ** - **પ્રજાપતિ, બ્રહ્મા;** નામ, પ્ર.એ.વ., પુ. 'પ્રજાપતિ'
**ચ** - **અને;** અવ્યય
**પ્રપિતામહઃ** - **દાદાના પિતા;** નામ, પ્ર.એ.વ., પુ. 'પ્રપિતામહ'



**અસિ** - **છો;** ક્રિયાપદ, દ્વિ.પુ.એ.વ. 'અસ્'
**નમઃ નમઃ તે** - **નમસ્કાર તને;** 'તે' સર્વનામ, ચ.એ.વ., 'યુષ્મત્'
**તે** - **તને;** સર્વનામ, ચ.એ.વ., 'યુષ્મત્'
**પુનઃ ચ ભૂયઃ** - **ફરીથી અને ફરીથી;** અવ્યય
**સહસ્રકૃત્વઃ** - **હજારો વાર;** અવ્યય
**અપિ** - **અને;** અવ્યય
**નમઃ નમઃ** - **નમસ્કાર;** અવ્યય
**અસ્તુ** - **હો;** ક્રિ. આજ્ઞાર્થ તૃ.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** આપ વાયુ છો, યમ છો, અગ્નિ છો, વરુણ છો, ચન્દ્ર છો, પ્રજાપતિ છો અને પ્રપિતામહ છો. આપને પુનઃ હજારો વાર નમસ્કાર હો, અને આપને ફરીથી પણ નમસ્કાર હો.

**વિવેચન:** 'વાયુ' એટલે સર્વને પ્રેરનાર, સર્વના પ્રાણરૂપ આપ છો. તેમજ 'યમ' એટલે સર્વને નિયમમાં રાખનાર, 'અગ્નિ' એટલે સર્વના આધાર, 'વરુણ' એટલે જલના અધિપતિ, સર્વ રસના પૂરક, 'ચન્દ્ર' એટલે સર્વને આનન્દ આપનાર, 'પ્રજાપતિ' એટલે શર્વને (શઙ્કરને) ઉત્પન્ન કરનાર, અને 'પ્રપિતામહ' એટલે બ્રહ્માના પણ ઉત્પાદક આપ છો. તેથી સર્વરૂપ આધિદૈવિક સ્વરૂપ હોવાથી આપને હજારોવાર પુનઃ-પુનઃ નમસ્કાર હો.

**નમઃ પુરસ્તાદ્ અથ પૃષ્ઠતસ્તે નમોઽસ્તુ તે સર્વત એવ સર્વ!।**
**અનન્તવીર્યામિત વિક્રમસ્ત્વં સર્વં સમાપ્નોષિ તતોઽસિ સર્વઃ।૪૦।**

**અનન્તવીર્ય** - **હે અનન્તવીર્ય;** સમ્બોધન
**તે** - **તને;** સર્વનામ, ચ.એ.વ., 'યુષ્મત્'
**પુરસ્તાત્ નમઃ** - **આગળ નમસ્કાર;** અવ્યય
**અથ પૃષ્ઠતઃ** - **અને વળી પાછળથી;** અવ્યય
**નમઃ ચ** - **નમસ્કાર અને;** અવ્યય
**સર્વતઃ એવ** - **ચારે તરફથી, બધી બાજુએથી, માત્ર;** અવ્યય
**નમઃ** - **નમસ્કાર;** અવ્યય
**અસ્તુ** - **હો;** ક્રિ. આજ્ઞાર્થ તૃ.પુ.બ.વ., 'અસ્' ૨ ગણ, પરસ્મૈ.
**સર્વ** - **હે સર્વાત્મન્;** સમ્બોધન

**અમિતવિક્રમઃ** - **અનન્ત પરાક્રમશીલ;** "અમિતઃ વિક્રમઃ યસ્ય ઈતિ" બહુ. વિશેષણ, વિ. 'ત્વમ્'
**ત્વમ્** - **તું;** સર્વનામ, પ્ર.એ.વ., 'યુષ્મત્'
**સર્વઃ** - **સર્વરૂપ;** સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'સર્વ'
**અસિ** - **તું છે;** ક્રિ. વ.કા. દ્વિ.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ, પરસ્મૈ.
**તતઃ** - **તેથી;** અવ્યય
**સમાપ્નોષિ** - **વીંટળાઈ વળો છો, વ્યાપી રહો છો;** ક્રિ. વ.કા. દ્વિ.પુ.એ.વ., 'સમ્ + આપ્' ૫ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** હે સર્વ! આપને આગળથી તેમજ પાછળથી નમસ્કાર હો, અને આપને સર્વ તરફથી નમસ્કાર હો. હે અનન્ત વીર્યવાળા! આપ અપરિમિત પરાક્રમવાળા છો. આપ સર્વને વ્યાપો છો તેથી સર્વરૂપ છો.

**વિવેચન:** હે સર્વ! સર્વરૂપ! આપને સર્વ બાજુએથી નમસ્કાર હો. આપને નમસ્કાર કરવા સિવાય બીજું કાંઈ કરવું શક્ય નથી. આપ એક હોવા છતાં સર્વરૂપવાળા હોવાથી અનન્ત વીર્યવાળા છો. આપનું પરાક્રમ પણ અપરિમિત અથવા નિઃસીમ છે. આપ સર્વને વ્યાપો છો અર્થાત્ જુદાં - જુદાં રૂપથી પદાર્થમાત્ર થઈ સર્વરૂપ થાઓ છો તેથી આપ સર્વરૂપ છો.

આ શ્લોકનું અનુસંધાન ભાગ. ૧૦।૧૦।૩૦ પરનાં સુબોધિનીમાં કરેલું છે.

**સખેતિ મત્વા પ્રસભં યદુક્તં હે કૃષ્ણ હે યાદવ હે સખેતિ।**
**અજાનતા મહિમાનં તવેદં મયા પ્રમાદાત્ પ્રણયેન વાઽપિ॥૪૧॥**
**યચ્ચાવહાસાર્થમ્ અસત્કૃતોઽસિ વિહારશય્યાસનભોજનેષુ।**
**એકોઽથવાપ્યચ્યુત તત્સમક્ષં તત્ક્ષામયે ત્વામ્ અહમપ્રમેયમ્॥૪૨॥**

**સખા** - **સખા;** નામ, પ્ર.એ.વ., 'સખિ'
**ઈતિ** - **એ પ્રમાણે;** અવ્યય
**મત્વા** - **માનીને;** વિધેય કૃદન્ત
**તવ** - **તારું, તારો;** સર્વનામ, ષ.એ.વ., 'યુષ્મત્'
**ઈદમ્** - **આ;** સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
**મહિમાનમ્** - **મહિમાને;** નામ, દ્વિ.એ.વ., પુ. 'મહિમન્'
**અજાનતા** - **નહિ જાણતો;** વ.કૃ. વિશેષણ, વિ. 'મયા'



**મયા** - **મારાવડે;** સર્વનામ, તૃ.એ.વ., 'અસ્મત્'
**પ્રણયેન** - **પ્રેમથી, સદ્‌ભાવથી;** નામ, તૃ.એ.વ., પુ. 'પ્રણય'
**વાઽપિ** - **અથવા, પણ;** અવ્યય
**પ્રમાદાત્** - **પ્રમાદથી;** નામ, પં.એ.વ., પુ. 'પ્રમાદ'
**હે કૃષ્ણ, હે યાદવ, હે સખે** - **હે કૃષ્ણ હે યાદવ હે સખા;** સમ્બોધન
**ઈતિ** - **એ પ્રમાણે;** અવ્યય
**યત્** - **જે;** સર્વનામ, પ્ર.એ.વ., નપુ. 'યત્'
**પ્રસભમ્** - **મૂર્ખતા ભરેલું, હઠપૂર્વક;** વિશેષણ, વિ. 'યત્'
**ઉક્તમ્** - **કહેવાયેલું;** ભૂ.કૃ. વિશેષણ, વિ. 'યત્'
**અસ્તિ** - **છે;** ક્રિયાપદ, તૃં.પુ.એ.વ. 'અસ્'

**ચ** - **અને;** અવ્યય
**અચ્યુત** - **હે અચ્યુત;** સમ્બોધન
**યત્** - **જે;** સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
**ત્વમ્** - **તું;** સર્વનામ, પ્ર.એ.વ. 'યુષ્મદ્'
**અવહાસાર્થમ્** - **મશ્કરીને માટે, હાંસીનેમાટે;** નામ, ચ.એ.વ.,
**વિહારશય્યાસનભોજનેષુ** - **વિહાર શય્યાસન ભોજનમાં;** નામ, સ.બ.વ., પુ.
**એકઃ** - **એકલો;** વિશેષણ, વિ. 'ત્વમ્'
**અથવા તત્સમક્ષં અપિ** - **અથવા તેઓની હાજરીમાં પણ;** અવ્યય
**અસત્કૃતઃ** - **અપમાનિત થયેલો;** ભૂ.કૃ. વિશેષણ, વિ. 'ત્વમ્'
**અસિ** - **છે;** ક્રિ. વ.કા. દ્વિ.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ, પરસ્મૈ.
**તત્** - **તે;** સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.
**ત્વામ્** - **તને, તારાથી;** સર્વનામ, દ્વિ.એ.વ., 'યુષ્મત્'
**અપ્રમેયમ્** - **ચિન્ત્ય પ્રભાવવાળા;** વિશેષણ, વિ. 'ત્વામ્'
**અહમ્** - **હું;** સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
**ક્ષામયે** - **ક્ષમા કરાવું છું.** ક્રિ.વ.કારક, પ્ર.પુ.એ.વ., 'ક્ષમ્' ૧ ગણ, આત્મને

**શ્લોકાર્થ:** હે અચ્યુત! આપનો આ મહિમા નહિ જાણવાથી મેં આપને કેવળ સખા જાણી પ્રમાદને લીધે અથવા પ્રણયથી, વગર વિચારે, 'હે કૃષ્ણ!' 'હે યાદવ!' 'હે સખા!' એમ જે કહેલું છે; તથા વિહાર, શય્યા, આસન અને ભોજન માં એકાન્તમાં અથવા સખાઓની સમક્ષ

વિનોદમાટે જે આપનો અનાદર કરેલો છે તેની અપ્રમેય આપની પાસે હું ક્ષમા યાચું છું.

**વિવેચન:** આપનાં અલૌકિક માહાત્મ્ય વિગેરે નહિ જાણવાથી મેં આપને સામાન્ય પુરુષ જાણી જે કાંઈ કહેલું છે તેની, તથા વિહાર-શય્યા વિગેરેમાં આપનો જે અનાદર કરેલો છે તેની હું ક્ષમા માગું છું.

**પિતાઽસિ લોકસ્ય ચરાચરસ્ય ત્વમસ્ય પૂજ્યશ્ચ ગુરુર્ગરીયાન્।**
**ન ત્વત્સમોસ્ત્યભ્યધિકઃ કુતોઽન્યો લોકત્રયેઽપ્યપ્રતિમપ્રભાવ!॥૪૩॥**

**ત્વમ્** - **તું;** સર્વનામ, પ્ર.એ.વ., 'યુષ્મત્'
**અસ્ય** - **આનું;** સર્વનામ, ષ.એ.વ., પુ. 'ઇદમ્'
**ચરાચરસ્ય** - **જડ અને ચેતન નું;** વિશેષણ, વિ. 'લોકસ્ય'
**લોકસ્ય** - **લોકનું, વિશ્વનું;** નામ, ષ.એ.વ., પુ.
**પિતા** - **પિતા;** નામ, પ્ર.એ.વ., 'પુ. 'પિતૃ'
**ગરીયાન્** - **વધારે મોટા;** વિશેષણ, વિ. 'ત્વમ્'
**ગુરુઃ** - **ગુરુ;** નામ, પ્ર.એ.વ., પુ. 'ગુરુ'
**ચ** - **અને;** અવ્યય
**પૂજ્યઃ** - **પૂજનીય;** વિશેષણ, વિ. 'ત્વમ્'
**અસિ** - **છું;** ક્રિ. વ.કા. દ્વિ.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ, પરસ્મૈ.
**અપ્રતિમપ્રભાવ** - **હે અતુલ પ્રભાવવાળા;** સમ્બોધન
**લોકત્રયે** - **ત્રણ લોકમાં;** નામ, સ.એ.વ., નપુ.
**ત્વત્સમઃ** - **તારા જેવો;** વિશેષણ, વિ. 'અન્યઃ'
**અપિ** - **પણ;** અવ્યય
**અન્યઃ** - **બીજો;** સર્વનામ, પ્ર.એ.વ., પુ.
**ન** - **નહિ;** અવ્યય
**અસ્તિ** - **છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ, પરસ્મૈ.
**તર્હિ** - **તો પછી;** અવ્યય
**અભ્યધિકઃ** - **વધારે અધિક;** વિશેષણ, વિ. 'અન્યઃ'
**કુતઃ** - **ક્યાંથી;** અવ્યય. (સ્યાત્ ?=થઈ શકે ?)

**શ્લોકાર્થ:** હે અપ્રતિમ પ્રભાવવાળા! આપ આ સ્થિર અને જઙ્ગમ લોકના



પિતા છો, અને મોટા પૂજ્ય ગુરુ છો; ત્રણ લોકમાં પણ આપની સમાન અન્ય નથી, તો આપથી અધિક તો હોય જ ક્યાંથી?

**તસ્માત્ પ્રણમ્ય પ્રણિધાય કાયં પ્રસાદયે ત્વામ્ અહમીશમીડ્યમ્।**
**પિતેવ પુત્રસ્ય સખેવ સખ્યુઃ પ્રિયઃ પ્રિયાયાર્હસિ દેવ! સોઢુમ્॥૪૪॥**

**તસ્માત્** - **તેથી;** અવ્યય. **દેવ** - **હે દેવ;** સમ્બોધન
**અહમ્** - **હું;** સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
**કાયમ્** - **શરીરને;** નામ, દ્વિ.એ.વ., પુ. 'કાય'
**પ્રણિધાય** - **મૂકીને;** વિધેય કૃદન્ત
**પ્રણમ્ય** - **નમસ્કાર કરીને;** વિધેય કૃદન્ત
**ત્વામ્** - **તને;** સર્વનામ, દ્વિ.એ.વ., 'યુષ્મત્'
**ઈડ્યમ્** - **સ્તુતિ કરવા યોગ્ય;** વિશેષણ, વિ. 'ઈશમ્'
**ઈશમ્** - **ઈશને;** નામ, દ્વિ.એ.વ., પુ.
**પ્રસાદયે** - **પ્રસન્ન કરું છું;** ક્રિ.વ.કારક પ્ર.પુ.એ.વ., પ્ર+સદ્ ૧ ગણ, પરસ્મૈ
**પિતા** - **પિતા;** નામ, પ્ર.એ.વ., પુ. 'પિતૃ'
**ઈવ** - **માફક;** અવ્યય
**પુત્રસ્ય** - **પુત્રનો;** નામ, ષ.એ.વ., પુ. 'પુત્ર'
**સખા** - **સખા;** નામ, પ્ર.એ.વ., પુ.
**ઈવ** - **માફક;** અવ્યય
**સખ્યુઃ** - **સખાનો;** નામ, ષ.એ.વ., પુ.
**પ્રિયઃ** - **પ્રિય;** નામ, પ્ર.એ.વ., પુ.
**ઈવ** - **માફક;** અવ્યય
**પ્રિયાયાઃ** - **પ્રિયાનો;** નામ, ષ.એ.વ., સ્ત્રી. (હે પ્રભો! ત્વમ્ મમાપરાધમ્=હે પ્રભો! તમે મારા અપરાધને)
**સોઢુમ્** - **સહન કરવાને;** હેત્વર્થ કૃદન્ત
**અર્હસિ** - **તું યોગ્ય છે;** ક્રિ. વ.કા. દ્વિ.પુ.એ.વ., 'અર્હ્' ૧ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** તેથી પ્રણામ કરી, કાયાથી દણ્ડવત્ પ્રણામ કરી, આપ સ્તુત્ય ઈશ્વરની હું, પ્રસન્નતા યાચું છું. હે દેવ! જેમ પિતા પુત્રનો, મિત્ર મિત્રનો અપરાધ સહન કરે તેમ આપ પ્રિય મારા પ્રિયમાટે (મારા અપરાધ) સહન કરવા યોગ્ય છો.

**અદષ્ટપૂર્વં હૃષિતોઽસ્મિ દૃષ્ટ્વા ભયેન ચ પ્રવ્યથિતં મનો મે।**
**તદેવ મે દર્શય દેવ રૂપં પ્રસીદ દેવેશ! જગન્નિવાસ!॥૪૫॥**

**અદષ્ટપૂર્વમ્** - પહેલાં નહિ જોયેલું; વિશેષણ, વિ. 'રૂપમ્'
**તવ રૂપમ્** - તમારા રૂપને; દ્વિ.એ.વ.
**દૃષ્ટ્વા** - જોઈને; વિધેય કૃદન્ત
**હૃષિતઃ** - હર્ષ પામેલો; ભૂ.કૃ. વિશેષણ, વિ. 'અહમ્'
**અસ્મિ** - છું; ક્રિ. વ.કા. પ્ર.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ, પરસ્મૈ.
**ચ** - અને; અવ્યય
**મે** - મારું; સર્વનામ, ષ.એ.વ., 'અસ્મત્'
**મનઃ** - મન; નામ, પ્ર.એ.વ., નપુ. 'મનસ્'
**ભયેન** - ભયથી; નામ, તૃ.એ.વ., પુ. 'ભય'
**પ્રવ્યથિતમ્** - વ્યથા પામેલું; ભૂ.કૃ. વિશેષણ, વિ. 'મનઃ'
**અપિ ભવતિ અતઃ** - પણ થાય છે એટલે;
**દેવેશ** - હે દેવેશ; સમ્બોધન
**જગન્નિવાસ** - હે જગન્નિવાસ; સમ્બોધન
**પ્રસીદ** - પ્રસન્ન થા; ક્રિ.આજ્ઞાર્થ દ્વિ.પુ.એ.વ., પ્ર+સદ્(સીદ્)૧ ગણ, પરસ્મૈ
**ચ** - અને; અવ્યય
**દેવ** - હે દેવ!; સમ્બોધન
**મે** - મને; સર્વનામ, ચ.એ.વ., 'અસ્મત્'
**તદેવ** - તે જ; સર્વનામ, દ્વિ.એ.વ., નપુ. **ચતુર્ભુજમ્** - ચાર ભુજાવાળું;
**રૂપમ્** - રૂપને; નામ, દ્વિ.એ.વ., નપુ.
**દર્શય** - દેખાડ; ક્રિ. આજ્ઞાર્થ દ્વિ.પુ.એ.વ., કારક 'દૃશ્' ૧ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** પ્રથમ નહિ જોયેલું જોઈને હું હર્ષ પામું છું, વળી મારું મન ભયથી વ્યથિત પણ થએલું છે. હે દેવ! મને તેજ (આપનું) રૂપ દેખાડો. હે દેવેશ! હે જગન્નિવાસ! પ્રસન્ન થાઓ.

**વિવેચન:** એવી રીતે ક્ષમા માગી હવે ગુણાતીત પ્રભુની પ્રાર્થના કરે છે. આપનું આ પૂર્વે નહિ જોએલું રૂપ જોવાથી હર્ષ થાય છે, પરન્તુ લોકોને ગ્રસન કરતા જોઈ મન ભયથી વ્યથિત પણ થાય છે. વસ્તુતઃ આપ ગુણાતીત છો, તેથી મને ભક્તને આપના તે જ ગુણાતીત ચતુર્ભુજ



રૂપનું દર્શન કરાવો, કારણ કે આપનું ચતુર્ભુજ રૂપ શાન્ત હોવાથી અમને તો તે જ ઉત્તમ છે. અહીં વિશ્વરૂપ કરતાં મર્યાદામય શુદ્ધ સત્ત્વાત્મક ચતુર્ભુજ રૂપ ઉત્તમ કહેલું હોવાથી અક્ષરબ્રહ્મના ઉપાસકો કરતાં શુદ્ધ સત્ત્વમય ચતુર્ભુજ રૂપના ઉપાસકો ઉત્તમ છે.

**કિરીટિનં ગદિનં ચક્રહસ્તમ્ ઇચ્છામિ ત્વાં દ્રષ્ટુમહં તથૈવ।**
**તેનૈવ રૂપેણ ચતુર્ભુજેન સહસ્રબાહો ભવ વિશ્વમૂર્તે॥૪૬॥**

**અહમ્** - હું; સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
**તથા, એવ** - તેવી રીતે, અને, જ માત્ર; અવ્યય
**એવ** - એ પ્રમાણે; અવ્યય
**ત્વામ્** - તને; સર્વનામ, દ્વિ.એ.વ., 'યુષ્મત્'
**કિરીટિનમ્** - કિરીટ ધારણ કરનારને; વિશેષણ, વિ. 'ત્વામ્'
**ગદિનમ્** - ગદા ધારણ કરનારને; વિશેષણ, વિ. 'ત્વામ્'
**ચક્રહસ્તમ્** - હાથમાં ચક્ર ધારણ કરનારને; વિશેષણ, વિ. 'ત્વામ્'
**દ્રષ્ટુમ્** - જોવાને; હેત્વર્થ કૃદન્ત
**ઇચ્છામિ** - ઇચ્છુ છું; ક્રિ. વ.કા. પ્ર.પુ.એ.વ., ઇષ્(ઇચ્છ્) ૬ ગણ, પરસ્મૈ.
**અતઃ** - એટલે
**વિશ્વમૂર્તે** - હે વિશ્વરૂપ; નામ, સમ્બોધન
**સહસ્રબાહો** - હે હજાર હાથવાળા; સમ્બોધન
**તેન** - તેના વડે; સર્વનામ, તૃ.એ.વ., નપુ. 'તત્'
**ચતુર્ભુજેન** - ચાર હાથવાળું; વિશેષણ, વિ. 'રૂપેણ'
**રૂપેણ** - રૂપથી; નામ, તૃ.એ.વ., નપુ.
**ત્વમ્** - તું; સર્વનામ, પ્ર.એ.વ. 'યુષ્મદ્'
**ભવ** - થા; ક્રિ. આજ્ઞાર્થ દ્વિ.પુ.એ.વ., 'ભૂ' ૧ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** તેવા જ મુકુટવાળા, ગદાવાળા, તથા હસ્તમાં ચક્રવાળા, આપનાં દર્શન કરવા હું ઇચ્છુ છું. હે સહસ્રબાહુવાળા! હે વિશ્વમૂર્તે! તે જ ચતુર્ભુજ રૂપવાળા થાઓ.

**વિવેચન:** તે રૂપનું વર્ણન કરે છે. તેવા જ એટલે પૂર્વે મને જેવાં દર્શન થતાં હતાં તેવા જ મુકુટધારી, ગદાધારી, ચક્રપાણિં રૂપનાં આપના દર્શન

કરવાની મારી ઇચ્છા છે. તેથી આપ તેવું જ ચતુર્ભુજ રૂપ ધારણ કરો. આ શ્લોકથી અર્જુનને ભગવાન્‌ના નિરન્તર ષડ્‌ગુણોથી અલઙ્કૃત ચતુર્ભુજ રૂપથી દર્શન થતાં હતાં એમ જાણાય છે.

શ્રીભગવાન્ ઉવાચ

**મયા પ્રસન્નેન તવાર્જુનેદં રૂપં પરં દર્શિતમાત્મયોગાત્।**
**તેજોમયં વિશ્વમનન્તમાદ્યં યન્મે ત્વદન્યેન ન દષ્ટપૂર્વમ્॥૪૭॥**

**અર્જુન** - **હે અર્જુન;** સમ્બોધન
**પ્રસન્નેન** - **પ્રસન્નતાથી, અનુગ્રહયુક્ત;** વિશેષણ, વિ. 'મયા'
**મયા** - **મારા વડે;** સર્વનામ, તૃ.એ.વ., 'અસ્મત્'
**આત્મયોગાત્** - **મારી યોગશક્તિથી;** નામ, પં.એ.વ., પુ.
**મે** - **મારું;** સર્વનામ, ષ.એ.વ., 'અસ્મત્'
**ઇદમ્** - **આ;** સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
**પરમ્ તેજોમયમ્** - **શ્રેષ્ઠ પ્રકાશિત;** વિશેષણ, વિ. 'રૂપમ્'
**આદ્યમ્ અનન્તમ્** - **મૂળ અનન્ત;** વિશેષણ, વિ. 'રૂપમ્'
**વિશ્વમ્** - **વ્યાપ્ત, વિરાટ;** વિશેષણ, વિ. 'રૂપમ્'
**રૂપમ્** - **રૂપ;** નામ, પ્ર.એ.વ., નપુ.
**તવ** - **તારો;** સર્વનામ, ષ.એ.વ., 'યુષ્મત્'
**યત્** - **જે;** સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
**દર્શિતમ્** - **દેખાડ્યું;** ભૂ.કૃ. વિશેષણ, વિ. 'રૂપમ્'
**ત્વત્ અન્યેન** - **તારા સિવાય બીજાથી;** સર્વનામ, તૃ.એ.વ., પુ.
**દષ્ટપૂર્વમ્** - **પૂર્વે જોયેલું;** ભૂ.કૃ. વિશેષણ, વિ. 'રૂપમ્'
**ન** - **નહિ;** અવ્યય
**અસ્તિ** - **છે;** ક્રિયાપદ, વ.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'

**શ્લોકાર્થ:** હે અર્જુન! પ્રસન્ન થઈ મેં આત્મયોગથી આ તેજોમય વિશ્વરૂપ, અનન્ત, આદ્ય અને તારા સિવાય પૂર્વે કોઈએ જોએલું નહિ એવાં મારાં પર રૂપનું તને દર્શન કરાવ્યું.

**વિવેચન:** સ્વતઃ પ્રવૃત્તિ ઉત્પન્ન કરાવનાર અક્ષરસ્વરૂપનાં જ દર્શનથી પુષ્ટિમિશ્ર ભક્તને તેમાં ભયરહિત રુચિ ઉત્પન્ન થતી નથી. ક્ષર અને અક્ષર થી

**શ્લોકાર્થ:** હે કુરુપ્રવીર! વેદો, યજ્ઞ, અધ્યયન, દાનો, ક્રિયાઓ થી અથવા ઉગ્ર તપોથી પણ નૃલોકમાં તારા વિના અન્યથા મારાં આ રૂપનાં દર્શન થવાં શક્ય નથી.

**વિવેચન:** મારા અનુગ્રહથી પ્રાપ્ય ભક્તિ વિના અન્ય કોઈ પણ સાધનથી મારાં આ રૂપનાં પણ દર્શન શક્ય નથી. કેવલ અક્ષર વિગેરે રૂપનાં તેઓના ઉપાસકોને વેદ-અધ્યયન વિગેરે સાધનોથી દર્શન થાય, પરન્તુ હું પુરુષોત્તમ શ્રીકૃષ્ણ માત્ર અનન્ય ભક્તિથી જ પ્રાપ્ય હોવાથી વેદ વિગેરે સાધનોથી મારાં દર્શન થવાં શક્ય નથી. તારા ઉપર મારો અનુગ્રહ હોવાથી તને મારાં દર્શન થયાં, પરન્તુ અન્યને તેવા દર્શન થવાં શક્ય નથી. ભગવાન્‌નો અનુગ્રહ તે જ પુષ્ટિ એમ શ્રીમદ્‌ભાગવત્‌માં પણ કહેલું છે. ભાષ્યકાર શ્રીમદાચાર્યચરણ પણ કહે છે કે **"કૃતિથી સાધ્ય જ્ઞાન-ભક્તિ વગેરે સાધનોનો શાસ્ત્ર બોધ કરે છે, તેવાં શાસ્ત્રોમાં કહેલાં સાધનોથી મુક્તિ થાય તે મર્યાદા (માર્ગ) છે; પરન્તુ સાધનોથી રહિતને પણ ભગવાન્ પોતાનાં સ્વરૂપબળથી જ પોતાની પ્રાપ્તિ કરાવે તે પુષ્ટિ કહેવાય છે".** આ પ્રમેયમાર્ગનું શ્રીમદ્‌ભાગવત્‌ના છઠ્ઠા સ્કન્ધમાં અજામિલના આખ્યાનમાં ધર્મ અને વિષ્ણુ ના દૂતોના સંવાદમાં નિરૂપણ થએલું છે, અને તેની ઉપપત્તિ 'ભક્તિહેતુનિર્ણય' વિગેરે ગ્રન્થોમાં દર્શાવેલી છે.

**મા તે વ્યથા મા ચ વિમૂઢભાવો દૃષ્ટ્વા રૂપં ઘોરમીદૃઙ્ મમેદમ્।**
**વ્યપેતભીઃ પ્રીતમનાઃ પુનસ્ત્વં તદેવ મે રૂપમિદં પ્રપશ્ય॥૪૯॥**

**ઈદૃક્ - આના જેવું;** વિશેષણ, વિ. 'રૂપમ્' "ઈદમ્ + ઋક્ = ઈદૃક્"
**મમ - મારું;** સર્વનામ, ષ.એ.વ., 'અસ્મત્'
**ઈદમ્ - આ;** સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.
**ઘોરમ્ - ઘોર, ભયઙ્કર;** વિશેષણ, વિ. 'રૂપમ્'
**રૂપમ્ - રૂપને;** નામ, દ્વિ.એ.વ., નપુ.
**દૃષ્ટ્વા - જોઈને;** વિધેય કૃદન્ત
**તે - તને;** સર્વનામ, ચ.એ.વ., 'યુષ્મત્'
**વ્યથા - દુઃખ;** નામ, પ્ર.એ.વ., સ્ત્રી.
**મા - નહિ;** અવ્યય
**ભવેત્ - થાય.** ક્રિયાપદ

દર્શયામાસ - દેખાડ્યું; ક્રિ. પૂર્ણ ભૂતકાળ તૃ.પુ.એ.વ., 'દશ્' ૧ ગણ, પરસ્મૈ.
ચ પુનઃ - અને ફરીથી; અવ્યય
મહાત્મા - મહાત્મા; નામ, પ્ર.એ.વ., પુ. 'મહાત્મન્'
સૌમ્યવપુઃ - શાન્ત સ્વરૂપ; નામ, પ્ર.એ.વ., પુ.
ભૂત્વા - થઈને, બનીને; વિધેય કૃદન્ત
એનમ્ - એને; સર્વનામ, દ્વિ.એ.વ., પુ. 'એતદ્'
ભીતમ્ - બીધેલો; વિશેષણ, વિ. 'એનમ્'
આશ્વાસયામાસ - આશ્વાસન આપ્યું; ક્રિ. પૂર્ણ ભૂતકાળ તૃ.પુ.એ.વ., આ + શ્વસ્ ૨ ગણ, પરસ્મૈ.

શ્લોકાર્થ: વાસુદેવે અર્જુનને એ પ્રમાણે કહી પુનઃ પોતાનું (પ્રથમનું) રૂપ દેખાડ્યું; અને તે મહાત્માએ પુનઃ સૌમ્ય વપુ ધારણ કરી બીધેલા અર્જુનને આશ્વાસન આપ્યું.

વિવેચન: ભગવાને અર્જુનને એ પ્રમાણે કહી પોતાનું ચતુર્ભુજ રૂપ દર્શાવ્યું; પરન્તુ એ રૂપવાળા પાસે પણ સારથિપણું કરાવવું યોગ્ય નથી એમ માની અર્જુનને નીચે ઉતરી સ્તુતિ કરવા તત્પર જોઈ મહાત્મા ભગવાને પુનઃ સૌમ્ય રૂપ ધારણ કરી અર્જુનને આશ્વાસન આપ્યું.

"સર્વેશ્વર, પરમપુરુષ, પરબ્રહ્મ, જગત્ ઉપર ઉપકાર કરવા મનુષ્ય દેહ ધારણ કરનાર વસુદેવના પુત્રનું પોતાનું રૂપ ચાર ભુજાવાળું જ હતું. કંસથી ભય પામેલ વસુદેવની પ્રાર્થનાથી તેમણે બે ભુજાઓનો ઉપસંહાર કરેલ, તે કંસના વધ પછી પ્રકટ કરેલી. દ્વેષી, શિશુપાલ પણ વસુદેવના ચાર ભુજાવાળા રૂપનું જ સદા ચિન્તન કરતો" (રામાનુજ).

અર્જુન ઉવાચ

દૃષ્ટ્વેદં માનુષં રૂપં તવ સૌમ્યં જનાર્દન ।
ઇદાનીમ્ અસ્મિ સંવૃત્તઃ સચેતાઃ પ્રકૃતિં ગતઃ ॥૫૧॥

જનાર્દન - હે જનાર્દન; સમ્બોધન
ઇદમ્ - આ; સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.
તવ - તારું; સર્વનામ, ષ.એ.વ., 'યુષ્મત્'



સૌમ્યમ્ - શાન્ત; વિશેષણ, વિ. 'રૂપમ્'
માનુષમ્ - મનુષ્યનું; વિશેષણ, વિ. 'રૂપમ્'
રૂપમ્ - રૂપને; નામ, દ્વિ.એ.વ., નપુ.
દૃષ્ટ્વા - જોઈને; વિધેય કૃદન્ત
ઇદાનીમ્ - હવે; અવ્યય
અહમ્ - હું; સર્વનામ, પ્ર.એ.વ. 'અસ્મદ્'
સચેતાઃ - સ્થિર ચિત્તવાળો; ભૂ.કૃ., વિશેષણ, વિ. 'અહમ્'
સંવૃત્તઃ - થયો; ભૂ.કૃ., વિશેષણ, વિ. 'અહમ્'
ચ - અને; અવ્યય
પ્રકૃતિમ્ - પ્રકૃતિને, સ્વભાવને; નામ, દ્વિ.એ.વ., સ્ત્રી. 'પ્રકૃતિ'
ગતઃ - પ્રાપ્ત થયો; ભૂ.કૃ., વિશેષણ, વિ. 'અહમ્'
અસ્મિ - છું; ક્રિ. વ.કા., પ્ર.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ, પરસ્મૈ.

શ્લોકાર્થ: હે જનાર્દન! આ આપનું સૌમ્ય માનુષરૂપ જોઈને હું હમણાં સચેત થયો છું, અને પ્રકૃતિમાં આવ્યો છું.

વિવેચન: આ આપનું સૌમ્ય એટલે સુંદર માનુષ રૂપ જોઈ મારું ચિત્ત અને પ્રકૃતિ સ્વસ્થ થયાં છે.

શ્રીભગવાન્ ઉવાચ

સુદુર્દર્શમિદં રૂપં દૃષ્ટવાનસિ યન્ મમ ।
દેવા અપ્યસ્ય રૂપસ્ય નિત્યં દર્શનકાંક્ષિણઃ ॥૫૨॥

યત્ - જે; સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.
રૂપમ્ ત્વમ્ - રૂપને તું; દ્વિ.એ.વ., સર્વનામ, પ્ર.એ.વ. 'યુષ્મદ્'
દૃષ્ટવાન્ - જોનાર; ભૂ.કૃ., + વત્ કર્તરિ અર્થે નામ, પ્ર.એ.વ., પુ.
અસિ - તું છે; ક્રિ. વ.કા., દ્વિ.પુ. 'અસ્' ૨ ગણ, પરસ્મૈ.
મમ - મારું; સર્વનામ, ષ.એ.વ., 'અસ્મત્'
ઇદમ્ - આ; સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.
રૂપમ્ - રૂપને; નામ, દ્વિ.એ.વ., નપુ.
સુદુર્દર્શમ્ - જોવાને અતિ દુર્લભ; વિશેષણ, વિ. 'રૂપમ્'
અસ્તિ - છે; ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'
દેવાઃ - દેવો; નામ, પ્ર.બ.વ., પુ. 'દેવ'

અપિ - પણ; અવ્યય
અસ્ય - આનું; સર્વનામ, ષ.એ.વ., નપુ. 'ઇદમ્'
રૂપસ્ય - સ્વરૂપનું; નામ, ષ.એ.વ., નપુ. 'રૂપ'
નિત્યમ્ - હંમેશા; અવ્યય
દર્શનકાઙ્ક્ષિણઃ - દર્શનની ઇચ્છાવાળાઓ; વિશેષણ, વિ. 'દેવાઃ'
ભવન્તિ - હોય છે; ક્રિયાપદ, વ.કા., તૃ.પુ.બ.વ.

**શ્લોકાર્થ:** શ્રીભગવાન્ કહે છે: મારા જે રૂપના તેં દર્શન કર્યાં તેના દર્શન થવા અતિ કઠિન છે, દેવો પણ આ રૂપનાં દર્શનની નિત્ય અકાંક્ષા રાખે છે.

**વિવેચન:** જે મારાં અકળ વિશ્વરૂપનાં તને દર્શન થયાં તેનાં દર્શન થવાં બહુ દુર્લભ છે, કેમ કે દેવો પણ એનાં દર્શન કરવા નિરન્તર આકાંક્ષા રાખે છે; પરન્તુ તેઓમાં અનુગ્રહનું બીજ નહિ હોવાથી તેઓને પણ દર્શન થતાં નથી.

**નાહં વેદૈર્ન તપસા ન દાનેન ન ચેજ્યયા।**
**શક્ય એવંવિધો દ્રષ્ટું દૃષ્ટવાનસિ માં યથા॥૫૩॥**

ન - નહિ; અવ્યય. વેદૈઃ - વેદોથી; નામ, તૃ.બ.વ., પુ. 'વેદ'
ન - નહિ; અવ્યય. તપસા - તપથી; નામ, તૃ.એ.વ., નપુ. 'તપસ્'
ન - નહિ; અવ્યય. દાનેન - દાનથી; નામ, તૃ.એ.વ., નપુ. 'દાન'
ચ ન - અને નહિ; અવ્યય
ઇજ્યયા - યજ્ઞ ક્રિયા વડે; નામ, તૃ.એ.વ., સ્ત્રી. 'ઇજ્યા'
અહમ્ - હું; સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
એવંવિધઃ - એ પ્રકારનો, તેવી રીતનો; વિશેષણ, વિ. 'અહમ્'
દ્રષ્ટુમ્ - જોવાને; હેત્વર્થ કૃદન્ત
શક્યઃ - શક્ય; વિધેય કર્મણિ કૃદન્ત વિ. 'અહમ્'
અસ્મિ - છું; ક્રિયાપદ, વ.કા. પ્ર.પુ.એ.વ. 'અસ્'
યથા - જેવી રીતે; અવ્યય
ત્વમ્ - તું; સર્વનામ, પ્ર.એ.વ. 'યુષ્મદ્'
મામ્ - મને; સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
દ્રષ્ટવાન્ - જોનાર; ભૂ.કૃ., + વત્ કર્તરિ અર્થે વિશેષણ, વિ. 'અહમ્'
અસિ - તું છે; ક્રિ. વ.કા., દ્વિ.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ, પરસ્મૈ.



**શ્લોકાર્થ:** જેવાં મારાં તને દર્શન થયાં તેવા દર્શન વેદોથી, તપથી, દાનથી તથા યજ્ઞથી પણ થવાં શક્ય નથી.

**વિવેચન:** "જેનું તે વરણ કરે છે તેનાથી જ તે પ્રાપ્ય છે" વિગેરે વાક્યોથી ભગવાન્ માત્ર અનુગ્રહથી જ લભ્ય હોવાથી અનુગ્રહ વિના વેદો, તપ, યજ્ઞ વિગેરે સાધનોથી ભગવાનની પ્રાપ્તિ થતી નથી; તેથી મારા વરણથી તને મારાં જેવા દર્શન થયાં તેવાં વેદાદિ સાધનોથી પણ કોઈને થાય તેમ નથી.

આ શ્લોકનું અનુસન્ધાન ભાગ. ૨૧૧૫ તથા ૧૦૫૫૨૧ પરના સુબોધિનીમાં કરેલું છે. તેમજ બ્રહ્મસૂત્ર ૧૧૧૧ પરના અણુભાષ્યમાં કરેલું છે.

**ભક્ત્યા ત્વનન્યયા શક્ય અહમ્ એવંવિધોઽર્જુન!।**
**જ્ઞાતું દ્રષ્ટું ચ તત્ત્વેન પ્રવેષ્ટું ચ પરન્તપ!॥૫૪॥**

પરન્તપ - હે અર્જુન; સમ્બોધન.
અર્જુન - અર્જુન; સમ્બોધન
અનન્યયા - અનન્યથી; વિશેષણ, વિ. 'ભક્ત્યા'
ભક્ત્યા - ભક્તિથી; નામ, તૃ.એ.વ., સ્ત્રી. 'ભક્તિ'
તુ - તો પણ; અવ્યય
અહમ્ - હું; સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
એવંવિધઃ - એ પ્રકારનો, એવી રીતનો; વિશેષણ, વિ. 'અહમ્'
દ્રષ્ટુમ્ - જોવાને; હેત્વર્થ કૃદન્ત. ચ - અને; અવ્યય
તત્ત્વેન - તત્ત્વથી; નામ, તૃ.એ.વ., નપુ. 'તત્ત્વ'
જ્ઞાતુમ્ - જાણવાને; હેત્વર્થ કૃદન્ત. ચ - અને; અવ્યય
પ્રવેષ્ટુમ્ - દાખલ થવાને, ઐક્યભાવથી પ્રાપ્ત થવાને (હેત્વર્થ કૃદન્ત)
શક્ય - શક્ય; વિધેય કર્મ, કૃદન્ત, વિશેષણ, વિ. 'અહમ્'
અસ્મિ - છું; ક્રિ. વ.કા. પ્ર.પુ.એ.વ. 'અસ્'

**શ્લોકાર્થ:** પરન્તુ હે અર્જુન! હે પરન્તપ! અનન્ય ભક્તિથી જ એવા પ્રકારનો હું જ્ઞાન થવાને, દર્શન થવાને તથા તત્ત્વથી પ્રવેશ થવાને શક્ય છું.

**વિવેચન:** જેનું ભગવાન્ વરણ કરે તે જીવ અનન્ય ભક્તિથી ભગવાનને

પ્રાપ્ત કરી શકે છે એમ કહે છે. હે અર્જુન! હે પરન્તપ! જો કે મેં સર્વનો નિરોધ કરવા અવતાર ધારણ કરેલો છે તો પણ સર્વ લોકોને મારું યથાર્થ દર્શન થતું નથી. આસુર આવેશવાળા જીવો મને સાધારણ મનુષ્ય માને છે, પરન્તુ તેમને મારું તત્ત્વથી દર્શન થતું નથી. જેઓના ઉપર મારો અનુગ્રહ છે, જેઓનું મેં વરણ કરેલું છે તેઓ મારી અનન્ય ભક્તિથી મારું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરે છે. તેઓને મારું તત્ત્વથી દર્શન થાય છે અને તેઓનો મારામાં પ્રવેશ થાય છે. અહીં મુખ્ય સાધન અનન્ય ભક્તિ કહેલી છે. અન્ય એટલે ઐહિક અથવા પારલૌકિક ફલ માટેનો યત્ન જેમાં નથી તે અનન્યભક્તિ.

આ શ્લોકનું અનુસન્ધાન બ્રહ્મસૂત્ર ૩।૨।૨૪ ઉપરનાં તેમજ ૧।૧।૧૧ ઉપરનાં અણુભાષ્યમાં કરેલું છે.

**મત્કર્મકૃન્ મત્પરમો મદ્ભક્તઃ સઙ્ગવર્જિતઃ।**
**નિર્વૈરઃ સર્વભૂતેષુ યઃ સ મામેતિ પાણ્ડવ!॥૫૫॥**

**પાણ્ડવ** - હે પાણ્ડવ; સમ્બોધન
**યઃ** - જે; સર્વનામ, પ્ર.એ.વ., પુ.
**મત્કર્મકૃત્** - મારા સમ્બન્ધી કર્મ કરનાર; વિશેષણ, વિ. 'યઃ'
**મત્પરમઃ** - મને પરમ જાણનાર; વિશેષણ, વિ. 'યઃ'
**મદ્ભક્તઃ** - મારામાં ભક્તિ રાખનાર; વિશેષણ, વિ. 'યઃ'
**સઙ્ગવર્જિતઃ** - લોકના સઙ્ગને ત્યજનાર; ભૂ.કૃ., વિશેષણ, વિ. 'યઃ'
**ચ** - અને; અવ્યય
**સર્વભૂતેષુ** - બધા પ્રાણીઓ તરફ; નામ, સ.બ.વ., નપુ.
**નિર્વૈરઃ** - વૈરભાવ વિનાનો; વિશેષણ, વિ. 'યઃ'
**સઃ** - તે; સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'તત્'
**મામ્** - મને; સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
**એતિ** - જાય છે, પામે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'ઇ' ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** હે પાણ્ડવ! મારા માટે કર્મ કરનાર, મને પરાયણ, સઙ્ગરહિત, સર્વ પ્રાણીઓ પ્રતિ નિર્વૈર જે મારો ભક્ત હોય તે મને પ્રાપ્ત કરે છે.

**વિવેચન:** હે પાણ્ડવ! જે મારા માટે કર્મ કરે છે, અર્થાત્ જે ફલની



કામનાથી કર્મ કરતો નથી, પરન્તુ "હું પ્રભુનો સહજ દાસ છું" એમ સમજી પ્રભુની સેવા વગેરે કાર્યો પ્રભુને માટે જ કરે છે, જે મને પરાયણ છે અર્થાત્ જેને હું જ પરમ અથવા સર્વસ્વ છું, જે પુત્ર-સ્ત્રી વિગેરે લૌકિક અવૈષ્ણવના સઙ્ગરહિત છે. જે સર્વ પ્રાણીઓ પ્રતિ નિર્વૈર અથવા દ્વેષરહિત છે, એવો મારો ભક્ત મને પ્રાપ્ત કરે છે.

**ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે**
**શ્રીકૃષ્ણાર્જુનસંવાદે 'વિશ્વરૂપદર્શનં' નામ**
**એકાદશોઽધ્યાયઃ॥૧૧॥**

## ॥ અધ્યાય ૧૨ ॥

## ભક્તિયોગ

અર્જુન ઉવાચ

**એવં સતતયુક્તા યે ભક્તાસ્ત્વાં પર્યુપાસતે।**
**યે ચાપ્યક્ષરમવ્યક્તં તેષાં કે યોગવિત્તમાઃ ॥૧॥**

**યે** - જેઓ; સર્વનામ, પ્ર.બ.વ., પુ.
**ભક્તાઃ** - ભક્તો, અનન્ય ભક્તો; નામ, પ્ર.બ.વ., પુ.
**એવમ્** - એ પ્રકારે; અવ્યય
**સતતયુક્તાઃ** - હંમેશા ભજન - ધ્યાનયુક્ત; ભૂ.કૃ., વિશેષણ, વિ. 'ભક્તાઃ'
**ત્વામ્** - તને; સર્વનામ, દ્વિ.એ.વ., 'યુષ્મત્'
**પર્યુપાસતે** - ભાવપૂર્વક સેવે છે, ઉપાસે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., પરિ + ઉપ + આસ્ ૨ ગણ
**ચ** - અને; અવ્યય
**યે** - જેઓ; સર્વનામ, પ્ર.બ.વ., પુ.
**અક્ષરમ્** - અક્ષરને, અક્ષરબ્રહ્મને; નામ, દ્વિ.એ.વ., નપુ. 'અક્ષર'
**અવ્યક્તમ્** - અદૃશ્ય, નિરાકાર; વિશેષણ, વિ. 'અક્ષરમ્'
**અપિ** - પણ; અવ્યય
**પર્યુપાસતે** - સેવે છે; ક્રિ.પ.
**તેષામ્** - તેઓનું; સર્વનામ, ષ.બ.વ., પુ. 'તત્'
**યોગવિત્તમાઃ** - યોગ જાણનારાઓમાં ઉત્તમ; વિશેષણ, વિ. 'કે'
**કે** - કોણ; સર્વનામ, પ્ર.બ.વ., પુ. 'કિમ્'. **સન્તિ** - છે;

**શ્લોકાર્થ :** એવી રીતે નિરન્તર યુક્ત થઈ જે ભક્તો આપની સર્વ પ્રકારે સેવા કરે છે અને જેઓ અવ્યક્ત અક્ષરની ઉપાસના કરે છે તેઓમાં યોગવિત્તમ કોણ ?

**વિવેચન :** આઠમા અધ્યાયના શ્લોક ૧૧-૧૩ સુધીમાં અક્ષરની ઉપાસના કહી, વિશ્વરૂપનું પણ અક્ષર તરીકે નિરૂપણ કર્યું. વળી અક્ષર ભગવદ્ધામ



છે તેથી ભગવાન્થી કાંઈક ભિન્ન છે એમ જણાય છે, તેથી ભગવાન્ અને ભગવદ્ધામરૂપ અક્ષર એ બેની ઉપાસના કરનારમાં કોણ શ્રેષ્ઠ છે એની જિજ્ઞાસા થવાથી અર્જુન પ્રશ્ન કરે છે. અધ્યાય ૧૧ શ્લોક ૫૫માં ભગવાને પોતાની સેવાનો પ્રકાર કહ્યો તે પ્રમાણે નિત્ય ભગવત્સેવામાં યુક્ત રહેનાર જે ભક્તો સૌમ્યરૂપ, ભક્તોને માટે શરીર ધારણ કરનાર, સર્વ વિભૂતિઓનાં મૂળરૂપ, નિરવધિ નિરતિશય સૌન્દર્ય સૌશીલ્ય સર્વજ્ઞત્વ સત્યસઙ્કલ્પત્વ વિગેરે અનન્ત ગુણોના નિધિરૂપ, કેવલ આનન્દમય કર પાદ મુખ ઉદર વિગેરે અઙ્ગોવાળા, પોતાની માયાથી મનુષ્ય વિગ્રહ ધારણ કરેલા પરિપૂર્ણ પુરુષોત્તમ આપની જ સેવા કરે છે, અને અન્ય દેવોની ઉપાસના કરતાં નથી, અને જે ભક્તો અવ્યક્ત અક્ષરની ઉપાસના કરે છે, તે બે મધ્યે વિશેષ યોગ જાણનાર કોણ છે તે આપ કહો.

આ અધ્યાયના પહેલા ત્રણ શ્લોકોનું અનુસન્ધાન બ્રહ્મસૂત્ર ૪।૩।૧૭ ઉપરનાં અણુભાષ્યમાં કરેલું છે.

શ્રીભગવાન્ ઉવાચ

**મય્યાવેશ્ય મનો યે માં નિત્યયુક્તા ઉપાસતે।**
**શ્રદ્ધયા પરયોપેતાસ્તે મે યુક્તતમા મતાઃ ॥૨॥**

**મયિ** - મારામાં; સર્વનામ, સ.એ.વ., 'અસ્મત્'
**મનઃ** - મન; નામ, દ્વિ.એ.વ., નપુ.
**આવેશ્ય** - દાખલ કરીને, એકાગ્ર કરીને; વિધેય કૃદન્ત
**નિત્યયુક્તાઃ** - નિરન્તર મારામાં લાગેલા; ભૂ.કૃ., વિશેષણ, વિ. 'યે'
**યે** - જેઓ; સર્વનામ, પ્ર.બ.વ., પુ. 'યત્'
**પરયા** - શ્રેષ્ઠ; વિશેષણ, વિ. 'શ્રદ્ધા'
**શ્રદ્ધયા** - શ્રદ્ધાથી; નામ, તૃ.એ.વ., સ્ત્રી. 'શ્રદ્ધા'
**ઉપેતાઃ** - યુક્ત થયેલા; ભૂ.કૃ., વિ. 'યે' ઉપ + ઇ
**મામ્** - મને; સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
**ઉપાસતે** - ઉપાસે છે, ભાવનાપૂર્વક સેવે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., ''પરિ + ઉપ + આસ્'' ૨ ગણ
**તે** - તેઓ; સર્વનામ, પ્ર.બ.વ., પુ. 'તત્'
**મે** - મારો; સર્વનામ, ષ.એ.વ., 'અસ્મત્'
**યુક્તતમાઃ** - યોગીઓમાં ઉત્તમ; વિશેષણ, વિ. 'તે'

**મતાઃ** - **માનેલા;** ભૂ.કૃ., વિશેષણ, વિ. 'તે'
**સન્તિ** - **છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.બ.વ. 'અસ્'

**શ્લોકાર્થ:** જેઓ મારામાં મન રાખી, નિત્યયુક્ત રહી, ઉત્તમ શ્રદ્ધા રાખી મને સેવે છે તેઓને હું યુક્તતમ માનું છું.

**વિવેચન:** શ્રીભગવાન્ અર્જુનના પ્રશ્નનો ઉત્તર આપે છે. સર્વના નિયન્તા, સકલ અલૌકિક ગુણોવાળા, સાક્ષાત્ મન્મથના પણ મન્મથ, પરમાનન્દ, રસાત્મક, સર્વના મૂળભૂત, સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ એવા મારામાં જેઓ મન રાખી, માત્ર પ્રેમથી અથવા બીજા હરકોઈ સમ્બન્ધથી નિત્ય યુક્ત રહી "આપણા ભજનીય પ્રિયતમ પ્રભુ આજ છે અન્ય કોઈ નથી" એમ શ્રદ્ધા રાખી મારી સેવા કરે છે તેઓ એ બેમાં વિશેષ યોગ જાણનાર છે.

**યે ત્વક્ષરમ્ અનિર્દેશ્યમ્ અવ્યક્તં પર્યુપાસતે।**
**સર્વત્રગમચિન્ત્યં ચ કૂટસ્થમ્ અચલં ધ્રુવમ્॥૩॥**
**સન્નિયમ્યેન્દ્રિયગ્રામં સર્વત્ર સમબુદ્ધયઃ।**
**તે પ્રાપ્નુવન્તિ મામેવ સર્વભૂતહિતેરતાઃ॥૪॥**

**તુ** - **પણ;** અવ્યય
**યે** - **જેઓ;** સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'યત્'
**ઇન્દ્રિયગ્રામમ્** - **ઇન્દ્રિયના સમુદાયને;** નામ, દ્વિ.એ.વ., પુ. 'ઇન્દ્રિયગ્રામ'
**સન્નિયમ્ય** - **સારી રીતે વશમાં રાખીને;** વિધેય કૃદન્ત સમ્ + નિ + યમ્ ૧ ગણ
**અચિન્ત્યમ્** - **અચિન્ત્ય, નહિ વિચારી શકાય એવું, બુદ્ધિ અને મનથી પર;** વિશેષણ, વિ. 'અક્ષરમ્'
**સર્વત્રગમ્** - **બધે ઠેકાણે જનારું, સર્વવ્યાપી;** વિશેષણ, વિ. 'અક્ષરમ્'
**અનિર્દેશ્યમ્** - **અકથનીય, સમજાવી ન શકાય એવું;** વિશેષણ, વિ. 'અક્ષરમ્'
**ચ** - **અને;** અવ્યય
**કૂટસ્થમ્** - **વિશ્વમાં રહેનાર રસરૂપ;** વિશેષણ, વિ. 'અક્ષરમ્'
**અચલમ્** - **અચળ;** વિશેષણ, વિ. 'અક્ષરમ્'
**ધ્રુવમ્** - **નિત્ય;** વિશેષણ, વિ. 'અક્ષરમ્'
**અવ્યક્તમ્** - **અવ્યક્ત, નિરાકાર;** વિશેષણ, વિ. 'અક્ષરમ્'



**અક્ષરમ્** - **અક્ષરને;** નામ, દ્વિ.એ.વ., નપુ. 'અક્ષર'
**પર્યુપાસતે** - **ઉપાસે છે, અનન્ય ભાવથી સેવે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., પરિ + ઉપ + આસ્ ૨ ગણ, આત્મને.
**તે** - **તેઓ;** સર્વનામ, પ્ર.બ.વ., પુ.
**સર્વભૂતહિતે** - **બધા પ્રાણીઓના હિતમાં;** નામ, સ.એ.વ.,
**રતાઃ** - **લાગેલા, રોકાયેલા, રમતા;** ભૂ.કૃ., વિશેષણ, વિ. 'તે'
**સર્વત્ર** - **બધે ઠેકાણે;** અવ્યય
**સમબુદ્ધયઃ** - **સમબુદ્ધિવાળાઓ, સમાન ભાવવાળા;** વિશેષણ, વિ. 'તે'
**મામ્** - **મને;** સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
**એવ** - **જ, માત્ર;** અવ્યય
**પ્રાપ્નુવન્તિ** - **પામે છે;** ક્રિ.વ.કા., તૃ.પુ.બ.વ., પ્ર+આપ્ ૫ ગણ, પરસ્મૈ

**શ્લોકાર્થ:** પરન્તુ જેઓ ઇન્દ્રિયોને નિયમમાં રાખી, સર્વત્ર સમાન બુદ્ધિવાળા થઈ, સર્વ ભૂતોના હિતમાં પ્રીતિવાળા થઈ, અનિર્દેશ્ય અવ્યક્ત સર્વવ્યાપક અચિન્ત્ય કૂટસ્થ અચલ અને નિત્ય એવા અક્ષરની ઉપાસના કરે છે તેઓ મને જ પ્રાપ્ત કરે છે.

**વિવેચન:** 'તુ=પરન્તુ' શબ્દ ભેદ દર્શાવે છે. તેથી ભગવાનની ઉપાસના કરનારમાં ભેદ છે. અક્ષરમાં અને ભગવાનમાં ભેદ સ્પષ્ટ જ છે. અક્ષર અનિર્દેશ્ય એટલે વાણીથી નામ આપી શકાય નહિ તેવું છે, જ્યારે ભગવાનનાં પોતાની ઇચ્છાથી અલૌકિક નામો હોય છે. અક્ષર અવ્યક્ત છે, જ્યારે ભગવાન્ વ્યક્ત છે. અક્ષર સર્વત્ર રહેલું છે, જ્યારે ભગવાન્ ભક્તોથી જ પ્રાપ્ય છે. અક્ષર અચિન્ત્ય છે જ્યારે ભગવાનનું ભક્તોથી ચિન્તન થઈ શકે છે. અક્ષર કૂટસ્થ હોવાથી સર્વને સમાન અથવા સાધારણ છે, ભગવાન્ અસાધારણ છે. અક્ષર અચલ એટલે સ્થિર છે, ભગવાન્ વિહાર કરે છે. અક્ષર ધ્રુવ અર્થાત્ સ્થિરરૂપ છે, ભગવાન્ તે ધામમાં રહેનાર ઈશ્વર છે. તેથી જેઓ અક્ષરની ઉપાસના કરે છે તેઓને બ્રહ્માનન્દની અથવા મારાં સ્થિર સ્વરૂપની જ પ્રાપ્તિ થાય છે.

**ક્લેશોઽધિકતરસ્તેષામ્ અવ્યક્તાસક્તચેતસામ્।**
**અવ્યક્તા હિ ગતિર્દુઃખં દેહવદ્ભિરવાપ્યતે॥૫॥**

**કિન્તુ** - **પરન્તુ;** અવ્યય
**તેષામ્** - **તેઓને;** સર્વનામ, ષ.બ.વ., પુ. 'તદ્'
**અવ્યક્તાસક્તચેતસામ્** - **અવ્યક્તમાં આસક્ત ચિત્તવાળા એવા;** નામ, ષ.બ.વ., પુ.
**ક્લેશઃ** - **ક્લેશ;** નામ, પ્ર.એ.વ., પુ.
**અધિકતરઃ** - **અધિકથી વધારે;** વિશેષણ, વિ. 'ક્લેશઃ' *કમ્પેરેટિવ ડીગ્રી*
**હિ** - **કેમકે;** અવ્યય
**દેહવદ્ભિઃ** - **દેહાભિમાનીઓ વડે;** નામ, તૃ.બ.વ., પુ. 'દેહવત્'
**અવ્યક્તા** - **અવ્યક્ત;** પ્ર.એ.વ., 'ન વ્યક્તા ઈતિ અવ્યક્તા' નઞ્ તત્પુરુષ
**ગતિઃ** - **ગતિ, બ્રહ્મ;** નામ, પ્ર.એ.વ., સ્ત્રી. 'ગતિ'
**દુઃખમ્** - **દુઃખે કરીને;** અવ્યય
**અવાપ્યતે** - **પમાય છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'અવ+આપ્ ૫ ગણ, કર્મણિ

**શ્લોકાર્થ:** અવ્યક્તમાં આસક્ત ચિત્તવાળા તેઓને અધિક ક્લેશ થાય છે, કારણ કે દેહીઓને અવ્યક્ત ગતિ દુઃખથી પ્રાપ્ત થાય છે.

**વિવેચન:** અક્ષરના ઉપાસકોને પણ મારી પ્રાપ્તિ થાય છે, પરન્તુ તેઓને અવ્યક્ત રીતે જ પ્રાપ્તિ થાય છે, અને પ્રાપ્તિ થયા પછી પણ સુખનો અનુભવ થતો નથી એમ કહે છે. અક્ષરના ઉપાસકોને અધિક ક્લેશ થાય છે. અને દુઃખથી અવ્યક્ત ગતિ પ્રાપ્ત થાય છે. સર્વ ભૂતોના હિતમાં પ્રીતિવાળા હોય તેવા જ અક્ષરના ઉપાસકોને આ ફલની પ્રાપ્તિ થાય છે. મારા અવ્યક્ત દેહરૂપ અક્ષરમાં જેઓનું ચિત્ત આસક્ત છે તેઓને તે અવ્યક્ત જ ગતિની પ્રાપ્તિ થાય, પરન્તુ તે દેહમાં રહેલા સાક્ષાત્ રસસ્વરૂપ આનન્દરૂપ પરમાત્માની પ્રાપ્તિ થતી નથી. અવ્યક્ત ગતિની પ્રાપ્તિ થાય છે એટલે તેઓનાં સ્વરૂપની હાનિ થાય છે. મીઠું પાણીમાં નાખવાથી પાણીમાં તેનો લય થાય છે અને પાણી સાથે તેનું લયરૂપ ઐક્ય થાય છે તેમ અક્ષરના ઉપાસકોનું અક્ષર સાથે લયરૂપ ઐક્ય થાય છે. વળી અક્ષરની ઉપાસના કરતી વખતે એટલે સાધનદશામાં પણ તેઓને અધિક ક્લેશ થાય છે, કારણ કે નિર્વિશેષ અક્ષર સાથે અભેદની ભાવના કરવી એ ક્લેશ વિના થઈ શકે નહિ. અક્ષરની ઉપાસનામાં ક્લેશ બહુ છે અને ફલ પણ અવ્યક્ત ગતિ જ છે, તે પણ દુઃખથી પ્રાપ્ત થાય છે.



આથી વિરુદ્ધ, ભગવાનની સેવા કરવામાં આરમ્ભથી અન્ત સુધી આનન્દ જ પ્રાપ્ત થાય છે.

આ શ્લોકનું અનુસન્ધાન શ્રીભાગવત્ ૧૧૫૧૧૮ ઉપરનાં સુબોધિનીમાં કરેલું છે.

**યે તુ સર્વાણિ કર્માણિ મયિ સન્ન્યસ્ય મત્પરાઃ।**
**અનન્યેનૈવ યોગેન માં ધ્યાયન્ત ઉપાસતે॥૬॥**
**તેષામ્ અહં સમુદ્ધર્તા મૃત્યુસંસારસાગરાત્।**
**ભવામિ ન ચિરત્ પાર્થ! મય્યાવેશિતચેતસામ્॥૭॥**

**તુ** - **તો, પણ;** અવ્યય
**યે** - **જેઓ;** સર્વનામ, પ્ર.બ.વ., પુ. 'યત્'
**મત્પરાઃ** - **મારા પરાયણ;** વિશેષણ, વિ. 'યે'
**સર્વાણિ** - **બધાં;** સર્વનામ, વિશેષણ, વિ. 'કર્માણિ'
**કર્માણિ** - **કર્મોને;** દ્વિ.એ.વ.
**મયિ** - **મારામાં;** સર્વનામ, સ.એ.વ., 'અસ્મત્'
**સન્ન્યસ્ય** - **અર્પણ કરીને;** વિધેય કૃદ., સમ્+ન્યસ્ ૧ ગણ, આત્મને
**મામ્ એવ** - **મને જ;** સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
**અનન્યેન** - **અનન્ય;** વિશેષણ, વિ. 'યોગેન'
**યોગેન** - **યોગથી;** નામ, તૃ.એ.વ., પુ. 'યોગ'
**ધ્યાયન્તઃ** - **ધ્યાન કરતાં;** વ.કૃ. વિશેષણ, વિ. 'યે'
**ઉપાસતે** - **ઉપાસે છે, ભજે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., 'ઉપ + આસ્' ૨ ગણ, આત્મને.
**પાર્થ** - **હે અર્જુન;** સમ્બોધન
**તેષામ્** - **તેઓનો;** સર્વનામ, ષ.બ.વ., પુ.
**મયિ** - **મારામાં;** સર્વનામ, સ.એ.વ., 'અસ્મત્'
**આવેશિતચેતસામ્** - **જેનું ચિત્ત પ્રવેશાયેલું છે એવાઓનો;** વિશેષણ, વિ. 'તેષામ્' આવેશિતમ્ ચેતઃ યેષામ્ ઈતિ'' બહુવ્રીહિ.
**અહમ્** - **હું;** સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
**ન, ચિરાત્** - **નહિ, વિલમ્બે;** અવ્યય
**મૃત્યુસંસારસાગરાત્** - **મૃત્યુરૂપ સંસાર સાગરમાં;** નામ, પં.એ.વ., પુ. 'સંસારસ્ય સાગરઃ સંસારસાગર; મૃત્યુરેવ સંસારસાગરઃ ઈતિ' કર્મધારય

સમુદ્ધર્તા - ઉદ્ધાર કરનાર; નામ, પ્ર.એ.વ., પુ. 'સમ + ઉદ્ + ધર્તૃ'
ભવામિ - થાઉં છું. ક્રિ.વ.કા., પ્ર.પુ.એ.વ., 'ભૂ' ૧ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** પરન્તુ હે પાર્થ! જેઓ સર્વ કર્મો મને અર્પણ કરી, મને પરાયણ રહી, અનન્ય જ યોગથી મારું ધ્યાન ધરતાં મને જ ભજે છે તેવા મારામાં પરોવેલા ચિત્તવાળાઓનો હું અલ્પ સમયમાં જ મૃત્યુયુક્ત સંસારસાગરમાંથી ઉદ્ધાર કરનાર થાઉં છું.

**વિવેચન:** એ પ્રમાણે અક્ષરની ઉપાસના કરનારાઓનું ફલ કહી ભગવાન્‌ની ભક્તિ કરનારાઓ વિષે કહે છે. 'તુ=પરન્તુ' શબ્દ ભેદ દર્શાવે છે. હે પાર્થ! જેઓ મને સ્વામીને સર્વ લૌકિક તથા વૈદિક કર્મો અર્પણ કરી, અન્યનું જેમાં ચિન્તન પણ ન હોય તેવા અનન્ય ભક્તિના યોગથી મારું ધ્યાન અને ભજન કરે છે અને જેઓનું ચિત્ત નિત્યપ્રિય પરમાત્મા મારામાં પરોવાએલું છે તેઓનો હું મૃત્યુયુક્ત સંસાર સાગરમાંથી અલ્પ સમયમાં જ ઉદ્ધાર કરું છું. અહીં ભગવાન્ "તેષામ્ અહમ્=તેઓનો હું" એમ કહે છે, તેથી તેઓના સમ્બન્ધવાળા જ ભગવાન્ છે અર્થાત્ આવા ભક્તોને ભગવાન્‌નો નિત્ય સમ્બન્ધ છે એમ સિદ્ધ થાય છે. સંસારમાં રહેલા જીવો માત્ર આવી રીતે ભગવાન્‌નું ભજન કરે તેથી તેઓનો ઉદ્ધાર કેમ થાય એવી શઙ્કા કરવી નહિ, કારણ કે તેઓનું ચિત્ત ભગવાનમાં પરોવાએલું હોવાથી તેઓને સંસારનું કાંઈ બન્ધન રહેતું નથી. "મારામાં જેઓની બુદ્ધિ રહેલી છે તેઓનો કામ કામામાટે કલ્પાતો નથી. શેકેલા અથવા ઉકાળેલા દાણા બીજ થઈ શકતા નથી" એમ ભગવાને શ્રીમદ્ભાગવત ૧૦।૧૯।૨૬ માં કહેલું છે. તેથી જેમ શેકેલા અથવા ઉકાળેલા દાણા બી તરીકે ઉપયોગમાં આવી નવું વૃક્ષ અથવા છોડ ઉત્પન્ન કરી શક્તાં નથી, તેમ જેઓનું ચિત્ત ભગવાનમાં પરોવાયેલું છે તેઓના કામ વિગેરે દોષ સાધારણ માણસોના કામ પેઠે કામની વૃદ્ધિ કરતા નથી, તેથી તેઓનો સંસારના સમ્બન્ધમાંથી અલ્પ સમયમાં જ ઉદ્ધાર થાય તેમાં કાંઈ આશ્ચર્ય નથી.

**મય્યેવ મન આધત્સ્વ મયિ બુદ્ધિં નિવેશય।**
**નિવસિષ્યસિ મય્યેવ અત ઊર્ધ્વં ન સંશયઃ ॥૮॥**



મયિ - મારામાં; સર્વનામ, સ.એ.વ., 'અસ્મત્'
મનઃ - મનને; નામ, દ્વિ.એ.વ., નપુ. 'મનસ્'
આધત્સ્વ - પરોવ; ક્રિ. અજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ., આ + ધા ૩ ગણ
ચ - અને; અવ્યય
મયિ - મારામાં; સર્વનામ, સ.એ.વ., 'અસ્મત્'
એવ - જ, માત્ર; અવ્યય
બુદ્ધિમ્ - બુદ્ધિને; નામ, દ્વિ.એ.વ., સ્ત્રી. 'બુદ્ધિ'
નિવેશય - પરોવ; ક્રિ.આજ્ઞાર્થ દ્વિ.પુ.એ.વ., નિ+વિશ્ ૬ ગણ, પરસ્મૈ
અતઃ ઊર્ધ્વમ્ - તેથી પછી; અવ્યય
મયિ - મારામાં; સર્વનામ, સ.એ.વ., 'અસ્મત્'
એવ - જ, માત્ર; અવ્યય
નિવસિષ્યસિ - નિવાસ કરશે; ક્રિ. ભ.કા., દ્વિ.પુ.એ.વ., 'નિ + વસ્' ૧ ગણ, પરસ્મૈ.
અત્ર - આમાં
સંશયઃ - સંશય; નામ, પ્ર.એ.વ., પુ. 'સંશય'
ન - નહિ; અવ્યય
અસ્તિ - છે; ક્રિ.પ. વ.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'

**શ્લોકાર્થ:** મારામાં જ મન રાખ. મારામાં બુદ્ધિનો પ્રવેશ કરાવ. હવે પછી તું મારામાં જ રહીશ એમાં સંશય નથી.

**વિવેચન:** એ પ્રમાણે મારા ભક્તોનો હું અલ્પ સમયમાં જ સંસારસાગરમાંથી ઉદ્ધાર કરું છું, તેથી હરકોઈ સમ્બન્ધથી પોતાને વિષે મન રાખનારને નિર્ગુણ બનાવનાર પ્રકટ સ્વરૂપ પુરુષોત્તમ પરમાત્મા મારામાં જ મન રાખ; તેમજ સઙ્કલ્પ - વિકલ્પરૂપ બુદ્ધિનો પણ મારામાં જ પ્રવેશ કરાવ. આ પ્રમાણે કરવાથી તું મારામાં જ રહીશ, પરન્તુ અક્ષર વગેરે ધામમાં તારો લય થશે નહિ, અથવા તું મારામાં જ રહીશ એટલે તું મારી સેવામાટે સદા મારી સમીપમાં રહીશ એમાં કાંઈ સંશય નથી.

**અથ ચિત્તં સમાધાતું ન શક્નોષિ મયિ સ્થિરમ્।**
**અભ્યાસયોગેન તતો મામ્ ઇચ્છાપ્તું ધનઞ્જય!॥૯॥**

અથ - વળી; અવ્યય
ત્વમ્ - તું; સર્વનામ, પ્ર.એ.વ. 'યુષ્મદ્'
ચિત્તમ્ - ચિત્તને; નામ, દ્વિ.એ.વ., નપુ. 'ચિત્ત'
મયિ - મારામાં; સર્વનામ, સ.એ.વ., 'અસ્મત્'
સ્થિરમ્ - સ્થિર; વિશેષણ, વિ. 'ચિત્તમ્'
સમાધાતુમ્ - મૂકવાને, રાખવાને; હેત્વર્થ કૃદન્ત
ન - નહિ; અવ્યય
શક્નોષિ - શક્તિમાન છે; ક્રિ. વ.કા., દ્વિ.પુ.એ.વ., 'શક્' ૫ ગણ, પરસ્મૈ,
તતઃ - ત્યારે, પછી; અવ્યય
ધનઞ્જય - હે ધનઞ્જય; સમ્બોધન
અભ્યાસયોગેન - અભ્યાસ યોગથી; નામ, તૃ.એ.વ., પુ.
મામ્ - મને; સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
આપ્તુમ્ - મેળવવાને; હેત્વર્થ કૃદન્ત
ઈચ્છ - ઈચ્છા કર; ક્રિ. આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ., 'ઈષ્ (ઈચ્છ્) ૬ ગણ

**શ્લોકાર્થ:** હે ધનઞ્જય! જો તું મારામાં સ્થિર ચિત્ત રાખી ન શકે તો પછી અભ્યાસયોગથી મને પ્રાપ્ત કરવાની ઈચ્છા રાખ.

**વિવેચન:** જો એ પ્રમાણે મારામાં સ્થિર ચિત્ત રાખી ન શકે તો અન્ય ઉપાય કહું છું. ચિત્ત સ્થિર રાખવાનો અભ્યાસ કર, અથવા અભ્યાસથી તેને સ્થિર કરી મને પ્રાપ્ત કરવાની ઈચ્છા રાખ.

**અભ્યાસેઽપ્યસમર્થોઽસિ મત્કર્મપરમો ભવ।**
**મદર્થમપિ કર્માણિ કુર્વન્ સિદ્ધિમ્ અવાપ્સ્યસિ॥૧૦॥**

યદિ ત્વમ્ - યદિ તું; સર્વનામ
અભ્યાસે - અભ્યાસમાં; નામ, સ.એ.વ., પુ. 'અભ્યાસ'
અપિ - પણ; અવ્યય
અસમર્થઃ - અસમર્થ; વિશેષણ, વિ. 'ત્વમ્'
અસિ - છે (તું) ક્રિ. વ.કા., દ્વિ.પુ.એ.વ., 'અસ્' ૨ ગણા પરસ્મૈ.
તર્હિ - તો; અવ્યય
મત્કર્મપરમઃ - મારે માટે કર્મમાં તત્પર, પરાયણ; વિશેષણ, વિ. 'ત્વમ્'



ભવ - થા; ક્રિ. આજ્ઞાર્થ દ્વિ.પુ.એ.વ., 'ભૂ' ૧ ગણ, પરસ્મૈ.
ઈત્થં - આ પ્રકારે
મદર્થમ્ - મારે માટે; સર્વનામ, ચ.એ.વ., 'અસ્મત્'
કર્માણિ - કર્મોને; નામ, દ્વિ.બ.વ., નપુ. 'કર્મન્'
કુર્વન્ - કરતો; વ.કૃ. વિશેષણ, વિ. 'ત્વમ્'
અપિ - પણ; અવ્યય
સિદ્ધિમ્ - સિદ્ધિને; નામ, દ્વિ.એ.વ., સ્ત્રી. 'સિદ્ધિ'
અવાપ્સ્યસિ - મેળવશે; ક્રિ. ભ.કા., દ્વિ.પુ.એ.વ., અવ + આપ્ ૫ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** અભ્યાસમાં પણ અસમર્થ હો તો મારા માટે કર્મ કરનાર થા. મારા માટે કર્મ કરતાં પણ તને સિદ્ધિ પ્રાપ્ત થશે.

**વિવેચન:** ચિત્ત સ્થિર રાખવામાટે અભ્યાસ કરવાની પણ તારામાં શક્તિ ન હોય તો મારી સેવા વિગેરે કર્મ ફલની કામના વિના મારી પ્રીતિને અર્થે જ કર. આવી રીતે ફલની કામના વિના કેવળ મારા માટે જ કર્મ કરતાં પણ તને સિદ્ધિ પ્રાપ્ત થશે.

**અથૈતદપ્યશક્તોઽસિ કર્તું મદ્યોગમ્ આશ્રિતઃ।**
**સર્વકર્મફલત્યાગં તતઃ કુરુ યતાત્મવાન્॥૧૧॥**

અથ - વળી; અવ્યય
એતદ્ - આ; 'મત્કર્મપરત્વમ્' સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.
અપિ - પણ; અવ્યય
કર્તુમ્ - કરવાને; હેત્વર્થ કૃદન્ત
અશક્તઃ - અશક્ત; વિશેષણ, વિ. 'ત્વમ્' ભૂ.કૃ.,
અસિ - તું છે; ક્રિ. વ.કા., દ્વિ.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ, પરસ્મૈ.
તતઃ - ત્યાર પછી; અવ્યય
યતાત્મવાન્ - જેણે અન્તઃકરણ જીતેલું છે એવો; વિશેષણ, વિ. 'ત્વમ્' "યતઃ આત્મા યસ્ય ઈતિ" બહુવ્રીહિ.
ચ - અને; અવ્યય
મદ્યોગમ્ - મારી સાથે જોડાવું. મારી પ્રાપ્તિરૂપ યોગને; નામ, દ્વિ.એ.વ., પુ.

આશ્રિતઃ - આશ્રયવાળો; ભૂ.કૃ., વિશેષણ, વિ. 'ત્વમ્'
સર્વકર્મફલત્યાગમ્ - સર્વકર્મના ફળના ત્યાગને; નામ, દ્વિ.એ.વ., પુ. ''સર્વેષામ્ કર્મણામ્ ફલાનામ્ ત્યાગઃ''
કુરુ - કર; ક્રિ. આજ્ઞાર્થ દ્વિ.પુ.એ.વ., 'કૃ' ૮ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ :** વળી આ કરવાને પણ તું અશક્ત હો તો પછી મારા યોગનો આશ્રય કરી મનને વશ કરી સર્વ કર્મોનાં ફલનો ત્યાગ કર.

**વિવેચન :** મારી પ્રીતિ અર્થે કર્મ કરવા પણ તું અશક્ત હો તો પછી મારા યોગનો અર્થાત્ મારા અને તારા સેવ્ય-સેવક સમ્બન્ધનો આશ્રય કરી એટલે સેવ્ય-સેવક ભાવનું સ્મરણ રાખી ચિત્તને વશ કરી સર્વ કર્મોનાં ફલનો ત્યાગ કર. ઈશ્વરની આજ્ઞા પ્રમાણે આચાર્યે ઉપદેશ કરેલા માર્ગની રીતે, ફલની કામના રાખ્યા વિના, યથાશક્તિ સ્વધર્મનું આચરણ કરવાથી પણ અન્તે સુખ જ પ્રાપ્ત થાય છે એવો નિશ્ચય કરી પ્રભુનું શરણ રાખવાથી પણ કૃતાર્થ થવાય છે. આ સમ્બન્ધી વિશેષ વિસ્તારપૂર્વક નિરૂપણ આગળ અધ્યાય ૧૮/૪૬ થી ૧૮/૫૪ સુધીથી ( રામાનુજ ) કરવામાં આવશે.

**શ્રેયો હિ જ્ઞાનમ્ અભ્યાસાજ્ જ્ઞાનાદ્ ધ્યાનં વિશિષ્યતે ।**
**ધ્યાનાત્ કર્મફલત્યાગઃ ત્યાગાત્ શાન્તિરનન્તરમ્ ।।૧૨।।**

હિ - ચોક્કસ; અવ્યય
અભ્યાસાત્ - અભ્યાસ કરતાં; નામ, પં.એ.વ., પુ. 'અભ્યાસ'
જ્ઞાનમ્ - જ્ઞાન; નામ, પ્ર.એ.વ., નપુ. 'જ્ઞાન'
શ્રેયઃ - કલ્યાણ; નામ, પ્ર.એ.વ., નપુ. 'શ્રેયસ્'
જ્ઞાનાત્ - જ્ઞાન કરતાં; નામ, પં.એ.વ., નપુ. 'જ્ઞાન'
ધ્યાનમ્ - ધ્યાન; નામ, પ્ર.એ.વ., નપુ. 'ધ્યાન'
વિશિષ્યતે - વિશેષ છે, વધારે છે; ક્રિ. વ. કર્મણિ તૃ.પુ.એ.વ., વિ + શિષ્ ૭ ગણ, આત્મને.
ચ - અને; અવ્યય
ધ્યાનાત્ - ધ્યાન કરતાં; નામ, પં.એ.વ., નપુ. 'ધ્યાન'
કર્મફલત્યાગઃ - કર્મફળનો ત્યાગ; પ્ર.એ.વ., પુ.
ચ - અને; અવ્યય



ત્યાગાત્ - ત્યાગથી; નામ, પં.એ.વ., પુ. 'ત્યાગ'
અનન્તરમ્ - તરત જ, અન્તર નથી જ્યાં, તત્કાળ; અવ્યય
શાન્તિઃ - શાન્તિ; નામ, પ્ર.એ.વ., સ્ત્રી. 'શાન્તિ'
ભવતિ - થાય છે; ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ. 'ભવ'

**શ્લોકાર્થ :** કારણ કે અભ્યાસ કરતાં જ્ઞાન વધારે સારું છે, જ્ઞાનથી ધ્યાન ઉત્તમ છે, અને ધ્યાનથી કર્મના ફલનો ત્યાગ ઉત્તમ છે. ત્યાગથી તરત જ શાન્તિ પ્રાપ્ત થાય છે.

**વિવેચન :** અભ્યાસ કરતાં ઉપદેશથી યુક્તિસહિત સર્વનું જ્ઞાન પ્રાપ્ત થાય તે સારું. તે જ્ઞાન કરતાં પણ ધ્યાન ઉત્તમ છે, અને ધ્યાનથી પણ સર્વ કર્મોનો ત્યાગ ઉત્તમ છે. સર્વ કર્મોનો ત્યાગ કરવાથી તરત જ શાન્તિ પ્રાપ્ત થાય છે. લાભ અથવા હાનિ માં, જય અથવા પરાજય માં ચિત્તની પ્રસન્નતા અથવા શાન્તિ રહે તે શાન્તિ. શાન્તિ પ્રાપ્ત થવાથી કૃતાર્થતા થાય છે, અથવા શાન્તિ એટલે ભગવાનની ભક્તિમાં સ્થિતિ થવી તે, અર્થાત્ ભગવદ્દભક્તિ. આ ભક્તિનાં જ સ્વરૂપનું શ્લોક ૧૩-૧૯ સુધી નિરૂપણ કરેલું છે.

**અદ્વેષ્ટા સર્વભૂતાનાં મૈત્રઃ કરુણ એવ ચ ।**
**નિર્મમો નિરહઙ્કારઃ સમદુઃખસુખઃ ક્ષમી ।।૧૩।।**
**સન્તુષ્ટઃ સતતં યોગી યતાત્મા દૃઢનિશ્ચયઃ ।**
**મય્યર્પિત-મનો-બુદ્ધિર્ યો મદ્ભક્તઃ સ મે પ્રિયઃ ।।૧૪।।**

સર્વભૂતાનામ્ - બધા પ્રાણીઓનો; નામ, ષ.બ.વ., નપુ. 'સર્વભૂત'
અદ્વેષ્ટા - દ્વેષભાવ વિનાનો; વિશેષણ, વિ. 'યોગી'
મૈત્રઃ - સ્વાર્થ રહિત, પ્રેમી; વિશેષણ, વિ. 'યોગી'
કરુણઃ - કરુણ, હેતુરહિત દયાળુ; વિશેષણ, વિ. 'યોગી'
એવ - જ સમુચ્ચયવાન 'અદ્વેષ્ટા મૈત્રઃ કરુણ એવ', વિશેષણ, વિ. 'યોગી'
નિર્મમઃ - મમતારહિત; વિશેષણ, વિ. 'યોગી'
નિરહઙ્કારઃ - અહઙ્કાર રહિત; વિશેષણ, વિ. 'યોગી'
સમદુઃખસુખઃ - સુખ અને દુઃખો ની પ્રાપ્તિમાં સમતા કરનાર; વિશેષણ, વિ. 'યોગી'

**ચ** - અને; અવ્યય
**ક્ષમી** - ક્ષમાવાન, અપરાધ કરવાવાળાને પણ અભયદાન કરનાર; વિશેષણ, વિ. 'યોગી'
**અસ્તિ તથા** - છે અને; ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ. 'અસ્', અવ્યય
**યઃ** - જે; સર્વનામ, પ્ર.એ.વ., પુ.
**યોગી** - યોગી; નામ, પ્ર.એ.વ., પુ. 'યોગિન્'
**સતતમ્** - નિરન્તર; અવ્યય
**સન્તુષ્ટઃ** - લાભ અને હાનિ માં પણ સન્તોષ ભોગવતો; વિશેષણ, વિ. 'યોગી'
**અસ્તિ તથા** - છે અને; ક્રિ. તૃ.પુ.એ.વ. 'અસ્', અવ્યય
**યતાત્મા** - અન્તઃકરણને કબજે રાખનાર; વિશેષણ, વિ. 'યોગી'
**ચ** - અને; અવ્યય
**દઢનિશ્ચયઃ** - દઢ નિશ્ચયવાળો; વિશેષણ, વિ. 'યોગી'
**અસ્તિ** - છે; ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'
**સઃ** - તે; સર્વનામ, પ્ર.એ.વ., પુ.
**મયિ** - મારામાં; સર્વનામ, સ.એ.વ., 'અસ્મત્'
**અર્પિતમનોબુદ્ધિઃ** - મન અને બુદ્ધિ અર્પણ કરનાર; "અર્પિતં મનઃ બુદ્ધિઃ યેન ઇતિ" બહુવ્રીહિ
**મદ્ભક્તઃ** - મારો ભક્ત; નામ, પ્ર.એ.વ., પુ. 'મદ્ભક્ત'
**મે** - મારો; સર્વનામ, ષ.એ.વ., 'અસ્મત્'
**પ્રિયઃ** - પ્રિય; વિશેષણ, વિ. 'સઃ'
**અસ્તિ** - છે; ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'

**શ્લોકાર્થ:** સર્વ પ્રાણીઓનો અદ્વેષી, મિત્ર, કરુણાવાળો, મમતારહિત, નિરહઙ્કારી, સુખ અને દુઃખમાં સમાન, ક્ષમાવાળો, નિત્ય સન્તુષ્ટ, યોગ આચરનાર, ઈન્દ્રિયોને નિયમમાં રાખનાર, દઢ નિશ્ચયવાળો, જેણે મન અને બુદ્ધિ મારામાં પરોવેલાં છે તેવો મારો જે ભક્ત હોય તે મને પ્રિય છે.

**વિવેચન:** અહીંથી સાત શ્લોકથી (૧૩।૧૯) ભક્તના ૩૨ લક્ષણો ભગવાનૂનો અનુગ્રહ અથવા પુષ્ટિ સૂચવનારાં છે તે કહે છે.
૧. પ્રાણીમાત્રનો દ્વેષ ન કરે

ચ - અને; અવ્યય
યઃ - જે; સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'યત્'
લોકાત્ - લોકોથી; નામ, પં.એ.વ., પુ. 'લોક'
ન - નહિ; અવ્યય
ઉદ્વિજતે - ઉદ્વેગ પામે છે; ક્રિ.વ.કા., તૃ.પુ.એ.વ., ઉદ્+વિજ્ ૧ ગણ, આત્મને
ચ - અને; અવ્યય
યઃ - જે; સર્વનામ, પ્ર.એ.વ., પુ.
હર્ષામર્ષભયોદ્વેગૈઃ - હર્ષ, ઈર્ષ્યા, ભય, ઉદ્વેગો, વડે; નામ, તૃ.બ.વ., પુ. ''હર્ષશ્ચ અમર્ષશ્ચ ભયં ચ ઉદ્વેગશ્ચ ઇતિ'' દ્વન્દ્વ
મુક્તઃ - છુટો; ભૂ.કૃ., વિશેષણ, વિ. 'યઃ'
સઃ - તે; સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'તત્'
મે - મારો; સર્વનામ, ષ.એ.વ., 'અસ્મત્'
પ્રિયઃ - વ્હાલો છે; વિશેષણ, વિ. 'યઃ'

**શ્લોકાર્થ:** જેનાથી લોકોને ઉદ્વેગ થતો નથી અને જેને લોકથી ઉદ્વેગ થતો નથી અને જે હર્ષ, ક્રોધ, ભય, અને ખેદ થી મુક્ત છે તે મને પ્રિય છે.

**વિવેચન:**

૧૩. જે સદા સેવામાં પરાયણ હોવાથી તથા પ્રાણીમાત્રનો મિત્ર અને કરુણાવાળો હોવાથી જેનાથી લોકોને ઉદ્વેગ થતો નથી, અને તે પોતે લોકોને સંસારમાં મચી રહેલા જોઈને તેમનાથી ઉદ્વેગ પામતો નથી પરન્તુ સેવા વિગેરે પોતાના ધર્મમાં નિષ્ઠા રાખે છે, અને

૧૪. જેને પોતાની ઇષ્ટ વસ્તુ પ્રાપ્ત થવાથી હર્ષ થતો નથી, ઇષ્ટ વસ્તુ પ્રાપ્ત નહિ થવાથી ક્રોધ થતો નથી, કોઈ સ્થળેથી ભય અથવા ચિન્તા પ્રહ્લાદની પેઠે થતા નથી તેવો મારો ભક્ત મને પ્રિય છે.

**અનપેક્ષઃ શુચિર્દક્ષ ઉદાસીનો ગતવ્યથઃ ।**
**સર્વારમ્ભપરિત્યાગી યો મદ્ભક્તઃ સ મે પ્રિયઃ ॥૧૬॥**

યઃ - જે; સર્વનામ, પ્ર.એ.વ., પુ.
અનપેક્ષઃ - અપેક્ષા વગરનો; વિશેષણ, વિ. 'ભક્ત'
શુચિઃ - પવિત્ર; વિશેષણ, વિ. 'ભક્તઃ'



દક્ષઃ - ચતુર, કામને સફળ કરનાર; વિશેષણ, વિ. 'ભક્તઃ'
ઉદાસીનઃ - ઉદાસીન, પક્ષપાતરહિત; વિશેષણ, વિ. 'ભક્તઃ'
ચ - અને; અવ્યય
ગતવ્યથઃ - દુઃખોથી છુટેલો; વિશેષણ, વિ. 'ભક્તઃ'
અસ્તિ - છે; ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'
સઃ - તે; સર્વનામ, પ્ર.એ.વ., પુ.
સર્વારમ્ભ પરિત્યાગી - સર્વ કર્મના આરમ્ભનો ત્યાગ કરનાર કર્મમાં અભિમાન અને આસક્તિ છોડનાર; વિશેષણ, વિ. 'ભક્તઃ' ''સર્વેષામ્ કર્મણામ્ આરમ્ભાનામ્ પરિત્યાગઃ યેન'' બહુ.
મદ્ભક્તઃ - મારો ભક્ત; નામ, પ્ર.એ.વ., પુ.
મે - મારો; સર્વનામ, ષ.એ.વ., પુ. 'અસ્મત્'
પ્રિયઃ - વ્હાલો, પ્રિય; વિશેષણ, વિ. 'ભક્તઃ'
અસ્તિ - છે; ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'

**શ્લોકાર્થ:** અપેક્ષારહિત, પવિત્ર, ચતુર, ઉદાસીન, વ્યથારહિત અને સર્વ આરમ્ભનો જેણે પરિત્યાગ કરેલો છે તેવો મારો ભક્ત મને પ્રિય છે.

**વિવેચન:**

૧૫. મારી સેવાથી જેને સાલોક્ય, સાર્ષ્ટિ, સામીપ્ય અથવા સાયુજ્ય મુક્તિની પણ જેને અપેક્ષા નથી એવો

૧૬. પવિત્ર આચારવાળો

૧૭. ભગવાનની સેવામાં તથા ભગવાનને શૃઙ્ગાર કરવામાં ચતુર

૧૮. સેવાથી ભિન્ન ભાર્યા-ગૃહ વગેરેમાં ઉદાસીન

૧૯. વ્યથારહિત એટલે ભાર્યા તથા અસત્ પુરુષો કાંઈ આક્ષેપ કરે તો વ્યથારહિત તે સહન કરનાર (''ભાર્યાદીનાં તથાઽન્યેષામસતશ્ચાક્રમં સહેત્'' વિવેકધૈર્યાશ્રમ ૭)અને

૨૦. સર્વ આરમ્ભનો જેણે પરિત્યાગ કરેલો છે, અર્થાત્ આરબ્ધ કર્મનાં ફલની અપેક્ષા રાખી નથી, પ્રત્યુત ફલનો ત્યાગ જેણે કરેલો છે તેવો મારો ભક્ત મને પ્રિય છે.

**યો ન હૃષ્યતિ ન દ્વેષ્ટિ ન શોચતિ ન કાંક્ષતિ।**

શુભાશુભપરિત્યાગી ભક્તિમાન્ યઃ સ મે પ્રિયઃ ॥૧૭॥

યઃ - જે; સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'યત્'
ન - નહિ; અવ્યય
હૃષ્યતિ - હર્ષ પામે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'હૃષ્' ૪ ગણ, પરસ્મૈ.
ન - નહિ; અવ્યય
દ્વેષ્ટિ - દ્વેષ કરે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'દ્વિષ્' ૨ ગણ, પરસ્મૈ.
ન - નહિ; અવ્યય
શોચતિ - શોક કરે છે; ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ.,
ચ ન - અને નહિ; અવ્યય
કાઙ્ક્ષતિ - આશા રાખે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'કાઙ્ક્ષ' ૧ ગણ,
યઃ - જે; સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'યત્'
શુભાશુભપરિત્યાગી - અશુભ અને શુભ ફલનો ત્યાગ કરનાર; વિશેષણ, વિ. 'યઃ'
ચ - અને; અવ્યય
ભક્તિમાન્ - ભક્તિવાળો; વિશેષણ, વિ. 'યઃ'
સઃ - તે; સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'તત્'
મમ - મારો; સર્વનામ, ષ.એ.વ., 'અસ્મત્'
પ્રિયઃ - પ્રિય; વિશેષણ, વિ. 'યઃ'
અસ્તિ - છે; ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'

શ્લોકાર્થ: જે હર્ષ પામતો નથી, દ્વેષ કરતો નથી, શોક કરતો નથી અને આકાંક્ષા રાખતો નથી, અને જેણે શુભ અને અશુભનો પરિત્યાગ કરેલો છે તેવો જે ભક્તિવાળો છે તે મને પ્રિય છે.

વિવેચન:

૨૧. લૌકિક પદાર્થની પ્રાપ્તિ થવાથી જેને હર્ષ થતો નથી, તેમજ
૨૨. અપ્રિય પ્રસઙ્ગ પ્રાપ્ત થતાં જેને દ્વેષ થતો નથી
૨૩. ધન વિગેરેનો વ્યય થવા છતાં જે શોક કરતો નથી તેમજ
૨૪. તેની આકાઙ્ક્ષા અથવા ઇચ્છા રાખતો નથી અને
૨૫. જેણે શુભ અને અશુભ સર્વ કર્મનાં ફલનો ત્યાગ કરેલો છે તેવો મારી ભક્તિ કરનાર મને પ્રિય છે.



સમઃ શત્રૌ ચ મિત્રે ચ તથા માનાપમાનયોઃ।
શીતોષ્ણ-સુખદુઃખેષુ સમઃ સઙ્ગ વિવર્જિતઃ ॥૧૮॥

યઃ - જે; સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'યત્'
શત્રૌ - શત્રુઓમાં; નામ, સ.એ.વ., પુ. 'શત્રુ'
મિત્રે - મિત્રમાં; નામ, સ.એ.વ., નપુ. 'મિત્ર'
ચ - અને; અવ્યય
માનાપમાનયોઃ - માનઅને અપમાનમાં; નામ, સ.દ્વિ.વ. નપુ. "માને અપમાને ચ" દ્વન્દ્વ
સમઃ - સમાન, સરખો; વિશેષણ, વિ. 'ભક્તઃ'
તથા - વળી, અથવા; અવ્યય
શીતોષ્ણસુખદુઃખેષુ - શીત, ઉષ્ણ, સુખ અને દુઃખમાં; નામ, સ.બ.વ., "શીતમ્ ચ ઉષ્ણમ્ ચ સુખમ્ ચ દુઃખમ્ ચ" દ્વન્દ્વ
સમઃ - સરખો; વિશેષણ, વિ. 'ભક્તઃ'
ચ - અને; અવ્યય
સઙ્ગવિવર્જિતઃ - સઙ્ગથી રહિત; વિશેષણ, વિ. 'ભક્તઃ' "સઙ્ગેન વિવર્જિતઃ ઇતિ" તત્પુ. ઉપપદ

શ્લોકાર્થ: શત્રુ અને મિત્ર પ્રતિ તેમજ માન અને અપમાનમાં, ટાઢ અને તાપમાં, સુખ અને દુઃખમાં જે સમાન છે; જે સઙ્ગથી રહિત છે.

વિવેચન:

૨૬. જે શત્રુ અને મિત્ર પ્રતિ સમાન છે, તેમજ જેને માન અને અપમાન, ટાઢ અને તાપ, તથા સુખ અને દુઃખ સમાન છે;
૨૭. જે અભક્તના સઙ્ગથી રહિત છે.

તુલ્યનિન્દાસ્તુતિર્મૌની સન્તુષ્ટો યેન-કેનચિત્।
અનિકેતઃ સ્થિરમતિર્ ભક્તિમાન્ મે પ્રિયો નરઃ ॥૧૯॥

તુલ્યનિન્દાસ્તુતિઃ - તુલ્ય છે નિન્દા અને સ્તુતિ જેને; વિશેષણ, વિ. 'નરઃ' "તુલ્યા નિન્દા ચ સ્તુતિઃ યસ્ય ઇતિ" બહુ.
મૌની - મનનશીલ; 'મુનેર્ભાવઃ યસ્મિન્ ઇતિ' બહુ. વિશેષણ, વિ.'નરઃ'
યેનકેનચિત્ - જેના તેનાથી; સર્વનામ, તૃ.એ.વ., નપુ. 'યત્ કિઞ્ચિત્'

**સન્તુષ્ટઃ** - **સન્તોષ માનતો;** ભૂ.કૃ., વિશેષણ, વિ. 'નરઃ'
**ચ** - **અને;** અવ્યય
**અનિકેતઃ** - **રહેવાના સ્થાન પર મમતા વિનાનો;** વિશેષણ, વિ. 'નરઃ' "ન નિકેતમ્ યસ્ય ઇતિ" બહુ.
**સઃ** - **તે;** સર્વનામ. પ્ર.એ.વ. 'તત્'
**સ્થિરમતિઃ** - **સ્થિર બુદ્ધિવાળો;** વિશેષણ, વિ. 'નરઃ' "સ્થિરા મતિઃ યસ્ય ઇતિ" બહુ.
**ભક્તિમાન્** - **ભક્તિવાળો;** વિશેષણ, વિ. 'નરઃ'
**નરઃ** - **મનુષ્ય;** નામ, પ્ર.એ.વ., પુ. 'નર'
**મે** - **મને, મારો;** સર્વનામ, ષ.એ.વ., 'અસ્મત્'
**પ્રિયઃ** - **વ્હાલો, પ્રિય;** વિશેષણ, વિ. 'નરઃ'
**અસ્તિ** - **છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'

**શ્લોકાર્થ :** જેને નિન્દા અને સ્તુતિ સમાન છે, જેણે વાણીને નિયમમાં રાખેલી છે, જે કાંઈ પ્રાપ્ત થાય તેથી જે સન્તોષ પામે છે, જે સ્થાન રહિત છે અને સ્થિર મતિવાળો છે તેવો ભક્તિવાળો મને પ્રિય છે.

**વિવેચન :**
૨૮. જેને પોતાની નિન્દા અથવા સ્તુતિ સમાન છે એટલે જેને પોતાની નિન્દા સાંભળવાથી દુઃખ થતું નથી તેમજ સ્તુતિ સાંભળી હર્ષ થતો નથી.
૨૯. જેણે વાણીને નિયમમાં રાખેલી છે
૩૦. જે કાંઈ પ્રાપ્ત થાય તેથી જે સન્તોષ માને છે અને તેથી ભગવાન્‌ની સેવા કરે છે
૩૧. જેને સ્થાન અથવા ઘરબાર નથી, અથવા જેની ઘરમાં આસક્તિ નથી, અને
૩૨. જેની મારામાં સ્થિર મતિ છે તેવો ભક્તિવાળો મને પ્રિય છે.

**યે તુ ધર્મ્યામૃતમિદં યથોક્તં પર્યુપાસતે ।**
**શ્રદ્દધાના મત્પરમા ભક્તાસ્તેઽતીવ મે પ્રિયઃ ॥૨૦॥**

**તુ** - **અને;** અવ્યય
**યે** - **જેઓ;** સર્વનામ, પ્ર.બ.વ., પુ.



**મત્પરમાઃ** - **મારે પરાયણ;** વિશેષણ, વિ. 'ભક્તાઃ'
**શ્રદ્દધાનઃ** - **શ્રદ્ધાયુક્ત, શ્રદ્ધાવાળા;** વિશેષણ, વિ. ભક્તાઃ
**ઇદમ્** - **આ;** સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.
**યથા** - **જેવી રીતે;** અવ્યય
**ઉક્તમ્** - **કહેવાયેલું;** વિશેષણ, વિ. 'ધર્મ્યામૃતમ્'
**ધર્મ્યામૃતમ્** - **ધર્મમય અમૃતને;** નામ, દ્વિ.એ.વ., નપુ.
**પર્યુપાસતે** - **નિષ્કામ ભાવથી સેવા કરે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., પરિ + ઉપ + આસ્ ૨ ગણ, આત્મને.
**તે** - **તેઓ;** સર્વનામ, પ્ર.બ.વ., પુ.
**ભક્તાઃ** - **ભક્તો;** નામ, પ્ર.બ.વ., પુ. 'ભક્ત'
**મે** - **મને;** અવ્યય. **અતીવ** - **ઘણું જ;** અવ્યય
**પ્રિયાઃ** - **પ્રિય છે;** વિશેષણ, વિ. 'ભક્તાઃ'

**શ્લોકાર્થ :** વળી જે ભક્તો શ્રદ્ધા રાખી મને પરમ જાણી આ ધર્મ્ય અમૃતનું કહ્યા પ્રમાણે સેવન કરે છે તેઓ મને બહુ પ્રિય છે.

**વિવેચન :** વળી જે દૈવી જીવો શ્રદ્ધા રાખી મને પરમ જાણે છે અર્થાત્ મારી ભક્તિમાં જ નિષ્ઠા રાખે છે, અને આ ધર્મ્ય એટલે સેવાધર્મ રૂપી અમૃતનું તને કહ્યું તે પ્રમાણે સેવન કરે છે, તેઓ મને બહુ જ પ્રિય છે. અહીં જે સેવન કરે છે એમ સામાન્યતાથી કહેલું હોવાથી ત્રૈવર્ણિકજ ભક્તિ કરી શકે તેમ નથી, પરન્તુ સર્વ વાર્ણવાળા ભક્તિ કરી શકે છે.

એ પ્રમાણે આ અધ્યાયમાં અવ્યકતની ઉપાસનાના માર્ગમાં દુઃખ છે, મર્યાદાથી પણ દુઃખ છે, પરન્તુ શ્રીકૃષ્ણની ભક્તિના માર્ગમાં પુષ્ટિ અથવા ભગવાન્‌ના અનુગ્રહથી સુખ જ છે એવો ઉપદેશ કરેલો છે. લોકોનો ઉદ્ધાર કરનાર ભગવાન્ શ્રીકૃષ્ણે આ અધ્યાયમાં સર્વ સન્દેહો દૂર થાય તેવી રીતે ભક્તિયોગરૂપી અમૃતનાં વચનો અર્જુનને કહ્યાં છે.

**ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે**
**શ્રીકૃષ્ણાર્જુનસંવાદે 'ભક્તિયોગો' નામ**
**દ્વાદશોઽધ્યાયઃ ॥૧૨॥**

# ॥ અધ્યાય ૧૩ ॥
# ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞવિભાગયોગ

**શ્રીભગવાન્ ઉવાચ**

**ઇદં શરીરં કૌન્તેય! 'ક્ષેત્રમ્' ઇત્યભિધીયતે।**
**એતદ્ યો વેત્તિ તં પ્રાહુઃ 'ક્ષેત્રજ્ઞઃ' ઇતિ તદ્વિદઃ ॥૧॥**

**કૌન્તેય** - **હે કૌન્તેય;** સમ્બોધન
**ઇદમ્** - **આ;** સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
**શરીરમ્** - **શરીર;** નામ, પ્ર.એ.વ., નપુ. 'શરીર'
**ક્ષેત્રમ્** - **ક્ષેત્ર;** નામ, પ્ર.એ.વ., નપુ. 'ક્ષેત્ર'
**ઇતિ** - **એમ;** અવ્યય
**અભિધીયતે** - **કહેવાય છે;** ક્રિ. વ.કર્મણિ તૃ.પુ.એ.વ., અભિ+ધા ૩ ગણ, આત્મને
**એતદ્** - **આને;** સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.
**યઃ** - **જે;** સર્વનામ, પ્ર.એ.વ., પુ.
**વેત્તિ** - **જાણે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'વિદ્' ૨ ગણ, પરસ્મૈ.
**તમ્** - **તેને;** સર્વનામ, દ્વિ.એ.વ., પુ.
**તદ્વિદઃ (તત્)** - = **તત્ત્વ, તત્ત્વને જાણનાર;** નામ, પ્ર.બ.વ., પુ.
**ક્ષેત્રજ્ઞઃ** - **ક્ષેત્રને જાણનાર;** નામ, પ્ર.એ.વ., પુ.
**ઇતિ** - **એમ;** અવ્યય
**પ્રાહુઃ** - **કહે છે;** ક્રિ. તૃ.પુ.બ.વ.,

**શ્લોકાર્થ :** હે કૌન્તેય! આ શરીર 'ક્ષેત્ર' કહેવાય છે. એ ક્ષેત્રને જે જાણે છે, તેને જાણનારાઓ તેને 'ક્ષેત્રજ્ઞ' કહે છે.

**વિવેચન :** શ્રીમદ્ભગવદ્ગીતામાં ૧૮ અધ્યાય છે. તેમાં પહેલા છ અધ્યાય સૂત્રરૂપ છે. અધ્યાય ૭ થી ૧૨ સુધીના છ અધ્યાયો આ સૂત્રની વૃત્તિરૂપ છે અને અધ્યાય ૧૩ થી અધ્યાય ૧૮ સુધીના છ અધ્યાયો ભાષ્યરૂપ છે. વૃત્તિરૂપ સાતમા અધ્યાયના આરમ્ભમાં 'પરા' અને 'અપરા' એમ બે પ્રકારની પ્રકૃતિ કહેલી છે. અહીં પ્રકૃતિ-પુરુષ વિગેરેનો ભગવાન્ વિસ્તારથી



બોધ કરે છે. અહીં અર્જુનનો પ્રશ્ન નથી, પરન્તુ આ અધ્યાય ભાષ્યરૂપ હોવાથી પ્રશ્ન વિના જ ભગવાન્ ઉપદેશ કરે છે. અર્જુનના પ્રશ્ન તરીકે એક ક્ષેપક શ્લોક કેટલાક મૂકે છે, પરન્તુ તે યોગ્ય નથી, કારણ કે આ અધ્યાય ભાષ્યરૂપ હોવાથી પ્રશ્ન અહીં સમ્ભવતો નથી, તેમજ ઘણી શ્રીમદ્ભગવદ્ગીતાની પ્રતોમાં એ શ્લોક નથી.

"જેમ પિણ્ડમાં તેમ બ્રહ્માણ્ડમાં" એ નિયમ પ્રમાણે પ્રથમ જે જડ અનાત્મરૂપ પ્રકૃતિ કહેલી છે તેના પરિણામરૂપ આ શરીર પુરુષનું નિવાસસ્થાન હોવાથી 'ક્ષેત્ર' કહેવાય છે. પુરુષ આવા ક્ષેત્રરૂપ શરીરને પોતાથી ભિન્ન તરીકે ન જાણતો હોય તો તે માત્ર ક્ષેત્રી જ છે, પરન્તુ ક્ષેત્રજ્ઞ નથી. આવો જીવ સંસારી છે; પરન્તુ જે પુરુષ પોતાથી ભિન્ન તરીકે ક્ષેત્ર જાણે છે તે 'ક્ષેત્રજ્ઞ' કહેવાય છે. તે આ શરીરને પોતાથી ભિન્ન ક્ષેત્ર તરીકે જાણે છે અને પોતાને દ્રષ્ટા જાણે છે. જો કે ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ નું જ્ઞાન સંસારદશામાં પણ હોય છે પરન્તુ તે દશામાં તેઓનું ભિન્ન તરીકે જ્ઞાન હોતું નથી, પરન્તુ એક જ તરીકે જ્ઞાન હોય છે. આમ છતાં ક્ષેત્ર ભોગ્ય છે, અને ભોક્તા પુરુષથી તે જુદું જ છે, એમ શવ(મડદાં) ઉપરથી જણાય છે; કારણ કે ક્ષેત્ર અને પુરુષ એક જ છે એવું જ્ઞાન જ્યારે ઉભયનો સમ્બન્ધ હોય ત્યારે જ સમ્ભવી શકે; પરન્તુ ક્ષેત્ર અથવા પુરુષ એકલા હોય ત્યાં સમ્ભવી શકે નહિ. વેદ્ય શરીર અથવા ક્ષેત્ર વેત્તા પુરુષથી ભિન્ન છે, કારણ કે ઘટ અને ઘટ જોનાર ભિન્ન હોય છે એમ જોવામાં આવે છે. "હું દેહ છું" એવી પ્રતીતિ અતિમન્દ પુરુષોને જ હોય છે. ક્ષેત્ર અને પુરુષ ભિન્ન છે, એવું જ્ઞાન પોતાના આત્મરૂપ ક્ષેત્રજ્ઞને ભિન્ન તરીકે જાણનાર વિદ્વાનને જ હોય છે. સર્વને હોતું નથી.

**ક્ષેત્રજ્ઞં ચાપિ માં વિદ્ધિ સર્વક્ષેત્રેષુ ભારત!।**
**ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞયોર્ જ્ઞાનં યત્ તજ્ જ્ઞાનં મતં મમ ॥૨॥**

**ભારત** - **હે ભારત, હે અર્જુન;** સમ્બોધન
**સર્વક્ષેત્રેષુ** - **બધાં ક્ષેત્રોમાં, શરીરોમાં;** નામ, સ.બ.વ., નપુ.
**ક્ષેત્રજ્ઞમ્** - **ક્ષેત્રજ્ઞને, જીવાત્માને;** નામ, દ્વિ.એ.વ., પુ. 'ક્ષેત્રજ્ઞ'
**ચ, અપિ** - **અને, પણ;** અવ્યય
**મામ્** - **મને;** સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'

વિદ્ધિ - જાણ; ક્રિ. આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ., 'વિદ્' ૨ ગણ
યત્ - જે; સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
ક્ષેત્રક્ષેત્રજ્ઞયોઃ - ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞનું; નામ, ષ.દ્વિ.વ.પુ.
જ્ઞાનમ્ - જ્ઞાન; નામ, પ્ર.એ.વ., નપુ.
તત્ - તે; સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
જ્ઞાનમ્ - જ્ઞાન; નામ, પ્ર.એ.વ., નપુ.
મમ - મારું; સર્વનામ, ષ.એ.વ., 'અસ્મત્'
મતમ્ - મત, માનેલું; ભૂ.કૃ., વિશેષણ, વિ. 'જ્ઞાનમ્'

**શ્લોકાર્થ:** વળી હે ભારત! સર્વ ક્ષેત્રોમાં ક્ષેત્રજ્ઞ પણ મને જાણ. ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ નું જે જ્ઞાન છે તે મને સમ્મત છે.

**વિવેચન:** ક્ષેત્ર પુરુષથી ભિન્ન છે એવું જાણનાર ક્ષેત્રજ્ઞ પણ સર્વ ક્ષેત્રોમાં હું જ છું, કારણ કે ક્ષેત્રી તરીકે સંસારનિમગ્ન જીવ ક્ષેત્રને પોતાથી ભિન્ન તરીકે જાણતો નથી, પણ જે કોઈ તેને પોતાથી ભિન્ન જાણે છે તે મારો અંશ તથા મારારૂપ હોવાથી હું જ છું એમ જાણ, કારણ કે તેનામાં મારા ગુણોનો આવિર્ભાવ થએલો છે. જીવમાં બ્રહ્મના ગુણો વિશેષતાથી હોવાથી તેને 'બ્રહ્મ' પણ કહે છે એમ બ્રહ્મસૂત્ર ૨।૩।૨૯ થી પણ જણાય છે. ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ નું જ્ઞાન મને સમ્મત છે એમ કહી ભગવાન્ આ જ્ઞાન ઉત્તમ છે એવો ઉપદેશ કરે છે.

**તત્ ક્ષેત્રં યચ્ચ યાદૃક્ ચ યદ્ વિકારિ યતશ્ચ યત્।**
**સ ચ યો યત્ પ્રભાવશ્ચ તત્ સમાસેન મે શૃણુ॥૩॥**

તત્ - તે; સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
ક્ષેત્રમ્ - શરીર, ક્ષેત્ર; નામ, પ્ર.એ.વ., નપુ. 'ક્ષેત્ર'
યત્ - જે; સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
ચ - અને; અવ્યય
યાદૃક્ - જેવું છે તેવું; વિશેષણ, વિ. 'ક્ષેત્રમ્'
યત્ - જે; સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
વિકારિ - વિકારી; વિશેષણ, વિ. 'ક્ષેત્રમ્'
ચ - અને; અવ્યય



યતઃ - જે કારણથી, અને; અવ્યય
યત્ - જે; સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
અભૂત્ - થયું છે; ક્રિયાપદ
ચ - અને; અવ્યય
સઃ - તે; સર્વનામ, પ્ર.એ.વ., પુ.
યઃ - જે; સર્વનામ, પ્ર.એ.વ., પુ. અથવા વિશેષણ વિ. 'સઃ'
ચ - અને; અવ્યય
યત્પ્રભાવઃ - જેના પ્રભાવવાળો, સ્વભાવવાળો; વિશેષણ, વિ. 'સઃ'
અસ્તિ - છે; ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'
તત્ - તે, તે બધું; સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.
સમાસેન - સંક્ષેપથી; નામ, તૃ.એ.વ., પું.
મે - મારી; સર્વનામ, ષ.એ.વ., 'અસ્મત્'
શૃણુ - સાંભળ; ક્રિ. આજ્ઞાર્થ દ્વિ.પુ.એ.વ., 'શ્રુ' ૫ ગણ પરસ્મૈ.

**શ્લોકાર્થ:** તે ક્ષેત્ર જે (દ્રવ્ય) છે, જેવું છે, જે વિકારોવાળું છે, જેથી છે, અને જે સ્વભાવવાળું છે, તથા તે (ક્ષેત્રજ્ઞ) જે છે, અને જે પ્રભાવવાળો છે તે ટૂંકમાં મારી પાસેથી સાંભળ.

**વિવેચન:** ક્ષેત્ર જે દ્રવ્ય છે, જેવું છે એટલે જેનો આશ્રય છે, જે વિકારવાળું છે અર્થાત્ તેનામાં જે વિકારો છે, જેથી છે એટલે જે પ્રયોજનથી તેનો ઉદ્ભવ થએલો છે અને જે સ્વભાવવાળું છે તે મારી પાસેથી ટૂંકમાં સાંભળ. તેમજ તે ક્ષેત્રજ્ઞ જે છે, અર્થાત્ ક્ષેત્રજ્ઞનું સ્વરૂપ અને તેનો જે પ્રભાવ છે તે મારી પાસેથી ટૂંકમાં સાંભળ.

**ઋષિભિર્ બહુધા ગીતં છન્દોભિર્ વિવિધૈઃ પૃથક્।**
**બ્રહ્મસૂત્રપદૈશ્ચૈવ હેતુમદ્ભિર્ વિનિશ્ચિતૈઃ॥૪॥**

ઋષિભિઃ - ઋષિઓવડે; નામ, તૃ.બ.વ., પુ. 'ઋષિ'
બહુધા - બહુ પ્રકારે; અવ્યય
ગીતમ્ - સમજાવાયું છે; ભૂ.કૃ., વિશેષણ, વિ. 'એતદ્ જ્ઞાનમ્'
ચ - અને; અવ્યય
વિવિધૈઃ - નાના પ્રકારના; વિશેષણ, વિ. 'છન્દોભિઃ'

છન્દોભિઃ - છન્દોથી, વેદમન્ત્રોથી; નામ, તૃ.બ.વ., નપુ.
પૃથક્ - જુદી - જુદી રીતે; અવ્યય
ગીતમ્ - ગાયેલું છે; ક્રિયાપદ
ચ - અને; અવ્યય
વિનિશ્ચિતૈઃ - સારી રીતે નિશ્ચય કરેલા; વિશેષણ, વિ. 'બ્રહ્મસૂત્રપદૈઃ'
હેતુમદ્ભિઃ - હેતુવાળાઓવડે, યુક્તિથી સિદ્ધ કરેલું; વિશેષણ, વિ. 'બ્રહ્મસૂત્રપદૈઃ'
બ્રહ્મસૂત્રપદૈઃ - બ્રહ્મસૂત્રમાંના પદોથી; નામ, તૃ.બ.વ., નપુ.
એવ - અને, માત્ર; અવ્યય
તથૈવ ગીતમ્ - તેમજ ગાયેલું છે;

**શ્લોકાર્થ:** તે ઋષિઓએ બહુ પ્રકારે ગાએલું છે, તેમજ જુદા-જુદા વેદવાક્યોએ પણ જુદું ગાએલું છે, અને હેતુવાળા નિશ્ચિત બ્રહ્મસૂત્રનાં પદોએ પણ ગાએલું છે.

**વિવેચન:** તે ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ નાં સ્વરૂપને ઋષિઓએ બહુ પ્રકારે ગાએલું છે, તેમજ વેદના જુદા-જુદા છન્દોમાં તેનું જુદું-જુદું વર્ણન કરેલું છે. કોઈ છન્દમાં તેને ધ્યાન કરવા યોગ્ય, કોઈમાં ધારણા યોગ્ય, કોઈમાં વૈરાજરૂપ કહેલું છે. તેમજ વેદવ્યાસે રચેલાં યુક્તિવાળાં તથા પાકા નિશ્ચયવાળાં બ્રહ્મસૂત્રોના અધિકરણોમાં પણ બહુ પ્રકારથી ગાએલું છે. આ સર્વના સારરૂપ તેનું યથાર્થ સ્વરૂપ હું તને ટૂંકમાં કહું છું તે સાંભળ.

**મહાભૂતાન્યહઙ્કારો બુદ્ધિરવ્યક્તમેવ ચ ।**
**ઇન્દ્રિયાણિ દશૈકં ચ પઞ્ચ ચેન્દ્રિયગોચરાઃ ॥૫॥**
**ઇચ્છા દ્વેષઃ સુખં દુઃખં સઙ્ઘાતશ્ચેતના ધૃતિઃ ।**
**એતત્ ક્ષેત્રં સમાસેન સવિકારમ્ ઉદાહૃતમ્ ॥૬॥**

મહાભૂતાનિ - મહાભૂતો; નામ, પ્ર.બ.વ., નપુ.
અહઙ્કારઃ - અહઙ્કાર; નામ, પ્ર.એ.વ., પુ. 'અહઙ્કાર'
બુદ્ધિઃ - બુદ્ધિ; નામ, પ્ર.એ.વ., સ્ત્રી 'બુદ્ધિ'
ચ - અને; અવ્યય
અવ્યક્તમ્ - અવ્યક્ત, મૂળ પ્રકૃતિ; નામ, પ્ર.એ.વ., નપુ. 'અવ્યક્ત'
એવ - પણ; અવ્યય



ચ - અને; અવ્યય
દશ - પાંચ કર્મેન્દ્રિય, પાંચ જ્ઞાનેન્દ્રિય; વિશેષણ, વિ. 'ઇન્દ્રિયાણિ'
ઇન્દ્રિયાણિ - ઇન્દ્રિયો; નામ, પ્ર.બ.વ., નપુ.
એકમ્ - એક ( મન ) વિશેષણ, વિ. 'મનઃ'
ચ - અને; અવ્યય
પઞ્ચ - પાંચ; વિશેષણ, વિ. 'ઇન્દ્રિયગોચરાઃ'
ઇન્દ્રિયગોચરાઃ - ઇન્દ્રિયોથી સમજાય એવા વિષયો; શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગન્ધ; નામ, પ્ર.બ.વ., પુ.
ઇચ્છા - ઇચ્છા; નામ, પ્ર.એ.વ., સ્ત્રી. 'ઇચ્છા'
દ્વેષઃ - દ્વેષ; નામ, પ્ર.એ.વ., પું.
સુખમ્ - સુખ; નામ, પ્ર.એ.વ., નપુ. 'સુખ'
દુઃખમ્ - દુઃખ; નામ, પ્ર.એ.વ., નપુ. 'દુઃખ'
સઙ્ઘાતઃ - સમૂહ, સ્થૂલ દેહનો પિણ્ડ; નામ, પ્ર.એ.વ., પુ.
ચેતના - ચેતના; નામ, પ્ર.એ.વ., સ્ત્રી.
ચ - અને; અવ્યય
ધૃતિઃ - ધારણા શક્તિ, ધૈર્ય; નામ, પ્ર.એ.વ., સ્ત્રી 'ધૃતિ'
એતદ્ - આ; વિશેષણ, વિ. 'ક્ષેત્રમ્'
ક્ષેત્રમ્ - ક્ષેત્ર; નામ, પ્ર.એ.વ., નપુ. 'ક્ષેત્ર'
સવિકારમ્ - વિકારી; વિશેષણ, વિ. 'ક્ષેત્રમ્'
સમાસેન - ભેગું થયેલું તે સમૂહવડે, ટૂંકામાં; નામ, તૃ.એ.વ., પુ. 'સમાસ'
ઉદાહૃતમ્ - કહ્યું, કહેલું છે; ભૂ.કૃ., વિશેષણ, વિ. 'ક્ષેત્રમ્'

**શ્લોકાર્થ:** મહાભૂતો, અહઙ્કાર, બુદ્ધિ તથા અવ્યક્ત, અને દશ અને એક ઇન્દ્રિયો, તથા પાંચ ઇન્દ્રિયોના વિષયો, ઇચ્છા, દ્વેષ, સુખ, દુઃખ, સઙ્ઘાત, ચેતના અને ધૃતિ. આ વિકાર સહિત ક્ષેત્ર ટૂંકમાં કહ્યું.

**વિવેચન:** પૃથિવી, જલ, તેજ, વાયુ અને આકાશ એ પાંચ મહાભૂતો ક્ષેત્ર છે. ક્ષેત્ર આ પંચમહાભૂતરૂપી દ્રવ્ય છે. હવે ક્ષેત્ર જેવું છે અર્થાત્ જેઓનો આશ્રય છે તે કહે છે. અહઙ્કાર, બુદ્ધિ, અવ્યક્ત અર્થાત્ મહત્તત્વ, પાંચ જ્ઞાનેન્દ્રિય અને પાંચ કર્મેન્દ્રિય તથા એક મન મળી અગીઆર ઇન્દ્રિયો, તથા પાંચ ઇન્દ્રિયોના વિષયો તેનો આશ્રય કરી રહેલા છે.

હવે તેનાં વિકારો કહે છે. ઈચ્છા, દ્વેષ, સુખ અને દુઃખ સઙ્ઘાત એટલે સર્વનું એકત્ર થવું તે; ચેતના એટલે વિવેક વિગેરેરૂપી પ્રાણોની વૃત્તિ, અને ધૃતિ અથવા ધૈર્ય એ તેના વિકારો છે. ઈચ્છા, દ્વેષ, સુખ અને દુઃખ એ ચાર જો કે આત્માના ધર્મો છે તો પણ ચિદંશરૂપ આત્મામાં ક્ષેત્રનાં સમ્બન્ધથી જ એ ધર્મો થતા હોવાથી તેઓનો આશ્રય પણ ક્ષેત્ર જ છે, અને તેઓ ક્ષેત્રના જ વિકાર છે, એમ કહેલું છે. સુખ અને દુઃખ નો ભોગ કરનાર, ભોગ અથવા મોક્ષને સાધનાર, ચિદંશભૂત વસ્તુતઃ અવ્યક્ત પુરુષના આધાર તરીકે ઉત્પન્ન થયેલું પંચમહાભૂતમય શરીર અહઙ્કાર વિગેરેનો આશ્રય છે. ઈચ્છા વિગેરે તેના વિકારો છે. ધર્મ, અર્થ કામ અને મોક્ષ રૂપી ચાર અર્થને તે પ્રાપ્ત કરાવનાર છે. મારી ભક્તિ થઈ શકે તે માટે મેં તારી ઈચ્છાથી તેનો ઉદ્ભવ કરાવેલો છે અને તેનો નશ્વર સ્વભાવ છે. તે ક્ષેત્ર સ્થૂલ તથા સૂક્ષ્મ દેહરૂપ છે. આ પ્રમાણે વિકાર સહિત ક્ષેત્ર તને ટૂંકમાં કહ્યું.

આ બે શ્લોકનું અનુસન્ધાન શ્રીભાગવત્ ૧૦ા૩૫ા૧૮ ઉપરનાં સુબોધિનીમાં કરેલું છે.

**અમાનિત્વમ્ અદમ્ભિત્વમ્ અહિંસા ક્ષાન્તિરાર્જવમ્।**
**આચાર્યોપાસનં શૌચં સ્થૈર્યમ્ આત્મવિનિગ્રહઃ ॥૭॥**
**ઇન્દ્રિયાર્થેષુ વૈરાગ્યમ્ અનહઙ્કાર એવ ચ।**
**જન્મ-મૃત્યુ-જરા-વ્યાધિ - દુઃખ-દોષાનુદર્શનમ્ ॥૮॥**
**અસક્તિર્ અનભિષ્વઙ્ગઃ પુત્ર-દાર-ગૃહાદિષુ।**
**નિત્યં ચ સમચિત્તત્વમ્ ઇષ્ટાનિષ્ટોપપત્તિષુ ॥૯॥**
**મયિ ચાનન્યયોગેન ભક્તિરવ્યભિચારિણી।**
**વિવિક્ત-દેશસેવિત્વમ્ અરતિર્ જનસંસદિ ॥૧૦॥**
**અધ્યાત્મજ્ઞાનનિત્યત્વં તત્ત્વજ્ઞાનાર્થદર્શનમ્।**
**એતજ્ જ્ઞાનમ્ ઇતિ પ્રોક્તમ્ અજ્ઞાનં યદતોઽન્યથા ॥૧૧॥**

**અમાનિત્વમ્** - અમાનીપણું; શ્રેષ્ઠતાનું અભિમાન ન રાખવું તે; નામ, પ્ર.એ.વ., નપુ.
**અદમ્ભિત્વમ્** - અદમ્ભીપણું; નામ, પ્ર.એ.વ., નપુ.
**અહિંસા** - અહિંસા; નામ, પ્ર.એ.વ., સ્ત્રી. 'અહિંસા'
**ક્ષાન્તિઃ** - ક્ષમા ભાવ; નામ, પ્ર.એ.વ., સ્ત્રી. 'ક્ષાન્તિ'



**આર્જવમ્** - મન અને વાણી ની સરળતા; નામ, પ્ર.એ.વ., નપુ. 'આર્જવ'
**આચાર્યોપાસનમ્** - ગુરુની સેવા; નામ, પ્ર.એ.વ., નપુ.
**શૌચમ્** - બહિર્ અને અન્તર્ શુદ્ધિ; નામ, પ્ર.એ.વ., નપુ. 'શૌચ'
**સ્થૈર્યમ્** - અન્તઃકરણની સ્થિરતા; નામ, પ્ર.એ.વ., નપુ. 'સ્થૈર્ય'
**આત્મવિનિગ્રહઃ** - મન અને ઇન્દ્રિયો સહિત શરીરનો નિગ્રહ; નામ, પ્ર.એ.વ., પુ.
**ઇન્દ્રિયાર્થેષુ** - ઇન્દ્રિયોના ભાગોમાં; નામ, સ.બ.વ., પુ.
**વૈરાગ્યમ્** - વૈરાગ્ય, આસક્તિનો અભાવ; નામ, પ્ર.એ.વ., નપુ. 'વૈરાગ્ય'
**અનહઙ્કારઃ** - અહઙ્કારનો અભાવ; નામ, પ્ર.એ.વ., નપુ.
**એવ** - અને; અવ્યય
**જન્મ મૃત્યુ જરા વ્યાધિ દુઃખ દોષાનુદર્શનમ્** - જન્મ, મરણ જરા, વ્યાધિ, દુઃખ દોષોનું વારંવાર વિચાર કરવું; નામ, પ્ર.એ.વ., નપુ.; નામ, પ્ર.એ.વ., નપુ.
**ચ** - અને; અવ્યય
**પુત્રદારગૃહાદિષુ** - પુત્ર, સ્ત્રી, ઘર, ઈત્યાદિમાં; નામ, સ.એ.ષ., પુ.
**અસક્તિઃ** - આસક્તિ ન હોવાપણું; નામ, પ્ર.એ.વ., સ્ત્રી.
**અનભિષ્વઙ્ગઃ** - મમતાનો નાશ; નામ, પ્ર.એ.વ., પુ.
**ચ** - અને; અવ્યય
**ઇષ્ટાનિષ્ટોપપત્તિષુ** - પ્રિય તેમ જ અપ્રિયની પ્રાપ્તિમાં; નામ, સ.બ.વ., સ્ત્રી. ''ઇષ્ટમ્ ચ અનિષ્ટમ્ ચ ઇતિ તયોઃ ઉપપત્તિષુ'' તત્પુ.
**નિત્યમ્** - હંમેશા; અવ્યય
**સમચિત્તત્વમ્** - ચિત્તની સમાનતા; નામ, પ્ર.એ.વ., નપુ.
**મયિ** - મારામાં; સર્વનામ, સ.એ.વ., 'અસ્મત્'
**અનન્યયોગેન** - અન્યાશ્રયરહિત યોગવડે; નામ, તૃ.એ.વ., પુ. 'અનન્યયોગ'
**અવ્યભિચારિણી** - બીજામાં ચિત્ત ન જાય એવી; વિશેષણ, વિ. 'ભક્તિઃ'
**ભક્તિઃ** - ભક્તિ; નામ, પ્ર.એ.વ., સ્ત્રી. 'ભક્તિ'
**ચ** - અને; અવ્યય
**વિવિક્તદેશસેવિત્વમ્** - એકાન્ત અને શુદ્ધ દેશમાં રહેવું તે; નામ, પ્ર.એ.વ., નપુ. 'વિવિક્તઃ દેશઃ, તસ્ય સેવિત્વમ્' તત્પુ.
**જનસંસદિ** - વિષયાસક્ત મનુષ્યના સમુદાયમાં; નામ, સ.એ.વ., ''જનાનાં સંસત્ જનસંસત્'' તત્પુ.

**અરતિઃ** - રતિ નહિ હોવાપણું; નામ, પ્ર.એ.વ., સ્ત્રી.

**અધ્યાત્મજ્ઞાન નિત્યત્વમ્** - **અધ્યાત્મજ્ઞાનમાં નિત્ય સ્થિતિ;** નામ, પ્ર.એ.વ., નપુ. "આત્મનઃ ઈતિ અધ્યાત્મ (તત્પુ.) અધ્યાત્મં ચ જ્ઞાનં ઈતિ તસ્ય નિત્યત્વમ્"

**ચ** - **અને;** અવ્યય

**તત્ત્વજ્ઞાનાર્થદર્શનમ્** - **તત્ત્વજ્ઞાનના અર્થનો વિચાર;** નામ, પ્ર.એ.વ., નપુ.

**એતદ્** - **આ;** સર્વનામ, પ્ર.એ.વ., નપુ.

**જ્ઞાનમ્** - **જ્ઞાન;** નામ, પ્ર.એ.વ., નપુ.

**ઈતિ** - **એમ;** અવ્યય

**પ્રોક્તમ્** - **કહેવાયું;** ભૂ.કૃ., વિશેષણ, વિ. 'જ્ઞાનમ્'

**અસ્તિ** - **છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'

**અતઃ** - **એથી;** અવ્યય

**અન્યથા** - **ઊલટું, વિપરીત;** અવ્યય

**યત્** - **જે;** સર્વનામ, પ્ર.એ.વ., નપુ.

**અસ્તિ તત્** - **છે તે;** ક્રિયાપદ

**અજ્ઞાનમ્** - **અજ્ઞાન;** નામ, પ્ર.એ.વ., નપુ. 'અજ્ઞાન'

**અસ્તિ** - **છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'

**શ્લોકાર્થ:** અમાનિપણું, અદમ્ભિપણું, અહિંસા, ક્ષમા, ઋજુતા, આચાર્યની સેવા, પવિત્રતા, સ્થૈર્ય, ચિત્તનો નિગ્રહ, ઈન્દ્રિયોના વિષયો પ્રતિ વૈરાગ્ય, અને વળી અહઙ્કારનો અભાવ; જન્મ મરણ જરા અને વ્યાધિ માં દુઃખ તથા દોષ નો વિચાર; પુત્ર પત્ની ગૃહ વિગેરેમાં આસક્તિનો તથા સઙ્ગનો અભાવ, ઈષ્ટ અથવા અનિષ્ટ ની પ્રાપ્તિમાં નિત્ય સમચિત્તપણું, તથા મારામાં અનન્ય યોગથી અવ્યભિચારિણી ભક્તિ, એકાન્ત પ્રદેશનું સેવન, લોકોની સભામાં અરતિ, નિત્ય અધ્યાત્મજ્ઞાન અને તત્ત્વજ્ઞાનના અર્થનો વિચાર—આને જ્ઞાન કહે છે, આથી અન્યથા હોય તે અજ્ઞાન છે.

**વિવેચન:** હવે તે ક્ષેત્રમાં પોતાના આત્માના જ્ઞાનના ગુણો કહે છે. અહીંથી સાડાચાર શ્લોકથી (૭-૧૦॥) જ્ઞાનનાં ગુણો કહેલા છે, એટલે પાંચ શ્લોકથી (૭-૧૧॥) જ્ઞાનનો બોધ કરેલો છે.

- 'અમાનિપણું' એટલે પોતાના ગુણોની ઉત્તમતાનાં વર્ણનમાં આનન્દ ન



માનવો તે.

- 'અદમ્ભિપણું' એટલે લોકને દેખાડવામાટે જ ધર્મ વિગેરેનું આચરણ ન કરવું તે.
- 'અહિંસા' એટલે બીજાઓને પીડા ન કરવી તે.
- 'ક્ષમા' એટલે દુષ્ટ વિગેરેના અપમાનનું સહન.
- 'ઋજુતા' એટલે નિષ્કપટપણુ. આચાર્યની સેવા.
- પવિત્રતા બાહ્ય અને અભ્યન્તર એમ બે પ્રકારની છે. માટી, જલ વિગેરેથી બાહ્ય પવિત્રતા સિદ્ધ થાય છે, અને ભગવાનનું સ્મરણ કરવાથી અભ્યન્તર પવિત્રતા સિદ્ધ થાય છે.
- ક્લેશ વિગેરેમાં પણ ભગવત્પરાયણ રહેવું તે સ્થૈર્ય.
- 'આત્મા' એટલે ચિત્તનો નિગ્રહ. અથવા 'આત્મવિનિગ્રહ' એટલે શીત, ક્ષુધા વિગેરેના સહનથી દેહનો સંયમ.
- ઈન્દ્રિયોના વિષયો પ્રતિ વૈરાગ્ય,
- અહઙ્કારના અભાવ. મૂલમાં 'એવ' શબ્દ છે તેથી આ ગુણ આવશ્યક છે એવો બોધ થાય છે.
- જન્મ મરણ વિગેરેમાં દુઃખ અને દોષ નો વિચાર; કારણ કે જન્મરહિત બ્રહ્મના અંશનો યોનિ અને મલ સાથે સમ્બન્ધ થવો તે જન્મ છે, અને તેને ભગવાનનું વિસ્મરણ થાય તે મરણ છે. 'જરા' એટલે વૃદ્ધાવસ્થાથી શક્તિ ક્ષીણ થાય છે, અને વ્યાધિમાં ક્લેશ થાય છે, તેથી તેઓમાં દુઃખ તથા દોષ નો વિચાર થવો યોગ્ય છે.
- પુત્ર, પત્ની, ગૃહ વિગેરેમાં આસક્તિનો અભાવ, તથા તેમના સુખ-દુઃખથી પોતે સુખ દુઃખ માની લઈ તન્મય ન થવું એ તેઓના સઙ્ગનો અભાવ.
- ઈષ્ટ અથવા અનિષ્ટ પદાર્થની પ્રાપ્તિ થાય તો પણ ભગવદિચ્છાથી પ્રાપ્તિ થઈ તે ઉત્તમ જ છે એમ જાણી ચિત્તને સમ રાખવું તે ચિત્તની સમતા,
- અને સર્વ ગુણોના હૃદયરૂપ ઉત્તમગુણ મારામાં અવ્યભિચારિણી અનન્ય ભક્તિ.
- ભગવત્સેવામાં પ્રતિબન્ધક ન હોય તેવા વિવિક્ત એકાન્ત પ્રદેશનું સેવન.
- લોકોની સભામાં અર્થાત્ લૌકિક સભાઓમાં પ્રીતિનો અભાવ.
- નિત્ય અધ્યાત્મજ્ઞાન એટલે આત્માના સ્વરૂપનું નિત્ય જ્ઞાન. 'તત્ત્વજ્ઞાન' એટલે ભગવાન્ અથવા મોક્ષ, તેનું દર્શન અથવા વિચાર.

—આ ગુણો જ્ઞાન કહેવાય છે. આ જ્ઞાન છે એટલે આ ગુણો વિદ્યાનાં કાર્ય છે. આથી વિરુદ્ધ હોય તે અજ્ઞાન એટલે અવિદ્યાનું કાર્ય છે.

આ પ્રમાણે જ્ઞાનનો ઉપદેશ કરી હવે છ શ્લોકથી (૧૨।૧૭) 'જ્ઞેય'નો બોધ કરે છે.

**જ્ઞેયં યત્ તત્ પ્રવક્ષ્યામિ યજ્જ્ઞાત્વાઽમૃતમશ્નુતે।**
**અનાદિમત્પરં બ્રહ્મ ન સત્ તન્ નાસદુચ્યતે॥૧૨॥**

**યત્** - **જે;** સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
**જ્ઞેયમ્** - **જાણવા યોગ્ય;** વિધેય કર્મ કૃ. વિશેષણ, વિ. 'યત્'
**ચ** - **અને;** અવ્યય. **યત્** - **જેને;** સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.
**જ્ઞાત્વા** - **જાણીને;** વિધેય કૃદન્ત
**મનુષ્યઃ** - **માનવ;**
**અમૃતમ્** - **અમૃતને;** નામ, દ્વિ.એ.વ., નપુ.
**અશ્નુતે** - **ભોગવે છે;** ક્રિ.વ.કા., તૃ.પુ.એ.વ., 'અશ્'૫ ગણ, આત્મને
**તત્** - **તેને;** સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.
**પ્રવક્ષ્યામિ** - **કહીશ;** ક્રિ. ભ.કા. પ્ર.પુ.એ.વ., પ્ર + વચ્ ૨ ગણ પરસ્મૈ.
**તત્** - **તે;** સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
**અનાદિમત્** - **જેનો આદિ નથી;** વિશેષણ, વિ. 'બ્રહ્મ'
**પરમ્** - **શ્રેષ્ઠ, પર;** વિશેષણ, વિ. 'બ્રહ્મ'
**બ્રહ્મ** - **બ્રહ્મને;** નામ, પ્ર.એ.વ., નપુ. 'બ્રહ્મન્'
**ન** - **નહિ;** અવ્યય
**સત્** - **સત્;** વ.કૃ. વિશેષણ, વિ. 'બ્રહ્મ'
**ચ ન** - **અને નહિ;** અવ્યય
**અસત્** - **અસત્;** વિશેષણ, વિ. 'તત્'
**એવ** - **માત્ર;** અવ્યય
**ઉચ્યતે** - **કહેવાય છે;** ક્રિ. વ.કર્મણિ 'વચ્' ૨ ગણ તૃ.પુ.એ.વ.,

**શ્લોકાર્થ:** જે જ્ઞેય છે તે કહું છું, તે જાણી મોક્ષ પ્રાપ્ત કરે છે. તે અનાદિ મત્પર બ્રહ્મ છે, તે સત્ અથવા અસત્ કહેવાતું નથી.

**વિવેચન:** હવે જ્ઞેય કહું છું. જ્ઞેયનું સ્વરૂપ જાણવાથી મોક્ષ પ્રાપ્ત થાય



છે. જ્ઞાનીઓ શાસ્ત્રજ્ઞાનથી આજ ફલ પ્રાપ્ત કરે છે. જ્ઞેય અનાદિ મત્પર બ્રહ્મ છે. 'અનાદિમત્' એટલે આદિ રહિત, પર બ્રહ્મ જ્ઞેય છે. અનાદિમત્ પરબ્રહ્મ જ્ઞેય છે. અથવા 'અનાદિ' એટલે આદિરહિત. 'મત્પર' એટલે હું જેનાથી પર છું તેવું મારા ધામરૂપ અક્ષરબ્રહ્મ. તે શ્રીભાગવત ૬।૯।૩૬(૪) માં જણાવ્યા પ્રમાણે સર્વ વિરુદ્ધ ધર્મોનો આશ્રય હોવાથી સત્ અથવા અસત્ કહેવાતું નથી. તે સત્ છે કે અસત્ છે એવો નિશ્ચય પણ થઈ શકે તેમ નથી, અર્થાત્ તે બહુ દુર્જ્ઞેય છે.

**સર્વતઃ પાણિપાદં તત્ સર્વતોઽક્ષિશિરોમુખમ્।**
**સર્વતઃ શ્રુતિમલ્લોકે સર્વમ્ આવૃત્ય તિષ્ઠતિ॥૧૩॥**

**તત્** - **તે;** સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
**બ્રહ્મ** - **બ્રહ્મ;** સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
**સર્વતઃ પાણિપાદમ્** - **બધી રીતે, બધી તરફથી હાથપગવાળો;** વિશેષણ, પ્ર.એ.વ., નપુ. ''સર્વતઃ પાણયઃ પાદાઃ ચ યસ્ય ઈતિ'' બહુ.
**સર્વતોઽક્ષિશિરોમુખમ્** - **સર્વ તરફથી નેત્ર શિર અને મુખવાળો;** નામ, પ્ર.એ.વ., નપુ.
**ચ** - **અને;** અવ્યય
**સર્વતઃ શ્રુતિમત્** - **સર્વ તરફથી કાનવાળો;** નામ, પ્ર.એ.વ., નપુ.
**અસ્તિ** - **છે;** ક્રિયાપદ
**લોકે** - **લોકમાં, સંસારમાં;** નામ, સ.એ.વ., 'લોક'
**સર્વમ્** - **સર્વને;** સર્વના, દ્વિ.એ.વ., નપુ.
**આવૃત્ય** - **ઘેરીને, વ્યાપીને;** વિધેય કૃદન્ત
**તિષ્ઠતિ** - **રહે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'સ્થા (તિષ્ઠ) ૧ ગણ પરસ્મૈ.

**શ્લોકાર્થ:** તે સર્વતઃ પાણિ અને પાદવાળું છે, સર્વતઃ અક્ષિ, શિરઃ અને મુખોવાળું છે, સર્વતઃ શ્રુતિવાળું છે, અને લોકમાં સર્વને ઢાંકી રહે છે.

**વિવેચન:** તે બ્રહ્મ સાકાર છે કે નિરાકાર છે તેવી શઙ્કા થાય, તે માટે કહે છે કે તેને સર્વત્ર પાણિ અને પાદ છે. ''સર્વતઃ પાણિપાદાન્તમ્'' એવો પણ પાઠ છે. તેનો અર્થ ''તેને સર્વત્ર પાણિ અને પાદ નાં અન્ત છે'' એવો થાય છે. તેથી સર્વત્ર ગતિ અને ક્રિયામાટે તે સમર્થ

છે. તેમજ તેને સર્વત્ર ચક્ષુઃ, શિર, અને મુખ છે તેથી તેને સર્વત્ર જ્ઞાન તથા ભોગ છે અને તે સર્વત્ર પ્રધાન છે. તે સર્વત્ર શ્રુતિ એટલે કર્ણવાળું છે અર્થાત્ તે સર્વત્ર શ્રવણ કરે છે. આ પ્રમાણે હોવા છતાં તે પરિચ્છિન્ન નથી પરન્તુ લોકમાં સર્વને ઢાંકી રહે છે અર્થાત્ વ્યાપક છે. આ ગુણો જગતની ઉત્પત્તિ પછી જ સ્પષ્ટ થાય છે, છતાં તેઓ નિત્ય છે એમ જણાવવા પહેલા કહેલા છે.

**સર્વેન્દ્રિયગુણાભાસં સર્વેન્દ્રિયવિવર્જિતમ્।**
**અસક્તં સર્વભૃચ્ચૈવ નિર્ગુણં ગુણભોક્તૃ ચ ॥૧૪॥**

**તત્ બ્રહ્મ** - **તે બ્રહ્મ;** સર્વનામ, પ્ર.એ.વ. નપુ.

**સર્વેન્દ્રિયગુણાભાસમ્** - **સર્વ ઇન્દ્રિયોના વિષયોને જાણનાર;** વિશેષણ, વિ. 'બ્રહ્મ' ''સર્વેષામ્ ઇન્દ્રિયાણામ્ ગુણાનામ્ આભાઃ યસ્મિન્ ઇતિ તત્'' બહુ.

**ચ, એવ** - **અને, વળી;** અવ્યય

**સર્વેન્દ્રિયવિવર્જિતમ્** - **બધી ઇન્દ્રિયોથી રહિત;** વિશેષણ, વિ. 'બ્રહ્મ' ''સર્વૈઃ ઇન્દ્રિયૈઃ વિવર્જિતમ્ ઇતિ'' તત્પુ.

**ચ** - **અને;** અવ્યય

**અસક્તમ્** - **આસક્તિ રહિત;** વિશેષણ, વિ. 'બ્રહ્મ'

**નિર્ગુણમ્** - **ગુણોથી અતીત;** વિશેષણ, વિ. 'બ્રહ્મ'

**સન્નપિ** - **હોવા છતાં પણ;** ક્રિ., અવ્યય

**સર્વભૃત્** - **સર્વને ધારણ પોષણ કરનાર;** વિશેષણ, વિ. 'બ્રહ્મ'

**ચ** - **અને;** અવ્યય

**ગુણભોક્તૃ** - **ગુણોને ભોગવનાર;** વિશેષણ, વિ. 'બ્રહ્મ'

**અસ્તિ** - **છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'

**શ્લોકાર્થ:** તે સર્વ ઇન્દ્રિયોના ગુણોના આભાસવાળું અને સર્વ ઇન્દ્રિયોથી રહિત છે, આસક્તિરહિત તેમજ સર્વને ધારણ કરનાર છે. નિર્ગુણ તેમજ ગુણો નો ભોગ કરનાર.

**વિવેચન:** બ્રહ્મ અનન્ત અને અવ્યક્ત હોવાથી તેને સર્વત્ર પાણિ અને પાદ ના અન્ત, અક્ષિ, શિર, અને મુખ તથા શ્રુતિ છે, તેથી તે સર્વત્ર



સર્વ કાર્ય કરે છે. શ્રુતિ પણ કહે છે કે ''તે પાણિ અને પાદ રહિત દોડનાર તથા ગ્રહણ કરનાર છે. તે ચક્ષુરહિત જુએ છે અને કર્ણરહિત શ્રવણ કરે છે''. અહીં બ્રહ્મને પ્રાકૃત ઇન્દ્રિયો નથી પરન્તુ સર્વ અપ્રાકૃત અર્થાત્ દિવ્ય ઇન્દ્રિયો છે એવો બોધ છે. તેવી જ રીતે આ શ્લોકમાં પણ કહે છે. બ્રહ્મ સર્વ ઇન્દ્રિયોના ગુણોના આભાસવાળું છે પરન્તુ પ્રાકૃત ઇન્દ્રિયમાત્રથી રહિત છે. તેવી જ રીતે બીજા વિરુદ્ધ ધર્મો બ્રહ્મમાં છે તે કહે છે. બ્રહ્મ આસક્તિરહિત છે છતાં સર્વને ધારણ કરનાર છે. બ્રહ્મ નિર્ગુણ છે છતાં ગુણોનો ભોગ કરનાર છે.

**બહિરન્તશ્ચ ભૂતાનામ્ અચરં ચરમેવ ચ।**
**સૂક્ષ્મત્વાત્ તદવિજ્ઞેયં દૂરસ્થં ચાન્તિકે ચ તત્॥૧૫॥**

**ભૂતાનામ્** - **પ્રાણીઓના;** નામ, ષ.બ.વ., નપુ. 'ભૂત'

**બહિઃ અન્તઃ ચ** - **બહાર, અન્દર, અને;** અવ્યય

**અચરમ્** - **સ્થાવર;** વિશેષણ, વિ. 'બ્રહ્મ'

**એવ, ચ** - **વળી, અને;** અવ્યય

**ચરમ્** - **જઙ્ગમ;** વિશેષણ, વિ. 'બ્રહ્મ'

**તદેવાસ્તિ** - **તે જ છે;** ક્રિયાપદ,

**તત્** - **તે;** વિશેષણ, વિ. 'બ્રહ્મ'

**સૂક્ષ્મત્વાત્** - **સૂક્ષ્મ હોવાને કારણે;** નામ, પં.એ.વ., નપુ.

**અવિજ્ઞેયમ્** - **નહિ જાણી શકાય એવું;** વિશેષણ, વિ. 'બ્રહ્મ' વિધેય કર્મણિ કૃદન્ત

**ચ** - **અને;** અવ્યય

**તત્** - **તે;** વિશેષણ, વિ. 'બ્રહ્મ'

**અન્તિકે ચ** - **પાસે, અને;** અવ્યય

**દૂરસ્થમ્** - **દૂર રહેલું;** વિશેષણ, વિ. 'બ્રહ્મ'

**અપિ અસ્તિ** - **પણ છે;** અવ્યય, ક્રિયાપદ

**શ્લોકાર્થ:** તે ભૂતોની બહાર તેમજ અન્દર છે, અચર તેમજ ચર છે, સૂક્ષ્મ હોવાથી અવિજ્ઞેય છે, તે દૂર રહેલું તેમજ સમીપમાં છે.

**વિવેચન:** બ્રહ્મ ભોગ કરનાર અથવા ભોક્તૃ હોય તો તે વ્યાપક હોઈ

શકે નહિ એવી શઙ્કા થાય, તે માટે કહે છે કે તે ભૂતોની બહાર તેમજ અન્દર છે. સ્થિર તથા જઙ્ગમ ભૂતોના ભોક્તા તરીકે તે ભૂતોની બહાર છે. આત્મરૂપથી તે સર્વની અન્દર છે. એવી રીતે બ્રહ્મ ભૂતોની અન્દર તથા બહાર હોય તો પણ ભૂતોથી ભિન્ન હોવાથી વ્યાપક હોઈ શકે નહિ એવી શઙ્કા દૂર કરવા કહે છે કે તે અચર તેમજ ચર છે. 'અચર' એટલે સ્થાવર 'ચર' એટલે જઙ્ગમ. સ્થાવર તથા જઙ્ગમ સર્વ બ્રહ્મ જ છે. બ્રહ્મ સ્થાવર છે એવો "હે સૌમ્ય, આ પૂર્વે સત્ જ હતું" શ્રુતિ બોધ કરે છે. "હે શ્વેતકેતુ! તે તું છે" શ્રુતિ જઙ્ગમ જીવ પણ બ્રહ્મ છે એવો બોધ કરે છે. અહીં મૂળમાં 'એવ ચ=તેમજ' છે, તેથી સ્થાવર બ્રહ્મ જઙ્ગમ છે, અને જઙ્ગમ જ બ્રહ્મ સ્થાવર છે એવો અર્થ થાય છે. તેથી તે વિરુદ્ધ ધર્મોનો આશ્રય છે એમ દર્શાવેલું છે. બ્રહ્મ ભૂતોથી ભિન્ન નથી, પરન્તુ સ્થાવર-જઙ્ગમ સર્વ ભૂતો બ્રહ્મ જ છે. આમ હોવા છતાં બ્રહ્મનું સર્વને જ્ઞાન થતું નથી, કારણ કે બ્રહ્મ સૂક્ષ્મ હોવાથી અવિજ્ઞેય છે, તેથી પાછળ જ્ઞાનનાં ગુણો કહ્યા તે જેનામાં હોય તેને બ્રહ્મનું જ્ઞાન થાય છે. વળી બ્રહ્મ દૂર છે તેમજ સમીપ પણ છે. અહીં પણ તે વિરુદ્ધ ધર્મોનો આશ્રય છે એવો બોધ કરેલો છે. આ શ્લોકમાં બ્રહ્મના વિરુદ્ધ ધર્મો જાણાવેલા છે. "તે હાલે છે, તે હાલતું નથી; તે દૂર છે, તે સમીપ છે; તે આ સર્વની અન્દર છે, તે સર્વની બહાર છે" એ શ્રુતિ પણ આજ બોધ કરે છે.

**અવિભક્તં ચ ભૂતેષુ વિભક્તમિવ ચ સ્થિતમ્।**
**ભૂતભર્તૃ ચ તજ્જ્ઞેયં ગ્રસિષ્ણુ પ્રભવિષ્ણુ ચ॥૧૬॥**

**ચ - અને;** અવ્યય
**અવિભક્તમ્ - અખણ્ડ;** વિશેષણ, વિ. 'બ્રહ્મ'
**ચ - અને;** અવ્યય
**ભૂતેષુ - ભૂતોમાં;** નામ, સ.બ.વ., નપુ.
**વિભક્તમ્ - વિભાગ પડેલા, વિભક્ત;** વિશેષણ, વિ. 'બ્રહ્મ'
**ઈવ - માફક;** અવ્યય
**સ્થિતમ્ - રહેલો, પ્રતીત થયેલો;** વિશેષણ, વિ. 'બ્રહ્મ' ભૂ.કૃ.,
**ભૂતભર્તૃ - ભૂતોને પોષણ કરનાર, વિષ્ણુરૂપ;** વિશેષણ, વિ. 'બ્રહ્મ'
**તદેવાસ્તિ - તે બ્રહ્મ જ છે;** ક્રિયાપદ,



**ચ - અને;** અવ્યય
**તત્ - તે;** વિશેષણ, વિ. 'બ્રહ્મ'
**જ્ઞેયમ્ - જાણવું જોઈએ;** વિધેય કર્મણિ કૃદન્ત, વિશેષણ, વિ. 'બ્રહ્મ'
**ગ્રસિષ્ણુ - ગળી જનાર, સંહાર કરનાર, રુદ્રરૂપ;** વિશેષણ, વિ. 'બ્રહ્મ'
**ચ - અને;** અવ્યય
**પ્રભવિષ્ણુ - ઉત્પન્ન કરનાર, બ્રહ્મા;** વિશેષણ, વિ. 'બ્રહ્મ'
**અપ્યાસ્તિ - પણ છે;** ક્રિયાપદ, અવ્યય

**શ્લોકાર્થ:** તે ભૂતોમાં અવિભક્ત હોવા છતાં વિભક્ત હોય તેમ રહેલું છે. તે જ્ઞેય ભૂતોનું પાલક, ગ્રાસ કરનારે, તેમજ ઉત્પાદક છે.

**વિવેચન:** ગયા શ્લોકમાં બ્રહ્મ સર્વની અન્દર તથા બહાર, દૂર તથા સમીપ રહેલું છે એમ કહેલું હોવાથી જુદા-જુદા અવયવોથી જુદે-જુદે સ્થળે રહેલું હશે એવી શઙ્કા થાય તે દૂર કરે છે. બ્રહ્મ સર્વ ભૂતોમાં અવિભક્ત અથવા એક જ છે, છતાં વિભક્ત એટલે જુદું-જુદું હોય તેમ રહેલું છે, અર્થાત્ બ્રહ્મની અનન્ત મૂર્તિઓ પણ એક જ છે તેમાં પરસ્પર ભેદ નથી, પરન્તુ પોતાની ઈચ્છાથી જ અમુક-અમુક સ્વરૂપથી જ પ્રકટ થતું હોવાથી જુદું-જુદું હોય તેમ રહેલું છે. બ્રહ્મ પાલક રૂપથી ભૂતોનું પાલન કરનાર, સંહારક રૂપથી ભૂતોનો ગ્રાસ કરનાર તેમજ પ્રજાપતિ રૂપથી ભૂતોનું ઉત્પાદક છે.

**જ્યોતિષામપિ તજ્જ્યોતિઃ તમસઃ પરમુચ્યતે।**
**જ્ઞાનં જ્ઞેયં જ્ઞાનગમ્યં હૃદિ સર્વસ્ય ધિષ્ઠિતમ્॥૧૭॥**

**તમ્ - તે બ્રહ્મ;** વિશેષણ, વિ. 'બ્રહ્મ'
**જ્યોતિષામ્ - જ્યોતિઓનું;** નામ, ષ.બ.વ., નપુ. 'જ્યોતિસ્''
**અપિ - પણ;** અવ્યય
**જ્યોતિઃ - જ્યોતિ;** વિશેષણ, વિ. 'બ્રહ્મ'. **ચ - અને;** અવ્યય
**તમસઃ - તમસથી, માયાથી, અન્ધકારથી;** નામ, પં.એ.વ., નપુ. 'તમસ્'
**પરમ્ - પર, દૂર, શ્રેષ્ઠ, ઉત્તમ;** વિશેષણ, વિ. 'વચ્'
**અપિ તદેવ - પણ તે જ;** અવ્યય
**ઉચ્યતે - કહેવાય છે;** ક્રિ. વ.કર્મણિ, તૃ.પુ.એ.વ., 'બ્રહ્મ ર ગણ,

**જ્ઞાનમ્ - જ્ઞાનરૂપ;** વિશેષણ, વિ. 'બ્રહ્મ'
**જ્ઞેયમ્ - જાણવા યોગ્ય;** વિધ્યર્થ કૃદન્ત, વિશેષણ, વિ. 'બ્રહ્મ'
**જ્ઞાનગમ્યમ્ - તત્ત્વજ્ઞાન વડે પ્રાપ્ત થનાર;** વિશેષણ, વિ. 'બ્રહ્મ'
**ચ - અને;** અવ્યય
**સર્વસ્ય - બધાના;** નામ, ષ.એ.વ., પુ.
**હૃદિ - હૃદયમાં;** નામ, સ.એ.વ., નપુ. 'હૃદ્'
**ધિષ્ઠિતમ્ - રહેલો;** ભૂ.કૃ., વિશેષણ, વિ. 'બ્રહ્મ'
**અપિ તદેવાસ્તિ - પણ તે જ છે;** ક્રિયાપદ,

**શ્લોકાર્થ :** તે જ્યોતિઓનું પણ જ્યોતિઃ છે, તમઃથી પર કહેવાય છે. તે જ્ઞાન છે, જ્ઞેય છે, જ્ઞાનથી પ્રાપ્ય છે, અને સર્વના હૃદયમાં રહેલું છે.

**વિવેચન :** જ્યોતિઃ એટલે પ્રકાશ કરનાર, પ્રકાશક. રવિ, ચન્દ્ર વગેરે પ્રકાશ કરનારાઓનું પણ તે જ્યોતિઃ અથવા પ્રકાશક છે. તેથી મૂલ પ્રકાશક તે જ છે. તે તમઃ પ્રકૃતિથી પર છે, તે જ્ઞાન એટલે જેનાથી જ્ઞાન પ્રાપ્ત થાય તે જ્ઞાનનાં સાધનરૂપ અમાનિપણું વિગેરે પાછળ ગુણો કહ્યા તે છે. વળી તે જ્ઞેય અથવા જાણવા યોગ્ય છે તથા જ્ઞાનથી પ્રાપ્ય પણ તે જ છે. વળી તે સર્વના હૃદયમાં રહેલું છે અર્થાત્ અન્તર્યામિ પણ તે છે

**ઇતિ ક્ષેત્રં તથા જ્ઞાનં જ્ઞેયં ચોક્તં સમાસતઃ।**
**મદ્ભક્ત એતદ્ વિજ્ઞાય મદ્ભાવાયોપપદ્યતે॥૧૮॥**

**ઇતિ - એમ, એ પ્રમાણે;** અવ્યય
**ક્ષેત્રમ્ - ક્ષેત્ર, શરીર;** નામ, પ્ર.એ.વ., નપુ.
**તથા - અને;** અવ્યય
**જ્ઞાનમ્ - જ્ઞાન;** નામ, પ્ર.એ.વ., નપુ. 'જ્ઞાન'
**ચ - અને;** અવ્યય
**જ્ઞેયમ્ - જાણવા યોગ્ય, બ્રહ્મ;** વિધેય કર્મણિ કૃદન્ત, વિશેષણ, વિ. 'બ્રહ્મ'
**સમાસતઃ - ટૂંકમાં;** અવ્યય
**ઉક્તમ્ - કહેવાયું;** ભૂ.કૃ., વિશેષણ, વિ. 'બ્રહ્મ'
**એતદ્ - એને;** સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.



**વિજ્ઞાય - જાણીને;** વિધેય કૃદન્ત
**મદ્ભક્તઃ - મારો ભક્ત;** નામ, પ્ર.એ.વ., પુ. 'મદ્ભક્ત'
**મદ્ભાવાય - મારા ભાવમાટે;** નામ, ચ.એ.વ., પુ.
**ઉપપદ્યતે - યોગ્ય બને છે;** ક્રિ. વ.કર્મણિ તૃ.પુ.એ.વ., ઉપ + પદ્ ૪ ગણ

**શ્લોકાર્થ :** આ રીતે ક્ષેત્ર તથા જ્ઞાન અને જ્ઞેય તને ટૂંકમાં કહ્યાં. મારો ભક્ત આ જાણીને મારા ભાવમાટે યોગ્ય થાય છે.

**વિવેચન :** આ રીતે (૫ - ૬ શ્લોકથી) ક્ષેત્ર, (૭ - ૧૧ શ્લોકથી) જ્ઞાન, અને (૧૨ - ૧૭ શ્લોકથી) જ્ઞેય ટૂંકમાં કહ્યાં. આ સર્વનું જ્ઞાન પ્રાપ્ત કરી મારો ભક્ત મારા ભાવમાટે એટલે ઐશ્વર્ય વિગેરે મારા ગુણો પ્રાપ્ત કરવા યોગ્ય થાય છે.

**પ્રકૃતિં પુરુષં ચૈવ વિદ્ધ્યનાદી ઉભાવપિ।**
**વિકારાંશ્ચ ગુણાંશ્ચૈવ વિદ્ધિ પ્રકૃતિસમ્ભવાન્॥૧૯॥**

**પ્રકૃતિમ્ - પ્રકૃતિને, ત્રિગુણમયી માયા;** નામ, દ્વિ.એ.વ., સ્ત્રી.
**ચ, એવ - અને, વળી;** અવ્યય
**પુરુષમ્ - પુરુષને, ક્ષેત્રજ્ઞ;** નામ, દ્વિ.એ.વ., પુ. 'પુરુષ'
**ઉભૌ અપિ - બન્નેઉને;** સર્વનામ, દ્વિ.દ્વિ.વ., પુ.; અવ્યય
**ત્વમ્ - તું;** સર્વનામ, પ્ર.એ.વ. 'યુષ્મદ્'
**અનાદી - આદિ નથી જેનો તેવા;** વિશેષણ, વિ. 'ઉભૌ'
**વિદ્ધિ - જાણ;** ક્રિ. આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ. 'વિદ્' ૨ ગણ, પરસ્મૈ.
**ચ - અને;** અવ્યય
**વિકારાન્ - વિકારોને;** નામ, દ્વિ.બ.વ., પુ. 'વિકાર'
**ચ, એવ - અને, વળી;** અવ્યય
**ગુણાન્ - ગુણોને;** નામ, દ્વિ.બ.વ., પુ. 'ગુણ'
**પ્રકૃતિસમ્ભવાન્ - પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા;** નામ, દ્વિ.બ.વ., પુ. ''પ્રકૃતિઃ સમ્ભવઃ યેષામ્''
**વિદ્ધિ - જાણ;** ક્રિ. આજ્ઞાર્થ દ્વિ.પુ.એ.વ. 'વિદ્' ૨ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ :** પ્રકૃતિ અને પુરુષ બન્નેને તું અનાદિ જાણ; અને વિકારો તેમજ

ગુણો ને પણ તું પ્રકૃતિમાંથી ઉત્પન્ન થએલા જાણ.

**વિવેચન :** પાછળ ત્રીજા શ્લોકમાં પુરુષ તત્ત્વ કહેવાની પ્રતિજ્ઞા કરેલી. પ્રકૃતિ અને આત્મા ( પુરુષ ) એ બે અત્યન્ત જુદા-જુદા સ્વભાવવાળા હોવા છતાં તેઓનાં કારણના સ્વરૂપથી એક છે. તેઓ આ સર્વ જગત્નાં કારણ છે એમ આ શ્લોકથી આરમ્ભી પાંચ શ્લોકોથી જણાવે છે.

તે પૈકી આત્માથી જુદી પ્રકૃતિ એકદેશી સાંખ્યના મત પ્રમાણે પુરુષની પેઠે નિત્ય છે. ભગવદીય સાંખ્ય પ્રમાણે તો તે ભગવાન્ની એક શક્તિ છે. એકદેશી સાંખ્યશાસ્ત્ર તો ભગવાન્નું પ્રતિપાદન કરતું નથી. વળી આ સાંખ્યશાસ્ત્ર પ્રમાણે પુરુષને સંસાર પ્રાપ્ત થાય તે માટે તે પ્રકૃતિને વશ થાય છે, જ્યારે ભગવાન્ પ્રકૃતિને વશ રાખનાર છે. તેથી આ સાંખ્યશાસ્ત્રની પ્રવૃત્તિ અક્ષરસુધી જ છે.

( ભગવદીય સાંખ્યશાસ્ત્ર પ્રમાણે ) પુરુષોત્તમ, અક્ષર, કાલ, પ્રકૃતિ અને પુરુષ એ પાંચ અનાદિ છે. આ શાસ્ત્ર પ્રમાણે કાલ, પ્રકૃતિ અને પુરુષ અનાદિ હોવાનું સ્પષ્ટ છે. પુરુષોત્તમ અને અક્ષર ને ગીતામાં અનાદિ કહેલાં છે તે આ શાસ્ત્રમાં કબુલ રાખેલ છે તેમજ શ્રીભાગવત ૩।૨૬।૪ માં આ શાસ્ત્રનું નિરૂપણ કરતાં પ્રકૃતિને 'દૈવી' કહેલી છે, એટલે તે ભગવાન્ની શક્તિ હોવાનું પણ આ શાસ્ત્રને માન્ય છે. આ શાસ્ત્રની પ્રવૃત્તિ આ સિદ્ધાન્ત પ્રમાણે થએલી હોઈ ( શ્રીભાગવત્ ૩ - ૨૬ ) અધ્યાયમાં જણાવેલ સાંખ્ય પ્રાકૃતસાંખ્યના આધારવાળું નથી.

પ્રકૃતિ બે પ્રકારની છે, ૧. કાર્યરૂપ અને ૨. કારણરૂપ. કાર્યરૂપ પ્રકૃતિ તે અવિદ્યાવાળી જીવાત્માની ઉપાધિ, અને કારણરૂપ પ્રકૃતિ તે પરમાત્માની માયા. એવી જ રીતે પુરુષના પણ બે પ્રકાર છે. ૧. કારણ અને ૨. કાર્ય. કારણ પુરુષ તે અંશી મૂલપુરુષ ભગવાન. ૨. કાર્યપુરુષ તે કારણરૂપના કાર્ય અંશો, જીવાત્માઓ. જીવાત્મા ભગવદિચ્છાથી પ્રાપ્ત થતી કાર્યરૂપ પ્રકૃતિનું સેવન કરે છે. આ ઉભય ભગવાનના અંશરૂપ છે. પ્રકૃતિ સ્વભાવથી સદ્રૂપ છે, પુરુષ ચિદ્રૂપ છે. ઉભય પોતાના કારણસ્વરૂપ ભગવાન્થી અનન્ય હોવાથી અનાદિ જ છે એમ જાણ. જીવના બન્ધના કારણરૂપ ઈચ્છા-દ્વેષ વિગેરે વિકારો તથા મોક્ષના કારણરૂપ સત્ત્વ વિગેરે ગુણો પ્રકૃતિથી ઉત્પન્ન થએલા છે એમ જાણ.

જ્યારે સર્ગ કરવાની પ્રભુની ઈચ્છા થાય છે ત્યારે ભગવાનના



અંશરૂપ ભગવાનની માયાના અંશરૂપ, ગુણરૂપ પ્રકૃતિ મૂલભૂત અક્ષરના અંશ પુરુષ સાથે સંસૃષ્ટ થઈ મહત્ અહઙ્કાર વિગેરે રૂપ થાય છે. કાર્યરૂપ પ્રકૃતિ અવિદ્યાથી અધ્યસ્ત થઈ પોતાના ઈચ્છા-દ્વેષ વિગેરે વિકારોથી જીવાત્માના બન્ધરૂપ થાય છે, પરન્તુ તેનું અમાનિપણું વિગેરે જ્ઞાનસાધન ગુણો પાછળ કહ્યા તેનાથી જ્ઞાન પ્રાપ્ત થાય તો તે પોતાના વિકારોથી જીવાત્માને મોક્ષ પ્રાપ્ત કરાવે છે એવો અર્થ છે.

**કાર્ય-કારણ-કર્તૃત્વે હેતુઃ પ્રકૃતિરુચ્યતે।**
**પુરુષઃ સુખ-દુઃખાનાં ભોક્તૃત્વે હેતુર્ ઉચ્યતે॥૨૦॥**

**કાર્યકારણકર્તૃત્વે** - કાર્યના કરણના કર્તૃત્વમાં નામ, સ.એ.વ., નપુ.
**હેતુઃ** - હેતુ; નામ, પ્ર.એ.વ., પુ. 'હેતુ'
**પ્રકૃતિઃ** - પ્રકૃતિ; નામ, પ્ર.એ.વ., સ્ત્રી.
**ઉચ્યતે** - કહેવાય છે; ક્રિ. વ. કર્મણિ તૃ.પુ.એ.વ., 'વચ્' ૨ ગણ
**ચ** - અને; અવ્યય
**સુખદુઃખાનામ્** - સુખ અને દુઃખોનું; નામ, ષ.બ.વ., નપુ.
**ભોક્તૃત્વ** - ભોક્તાપણામાં; નામ, સ.એ.વ., નપુ. 'ભોક્તૃત્વ'
**પુરુષઃ** - પુરુષ; નામ, પ્ર.એ.વ., પુ. 'પુરુષ'
**હેતુઃ** - હેતુ; નામ, પ્ર.એ.વ., પુ. 'હેતુ'
**ઉચ્યતે** - કહેવાય છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., કર્મણિ 'વચ્' ૨ ગણ

**શ્લોકાર્થ :** કાર્યના કારણના કર્તાપણામાં પ્રકૃતિ હેતુ કહેવાય છે. સુખ તથા દુઃખ ના ભોક્તાપણામાં પુરુષ હેતુ કહેવાય છે.

**વિવેચન :** સૃષ્ટિમાં પુરુષ તથા પ્રકૃતિ થી કયા-કયા કાર્ય થાય છે તે કહે છે. બન્ધના કારણ ઈચ્છા-દ્વેષ વિગેરે વિકારો અને મોક્ષના કારણ સત્ત્વ વિગેરે ગુણોના કર્તાપણામાં, અર્થાત્ બન્ધ અને મોક્ષ ના કારણરૂપ વિકારો ઉત્પન્ન કરવામાં પ્રકૃતિ હેતુ કહેવાય છે. એટલે પુરુષથી અધિષ્ઠિત પ્રકૃતિ આ કારણ (આકાશ, વાયુ, અગ્નિ, જળ, પૃથ્વી, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગન્ધ - કાર્યકરણ - ઉપસ્થ, ગુહ્ય, બુદ્ધિ, અહઙ્કાર, મન, શ્રોત્ર, ત્વચા, રસના, નેત્ર, ઘ્રાણ, વાક્, હસ્ત, પાદ) ઉત્પન્ન કરે છે. આ કારણો પ્રકૃતિથી ઉત્પન્ન થાય છે એમ પાછલા શ્લોકમાં ( ૧૯ ) પણ કહેલું છે. તેમાં પુરુષ પ્રકૃતિને માત્ર ચેતવે છે.

સુખ અને દુઃખ ના ભોક્તાપણામાં પુરુષ હેતુ કહેવાય છે. પ્રકૃતિથી ઉત્પન્ન થએલા વિકાર તથા ગુણો થી પ્રાપ્ત થતું દુઃખ અથવા સુખ પ્રકૃતિ સાથે સંસૃષ્ટ થઈ પુરુષ ભોગવે છે. વિકાર અથવા ગુણો ની ઉત્પત્તિ તથા સુખ-દુઃખના ભોગ એ ઉભય વસ્તુતઃ ક્ષેત્ર અથવા દેહ ના જ ધર્મ છે, પરન્તુ વિકારો તથા ગુણો નું પર્યવસાન જડમાં હોવાથી તેમની ઉત્પત્તિમાં ક્ષેત્રનું પ્રાધાન્ય છે તેથી તેમને પ્રકૃતિથી ઉત્પન્ન થએલા કીધા છે, અને સુખ તથા દુઃખ ના ભોગનું પર્યવસાન ચેતનમાં હોવાથી તેમાં ચેતનનું પ્રાધાન્ય હોવાથી તેવા ભોગનો હેતુ પુરુષને કહેલો છે. વસ્તુતઃ પુરુષ અને પ્રકૃતિ ના સંયોગ વિના કાંઈ કાર્ય થતું નથી.

**પુરુષઃ પ્રકૃતિસ્થો હિ ભુંક્તે પ્રકૃતિજાન્ ગુણાન્।**
**કારણં ગુણસઙ્ગોઽસ્ય સદસદ્-યોનિ-જન્મસુ॥૨૧॥**

**હિ** - **ચોક્કસ;** અવ્યય
**પુરુષઃ** - **પુરુષ, જીવાત્મા;** નામ, પ્ર.એ.વ., પુ.
**પ્રકૃતિસ્થઃ** - **પ્રકૃતિમાં રહેનાર;** વિશેષણ, વિ. 'પુરુષઃ'
**પ્રકૃતિજાન્** - **પ્રકૃતિથી ઉત્પન્ન થયેલાને;** વિશેષણ, વિ. 'ગુણાન્'
**ગુણાન્** - **ગુણોને;** નામ, દ્વિ.બ.વ., પુ. 'ગુણ'
**ભુઙ્ક્તે** - **ભોગવે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'ભુજ્' ૭ગણ આત્મને.
**ગુણસઙ્ગઃ** - **ગુણનો સઙ્ગ, ગુણનો સમ્પર્ક;** નામ, પ્ર.એ.વ., પુ. 'ગુણસઙ્ગ'
**એવ** - **જ;** અવ્યય
**અસ્ય** - **આનો, જીવનો;** સર્વનામ, ષ.એ.વ., પુ. 'ઇદમ્'
**સદ્-અસદ્-યોનિજન્મસુ** - **સારી-નરસી જાતિમાં;** નામ, સ.બ.વ., નપુ.
**કારણમ્** - **કારણ;** નામ, પ્ર.એ.વ., નપુ. 'કારણ'
**અસ્તિ** - **છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'

**શ્લોકાર્થ:** પ્રકૃતિમાં રહી પુરુષ પ્રકૃતિથી ઉત્પન્ન થએલા ગુણોનો ભોગ કરે છે. આનો ગુણનો સઙ્ગ સારી અથવા ખરાબ યોનિમાં જન્મનું કારણ છે.

**વિવેચન:** પુરુષ અને પ્રકૃતિ ના જુદાં-જુદાં કાર્ય કહી હવે પ્રકૃતિના પરિણામરૂપ ક્ષેત્રના સંસર્ગથી જ પુરુષ ભોક્તા થાય છે એમ કહે છે. પુરુષ પ્રકૃતિમાં એટલે પ્રકૃતિના પરિણામરૂપ ક્ષેત્રમાં રહી પ્રકૃતિથી ઉત્પન્ન થએલા સત્ત્વ



વિગેરે ગુણોનો પ્રકૃતિના કાર્યરૂપ ઇન્દ્રિયોથી ભોગ કરે છે. જીવ આ પ્રમાણે ગુણોનો ભોગ કરે છે પણ અન્તર્યામી પેઠે ભોગ કર્યા વિના રહેતો નથી. આ પ્રમાણે પ્રકૃતિના સંસર્ગથી પુરુષના અક્ષરસ્વભાવનું તિરોધાન થાય છે, અને પ્રકૃતિના ગુણો સાથે તેને સઙ્ગ થવાથી તેનો સારી અથવા ખરાબ યોનિમાં જન્મ થાય છે. આવી રીતે પુરુષના સારી અથવા ખરાબ યોનિમાં જન્મનું કારણ તેનો પ્રકૃતિ સાથેનો સઙ્ગ જ છે એમ જાણવું.

**ઉપદ્રષ્ટાનુમન્તા ચ ભર્તા ભોક્તા મહેશ્વરઃ।**
**પરમાત્મેતિ ચાઽપ્યુક્તો દેહેઽસ્મિન્ પુરુષઃ પરઃ॥૨૨॥**

**પુરુષઃ** - **પુરુષ;** નામ, પ્ર.એ.વ., પુ.
**અસ્મિન્** - **આ;** સર્વનામ, સ.એ.વ., નપુ. 'ઇદમ્'
**દેહે** - **શરીરમાં;** નામ, સ.એ.વ., નપુ 'દેહ'
**સ્થિતઃ** - **સ્થિત થયેલો;** ક્રિયાપદ. **અપિ** - **પણ;** અવ્યય
**પરઃ** - **પર, શ્રેષ્ઠ**
**પરમાત્મા** - **ઉત્તમ;** વિશેષણ, વિ. 'પુરુષઃ'
**એવાસ્તિ** - **જ છે;** ક્રિયાપદ, વ.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'
**ચ** - **અને;** અવ્યય ( અયમેવ પુરુષઃ=આ પુરુષ જ)
**ઉપદ્રષ્ટા** - **જોનાર, દેખ-રેખ રાખનાર;** નામ, પ્ર.એ.વ., પુ. ઉપ + દ્રષ્ટૃ
**અનુમન્તા** - **દેખ-રેખ રાખનાર, સમ્મતિ આપનાર;** નામ, પ્ર.એ.વ., પુ. 'અનુમન્તૃ'
**ભર્તા** - **ધારણ કરનાર;** નામ, પ્ર.એ.વ., પુ. 'ભર્તૃ'
**ભોક્તા** - **ભોગવનાર;** નામ, પ્ર.એ.વ., પુ. 'ભોક્તૃ'
**મહેશ્વરઃ** - **મહેશ્વર;** નામ, પ્ર.એ.વ., પુ. 'મહેશ્વર'
**ચ** - **અને;** અવ્યય
**પરમાત્મા** - **પરમાત્મા;** નામ, પ્ર.એ.વ., પુ. 'પરમાત્મન્'
**ઇતિ** - **એમ;** અવ્યય
**ઉક્તઃ** - **કહેલું;** ભૂ.કૃ., વિશેષણ, વિ. 'પુરુષઃ'
**અસ્તિ** - **છે;** ક્રિયાપદ, વ.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'

**શ્લોકાર્થ:** આ દેહમાં ઉપદ્રષ્ટા, અનુમન્તા, ભર્તા, ભોક્તા, મહેશ્વર તથા પરમાત્મા એમ પણ કહેવાતો બીજો પુરુષ છે.

**વિવેચન:** અહીં અન્તર્યામીનું નિરૂપણ કરેલું છે. "બે સાથે રહેનાર મિત્ર પક્ષીઓ એક વૃક્ષ ઉપર રહે, તેમાંનો એક સ્વાદિષ્ટ પિપ્પલ( ફલ ) ખાય, બીજો ખાધા વિના જોયા કરે છે" શ્રુતિમાં કહેલા વૃક્ષરૂપી આ દેહમાં જીવથી અન્ય 'પરમાત્મા' 'પરપુરુષ' કહેવાતો બીજો પણ પુરુષ અન્તર્યામી છે. આ અન્તર્યામી અસઙ્ગ છે. જીવ સઙ્ગવાળો થાય છે, અન્તર્યામી સઙ્ગરહિત રહે છે, તેથી જ તે 'પરપુરુષ' 'પરમાત્મા' વિગેરે કહેવાય છે. તે ઉપદ્રષ્ટા અથવા સાક્ષી છે. ભોગનો તેને સઙ્ગ થતો નથી, પરન્તુ તે મુખ્ય ભોક્તા છે. તે અનુમન્તા અથવા અનુમતિ આપનાર, 'ભર્તા' એટલે ધારણ કરનાર અથવા પાલક અને 'મહેશ્વર' અથવા નિયમમાં રાખનાર છે. તે આ દેહમાં જ હોવા છતાં તેને ભોગનો સઙ્ગ નહીં હોવાથી તે નિર્લેપ છે. પ્રાણ ધારણ કરનાર જીવ ભોગનો સઙ્ગી થવાથી તે લેપવાળો થાય છે, પણ આ અન્તર્યામી લેપરહિત રહે છે.

**ય એવં વેત્તિ પુરુષં પ્રકૃતિં ચ ગુણૈઃ સહ।**
**સર્વથા વર્તમાનોઽપિ ન સ ભૂયોઽભિજાયતે॥૨૩॥**

**એવમ્** - **એ પ્રમાણે;** અવ્યય
**પુરુષમ્** - **પુરુષને;** નામ, દ્વિ.એ.વ., પુ. 'પુરુષ'
**ચ** - **અને;** અવ્યય
**ગુણૈઃ** - **ગુણો વડે;** નામ, તૃ.બ.વ., પુ. 'ગુણ'
**સહ** - **સાથે;** અવ્યય
**પ્રકૃતિમ્** - **પ્રકૃતિને;** નામ, દ્વિ.એ.વ., સ્ત્રી. 'પ્રકૃતિ'
**યઃ** - **જે;** સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'યત્'
**વેત્તિ** - **જાણે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ. 'વિદ્' ૨ ગણ, પરસ્મૈ.
**સઃ** - **તે;** સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'તત્'
**સર્વથા** - **સારી રીતે;** અવ્યય
**વર્તમાનઃ** - **વર્તતો છતાં;** વ.કૃ., વિશેષણ, વિ. 'યઃ'
**અપિ ભૂયઃ ન** - **પણ ફરીથી નહિ;** અવ્યય
**અભિજાયતે** - **જન્મે છે;** ક્રિ. વ.કા, તૃ.પુ.એ.વ., અભિ+જન્ ૪ ગણ, આત્મને.

**શ્લોકાર્થ:** જે આવી રીતે પુરુષને તથા ગુણો સાથે પ્રકૃતિને જાણે છે તે સર્વથા વર્તમાન હોવા છતાં પુનઃ જન્મતો નથી.



**વિવેચન:** આ રીતે વસ્તુતઃ અક્ષરના પ્રભાવવાળા, ક્ષેત્રજ્ઞ, બ્રહ્મના અંશરૂપ, ચેતન, જીવરૂપ તથા અન્તર્યામીરૂપ ઉભય પ્રકારના પુરુષને જે સ્વરૂપથી વિવિક્ત અથવા પ્રકૃતિના સઙ્ગરહિત નિર્ગુણ જાણે છે તથા ગુણો સાથે પ્રકૃતિ રહેલી છે એમ જે જાણે છે, તે સર્વથા દેહમાં હોવા છતાં અથવા સર્વથા ગુણો સાથે રહેલો હોવા છતાં પુનઃ જન્મતો નથી. તે ગુણપ્રવાહરૂપી સંસારમાં પુનઃ આવતો નથી, પરન્તુ મુક્તિ પ્રાપ્ત કરે છે, એવો અર્થ છે.

**ધ્યાનેનાત્મનિ પશ્યન્તિ કેચિદ્ આત્માનમ્ આત્મના।**
**અન્યે સાંખ્યેન યોગેન કર્મયોગેન ચાપરે॥૨૪॥**

**આત્માનમ્** - **આત્માને, પરમાત્માને;** નામ, દ્વિ.એ.વ., પુ.
**કેચિત્** - **કેટલાક;** નામ, પ્ર.બ.વ., પુ. 'કિઞ્ચિત્'
**આત્મના** - **આત્માવડે, શુદ્ધ થયેલી બુદ્ધિથી;** નામ, તૃ.એ.વ., પુ. 'આત્મન્'
**ધ્યાનેન** - **ધ્યાનથી;** નામ, તૃ.એ.વ., નપુ. 'ધ્યાન'
**આત્મનિ** - **આત્મામાં, હૃદયમાં;** નામ, સ.એ.વ., પુ. 'આત્મન્'
**પશ્યન્તિ** - **જુવે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., 'દૃશ્'(પશ્ય) ૧ ગણ, પરસ્મૈ.
**અન્યે** - **બીજા;** સર્વનામ, પ્ર.બ.વ., પુ.
**સાઙ્ખ્યેન** - **સાઙ્ખ્યથી;** વિશેષણ, વિ. 'યોગેન'
**યોગેન** - **યોગથી, જ્ઞાનયોગથી;** નામ, તૃ.એ.વ., પુ. 'યોગ'
**ચ** - **અને;** અવ્યય
**અપરે** - **બીજા;** સર્વનામ, પ્ર.બ.વ., પુ. 'અપર'
**કર્મયોગેન** - **કર્મયોગથી;** નામ, તૃ.એ.વ., પુ.
**પશ્યન્તિ** - **જુવે છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.બ.વ. 'દૃશ્'(પશ્ય) ૧ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** કેટલાકો ધ્યાનથી આત્મામાં આત્માથી આત્માને જુએ છે; બીજાઓ સાંખ્ય-યોગથી અને બીજાઓ કર્મયોગથી જુએ છે.

**વિવેચન:** ઉપર જણાવ્યું તેમ માત્ર જ્ઞાનથી જ મુક્તિ થતી હોય તો બીજાં સાધનો નિરર્થક થઈ જાય એવી શઙ્કા થવાથી અન્ય સાધનો અહીંથી બે શ્લોકથી ( ૨૪।૨૫ ) કહે છે. કેટલાક જ્ઞાનીઓ આત્મામાં એટલે પોતાના હૃદયમાં, આત્માથી એટલે મનવડે, આત્માને એટલે આત્મરૂપ

ભગવાનને, ધ્યાનરૂપ સાધનથી જુએ છે. બીજાઓ સાંખ્ય-યોગ અર્થાત નિત્ય અને અનિત્ય વસ્તુઓના વિવેકરૂપ યોગથી એ પ્રમાણે જુએ છે. અથવા બીજાઓ સાંખ્યથી અર્થાત્ નિત્યાનિત્ય વસ્તુઓના વિવેકરૂપ સાધનથી આત્માને જુએ છે અને બીજા યોગથી એટલે ધારણા, ધ્યાન, સમાધિ વિગેરે આઠ અઙ્ગવાળા યોગરૂપ સાધનથી આત્માને જુએ છે. અને કેટલાક બીજા કર્મયોગથી એટલે નિષ્કામ કર્મ કરી આત્માને જુએ છે.

**અન્યે ત્વેવમ્ અજાનન્તઃ શ્રુત્વાઽન્યેભ્ય ઉપાસતે।**
**તેઽપિ ચાતિતરન્ત્યેવ મૃત્યું શ્રુતિપરાયણાઃ ॥૨૫॥**

**તુ - પણ;** અવ્યય
**અન્યે - બીજા;** સર્વનામ, પ્ર.બ.વ., પુ. 'અન્ય'
**એવમ્ - તો પણ, એ પ્રમાણે;** અવ્યય
**અજાનન્તઃ - નહિ જાણનારાઓ;** નામ, પ્ર.બ.વ., પુ. 'અજાનત્'
**અન્યેભ્યઃ - બીજા પાસેથી;** સર્વનામ, પ્ર.બ.વ., પુ.
**શ્રુત્વા - સાંભળીને;** વિધેય કૃદન્ત
**ઉપાસતે - સેવે છે;** ક્રિ. વ.કા, તૃ.પુ.બ.વ., ઉપ + આસ્ ૨ ગણ, આત્મને.
**ચ - અને;** અવ્યય. **તે - તેઓ;** સર્વનામ, પ્ર.બ.વ., પુ.
**શ્રુતિપરાયણાઃ - શ્રવણપરાયણ;** વિશેષણ, વિ. 'અન્યે'
**અપિ - પણ;** અવ્યય
**મૃત્યુમ્ - મૃત્યુને;** નામ, દ્વિ.એ.વ., પુ. 'મૃત્યુ'
**અતિતરન્તિ - તરી જાય છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., અતિ + તૃ ૧ ગણ, પરસ્મૈ.
**એવ - જ, માત્ર;** અવ્યય

**શ્લોકાર્થ:** બીજાઓ તો એમ નહિ જાણતાં અન્ય પાસેથી શ્રવણ કરી ઉપાસના કરે છે. શ્રુતિપરાયણ તેઓ પણ મૃત્યુને ચોક્કસ તરી જાય છે.

**વિવેચન:** અતિમન્દ અધિકારવાળા બીજાઓ તો પોતાને જ્ઞાન અથવા અનુભવ નહિ હોવા છતાં ગુરુ વિગેરે અન્યની પાસેથી શ્રવણ કરી આત્માની ઉપાસના કરે છે. આવી રીતે શ્રુતિમાં કહેલા પ્રકારથી શ્રદ્ધાથી ઉપાસના કરનાર પણ મૃત્યુ એટલે સંસારને તરી જાય છે અર્થાત્ મુક્ત થાય છે.



**યાવત્ સઞ્જાયતે કિઞ્ચિત્ સત્ત્વં સ્થાવર-જઙ્ગમમ્।**
**ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞ-સંયોગાત્ તદ્ વિદ્ધિ ભરતર્ષભ! ॥૨૬॥**

**ભરતર્ષભ - હે ભરતર્ષભ!** સમ્બોધન
**યાવત્ - જેટલું, જે કાંઈ;** વિશેષણ, વિ. 'સત્ત્વમ્'
**કિઞ્ચિત્ - કાંઈ પણ;** વિશેષણ, વિ. 'સત્ત્વમ્'
**સ્થાવરજઙ્ગમમ્ - સ્થાવરજઙ્ગમ;** વિશેષણ, વિ. 'સત્ત્વમ્'
**સત્ત્વમ્ - સત્ત્વ;** નામ, પ્ર.એ.વ., નપુ. 'સત્ત્વ'
**સઞ્જાયતે - ઉત્પન્ન થાય છે;** ક્રિ.વ.કા., તૃ.પુ.એ.વ., સમ્+જન્ ૪ ગણ, આત્મને.
**તત્ - તે;** સર્વનામ, દ્વિ.એ.વ., નપુ. 'તત્'
**ત્વમ્ - તું;** સર્વનામ, પ્ર.એ.વ. 'યુષ્મદ્'
**ક્ષેત્રક્ષેત્રજ્ઞસંયોગાત્ - પ્રકૃતિ અને પુરુષ ના સંયોગથી;** નામ, પં.એ.વ., પુ. ''ક્ષેત્રમ્ ક્ષેત્રજ્ઞઃ ચ તયોઃ સંયોગાત્'' તત્પુ.
**વિદ્ધિ - જાણ;** ક્રિ. આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ., 'વિદ્' ૨ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** હે ભરતર્ષભ! જે કાંઈ સ્થાવર અથવા જઙ્ગમ પદાર્થ ઉત્પન્ન થાય છે તે ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ ના સંયોગથી થાય છે એમ જાણ.

**વિવેચન:** પ્રકૃતિથી સંસૃષ્ટ થએલા આત્માથી એટલે પ્રકૃતિ અને પુરુષ ના સંયોગથી જ સ્થાવર અથવા જઙ્ગમ વસ્તુમાત્ર ઉત્પન્ન થાય છે. ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ નો સંયોગ થાય ત્યારે જ વસ્તુની ઉત્પત્તિ થાય છે. કેવળ ક્ષેત્ર અથવા કેવલ ક્ષેત્રજ્ઞથી કોઈ વસ્તુની ઉત્પત્તિ થતી નથી.

**સમં સર્વેષુ ભૂતેષુ તિષ્ઠન્તં પરમેશ્વરમ્।**
**વિનશ્યત્સ્વવિનશ્યન્તં યઃ પશ્યતિ સ પશ્યતિ ॥૨૭॥**

**યઃ - જે;** સર્વનામ, પ્ર.એ.વ., પુ.
**વિનશ્યત્સુ - વિનાશ પામતાઓમાં;** વ.કૃ., વિશેષણ, વિ. 'ભૂતેષુ'
**સર્વેષુ - બધાઓમાં;** વિશેષણ, વિ. 'ભૂતેષુ'
**ભૂતેષુ - ભૂતોમાં;** નામ, સ.બ.વ., 'ભૂત'
**અવિનશ્યન્તમ્ - નાશ ન પામતો;** વ.કૃ., વિશેષણ, વિ. 'પરમેશ્વરમ્'
**પરમેશ્વરમ્ - પરમેશ્વરને;** નામ, દ્વિ.એ.વ., પુ.
**સમમ્ - સરખું;** વિશેષણ, વિ. 'પરમેશ્વરમ્'

**તિષ્ઠન્તમ્** - રહેલો; વ.કૃ., વિશેષણ, વિ. 'પરમેશ્વરમ્'
**પશ્યતિ** - જુવે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'દશ્'(પશ્ય્) ૧ ગણ, પરસ્મૈ.
**સઃ** - તે; સર્વનામ, પ્ર.એ.વ., પુ.
**એવ યથાર્થમ્** - જ સત્ય;
**પશ્યતિ** - તે જુવે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'દશ્(પશ્ય્)' ૧ ગણ પરસ્મૈ.

**શ્લોકાર્થ :** સર્વ ભૂતોમાં સમાન રહેતા અને વિનાશ થતાઓમાં વિનાશ ન થતા પરમેશ્વરને જે જુએ છે તે જુએ છે.

**વિવેચન :** સારી રીતે બોધ થઈ શકે તે માટે અહીંથી પુનઃ આત્મદર્શન કહે છે. આત્મા ત્રણ પ્રકારનો છે. ૧. અન્તર્યામી ૨. પુરુષ ૩. અવ્યક્ત. પ્રથમ અહીંથી બે શ્લોકથી (૨૭।૨૮) અન્તર્યામીના દર્શનથી શું ફલ થાય છે તે કહે છે. સર્વ ભૂતોમાં સમાન રહેનાર પરમેશ્વર અન્તર્યામીને જે જુએ છે તથા વિનાશ થતાં પ્રકૃતિમાં કાર્યરૂપ શરીરોમાં વિનાશ નહિ પામનાર અને 'જ્ઞાતા' તરીકે સમાન આકારવાળા અન્તર્યામીને જે જુએ છે તે સત્ય જુએ છે.

**સમં પશ્યન્ હિ સર્વત્ર સમવસ્થિતમીશ્વરમ્।**
**ન હિનસ્ત્યાત્મનાઽઽત્માનં તતો યાતિ પરાં ગતિમ્॥૨૮॥**

**હિ** - ચોક્કસ; અવ્યય
**સઃ** - તે પુરુષ; સર્વનામ, પ્ર.એ.વ. 'તત્' પુ.
**સર્વત્ર** - બધે ઠેકાણે; અવ્યય
**સમવસ્થિતમ્** - સમાનતાથી રહેલાવાળો; વિશેષણ, વિ. 'ઈશ્વરમ્'
**ઈશ્વરમ્** - ઈશ્વરને; નામ, દ્વિ.એ.વ., પુ. 'ઈશ્વર'
**સમમ્** - સરખું, સમાન; વિશેષણ, વિ. 'ઈશ્વરમ્'
**પશ્યન્** - જોતો; વ.કૃ., વિશેષણ, વિ. 'યઃ'
**આત્મના** - આત્માવડે, માયાવડે; નામ, તૃ.એ.વ. પુ.
**આત્માનમ્** - પોતાને; નામ, દ્વિ.એ.વ., પુ. 'આત્મન્'
**ન** - નહિ; અવ્યય
**હિનસ્તિ** - હિંસે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ. 'હિંસ્' ૭ ગણ, પરસ્મૈ.
**તતઃ** - પછી; અવ્યય



**પરામ્** - પરા, ઉત્તમ; વિશેષણ, વિ. 'ગતિમ્'
**ગતિમ્** - ગતિને; નામ, દ્વિ.એ.વ., સ્ત્રી. 'ગતિ'
**યાતિ** - જાય છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ. 'યા' ૨ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ :** સર્વત્ર સારી રીતે રહેલા ઈશ્વરને સમ જોનાર આત્માથી આત્માને હણતો નથી. તેથી પરા ગતિ પામે છે.

**વિવેચન :** સર્વત્ર સારી રીતે રહેલા ઈશ્વર-અન્તર્યામીને સર્વત્ર સમાન જોનાર આત્માથી આત્માને હણતો નથી અર્થાત્ આત્માને અન્યથા જાણતો નથી, પરન્તુ આત્માને યથાર્થ જાણે છે. આત્માનું અન્યથા જ્ઞાન તે જ આત્માનું હનન છે. શ્રુતિ કહે છે કે "અન્યથા હોનાર આત્માને અન્યથા જાણે છે તે આત્માપહારી ચોરે શું પાપ નથી કર્યું?" તેથી આત્માનું અન્યથાજ્ઞાન તે જ આત્મહનન છે. આત્માને સર્વત્ર સમાન જાણનાર આત્માને હણતો નથી, અર્થાત્ આત્માને યથાર્થ જાણે છે. તેથી આત્માને યથાર્થ જાણતો હોવાથી તે સચ્ચિદાનન્દ ભગવદ્ધામ અક્ષરરૂપ પરા ગતિને પ્રાપ્ત કરે છે.

**પ્રકૃત્યૈવ ચ કર્માણિ ક્રિયમાણાનિ સર્વશઃ।**
**યઃ પશ્યતિ તથાઽઽત્માનમ્ અકર્તારં સ પશ્યતિ॥૨૯॥**

**તથા** - અને; અવ્યય. **યઃ** - જે; સર્વનામ, પ્ર.એ.વ., પુ.
**કર્માણિ** - કર્મોને; નામ, દ્વિ.બ.વ., નપુ. 'કર્મન્'
**સર્વશઃ** - બધી રીતે, સર્વ પ્રકારે; અવ્યય
**પ્રકૃત્યા** - પ્રકૃતિથી; નામ, તૃ.એ.વ., સ્ત્રી. 'પ્રકૃતિ'
**એવ** - જ, માત્ર; અવ્યય
**ક્રિયમાણાનિ** - કરવામાં આવતાં; વિશેષણ, વિ. 'કર્માણિ'
**પશ્યતિ** - જુએ છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'દશ્'(પશ્ય્) ૧ ગણ, પરસ્મૈ.
**ચ** - અને; અવ્યય
**આત્માનમ્** - પોતાને, આત્માને; નામ, દ્વિ.એ.વ., પુ. 'આત્મન્'
**અકર્તારમ્** - અકર્તા; નામ, દ્વિ.એ.વ., પુ. 'અકર્તૃ'
**પશ્યતિ** - જુવે છે; ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ., 'દશ્'(પશ્ય્) ૧ ગણ, પરસ્મૈ.
**સઃ** - તે; સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'તત્'
**પશ્યતિ** - તે જુએ છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'દશ્' ૧ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ :** સર્વ તરફ પ્રકૃતિથી જ કર્મો થાય છે એમ તથા આત્મા અકર્તા છે એમ જે જુએ છે તે જુએ છે.

**વિવેચન :** હવે દ્વિતીય પ્રકારના આત્મા-પુરુષના જ્ઞાનનું ફલ કહે છે. કર્મ સર્વશઃ પ્રકૃતિથી જ થાય છે અને આત્મા વસ્તુતઃ અકર્તા છે એમ જે જુએ છે તે સત્ય જુએ છે. કર્મ કરવામાં ચેષ્ટાની આવશ્યક્તા છે. ચેષ્ટા પ્રકૃતિનો ગુણ છે. તેથી કર્મ કરવામાં અર્થાત્ કર્તૃત્વમાં ચેષ્ટા આવશ્યક હોવાથી કર્તૃત્વ પ્રકૃતિને અધીન છે. તેથી પ્રકૃતિથી કર્મો થાય છે. આવું કર્તૃત્વ કેવલ જીવસ્વરૂપ—માત્ર આણુકદવાળા ચિદ્રૂપ આત્મામાં સમ્ભવતું નથી. આ પ્રાકૃત કર્તૃત્વ છે. પુરુષ શ્રીપુરુષોત્તમનો અંશ હોવાથી, અને શ્રીપુરુષોત્તમ મુખ્ય કર્તા હોવાથી પુરુષમાં શ્રીપુરુષોત્તમભાવના અનુસન્ધાનથી જ કર્તૃત્વ સમ્ભવે, પરન્તુ સ્થૂલ તથા સૂક્ષ્મ દેહની ઉપાધિવાળો પુરુષ જે કર્મ કરે છે તે વસ્તુતઃ પુરુષનું કર્મ નથી, પરન્તુ પ્રકૃતિનું છે. આ કર્તૃત્વ પણ પ્રાકૃત છે. તે પુરુષમાં નથી, પરન્તુ પ્રકૃતિમાં રહેલું છે, તેથી આત્મા પુરુષને ઉપાધિરહિત તથા અકર્તા તરીકે જે જુએ છે તે જ જુએ છે, બીજાઓ અન્ધ છે.

**યદા ભૂતપૃથગ્ભાવમ્ એકસ્થમ્ અનુપશ્યતિ।**
**તતએવ ચ વિસ્તારં બ્રહ્મ સમ્પદ્યતે તદા॥૩૦॥**

**યદા** - જ્યારે; અવ્યય
**ભૂતપૃથગ્ભાવમ્** - **ભૂતોના જુદા-જુદા ભાવોને;** નામ, દ્વિ.એ.વ., પુ.
"પૃથક્ ભાવઃ ઈતિ ભૂતાનાં પૃથક્ ભાવઃ ઈતિ"
**એકસ્થમ્** - **એકમાં જ રહેલા;** વિશેષણ, વિ. 'ભૂતપૃથક્ભાવમ્'
**અનુપશ્યતિ** - **જુએ છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ., અનુ + દશ્ ૧ ગણ, પરસ્મૈ.
**એવ ચ** - **વળી અને;** અવ્યય
**તતઃ** - **તે પરમાત્માથી;** સર્વનામ, પં.એ.વ.,
**વિસ્તારમ્** - **વિસ્તાર;** નામ, દ્વિ.એ.વ., પુ. 'વિસ્તાર'
**પશ્યતિ** - **જુવે છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ.
**તદા** - **ત્યારે;** અવ્યય
**સઃ** - **તે;** સર્વનામ, પ્ર.એ.વ. 'તત્' પુ.
**બ્રહ્મ** - **બ્રહ્મ;** નામ, દ્વિ.એ.વ. નપુ.



**સમ્પદ્યતે** - **પ્રાપ્ત કરે છે;** ક્રિ. વ.કર્મણિ, તૃ.પુ.એ.વ., સમ્ + પદ્ ૪ ગણ

**શ્લોકાર્થ :** જ્યારે ભૂતોના પૃથગ્ભાવને એકમાં રહેલો જુએ છે અને તેમાં જ વિસ્તાર જુએ છે ત્યારે બ્રહ્મ પામે છે.

**વિવેચન :** હવે આત્માના તૃતીય પ્રકાર અવ્યક્ત અક્ષર બ્રહ્મના જ્ઞાનનું ફલ કહે છે. દેવો-મનુષ્યો વિગેરે ભૂતોમાં રહેલા દેવત્વ, મનુષ્યત્વ, દીર્ઘત્વ, હ્રસ્વત્વ, સ્થૂલત્વ, કૃશત્વ વિગેરે જુદા-જુદા સર્વ ભાવોને અર્થાત્ જુદા-જુદા જણાતા સર્વ ભાવોને એક પ્રકૃતિમાં રહેલા તથા (તે સર્વને) સમષ્ટિપુરુષ અથવા અવ્યક્ત અક્ષરમાં રહેલા જુએ છે અને તેમાંથી જ પાછા તેઓ નીકળી વિસ્તાર પામે છે; એમ જુએ છે અને અનુભવ કરે છે ત્યારે અક્ષરબ્રહ્મ પામે છે અર્થાત્ અનવચ્છિન્ન અક્ષરાત્મા સાથે ઐક્ય પ્રાપ્ત કરે છે.

અહીં આત્માના ત્રણ પ્રકારનો બોધ કર્યો, તેનું દૃષ્ટાન્ત નીચે પ્રમાણે ઘટે છે. ક્ષુદ્ર અથવા છૂટક-છૂટક પ્રવાહ જેવા વ્યષ્ટિ અર્થાત્ જુદા-જુદા જીવાત્મા છે. સમષ્ટિસ્વરૂપ ગઙ્ગાના નીર પેઠે અનવચ્છિન્ન પ્રવાહ જેવું છે. (અર્થાત્ જલ પેઠે સર્વ પુરુષ છે) તેમની શક્તિ જેવું અક્ષર છે અને તેના દેવતા જેવા પરમેશ્વર હરિ છે. શ્રીમદાચાર્યચરણવિરચિત 'સિદ્ધાન્તમુક્તાવલિ' ગ્રન્થમાં પણ આ અર્થનું પ્રતિપાદન કરેલું છે.

**અનાદિત્વાત્ નિર્ગુણત્વાત્ પરમાત્માયમવ્યયઃ।**
**શરીરસ્થોઽપિ કૌન્તેય! ન કરોતિ ન લિપ્યતે॥૩૧॥**

**કૌન્તેય** - હે કૌન્તેય! સમ્બોધન
**અનાદિત્વાત્** - **અનાદિ હોવાથી;** નામ, પં.એ.વ., નપુ.
**નિર્ગુણત્વાત્** - **નિર્ગુણ હોવાથી;** નામ, પં.એ.વ., નપુ. 'નિર્ગુણત્વ'
**અયમ્** - **આ;** સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'ઈદમ્'
**અવ્યયઃ** - **અવિનાશી;** વિશેષણ, વિ. 'પરમાત્મા'
**પરમાત્મા** - **પરમાત્મા;** નામ, પ્ર.એ.વ. પુ.
**શરીરસ્થઃ** - **શરીરમાં રહેલો;** વિશેષણ, વિ. 'પરમાત્મા'
**અપિ ન** - **પણ નથી;** અવ્યય
**ન કરોતિ** - કરતો; ક્રિયાપદ **ચ** - **અને;** અવ્યય
**ન લિપ્યતે** - **નથી લેપાતો;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'લિપ્' ૬ ગણ, કર્મણિ

**શ્લોકાર્થ :** આ પરમાત્મા અનાદિ હોવાથી તથા નિર્ગુણ હોવાથી અવ્યય છે. હે કૌન્તેય! તે શરીરમાં રહેલો હોવા છતાં કાંઈ કરતો નથી અને લેપાતો નથી.

**વિવેચન :** પુરુષને સ્વતઃ પ્રાકૃત સમ્બન્ધ નથી એમ કહે છે. આ પરમાત્મા એટલે પુરુષ અથવા જીવ અક્ષરરૂપ હોવાથી અનાદિ તથા નિર્ગુણ છે અને તેથી અવ્યય છે. માત્ર ભગવાન્‌ની ઇચ્છાથી જ તે ભગવાન્‌થી છુટો પડેલો છે, તેથી તે શરીરમાં રહેલો હોવા છતાં સ્વતઃ કાંઈ કરતો નથી તેમ કોઈ કાર્યથી લેપાતો નથી; પરન્તુ માત્ર અધ્યાસથી કર્તા હોય તેમ માને છે.

**યથા સર્વગતં સૌક્ષ્મ્યાત્ આકાશં નોપલિપ્યતે।**
**સર્વત્રાવસ્થિતો દેહે તથાત્મા નોપલિપ્યતે॥૩૨॥**

**યથા** - **જેવી રીતે;** અવ્યય
**સર્વગતમ્** - **બધે ઠેકાણે વ્યાપ્ત થતું;** ભૂ.કૃ., વિશેષણ, વિ. 'આકાશમ્'
**આકાશમ્** - **આકાશ;** નામ, પ્ર.એ.વ. નપુ. 'આકાશ'
**સૌક્ષ્મ્યાત્** - **સૂક્ષ્મ હોવાથી;** નામ, પં.એ.વ., નપુ. 'સૌક્ષ્મ્ય'
**ન** - **નહિ;** અવ્યય
**ઉપલિપ્યતે** - **લેપાય છે;** ક્રિ. વ.કર્મણિ, ઉપ + લિપ્ ૬ ગણ
**તથા સર્વત્ર** - **તેથી બધે;** અવ્યય
**દેહે** - **દેહમાં;** નામ, સ.એ.વ., પુ. 'દેહ'
**અવસ્થિતઃ** - **રહેલો;** વિશેષણ, વિ. 'આત્મા'
**આત્મા** - **આત્મા;** નામ, પ્ર.એ.વ., પુ. 'આત્મન્'
**ન** - **નહિ;** અવ્યય
**ઉપલિપ્યતે** - **લેપાય છે;** ક્રિ. વ.કર્મણિ, તૃ.પુ.એ.વ. ઉપ + લિપ્ ૬ ગણ

**શ્લોકાર્થ :** જેમ સર્વત્ર રહેલું આકાશ સૂક્ષ્મ હોવાથી લેપાતું નથી તેમ દેહમાં સર્વત્ર રહેલો આત્મા લેપાતો નથી.

**વિવેચન :** પુરુષ નિર્ગુણ હોવાથી કાંઈ કરતો ન હોય તો પણ દેહની સાથે તેનો નિત્ય સમ્બન્ધ હોવાથી દેહના સ્વભાવથી તે કેમ ન લેપાય?



તેવી શઙ્કા થાય, તે દૂર કરવા આકાશનું દૃષ્ટાન્ત આપે છે. જેમ આકાશ સર્વત્ર રહેલું છે છતાં સૂક્ષ્મ હોવાથી કોઈ પદાર્થથી લેપાતું નથી, તેમજ આત્મા દેહમાં સર્વત્ર રહેલો હોવા છતાં સૂક્ષ્મ પરમાણુના કદનો હોવાથી લેપાતો નથી. આત્મા અણુ કદનો છે, છતાં તેનો ચૈતન્ય ગુણ સર્વ શરીરમાં પ્રસરી રહેતો હોવાથી આત્માને શરીરમાં સર્વત્ર રહેલો કહેલો છે. જેમ શરીરના એક અવયવમાં ચન્દન લગાડેલ હોય તો પણ તેની શીતલતા સર્વ શરીરમાં પ્રસરી રહે છે તેમ અણુપરિમાણ આત્મા માત્ર હૃદયમાં રહેલો હોવા છતાં તેનું ચૈતન્ય સર્વ શરીરમાં પ્રસરી રહે છે.

**યથા પ્રકાશયત્યેકઃ કૃત્સ્નં લોકમ્ ઈમં રવિઃ।**
**ક્ષેત્રં ક્ષેત્રી તથા કૃત્સ્નં પ્રકાશયતિ ભારત!॥૩૩॥**

**ભારત** - **હે અર્જુન;** સમ્બોધન
**યથા** - **જેવી રીતે;** અવ્યય. **એકઃ** - **એક;** વિશેષણ, વિ. 'રવિઃ'
**રવિઃ** - **રવિ, સૂર્ય;** નામ, પ્ર.એ.વ., પુ. 'રવિ'
**ઈમમ્** - **આ;** સર્વનામ, દ્વિ.એ.વ., પુ.
**કૃત્સ્નમ્** - **અખિલ, બધું;** વિશેષણ, વિ. 'લોકમ્'
**લોકમ્** - **લોકને;** નામ, દ્વિ.એ.વ., પુ.
**પ્રકાશયતિ** - **પ્રકાશે છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ. 'પ્ર+કાશ્' ૧૦ ગણ, પરસ્મૈ.
**તથા** - **તેવી રીતે;** અવ્યય
**ક્ષેત્રી** - **ક્ષેત્રી, જીવાત્મા;** નામ, પ્ર.એ.વ., પુ. 'ક્ષેત્રિન્'
**કૃત્સ્નમ્** - **અખિલ;** વિશેષણ, વિ. 'ક્ષેત્રમ્'
**ક્ષેત્રમ્** - **ક્ષેત્ર, શરીર;** નામ, દ્વિ.એ.વ., નપુ. 'ક્ષેત્ર'
**પ્રકાશયતિ** - **પ્રકાશે છે;** (બાકી પૂર્વવત્)

**શ્લોકાર્થ :** હે ભારત! જેમ એક રવિ આ સર્વ લોકને પ્રકાશે છે તેમ ક્ષેત્રી સર્વ ક્ષેત્રને પ્રકાશે છે.

**વિવેચન :** આત્મા સર્વ દેહમાં કેવી રીતે વ્યાપી રહેલો છે તે સ્પષ્ટ કરવા આ બીજું દૃષ્ટાન્ત આપે છે. જેમ એક સૂર્ય આ સર્વ લોકને પ્રકાશે છે તેમ ક્ષેત્રી સર્વ દેહને પ્રકાશે છે. ચૈતન્ય એ આત્માનો જ્ઞાનરૂપ ધર્મ છે, પ્રાકૃત ધર્મ નથી. અહીં પુરુષને 'ક્ષેત્રી' કહેલો છે. 'ક્ષેત્રજ્ઞ' કહેલો

નથી. તેથી અજ્ઞાનાવસ્થામાં પુરુષ ક્ષેત્રજ્ઞ નથી, પરન્તુ ક્ષેત્રી જ છે. અને જ્યારે તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરી ભગવાન્‌ના ગુણો પ્રાપ્ત કરે છે ત્યારે તે 'ક્ષેત્રજ્ઞ' થાય છે એવો અહીં બોધ કરેલો છે એમ જાણવું.

**ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞયોરેવમ્ અન્તરં જ્ઞાનચક્ષુષા।**
**ભૂતપ્રકૃતિમોક્ષં ચ યે વિદુર્યાન્તિ તે પરમ્॥૩૪॥**

**એવમ્ - એ પ્રકારે;** અવ્યય
**ક્ષેત્રક્ષેત્રજ્ઞયોઃ - ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ નું;** નામ, ષ.દ્વિ.વ., પુ.
**અન્તરમ્ - તફાવત;** નામ, પ્ર.એ.વ., નપુ. 'અન્તર'
**ચ - અને;** અવ્યય
**ભૂતપ્રકૃતિમોક્ષમ્ - ભૂત (પ્રાણી) અને પ્રકૃતિને છોડાવનાર;**
**યે - જેઓ;** સર્વનામ, પ્ર.બ.વ., પુ. 'યત્'
**જ્ઞાનચક્ષુષા - જ્ઞાનચક્ષુઓથી;** નામ, તૃ.એ.વ. નપુ. 'જ્ઞાનચક્ષુષ્'
**વિદુઃ - જાણે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., 'વિદ્' ૨ ગણ, પરસ્મૈ.
**તે - તેઓ;** સર્વનામ, પ્ર.બ.વ., વ.પુ. 'તત્'
**પરમ્ - બ્રહ્મને;** નામ, દ્વિ.એ.વ., નપુ. 'પર'
**યાન્તિ - પામે છે, જાય છે;** ક્રિ. વ.કા, તૃ.પુ.બ.વ. 'યા' ૨ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** એવી રીતે જ્ઞાનચક્ષુથી ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ નો ભેદ તથા ભૂતોનો પ્રકૃતિમાંથી મોક્ષ જેથી થાય તે જે જાણે છે તેઓ પરને પામે છે.

**વિવેચન:** એવી રીતે જ્ઞાનચક્ષુથી એટલે તત્ત્વજ્ઞાનની દૃષ્ટિથી જે ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ નો ભેદ જાણે છે તથા ભૂતોનો પ્રકૃતિમાંથી મોક્ષ અમાનિત્વ વિગેરે જે સાધનોથી થાય છે તે જે જાણે છે તે પર એટલે પુરુષોત્તમની પ્રાપ્તિ કરાવનાર તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરે છે.

**ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે**
**શ્રીકૃષ્ણાર્જુનસંવાદે 'ક્ષેત્રક્ષેત્રજ્ઞવિભાગયોગો'નામ**
**ત્રયોદશોઽધ્યાયઃ॥૧૩॥**

**પ્રવક્ષ્યામિ** - **કહીશ, સારી રીતે કહીશ;** ક્રિ. ભ.કા., પ્ર.પુ.એ.વ. પ્ર + વચ્ ૨ ગણ પરસ્મૈ.
**યત્** - **જે;** સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.
**જ્ઞાત્વા** - **જાણીને;** વિધેય કૃદન્ત
**સર્વે** - **બધા;** સર્વનામ, પ્ર.બ.વ., પુ.
**મુનયઃ** - **મુનિઓ;** નામ, પ્ર.બ.બ.વ., પુ. 'મુનિ'
**ઇતઃ** - **આ સંસારથી, કામનાઓના સમૂહથી;** અવ્યય
**પરામ્** - **શ્રેષ્ઠ, પર;** વિશેષણ, વિ. 'સિદ્ધિમ્'
**સિદ્ધિમ્** - **સિદ્ધિને;** નામ, દ્વિ.એ.વ., સ્ત્રી. 'સિદ્ધિ'
**ગતાઃ** - **પામ્યા છે;** ભૂ.કૃ., વિશેષણ, વિ. 'મુનયઃ'

**શ્લોકાર્થ:** જ્ઞાનોમાં ઉત્તમ જ્ઞાન 'પર' તને પુનઃ કહીશ. સર્વે મુનિઓ તે જાણીને અહીંથી પરા સિદ્ધિ પામેલા છે.

**વિવેચન:** ગયા અધ્યાયના અન્તે 'પર' પ્રાપ્ત કરે છે એમ કહ્યું તે 'પર' સર્વ જ્ઞાનોમાં ઉત્તમ જ્ઞાન છે, કારણ કે તે જેની શક્તિ તથા મહિમા અચિન્ત્ય છે એવા શ્રીપુરુષોત્તમનું યથાર્થ જ્ઞાન છે. તે હું તને પુનઃ વિસ્તારથી વિવેચન કરી કહીશ. સર્વે મુનિઓ પણ તે જાણીને અહીંથી એટલે આ ત્રિગુણાત્મક સૃષ્ટિમાંથી પરા સિદ્ધિ એટલે ગુણાતીત મુક્તિ પામેલા છે.

**ઇદં જ્ઞાનમ્ ઉપાશ્રિત્ય મમ સાધર્મ્યમ્ આગતાઃ।**
**સર્ગેઽપિ નોપજાયન્તે પ્રલયે ન વ્યથન્તિ ચ॥૨॥**

**ઇદમ્** - **આ;** સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.
**જ્ઞાનમ્** - **જ્ઞાનને;** નામ, દ્વિ.એ.વ., નપુ.
**ઉપાશ્રિત્ય** - **પ્રાપ્ત કરીને, આશ્રય કરીને;** વિધેય કૃદન્ત
**મમ** - **મારા;** સર્વનામ, ષ.એ.વ., 'અસ્મત્'
**સાધર્મ્યમ્** - **સ્વરૂપને;** નામ, દ્વિ.એ.વ., નપુ. 'સાધર્મ્ય'
**આગતાઃ** - **પામેલા;** ભૂ.કૃ., વિશેષણ, વિ. 'પુરુષાઃ'
**પુરુષાઃ** - **પુરુષ;** સર્વનામ, પ્ર.એ.વ. પુ.
**સર્ગે** - **સૃષ્ટિમાં;** નામ, સ.એ.વ., પુ. 'સર્ગ'



**ન** - **નહિ;** અવ્યય
**ઉપજાયન્તે** - **ઉત્પન્ન થાય છે;** ક્રિ. વર્ત.કા., તૃ.પુ.બ.વ., 'ઉપ + જન્' ૪ ગણ આત્મને.
**ચ** - **અને;** અવ્યય
**પ્રલયે** - **પ્રલયમાં;** નામ, સ.એ.વ., પુ. 'પ્રલય'
**અપિ ન** - **પણ ન;** અવ્યય
**વ્યથન્તિ** - **વ્યથા પામે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ. 'વ્યથ્' ૧ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** આ જ્ઞાનનો આશ્રય કરીને મારા સાધર્મ્યને પ્રાપ્ત થએલા સર્ગ સમયે પણ જન્મતા નથી અને પ્રલય સમયે વ્યથા પામતા નથી.

**વિવેચન:** આ જ્ઞાનનો આશ્રય કરીને મારા સમાન ઐશ્વર્ય વિગેરે છ ગુણોને પ્રાપ્ત થએલા સર્ગ સમયે જન્મતા નથી તેમજ પ્રલય સમયે વ્યથા પામતા નથી, પરન્તુ નિત્ય મારી સમીપમાં રહે છે.

**મમ યોનિઃ મહદ્ બ્રહ્મ તસ્મિન્ ગર્ભં દધામ્યહમ્।**
**સમ્ભવઃ સર્વભૂતાનાં તતો ભવતિ ભારત!॥૩॥**

**ભારત** - **હે ભારત!;** સમ્બોધન
**મમ** - **મારી;** સર્વનામ, ષ.એ.વ. 'અસ્મત્'
**મહત્** - **મહાન;** વિશેષણ, વિ. 'બ્રહ્મ'
**બ્રહ્મ** - **બ્રહ્મ;** ''પ્રકૃતિ, ત્રિગુણમયી માયા'' નામ, પ્ર.એ.વ., નપુ. 'બ્રહ્મન્'
**યોનિઃ** - **ઉત્પત્તિસ્થાન;** નામ, પ્ર.એ.વ., સ્ત્રી.
**અસ્તિ ચ** - **છે અને;** ક્રિયાપદ, અવ્યય
**અહમ્** - **હું;** સર્વનામ, પ્ર.એ.વ. 'અસ્મદ્'
**તસ્મિન્** - **તેમાં;** સર્વનામ, સ.એ.વ., નપુ. 'તત્'
**ગર્ભમ્** - **ગર્ભને, ચેતનરૂપ બીજને;** નામ, દ્વિ.એ.વ., પુ. 'ગર્ભ'
**દધામિ** - **મૂકું છું;** ક્રિ. પ્ર.પુ.એ.વ., 'ધા' ૩ ગણ, પરસ્મૈ.
**તતઃ** - **તેમાંથી, જડ અને ચેતન ના સંયોગથી;** સર્વનામ, પં.એ.વ.,
**સર્વભૂતાનામ્** - **સર્વભૂતોનો;** નામ, ષ.બ.વ., નપુ.
**સમ્ભવઃ** - **સમ્ભવ, ઉત્પત્તિ;** નામ, પ્ર.એ.વ., પુ. 'સમ્ભવ'
**ભવતિ** - **થાય છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ., 'ભૂ' ૧ ગણ પરસ્મૈ.

**શ્લોકાર્થ:** હે ભારત! મહદ્ બ્રહ્મ મારી યોનિ છે. તેમાં હું ગર્ભ મૂકું છું. તેમાંથી સર્વ ભૂતોની ઉત્પત્તિ થાય છે.

**વિવેચન:** એવી રીતે શ્રીપુરુષોત્તમ સમ્બન્ધી જ્ઞાનની પ્રશંસા કરી, અર્જુનમાં તે સાંભળવાની અભિલાષા ઉત્પન્ન કરી પોતાની અચિન્ત્ય શક્તિ, વૈભવ તથા લીલા દર્શાવે છે. પ્રથમ સર્ગની ઉત્પત્તિ કહે છે. ગુણાતીત મુનિઓ સર્ગ સમયે પણ જન્મતા નથી એમ પાછળ કહેલું હોવાથી સર્ગ પણ સગુણ છે. મહદ્ બ્રહ્મ એટલે બ્રહ્મના સદંશભૂત પ્રકૃતિ મારી યોનિ છે. ગુણોના કારણરૂપ પ્રકૃતિ મારી યોનિ છે. તેમાં હું અક્ષરાત્મા પુરુષ બીજરૂપ ગર્ભ દષ્ટિથી મૂકું છું. તેમાંથી સર્વ ભૂતોની ઉત્પત્તિ થાય છે. સર્વ પ્રાણીમાત્ર મારી પ્રકૃતિ તથા પુરુષ ના સંસર્ગથી ઉત્પન્ન થાય છે. તે સંસર્ગ સ્વતન્ત્રતાથી થતો નથી, પરન્તુ મારી ઈચ્છાથી થાય છે એમ 'મારી' યોનિ છે એમ કહેલ છે.

આ શ્લોકનું અનુસન્ધાન બ્રહ્મસૂત્ર ૧।૪।૨૭ ઉપરના અણુભાષ્યમાં તથા શ્રીભાગવત્ ૧૦।૫૭।૪૬ અને ૩।૨૮।૨૩ ઉપરના સુબોધિનીમાં કરેલું છે.

**સર્વયોનિષુ કૌન્તેય! મૂર્તયઃ સમ્ભવન્તિ યાઃ ।**
**તાસાં બ્રહ્મ મહદ્ યોનિઃ અહમ્ બીજપ્રદઃ પિતા ।।૪।।**

**કૌન્તેય - હે અર્જુન;** સમ્બોધન

**સર્વયોનિષુ - બધી ઉત્પત્તિઓમાં;** નામ, સ.બ.વ., સ્ત્રી.

**યાઃ - જે;** સર્વનામ, પ્ર.બ.વ., સ્ત્રી.

**મૂર્તયઃ - સ્વરૂપો, શરીરો, આકૃતિઓ;** નામ, પ્ર.બ.વ., સ્ત્રી. 'મૂર્તિ'

**સમ્ભવન્તિ - થાય છે, ઉત્પન્ન થાય છે;** ક્રિ.વ.કા, તૃ.પુ.બ.વ. સમ્ + ભૂ ૧ ગણ પરસ્મૈ.

**તાસામ્ - તે મૂર્તિઓના;** સર્વનામ, ષ.બ.વ., સ્ત્રી. 'તત્'

**મહત્ - મહાન;** વિશેષણ, વિ. 'બ્રહ્મ'

**બ્રહ્મ - બ્રહ્મ;** નામ, પ્ર.એ.વ., નપુ. 'બ્રહ્મન્'

**યોનિઃ - ઉત્પત્તિસ્થાન છે;** નામ, પ્ર.એ.વ., સ્ત્રી. 'યોનિ'

**અહમ્ - હું;** સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'

**બીજપ્રદઃ - બીજને સ્થાપન કરનાર;** વિશેષણ, વિ. 'અહમ્'

**પિતા - પિતા છું;** નામ, પ્ર.એ.વ., 'પિતૃ' પુ.

ગુણો આત્માના નથી, પરન્તુ પ્રકૃતિના છે અને દેહમાં રહેલા અવ્યય દેહી અર્થાત્ ચેતન પુરુષને બન્ધન કરે છે. દેહમાં અહંભાવ ઉત્પન્ન કરનાર પ્રકૃતિના ધર્મ જ પુરુષને બન્ધન કરે છે. પ્રકૃતિ ઉદ્‌ભૂત થાય ત્યારે તે આ ગુણોરૂપ થાય છે. આ દેહમાં અહંભાવનું અભિમાન કરાવનાર ગુણો અણુપરિમાણવાળા જીવને તે અવ્યય હોવા છતાં બન્ધન કરે છે.

**તત્ર સત્ત્વં નિર્મલત્વાત્ પ્રકાશકમ્ અનામયમ્।**
**સુખસઙ્ગેન બધ્નાતિ જ્ઞાનસઙ્ગેન ચાનઘ!॥૬॥**

**અનઘ** - હે અર્જુન!; સમ્બોધન
**તત્ર** - ત્યાં; અવ્યય
**પ્રકાશકમ્** - પ્રકાશ કરનાર; વિશેષણ, વિ. 'સત્ત્વમ્'
**અનામયમ્** - વિકાર વિનાનું; વિશેષણ, વિ. 'સત્ત્વમ્'
**સત્ત્વમ્** - સત્ત્વ; નામ, પ્ર.એ.વ. નપુ.
**નિર્મલત્વાત્** - નિર્મળ હોવાને કારણે; નામ, પં.એ.વ., નપુ.
**સુખસઙ્ગેન** - સુખની આસક્તિથી; નામ, તૃ.એ.વ., પુ.
**ચ** - અને; અવ્યય
**જ્ઞાનસઙ્ગેન** - જ્ઞાનની આસક્તિથી; નામ, તૃ.એ.વ., પુ.
**બધ્નાતિ** - બાંધે છે; ક્રિ. તૃ.પુ.એ.વ., ૯ ગણ પરસ્મૈ.

**શ્લોકાર્થ:** તેમાં સત્ત્વ નિર્મલ હોવાથી પ્રકાશક અને અનામય છે. હે અનઘ! તે સુખના સઙ્ગથી તથા જ્ઞાનના સઙ્ગથી બન્ધન કરે છે.

**વિવેચન:** હવે અહીંથી અનુક્રમે ગુણોના લક્ષણ તથા તે કેવી રીતે બન્ધન કરે છે તે કહે છે. પ્રથમ સત્ત્વગુણનું લક્ષણ કહે છે. 'સત્ત્વગુણ' નિર્મલ હોવાથી પ્રકાશક એટલે જ્ઞાન ઉત્પન્ન કરનાર તથા 'અનામય' એટલે નિરોગી રાખનાર છે. તે જીવને જ્ઞાનનો તથા સુખનો સઙ્ગ કરાવે છે અને જ્ઞાન તથા સુખ ના સઙ્ગથી બન્ધન કરાવે છે. જ્ઞાન અને સુખ નો સઙ્ગ થવાથી તેઓના લૌકિક તથા વૈદિક સાધનો કરવા પુરુષની પ્રવૃત્તિ થાય છે અને તેથી તેવા સાધનોના ફલરૂપ જ્ઞાન તથા સુખ નો અનુભવ કરવાયોગ્ય યોનિઓમાં તેનો જન્મ થાય છે. આવી રીતે સત્ત્વગુણ મર્યાદાદ્વારા પુરુષને બન્ધન કરાવે છે. આ સત્ત્વગુણ પણ પ્રાકૃત છે. "હું સુખી છું" તથા "શબ્દ વિગેરેના જ્ઞાનવાળો છું" એમ જ્ઞાન તથા સુખ નો સઙ્ગ ઉત્પન્ન કરાવી તે બન્ધન કરાવે છે.



**રજો રાગાત્મકં વિદ્ધિ તૃષ્ણા-સઙ્ગ-સમુદ્ભવમ્।**
**તન્ નિબધ્નાતિ કૌન્તેય! કર્મસઙ્ગેન દેહિનમ્॥૭॥**

**કૌન્તેય** - હે અર્જુન!; સમ્બોધન
**રાગાત્મકમ્** - રાગરૂપ; વિશેષણ, વિ. 'રજઃ'
**રજઃ** - રાજસ, રજોગુણ; નામ, દ્વિ.એ.વ., નપુ. 'રજસ્'
**તૃષ્ણાસઙ્ગસમુદ્ભવમ્** - તૃષ્ણા - કામના અને આસક્તિથી ઉપજેલો; વિશેષણ, વિ. 'રજઃ' "તૃષ્ણા ચ સઙ્ગશ્ચ તયોઃ સમુદ્ભવમ્ ઈતિ સમુદ્ભવઃ"
**વિદ્ધિ** - જાણ; ક્રિ. આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ., વિદ્ ૨ ગણ
**તત્** - તે; સર્વનામ, પ્ર.એ.વ., નપુ. 'તત્'
**કર્મસઙ્ગેન** - કર્મ અને તેના ફળની આસક્તિથી; નામ, તૃ.એ.વ., પુ.
**દેહિનમ્** - જીવને; નામ, દ્વિ.એ.વ., પુ. 'દેહિન્'
**નિબધ્નાતિ** - બાંધે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ. નિ + બધ્ ૯ ગણ પરસ્મૈ.

**શ્લોકાર્થ:** હે કૌન્તેય! તૃષ્ણા અને આસક્તિ થી ઉત્પન્ન થતા રજોગુણને રાગરૂપ જાણ. તે દેહીને કર્મના સઙ્ગથી બન્ધન કરે છે.

**વિવેચન:** અમુક પદાર્થમાટે આસક્તિ અને તે પ્રાપ્ત કરવાની તૃષ્ણાથી રજોગુણની ઉત્પત્તિ થાય છે. તે રાગરૂપ અર્થાત્ અનુરાગરૂપ છે. તે ગુણ જીવને પદાર્થની પ્રાપ્તિ કરવામાટે કર્મમાં પ્રેરે છે અને કર્મમાં આસક્તિ ઉત્પન્ન કરી બન્ધન કરે છે.

**તમસ્ ત્વજ્ઞાનજં વિદ્ધિ મોહનં સર્વદેહિનામ્।**
**પ્રમાદાલસ્ય-નિદ્રાભિઃ તન્ નિબધ્નાતિ ભારત!॥૮॥**

**તુ** - અને; અવ્યય. **ભારત** - હે ભારત!; સમ્બોધન
**સર્વદેહિનામ્** - બધા શરીરધારીઓને; નામ, ષ.બ.વ., 'સર્વદેહિન્'
**મોહનમ્** - મોહ કરનારું; વિશેષણ, વિ. 'તમઃ'
**તમઃ** - તમોગુણ; નામ, દ્વિ.એ.વ., નપુ.
**અજ્ઞાનજમ્** - અજ્ઞાનથી ઉત્પન્ન થયેલું; વિશેષણ, વિ. 'તમઃ'

**વિદ્ધિ** - **જાણ**; ક્રિ. આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ. 'વિદ્' ૨ ગણ, પરસ્મૈ.
**તત્** - **તે. તમોગુણ**; પ્ર.એ.વ., 'તત્' નપુ.
**પ્રમાદાલસ્યનિદ્રાભિઃ** - **પ્રમાદ, આળસ અને નિદ્રા વડે**; ''પ્રમાદશ્ચ આલસ્યં ચ નિદ્રા, પ્રમાદાલસ્યનિદ્રાઃ તાભિઃ'' દ્વન્દ્વ.
**નિબધ્નાતિ** - **બાંધે છે**; ક્રિ. વ.કા, તૃ.પુ.એ.વ., નિ + બધ્ ૯ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ**: હે ભારત! સર્વ દેહીઓને મોહ ઉત્પન્ન કરનાર તમોગુણને અજ્ઞાનથી ઉત્પન્ન થએલો જાણ. તે પ્રમાદ આલસ્ય અને નિદ્રા થી બન્ધન કરે છે.

**વિવેચન**: તમોગુણ વિરુદ્ધ જ્ઞાનથી અથવા અવિદ્યાથી ઉત્પન્ન થએલો છે, તે મોહ ઉત્પન્ન કરે છે અને પ્રમાદ, આલસ્ય તથા નિદ્રા થી બન્ધન કરે છે.

**સત્ત્વં સુખે સઞ્જયતિ રજઃ કર્મણિ ભારત!।**
**જ્ઞાનમાવૃત્ય તુ તમઃ પ્રમાદે સઞ્જયત્યુત॥૯॥**

**ભારત** - **હે ભારત!**; સમ્બોધન
**સત્ત્વમ્** - **સત્ત્વગુણ**; નામ, પ્ર.એ.વ., નપુ.
**સુખે** - **સુખમાં**; નામ, સ.એ.વ., નપુ. 'સુખ'
**સઞ્જયતિ** - **જોડે છે**; ક્રિ. વ.કા, તૃ.પુ.એ.વ. 'સમ્+જિ(જય્) પરસ્મૈ. ૧ ગણ
**ચ** - **અને**; અવ્યય
**રજઃ** - **રજોગુણ**; નામ, પ્ર.એ.વ., પુ.
**કર્મણિ** - **કર્મમાં**; નામ, સ.એ.વ., પુ. 'કર્મન્'
**ચ** - **અને**; અવ્યય
**તમઃ** - **તમોગુણ**; નામ, પ્ર.એ.વ. નપુ. 'તમસ્'
**તુ** - **તો પણ**; અવ્યય
**જ્ઞાનમ્** - **જ્ઞાનને**; નામ, દ્વિ.એ.વ., નપુ. 'જ્ઞાનમ્'
**આવૃત્ય** - **ઢાંકી દઈને**; વિધેય કૃદન્ત
**ઉત** - **ઉલટું, પણ**; અવ્યય
**પ્રમાદે** - **પ્રમાદમાં**; નામ, સ.એ.વ., નપુ. 'પ્રમાદ'
**સઞ્જયતિ** - **જોડે છે**; ક્રિ. વ.કા, તૃ.પુ.એ.વ. 'સમ્ + જિ' પરસ્મૈ. ૧ ગણ

**શ્લોકાર્થ**: હે ભારત! સત્ત્વ ગુણ સુખમાં આસક્તિ કરાવે છે, રજો ગુણ

દઈ વૃદ્ધિ પામે છે તે પોતાનું કાર્ય કરી બન્ધન કરે છે.

આ શ્લોકનું અનુસન્ધાન ભાગ.૧૦ા૨૪ા૪ પરના સુબોધિનીમાં કરેલું છે.

**સર્વદ્વારેષુ દેહેસ્મિન્ પ્રકાશ ઉપજાયતે।**
**જ્ઞાનં યદા તદા વિદ્યાદ્ વિવૃદ્ધં સત્ત્વમ્ ઇત્યુત॥૧૧॥**

**યદા** - જ્યારે; અવ્યય
**અસ્મિન્** - **આ**; સર્વનામ, સ.એ.વ., નપુ. 'ઇદમ્'
**દેહે** - **દેહમાં**; નામ, સ.એ.વ., નપુ. 'દેહ'
**સર્વદ્વારેષુ** - **બધા દ્વારોમાં**; નામ, સ.બ.વ., નપુ. 'સર્વદ્વાર'
**પ્રકાશઃ** - **પ્રકાશ, ચેતન, જ્ઞાન**; નામ, પ્ર.એ.વ.
**ચ** - **અને**; અવ્યય
**જ્ઞાનમ્** - **જ્ઞાન**; નામ, પ્ર.એ.વ., નપુ.
**ઉપજાયતે** - **થાય છે**; ક્રિ.વ.કા., તૃ.પુ.એ.વ. ઉપ+જન્(જાય્) ૪ ગણ
**તદા ઇતિ** - **ત્યારે એમ**; અવ્યય
**વિદ્યાત્** - **જાણવું જોઈએ**; ક્રિ. વિધ્યર્થ, તૃ.પુ.એ.વ. વિદ્ ૨ ગણ
**ઉત** - **કે**; અવ્યય
**સત્ત્વમ્** - **સત્ત્વ**; નામ, પ્ર.એ.વ.,
**વિવૃદ્ધમ્** - **વધારે વધેલું છે**; ભૂ.કૃ., વિશેષણ, વિ. 'સત્ત્વમ્'

**શ્લોકાર્થ :** આ દેહમાં સર્વ દ્વારોમાં જ્યારે પ્રકાશ તથા જ્ઞાન ઉત્પન્ન થાય ત્યારે સત્ત્વ વૃદ્ધિ પામ્યું છે એમ જાણવું.

**વિવેચન :** એક ગુણ બીજા બેને ઢાંકી વૃદ્ધિ પામ્યો છે એમ શાથી જણાય? એવી આકાક્ષા થાય તે માટે ગુણના કાર્ય ઉપરથી અમુક ગુણ વૃદ્ધિ પામ્યો છે એમ જણાય છે એમ કહે છે. આ દેહમાં ઇન્દ્રિય વિગેરે દ્વારોમાં જ્યારે પ્રકાશ અને જ્ઞાન ઉત્પન્ન થાય ત્યારે, પ્રકાશ તથા જ્ઞાન સત્ત્વગુણનાં કાર્ય હોવાથી, સત્ત્વગુણની વૃદ્ધિ થઈ છે એમ જાણવું.

**લોભઃ પ્રવૃત્તિરારમ્ભઃ કર્મણામ્ અશમઃ સ્પૃહા**
**રજસ્યેતાનિ જાયન્તે વિવૃદ્ધે ભરતર્ષભ !॥૧૨॥**

**ભરતર્ષભ** - **હે અર્જુન !** સમ્બોધન



**લોભઃ** - **લોભ**; નામ, પ્ર.એ.વ., પુ. 'લોભ'
**રજસિ** - **રજોગુણમાં**; નામ, સ.એ.વ., નપુ. 'રજસ્'
**પ્રવૃત્તિઃ** - **પ્રવૃત્તિ**; નામ, પ્ર.એ.વ., સ્ત્રી.
**વિવૃદ્ધે** - **વધારે વધેલામાં**; ભૂ.કૃ., વિશેષણ, વિ. 'રજસિ'
**કર્મણામ્** - **કર્મોનું**; નામ, ષ.બ.વ., નપુ. 'કર્મન્'
**આરમ્ભઃ અશમઃ** - **આરમ્ભ અશાન્તિ**; નામ, પ્ર.એ.વ., પુ.
**ચ** - **અને**; અવ્યય
**સ્પૃહા** - **વિષયભોગની લાલસા**; નામ, પ્ર.એ.વ., સ્ત્રી.
**એતાનિ** - **આ**; સર્વનામ, પ્ર.બ.વ., નપુ. 'એતદ્'
**જાયન્તે** - **ઉત્પન્ન થાય છે**; ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ. ૪ ગણ

**શ્લોકાર્થ :** હે ભરતર્ષભ! લોભ, પ્રવૃત્તિ, કર્મોનો આરમ્ભ, અશમ અને સ્પૃહા એ જ્યારે રજોગુણની વૃદ્ધિ થાય છે ત્યારે ઉત્પન્ન થાય છે.

**વિવેચન :** લોભ, 'પ્રવૃત્તિ' એટલે પ્રયોજન વિના પણ ચલસ્વભાવ, કર્મોનો આરમ્ભ અથવા કર્મો કરવા ઉદ્યોગ, 'અશમ' એટલે અશાન્તિ અને 'સ્પૃહા' એટલે હરકોઈ પદાર્થ પ્રાપ્ત કરવાની ઇચ્છા. આ સર્વ રજોગુણની વૃદ્ધિ થાય ત્યારે ઉત્પન્ન થાય છે. આ સર્વ રજોગુણનાં કાર્ય હોવાથી આમની ઉત્પત્તિ થાય ત્યારે રજોગુણની વૃદ્ધિ થઈ છે એમ જાણવું.

**અપ્રકાશોઽપ્રવૃત્તિશ્ચ પ્રમાદો મોહ એવ ચ।**
**તમસ્યેતાનિ જાયન્તે વિવૃદ્ધે કુરુનન્દન !॥૧૩॥**

**કુરુનન્દન** - **હે કુરુનન્દન !**; સમ્બોધન
**તમસિ** - **તમોગુણમાં**; નામ, સ.એ.વ., નપુ.
**વિવૃદ્ધે** - **વધેલા**; ભૂ.કૃ., વિશેષણ, વિ. 'તમસિ'
**અપ્રકાશઃ** - **અન્ધકાર**; નામ, પ્ર.એ.વ., પુ. 'અપ્રકાશ'
**અપ્રવૃત્તિઃ** - **કર્તવ્યકર્મમાં અપ્રવૃત્તિ**; નામ, પ્ર.એ.વ., સ્ત્રી.
**ચ** - **અને**; અવ્યય
**પ્રમાદઃ** - **પ્રમાદ, વ્યર્થ ચેષ્ટા**; નામ, પ્ર.એ.વ., પુ.
**એવ ચ** - **અને, વળી**; અવ્યય
**મોહઃ** - **મોહ**; નામ, પ્ર.એ.વ., પુ.

**એતાનિ** - આ; પ્ર.બ.વ., સર્વનામ, નપુ. 'એતદ્'
**જાયન્તે** - **ઉત્પન્ન થાય છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.બ.વ., આત્મને. ૪ ગણ

**શ્લોકાર્થ:** હે કુરુનન્દન! અપ્રકાશ, અપ્રવૃત્તિ, પ્રમાદ તથા મોહ એ જ્યારે તમોગુણની વૃદ્ધિ થાય ત્યારે ઉત્પન્ન થાય છે.

**યદા સત્ત્વે પ્રવૃદ્ધે તુ પ્રલયં યાતિ દેહભૃત્।**
**તદોત્તમવિદાં લોકાન્ અમલાન્ પ્રતિપદ્યતે॥૧૪॥**

**યદા** - **જ્યારે;** અવ્યય
**દેહભૃત્** - **શરીરધારી;** નામ, પ્ર.એ.વ., નપુ. 'દેહભૃત્'
**સત્ત્વે** - **સત્ત્વમાં;** નામ, સ.એ.વ., નપુ. 'સત્ત્વ'
**પ્રવૃધ્ધે** - **સારી રીતે વધેલા;** ભૂ.કૃ., વિશેષણ, વિ. 'સત્ત્વે'
**પ્રલયમ્** - **પ્રલયને;** નામ, દ્વિ.એ.વ., પુ. 'પ્રલય'
**યાતિ** - **પામે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'યા' ૨ ગણ
**તદા તુ** - **ત્યારે તો;** અવ્યય
**ઉત્તમવિદામ્** - **ઉત્તમને જાણનારાઓનો;** નામ, ષ.બ.વ., સ્ત્રી. 'ઉત્તમવિદ્'
**અમલાન્** - **નિર્મળ;** વિશેષણ, વિ. 'લોકાન્'
**લોકાન્** - **લોકોને;** નામ, દ્વિ.બ.વ., પુ. 'લોક'
**પ્રતિપદ્યતે** - **પામે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ. 'પ્રતિ + પદ્' ૪ ગણ આત્મને.

**શ્લોકાર્થ:** સત્ત્વગુણની વૃદ્ધિ હોય ત્યારે જો દેહધારી મૃત્યુ પામે તો ઉત્તમ જ્ઞાનીઓના શુદ્ધ લોકોને પ્રાપ્ત કરે છે.

**વિવેચન:** હવે સત્ત્વ વિગેરે ગુણોની વૃદ્ધિ હોય ત્યારે મૃત્યુ થાય તો શું ફલ મળે છે તથા કેવી ગતિ થાય છે તે કહે છે. સત્ત્વગુણની વૃદ્ધિ હોય ત્યારે મૃત્યુ થાય તો, ઉત્તમ ઉપાય જાણનાર, યોગીઓના દેહ પ્રાપ્ત કરે છે, અર્થાત્ યોગીઓના ઉત્તમ કુલમાં તેનો જન્મ થાય છે. ત્યાં જન્મ થવાથી આત્માના યથાર્થ જ્ઞાનના સાધનરૂપ પુણ્ય કર્મોનો તે અધિકારી થાય છે અને ઉત્તમ લોક પ્રાપ્ત કરે છે.

**રજસિ પ્રલયં ગત્વા કર્મસઙ્ગિષુ જાયતે।**



**તથા પ્રલીનસ્ તમસિ મૂઢયોનિષુ જાયતે॥૧૫॥**

**રજસિ** - **રજોગુણમાં;** નામ, સ. નપુ. 'રજસ્'
**પ્રલયમ્** - **પ્રલયને;** નામ, દ્વિ.એ.વ., પુ. 'પ્રલય'
**ગત્વા** - **જઈને, પામીને;** વિધેય કૃદન્ત
**કર્મસઙ્ગિષુ** - **કર્મોની આસક્તિવાળા પુરુષોમાં;** નામ, સ.બ.વ., પુ. 'કર્મસઙ્ગિન્'
**જાયતે** - **જન્મે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'જન્' ૪ ગણ, આત્મને.
**તથા** - **તેવી રીતે;** અવ્યય
**તમસિ** - **તમોગુણમાં;** નામ, સ.એ.વ. નપુ. 'તમસ્'
**પ્રલીનઃ** - **મરેલો પુરુષ;** નામ, પ્ર.એ.વ. પુ.
**મૂઢયોનિષુ** - **મૂઢ યોનિમાં, કીટ-પશુ-પતઙ્ગાદિ;** નામ, સ.એ.વ., પુ. 'મૂઢયોનિ'
**જાયતે** - **જન્મે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., 'જન્' ૪ ગણ.

**શ્લોકાર્થ:** રજોગુણની વૃદ્ધિમાં મૃત્યુ પામી કર્મસઙ્ગીઓમાં જન્મે છે, તેમજ તમોગુણની વૃદ્ધિમાં મૃત્યુ પામેલ મૂઢયોનિમાં જન્મે છે.

**વિવેચન:** રજોગુણની વૃદ્ધિ હોય ત્યારે જે મરણ પામેલ હોય તે કર્મસઙ્ગીઓ અર્થાત્ કર્મમાં આસક્તિવાળા લોકોમાં જન્મે છે તેમજ તમોગુણની વૃદ્ધિમાં જે મરણ પામેલ હોય તે 'મૂઢયોનિ' એટલે નીચ લોકમાં અથવા અસુરોમાં જન્મે છે.

**કર્મણઃ સુકૃતસ્યાહુઃ સાત્ત્વિકં નિર્મલં ફલમ્।**
**રજસસ્તુ ફલં દુઃખમ્ અજ્ઞાનં તમસઃ ફલમ્॥૧૬॥**

**સુકૃતસ્ય** - **સાત્ત્વિક, સારું, દોષરહિત;** નામ, વિશેષણ, વિ. 'કર્મણઃ'
**કર્મણઃ** - **કર્મનું;** નામ, ષ.એ.વ.,
**તુ** - **પણ;** અવ્યય
**સાત્ત્વિકમ્** - **સાત્ત્વિક સુખ, જ્ઞાન વૈરાગ્યવાળું;** વિશેષણ, વિ. 'ફલમ્'
**નિર્મલમ્** - **નિર્મળ;** વિશેષણ, વિ. 'ફલમ્'
**ફલમ્** - **ફલને;** નામ, નપુ., એ.વ., 'ફલ'
**આહુઃ** - **કહે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., ૨ ગણ પરસ્મૈ.
**ચ** - **અને;** અવ્યય
**રજસઃ** - **રજોગુણનું, રજસનું;** નામ, ષ.એ.વ., નપુ. 'રજસ્'

ફલમ્ - ફલ; નામ, પ્ર.એ.વ., નપુ. 'ફલ'
દુઃખમ્ - દુઃખ; નામ, પ્ર.એ.વ., નપુ. 'દુઃખ'
એવમ્ ચ - અને વળી; અવ્યય
તમસઃ - તમોગુણનું; નામ, ષ.બ.વ., નપુ. 'તમસ્'
ફલમ્ - ફલ; નામ, પ્ર.એ.વ. નપુ. 'ફલ'
અજ્ઞાનમ્ - અજ્ઞાન; નામ, પ્ર.એ.વ., નપુ. 'અજ્ઞાન'
આહુઃ - કહે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., ૨ ગણ પરસ્મૈ.

શ્લોકાર્થ : સુકૃત કર્મનું ફલ સાત્ત્વિક તથા નિર્મળ કહે છે, રાજસનું ફલ દુઃખ અને તામસનું ફલ અજ્ઞાન કહે છે.

વિવેચન : મરણ થયા પહેલાં આ લોકમાં સાત્ત્વિક વિગેરે કર્મનું શું ફલ થાય છે તે કહે છે. સત્ત્વગુણથી થતાં સુકૃત કર્મનું ફલ સાત્ત્વિક અને નિર્મલ હોય છે, તેમજ રજોગુણથી થતાં રાજસ કર્મનું ફલ દુઃખ અને તમોગુણ થી થતાં તામસ કર્મનું ફલ અજ્ઞાન હોય છે.

**સત્ત્વાત્ સઞ્જાયતે જ્ઞાનં રજસો લોભ એવ ચ ।**
**પ્રમાદમોહૌ તમસો ભવતોઽજ્ઞાનમેવ ચ ॥૧૭॥**

સત્ત્વાત્ - સત્ત્વથી; નામ, પં.એ.વ., નપુ. 'સત્ત્વ'
જ્ઞાનમ્ - જ્ઞાન; નામ, પ્ર.એ.વ., નપુ.
સઞ્જાયતે - થાય છે; ક્રિ.વ.કા. તૃ.પુ.એ.વ. 'સમ્+જન્' ૪ ગણ આત્મને.
ચ - અને; અવ્યય
રજસઃ - રજો ગુણથી; નામ, પં.એ.વ., નપુ. 'રજસ્'
એવ - એ જ; અવ્યય
લોભઃ - લોભ; નામ, પ્ર.એ.વ., પુ. 'લોભ'
ચ - અને; અવ્યય
તમસઃ - તમોગુણથી; નામ, પં.એ.વ., નપુ. 'તમસ્'
પ્રમાદમોહૌ - પ્રમાદ અને મોહ; નામ, પ્ર.દ્વિ.વ., પુ. 'પ્રમાદમોહ'
ભવતઃ - થાય છે. ક્રિ. વ.કા., તૃ.પુ.દ્વિ.વ. 'ભૂ' ૧ ગણ, પરસ્મૈ.
ચ - અને; અવ્યય
અજ્ઞાનમ્ - અજ્ઞાન; નામ, પ્ર.એ.વ., નપુ. 'અજ્ઞાન'



એવ - પણ; અવ્યય
ભવતિ - થાય છે; ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ.

શ્લોકાર્થ : સત્ત્વથી જ્ઞાન થાય છે, તેમજ રજોગુણથી લોભ જ થાય છે અને તમોગુણથી પ્રમાદ, મોહ તથા અજ્ઞાન થાય છે.

વિવેચન : સત્ત્વગુણથી વસ્તુનું યથાર્થ અપરોક્ષ જ્ઞાન થાય છે, રજોગુણથી સ્વર્ગ વિગેરે ફલોનો લોભ થાય છે અને તમોગુણથી પ્રમાદ, મોહ અને અજ્ઞાન થાય છે.

આ શ્લોકનું અનુસન્ધાન શ્રીભાગવત્ ૧૧।૨।૨૦, ૨।૫।૩૧, ૩।૨૬।૮, ૧૦।૨।૩૫ તથા ૧૦।૧૦।૮ ઉપરનાં સુબોધિનીમાં કરેલું છે.

**ઊર્ધ્વં ગચ્છન્તિ સત્ત્વસ્થા મધ્યે તિષ્ઠન્તિ રાજસાઃ ।**
**જઘન્યગુણવૃત્તિસ્થા અધો ગચ્છન્તિ તામસાઃ ॥૧૮॥**

સત્ત્વસ્થાઃ - સાત્ત્વિક, સત્ત્વમાં રહેનાર; નામ, પ્ર.બ.વ., પુ. 'સત્ત્વસ્થ'
ઊર્ધ્વમ્ - ઊંચે; અવ્યય
ગચ્છન્તિ - જાય છે; ક્રિ. વ.કા. તૃ.પુ.બ.વ., 'ગમ્' ૧ ગણ પરસ્મૈ.
રાજસાઃ - રાજસમાં રહેનાર; નામ, પ્ર.બ.વ., પુ. 'રાજસ્'
મધ્યે - મધ્યમાં; અવ્યય
તિષ્ઠન્તિ - રહે છે; ક્રિ.વ.કા. તૃ.પુ.બ.વ., 'સ્થા(તિષ્ઠ)' ૧ ગણ, પરસ્મૈ.
ચ - અને; અવ્યય
જઘન્યગુણવૃત્તિસ્થાઃ - હલકા પ્રકારના ગુણ અને વૃત્તિ માં રહેનાર; નામ, પ્ર.બ.વ., પુ. 'જઘન્યગુણવૃત્તિસ્થ'
તામસાઃ - તામસ ગુણવાળાઓ; નાપ, પ્ર.બ.વ., પુ. 'તામસ'
અધઃ - નીચે; અવ્યય
ગચ્છન્તિ - જાય છે, રહે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ.

શ્લોકાર્થ : સત્ત્વમાં રહેલા ઉપર જાય છે, રાજસો મધ્યે રહે છે અને અધમ ગુણની વૃત્તિમાં રહેલા તામસો નીચે જાય છે.

વિવેચન : હવે ગુણોથી જુદી - જુદી ગતિ થાય છે તે કહે છે. સત્ત્વમાં

રહેલા સાત્ત્વિકો ઉપર સત્યલોક વિગેરે લોકમાં અથવા મોક્ષપર્યન્ત જાય છે. રાજસોને લોભ હોવાથી મધ્યે મનુષ્ય લોકમાં રાજ્ય વિગેરેના સુખરૂપ ફલમાં રહે છે. અધમ ગુણ તમોગુણની વૃત્તિઓ પ્રમાદ-મોહ વિગેરેમાં રહેલા તામસ લોકો નીચે અર્થાત્ મધ્યથી પણ નીચે અતલ વિગેરે અસુરોના સ્થાનમાં જાય છે, અથવા તામસો નીચે નરકોમાં અથવા નીચયોનિમાં જાય છે.

**નાઽન્યં ગુણેભ્યઃ કર્તારં યદા દ્રષ્ટાઽનુપશ્યતિ।**
**ગુણેભ્યશ્ચ પરં વેત્તિ મદ્ભાવં સોઽધિગચ્છતિ॥૧૯॥**

**યદા** - જ્યારે; અવ્યય
**દ્રષ્ટા** - જોનાર; નામ, પ્ર.એ.વ., 'દૃષ્ટૃ' પુ.
**ગુણેભ્યઃ** - ગુણોથી; નામ, પં.બ.વ., પુ. 'ગુણ'
**અન્યમ્** - બીજું, બીજાને; વિશેષણ, વિ. 'કર્તારમ્'
**કર્તારમ્** - કર્તાને; નામ, દ્વિ.એ.વ., પુ. 'કર્તૃ'
**ન** - નહિ; અવ્યય
**અનુપશ્યતિ** - જોય છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'અનુ + દશ્ (પશ્ય્) ૧ ગણ, પરસ્મૈ.
**ચ** - અને; અવ્યય
**ગુણેભ્યઃ** - ગુણોથી; નામ, પં.બ.વ., પુ. 'ગુણ'
**પરમ્** - પરબ્રહ્મને; નામ, દ્વિ.એ.વ., પુ. 'પર'
**વેત્તિ** - જાણે છે. ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., વિદ્ ૨ ગણ, પરસ્મૈ.
**તદા** - ત્યારે; અવ્યય
**મદ્ભાવમ્** - મારા ભાવને, મારા સ્વરૂપને; નામ, દ્વિ.એ.વ., પુ.
**અધિગચ્છતિ** - પામે છે; ક્રિ.વ.કા., તૃ.પુ.એ.વ. 'અધિ+ગમ્' ૧ ગણ પરસ્મૈ

**શ્લોકાર્થ :** જ્યારે દ્રષ્ટા ગુણોથી અન્ય કર્તાને જોતો નથી અને ગુણોથી પરને જાણે છે ત્યારે તે મારા ભાવને પામે છે.

**વિવેચન :** આવી રીતે ગુણના સઙ્ગથી સર્વ પ્રકારના ભેદ ઉત્પન્ન થાય છે તથા જીવોને બન્ધન પ્રાપ્ત થાય છે એમ દર્શાવી, હવે ગુણોના વિવેકથી ગુણથી પર થઈ બંધથી મુક્ત થઈ મોક્ષ પ્રાપ્ત કરે છે, એમ



અહીંથી બે (૧૯,૨૦) શ્લોકથી કહે છે. જ્યારે દ્રષ્ટા ગુણથી અન્ય કોઈને કર્તા જોતો નથી, માત્ર ગુણો જ પોતાને અનુકૂળ કાર્યમાં પ્રવૃત્તિ કરાવે છે એમ જ્યારે જુએ છે, અને આત્મા ગુણોથી પર છે એમ જ્યારે જાણે છે ત્યારે તે મારા ભાવને એટલે બ્રહ્મના અક્ષર ભાવને અથવા અક્ષર બ્રહ્મને પ્રાપ્ત કરે છે. શ્રુતિ પણ "બ્રહ્મ જાણનાર બ્રહ્મ જ થાય છે" એમ કહે છે. તેથી જ્યારે દ્રષ્ટાને બ્રહ્મનું એવું યથાર્થ જ્ઞાન થાય છે ત્યારે તે અક્ષર બ્રહ્મને પ્રાપ્ત કરે છે.

**ગુણાન્ એતાન્ અતીત્ય ત્રીન્ દેહી દેહસમુદ્ભવાન્।**
**જન્મ-મૃત્યુ-જરા-દુઃખૈર્ વિમુક્તોઽમૃતમશ્નુતે॥૨૦॥**

**દેહી** - પુરુષ (જીવ) નામ, પ્ર.એ.વ., પુ. 'દેહિન્'
**એતાન્** - આ; સર્વનામ, દ્વિ.બ.વ., પુ. 'એતદ્'
**દેહસમુદ્ભવાન્** - દેહની ઉત્પત્તિના કારણરૂપ; નામ, દ્વિ.બ.વ., 'દેહસમુદ્ભવ'
**ત્રીન્** - ત્રણને; વિશેષણ, વિ. 'ગુણાન્'
**ગુણાન્** - ગુણોને; નામ, દ્વિ.બ.વ., પુ. 'ગુણ'
**અતીત્ય** - ઉલ્લંઘીને; વિધેય કૃદન્ત અતિ + ઇ ૧ ગણ, પરસ્મૈ.
**જન્મમૃત્યુજરાદુઃખૈઃ** - જન્મ, મરણ અને દુઃખોવડે; નામ, તૃ.બ.વ., નપુ.
**વિમુક્તઃ** - મુક્ત થયેલો; ભૂ.કૃ., વિશેષણ, વિ. 'દેહી'
**અમૃતમ્** - અમૃતને (પરમાનન્દ); નામ, દ્વિ.એ.વ. નપુ. 'અમૃત'
**અશ્નુતે** - ભોગવે છે; ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ., 'અશ્' ૫ ગણ, આત્મને.

**શ્લોકાર્થ :** દેહની જેમાંથી ઉત્પત્તિ થાય છે તેવા આ ત્રણ ગુણોનું અતિક્રમણ કરી જન્મ, મૃત્યુ, જરા તથા દુઃખ થી મુક્ત થઈ દેહી અમૃતનો ભોગ કરે છે.

**વિવેચન :** આ પ્રાકૃત દેહની જેમાંથી ઉત્પત્તિ થાય છે તેવા આ સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ ગુણનું, મારો ભાવ પ્રાપ્ત થવાથી, અતિક્રમણ કરી, જન્મ મૃત્યુ જરા તથા દુઃખ થી મુક્ત થઈ દેહી 'અમૃત' એટલે મોક્ષ પ્રાપ્ત કરે છે. અથવા ત્રણ ગુણોનું અતિક્રમણ કરી પ્રાકૃત દેહથી થતાં જન્મ મૃત્યુ જરા તથા દુઃખથી મુક્ત થઈ દેહી એટલે અલૌકિક દેહ ધારણ કરનાર અમૃત અથવા બ્રહ્માનન્દ નો ભોગ કરે છે.

અર્જુન ઉવાચ

કૈર્લિઙ્ગૈઃ ત્રીન્ ગુણાન્ એતાન્ અતીતો ભવતિ પ્રભો!।
કિમાચારઃ કથં ચૈતાન્ ત્રીન્ ગુણાન્ અતિવર્તતે॥૨૧॥

એતાન્ ત્રીન્ - એ ત્રણ; વિશેષણ, વિ. 'ગુણાન્'
ગુણાન્ - ગુણોને; નામ, દ્વિ.બ.વ., પુ. 'ગુણ'
અતીતઃ - અતીત; વિશેષણ, વિ. 'પુરુષ'
કૈઃ - ક્યા; વિશેષણ, વિ. 'લિઙ્ગૈઃ'
લિઙ્ગૈઃ - ચિહ્નોવડે, લક્ષણોવડે; નામ, તૃ.બ.વ., નપુ. 'લિઙ્ગ'
ભવતિ - થાય છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'ભૂ' ૧ ગણ, પરસ્મૈ.
ચ - અને; અવ્યય
કિમાચારઃ - કેવા આચારવાળો; "કઃ આચારો યસ્ય સઃ" બહુવ્રીહિ., નામ, પ્ર.એ.વ.
ભવતિ ચ - થાય છે અને; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'ભૂ' ૧ ગણ,
પ્રભો - હે પ્રભુ; સમ્બોધન
કથમ્ - કેવી રીતે, અને; અવ્યય
એતાન્ ત્રીન્ - આ ત્રણને; સર્વનામ, દ્વિ.એ.વ., પુ. 'એતદ્'
ગુણાન્ - ગુણોને; નામ, દ્વિ.બ.વ., પુ. 'ગુણ'
અતિવર્તતે - ઓળંગે છે; ક્રિ. તૃ.પુ.એ.વ. અતિ + વૃત્ ૧ ગણ, આત્મને.

શ્લોકાર્થ: હે પ્રભો! આ ત્રણ ગુણોનું અતિક્રમણ કરેલો ક્યા ચિહ્નોથી જણાય? તે કેવા આચારવાળો હોય અને આ ત્રણ ગુણોનું કેવી રીતે અતિક્રમણ કરે છે?

વિવેચન: આ ત્રણ ગુણોનું અમુક પુરુષે અતિક્રમણ કરેલું છે એમ ક્યા ચિહ્નોથી જણાય? અતિક્રમણ જેણે કરેલું હોય તેનો આચાર કેવો હોય? અને અતિક્રમણ કેવી રીતે એટલે ક્યા ઉપાયથી થાય? જીજ્ઞાસા થવાથી અર્જુન આ પ્રમાણે પ્રશ્ન કરે છે.

શ્રીભગવાન્ ઉવાચ

પ્રકાશં ચ પ્રવૃત્તિં ચ મોહમેવ ચ પાણ્ડવ!।
ન દ્વેષ્ટિ સમ્પ્રવૃત્તાનિ ન નિવૃત્તાનિ કાંક્ષતિ॥૨૨॥



પાણ્ડવ - હે પાણ્ડવ; સમ્બોધન
પ્રકાશમ્ - પ્રકાશને, સત્ત્વગુણના કાર્યને; નામ, દ્વિ.એ.વ., પુ. 'પ્રકાશ'
ચ - અને; અવ્યય
પ્રવૃત્તિમ્ - પ્રવૃત્તિને, રજોગુણના કાર્યને; નામ, દ્વિ.એ.વ., સ્ત્રી. 'પ્રવૃત્તિ'
ચ - અને; અવ્યય
મોહમ્ - મોહ 'તમોગુણનું કાર્ય'; નામ, દ્વિ.એ.વ., પુ. 'મોહ'
એવ ન - પણ નહિ; અવ્યય
સમ્પ્રવૃત્તાનિ - પ્રવૃત્તિમય કર્મોને; નામ, દ્વિ.બ.વ., નપુ.
દ્વેષ્ટિ - દ્વેષ કરે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ. 'દ્વિષ્' ૨ ગણ, પરસ્મૈ.
ચ ન - અને નહિ; અવ્યય
નિવૃત્તાનિ - નિવૃત્તિમાં લઈ જતા કર્મોને; નામ, દ્વિ.બ.વ., નપુ. 'નિવૃત્ત'
કાંક્ષતિ - ઈચ્છા કરે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'કાઙ્ક્ષ્' ૧ ગણ, પરસ્મૈ.

શ્લોકાર્થ: હે પાણ્ડવ! જે પુરુષ પ્રકાશ, પ્રવૃત્તિ અને મોહ જો પ્રવૃત્ત થએલા હોય તો તેનો દ્વેષ કરતો નથી તથા પ્રકાશ, પ્રવૃત્તિ અને મોહ જો નિવૃત્ત થએલા હોય તો તેની આકાક્ષા રાખતો નથી.

ઉદાસીનવદ્ આસીનો ગુણૈર્ યો ન વિચાલ્યતે।
ગુણા વર્તન્ત ઈત્યેવ યોઽવતિષ્ઠતિ નેઙ્ગતે॥૨૩॥

યઃ - જે; સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'યત્'
ઉદાસીનવત્ - ઉદાસીનની માફક તટસ્થ; વિશેષણ, વિ. 'યઃ'
આસીનઃ - સ્થિત થયેલો, બેઠેલો; વ.કૃ., વિશેષણ, વિ. 'યઃ'
ગુણૈઃ - ગુણોવડે; નામ, તૃ.બ.વ., પુ.
ન - નહિ; અવ્યય
વિચાલ્યતે - ખસેડી શકાય છે ક્રિ. વ.કર્મણિ, તૃ.પુ.એ.વ., વિ+ચલ્ ૧ ગણ
ગુણાઃ - ગુણો; નામ, પ્ર.બ.વ., પુ.
એવ - જ; અવ્યય
વર્તન્તે - વર્તે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., 'વૃત્' ૧ ગણ આત્મને. (ઈતિ જાનન્ - એમ જાણીને)
યઃ - જે; સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'યત્'
પરમાત્મનિ - પરમાત્મામાં; સ.એ.વ.

અવતિષ્ઠતિ - સ્થિત રહે છે. ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ. 'અવ + સ્થા ( તિષ્ઠ )' ૧ ગણ, પરસ્મૈ.

ચ ન - અને નથી; અવ્યય

ઈઙ્ગતે - હાલે છે, ચલાયમાન થાય છે; ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ. ૧ ગણ, 'ઈઙ્ગ્' આત્મને.

શ્લોકાર્થ : જે ઉદાસીન પેઠે રહેલો ગુણોથી જરા પણ ચલતો નથી, ગુણો જ વર્તન કરે છે એમ જ જાણી જે રહે છે અને ( કાંઈ ) ચેષ્ટા કરતો નથી.

**સમદુઃખ-સુખઃ સ્વસ્થઃ સમલોષ્ટાશ્મકાઞ્ચનઃ ।**
**તુલ્યપ્રિયાપ્રિયો ધીરઃ તુલ્યનિન્દાત્મસંસ્તુતિઃ ॥૨૪॥**

સ્વસ્થઃ - આત્મભાવમાં સ્થિત થતો; વિશેષણ, વિ. 'ધીરઃ'

સમદુઃખસુખઃ - સુખ અને દુઃખમાં સરખો; વિશેષણ, વિ. 'ધીરઃ' ''સમં દુઃખં ચ સુખં ચ યસ્ય'' બહુ.

સમલોષ્ટાશ્મકાઞ્ચનઃ - ધૂળ, પત્થર, સુવર્ણ એમાં સમાન ભાવ રાખનાર; વિશેષણ, વિ. ''ધીરઃ લોષ્ટઃ અશ્મ કાઞ્ચનમ્ ચ સમમ્ યસ્ય ઈતિ'' બહુ.

ધીરઃ - ધીર પુરુષ; નામ, પ્ર.એ.વ., પુ. 'ધીર'

તુલ્યપ્રિયાપ્રિયઃ - તુલ્ય છે પ્રિય અને અપ્રિય જેને; વિશેષણ, વિ. 'ધીરઃ' ''પ્રિયં ચ અપ્રિયં ચ તુલ્યો યસ્ય ઈતિ'' નામ, પ્ર.એ.વ.,

ચ - અને; અવ્યય

તુલ્યનિન્દાત્મસંસ્તુતિઃ - તુલ્ય છે નિન્દા અને પ્રશંસા જેને; 'તુલ્ય નિન્દા ચ આત્મસંસ્તુતિશ્ચ યસ્ય ઈતિ' વિશેષણ, વિ. 'ધીરઃ' બહુ.

શ્લોકાર્થ : જેને સુખ તથા દુઃખ સમાન છે, જે સ્વસ્થ છે, જેને માટીનું ઢેફું, પથ્થર તથા કાઞ્ચન સમાન છે, જેને પ્રિય તથા અપ્રિય સમાન છે, જે ધીર છે, જેને પોતાની નિન્દા તથા સ્તુતિ સમાન છે.

**માનાપમાનયોસ્ તુલ્યઃ તુલ્યો મિત્રારિપક્ષયોઃ ।**
**સર્વારમ્ભપરિત્યાગી ગુણાતીતઃ સ ઉચ્યતે ॥૨૫॥**



માનાપમાનયોઃ - માન અને અપમાનમાં; નામ, સ.દ્વિ.વ., નપુ.

તુલ્યઃ - સરખો; વિશેષણ, વિ. 'ધીરઃ'

મિત્રારિપક્ષયોઃ - મિત્ર અને શત્રુના પક્ષમાં; નામ, સ.દ્વિ.વ., નપુ.

તુલ્યઃ - સરખો; વિશેષણ, વિ. 'ધીરઃ'

ચ યઃ - અને, જે; અવ્યય, સર્વનામ, પ્ર.એ.વ. 'યત્'

સર્વારમ્ભપરિત્યાગી - સર્વ આરમ્ભને પરિત્યાગ કરનાર; વિશેષણ, વિ. 'ધીરઃ' ''સર્વેષામ્ આરમ્ભાનામ્ પરિત્યાગઃ યસ્મિન્ ઈતિ'' બહુ

અસ્તિ - છે; ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'

સઃ - તે; સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'તત્'

ગુણાતીતઃ - ગુણાતીત; ''ગુણાન્ અતીતઃ'' તત્પુરુષ વિ. 'ધીરઃ'

ઉચ્યતે - કહેવાય છે. ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ. કર્મણિ 'વચ્' ૨ ગણ

શ્લોકાર્થ : જે માન તથા અપમાન માં પણ સમ છે, જેને મિત્ર તથા શત્રુપક્ષ સમાન છે, અને જેણે સર્વ આરમ્ભોનો સર્વથા ત્યાગ કરેલો છે તે 'ગુણાતીત' કહેવાય છે.

વિવેચન : આ ચાર ( ૨૨-૨૫ ) શ્લોકથી ભગવાન્ અર્જુનના પ્રશ્નનો ઉત્તર આપતાં ગુણાતીતનું સ્વરૂપ, તેનો આચાર તથા ગુણાતીતપણાના લક્ષણ કહે છે. સત્ત્વગુણનું કાર્ય પ્રકાશ અથવા જ્ઞાન, રજોગુણનું કાર્ય પ્રવૃત્તિ અને તમોગુણનું કાર્ય મોહ ગણાય છે. ગુણોના આ કાર્યો જો પ્રવૃત્ત થએલા હોય તો પણ તેઓને ગુણોનાં જ કાર્ય જાણી જે તેઓનો દ્વેષ કરતો નથી, તેમજ નિવૃત્ત થયાં હોય તો તેઓની આકાઙ્ક્ષા અથવા ઈચ્છા રાખતો નથી, જે ગુણથી પર આત્માના જ અવલોકનથી તૃપ્તિ પામતો હોવાથી આત્માથી ભિન્ન ગુણોનાં કાર્ય વિગેરે સર્વ અનાત્મ પ્રતિ ઉદાસીન રહે છે અને ગુણોથી જેને દ્વેષ-આકાઙ્ક્ષા વિગેરે ઉત્પન્ન નહિ થવાથી ગુણોથી જે જરા પણ ચલતો નથી, ગુણોનાં પ્રકાશ વિગેરે સર્વ કાર્યોમાં ગુણોની જ પ્રવૃત્તિ છે એમ જાણી જે રહે છે અને ગુણ પ્રમાણે પોતે ચેષ્ટા કરતો નથી, જે પોતે સ્વસ્થ એટલે આત્મામાં જ રહેનાર હોવાથી સત્ત્વનું કાર્ય સુખ તથા રજોગુણનું કાર્ય દુઃખ વિગેરે જેને સમાન છે, જે ધીરપુરુષને પ્રિય તથા અપ્રિય તેમજ પોતાની નિન્દા તથા સ્તુતિ, માન તથા અપમાન, તેમજ મિત્ર તથા શત્રુ સમાન છે

અને જેણે દેહના અભિમાનથી થતાં સર્વ કર્મોનો સારી રીતે ત્યાગ કરેલો છે, તે 'ગુણાતીત' કહેવાય છે. અહિં પણ સર્વત્ર સમભાવનું નિરૂપણ કરેલું છે. આ જ સમભાવનું પાછળ સાંખ્ય તથા યોગના સાર તરીકે નિરૂપણ કરેલું છે, તેનું અહીં સ્મરણ કરાવેલું છે ( ૨૨-૨૫ ).

**માં ચ યોઽવ્યભિચારેણ ભક્તિયોગેન સેવતે।**
**સ ગુણાન્ સમતીત્યૈતાન્ બ્રહ્મભૂયાય કલ્પતે॥૨૬॥**

**ચ** - **અને;** અવ્યય
**યઃ** - **જે;** સર્વનામ, પ્ર.એ.વ., 'યત્'
**મામ્** - **મને;** સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મદ્'
**અવ્યભિચારેણ** - **મિશ્રભાવ વિના, કેવળ શુદ્ધ;** વિશેષણ, વિ. 'ભક્તિયોગેન'
**ભક્તિયોગેન** - **ભક્તિયોગથી;** નામ, તૃ.એ.વ., પુ.
**સેવતે** - **સેવે છે.** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ. ૧ ગણ આત્મને.
**સઃ** - **તે;** સર્વનામ, પ્ર.એ.વ., 'તત્' પુ.
**એતાન્** - **આને;** સર્વ. દ્વિ.બ.વ., 'એતદ્' પુ.
**ગુણાન્** - **ગુણોને;** નામ, દ્વિ.બ.વ., પુ. 'ગુણ'
**સમતીત્ય** - **સારી પેઠે ઓળંગીને;** વિધેય કૃદન્ત સમ + અતિ + ઈ
**બ્રહ્મભૂયાય** - **બ્રહ્મભાવને માટે;** નામ, ચ.એ.વ., 'બ્રહ્મભૂય' પુ.
**કલ્પતે** - **યોગ્ય છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ. 'ક્લૃપ્' ૧ ગણ, આત્મને.

**શ્લોકાર્થ:** અને જે મને અવ્યભિચારી ભક્તિયોગથી સેવે છે તે આ ગુણોનું અતિક્રમણ કરી બ્રહ્મભાવ પ્રાપ્ત કરે છે.

**વિવેચન:** એ પ્રમાણે જ્ઞાનમાર્ગીય ગુણાતીત લક્ષણ કહી ભક્તો કેવલ અનન્ય ભક્તિથી જ ગુણાતીત થાય છે એમ કહે છે. જે અવ્યભિચારી અર્થાત્ એકાન્તિક અનન્ય ભક્તિયોગથી મારી સેવા કરે છે તે આ ગુણોનું અતિક્રમણ કરી અક્ષરબ્રહ્મના ભાવને પ્રાપ્ત કરે છે. આવી રીતે અનન્ય ભક્તને બ્રહ્મભાવ અવાન્તર ફલ તરીકે પ્રાપ્ત થાય છે.

**બ્રહ્મણો હિ પ્રતિષ્ઠાહમ્ અમૃતસ્યાવ્યયસ્ય ચ।**
**શાશ્વતસ્ય ચ ધર્મસ્ય સુખસ્યૈકાન્તિકસ્ય ચ॥૨૭॥**



**અવ્યયસ્ય** - **અવિનાશીનો;** નામ, ષ.એ.વ., નપુ. 'અવ્યય'
**બ્રહ્મણઃ** - **બ્રહ્મનો;** નામ, ષ.એ.વ., નપુ. 'બ્રહ્મન્'
**ચ** - **અને;** અવ્યય
**અમૃતસ્ય** - **અમૃતનો;** નામ, ષ.એ.વ., 'અમૃત'. **ચ** - **અને;** અવ્યય
**શાશ્વતસ્ય** - **શાશ્વતનો;** નામ, ષ.એ.વ. નપુ. 'શાશ્વત'
**ધર્મસ્ય** - **ધર્મનું;** નામ, ષ.એ.વ., પુ. 'ધર્મ'. **ચ** - **અને;** અવ્યય
**એકાન્તિકસ્ય** - **અખણ્ડ એક રસનો;** નામ, ષ.એ.વ. નપુ. 'એકાન્તિક'
**સુખસ્ય** - **સુખનું;** નામ, ષ.એ.વ., નપુ. 'સુખ'
**હિ** - **ચોક્કસ;** અવ્યય
**અહમ્** - **હું;** નામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
**પ્રતિષ્ઠા** - **આશ્રય છું;** નામ, પ્ર.એ.વ., સ્ત્રી. 'પ્રતિષ્ઠા'

**શ્લોકાર્થ:** કારણ કે અમૃત તથા અવ્યય બ્રહ્મની, શાશ્વત ધર્મની અને ઐકાન્તિક સુખની પ્રતિષ્ઠા હું છું.

**વિવેચન:** મારી અનન્ય ભક્તિ કરનારને અક્ષરબ્રહ્મ અવાન્તર ફલ સ્વરૂપે પ્રાપ્ત થાય છે. કારણ કે અક્ષરબ્રહ્મ વિગેરે સર્વની પ્રતિષ્ઠા એટલે મૂલસ્થાન હું છું. અમૃત અને અવ્યય એટલે વિકારરહિત અક્ષરબ્રહ્મની, શાશ્વત ધર્મની તથા ઐકાન્તિક સુખની પ્રતિષ્ઠા હું છું. એ સર્વનો એક જ આશ્રય હું હોવાથી હું એ સર્વથી પર છું. 'અમૃત' એટલે બ્રહ્માનન્દરૂપ મોક્ષની, તથા અવ્યય અક્ષરબ્રહ્મ જે મારું ધામ છે તેની પ્રતિષ્ઠા હું છું, તેમ જ શાશ્વત ધર્મ એટલે ભગવદ્ધર્મની અને ઐકાન્તિક સુખ એટલે અગણિત ભજનાનન્દ એ સર્વની પ્રતિષ્ઠા હું છું. અહીં શ્રીકૃષ્ણે સાંખ્યનું પણ તાત્પર્ય ભગવાન્ પોતે છે એમ સ્પષ્ટ થાય તેવી રીતે સાંખ્યની વિવૃતિ કરેલી છે.

**ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે**
**શ્રીકૃષ્ણાર્જુનસંવાદે 'ગુણત્રયવિભાગયોગો' નામ**
**ચતુર્દશોઽધ્યાયઃ ॥૧૪॥**

# ॥ અધ્યાય ૧૫ ॥

# પુરુષોત્તમયોગ

**શ્રીભગવાન્ ઉવાચ**

**ઊર્ધ્વમૂલમ્ અધઃ શાખમ્ અશ્વત્થં પ્રાહુરવ્યયમ્।**
**છન્દાંસિ યસ્ય પર્ણાનિ યસ્તં વેદ સ વેદવિત્॥૧॥**

**ઊર્ધ્વમૂલમ્** - **ઊર્ધ્વ છે મૂળ જેનું, મૂળપુરુષરૂપ, મૂળવાળું;** વિશેષણ, વિ. 'અશ્વત્થમ્' "ઊર્ધ્વમ્ મૂલમ્ યસ્ય ઈતિ" બહુ.

**અધઃશાખમ્** - **નીચે છે શાખા, ડાળીઓ જેની, બ્રહ્મરૂપ મૂલ્ય શાખાવાળા;** વિશેષણ, વિ. 'અશ્વત્થમ્' "અધઃ શાખા યસ્ય ઈતિ" બહુ.

**અશ્વત્થમ્** - **સંસારરૂપ પીપળાના વૃક્ષને;** નામ, દ્વિ.એ.વ., પુ. 'અશ્વત્થ'

**અવ્યયમ્** - **અવિનાશી;** વિશેષણ, વિ. 'અશ્વત્થમ્'

**પ્રાહુઃ** - **કહે છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.બ.વ., 'બ્રૂ' ૨ ગણ પરસ્મૈ.

**યસ્ય** - **જેના;** સર્વનામ, ષ.એ.વ., પુ. 'યત્'

**છન્દાંસિ** - **વેદ;** નામ, પ્ર.બ.વ., નપુ. 'છન્દસ્'

**પર્ણાનિ** - **પાંદડાં;** નામ, દ્વિ.બ.વ., નપુ. 'પર્ણ'

**સન્તિ** - **છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.બ.વ. 'અસ્'

**યઃ** - **જે (પુરુષ);** સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'યત્'

**તમ્** - **તેને;** સર્વનામ, દ્વિ.એ.વ., નપુ. 'તત્'

**વેદ** - **જાણે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'વિદ્' ૨ ગણ, પરસ્મૈ.

**સઃ** - **તે;** સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'તત્'

**વેદવિત્** - **વેદના તાત્પર્યને જાણનાર;** વિશેષણ, વિ. 'સઃ'

**શ્લોકાર્થ:** શ્રીભગવાન્ કહે છે: (આ જગત્‌ને) ઊંચા મૂલવાળો, નીચી શાખાવાળો, વેદના મન્ત્રો જેના પાંદડાં છે એવો અવ્યય અશ્વત્થ કહે છે. જે તેને જાણે છે તે વેદ જાણનાર છે.

**વિવેચન:** ગયા અધ્યાયમાં પુરુષને ગુણોના સઙ્ગથી પ્રકૃતિનો સમ્બન્ધ થવાથી આ વિચિત્ર જગત્ થાય છે, તથા આ પુરુષ અને પ્રકૃતિ નો સમ્બન્ધ

તથા ભગવદ્રૂપ છે તેથી સનાતન અથવા નિત્ય છે એમ સૂચવેલું છે. વેદના મન્ત્રો આ અશ્વત્થના પાંદડાં છે. જેમ વૃક્ષના પાંદડાં પોતાની છાયાથી જીવનો તાપ હરી સુખ ઉત્પન્ન કરે છે, તેમ વેદના મન્ત્રો ભગવત્પ્રાપ્તિના ઉપાય દર્શાવી જીવોના તાપનું નિવારણ કરી તેઓને સુખ ઉત્પન્ન કરે છે.

જે આવા પ્રપઞ્ચરૂપ આ અશ્વત્થને જે જાણે છે તે વેદ જાણનાર છે. આ પ્રપઞ્ચમાં એટલે જગત્માં અવિદ્યાવાળા જીવોની અહન્તા - મમતાથી કલ્પેલા કર્મ વિગેરેથી પુનઃ - પુનઃ પ્રાપ્ત થતા સંસારને દૂર કરવાના ઉપાયો વેદમાં કહેલા છે. તેથી પ્રપઞ્ચનું જ્ઞાન સંસારને દૂર કરવાના સાધનોનું જ્ઞાન પ્રાપ્ત કરવામાં ઉપયોગી છે, તેથી જે પ્રપઞ્ચ અથવા જગત્ ને જાણે છે તે વેદને જાણે છે. પ્રપઞ્ચ અથવા જગત્ નું યથાર્થ જ્ઞાન થયા વિના વેદનું જ્ઞાન સમ્ભવતું નથી

**અધશ્ચોર્ધ્વં પ્રસૃતાસ્તસ્ય શાખા ગુણપ્રવૃદ્ધા વિષયપ્રવાલાઃ।**
**અધશ્ચ મૂલાન્યનુસન્તતાનિ કર્માનુબન્ધીનિ મનુષ્યલોકે॥૨॥**

તસ્ય - તેની; સર્વનામ, ષ.એ.વ., 'તત્'
**ગુણપ્રવૃદ્ધાઃ - ગુણથી વધેલી છે;** વિશેષણ, વિ. 'શાખાઃ'
**વિષયપ્રવાલાઃ - વિષયરૂપી કુણી કુંપળો જેની;** વિશેષણ, વિ. 'શાખાઃ'
**શાખાઃ - દેવ મનુષ્ય ઈત્યાદિ જન્મરૂપ શાખાઓ;** નામ, પ્ર.બ.વ.
**અધઃ ચ ઊર્ધ્વમ્ - નીચે અને ઉપર;** અવ્યય
**પ્રસૃતાઃ - પ્રસરેલી;** વિશેષણ, વિ. 'શાખા'
**ચ - અને;** અવ્યય
**મનુષ્યલોકે - મનુષ્યલોકમાં;** નામ, સ.એ.વ., પુ.
**કર્માનુબન્ધીનિ - કર્મોને અનુસારે બાંધનારા;** વિશેષણ. વિ. 'મૂલાનિઃ'
"કર્મ એવ અનુબન્ધઃ" તદ્ધિત 'ઇન્' પ્રત્યય
**મૂલાનિ - અહન્તા - મમતારૂપ મૂળો;** નામ, પ્ર.બ.વ., નપુ. 'મૂલ'
**અપિ અધઃ ચ ઊર્ધ્વમ્ - પાગ નીચે અને ઉપર;** અવ્યય
**અનુસન્તતાનિ - પરોવાયેલાં, ફેલાયેલા;** ભૂ.કૃ., વિશેષણ, વિ. 'મૂલાનિ'
**સન્તિ - છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.બ.વ. 'અસ્'

**શ્લોકાર્થ :** ગુણથી વૃદ્ધિ પામેલી અને વિષયરૂપી પ્રવાલવાળી તેની શાખાઓ નીચે તથા ઉપર પ્રસરેલી છે, અને મનુષ્યલોકમાં કર્મમાં પરિણમતા તેનાં મૂળો નીચે ફેલાઈ રહેલાં છે.



**વિવેચન :** ક્રીડારૂપ વૃક્ષનું પ્રથમ શ્લોકમાં નિરૂપણ કરી તેમાંથી જ સંસારની ઉત્પત્તિ થાય છે એમ કહે છે. તે અલૌકિક વૃક્ષની શાખાઓ નીચે તથા ઉપર પ્રસરેલી છે, વિવિધ જીવરૂપી શાખાઓ નીચે પ્રસરેલી છે અને લીલાવતારરૂપી શાખાઓ ઉપર પ્રસરેલી છે. આ શાખાઓ સત્ત્વ વિગેરે ગુણોથી સિંચન થઈ વૃદ્ધિ પામેલી છે, અને તેમાં રૂપ વિગેરે વિષયો પલ્લવરૂપે રહેલા છે. વળી નીચે મનુષ્ય લોકમાં તેના વાસનારૂપ મૂલો ફેલાઈ રહેલાં છે. જેમ વૃક્ષની જટામાંથી નવાં મૂલો થાય તેવાં વાસનારૂપી મૂલો નીચે આ મનુષ્ય લોકમાં ફેલાઈ રહેલાં છે. તે મૂલો કર્મમાં પરિણામ પામે છે, અર્થાત્ તેમાંથી કર્મ થયા કરે છે. જેવાં કર્મ કરે તેવા લોકની પ્રાપ્તિ થાય છે.

**ન રૂપમસ્યેહ તથોપલભ્યતે નાન્તો ન ચાદિર્ન ચ સમ્પ્રતિષ્ઠા।**
**અશ્વત્થમ્ એનં સુવિરૂઢમૂલમ્ અસઙ્ગશસ્ત્રેણ દૃઢેન છિત્ત્વા॥૩॥**

**અસ્ય - એનું, સંસારવૃક્ષનું;** સર્વનામ, ષ.એ.વ., પુ. 'ઇદમ્'
**રૂપમ્ - સ્વરૂપ;** નામ, પ્ર.એ.વ., નપુ. 'રૂપ'
**તથા ઇહ ન - તેવું અહીં નહિ;** અવ્યય
**ઉપલભ્યતે - મેળવાય છે;** ક્રિ. વ.કર્મણિ, તૃ.પુ.એ.વ., ઉપ+લભ્ ૧ ગણ, આત્મને.
**યતઃ અસ્ય - કેમકે આનું;** અવ્યય, સર્વનામ ષ.એ.વ.
ન (તુ) - ન (તો); અવ્યય. **આદિ ન - આરમ્ભ નથી**
**અન્તઃ - અન્ત;** નામ, પ્ર.એ.વ., પુ. 'અન્ત'
**ચ ન - અને નહિ;** અવ્યય
**સમ્પ્રતિષ્ઠા - સારી રીતે સ્થિત;** નામ, પ્ર.એ.વ., સ્ત્રી.
**અસ્તિ - છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'
**અતઃ - એટલે;** અવ્યય
**એનમ્ - આ;** સર્વનામ, દ્વિ.એ.વ., 'એતદ્'
**સુવિરૂઢમૂલમ્ - સારી રીતે રૂઢ થયેલા મૂલોવાળાને;** વિશેષણ, વિ. 'અશ્વત્થમ્'
"સુવિરૂઢમ્ મૂલમ્ યસ્ય ઇતિ" બહુ.
**અશ્વત્થમ્ - પીપળાને;** નામ, દ્વિ.એ.વ., પુ. 'અશ્વત્થ'

**દૃઢેન** - દૃઢ; વિશેષણ, વિ. 'અસઙ્ગશસ્ત્રેણ'
**અસઙ્ગશસ્ત્રેણ** - અસઙ્ગ શસ્ત્રવડે, વૈરાગ્યરૂપ શસ્ત્રોવડે; નામ, દ્વિ.એ.વ., નપુ. "અસઙ્ગઃ એવ શસ્ત્રમ્" કર્મધારય
**છિત્ત્વા** - છેદીને; વિધેય કૃદન્ત

**તતઃ પદં તત્પરિમાર્ગિતવ્યં યસ્મિન્ ગતા ન નિવર્તન્તિ ભૂયઃ।**
**તમેવ ચાદ્યં પુરુષં પ્રપદ્યે યતઃ પ્રવૃત્તિઃ પ્રસૃતા પુરાણી॥૪॥**

**તતઃ** - ત્યાર પછી; અવ્યય
**તત્** - તે; વિશેષણ, વિ. 'પદમ્'
**પદમ્** - પદને; નામ, પ્ર.એ.વ., નપુ. 'પદ'
**પરિમાર્ગિતવ્યમ્** - શોધવું જોઈએ; વિધેય કર્મણિ કૃ. વિશેષણ, વિ. 'પદમ્'
**યસ્મિન્** - જેનામાં; સર્વનામ, સ.એ.વ., 'યત્' પુ.
**ગતાઃ** - ગયેલા; ભૂ.કૃ., વિશેષણ વિ. 'યે પુરુષાઃ'
**જનાઃ** - લોકો; સર્વનામ, પ્ર.બ.વ.
**ભૂયઃ ન** - ફરીથી નહિ; અવ્યય
**નિવર્તન્તિ** - પાછા આવે છે; ક્રિ. તૃ.પુ.બ.વ., નિ + વૃત્ ૧ ગણ
**ચ** - અને; અવ્યય
**યતઃ** - જેનાથી; સર્વનામ, પં.એ.વ. પુ.,
**ઈયમ્** - આ; સર્વનામ,
**પુરાણી** - જૂની, પુરાતન; વિશેષણ, વિ. 'પ્રવૃત્તિ'
**પ્રવૃત્તિઃ** - પ્રવૃત્તિ, સંસારની પ્રવૃત્તિ; નામ, પ્ર.એ.વ., સ્ત્રી. 'પ્રવૃત્તિ'
**પ્રસૃતા** - પથરાયેલી; વિશેષણ, વિ. 'પ્રવૃત્તિઃ'
**અસ્તિ** - છે; ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'
**તમ્** - તેને; સર્વનામ, દ્વિ.એ.વ., પુ. 'તત્'
**એવ** - પણ; અવ્યય
**આદ્યમ્** - મુખ્ય; વિશેષણ, વિ. 'પુરુષમ્'.
**પુરુષમ્** - પુરુષને; નામ, દ્વિ.એ.વ., પુ. 'પુરુષ'
**પ્રપદ્યે** - શરણે છું; ક્રિ. વ.કા. પ્ર.પુ.એ.વ., પ્ર + પદ્ ૪ ગણ આત્મને

**શ્લોકાર્થ :** આનું તેવું રૂપ અહીં પ્રાપ્ત થતું નથી, તેમજ તેનો અન્ત, આદિ અથવા પ્રતિષ્ઠા જણાતાં નથી. આ બહુ દૃઢ મૂળવાળા અશ્વત્થને



દૃઢ અસઙ્ગ શસ્ત્રથી છેદી, પછી જેમાં ગએલા પુનઃ પાછા ફરતા નથી તે પદ "જે આદ્ય પુરુષમાંથી પુરાણી પ્રવૃત્તિ પ્રસરેલી છે તેને જ હું શરણ જાઉં છું" એમ શોધવું॥૩-૪॥

**વિવેચન :** વાસનારૂપ મૂલોથી સૃષ્ટિ કેવી રીતે થાય છે તે કહે છે. આ અશ્વત્થનું ભગવાન્‌ની અલૌકિક ક્રીડારૂપ સત્ય સ્વરૂપ અહીં પ્રાપ્ત થતું નથી, કર્મમાં આસક્તિવાળા જીવોને આ પ્રપઞ્ચનાં ભગવત્ક્રીડાત્મક અલૌકિક રૂપનું ભાન થતું નથી, તેમજ તેનો અન્ત, આદિ અથવા પ્રતિષ્ઠા અથવા સ્થિતિ પણ જણાતાં નથી. તેઓ આ જગત્‌ને અસત્ય અપ્રતિષ્ઠા તથા અનીશ્વર માને છે, અને કર્મમાં મચ્યા રહે છે. ત્યારે શું કરવું યોગ્ય છે? જેના મૂલો બહુ દૃઢ થઈ ગએલાં છે તેવા આ સંસારરૂપી અશ્વત્થને અસઙ્ગ એટલે અનાસક્તિ અથવા વૈરાગ્યરૂપ દૃઢ શસ્ત્રથી છેદવો, અર્થાત્ સંસારમાં આસક્તિ ન રાખતાં, તેથી દૂર રહેવું. પછી શું કરવું? પછી જે પદને પ્રાપ્ત થએલા ત્યાંથી પુનઃ પાછા ફરતા નથી તે પદને એટલે અક્ષરબ્રહ્મરૂપ ભગવદ્ધામને શોધવું. શા માટે? તેને પ્રાપ્ત કરેલો કોઈ પુનઃ આ સંસારમાં આવતો નથી તેથી આ પદને શોધવું.

આ પદ કયા ઉપાયથી શોધી શકાય? "જે આદ્ય પુરુષમાંથી પુરાણી પ્રવૃત્તિ પ્રસરેલી છે તેને જ હું શરણે જાઉં છું" એવી રીતે શરણ ભાવથી ભગવાન્‌ની ભક્તિ કરવાથી આ પદ પ્રાપ્ત થાય છે. આ પદ પ્રાપ્ત કરવાનું મુખ્ય સાધન ભક્તિ છે. ભગવાન્‌ને શરણ જવાથી સર્વ દોષ દૂર થઈ જાય છે અને તેથી એ પદની તરત જ પ્રાપ્તિ થાય છે॥૩-૪॥

**નિર્માનમોહા જિતસઙ્ગદોષા અધ્યાત્મનિત્યા વિનિવૃત્તકામાઃ।**
**દ્વન્દ્વૈર્વિમુક્તાઃ સુખદુઃખસઙ્જ્ઞૈર્ ગચ્છન્ત્યમૂઢાઃ પદમવ્યયં તત્॥૫॥**

**નિર્માનમોહા** - માન અને મોહ વિનાના; વિશેષણ, વિ. 'પુરુષાઃ' "માનશ્ચ મોહશ્ચ નિર્ગતાઃ યેભ્યઃ"
**જિતસઙ્ગદોષાઃ** - સઙ્ગના દોષો જેઓએ જીત્યા છે; વિશેષણ, વિ. 'પુરુષાઃ' "સઙ્ગસ્ય દોષાઃ જિતાઃ યૈઃ ઈતિ" બહુ.
**અધ્યાત્મનિત્યા** - અધ્યાત્મ નિત્ય છે જેને; વિશેષણ, વિ. 'પુરુષાઃ' "અધ્યાત્મ એવ નિત્યમ્ યેષામ્ ઈતિ" બહુ.

**વિનિવૃત્તકામાઃ** - **જેમનાં કામો વિશેષ નિવૃત્ત થયાં છે;** વિશેષણ વિ. 'પુરુષાઃ' ''વિનિવૃત્તાઃ કામાઃ યેષામ્ ઇતિ'' બહુ.
**ચ** - **અને;** અવ્યય
**સુખદુઃખસઞ્જ્ઞૈઃ** - **સુખ અને દુઃખ સઞ્જ્ઞા છે જેમની;** ''સુખં ચ દુઃખં સઞ્જ્ઞા યેષામ્ ઇતિ'' બહુ. વિશેષ્ય દ્વન્દ્વૈઃ
**દ્વન્દ્વૈઃ** - **દ્વન્દ્વોથી;** નામ, તૃ.બ.વ., નપુ. 'દ્વન્દ્વ'
**વિમુક્તાઃ** - **છૂટેલા;** ભૂ.કૃ. વિશેષણ, વિ. 'પુરુષાઃ'
**અમૂઢાઃ** - **મોહ વિનાના;** વિશેષણ, વિ. 'પુરુષાઃ'
**પુરુષાઃ** - **પુરુષો;** સર્વનામ, પ્ર.બ.વ.
**તત્** - **તે;** વિશેષણ, વિ. 'પદમ્'
**અવ્યયમ્** - **અવિનાશી;** વિશેષણ, વિ. 'પદમ્'
**પદમ્** - **પદને;** નામ, દ્વિ.એ.વ., નપુ. 'પદ'
**ગચ્છન્તિ** - **જાય છે, મેળવે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., 'ગમ્' ૧ ગણ

**શ્લોકાર્થ:** જે માન તથા મોહથી રહિત છે, જેમણે સઙ્ગના દોષો જીતેલા છે, તેઓ અધ્યાત્મમાં નિત્ય નિષ્ઠાવાળા છે, જેમની કામનાઓ દૂર થએલી છે, જેઓ સુખદુઃખરૂપી દ્વન્દ્વથી મુક્ત છે, તેવા અમૂઢ તે અવ્યય પદ પ્રાપ્ત કરે છે.

**વિવેચન:** માન તથા મોહ નો અભાવ, સઙ્ગદોષનો અભાવ, નિત્ય અધ્યાત્મજ્ઞાન, નિવૃત્તકામત્વ, સુખ-દુઃખ વિગેરે દ્વન્દ્વનો અભાવ હોય ત્યારે તે પદ પ્રાપ્ત થાય છે. આ દોષોનો અભાવ તથા ગુણો ભગવાનૂને શરણ જવાથી પ્રાપ્ત થાય છે, બીજા કોઈ સાધનથી પ્રાપ્ત થતા નથી. તેથી ભગવાનૂને શરણ જઈ ભક્તિ કરવી એ આ પદ પ્રાપ્ત કરવાનું મુખ્ય સાધન છે. આ પદ અવ્યય છે, આ 'વ્યાપીવૈકુણ્ઠ' અથવા 'બ્રહ્મ' નામનું પદ અક્ષર અવ્યય છે. તે એવી રીતે ભગવાનૂને શરણ જવાથી પ્રાપ્ત થાય છે.

**ન તદ્ ભાસયતે સૂર્યો ન શશઙ્કો ન પાવકઃ।**
**યદ્ ગત્વા ન નિવર્તન્તે તદ્ધામ પરમં મમ॥૬॥**

**તત્** - **તે (પદને);** સર્વનામ, દ્વિ.એ.વ.
**ન** - **નહિ;** અવ્યય



**સૂર્યઃ** - **સૂર્ય;** નામ, પ્ર.એ.વ. પુ. 'સૂર્ય'
**ભાસયતે** - **પ્રકાશ કરે છે;** ક્રિ. તૃ.પુ.એ.વ., વ. કારક 'ભાસ્' ૧ ગણ
**ન** - **નહિ;** અવ્યય
**શશાઙ્કઃ પાવકઃ** - **ચન્દ્ર અગ્નિ;** નામ, પ્ર.એ.વ
**ભાસયતે** - **પ્રકાશે છે;** ક્રિ. તૃ.પુ.એ.વ., વ. કારક 'ભાસ્' ૧ ગણ
**તથા** - **અને;** અવ્યય. **યત્** - **જે;** સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.
**ગત્વા** - **પામીને;** સમ્બન્ધક ભૂ.કૃ.
**મનુષ્યાઃ** - **મનુષ્યો;** પ્ર.બ.વ.
**ન** - **નહિ;** અવ્યય
**નિવર્તન્તે** - **પાછા આવે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ. નિ + વૃત્ ૧ ગણ આત્મને.
**તત્** - **તે;** વિશેષણ, વિ. 'ધામ'
**મમ** - **મારું;** સર્વનામ, ષ.પ્ર.એ.વ., 'અસ્મત્'
**પરમમ્** - **પરમ;** વિશેષણ, વિ. 'ધામ'
**ધામ** - **ધામ છે;** નામ, એ.વ. નપુ. 'ધામન્'

**શ્લોકાર્થ:** તેને સૂર્ય, ચન્દ્ર અથવા અગ્નિ પ્રકાશતા નથી. જેને પ્રાપ્ત કરી પાછા આવતા નથી તે મારું ઉત્તમ ધામ છે.

**વિવેચન:** તે પદને સૂર્ય પ્રકાશતો નથી, તેમજ ચન્દ્ર અથવા અગ્નિ પણ પ્રકાશતા નથી, કારણ કે તે સ્વપ્રકાશ છે. વળી તે પદને પ્રાપ્ત કરી કોઈ સંસારમાં પાછો આવતો નથી, કારણ કે તે મારું ઉત્તમ ધામ છે. ''તે વિષ્ણુનું પરમ પદ છે''. વિગેરે શ્રુતિમાં પણ આ પદનું નિરૂપણ કરેલું છે. આ અક્ષરબ્રહ્માત્મક પદ મારું ઉત્તમ ધામ છે. આને સૂર્ય વિગેરે પ્રકાશતા નથી, પરન્તુ આ સૂર્ય વિગેરે સર્વને પ્રકાશે છે. આ મારું ધામ જ્યોતિરૂપ, નિરૂપમ મહિમાવાળું છે.

આ શ્લોકનું અનુસન્ધાન બ્રહ્મસૂત્ર ૧।૩।૨૩ ઉપરના અણુભાષ્યમાં કરેલું છે.

**મમૈવાંશો જીવલોકે જીવભૂતઃ સનાતનઃ।**
**મનઃષષ્ઠાનીન્દ્રિયાણિ પ્રકૃતિસ્થાનિ કર્ષતિ॥૭॥**

**જીવલોકે** - **જીવલોકમાં, દેહમાં;** નામ, સ.એ.વ., પુ.
**જીવભૂતઃ** - **જીવાત્મા;** નામ, પ્ર.એ.વ., પુ. 'જીવભૂત'
**મમ** - **મારો;** સર્વનામ, ષ.એ.વ., 'અસ્મત્'
**એવ** - **જ;** અવ્યય
**સનાતનઃ** - **સનાતન;** વિશેષણ, વિ. 'જીવભૂતઃ'
**અંશઃ** - **અંશ;** નામ, પ્ર.એ.વ., પુ.
**અસ્તિ** - **છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'
**ચ સ એવ** - **અને તે જ;** અવ્યય, સર્વનામ
**પ્રકૃતિસ્થાનિ** - **પ્રકૃતિમાં રહેનારી;** વિશેષણ, વિ. 'ઇન્દ્રિયાણિ'
**મનઃષષ્ઠાનિ** - **મન જેમાં છઠ્ઠું છે એવી, મન સાથે છે;** વિશેષણ, વિ. 'ઇન્દ્રિયાણિઃ' ''મનઃ ષષ્ઠમ્ યેષામ્ વિદ્યતે ઇતિ''
**ઇન્દ્રિયાણિ** - **ઇન્દ્રિયોને;** નામ, દ્વિ.બ.વ., નપુ.
**કર્ષતિ** - **આકર્ષે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'કૃષ્' ૧ ગણ

**શ્લોકાર્થ :** જીવલોકમાં જીવ થયેલો મારો જ સનાતન અંશ પ્રકૃતિમાં રહેલી મનસહિત છ ઇન્દ્રિયોને ખેંચે છે.

**વિવેચન :** મારો સચ્ચિદાનન્દરૂપ પુરુષોત્તમનો જ સનાતન અંશ જીવલોકમાં જીવ થએલો છે. સત્, ચિત્ અને આનન્દ એ ત્રણમાંથી માત્ર આનન્દનો તિરોભાવ થવાથી ચિદ્રૂપ જીવ ભગવાન્‌ની ઇચ્છાથી પોતાથી જુદો પડે છે. આ જીવ પણ ભગવાન્‌નો અંશ હોવાથી વસ્તુતઃ નિત્યસ્વરૂપ જ હોવાથી સનાતન છે. આનો આનન્દ તિરોહિત થતાં અનાદિ કર્મરૂપ અવિદ્યાના આવેષ્ટનથી જીવલોકમાં જીવ થએલો તે પ્રકૃતિના અમુક પરિણામરૂપ, દેવ-મનુષ્ય વિગેરેના શરીરમાં રહેલી પાંચ જ્ઞાનેન્દ્રિય તથા મનને ખેંચે છે. કોઈ જીવો પ્રથમ કહેલા માર્ગથી અવિદ્યાથી મુક્ત થઈ સ્વરૂપમાં રહે છે, પરન્તુ સંસારી જીવના જ્ઞાન, તથા ઐશ્વર્ય અતિ સઙ્કુચિત રહે છે અને તે પ્રકૃતિના પરિણામરૂપ શરીરોમાં રહેલી મનસહિત છ ઇન્દ્રિયોને ખેંચે છે અર્થાત્ કર્મને અનુકૂલ કરે છે.

આ જીવ પણ સર્વશક્તિમાન શ્રીપુરુષોતમનો અંશ જ છે. બ્રહ્મસૂત્ર ૨।૩।૪૩ માં પણ જીવ બ્રહ્મનો અંશ છે એમ નિરૂપણ કરેલું છે. ભગવાન્‌ના સત્, ચિત્ અને આનન્દ એ ત્રણ મુખ્ય અંશો પૈકી જીવ ચિદ્રૂપ છે.

"વિભક્તિવાળું અવિભક્ત" વિગેરે શ્રુતિઓએ જ કહેલો હોવાથી સહજ છે અને ઈશ્વરે જ કરેલો છે. બ્રહ્મ અને જીવ નો વિભાગ અવિદ્યાથી કલ્પેલો છે એમ માનીએ તો તે વિભાગ પહેલાં તેને કલ્પનાર અવિદ્યાનું અસ્તિત્વ અવશ્ય હોવું જોઈએ. અવિદ્યાનો તે સમયે આધાર કોણ ? આધાર વિના અવિદ્યા રહી શકે જ નહિ, તેથી તેનો આધાર અવશ્ય હોવો જોઈએ. અવિદ્યા પોતાનો જ આશ્રય કરી તે સમયે રહેલી હોય છે એમ પણ કહેવાય નહિ, કારણ કે બ્રહ્મ અને અવિદ્યા એવા બે પદાર્થ તે સમયે હોવાથી અદ્વૈતનો ભઙ્ગ થાય. ત્યારે બ્રહ્મ જ અવિદ્યાનો આધાર હતું એમ માનો, તો બ્રહ્મમાં પણ અવિદ્યા હોવાથી બ્રહ્મ પણ સંસારી જીવ જેવું જ થઈ જાય. વળી અવિદ્યા દૂર થતાં ભક્તિ થતી હોવાથી એક જીવને મુક્તિ થતાં જ અવિદ્યાનો ઉચ્છેદ થતો હોવાથી સર્વને તે સમયે જ મુક્તિ થવી જોઈએ, પરન્તુ તેમ પણ થતું નથી. તેથી બ્રહ્મ તથા જીવ નો ભેદ અવિદ્યાથી કલ્પેલો છે, એમ માનવાથી શાસ્ત્ર અપ્રમાણ થઈ જાય છે તથા સર્વનો વિપ્લવ થાય છે. તેથી આ ભેદ પણ સહજ ઈશ્વરે પોતાની ઈચ્છાથી કરેલો છે એમ જ માનવું ઉચિત છે. તેથી સર્વ શ્રુતિ અને સ્મૃતિઓ માં કહ્યા પ્રમાણે સર્વ જીવો ભગવાન્ બ્રહ્મના અંશ જ છે, સનાતન છે, અને ભગવાન્‌ની ઈચ્છાથી જ ભગવાન્‌થી વિભક્ત થએલા છે, એમ જ માનવું જોઈએ.

આ શ્લોકમાં સર્વ જીવોને સમષ્ટિના અભિપ્રાયથી 'જીવ' એમ એક વચનથી કહેલા છે. જીવલોકમાં એટલે જીવના ક્રીડનસ્થાન આ પ્રપઞ્ચ અથવા જગત્‌માં તે જીવ થઈ રહેલા છે તે દેહના જેવા આગન્તુક નથી, પરન્તુ સનાતન છે એટલે સદા જીવરૂપ જ છે, ભૌતિક સૃષ્ટિ પેઠે પાછળથી ઉત્પન્ન થએલા નથી.

આ પ્રપઞ્ચમાં જીવનું શું કાર્ય છે તે કહે છે. જીવ પ્રકૃતિમાં રહેલી પાંચ જ્ઞાનેન્દ્રિય તથા મન એ છને અર્થાત્ વાસનામય લિઙ્ગ શરીરને વિષય ભોગની ઉત્પત્તિમાટે ખેંચે છે. જેમ ખેડુત જમીન ખેડે છે તેમ જીવ લિઙ્ગ શરીરને વિષય ભોગની ઉત્પત્તિમાટે અનુકૂલ કરે છે.

આ શ્લોકનું અનુસંધાન બ્રહ્મસૂત્ર ૨।૩।૪૫ પરના અણુભાષ્યમાં કરેલું છે.

**શરીરં યદવાપ્નોતિ યચ્ચાપ્યુત્ક્રામતીશ્વરઃ ।**
**ગૃહીત્વૈતાનિ સંયાતિ વાયુર્ગન્ધાનિવાશયાત્ ॥૮॥**



**વાયુઃ** - વાયુ; નામ, પ્ર.એ.વ., પુ. 'વાયુ'
**આશયાત્** - સ્થાનમાં, ગન્ધસ્થાનમાંથી; પં.એ.વ., પુ. 'આશય'
**ગન્ધાન્** - ગન્ધોને; નામ, દ્વિ.બ.વ., પુ. 'ગન્ધ'
**ઈવ** - માફક; અવ્યય
**ઈશ્વરઃ** - દેહાદિનો સ્વામી જીવાત્મા; નામ, પ્ર.એ.વ., પુ. 'ઈશ્વર'
**અપિ** - ફરી; અવ્યય. **યત્** - જે; સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.
**શરીરમ્** - શરીરને; નામ, દ્વિ.એ.વ., નપુ.
**ઉત્ક્રામતિ** - છોડી દે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'ઉત્ + ક્રમ્' ૧ ગણ, પરસ્મૈ.
**તસ્માદ્** - તે શરીરથી; સર્વનામ, પં.એ.વ.
**એતાનિ** - આ; સર્વનામ, દ્વિ.બ.વ., નપુ. 'એતદ્'
**ઈન્દ્રિયાદીનિ** - ઈન્દ્રિય આદિને;
**ગૃહિત્વા** - ગ્રહણ કરીને; વિધેય કૃદન્ત
**સંયાતિ** - જાય છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'સમ્ + યા' ૨ ગણ પરસ્મૈ.
**યત્** - જે; સર્વનામ, દ્વિ.એ.વ. નપુ.
**શરીરમ્** - શરીરને; સર્વનામ, દ્વિ.એ.વ.
**અવાપ્નોતિ** - પ્રાપ્ત થાય છે; ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ.
**તસ્મિન્** - તેમાં; સર્વનામ, સ.એ.વ.

**શ્લોકાર્થ:** જ્યારે ઈશ્વર જે શરીર પ્રાપ્ત કરે છે તથા જેમાંથી ઉત્ક્રમણ કરે છે ત્યારે જેમ વાયુ ગન્ધના સ્થાનમાંથી ગન્ધને લઈ જાય છે તેમ ત્યાં આમને લઈને જાય છે.

**વિવેચન:** ઈન્દ્રિયોના ઈશ્વર અર્થાત્ ઈન્દ્રિયોને ખેંચનાર જીવ જે શરીર પ્રાપ્ત કરે છે તથા જે શરીરનો ત્યાગ કરે છે ત્યારે તે ત્યાં પોતાની સાથે આમને એટલે મનસહિત છ ઈન્દ્રિયો અથવા લિઙ્ગ શરીરને લઈ જાય છે. ઈન્દ્રિયોને જીવ પોતાની સાથે સૂક્ષ્મભૂતો સાથે લઈ જાય છે. જેમ વાયુ કસ્તુરી વિગેરે ગન્ધના સ્થાનમાંથી સૂક્ષ્મ અવયવો સાથે ગન્ધને લઈ જાય છે, તેમ જીવ સૂક્ષ્મભૂતો સાથે મનસહિત છ ઈન્દ્રિયોને જે શરીરમાં તે જાય છે ત્યાં તથા જે શરીરનો તે ત્યાગ કરે છે તેમાંથી પોતાની સાથે લઈને જાય છે.

બ્રહ્મસૂત્ર ૨।૩।૧૯ તથા ૨૦ માં આ જ અર્થ કહેલો છે. આ શ્લોકનું અનુસન્ધાન શ્રીભાગવત ૧૦।૫૧।૪૪ ઉપરના સુબોધિની કરેલું છે.

**શ્રોત્રં ચક્ષુઃ સ્પર્શનં ચ રસનં ઘ્રાણમેવ ચ।**
**અધિષ્ઠાય મનશ્ચાયં વિષયાન્ ઉપસેવતે ॥૯॥**

**શ્રોત્રમ્** - **કાન;** નામ, દ્વિ.એ.વ., નપુ. 'શ્રોત્ર'
**ચક્ષુઃ** - **આંખ;** નામ, દ્વિ.એ.વ., નપુ. 'ચક્ષુષ્'
**સ્પર્શનમ્** - **સ્પર્શેન્દ્રિયનો, ત્વચા;** નામ, દ્વિ.એ.વ., 'સ્પર્શ' નપુ.
**ચ** - **અને;** અવ્યય
**રસનમ્** - **જીભ;** નામ, દ્વિ.એ.વ., નપુ. 'રસન'
**ચ એવ** - **અને વળી;** અવ્યય
**ઘ્રાણમ્** - **નાક;** નામ, દ્વિ.એ.વ., પુ. 'ઘ્રાણ'
**ચ** - **અને;** અવ્યય
**મનઃ** - **મન;** નામ, દ્વિ.એ.વ., નપુ. 'મનસ્'
**અધિષ્ઠાય** - **આશ્રય કરીને, બધાની સહાયતાથી;** વિધેય કૃદન્ત
**અયમ્** - **આ 'જીવઃ';** સર્વનામ, પ્ર.એ.વ., 'ઇદમ્'
**વિષયાન્** - **વિષયોને;** નામ, દ્વિ.બ.વ., પુ. 'વિષય'
**ઉપસેવતે** - **સેવે છે.** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., ઉપ+સેવ્ આત્મને. ૧ ગણ.

**શ્લોકાર્થ:** શ્રોત્ર, ચક્ષુઃ, સ્પર્શન, રસન, ઘ્રાણ અને મન નું અધિષ્ઠાન કરી આ વિષયોનું સેવન કરે છે.

**વિવેચન:** જીવ ઇન્દ્રિયોને શા માટે પોતાની સાથે લઈ જાય છે તે કહે છે. શ્રોત્ર વિગેરે છ ઇન્દ્રિયોનું અધિષ્ઠાન કરી આ જીવ વિષયોને સેવે છે; એટલે જીવ પ્રાકૃત અહઙ્કારના કાર્યને શ્રોત્ર વિગેરે ઇન્દ્રિયોના વિષયોની વૃત્તિને અનુકૂલ કરી તે ઇન્દ્રિયોના વિષયોનો ભોગ કરે છે.

**ઉત્ક્રામન્તં સ્થિતં વાપિ ભુઞ્જાનં વા ગુણાન્વિતમ્।**
**વિમૂઢા નાનુપશ્યન્તિ પશ્યન્તિ જ્ઞાનચક્ષુષઃ ॥૧૦॥**

**ઉત્ક્રામન્તમ્** - **શરીરને છોડીને ઉત્ક્રમણ કરનાર;** વિશેષણ, વિ. 'જીવમ્'
**વા** - **અથવા;** અવ્યય



**સ્થિતમ્** - **શરીરમાં સ્થિત થયેલો;** વિશેષણ, વિ. 'જીવમ્'
**ભુઞ્જાનમ્** - **વિષયોને ભોગવતો;** વિશેષણ, વિ. 'જીવમ્'
**વા** - **અથવા;** અવ્યય
**ગુણાન્વિતમ્** - **ત્રણે ગુણોથી યુક્ત થયેલો;** વિશેષણ, વિ. 'જીવમ્' ''ગુણૈઃ અન્વિતમ્ ઇતિ'' તત્પુરુષ
**અપિ** - **પણ;** અવ્યય
**વિમૂઢાઃ** - **અજ્ઞાની, અતિમોહમાં ફસેલા;** વિશેષણ,
**ન** - **નહિ;** અવ્યય
**અનુપશ્યન્તિ** - **જાણે છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.બ.વ. અનુ + દશ્(પશ્ય) ૧ ગણ
**કેવલમ્** - **કેવલ;** અવ્યય
**જ્ઞાનચક્ષુષઃ** - **જ્ઞાનરૂપી આંખોવાળાઓ, જ્ઞાનીજનો;** નામ, પ્ર.બ.વ., નપુ. ''જ્ઞાનમ્ એવ ચક્ષુઃ યેષામ્ તેષુ'' બહુ.
**પશ્યન્તિ** - **જુવે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., 'દશ્'(પશ્ય) ૧ ગણ

**શ્લોકાર્થ:** ઉત્ક્રમણ કરતાં, સ્થિતિ કરતાં, ભોગ કરતાં અથવા ગુણોથી યુક્ત જીવને વિમૂઢો જોતા નથી, પરન્તુ જ્ઞાનચક્ષુવાળા જૂએ છે.

**વિવેચન:** ત્યારે એવો જીવ શરીરથી ભિન્ન કેમ દેખાતો નથી એવી શઙ્કા થાય તેનો નિરાસ કરે છે. સત્ત્વ વિગેરે ગુણોવાળી પ્રકૃતિના અમુક પરિણામરૂપ મનુષ્ય વિગેરેના દેહ સાથે સંસૃષ્ટ થએલા જીવને તેવા કોઈ દેહમાંથી નીકળતાં, અથવા કોઈ દેહમાં સ્થિતિ કરતાં, તથા ઈશ્વરના ગુણો પ્રાપ્ત કરી તે ગુણોવાળો થઈ રહેલાને પણ વિમૂઢો જોતા નથી. પ્રકૃતિવાળા મનુષ્ય વિગેરેના દેહના અભિમાનવાળા અર્થાત્ તેવા દેહને જ આત્મા માનનાર વિમૂઢ લોકો જીવને દેહથી ભિન્ન જોતાં નથી, પરન્તુ દેહ અને આત્માના વિવેકરૂપ જ્ઞાન જેને છે તે જ્ઞાનદષ્ટિવાળાઓ તો જીવને તે હરકોઈ અવસ્થામાં હોય તો પણ દેહથી ભિન્ન જ જુએ છે.

**યતન્તો યોગિનશ્ચૈનં પશ્યન્ત્યાત્મન્યવસ્થિતમ્।**
**યતન્તોઽપ્યકૃતાત્માનો નૈનં પશ્યન્ત્યચેતસઃ ॥૧૧॥**

**યોગિનઃ** - **યોગીઓ;** નામ, પ્ર.બ.વ., પુ. 'યોગિન્'
**આત્મનિ** - **હૃદયમાં;** નામ, સ.એ.વ.,

**અવસ્થિતમ્** - રહેલાને; વિશેષણ, વિ. 'એનમ્'
**એનમ્** - આને, જીવને; સર્વનામ, દ્વિ.એ.વ., 'એતદ્'
**યતન્તઃ** - યત્ન કરનારાઓ; વિશેષણ, વિ. 'યોગિનઃ'
**પશ્યન્તિ** - જુએ છે; ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., 'દશ્'(પશ્ય્) ૧ ગણ પરસ્મૈ.
**ચ** - અને; અવ્યય
**અકૃતાત્માનઃ** - આત્માને અન્તઃકરણને જેઓએ શુદ્ધ કરેલું નથી; નામ, પ્ર.બ.વ., પુ. 'અકૃતાત્મન્'
**અચેતસઃ** - અજ્ઞાનીઓ; નામ, પ્ર.બ.વ., નપુ. 'અચેતસ્'
**યતન્તઃ** - યત્ન કરનારા; વિશેષણ, વિ. 'અચેતસઃ'
**અપિ** - પણ; અવ્યય
**એનમ્** - આને (જીવને); સર્વનામ, દ્વિ.એ.વ., 'એતદ્'
**ન** - નહિ; અવ્યય
**પશ્યન્તિ** - જુએ છે; ક્રિ. વ.કા. તૃ.પુ.બ.વ., 'દશ્'(પશ્ય્) ૧ ગણ

**શ્લોકાર્થ :** યત્ન કરતા યોગીઓ પોતામાં રહેલા આને જુએ છે. જેમણે ચિત્તને વશ કરેલું નથી તેવા મન્દબુદ્ધિવાળા યત્ન કરવા છતાં આને જોતા નથી.

**વિવેચન :** યોગીઓ એટલે જેમણે ચિત્તનો નિરોધ કરેલો છે તેઓ યત્ન કરતા પોતાની અન્દર રહેલા આત્માને જોઈ શકે છે, પરન્તુ જેમણે ચિત્તનો નિરોધ કરેલો નથી તેવા મન્દબુદ્ધિવાળાઓ તો પ્રયત્ન કરવા છતાં આત્માને જોઈ શક્તા નથી. આત્મા એવો દુર્જ્ઞેય છે કે આત્મા અને દેહ નો જેમને વિવેક હોય તેઓમાં પણ જેમણે ચિત્તનો નિરોધ કરેલો હોય તેઓ જ પ્રયત્ન કરવાથી તેને જોવાને યોગ્ય થાય છે.

**યદાદિત્યગતં તેજો જગદ્ભાસયતેઽખિલમ્ ।**
**યચ્ચન્દ્રમસિ યચ્ચાગ્નૌ તત્ તેજો વિદ્ધિ મામકમ્ ॥૧૨॥**

**યદ્** - જે; સર્વનામ, વિશેષ્ય 'તેજઃ'
**તેજઃ** - તેજ; નામ, પ્ર.એ.વ., નપુ. 'તેજસ્'
**આદિત્યગતમ્** - સૂર્યમાં રહેલું; વિશેષણ, વિ. 'તેજઃ'
**અખિલમ્** - અખિલ; વિશેષણ, વિ. 'જગત્'



**જગત્** - જગતને; નામ, દ્વિ.એ.વ., નપુ. 'જગત્'
**ભાસયતે** - પ્રકાશ આપે છે; ક્રિ. વ.કારક, તૃ.પુ.એ.વ., નપુ.
**ચ** - અને; અવ્યય
**યત્** - જે; સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
**તેજઃ** - તેજ; નામ, પ્ર.એ.વ., નપુ. 'તેજસ્'
**અગ્નૌ** - અગ્નિમાં; નામ, સ.એ.વ., પુ. 'અગ્નિ'
**વર્તતે** - રહે છે; ક્રિ. તૃ.પુ.એ.વ.
**તત્** - તે; સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.
**તેજઃ** - તેજ; નામ, દ્વિ.એ.વ., નપુ. 'તેજસ્'
**મામકમ્** - મારું; વિશેષણ, વિ. 'તેજઃ'
**વિદ્ધિ** - જાણ; ક્રિ. આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ. 'વિદ્' ૨ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ :** જે સૂર્યનું તેજ અખિલ જગત્‌ને પ્રકાશે છે, જે ચન્દ્ર તથા અગ્નિ માં તેજ છે તે તેજ મારું છે એમ જાણ.

**વિવેચન :** એવી રીતે ઇન્દ્રિય અને પદાર્થ ના સન્નિકર્ષના વિરોધી અન્ધકારને દૂર કરી ઇન્દ્રિયોનો પોતાના પ્રકાશથી અનુગ્રહ કરનાર સૂર્ય-ચન્દ્ર વિગેરે જ્યોતિઓની પણ જેને અપેક્ષા નથી તેવું સચ્ચિદાનન્દરૂપ મારું ધામ અક્ષર, કાલ, પ્રકૃતિનો અધ્યક્ષ પુરુષ, કેવલ ચિદ્રૂપ આત્મા તથા જીવ થઈ રહેલો આત્મા એ સર્વ મારી વિભૂતિ તથા મારા અંશ છે. આવો ઉપદેશ કરી, ભગવાન્ હવે પ્રથમ કહેલા આદિત્ય વિગેરેના પ્રકાશ વિગેરે અચિતના પરિણામો પણ મારી વિભૂતિ છે એવો અહીંથી ચાર (૧૨ - ૧૫) શ્લોકથી ઉપદેશ કરે છે. આદિત્યનું તેજ જે આખા જગત્‌ને પ્રકાશે છે તે તથા ચન્દ્ર અને અગ્નિનાં તેજ તે પણ મારાં જ છે.

આ શ્લોકનું અનુસન્ધાન બ્રહ્મસૂત્ર ૧।૩।૨૩; ૩।૨।૩૪ ઉપરના અણુભાષ્યમાં અને શ્રીભાગવત ૨।૫।૧૧ ઉપરના સુબોધિનીમાં કરેલું છે.

**ગામાવિશ્ય ચ ભૂતાનિ ધારયામ્યહમોજસા ।**
**પુષ્ણામિ ચૌષધીઃ સર્વાઃ સોમો ભૂત્વા રસાત્મકઃ ॥૧૩॥**

**ચ** - અને; અવ્યય
**અહમ્** - હું; સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'

ગામ્ - પૃથ્વી; નામ, દ્વિ.એ.વ., 'ગો'
આવિશ્ય - પ્રવેશ કરીને; વિધેય કૃદન્ત
ઓજસા - ઓજસથી મારી પ્રકાશમયી શક્તિથી; નામ, તૃ.એ.વ., નપુ. 'ઓજસ્'
ભૂતાનિ - ભૂતોને, પ્રાણીને; નામ, દ્વિ.બ.વ., નપુ. 'ભૂત'
ધારયામિ - ધારણ કરું છું. ક્રિ. વ.કા., પ્ર.પુ.એ.વ. 'ધૃ' ૧૦ગણ પરસ્મૈ.
ચ - અને; અવ્યય
રસાત્મકઃ - રસરૂપ; વિશેષણ, વિ. 'સોમઃ'
સોમઃ - ચન્દ્ર; નામ, પ્ર.એ.વ., પુ. 'સોમ'
ભૂત્વા - થઈને; વિધેય કૃદન્ત
સર્વાઃ - બધા; સર્વનામ, દ્વિ.બ.વ., 'સર્વ'
ઓષધીઃ - વનસ્પતિને; નામ, દ્વિ.બ.વ., 'ઓષધિ'
પુષ્ણામિ - પોષણ કરું છું. ક્રિ. વ.કા., પ્ર.પુ.એ.વ., 'પુષ્' ૯ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ :** બલથી પૃથ્વીમાં પ્રવેશ કરી હું ભૂતોને ધારણ કરું છું, અને રસરૂપ ચન્દ્ર થઈ સર્વ ઓષધિઓનું પોષણ કરું છું.

**વિવેચન :** પૃથ્વીમાં જે ધારણશક્તિ છે અને ચન્દ્રમાં જે પોષણ શક્તિ છે તે પણ મારી છે એમ કહે છે.

**અહં વૈશ્વાનરો ભૂત્વા પ્રાણિનાં દેહમ્ આશ્રિતઃ ।**
**પ્રાણાપાનસમાયુક્તઃ પચામ્યન્નં ચતુર્વિધમ્ ॥૧૪॥**

અહમ્ - હું; સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
એવ - જ; અવ્યય
પ્રાણાપાનસમાયુક્તઃ - પ્રાણ અને અપાન થી યુક્ત; વિશેષણ, વિ.'વૈશ્વાનરઃ'
પ્રાણિનામ્ - પ્રાણીઓના; નામ, ષ.બ.વ., પુ. 'પ્રાણિન્'
દેહમ્ - દેહને; નામ દ્વિ.એ.વ.
આશ્રિતઃ - આશ્રય કરેલો; વિશેષણ, વિ. 'વૈશ્વાનરઃ'
વૈશ્વાનરઃ - વૈશ્વાનર, અગ્નિનું નામ છે; નામ, પ્ર.એ.વ., પુ.
ભૂત્વા - થઈને; વિધેય કૃદન્ત



ચતુર્વિધમ્ - ચાર પ્રકારનું; વિશેષણ, વિ. 'અન્નમ્'
અન્નમ્ - અન્નને; નામ, દ્વિ.એ.વ., નપુ. 'અન્ન'
પચામિ - પચાવું છું; ક્રિ. વ.કા. પ્ર.પુ.એ.વ. 'પચ્' ૧ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ :** હું વૈશ્વાનર થઈ, પ્રાણીઓના દેહનો આશ્રય કરી પ્રાણ અને અપાન થી યુક્ત થઈ ચાર પ્રકારના અન્નનું પાચન કરું છું.

**વિવેચન :** વૈશ્વાનરની પાચનશક્તિ પણ મારી છે. તેથી ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય અને પેય એ ચાર પ્રકારના અન્નનું પાચન કરનાર પણ હું છું.

આ શ્લોકનું અનુસંધાન બ્રહ્મસૂત્ર ૧।૨।૨૬ પરના આણુભાષ્યમાં કરેલું છે.

**સર્વસ્ય ચાહં હૃદિ સન્નિવિષ્ટો મત્તઃ સ્મૃતિર્ જ્ઞાનમ્ અપોહનં ચ ।**
**વેદૈશ્ચ સર્વૈર્ અહમેવ વેદ્યો વેદાન્તકૃત્ વેદવિદેવ ચાહમ્ ॥૧૫॥**

ચ - અને; અવ્યય
અહમ્ - હું; સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
એવ - જ; અવ્યય
સર્વસ્ય - બધાનું; સર્વનામ, ષ.એ.વ., પુ. 'સર્વ'
હૃદિ - હૃદયમાં; નામ, સ.એ.વ. પુ. 'હૃત્'
સન્નિવિષ્ટઃ - દાખલ થયેલો; ભૂ.કૃ., વિશેષણ, વિ. 'અહમ્'
અસ્મિ - છું; ક્રિ. વ.કા. દ્વિ.પુ.એ.વ. 'અસ્'
મત્તઃ - મારાથી; સર્વનામ, પં.એ.વ., 'તઃ' પ્રત્યય
એવ - જ; અવ્યય
સ્મૃતિઃ - સ્મૃતિ; નામ, પ્ર.એ.વ., સ્ત્રી.
જ્ઞાનમ્ - જ્ઞાન; નામ, પ્ર.એ.વ., નપુ. 'જ્ઞાન'
ચ - અને; અવ્યય
અપોહનમ્ - વિસ્મૃતિ; નામ, પ્ર.એ.વ., નપુ.
ભવતિ - થાય છે; ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ.
ચ - અને; અવ્યય
સર્વૈઃ - બધા; વિશેષણ, વિ. 'વેદૈઃ'
વેદૈઃ - વેદોવડે; નામ, તૃ.બ.વ., પુ. 'વેદ'
અહમ્ - હું; સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'

**એવ** - **જ, માત્ર;** અવ્યય

**વેદ્યઃ** - **જાણાવવો જોઈએ;** વિધેય કર્મણિ, કૃદન્ત, વિશેષણ, વિ. 'અહમ્'

**અસ્મિ ચ** - **છું, અને;** ક્રિયાપદ, અવ્યય

**વેદાન્તકૃત્** - **વેદાન્તનો બનાવનાર, વેદનું રહસ્ય સમજાવનાર;** વિશેષણ, વિ. 'અહમ્'

**ચ** - **અને;** અવ્યય

**વેદવિત્** - **વેદને જાણનાર;** વિશેષણ, વિ. 'અહમ્'

**અપિ** - **પણ;** અવ્યય

**અહમ્** - **હું;** સર્વનામ, પ્ર.એ.વ. 'અસ્મત્'

**એવ** - **વળી;** અવ્યય

**અસ્મિ** - **છું;** ક્રિ. વ.કા. દ્વિ.પુ.એ.વ. 'અસ્'

**શ્લોકાર્થ:** મેં સર્વના હૃદયમાં પ્રવેશ કરેલો છે, મારાથી જ સ્મૃતિ, જ્ઞાન અને વિસ્મરણ થાય છે. સર્વ વેદોથી વેદ્ય હું જ છું, તથા વેદાન્તનો કર્તા તેમજ વેદો જાણનાર હું જ છું.

**વિવેચન:** સૂર્ય, ચન્દ્ર તથા અગ્નિ નો પ્રકાશ, વૈશ્વાનરની પાચક શક્તિ એ સર્વ મારાં છે. અર્થાત્ સૂર્ય, ચન્દ્ર, અગ્નિ, વૈશ્વાનર એ સર્વ હું છું એમ પાછળ કહ્યું તેનું કારણ અહીં કહે છે. સૂર્ય, ચન્દ્ર, અગ્નિ વૈશ્વાનર તથા સર્વ પ્રાણીમાત્રના હૃદયમાં મેં પ્રવેશ કરેલો છે. સર્વ પ્રવૃત્તિના કારણરૂપ જ્ઞાનનો જ્યાંથી ઉદય થાય છે, તેવા સર્વના હૃદયમાં સર્વના આત્મા તરીકે પ્રવેશ કરેલો છે. તેથી જ શ્રુતિ પણ "અન્તઃપ્રવેશ કરેલા જનોના શાસ્તા" વિગેરે કહે છે. મેં સર્વના હૃદયમાં પ્રવેશ કરેલો હોવાથી સર્વની સ્મૃતિ, જ્ઞાન અને અપોહન એટલે વિસ્મરણ પણ મારાથી જ થાય છે. પૂર્વે અનુભવ કરેલા વિષયના માત્ર સંસ્કારથી ઉત્પન્ન થતું જ્ઞાન તે 'સ્મૃતિ'. ઇન્દ્રિય, અનુમાન, શાસ્ત્ર અને યોગ થી વસ્તુનો 'આ આવી છે' એવો થતો નિશ્ચય તે 'જ્ઞાન'. સ્મૃતિ તથા જ્ઞાન નું નષ્ટ થવું તે 'અપોહન' અથવા વિસ્મરણ. આ સર્વ મારાથી થાય છે, કારણ કે સર્વના આત્મા તરીકે સર્વ વેદોથી વેદ્ય હું જ છું. વેદમાં અગ્નિ, સોમ, વાયુ, ઇન્દ્ર વિગેરેનું વર્ણન કરેલું છે, પણ તે સર્વનો અન્તર્યામી હું હોવાથી તે સર્વ મારાં રૂપ જ હોવાથી તેઓનું વર્ણન



કરનાર વેદ પણ મારું જ ગાન કરે છે.

વેદાન્ત એટલે ઉપનિષદ્માં સર્વનો નિષેધ કરી મારા આત્માનું જ નિરૂપણ કરેલું છે એવી શઙ્કા કરવી નહિ, કારણ કે વેદાન્તમાં સર્વનો નિષેધ કરેલો છે એવી માત્ર જીવની કલ્પના જ છે. સર્વ વેદોના નિર્ણયના સિદ્ધાન્તરૂપ વેદાન્તોને મારા વિના અન્ય કોઈ જાણતો નથી. તેથી જ જીવે કલ્પેલા અધ્યારોપાપવાદનો નિરાશ કરી બ્રહ્મવાદ પ્રમાણે તત્ત્વનો નિશ્ચય કરાવવા મેં કૃષ્ણદ્વૈપાયનરૂપે વેદાન્તસૂત્ર રચેલાં છે.

વળી જેમ રજ્જુમાં સર્પનો આરોપ થાય અને પછી રજ્જુનું ખરું જ્ઞાન થતાં તે આરોપ દૂર થાય, તેવી રીતે બ્રહ્મમાં જગત્નો અધ્યારોપ થાય છે ને પછી તે આરોપ દૂર થાય તેવી રીતે બ્રહ્મમાં જગત્નો અધ્યારોપ થાય છે ને પછી તે આરોપ દૂર થાય છે, એવું વાદીઓ માને છે. ત્યાં પણ અધ્યારોપ અને તેનું દૂર થવું એટલે અપોહન જીવે કલ્પેલા છે કે સત્ય છે? જીવે કલ્પેલા છે એમ કહે તો શ્રુતિઓનો વિરોધ આવે છે, કારણ કે શ્રુતિઓ જગત્ને સત્ય વર્ણવે છે. તે સત્ય છે એમ કહે તો અમને ઇષ્ટ જ છે. ભગવાને અધ્યારોપ અને અપોહન કરેલા છે એમ કહે તો પણ જગત્ અલીક કહી શકાય નહિ. તેથી જગત્ મિથ્યા છે એ માત્ર કલ્પના જ છે એમ નિશ્ચય થાય છે. અધ્યારોપ અને તેનું અપોહન માયાથી થાય છે. એમ કહે, તો બ્રહ્મવાદ પ્રમાણે માયા પણ ભગવાન્થી અન્ય તત્ત્વ નથી.

બ્રહ્મવાદ પ્રમાણે ક્ષર, અક્ષર અને અક્ષરાતીત એ ત્રણ સ્વરૂપથી ભગવાન્ રમણ કરે છે. ભગવાન્ સર્વશક્તિમાન છે. તે પોતાની આજ્ઞા પ્રમાણે વર્તનારી પોતે જ પોતાથી પૃથક્ કરેલી પોતાના સદંશરૂપ 'સ્વભાવ' 'કર્મ' વિગેરે નામવાળી પોતાની માયાને રમણમાટે પોતાના ચિદંશરૂપ ક્ષર સાથે યોજે છે, ત્યારે પ્રવાહસૃષ્ટિ થાય છે.

અક્ષર આત્માનું જ્ઞાન તથા તેના સાધનરૂપ શક્તિઓ ઉત્પન્ન કરાવી રમણ કરવામાટે ભગવાને મર્યાદા નિર્મેલી છે. ક્ષર અને અક્ષર થી અતીત પોતાના સ્વરૂપ પ્રપઞ્ચથી રમણ કરવામાટે સર્જેલા પોતાના પ્રતિબિમ્બરૂપ ભક્તો સાથે આત્મારામ ભગવાન્ નિત્ય રમણ કર્યા કરે છે, એ પુષ્ટિ છે. આવો વેદનો ભાવાર્થ વેદાન્ત રચનાર તથા વેદોને જાણનાર હું જ જાણું છું. બીજું કોઈ જાણતું નથી. તેથી સર્વ વેદાન્તોનો સાર તું મારી પાસેથી જાણ.

આ શ્લોકનું અનુસન્ધાન શ્રીભાગવત્ ૧૦।૬૦।૩૪ ઉપરના સુબોધિનીમાં કરેલું છે.

**દ્વાવિમૌ પુરુષૌ લોકે ક્ષરશ્ચાક્ષર એવ ચ ।**
**ક્ષરઃ સર્વાણિ ભૂતાનિ કૂટસ્થોઽક્ષર ઉચ્યતે ॥૧૬॥**

**લોકે** - **લોકમાં, સંસારમાં;** નામ, સ.એ.વ., પુ. 'લોક'
**ક્ષરઃ** - **નાશવન્ત, ક્ષર, દેહ;** નામ, પ્ર.એ.વ. પુ.
**ચ** - **અને;** અવ્યય
**એવ** - **વળી;** અવ્યય
**અક્ષરઃ** - **અક્ષર, અનશ્વર;** નામ, પ્ર.એ.વ., પુ.
**ઈમૌ** - **આ;** સર્વનામ, પ્ર.દ્વિ.વ., પુ. 'ઈદમ્'
**દ્વૌ** - **બે;** વિશેષણ, વિ. 'પુરુષૌ'
**પુરુષૌ** - **બે પુરુષો;** નામ, પ્ર.દ્વિ.વ., પુ.
**સ્તઃ તયોઃ** - **છે તેઓમાં;** ક્રિયાપદ, સર્વનામ
**સર્વાણિ** - **બધા;** સર્વનામ, પ્ર.બ.વ., નપુ. 'સર્વ'
**ભૂતાનિ** - **પ્રાણીઓ;** નામ, પ્ર.બ.વ., નપુ. 'ભૂત'
**ક્ષરઃ** - **નાશવન્ત;** નામ, પ્ર.એ.વ., પુ.
**ચ** - **અને;** અવ્યય
**કૂટસ્થઃ** - **શરીરમાં રહેનાર;** વિશેષણ, પ્ર.એ.વ., પુ. વિશેષ્ય 'પુરુષઃ'
**અક્ષરઃ** - **અક્ષર;** નામ, પ્ર.એ.વ., પુ.
**ઉચ્યતે** - **કહેવાય છે.** ક્રિ. વ.કર્મણિ, તૃ.પુ.એ.વ. 'વચ્' ૨ ગણ

**શ્લોકાર્થ:** લોકમાં ક્ષર અને અક્ષર જ આ બે પુરુષો છે. સર્વ પ્રાણીઓ ક્ષર છે. કૂટસ્થ અક્ષર કહેવાય છે.

**વિવેચન:** લોકમાં ક્ષર અને અક્ષર આ બે પુરુષ છે. આ ઉભય પુરુષ છે તેમાંથી કોઈ સ્ત્રીપ્રકૃતિવાળો અથવા જડ નથી, કારણ કે ઉભયને પુરુષ કહેલા છે. તેથી જેને ઘણે સ્થળે 'અવ્યક્ત' કહેલો છે, તે 'અક્ષર' સ્ત્રીરૂપ પ્રકૃતિ છે એમ કેટલાક વાદીઓ માને છે તેનો નિરાસ થાય છે.

મૂલમાં 'એવ ચ = અને અક્ષર જ' શબ્દ છે, તેથી ક્ષર પણ અક્ષર જ છે. અર્થાત્ જે ક્ષરપુરુષ છે તે પણ સ્વરૂપથી અક્ષર જ છે. ક્ષર નથી, પરન્તુ તેનું ક્ષરપણું ભગવાનની ઈચ્છાથી પ્રકૃતિનો તેને સંસર્ગ થવાથી પ્રકૃતિના સંસર્ગરૂપ ઉપાધિથી થએલું છે, વાસ્તવિક નથી એમ સૂચવેલું છે. આ અર્થ ભગવાન્ પોતે "સર્વ પ્રાણીઓ ક્ષર છે, અને કૂટસ્થ અક્ષર કહેવાય છે" એમ કહે છે. બ્રહ્માથી તૃણ પર્યન્ત સર્વ જુદા-જુદા પ્રાણીઓ જેને જીવ કહે છે અને ભગવાનના સદંશરૂપ પ્રકૃતિ સાથે સંસૃષ્ટ હોવાથી જે ઉત્પત્તિ વિગેરે ક્રિયાના વિષય કહેવાય છે, તે 'ક્ષર' પુરુષ છે. અહીં અનન્ત પ્રાણીઓ હોવા છતાં સમષ્ટિના આશયથી એક વચન યોજેલું છે. 'કુટ' માં એટલે પ્રાણીઓના સમૂહમાં રહેનાર કુટસ્થ શુદ્ધ, સચ્ચિદાનન્દરૂપ, ભગવદ્ધામ વિગેરે નામંવાળો, "આત્માનું શ્રવણ કરવું, મનન કરવું, નિદિધ્યાસન કરવું" વિગેરે ઉપનિષદ્ના જ્ઞાનથી જેનો સાક્ષાત્કાર થાય છે, તે અક્ષર પુરુષ કહેવાય છે. આ પ્રાણીઓના સમૂહમાં અન્તર્યામીરૂપે રહે છે. આ અક્ષર ભગવદ્ધામ હોવાથી ભગવદ્ધામના આશયથી એકવચન યોજેલું છે.

**ઉત્તમઃ પુરુષસ્ત્વન્યઃ પરમાત્મેત્યુદાહૃતઃ ।**
**યો લોકત્રયમાવિશ્ય બિભર્ત્યવ્યય ઈશ્વરઃ ॥૧૭॥**

**ઉત્તમઃ** - **ઉત્તમ;** વિશેષણ, વિ. 'પુરુષઃ'
**પુરુષઃ** - **પુરુષ;** નામ, પ્ર.એ.વ., પુ. 'પુરુષ'
**તુ** - **પણ, પરન્તુ;** અવ્યય
**અન્ય** - **બીજો;** સર્વનામ, પ્ર.એ.વ., પુ.
**એવાસ્તિ** - **જ છે;** અવ્યય, ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'
**યઃ** - **જે;** સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'યત્'
**લોકત્રયમ્** - **ત્રણે લોકને;** નામ, દ્વિ.એ.વ., નપુ. 'લોકત્રય'
**આવિશ્ય** - **દાખલ થઈને;** વિધેય કૃદન્ત
**બિભર્તિ** - **ધારણ કરે છે;** ક્રિ.વ.કા., તૃ.પુ.એ.વ., 'ભૃ' ૩ ગણ, પરસ્મૈ
**એવમ્ સઃ** - **આ પ્રકારે તે;**
**અવ્યયઃ** - **અવિનાશી;** વિશેષણ, વિ. 'ઈશ્વરઃ'
**ઈશ્વરઃ** - **ઈશ્વર;** નામ, પ્ર.એ.વ., પુ. 'ઈશ્વરઃ'
**પરમાત્મા** - **પરમાત્મા;** નામ, પ્ર.એ.વ., પુ. 'પરમાત્મન્'
**ઈતિ** - **એમ;** અવ્યય
**ઉદાહૃતઃ** - **કહેવાયેલો;** ભૂ.કૃ. વિશેષણ, વિ. 'પુરુષઃ'

**શ્લોકાર્થ:** 'પરમાત્મા' એમ કહેવાતો ઉત્તમ પુરુષ તો અન્ય છે. તે અવ્યય ઈશ્વર ત્રણ લોકમાં પ્રવેશ કરી તેમને ધારણ કરે છે.

**વિવેચન:** સર્વથી ઉત્તમ, સર્વના આશ્રયરૂપ મુખ્ય સ્વરૂપનું હવે નિરૂપણ કરે છે. 'તુ = તો' શબ્દ પ્રથમ વર્ણવેલા ક્ષર તથા અક્ષર થી આનો ભેદ દર્શાવે છે. સર્વ કારણોના કારણરૂપ આ ઉત્તમ પુરુષ પૂર્વે વર્ણવેલા ક્ષર તથા અક્ષર થી ભિન્ન છે. આને 'પરમાત્મા' કહે છે. આ પરમ આત્મા છે. ગઙ્ગાપ્રવાહ અને ગઙ્ગા અધ્યાત્મ દેવતા જેવો અક્ષર અને પરમાત્મા નો ભેદ છે. અક્ષર ગઙ્ગાપ્રવાહ જેવો છે અને આ ઉત્તમ પુરુષ પરમાત્મા ગઙ્ગા અધ્યાત્મ દેવતા જેવા છે.

આ શ્રીપુરુષોત્તમ અદ્દ્ભુત ઐશ્વર્યવાળા છે. ત્રણે લોકમાં પ્રવેશ કરી તેમને ધારણ કરે છે. છતાં તેમનામાં વિકૃતિ નથી, તે 'અવ્યય' એટલે વિકાર રહિત છે. વિકાર રહિતથી ત્રણ લોકનું ધારણ કેમ સમ્ભવે? તે ઈશ્વર છે, કર્તુમ્, અકર્તુમ્, અન્યથા કર્તુમ્ સમર્થ છે, તેથી અવ્યય રહી ત્રણે લોકમાં પ્રવેશ કરી તેમને ધારણ કરે છે. સર્વ વિરુદ્ધ ધર્મોના આશ્રય છે.

નીચે પ્રમાણે ફલિત થાય છે. પ્રકૃતિનાં કાર્યો સર્વથી હલકાં છે. તેઓની સાથે સમ્બન્ધ રાખનાર તેઓ સાથે સંસૃષ્ટ થએલો આત્મા ક્ષર છે. તેઓના સમ્બન્ધ રહિત ઉત્કૃષ્ટ આત્મા અક્ષર છે. સર્વથી ઉત્તમ શ્રીપુરુષોત્તમ છે. પુરાણો પણ આવો જ ઉપદેશ કરે છે. ક્ષર બદ્ધ પુરુષ છે, અક્ષર બદ્ધ નથી, સ્વરૂપથી ક્ષર પણ અક્ષર જ છે. શ્રીમદ્દભાગવત પણ કહે છે કે "મારી બદ્ધ અને મુકત એવી વ્યાખ્યા ગુણથી છે વાસ્તવિક નથી" આનો અર્થ એવો છે કે ક્ષરરૂપથી આત્માને બદ્ધ કહે છે, અક્ષરરૂપથી મુક્ત કહે છે. આ 'બદ્ધ' એવી વ્યાખ્યા સત્ત્વ, રજ: અને તમ: ગુણોને લીધે છે. તેથી બદ્ધ એ વ્યાખ્યા વાસ્તવિક (તત્ત્વ-બ્રહ્મના સ્વરૂપના વિચારથી) નથી.

**યસ્માત્ ક્ષરમ્ અતીતોऽહમ્ અક્ષરાદપિ ચોત્તમઃ।**
**અતોऽસ્મિ લોકે વેદે ચ પ્રથિતઃ પુરુષોત્તમઃ ॥૧૮॥**

**યસ્માત્** - જેથી, જે કારણથી; અવ્યય



**અહમ્** - હું; સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
**ક્ષરમ્** - **ક્ષરને, નાશવન્તને;** નામ, દ્વિ.એ.વ., પુ.
**અતીતઃ** - **અતીત;** ભૂ.કૃ. વિશેષણ, વિ. 'અહમ્'
**ચ** - **અને;** અવ્યય
**અક્ષરાત્** - **અક્ષરથી;** નામ, પં.એ.વ., પુ.
**અપિ** - **પણ;** અવ્યય
**ઉત્તમઃ** - **ઉત્તમ;** વિશેષણ, વિ. 'અહમ્'
**અસ્મિ** - **છું;** ક્રિ. વ.કા, પ્ર.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ, પરસ્મૈ.
**અતઃ** - **તેથી;** અવ્યય
**લોકે** - **લોકમાં;** નામ, સ.એ.વ., પુ. 'લોક'
**ચ** - **અને;** અવ્યય
**વેદે** - **વેદમાં;** નામ, સ.એ.વ., પુ. 'વેદ'
**પુરુષોત્તમઃ** - **પુરુષોત્તમ;** નામ, પ્ર.એ.વ., પુ.
**ઇતિ નામ્ના** - **આ નામથી;**
**પ્રથિતઃ** - **વખાણાએલો, જાહેર થયેલો;** ભૂ.કૃ., વિશેષણ, વિ. 'અહમ્'
**અસ્મિ** - **છું;** ક્રિ. વ.કા. દ્વિ.પુ.એ.વ. 'અસ્'

**શ્લોકાર્થ:** હું ક્ષરથી અતીત છું અને અક્ષરથી પણ ઉત્તમ છું તેથી લોકમાં તથા વેદમાં 'પુરુષોત્તમ' એમ પ્રસિદ્ધ છું.

**વિવેચન:** એવું પુરુષોત્તમપણું મારામાં જ છે એમ પોતે કહે છે. હું ક્ષરથી અતીત છું. અક્ષરથી પણ ઉત્તમ છું. તેથી લોક તથા વેદો માં 'પુરુષોત્તમ' તરીકે પ્રસિદ્ધ છું. ક્ષર અને અક્ષર એ ઉભય પુરુષોથી ઉત્તમ શ્રુતિઓ મારું પુરુષોત્તમત્વ દર્શાવે છે. ચૌદલોકમાં સર્વત્ર મારું માહાત્મ્ય જોવામાં આવતું હોવાથી લોકમાં પણ પુરુષોત્તમત્વ પ્રસિદ્ધ જ છે. તેથી હું જે દેખાઉં છું તે જ સચ્ચિદાનન્દ આકૃતિવાળો છું. સાધારણ મનુષ્ય તરીકે જે મારું દર્શન થાય તે માયાથી જ થાય છે. એવો નિશ્ચય છે.

આ શ્લોકનું અનુસન્ધાન શ્રીભાગવત ૧૧।૦।૨૦; ૧૦।૩।૯ તથા ૧૦।૨૯।૩૧ ઉપરનાં સુબોધિનીમાં કરેલું છે.

**યો મામ્ એવમ્ અસમ્મૂઢો જાનાતિ પુરુષોત્તમમ્।**

**સ સર્વવિદ્ ભજતિ માં સર્વભાવેન ભારત!॥૧૯॥**

**ભારત** - હે ભારત! સમ્બોધન
**એવમ્** - એ પ્રમાણે; અવ્યય
**યઃ** - જે; સર્વનામ, પ્ર.એ.વ., પુ.
**અસમ્મૂઢઃ** - જ્ઞાની, મોહમાં નહિ ફસાયેલો; વિશેષણ, વિ. 'યઃ'
**મામ્** - મને; સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
**પુરુષોત્તમમ્** - પુરુષોત્તમને; નામ, દ્વિ.એ.વ., પુ.
**જાનાતિ** - જાણે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'જ્ઞા' ૯ ગણ, પરસ્મૈ.
**સઃ** - તે; સર્વનામ, પ્ર.એ.વ., પુ.
**સર્વવિત્** - સર્વજ્ઞ; વિશેષણ, વિ. 'સઃ'
**મામ્** - મને; સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
**સર્વભાવેન** - સર્વ ભાવથી; નામ, તૃ.એ.વ., પુ. 'સર્વભાવ'
**ભજતિ** - ભજે છે; ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ. 'ભજ્' ૧ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** હે ભારત! જે મોહરહિત પુરુષ મને એવી રીત પુરુષોત્તમ જાણે છે તે સર્વજ્ઞ મારું સર્વ ભાવથી ભજન કરે છે.

**વિવેચન:** હું એવો સર્વથી ઉત્તમ શ્રીપુરુષોત્તમ હોવાથી ઉત્તમ જ્ઞાનવાળો સર્વજ્ઞ મારું અનન્યતાથી ભજન કરે છે એમ કહે છે. જે મોહથી રહિત પુરુષ મને એવી રીતે અજ, અનાદિ પુરુષોત્તમ જાણે છે, તે સર્વજ્ઞ મારું સર્વ ભાવથી ભજન કરે છે, મોહથી રહિત હોય તેને જ મારા પુરુષોત્તમત્વનું જ્ઞાન હોય છે, કારણ કે મોહ આસુર છે અને આસુરોને તેવું જ્ઞાન હોતું નથી. જે મોહરહિત પુરુષ મને અજ અનાદિ પુરુષોત્તમ જાણે છે તે સર્વજ્ઞ છે, કારણ કે મારા એકના જ્ઞાનથી તેને સર્વનું જ્ઞાન થાય છે. વળી તે સર્વાત્મભાવથી મારી સેવા કરે છે.

**ઇતિ ગુહ્યતમં શાસ્ત્રમ્ ઇદમ્ ઉક્તં મયાऽનઘ!।**
**એતદ્ બુદ્ધ્વા બુદ્ધિમાન્ સ્યાત્ કૃતકૃત્યશ્ચ ભારત!॥૨૦॥**

**અનઘ** - હે અનઘ, હે નિષ્પાપ; સમ્બોધન
**ભારત** - હે ભારત!, અર્જુન; સમ્બોધન
**ઇતિ** - આ પ્રમાણે; અવ્યય



**ઇદમ્** - આ; સર્વનામ, પ્ર.એ.વ., નપુ. 'ઇદમ્'
**ગુહ્યતમમ્** - ગુહ્યમાં ગુહ્ય, અતિ ગોપનીય; વિશેષણ, વિ. 'શાસ્ત્રમ્'
**શાસ્ત્રમ્** - શાસ્ત્રને; નામ, પ્ર.એ.વ. નપુ. 'શાસ્ત્ર'
**મયા** - મારાવડે; સર્વનામ, તૃતીય એ.વ. 'અસ્મત્'
**ઉક્તમ્** - કહેવાયેલું; ભૂ.કૃ. વિશેષણ, વિ. 'શાસ્ત્રમ્'
**અસ્તિ** - છે; ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'
**એતદ્** - આ; સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.
**બુદ્ધ્વા** - જાણીને; વિધેય કૃદન્ત
**મનુષ્યઃ** - મનુષ્ય; સર્વનામ,
**બુદ્ધિમાન્** - બુદ્ધિમાન; વિશેષણ, વિ. 'કશ્ચિત્'
**ચ** - અને; અવ્યય
**કૃતકૃત્યઃ** - જેણે પોતાનું કરવાનું કરી લીધું છે એવા; વિશેષણ, વિ. 'કશ્ચિત્' ''કૃતં કૃત્યમ્ યસ્ય ઇતિ'' બહુ.
**સ્યાત્** - થાય; ક્રિ. વિધ્યર્થ, તૃ.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ પરસ્મૈ.

**શ્લોકાર્થ:** હે અનઘ! આવી રીતે આ ગુહ્યતમ શાસ્ત્ર મેં કહ્યું. હે ભારત! આ જાણીને બુદ્ધિમાન અને કૃતકૃત્ય થાય.

**વિવેચન:** હવે આ અધ્યાયના અર્થનો ઉપસંહાર કરે છે, હે અનઘ પાપરહિત, કુતર્કહીન અર્જુન! આ સર્વવેદાન્તના સારરૂપ સર્વથી ગુહ્ય 'પુરુષોત્તમયોગ' નામનું શાસ્ત્ર સર્વ વેદાન્તોથી વેદ્ય વેદાન્તકર્તા શ્રીપુરુષોત્તમે મેં તને કહ્યું, કારણ કે તું નિષ્પાપ હોવાથી આ ગુહ્યતમ શાસ્ત્ર જાણવા યોગ્ય છે. આ જાણીને હરકોઈ સામાન્ય માણસ પણ બુદ્ધિમાન, શાસ્ત્રતાત્પર્ય જાણનાર અને કૃતકૃત્ય થાય, તો ભરતકુલોત્પન્ન તું તેવો થાય એમાં આશ્ચર્ય જ શું?

**ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે**
**શ્રીકૃષ્ણાર્જુનસંવાદે 'પુરુષોત્તમયોગો' નામ**
**પઞ્ચદશોऽધ્યાયઃ ॥૧૫॥**

## ॥ અધ્યાય ૧૬ ॥

# દૈવાસુરસમ્પદ્વિભાગયોગ

શ્રીભગવાન્ ઉવાચ

અભયં સત્ત્વ-સંશુદ્ધિર્ જ્ઞાનયોગ વ્યવસ્થિતિઃ।
દાનં દમશ્ચ યજ્ઞશ્ચ સ્વાધ્યાયસ્ તપ આર્જવમ્॥૧॥
અહિંસા સત્યમક્રોધઃ ત્યાગઃ શાન્તિર્ અપૈશુનમ્।
દયા ભૂતેષ્વલોલુપ્ત્વં માર્દવં હ્રીરચાપલમ્॥૨॥
તેજઃ ક્ષમા ધૃતિઃ શૌચમ્ અદ્રોહો નાતિમાનિતા।
ભવન્તિ સંપદં દૈવીમ્ અભિજાતસ્ય ભારત॥૩॥

અભયમ્ - નિર્ભયતા; નામ, પ્ર.એ.વ. નપુ. 'અભય'

સત્ત્વસંશુદ્ધિઃ - સત્ત્વની સારી રીતની શુદ્ધતા; અન્તઃકરણની શુદ્ધતા; નામ, પ્ર.એ.વ., સ્ત્રી. 'સત્ત્વસંશુદ્ધિ'

જ્ઞાનયોગવ્યવસ્થિતિઃ - જ્ઞાન અને યોગ માં દઢ સ્થિતિ; નામ, પ્ર.એ.વ., સ્ત્રી.

ચ - અને; અવ્યય

દાનમ્ - દાન; નામ, પ્ર.એ.વ., નપુ. 'દાન'

દમઃ - ઈન્દ્રિયનિગ્રહ; નામ, પ્ર.એ.વ., પુ. 'દમ'

યજ્ઞઃ - યજ્ઞ, ભગવન્નિમિત્તક કર્મ; નામ, પ્ર.એ.વ. પુ.

સ્વાધ્યાયઃ - વેદશાસ્ત્રાદિનું પઠન; નામ, પ્ર.એ.વ., પુ.

તપઃ - ધર્મપાલન નિમિત્ત કષ્ટ સહન કરવું તે, સહનશીલતા; નામ, પ્ર.એ.વ., નપુ.

ચ - અને; અવ્યય

આર્જવમ્ - શરીર તથા ઈન્દ્રિયો તથા અન્તઃકરણ વગેરેની સરળતા, નિખાલસતા; નામ, પ્ર.એ.વ., નપુ.

અહિંસા - મન, વાણી અને શરીરથી કોઈ પણ પ્રકારનું કષ્ટ આપવું તે; નામ, પ્ર.એ.વ., સ્ત્રી.

સત્યમ્ - યથાર્થ અને પ્રિય ભાષણ; નામ, પ્ર.એ.વ., નપુ.

અક્રોધઃ - અક્રોધ, અપકાર કરનારનો અપરાધ સહન કરવો તે; નામ, પ્ર.એ.વ., પુ.



ત્યાગઃ - કર્તાપણાના અભિમાનનો ત્યાગ; નામ, પ્ર.એ.વ., પુ.

શાન્તિઃ - ચિત્તની ચઞ્ચળતાનો ત્યાગ; નામ, પ્ર.એ.વ., સ્ત્રી.

અપૈશુનમ્ - નિન્દા ન કરવી તે; નામ, પ્ર.એ.વ., નપુ.

દયા - કારણ પરત્વે દયા; નામ, પ્ર.એ.વ. સ્ત્રી.

ભૂતેષુ - પ્રાણીઓમાં; નામ, સ.બ.વ., નપુ.

અલોલુપ્ત્વમ્ - ઈન્દ્રિયોના વિષયોનો સંયોગ થતાં પણ આસક્તિ ન રાખવી; નામ, પ્ર.એ.વ., નપુ. 'અલોલુપ્ત્વમ્'

માર્દવમ્ - અન્તઃકરણના મનોભાવની કોમળતા; નામ, પ્ર.એ.વ., નપુ.

હ્રીઃ - લોકવિરુદ્ધ, શાસ્ત્રવિરુદ્ધ, ભગવદ્ધર્મવિરુદ્ધ, આચરણમાં લજ્જા; નામ, પ્ર.એ.વ., સ્ત્રી.

અચાપલમ્ - વ્યર્થ ચેષ્ટા ન કરવી તે; નામ, પ્ર.એ.વ. નપુ.

તેજઃ - ભગવદ્ભાવાત્મક તેજ; નામ, પ્ર.એ.વ., નપુ.

ક્ષમા - ક્ષમા; નામ, પ્ર.એ.વ., સ્ત્રી.

ધૃતિઃ - ધૈર્ય, ત્રિદુઃખ સહન; નામ, પ્ર.એ.વ., સ્ત્રી.

શૌચમ્ - અન્તર્બહિઃ શુદ્ધિ; નામ, પ્ર.એ.વ., નપુ. 'શૌચ'

અદ્રોહઃ - શત્રુભાવ ન ધારણ કરવો તે; નામ, પ્ર.એ.વ., પુ. 'અદ્રોહ'

ચ ન - અને નહિ; અવ્યય

અતિમાનિતા - પોતાની પૂજ્યતાના અભિમાનનો અભાવ; નામ, પ્ર.એ.વ. સ્ત્રી.

ભારત - હે ભારત!; સમ્બોધન (ઈમે ગુણાઃ=આ ગુણો)

દૈવીમ્ - દૈવીને, દેવસમ્બન્ધીને; નામ, દ્વિ.એ.વ., સ્ત્રી.

સમ્પદમ્ - સમ્પત્તિને; નામ, દ્વિ.એ.વ., સ્ત્રી.

અભિજાતસ્ય - સાત્ત્વિકભાવ પ્રાપ્ત કરેલો; નામ, ષ.એ.વ., પુ. 'અભિજાત'

ભવન્તિ - છે; ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., 'ભૂ' ૧ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** હે ભારત! ૧. અભય ૨. અન્તઃકરણની શુદ્ધિ ૩. જ્ઞાન તથા યોગ માં સ્થિતિ ૪. દાન ૫. દમ ૬. યજ્ઞ ૭. સ્વાધ્યાય ૮. તપ: ૯. ઋજુતા ૧૦. અહિંસા ૧૧. સત્ય ૧૨. અક્રોધ ૧૩. ત્યાગ ૧૪. શાન્તિ ૧૫. 'અપૈશુન્' એટલે કોઈની ચાડી ન કરવી તે ૧૬. પ્રાણીઓ પ્રતિ દયા ૧૭. 'અલોલુપ્ત્વ' એટલે ભોગની ઈચ્છાથી મનનું ચાઞ્ચલ્ય ન કરવું તે. ૧૮. મૃદુતા ૧૯. લજ્જા ૨૦. ચપળતાનો અભાવ ૨૧. તેજ: ૨૨. ક્ષમા ૨૩. ધૃતિ ૨૪. પવિત્રતા

૨૫. અદ્રોહ ૨૬. માનિત્વનો અભાવ—એ દૈવી સમ્પદ્માં જન્મેલાને હોય છે.

**વિવેચન :** ગયા અધ્યાયના અન્તમાં શ્રીપુરુષોત્તમની સર્વાત્મભાવથી સેવા કરનાર તથા શ્રીપુરુષોત્તમના જ્ઞાનવાળો બુદ્ધિમાન તથા કૃતકૃત્ય થાય છે એમ કહ્યું. સૃષ્ટિમાં બહુ લોકો બુદ્ધિવાળા દેખાય છે છતાં તેઓ આવા ઉત્તમ જ્ઞાન માટે યત્ન કેમ કરતા નહિ હોય એવી શઙ્કા થાય, તે માટે 'મોહરહિત' શબ્દ પણ ગયા અધ્યાયના ૧૯ મા શ્લોકમાં યોજેલો છે. જે મોહરહિત હોય અર્થાત્ જે આસુરી જીવો ન હોય પરન્તુ દૈવી જીવો હોય તેઓને જ તેવું જ્ઞાન થઈ શકે છે. દૈવી સમ્પદ્ તથા આસુરી સમ્પદ્ કોને કહેવી, તેઓના શું કાર્ય વિગેરેનો આ અધ્યાયમાં બોધ કરે છે.

પ્રથમ ત્રણ શ્લોકથી દૈવી સમ્પદ્નો બોધ કરે છે. અભયથી આરમ્ભી ૨૬ ગુણો કહ્યા તે દૈવી સમ્પદ્માં જેઓનો જન્મ હોય તેઓમાં હોય છે. 'દૈવી' એટલે દેવના સમ્બન્ધવાળી. ભગવાન્ના વચન પ્રમાણે આચરણ કરવાની ટેવવાળા હોય તે દેવ. આવા દેવોની સમ્પદ્ એટલે દેવોના ભગવત્પ્રાપ્તિના સાધનરૂપ સામગ્રી, અથવા દેવોની સૃષ્ટિ. આ સૃષ્ટિ ભગવાન્ના વચનરૂપ ધર્મ પ્રમાણે આચરણ કરનારી જ હોય છે. આ સૃષ્ટિમાં જેઓ જન્મેલો હોય છે તેઓ 'દૈવીજીવ' કહેવાય છે, તેઓમાં આ છવ્વીસ ગુણો હોય છે.

**વિશેષ :**

૧ : અભયનો ભાવ અદ્વૈતભાવના તૈયાર થયે બને છે. જગત્માં ભગવાન્ સિવાય અન્ય પદાર્થ હોતો નથી. આવી ભાવના તૈયાર થતાં જ અભય વ્યવસ્થિતરૂપે અન્તર્ભાવમાં ઉદ્ભવે છે. આ ભાવ ભગવદ્રસ પ્રાપ્ત કરવામાં અતિ ઉપયોગી છે. એ કારણે અભયને મુખ્ય સ્થાન આપવામાં આવ્યું છે.

૨ : અન્તઃકરણમાં વાસનાઓ રહે છે. વાસનાઓથી મલિનતા પ્રાપ્ત થાય છે. મલિનતા દૂર કરવા બુદ્ધિયોગના સ્થિર અભ્યાસની જરૂર છે.

૩ : સાંખ્ય-યોગમાં બતાવેલી પ્રક્રિયા મુજબ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરી લઈ ચિત્તમાં ભગવદ્ધ્યાન સુદઢ કરવા અભ્યાસ રાખવો જરૂરનો છે. આ સ્થિતિને નિભાવવામાટે ભગવદ્ મહાત્મ્યનું નિત્ય ચિન્તન જરૂરનું છે.

૪ : દાન સાત્ત્વિકભાવે હોવું જોઈએ. મમતા ત્યાગ કરવાનો માર્ગ દાનદ્વારા બની રહેતો હોવાથી ત્યાગ ભાવનાથી મમતાને ઓછી કરવાની સૂચના છે.



૫ : ઇન્દ્રિયોનો સામાન્ય સ્વભાવ બહાર ભટકવાનો હોય છે. ઇન્દ્રિયો અયોગ્ય રસ ચાખવામાં આનન્દ માને છે. જીવનો ધર્મ ભગવદ્ધર્માભિમુખ થવાનો છે. તેમાંથી ઇન્દ્રિયો જીવને વિમુખ બનાવે છે. તેથી ઇન્દ્રિયોના દમનની જરૂર છે. ૪ કરતાં ૫ સિદ્ધ કરવામાં ખાસ કાળજી રાખવી.

૬ : યજ્ઞ અનેક પ્રકારના છે. કર્મકાણ્ડના નિયમે તેની વ્યવસ્થા કરવામાં આવી છે. કલિયુગમાં એ પ્રકારની વ્યવસ્થા સચવાય નહિ તે સ્વાભાવિક છે. યજ્ઞમાં 'યજ્' ધાતુ છે. 'યજ્'નો અર્થ સેવા થાય છે. ભગવત્સ્વરૂપ સેવા યજ્ઞ તરીકે ઓળખાય છે.

૭ : શ્રુતિ (વેદ) અને સ્મૃતિ (શાસ્ત્ર) નું ભાવપૂર્વક અધ્યયન કરી ભગવદ્ ગુણગાનમાં પ્રવૃત્ત થવું. આ પ્રવૃત્તિ રહેતાં ચિત્ત ભગવન્મય બને છે.

૮ : કષ્ટ સહન કરવાને 'તપ' કહી શકાય. સ્વધર્મ પાલનમાં કષ્ટ સહન કરવાની ખાસ જરૂર છે. એ દ્વારા સહિષ્ણુતા અને ધૈર્ય કેળવાય છે. દેહ, પ્રાણ, ઇન્દ્રિયો અને મન નો નિરોધ થાય છે. દેહ પરની આસક્તિ ઓછી થાય છે. આટલા અને આવા એના ગુણો હોવાથી તપનું પ્રાધાન્ય લેવામાં આવ્યું છે.

૯ : આર્જવ એટલે સરલભાવ. નિખાલસતા સરલભાવથી આવે છે. એકબીજાના વ્યવહારમાં નિખાલસતા હોય નહિ તો કોઈ કોઈને કલેશ સહન કરવો પડે છે. શુદ્ધ ભાવ પ્રગટ કરવામાં સરલતાની ખાસ જરૂર છે. સરલતા ભગવદ્ભાવ ઉભો કરવામાં મદદગાર થાય છે. કોમલભાવો જ્યાં સુધી પ્રાપ્ત થતા નથી ત્યાં સુધી ચિત્તમાં વિષમતા રહે છે. વિષમતા દરેક જગાએ બાધક નીવડે છે.

૧૦ : હિંસા ન કરવી. આ ધર્મ ઉચ્ચ ભાવનાશીલ ખરો. આ ભાવના તૈયાર થતાં પ્રથમ અન્દરની વૃત્તિઓ નિયમબદ્ધ થવી જોઈએ. યમ અને દમ ના સાધનોવડે વૃત્તિઓને અંકુશમાં રાખી અન્ય જીવોને પોતાના સરખા માની લે ત્યારે હિંસામાં પ્રવૃત્તિ થતી નથી.

૧૧ : સત્ય બોલવું. સત્ય બોલવું એટલે યથાર્થ બોલવું.

૧૨ : અક્રોધ - આ લક્ષણ વિલક્ષણભાવસૂચક છે. સ્વભાવથી અયોગ્યતા, અપકારિતા ઇત્યાદિ જણાય ત્યારે ક્રોધ થાય છે. જો સામો પક્ષ સબળ જણાય તો ક્રોધ દબાય છે. તેથી ત્યાં અક્રોધ હતો એમ કહેવાય નહીં. અક્રોધની ભાવના તૈયાર થતાં પહેલાં અન્તઃકરણમાં નિર્દુષ્ટ ભાવના તૈયાર

થાય તેવી વ્યવસ્થા કરવી જોઈએ. નિર્દુષ્ટ ભાવના ચિત્તની સમસ્થિતિ વિના બનતી નથી. સમસ્થિતિ થવામાં યમ અને દમ ની જરૂર છે તેમજ સાત્ત્વિક જ્ઞાનથી અન્તઃકરણને સ્વચ્છ અને પ્રેમાળ બનાવવાની જરૂર છે. આટલું જો તૈયાર થાય તો જ અક્રોધ સ્વાભાવિક રીતે તે જીવ સાથે રહેશે. આ અક્રોધ એને શાન્તિના ભાવમાં લઈ જઈ જ્ઞાનની પરિપાટીમાં સહાયક થશે.

૧૩ : ત્યાગના બે પ્રકાર છે : ૧. સાંખ્ય સિદ્ધાન્તે સર્વત્યાગ ૨. યોગસિદ્ધાન્તે કર્મફલત્યાગ. સાંખ્ય સિદ્ધાન્તનો ત્યાગ સામાન્ય રીતે આધુનિક કાલમાં બની શક્તો નથી. એ હેતુથી યોગના સિદ્ધાન્તનો ત્યાગ વ્યવહારમાં નભી શકે ખરો. તાત્પર્ય કે મનથી ત્યાગ કરો અને કર્મમાંથી મમતા છોડો. નિષ્કામ કર્મ કરો, માત્ર બ્રહ્માર્પણ કરો અથવા ભગવત્પ્રીત્યર્થ કરો. એટલે કર્તાપણાનું અભિમાન છોડી દઈ ત્યાગભાવ પ્રકટ કરો.

૧૪. શાન્તિ. શાન્તિ નામનો શબ્દ સામાન્ય રીતે ચિત્તના ધર્મોમાટે વપરાય છે. ચિત્તના ભાવો ચઞ્ચળ હોય છે. ચઞ્ચળતા સર્વ પ્રકારના વિક્ષેપને ઉભા કરે છે. ચિત્તનો વિક્ષેપ વિષયને - ભગવત્સ્વરૂપને સમજાવી શકતો નથી. ચિત્તને ચૈતન્ય સાથે અતિ નિકટ પ્રસઙ્ગ છે એટલે ચિત્ત જો સ્વસ્થ હોય તો જીવ ભગવદ્ભાવ સિદ્ધ કરી શકે.

૧૫ : અપૈશુન - વાસનામય વૃત્તિઓ અન્તઃકરણમાં નિવાસ કરીને રહે છે. આ વૃત્તિઓમાં જીવનો ભાવ પરકીય દોષ જોવા, દ્વેષ કરવો, નિન્દા કરવી, સહનશક્તિ ન કેળવવી અને સામાન્યતઃ આગ્રહ રહે એ હોય છે. આ બધા દોષોને પિશુનતા કહે છે. 'પિશુનતા' એટલે દુષ્ટભાવ. આ દુષ્ટભાવો દૂર કરવામાં યોગ્ય ભાવ કેળવી તે પ્રકારની વૃત્તિ બનાવવી તેને અપૈશુન કહે છે.

૧૬ : ભૂતદયા. સર્વ પ્રાણીઓ તરફ દયાવૃત્તિ રાખવી. આ પ્રકારનો ગુણ, મનોભાવ ચિત્તને ભાવનામય બનાવવા સહાયક થાય છે. આ પ્રકારની વૃત્તિ જો ચાલુને ચાલુ રહે તો કેટલાએક ભગવદ્ભાવો પ્રગટ થાય છે. એ ભાવો ઉપકારક પણ બને છે. આ દયા હેતુરહિત હોવી જોઈએ. એટલે કે માત્ર પોતાને લાભ આપનાર જીવ પર જ દયા એવું નહિ પણ સર્વત્ર દયા.

૧૭ : અલોલુપતા. મન હંમેશાં લોલુપ હોય છે. તાત્પર્ય કે કોઈ ને કોઈ પદાર્થ પર એની આસક્તિ રહેવાની જ રહેવાની. આ આસક્તિ

સહન કરે છે. સંકટો આત્મોન્નતિમાં જતાં અટકાવે છે. આત્મોન્નતિનો માર્ગ ધૈર્યદ્વારા ચોકખો થાય છે અને આ રીતે ભગવદ્ભાવ સિદ્ધ કરવા ધૈર્ય મદદરૂપ થાય છે.

૨૪ : શૌચ. શૌચ બે પ્રકારના છે. બહાર અને અંદર. એટલે શરીરશુદ્ધિ અને મનશુદ્ધિ. શૌચ એટલે પવિત્રતા, સ્વચ્છતા. તે અન્દર અને બહારથી હોવી જોઈએ. મન અને શરીર સાધનરૂપ છે. જીવની ઉત્કર્ષ ભાવનામાં આ બન્ને ઉપયોગી છે. આ બન્નેની શુદ્ધિદ્વારા જીવની ભાવનાઓ પવિત્ર બને છે. પવિત્ર ભાવનાદ્વારા વ્યવહાર પવિત્ર થાય છે. કોઈ પણ અન્યની સાથે દુષ્ટ વ્યવહાર બનતો નથી.

૨૫ : અપકાર કરવો એને દ્રોહ કહી શકાય.

૨૬ : નાતિમાનિતા. કેટલાએક જીવોનો સ્વાભાવિક મનોરથ બીજાની પાસેથી પોતાને માન મળવું જોઈએ તેના કરતાં વધુ માન મેળવવાનો હોય છે. આવા મનોરથને અતિમાનિતા કહેવામાં આવે છે. આ એક દોષ છે. જેનામાં આ દોષ હોય તેના તરફ લોકભાવ ઓછો થતો જાય છે. એટલે ત્યાં ભગવદ્ભાવ આવતો નથી. એ કારણે અતિમાનિતા ત્યજવી જરૂરની છે.

આ પ્રકારનાં ૨૬ લક્ષણો દૈવી સમ્પત્તિનાં બતાવ્યા છે. દૈવી સમ્પત્તિવાળો અર્જુન છે એવું સૂચન આ શ્લોક કરે છે. આ ૨૬માંથી જેટલા ગુણો પ્રાપ્ત કરી શકાય તેટલાનો વિકાસ જીવે કરવો જરૂરી છે.

**દમ્ભો દર્પોऽભિમાનશ્ચ ક્રોધઃ પારુષ્યમેવ ચ ।**
**અજ્ઞાનં ચાભિજાતસ્ય પાર્થ ! સમ્પદમ્ આસુરીમ્ ॥૪॥**

**પાર્થ** - **હે પાર્થ;** સમ્બોધન
**દમ્ભઃ** - **દમ્ભ, પાખણ્ડ;** નામ, પ્ર.એ.વ., પુ.
**દર્પ** - **દર્પ, ગર્વ;** નામ, પ્ર.એ.વ., પુ.   **ચ** - **અને;** અવ્યય
**અભિમાનઃ** - **અભિમાન;** નામ, પ્ર.એ.વ., પુ.   **ચ** - **અને;** અવ્યય
**ક્રોધઃ** - **ક્રોધ;** નામ, પ્ર.એ.વ., પુ.   **ચ** - **અને;** અવ્યય
**એવ** - **વળી, અને;** અવ્યય
**પારુષ્યમ્** - કઠોર વાણી; નામ, પ્ર.એ.વ., નપુ.
**અજ્ઞાનમ્** - **અજ્ઞાન;** નામ, પ્ર.એ.વ., નપુ. 'અજ્ઞાન'
**એતે દોષાઃ** - **આ દોષો;** પ્ર.બ.વ.



**આસુરીમ્** - **આસુર ભાવવાળી;** વિશેષણ, વિ. 'સમ્પદમ્'
**સમ્પદમ્** - **સમ્પત્તિને;** નામ, દ્વિ.એ.વ., સ્ત્રી.
**અભિજાતસ્ય** - **ઉત્પન્ન થયેલાનો;** ભૂ.કૃ. વિશેષણ, વિ. 'પુરુષસ્ય'
**ભવતિ** - **હોય છે;** ક્રિ. તૃ.પુ.એ.વ.

**શ્લોકાર્થ :** હે પાર્થ! દમ્ભ, દર્પ, અભિમાન, ક્રોધ તથા પારુષ્ય અને અજ્ઞાન એ આસુરી સમ્પદ્માં જન્મેલાને હોય છે.

**વિવેચન :** ૧. દમ્ભ એટલે અન્દરથી ધર્મ ન હોય તો પણ બહાર ધર્મનો ડોળ કરવો તે. ૨. દર્પ ૩. અભિમાન ૪. ક્રોધ તથા ૫. 'પારુષ્ય' એટલે કઠોરતા અને ૬. અજ્ઞાન એ આસુરી સમ્પદ્માં જન્મેલાને હોય છે. મૂળમાં 'ચ' વારંવાર આવે છે, તેથી દૈવી સમ્પદ્ના જે ૨૬ ગુણો કહ્યા તેઓથી વિરૂદ્ધ દુર્ગુણો પણ આ આસુરી જીવોમાં હોય છે એમ સૂચવેલું છે. ભગવાન્ના વચનમાં માયાનો બોધ છે એમ કહેનાર અને ભગવાન્ના વચન પ્રમાણે આચરણ નહિ કરવાના સ્વભાવવાળા આસુર જીવો છે.

**વિશેષ :** આ શ્લોકોમાં આસુરી સમ્પત્તિ બતાવે છે. ગયા ત્રણ શ્લોકોમાં બતાવેલા દૈવી સમ્પત્તિના ભાવોથી વિરુદ્ધ જતા ભાવો આસુરી છે. ઉપરાંત બીજા છ છે. તે અહીં બતાવવા આવે છે. ૧. દમ્ભ ૨. દર્પ ૩. અભિમાન ૪. ક્રોધ ૫. પરુષતા ૬. અજ્ઞાન.

૧. દમ્ભ. દમ્ભમાં પાખણ્ડધર્મ આવે છે. પાખણ્ડ હોવાથી પાપનો એ ખણ્ડ (ભાગ) છે. તાત્પર્ય કે જેના હૃદયમાં પાપની ભાવના છે, એ પાખણ્ડ માર્ગમાં જ પ્રવર્તે છે અને તે દ્વારા બીજાને ઠગવા તજવીજ કરે છે.

૨. દર્પ. દર્પને ગર્વ નામથી ઓળખી શકાય. એમાં મદ તથા અન્યનું અનિષ્ટ કરવાની ભાવના રહે છે.

૩. અભિમાન. આ એક ભાવદોષ. આ ભાવદોષમાં જીવ પોતાની બધી વૃત્તિઓને મનમાં રાખવા તજવીજ કરે છે. યોગ્યતા અને અયોગ્યતા બન્ને તરફ એની કાળજી હોતી નથી. અભિમાની **જીવ** અન્ય ઉપર દોષ મૂકી પોતે નિર્દોષ હોય એવો દેખાવ કરે છે. આ રીતે પોતાને તેમ જ અન્યને હાનિ ઉપજાવે છે.

૪. ક્રોધ. ક્રોધ મનોભાવ છે. આ મનોભાવ જેના પર દ્વેષ કરવામાં આવે તેના પર શસ્ત્રની માફક યોજવામાં આવે છે. એટલે જેના પર દ્વેષ હોય છે તેનું કોઈ ને કોઈ રીતે નુકશાન કરવું એવી પ્રવૃત્તિ ક્રોધમાં રહે છે. વિષમભાવ પ્રકટ કરવામાં દ્વેષ એ મુખ્ય પદાર્થ છે અને સહકારી ક્રોધ ઉભો થતાં જીવની પરિદશા ભ્રષ્ટ કરે છે. એ ભ્રષ્ટતા એટલે સુધી વધી જાય છે કે એનો કોઈ મિત્ર જ થતો નથી. એટલે યોગ્ય સલાહ ન મળવાથી એ ( ક્રોધ ) પદચ્યુત થાય છે.

૫. પરુષતા. આ વાણીનો વ્યાપાર છે. જે વાણી વાપરનાર છે તેણે જોવું જોઈએ કે જેના તરફ વાણી ઉચ્ચારાય તે જીવ પણ મારી સાથે-સાથે એક જ બ્રહ્મની સાથે સમ્બન્ધ કરનાર છે. એટલે બન્ને જીવભાવે સરખા છે. કઠોર વાણીનો ઉપયોગ કરી સામાના મનને દુભાવવું અને તેને હીનતાની નજરે જોવું, એ પ્રકારની સમ્પત્તિ એ આસુરી સમ્પત્તિ છે.

૬. અજ્ઞાન. ઉપર બતાવેલી પાંચ આસુરી સમ્પત્તિ છે. એ બધીનું મૂળ અજ્ઞાન છે. જ્યાં સુધી માણસની પાસે યોગ્ય, શુદ્ધ-નિષ્કલંક, પ્રકાશમય ભાવો ઉત્પન્ન કરે એવું જ્ઞાન પ્રાપ્ત ન થાય ત્યાં સુધી પ્રાપ્ત કરેલું આસપાસનું વ્યાવહારિક જ્ઞાન, લૌકિક જ્ઞાન અથવા વૈદિક જ્ઞાન અજ્ઞાન જ છે.

**દૈવી સમ્પદ્ વિમોક્ષાય નિબન્ધાયાસુરી મતા।**
**મા શુચઃ સમ્પદં દૈવીમ્ અભિજાતોઽસિ પાણ્ડવ!॥૫॥**

**દૈવી** - **દેવ સમ્બન્ધી;** વિશેષણ, વિ. 'સમ્પત્'
**સમ્પત્-દ્** - **સમ્પત્તિ;** નામ, પ્ર.એ.વ., સ્ત્રી. 'સમ્પત્'
**વિમોક્ષાય** - **છુટવાને માટે;** નામ, ચ.એ.વ., પુ. 'મોક્ષ'
**ચ** - **અને;** અવ્યય
**આસુરી** - **આસુરી;** વિશેષણ, વિ. 'સમ્પત્'
**નિબન્ધાય** - **બાંધવા માટે;** નામ, ચ.એ.વ., પુ.
**મતા** - **માનેલી;** ભૂ.કૃ., વિશેષણ, વિ. 'સમ્પત્'
**અસ્તિ** - **છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'
**પાણ્ડવ** - **હે અર્જુન!;** સમ્બોધન
**ત્વમ્** - **તું;** સર્વનામ, પ્ર.એ.વ. 'યુષ્મદ્'
**મા** - **નહિ;** અવ્યય



**શુચઃ** - **શોક કરવો;** ક્રિ. ભૂ.કા., દ્વિ.પુ.એ.વ., 'શુચ્' ૧ ગણ
**યતો હિ ત્વમ્** - **કેમકે તું;** અવ્યય, સર્વનામ
**દૈવીમ્** - **દૈવી;** વિશેષણ, વિ. 'સમ્પદમ્'
**સમ્પદમ્** - **સમ્પત્તિને;** નામ, દ્વિ.એ.વ., સ્ત્રી.
**અભિજાતઃ** - **પ્રાપ્ત થયેલો, ઉત્પન્ન થયેલો;** ભૂ.કૃ. વિશેષણ, વિ. 'ત્વમ્'
**અસિ** - **છે;** ક્રિ. વ.કા., દ્વિ.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** દૈવી સમ્પદ્ મોક્ષમાટે અને આસુરી બંધ માટે મનાએલી છે. હે પાણ્ડવ! તું શોક કર મા. તું દૈવી સમ્પદ્માં જન્મેલો છે.

**વિવેચન:** ઉભય સમ્પદ્નાં કાર્ય કહે છે. દૈવી સમ્પદ્નું કાર્ય મોક્ષ છે. દૈવી સમ્પદ્ પુષ્ટિ અને મર્યાદા એ બે માર્ગથી મોક્ષ અપાવે છે. આસુરી સમ્પદ્નું કાર્ય બંધ છે, આસુરી સમ્પદ્વાળાઓનો સર્વથા બંધ જ હોય છે. હે પાણ્ડુ પુત્ર અર્જુન! તું શોક કર મા, કારણ કે તું દૈવી સમ્પદ્માં જન્મેલો છે. અર્જુનને પોતે કઈ સમ્પદ્માં જન્મેલો છે તે નહિ જાણવાથી શોક કરતો જોઈ ભગવાન્ તેને તે દૈવી સમ્પદ્માં જન્મેલો છે એમ કહી આશ્વાસન કરે છે.

**દ્વૌ ભૂતસર્ગૌ લોકેઽસ્મિન્ દૈવ આસુર એવ ચ।**
**દૈવો વિસ્તરશઃ પ્રોક્ત આસુરં પાર્થ! મે શૃણુ॥૬॥**

**પાર્થ** - **હે અર્જુન!;** સમ્બોધન
**અસ્મિન્** - **આ;** સર્વનામ, સ.એ.વ., પુ. 'ઇદમ્'
**લોકે** - **લોકમાં;** નામ, સ.એ.વ., પુ. 'લોક'
**દ્વૌ** - **બે;** વિશેષણ, વિ. 'ભૂતસર્ગૌ'
**ભૂતસર્ગૌ** - **પ્રાણીઓના સૃષ્ટિ સ્વભાવ;** નામ, પ્ર.દ્વિ.વ., પુ. 'ભૂતસર્ગ'
**મતૌ** - **માનવામાં આવ્યા છે**
**દૈવઃ** - **દૈવી;** વિશેષણ, વિ. 'સર્ગઃ'
**ચ એવ અપરઃ** - **અને વળી બીજો;** અવ્યય
**આસુરઃ** - **આસુરી;** વિશેષણ, વિ. 'સર્ગઃ'
**તયોઃ મયા** - **તેમાં મારાવડે;** તૃ.એ.વ.
**દૈવઃ** - **દૈવી;** વિશેષણ, વિ. 'સર્ગઃ' (સર્ગઃ=સર્ગ)

**વિસ્તરશઃ** - **વિસ્તારથી;** અવ્યય
**પ્રોક્તઃ** - **કહેવાયેલું;** ભૂ.કૃ. વિશેષણ, વિ. 'સર્ગ'
(અસ્તિ અતઃ ઇદાની - છે એટલે હવે)
**મે** - **મારું;** સર્વનામ, ષ.એ.વ., 'અસ્મત્'
**આસુરમ્** - **આસુરી;** વિશેષણ, વિ. 'સર્ગમ્' (સર્ગ=સર્ગ)
**શૃણુ** - **સાંભળ;** ક્રિ. આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ., 'શ્રુ' ૫ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ :** આ લોકમાં દૈવ અને આસુર એ બે જ ભૂતોની સૃષ્ટિ છે. હે પાર્થ! દૈવી સૃષ્ટિ વિસ્તારથી કહી, હવે મારી પાસેથી આસુર સૃષ્ટિનું શ્રવણ કર.

**વિવેચન :** આ લોકમાં દૈવી અને આસુરી એવી બે પ્રકારની ભૂતોની સૃષ્ટિ છે, તેમાં દૈવી સૃષ્ટિ મેં તને વિસ્તારથી કહી, હવે આસુરીનું શ્રવણ કર. દૈવી સૃષ્ટિના પણ બે પ્રકાર છે: ૧. મર્યાદા અને ૨. પુષ્ટિ. આસુરી સૃષ્ટિ એ પ્રવાહ સૃષ્ટિ છે. આ રીતે પુષ્ટિ પ્રવાહ અને મર્યાદા એ સૃષ્ટિનના પ્રકાર છે. (ભક્તિમાર્ગસ્ય કથનાત્પુષ્ટિસ્તીતિ નિશ્ચયઃ, દ્વૌ ભૂતસર્ગાવિત્યુક્તેઃ પ્રવાહોઽપિ વ્યવસ્થિતઃ, વેદસ્ય વિદ્યમાનત્વાન્મર્યાદાપિ વ્યવસ્થિતા—પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ. ૨।૩.)

આ શ્લોકનું અનુસન્ધાન ભાગવત ૩।૩।૨૦ પરના સુબોધિનીમાં કરેલું છે.

**પ્રવૃત્તિં ચ નિવૃત્તિં ચ જના ન વિદુરાસુરાઃ।**
**ન શૌચં નાપિ ચાચારો ન સત્યં તેષુ વિદ્યતે॥૭॥**

**આસુરાઃ** - **આસુર સ્વભાવવાળા;** વિશેષણ, વિ. 'જનાઃ'
**જનાઃ** - **માણસો;** નામ, પ્ર.બ.વ., પુ. 'જન'
**પ્રવૃત્તિમ્** - **પ્રવૃત્તિને;** નામ, દ્વિ.એ.વ., સ્ત્રી.
**ચ** - **અને;** અવ્યય
**નિવૃત્તિમ્** - **નિવૃત્તિને;** નામ, દ્વિ.એ.વ., સ્ત્રી.
**ચ ન** - **પણ નહિ;** અવ્યય
**વિદુઃ** - **જાણે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., 'વિદ્' ૨ ગણ, પરસ્મૈ.
**અતઃ** - **એટલા માટે;** અવ્યય



**તેષુ** - **તેઓમાં;** સર્વનામ, સ.બ.વ., પુ. 'તત્'
**ન** - **નહિ;** અવ્યય
**શૌચમ્** - **બહિર અન્તર્ શુદ્ધિ;** નામ, પ્ર.એ.વ., નપુ.
**ચ ન અપિ** - **અને નહિ પણ;** અવ્યય
**આચારઃ** - **આચરણ;** નામ, પ્ર.એ.વ., પુ. 'આચાર'
**ચ ન** - **અને નહિ;** અવ્યય
**સત્યમ્** - **સત્ય;** નામ, પ્ર.એ.વ., નપુ. 'સત્ય'
**વિદ્યતે** - **હોય છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'વિદ્' ૪ ગણ, આત્મને.

**શ્લોકાર્થ :** આસુરી જનો પ્રવૃત્તિ તથા નિવૃત્તિ ને જાણતા નથી. તેઓમાં શૌચ, આચાર તથા સત્ય હોતાં નથી.

**વિવેચન :** આસુરી સૃષ્ટિ સાથે સર્વ સમ્બન્ધનો ત્યાગ થઈ શકે તે માટે અહીંથી ૧૨ શ્લોકથી (૭-૧૮) આસુરી સૃષ્ટિનું વિસ્તારથી નિરૂપણ કરે છે. વેદમાં કહેલા પ્રવૃત્તિમાર્ગને તેમજ નિવૃત્તિમાર્ગને આસુરીજનો જાણતા નથી. વેદમાં કહેલા પ્રવૃત્તિમાર્ગમાં તેમજ નિવૃત્તિમાર્ગમાં પણ તેઓની રુચિ હોતી નથી. વેદમાં કહેલા કર્મમાં અગર શાસ્ત્રોમાં તેઓની પ્રતીતિ હોતી નથી, કારણ કે તેઓમાં પવિત્રતા, આચાર તેમજ સત્ય હોતાં નથી. માનસિક પવિત્રતા, કાયિક સદાચાર તેમનામાં હોતાં નથી તેમ જ તેઓની વાણીમાં પણ સત્ય હોતું નથી. આવી રીતે માનસિક, કાયિક તેમ જ વાચિક દોષો તેઓમાં હોય છે.

**અસત્યમ્ અપ્રતિષ્ઠં તે જગદાહુર્ અનીશ્વરમ્।**
**અપરસ્પરસમ્ભૂતં કિમન્યત્ કામહેતુકમ્॥૮॥**

**અસત્યમ્** - **અસત્ય;** વિશેષણ, વિ. 'જગત્'
**અપ્રતિષ્ઠિતમ્** - **પ્રતિષ્ઠા વિનાનું, આશ્રય વિનાનું;** વિશેષણ, વિ. 'જગત્'
**અનીશ્વરમ્** - **ઈશ્વર વગરનું;** વિશેષણ, વિ. 'જગત્'
**અપરસ્પરસમ્મભૂતમ્** - **અરસપરસ બનેલું;** વિશેષણ, વિ. 'જગત્'
**કિમ્** - **શું;** સર્વનામ, દ્વિ.એ.વ., નપું.
**અન્યત્** - **બીજું;** વિશેષણ, વિ. 'કિમ્'
**કામહેતુકમ્** - **ભોગ સિદ્ધ કરવાના જ હેતુવાળું;** વિશેષણ, વિ. 'જગત્

કામ એવ હેતુ: યસ્ય ઈતિ ' બહુ.

**જગત્** - જગત; નામ. દ્વિ.એ.વ., નપું. (અસ્તિ ઈતિ=છે એમ)

**તે** - **તેઓ, આસુરી પ્રકૃતિવાળા પુરુષો;** સર્વનામ. પ્ર.બ.વ.પુ., 'તત્'

**આહુ:** - **કહે છે.** ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., 'બ્રૂ' ૨ ગણ, પરસ્મૈ

**શ્લોકાર્થ:** તેઓ જગત્‌ને અસત્ય, અપ્રતિષ્ઠિત, અનીશ્વર, પ્રકૃતિ-પુરુષના સંયોગથી ઉત્પન્ન થએલું અને કામ જેનો હેતુ છે તેવું કહે છે. અને બીજું ( કારણ ) શું ( છે એમ પૂછે છે )

**વિવેચન:** "હે સૌમ્ય! આ પૂર્વે સત્ જ હતું" વિગેરે શ્રુતિ પ્રમાણો જગત્‌ને સત્ય કહે છે તો પણ આસુરી જીવો જગત્‌ને અસત્ય કહે છે. વળી તેને માયાથી અથવા પોતાના અજ્ઞાનથી કલ્પેલું માને છે. જગત્ અસત્ય હોય તો જગત્‌માં રહેલા વેદ, વેદમાં કહેલા સાધનો વિગેરે સર્વ અસત્ય થવાથી વ્યર્થ જ થાય; કારણ કે શશશૃઙ્ગ જેવા અસત્ય અર્થાત્ વસ્તુત: જેનું અસ્તિત્વ નથી તેવા પદાર્થથી કોઈ પણ પ્રકારનો વ્યવહાર થઈ શકે નહિ. વળી તેઓ જગત્‌ને અપ્રતિષ્ઠ એટલે જેની બ્રહ્મમાં પ્રતિષ્ઠા નથી એવું તથા અનીશ્વર એટલે સત્ય સઙ્કલ્પ સર્વવ્યાપક શ્રીપુરુષોત્તમ જેવા નિયન્તા વિનાનું કહે છે. મેં પાછળ કહ્યું છે કે "હું સર્વનું ઉત્પત્તિસ્થાન છું, મારામાંથી સર્વ પ્રવર્તે છે", પરન્તુ આસુરી જીવો તેથી વિરુદ્ધ જગત્‌ને અસત્ય, અપ્રતિષ્ઠ અને અનીશ્વર માને છે. વળી પ્રકૃતિરૂપ સ્ત્રી તથા ચિત્-પુરુષના સંયોગથી જ જગત્‌ને ઉત્પન્ન થએલું તેઓ માને છે. આવા સંયોગ વિના કોઈ ઉત્પન્ન થયેલું નથી એમ તેઓ કહે છે. તેથી આ સર્વ જગત્ કામહેતુક છે અર્થાત્ જગત્‌ની ઉત્પત્તિનું કારણ પ્રકૃતિ-પુરુષનો કામ જ છે એમ તેઓ માને છે.

આ શ્લોકનું અનુસન્ધાન બ્રહ્મસૂત્ર ૧।૧।૩ ઉપરના અણુભાષ્યમાં કરેલું છે.

**એતાં દૃષ્ટિમ્ અવષ્ટભ્ય નષ્ટાત્માનોઽલ્પબુદ્ધય:।**
**પ્રભવન્ત્યુગ્રકર્માણ: ક્ષયાય જગતોઽહિતા:॥૯॥**

**એતામ્** - **આને;** સર્વનામ, દ્વિ.એ.વ., સ્ત્રી. 'એતદ્'

**દૃષ્ટિમ્** - **દૃષ્ટિને;** મિથ્યા જ્ઞાનને. નામ. દ્વિ.એ.વ., સ્ત્રી. 'દૃષ્ટિ'



**અવષ્ટભ્ય** - **અવલમ્બન કરીને;** વિધેય કૃદન્ત 'અવ + સ્તમ્ભ્' ૯ ગણ

**નષ્ટાત્માન:** - **નષ્ટ થયેલો છે આત્મા જેનો;** વિશેષણ, વિ. 'આસુરપુરુષા:'

**અલ્પબુદ્ધય:** - **અલ્પ બુદ્ધિ છે જેમની;** વિશેષણ, વિ. 'આસુરપુરુષા:'

**અહિતા:** - **અહિત કરવાવાળા;** વિશેષણ, વિ. 'આસુરપુરુષા:'

**ઉગ્રકર્માણ:** - **ઉગ્ર છે કર્મો જેનાં, ક્રૂર છે કર્મો જેનાં;** વિશેષણ, વિ. 'આસુરપુરુષા:'

**જગત:** - **જગતનું;** નામ, ષ.એ.વ., નપુ. 'જગત્'

**ક્ષયાય** - **નાશ કરવાને માટે;** નામ, ચ.એ.વ., પુ. 'ક્ષય'

**પ્રભવન્તિ** - **થાય છે;** ઉત્પન્ન થાય છે. ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., પ્ર + ભૂ ૧ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** આ દૃષ્ટિને અવલમ્બી નષ્ટ આત્માવાળા, અલ્પબુદ્ધિવાળા, ઉગ્ર કર્મવાળા, જગત્‌ના શત્રુઓ જગત્‌ના ક્ષયમાટે ઉદ્ભવે છે.

**વિવેચન:** "સર્વ જગત્ મિથ્યા છે" એવી દૃષ્ટિનું અવલમ્બન કરી, "અમો બ્રહ્મરૂપ છીએ, પરન્તુ અવિદ્યા સાથે સમ્બન્ધ થવાથી જીવો થએલા છીએ" એવા મતવાળા હોવાથી નષ્ટ આત્માવાળા અર્થાત્ આત્માના યથાર્થ સ્વરૂપનું જેમને ભાન નથી તેવા અલ્પબુદ્ધિવાળા અને હિંસાપ્રધાન ઉગ્ર કર્મ કરનારા જગત્‌ના શત્રુઓ જગત્‌ના નાશમાટે ઉત્પન્ન થાય છે.

**કામમ્ આશ્રિત્ય દુષ્પૂરં દમ્ભ-માન-મદાન્વિતા:।**
**મોહાદ્-ગૃહીત્વાઽસદ્ગ્રાહાન્ પ્રવર્તન્તેઽશુચિવ્રતા:॥૧૦॥**

**દમ્ભમાનમદાન્વિતા:** - **દમ્ભ, માન, અને મદથી યુક્ત;** વિશેષણ, વિ. "આસુરપુરુષા: દમ્ભમાનમદૈ: અન્વિતા:" તત્પુરુષ

**દુષ્પૂરમ્** - **પૂર્ણ નહિ થવાવાળું;** વિશેષણ, વિ. 'કામમ્'

**કામમ્** - **કામને, કામનાઓને;** નામ, દ્વિ.એ.વ., પુ. 'કામ'

**આશ્રિત્ય** - **આશ્રય કરીને;** વિધેય કૃદન્ત

**ચ** - **અને;** અવ્યય

**મોહાત્** - **મોહથી, અજ્ઞાનથી;** નામ, પં.એ.વ., પુ. 'મોહ'

**અસદ્ગ્રાહાન્** - **મિથ્યા સિદ્ધાન્તોને;** નામ, દ્વિ.બ.વ., પુ. 'અસદ્ગ્રાહ'

**ગૃહીત્વા** - **ગ્રહણ કરીને;** વિધેય કૃદન્ત 'ગૃહ્' ૯ ગણ

અશુચિવ્રતાઃ - ભ્રષ્ટ આચરણવાળા, અપવિત્ર વ્રતોને ધારણ કરનારા; વિશેષણ, વિ. 'આસુરપુરુષાઃ'
જગતિ - જગતમાં; સ.એ.વ.
પ્રવર્તન્તે - પ્રવર્તે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., પ્ર + વૃત્ ૧ ગણ પરસ્મૈ.

શ્લોકાર્થ : દુષ્પૂર કામનો આશ્રય કરી દમ્ભ, માન તથા મદવાળા થઈ અપવિત્ર આચરણવાળા મોહથી દુષ્ટ આગ્રહનું ગ્રહણ કરી પ્રવર્તે છે.

વિવેચન : દુઃખથી પણ પૂર્ણ થઈ શકે નહિ તેવા દુષ્પૂર કામનો આશ્રય કરી દમ્ભ, માન તથા મદમાં મચ્યા રહી અપવિત્ર વ્રત આચરનારા તેઓ મોહને લીધે દુષ્ટ આગ્રહ એટલે ક્ષુદ્ર દેવતાઓના મન્ત્ર વિગેરેનું ગ્રહણ કરી પ્રવર્તે છે. અર્થાત્ પોતાના સર્વ મનોરથ પૂર્ણ કરવામાં ક્ષુદ્ર દેવતાઓના મન્ત્રો સાધનરૂપ છે એમ જાણી તેવા મન્ત્રોનું સેવન કરે છે, અને અપેયનું પાન વિગેરે અપવિત્ર આચરણ કરી ક્ષુદ્ર દેવતાઓની આરાધના કરે છે.

**ચિન્તામ્ અપરિમેયાં ચ પ્રલયાન્તામ્ ઉપાશ્રિતાઃ।**
**કામોપભોગપરમા એતાવદ્ ઇતિ નિશ્ચિતાઃ॥૧૧॥**

પ્રલયાન્તામ્ - મૃત્યુ પર્યન્ત રહેનારી; વિશેષણ, વિ. 'ચિન્તામ્'
અપરિમેયામ્ - અનન્ત; વિશેષણ, વિ. 'ચિન્તામ્'
ચિન્તામ્ - ચિન્તાને; નામ, દ્વિ.એ.વ., સ્ત્રી. 'ચિન્તા'
ઉપાશ્રિતાઃ - આશ્રય કરેલા; વિશેષણ, વિ. 'આસુરપુરુષાઃ'
ચ - અને; અવ્યય
કામોપભોગપરમાઃ - વિષયભોગને પરમ માનનાર; "કામસ્ય ભોગઃ, સઃ એવ પરમઃ યેષામ્ ઇતિ" બહુવ્રીહિ
ચ - અને; અવ્યય
એતાવત્ - આટલો જ, આટલું જ; અવ્યય
આનન્દઃ અસ્તિ - આનન્દ છે; ક્રિ. તૃ.પુ.એ.વ.
ઇતિ - આવું; અવ્યય
નિશ્ચિતાઃ - નિશ્ચય કરવાવાળાઓ; વિશેષણ, વિ. 'આસુરપુરુષાઃ'



**આશાપાશશતૈર્બદ્ધાઃ કામ-ક્રોધ-પરાયણાઃ।**
**ઈહન્તે કામભોગાર્થમ્ અન્યાયેનાર્થસઞ્ચયાન્॥૧૨॥**

આશાપાશશતૈઃ - આશારૂપ સેંકડો પાશથી; નામ, તૃ.બ.વ., નપુ. "આશા એવ પાશઃ તેષાં શતં" તત્પુરુષ
બદ્ધાઃ - બન્ધાયેલા; વિશેષણ, વિ. 'આસુરપુરુષાઃ'
ચ - અને; અવ્યય
કામક્રોધપરાયણાઃ - કામ, ક્રોધને વશ થયેલા; વિશેષણ, વિ. 'આસુરપુરુષાઃ' "કામશ્ચ ક્રોધશ્ચ તૌ પરમ્ અયનમ્ યેષામ્ ઇતિ" બહુ.
કામભોગાર્થમ્ - કામને ભોગવવા માટે; નામ, ચ.એ.વ., પુ. 'કામભોગાર્થ'
અન્યાયેન - અન્યાયથી; નામ, તૃ.એ.વ., પુ. 'અન્યાય'
અર્થસઞ્ચયાન્ - અર્થના સઞ્ચયોને; નામ, દ્વિ.બ.વ., પુ. 'અર્થસઞ્ચય'
ઈહન્તે - ઈચ્છા રાખે છે, ચેષ્ટા કરે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., ઈહ્ ૧ ગણ, આત્મને.

શ્લોકાર્થ : અપરિમેય(અગણિત) તથા પ્રલય સમયે અન્ત આવે તેવી ચિન્તાને આશ્રય રાખનારા, કામના ઉપભોગને પરમ જાણનાર, કામોપભોગ જ ફલ છે એવો નિશ્ચય રાખનાર, આશાના સેંકડો બંધનોથી બંધાયેલા અને કામ તથા ક્રોધને પરાયણ તેઓ કામભોગમાટે અન્યાયથી અર્થ સઞ્ચયની ઈચ્છા રાખે છે.(૧૧,૧૨)

વિવેચન : તેઓ અપરિમેય અર્થાત્ મપાઈ શકે નહિ તેવી અને મરણ પર્યન્ત ટકી રહે તેવી ચિન્તા રાખે છે, કામ ભોગને જ પરમ ફલ અથવા પરમ પુરુષાર્થ જાણે છે, અને તેવો તેઓનો નિશ્ચય હોવાથી આશાના સેંકડો બંધનોથી તેઓ બંધાયેલા રહે છે અને ભોગ માટે ચોરી, લૂંટ, હિંસા વિગેરે અન્યાયથી ધન પ્રાપ્ત કરવાની ઈચ્છા રાખે છે(૧૧,૧૨).

**ઇદમદ્ય મયા લબ્ધમ્ ઇમં પ્રાપ્સ્યે મનોરથમ્।**
**ઇદમ્ અસ્તીદમપિ મે ભવિષ્યતિ પુનર્ ધનમ્॥૧૩॥**

મયા - મારાવડે; સર્વનામ, તૃ.એ.વ., 'અસ્મદ્'
અદ્ય - આજે; અવ્યય
ઇદમ્ - આ; સર્વનામ, પ્ર.એ.વ., નપુ.

**લબ્ધમ્** - **મેળવ્યું;** ભૂ.કૃ., વિશેષણ, વિ. 'ઇદમ્'
**અસ્તિ ચ** - **છે;** અને; ક્રિયાપદ, અવ્યય
**ઇમમ્** - **આ, આટલું;** સર્વનામ, દ્વિ.એ.વ., નપુ. 'ઇદમ્'
**મનોરથમ્** - **મનોરથને, મનની કામનાઓને;** નામ, દ્વિ.એ.વ., પુ. 'મનોરથ'
**પ્રાપ્સ્યે** - **મેળવીશ;** ક્રિ. ભ.કા., પ્ર.પુ.એ.વ., પ્ર + આપ્ ૫ ગણ
**ચ** - **અને;** અવ્યય
**મે** - **મારું;** સર્વનામ, ષ.એ.વ., 'અસ્મત્'
**ઇદમ્** - **આ, આટલું;** સર્વનામ, દ્વિ.એ.વ., નપુ. 'ઇદમ્'
**ધનમ્** - **ધન;** નામ, પ્ર.એ.વ., નપુ. 'ધન'
**અસ્તિ** - **છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ, પરસ્મૈ.
**ચ** - **અને;** અવ્યય
**ઇદમ્** - **આ, આટલું;** સર્વનામ, પ્ર.એ.વ., નપુ. 'ઇદમ્'
**પુનઃ અપિ** - **ફરીથી;** અવ્યય
**મે** - **મારું;** સર્વનામ,
**ભવિષ્યતિ** - **થશે;** ક્રિ. ભ.કા., તૃ.પુ.એ.વ. 'ભૂ' ૧ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** "આજે મેં આ મેળવ્યું છે અને હવે આ મનોરથને પ્રાપ્ત કરીશ" (મારી ઇચ્છા પૂર્ણ કરીશ) "અત્યારે મારી પાસે આટલું ધન છે"; "ફરીથી પણ મારું ધન આટલું થશે (હશે)"

**વિશેષ:** આ શ્લોક આ જીવોનો મનોરથ સમજાવે છે. આ પ્રકારના જીવ એવું માને છે કે આજે મને આટલું (ધન) પ્રાપ્ત થયું અને એ ધનવડે મારી કામના મેળવી લઈશ. વળી ભવિષ્યમાં પણ આ પ્રકારે મને ધન પ્રાપ્ત થયા કરશે અને તેનાથી હું બીજા પ્રકારની કામના સિદ્ધ કરીશ. આ રીતે એના વિચારોની પરમ્પરા ચાલ્યા કરે છે. કોઈનું પણ કલ્યાણ કરવાની એની પ્રવૃત્તિ હોતી નથી એટલું જ નહિ પણ અન્યનું દ્રવ્ય લૂંટી લઈ પાપમય વૃત્તિઓમાં જ રમવું એવી આસક્તિ આ વર્ગ ધરાવે છે.

**અસૌ મયા હતઃ શત્રુર્ હનિષ્યે ચાપરાનપિ।**
**ઈશ્વરોઽહમ્ અહં ભોગી સિદ્ધોઽહં બલવાન્ સુખી ॥૧૪॥**



**અસૌ** - **આ;** સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'અદસ્'
**શત્રુઃ** - **શત્રુ;** નામ, પ્ર.એ.વ., પુ. 'શત્રુ'
**મયા** - **મારાથી;** સર્વનામ, તૃ.એ.વ., 'અસ્મત્'
**હતઃ** - **હણાયેલો;** ભૂ.કૃ., વિશેષણ, વિ. 'શત્રુઃ'
**ચ** - **અને;** અવ્યય
**અપરાન્** - **બીજાઓને;** સર્વનામ, દ્વિ.બ.વ., પુ. 'અપર'
**અપિ** - **પણ;** અવ્યય
**અહમ્** - **હું;** સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
**હનિષ્યે** - **મારીશ;** ક્રિ. ભ.કા., પ્ર.પુ.એ.વ., 'હન્' ૨ ગણ, આત્મને.
**અહમ્** - **હું;** સર્વનામ, પ્ર.એ.વ. 'અસ્મદ્'
**ઈશ્વરઃ** - **ઈશ્વર;** નામ, પ્ર.એ.વ., પુ. 'ઈશ્વર'
**ચ** - **અને;** અવ્યય
**ભોગી** - **ભોગી;** વિશેષણ, વિ. 'અહમ્' પ્ર.એ.વ., પુ. 'ભોગિન્' (તથૈવ=તેમજ)
**અહમ્** - **હું;** સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
**સિદ્ધઃ** - **સિદ્ધ;** વિશેષણ, વિ. 'અહમ્' પ્ર.એ.વ., પુ. 'સિદ્ધ'
**બલવાન્** - **બળવાળો;** વિશેષણ, વિ. 'અહમ્'
**ચ** - **અને;** અવ્યય
**સુખી** - **સુખી;** વિશેષણ, વિ. 'અહમ્'(અસ્મિ=છું; ક્રિ. દ્વિ.પુ.એ.વ. 'અસ્')

**શ્લોકાર્થ:** "તે શત્રુ મારાથી હણાયો, બીજા શત્રુઓને પણ હું હણીશ, હું ઈશ્વર અને ઐશ્વર્ય ભોગવનાર અને હું સર્વ સિદ્ધિઓથી યુક્ત, બળવાન અને સુખી છું".

**વિશેષ:** આ પ્રકારનો જીવ એવો વિચાર કરે છે કે આ માણસને તો મેં માર્યો અને બીજા શત્રુ છે તેમને તો હું મારીશ હું જ ઈશ્વર છું, ભોગી છું, સિદ્ધ છું, બળવાન છું અને સુખી પણ છું.

એ પોતાને ઈશ્વર, ભોગી, સિદ્ધ, બળવાન અને સુખી માને છે. તેમાં ખાસ એનું અભિમાન જ જણાય છે. કારણ ઈશ્વરના છ ધર્મોમાંથી એક પણ ધર્મ એની પાસે જણાતો નથી. ઈશ્વરના ધર્મો (અનન્ત) ઐશ્વર્ય, શ્રી, યશ, વીર્ય, જ્ઞાન, વૈરાગ્ય. જીવ પાસે આ છ ધર્મો ભાગ્યે

જ હોઈ શકે. શ્રીનો ધર્મ હોઈ શકે. યશ કે વીર્યનો ધર્મ હોઈ શકે; પણ ઐશ્વર્ય, જ્ઞાન અને વૈરાગ્ય આવવાનો સમ્ભવ નથી. ઐશ્વર્ય વિના ભોગી થવાતું નથી. જ્ઞાન અને ઐશ્વર્ય વિના બળવાન્ થવાતું નથી. વૈરાગ્ય વિના સિદ્ધ થવાતું નથી. તેમજ વૈરાગ્ય, જ્ઞાન અને ઐશ્વર્ય વિના સુખી થવાતું નથી.

**આઢ્યોઽભિજનવાન્ અસ્મિ કોઽન્યોઽસ્તિ સદશો મયા।**
**યક્ષ્યે દાસ્યામિ મોદિષ્ય ઈત્યજ્ઞાનવિમોહિતાઃ॥૧૫॥**

**અહમ્** - હું; પ્ર.એ.વ. 'અસ્મદ્'
**આઢ્યઃ** - **ધનવાન, કીર્તિવાન;** વ.ભૂ.કૃ., વિશેષણ, વિ. 'અહમ્'
**ચ** - **અને;** અવ્યય
**અભિજનવાન્** - **ઉત્તમ કુટુમ્બવાળો;** ભૂ.કૃ., વિશેષણ, વિ. 'અહમ્'
**અસ્મિ** - **છું;** ક્રિ. વ.કા., પ્ર.પુ.એ.વ. 'અસ્' ૨ ગણ, પરસ્મૈ.
**મયા** - **મારાવડે, મારી સાથે;** સર્વનામ, તૃ.એ.વ., 'અસ્મત્'
**સદશઃ** - **જેવો, સરખો;** વિશેષણ, વિ. 'અન્યઃ'
**અન્યઃ** - **બીજો;** સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'અન્ય'
**કઃ** - **કોણ;** સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'કિમ્'
**અસ્તિ** - **છે;** ક્રિ.વ.કા., તૃ.પુ.એ.વ. 'અસ્' ૨ ગણ, પરસ્મૈ.
**અહમ્** - **હું;** સર્વનામ, પ્ર.એ.વ. 'અસ્મદ્'
**યક્ષ્યે** - **યજન કરીશ;** ક્રિ. ભ.કા., પ્ર.પુ.એ.વ. 'યજ્' ૧ ગણ, આત્મને.
**દાસ્યામિ** - **આપીશ;** ક્રિ. ભ.કા., પ્ર.પુ.એ.વ. 'દા'(યચ્છ) ૩ ગણ, પરસ્મૈ.
**મોદિષ્યે** - **આનન્દ મેળવીશ;** ક્રિ. ભ.કા. પ્ર.પુ.એ.વ. 'મુદ્' ૧ ગણ, આત્મને.
**ઈતિ** - **એ પ્રકારે;** અવ્યય
**અજ્ઞાનવિમોહિતાઃ** - **અજ્ઞાનથી મોહ પામેલા;** વિશેષણ, વિ. 'આસુરપુરુષાઃ'
**સન્તિ** - **છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.બ.વ. 'અસ્'

**શ્લોકાર્થ :** હું બહુ સમૃદ્ધિવાળો, ઊંચા અને માનનીય કુટુમ્બવાળો છું, મારા જેવો બીજો કોણ છે? હું યજ્ઞ કરીશ, હું દાન કરીશ, હું હર્ષને પ્રાપ્ત કરીશ; આવા પ્રકારના અજ્ઞાનથી વધારે મોહ પામેલા આસુર પુરુષો છે.

**અનેકચિત્તવિભ્રાન્તા મોહજાલસમાવૃતાઃ।**



**પ્રસક્તાઃ કામભોગેષુ પતન્તિ નરકેઽશુચૌ॥૧૬॥**

**અનેકચિત્તવિભ્રાન્તા** - **અનેક પ્રકારના વિચારોથી ચિત્ત જેનું વધારે ભ્રમિત થયેલું છે એવાઓ;** વિશેષણ, વિ. 'આસુરપુરુષાઃ' "અનેકેષુ (વિચારેષુ) ચિત્તમ્ "વિભ્રાન્તમ્ યેષામ્ ઈતિ" બહુવ્રીહિ
**મોહજાલસમાવૃતાઃ** - **મોહરૂપી જાળમાં સપડાયેલા;** વિશેષણ, વિ. 'આસુરપુરુષાઃ' "મોહઃ એવ જાલમ્ તેન સમાવૃતાઃ યે ઈતિ" બહુવ્રીહિ.
**કામભોગેષુ** - **કામના ભોગોમાં;** નામ, સ.બ.વ., પુ. 'કામભોગ'
**પ્રસક્તાઃ** - **અત્યન્ત આસક્ત થયેલા;** ભૂ.કૃ., વિશેષણ, વિ. 'આસુરપુરુષા'
**આસુર પુરુષાઃ** - **આસુર પુરુષો;**
**અશુચૌ** - **અપવિત્ર;** વિશેષણ, વિ. 'નરકે'
**નરકે** - **નરકમાં;** નામ, સ.એ.વ., પુ. 'નરક'
**પતન્તિ** - **પડે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., 'પત્' ૧ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ :** અનેક સઙ્કલ્પોથી ભ્રાન્ત થએલા, મોહજાલથી વીંટાએલા, કામ ભોગમાં આસક્ત થએલા આસુરી જીવ અપવિત્ર નરકમાં પડે છે.

**વિવેચન :** આસુરી જીવોની કામનાઓનું તથા તેઓને પ્રાપ્ત થતા ફલનું અહીં સુન્દર વર્ણન ૧૩-૧૫ શ્લોકમાં વર્ણન કર્યું. ઉપરોક્ત પ્રકારના તેઓના સઙ્કલ્પ તથા કામનાઓ વિગેરે હોવાથી ક્ષુદ્ર દેવોની આરાધનામાં તેઓનાં ચિત્ત વ્યાપ્ત છે. અને જેમ પક્ષીઓ જાળમાં સપડાય છે અને નીકળી શકતા નથી, તેમ તેઓ આ ભ્રાન્તિથી થએલી મોહની જાળથી વીંટાઈ જવાથી તેમાંથી નીકળી શકતા નથી. વળી, પક્ષીઓ જેમ પોતાનાં કુટુમ્બનું ભરણ-પોષણ કરવાની ચિન્તામાં રહે છે તેમ આ આસુરી જીવો કામભોગમાં આસક્ત હોવાથી આ જાળમાંથી નીકળી શકતા નથી અને વિવશ થઈ અપવિત્ર નરકમાં પડે છે.

**આત્મસમ્ભાવિતાઃ સ્તબ્ધા ધન-માન-મદાન્વિતાઃ।**
**યજન્તે નામયજ્ઞૈસ્ તે દમ્ભેનાઽવિધિપૂર્વકમ્॥૧૭॥**

**તે** - **તેઓ;** સર્વનામ, પ્ર.બ.વ., પુ. 'તત્'
**આત્મસમ્ભાવિતાઃ** - **પોતાને જ શ્રેષ્ઠ માનનારા;** વિશેષણ, વિ. 'આસુરપુરુષાઃ'

"આત્મના સમ્ભાવિતાઃ" તત્પુરુષ
**સ્તબ્ધાઃ -ગર્વિષ્ઠ પુરુષો;** વિશેષણ, વિ. 'આસુરપુરુષાઃ'
**ધનમાનમદાન્વિતાઃ -ધન, માન, મદથી યુક્ત થયેલા;** વિશેષણ, વિ. 'આસુરપુરુષાઃ' "ધનં માનશ્ચ મદશ્ચ તૈઃ અન્વિતાઃ ઇતિ" તત્પુરુષ
**અવિધિપૂર્વકમ્ -વિધિ વિનાનું;** અવ્યય
**નામયજ્ઞૈઃ -કેવળ નામ માત્રના યજ્ઞવડે;** નામ, તૃ.બ.વ., પુ. 'નામયજ્ઞ'
**દમ્ભેન -પાખણ્ડથી;** નામ, તૃ.એ.વ., પુ. 'દમ્ભ'
**યજન્તે -યજ્ઞ કરે છે, પૂજે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., 'યજ્' ૧ ગણ

**અહઙ્કારં બલં દર્પં કામં ક્રોધં ચ સંશ્રિતાઃ।**
**મામાત્મપરદેહેષુ પ્રદ્વિષન્તોઽભ્યસૂયકાઃ ॥૧૮॥**

**અહઙ્કારમ્ -અહઙ્કારને;** નામ, દ્વિ.એ.વ., પુ. 'અહઙ્કાર'
**બલમ્ -બળને;** નામ, દ્વિ.એ.વ., નપુ. 'બલ'
**દર્પમ્ -અભિમાનને;** નામ, દ્વિ.એ.વ., પુ. 'દર્પ'
**કામમ્ -કામને;** નામ, દ્વિ.એ.વ., પુ. 'કામ'
**ચ -અને;** અવ્યય
**ક્રોધમ્ -ક્રોધને;** નામ, દ્વિ.એ.વ., પુ. 'ક્રોધ'
**સંશ્રિતાઃ -સારી રીતે આશ્રય પામેલા;** ભૂ.કૃ., વિશેષણ, વિ. 'આસુરપુરુષાઃ'
**એવમ્ ચ -અને વળી;** અવ્યય
**અભ્યસૂયકાઃ -બીજાની નિન્દા કરવાવાળા;** વિશેષણ, વિ. 'તાન્'
**આત્મપરદેહેષુ -પોતાના અને બીજા દેહોમાં;** નામ, સ.બ.વ., પુ.
**મામ્ -મને;** સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
**પ્રદ્વિષન્તઃ -દ્વેષ કરનારા;** વિશેષણ, વિ. 'તાન્'

**શ્લોકાર્થ:** પોતાનાથી જ સમ્ભાવિત, સ્તબ્ધ, ધનના માન તથા મદવાળા, અહઙ્કાર, બલ, દર્પ, કામ અને ક્રોધ નો આશ્રય કરેલા, પોતાના અને બીજાના દેહોમાં રહેલાનો મારો દ્વેષ કરનાર અને અસૂયા કરનાર તેઓ દમ્ભને લીધે નામના(કહેવા ખાતરના) યજ્ઞથી અવિધિપૂર્વક યજન કરે છે (૧૭-૧૮)

**વિવેચન:** પોતે જ પોતાને માન આપનાર અથવા આત્મપ્રશંસા કરનાર,



'સ્તબ્ધ' એટલે અનમ્ર અથવા મૂઢ, ધનથી ઉત્પન્ન થતા માન એટલે મોટાઈ તથા મદવાળા, અહઙ્કાર વિગેરે દુર્ગુણોવાળા, સર્વના દેહમાં રહેલો હું ઈશ્વર છું તેનો દ્વેષ તથા ઈર્ષ્યા કરનારા, દમ્ભને લીધે માત્ર નામના જ યજ્ઞો કરે છે અને તે પણ વિધિપૂર્વક કરતા નથી.

આ અઢારમા શ્લોકનું અનુસન્ધાન બ્રહ્મસૂત્ર ૪।૪।૧૩ ઉપરના આણુભાષ્યમાં અને શ્રીભાગવત્ ૩।૨।૨૪ ઉપરના સુબોધિનીમાં કરેલું છે.

**તાન્ અહં દ્વિષતઃ ક્રૂરાન્ સંસારેષુ નરાધમાન્।**
**ક્ષિપામ્યજસ્રમ્ અશુભાન્ આસુરીષ્વેવ યોનિષુ॥૧૯॥**

**તાન્ -તેઓને;** સર્વનામ, દ્વિ.બ.વ., 'તત્'
**દ્વિષતઃ -દ્વેષ કરવાવાળા;** વિશેષણ, વિ. 'તાન્'
**ક્રૂરાન્ -ક્રૂર કર્મ કરનારાઓને;** વિશેષણ, વિ. 'તાન્'
**નરાધમાન્ -નરાધમોને, પાપીઓને;** નામ, દ્વિ.બ.વ., પુ. 'નરાધમ'
**અશુભાન્ -અશુભ;** વિશેષણ, વિ. 'તાન્'
**અહં -હું;** સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મદ્'
**સંસારેષુ -સંસારમાં;** નામ, સ.બ.વ., પુ. 'સંસાર'
**અજસ્રમ્ -વારે ઘડીએ;** અવ્યય
**આસુરીષુ -આસુરીમાં;** વિશેષણ, વિ. 'યોનિષુ'
**યોનિષુ -યોનિઓમાં;** નામ, સ.બ.વ., સ્ત્રી. 'યોનિ'
**એવ -જ, માત્ર;** અવ્યય
**ક્ષિપામિ -ફેંકું છું.** ક્રિ. વ.કા, પ્ર.પુ.એ.વ., 'ક્ષિપ્' ૬ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** દ્વેષી, ક્રૂર, મનુષ્યોમાં અધમ તથા દુષ્ટ તેઓને હું સંસારમાં વારંવાર આસુરી જ યોનિમાં નાખું છું.

**વિવેચન:** ભગવાન્ આવા આસુરી જીવોને શું ફલ આપે છે તે કહે છે. આવા દ્વેષી, ક્રૂર, અધમ, દુષ્ટ, આસુરી જીવોને સંસારમાં પુન:-પુન: આસુરી યોનિમાં જ હું નાખું છું. આ જીવો સહજ આસુરભાવવાળા છે, માત્ર આસુર આવેશવાળા નથી.

આ શ્લોકનું અનુસન્ધાન બ્રહ્મસૂત્ર ૪।૪।૧૩ ઉપરના આણુભાષ્યમાં કરેલું છે.

**આસુરીં યોનિમ્ આપન્નાઃ મૂઢાઃ જન્મનિ જન્મનિ।**
**મામ્ અપ્રાપ્યૈવ કૌન્તેય તતો યાન્ત્યધમાં ગતિમ્॥૨૦॥**

**કૌન્તેય** - હે અર્જુન! સમ્બોધન
**તે** - તે; સર્વનામ, પ્ર.બ.વ.
**મૂઢાઃ** - મૂઢ પુરુષો; વિશેષણ, વિ. 'આસુરીપુરુષાઃ'
**જન્મનિ જન્મનિ** - જન્મ - જન્મમાં; નામ, સ.એ.વ., નપુ. 'જન્મન્'
**આસુરીમ્** - આસુરીને; વિશેષણ, વિ. 'યોનિમ્'
**યોનિમ્** - યોનિને; નામ, દ્વિ.એ.વ., સ્ત્રી. 'યોનિ'
**આપન્ના** - પ્રાપ્ત થયેલા; વિશેષણ, વિ. 'તે'
**મામ્** - મને; સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
**અપ્રાપ્ય** - નહિ પામીને; વિધેય કૃદન્ત
**તતઃ** - તેનાથી; અવ્યય
**અધમામ્** - અધમ; વિશેષણ, વિ. 'ગતિમ્'
**ગતિમ્** - ગતિને; નામ, દ્વિ.એ.વ., સ્ત્રી.
**એવ** - જ; અવ્યય
**યાન્તિ** - પામે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., 'યા' ૨ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** હે કૌન્તેય! જન્મે - જન્મ આસુરી યોનિને પ્રાપ્ત થએલા મૂઢો મને પ્રાપ્ત કર્યા વિના જ પછી અધમ ગતિને પામે છે.

**વિવેચન:** આવા મૂઢને જન્મે - જન્મે આસુરી યોનિ પ્રાપ્ત થાય છે અને અન્તે તેથી પણ અધમ અન્ધતમઃરૂપ ગતિ પ્રાપ્ત થાય છે. તેઓને મારી પ્રાપ્તિ થતી જ નથી, દષ્ટિથી પણ મારો સમ્બન્ધ થતો નથી. મૂલમાં 'એવ=જ' શબ્દ યોજેલો છે તેનો ''તેઓને મારી પ્રાપ્તિના સાધનરૂપ સારા માર્ગની પણ પ્રાપ્તિ થતી નથી તો મારી પ્રાપ્તિ તો ક્યાંથી જ થાય? એવો ભાવાર્થ છે. અથવા અવતારદશામાં જ્યારે પ્રાણીમાત્રને મારાં દર્શન થઈ શકે છે ત્યારે પણ તેઓને મારાં સ્વરૂપનું જ્ઞાન નહિ હોવાથી મારું દર્શન થતું નથી એમ એ શબ્દ સૂચવે છે.

આ શ્લોકનું અનુસન્ધાન બ્રહ્મસૂત્ર ૪।૪।૧૩ ના આણુભાષ્યમાં કરેલું છે.

**ત્રિવિધં નરકસ્યેદં દ્વારં નાશનમાત્મનઃ।**



**કામઃ ક્રોધસ્ તથા લોભઃ તસ્માદ્ એતત્ ત્રયં ત્યજેત્॥૨૧॥**

**કામઃ** - કામ, ઈચ્છા; નામ, પ્ર.એ.વ., પુ. 'કામ'
**ક્રોધઃ** - ક્રોધ; નામ, પ્ર.એ.વ., પુ. 'ક્રોધ'
**તથા** - અને, વળી; અવ્યય
**લોભઃ** - લોભ; નામ, પ્ર.એ.વ., પુ. 'લોભ'
**ઈદમ્** - આ; સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
**ત્રિવિધમ્** - ત્રણ પ્રકારનું; વિશેષણ, વિ. 'દ્વારમ્'
**નરકસ્ય** - નરકનું; નામ, ષ.એ.વ., પુ. 'નરક'
**દ્વારમ્** - દ્વારને; વિશેષણ, વિ. 'દ્વાર'
**આત્મનઃ** - પોતાનું; નામ, ષ.એ.વ., પુ. 'આત્મન્'
**નાશનમ્** - નાશ કરનાર; વિશેણ, વિ. 'દ્વાર'
**અસ્તિ** - છે; ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'
**તસ્માત્** - તે કારણે; અવ્યય
**એતદ્** - આ; વિશેષણ, વિ. 'ત્રયમ્'
**ત્રયમ્** - ત્રણનો સમૂહ; નામ, દ્વિ.એ.વ., નપુ. 'ત્રય'
**ત્યજેત્** - છોડવું જોઈએ; ક્રિ. વિધ્યર્થ, તૃ.પુ.એ.વ., 'ત્યજ્' ૧ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** કામ, ક્રોધ અને લોભ, આ આત્માનો નાશ કરનાર ત્રણ પ્રકારનું નરકનું દ્વાર છે તેથી આ ત્રણને તજવાં.

**વિવેચન:** આવા આસુર ભાવથી આત્મનાશ થવાનું મૂલ કારણ કહે છે. આ નરક પ્રાપ્ત કરાવનાર આસુરભાવનું દ્વાર ત્રણ પ્રકારનું છે, કામ, ક્રોધ અને લોભ. તેથી આ ત્રણનો ત્યાગ કરવો. આ ત્રણનો સઙ્ગ પણ તજવો.

**એતૈર્ વિમુક્તઃ કૌન્તેય! તમોદ્વારૈસ્ ત્રિભિર્ નરઃ।**
**આચરત્યાત્મનઃ શ્રેયઃ તતો યાતિ પરાં ગતિમ્॥૨૨॥**

**કૌન્તેય** - હે અર્જુન; સમ્બોધન
**એતૈઃ** - આ; સર્વનામ, દ્વિ.બ.વ., પુ. 'એતદ્'
**ત્રિભિઃ** - ત્રણ; વિશેષણ, વિ. 'તમોદ્વારૈઃ'
**તમોદ્વારૈઃ** - અજ્ઞાનનાં દ્વારોવડે; નામ, તૃ.બ.વ., નપુ. 'તમોદ્વાર'

**વિમુક્તઃ** - **છુટેલો, મુક્ત થયેલો;** ભૂ.કૃ., વિશેષણ, વિ. 'નર'
**નરઃ** - **માણસ;** નામ, પ્ર.એ.વ., પુ. 'નર'
**આત્મનઃ** - **પોતાના;** નામ, ષ.એ.વ., પુ. 'આત્મન્'
**શ્રેયઃ** - **કલ્યાણ;** નામ, દ્વિ.એ.વ., 'શ્રેયસ્'
**આચરતિ** - **આચરે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'આ+ચર્' ૧ ગણ, પરસ્મૈ.
**તતઃ** - **તેથી;** અવ્યય
**પરામ્** - **શ્રેષ્ઠ, પર;** વિશેષણ, વિ. 'ગતિમ્'
**ગતિમ્** - **ગતિને;** નામ, દ્વિ.એ.વ., સ્ત્રી. 'ગતિ'
**યાતિ** - **પામે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'યા' ૨ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** હે કૌન્તેય ! આ ત્રણ તમોદ્વારથી મુક્ત પુરુષ પોતાનું શ્રેય: આચરે છે અને પછી પરમ ગતિને પામે છે.

**વિવેચન:** આ ત્રણથી જે મુક્ત હોય તે પોતાનું શ્રેય: ભક્તિ વિગેરેનું આચરણ કરે છે, અને તેથી ઉત્તમ ગતિને પામે છે.

**યઃ શાસ્ત્રવિધિમ્ ઉત્સૃજ્ય વર્તતે કામકારતઃ ।**
**ન સ સિદ્ધિમ્ અવાપ્નોતિ ન સુખં ન પરાં ગતિમ્ ॥૨૩॥**

**યઃ** - **જે;** સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'યત્'
**શાસ્ત્રવિધિમ્** - **શાસ્ત્રવિધિને;** નામ, દ્વિ.એ.વ., પુ. 'શાસ્ત્રવિધિ'
**ઉત્સૃજ્ય** - **છોડીને;** વિધેય કૃદન્ત
**કામકારતઃ** - **સ્વચ્છન્દતાથી;** નામ, પં.એ.વ., 'તઃ' પ્રત્યય
**વર્તતે** - **વર્તે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'વૃત્' ૧ ગણ, આત્મને.
**સઃ** - **તે;** સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'તત્'
**ન તુ** - **ન તો;** અવ્યય
**સિદ્ધિમ્** - **સિદ્ધિને;** નામ, દ્વિ.એ.વ., સ્ત્રી. 'સિદ્ધિ'
**અવાપ્નોતિ** - **મેળવે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., અવ+આપ્ ૫-ગણ, પરસ્મૈ.
**ચ ન** - **અને નહિ;** અવ્યય
**પરામ્** - **પર, શ્રેષ્ઠ;** વિશેષણ, વિ 'ગતિમ્'
**ગતિમ્** - **ગતિને;** નામ, દ્વિ.એ.વ., સ્ત્રી. 'ગતિ'
**પ્રાપ્નોતિ=મેળવે છે**



**શ્લોકાર્થ:** જે શાસ્ત્રવિધિનો ત્યાગ કરી સ્વચ્છન્દતાથી વર્તન કરે છે તે સિદ્ધિ, સુખ કે પરમ ગતિ પ્રાપ્ત કરતો નથી.

**વિવેચન:** આસુરોના સઙ્ગથી જેઓ શાસ્ત્રવિધિનો ત્યાગ કરી સ્વચ્છન્દતાથી નિષિદ્ધ કર્મ કરે છે તેઓને પોતાના મનથી ઇચ્છેલી સિદ્ધિ, મનનું સુખ અથવા પરમ ગતિ એટલે મોક્ષ પ્રાપ્ત થતાં નથી.

**તસ્માત્ શાસ્ત્રં પ્રમાણં તે કાર્યાકાર્યવ્યવસ્થિતૌ ।**
**જ્ઞાત્વા શાસ્ત્રવિધાનોક્તં કર્મ કર્તુમ્ ઇહાર્હસિ ॥૨૪॥**

**તસ્માત્** - **તેથી;** અવ્યય
**તે (તુભ્યમ્)** - **તારેમાટે;** સર્વનામ, ચ.એ.વ., 'યુષ્મત્'
**ઇહ** - **અહીં, આ સંસારમાં;** અવ્યય
**કાર્યાકાર્ય વ્યવસ્થિતૌ** - **કર્તવ્ય અને અકર્તવ્યની વ્યવસ્થામાં;** નામ, સ.એ.વ., સ્ત્રી. "કાર્યમ્ અકાર્યમ્ ચ તયોઃ વ્યવસ્થિતિઃ" તત્પુરુષ
**શાસ્ત્રમ્** - **શાસ્ત્રને;** નામ, દ્વિ.એ.વ., નપુ. 'શાસ્ત્ર'
**પ્રમાણમ્** - **પ્રમાણ;** વિશેષણ, વિ. 'શાસ્ત્રમ્'
**અસ્તિ** - **છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'
**એવમ્** - **આપ્રકારે;** અવ્યય. **જ્ઞાત્વા** - **જાણીને;** વિધેય કૃદન્ત
**ત્વમ્** - **તું;** સર્વનામ, પ્ર.એ.વ. 'યુષ્મદ્'
**શાસ્ત્રવિધાનોક્તમ્** - **શાસ્ત્ર વિધિથી કહેલું;** ભૂ.કૃ., વિશેષણ, વિ. 'કર્મ'
**કર્મ** - **કર્મને;** નામ, દ્વિ.એ.વ., નપુ. 'કર્મન્'
**કર્તુમ્** - **કરવાને;** હેત્વર્થ કૃદન્ત
**અર્હસિ** - **યોગ્ય છે;** ક્રિ. વ.કા., દ્વિ.પુ.એ.વ., 'અર્હ્' ૧ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** તેથી કર્તવ્ય અને અકર્તવ્ય ની વ્યવસ્થા કરવામાં તારે શાસ્ત્રને પ્રમાણ ગણવું, અને શાસ્ત્રે વિહિત કરેલાં કર્મ જાણીને અહીં તારે કર્મ કરવું યોગ્ય છે.

**ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે**
**શ્રીકૃષ્ણાર્જુનસંવાદે 'દૈવાસુરસમ્પદ્વિભાગયોગો' નામ**
**ષોડશોઽધ્યાયઃ ॥૧૬॥**

## ॥ અધ્યાય ૧૭ ॥
## શ્રદ્ધાત્રયવિભાગયોગ

અર્જુન ઉવાચ

**યે શાસ્ત્રવિધિમ્ ઉત્સૃજ્ય યજન્તે શ્રદ્ધયાન્વિતાઃ।**
**તેષાં નિષ્ઠાં તુ કા કૃષ્ણ! સત્ત્વમાહો રજસ્તમઃ ॥૧॥**

**કૃષ્ણ** - હે કૃષ્ણ; સમ્બોધન
**યે** - જેઓ; સર્વનામ, પ્ર.બ.વ., પુ.
**શાસ્ત્રવિધિમ્** - **શાસ્ત્ર વિધિને;** નામ, દ્વિ.એ.વ., પુ. 'શાસ્ત્રવિધિ'
**ઉત્સૃજ્ય** - **છોડી દઈને;** વિધેય કૃદન્ત
**શ્રદ્ધયાન્વિતાઃ** - **શ્રદ્ધાથી યુક્ત;** વિશેષણ, વિ. 'યે'
**યજન્તે** - **પૂજે છે, સેવે છે, યજન કરે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., 'યજ્' ૧ ગણ, આત્મને.
**તેષામ્** - **તેઓનું;** સર્વનામ, ષ.બ.વ., પુ. 'તત્'
**નિષ્ઠા** - **સ્થિતિ;** નામ, પ્ર.એ.વ., સ્ત્રી.
**તુ** - **પરન્તુ;** અવ્યય
**કા** - કેવી; સર્વનામ, પ્ર.એ.વ. સ્ત્રી. 'કિમ્' (કિમ્=શું)
**સત્ત્વમ્** - **સત્ત્વ;** નામ, પ્ર.એ.વ. નપુ. 'સત્ત્વ' (અસ્તિ=છે)
**આહો** - **અથવા;** અવ્યય
**રજઃ** - **રજોગુણ;** નામ; પ્ર.એ.વ., નપુ. 'રજસ્' (કિમ્ વા=અથવા)
**તમઃ** - **તમોગુણ;** નામ, પ્ર.એ.વ., નપુ. 'તમસ'
**અસ્તિ** - **છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'

**શ્લોકાર્થ :** અર્જુન કહે છે: હે કૃષ્ણ! જેઓ શાસ્ત્ર વિધિનો ત્યાગ કરી શ્રદ્ધાવાળા રહી યજન કરે છે તેઓની નિષ્ઠા કેવી છે, સાત્વિક, રાજસી કે તામસી?

**વિવેચન :** ષોડશ અધ્યાયના અન્તમાં ૨૩મા શ્લોકમાં જે શાસ્ત્રવિધિનો ત્યાગ કરી સ્વચ્છન્દતાથી વર્તન કરે છે તેને પ્રાપ્ત કરવા યોગ્ય તત્ત્વજ્ઞાનરૂપી



સિદ્ધિ પ્રાપ્ત થતી નથી, એમ ભગવાને કહ્યું. આ સમ્બન્ધમાં અર્જુન પ્રશ્ન કરે છે કે જેઓ શાસ્ત્રમાં કહેલી વિધિનો ત્યાગ કરી સ્વચ્છન્દતાથી કર્મ કરે છે તે જો શ્રદ્ધાપૂર્વક કરતા હોય તો તેઓની નિષ્ઠા સાત્ત્વિકી, રાજસી અથવા તામસી કેવી છે?

શ્રીભગવાન્ ઉવાચ

**ત્રિવિધા ભવતિ શ્રદ્ધા દેહિનાં સા સ્વભાવજા।**
**સાત્ત્વિકી રાજસી ચૈવ તામસી ચેતિ તાં શૃણુ॥૨॥**

**અર્જુન** - **હે અર્જુન!** સમ્બોધન
**દેહિનામ્** - **પુરુષોની;** નામ, ષ.બ.વ., પુ. 'દેહિન્'
**સા** - **તે; કેવળ શાસ્ત્રીય સંસ્કાર સહિત નિષ્ઠા;** સર્વનામ, પ્ર.એ.વ., સ્ત્રી. 'તત્'
**સ્વભાવજા** - **સ્વભાવથી ઉત્પન્ન થયેલી;** વિશેષણ, વિ. 'શ્રદ્ધા'
**શ્રદ્ધા** - **શ્રદ્ધા;** નામ, પ્ર.એ.વ. સ્ત્રી. 'શ્રદ્ધા'
**સાત્ત્વિકી** - **સાત્ત્વિકી;** વિશેષણ, વિ. 'શ્રદ્ધા'
**ચ** - **અને;** અવ્યય
**રાજસી** - **રાજસી;** વિશેષણ, વિ. 'શ્રદ્ધા'
**ચ, એવ** - **અને, વળી;** અવ્યય
**તામસી** - **તામસી;** વિશેષણ, વિ. 'શ્રદ્ધા'
**ઇતિ** - **એમ;** અવ્યય
**ત્રિવિધા** - **ત્રાણ પ્રકારની;** અવ્યય
**ભવતિ** - **થાય છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'ભૂ' ૧ ગણ, પરસ્મૈ.
**તામ્ ત્વમ્ મત્** - **તેને તું મારાથી;**
**શૃણુ** - **સાંભળ;** ક્રિ. આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ., 'શ્રુ' ૫ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ :** શ્રીભગવાન્ કહે છે: દેહીઓની તેમના પ્રકૃત સ્વભાવથી ઉત્પન્ન થએલી તે શ્રદ્ધા સાત્ત્વિકી, રાજસી તથા તામસી એવા ત્રણ પ્રકારની હોય છે; તે શ્રવણ કર.

**વિવેચન :** ભગવાન્ અર્જુનના પ્રશ્નનો ઉત્તર આપે છે. દેહી એટલે દેહનું જેઓને અભિમાન છે તેવા જીવોની તેઓના સ્વભાવથી ઉત્પન્ન થતી

શ્રદ્ધા ત્રણ પ્રકારની છે. સત્વ, રજ: અને તમ: એ ત્રણ ગુણથી ઉત્પન્ન થતો સ્વભાવ માત્ર શાસ્ત્રીય વિજ્ઞાનથી અન્યથા થઈ શકે, પરન્તુ શાસ્ત્રવિધિનો ત્યાગ કરી વર્તન કરનાર આવા જીવોને તેવું વિજ્ઞાન હોતું નથી, તેથી તેઓની સ્વચ્છન્દ વર્તનમાં શ્રદ્ધા તેઓના પૂર્વના સ્વભાવથી જ ઉત્પન્ન થએલી હોય છે. આ શ્રદ્ધા સાત્ત્વિકી, રાજસી અને તામસી એમ ત્રણ પ્રકારની હોય છે તે મારી પાસેથી શ્રવણ કર.

**સત્ત્વાનુરૂપા સર્વસ્ય શ્રદ્ધા ભવતિ ભારત!।**
**શ્રદ્ધામયોઽયં પુરુષો યો યત્ શ્રદ્ધ: સ એવ સ:॥૩॥**

**ભારત** - હે **અર્જુન**; સમ્બોધન.
**સર્વસ્ય** - **બધાની**; સર્વનામ, ષ.એ.વ., પુ. 'સર્વ'
**શ્રદ્ધા** - **શ્રદ્ધા**; નામ, પ્ર.એ.વ., સ્ત્રી. 'શ્રદ્ધા'
**સત્ત્વાનુરુપા** - **અન્ત:કરણને અનુરૂપ**; વિશેષણ, વિ. 'શ્રદ્ધા'
**ભવતિ** - **થાય છે.**; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'ભૂ' ૧ ગણ પરસ્મૈ.
**ચ** - **અને**; અવ્યય
**અયમ્** - **આ**; સર્વનામ, પ્ર.એ.વ., 'ઇદમ્' પુ.
**પુરુષ:** - **પુરુષ**; નામ, પ્ર.એ.વ., પુ. 'પુરુષ'
**શ્રદ્ધામય:** - **શ્રદ્ધાવાળો**; વિશેષણ, વિ. 'પુરુષ:'
**અત:** - **એટલે**; અવ્યય
**ય:** - **જે**; સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'યત્'
**યચ્છ્રદ્ધ:** - **જેવો શ્રદ્ધાવાળો**; વિશેષણ, વિ. 'પુરુષ:'
**સ:** - **તે, પોતે**; સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'તત્'
**એવ** - **જ**; અવ્યય
**સ:** - **તે**; સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'તત્'
**અસ્તિ** - **છે**; ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'

**શ્લોકાર્થ**: હે ભારત! સત્ત્વને અનુરૂપ સર્વની શ્રદ્ધા હોય છે. આ પુરુષ શ્રદ્ધામય છે. જેની જેવી શ્રદ્ધા તેવો જ તે છે.

**વિવેચન**: શ્રદ્ધા અન્ત:કરણનો ધર્મ છે. તેથી શ્રદ્ધા 'સત્ત્વ' એટલે અન્ત:કરણને અનુરૂપ હોય છે. સર્વની શ્રદ્ધા પોતપોતાના અન્ત:કરણને અનુરૂપ હોય



છે. અન્ત:કરણ પૂર્વના જેવા સંસ્કાર હોય તેવું હોય છે, અને જેવું અન્ત:કરણ હોય તેવી જ શ્રદ્ધા હોય છે. જેઓનું અન્ત:કરણ શાસ્ત્રના જ્ઞાનથી રહિત હોય છે, તેઓની શ્રદ્ધા પણ તેવી જ હોય છે. આ શ્રદ્ધાથી માત્ર શાસ્ત્રવિધિ પ્રમાણે વર્તન કરે, અથવા શાસ્ત્રવિધિનો ત્યાગ કરી વર્તન કરે. અર્થાત્ શસ્ત્રવિધિ પ્રમાણે અથવા શાસ્ત્રવિધિનો ત્યાગ કરી જે વર્તન કરવામાં આવે તેનું કારણ તેવી શ્રદ્ધા છે, પરન્તુ શ્રદ્ધાથી દેવ તથા આસુર ભાવ જણાતો નથી. શ્રદ્ધાથી ગુણ જણાય છે અર્થાત્ જેની જે ગુણવાળી શ્રદ્ધા હોય તે તેવા ગુણના અન્ત:કરણવાળો છે એમ જણાય છે. આ પુરુષ શ્રદ્ધામય છે. જેની જેવા પ્રકારની શ્રદ્ધા તેવા ગુણવાળો તે છે એમ જાણવું.

આ શ્લોકનું અનુસન્ધાન શ્રીભાગવત ૧૧૭૧૪; ૨૧૯૧૬; ૧૦૪૩૧૪; ૧૦૮૪૩૨ તથા ૧૧૨૧૪ ઉપરના શ્રીસુબોધિનીમાં કરેલું છે.

**યજન્તે સાત્ત્વિકા દેવાન્ યક્ષ-રક્ષાંસિ રાજસા:।**
**પ્રેતાન્ ભૂતગણાંશ્ચાન્યે યજન્તે તામસા જના:॥૪॥**

**સાત્ત્વિકા:** - **સાત્ત્વિકો**; વિશેષણ, વિ. 'જના:'
**જના:** - **માણસો**; નામ, પ્ર.બ.વ. પુ. 'જન'
**દેવાન્** - **દેવોને**; નામ, દ્વિ.બ.વ., પુ. 'દેવ'
**યજન્તે** - **યજન કરે છે**; ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., 'યજ્' ૧ ગણ, આત્મને
**ચ** - **અને**; અવ્યય
**રાજસા:** - **રાજસ પ્રકૃતિવાળાઓ**; વિશેષણ, વિ. 'જના:'
**જના:** - **માણસો**; નામ, પ્ર.બ.વ., પુ. 'જના:'
**યક્ષરક્ષાંસિ** - **યક્ષ અને રાક્ષસોને**; નામ, દ્વિ.બ.વ., નપું, 'યક્ષરક્ષસ્'
**ચ** - **અને**; અવ્યય
**અન્યે** - **બીજાઓ**; વિશેષણ, વિ. 'જના:'
**તામસા:** - **તામસ પ્રકૃતિવાળાઓ**; વિશેષણ, વિ. 'જના:'
**જના:** - **માણસો**; નામ, પ્ર.બ.વ., પુ, 'જન'
**પ્રેતાન્** - **પ્રેતોને**; નામ, દ્વિ.બ.વ., પુ. 'પ્રેત'
**ચ** - **અને**; અવ્યય
**ભૂતગણાન્** - **ભૂતગણોને**; નામ, દ્વિ.બ.વ., પુ. 'ભૂતગણ'
**યજન્તે** - **યજન કરે છે, સેવે છે, પૂજા કરે છે.**; ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ.,

'યજ્' ૧ ગણ, આત્મને

**શ્લોકાર્થ:** સાત્ત્વિકો દેવોનું યજન કરે છે, રાજસો યક્ષ તથા રાક્ષસો નું યજન કરે છે અને અન્ય તામસ જનો પ્રેતો તથા ભૂતગણોનું યજન કરે છે.

**વિવેચન:** સાત્ત્વિકો એટલે સાત્ત્વિક શ્રદ્ધાવાળી જેઓની પ્રકૃતિ છે તેઓ દેવોનું યજન કરે છે. રાજસી શ્રદ્ધાવાળી પ્રકૃતિવાળા યક્ષ તથા રાક્ષસો નું યજન કરે છે અને તામસી શ્રદ્ધાવાળી પ્રકૃતિવાળા ભૂત તથા પ્રેત નું યજન કરે છે.

**અશાસ્ત્રવિહિતં ઘોરં તપ્યન્તે યે તપો જનાઃ।**
**દમ્ભાહઙ્કાર-સંયુક્તાઃ કામ-રાગ-બલાન્વિતાઃ॥૫॥**
**કર્ષયન્તઃ શરીરસ્થં ભૂતગ્રામમ્ અચેતસઃ।**
**માં ચૈવાન્તઃ શરીરસ્થં તાન્ વિદ્ધ્યાસુરનિશ્ચયાન્॥૬॥**

**યે** - **જેઓ;** સર્વનામ, પ્ર.બ.વ., પુ.
**જનાઃ** - **મનુષ્યો;** નામ, પ્ર.બ.વ., પુ. 'જન'
**અશાસ્ત્રવિહિતમ્** - **શાસ્ત્રના વિધાન વિનાના;** વિશેષણ, વિ. 'તપઃ'
**ઘોરમ્** - **ઘોર;** વિશેષણ, વિ. 'તપઃ'
**તપઃ** - **તપને;** નામ, દ્વિ.એ.વ., નપુ. 'તપસ્'
**તપ્યન્તે** - **તપે છે, તપ કરે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., 'તપ્' ૪ ગણ
**તથા** - **અને;** અવ્યય
**દમ્ભાહઙ્કારસંયુક્તાઃ** - **દમ્ભ અને અહઙ્કારથી સંયુક્ત થયેલા;** વિશેષણ, વિ. 'જનાઃ' ''દમ્ભશ્ચ અહઙ્કારશ્ચ ઈતિ તાભ્યામ્ સંયુક્તાઃ'' તત્પુરુષ
**કામરાગબલાન્વિતાઃ** - **કામ, રાગ અને બલયુક્ત થયેલો;** વિશેષણ, વિ. 'જનાઃ' ''કામશ્ચ રાગશ્ચ બલશ્ચ ઈતિ તૈઃ અન્વિતાઃ ઈતિ'' તત્પુરુષ
**તે** - **તે મનુષ્યો;**
**શરીરસ્થમ્** - **શરીરમાં રહેનારાઓને, શરીરરૂપથી સ્થિત;** વિશેષણ, વિ. 'ભૂતગ્રામમ્'
**ભૂતગ્રામમ્** - **ભૂત સમુદાયને;** નામ, દ્વિ.એ.વ.,
**ચ** - **અને;** અવ્યય



**અન્તઃશરીરસ્થમ્** - **અન્તઃકરણમાં રહેલો;** વિશેષણ, વિ. 'મામ્'
**મામ્** - **મને;** સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
**એવ** - **જ;** અવ્યય
**કર્ષયન્તઃ** - **ખેંચનારા, દુઃખ આપનારા;** વ.કૃ., વિશેષણ, વિ. 'જનાઃ'
**સન્તિ** - **છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.બ.વ. 'અસ્'
**તાન્** - **તેઓને;** સર્વનામ, દ્વિ.બ.પુ., પુ. 'તત્'
**અચેતસઃ** - **અજ્ઞાનીઓ;** વિશેષણ, વિ. 'જનાઃ'
**ત્વમ્** - **તું;** સર્વનામ, પ્ર.એ.વ. 'યુષ્મદ્'
**આસુરનિશ્ચયાન્** - **આસુર નિશ્ચયવાળા, આસુર સ્વભાવવાળા,** વિશેષણ વિ. 'તાન્'
**વિદ્ધિ** - **જાણ;** ક્રિ. આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ., 'વિદ્' ૨ ગણ પરસ્મૈ.

**શ્લોકાર્થ:** જે બુદ્ધિહીન લોકો દમ્ભ તથા અહઙ્કાર યુક્ત રહી કામ, રાગ તથા બળ વાળા હોઈ, શરીરમાં રહેલા ભૂતગ્રામને તથા હૃદયમાં રહેલા મને પણ કૃશ કરતાં શાસ્ત્રમાં વિહિત ન હોય તેવું ઘોર તપ તપે છે તેઓને આસુર નિશ્ચયવાળા જાણ(૫,૬).

**વિવેચન:** શાસ્ત્રવિધિનો ત્યાગ કરી સ્વચ્છન્દતાથી તથા શ્રદ્ધાપૂર્વક કર્મ કરનારાઓમાં પણ આસુરી જીવો કેવા હોય છે તે કહે છે. દમ્ભ, અહઙ્કાર, કામ, રાગ વિગેરે દુર્ગુણમાં મચ્યા રહેલા જે બુદ્ધિહીન જ્ઞાનશૂન્ય લોકો પોતાના શરીરમાં રહેલા પૃથ્વી વિગેરે ભૂતોના સમૂહને શાસ્ત્રમાં વિહિત ન હોય તેવાં ઘોર તપ કરી કૃશ કરે છે અને હૃદયમાં અન્તર્યામીરૂપે રહેલા મને પણ, મારી આજ્ઞાનો ભઙ્ગ કરી, પોતાથી દૂર કરે છે તે લોકો નિશ્ચય આસુરી છે એમ જાણ.

આ છઠ્ઠા શ્લોકનું અનુસન્ધાન શ્રીભાગવત્ ૨।૪।૧૭ ઉપરનાં સુબોધિનીમાં કરેલું છે.

**આહારસ્ત્વપિ સર્વસ્ય ત્રિવિધો ભવતિ પ્રિયઃ।**
**યજ્ઞસ્ તપસ્ તથા દાનં તેષાં ભેદમ્ ઈમં શૃણુ॥૭॥**

**આહારઃ** - **ભોજન;** નામ, પ્ર.એ.વ., પુ. 'આહાર'
**અપિ** - **પણ;** અવ્યય

**સર્વસ્ય** - બધાનું; સર્વનામ, ષ.એ.વ., પુ. 'સર્વ'
**ત્રિવિધઃ** - ત્રણ પ્રકારનો; વિશેષણ, વિ. 'આહારઃ'
**પ્રિયઃ** - પ્રિય, સારું; વિશેષણ, વિ. 'આહારઃ'
**ભવતિ** - થાય છે. ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'ભૂ' ૧ ગણ પરસ્મૈ.
**તુ તથા** - અને વળી; અવ્યય
**યજ્ઞઃ** - યજ્ઞ; નામ, પ્ર.એ.વ., પુ.
**તપઃ** - તપ; નામ, પ્ર.એ.વ., નપુ.
**દાનમ્** - દાન; નામ, પ્ર.એ.વ., નપુ. 'દાન'
**અપિ ત્રિવિધમ્ ભવતિ** - પણ ત્રણ પ્રકારના હોય છે;
**તેષામ્** - તેઓનું; સર્વનામ, ષ.બ.વ., 'તત્' પુ. નપુ.
**ઈમમ્** - આ; સર્વનામ, દ્વિ.એ.વ., પુ. 'ઇદમ્'
**ભેદમ્** - ભેદને; નામ, દ્વિ.એ.વ., પુ. 'ભેદ'
**ત્વમ્** - તું; સર્વનામ, પ્ર.એ.વ. 'યુષ્મદ્'
**શૃણુ** - સાંભળ, જાણ; ક્રિ. આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ., 'શ્રુ' ૫ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** વળી આહાર તેમજ યજ્ઞ, તપ તથા દાન સર્વને ત્રણ પ્રકારના પ્રિય હોય છે. તેઓનો આ ભેદ શ્રવણ કર.

**વિવેચન:** 'શાસ્ત્રીય' એટલે વૈદિક યજ્ઞ વિગેરેમાં પણ સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ ગુણથી થતા ત્રણ પ્રકારના ભેદ છે તે દર્શાવે છે. આહાર તેમજ યજ્ઞ, તપ તથા દાન ત્રણ પ્રકારના હોય છે તેનો ભેદ સાંભળ.

**આયુઃ-સત્ત્વ-બલારોગ્ય — સુખ-પ્રીતિવિવર્ધનાઃ ।**
**રસ્યાઃ સ્નિગ્ધાઃ સ્થિરા હૃદ્યા આહારાઃ સાત્ત્વિકપ્રિયાઃ ।૮।**

**આયુઃ-સત્ત્વ-બલારોગ્ય-સુખ-પ્રીતિ-વિવર્ધનાઃ** - આયુષ્ય, બુદ્ધિ, બળ, આરોગ્ય, સુખ અને પ્રીતિ ને વધારનારાઓ; વિશેષણ, વિ. 'આહારાઃ' "આયુઃ સત્ત્વમ્ બલઃ આરોગ્યં સુખં પ્રીતિઃ તેષાં વિવર્ધનાઃ ઇતિ" બહુવ્રીહિ
**એવમ્ ચ** - આ જ પ્રકારે; અવ્યય
**રસ્યાઃ** - રસયુક્ત; વિશેષણ, વિ. 'આહારાઃ'
**સ્નિગ્ધાઃ** - ચીકણા, સ્નેહવાળા; વિશેષણ, વિ. 'આહારાઃ'



**સ્થિરાઃ** - ટકે એવા; વિશેષર, વિ. 'આહારાઃ'
**ચ** - અને; અવ્યય
**હૃદ્યાઃ** - મનને પ્રિય થાય એવા; વિશેષણ, વિ. 'આહારાઃ'
**આહારાઃ** - આહારો;
**સાત્ત્વિકપ્રિયાઃ** - સાત્ત્વિક પુરુષોને પ્રિય; વિશેષણ, વિ. 'આહારાઃ'
**ભવન્તિ** - થાય છે; ક્રિ. વ.કા. તૃ.પુ.બ.વ.

**શ્લોકાર્થ:** આયુ સત્ત્વ બલ આરોગ્ય સુખ અને પ્રીતિ ની વૃદ્ધિ કરનારા રસવાળા સ્નિગ્ધ સ્થિર અને રુચિકર આહારો સાત્ત્વિકોને પ્રિય હોય છે.

**વિવેચન:** 'આયુઃ' એટલે આયુષ્ય, 'સત્ત્વ' એટલે જ્ઞાન, બલ, આરોગ્ય, સુખ અને પ્રીતિ ની વૃદ્ધિ કરનારા મધુરરસવાળા, સ્નેહ( ઘી ) વાળા તથા સ્થિર પરિણામવાળા અને હૃદયને આનન્દ કરે તેવા રુચિકર આહારો સાત્ત્વિકોને પ્રિય હોય છે, કારણ કે આ આહાર સત્ત્વગુણની વૃદ્ધિ કરે છે અથવા આ આહારો સાત્ત્વિકોને પ્રિય એટલે સાત્ત્વિકોને સુખ કરનાર છે.

**કટ્વમ્લ-લવણાત્યુષ્ણ — તીક્ષ્ણ-રૂક્ષ-વિદાહિનઃ ।**
**આહારા રાજસસ્યેષ્ટા દુઃખ-શોકામયપ્રદાઃ ।।૯।।**

**કટ્વમ્લ-લવણાત્યુષ્ણ-તીક્ષ્ણ-રૂક્ષ-વિદાહિનઃ** - કડવા, ખાટા, ક્ષારવાળા ખારા, અતિ ગરમ, તીખા, લુખા, દાહક; વિશેષણ, વિ. 'આહારાઃ'
**દુઃખ-શોકામયપ્રદાઃ** - દુઃખ, શોક, અને રોગ ને આપનારા; વિશેષણ, વિ. 'આહારાઃ'
**આહારાઃ** - આહારો; નામ, પ્ર.બ.વ., પુ. 'આહાર'
**રાજસસ્ય** - રાજસગુણવાળાના; નામ, ષ.એ.વ., પુ. 'રાજસ'
**ઈષ્ટાઃ** - ઈચ્છેલા, પ્રિય; ભૂ.કૃ., વિશેષણ, વિ. 'આહારાઃ'
**ભવતિ** - થાય છે; ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ.

**શ્લોકાર્થ:** ઘણા તીખા ખાટા અને ખારા, બહુ ગરમ, તીક્ષ્ણ, લૂખા તથા દાહકારક આહારો જે દુઃખ, શોક અને રોગ કરનાર હોય છે. તે રાજસોને ઈષ્ટ છે.

**યાતયામં ગતરસં પૂતિ પર્યુષિતં ચ યત્।**
**ઉચ્છિષ્ટમપિ ચામેધ્યં ભોજનં તામસપ્રિયમ્॥૧૦॥**

**યત્** - જે; સર્વનામ, પ્ર.એ.વ., નપુ. 'યત્'
**ભોજનમ્** - ખાવાના પદાર્થ; નામ, પ્ર.એ.વ., નપુ. 'ભોજન'
**યાતયામમ્** - જેના ઉપર એક પ્રહર પસાર થયેલું છે એવું; વિશેષણ, વિ. 'ભોજનમ્'
**ગતરસમ્** - રસ વિનાનું; વિશેષણ, વિ. 'ભોજનમ્'
**ચ** - અને; અવ્યય
**પૂતિ** - દુર્ગન્ધવાળું; વિશેષણ, વિ. 'ભોજનમ્'
**પર્યુષિતમ્** - વાસી; વિશેષણ, વિ. 'ભોજનમ્'
**ઉચ્છિષ્ટમ્** - અવશેષ રહેલું; વિશેષણ, વિ. 'ભોજનમ્'
**અપિ ચ** - પણ અને; અવ્યય
**અમેધ્યમ્** - અપવિત્ર, સમર્પિત થયા વિનાનું, નિવેદન ન કર્યું હોય તેવું; વિશેષણ, વિ. 'ભોજનમ્'
**તામસપ્રિયમ્** - તામસ પ્રકૃતિવાળાઓને પ્રિય; વિશેષણ, વિ. 'ભોજનમ્'
**ભવતિ** - હોય છે; ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ.

**શ્લોકાર્થમ્:** યામ(આસરે ત્રણ કલાક) પડી રહેલું, રસરહિત થએલું (લુખું), દુર્ગન્ધવાળું, વાસી, એઠું તથા અપવિત્ર ભોજન તામસોને પ્રિય હોય છે.

એ પ્રમાણે ત્રણ પ્રકારના આહાર કહી હવે ત્રણ પ્રકારના યજ્ઞ ત્રણ ( ૧૧ - ૧૩ )શ્લોકથી કહે છે :

**અફલાકાંક્ષિભિર્ યજ્ઞો વિધિદષ્ટો ય ઇજ્યતે।**
**યષ્ટવ્યમેવેતિ મનઃ સમાધાય સ સાત્ત્વિકઃ॥૧૧॥**

**યઃ** - જે; સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'યત્'
**યજ્ઞઃ** - યજ્ઞ; નામ, પ્ર.એ.વ., પુ. 'યજ્ઞ'
**વિધિદષ્ટઃ** - શાસ્ત્રે બતાવેલું, વિધિએ બતાવેલું; વિશેષણ, વિ. 'યજ્ઞઃ'
**ચ** - અને; અવ્યય
**યષ્ટવ્યમ્** - યજ્ઞ કર્તવ્યરૂપ છે; વિધેય કર્મણિ, કૃદ., વિશેષણ, વિ. 'મનઃ'
**એવ ઇતિ** - જ એ પ્રકારે; અવ્યય
**મનઃ** - મન; નામ, દ્વિ.એ.વ., નપુ. 'મનસ્'



**સમાધાય** - સમાધાન કરીને, રોકીને; વિધેય કૃદન્ત
**અફલાકાંક્ષિભિઃ** - ફળની આકાક્ષા ન રાખવાવાળા વડે; વિશેષણ, વિ. 'જનૈઃ' તૃ.બ.વ., પુ.
**ઇજ્યતે** - કરાય છે; ક્રિ. વર્ત. કર્મણિ, તૃ.પુ.એ.વ., 'યજ્' ૧ ગણ, આત્મને.
**સઃ** - તે; સર્વનામ, પ્ર.એ.વ., 'તત્' પુ. **યજ્ઞઃ** - યજ્ઞ;
**સાત્ત્વિકઃ** - સાત્ત્વિક; વિશેષણ, વિ. 'યજ્ઞઃ'
**અસ્તિ** - છે; ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'

**શ્લોકાર્થ:** યજ્ઞ કરવો જ જોઈએ એવો મનમાં નિશ્ચય કરી, ફલની આકાંક્ષા નહિ રાખનારાઓ વિધિએ બોધ કરેલો જે યજ્ઞ કરે છે તે સાત્ત્વિક છે.

**અભિસન્ધાય તુ ફલં દમ્ભાર્થમપિ ચૈવ યત્।**
**ઇજ્યતે ભરતશ્રેષ્ઠ! તં યજ્ઞં વિદ્ધિ રાજસમ્॥૧૨॥**

**તુ** - તુ, પરન્તુ; અવ્યય
**ભરતશ્રેષ્ઠ** - હે અર્જુન; સમ્બોધન
**યત્** - જે; યજન, યજ્ઞ; સર્વનામ, પ્ર.એ.વ., નપુ. યજ્ઞમ્ - યજ્ઞ
**દમ્ભાર્થમ્** - કેવળ દમ્ભ આચારણને જ માટે; નામ, ચ.એ.વ., પુ.
**ચૈવ** - અને વળી; અવ્યય
**ફલમ્** - ફળને; નામ, દ્વિ.એ.વ., નપુ. **અપિ** - પણ; અવ્યય
**અભિસન્ધાય** - ઉદ્દેશ રાખીને; વિધેય કૃદન્ત
**ઇજ્યતે** - પૂજાય છે.; ક્રિ.વ.કર્મણિ, તૃ.પુ.એ.વ., 'યજ્' ૧ ગણ
**તમ્** - તેને; સર્વનામ, દ્વિ.એ.વ., પુ. 'તત્'
**યજ્ઞમ્** - યજ્ઞને; નામ, દ્વિ.એ.વ., પુ. 'યજ્ઞ'
**ત્વમ્** - તું; સર્વનામ, પ્ર.એ.વ. 'યુષ્મદ્'
**રાજસમ્** - રાજસ; વિશેષણ,વિ. 'યજ્ઞમ્'
**વિદ્ધિ** - જાણ; ક્રિ. આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ., 'વિદ્' ૨ ગણ

**શ્લોકાર્થ:** પરન્તુ હે ભરતશ્રેષ્ઠ! ફલનું અનુસન્ધાન રાખી તેમજ દમ્ભને માટે જે યજ્ઞ કરાય છે તે યજ્ઞને રાજસ જાણ.

**વિધિહીનમ્ અસૃષ્ટાન્નં મન્ત્રહીનમ્ અદક્ષિણમ્।**

**શ્રદ્ધાવિરહિતં યજ્ઞં તામસં પરિચક્ષતે ॥૧૩॥**

**વિધિહીનમ્** - **શાસ્ત્ર વિધિ વિનાનો;** વિશેષણ, વિ. 'યજ્ઞમ્'
**અસૃષ્ટાન્નમ્** - **જેમાં અન્નનો ત્યાગ કરવામાં આવતો નથી.** વિશેષણ, વિ. 'યજ્ઞમ્'
**મન્ત્રહીનમ્** - **મન્ત્ર વિનાનો;** વિશેષણ, 'યજ્ઞમ્'
**અદક્ષિણમ્** - **દક્ષિણા વિનાનો;** વિશેષણ, વિ. 'યજ્ઞમ્'
**ચ** - **અને;** અવ્યય
**શ્રદ્ધાવિરહિતમ્** - **શ્રદ્ધારહિત કરેલો;** વિશેષણ, વિ. 'યજ્ઞમ્'
**યજ્ઞમ્** - **યજ્ઞને;** નામ, દ્વિ.એ.વ., પુ. 'યજ્ઞ'
**તામસમ્** - **તામસ;** વિશેષણ, વિ. 'યજ્ઞમ્'
**પરિચક્ષતે** - **કહે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., 'પરિ + ચક્ષ્' ૨ ગણ આત્મને

**શ્લોકાર્થ :** વિધિરહિત, અન્નદાનરહિત, મન્ત્રરહિત, દક્ષિણારહિત તથા શ્રદ્ધારહિત યજ્ઞને તામસ કહે છે.

**વિવેચન :** યજ્ઞ પછી તપના સાત્ત્વિક વિગેરે ત્રણ ભેદ દર્શાવવાના છે. તે દરેક જાતનું તપ શારીર, વાચિક અને માનસ એમ ત્રણ પ્રકારનું હોવાથી પ્રથમ શારીર વિગેરે ત્રણ ભેદ ત્રણ શ્લોકથી (૧૪-૧૬) કહે છે, અને પછી સાત્ત્વિક વિગેરે ત્રણ ભેદ ત્રણ શ્લોકથી (૧૭-૧૯) કહે છે. આ રીતે તપના કુલ નવ પ્રકાર થાય છે.

**દેવ-દ્વિજ-ગુરુ-પ્રાજ્ઞ-પૂજનં શૌચમ્ આર્જવમ્।**
**બ્રહ્મચર્યમ્ અહિંસા ચ શારીરં તપ ઉચ્યતે ॥૧૪॥**

**દેવદ્વિજગુરુપ્રાજ્ઞપૂજનમ્** - **દેવતા, બ્રાહ્મણ, ગુરુ, જ્ઞાનીજનો નું પૂજન જેમાં છે તેવું;** વિશેષણ, વિ. 'તપઃ' ''દેવસ્ય દ્વિજસ્ય ગુરોઃ પ્રાજ્ઞસ્ય પૂજનમ્ યસ્મિન્ ઈતિ'' બહુ.
**શૌચમ્** - **પવિત્રતા;** નામ, પ્ર.એ.વ., નપુ. 'શૌચ'
**આર્જવમ્ બ્રહ્મચર્યમ્** - **સરળતા બ્રહ્મચર્ય;** નામ, પ્ર.એ.વ., નપુ.
**ચ** - **અને;** અવ્યય
**અહિંસા** - **અહિંસા;** નામ, પ્ર.એ.વ., સ્ત્રી.
**ઈદમ્** - **આ;** સર્વનામ, પ્ર.એ.વ. 'ઈદમ્' નપુ.



**શારીરમ્** - **શરીર સમ્બન્ધી;** વિશેષણ, વિ. 'તપઃ'
**તપઃ** - **તપ;** નામ, પ્ર.એ.વ., નપુ. 'તમસ્'
**ઉચ્યતે** - **કહેવાય છે;** ક્રિ. વ.કર્મણિ, તૃ.પુ.એ.વ., 'વચ્' ૨ ગણ

**શ્લોકાર્થ :** દેવ દ્વિજ ગુરુ તથા પ્રાજ્ઞ નું પૂજન, શુદ્ધતા, ઋજુતા, બ્રહ્મચર્ય અને અહિંસા એ શારીર તપ કહેવાય છે.

**અનુદ્વેગકરં વાક્યં સત્યં પ્રિયહિતં ચ યત્।**
**સ્વાધ્યાયાભ્યસનં ચૈવ વાઙ્મયં તપ ઉચ્યતે ॥૧૫॥**

**ચ** - **અને;** અવ્યય
**યત્** - **જે;** સર્વનામ, પ્ર.એ.વ., નપુ. 'યત્'
**અનુદ્વેગકરં** - **ઉદ્વેગ ન કરવાવાળો;** વિશેષણ, વિ. 'વાક્યમ્'
**પ્રિયહિતમ્** - **પ્રિય અને હિતકારક;** વિશેષણ, વિ. 'વાક્યમ્'
**સત્યમ્** - **સત્ય;** વિશેષણ, વિ. 'વાક્યમ્'
**વાક્યમ્** - **વાક્ય;** નામ, પ્ર.એ.વ., નપુ. 'વાક્ય'. **ચ** - **અને;** અવ્યય
**સ્વાધ્યાયાભ્યસનમ્** - **વેદનો અભ્યાસ;** નામ, પ્ર.એ.વ., નપુ.
**વાઙ્મયમ્** - **વાણી સમ્બન્ધી;** વિશેષણ, વિ. 'તપઃ'
**તપઃ** - **તપ;** નામ, પ્ર.એ.વ., નપુ. 'તપસ્'
**ઉચ્યતે** - **કહેવાય છે;** ક્રિ. વ.કર્મણિ, તૃ.પુ.એ.વ. 'વચ્' ૨ ગણ

**શ્લોકાર્થ :** ઉદ્વેગ ન કરે તેવું, સત્ય તથા પ્રિય અને હિત વચન તેમજ વેદનો અભ્યાસ એ વાચિક તપ કહેવાય છે.

**વિવેચન :** મૂલમાં બીજી પંક્તિમાં 'ચ' છે તેથી વેદની સાથે સ્મૃતિનો પણ અભ્યાસ કરવાનો છે, અને 'ચ' પછી 'એવ'શબ્દ છે તે સ્મૃતિનો અભ્યાસ વેદના અવિરોધથી કરવાનો છે, એટલે વેદવાક્યથી વિરુદ્ધ ન હોય તેવી સ્મૃતિનો અભ્યાસ કરવાનો છે એમ સૂચવે છે.

**મનઃપ્રસાદઃ સૌમ્યત્વં મૌનમ્ આત્મવિનિગ્રહઃ।**
**ભાવસંશુદ્ધિરિત્યેતત્ તપો માનસમ્ ઉચ્યતે ॥૧૬॥**

**મનઃપ્રસાદઃ** - **મનની પ્રસન્નતા;** નામ, પ્ર.એ.વ., પુ. 'મનઃપ્રસાદ'

ચ - અને; અવ્યય
**સૌમ્યત્વમ્ - શાન્તભાવ;** નામ, પ્ર.એ.વ., નપુ. 'સૌમ્યત્વમ્'
**મૌનમ્ - ચિન્તન કરવાનો સ્વભાવ;** નામ, પ્ર.એ.વ., નપુ. 'મૌન'
**આત્મવિનિગ્રહઃ - મનનો નિગ્રહ;** નામ, પ્ર.એ.વ., પુ. 'આત્મવિનિગ્રહઃ'
**ભાવસંશુદ્ધિઃ - અન્તઃકરણની પવિત્રતા;** નામ, પ્ર.એ.વ., સ્ત્રી.
**ઈતિ - એ પ્રકારે;** અવ્યય
**એતદ્ - આ;** સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
**માનસમ્ - માનસિક, મન સમ્બન્ધી;** વિશેષણ, વિ. 'તપઃ'
**તપઃ - તપ;** નામ, પ્ર.એ.વ., નપુ. 'તપસ્'
**ઉચ્યતે - કહેવાય છે;** ક્રિ. વ.કર્મણિ, તૃ.પુ.એ.વ., 'વચ્' ૨ ગણ

**શ્લોકાર્થ:** મનની પ્રસન્નતા, સૌમ્યપણું, મૌન તથા મનનો નિગ્રહ અને ભાવની શુદ્ધતા એ 'માનસતપ' કહેવાય છે.

**શ્રદ્ધયા પરયા તપ્તં તપસ્ તત્ ત્રિવિધં નરૈઃ।**
**અફલાકાંક્ષિભિર્ યુક્તૈઃ સાત્ત્વિકમ્ પરિચક્ષતે॥૧૭॥**

**અર્જુન - હે અર્જુન;** સમ્બોધન
**યત્ - જે;** સર્વનામ, પ્ર.એ.વ., નપુ. 'યત્'
**અફલાકાઙ્ક્ષિભિઃયુક્તૈઃ (યોગિભિઃ) - ફલની આકાઙ્ક્ષા વગરના નિષ્કામ યોગીવડે;** વિશેષણ, વિ. 'નરૈઃ'
**નરૈઃ - માણસોવડે;** નામ, તૃ.બ.વ., પુ. 'નર'
**પરયા - પરમ;** વિશેષણ, વિ. 'શ્રદ્ધયા'
**શ્રદ્ધયા - શ્રદ્ધાથી;** નામ, તૃ.એ.વ., સ્ત્રી.
**તપ્તમ્ - તપેલું,** કરેલું. ભૂ.કૃ., વિશેષણ, વિ. 'તપઃ'
**તત્ - તે;** સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
**ત્રિવિધમ્ - ત્રણ પ્રકારનું;** વિશેષણ, વિ. 'તપસ્'
**તપઃ - તપ;** નામ, પ્ર.એ.વ. નપુ. 'તપસ્'
**સાત્ત્વિકમ્ - સાત્ત્વિક;** વિશેષણ, વિ. 'તપઃ'
**પરિચક્ષતે - કહે છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.બ.વ., પરિ + ચક્ષ્ ૨ ગણ, આત્મને

**શ્લોકાર્થ:** ફલની આકાંક્ષા નહિ રાખનાર યુક્ત પુરુષોએ પરમ શ્રદ્ધાથી તપેલાં



તે ત્રણ પ્રકારનાં તપને 'સાત્ત્વિક' કહે છે.

**સત્કાર-માન-પૂજાર્થં તપો દમ્ભેન ચૈવ યત્।**
**ક્રિયતે તદિહ પ્રોક્તં રાજસં ચલમ્ અધ્રુવમ્॥૧૮॥**

**ચ - અને;** અવ્યય
**યત્ - જે;** સર્વનામ, પ્ર.એ.વ., નપુ. 'યત્'
**તપઃ - તપ;** નામ, પ્ર.એ.વ., નપુ. 'તપસ્'
**સત્કારમાનપૂજાર્થમ્ - સત્કાર, માન અને પૂજા ને માટે;** નામ, ચ.એ.વ.
**વા - અથવા;**
**દમ્ભેન - દમ્ભથી;** નામ, તૃ.એ.વ., પુ. 'દમ્ભ'
**એવ - જ;** અવ્યય
**ક્રિયતે - કરાય છે;** ક્રિ. વ.કર્મણિ, તૃ.પુ.એ.વ. 'કૃ' ૮ ગણ
**તત્ - તે;** સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
**અધ્રુવમ્ - અનિત્ય;** વિશેષણ, વિ. 'તપઃ'
**ચલમ્ - ક્ષણિક;** વિશેષણ, વિ. 'તપઃ'
**ઈહ - આ લોકમાં, અહીંઆ;** અવ્યય
**રાજસમ્ - રાજસ;** વિશેષણ, વિ. 'તપઃ'
**પ્રોક્તમ્ - કહેવાયેલું;** ભૂ.કૃ.,વિશેષણ, વિ. 'તપઃ'

**શ્લોકાર્થ:** સત્કાર માન અને પૂજા માટે તેમજ દમ્ભથી અહિં જે ચલ અને અધ્રુવ તપ કરવામાં આવે છે તેને 'રાજસ' કહે છે.

**મૂઢગ્રાહેણાત્મનો યત્ પીડયા ક્રિયતે તપઃ।**
**પરસ્યોત્સાદનાર્થં વા તત્ તામસમ્ ઉદાહૃતમ્॥૧૯॥**

**યત્ - જે;** વિશેષણ, વિ. 'તપઃ'
**તપઃ - તપ;** નામ, પ્ર.એ.વ., નપુ. 'તપસ્'
**મૂઢગ્રાહેણ - મૂઢતાથી, હઠપૂર્વક;** નામ, તૃ.એ.વ., પુ. ''મૂઢઃ ગ્રાહઃ યસ્મિન્ ઈતિ'' બહુ.
**આત્મનઃ - પોતાનું, આત્માનું, મન, પ્રાણ, ઈન્દ્રિયની ક્રિયાનું;** નામ, ષ.એ.વ., પુ.
**પીડયા - પીડાવડે;** નામ, તૃ.એ.વ., સ્ત્રી. 'પીડા'

વા - અથવા; અવ્યય
પરસ્ય - બીજાના; સર્વનામ, ષ.એ.વ., પુ. 'પર'
ઉત્સાદનાર્થમ્ - અનિષ્ટને માટે, ઉચ્છેદન માટે; નામ, ચ.એ.વ.
ક્રિયતે - કરાય છે; ક્રિ. વ.કર્મણિ, તૃ.પુ.એ.વ., 'કૃ' ૮ ગણ
તત્ - તે; સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
તામસમ્ - તામસ; વિશેષણ, વિ. 'તપઃ'
ઉદાહૃતમ્ - કહેલું; ભૂ.કૃ., વિશેષણ, વિ. 'તપઃ'

શ્લોકાર્થ: મૂર્ખાઈ ભરેલા દુરાગ્રહથી પોતાને પીડા કરી અથવા પારકાનો વિનાશ કરવા જે તપ કરાય છે તેને 'તામસ' કહે છે.

વિવેચન: એ પ્રમાણે સાત્ત્વિક, રાજસ તથા તામસ એ ત્રણ પ્રકારનું તપ કહ્યું. આ દરેક પ્રકારના શારીર, વાચિક અને માનસ એવા ત્રણ પ્રકાર કહેલા છે. તેથી તપના નવ પ્રકાર કહ્યા. હવે ત્રણ શ્લોકથી (૨૦-૨૨) દાનના ત્રણ ભેદ કહે છે.

**દાતવ્યમ્ ઈતિ યદ્ દાનં દીયતેઽનુપકારિણે।**
**દેશે કાલે ચ પાત્રે ચ તદ્ દાનં સાત્ત્વિકં સ્મૃતમ્॥૨૦॥**

ચ - અને; અવ્યય
દાતવ્યમ્ - આપવા યોગ્ય; વિધેય કર્મણિ, કૃ. વિશેષણ, વિ. 'દાનમ્'
ઈતિ - એમ; અવ્યય
યત્ - જે; સર્વનામ, પ્ર.એ.વ., નપુ. 'યત્'
દાનમ્ - દાન; નામ, પ્ર.એ.વ., નપુ. 'દાન'
દેશે - યોગ્ય દેશમાં, કોઈ પણ દેશમાં; નામ, સ.એ.વ. પુ. 'દેશ'
કાલે - યોગ્ય સમયમાં; નામ, સ.એ.વ., પુ. 'કાલ'
ચ - અને; અવ્યય
પાત્રે - યોગ્ય માણસમાં; નામ, સ.એ.વ., પુ. 'પાત્ર'
અનુપકારિણે - પ્રત્યુપકાર ન કરી શકે એવાને; નામ, ચ.એ.વ.પુ. 'અનુપકારિન્'
દીયતે - અપાય છે; ક્રિ. વ.કર્મણિ, તૃ.પુ.એ.વ., 'દા' ૩ ગણ
તત્ - તે; સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
દાનમ્ - દાન; નામ, પ્ર.એ.વ., નપુ.



સાત્ત્વિકમ્ - સાત્ત્વિક; વિશેષણ, વિ. 'દાનમ્'
સ્મૃતમ્ - કહેવાયેલું; ભૂ.કૃ., વિશેષણ, વિ. 'દાનમ્'

શ્લોકાર્થ: દાન કરવું જ જોઈએ એમ ધારી જે દાન (ઉત્તમ) દેશમાં (ઉત્તમ) કાલમાં અનુપકારી પાત્રને (દાન લેનાર મારો પ્રતિ ઉપકાર કરે તેવી ભાવના વિના) દેવામાં આવે તે દાન 'સાત્ત્વિક' કહેલું છે.

**યત્તુ પ્રત્યુપકારાર્થં ફલમ્ ઉદ્દિશ્ય વા પુનઃ।**
**દીયતે ચ પરિક્લિષ્ટં તદ્ દાનં રાજસં સ્મૃતમ્॥૨૧॥**

તુ - પરન્તુ, તો; અવ્યય
યત્ - જે; સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
પરિક્લિષ્ટમ્ - ક્લેશવાળું, આસપાસ ક્લેશ સમાયેલો છે એવું; ભૂ.કૃ., વિશેષણ, વિ. 'દાનમ્'
ચ - અને; અવ્યય
પ્રત્યુપકારાર્થમ્ - પ્રત્યુપકારને માટે; નામ, ચ.અર્થે અવ્યયાત્મક દ્વિ.એ.વ., પુ.
વા - અથવા; અવ્યય
ફલમ્ - ફળને; નામ, દ્વિ.એ.વ., નપુ.
ઉદ્દિશ્ય - ઉદ્દેશીને; વિધેય કૃદન્ત
પુનઃ - ફરીથી, પછીથી; અવ્યય
દીયતે - અપાય છે; ક્રિ. વ.કર્માણિ, તૃ.પુ.એ.વ., 'દા' ૩ ગણ
તત્ - તે; સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
દાનમ્ રાજસમ્ - દાન રાજસ; નામ, પ્ર.એ.વ., નપુ.
સ્મૃતમ્ - કહેલ છે; ભૂ.કૃ., વિશેષણ, વિ. 'દાનમ્'

શ્લોકાર્થ: પરન્તુ પ્રત્યુપકાર માટે અથવા તો ફલના ઉદ્દેશથી જે ક્લેશથી દેવામાં આવે છે તે દાન 'રાજસ' કહેલું છે.

વિવેચન: જેને દાન કરવામાં આવે છે તે આ દાનના બદલામાં ઉપકાર કરશે એવા હેતુથી અથવા દાન કરવાથી અમુક ફલ પ્રાપ્ત થશે એવા હેતુથી જે દાન કરે છે તેને પોતાનો હેતુ પાર પડશે કે નહિ એવી ચિંતા રહે છે. તેથી એ દાન ક્લેશપૂર્વક કરે છે. આ દાનને 'રાજસ' કહે છે.

अदेशकाले यद् दानम् अपात्रेभ्यश्च दीयते।
असत्कृतम् अवज्ञातं तत् तामसम् उदाहृतम्॥२२॥

ચ - અને; અવ્યય
યત્ - જે; સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
દાનમ્ - દાન; નામ, પ્ર.એ.વ., નપુ. 'દાન'
અસત્કૃતમ્ - સત્કાર કાર્ય વિનાનું કરાયેલું; ભૂ.કૃ.,વિશેષણ, વિ. 'દાનમ્'
વા - અથવા; અવ્યય
અવજ્ઞાતમ્ - તિરસ્કાર સાથેનું; ભૂ.કૃ., વિશેષણ, વિ. 'દાનમ્'
અદેશકાલે - અયોગ્ય સ્થાનમાં અને કાળમાં; નામ, સ.એ.વ., પુ. 'અદેશકાલ'
અપાત્રેભ્યઃ - અયોગ્ય માણસોને; નામ, ચ.બ.વ., પુ. 'અપાત્ર'
દીયતે - અપાય છે. ક્રિ. વ.કર્મણિ; તૃ.પુ.એ.વ. 'દા' ૩ ગણ.
તત્ - તે; સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
તામસમ્ - તામસ; વિશેષણ, વિ. 'દાનમ્'
ઉદાહૃતમ્ - કહેલું; ભ.કૃ., વિશેષણ, વિ. ''દાનમ્ - ઉત્ + આ + હૃ''

**શ્લોકાર્થ:** અયોગ્ય દેશ તથા કાલ માં અપાત્રને જે દાન સત્કાર વિના તિરસ્કારપૂર્વક કરવામાં આવે તેને 'તામસ' કહે છે.

'ॐ' 'तत्' 'सद्' इति निर्देशो ब्रह्मणः त्रिविधः स्मृतः।
ब्राह्मणास्तेन वेदाश्च यज्ञाश्च विहिताः पुरा॥२३॥

ॐ, તત્, સત્ - ઓમ્, તત્ અને સત્
ઇતિ - એ પ્રમાણે, એવું; અવ્યય
ત્રિવિધઃ - ત્રણ પ્રકારનું; વિશેષણ, વિ. 'નિર્દેશઃ'
બ્રહ્મણઃ - બ્રહ્મનું; નામ, ષ.એ.વ., નપું. 'બ્રહ્મન્'
નિર્દેશઃ - નામ, ઓળખ; નામ, પ્ર.એ.વ., પુ.
સ્મૃતઃ - કહેલું છે, સમજાયેલું છે; ભૂ.કૃ., વિશેષણ, વિ. 'નિર્દેશઃ'
તેન - તે કારણે; સર્વનામ, તૃ.એ.વ., પુ. 'તત્'
પુરા - આગળથી; અવ્યય
બ્રાહ્મણાઃ - બ્રાહ્મણો; નામ, પ્ર.બ.વ., પુ. 'બ્રાહ્મણ'
ચ - અને; અવ્યય
વેદાઃ - વેદો; નામ, પ્ર.બ.વ., પુ. 'વેદ'



ચ - અને; અવ્યય
યજ્ઞાઃ - યજ્ઞો; નામ, પ્ર.બ.વ., પુ. 'યજ્ઞ'
વિહિતાઃ - નિશ્ચય કરેલા, વિધાન કરેલા; ભૂ.કૃ.વિશેષણ, વિ. 'વેદાઃ, બ્રાહ્મણાઃ, યજ્ઞાઃ'

**શ્લાકાર્થ:** 'ॐ', 'તત્' અને 'સત્' એ ત્રણ પ્રકારનો બ્રહ્મનો નિર્દેશ કહેલો છે, તેનાથી પૂર્વે બ્રાહ્મણો, વેદો અને યજ્ઞો નિર્માએલા છે.

**વિવેચન:** શ્રૌતયજ્ઞ વિગેરે કરવામાં પણ દેશ તથા કાલ યોગ્ય ન હોય તો તે તામસ થઈ જાય તેમ કહેલ હોવાથી, દેશ તથા કાલ યોગ્ય ન હોય તો યોગ્ય દેશ તથા કાલ ની સમ્પત્તિ કેવી રીતે પ્રાપ્ત કરવી તે કહે છે. 'બ્રહ્મ' એટલે વેદ અથવા પુરુષોત્તમના નામનો વ્યપદેશ 'ॐ', 'તત્' અને 'સત્' એ ત્રણ પ્રકારનો છે. 'ॐ', 'તત્' અને 'સત્' એ ત્રણ શબ્દો વેદ અથવા પુરુષોત્તમ ને માટે શ્રુતિ વિગેરેમાં યોજેલો છે. તેથી યજ્ઞ વિગેરેમાં દેશ-કાલ વિગેરે સર્વ સમ્પત્તિઓ સિદ્ધ કરવા માટે વેદવાદીઓએ આ બ્રહ્મનું ત્રણ પ્રકારનું અભિધાન યોજેલું છે, અર્થાત્ આ ત્રણ બ્રહ્મના નામનો ઉચ્ચાર કરવાથી દેશ-કાલ વિગેરે સર્વ સમ્પત્તિઓ સિદ્ધ થાય છે. તેનાથી એટલે આ ત્રણ બ્રહ્મના નામના ઉચ્ચારથી પૂર્વે સૃષ્ટિના સર્ગ પ્રસઙ્ગે બ્રાહ્મણો, વેદો તથા યજ્ઞો નિર્મેલા છે. ઉચ્ચાર કરનાર બ્રાહ્મણો, જેનો ઉચ્ચાર થવાનો છે તે વેદો અને ઉચ્ચાર થયા પછી કરવાના કાર્યરૂપ યજ્ઞો નિર્મેલા છે.

तस्माद् ओम् इत्युदाहृत्य यज्ञ-दान-तपः-क्रियाः।
प्रवर्तन्ते विधानोक्ताः सततं ब्रह्मवादिनाम्॥२४॥

તસ્માત્ - તેથી; અવ્યય
બ્રહ્મવાદિનામ્ - વેદનું કથન કરનારાઓની; નામ, ષ.બ.વ., પુ. 'બ્રહ્મવાદિન્'
વિધાનોક્તાઃ - નિયત કરેલી; ભૂ.કૃ. વિશેષણ, વિ. 'યજ્ઞદાનતપઃ ક્રિયાઃ'
યજ્ઞદાનતપઃક્રિયાઃ - યજ્ઞ, દાન, તપ અને ક્રિયાઓ; નામ, પ્ર.બ.વ., સ્ત્રી.
સતતમ્ ઓમ્ ઇતિ - હંમેશા ॐ એમ; અવ્યય
ઉદાહૃત્ય - કહીને; વિધેય કૃદન્ત
પ્રવર્તન્તે - પ્રવર્તે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., 'પ્ર + વૃત્' ૧ ગણ આત્મને

શ્લોકાર્થ : તેથી બ્રહ્મવાદીઓની શાસ્ત્રમાં કહેલી યજ્ઞ દાન તથા તપરૂપ ક્રિયાઓ નિરન્તર ૐ એવો ઉચ્ચાર કરીને પ્રવર્તે છે.

વિવેચન : 'ૐ', 'તત્' અને 'સત્' એ ત્રણ નામનો અન્વય કહેવા માટે પ્રથમ 'ૐ'ના અન્વયનો પ્રકાર કહે છે. 'ૐ' એ બ્રહ્મના અભિધાનનો ઉચ્ચાર કરી બ્રહ્મવાદીઓ શાસ્ત્રમાં કહેલી યજ્ઞ દાન તથા તપ રૂપ ક્રિયાઓ કરે છે.

**તદ્ ઈત્યનભિસન્ધાય ફલં યજ્ઞ-તપ:-ક્રિયા: ।**
**દાન-ક્રિયાશ્ચ વિવિધા: ક્રિયન્તે મોક્ષકાંક્ષિભિ: ॥૨૫॥**

**ચ તત્ ઈતિ** - **અને તે એમ;** અવ્યય
**ફલમ્** - **ફળને;** નામ, દ્વિ.એ.વ., નપુ. 'ફલ'
**અનભિસન્ધાય** - **એ પ્રકારે નહીં ઈચ્છીને, નહિ પરોવીને;** વિધેય કૃદન્ત
**વિવિધાઃ** - **જુદી - જુદી;** વિશેષણ, વિ. 'યજ્ઞતપઃક્રિયાઃ'
**યજ્ઞતપઃ ક્રિયાઃ** - **યજ્ઞ અને તપની ક્રિયાઓ;** નામ, પ્ર.બ.વ., સ્ત્રી.
**ચ** - **અને;** અવ્યય
**દાનક્રિયાઃ** - **દાનની ક્રિયાઓ;** નામ, પ્ર.બ.વ., સ્ત્રી.
**મોક્ષકાક્ષિભિઃ** - **મોક્ષની આકાક્ષાવાળાઓ વડે;** નામ, તૃ.બ.વ., પુ.
**ક્રિયન્તે** - **કરાય છે;** ક્રિ. વ.કર્મણિ, તૃ.પુ.બ.વ., 'કૃ' ૮ ગણ

શ્લોકાર્થ : ફલની ઈચ્છા વિના વિવિધ યજ્ઞ તથા તપ અને દાન ની ક્રિયાઓ મોક્ષની આકાંક્ષાવાળાઓ 'તત્' એવો ઉચ્ચાર કરી કરે છે.

વિવેચન : મોક્ષની આકાંક્ષા રાખનારાઓ યજ્ઞ તપ તથા દાન ની વિવિધ ક્રિયાઓ લૌકિક ફલની ઈચ્છા વિના 'તત્' એ બ્રહ્મના નામનો ઉચ્ચાર કરી કરે છે. અહીં 'તત્' નામનો અન્વય કહ્યો.

**સદ્ભાવે સાધુભાવે ચ સદ્ ઈત્યેતત્ પ્રયુજ્યતે ।**
**પ્રશસ્તે કર્મણિ તથા 'સત્'શબ્દઃ પાર્થ ! યુજ્યતે ॥૨૬॥**

**ચ** - **અને;** અવ્યય
**સત્, ઈતિ** - **સત્, એમ;** અવ્યય
**એતત્** - **આ;** સર્વનામ, પ્ર.એ.વ., નપુ. 'એતદ્'



**સદ્ભાવે** - **સદ્ભાવમાં, સત્યભાવમાં;** નામ, સ.એ.વ., પુ. 'સદ્ભાવ'
**ચ** - **અને;** અવ્યય
**સાધુભાવે** - **સારા ભાવમાં, શ્રેષ્ઠ ભાવમાં;** નામ, સ.એ.વ., પુ. 'સાધુભાસ'
**પ્રયુજ્યતે** - **પ્રયોજાય છે;** ક્રિ. વ.કર્મણિ, તૃ.પુ.એ.વ., પ્ર + યુજ્ ૭ ગણ
**તથા** - **તથા;** અવ્યય
**પાર્થ** - **હે અર્જુન !;** સમ્બોધન
**પ્રશસ્તે** - **ઉત્તમ;** ભૂ.કૃ., વિશેષણ, વિ. 'કર્મણિ'
**કર્મણિ** - **કર્મમાં;** સ.એ.વ.
**અપિ સત્** - **પણ સત્;** અવ્યય
**શબ્દઃ** - **શબ્દ;** નામ, પ્ર.એ.વ., પું. 'શબ્દ'
**યુજ્યતે** - **પ્રયોગ કરાય છે;** ક્રિ.વિ. કર્મણિ, તૃ.પુ.એ.વ., 'યુજ્' ૭ ગણ.

શ્લોકાર્થ : હે પાર્થ! સદ્ભાવમાં તથા સાધુભાવમાં 'સત્' એ શબ્દ યોજાય છે, તેમજ પ્રશસ્ત કર્મમાં પણ 'સત્' શબ્દ યોજાય છે.

વિવેચન : હવે લોકમાં શબ્દની વ્યુત્પત્તિથી સિદ્ધ થતો 'સત્' શબ્દનો અન્વય દર્શાવે છે. જે છે તે 'સત્'. તેવા ભાવમાં 'સત્' શબ્દ યોજાય છે. અહીં 'ભાવ'નો અર્થ વસ્તુ થાય છે. જો 'ભાવ'નો અર્થ વસ્તુ ન કરીએ અને સત્તા કરીએ તો અનવસ્થા દોષ પ્રાપ્ત થાય. તેથી 'સદ્ભાવ' એટલે 'સત્' પદથી આવિર્ભૂત વસ્તુને 'સત્' કહે છે.

'સાધુભાવ'માં એટલે સાધુત્વ દર્શાવવામાં પણ 'સત્'નો પ્રયોગ થાય છે. તે જ પ્રમાણે પ્રશસ્ત કર્મ દર્શાવવા 'સત્' શબ્દનો પ્રયોગ થાય છે. સર્વત્ર રહેલ બ્રહ્મ સર્વ (પદાર્થ માત્ર) છે એવું શાસ્ત્રમાં કહેલ હોવાથી જ, આ સર્વ દર્શાવવા 'સત્' શબ્દ યોજાય છે.

**યજ્ઞે તપસિ દાને ચ સ્થિતિ સદ્ ઈતિ ચોચ્યતે ।**
**કર્મ ચૈવ તદર્થીયં સદ્ ઈત્યેવાભિધીયતે ॥૨૭॥**

**ચ** - **અને;** અવ્યય
**યજ્ઞે** - **યજ્ઞમાં;** નામ, સ.એ.વ., પુ. 'યજ્ઞ'
**તપસિ** - **તપમાં;** નામ, સ.એ.વ., નપુ. 'તપસ્'. **ચ** - **અને;** અવ્યય
**દાને** - **દાનમાં;** નામ, સ.એ.વ., નપુ. 'દાન' **યા** - **જે;** પ્ર.એ.વ. સ્ત્રી.

**તત્** - તે; સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
**નો ઈહ ચ ન** - **ન અહીં કે ન;** અવ્યય
**પ્રેત્ય** - **મરણ પછી, દેહ ત્યજીને;** વિધેય કૃદન્ત 'પ્ર + ઈ'

**શ્લોકાર્થ:** હે પાર્થ! અશ્રદ્ધાથી હોમેલું, દાન કરેલું, તપ કરેલું, તથા કાર્ય કરેલું 'અસત્' કહેવાય છે. તે પરલોકમાં તથા આલોકમાં ફળતું નથી.

**વિવેચન:** યજ્ઞ, દાન, હોમ, તપ વિગેરે જે કાંઈ કર્મ શાસ્ત્રીય શ્રદ્ધા વિના કરવામાં આવે તે 'અસત્' એટલે વ્યર્થ છે, કારણ કે તે આ લોકમાં અથવા પરલોકમાં પણ ફળતું નથી.

**ઈતિ શ્રીમદ્ભગવદ્ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે**
**શ્રીકૃષ્ણાર્જુનસંવાદે 'શ્રદ્ધાત્રયવિભાગયોગો'નામ**
**સપ્તદશોઽધ્યાયઃ ॥૧૭॥**

## ॥અથ અષ્ટાદશોઽધ્યાયઃ॥

## મોક્ષસન્ન્યાસયોગ

**અર્જુન ઉવાચ**

**સન્ન્યાસસ્ય મહાબાહો! તત્ત્વમ્ ઇચ્છામિ વેદિતુમ્।**
**ત્યાગસ્ય ચ હૃષીકેશ! પૃથક્ કેશિનિષૂદન!॥૧॥**

**મહાબાહો હૃષીકેશ** - હે કૃષ્ણ! હે હૃષીકેશ; સમ્બોધન
**કેશિનિષૂદન** - હે કેશિનિષૂદન; સમ્બોધન
**સન્ન્યાસસ્ય** - સન્ન્યાસીનો; નામ, ષ.એ.વ., પુ. 'સન્ન્યાસ'
**ચ** - અને; અવ્યય
**ત્યાગસ્ય** - ત્યાગને; નામ, ષ.એ.વ., પુ. 'ત્યાગ'
**તત્ત્વમ્** - તત્ત્વને; નામ, દ્વિ.એ.વ., નપુ. 'તત્ત્વ'
**પૃથક્** - જુદું, બીજું; અવ્યય
**વેદિતુમ્** - જાણવાને; હેત્વર્થ કૃદન્ત
**ઇચ્છામિ** - ઇચ્છુ છું; ક્રિ. વ.કા. પ્ર.પુ.એ.વ., 'ઇષ્'(ઇચ્છ્) ૬ ગણ પરસ્મૈ.

**શ્લોકાર્થ:** અર્જુન કહે છે: હે મહાબાહો! હે હૃષીકેશ! હે કેશિનિષૂદન! હું સંન્યાસનું અને ત્યાગનું તત્ત્વ પૃથક્ જાણવા ઇચ્છું છું.

**વિવેચન:** "સર્વ કર્મનો મનથી સંન્યાસ કરી" (૫।૧૩) તથા "કર્મના ફલ અને આસક્ત નો ત્યાગ કરી" (૪।૨૦) સ્થળે "સંન્યાસ' તથા 'ત્યાગ' શબ્દો યોજેલા છે. આ ઉભયનો અર્થ એક જ છે અથવા તેઓના અર્થમાં કાંઈ ભેદ છે એ જાણવાની ઇચ્છાથી અર્જુન આ શ્લોક કહે છે. સંન્યાસ અને ત્યાગ ઉભયનું તત્ત્વ પૃથક્ એટલે વિવેકથી જાણવાની મારી ઇચ્છા છે તેથી કહો.

**શ્રીભગવાન્ ઉવાચ**

**કામ્યાનાં કર્માણાં ન્યાસં સન્ન્યાસં કવયો વિદુઃ।**
**સર્વકર્મફલત્યાગં પ્રાહુઃ ત્યાગં વિચક્ષણાઃ॥૨॥**



**કવયઃ** - કવિઓ, પણ્ડિતો; નામ, પ્ર.બ.વ., પુ. 'કવિ'
**કામ્યાનામ્** - કામ્ય, સકામ; વિશેષણ, વિ. 'કર્માણામ્'
**કર્માણામ્** - કર્મોનું; નામ, ષ.બ.વ., નપુ. 'કર્મન્'
**ન્યાસમ્** - ત્યાગ; નામ, દ્વિ.એ.વ., પુ. 'ન્યાસ'
**સન્ન્યાસમ્** - સન્ન્યાસ; નામ, દ્વિ.એ.વ., પુ. 'સન્ન્યાસ'
**વિદુઃ** - જાણે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., 'વિદ્' ૨ ગણ, પરસ્મૈ.
**ચ** - અને; અવ્યય
**વિચક્ષણાઃ** - બુદ્ધિમાન પુરુષો, વિચાર કુશળ પુરુષો; નામ, પ્ર.બ.વ., પુ. 'વિચક્ષણ'
**સર્વકર્મફલત્યાગમ્** - બધાં કર્મના ફલનો ત્યાગ; નામ, દ્વિ.એ.વ., પુ. "સર્વેષામ્ કર્માણામ્ ફલાનામ્ ત્યાગમ્ ઇતિ" તત્પુ.
**ત્યાગમ્** - ત્યાગને; નામ, દ્વિ.એ.વ, પુ. 'ત્યાગ'
**પ્રાહુઃ** - કહે છે. ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ. પ્ર + બ્રૂ ૨ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** શ્રીભગવાન્ કહે છે: કામ્ય કર્મોના ત્યાગને કવિઓ 'સંન્યાસ' કહે છે. વિચક્ષણ પુરુષો સર્વ કર્મના ફલના ત્યાગને 'ત્યાગ' કહે છે.

**વિવેચન:** 'સંન્યાસ' અને 'ત્યાગ' શબ્દોના અર્થ એક જ હોવા છતાં જુદા-જુદા મત પ્રમાણે તેઓનો વિષય જુદો છે એમ ભગવાન્ ઉત્તર આપે છે. "સ્વર્ગની કામનાવાળાએ જ્યોતિષ્ટોમ યજ્ઞ કરવો" "જે અશ્વમેધ યજ્ઞ કરે છે તે સર્વ પાપને તથા બ્રહ્મહત્યાને તરે છે" વિગેરે કામ્ય કર્મો શાસ્ત્રમાં કહેલાં છે. વેદે વિહિત કરેલાં આવાં સર્વ કામ્ય કર્મોનો સ્વરૂપથી જ ત્યાગ કરવો અર્થાત્ આવાં કામ્ય કર્મો કરવાં જ નહિ, તેને કવિઓ એટલે યોગીઓ 'સંન્યાસ' કહે છે. તેથી પણ 'વિચક્ષણ' એટલે ચતુર પુરુષો નિપુણ ભક્તોને સ્વરૂપથી કર્મનો ત્યાગ ઇષ્ટ નથી, પરન્તુ નિત્ય, નૈમિત્તિક તથા કામ્ય સર્વ કર્મોનાં વેદ વિગેરે શાસ્ત્રોમાં કહેલા ફલના ત્યાગને તેઓ 'ત્યાગ' કહે છે. મોક્ષશાસ્ત્રમાં જ્યાં 'ત્યાગ' શબ્દ છે ત્યાં તેનો અર્થ ફલનો જ ત્યાગ કહેલો છે એમ તેઓ કહે છે. તેથી આમના મત પ્રમાણે સ્વરૂપથી કર્મનો ત્યાગ અર્થાત્ કર્મ જ ન કરવાં તે સંન્યાસ નથી, પરન્તુ સર્વ કર્મના ફલનો ત્યાગ કરવો એ જ ત્યાગ છે.

**ત્યાજ્યં દોષવદ્ ઈત્યેકે કર્મ પ્રાહુર્ મનીષિણઃ।**
**યજ્ઞ-દાન-તપઃ કર્મ ન ત્યાજ્યમ્ ઈતિ ચાપરે ॥૩॥**

**એકે** - કેટલાક; વિશેષણ, વિ. 'મનીષિણઃ'
**મનીષિણઃ - બુદ્ધિમાન્ વિદ્વાનો;** નામ, પ્ર.બ.વ., પુ. 'મનીષિન્'
**ઈતિ - એમ;** અવ્યય
**પ્રાહુઃ** - કહે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.બ.વ., પ્ર + બ્રૂ ૨ ગણ પરસ્મૈ.
**કર્મ** - **કર્મને;** નામ, દ્વિ.એ.વ., નપુ. 'કર્મન્'
**દોષવત્** - **દોષવાળું;** વિશેષણ, વિ. 'કર્મ'
**ત્યાજ્યમ્** - **ત્યજવાયોગ્ય;** વિધેય કર્મણિ, કૃદન્ત વિશેષણ, વિ. 'કર્મ'
**ચ - અને;** અવ્યય
**અપરે - બીજા;** સર્વનામ, પ્ર.બ.વ., પુ. 'અપર'
**ઈતિ - એમ;** અવ્યય
**આહુઃ** - **કહે છે;** ક્રિ. વ.કા.
**યજ્ઞદાનતપઃકર્મ - યજ્ઞ, દાન તપરૂપી કર્મ;** નામ, પ્ર.એ.વ., નપુ.
**ન** - નહિ; અવ્યય
**ત્યાજ્યમ્ - ત્યાગ કરવા યોગ્ય;** વિધેય કર્મણિ, કૃ.વિશેષણ, વિ. 'કર્મ'

**શ્લોકાર્થ :** કેટલાક બુદ્ધિમાનો દોષવાળું કર્મ ત્યાજ્ય છે એમ કહે છે. બીજાઓ યજ્ઞ, દાન તથા તપ રૂપી કર્મનો ત્યાગ ન કરવો એમ કહે છે.

**વિવેચન :** કર્મમાં હિંસા વિગેરે દોષ હોવાથી કર્મ ત્યાજ્ય છે એમ કેટલાક બુદ્ધિમાનો સાંખ્યવાળાઓ કહે છે. અહીં પણ જે કર્મ દોષરહિત હોય તે ત્યાજ્ય નથી એવો ભાવાર્થ તથા યુકિત હોવાથી આમને 'બુદ્ધિમાન્' કહેલા છે. બીજા બુદ્ધિમાન્ મીમાંસકો યજ્ઞ દાન તથા તપ: વેદોએ વિહિત કરેલાં છે તે તથા તેઓના ફળનો પણ ત્યાગ કરવો ઉચિત નથી એમ કહે છે. આ લોકો વેદના કોઈ પણ અંશનો ત્યાગ કરતા નહિ હોવાથી તેમને બુદ્ધિમાન્માં ગણેલા છે. આ રીતે કર્મ ત્યાગ સમ્બન્ધી ચાર મત કહ્યા :

૧. કવિઓ કહે છે કે કામ્ય કર્મનો સ્વરૂપથી ત્યાગ કરવો. આ મત પ્રમાણે પણ કામ્ય સિવાયનાં કર્મ કરવાનાં રહ્યાં.
૨. વિચક્ષણ ભક્તો કહે છે કે સર્વ કર્મના ફલનો ત્યાગ કરવો. કર્મનો



સ્વભાવથી ત્યાગ કરવો નહિ, પણ સર્વ કર્મના ફલનો ત્યાગ કરવો.
૩. દોષવાળાં કર્મનો ત્યાગ કરવો એમ સાંખ્યવાળાઓ કહે છે.
૪. કર્મ તથા કર્મફલ કોઈનો ત્યાગ કરવો નહિ એમ મીમાંસકો કહે છે.

**નિશ્ચયં શૃણુ મે તત્ર ત્યાગે ભરતસત્તમ !।**
**ત્યાગો હિ પુરુષવ્યાઘ્ર ત્રિવિધઃ સમ્પ્રકીર્તિતઃ ॥૪॥**

**ભરતસત્તમ - હે ભરતસત્તમ!, અર્જુન;** સમ્બોધન
**તત્ર - ત્યાં;** અવ્યય
**ત્યાગે - ત્યાગમાં;** નામ, સ.એ.વ., પુ. 'ત્યાગ'
**મે - મારા;** સર્વનામ, ષ.એ.વ., 'અસ્મત્'
**નિશ્ચયમ્ - નિશ્ચયને;** નામ, દ્વિ.એ.વ., પુ. 'નિશ્ચય'
**શૃણુ - સાંભળ;** ક્રિ. આજ્ઞાર્થ, તૃ.પુ.એ.વ., 'શ્રુણુ' ૫ ગણ, પરસ્મૈ.
**પુરુષવ્યાઘ્ર - પુરુષમાં વ્યાઘ્રરૂપ;** સમ્બોધન
**ત્યાગઃ - ત્યાગ;** નામ, પ્ર.એ.વ., પુ.
**ત્રિવિધઃ - ત્રાણ પ્રકારનો;** વિશેષણ, વિ. 'ત્યાગઃ'
**હિ - ચોકક્સ;** અવ્યય
**સમ્પ્રકીર્તિતઃ - રૂડે પ્રકારે કહેવાયેલો;** ભૂ.કૃ., વિશેષણ, વિ. 'ત્યાગઃ'
**અસ્તિ - છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'

**શ્લોકાર્થ :** હે ભરતસત્તમ! તે ત્યાગ સમ્બન્ધમાં મારો નિશ્ચય સાંભળ. હે પુરુષવ્યાઘ્ર! ત્યાગ ત્રણ પ્રકારના કહેલા છે.

**વિવેચન :** એ પ્રમાણે અન્યના મતોનો ઉપન્યાસ કરી ભગવાન્ આ સમ્બન્ધમાં પોતે કરેલો નિર્ણય કહે છે. હે પુરુષમાં વ્યાઘ્રરૂપ અર્જુન! ત્યાગ ત્રણ પ્રકારનો છે, સાત્ત્વિક, રાજસ અને તામસ. આ શ્લોકમાં ભગવાન્ ત્યાગ સમ્બન્ધમાં પોતાનો નિશ્ચય તથા ત્રણ પ્રકારનો ત્યાગ કહેવાનું કહે છે.

અહીંથી બે શ્લોકથી (૫-૬) પ્રથમ ભગવાન્ ત્યાગ સમ્બન્ધમાં પોતાનો નિશ્ચય અર્જુનને કહે છે, અને પછી ત્રણ શ્લોકથી (૭-૯) ત્રણ પ્રકારનો ત્યાગ કહે છે.

**યજ્ઞ-દાન-તપઃ-કર્મ ન ત્યાજ્યં કાર્યમેવ તત્।**

**યજ્ઞો દાનં તપશ્ચૈવ પાવનાનિ મનીષિણામ્॥૫॥**

**યજ્ઞદાનતપઃકર્મ** - **યજ્ઞ, દાન અને તપરૂપ કર્મ;** નામ, પ્ર.એ.વ., નપુ.
**ન** - **નહિ;** અવ્યય
**ત્યાજ્યમ્** - **ત્યાગ કરવા યોગ્ય;** વિધેય કર્મણિ, કૃ., વિશેષણ, વિ. 'કર્મ'
**તત્** - **તે;** સર્વનામ, પ્ર.એ.વ., નપુ. 'તત્'
**એવ** - **જ;** અવ્યય
**કાર્યમ્** - **કરવું જોઈએ;** વિધેય કર્મણિ, કૃ. વિશેષણ, વિ. કર્મ'
**યજ્ઞઃ** - **યજ્ઞ;** નામ, પ્ર.એ.વ., પુ. 'યજ્ઞ'
**દાનમ્** - **દાન;** નામ, પ્ર.એ.વ., નપુ. 'દાન'
**ચ** - **અને;** અવ્યય
**તપઃ** - **તપ;** નામ, પ્ર.એ.વ., નપુ. 'તપસ્'
**એવ** - **જ, માત્ર;** અવ્યય
**મનીષિણામ્** - **બુદ્ધિમાન પુરુષોના, ફલાસક્તિ વિના ભગવદર્થ કર્મ કરનારાઓના;** નામ, ષ.બ.વ., પુ. 'મનીષિન્'
**પાવનાનિ** - **પવિત્ર કરવાવાળા;** વિશેષણ, વિ. 'યજ્ઞદાનતપઃ'
**અસ્તિ** - **છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'

**શ્લોકાર્થ:** યજ્ઞ, દાન તથા તપ રૂપી કર્મનો ત્યાગ ન કરવો. તે કરવાં જ યજ્ઞ, દાન તથા તપ બુદ્ધિમાનોને પાવન કરનાર જ છે.

**વિવેચન:** પ્રથમ ભગવાન્ મીમાંસકોના મતને એક અંશમાં અઙ્ગીકાર કરે છે. "યજ્ઞ વિષ્ણુ છે" શ્રુતિ પ્રમાણે યજ્ઞ ભગવત્સ્વરૂપ છે. યજ્ઞ, દાન તથા સ્વધર્મના આચરણરૂપ તપ એ ત્રણેનો ત્યાગ ન કરવો, પ્રત્યુત એ ત્રણે કરવાં જ. મુમુક્ષુઓએ પણ આ કર્મનો ત્યાગ ન કરવો, પરન્તુ મરણ પર્યન્ત સદા કર્મ કરવાં જ. આ કર્મ શા માટે કરવાં? કારણ કે આ કર્મ બુદ્ધિમાનોને પણ પાવન કરનાર જ છે.

કર્મ દોષવાળાં છે તેથી કર્મનો ત્યાગ કરવો એમ જે બુદ્ધિમાનો કહે છે તેમને પણ આ કર્મ પાવન કરનાર જ છે. કર્મ દોષવાળાં નથી, પરન્તુ પાવન કરનાર જ છે. તેથી કર્મ કરવાં. આ સમ્બન્ધી નિર્ણય બ્રહ્મસૂત્રના તૃતીય અધ્યાયના તૃતીય પાદના પઞ્ચદશ અધિકરણમાં (સૂત્ર ૪૨ માં) કરેલો છે.



**એતાન્યપિ તુ કર્માણિ સઙ્ગં ત્યક્ત્વા ફલાનિ ચ।**
**કર્તવ્યાનીતિ મે પાર્થ! નિશ્ચિતં મતમુત્તમમ્॥૬॥**

**પાર્થ** - **હે અર્જુન;** સમ્બોધન
**એતાનિ** - **આ;** સર્વનામ, પ્ર.બ.વ., નપુ. 'એતદ્'
**તુ** - **પરન્તુ;** અવ્યય. **અપિ** - **પણ;** અવ્યય
**કર્માણિ** - **કર્મો;** નામ, પ્ર.બ.વ., નપુ. 'કર્મન્'
**સઙ્ગમ્** - **સઙ્ગને;** નામ, દ્વિ.એ.વ., પુ. 'સઙ્ગ'. **ચ** - **અને;** અવ્યય
**ફલાનિ** - **ફલોને;** નામ, દ્વિ.બ.વ., નપુ. 'ફલ'
**ત્યક્ત્વા** - **ત્યજીને;** વિધેય કૃદન્ત
**કર્તવ્યાનિ** - **કરવાં જોઈએ;** વિધેય કર્મણિ, કૃ. વિશેષણ, વિ. 'કર્માણિ'
**ઇતિ** - **એમ;** અવ્યય
**મે** - **મારો;** સર્વનામ, ષ.એ.વ. 'અસ્મત્'
**નિશ્ચિતમ્** - **નિશ્ચયવાળો;** વિશેષણ, વિ. 'મતમ્'
**ઉત્તમમ્** - **ઉત્તમ;** વિશેષણ, વિ. 'મતમ્'
**મતમ્** - **માનવું છે;** ભૂ.કૃ., નામ, પ્ર.એ.વ., નપુ.

**શ્લોકાર્થ:** પરન્તુ હે પાર્થ! આ કર્મો પણ સઙ્ગ અને ફલ નો ત્યાગ કરી કરવાં એવો મારો નિશ્ચિત ઉત્તમ મત છે.

**વિવેચન:** પરન્તુ યજ્ઞ, દાન અને તપ પણ તેઓનો સઙ્ગ તથા તેઓના ફલનો ત્યાગ કરી કરવાં. "હું કર્તા છું" એવું અભિમાન ન રાખતાં ભગવાન્માં સર્વ કર્મનો ન્યાસ કરી, અર્થાત્ "ભગવાન્ કર્તા છે હું તેને આધીન રહી તેમના કરાવવાથી આ કરું છું" એમ વિચારી કર્મ કરવાથી તેનો સઙ્ગ થતો નથી, કર્મમાં મમત્વ રહેતું નથી અને કર્મના ફલનો પણ ત્યાગ થાય છે. આ પ્રમાણે પણ કર્મ કરવા અર્થાત્ સ્વરૂપથી કર્મનો ત્યાગ ન કરવો, પરન્તુ કર્મના ફલનો ત્યાગ કરવો એ મારો નિશ્ચિત ઉત્તમ મત છે. તેથી વિચક્ષણ ભક્તોનો મત તે જ મારો મત છે એમ કહે છે. આ સર્વ મતોમાં આ મત ઉત્તમ છે.

**નિયતસ્ય તુ સન્ન્યાસઃ કર્મણો નોપપદ્યતે।**
**મોહાત્ તસ્ય પરિત્યાગઃ તામસઃ પરિકીર્તિતઃ॥૭॥**

**તુ** - **પણ, પરન્તુ;** અવ્યય
**નિયતસ્ય** - **નિયત** કરેલું; વિશેષણ, વિ. 'કર્માણઃ'
**કર્મણઃ** - **કર્મનું;** નામ, ષ.એ.વ., નપુ. 'કર્મન્'
**સન્ન્યાસઃ** - **સન્ન્યાસ;** નામ, પ્ર.એ.વ., પુ.
**ન** - **નહિ;** અવ્યય
**ઉપપદ્યતે** - **યોગ્ય છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'ઉપ + પદ્' ૪ ગણ આત્મને.
**મોહાત્** - **મોહથી;** નામ, પં.એ.વ., પુ. 'મોહ'
**તસ્ય** - **તે;** સર્વનામ, ષ.એ.વ., નપુ. 'તત્'
**પરિત્યાગઃ** - **ત્યાગ;** નામ, પ્ર.એ.વ., પુ. 'પરિત્યાગ'
**તામસઃ** - **તામસ;** વિશેષણ, વિ. 'પરિત્યાગઃ'
**પરિકીર્તિતઃ** - **કહેલો છે;** વિશેષણ, વિ. 'પરિત્યાગઃ'

**શ્લોકાર્થ:** નિયત કર્મનો સન્ન્યાસ યોગ્ય નથી. મોહથી તેનો ત્યાગ કરે તે તામસ કહેવાય છે.

**વિવેચન:** હવે ત્રણ પ્રકારના ત્યાગ કહે છે. તેમાં અહીં તામસ ત્યાગ કહેલો છે. અહીં કવિઓનો મત બીજા શ્લોકમાં કહ્યો તે મત દુષ્ટ છે એમ પણ દર્શાવેલ છે. કામના તથા ફલ નો બોધ કરીને પણ જે નિયત એટલે નિયમપૂર્વક કરવાના કર્મ વેદે કહેલાં છે તેનો સ્વરૂપથી ત્યાગ ઉચિત નથી. વિદ્વાનો આવાં કર્મનો સ્વરૂપથી ત્યાગ કરવાનું કહે છે તે યોગ્ય નથી, છતાં તમોગુણના પરિણામરૂપ મોહથી તેનો જો ત્યાગ કરવામાં આવે તો મોહથી કરેલો તે ત્યાગ 'તામસ' કહેવાય છે. ''પ્રમાદ અને મોહ તમોગુણમાંથી થાય છે'' એ વાક્ય પ્રમાણે મોહ તમોગુણનું કાર્ય હોવાથી મોહથી થતો ત્યાગ 'તામસ' જ કહેવાય.

આ શ્લોકનું અનુસન્ધાન બ્રહ્મસૂત્ર ૩|૪|૩૭ પરના અણુભાષ્યમાં કરેલું છે.

**દુઃખમ્ ઇત્યેવ યત્ કર્મ કાય-ક્લેશ-ભયાત્ ત્યજેત્।**
**સ કૃત્વા રાજસં ત્યાગં નૈવ ત્યાગફલં લભેત્॥૮॥**

**યત્** - **જે;** સર્વનામ, દ્વિ.એ.વ., નપુ. 'યત્'
**કર્મ** - **કર્મને;** નામ, દ્વિ.એ.વ., નપુ. 'કર્મન્'
**તદેવ** - **તે જ;**



**દુઃખમ્** - **દુઃખ;** નામ, પ્ર.એ.વ., નપુ. 'દુઃખ'
**ઇતિ** - **એમ;** અવ્યય
**કાયક્લેશભયાત્** - **શરીરના ક્લેશના ભયથી;** નામ, પં.એ.વ., નપુ.
''કાયસ્યક્લેશઃ એવ ભયમ્ ઇતિ'' કર્મધારય
**ત્યજેત્** - **છોડવું જોઈએ, છોડે છે;** ક્રિ. વિધ્યર્થ, તૃ.પુ.એ.વ. 'ત્યજ્' ૧ ગણ
**સઃ** - **તે;** સર્વનામ, પ્ર.એ.વ., પુ.
**રાજસમ્** - **રાજસ;** વિશેષણ, વિ. 'ત્યાગમ્'
**ત્યાગમ્** - **ત્યાગ;** નામ, દ્વિ.એ.વ., 'ત્યાગ'
**કૃત્વા** - **કરીને;** વિધેય કૃદન્ત
**એવ** - **પણ;** અવ્યય
**ત્યાગફલમ્** - **ત્યાગના ફળને;** નામ, દ્વિ.એ.વ., નપુ.
**ન** - **નહિ;** અવ્યય
**લભેત્** - **મેળવે છે;** ક્રિ. વિધ્યર્થ, તૃ.પુ.એ.વ., 'લભ્' ૧ ગણ પરસ્મૈ.

**શ્લોકાર્થ:** કર્મ દુઃખરૂપ છે એમ જ વિચારી કાયાને ક્લેશ થવાના ભયથી તેનો ત્યાગ કરે તે રાજસ ત્યાગ કરીને ત્યાગનું ફલ પ્રાપ્ત કરતો નથી.

**વિવેચન:** વેદે કહેલાં નિયત કર્મો પરમ્પરાથી મોક્ષ પ્રાપ્ત કરાવે છે તો પણ તે યજ્ઞાદિ કર્મો કરવામાટે પ્રથમ બહુ પ્રયાસ કરી દ્રવ્ય પ્રાપ્ત કરવું જોઈએ. દ્રવ્ય પ્રાપ્ત થયા પછી પણ ઘણા આયાસથી જ તે કર્મ થઈ શકે તેથી તે કર્મ દુઃખમય છે. કર્મ દુઃખમય હોવાથી સુખનું વિરોધી છે. કર્મ કરવામાં કાયાને પણ કષ્ટ થાય છે. આવા વિચારથી જે કર્મ કરે નહિ અથવા કર્મનો ત્યાગ કરે તે 'રાજસ' ત્યાગ છે. આવો ત્યાગ કરનારને ત્યાગનું ફલ જ્ઞાન પ્રાપ્ત થતું નથી.

**કાર્યમ્ ઇત્યેવ યત્ કર્મ નિયતં ક્રિયતેઽર્જુન!।**
**સઙ્ગં ત્યક્ત્વા ફલં ચૈવ સ ત્યાગઃ સાત્ત્વિકો મતઃ॥૯॥**

**અર્જુન** - **હે અર્જુન!;** સમ્બોધન
**કાર્યમ્** - **કરવું યોગ્ય;** વિધેય કર્મ, કૃ. વિશેષણ, વિ. 'કર્મ'
**ઇતિ એવ** - **એમ, જ, એમ સમજીને;** અવ્યય
**યત્** - **જે;** સર્વનામ, પ્ર.એ.વ., નપુ.

**નિયતમ્** - **નક્કી થયેલું;** ભૂ.કૃ., વિશેષણ, વિ. 'કર્મ'
**કર્મ** - **કર્મ;** નામ, પ્ર.એ.વ., નપુ.
**સઙ્ગમ્** - **સઙ્ગને, આસક્તિને;** નામ, દ્વિ.એ.વ., પુ. 'સઙ્ગ'
**ચ** - **અને;** અવ્યય
**ફલમ્** - **ફળને;** નામ, દ્વિ.એ.વ., નપુ.
**ત્યક્ત્વા** - **ત્યજીને;** વિધેય કૃદન્ત
**ક્રિયતે** - **કરાય છે;** ક્રિ. વ.કર્મણિ, તૃ.પુ.એ.વ. 'કૃ' ૮ ગણ
**સઃ** - **તે;** સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'તત્'
**એવ** - **જ;** અવ્યય
**સાત્ત્વિકઃ** - **સાત્ત્વિક;** વિશેષણ, વિ. 'ત્યાગઃ'
**ત્યાગઃ** - **ત્યાગ;** નામ, પ્ર.એ.વ., પુ.
**મતઃ** - **મનાયેલો;** ભૂ.કૃ., વિશેષણ, વિ. 'ત્યાગઃ'

**શ્લોકાર્થ:** હે અર્જુન! કર્મ કરવું જ જોઈએ એવા જ વિચારથી જે નિયત કર્મ સઙ્ગ તથા ફલ નો ત્યાગ કરી કરવામાં આવે છે તે ત્યાગ સાત્ત્વિક મનાએલો છે.

**વિવેચન:** વિચક્ષણ ભક્તોનો ત્યાગ તે સાત્ત્વિક ત્યાગ છે એમ કહે છે. નિત્ય, નૈમિતિક, મહાયજ્ઞ વિગેરે વર્ણાશ્રમવિહિત સર્વ કર્મ કરવાં જ જોઈએ. એવા વિચારથી કર્મનો સઙ્ગ એટલે કર્મમાં મમતા તથા કર્મના ફલને ત્યાગ કરી કરવામાં આવે છે તે ત્યાગ સાત્ત્વિક છે. એવી રીતે જ સર્વ કર્મનો ત્યાગ કરી, માત્ર પુષ્ટિપુરુષોત્તમ શ્રીકૃષ્ણ નો જ આશ્રય કરવો તે ભગવાનની આજ્ઞાનાં પાલનરૂપ નિર્ગુણ ત્યાગ છે, અને આચાર્યશ્રીએ તેને ઉત્તમ માનેલ છે.

**ન દ્વેષ્ટ્યકુશલં કર્મ કુશલે નાનુષજ્જતે।**
**ત્યાગી સત્ત્વસમાવિષ્ટો મેધાવી છિન્નસંશયઃ ॥૧૦॥**

**અર્જુન** - **હે અર્જુન!** સમ્બોધન
**અકુશલમ્** - **અકલ્યાણ કરનારું;** વિશેષણ, વિ. 'કર્મ'
**કર્મ** - **કર્મને;** નામ, દ્વિ.એ.વ., નપુ.
**ન** - **નહિ;** અવ્યય



**દ્વેષ્ટિ** - **દ્વેષ કરે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ. 'દ્વિષ્' ૨ ગણ પરસ્મૈ.
**કુશલે** - **કલ્યાણ કરનારું;** વિશેષણ, વિ. 'કર્મણિ'
**ન** - **નહિ;** અવ્યય
**અનુષજ્જતે** - **આસક્ત થાય છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'અનુ + સજ્જ્' ૧ ગણ, આત્મને.
**સત્ત્વસમાવિષ્ટઃ** - **સત્ત્વમાં જેનો સમાવેશ થયેલો છે એવા;** વિશેષણ, વિ. 'ત્યાગી' "સત્ત્વે સમાવિષ્ટઃ ઇતિ" તત્પુ.
**છિન્નસંશયઃ** - **સંશય જેના છેદાઈ ગયા છે;** વિશેષણ, વિ. 'ત્યાગી'
**મેધાવી** - **જ્ઞાનવાળો;** વિશેષણ, વિ. 'ત્યાગી'
**ત્યાગી** - **ત્યાગી;** નામ, પ્ર.એ.વ., પુ. 'ત્યાગિન્'. **અસ્તિ** - **છે;**

**શ્લોકાર્થ:** સત્ત્વમાં સમ્યક્ આવેશવાળો, બુદ્ધિમાન્, જેના સંશયો દૂર થએલા છે તેવો ત્યાગી અકુશલ કર્મનો દ્વેષ કરતો નથી, અને કુશલમાં આસક્ત થતો નથી.

**વિવેચન:** અહિં સાત્ત્વિક ત્યાગ કરનારનાં લક્ષણો કહેલાં છે. આવા ત્યાગીએ કર્મના સઙ્ગનો તથા કર્મફલનો ત્યાગ કરેલો હોવાથી તે અકુશલ એટલે અનિષ્ટ ફલ આપનાર કર્મનો દ્વેષ કરતો નથી, તેમજ 'કુશલ' એટલે સ્વર્ગ વિગેરે ઈષ્ટ ફલ આપનાર કર્મમાં આસક્ત થતો નથી. તેથી કર્મમાં સઙ્ગ તથા તેના ફલનો ત્યાગ એ જ શાસ્ત્રીય ત્યાગ છે, સ્વરૂપથી કર્મનો ત્યાગ શાસ્ત્રીય ત્યાગ નથી.

**ન હિ દેહભૃતા શક્યં ત્યક્તું કર્માણ્યશેષતઃ।**
**યસ્તુ કર્મફલત્યાગી સ ત્યાગીત્યભિધીયતે॥૧૧॥**

**હિ** - **ચોક્કસ;** અવ્યય
**દેહભૃતા** - **દેહ ધારણ કરનારવડે;** નામ, તૃતીયા એ.વ., પુ. 'દેહભૃત્'
**અશેષતઃ** - **અવશેષ ના રહે એવી રીતે;** અવ્યય
**કર્માણિ** - **કર્મોને;** નામ, દ્વિ.બ.વ., નપુ.
**ત્યક્તુમ્** - **છોડવું;** હેત્વર્થ કૃદન્ત, નામ, પ્ર.એ.વ., નપુ.
**ન** - **નહિ;** અવ્યય
**શક્યમ્** - **શક્ય;** વિધેય કર્મણિ, કૃ., વિશેષણ, વિ. 'ત્યક્તુમ્'.

**તસ્માત્** - તેથી
**યઃ** - જે; સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'યત્'
**કર્મફલત્યાગી** - કર્મના ફલનો ત્યાગ કરનાર; વિશેષણ, વિ. 'યઃ'
**સઃ** - તે; સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'તત્'. **તુ** - તો પણ; અવ્યય
**ત્યાગી** - ત્યાગી; નામ, પ્ર.એ.વ., પુ. 'ત્યાગિન્'
**ઇતિ** - એ પ્રકારે; અવ્યય
**અભિધીયતે** - કહેવાય છે; ક્રિ. વ.કર્મણિ, તૃ.પુ.એ.વ., 'અભિ + ધા' ૩ ગણ

**શ્લોકાર્થ:** દેહધારીથી સમ્પૂર્ણ રીતે કર્મોનો ત્યાગ શક્ય નથી, પરન્તુ જેણે કર્મના ફલનો ત્યાગ કરેલો છે તે 'ત્યાગી' એમ કહેવાય છે.

**વિવેચન:** દેહધારીથી સમ્પૂર્ણ રીતે કર્મોનો ત્યાગ શક્ય નથી, કારણ કે દેહ ટકાવવા માટે અશન, પાન તથા તે માટે ઉપયોગી સર્વ કર્મો તેણે અવશ્ય કરવાં જ પડે છે. તેટલાં જ માટે મહાયજ્ઞ વિગેરે કર્મો પણ તેનાથી તજી શકાય નહિ, પરન્તુ તે યજ્ઞ વિગેરે કર્મોનાં ફલનો જેણે ત્યાગ કરેલો છે, જેણે "હું કર્તા છું, આ કર્મ મારું છે" એવા પોતાનાં કર્તૃપણાનો તથા મમતાનો ત્યાગ કરેલો છે તે જ "કેટલાક ત્યાગથી અમૃતત્વ ભોગવે છે" વિગેરે સ્થળે કહેલો ત્યાગી છે.

**અનિષ્ટમ્ ઇષ્ટં મિશ્રં ચ ત્રિવિધં કર્મણઃ ફલમ્।**
**ભવત્યત્યાગિનાં પ્રેત્ય ન તુ સન્ન્યાસિનાં ક્વચિત્॥૧૨॥**

**અત્યાગિનામ્** - સકામ પુરુષોના; નામ, ષ.બ.વ., પુ.
**કર્મણઃ** - કર્મનું; નામ, ષ.એ.વ., નપુ. 'કર્મન્'
**ઇષ્ટમ્** - ઇષ્ટ; વિશેષણ, વિ. 'ફલમ્'
**અનિષ્ટમ્** - અનિષ્ટ; વિશેષણ, વિ. 'ફલમ્'
**ચ** - અને; અવ્યય
**મિશ્રમ્** - મિશ્ર, ઇષ્ટ અને અભીષ્ટ; વિશેષણ, વિ. 'ફલમ્'
**ઇતિ** - એવું;
**ત્રિવિધમ્** - ત્રણ પ્રકારનું; વિશેષણ, વિ. 'ફલમ્'
**ફલમ્** - ફળ; નામ, પ્ર.એ.વ., નપુ. 'ફલ'
**પ્રેત્ય** - મરણ પછી, ગયા પછી; વિધેય કૃદન્ત પ્ર + ઇ



**ભવતિ** - થાય છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'ભૂ' ૧ ગણ પરસ્મૈ.
**તુ** - અને; અવ્યય
**સન્ન્યાસિનામ્** - સન્ન્યાસીઓનું; નામ, ષ.બ.વ., પુ. 'સન્ન્યાસિન્'
**ક્વચિત્** - કોઈ પણ કાળે; અવ્યય
**ન** - નથી;

**શ્લોકાર્થ:** અત્યાગીઓને અનિષ્ટ, ઇષ્ટ અને મિશ્ર એ ત્રણ પ્રકારનું કર્મનું ફળ મરણ પછી પ્રાપ્ત થાય છે, પરન્તુ સન્ન્યાસીઓને કોઈ સમયે પ્રાપ્ત થતું નથી.

**વિવેચન:** શાસ્ત્રમાં જ્યાં કર્મ કરવાની વિધિ કહેલી છે ત્યાં તેનાં ફલનું પણ નિરૂપણ કરેલું છે. કર્મનો સ્વભાવ જ એવો છે કે પોતાનું ફલ પ્રાપ્ત કરાવે. આવા સ્વભાવનું કર્મ છે એમ જાણવા છતાં જો કર્મ કરવામાં આવે તો ક્ષેત્રમાં બીજ વાવી સિઞ્ચન કરવાથી ફલની પ્રાપ્તિ થયા વિના રહે નહિ, તેમ કર્મનાં ઇષ્ટ, અનિષ્ટ વિગેરે ફલ અવશ્ય પ્રાપ્ત થાય. આવાં કર્મનાં ફલ મોક્ષનાં વિરોધી હોવાથી મુમુક્ષુએ કર્મનો સર્વથા ત્યાગ જ કરવો ઉચિત છે એવી શઙ્કા થાય તે આ શ્લોકથી ભગવાન્ દૂર કરે છે.

કર્મનું નરક વિગેરે અનિષ્ટ ફલ, સ્વર્ગ વિગેરે ઇષ્ટ તથા ધન, પુત્ર, પશુ, અન્ન વિગેરેની પ્રાપ્તિરૂપ મિશ્ર ફલ છે. આવાં ફલ જેઓ અત્યાગી છે, અર્થાત્ જેઓએ ઉપર વર્ણવેલો કર્મનો ત્યાગ કરેલો નથી તેવા કર્મીઓને જ મરણ પછી પ્રાપ્ત થાય છે, પરન્તુ જેઓ ત્યાગી છે, જેઓએ કર્તૃપણાનાં તથા મમતાનાં અભિમાનનો તથા કર્મનાં ફળનો ત્યાગ કરેલો છે તેઓને મરણ પૂર્વે અથવા મરણ પછી કોઈ સમયે આ કર્મનાં ફળ પ્રાપ્ત થતાં નથી. જેઓએ કર્મનાં ફળનો ત્યાગ કરેલો છે, અને સર્વ કર્મ ભગવાનૂને અર્પણ કરેલાં છે તેઓને કર્મનું મોક્ષવિરોધી ફલ કદાપિ પ્રાપ્ત થતું નથી.

**પઞ્ચૈતાનિ મહાબાહો કારણાનિ નિબોધ મે।**
**સાંખ્યે કૃતાન્તે પ્રોક્તાનિ સિદ્ધયે સર્વકર્મણામ્॥૧૩॥**

**મહાબાહો** - હે અર્જુન!; સમ્બોધન

સર્વકર્મણામ્ - બધાં કર્મોની; નામ, ષ.બ.વ., નપુ.
સિદ્ધયે - સિદ્ધિને માટે; નામ, ચ.એ.વ., સ્ત્રી. 'સિદ્ધિ'
એતાનિ - આ; વિશેષણ, વિ. 'કારણાનિ'
પઞ્ચ - પાંચ; વિશેષણ, વિ. 'કારણાનિ'
કારણાનિ - કારણોને હેતુઓને; નામ, દ્વિ.બ.વ., નપુ. 'કારણ'
સાઙ્ખ્યે - સાઙ્ખ્ય શાસ્ત્રમાં; નામ, સ.એ.વ., નપુ.
કૃતાન્તે - સિદ્ધાન્તે; નામ, સ.એ.વ., પુ. 'કૃતાન્ત'
પ્રોક્તાનિ - કહેલ; ભૂ.કૃ., વિશેષણ, વિ. 'કારણાનિ'
તાનિ - તેને (તું)
મે - મારું, મારી પાસેથી; સર્વનામ, ષ.એ.વ., 'અસ્મત્'
નિબોધ - સમજ, જાણ; ક્રિ. આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ., નિ + બુધ્ ૧ ગણ

**શ્લોકાર્થ:** હે મહાબાહો! સર્વ કર્મની સિદ્ધિમાટે સાંખ્ય સિદ્ધાન્તમાં કહેલાં આ પાંચ કારણો મારી પાસેથી સાંભળ.

**વિવેચન:** અહિંથી કર્મમાત્રમાં ભગવાન્ જ કર્તા છે એવું અનુસન્ધાન રાખી જીવના કર્તૃત્વનો પરિહાર કેવી રીતે થાય તે દર્શાવે છે. આગલા (૧૪) શ્લોકમાં કહેલાં પાંચ કર્મના કારણો હોવા છતાં, કર્તૃત્વ પોતામાં છે એમ જીવ માની લે છે તેથી તેની નિન્દા થાય છે. જ્યારે કર્મમાત્રનું કારણ (સત્ત્વાદિ) ગુણો જ છે અથવા દૈવ અથવા હરિ છે એમ જાણે, ત્યારે જ જીવની કર્મમાંથી તથા કર્મફલમાંથી મમતા દૂર થાય છે. વસ્તુત: કર્તૃત્વ અન્તર્યામીમાં રહેલું છે, કારણ કે અન્તર્યામી સ્વતન્ત્ર છે અને સર્વને નિયમમાં રાખે છે. જીવ પરતન્ત્ર હોવાથી તેનું કર્તૃત્વ મુખ્ય નથી, પણ ગૌણ જ છે. તેથી વસ્તુત: કર્તા અન્તર્યામીરૂપ બ્રહ્મ જ છે, જીવ બ્રહ્મનો અંશ માત્ર હોવાથી તેનું કર્તૃત્વ ગૌણ છે. આવો સિદ્ધાન્ત ભગવાન્ કહેશે.

સાંખ્ય સિદ્ધાન્તમાં સર્વ કર્મની સિદ્ધિના પાંચ કારણો કહેલાં છે તે સાંભળ. સાંખ્યમાં વેદના અનુરોધથી સૂત્ર કરેલાં છે. તે પ્રમાણે શરીર ઇન્દ્રિય, પ્રાણ અને જીવાત્મા ઉપકરણોવાળો અન્તર્યામી પરમાત્મા જ ઉત્તમ કર્તા છે. "જે આત્મામાં રહી આત્માને નિયમમાં રાખે છે" વગેરે શ્રુતિઓ સ્વતન્ત્રતાથી નિયમન કરનાર કેવલ પરમાત્મા જ છે એવો બોધ કરે છે. કર્મની સિદ્ધિના સાંખ્યમાં કહેલા પાંચ કારણો આગળ કહે છે.



અધિષ્ઠાનં તથા કર્તા કરણં ચ પૃથગ્વિધમ્।
વિવિધાશ્ચ પૃથક્ ચેષ્ટા દૈવં ચૈવાત્ર પઞ્ચમમ્॥૧૪॥
શરીર-વાઙ્-મનોભિર્યત્ કર્મ પ્રારભતે નરઃ।
ન્યાય્યં વા વિપરીતં વા પઞ્ચૈતે તસ્ય હેતવઃ॥૧૫॥

અત્ર - અહીંયા
અધિષ્ઠાનમ્ - અધિષ્ઠાન, આધાર; નામ, પ્ર.એ.વ., નપુ. 'અધિષ્ઠાન'
ચ - અને; અવ્યય
કર્તા - કર્તા; નામ, પ્ર.એ.વ., પુ. 'કર્તૃ'. ચ - અને; અવ્યય
પૃથગ્વિધમ્ - જુદા - જુદા પ્રકારનું; વિશેષણ, વિ. 'કરણમ્'
કરણમ્ - કરણ, સાધન; નામ, પ્ર.એ.વ., નપુ. 'કરણ'
ચ - અને; અવ્યય
વિવિધાઃ - જુદી - જુદી જાતના; વિશેષણ, વિ. 'ચેષ્ટાઃ'
પૃથક્ - જુદું; અવ્યય
ચેષ્ટાઃ - ચેષ્ટાઓ; નામ, પ્ર.બ.વ., સ્ત્રી. 'ચેષ્ટા'
તથૈવ - તેવીજ રીતે; અવ્યય
પઞ્ચમમ્ - પાંચમો; વિશેષણ, વિ. 'દૈવમ્'
દૈવમ્ - દૈવ; નામ, પ્ર.એ.વ., નપુ.

નરઃ - માણસ; નામ, પ્ર.એ.વ., પુ. 'નર'
શરીરવાઙ્મનોભિઃ - શરીર, વાણી અને મનથી; નામ, તૃ.બ.વ., નપુ.
ન્યાય્યમ્ - ન્યાયવાળું; વિશેષણ, વિ. 'કર્મ'. વા - અથવા; અવ્યય
વિપરીતમ્ - વિપરીત, અન્યાયી; વિશેષણ, વિ. 'કર્મ'
વા - અથવા; અવ્યય. યત્ - જે; સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.
કર્મ - કર્મને; નામ, દ્વિ.એ.વ., નપુ.
પ્રારભતે - પ્રારમ્ભે છે, શરૂ કરે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., પ્ર + આ + રભ્ ૧ ગણ આત્મને
તસ્ય - તેનું, કર્મનું; સર્વનામ, ષ.એ.વ., નપુ. 'તત્'
એતે - આ; સર્વનામ, પ્ર.બ.વ., પુ. 'એતદ્'
પઞ્ચ - પાંચ; વિશેષણ, વિ. 'હેતવઃ'
હેતવઃ - હેતુઓ; નામ, પ્ર.બ.વ., પુ. 'હેતુ'
અસ્તિ - છે; ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'

**શ્લોકાર્થ:** માણસ શરીર વાણી તથા મન થી ન્યાય્ય અથવા વિપરીત જે કોઈ પણ કર્મનો પ્રારમ્ભ કરે છે તેના અધિષ્ઠાન, કર્તા જુદા-જુદા પ્રકારનું કરણ, વિવિધ ચેષ્ટાઓ અને પાંચમું દૈવ જ, એ પાંચ હેતુઓ હોય છે.

**વિવેચન:** શરીર, વાણી તથા મન થી કર્મ કરી શકાય છે. એ ત્રણેવડે માણસ ન્યાય્ય એટલે શાસ્ત્રીય અથવા વિહિત અને વિપરીત એટલે નિષિદ્ધ વિગેરે જે કાંઈ કર્મ કરે છે તેના પાંચ કારણો છે. ૧.'અધિષ્ઠાન' એટલે શરીર પ્રથમ કારણ છે.

૨.'કર્તા' એટલે અહઙ્કારવાળો જીવાત્મા.

૩. જુદા-જુદા પ્રકારનું કરણ એટલે મનસહિત ઇન્દ્રિયો જ્ઞાનેન્દ્રિયો તથા કર્મેન્દ્રિયો.

૪. વિવિધ જુદી-જુદી ચેષ્ટાઓ અથવા વૃત્તિઓ.

૫. દૈવ-દૈવનો અર્થ કેટલાક અદષ્ટ કરે છે. તે યોગ્ય નથી. અહીં 'દૈવ'નો અર્થ અન્તર્યામી છે. કર્મમાત્રની સિદ્ધિમાટે મુખ્ય કારણ 'દૈવ' એટલે અન્તર્યામી છે. આ અન્તર્યામી સ્વરૂપ સર્વના હૃદયમાં રહેલું છે એમ ભગવાને જ પાછળ કહેલું છે. શ્રીમદાચાર્યચરણ પણ 'અન્ત:કરણપ્રબોધ'માં બોધ કરે છે કે દોષથી રહિત દૈવ વસ્તુ શ્રીકૃષ્ણથી જુદી નથી (''કૃષ્ણાત્પરં નાસ્તિ દૈવં વસ્તુ દોષવિવર્જિતમ્'')

કર્તુત્વનો નિર્ણય વેદાન્તસૂત્રમાં સારી રીતે કરેલો છે. બીજા અધ્યાયના તૃતીયપાદમાં આ સમ્બન્ધી નિર્ણય કરેલો છે. જીવાત્મા અન્તર્યામીને આધીન રહી કર્તા થાય છે, એવો ત્યાં નિર્ણય કરેલો છે. બ્રહ્મસૂત્ર ૨।૩।૪૦-૪૨.

**તત્રૈવં સતિ કર્તારમ્ આત્માનં કેવલં તુ યઃ।**
**પશ્યત્યકૃતબુદ્ધિત્વાત્ ન સ પશ્યતિ દુર્મતિઃ॥૧૬॥**

**તુ** - તો પણ, પરન્તુ; અવ્યય
**એવમ્** - એ પ્રમાણે; અવ્યય
**સતિ** - છે, છતાં; સ.એ.વ., 'સત્'
**યઃ** - જે; સર્વનામ, પ્ર.એ.વ., પુ.
**અકૃતબુદ્ધિત્વાત્** - અશુદ્ધ, અયોગ્ય બુદ્ધિ હોવાથી; નામ, પં.એ.વ., નપુ.
**તત્ર** - ત્યાં; અવ્યય



**કેવલમ્** - કેવળ, માત્ર; વિશેષણ, વિ. 'આત્માનમ્'
**આત્માનમ્** - આત્માને; નામ, દ્વિ.બ.વ., પુ. 'આત્મન્'
**કર્તારમ્** - કર્તાને; નામ, દ્વિ.એ.વ., પુ. 'કર્તૃ'
**પશ્યતિ** - જુએ છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'દશ્'(પશ્ય્) ૧ ગણ પરસ્મૈ.
**સઃ** - તે; સર્વનામ, પ્ર.એ.વ., પુ.
**દુર્મતિઃ** - દુષ્ટ બુદ્ધિ, અજ્ઞાની માણસ; નામ, પ્ર.એ.વ., સ્ત્રી.
**ન** - નહિ; અવ્યય
**પશ્યતિ** - જુએ છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'દશ્'(પશ્ય્) પરસ્મૈ. ૧ ગણ

**શ્લોકાર્થ:** તે સમ્બન્ધમાં આમ હોવાથી, જે કેવલ આત્માને કર્તા જુએ છે તે દુર્બુદ્ધિ વિવેક બુદ્ધિ રહિત હોવાથી સત્ય જોતો નથી.

**વિવેચન:** કર્મનાં કારણ પાંચ હોવાથી પાંચ કર્તા ગણાય. તેમાં પણ મુખ્ય સ્વતન્ત્ર કર્તા અન્તર્યામી છે. પ્રકૃતિ અને પુરુષ નો સમ્બન્ધ કરાવનાર પરમાત્માની અનુમતિથી જ જીવ કર્તા થાય છે. તેનું કર્તૃત્વ પણ ગૌણ છે. આમ હોવા છતાં જે માત્ર જીવાત્માને જ કર્તા માને છે તે વિપરીત મતિવાળો છે, તેણે ગુરુદ્વારા વિવેક બુદ્ધિથી કર્તૃત્વ વિષે સત્ય નિર્ણય પ્રાપ્ત કર્યો નથી, તેને તે સમ્બન્ધી સત્ય જ્ઞાન નથી.

**યસ્ય નાહઙ્કૃતો ભાવો બુદ્ધિર્યસ્ય ન લિપ્યતે।**
**હત્વાપિ સ ઈમાન્ લોકાન્ ન હન્તિ ન નિબધ્યતે॥૧૭॥**

**અર્જુન** - હે અર્જુન; સમ્બોધન
**યસ્ય** - જેનો; સર્વનામ, ષ.એ.વ., પુ.
**અહઙ્કૃતઃ** - અહઙ્કાર, હું કર્તા છું એવો; વિશેષણ, વિ. 'ભાવઃ'
**ભાવઃ** - ભાવ; નામ, પ્ર.એ.વ., પુ. **ન** - નહિ; અવ્યય
**યસ્ય** - જેની; સર્વનામ, ષ.એ.વ., પુ. 'યત્'
**બુદ્ધિઃ** - બુદ્ધિ; નામ, પ્ર.એ.વ., સ્ત્રી.'બુદ્ધિ'. **ન** - નહિ; અવ્યય
**લિપ્યતે** - લેપાય છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'લિપ્' ૪ ગણ આત્મને.
**સઃ** - તે; સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'તત્'
**ઈમાન્** - આ; સર્વનામ, દ્વિ.બ.વ., પુ. 'ઇદમ્'
**લોકાન્** - લોકોને; નામ, દ્વિ.બ.વ., પુ. 'લોક'

હત્વા - હણીને; વિધેય કૃદન્ત
અપિ ન - પણ નહિ; અવ્યય
હન્તિ - હણે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ. 'હન્' ૨ ગણ પરસ્મૈ.
ન - નહિ; અવ્યય
નિબધ્યતે - બન્ધાય છે; ક્રિ. વ.કર્મણિ, તૃ.પુ.એ.વ., નિ + બન્ધ્ ૯ ગણ

શ્લોકાર્થ: ''હું કર્તા છું'' એવો જેનો ભાવ નથી, જેની બુદ્ધિ લેપાતી નથી તે આ લોકોને હણવા છતાં હણતો નથી અને બન્ધન પ્રાપ્ત કરતો નથી.

વિવેચન: મુખ્ય કર્તા પરમાત્મા જ કર્તા છે એવું અનુસન્ધાન રાખવાથી ''હું કર્તા છું'' એવું અભિમાન જેના મનમાં રહેતું નથી, અને કર્મફલની પ્રાપ્તિ વિગેરે માટે જેની બુદ્ધિ બગડતી નથી તે ભીષ્મ વિગેરેને તો શું, પરન્તુ આ લોકોને હણવા છતાં પણ હણતો નથી, અને તે કર્મથી તેને બંધ પ્રાપ્ત થતો નથી, અર્થાત્ તે કર્મનું ફલ તેને ભોગવવું પડતું નથી. જ્યારે નિષિદ્ધ કર્મ પણ આવી રીતે બન્ધન કરતું નથી તો વિહિત કર્મથી તેને બન્ધન કેમ જ થાય? આ જ અર્થ પાછળ અધ્યાય ૫ શ્લોક ૧૦ માં કહેલ છે.

**જ્ઞાનં જ્ઞેયં પરિજ્ઞાતા ત્રિવિધા કર્મચોદના।**
**કરણં કર્મ કર્તેતિ ત્રિવિધઃ કર્મસંગ્રહઃ ॥૧૮॥**

ભારત - હે ભારત! સમ્બોધન
પરિજ્ઞાતા - જ્ઞાત, જાણનાર; નામ, પ્ર.એ.વ., પુ. 'પરિજ્ઞાતૃ'
જ્ઞાનમ્ - જ્ઞાનને; નામ, પ્ર.એ.વ., નપુ.
જ્ઞેયમ્ - જાણવા યોગ્ય; વિધેય કર્મણિ, કૃ., નામ, પ્ર.એ.વ., નપુ.
ત્રિવિધા - ત્રણ પ્રકારની; વિશેષણ, વિ. 'કર્મચોદના'
કર્મચોદના - તો કર્મમાં પ્રવૃત્ત થવાની આજ્ઞા છે
કર્તા - કર્તા; નામ, પ્ર.એ.વ., પુ. 'કર્તૃ'
કરણમ્ - કરણ, સાધન; નામ, પ્ર.એ.વ., નપુ. 'કરણ'
કર્મ - કર્મ; નામ; પ્ર.એ.વ. નપુ.;
ઈતિ - એ પ્રકારે; અવ્યય



ત્રિવિધઃ - ત્રણ પ્રકારનું; વિશેષણ, વિ. 'કર્મસઙ્ગ્રહઃ'
કર્મસઙ્ગ્રહઃ - કર્મનો સઙ્ગ્રહ છે; નામ, પ્ર.એ.વ., પુ.

શ્લોકાર્થ: જ્ઞાન, જ્ઞેય અને પરિજ્ઞાતા ત્રણ પ્રકારની કર્મની વિધિ છે. કરણ કર્મ અને કર્તા ત્રણ પ્રકારનો કર્મસંગ્રહ છે.

વિવેચન: જ્ઞાન-જ્ઞેય એટલે કર્તવ્ય કર્મનાં સાધન અને 'પરિજ્ઞાતા' એટલે કર્તવ્ય કર્મને જાણનાર; અથવા 'જ્ઞાન' એટલે ફલનાં સ્વરૂપનાં જ્ઞાનપૂર્વક તે આત્માને એટલે ઈશ્વરને આધીન છે તેવું જ્ઞાન; 'જ્ઞેય' એટલે ફલનાં સાધનરૂપ કર્મ અને પરિજ્ઞાતા એટલે જ્ઞાન તથા જ્ઞેય નું સ્વરૂપ જાણનાર. એમ જ્ઞાન વિગેરેને લઈને થતી કર્મની પ્રેરણા ત્રણ પ્રકારની છે. વેદમાં પણ કર્મની વિધિ ત્રણ ગુણવાળી છે, તેથી જ વેદ ત્રૈગુણ્યવિષય છે એમ કહેલું છે. 'કરણ' એટલે કર્મનાં સાધનભૂત ઈન્દ્રિયો તથા દ્રવ્ય. 'કર્મ' એટલે યજ્ઞ વિગેરે ક્રિયા. 'કર્તા' એટલે યજ્ઞ વિગેરે ક્રિયા કરનાર. એમ ત્રણ પ્રકારનો કર્મસંગ્રહ છે.

**જ્ઞાનં કર્મ ચ કર્તા ચ ત્રિધૈવ ગુણભેદતઃ।**
**પ્રોચ્યતે ગુણસંખ્યાને યથાવત્ શ્રૃણુ તાન્યપિ॥૧૯॥**

જ્ઞાનમ્ - જ્ઞાન; નામ, પ્ર.એ.વ., નપુ. ચ - અને; અવ્યય
કર્મ - કર્મ; નામ, પ્ર.એ.વ., નપુ. ચ - અને; અવ્યય
કર્તા - કર્તા; નામ, પ્ર.એ.વ., પુ. એવ - જ; અવ્યય
ગુણભેદતઃ - ગુણના ભેદથી; નામ, પં.એ.વ., 'તઃ' પ્રત્યેય
ગુણસઙ્ખ્યાને - સાઙ્ખ્યશાસ્ત્રમાં; નામ, સ.એ.વ., નપુ.
ત્રિધા - ત્રણ પ્રકારે, ત્રણ-ત્રણ પ્રકારે; અવ્યય
પ્રોચ્યતે - કહેવાય છે; ક્રિ. વ.કર્મણિ; તૃ.પુ.એ.વ., ૨ ગણ 'પ્ર + વચ્'
તાનિ - તેઓને; સર્વનામ, દ્વિ.બ.વ., નપુ. 'તત્'
અપિ યથાવત્ - પણ યથાવત્; અવ્યય.
શૃણુ - સાંભળ; ક્રિ. આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ. 'શ્રૃ' ૫ ગણ, પરસ્મૈ.

શ્લોકાર્થ: ગુણોના ભેદથી જ્ઞાન, કર્મ અને કર્તા ને પણ સાંખ્યશાસ્ત્રમાં ત્રણ પ્રકારના કહેલાં છે, તે પણ બરાબર શ્રવણ કર.

વિવેચન: જેમાં કાર્યના ભેદથી ગુણોનું સંખ્યાન અથવા નિરૂપણ કરવામાં આવે છે તે 'ગુણસંખ્યાન' એટલે સાંખ્ય. શાસ્ત્રમાં સત્ત્વાદિ ત્રણ ગુણોના ભેદથી જ્ઞાન વિગેરેને પણ ત્રણ પ્રકારનાં કહેલાં છે.

**સર્વભૂતેષુ યેનૈકં ભાવમ્ અવ્યયમ્ ઈક્ષતે।**
**અવિભક્તં વિભક્તેષુ તજ્ જ્ઞાનં વિદ્ધિ સાત્ત્વિકમ્॥૨૦॥**

**યેન** - જેનાવડે જે (જ્ઞાનવડે); સર્વનામ, તૃ.એ.વ., નપુ.
**વિભક્તેષુ** - જુદા - જુદા વિભાગમાં; વિશેષણ, વિ. 'ભૂતેષુ'
**સર્વભૂતેષુ** - બધા પ્રાણીઓમાં; નામ, સ.બ.વ., નપુ.
**એકમ્** - એક; વિશેષણ, વિ. 'ભાવમ્'
**અવ્યયમ્** - અવિનાશી; વિશેષણ, વિ. 'ભાવમ્'
**ભાવમ્** - ભાવને; નામ, દ્વિ.એ.વ., પુ. 'ભાવ'
**અવિભક્તમ્** - નહિ ભાંગેલો; વિશેષણ, વિ. 'ભાવમ્'
**ઈક્ષતે** - જુએ છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'ઈક્ષ્' ૧ ગણ
**તત્** - તે; સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.
**જ્ઞાનમ્** - જ્ઞાનને; નામ, દ્વિ.એ.વ., નપુ. 'જ્ઞાન'
**સાત્ત્વિકમ્** - સાત્ત્વિક; વિશેષણ, વિ. 'જ્ઞાનમ્'
**વિદ્ધિ** - જાણ; ક્રિ. આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ., પરસ્મૈ. ૨ ગણ

**શ્લોકાર્થ:** સર્વ વિભક્ત ભૂતોમાં એક અવિભક્ત અવ્યય ભાવને જેનાથી જુએ છે તે જ્ઞાન સાત્ત્વિક જાણ.

**વિવેચન:** બ્રાહ્મણ, ક્ષત્રિય વિગેરે વર્ણો તથા બ્રહ્મચર્ય, ગાર્હસ્થ્ય વિગેરે આશ્રમોમાં વિભક્ત થએલાં જુદા - જુદા કર્મના અધિકારવાળા અનેક પ્રાણીઓમાં સર્વમાં આત્મરૂપ એક જ ભાવ, જે વ્યય સ્વભાવવાળાં અનેક શરીરોમાં હોવા છતાં અવ્યય છે, જેને કર્મનાં ફલનો સઙ્ગ અથવા આસક્તિ નથી, અને જે સર્વ શરીરોમાં એક આકારવાળો જ છે તેને જે જ્ઞાનથી જુએ છે અર્થાત્ કર્મના અધિકાર સમયે એટલે કર્મ કરતી વખતે પણ જુએ છે તે જ્ઞાન સાત્ત્વિક જાણ.

**પૃથક્ત્વેન તુ યજ્ જ્ઞાનં નાનાભાવાન્ પૃથગ્વિધાન્।**
**વેત્તિ સર્વેષુ ભૂતેષુ તજ્ જ્ઞાનં વિદ્ધિ રાજસમ્॥૨૧॥**

**તુ** - પરન્તુ; અવ્યય
**યત્** - જે; સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.
**જ્ઞાનમ્** - જ્ઞાનને; નામ, દ્વિ.એ.વ., નપુ. 'જ્ઞાન'
**સર્વેષુ** - બધામાં; સર્વનામ, સ.બ.વ., નપુ.
**ભૂતેષુ** - પ્રાણીઓમાં; નામ, સ.બ.વ., નપુ.
**પૃથગ્વિધાન્** - ભિન્ન - ભિન્ન પ્રકારે; વિશેષણ, વિ. 'નાનાભાવાન્'
**નાનાભાવાન્** - જુદા - જુદા ભાવોને; નામ, દ્વિ.બ.વ., પુ.
**પૃથક્ત્વેન** - વિભાગથી, જુદાપણાથી; નામ, તૃ.એ.વ, નપુ.
**વેત્તિ** - જાણે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'વિદ્' ૨ ગણ, પરસ્મૈ.
**તત્** - તે; સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.
**જ્ઞાનમ્** - જ્ઞાનને; નામ, દ્વિ.એ.વ., નપુ. 'જ્ઞાન'
**રાજસમ્** - રાજસ; વિશેષણ, વિ. 'જ્ઞાનમ્'
**વિદ્ધિ** - જાણ; ક્રિ. આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ., પરસ્મૈ. 'વિદ્' ૨ ગણ.

**શ્લોકાર્થ:** જે જ્ઞાન સર્વ ભૂતોમાં રહેલા જુદા - જુદા પ્રકારના જુદા - જુદા ભાવોને જુદા તરીકે જાણે છે તે જ્ઞાન રાજસ જાણ.

**યત્તુ કૃત્સ્નવદ્ એકસ્મિન્ કાર્યે સક્તમ્ અહેતુકમ્।**
**અતત્ત્વાર્થવદ્ અલ્પં ચ તત્ તામસમ્ ઉદાહૃતમ્॥૨૨॥**

**તુ** - પણ, તો; અવ્યય
**યત્** - જે, જ્ઞાન; સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
**એકસ્મિન્** - એક; વિશેષણ, વિ. 'કાર્યે'
**કાર્યે** - કામમાં, કાર્યરૂપ શરીરમાં; નામ, સ.એ.વ., નપુ.
**કૃત્સ્નવત્** - અખિલ, સમ્પૂર્ણ જેવું; વિશેષણ, વિ. 'યત્'
**સક્તમ્** - આસક્ત; વિશેષણ, વિ. 'યત્'
**ચ** - અને; અવ્યય
**અહેતુકમ્** - કારણ વિનાનું, યુક્તિ વિનાનું; વિશેષણ, વિ. 'યત્'
**અતત્ત્વાર્થવત્** - તત્ત્વોથી રહિત; વિશેષણ, વિ. 'યત્'
**અલ્પમ્** - તુચ્છ, હલકું; વિશેષણ, વિ. 'યત્'
**તત્** - તે દાન; સર્વનામ, પ્ર.એ.વ., નપુ.

તામસમ્ - તામસ; વિશેષણ, વિ. 'તત્'
ઉદાહૃતમ્ - કહેવાયેલું છે; ભૂ.કૃ., વિશેષણ, વિ. 'તત્'

શ્લોકાર્થ : પરન્તુ જે એક કાર્યમાં (તે) સર્વ હોય તેમ લાગેલું, નિષ્પ્રયોજન, તત્ત્વાર્થરહિત અને અલ્પ હોય તે તામસ કહેવાય છે.

વિવેચન : પરન્તુ જે પ્રેત અથવા ભૂતના આરાધનરૂપ એક જ કાર્યમાં, જાણે તે સર્વ ફલ આપનાર હોય તેમ, લાગેલું હોય; તત્ત્વાર્થરહિત હોવાથી અહેતુક અથવા નિષ્પ્રયોજન અને અલ્પ હોય તે જ્ઞાન તામસ છે.

અહીંથી ત્રણ શ્લોકથી (૨૩-૨૫) અનુષ્ઠેય કર્મના સાત્ત્વિક વિગેરે ત્રણ ભેદો કહે છે.

નિયતં સઙ્ગરહિતમ્ અરાગ-દ્વેષતઃ કૃતમ્।
અફલપ્રેપ્સુના કર્મ યત્ તત્ સાત્ત્વિકમ્ ઉચ્યતે॥૨૩॥

અર્જુન - હે અર્જુન! સમ્બોધન
યત્ - જે; સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
કર્મ - કર્મ; નામ, પ્ર.એ.વ., નપુ.
નિયતમ્ - નક્કી કરેલું, નક્કી થયેલું; વિશેષણ, વિ. 'કર્મ'
સઙ્ગરહિતમ્ - ફલાસક્તિ વિનાનું; વિશેષણ, વિ. 'કર્મ'
અફલપ્રેપ્સુના - ફળની ઈચ્છા નહિ રાખનાર પુરુષોવડે; નામ, તૃ.એ.વ., પુ.
અરાગદ્વેષતઃ - રાગ દ્વેષથી રહિત; નામ, પં.એ.વ., 'તઃ' પ્રત્યય
કૃતમ્ - કરેલું; ભૂ.કૃ., વિશેષણ, વિ. 'કર્મ'
તત્ - તે; સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
સાત્ત્વિકમ્ - સાત્ત્વિક; વિશેષણ, વિ. 'કર્મ'
ઉચ્યતે - કહેવાય છે; ક્રિ. વ.કર્મણિ, તૃ.પુ.એ.વ., 'વચ્' ૨ ગણ.

શ્લોકાર્થ : ફલની ઈચ્છા નહિ રાખનારે આસક્તિ વિના તથા રાગદ્વેષ વિના જે નિયત કર્મ કરેલું હોય તે સાત્ત્વિક કહેવાય છે.

વિવેચન : શ્રુતિમાં પોતાના વર્ણ તથા આશ્રમ નું જે 'નિયત' એટલે નિયમ પ્રમાણે કરવાનું કર્મ કહેલું હોય, તેવું કર્મ "હું કર્તા છું" એવી આસક્તિ



વિના તથા કર્મથી પ્રાપ્ત થવાના યશ તથા અપયશ પ્રતિ પ્રીતિ અથવા દ્વેષ વિના, ફલની ઈચ્છા નહિ રાખનાર પુરુષે કરેલું હોય, તે સાત્ત્વિક કહેવાય છે.

યત્તુ કામેપ્સુના કર્મ સાહઙ્કારેણ વા પુનઃ।
ક્રિયતે બહુલાયાસં તદ્ રાજસમ્ ઉદાહૃતમ્॥૨૪॥

તુ - પણ, અને; અવ્યય
યત્ - જે; સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
કર્મ - કર્મ; નામ, પ્ર.એ.વ., નપુ. 'કર્મન્'
બહુલાયાસમ્ - ઘણા પ્રયત્નોવાળું; "બહુલાઃ આયાસાઃ યસ્મિન્ ઈતિ" બ.વ્રીહિ. વિશેષણ, વિ. 'કર્મ'
પુનઃ - ફરીથી; અવ્યય
કામેપ્સુના - કામની ઈચ્છાવાળા વડે; નામ, તૃ.એ.વ., પુ. 'કામેપ્સુ'
વા - અથવા
સાહઙ્કારેણ - કર્તાપણાના અભિમાન સાથે; નામ, તૃ.એ.વ., પુ. 'સાહઙ્કાર'
ક્રિયતે - કરાય છે; ક્રિ. વ.કર્મણિ, તૃ.પુ.એ.વ.,
તત્ - તે (કર્મ); સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
રાજસમ્ - રાજસ; વિશેષણ, વિ. 'કર્મ'
ઉદાહૃતમ્ - કહેવાયેલું; વિશેષણ, વિ. 'કર્મ' ભૂ.કૃ.

શ્લોકાર્થ : પરન્તુ ફલની ઈચ્છાથી અથવા તો અહઙ્કારસહિત જે બહુ શ્રમવાળું કર્મ કરવામાં આવે છે તે રાજસ કહેલું છે.

વિવેચન : ફલની ઈચ્છાથી અથવા "હું આ કર્મનો કર્તા છું, આ મારું કર્મ છે" એવા અહઙ્કારથી બહુ શ્રમવાળું જે કર્મ કરવામાં આવે તે રાજસ છે.

અનુબન્ધં ક્ષયં હિંસામ્ અનવેક્ષ્ય ચ પૌરુષમ્।
મોહાદ્ આરભ્યતે કર્મ યત્ તત્ તામસમ્ ઉચ્યતે॥૨૫॥

યત્ - જે; સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
કર્મ - કર્મ; નામ, પ્ર.એ.વ., નપુ. 'કર્મન્'

**અનુબન્ધમ્** - **પરિણામ;** નામ, દ્વિ.એ.વ., પુ.
**ક્ષયમ્** - હાનિ, **નાશ;** નામ, દ્વિ.એ.વ., પુ.
**હિંસામ્** - **હિંસાને;** નામ, દ્વિ.એ.વ., સ્ત્રી.
**ચ** - **અને;** અવ્યય
**પૌરુષમ્** - **પોતાનું સામર્થ્ય;** નામ, દ્વિ.એ.વ., નપુ. 'પૌરુષ'
**અનવેક્ષ્ય** - **નહિ વિચારીને;** વિધેય કૃદન્ત, અવ + ઈક્ષ્ ૧ ગણ
**મોહાત્** - **કેવળ અજ્ઞાનથી;** નામ, પં.એ.વ., પુ. 'મોહ'
**આરભ્યતે** - **આરમ્ભાય છે;** ક્રિ. વ.કર્મણિ. તૃ.પુ.એ.વ., આ + રભ્ ૧ ગણ આત્મને.
**તત્** - **તે;** સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
**તામસમ્** - **તામસ;** વિશેષણ, વિ. કર્મ,
**ઉચ્યતે** - **કહેવાય છે;** ક્રિ. વ.કર્મણિ, તૃ.પુ.એ.વ., 'વચ્' ૨ ગણ

**શ્લોકાર્થ:** અનુબન્ધ, ક્ષય, હિંસા તથા પૌરુષનો વિચાર કર્યા વિના મોહથી કર્મ આરમ્ભાય છે તે તામસ કહેવાય છે.

**વિવેચન:** 'અનુબન્ધ' એટલે કર્મ કર્યા પછી તેનું પ્રાપ્ત થતું શુભ અથવા અશુભ ફલ. આવા અનુબન્ધ વિગેરેનો વિચાર કર્યા વિના મોહથી જે કર્મ આરમ્ભાય તે તામસ.

**મુક્તસઙ્ગોઽનહંવાદી ધૃત્યુત્સાહ-સમન્વિતઃ।**
**સિદ્ધ્યસિદ્ધ્યોર્ નિર્વિકારઃ કર્તા સાત્ત્વિક ઉચ્યતે॥૨૬॥**

**અર્જુન** - **હે અર્જુન!** સમ્બોધન
**મુક્તસઙ્ગઃ** - **આસક્તિ રહિત;** વિશેષણ, વિ. 'કર્તા'
**અનહંવાદી** - **અહઙ્કારના બોલ - વચન ન બોલનારો;** વિશેષણ, વિ. 'કર્તા'
**ધૃત્યુત્સાહસમન્વિતઃ** - **ધૈર્ય અને ઉત્સાહ થી યુક્ત;** "ધૃત્યા ઉત્સાહેન ચ સમન્વિતઃ" તત્પુ., વિશેષણ, વિ. 'કર્તા'
**સિદ્ધ્યસિદ્ધ્યોઃ** - **સિદ્ધ અને અસિદ્ધ માં કાર્ય થવામાં અને ન થવામાં;** નામ, સ.દ્વિ.વ., સ્ત્રી.
**નિર્વિકારઃ** - **વિકારોથી રહિત;** વિશેષણ, વિ. 'કર્તા'
**કર્તા** - **કર્તા;** નામ, પ્ર.એ.વ., પુ. 'કર્તૃ'



**સાત્ત્વિકઃ** - **સાત્ત્વિક;** વિ. 'કર્તા'
**ઉચ્યતે** - **કહેવાય છે;** ક્રિ. વ.કર્મણિ, તૃ.પુ.એ.વ., 'વચ્' ૨ ગણ

**શ્લોકાર્થ:** સઙ્ગથી રહિત, અહઙ્કારરહિત, ધૃતી અને ઉત્સાહ વાળો, સિદ્ધિ તથા અસિદ્ધિ માં વિકારરહિત એવો કર્તા સાત્ત્વિક કહેવાય છે.

**વિવેચન:** અહીંથી ત્રણ શ્લોકથી (૨૬ - ૨૮) સત્ત્વ વિગેરે ગુણોના ભેદથી ત્રણ પ્રકારના કર્તાનું નિરૂપણ કરે છે.

જે કર્તા 'સઙ્ગ' એટલે આસક્તિ રહિત હોય, જેને "હું કર્તા છું" એવું અભિમાન ન હોય; જે ધૃતિ તથા ઉત્સાહ વાળો હોય, તથા કાર્યની સિદ્ધિ - અસિદ્ધિમાં વિકારરહિત હોય તે સાત્ત્વિક કહેવાય છે.

**રાગી કર્મફલપ્રેપ્સુઃ લુબ્ધો હિંસાત્મકોઽશુચિઃ।**
**હર્ષ-શોકાન્વિતઃ કર્તા રાજસઃ પરિકીર્તિતઃ॥૨૭॥**

**ચ** - **અને;** અવ્યય
**યત્** - **જે;** સર્વનામ પ્ર.એ.વ. નપુ.
**રાગી** - **આસક્તિવાળો;** વિશેષણ, વિ. 'કર્તા'
**કર્મફલપ્રેપ્સુઃ** - **કર્મના ફળની ઈચ્છાવાળો;** ભૂ.કૃ., વિશેષણ, વિ. 'કર્તા'
**લુબ્ધઃ** - **લોભી;** વિશેષણ, વિ. 'કર્તા'
**હિંસાત્મકઃ** - **બીજાને કષ્ટ આપવાના સ્વભાવવાળો;** વિશેષણ, વિ. 'કર્તા'
**અશુચિઃ** - **અપવિત્ર;** વિશેષણ, વિ. 'કર્તા'
**હર્ષશોકાન્વિતઃ** - **હર્ષ અને શોકવાળા;** વિશેષણ, વિ. 'કર્તા'
**તત્** - **તે;** સર્વનામ, પ્ર.એ.વ. નપુ.
**કર્તા** - **કર્તા;** નામ, પ્ર.એ.વ., પુ. 'કર્તૃ'
**રાજસઃ** - **રાજસ;** વિશેષણ, વિ. 'કર્તા'
**પરિકીર્તિતઃ** - **કહેવાયેલો છે;** ભૂ.કૃ., વિશેષણ, વિ. 'કર્તા'

**શ્લોકાર્થ:** રાગવાળો, કર્મફળની ઈચ્છાવાળો, લોભી, હિંસા કરનાર, અપવિત્ર તથા હર્ષ અને શોક વાળો કર્તા રાજસ કહેવાય છે.

**વિવેચન:** 'રાગ' એટલે આસક્તિવાળો, ફલની ઈચ્છા રાખનાર, લોભી,

પરને પીડવારૂપ હિંસા કરનાર, અશુદ્ધ અપવિત્ર રહેનાર તથા કર્મના સારાં ફલથી હર્ષ અને અનિષ્ટ ફલથી શોક કરનાર કર્તા રાજસ છે.

**અયુક્તઃ પ્રાકૃતઃ સ્તબ્ધઃ શઠો નૈષ્કૃતિકોઽલસઃ।**
**વિષાદી દીર્ઘસૂત્રી ચ કર્તા તામસ ઉચ્યતે॥૨૮॥**

**તથા** - તથા
**યત્** - જે; સર્વનામ, પ્ર.એ.વ. નપુ.
**અયુક્તઃ** - યોગ્ય નહિ તે; વિશેષણ, વિ. 'કર્તા'
**પ્રાકૃતઃ** - અસંસ્કારી, શિક્ષા રહિત; વિશેષણ, વિ. 'કર્તા'
**સ્તબ્ધઃ** - અનમ્ર; વિશેષણ, વિ. 'કર્તા'
**શઠઃ** - ધુતારો, ઠગ; વિશેષણ, વિ. 'કર્તા'
**નૈષ્કૃતિકઃ** - બીજાને નડનારો; વિશેષણ, વિ. 'કર્તા'
**વિષાદી** - શોક કરવાના સ્વભાવવાળો; વિશેષણ, વિ. 'કર્તા'
**અલસઃ** - આળસુ; વિશેષણ, વિ. 'કર્તા'
**ચ** - અને; અવ્યય
**દીર્ઘસૂત્રી** - કામ કરવામાં ઘણો સમય લેનારો; વિશેષણ, વિ. 'કર્તા'
**કર્તા** - કર્તા; નામ, પ્ર.એ.વ., પુ. 'કર્તૃ'
**તામસ** - તામસ; વિશેષણ, વિ. 'કર્તા'
**ઉચ્યતે** - કહેવાય છે. ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., કર્મણિ 'વચ્' ૨ ગણ

**શ્લોકાર્થ:** અયુક્ત, પ્રાકૃત, સ્તબ્ધ, શઠ, વચ્ચક, આળસુ, શોક કરનાર તથા દીર્ઘસૂત્રી કર્તા તામસ કહેવાય છે.

**વિવેચન:** 'અયુક્ત' એટલે શાસ્ત્રીય કર્મ કરવાનો અધિકાર હોવા છતાં જે તેવાં કર્મ ન કરતો હોય તેવો, 'પ્રાકૃત' એટલે હલકાં કર્મ અથવા વિકર્મ કરનાર, 'સ્તબ્ધ' એટલે વિદ્યા નહિ જાણનાર અથવા કર્મના આરમ્ભમાં જ શિથિલ, 'શઠ' એટલે અભિચાર વિગેરે કર્મમાં રુચિવાળો, વચ્ચક, આળસુ, વિષાદ કરનાર તથા કર્મમાં લંબાણ કરનાર કર્તા તામસ છે.

**બુદ્ધેર્ભેદં ધૃતેશ્ચૈવ ગુણતસ્ત્રિવિધં શૃણુ।**
**પ્રોચ્યમાનમ્ અશેષેણ પૃથક્ત્વેન ધનઞ્જય!॥૨૯॥**



**ધનઞ્જય** - હે ધનઞ્જય!; સમ્બોધન
**બુદ્ધેઃ** - બુદ્ધિનો; નામ, ષ.એ.વ., સ્ત્રી.
**ચૈવ** - તેમજ; અવ્યય
**ધૃતેઃ** - ધૈર્યનો; નામ, ષ.એ.વ., સ્ત્રી. 'ધૃતિ'
**ગુણતઃ** - ગુણથી; નામ, પં.એ.વ., 'તઃ' પ્રત્યય
**ત્રિવિધમ્** - ત્રણ પ્રકારના; વિશેષણ, વિ. 'ભેદમ્'
**ભેદમ્** - ભેદને; નામ, દ્વિ.એ.વ., પુ. 'ભેદ'
**અશેષેણ** - સમ્પૂર્ણતાથી; નામ, તૃ.એ.વ., પુ.
**પૃથક્ત્વેન** - જુદી-જુદી રીતે; નામ, તૃ.એ.વ., નપુ.
**પ્રોચ્યમાનમ્** - કહેવાતો, કહેવામાં આવતો; વ.કૃ., વિશેષણ, વિ. 'ભેદમ્'
(મયા - મારી પાસેથી)
**શૃણુ** - સાંભળ; ક્રિ. આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ., 'શ્રુ' ૫ ગણ

**શ્લોકાર્થ:** હે ધનઞ્જય! ગુણને લીધે બુદ્ધિના તેમજ ધૃતિના ત્રણ પ્રકારના ભેદ સમ્પૂર્ણ રીતે જુદા - જુદા કહું છું તે સાંભળ.

**વિવેચન:** કર્મના ત્રણ પ્રકારના ભેદ કહ્યા (૨૬ - ૨૮) તેથી જ્ઞાતાના પણ ત્રણ પ્રકારના ભેદ કહેવાયા. કર્મના ત્રણ પ્રકારના ભેદ કહ્યા (૨૩ - ૨૫) તેથી જ્ઞેયના પણ ભેદ કહેવાયા. હવે કરણના ભેદ કહેવા માટે નિશ્ચયાત્મક બુદ્ધિના તથા ધૃતિના ત્રણ પ્રકારના ભેદ કહેવાની અહીં પ્રતિજ્ઞા કરે છે. પછી ત્રણ શ્લોકથી (૩૦ - ૩૨) બુદ્ધિના અને ત્રણ શ્લોકથી (૩૩ - ૩૫) ધૃતિના ભેદો કહે છે.

**પ્રવૃત્તિં ચ નિવૃત્તિં ચ કાર્યાકાર્યે ભયાભયે।**
**બન્ધં મોક્ષં ચ યા વેત્તિ બુદ્ધિઃ સા પાર્થ! સાત્ત્વિકી।૩૦।**

**પાર્થ** - હે પાર્થ; સમ્બોધન
**પ્રવૃત્તિમ્** - પ્રવૃત્તિને; નામ, દ્વિ.એ.વ., 'પ્રવૃત્તિ'. **ચ** - અને; અવ્યય
**નિવૃત્તિમ્** - નિવૃત્તિને; નામ, દ્વિ.એ.વ., સ્ત્રી. **ચ** - અને; અવ્યય
**કાર્યાકાર્યે** - કાર્ય અને અકાર્યને; નામ, દ્વિ.વ. નપુ.
**ભયાભયે** - ભય અને અભય ને; નામ, દ્વિ.વ., નપુ.
**બન્ધમ્** - બન્ધને; નામ, દ્વિ.એ.વ., પુ. 'બન્ધ'. **ચ** - અને; અવ્યય

મોક્ષમ્ - મોક્ષને; નામ, દ્વિ.એ.વ., પુ. 'મોક્ષ'
યા - જે; સર્વનામ, પ્ર.એ.વ., સ્ત્રી.
વેત્તિ - જાણે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'વિદ્' ર ગણ, પરસ્મૈ.
સા - તે; સર્વનામ, પ્ર.એ.વ., સ્ત્રી.
બુદ્ધિઃ - બુદ્ધિ; નામ, પ્ર.એ.વ., સ્ત્રી.
સાત્ત્વિકી - સાત્ત્વિકી છે; વિશેષણ, વિ. 'બુદ્ધિઃ'

શ્લોકાર્થ: હે પાર્થ! પ્રવૃત્તિ અને નિવૃત્તિ, કાર્ય અને અકાર્ય, ભય અને અભય તથા બન્ધ અને મોક્ષ ને જે બુદ્ધિ જાણે છે તે સાત્ત્વિકી છે.

વિવેચન: 'પ્રવૃત્તિ' એટલે અભ્યુદયના સાધનરૂપ ધર્મ અને 'નિવૃત્તિ' એટલે મોક્ષના સાધનરૂપ ધર્મ વિગેરેને જે બુદ્ધિ યથાર્થ રીતે જાણે છે તે સાત્ત્વિકી છે. બુદ્ધિ મનથી પર હોવાથી તેને અહીં 'જાણનારી' કહેલી છે.

**યયા ધર્મમ્ અધર્મં ચ કાર્યં ચાકાર્યમેવ ચ ।**
**અયથાવત્ પ્રજાનાતિ બુદ્ધિઃ સા પાર્થ! રાજસી ॥૩૧॥**

પાર્થ - હે પાર્થ; સમ્બોધન
યયા - જેનાવડે, જે બુદ્ધિવડે; સર્વનામ, દ્વિ.એ.વ., સ્ત્રી.
ધર્મમ્ - ધર્મને; નામ, દ્વિ.એ.વ., પુ. 'ધર્મ'. ચ - અને; અવ્યય
અધર્મમ્ - અધર્મને; નામ, દ્વિ.એ.વ., પુ. ચ - અને; અવ્યય
કાર્યમ્ - કાર્યને; નામ, દ્વિ.એ.વ., નપુ. 'કાર્ય' ચ - અને; અવ્યય
અકાર્યમ્ - અકાર્યને; નામ, દ્વિ.એ.વ., નપુ.
એવ - પણ; અવ્યય
અયથાવત્ - યથાર્થ નહિ; અવ્યય
પ્રજાનાતિ - જાણે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., પ્ર + જ્ઞા પરસ્મૈ. ૯ ગણ
સા - તે; સર્વનામ, પ્ર.એ.વ., સ્ત્રી.
બુદ્ધિઃ - બુદ્ધિ; નામ, પ્ર.એ.વ., સ્ત્રી.
રાજસી - રાજસી છે; વિશેષણ, વિ. 'બુદ્ધિ'

શ્લોકાર્થ: હે પાર્થ! જેનાથી ધર્મ અને અધર્મ ને તથા કાર્ય અને અકાર્ય ને ખોટી રીતે જાણે તે બુદ્ધિ રાજસી છે.



વિવેચન: ધર્મ - અધર્મ, કાર્ય અને અકાર્ય ને જે બુદ્ધિથી માણસ યથાર્થ રીતે જાણતો નથી એટલે જેવાં તે વસ્તુતઃ છે તેવાં જાણતો નથી, પરન્તુ બીજા પ્રકારનાં જાણે છે તે બુદ્ધિ રાજસી છે.

**અધર્મં ધર્મમ્ ઇતિ યા મન્યતે તમસાઽઽવૃતા ।**
**સર્વાર્થાન્ વિપરીતાંશ્ચ બુદ્ધિઃ સા પાર્થ! તામસી ॥૩૨॥**

પાર્થ - હે પાર્થ; સમ્બોધન
યા - જે; સર્વનામ, પ્ર.એ.વ., સ્ત્રી.
તમસા - તામસથી, તમોગુણથી; નામ, દ્વિ.એ.વ., નપુ.
આવૃતા - ઘેરાયેલી; વ.કૃ., વિશેષણ, વિ. 'તમસા'
અધર્મમ્ - અધર્મને; નામ, દ્વિ.એ.વ., પુ.
ધર્મમ્ - ધર્મ; નામ, પ્ર.એ.વ., પુ. ઇતિ - એમ; અવ્યય
મન્યતે - માને છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'મન્' ૪ ગણ
ચ - અને; અવ્યય
સર્વાર્થાન્ - સર્વ અર્થોને; નામ, દ્વિ.બ.વ., પુ.
વિપરીતાન્ - વિપરીત; વિશેષણ, વિ. 'સર્વાર્થાન્'
મન્યતે - માને છે; ક્રિ. વ.કા.
સા - તે; સર્વનામ, પ્ર.એ.વ., સ્ત્રી.
બુદ્ધિઃ - બુદ્ધિ; નામ, પ્ર.એ.વ., સ્ત્રી.
તામસી - તામસી છે; વિશેષણ, વિ. 'બુદ્ધિઃ'

શ્લોકાર્થ: હે પાર્થ! અજ્ઞાનથી વીંટાએલી જે બુદ્ધિ અધર્મને ધર્મ અને સર્વ અર્થોને ઉલટા માને છે તે તામસી છે.

**ધૃત્યા યયા ધારયતે મનઃ-પ્રાણેન્દ્રિય-ક્રિયાઃ ।**
**યોગેનાવ્યભિચારિણ્યા ધૃતિઃ સા પાર્થ! સાત્ત્વિકી ॥૩૩॥**

પાર્થ - હે પાર્થ; સમ્બોધન
યોગેન - ધ્યાન યોગથી, યોગથી વિચારથી; નામ, તૃ.એ.વ., પુ. 'યોગ'
યયા - જેનાવડે, ધૈર્યવડે; સર્વનામ, તૃ.એ.વ., સ્ત્રી.
અવ્યભિચારિણ્યા - ભગવદ્વિષય સમ્બન્ધી યોગવડે અચળ થયેલી; વિશેષણ, વિ. 'ધૃત્યા'

**ધૃત્યા** - ધારણાથી, ધૈર્યથી; નામ, તૃ.એ.વ., સ્ત્રી.

**મનઃપ્રાણેન્દ્રિયક્રિયાઃ** - મન, પ્રાણ અને ઇન્દ્રિયોની ક્રિયાઓને; નામ, દ્વિ.બ.વ., સ્ત્રી. "મનઃ પ્રાણઃ ઇન્દ્રિયં ચ; તેષાં ક્રિયાઃ" તત્પુ.

**ધારયતે** - ધારણ કરે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'ધૃ (ધારય્)' ૧૦ગણ આત્મને.

**સા** - તે; સર્વનામ, પ્ર.એ.વ., સ્ત્રી.

**ધૃતિઃ** - ધારણા, ધૈર્ય; નામ, પ્ર.એ.વ., સ્ત્રી.

**સાત્ત્વિકી** - સાત્ત્વિકી; વિશેષણ, વિ. 'ધૃતિઃ'

**અસ્તિ** - છે; ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ.

**શ્લોકાર્થ:** હે પાર્થ! યોગથી અવ્યભિચારિણી ધૃતિથી જે મન, પ્રાણ તથા ઇન્દ્રિયો ની ક્રિયાઓને ધારણ કરે છે તે સાત્ત્વિકી ધૃતિ છે.

**વિવેચન:** 'ધૃતિ' એટલે દેહ વિગેરે ધારણ કરવાની ક્રિયા. સાત્ત્વિકી ધૃતિ કોને કહેવી તે અહીં કહેલું છે.

**યયા તુ ધર્મ-કામાર્થાન્ ધૃત્યા ધારયતેઽર્જુન!।**
**પ્રસઙ્ગેન ફલાકાંક્ષી ધૃતિઃ સા પાર્થ! રાજસી॥૩૪॥**

**તુ** - તો, પણ; અવ્યય

**પાર્થ** - હે પાર્થ; સમ્બોધન

**અર્જુન** - હે અર્જુન!; સમ્બોધન

**ફલાકાઙ્ક્ષી** - ફળની ઇચ્છાવાળો; નામ, પ્ર.એ.વ., પુ.

**પ્રસઙ્ગેન** - ઘણી આસક્તિથી; નામ, તૃ.એ.વ., પુ.

**યયા** - જેનાવડે; સર્વનામ, તૃ.એ.વ., સ્ત્રી. 'યત્'

**ધૃત્યા** - ધારણા વડે, ધૈર્યવડે; નામ, તૃ.એ.વ., સ્ત્રી. 'ધૃતિ'

**ધર્મકામાર્થાન્** - ધર્મ, કામ અને અર્થોને; નામ, દ્વિ.બ.વ., પુ.

**ધારયતે** - ધારણ કરે છે; ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ., 'ધૃ' ૧૦ ગણ આત્મને.

**સા** - તે; સર્વનામ, પ્ર.એ.વ., સ્ત્રી.

**ધૃતિઃ** - ધારણા; નામ, પ્ર.એ.વ., સ્ત્રી.

**રાજસી** - રાજસી; વિશેષણ, વિ. 'ધૃતિઃ'

**અસ્તિ** - છે; ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'



**શ્લોકાર્થ:** હે પાર્થ! જે ધૃતિથી ધર્મ કામ અને અર્થ નું ધારણ કરે છે અને પ્રસઙ્ગે ફલની આકાંક્ષા રાખે છે તે રાજસી ધૃતિ છે.

**વિવેચન:** જે ધૃતિથી ધર્મ અર્થ અને કામ એ ત્રિવર્ગને ધારણ કરે છે અને "હું કર્તા છું" એવી આસક્તિ રાખી ફલની આકાઙ્ક્ષા રાખે છે તે રાજસી ધૃતિ છે.

**યયા સ્વપ્નં ભયં શોકં વિષાદં મદમેવ ચ।**
**ન વિમુઞ્ચતિ દુર્મેધા ધૃતિઃ સા પાર્થ! તામસી॥૩૫॥**

**પાર્થ** - હે પાર્થ!; સમ્બોધન

**દુર્મેધાઃ** - દુષ્ટ બુદ્ધિવાળો મનુષ્ય; નામ, પ્ર.એ.વ., પુ.

**યયા** - જેનાવડે; સર્વનામ, તૃ.એ.વ., સ્ત્રી. **ધૃત્યા** - ધારણાદ્વારા

**સ્વપ્નમ્** - નિદ્રાને; નામ, દ્વિ.એ.વ., નપુ. 'સ્વપ્ન'

**ભયમ્** - ભયને; નામ, દ્વિ.એ.વ., નપુ. 'ભય'

**શોકમ્** - શોકને, ચિન્તાને; નામ, દ્વિ.એ.વ., પુ.

**ચ** - અને; અવ્યય

**વિષાદમ્** - શોકમય દુઃખ; નામ, દ્વિ.એ.વ., પુ.

**મદમ્** - ઉન્મત્તતાને, છકેલપણાને; નામ, દ્વિ.એ.વ., પુ.

**એવ** - જ; અવ્યય **ન** - નહિ; અવ્યય

**વિમુઞ્ચતિ** - છોડે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., ૧ગણ, પરસ્મૈ. વિ. મુચ્ (મુઞ્ચ્)

**સા** - તે; સર્વનામ, પ્ર.એ.વ., સ્ત્રી.

**ધૃતિઃ** - ધારણા; નામ, પ્ર.એ.વ., સ્ત્રી.

**તામસી** - તામસી છે; વિશેષણ, વિ. 'ધૃતિઃ'

**શ્લોકાર્થ:** હે પાર્થ! દુર્બુદ્ધિવાળો જેનાથી નિદ્રા, ભય, શોક, વિષાદ તથા મદ ને તજતો નથી તે ધૃતિ તામસી છે.

**સુખંત્વિદાનીં ત્રિવિધં શૃણુ મે ભરતર્ષભ!।**
**અભ્યાસાદ્ રમતે યત્ર દુઃખાન્તં ચ નિગચ્છતિ॥૩૬॥**

**અર્જુન** - હે અર્જુન! સમ્બોધન

ઇદાનીમ્ - હવે; અવ્યય
સુખમ્ - સુખને; નામ, દ્વિ.એ.વ., નપુ.   તુ - પણ
ત્વમ્ - તું; સર્વનામ, પ્ર.એ.વ. 'યુષ્મદ્'
ત્રિવિધમ્ - ત્રણ પ્રકારનું; વિશેષણ, વિ. 'સુખમ્'
મે - મારી; સર્વનામ, ષ.એ.વ., 'અસ્મત્'
શૃણુ - સાંભળ; ક્રિ. આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ., 'શ્રૃ' ૫ ગણ
ભરતર્ષભ - હે અર્જુન; સમ્બોધન
યત્ર - જ્યાં, જે સૃષ્ટિમાં; અવ્યય
અભ્યાસાત્ - અભ્યાસ-વારંવાર કરવાથી; નામ, પં.એ.વ. પુ.
રમતે - રમણ કરે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'રમ્' ૧ ગણ, આત્મને.
ચ - અને; અવ્યય
દુઃખાન્તમ્ - દુઃખોના અન્તને, સુખને; નામ, દ્વિ.એ.વ., પુ.
નિગચ્છતિ - મેળવે છે ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., નિ + ગમ્ ૧ ગણ

**શ્લોકાર્થ:** હે ભરતર્ષભ! હવે મારી પાસેથી ત્રણ પ્રકારનું સુખ સાંભળ, જેમાં અભ્યાસથી રમણ કરે છે અને દુઃખના અન્તને પામે છે.

**વિવેચન:** હવે ત્રણ પ્રકારનું સુખ કહેવાની પ્રતિજ્ઞા કરે છે. આ સુખનો દીર્ઘ સમય સુધી અભ્યાસ રાખવાથી તેમાં ઘણી રતિ પ્રાપ્ત કરે છે, અને સંસારના દુઃખના અન્તને પામે છે.

**યત્ તદ્ અગ્રે વિષમિવ પરિણામેઽમૃતોપમમ્।**
**તત્ સુખં સાત્ત્વિકં પ્રોક્તમ્ આત્મ-બુદ્ધિપ્રસાદજમ્॥૩૭॥**

તત્ - તે; સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
અગ્રે - આગળ સમયમાં, સાધન કામમાં; નામ, સ.એ.વ., પુ. 'અવ્યય
વિષમ્ - ઝેર; નામ, પ્ર.એ.વ., નપુ.
ઇવ - જેવું; અવ્યય
પરિણામે - પરિણામમાં; નામ, સ.એ.વ., પુ.
અમૃતોપમમ્ - અમૃત બરાબર; "અમૃતમ્ એવ ઉપમા યસ્ય ઇતિ" બહુ. નામ, પ્ર.એ.વ., નપુ.
અતઃ - એટલા માટે; અવ્યય



યત્ - જે; સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
આત્મબુદ્ધિપ્રસાદજમ્ - ભગવદ્વિષયક બુદ્ધિના પ્રસાદથી ઉત્પન્ન થયેલું, "આત્મનઃ બુદ્ધિઃ ઇતિ તસ્યાઃ પ્રસાદેન જાતમ્" ઉપપદ
સુખમ્ - સુખ; નામ, પ્ર.એ.વ., નપુ.
તત્ - તે; સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
સાત્ત્વિકમ્ - સાત્ત્વિક; વિશેષણ, વિ. 'સુખમ્'
પ્રોક્તમ્ - કહેવાયેલું; ભૂ.કૃ., વિશેષણ, વિ. 'સુખમ્'

**શ્લોકાર્થ:** જે આરમ્ભમાં વિષ જેવું અને પરિણામમાં અમૃતસમાન છે તેવું પોતાની બુદ્ધિની પ્રસન્નતાથી ઉત્પન્ન થતું સુખ સાત્ત્વિક કહેલું છે.

**વિવેચન:** જે 'આરમ્ભ'માં એટલે યોગના પ્રારમ્ભ સમયે— યોગ બહુ શ્રમથી જ સાધી શકાય તેવો હોવાથી તથા તે સમયે વિવિક્ત આત્માનાં સ્વરૂપનો અનુભવ નહિ હોવાથી —વિષ જેવું એટલે બહુ દુઃખરૂપ લાગે, પરન્તુ પરિણામમાં યોગ સિદ્ધ થાય ત્યારે આત્માના સ્વરૂપનો અવિર્ભાવ થવાથી અમૃત સમાન લાગે તેવું, પોતાની બુદ્ધિની પ્રસન્નતા એટલે રજોગુણ તથા તમોગુણ રહિત શુદ્ધતાથી ઉત્પન્ન થતું સુખ સાત્ત્વિક છે.

**વિષયેન્દ્રિય-સંયોગાદ્ યત્ તદ્ અગ્રેઽમૃતોપમમ્।**
**પરિણામે વિષમિવ તત્ સુખં રાજસં સ્મૃતમ્॥૩૮॥**

યત્ - જે; સર્વનામ, પ્ર.એ.વ., નપું.
સુખમ્ - સુખ; નામ, પ્ર.એ.વ., નપુ.
વિષયેન્દ્રિય - વિષય અને ઇન્દ્રિયોના; નામ, પં.એ.વ., પુ.
સંયોગાત્ - સંયોગથી; પં.એ.વ.
ભવતિ - થાય છે; ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ.
તત્ - તે (જોકે); સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
અગ્રે - શરૂઆતમાં; અવ્યય
અમૃતોપમમ્ - અમૃતની બરાબર; વિશેષણ, વિ. 'સુખમ્'
પરિણામે - પરિણામમાં; સ.એ.વ., પુ.
વિષમ્ - વિષ; નામ, પ્ર.એ.વ., નપુ. 'વિષ'
ઇવ - જેવું; અવ્યય

તત્ - તે (સુખ); સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
રાજસમ્ - રાજસ; વિશેષણ, વિ. 'સુખમ્'
સ્મૃતમ્ - કહેવામાં આવેલું છે; ભૂ.કૃ., વિશેષણ, વિ. 'સુખમ્'

**શ્લોકાર્થ:** વિષય અને ઇન્દ્રિયોના સંયોગથી જે આરમ્ભમાં અમૃત જેવું અને પરિણામમાં વિષ જેવું થાય છે તે સુખ રાજસ કહેલું છે.

**વિવેચન:** રૂપ વિગેરે વિષયો અને ઇન્દ્રિયોના સંયોગથી ઉત્પન્ન થતું સુખ આરમ્ભમાં અમૃત જેવું લાગે છે, પરન્તુ પરિણામમાં વિષ જેવું હોય છે. તે સુખ રાજસ છે.

**યદ્ અગ્રે ચાનુબન્ધે ચ સુખં મોહનમ્ આત્મનઃ।**
**નિદ્રાલસ્ય-પ્રમાદોત્થં તત્ તામસમ્ ઉદાહૃતમ્॥૩૯॥**

યત્ - જે; સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
સુખમ્ - સુખ; નામ, પ્ર.એ.વ., નપુ.
અગ્રે ચ - આરંભમાં અને; અવ્યય
અનુબન્ધે - પરિણામ કાળમાં; નામ, સ.એ.વ., પુ.
ચ - અને; અવ્યય
આત્મનઃ - પોતાના જીવને; નામ, ષ.એ.વ., પુ.
મોહનમ્ - મોહ કરનારું; વિશેષણ, વિ. 'સુખમ્'
તત્ - તે; સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
નિદ્રાલસ્યપ્રમાદોત્થમ્ - નિદ્રા, આળસ અને પ્રમાદથી ઉત્પન્ન થયેલું; વિશેષણ, વિ. ''સુખમ્, નિદ્રા, આલસ્યં પ્રમાદશ્ચ તૈઃ ઉત્થમ્ ઇતિ'' ઉપપદ
તામસમ્ - તામસ; વિશેષણ, વિ. 'સુખમ્'
ઉદાહૃતમ્ - કહેવાયેલું છે; ભૂ.કૃ., વિશેષણ, વિ. 'સુખમ્'

**શ્લોકાર્થ:** જે સુખ આરમ્ભમાં તથા અનુબન્ધમાં પોતાને મોહ કરનારું છે અને નિદ્રા, આલસ્ય તથા પ્રમાદ થી ઉત્પન્ન થએલું છે તે તામસ કહેલું છે.

**વિવેચન:** 'અનુબન્ધ'માં એટલે અનુભવ કરતી વખતે પાછળથી પરિણામમાં. આવી રીતે ત્રણ ગુણથી સર્વ ભેદ થાય છે.



**ન તદ્ અસ્તિ પૃથિવ્યાં વા દિવિ દેવેષુ વા પુનઃ।**
**સત્ત્વં પ્રકૃતિજૈર્ મુક્તં યદેભિઃ સ્યાત્ ત્રિભિર્ ગુણૈઃ॥૪૦॥**

પુનઃ - ફરીથી; અવ્યય
અર્જુન - હે અર્જુન!
પૃથિવ્યામ્ - પૃથ્વીમાં 'ભૂલોક'માં; નામ, સ.એ.વ., સ્ત્રી.
વા - અથવા; અવ્યય
દિવિ - સ્વર્ગલોકમાં; નામ, સ.એ.વ., સ્ત્રી. વા - અથવા; અવ્યય
દેવેષુ - દેવતાઓમાં; નામ, સ.એ.વ., પુ.
તત્ - તે; સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
સત્ત્વમ્ - પ્રાણી; નામ, પ્ર.એ.વ., નપુ. ન - નહિ; અવ્યય
અસ્તિ - છે. ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ, પરસ્મૈ.
યત્ - જે; પ્રથમા એ.વ., નપુ.
એભિઃ - એઓવડે; સર્વનામ, તૃ.બ.વ., 'ઇદમ્' પુ.
પ્રકૃતિજૈઃ - પ્રકૃતિથી, ઉત્પન્ન થયેલાઓ વડે; વિશેષણ, વિ. 'ગુણૈઃ'
ત્રિભિઃ ગુણૈઃ - ત્રણ ગુણોવડે; નામ, તૃ.બ.વ., પુ. 'ગુણ'
મુક્તમ્ - મુક્ત; વિશેષણ, વિ. 'સત્ત્વમ્' ભૂ.કૃ.
સ્યાત્ - હોય; ક્રિ. વિધ્યર્થ, તૃ.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** પૃથ્વીપર અથવા સ્વર્ગમાં તથા દેવોમાં પણ એવું કોઈ સત્ત્વ નથી જે પ્રકૃતિથી થએલા આ ત્રણ ગુણોથી મુક્ત હોય.

**વિવેચન:** ભૂતલ પરના પ્રાણીમાત્ર તેમજ સ્વર્ગના દેવો પણ સર્વ પ્રાકૃત ત્રિગુણમય જ છે.

**બ્રાહ્મણ-ક્ષત્રિય-વિશાં શૂદ્રાણાં ચ પરન્તપ!।**
**કર્માણિ પ્રવિભક્તાનિ સ્વભાવપ્રભવૈર્ ગુણૈઃ॥૪૧॥**

પરન્તપ - હે પરન્તપ; સમ્બોધન
બ્રાહ્મણક્ષત્રિયવિશામ્ - બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્યો; નામ, ષ.બ.વ., પુ.
ચ - અને; અવ્યય
શૂદ્રાણામ્ - શૂદ્રોના; નામ, ષ.બ.વ., પુ.
કર્માણિ - કર્મો; નામ, પ્ર.બ.વ., 'કર્મન્'

**સ્વભાવપ્રભવૈઃ** - **સ્વભાવથી ઉત્પન્ન થયેલા;** વિશેષણ, વિ. 'ગુણૈઃ'
**ગુણૈઃ** - **ગુણોવડે;** નામ, તૃ.બ.વ., પુ.
**પ્રવિભક્તાનિ** - **વિભાગ કરેલા;** વિશેષણ, વિ. 'કર્માણિ'
**અસ્તિ** - **છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'

**શ્લોકાર્થ:** હે પરન્તપ! બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્યો તથા શુદ્રો નાં કર્મોના વિભાગ પણ સ્વભાવથી ઉત્પન્ન થએલા ગુણોથી કરેલા છે.

**વિવેચન:** 'સન્ન્યાસ' શબ્દનો અર્થ મોક્ષના સાધનરૂપ ત્યાગ જ છે. 'ત્યાગ' એટલે કર્તૃત્વાભિમાનનો, કર્મમાં આસક્તિનો તથા ફલનો જ ત્યાગ છે, પરન્તુ કર્મનાં સ્વરૂપનો ત્યાગ નથી. "હું કર્તા છું" એવાં પોતાનાં કર્તૃત્વનો ત્યાગ, અન્તર્યામી સ્વરૂપ ભગવાન્ કર્તા છે એવું અનુસન્ધાન રાખવાથી થાય છે.

હવે કર્મના અધિકારીઓ બ્રાહ્મણ વિગેરેનાં કર્મોના, તેઓના સ્વભાવથી ઉત્પન્ન થએલા સત્ત્વ વિગેરે ગુણોથી વિભાગ કરેલા છે તે કહે છે. દરેકનાં પૂર્વ કર્મના સંસ્કારરૂપ સ્વભાવથી ઉત્પન્ન થયેલા ગુણો પ્રમાણે કર્મના વિભાવ કરેલા છે. બ્રાહ્મણો સાત્ત્વિક છે, ક્ષત્રિયો સાત્ત્વિકરાજસ છે. વૈશ્યો રાજસતામસ છે અને શુદ્રો તામસ છે. આ વિભાગનું કારણ પણ તેઓનાં પૂર્વનાં કમં જ છે. આ ગુણોથી તેઓનાં કર્મના વિભાગ કરેલા છે.

**શમો દમસ્ તપઃશૌચં ક્ષાન્તિરાર્જવમેવ ચ।**
**જ્ઞાનં વિજ્ઞાનમ્ આસ્તિક્યં બ્રહ્મકર્મસ્વભાવજમ્॥૪૨॥**

**શમઃ** - **શાન્ત;** નામ, પ્ર.એ.વ., પુ.
**દમઃ** - **દમન;** નામ, પ્ર.એ.વ., પુ.
**શૌચમ્** - **પવિત્રતા;** નામ, પ્ર.એ.વ., નપુ.
**તપઃ** - **તપ;** નામ, પ્ર.એ.વ., નપુ.
**ચ** - **અને;** અવ્યય
**ક્ષાન્તિઃ** - **ક્ષમા;** નામ, પ્ર.એ.વ., સ્ત્રી.
**આર્જવમ્** - **સરળતા;** નામ, પ્ર.એ.વ., નપુ.
**આસ્તિક્યમ્** - **શ્રદ્ધા;** નામ, પ્ર.એ.વ., નપુ.



**જ્ઞાનમ્** - **વ્યાવહારિક જ્ઞાન;** નામ, પ્ર.એ.વ., નપુ. **ચ** - **અને;** અવ્યય
**વિજ્ઞાનમ્** - **પરમાત્મા સમ્બન્ધી જ્ઞાન;** નામ, પ્ર.એ.વ., નપુ.
**એવ** - **પણ;** અવ્યય
**બ્રહ્મકર્મ** - **બ્રાહ્મણનું કર્મ;** નામ, પ્ર.એ.વ., નપુ.
**સ્વભાવજમ્** - **સ્વાભાવિક, સ્વભાવથી ઉત્પન્ન થયેલું;** વિશેષણ, વિ. 'જ્ઞાનમ્'
**અસ્તિ** - **છે;** ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'

**શ્લોકાર્થ:** શમ, દમ, તપ, પવિત્રતા, ક્ષમા તથા સરલતા, જ્ઞાન, વિજ્ઞાન અને આસ્તિક્ય એ સ્વભાવથી થએલાં બ્રાહ્મણનાં કર્મ છે.

**વિવેચન:** 'શમ' એટલે શાન્તિ અથવા ભગવાન્ પ્રતિ ચિત્તની વૃત્તિ; 'દમ' એટલે ઇન્દ્રિયોનો સંયમ, તપઃ, પવિત્રતા, ક્ષમા તેમજ સરલતા, શાસ્ત્રીય જ્ઞાન, 'વિજ્ઞાન' એટલે પરમાત્માનું જ્ઞાન અથવા અનુભવ અને 'આસ્તિક્ય' એ બ્રાહ્મણનાં સ્વભાવથી જ થએલાં એટલે સ્વાભાવિક કર્મ છે.

**શૌર્યં તેજો ધૃતિઃ દાક્ષ્યં યુદ્ધે ચાપ્યપલાયનમ્।**
**દાનમ્ ઈશ્વરભાવશ્ચ ક્ષાત્રં કર્મ સ્વભાવજમ્॥૪૩॥**

**ચ** - **અને;** અવ્યય
**શૌર્યમ્** - **શૂરવીરતા;** નામ, પ્ર.એ.વ., નપુ.
**તેજઃ દાક્ષ્યમ્** - **તેજ ચતુરાઈ;** નામ, પ્ર.એ.વ., નપુ.
**ધૃતિઃ** - **ધૈર્ય;** નામ, પ્ર.એ.વ., સ્ત્રી. **ચ** - **અને;** અવ્યય
**યુદ્ધે** - **યુદ્ધમાં;** નામ, સ.એ.વ. નપુ. **અપિ** - **વળી;** અવ્યય
**અપલાયનમ્** - **નહિ નાસવાનો સ્વભાવ;** નામ, પ્ર.એ.વ., નપુ.
**દાનમ્** - **દાન;** નામ, પ્ર.એ.વ., નપુ. **ચ** - **અને;** અવ્યય
**ઈશ્વરભાવઃ** - **મોટાપણાનો ભાવ;** નામ, પ્ર.એ.વ., પુ.
**ક્ષાત્રમ્** - **ક્ષત્રિય સમ્બન્ધીનું;** વિશેષણ, વિ. 'કર્મ'
**સ્વભાવજમ્** - **સ્વભાવથી ઉત્પન્ન થયેલું;** વિશેષણ, વિ. 'કર્મ'
**કર્મ** - **કર્મ છે;** નામ, પ્ર.એ.વ., નપુ.

**શ્લોકાર્થ:** શૌર્ય, તેજ, ધૈર્ય, ચાતુર્ય તથા યુદ્ધમાં પાછા ન હઠવું તે, દાન અને ઐશ્વર્ય એ ક્ષત્રિયનાં સ્વભાવથી થએલાં કર્મ છે.

कृषि-गोरक्ष्य-वाणिज्यं वैश्यकर्म स्वभावजम्।
परिचर्यात्मकं कर्म शूद्रस्यापि स्वभावजम्॥४४॥

**કૃષિગોરક્ષ્યવાણિજ્યમ્** - ખેતી, ગાયની સેવા અને વેપાર; નામ, પ્ર.એ.વ., નપુ. ''કૃષિશ્ચ ગોરક્ષ્યં ચ વાણિજ્યમ્ ચ ઇતિ'' દ્વન્દ્વ

**વૈશ્યકર્મ** - વૈશ્યનું કર્મ, લે વેચ; નામ, પ્ર.એ.વ., નપુ.

**પરિચર્યાત્મકમ્** - સેવા કરવી તે; નામ, પ્ર.એ.વ., નપુ. ''પરિચર્યા એવ આત્મા યસ્ય'' બહુ.

**સ્વભાવજમ્** - સ્વાભાવિક; વિશેષણ, વિ. 'વૈશ્યકર્મ'

**શૂદ્રસ્ય** - શૂદ્રનું; નામ, ષ.એ.વ., નપુ.

**અપિ** - પણ; અવ્યય

**સ્વભાવજમ્** - સ્વાભાવિક; વિશેષણ, વિ. 'કર્મ'

**કર્મ** - કર્મ; નામ, પ્ર.એ.વ., નપુ.

**અસ્તિ** - છે; ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'

**શ્લોકાર્થ:** ખેતી, ગોરક્ષા અને વેપાર એ સ્વભાવથી થએલાં વૈશ્યનાં કર્મ છે, અને પરિચર્યારૂપ શુદ્રનું પણ સ્વભાવથી થએલું કર્મ છે.

**વિવેચન:** વ્યાજના ધંધાનો સમાવેશ વેપારમાં થઈ જતો હોવાથી તે જુદો કહેલ નથી. શૂદ્રોએ પરિચર્યા (સેવા) કરવાની કહી, તે પહેલા ત્રણ વર્ણોની સેવા સમજવી. એવી સેવા જો ભગવાનની કરવામાં આવે, તો તે વર્ણોને ઉત્તમ ફલ આપનારી થાય છે.

स्वे-स्वे कर्मण्यभिरतः संसिद्धिं लभते नरः।
स्वकर्मनिरतः सिद्धिं तथा विन्दति तत् शृणु॥४५॥

**સ્વે સ્વે** - પોતપોતાના; વિશેષણ, વિ. 'કર્મણિ'

**કર્મણિ** - કર્મમાં; નામ, સ.એ.વ., નપુ. 'કર્મન્'

**અભિરતઃ** - લાગેલો; વિશેષણ, વિ. 'નરઃ' ભૂ.કૃ.

**નરઃ** - માણસ; નામ, પ્ર.એ.વ.

**સંસિદ્ધિમ્** - સિદ્ધિને; નામ, દ્વિ.એ.વ., સ્ત્રી.

**લભતે** - મેળવે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'લભ્' ૧ ગણ આત્મને.

**યથા** - જે પ્રકારે; અવ્યય



**સ્વકર્મનિરતઃ** - પોતાના સ્વાભાવિક કર્મમાં લાગેલો; ભૂ.કૃદન્ત, વિશેષણ, વિ. 'નરઃ'

**સિદ્ધિમ્** - સિદ્ધિને; નામ, એ.વ., સ્ત્રી.

**વિન્દતિ** - મેળવે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'વિદ્' (વિન્દ્) ૬ ગણ

**તત્** - તે પ્રકારને; સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.

**શૃણુ** - સાંભળ; ક્રિ. આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ., 'શ્રુ' ૫ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** પોત-પોતાના કર્મમાં આનન્દ માનનાર પુરુષ સંસિદ્ધિ પ્રાપ્ત કરે છે. પોતાનાં કર્મમાં આનન્દ માનનાર કેવી રીતે સિદ્ધિ પ્રાપ્ત કરે છે તે સાંભળ.

**વિવેચન:** એ પ્રમાણે સર્વ વર્ણનાં સ્વાભાવિક કર્મો કહી તેનું પ્રયોજન કહે છે. પોત-પોતાનાં કર્મમાં આનન્દ માનનારને સંસિદ્ધિ પ્રાપ્ત થાય છે. તેથી પરધર્મનું આચરણ યોગ્ય નથી. સ્વધર્મમાં આનન્દ માનનાર કેવી રીતે સિદ્ધિ પ્રાપ્ત કરે છે તે સાંભળ.

यतः प्रवृत्तिर् भूतानां येन सर्वम् इदं ततम्।
स्वकर्मणा तमभ्यर्च्य सिद्धिं विन्दति मानवः॥४६॥

**અર્જુન** - હે અર્જુન! સમ્બોધન

**યતઃ** - જેથી, જેમાંથી; અવ્યય

**ભૂતાનામ્** - પ્રાણીઓના; નામ, ષ.બ.વ., નપુ. 'ભૂત'

**પ્રવૃત્તિઃ** - પ્રવૃત્તિ; નામ, પ્ર.એ.વ., સ્ત્રી. 'પ્રવૃત્તિ'

**યેન** - જેનાવડે; સર્વનામ, તૃ.એ.વ., 'યત્' પુ.

**ઇદમ્** - આ; સર્વનામ, પ્ર.એ.વ., નપુ. 'ઇદમ્'

**સર્વમ્** - બધું; સર્વનામ, પ્ર.એ.વ., નપુ. 'સર્વ'

**તતમ્** - વ્યાપ્ત છે, ફેલાયેલું; ભૂ.કૃ, વિશેષણ, વિ. 'સર્વમ્ તન્' ૮ ગણ

**તમ્** - તેને; સર્વનામ, દ્વિ.એ.વ., પુ. 'તત્'

**સ્વકર્મણા** - પોતાના સ્વાભાવિક કર્મથી; નામ, તૃ.એ.વ., નપુ.

**અભ્યર્ચ્ય** - અભ્યર્થના કરીને; વિધેય કૃદન્ત, અભિ + અર્ચ્

**માનવઃ** - મનુષ્ય; નામ, પ્ર.એ.વ., પુ.

**સિદ્ધિમ્** - સિદ્ધિને; નામ, દ્વિ.એ.વ., સ્ત્રી.

વિન્દતિ- મેળવે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'વિદ્'(વિન્દ્) ૬ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** જેમાંથી ભૂતોની ઉત્પત્તિ થઈ છે અને જેણે આ સર્વ વ્યાપેલું છે તેનું પોતાનાં કર્મથી અર્ચન કરી મનુષ્ય સિદ્ધિ પ્રાપ્ત કરે છે.

**વિવેચન:** ભગવાનૂનાં સ્વરૂપ અક્ષરબ્રહ્મમાંથી આ સર્વ ભૂતોની ઉત્પત્તિ થએલી છે અને તે આ સર્વને વ્યાપીને રહેલું છે. તે અક્ષરબ્રહ્મનું પોતાનાં કર્મથી અર્ચન કરી મનુષ્ય સિદ્ધિ પ્રાપ્ત કરે છે.

**શ્રેયાન્ સ્વધર્મો વિગુણઃ પરધર્માત્ સ્વનુષ્ઠિતાત્।**
**સ્વભાવનિયતં કર્મ કુર્વન્ નાપ્નોતિ કિલ્બિષમ્॥૪૭॥**

**સ્વનુષ્ઠિતાત્** - સારી રીતે આચરણ કરાયેલું; ભૂ.કૃ. વિશેષણ વિ. 'પરધર્માત્'
**પરધર્માત્** - પારકાના ધર્મથી; નામ, પં.એ.વ., પુ. 'પરધર્મઃ'
**વિગુણઃ** - ગુણરહિત **અપિ** - પણ; અવ્યય
**સ્વધર્મઃ** - પોતાનો, ધર્મ; નામ, પ્ર.એ.વ., પુ. 'સ્વધર્મઃ'
**શ્રેયાન્** - વધારે સારા; વિશેષણ, વિ. 'સ્વધર્મઃ'
**યસ્માત્** - કારણકે;
**સ્વભાવનિયતમ્** - સ્વભાવથી ઠરેલું; વિશેષણ, વિ. 'કર્મ'
**કર્મ** - કર્મ; નામ, દ્વિ.એ.વ., નપુ. 'કર્મન્'
**કુર્વન્** - કરનાર; વ.કૃ., નામ, પ્ર.એ.વ., પુ. 'કુર્વત્'
**કિલ્બિષમ્** - પાપને; નામ, દ્વિ.એ.વ., પુ. 'કિલ્બિષ'
**ન** - નહિ; અવ્યય
**આપ્નોતિ** - મેળવે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'આપ્' ૫ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** સારી રીતે આચરેલા પરધર્મ કરતાં વિગુણ સ્વધર્મ વધારે સારો છે. સ્વભાવથી નિયત કર્મ કરતાં માણસ પાપ પામતો નથી.

**વિવેચન:** સ્વધર્મનું આચરણ શ્રેષ્ઠ છે એમ દઢ કરે છે. પરધર્મ ગમે તેવી સારી રીતે આચરવામાં આવે તે કરતાં સ્વધર્મ હલકો હોય તો પણ વધારે સારો છે. બ્રાહ્મણ-ક્ષત્રિય વિગેરેના સ્વભાવ પ્રમાણે જે કર્મોના વિભાગ કરેલા છે તે પ્રમાણે સ્વભાવથી નિયત થયેલું પોતાનું કર્મ કરવાથી



પાપ થતું નથી, પરન્તુ પોતાનું કર્મ નહિ કરવાથી પાપ થાય છે. કર્મનિ' જ ઉત્તમ છે એવો તૃતીય અધ્યાયમાં બોધ કરેલો, તેનો અહિં પુન ઉપદેશ વ્યાખ્યાનપૂર્વક કરેલો છે.

**સહજં કર્મ કૌન્તેય! સદોષમપિ ન ત્યજેત્।**
**સર્વારમ્ભા હિ દોષેણ ધૂમેનાગ્નિરિવાવૃતાઃ॥૪૮॥**

**કૌન્તેય** - હે અર્જુન!; સમ્બોધન
**સદોષમ્** - દોષવાળું; વિશેષણ, વિ. 'કર્મ'. **અપિ** - પણ; અવ્યય
**સહજમ્** - સ્વાભાવિક; વિશેષણ, વિ. 'કર્મ'
**કર્મ** - કર્મને; નામ, દ્વિ.એ.વ., નપુ. 'કર્મન્'. **ન** - નહીં; અવ્યય
**ત્યજેત્** - છોડવું જોઈએ; ક્રિ. વિધ્યર્થ, તૃ.પુ.એ.વ., 'ત્યજ્' ૧ ગણ, પરસ્મૈ.
**હિ** - કારણકે; અવ્યય
**ધૂમેન** - ધુમાડાથી; નામ, તૃ.એ.વ., પુ. 'ધૂમ'
**અગ્નિઃ** - અગ્નિ; નામ, પ્ર.એ.વ., પુ. **ઈવ** - માફક, જેમ; અવ્યય
**સર્વારમ્ભાઃ** - સર્વ પ્રકારના આરમ્ભ, બધાં જ કર્મો; નામ, પ્ર.બ.વ., પુ.
**દોષેણ** - દોષવડે; નામ, તૃ.એ.વ., પુ. 'દોષ'
**આવૃતાઃ** - ઢંકાયેલા છે; ભૂ.કૃ., વિશેષણ, વિ. 'સર્વારમ્ભાઃ'

**શ્લોકાર્થ:** હે કૌન્તેય! દોષવાળાં પણ સહજ કર્મનો ત્યાગ ન કરવો, કારણ કે ધૂમથી અગ્નિની પેઠે સર્વ આરમ્ભો દોષથી વીંટાએલા છે.

**વિવેચન:** સાંખ્યદષ્ટિથી તારા ક્ષત્રિય ધર્મમાં હિંસારૂપ દોષ માનતો હો તો પણ દોષવાળું પણ સહજ કર્મ તજવું યોગ્ય નથી, કારણ કે પરધર્મમાં પણ દોષ તો છે જ. સર્વ ધર્મો દોષથી વીંટાએલા છે. તેથી સ્વાભાવિક અથવા સહજ કર્મ જે મેં વર્ણાશ્રમ સાથે જ સર્જેલું છે તે કરવું જ યોગ્ય છે. જ્ઞાનીઓએ પણ લોકસંગ્રહ માટે કર્મ કરવું એ જ ઉચિત છે.

અથવા 'દોષ' શબ્દનો અર્થ દુઃખ કરીએ. સર્વ જ્ઞાન અથવા કર્મના આરમ્ભો દુઃખવાળા છે. આરમ્ભ દુઃખથી જ ભરેલા છે. જેમ અગ્નિ આરમ્ભમાં ધૂમથી વીંટાએલો હોય છે તેમ સર્વ કર્મના આરમ્ભો દુઃખવાળા હોય છે, પરન્તુ પાછળથી અગ્નિ ધૂમરહિત પ્રકાશમાન થાય છે તેમ દુઃખમય પણ સ્વધર્મ અન્તે સિદ્ધિ પ્રાપ્ત કરાવે છે.

**અસક્તબુદ્ધિઃ સર્વત્ર જિતાત્મા વિગતસ્પૃહઃ।**
**નૈષ્કર્મ્યસિદ્ધિં પરમાં સન્ન્યાસેનાધિગચ્છતિ ॥૪૯॥**

**સર્વત્ર** - **બધે ઠેકાણે;** અવ્યય
**અસક્તબુદ્ધિઃ** - **આસક્તિ રહિત બુદ્ધિવાળો;** વિશેષણ, વિ. 'નરઃ' "અસક્તા બુદ્ધિઃ યસ્ય ઇતિ" બહુવ્રીહિ
**વિગતસ્પૃહઃ** - **ઈચ્છારહિત;** વિશેષણ, વિ. 'નરઃ'
**જિતાત્મા** - **અન્તઃકરણને જીતનારો;** વિશેષણ, વિ. 'નરઃ'
**સન્ન્યાસેન** - **સાઙ્ખ્ય યોગદ્વારા;** નામ, તૃ.એ.વ., પુ.
**પરમામ્** - **શ્રેષ્ઠ, પરમ;** વિશેષણ, વિ. 'નૈષ્કર્મ્યસિદ્ધિમ્'
**નૈષ્કર્મ્યસિદ્ધિમ્** - **કરવાં છતાં નથી કરતો એ પ્રકારની સિદ્ધિને;** નામ, દ્વિ.એ.વ. સ્ત્રી.
**અધિગચ્છતિ** - **મેળવે છે, પ્રાપ્ત કરે છે;** ક્રિ વ.કા., તૃ.પુ.એ.વ., અધિ + ગમ્ ૧ ગણ પરસ્મૈ.

**શ્લોકાર્થ :** સર્વત્ર આસક્તિરહિત બુદ્ધિવાળો, મનને જીતનાર તથા સ્પૃહારહિત માણસ સન્ન્યાસથી પરમ નૈષ્કર્મ્યસિદ્ધિ પ્રાપ્ત કરે છે.

**વિવેચન :** પૂર્વે કહેલા સાંખ્ય તથા યોગ ના એકાર્થનું પુનઃ સ્મરણ કરાવે છે. જેની 'બુદ્ધિ' એટલે ચિત્ત કોઈ સ્થળે આસક્ત થતું નથી, જેણે મનને જીતેલું છે અને જેને કોઈ કર્મનાં ફલની સ્પૃહા નથી તેવો પુરુષ સન્ન્યાસથી નૈષ્કર્મ્યરૂપ પરમસિદ્ધિ પ્રાપ્ત કરે છે. અહીં અનાસક્તિ કહી તે સાંખ્યનો અર્થ છે. તથા મનની જીત તથા સ્પૃહા નો અભાવ કહ્યો તે યોગના સારરૂપ છે.

**સિદ્ધિં પ્રાપ્તો યથા બ્રહ્મ તથાઽઽપ્નોતિ નિબોધ મે।**
**સમાસેનેવ કૌન્તેય! નિષ્ઠા જ્ઞાનસ્ય યા પરા॥૫૦॥**

**કૌન્તેય** - **હે કૌન્તેય;** સમ્બોધન
**સિદ્ધિમ્** - **સિદ્ધિને;** નામ, દ્વિ.એ.વ., સ્ત્રી.
**પ્રાપ્તઃ** - **પ્રાપ્ત થયેલો;** ભૂ.કૃ., વિશેષણ, વિ. 'નરઃ'
**યથા** - **જેવી રીતે;** અવ્યય
**બ્રહ્મ** - **બ્રહ્મને;** નામ, દ્વિ.એ.વ., 'બ્રહ્મન્' નપુ.



**આપ્નોતિ** - **મેળવે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'આપ્' ૫ ગણ, પરસ્મૈ.
**તથા** - **તેવી રીતે;** અવ્યય
**યા** - **જે;** સર્વનામ, પ્ર.એ.વ., સ્ત્રી. 'યત્'
**જ્ઞાનસ્ય** - **જ્ઞાનનું, જ્ઞાનની;** નામ, ષ.એ.વ., નપુ.
**પરા** - **શ્રેષ્ઠ;** વિશેષણ, વિ. 'નિષ્ઠા'
**નિષ્ઠા** - **નિષ્ઠા, શ્રદ્ધા;** નામ, પ્ર.એ.વ, સ્ત્રી. "નિતરાં સ્થિતિઃ યસ્મિન્ ઇતિ" બહુ.
**તદેવ** - **તેને જ** અવ્યય
**મે** - **મારી પાસેથી, મારું;** સર્વનામ, ષ.એ.વ., 'અસ્મત્'
**સમાસેન** - **ટૂંકમાં;** નામ, તૃ.એ.વ., પુ.
**નિબોધ** - **સમજ;** ક્રિ.આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ., નિ+બુધ્ ૧ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ :** હે કૌન્તેય! સિદ્ધિને પામેલો જેવી રીતે બ્રહ્મ પ્રાપ્ત કરે છે તે રીત મારી પાસેથી સંક્ષેપથી જ જાણ, જે બ્રહ્મપ્રાપ્તિ જ્ઞાનની પરા નિષ્ઠા છે.

**વિવેચન :** નૈષ્કર્મ્ય રૂપ સિદ્ધિ જેણે પ્રાપ્ત કરેલી હોય તે જીવતાં જ અક્ષરબ્રહ્મને કેવી રીતે પ્રાપ્ત કરે છે તે સંક્ષેપથી કહું છું તે જાણી લે. અક્ષરબ્રહ્મની પ્રાપ્તિ એ જ્ઞાનની પરા નિષ્ઠા છે.

**બુદ્ધ્યા વિશુદ્ધયા યુક્તો ધૃત્યાત્માનં નિયમ્ય ચ।**
**શબ્દાદીન્ વિષયાંસ્ત્યક્ત્વા રાગ-દ્વેષૌ વ્યુદસ્ય ચ॥૫૧॥**
**વિવિક્તસેવી લઘ્વાશી યતવાક્-કાય-માનસઃ।**
**ધ્યાનયોગપરો નિત્યં વૈરાગ્યં સમુપાશ્રિતઃ॥૫૨॥**
**અહઙ્કારં બલં દર્પં કામં ક્રોધં પરિગ્રહમ્।**
**વિમુચ્ય નિર્મમઃ શાન્તો બ્રહ્મભૂયાય કલ્પતે॥૫૩॥**

**અર્જુન** - **હે અર્જુન!**
**વિશુદ્ધયા બુદ્ધ્યા** - **વિશુદ્ધ-બુદ્ધિવડે;** વિશેષણ, વિ. 'બુદ્ધ્યા'
**યુક્તઃ** - **યુક્ત;** ભૂ.કૃ., વિશેષણ, વિ. 'નરઃ'
**વિવિક્તસેવી** - **એકાન્ત અને શુદ્ધ સ્થાનનું સેવન કરવાવાળો;** વિશેષણ, વિ. 'નરઃ' "વિવિક્તમ્ સેવનમ્ યસ્ય ઇતિ"

લઘ્વાશી - થોડું ખાનારો; વિશેષણ, વિ. 'નરઃ'

**યતવાક્કાયમાનસઃ** - જેણે વાણી, કાયા અને મનને કાબુમાં રાખી છે એવો; વિશેષણ, વિ. 'નરઃ' "યતાનિ વાક્ ચ યશ્ચ મનશ્ચ યેન ઈતિ" બહુ.

**વૈરાગ્યમ્** - વૈરાગ્ય; નામ, દ્વિ.એ.વ., પુ.

**સમુપાશ્રિતઃ** - સારી રીતે આશ્રય કરેલો છે જેણે; ભૂ.કૃ., વિશેષણ, વિ. 'નરઃ'

**નિત્યમ્** - હંમેશા; વિશેષણ, વિ. 'વૈરાગ્યમ્'

ધ્યાનયોગપરઃ - ધ્યાન અને યોગ માં તત્પર રહેનાર; વિશેષણ, વિ. 'નરઃ' "ધ્યાનં એવ યોગઃ ઈતિ ધ્યાનયોગે પરઃ" તત્પુ.

**ધૃત્યા** - ધૈર્યવડે; નામ, તૃ.એ.વ., સ્ત્રી. 'ધૃતિ'

**આત્માનમ્** - અન્તઃકરણને; નામ, દ્વિ.એ.વ., પુ.

**નિયમ્ય** - નિયમમાં રાખીને; વિધેય કૃદન્ત

**ચ** - અને; અવ્યય

**શબ્દાદીન્ વિષયાન્** - શબ્દ વગેરે વિષયોને; નામ, દ્વિ.બ.વ., પુ.

**ત્યક્ત્વા** - છોડીને; વિધેય કૃદન્ત. **ચ** - અને; અવ્યય

રાગદ્વેષૌ - રાગ અને દ્વેષને; નામ, દ્વિ.દ્વિવચન પુ.

**વ્યુદસ્ય** - નષ્ટ કરીને, ખસેડીને; વિધેય કૃદન્ત

**અહઙ્કારમ્** - અહ્કારને; નામ, દ્વિ.એ.વ., પુ. 'અહઙ્કાર'

**બલમ્ દર્પમ્ કામમ્** - બલ-દર્પ-કામનાને; નામ, દ્વિ.એ.વ., પુ. 'બલ'

**ક્રોધમ્ પરિગ્રહમ્** - ક્રોધ સંગ્રહને; નામ, દ્વિ.એ.વ., પુ.

**વિમુચ્ય** - છોડીને; વિધેય કૃદન્ત 'વિ + મુચ્' ૬ ગણ

**નિર્મમઃ** - મમતા રહિત; વિશેષણ, વિ. 'નરઃ'

**ચ** - અને; અવ્યય

**શાન્તઃ** - શાન્ત, અન્તઃકરણ જેનું શાન્ત છે એવો; વિશેષણ, વિ. 'નરઃ'

**બ્રહ્મભૂયાય** - બ્રહ્મમાં સ્થિત થવા માટે; નામ, ચ.એ.વ., પુ.

**કલ્પતે** - યોગ્ય છે, યોગ્ય થાય છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'કૢપ્' ૧ ગણ આત્મને.

**શ્લોકાર્થ :** વિશુદ્ધ બુદ્ધિવાળો થઈ, ધૃતિથી આત્માનું નિયમન કરી, શબ્દ વિગેરે વિષયોનો ત્યાગ કરી, રાગ તથા દ્વેષ દૂર કરી, એકાન્તનું સેવન



કરનાર, અલ્પ આહારવાળો, જેણે વાણી કાયા અને મન ને વશ કરેલા છે તેવો, નિત્ય ધ્યાનયોગમાં તત્પર, વૈરાગ્યનો આશ્રય કરનાર, અહઙ્કાર, બલ, દર્પ, કામ, ક્રોધ અને પરિગ્રહનો ત્યાગ કરી મમતારહિત તથા શાન્ત રહેનાર બ્રહ્મભાવ માટે યોગ્ય થાય છે.

**વિવેચન :** કર્મમાં આસક્તિ, કર્તૃત્વનું અભિમાન તથા કર્મનાં ફલનો ત્યાગ કરવાથી વિશુદ્ધ બુદ્ધિવાળો થઈ, યોગથી અવ્યભિચારિણી થએલી ધૃતિવડે આત્માને નિયમમાં રાખી, શબ્દ વિગેરે ઈન્દ્રિયોના વિષયોનો ત્યાગ કરી, તથા રાગ અને દ્વેષ નો ત્યાગ કરી, એકાન્તમાં રહેનાર વિગેરે ગુણવાળો બ્રહ્મભાવમાટે યોગ્ય થાય છે એટલે તેનામાં આનન્દ અંશનો આવિર્ભાવ થવાથી અક્ષરબ્રહ્મના ભાવ માટે યોગ્ય થાય છે, અર્થાત્ "હું બ્રહ્મ છું" એવો યથાર્થ અનુભવ કરે છે. ભગવાન્‌ના ગુણ, આનન્દનો તેનામાં આવિર્ભાવ થએલો હોવાથી તેને 'બ્રહ્મ' એમ કહે તે યોગ્ય છે. આ સમ્બન્ધી નિર્ણય બ્રહ્મસૂત્રના બીજા અધ્યાયના ત્રીજા પાદના ૨૯ મા સૂત્રમાં કરેલો છે.

**બ્રહ્મભૂતઃ પ્રસન્નાત્મા ન શોચતિ ન કાંક્ષતિ।**
**સમઃ સર્વેષુ ભૂતેષુ મદ્ભક્તિં લભતે પરામ્॥૫૪॥**

**બ્રહ્મભૂતઃ** - બ્રહ્મમાં ઐક્યભાવથી સ્થિત થયેલો; વિશેષણ, વિ. 'નરઃ'

**પ્રસન્નાત્મા** - પ્રસન્ન છે ચિત્ત જેનું; વિશેષણ, વિ. 'નરઃ'

**ન** - નહિ; અવ્યય

**શોચતિ** - શોક કરે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'શુચ્' ૧ ગણ, પરસ્મૈ.

**ન** - નહિ; અવ્યય

**કાઙ્ક્ષતિ** - ઈચ્છા કરે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'કાઙ્ક્ષ્' ૧ ગણ, પરસ્મૈ.

**સર્વેષુ** - બધા; સર્વનામ, સ.બ.વ., નપુ.

**ભૂતેષુ** - પ્રાણીઓમાં; નામ, સ.બ.વ., પુ. 'ભૂત'

**સમઃ** - સરખો; વિશેષણ, વિ. 'નરઃ'

**પરામ્** - શ્રેષ્ઠ; વિશેષણ, વિ. 'મદ્ભક્તિમ્'

**મદ્ભક્તિમ્** - મારી ભક્તિને; નામ, દ્વિ.એ.વ., સ્ત્રી.

**લભતે** - મેળવે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'લભ્' ૧ ગણ, આત્મને

**શ્લોકાર્થ :** બ્રહ્મભાવ પામેલો, પ્રસન્ન આત્માવાળો શોક કરતો નથી અને

આકાંક્ષા રાખતો નથી. તે સર્વ ભૂતો પ્રતિ સમ હોઈ મારી પરા ભક્તિ પ્રાપ્ત કરે છે.

**વિવેચન :** એવી રીતે જેણે બ્રહ્મભાવ પ્રાપ્ત કરેલો છે તેવો પ્રસન્ન ચિત્તવાળો પુરુષ કોઈ બાબતનો શોક કરતો નથી તેમજ કોઈ પદાર્થની આકાંક્ષા રાખતો નથી; પરન્તુ સર્વ ભૂતો પ્રતિ સમાન હોઈ મારી પરા ભક્તિ પ્રાપ્ત કરે છે. અપેક્ષારહિત બ્રહ્મભાવ પામેલો તે શુકદેવજી પેઠે મારી ક્ષર અને અક્ષર થી પણ અતીત શ્રીપુરુષોત્તમની 'પરા' એટલે જ્ઞાનથી પણ અધિક ફલરૂપ ઉત્તમ નવ પ્રકારની પ્રેમલક્ષણા ભક્તિ પ્રાપ્ત કરે છે. અહીં 'મારી ભક્તિ' એમ ભગવાને કહેલું હોવાથી સાંખ્ય વિગેરેથી અક્ષરબ્રહ્મ સાથે ઐક્ય પ્રાપ્ત કરવું એ પર પુરુષાર્થ નથી, પરન્તુ અક્ષરબ્રહ્મ તથા આત્મા ના યથાર્થ જ્ઞાનવાળા જીવન્મુક્ત જ્ઞાનીઓનો પણ પરમ પુરુષાર્થ શ્રીપુરુષોત્તમની ભક્તિ જ છે એવો ભગવાન્‌નો આશય છે. જો ભગવાન્‌નો આવો આશય ન હોત તો "બ્રહ્મભાવ પામેલો મારી પરાભક્તિ પ્રાપ્ત કરે છે" એમ કહેત નહિ.

અહીં કોઈ શઙ્કા કરે કે ગયા શ્લોકમાં (૫૩) "બ્રહ્મભાવ માટે યોગ્ય થાય છે" એમ જ કહેલું હોવાથી બ્રહ્મભાવને યોગ્ય થએલો પુરુષ, પરન્તુ બ્રહ્મભાવ જેણે પ્રાપ્ત કરેલો નથી તે ભગવાન્‌ની પરા ભક્તિ પામે છે એમ કહેલું છે, અને પછી આગલા (૫૫) શ્લોકમાં "ભક્તિથી ભગવાન્‌નું જ્ઞાન પ્રાપ્ત કરી પ્રવેશ કરે છે" એમ કહેલું હોવાથી, ભક્તિ અક્ષરબ્રહ્મ સાથે ઐક્યનું સાધન છે અર્થાત્ ભગવાન્‌ની ભક્તિ માત્ર બ્રહ્મ સાથે ઐક્ય પ્રાપ્ત કરવાનાં સાધનરૂપ હોવાથી પરમ પુરુષાર્થ નથી, પરન્તુ અક્ષરબ્રહ્મ સાથે ઐક્ય જ પરમ પુરુષાર્થ છે.

આવી શઙ્કા કરી શકાય તેમ નથી, કારણ કે આ શ્લોકમાં 'બ્રહ્મભૂતઃ' શબ્દ સ્પષ્ટ જ છે. 'બ્રહ્મભૂત' એટલે બ્રહ્મ થએલો અથવા બ્રહ્મભાવ પામેલો. તેથી બ્રહ્મભાવ પામેલો જ શ્રીભાગવત્ ૧૧૭।૧૦માં જણાવ્યા પ્રમાણે ભગવાન્‌ની ભક્તિ પ્રાપ્ત કરે છે એમ સ્પષ્ટ કહેલું છે. બ્રહ્મ સાથે ઐક્ય થયા પછી ભગવાન્‌ની ભક્તિ કહેલી છે. આવી ભક્તિ પ્રાપ્ત થયા પછી તે ભક્તિવડે અક્ષરબ્રહ્મથી પણ અતીત શ્રીપુરુષોત્તમનું તત્ત્વથી જ્ઞાન થયા પછી તે પુરુષોત્તમનાં સ્વરૂપમાં જ પ્રવેશ કરે છે એમ આગલા (૫૫) શ્લોકમાં કહેલું છે, અક્ષરબ્રહ્મમાં પ્રવેશ કરે છે



એમ કહેલ નથી. તેથી અક્ષરબ્રહ્મનાં જ્ઞાનરૂપ પ્રમાણમાર્ગ કરતાં શ્રીપુરુષોત્તમનો સમ્બન્ધ કરાવનાર પ્રમેયમાર્ગ અધિક જ છે. અક્ષરબ્રહ્મમાર્ગમાં અક્ષરબ્રહ્મની ઉપાસના કરવાની છે, ઉપાસના પછી શ્રવણ વિગેરેની સિદ્ધિમાટે જ્ઞાન પ્રાપ્ત કરતાં અન્તે અક્ષરબ્રહ્મ સાથે ઐક્ય પ્રાપ્ત થાય એ જ ફલ છે; પરન્તુ આ ભગવન્માર્ગમાં તો ભગવાન્ સમ્બન્ધી સ્વધર્મોનું આચરણ કરતાં શ્રીપુરુષોત્તમની ભક્તિ પ્રાપ્ત થાય છે. શ્રીપુરુષોત્તમની કૃપાથી અક્ષરબ્રહ્મભાવ પ્રાપ્ત થયા પછી પણ શ્રીશુકદેવ, ઉદ્ધવ વિગેરે પેઠે તે શ્રવણ કીર્તન તથા સેવા વિગેરે કરે છે. આ આવી શ્રીપુરુષોત્તમની ભક્તિથી શ્રીપુરુષોત્તમમાં પ્રવેશ કરે છે. આમ હોવાથી ભક્તો યશોદાજીના ઉત્સઙ્ગમાં લાલિત શ્રીપુરુષોત્તમ ભગવાન્‌ની ભક્તિ કરે છે, સાંખ્ય જ્ઞાનીઓ અક્ષરબ્રહ્મની અને યોગીઓ પરમાત્માની ઉપાસના કરે છે. તેઓની મતિ અનુક્રમે ભક્તિ, જ્ઞાન તથા કર્મ માં રહેલી છે અર્થાત્ તેઓનાં માર્ગ અનુક્રમે ભક્તિમાર્ગ, જ્ઞાનમાર્ગ, કર્મમાર્ગ છે. ભક્તિમાર્ગના મર્યાદાભક્તિ અને પુષ્ટિભક્તિ એવા બે ભેદ છે. આ બે પ્રકારનું બ્રહ્મસૂત્ર તૃતીય અધ્યાયના તૃતીય પાદના ૨૯ માં સૂત્રના ભાષ્યમાં શ્રીમદાચાર્યચરણે નિરૂપણ કરેલું છે.

**ભક્ત્યા મામ્ અભિજાનાતિ યાવાન્ યશ્ચાસ્મિ તત્ત્વતઃ ।**
**તતો માં તત્ત્વતો જ્ઞાત્વા વિશતે તદનન્તરમ્ ॥૫૫॥**

**ચ** - અને; અવ્યય
**સઃ** - તે; સર્વનામ
**ભક્ત્યા** - ભક્તિવડે; નામ, તૃ.એ.વ., સ્ત્રી. 'ભક્તિ'
**મામ્** - મને; સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
**તત્ત્વતઃ** - તત્ત્વથી, સૂક્ષ્મતાથી; નામ, પં.એ.વ., 'તત્ત્વ' તઃ પ્રત્યય
**અભિજાનાતિ** - જાણે છે, સારી રીતે જાણે છે; ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'અભિ + જ્ઞા' પરસ્મૈ. ૯ ગણ
**અહમ્** - હું; સર્વનામ, પ્ર.એ.વ. 'અસ્મદ્'
**યઃ** - જે; સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'યત્'
**ચ** - અને; અવ્યય
**યાવાન્** - જેટલો, જેવો; વિશેષણ, વિ. 'અહમ્'
**અસ્મિ** - છું; ક્રિ. વ.કા., પ્ર.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ, પરસ્મૈ.
**તથા** - તથા; અવ્યય

**તતઃ** - **તે ભક્તિથી;** પં.એ.વ.
**મામ્** - **મને;** સર્વનામ, દ્વિ.એ.વ. 'અસ્મદ્'
**તત્ત્વતઃ** - **તત્ત્વથી, સૂક્ષ્મતાથી;** નામ, પં.એ.વ. 'તત્ત્વ' તઃ પ્રત્યય
**જ્ઞાત્વા** - **જાણીને;** વિધેય કૃદન્ત
**તદનન્તરમ્** - **અન્તર વિના, તત્કાળ;** અવ્યય
**વિશતે** - **પ્રવેશે છે, દાખલ થાય છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'વિશ્' ૬ ગણ, આત્મને.

**શ્લોકાર્થ :** પછી હું તત્ત્વથી જેટલો અને જે છું તેમ મને ભક્તિથી જાણે છે. મને તત્ત્વથી જાણી પછી મારામાં પ્રવેશ કરે છે.

**વિવેચન :** હવે ભક્તિથી શું થાય છે તે કહે છે. મને એક નિર્ગુણ પુરુષોત્તમને તત્ત્વથી જેટલો અને જે હું છું એટલે હું જેવા ઐશ્વર્ય વિગેરે અનન્ત અલૌકિક ગુણવાળો, જેવા લીલાના પરિકરવાળો, પ્રાકૃત ગુણની સૃષ્ટિથી રહિત, બ્રહ્મ પરમાત્મા ભગવાન્ વિગેરે નામોથી ઓળખાતો છું, તેમ મને મારી નિર્ગુણ ભક્તિથી જાણે છે. આ ભક્તિનો વિષય હું શ્રીપુરુષોત્તમ નિર્ગુણ હોવાથી આ ભક્તિ પણ નિર્ગુણ છે. આવું મારું યથાર્થ જ્ઞાન થયા પછી મારામાં શ્રીપુરુષોત્તમમાં જ તે પ્રવેશ કરે છે. સેવાફલમાં પણ શ્રીમદાચાર્યચરણે સેવાનાં ફલો કહેલાં છે તેમાં શ્રીપુરુષોત્તમ સાથે સાયુજ્ય કહેલું છે. ત્યાં સેવાના ત્રણ ફલ કહેલાં છે. ૧. અલૌકિક સામર્થ્ય, ૨. સાયુજ્ય ૩. વૈકુણ્ઠ વિગેરેમાં સેવોપયોગી દેહ.

અથવા મૂલમાં, "જ્ઞાત્વા વિશતે" છે તેનો પદચ્છેદ "જ્ઞાત્વાऽऽવિશતે" એમ કરવો. એનો અર્થ એવો થાય છે કે મારું શ્રીપુરુષોત્તમનું જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી મારા આવેશવાળો થાય છે. આ પ્રમાણે શ્રીશુકદેવમાં શ્રીપુરુષોત્તમનો આવેશ થએલો હોવાથી શ્રીભાગવત્ ૧૦।૧।૧૪ ઉપરના શ્રીસુબોધિનીમાં શ્રીમદાચાર્યચરણે તેમને 'સભગવાન્' ભગવાન્‌ના આવેશવાળા કહેલા છે. તેથી બ્રહ્મભૂત શુકદેવજીએ પણ શ્રીપુરુષોત્તમની ભક્તિથી તેમનું યથાર્થજ્ઞાન પ્રાપ્ત કરવાથી શ્રીપુરુષોત્તમનો તેમનામાં આવેશ થયો એટલે તેમણે શ્રીપુરુષોત્તમની લીલામાં પ્રવેશ કર્યો. તેથી જ "શુક ભાવનાથી શ્રીગોકુલમાં રહી કહે છે" એમ શ્રીભાગવત્ ૧૦।૨૬।૧૬ ઉપરના શ્રીસુબોધિનીમાં કહેલું છે. તે ગઙ્ગાના તીરે પરીક્ષિતને શ્રીભાગવત્ કહેતા હોવા છતાં



આમ કહી એમ દર્શાવેલ છે કે અક્ષરમાર્ગથી ભગવાન્માર્ગ જુદો છે, અને ભગવાન્માર્ગમાં પ્રમાણ અને પ્રમેય પણ ભગવાન્ જ છે.

આ શ્લોકનું અનુસન્ધાન બ્રહ્મસૂત્ર ૩।૨।૧૧, ૩।૩।૨૭, ૩।૩।૨૯ તથા ૩।૩।૩૩ ઉપરના અણુભાષ્યમાં તથા શ્રીભાગવત્ ૧૧।૨।૨૦ અને ૧૧।૨।૪૨ ઉપરના સુબોધિનીમાં કરેલું છે.

**સર્વકર્માણ્યપિ સદા કુર્વાણો મદ્વ્યપાશ્રયઃ ।**
**મત્પ્રસાદાદ્ અવાપ્નોતિ શાશ્વતં પદમવ્યયમ્ ॥૫૬॥**

**ચ** - **અને;** અવ્યય
**મદ્વ્યપાશ્રયઃ** - **મારામાં પરાયણ થયેલો;** વિશેષણ, વિ. 'નરઃ' "મયિ વ્યપાશ્રયઃ યસ્ય ઇતિ" બહુવ્રીહિ
**સર્વકર્માણિ** - **બધા કર્મોને;** નામ, દ્વિ.બ.વ., નપુ.
**સદા** - **હંમેશા;** અવ્યય. **કુર્વાણઃ** - **કરતો;** વ.કૃ., વિશેષણ, વિ. 'નરઃ'
**અપિ** - **પણ;** અવ્યય. **મત્પ્રસાદાત્** - **મારી કૃપાથી;** નામ, પં.એ.વ., પુ.
**શાશ્વતમ્** - **અવિનાશી, અખિલ;** વિશેષણ, વિ. 'પદમ્'
**અવ્યયમ્** - **અનન્ત;** વિશેષણ, વિ. 'પદમ્'
**પદમ્** - **પદો;** નામ, દ્વિ.એ.વ., નપુ. 'પદ'
**અવાપ્નોતિ** - **મેળવે છે;** ક્રિ.વ.કા., તૃ.પુ.એ.વ., અવ+આપ્ ૫ ગણ, પરસ્મૈ

**શ્લોકાર્થ :** મારો આશ્રય રાખી સદા સર્વ કર્મ કરનાર પણ મારા પ્રસાદથી શાશ્વત અવ્યય પદ પ્રાપ્ત કરે છે.

**વિવેચન :** કર્મમાં કર્તૃત્વનું અભિમાન તથા તેના ફલની આકાંક્ષા રાખ્યા વિના માત્ર મારો ભગવાન્‌નો જ આશ્રય રાખી અર્થાત્ "અન્તર્યામી ભગવાન્ જ પ્રેરણા કરે છે તેની ઇચ્છાથી કરેલું કર્મ બંધક થતું નથી" એમ મારો ભગવન્‌નો જ આશ્રય રાખી જે ભગવન્માર્ગીય પુરુષ સ્વકીય ધર્મરૂપ લૌકિક વૈદિક સર્વ કર્મો કરે છે તે પણ મારી કૃપાથી અક્ષરબ્રહ્મરૂપી નિત્ય અવ્યય પદ પ્રાપ્ત કરે છે. અહીં મૂલમાં 'અવાપ્નોતિ' શબ્દ છે તેમાં 'અવ' ઉપસર્ગ છે, તેનો ભાવાર્થ એવો છે કે ભક્તિથી શ્રીપુરુષોત્તમનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરે તો શ્રીપુરુષોત્તમનું સાયુજ્ય ફલ પ્રાપ્ત થાય છે, પરન્તુ તેમ નહિ કરતાં માત્ર મારો આશ્રય રાખીને જ કર્મો કરે તો

અક્ષરબ્રહ્મરૂપી અવ્યય શાશ્વત પદ પ્રાપ્ત થાય છે.

**ચેતસા સર્વકર્માણિ મયિ સન્ન્યસ્ય મત્પરઃ।**
**બુદ્ધિયોગમ્ ઉપાશ્રિત્ય મચ્ચિતઃ સતતં ભવ॥૫૭॥**

**અર્જુન** - **હે અર્જુન!** સમ્બોધન
**ત્વમ્** - તું; સર્વનામ, પ્ર.એ.વ. 'યુષ્મદ્'
**સર્વકર્માણિ** - **બધા કર્મોને;** નામ, દ્વિ.બ.વ., નપુ. 'સર્વકર્મન્'
**ચેતસા** - **ચિત્તથી, મનથી;** નામ, તૃ.એ.વ., નપુ.
**મયિ** - **મારામાં;** સર્વનામ, સ.એ.વ., 'અસ્મદ્'
**સન્ન્યસ્ય** - **મૂકીને, અર્પણ કરીને;** વિધેય કૃદન્ત
**મત્પરઃ** - **મારે પરાયણ;** વિશેષણ, વિ. 'નરઃ' ''અહમ્ એવ પરઃ યસ્ય ઈતિ'' બહુ.
**બુદ્ધિયોગમ્** - **બુદ્ધિયોગને, નિષ્કામ કર્મયોગને;** નામ, દ્વિ.એ.વ., પુ.
**ઉપાશ્રિત્ય** - **આશ્રય કરીને;** વિધેય કૃદન્ત
**સતતમ્** - **હંમેશા;** અવ્યય
**મચ્ચિતઃ** - **મારામાં ચિત્ત રાખનાર;** વિશેષણ, વિ. 'ત્વમ્'
**ભવ** - **થા, હો;** ક્રિ. આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ., 'ભૂ' ૧ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ :** ચિત્તથી સર્વ કર્મોનું મારામાં અનુસન્ધાન કરી, મને પરાયણ રહી, બુદ્ધિયોગનો આશ્રય કરી, સદા મારામાં ચિત્ત રાખનાર થા.

**વિવેચન :** તેથી તું પણ યોગ તથા ભક્તિ વાળાં ચિત્તથી સાક્ષાત્ મુખ્ય કર્તા મારામાં સર્વ કર્મોનું અનુસન્ધાન કરી, મને પરાયણ રહી, અર્થાત્ ''હું કર્તા નથી, પરન્તુ મારો અન્તર્યામી મુખ્ય કર્તા છે તે સર્વ કરે છે, હું તો તેને આધીન રહી તે પ્રેરે છે તેમ કરું છું'' એવા ભાવથી મને પરાયણ રહી, અથવા મારી આજ્ઞા પ્રમાણે વર્તન કરવાથી મને પરાયણ રહી, પાછળ સાંખ્ય તથા યોગ ના એકાર્થરૂપ જે બુદ્ધિયોગ કહેલો છે તેનું અવલમ્બન કરી નિરન્તર મારામાં ચિત્ત રાખ.

**મચ્ચિત્તઃ સર્વદુર્ગાણિ મત્પ્રસાદાત્ તરિષ્યસિ।**
**અથ ચેત્ ત્વમ્ અહઙ્કારાત્ ન શ્રોષ્યસિ વિનંક્ષ્યસિ॥૫૮॥**

**પ્રકૃતિઃ** - **પ્રકૃતિ;** નામ, પ્ર.એ.વ., સ્ત્રી.
**ત્વામ્** - **તને;** સર્વનામ, દ્વિ.એ.વ., 'યુષ્મત્'
**નિયોક્ષ્યતિ** - **યોજશે;** ક્રિ. ભ.કા., તૃ.પુ.એ.વ., ૭ ગણ 'નિ + યુજ્' પરસ્મૈ.

**શ્લોકાર્થ :** અહઙ્કારનો આશ્રય કરી "હું યુદ્ધ કરીશ નહિ" એમ જે તું માને છે તે તારો નિશ્ચય મિથ્યા જ છે. પ્રકૃતિ તને યુદ્ધમાં યોજશે.

**વિવેચન :** "હું યુદ્ધ કરીશ નહિ" એવો તારો નિશ્ચય વ્યર્થ છે. કારણ કે મારી આજ્ઞા પ્રમાણે વર્તનારી ગૌણ સ્વભાવરૂપ પ્રકૃતિ તારી ઇચ્છા વિરૂદ્ધ પણ તને યુદ્ધમાં યોજશે.

**સ્વભાવજેન કૌન્તેય! નિબદ્ધઃ સ્વેન કર્મણા।**
**કર્તું નેચ્છસિ યન્ મોહાત્ કરિષ્યસ્યવશોઽપિ તત્॥૬૦॥**

**ચ** - **અને;** અવ્યય
**કૌન્તેય** - **હે અર્જુન;** સમ્બોધન
**યત્** - **જે;** સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.
**મોહાત્** - **મોહથી;** નામ, પં.એ.વ., પુ.
**ન** - **નહિ;** અવ્યય
**કર્તુમ્** - **કરવાને;** હેત્વર્થ કૃદન્ત
**ઈચ્છસિ** - **ઈચ્છે છે;** ક્રિ. વ.કા., દ્વિ.પુ.એ.વ., 'ઇષ્ (ઇચ્છ્)' ૧ ગણ, પરસ્મૈ.
**તત્** - **તે;** સર્વનામ, દ્વિ.એ.વ., નપુ. 'તત્'
**અપિ** - **પણ;** અવ્યય
**સ્વેન** - **પોતાના;** સર્વનામ, તૃ.એ.વ., પુ. 'સ્વ'
**સ્વભાવજેન** - **સ્વભાવથી ઉત્પન્ન થયેલું કર્મ;** વિશેષણ, વિ. 'કર્મણા'
**કર્મણા** - **કર્મથી;** નામ, તૃ.એ.વ., નપુ.
**નિબદ્ધઃ** - **બંધાયેલો;** ભૂ.કૃ., વિશેષણ, વિ. 'ત્વમ્'
**અવશઃ** - **પરવશ, પરતન્ત્ર;** વિશેષણ, વિ. 'ત્વમ્'
**કરિષ્યસિ** - **કરીશ;** ક્રિ. ભ.કા., દ્વિ.પુ.એ.વ., 'કૃ' ૮ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ :** હે કૌન્તેય! સ્વભાવથી ઉત્પન્ન થએલાં પોતાનાં કર્મવડે બંધાએલો



તું, મોહને લીધે જે કરવા ઇચ્છતો નથી તે પરવશ થઈને પણ કરીશ.

**વિવેચન :** ગયા શ્લોકમાં (૫૯) કહેલાં અર્થની જ ઉપપત્તિ કહે છે.

પ્રકૃતિથી ઉત્પન્ન થએલાં, સ્વભાવથી ઉત્પન્ન થએલાં કર્મોથી તું બંધાએલો હોવાથી તારી ઇચ્છા હો કે ન હો તો પણ પ્રકૃતિને પરવશ થઈ તું યુદ્ધ કરવાનો જ. મોહથી યુદ્ધ ન કરવાની તારી ઇચ્છા છે, છતાં પ્રકૃતિને પરવશ થઈ તું યુદ્ધ કરીશ જ.

**ઈશ્વરઃ સર્વભૂતાનાં હૃદ્દેશેઽર્જુન! તિષ્ઠતિ।**
**ભ્રામયન્ સર્વભૂતાનિ યન્ત્રારૂઢાનિ માયયા॥૬૧॥**

**યતઃ** - **કારણ કે;** અવ્યય
**અર્જુન** - **હે અર્જુન;** સમ્બોધન
**યન્ત્રારૂઢાનિ** - **યન્ત્ર ઉપર આરૂઢ થયેલા;** વિશેષણ, વિ. 'સર્વભૂતાનિ'
**સર્વભૂતાનિ** - **બધા પ્રાણીઓને;** નામ, દ્વિ.બ.વ., નપુ.
**ઈશ્વરઃ** - **ઈશ્વર;** નામ, પ્ર.એ.વ., પુ. 'ઈશ્વર'
**માયયા** - **માયાવડે;** નામ, તૃ.એ.વ., સ્ત્રી. 'માયા'
**ભ્રામયન્** - **ભમાવતા;** વ.કૃદન્ત, વિશેષણ, વિ. 'ઈશ્વર'
**સર્વભૂતાનામ્** - **સર્વ પ્રાણીઓના;** નામ, ષ.બ.વ., નપુ.
**હૃદ્દેશે** - **હૃદયરૂપી સ્થાનમાં;** નામ, સ.એ.વ., પુ. "હૃત્ એવ દેશઃ ઈતિ" કર્મધારય
**તિષ્ઠતિ** - **રહે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., સ્થા (તિષ્ઠ્) ૧ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ :** હે અર્જુન! યન્ત્ર ઉપર ચઢાવેલાં સર્વ પ્રાણીઓને માયાથી ભમાવતા ઈશ્વર સર્વ પ્રાણીઓના હૃદય પ્રદેશમાં રહે છે.

**વિવેચન :** પ્રકૃતિ પણ મને અધીન રહીને મારી ઇચ્છાથી જ એ પ્રમાણે નહિ ઇચ્છતા પ્રાણીને કર્મમાં યોજે છે. તેથી પ્રાકૃત પ્રાણીઓના નિયન્તા તરીકે હું જ સર્વ પ્રાણીઓને તેઓનાં પ્રાકૃત કર્મ પ્રમાણે પ્રકૃતિને અધીન રાખી વર્તન કરાવું છું એમ કહે છે. સર્વને નિયમમાં રાખનાર ઈશ્વર વાસુદેવ હું જ મારી લીલામાટે ઊંચા તથા નીચા સરજેલાં અને પ્રકૃતિ સાથે સંસૃષ્ટ થએલા બ્રહ્માથી આરમ્ભી ઘાસના તણખલાં સુધીના સર્વ

પ્રાણીઓના હૃદય પ્રદેશમાં રહું છું. હું સર્વનાં હૃદયમાં અન્તર્યામીરૂપથી રહેતો હોવા છતાં નિર્લેપ છું એમ દર્શાવવા 'ઈશ્વર' પદ યોજેલું છે, કારણ કે હું ઈશ્વર હોવાથી જ ઉપાધિવાળાં સ્થાન પ્રદેશમાં રહેવા છતાં મને ઉપાધિનો સ્પર્શ પણ થતો નથી. ત્યાં રહી હું સર્વ પ્રાણીઓને જાણે તેઓ યન્ત્ર ઉપર ચઢાવેલા હોય તેમ માયાથી ભ્રમણ કરાવું છું.

હું સર્વ પ્રાણીઓને મારી ઇચ્છા પ્રમાણે કર્મ કરવા પ્રેરું છું એ જ તેઓનું ભ્રમણ. અહીં દરેક પ્રાણીના દેહ, ઇન્દ્રિય વિગેરે યન્ત્ર છે. તેમાં રહેલાં દરેક પ્રાણીની તેના ગુણોના પ્રમાણે પ્રવૃત્તિ કરાવતો હું તેનાં હૃદયમાં રહું છું. જેમ સૂત્રધાર કાષ્ઠના યન્ત્ર ઉપર ચઢાવેલા બનાવટી પ્રાણીઓને ફેરવે છે તેમ હું શરીરરૂપી યન્ત્રો ઉપર ચઢાવેલા સર્વ પ્રાણીઓને માયાથી ભ્રમણ કરાવતો તેઓનાં હૃદયમાં રહું છું.

આ શ્લોકનું અનુસન્ધાન બ્રહ્મસૂત્ર ૧।૨।૬ તથા ૧।૩।૨૫ ઉપરના અણુભાષ્યમાં કરેલું છે.

**તમેવ શરણં ગચ્છ સર્વભાવેન ભારત।।**
**તત્પ્રસાદાત્ પરાં શાન્તિં સ્થાનં પ્રાપ્સ્યસિ શાશ્વતમ્।।૬૨।।**

**ભારત** - **હે અર્જુન!** સમ્બોધન
**સર્વભાવેન** - **સમ્પૂર્ણ ભાવથી;** નામ, તૃ.એ.વ., પુ.
**તમ્** - **તેને;** સર્વનામ, દ્વિ.એ.વ., 'તત્' પુ.
**એવ** - **જ, માત્ર;** અવ્યય
**શરણમ્** - **શરણે;** નામ, દ્વિ.એ.વ., નપુ. 'શરણ'
**ગચ્છ** - **જા;** ક્રિ. આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ., 'ગમ્ (ગચ્છ્) ૧ ગણ, પરસ્મૈ.
**તત્પ્રસાદાત્** - **તેની કૃપાથી;** નામ, પં.એ.વ., પુ.'તસ્ય પ્રસાદઃ' તત્પુ.
**પરામ્** - **શ્રેષ્ઠ;** વિશેષણ, વિ. 'શાન્તિમ્'
**શાન્તિમ્** - **શાન્તિને;** નામ, દ્વિ.એ.વ., સ્ત્રી.
**શાશ્વતમ્** - **અખિલ, સનાતન;** વિશેષણ, વિ. 'સ્થાનમ્'
**સ્થાનમ્** - **સ્થાનમાં;** નામ, દ્વિ.એ.વ., નપુ.
**પ્રાપ્સ્યસિ** - **મેળવીશ;** ક્રિ. ભ.કા., દ્વિ.પુ.એ.વ., પ્ર + આપ્ ૫ ગણ,

**શ્લોકાર્થ:** હે ભારત! સર્વ ભાવથી તેને જ શરણે જા. તેના પ્રસાદથી પરા શાન્તિ અને શાશ્વત સ્થાન તું પ્રાપ્ત કરીશ.



**વિવેચન:** એ પ્રમાણે ભગવાન્ પ્રાણી માત્રને પ્રેરનાર હોવાથી સર્વભાવથી સર્વનિયન્તા, સર્વેશ્વર, શરણ જવા યોગ્ય ભગવાનના જ શરણ જા. એમ નહિ કર તો પણ મારી પ્રેરેલી પ્રકૃતિ તને યુદ્ધ માં યોજશે જ. તેથી પ્રકૃતિને આધીન થઈ યુદ્ધ કરવું તે કરતાં મારી આજ્ઞાથી યુદ્ધ કરવું ઉત્તમ છે. આમ કરવાથી મારી કૃપાથી તને પરા શાન્તિ અને અક્ષરબ્રહ્મરૂપી શાશ્વત સ્થાન પ્રાપ્ત થશે. તેથી મારી આજ્ઞાથી સ્વધર્મનું આચરણ કરવું ઉત્તમ છે. એમ કરવાથી મારા ભક્તને બન્ધન થતું નથી.

**ઇતિ તે જ્ઞાનમ્ આખ્યાતં ગુહ્યાદ્ ગુહ્યતરં મયા।**
**વિમૃશ્યૈતદ્ અશેષેણ યથેચ્છસિ તથા કુરુ।।૬૩।।**

**ઇતિ** - **એમ;** અવ્યય
**ગુહ્યાત્** - **ગુહ્યથી;** વિશેષણ, વિ. 'જ્ઞાનાત્'
**ગુહ્યતરમ્ જ્ઞાનમ્** - **વધારે ગૂઢ જ્ઞાન;** નામ, પ્ર.એ.વ. નપુ.
**મયા** - **મારાવડે;** સર્વનામ, તૃ.એ.વ., 'અસ્મત્'
**તે** - **તને;** સર્વનામ, ચ.એ.વ., 'યુષ્મત્'
**આખ્યાતમ્** - **કહેવાયું;** ભૂ.કૃ., વિશેષણ, વિ. 'જ્ઞાનમ્'
**એતદ્** - **આ;** સર્વનામ, દ્વિ.એ.વ., પુ.
**અશેષેણ** - **સમ્પૂર્ણ રીતે;** નામ, તૃ.એ.વ., પુ. 'અશેષ'
**વિમૃશ્ય** - **વિચારીને;** વિધેય કૃદન્ત વિ + મૃશ્ ૬ ગણ,
**યથા** - **જેમ;** અવ્યય
**ઇચ્છસિ** - **ઇચ્છે છે;** ક્રિ. વ.કા., દ્વિ.પુ.એ.વ., 'ઇષ્ (ઇચ્છ્)
**તથા** - **તેમ;**
**કુરુ** - **કર;** ક્રિ. આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ., 'કૃ' ૮ ગણ પરસ્મૈ.

**શ્લોકાર્થ:** આવી રીતે ગુહ્યથી પણ ગુહ્ય જ્ઞાન મેં તને કહ્યું. આનો સમ્પૂર્ણતાથી વિચાર કરી જે ઇચ્છામાં આવે તેમ કર.

**વિવેચન:** હવે સર્વ ગીતાના શાસ્ત્રાર્થનો ઉપસંહાર કરે છે.

ગુહ્યથી પણ ગુહ્ય એટલે 'અતિગોપ્ય' આ સર્વશાસ્ત્રોનાં જ્ઞાનના સારરૂપ જ્ઞાન સર્વ વેદાન્તોના ઉત્તમ સિદ્ધાન્તનો સાર મેં તને કહ્યો. આનો સમ્પૂર્ણતાથી વિચાર કરી જેમ ઇચ્છામાં આવે તેમ કર.

**સર્વગુહ્યતમં ભૂયઃ શૃણુ મે પરમં વચઃ।**
**ઇષ્ટોઽસિ મે દૃઢમિતિ તતો વક્ષ્યામિ તે હિતમ્॥૬૪॥**

**સર્વગુહ્યતમમ્** - **સૌથી ગુહ્ય;** વિશેષણ, વિ. 'વચઃ'
**મે** - **મારું;** સર્વનામ, ષ.એ.વ., 'અસ્મત્'
**પરમમ્** - **શ્રેષ્ઠ, રહસ્યયુક્ત;** વિશેષણ, વિ. 'વચઃ'
**વચઃ** - **વચન;** નામ, દ્વિ.એ.વ., નપુ. 'વચસ્'. **ભૂયઃ** - **ફરીથી;** અવ્યય
**શૃણુ** - **સાંભળ;** ક્રિ. આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ., 'શ્રુ' ૫ ગણ,
**મે** - **મારો;** સર્વનામ, ષ.એ.વ., 'અસ્મત્'
**દૃઢમ્** - **દૃઢ;** વિશેષણ, વિ. 'હિતમ્'
**ઇષ્ટઃ** - **પ્રિય, ઇચ્છવા યોગ્ય;** ભૂ.કૃ., વિશેષણ, વિ. 'ત્વમ્'
**અસિ** - **છે;** ક્રિ. વ.કા., દ્વિ.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ
**તતઃ** - **તેથી, તે માટે;** અવ્યય. **ઇતિ** - **આ;** અવ્યય
**હિતમ્** - **હિત, હિતરૂપ, હિતકર;** વિશેષણ, વિ. 'વચઃ'
**તે** - **તારે માટે;** સર્વનામ, ચ.એ.વ., 'યુષ્મત્'
**વક્ષ્યામિ** - **કહીશ;** ક્રિ. ભ.કા., પ્ર.પુ.એ.વ., 'વચ્' ૨ ગણ પરસ્મૈ.

**શ્લોકાર્થ:** સર્વથી ગુહ્યતમ મારું પરમ વચન ફરીથી સાંભળ. તું મને બહુ જ પ્રિય છે તેથી તને હિત કહું છું.

**વિવેચન:** સર્વ શાસ્ત્રનો વિચાર કરી શાસ્ત્રાર્થ જાણવો બહુ કઠિન હોવાથી ભગવાન્ પોતે જ નિરતિશય કૃપા કરી અર્જુનનો અને તેના દ્વારા સર્વલોકોનો ઉદ્ધાર કરવાની ઇચ્છાથી પોતે જ શાસ્ત્રનો નિશ્ચિતાર્થ કહે છે. તું મને બહુ જ પ્રિય છે તેથી આ તારું હિત કરનાર પરમ ગુહ્ય વચન કહું છું એમ અર્જુનને આ ઉત્તમ ઉપદેશ આપવાનું પ્રયોજન કહ્યું, અને આગળના (૬૫-૬૬) શ્લોકમાં તે હિતકારી ઉપદેશ કહે છે. અહીં 'ફરીથી' અને "સર્વથી ગુહ્યતમ" શબ્દો યોજ્યા છે તેથી એમ જણાવેલું છે કે જો કે ભગવાને પોતે જ પુરુષોત્તમ છે એમ પહેલાં અર્જુનને કહેલું છે, છતાં પણ તે (પોતાના સારથી બનેલ હોઈ) મનુષ્ય જ છે, અને પુરુષોત્તમ તો બીજો જ કોઈ અન્તર્યામિરૂપ નિર્ગુણ હશે અને ભગવાને આ (શ્લોક ૬૧-૬૨) થી તેનું ભજન કરવાનો ઉપદેશ કરેલ છે એવો સન્દેહ કરવો યોગ્ય નથી.



**મન્મના ભવ મદ્ભક્તો મદ્યાજી માં નમસ્કુરુ।**
**મામેવૈષ્યસિ સત્યં તે પ્રતિજાને પ્રિયોઽસિ મે॥૬૫॥**

**મન્મના** - **મારામાં મનવાળો;** વિશેષણ, વિ. 'ત્વમ્' "મયિ મનઃ યસ્ય ઇતિ" બહુ.
**ભવ** - **થા;** ક્રિ. આજ્ઞાર્થ દ્વિ.પુ.એ.વ., 'ભૂ' ૧ ગણ
**મદ્ભક્તઃ** - **મારો, મિત્ર, મારી ભક્તિવાળો;** વિશેષણ, વિ. 'ત્વમ્'
**ભવ** - **થા;** ક્રિ. આજ્ઞાર્થ દ્વિ.પુ.એ.વ. 'ભૂ' ૧ ગણ
**મદ્યાજી** - **મારું યજન કરનારો;** વિશેષણ, વિ. 'ત્વમ્'
**ભવ** - **થા;** ક્રિ. આજ્ઞાર્થ દ્વિ.પુ.એ.વ. 'ભૂ' ૧ ગણ
**મામ્** - **મને;** સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
**નમસ્કુરુ** - **નમસ્કાર કર.** ક્રિ. આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ., 'કૃ' ૮ ગણ પરસ્મૈ.
**એવમ્** - **એમ કરવાથી**
**મામ્** - **મને;** સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
**એવ** - **જ, માત્ર;** અવ્યય
**એષ્યસિ** - **પામીશ;** ક્રિ. ભ.કા., દ્વિ.પુ.એ.વ., 'ઇ' પરસ્મૈ. ૨ ગણ
**તે** - **તારા માટે;** સર્વનામ, ચ.એ.વ., 'યુષ્મત્'
**સત્યમ્** - **સત્યને;** નામ, દ્વિ.એ.વ., નપુ.
**પ્રતિજાને** - **પ્રતિજ્ઞા કરું છું.** ક્રિ. વ.કા., પ્ર.પુ.એ.વ., આત્મને. પ્રતિ + જ્ઞા ૯ ગણ
**યતઃ** - **કારણકે;** અવ્યય
**ત્વમ્** - **તું;** સર્વનામ, પ્ર.એ.વ. 'યુષ્મદ્'
**મે** - **મારો;** સર્વનામ, ષ.એ.વ., 'અસ્મત્'
**પ્રિયઃ** - **પ્રિય;** વિશેષણ, વિ. 'ત્વમ્'
**અસિ** - **છે;** ક્રિ. વ.કા., દ્વિ.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** મારામાં મન રાખનાર થા, મારો ભક્ત થા, મને નમસ્કાર કર. તું મને પ્રિય છે. તેથી તારી પાસે સત્ય પ્રતિજ્ઞા કરું છું કે તું મને જ પામીશ.

**વિવેચન:** હે પાર્થ! સર્વ વેદાન્તોથી વેદ્ય, સ્વકીય ભક્તો પ્રતિ વાત્સલ્યતાના સાગરરૂપ તારો સારથી થઈ રહેલો હું ભગવાન્ છું, તેનામાં જ મન

રાખ, મારી જ ભક્તિ કર, મારું જ યજન કર, મને જ નમસ્કાર કર. આમ કરવાથી તું મને જ પ્રાપ્ત કરીશ. મૂલમાં 'મામેવ' માં જે 'એવ=જ' છે તેનો પ્રત્યેકની સાથે સમ્બન્ધ લેવાનો છે. 'એવ=જ' શબ્દ શ્રીકૃષ્ણચન્દ્રથી અન્ય સર્વ દેવોના ભજનનું નિવારણ કરે છે તેથી "મારું જ ભજન વિગેરે કર, અન્ય કોઈ દેવનું કરીશ નહિ" એવો અર્થ થાય છે. આમ કરવાથી મારી જ પ્રાપ્તિ થશે. તું મને પ્રિય હોવાથી તને આડે માર્ગે દોરું જ નહિ, તેથી જ તને આ સત્ય મુખ્ય ભક્તિમાર્ગનો ઉપદેશ કરું છું.

આ શ્લોકનું અનુસન્ધાન શ્રીભાગવત્ ૧૧।૨।૩૪ ઉપરના સુબોધિનીમાં કરેલું છે.

**સર્વધર્માન્ પરિત્યજ્ય મામ્ એકં શરણં વ્રજ।**
**અહં ત્વા સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ ।।૬૬।।**

**સર્વધર્માન્ - બધા ધર્મોને;** નામ, દ્વિ.બ.વ., પુ.
**પરિત્યજ્ય - છોડીને;** વિધેય કૃદન્ત
**એકમ્ - એકને જ, અદ્વિતીય;** વિશેષણ, વિ. 'મામ્'
**મામ્ - મને;** સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
**શરણમ્ - શરણે;** નામ, દ્વિ.એ.વ., નપુ. 'શરણ'
**વ્રજ - જા, પ્રાપ્ત થા;** ક્રિ. આજ્ઞાર્થ, દ્વિ.પુ.એ.વ., 'વ્રજ્' ૧ ગણ, પરસ્મૈ.
**અહમ્ - હું;** સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
**ત્વા - ત્વામ્ - તને;** સર્વનામ, દ્વિ.એ.વ., 'યુષ્મત્'
**સર્વપાપેભ્યઃ - બધા પાપોમાંથી;** નામ, પં.બ.વ., પુ.
**મોક્ષયિષ્યામિ - મુક્ત કરીશ;** ક્રિ. ભ.કા., કારક પ્ર.પુ.એ.વ., 'મુચ્' ૧ ગણ પરસ્મૈ.
**મા - નહિ;** અવ્યય
**શુચઃ - શોક કર;** ક્રિ. ભૂ.કા., દ્વિ.પુ.એ.વ., 'શુચ્' ૧ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ :** સર્વ ધર્મોનો પરિત્યાગ કરી મને એકલાને જ શરણ આવ. હું તારો સર્વ પાપોમાંથી મોક્ષ કરીશ. શોક કર નહિ.

**વિવેચન :** ગયા શ્લોકમાં ભગવાને અર્જુનને પોતામાં જ મન રાખવાનો,

કરે છે. વસ્તુત: ભગવાને અર્જુનને કરેલો ઉત્તમ ઉપદેશની આ શ્લોકથી ( ૬૬ ) સમાપ્તિ થાય છે. તેથી આ શ્લોકમાં કરેલો ઉપદેશ ભગવદ્ગીતાના સારરૂપ છે.

આ શ્લોકનું અનુસન્ધાન શ્રીભાગવત્ ૧૦।૩૬।૨૨ તથા ૧૧।૨।૩૪ ઉપરનાં સુબોધિનીમાં કરેલું છે.

**ઇદં તે નાતપસ્કાય નાભક્તાય કદાચન।**
**ન ચાશુશ્રૂષવે વાચ્યં ન ચ માં યોઽભ્યસૂયતિ ॥૬૭॥**

**તે** - **તને, તારે માટે;** સર્વનામ, ચ.એ.વ., 'યુષ્મત્'
**ઇદમ્** - **આ;** સર્વનામ, પ્ર.એ.વ., નપુ.
**કદાચન** - ક્યારે પણ; અવ્યય. **ન** - નહિ; અવ્યય
**અતપસ્કાય** - **તપથી જેણે શુદ્ધ અન્તઃકરણ કર્યું નથી એવાને;** વિશેષણ, વિ. 'નરાય'
**વાચ્યમ્** - **કહેવું જોઈએ;** વિધેય કર્મણિ, કૃ. વિશેષણ, વિ. 'ઇદમ્'
**ચ ન** - **અને નહિ;** અવ્યય
**અભક્તાય** - **ભક્ત નથી તેવાઓને;** વિશેષણ, વિ. 'નરાય'
**ચ ન** - **અને નહિ;** અવ્યય
**અશુશ્રૂષવે** - **સાંભળવાની ઇચ્છા ન રાખનારને;** વિશેષણ, વિ. 'નરાય'
**વાચ્યમ્** - **કહેવું જોઈએ;** વિધેય કર્મણિ, કૃ. વિશેષણ, વિ. 'ઇદમ્'
**ચ** - **અને;** અવ્યય. **યઃ** - **જે;** સર્વનામ, પ્ર.એ.વ., પુ.
**મામ્** - **મને;** સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
**અભ્યસૂયતિ** - **દ્વેષ કરે છે, નિન્દા કરે છે;** ક્રિ. વ.કા., તૃ.પુ.એ.વ., 'અભિ + અસૂય્' પરસ્મૈ. ૧ ગણ
**તસ્મૈ** - **તેના સામે.** **ન** - **નહીં કહેવું જોઈએ.**

**શ્લોકાર્થ :** આ ગીતાનો ઉપદેશ તારે કોઈ દિવસ તપ નહિ કરનારને, ભક્તિરહિતને, શ્રવણ કરવાની ઇચ્છા ન હોય તેને તથા જે મારી અસૂયા કરતો હોય તેને કહેવું નહિ.

**વિવેચન :** એવી રીતે ગીતાનો શાસ્ત્રાર્થ સમ્પૂર્ણ કહી હવે સમ્પ્રદાયની પ્રવૃત્તિ માટે નિયમન કરે છે. આ શાસ્ત્રાર્થના કોણ-કોણ અધિકારી નથી તે અહીં કહેલું છે. તપ નહિ કરનાર એટલે સ્વાચાર હીનને, મારી ભક્તિ રહિતને, શ્રવણ કરવાની ઇચ્છા વિનાનાને અને હું પુરુષોત્તમ ઉપર દોષારોપણ કરી મારી અસૂયા કરનારને આ શાસ્ત્રાર્થ તારે કદાપિ કહેવો નહિ.

**ય ઇમં પરમં ગુહ્યં મદ્ભક્તેષ્વભિધાસ્યતિ।**
**ભક્તિં મયિ પરાં કૃત્વા મામેવૈષ્યત્યસંશયઃ ॥૬૮॥**

**યઃ** - **જે;** સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'યત્'
**મયિ** - **મારામાં;** સર્વનામ, સ.એ.વ., 'અસ્મત્'
**પરામ્** - **પરા, શ્રેષ્ઠ;** 'વિશેષણ, વિ. 'ભક્તિમ્'
**ભક્તિમ્** - **ભક્તિને, સેવા અને પ્રેમ;** નામ, દ્વિ.એ.વ., સ્ત્રી. 'ભક્તિ'
**કૃત્વા** - **કરીને;** વિધેય કૃદન્ત
**ઇમમ્** - **આ;** સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.
**પરમમ્ ગુહ્યમ્** - **પરમ ગૂઢ;** વિશેષણ, વિ. 'જ્ઞાનમ્'
**મદ્ભક્તેષુ** - **મારા ભક્તોમાં;** નામ, સ.બ.વ., પુ. 'મદ્ભક્ત'
**અભિધાસ્યતિ** - **મૂકશે, આપશે, કહેશે;** ક્રિ. ભ.કા., તૃ.પુ.એ.વ., 'અભિ + ધા' ૩ ગણ, પરસ્મૈ.
**સઃ** - **તે;** સર્વનામ, પ્ર.એ.વ. 'તત્'
**અસંશયઃ** - **નિઃસન્દેહ;** નામ, પ્ર.એ.વ., પુ. 'અસંશય'
**મામ્** - **મને;** સર્વનામ, દ્વિ.એ.વ., 'અસ્મત્'
**એવ** - **માત્ર;** અવ્યય
**એષ્યતિ** - **પ્રાપ્ત કરશે;** ક્રિ. ભ.કા., તૃ.પુ.એ.વ., 'ઇ' ૨ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ :** જે આ પરમ ગુહ્ય મારા ભક્તોને કહેશે તે મારામાં પરા ભક્તિ પ્રાપ્ત કરી મને જ નિ:સંશય પ્રાપ્ત કરશે.

**વિવેચન :** આવા દોષો રહિત માત્ર મારા ભક્તો જ છે તેથી મારા ભક્તોને જ આ શાસ્ત્રાર્થ કહેવા યોગ્ય છે. તેમને જે આ શાસ્ત્રાર્થ કહે તેને શું ફલ પ્રાપ્ત થાય તે અહીં કહેલું છે.

**ન ચ તસ્માન્ મનુષ્યેષુ કશ્ચિન્ મે પ્રિયકૃત્તમઃ।**
**ભવિતા ન ચ મે તસ્માદ્ અન્યઃ પ્રિયતરો ભુવિ ॥૬૯॥**

ચ ન - અને નહિ; અવ્યય
તસ્માત્ - તેથી, ભક્તિભાવથી; સર્વનામ, પં.એ.વ., વિશેષણ, વિ. 'ભક્તિઃ'
મે - મારો; સર્વનામ, ષ.એ.વ., 'અસ્મત્'
પ્રિયકૃત્તમઃ - અતિશય પ્રિય કરવાવાળો; વિશેષણ, 'ભકિતમાન્'
મનુષ્યેષુ - માણસોમાં; નામ, સ.બ.વ., પુ. 'મનુષ્ય'
કશ્ચિત્ - કોઈક; સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'કિમ્ + ચિત્'
અસ્તિ - છે; ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'
ચ ન - અને નહિ; અવ્યય
તસ્માત્ - તેથી, ભક્તિભાવથી; વિશેષણ, વિ. 'ભક્તિમતઃ'
મે - મારો; સર્વનામ, ષ.એ.વ., 'અસ્મત્'
પ્રિયતરઃ - વધારે પ્રિય કરનાર; વિશેષણ, વિ. 'અન્ય'
ભુવિ - પૃથ્વીમાં; નામ, સ.એ.વ., 'ભૂ' સ્ત્રી.
અન્યઃ - બીજો; સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'અન્ય'
ભવિતા - થશે; ક્રિ. ભ.કા., તૃ.પુ.એ.વ., 'ભૂ' ૧ ગણ પરસ્મૈ.

**શ્લોકાર્થ:** ભૂતળ ઉપર મનુષ્યોમાં કોઈ પણ તેનાથી મારું વિશેષ પ્રિય કરનાર નથી, અને તેનાથી અન્ય કોઈ મને વિશેષ પ્રિય થનાર પણ નથી.

**અધ્યેષ્યતે ચ ય ઈમં ધર્મ્યં સંવાદમાવયોઃ।**
**જ્ઞાનયજ્ઞેન તેનાહમિષ્ટઃ સ્યામિતિ મે મતિઃ ॥૭૦॥**

ચ - અને; અવ્યય
યઃ - જે; સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'યત્'
ઈમમ્ - આ; સર્વનામ, દ્વિ.એ.વ., પુ. 'ઈદમ્'
ધર્મ્યમ્ - ધર્મમય, ધર્મ્ય; વિશેષણ, વિ. 'સંવાદમ્'
આવયોઃ - આપણા બન્નેનો; સર્વનામ, ષ.દ્વિ.વચન, 'અસ્મત્'
સંવાદમ્ - સંવાદને; નામ, દ્વિ.એ.વ., પુ. 'સંવાદ'
અધ્યેષ્યતે - ભણશે; ક્રિ. ભ.કા., તૃ.પુ.એ.વ., અધિ + ઈ ૨ ગણ
તેન - તેનાવડે; સર્વનામ, તૃ.એ.વ., પુ. 'તત્'
અહમ્ - હું; સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
જ્ઞાનયજ્ઞેન - જ્ઞાનરૂપી યજ્ઞથી; નામ, તૃ.એ.વ., પુ.
ઈષ્ટઃ - પ્રિય, પૂજ્ય; ભૂ.કૃ., વિશેષણ, વિ. ''અહમ્ ઈષ્'' ૬ ગણ



સ્યામ્ - થાઉં; ક્રિ. વિધ્યર્થ પ્ર.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ, પરસ્મૈ.
ઈતિ - એમ; અવ્યય. મે - મારી; સર્વનામ, ષ.એ.વ., 'અસ્મત્'
મતિઃ - બુદ્ધિ છે; નામ, એ.વ., સ્ત્રી.

**શ્લોકાર્થ:** જે આ આપણા ધર્મ્ય સંવાદનું અધ્યયન કરશે તેણે મને જ્ઞાનયજ્ઞથી પૂજેલો છે એવી મારી મતિ છે.

**વિવેચન:** અર્થ જાણ્યા વિના માત્ર પાઠ કરવાથી શું ફલ થાય તે અહીં કહેલું છે.

**શ્રદ્ધાવાન્ અનસૂયશ્ચ શૃણુયાદપિ યો નરઃ।**
**સોઽપિ મુક્તઃ શુભાન્ લોકાન્ પ્રાપ્નુયાત્ પુણ્યકર્મણામ્ ॥૭૧॥**

યઃ - જે; સર્વનામ, પ્ર.એ.વ., પુ. 'યત્'
નરઃ - મનુષ્ય; નામ, પ્ર.એ.વ., પુ. 'નર'
શ્રદ્ધાવાન્ - શ્રદ્ધાવાળો; વિશેષણ, વિ.'નરઃ'. ચ - અને; અવ્યય
અનસૂયઃ - દ્વેષ દોષરહિત; વિશેષણ, વિ. 'નરઃ' અપિ - પણ; અવ્યય
શૃણુયાત્ - સાંભળે;; ક્રિ.વિધ્યર્થ, તૃ.પુ.એ.વ., 'શ્રુ' ૫ ગણ પરસ્મૈ.
સઃ - તે; સર્વનામ, પ્ર.એ.વ. 'તત્' પુ. અપિ - પણ; અવ્યય
મુક્તઃ - મુક્ત; ભૂ.કૃ., વિશેષણ, વિ. 'નરઃ'
પુણ્યકર્મણામ્ - ઉત્તમ કરનારાઓના; નામ, ષ.બ.વ., નપુ. 'પુણ્યકર્મણામ્'
શુભાન્ - શુભ, સારા; વિશેષણ, વિ. 'નરઃ'
લોકાન્ - લોકોને; નામ, દ્વિ.બ.વ., પુ. 'લોક'
પ્રાપ્નુયાત્ - મેળવશે; ક્રિ. વિધ્યર્થ, તૃ.પુ.એ.વ., પ્ર + આપ્ ૫ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** શ્રદ્ધાવાળો તથા અસૂયારહિત જે નર આ સંવાદનું માત્ર શ્રવણ કરશે તે પણ મુકત થઈ પુણ્ય કર્મવાળાઓના શુભ લોકને પામશે.

**કચ્ચિદ્ એતત્ શ્રુતં પાર્થ! ત્વૈકાગ્રેણ ચેતસા।**
**કચ્ચિદ્ અજ્ઞાનસમ્મોહઃ પ્રણષ્ટસ્તે ધનઞ્જય! ॥૭૨॥**

પાર્થ - હે પાર્થ!; સમ્બોધન
કચ્ચિત્ - શું; અવ્યય

એતદ્ - આ; સર્વનામ, પ્ર.એ.વ., નપુ. 'એતદ્'
ત્વયા - તારાવડે; સર્વનામ, તૃ.એ.વ., 'યુષ્મત્'
એકાગ્રેણ - સ્થિરતાથી; વિશેષણ, વિ. 'ચેતસા'
ચેતસા - ચિત્તથી; નામ, તૃ.એ.વ.,
શ્રુતમ્ - સંભળાવ્યું; ભૂ.કૃ., વિશેષણ, વિ. 'એતદ્'
ધનઞ્જય - હે ધનઞ્જય; સમ્બોધન
કચ્ચિત્ - શું; અવ્યય
તે - તારો; સર્વનામ, ષ.એ.વ., 'યુષ્મત્'
અજ્ઞાનસમ્મોહઃ - અજ્ઞાનથી ઉત્પન્ન થયેલો મોહ; નામ, પ્ર.એ.વ., પુ.
પ્રનષ્ટઃ - નાશ પામ્યો; ભૂ.કૃ., વિશેષણ, વિ. 'અજ્ઞાનસમ્મોહઃ'

શ્લોકાર્થ: હે પાર્થ! તે એકાગ્ર ચિત્તથી આ સાંભળ્યું કે? હે ધનઞ્જય! તારા અજ્ઞાનથી થએલા મોહનો નાશ થયો કે?

વિવેચન: જે આ સંવાદનું શ્રવણ કરે તે સંસારમાંથી મુકત થઈ શુભ લોક પ્રાપ્ત કરે છે એમ પાછલા શ્લોકમાં કહ્યું, પરન્તુ અર્જુને સાક્ષાત્ ભગવાન્ પાસેથી આ સંવાદનુ શ્રવણ કર્યું છતાં તેને તેવું ફલ પ્રાપ્ત થયું નથી, કારણ કે તે પાછો યુદ્ધ કરવા પ્રવૃત થએલો છે એવી શઙ્કા દૂર થાય તે માટે ભગવાન્ અર્જુનને આ પ્રશ્નો કરે છે.

**અર્જુન ઉવાચ**

**નષ્ટો મોહઃ સ્મૃતિર્ લબ્ધા ત્વત્પ્રસાદાત્ મયાચ્યુત!।**
**સ્થિતોઽસ્મિ ગતસન્દેહઃ કરિષ્યે વચનં તવ॥૭૩॥**

અચ્યુત - હે અચ્યુત!; સમ્બોધન
ત્વત્પ્રસાદાત્ - તારી કૃપાથી; નામ, પં.એ.વ., પુ.
મમ - મારો; સર્વનામ, ષ.એ.વ. 'અસ્મદ્'
મોહઃ - મોહ, ચિત્તનો ભ્રમ; નામ, પ્ર.એ.વ., પુ. 'મોહ'
નષ્ટઃ - નાશ પામ્યો; ભૂ.કૃ., વિશેષણ, વિ. 'મોહઃ'
ચ - અને; અવ્યય
મયા - મારાવડે; સર્વનામ, તૃ.એ.વ., 'અસ્મત્'
સ્મૃતિઃ - સ્મૃતિ; નામ, પ્ર.એ.વ., સ્ત્રી.



લબ્ધા - મેળવી; ભૂ.કૃ., વિશેષણ, વિ. 'સ્મૃતિઃ'
ગતસન્દેહઃ - જેના સંશયો જતા રહ્યા છે એવો; વિશેષણ, વિ. 'અહમ્'
સ્થિતઃ - રહ્યો, સ્થિત; ભૂ.કૃ., વિશેષણ, વિ. 'અહમ્'
અસ્મિ - છું; ક્રિ. પ્ર.પુ.એ.વ., 'અસ્' ૨ ગણ
તવ - તારું; સર્વનામ, ષ.એ.વ., 'યુષ્મત્'
વચનમ્ - વચનને, આજ્ઞાને; નામ, દ્વિ.એ.વ., નપુ. 'વચન'
કરિષ્યે - પાલન કરીશ; ક્રિ.ભ.કા., પ્ર.પુ.એ.વ., 'કૃ' ૮ ગણ આત્મને

શ્લોકાર્થ: હે અચ્યુત! આપના પ્રસાદથી મારો મોહ નાશ પામ્યો, મને સ્મૃતિ થઈ અને હું સન્દેહરહિત થયો. આપના વચન પ્રમાણે ચાલીશ.

વિવેચન: આત્મા અને અનાત્મા ના અવિવેકરૂપ વિપરીત જ્ઞાન અથવા મોહ નો નાશ થયો. આપના પ્રસાદથી સમ્પૂર્ણ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થયું. પ્રકૃતિના કાર્યો અનાત્મા છે. તેમાં આત્માના અભિમાનરૂપ મોહનો નાશ થયો. ચિદ્ અને અચિદ્ સર્વ વસ્તુ પરમ પુરુષત્વરૂપથી બ્રહ્માત્મક છે, તે તેવી નથી એવી મતિરૂપ મોહ દૂર થયો. ભગવદર્થ જે નિત્ય વિગેરે કર્મો કરવામાં આવે તે ભગવાન્‌ની પ્રાપ્તિ કરવામાં ઉપાય ભૂત છે તેને બંધક માનવારૂપ સર્વ મોહનો નાશ થઈ ગયો. આત્મા પ્રાકૃત સ્વભાવરહિત કેવલ જ્ઞાતા છે એનું જ્ઞાન અને આત્મા તથા અક્ષરબ્રહ્મના ઐકયનું જ્ઞાન અને તેથી પણ ઉત્તમ અલૌકિક ગુણોના સમૂહવાળા પ્રભુ પુરુષોત્તમ છે તેમની પ્રાપ્તિ માત્ર તેમના અનુગ્રહથી જ થાય છે અને તે પુરુષોત્તમ આપ પ્રભુ વાસુદેવ છો, આ સર્વ સ્મૃતિરૂપ જ્ઞાન આપના પ્રસાદથી મને પ્રાપ્ત થયું છે. સાંખ્યના ઉપદેશથી મારા સર્વ મોહનો નાશ થયો છે. યોગના ઉપદેશથી મને સ્મૃતિની પ્રાપ્તિ થઈ છે. તેથી મારા સર્વ સન્દેહો દૂર થયા છે. હવે હું આપની આજ્ઞા પ્રમાણે ચાલીશ.

**સઞ્જય ઉવાચ**

**ઈત્યહં વાસુદેવસ્ય પાર્થસ્ય ચ મહાત્મનઃ।**
**સંવાદમ્ ઈમમશ્રૌષમ્ અદ્દ્ભુતં રોમહર્ષણમ્॥૭૪॥**

રાજન્ - હે રાજન્! સમ્બોધન
ઈતિ - એમ; અવ્યય

અહમ્ - હું; સર્વનામ, પ્ર.એ.વ., 'અસ્મત્'
વાસુદેવસ્ય - વાસુદેવનું, કૃષ્ણનું; નામ, ષ.એ.વ., પુ. 'વાસુદેવ'
ચ - અને; અવ્યય
મહાત્મનઃ - મહાત્માનું; વિશેષણ, વિ. 'પાર્થસ્ય'
પાર્થસ્ય - અર્જુનનું; નામ, ષ.એ.વ., પુ. 'પાર્થ'
ઈમમ્ - આ; સર્વનામ, દ્વિ.એ.વ., પુ. 'ઇદમ્'
અદ્ભુતમ્ - અદ્ભુત; ભૂ.કૃ., વિશેષણ, વિ. 'સંવાદમ્'
રોમહર્ષણમ્ - રૂવાં ઉભાં કરે એવો; વિશેષણ, વિ. 'સંવાદમ્'
સંવાદમ્ - સંવાદ; નામ, દ્વિ.એ.વ., પુ.
અશ્રૌષમ્ - સાંભળ્યો; ક્રિ. ભૂ.કા. પ્ર.પુ.એ.વ., 'શ્રુ' ૫ ગણ, પરસ્મૈ.

શ્લોકાર્થ: આવી રીતે વાસુદેવનો અને મહાત્મા પાર્થનો આ અદ્ભુત રૂંવાડાં ઉભાં કરે તેવો સંવાદ મેં સાંભળ્યો.

**વ્યાસપ્રસાદાત્ શ્રુતવાન્ એતદ્ ગુહ્યમ્ અહં પરમ્।**
**યોગં યોગેશ્વરાત્ કૃષ્ણાત્ સાક્ષાત્ કથયતઃ સ્વયમ્ ॥૭૫॥**

વ્યાસપ્રસાદાત્ - વ્યાસની કૃપાથી; નામ, પં.એ.વ., પુ.
અહમ્ - હું; સર્વનામ, પ્ર.એ.વ. 'અસ્મદ્'
એતદ્ - આ; સર્વનામ, દ્વિ.એ.વ., નપુ.
પરમ્ - શ્રેષ્ઠ; વિશેષણ, વિ. 'યોગમ્'
ગુહ્યમ્ - ગૂઢ; વિશેષણ, વિ. 'એતદ્'
યોગમ્ - યોગને; નામ, દ્વિ.એ.વ., પુ. 'યોગ'
સાક્ષાત્ - સાક્ષાત્; વિશેષણ, વિ. 'કૃષ્ણાત્'
કથયતઃ - કહેવાતા; વ.કૃ., વિશેષણ, વિ. 'કૃષ્ણાત્'
સ્વયમ્ - પોતે જ; વિશેષણ, વિ. 'યોગમ્'
યોગેશ્વરાત્ - યોગેશ્વર; વિશેષણ, વિ. 'કૃષ્ણાત્'
કૃષ્ણાત્ - કૃષ્ણથી; નામ, પં.એ.વ., પુ. 'કૃષ્ણ'
શ્રુતવાન્ - સાંભળ્યો; ભૂ.કૃ. + વત્ કર્તરી, વિશેષણ, વિ. 'અહમ્'

શ્લોકાર્થ: આ પરમ ગુહ્ય યોગ સાક્ષાત્ યોગેશ્વર શ્રીકૃષ્ણ પોતે કહેતા હતા તે મેં વ્યાસના પ્રસાદથી સાંભળ્યો.



વિવેચન: આ સંવાદ મેં વ્યાસના પ્રસાદથી સાંભળ્યો. ભગવાન્ વાસુદેવે જેમ વિશ્વરૂપનું દર્શન કરવા અર્જુનને દિવ્ય ચક્ષુઓ આપ્યાં હતાં, તેમ વ્યાસજીએ મને દિવ્ય ચક્ષુઓ અને કર્ણ આપેલાં હોવાથી સાક્ષાત્ ભગવાન્ શ્રીકૃષ્ણ કહેતા હતા તે જ પરમ ગુહ્ય યોગ મેં સાંભળ્યો. તેથી સાક્ષાત્ શ્રીકૃષ્ણનાં જ વચનામૃતનું સઞ્જયને શ્રવણ થએલું છે. શ્રીમદ્ભગવદ્ગીતા માહાત્મ્યમાં પણ ભગવાન્ના મુખારવિન્દમાંથી જ ભગવદ્ગીતા નીકળેલી છે એમ કહેલું છે, તેમજ શ્રીમદાચાર્યચરણ પણ નિબન્ધમાં ગીતાને 'શ્રીકૃષ્ણવાક્યો' જ કહે છે.

**રાજન્! સંસ્મૃત્ય સંસ્મૃત્ય સંવાદમ્ ઈમમદ્ભુતમ્।**
**કેશવાર્જુનયોઃ પુણ્યં હૃષ્યામિ ચ મુહુર્મુહુઃ ॥૭૬॥**

રાજન્ - હે રાજન્! સમ્બોધન
કેશવાર્જુનયોઃ - કેશવ અને અર્જુનનો; નામ, ષ.દ્વિ.વ., પુ.
ઈમમ્ - આ; સર્વનામ, દ્વિ.એ.વ., પુ. 'ઇદમ્'
પુણ્યમ્ - કલ્યાણ કરનાર; વિશેષણ, વિ. 'સંવાદમ્'
ચ - અને; અવ્યય
અદ્ભુતમ્ - અદ્ભુત; વિશેષણ, વિ. 'સંવાદમ્'
સંવાદમ્ - સંવાદને; નામ, દ્વિ.એ.વ., પુ. 'સંવાદ'
સંસ્મૃત્ય - યાદ કરીને; વિધેય કૃદન્ત
મુહુર્મુહુઃ - વારંવાર; અવ્યય
હૃષ્યામિ - હર્ષિત થાઉં છું; ક્રિ. વ.કા., પ્ર.પુ.એ.વ., 'ઇષ્' ૪ ગણ, પરસ્મૈ.

શ્લોકાર્થ: હે રાજન્! કેશવ અને અર્જુન નો આ અદ્ભુત પુણ્ય સંવાદ સંભારી - સંભારી હું વારંવાર હર્ષ પામું છું.

**તચ્ચ સંસ્મૃત્ય સંસ્મૃત્ય રૂપમ્ અત્યદ્ભુતં હરેઃ।**
**વિસ્મયો મે મહાન્ રાજન્! હૃષ્યામિ ચ પુનઃ પુનઃ ॥૭૭॥**

રાજન્ - હે રાજન્!; સમ્બોધન
હરેઃ - હરિનું; નામ, ષ.એ.વ., પુ. 'હરિઃ'
તત્ - તે; સર્વનામ, દ્વિ.એ.વ., નપુ. 'તત્'

અત્યદ્ભુતમ્ - અતિ અદ્ભુત; વિશેષણ, વિ. 'રૂપમ્'
રૂપમ્ - રૂપને; નામ, દ્વિ.એ.વ., નપુ.
ચ - પણ; અવ્યય
સંસ્મૃત્ય સંસ્મૃત્ય - વારંવાર યાદ કરીને; વિધેય કૃદન્ત
મે - મારો; સર્વનામ, ષ.એ.વ., 'અસ્મત્'
મહાન્ - મોટો; વિશેષણ, વિ. 'વિસ્મયઃ'
વિસ્મયઃ - વિસ્મય (થાય છે); નામ, પ્ર.એ.વ., પુ.
ચ - અને; અવ્યય
અહમ્ - હું; સર્વનામ, પ્ર.એ.વ. 'અસ્મદ્'
પુનઃ પુનઃ - ફરી - ફરીથી; અવ્યય
હૃષ્યામિ - હર્ષ પામું છું; ક્રિ. વ.કા., પ્ર.પુ.એ.વ., 'હૃષ્' ૪ ગણ, પરસ્મૈ.

**શ્લોકાર્થ:** હે રાજન્! હરિનું તે અતિશય અદ્ભુત રૂપ સંભારી - સંભારી મને મોટો વિસ્મય થાય છે, અને પુનઃ - પુનઃ હર્ષ થાય છે.

**વિવેચન:** સર્વ ધર્મના આશ્રય વિભુ નિરુપમ મહિમાવાળા, સર્વ દુઃખ હરનાર, દુષ્ટનો સંહાર કરનાર હરિ પુરુષોત્તમ શ્રીકૃષ્ણનું પરમ અદ્ભુત, અક્ષર, અનેક ધર્મના આશ્રયરૂપ કાલ અને માયા થી પણ પહોંચાય નહિ તેવું નિરુપમ મહિમાવાળું પાછળ વર્ણવ્યું તે વિશ્વરૂપ સંભારી - સંભારી હું બહુ વિસ્મય પામું છું અને હર્ષ પામું છું. આથી એમ સૂચવ્યું છે કે દૈવી જીવોને જ આવો હર્ષ થાય છે, બીજાઓને થતો નથી.

**યત્ર યોગેશ્વરઃ કૃષ્ણો યત્ર પાર્થો ધનુર્ધરઃ।**
**તત્ર શ્રીર્વિજયો ભૂતિઃ ધ્રુવા નીતિર્ મતિર્ મમ ॥૭૮॥**

યત્ર - જ્યાં; અવ્યય
યોગેશ્વરઃ - યોગેશ્વર; વિશેષણ, વિ. 'કૃષ્ણઃ'
કૃષ્ણઃ - કૃષ્ણ; નામ, પ્ર.એ.વ., પુ.
અસ્તિ - છે; ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'
ચ - અને; અવ્યય
યત્ર - જ્યાં; અવ્યય
ધનુર્ધરઃ - ધનુર્ધારી; વિશેષણ, વિ. 'પાર્થઃ'



પાર્થઃ - પાર્થ; નામ, પ્ર.એ.વ., પુ. 'પાર્થ'
અસ્તિ - છે; ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'
તત્ર - ત્યાં; અવ્યય
શ્રીઃ - લક્ષ્મી; નામ, પ્ર.એ.વ., સ્ત્રી.
વિજયઃ - વિજય; નામ, પ્ર.એ.વ., પુ.
ભૂતિઃ - વિભૂતિ, વૈભવ; નામ, પ્ર.એ.વ., સ્ત્રી.
ચ - અને; અવ્યય
ધ્રુવા - અચળ; વિશેષણ, વિ. 'નીતિઃ'
નીતિઃ - નીતિ; નામ, પ્ર.એ.વ., સ્ત્રી.
અસ્તિ - છે; ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'
ઇતિ - એવો;
મમ - મારી; સર્વનામ, ષ.એ.વ., 'અસ્મત્'
મતિઃ - મતિ, માન્યતા; નામ, પ્ર.એ.વ., સ્ત્રી.
અસ્તિ - છે; ક્રિ. વ.કા. તૃ.પુ.એ.વ. 'અસ્'

**શ્લોકાર્થ:** જ્યાં યોગેશ્વર કૃષ્ણ છે અને જ્યાં ધનુર્ધર પાર્થ છે ત્યાં શ્રી, વિજય, ભૂતિ અને અચલ નીતિ છે એવી મારી મતિ છે.

**વિવેચન:** યુદ્ધમાં કોણ જીતશે તે બાબતનો મને કોઈ પ્રકારનો સંશય નથી. જ્યાં શ્રીકૃષ્ણ અને ધનુર્ધર પાર્થ છે ત્યાં જ વિજય થવાનો.

**ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતાસુ ઉપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે**
**કૃષ્ણાર્જુનસંવાદે 'મોક્ષ-સન્ન્યાસયોગો'નામ**
**અષ્ટાદશોઽધ્યાયઃ ॥૧૮॥**

# ॥ ન્યાસાદેશવિવરણમ્ ॥

**ન્યાસાદેશેષુ ધર્મત્યજનવચનતોऽકિઞ્ચનાધિક્રિયોક્તા
કાર્પણ્યં વાઙ્ગમુક્તં મદિતરભજનાપેક્ષણં વા વ્યપોઢમ્॥
દુઃસાધ્યેચ્છોદ્યમૌ વા ક્વચિદુપશમિતાવન્યસમ્મેલને વા
બ્રહ્માસ્ત્રન્યાય ઉક્તસ્ તદિહ ન વિહતો ધર્મ આજ્ઞાદિસિદ્ધઃ॥૧॥**

**અન્વય :** ન્યાસાદેશેષુ ધર્મત્યજનવચનતઃ, ક્વચિત્ અકિઞ્ચના અધિક્રિયા ઉક્તા; વા કાર્પણ્યમ્ અઙ્ગમ્ ઉક્તમ્; વા દુસ્સાધ્યેચ્છોદ્યમૌ ઉપશમિતૌ; વા અન્યસમ્મેલને બ્રહ્માસ્ત્રન્યાયઃ ઉક્તઃ. તદ્ ઇહ આજ્ઞાદિસિદ્ધઃ ધર્મઃ ન વિહતઃ.

**શ્લોકાર્થ :** સર્વત્યાગની આજ્ઞાઓમાં ધર્મત્યાગ કરવાના વચનોથી કોઈ ઠેકાણે અકિઞ્ચનપણાને શરણાગતિનો અધિકાર કહ્યો છે. કોઈ ઠેકાણે દીનપણાને શરણાગતિનું અઙ્ગ કહ્યું છે. અથવા મારાથી બીજાનું ભજન અને અપેક્ષા રાખવાનો નિષેધ કર્યો છે. કિંવા દુઃસાધ્ય કાર્યની ઇચ્છા અને પ્રયત્ન નું ઉપશમન કર્યું છે. અથવા ધર્માન્તરનો સમ્બન્ધ થવામાં બ્રહ્માસ્ત્રન્યાય વર્ણવેલો છે. માટે "સર્વધર્માન્ ..." આ ગીતાના શ્લોકમાં વેદાદિ આજ્ઞાથી સિદ્ધ ધર્મ નષ્ટ ન થયો.

### ॥ શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણવિરચિત વિવરણ ॥

શ્રીમદ્ભગવદ્ગીતાના અઢારમા અધ્યાયના ૬૬ મા શ્લોકમાં સર્વધર્મોનો ત્યાગ કરીને શરણે આવવાની આજ્ઞા કરી છે. ત્યાં અનેક વિકલ્પો થાય છે :

> સર્વ ધર્મોનો ત્યાગ કરવો પુષ્ટિમાર્ગમાં છે. મર્યાદામાર્ગમાં નથી. અને અત્રે શ્રીકૃષ્ણે અર્જુનને સર્વધર્મત્યાગનો ઉપદેશ કીધો છે માટે એમ નિશ્ચય થાય છે કે અર્જુન પણ પુષ્ટિમાર્ગમાં અઙ્ગીકૃત હતો.

> ધર્મનો ત્યાગ કરવાથી મર્યાદામાર્ગમાં જ પાપ લાગવાનો ભય છે અને તે પાપભયની સમ્ભાવના આ શ્લોકના



> ઉત્તર ભાગમાં કરી છે. માટે એમ પણ સન્દેહ થાય છે કે અર્જુન મર્યાદામાર્ગીય ભક્ત હશે.

> પણ "કૃતિની અપેક્ષા નહીં રાખી હું સ્વયં તને પાપથી છોડાવીશ" એમ કહ્યું છે તેથી સ્પષ્ટ પ્રતીત થાય છે કે અર્જુન મર્યાદામાર્ગીય નથી.

> પ્રભુના ઉપર પૂર્ણ વિશ્વાસ હોવાથી પુષ્ટિમાર્ગીયભક્તને કોઈ પ્રકારનો પણ શોક હોતો નથી પણ અત્રે "મા શુચઃ" શોક મા કર, એમ શોક કરવાનો નિષેધ કર્યો છે માટે નિશ્ચય થાય છે કે અર્જુનને શોક હતો તેથી તેનું મર્યાદામાર્ગીપણું નિશ્ચિત થાય છે.

—આવી રીતે જેમ અધિકારીમાં અનેક સન્દેહ થાય છે તેમજ અધિકાર તથા પ્રભુના પ્રતિ પણ કેટલાક સન્દેહો થાય છે. જેમ કે

પુષ્ટિલીલાના ફલપ્રકરણમાં (રાસપઞ્ચાધ્યાયીના પ્રારમ્ભમાં) પ્રભુએ **"પતિશુશ્રૂષણં સ્ત્રીણામ્"** ઇત્યાદિ વચનોદ્વારા પ્રથમ મર્યાદાનો સ્વીકાર કર્યો, પછી ભક્તોના અત્યાગ્રહથી પુષ્ટિનો અઙ્ગીકાર કર્યો. કિન્તુ ગીતામાં તો ભક્તને મર્યાદાનો આગ્રહ છે છતાં પણ પોતે **"સર્વધર્માન્ ..."** ઇત્યાદિ વાક્યોથી પુષ્ટિનો ઉપદેશ કરે છે, એમ વિપરીતતા દેખાય છે.

શ્રીમદ્ભાગવતમાં તો "દિવસમાં વ્યવહારકાર્યમાં વ્યાકુલ અને રાત્રિમાં અતિશ્રમથી પ્રતિદિન ઊંઘી જતા પોતાના ગોકુલને વૈકુણ્ઠમાં લઈ જશે" ઇત્યાદિ સ્થલોમાં સાધનરહિતોને પણ ફલ આપેલું છે. પણ અર્જુનને એમ આજ્ઞા કરે છે કે "તું દ્રોણાદિકોને માર અને મારા શરણે આવ, તને હું પાપોથી છોડાવીશ". શરણે આવશે તો પાપોથી મુક્ત કરાવીશ એમ સ્પષ્ટ મર્યાદા આવી જાય છે. અને તેના વિરુદ્ધ સર્વધર્મોનું પરિહરણકથન યુક્ત નથી.

—એમ વિચાર કરનારના હૃદયમાં અનેક સન્દેહ ઉત્પન્ન થાય છે.

તેને દૂર કરવાને માટે પૂર્વોક્ત "ન્યાસાદેશેષુ ..." ઈત્યાદિ શ્લોક કહે છે.

આવી રીતે જ્યારે સન્દેહ થાય ત્યારે એટલો જ આશય સમજવાનો છે કે શ્રીકૃષ્ણે અર્જુનનો અઙ્ગીકાર પુષ્ટિમર્યાદામાં કીધો છે. અર્થાત્ અર્જુન પુષ્ટિમર્યાદાનો અધિકારી છે. પુષ્ટિપુષ્ટિનો નહીં. અર્જુનનું જે શરણે જવું તે પુષ્ટિમર્યાદારૂપ છે. તેમાં સર્વધર્મોનો ત્યાગ કરવો પુષ્ટિનો અંશ છે. અને શરણે જવારૂપ સાધનનું આચરણ કરવાથી રક્ષા કરવી, તે મર્યાદાનો અંશ છે. તેથી બન્ને અંશ ભક્તિ વિરુદ્ધ નથી. અર્થાત્ પુષ્ટિ અને મર્યાદા ના અંશવાળા અર્જુનની એવા પ્રકારની ભક્તિ કોઈ રીતે વિરુદ્ધ નથી. પુષ્ટિમિશ્ર મર્યાદામાં કેવલ મર્યાદામાર્ગના ધર્મોનો ત્યાગ દૂષણરૂપ નથી. જેવી રીતે સંન્યાસાશ્રમમાં પ્રથમાશ્રમના (ગ્રહસ્થાશ્રમના) ધર્મોનો ત્યાગ કરવામાં દૂષણ નથી. તેજ પ્રમાણે પુષ્ટિમર્યાદામાં પણ કેવલમર્યાદાના ધર્મોનો ત્યાગ દૂષિત નથી. કેવલમર્યાદામાર્ગમાં ગ્રહસ્થાશ્રમોક્ત ધર્મોનો જ ત્યાગ કરાય છે, સંન્યાસાશ્રમના ધર્મોનો નહીં. અર્થાત્ સંન્યાસાશ્રમના ધર્મોનું પાલન તો કરાય જ છે. પણ પુષ્ટિમર્યાદામાં તો ધર્મમાત્રને પૂર્વાશ્રમીય ધર્મોની સરખાઈ છે માટે તેનો પરિત્યાગ થાય છે. અત્રે કેવલ મર્યાદા કરતાં આટલું જ અધિક છે. શરણાગતિરૂપ પદાર્થ જ એવો છે કે ત્યાં સર્વધર્મોનો પરિત્યાગ કરીને જ શરણે જવાય. તે જ આશયથી શ્રીઆચાર્યચરણે કહ્યું છે કે **"તદિહ ન વિહતો ધર્મ આજ્ઞાદિસિદ્ધઃ"** અર્થાત્ "તેથી સર્વધર્મોનો ત્યાગ કરવા છતાં પણ ધર્મનો બાધ આવ્યો નથી કારણ કે તેવી આજ્ઞા છે". અથવા ધર્મત્યાગ કરવા છતાં પણ ધર્મનો બાધ નથી થયો આ વાતમાં 'આજ્ઞાદિસિદ્ધઃ' આ પદને હેતુ જાણવો. અર્થાત્ પ્રભુની આજ્ઞાનો જે વિષય હોય તે જ ધર્મ છે. અત્રે પ્રભુની આજ્ઞાનો વિષય, ધર્મોનો ત્યાગ છે. માટે તેને પણ ધર્મપાણું છે. અત્રે એમ સમજવાનું છે કે ભગવદાજ્ઞાને ગ્રહણ કરીને ધર્મશાસ્ત્ર નિર્માણ કરનાર મનુ આદિના આજ્ઞાવિષયને, અથવા તો નિશ્વાસરૂપ વેદના આજ્ઞાવિષયને જ્યારે ધર્મપાણું છે, તો પછી પ્રભુના સાક્ષાદ્ આજ્ઞાવિષયને ધર્મપાણું કેમ ન હોય? હોય જ. તે આજ્ઞાનો વિષય અત્રે સર્વધર્મત્યાગ છે. માટે ધર્મત્યાગને પણ ભગવદાજ્ઞા સિદ્ધ હોવાથી ધર્મપાણું છે. તેથી જ સર્વધર્મોનો પરિત્યાગ કરવા છતાં પણ ધર્મનો બાધ ન થયો. 'આજ્ઞાદિસિદ્ધઃ' અત્રે 'આદિ' પદથી ભગવદાજ્ઞાથી ધર્મોપદેશ કરનાર મનુપ્રભૃતિઓએ કહેલ



ધર્મનું ગ્રહણ કરવું. અથવા પૂર્વોક્ત અર્થાત્ "ધર્મત્યાગ કરીને તું મારે શરણે આવ" ઈત્યાદિ આજ્ઞા છે આદિમાં જે મનુ આદિના તેથી સિદ્ધ, એવો અર્થ કરવો. અર્થાત્ પ્રભુ આજ્ઞાયુક્ત મનુપ્રભૃતિના વચનોથી સિદ્ધ જ્યારે ધર્મ છે તો પછી પ્રભુની આજ્ઞાથી સિદ્ધ જે છે તે ધર્મ હોય એમાં શું કહેવું? કિંવા વેદાજ્ઞા છે આદિમાં જેને એવો સ્મૃતિસિદ્ધ ધર્મ તે પણ નષ્ટ ન થયો. અર્થાત્ વેદ નિશ્વાસરૂપ છે. અને મન્વાદિ પ્રભુના અંશાંશ છે. પણ "સર્વધર્માન્ ..." એ તો પ્રભુના ખાસ વચનનામૃત છે. માટે સ્વમુખોક્ત શબ્દ 'ધર્મત્યાગરૂપ' ધર્મ હોવાથી કોઈનો બાધ આવતો નથી.

જ્યારે પ્રભુઆજ્ઞાથી સિદ્ધ હોવાથી સર્વધર્મોનો ત્યાગ કરવા છતાં પણ ધર્મબાધ નથી થતો તો પછી **"અહં ત્વા સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ"** "હું તને બધા પાપોથી છોડાવીશ, શોક મા કર" આ ઉત્તરાર્ધમાં પાપનું કથન અયુક્ત થશે. કારણ કે જો ધર્મનો બાધ જ નથી થતો તો પછી "તને પાપ લાગશે" અને "હું છોડાવીશ" એ બન્ને વચન વ્યર્થ છે, અનુપયુક્ત છે.

તેનો ઉત્તર આવી રીતે છે કે અર્જુનને ભગવન્માર્ગનું સ્વરૂપજ્ઞાન ન હતું માટે તેને સમજાવવા માત્ર તે પાપકથનાદિ વાક્ય છે. કહેવાનો આશય એમ છે કે મૂલમાં એટલે "સર્વધર્માન્ ..." આ સમસ્તપદમાં 'સર્વ' પદવડે શરણગમન સિવાયના ધર્મોનો ત્યાગ કરવાનો અર્થાત્ સૂચિત છે. ત્યારે જે સમ્બન્ધી ધર્મોનો બાધ થશે તે સમ્બન્ધી પાપોથી જ હે અર્જુન! તને છોડાવીશ. અર્થાત્ યદ્યપિ મારી આજ્ઞાનું પાલન કરવાથી તારામાં પાપ લાગવાની સમ્ભાવના જ નથી તથાપિ અજ્ઞાનથી તારા સમ્ભાવના કરેલા એટલે સ્વપ્નની પેઠે પ્રવાહન્યાયથી સ્વયં કલ્પના કરેલા પાપોની ઉત્પત્તિને પણ હું નહીં થવા દઉં. તારામાં ઉત્પન્ન થયેલા પાપોથી છોડાવીશ એમ સમજવાનું નથી. કારણ કે ભગવદાજ્ઞાપલન કરનારને પાપોત્પત્તિની સમ્ભવના જ નથી. વાસ્તવમાં તો આટલું પણ કહેવું ભગવન્માર્ગપદ્ધતીને નહીં જાણીને શોક કરતા પાર્થને આશ્વાસન કરવામાત્ર જ સમજવું.

અહીં આશઙ્કા ઉત્પન્ન થાય છે કે તો પછી "મામેકં શરણં વ્રજ" આટલું જ કહેવાથી શરણોપદેશ થઈ શકતો હતો, "સર્વ ધર્મોને છોડીને

શરણે જા'' એમ શા માટે કહ્યું?

તેના ઉત્તરમાં કહે છે કે ''ન્યાસાદેશેષુ ધર્મત્યજનવચનતઃ'' અર્થાત્ ''જે દિવસે વૈરાગ્ય થાય તે દિવસે જ ગૃહાદિ પરિત્યાગ પૂર્વક ગમન કરે'' ''જ્યાં સુધી વૈરાગ્ય ન થાય ત્યાં સુધી ગાર્હસ્થ્યાદિ કર્મોનું આચરણ કરે'' ઇત્યાદિ ન્યાસ એટલે સંન્યાસની આજ્ઞાઓમાં વૈરાગ્યને જ અધિકાર કહ્યું છે. અર્થાત્ સંન્યાસ લેવામાં વૈરાગ્યવાન જ ત્રૈવર્ણિક અધિકારી છે એમ વેદ આદિ શાસ્ત્રોની આજ્ઞા છે. શરણમાર્ગમાં પણ આ લોકના અને પર લોકના સાધનોનો પરસ્પર વિરોધ હોવાથી તે યથોક્ત રીતીથી કરી શકાતા નથી. માટે મારા ઇચ્છિત પુરુષાર્થને અપાવી શક્તા નથી, એમ જ્ઞાન થવાથી જ્યારે તે ઐહિક-પારલૌકિક સાધનોમાં વૈરાગ્ય થાય તથા મારા પ્રભુ કર્તુમ્ અકર્તુમ્ અન્યથાકર્તું સમર્થ છે એમ પ્રભુની સામર્થ્યનું ભાન થઈ જાય ત્યારે તે પુરુષ શરણે જવાનો અધિકારી થાય છે. તેનું વૈરાગ્ય, અને આવું જ્ઞાન એ બન્ને શરણાંશમાં સંન્યાસરૂપ જ છે. માટે ''સર્વધર્માન્ પરિત્યજ્ય'' એ ભગવદુક્તિ સાર્થક છે. અને તે કહેવાની પૂર્વોક્ત રીતે આવશ્યક્તા છે જ. જેમ સંન્યાસમાં પૂર્વાશ્રમધર્મનો પરિત્યાગ અઙ્ગ છે. તેમ સર્વધર્મોનો પરિત્યાગ પણ શરણગમનનું અઙ્ગ છે. અને તેથી જ પૂર્વાઙ્ગ વિના શરણગમનની સાઙ્ગસિદ્ધિ થતી નથી. ધર્મપરિત્યાગ કરવા છતાં ધર્મનો બાધ થયો નથી તેમાં એક આ પણ હેતુ સમજવો. અર્થાત્ જેમ સંન્યાસાશ્રમમાં પૂર્વાશ્રમધર્મોનો પરિત્યાગ પણ હાનિકારક નથી. 'વચનતઃ' આ પદમાં 'વચનત્વાત્' એવો ભાવપ્રધાન નિર્દેશ સમજવો. તેથી એમ પણ સમજવાનું છે કે શરણગમનને સંન્યાસ સામ્ય હોવાથી જેમ ત્યાં એમ પણ સૂચન થાય છે કે શરણગામીના માટે બધા ધર્મો પરાકા ધર્મો છે.

આ પક્ષમાં એવી અરુચિ થાય છે કે અર્જુને હજી સુધી ઐહિક-પારલૌકિક કામના આદિનો પરિત્યાગ કર્યો નથી. માટે તેને ''સર્વધર્મનો પરિત્યાગ કરીને મારે શરણે જા'' એવી આજ્ઞાનું ફલ દેખાતું નથી. આ અરુચિને દૂર કરવાને માટે બીજો પક્ષ કહે છે કે ''શરણાગતિમાં અકિઞ્ચનનો અધિકાર છે''. જે ભગવદીયોની યત્કિઞ્ચિત્કાર્યમાં પણ પ્રવૃત્તિ અથવા તો તેથી નિવૃત્તિ થવું પ્રભુના આધીન છે માટે, અને તે જે કરે છે



તે સર્વ પ્રભુ જ કરે છે માટે પણ, જે ભક્તોને પ્રભુના સિવાય કંઈ હોતું નથી તે 'અકિઞ્ચન' કહેવાય છે. અને તેને જ શરણે જવાનો અધિકાર છે એ વાત અર્જુનને જણાવવા માટે જ અકિઞ્ચનત્વરૂપ સર્વધર્મત્યાગનો ઉપદેશ કર્યો છે. તેથી એમ પણ સૂચન થાય છે કે ''હે અર્જુન! તને અકિઞ્ચન થવા માટે દ્રોણાદિ મારણની પેઠે રાજ્યના ભોગનો ત્યાગ પણ કર્તવ્ય છે''.

પુનઃ એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે ભગવદીયને સ્વતઃ અન્યત્ર ધર્મ આદિમાં પ્રવૃત્તિ થતી નથી. અને કદાચિત્ પ્રવાહન્યાયથી પ્રવૃત્તિ થાય તો પણ ફલસિદ્ધિ નથી થતી. ભાગવતના ષષ્ઠસ્કન્ધમાં વૃત્રાસુરે કહ્યું છે કે ''હે શક્ર! અમારો સ્વામી પોતાના દાસોદ્વારા કરવામાં આવતા ધર્મ, અર્થ અને કામ આ ત્રૈવર્ગિક સમ્બન્ધી શ્રમને દૂર કરે છે''. એટલે ભગવદીયોને ભગવદનુગ્રહથી ધર્માર્થિકામાદિમાં સ્વતઃ પ્રવૃત્તિ થતી નથી. તો પછી અર્જુન જો સ્વયં ધર્માદિમાં પ્રવૃત્ત ન થાય તો તેના માટે ઉપદેશ આપવાની દરકાર પણ નથી. તો પછી તેને તેવો ઉપદેશ પ્રભુએ કેમ કર્યો હશે? તે આશઙ્કાને દૂર કરવા સારું બીજો પક્ષ આદરે છે ''કાર્પણ્યં વા અઙ્ગમ્ ઉક્તમ્''. અર્થાત્ શરણાગતિમાં દીનતા અઙ્ગ મનાય છે. પુરુષના પાસે જ્યારે કોઈ સાધન રહેતું નથી ત્યારે તેના મનમાં દીનતાનું સ્ફુરણ થાય છે. પણ જ્યાં સુધી સાધનોનો અભાવ ન થાય ત્યાં સુધી દીનતા આવતી નતી. તે દીનતા શરણગમનનું અઙ્ગ છે. કારણ કે જો કદાચિત્ દીનતા ન હોય અને ભગવદનુગ્રહબલના જોરથી ઉદ્ધતતા અથવા અભિમાનિતા મનમાં આવી જાય તો શરણાગતિનો જ ભઙ્ગ થઈ જાય. અર્થાત્ જેનામાં દીનતા નથી તેની શરણાગતિને પ્રભુ સ્વીકારતા નથી. અથવા તો તેની શરણાગતિ અઙ્ગવિનાની વિકલ કહેવાય છે. અર્જુનને પણ તેવું દીનત્વ થાય તે આશયથી પ્રભુએ સર્વધર્મોનો પરિત્યાગ કરવાનો ઉપદેશ કર્યો છે તે યુક્ત છે. અથવા તો જે ''આણસમજથી માંગે તે દીન કહેવાય છે'' આ વચનના અનુસાર તેને દીનત્વ થવા માટે સર્વધર્મત્યાગનો ઉપદેશ કર્યો છે. અર્થાત્ ''સ્વયંભૂ, વેદ, અને મહેશ આદિને પણ દુર્લભ છે ચરણરેણુ જેની એવો સમર્થ પ્રભુ ક્યાં? અને તુચ્છ જીવ હું ક્યાં?'' આવી રીતે જો કદાચિત્ પોતાની અધમતા અને પ્રભુની ઉત્તમોત્તમતાનું સ્ફુરણ થાય તો પણ વ્યક્તિ શરણે જઈ ન શકે અંને શરણગમનનો

માર્ગ બંધ થઈ જાય. તેથી પ્રભુએ કહ્યું કે "હે અર્જુન! તું પોતાના અને મારા ધર્મોનો પરિત્યાગ કરીને શરણે જા". આ પક્ષમાં 'પરિત્યજ્ય'નો "વિચાર કર્યા વિના" એવો અર્થ કરવો. અર્થાત્ "હે અર્જુન! તું તારા અને મારા ધર્મોનો વિચાર ન કરીને મારે શરણે જા" એમ અર્થ સમજવો. તેથીજ તેને શરણગમનનું અઙ્ગ કહ્યું છે. **"સર્વધર્માન્"** શ્લોકના પૂર્વાર્ધનો આવી રીતે અર્થ કરવાથી, ઉત્તરાર્ધ એટલે **"અહં ત્વા ..."** ઇત્યાદિનો અર્થ એમ સમજવાનો છે કે સાક્ષાત્ ભગવાનને શરણે જવામાં જેટલા પ્રતિબન્ધક છે તે સર્વે અત્રે 'પાપ'શબ્દથી કહ્યાં છે. આધિભૌતિકાદિ ત્રિવિધ ભેદથી પાપ ઘણાં થાય છે. માટે 'પાપેભ્યઃ' એમ બહુવચન કહ્યું છે. અર્થાત્ "હે અર્જુન! મારે શરણે આવતા સમયે જેટલા પ્રતિબન્ધો આવશે તે બધાથી હું તને બચાવીશ.

યદ્યપિ પોતાની તથા પ્રભુની અવસ્થાના જ્ઞાનથી શરણાગતિનો ભઙ્ગ થઈ શકે છે. તથાપિ સંસારથી ભીત તથા દુખિયા પુરુષને ભગવન્માહાત્મ્યનું જ્ઞાન શરણાગતિમાં પ્રતિબન્ધક નથી, પ્રત્યુત તેનો સાધક થશે. તેથી **"સર્વધર્માન્ પરિત્યજ્ય"** એમ કહેવું યુક્ત નથી—આવી શઙ્કાને દૂર કરવામાટે તાત્પર્યાન્તર કહે છે. અર્થાત્ **"સર્વધર્માન્ ..."** વાક્યનો અન્ય અર્થ છે કહે છે: **"મદિતરભજનાપેક્ષણં ..."** "મારાથી બીજાનું ભજન છોડી દેવું અથવા મારાથી ઇતરની અપેક્ષા છોડી દેવી".

કેટલાક એમ કહે છે કે મોટા અને અશક્ય પ્રયોજનમાટે જ પ્રભુને શરણે જવું, પોતાથી બની શકે એવા અથવા તો સામાન્ય પ્રયોજનમાટે પ્રભુના ઉપર ભાર શા માટે નાખવો! આ પક્ષ અત્રે નહીં સમજવો તેને સમજાવવા માટે **"સર્વધર્મોનો પરિત્યાગ કર"** એમ કહ્યું છે. અર્થાત્ મારાથી બીજો પુરુષ, બીજાનું ભજન, અને બીજાની અપેક્ષા રાખવી—એ ત્રણેનો પરિત્યાગ કરવો. પોતાનાથી અનાયાસે થઈ શકે એવા અથવા તો ન થઈ શકે એવા સર્વ પ્રયોજનમાં શ્રીહરિનોજ આશ્રય રાખવો, અન્યનો આશ્રય ન કરવો તે સમજાવવા માટે જ **"સર્વધર્માન્ પરિત્યજ્ય"** એમ ઉપદેશ કીધો છે. આ પક્ષમાં "સર્વે ચ ધર્માશ્ચ" એમ સમાસ કરવો. જો કોઈ સમયે કોઈ પ્રયોજનના માટે પણ અન્યનો આશ્રય કરે તો શરણાગતિનો બાધ થાય છે.



અથવા હું અને અન્ય એ બન્નેના ભજન અને અપેક્ષા નો પરિત્યાગ કરવો. શરણમાર્ગમાં ભગવદ્ભજનની પણ અપેક્ષા નથી. માર્જારીસુત (બિલાડીનું બચ્ચું) ભક્તિમાં ભક્ત જેમ પ્રભુભજનાદિનો પણ પરિત્યાગ કરે છે અને પ્રભુ સ્વયં તેનો ઉદ્ધાર કરે છે તેમ અત્રે પણ મારું ભજન તથા અપેક્ષા બન્નેનો ત્યાગ કર. આ પક્ષમાં 'સર્વધર્મ' પદથી ભગવદ્ધર્મનું પણ ગ્રહણ થાય છે. અર્થાત્ જેમ બીજાઓના ધર્મોનો ત્યાગ કરવો તેમ ભગવદ્ધર્મનો પણ પરિત્યાગ કરવો. **"મદિતર ..."** ઇત્યાદિ પદમાં ભગવદ્વાક્યની અપેક્ષાથી 'મત્'શબ્દનો પ્રયોગ શ્રીમદાચાર્યશ્રીએ કીધો છે. અથવા **"તદિતરભજનાપેક્ષણં વા વ્યપોહ"** એવો પદપ્રયોગ ફેરવી લેવો.

**વિશેષ :** આવી ભક્તિમાં કાલક્ષેપ તરીકે ભગવદ્ધર્મોનો આચારણ કરવામાં આવે છે.

અત્રે એવી અરુચિ થાય છે કે જો પાપ દૂર કરવા સારું જ શરણાગતિનો ઉપદેશ હોય તો તે ઉપદેશ વ્યર્થ છે. કારણ કે શરણાગતિના સિવાય પ્રાયશ્ચિત્તાદિના કરવાથી પણ પાપ દૂર થઈ શકે છે તો પછી શરણાગતિનો જ ઉપદેશ શું કરવા કર્યો? તે અરુચિને દૂર કરવા માટે અન્ય પક્ષ કહે છે **"દુઃસાધ્યેચ્છોદ્યમૌ વા ક્વચિદુપશમિતૌ"** અથાર્ત્ દુઃસાધ્યમાં ઇચ્છા અને તેનો ઉદ્યમ આ બન્નેનો ઉપશમ કીધો છે. જે દિવસથી પ્રભુએ અઙ્ગીકાર કર્યો તે દિવસથી પાપની સમ્ભાવના જ નથી. અને જો કદાચિત્ પૂર્વપ્રારબ્ધ અપરાધ હોય તો તે પ્રારબ્ધની નિવૃત્તિ પ્રાયશ્ચિત્તાદિકથી થતી નથી કિન્તુ પ્રભુના અનુગ્રહથી જ થાય છે. અર્થાત્ પ્રભુ પોતે જ તે પ્રારબ્ધનો નાશ કરી શકે છે. આ સિદ્ધાન્તમાં "જે અશ્વમેધ યજ્ઞ કરે છે તે બ્રહ્મહત્યાને તરે છે" ઇત્યાદિ શ્રુતિવાક્યો અન્ય અધિકારીઓના માટે સમજવાં. આવી રીતે અલ્પપ્રયોજન પ્રાપ્ત છતાં જીવની દુઃસાધ્યની ઇચ્છા અને દુઃસાધ્યનો ઉદ્યમ દૂર કરી દેવો એ પ્રભુનું મોટું ઐશ્વર્ય છે. અર્જુન સાધારણ જીવ નથી કિન્તુ ભગવદીય છે. માટે તેના દોષોની નિવૃત્તિ અન્યથી થઈ શકે તેમ નથી. અને જો તે ભગવન્માર્ગમાં પ્રવેશ પણ ન કરે તો પછી કોઈ રીતે પણ દોષોની નિવૃત્તિ નહીં થાય. તે અગવડથી જ પ્રભુએ તેને શરણે જવાનો આદેશ કર્યો. તેથી "તું મારે શરણે જા" એમ કથનમાત્ર નહીં કિન્તુ **પ્રભુએ અર્જુનને પોતાના શરણનું દાન આપ્યું છે** એમજ સમજવાનું છે.

તો પછી ભગવદીય હોવાથી તેની દુઃસાધ્યમાં ઈચ્છા અને તેમાં પ્રવૃત્તિ બન્ને સમ્ભવતી નથી તેથી તેનું કથન વ્યર્થ થશે એમ આશઙ્કા ન થાય તેના માટે પાક્ષિકદોષનો પણ પરિહાર કરતાં કહે છે કે 'ક્વચિત્' અર્થાત્ એવું ક્વચિત્ બને છે. અત્રે એમ સમજવાનું છે કે "ક્વચિત્ દુઃસાધ્યેચ્છોદ્યમૌ ઉપશમિતૌ" કોઈક વખતે ભગવદીયને પણ ભ્રમાદિથી અથવા સઙ્ગાદિથી દુઃસાધ્ય યજ્ઞાદિકાર્યમાં ઈચ્છા અથવા તેમાં પ્રવૃત્તિ થાય તો તે સમયમાં તેની તે ઈચ્છા અને ઉદ્યમને દૂર કરવાને માટે **"સર્વધર્માન્ પરિત્યજ્ય"** એ ઉપદેશ છે.

યદ્યપિ અન્યાશ્રય ન થાય તે માટે સર્વધર્મોનો પરિત્યાગ કરવો જોઈએ તથાપિ **"લોકસઙ્ગ્રહમેવાઽપિ સમ્પશ્યન્ કર્તુમર્હસિ"** ઈત્યાદિ વચનોના અનુસાર શું લોકમર્યાદાના રક્ષણમાટે તો ધર્મનું આચરણ અવશ્ય ન કરવું જોઈએ? તે શઙ્કાને દૂર કરવા માટે બીજા તાત્પર્યનું અવતરણ કરે છે **"વા અન્યસમ્બન્ધે બ્રહ્માસ્ત્રન્યાય ઉક્તઃ"** "અથવા અન્યાશ્રય નહીં થવાના વિષયમાં બ્રહ્માસ્ત્રનો ન્યાય આપ્યો છે".

આ ન્યાય હનુમાનજીના પ્રસઙ્ગમાં પ્રસિદ્ધ છે.

> શ્રીમદ્રામાયણના સુન્દરકાણ્ડમાં શ્રીપુરુષોત્તમના એકાન્તદાસ શ્રીહનુમાનજી જ્યારે પોતાના પ્રભુની આજ્ઞાથી શ્રીજનકનન્દિનીની ખબર કાઢવા લઙ્કાપુરીમાં ગયા. અને ત્યાં જ્યારે મેઘનાદે શ્રીહનુમાનના ઉપર બ્રહ્માસ્ત્ર ચલાવ્યું ત્યારે શ્રીહનુમાનજીએ કહ્યું છે કે "યદ્યપિ સ્તુતિ કરવાથી આ બ્રહ્માસ્ત્રથી હું બચી શકું છું તો પણ હું શ્રીરામનો એકાન્તદાસ અન્યનો આશ્રય કરી શકતો નથી" એમ કહીને બ્રહ્માસ્ત્રના બન્ધનને સ્વીકાર્યું. પણ તે બ્રહ્માસ્ત્રથી બંધાયા છતાં રાક્ષસોએ બીજા દોરડાઓથી પણ તેમને બાંધવા લાગ્યા ત્યારે તે બ્રહ્માસ્ત્ર જતું રહ્યું.

તે જ પ્રમાણે અહીં સમજવું. અર્થાત્, જો અર્જુનને અન્યધર્મોનો સમ્બન્ધ થશે તો શરણાગતિનો ભઙ્ગ થશે. તેથી અન્યધર્મોનો ત્યાગ કરાવવો



જોઈએ એમ વિચારીને પ્રભુએ અર્જુનને સર્વધર્મોનો ત્યાગ કરવાનો ઉપદેશ કર્યો. તેથી જ **"મામ્ એકમ્"** અહીં 'એક'પદનો પ્રયોગ કીધો છે. તેનું પણ તાત્પર્ય તેજ છે કે અન્યનો આશ્રય નહીં કરીને મારે શરણે જા. જો એમ કહેવાનું ન હોત તો 'માં' એટલું માત્ર કહેવાથી પણ એકત્વનો લાભ થઈ શકત, 'એકમ્' પદ વ્યર્થ થઈ જાત. તેમ છતાં પણ જે 'એકં' પદ કહ્યું તેથી એમ માલુમ પડે છે કે અન્યાશ્રય નહીં કરવાથી જ શરણાગતિ સાઙ્ગ થાય છે. 'મામ્' પદનો એ અર્થ છે : દેશકાલની અપેક્ષાથી રહિત. અર્થાત્ ધર્માદિકને દેશકાલની અપેક્ષા રહે છે પરન્તુ મને (પુરુષોત્તમને) તેની અપેક્ષા રહેતી નથી માટે "તું મહારે શરણે જા". ધર્મનો પરિત્યાગ કરવા છતાં ધર્મીનો આશ્રય લેવાથી ધર્મનો બાધ પણ ન થયો તે 'માં' પદનું સ્વારસ્ય છે.

**અહીં સુધી નિરૂપેલ અર્થ ઉપરછલ્લો છે. ખરેખર તો શ્રીમદાચાર્યોનું તાત્પર્ય અન્યત્ર જ છે.**

**"સર્વધર્માન્ પરિત્યજ્ય"** આ શ્લોક પુષ્ટિમાર્ગીય સર્વાત્મભાવયુક્ત અધિકારીઓને માટે છે. અર્થાત્ પ્રિયવિરહની અવસ્થામાં વિશ્વને પ્રભુમય જોવાથી નિજમનોરથાનુકૂલ તે-તે શૃઙ્ગારભાવોના આસ્વાદન કરતા શ્રીવ્રજવધૂઓના જેવા જ અધિકારનો આ શ્લોક વર્ણન કરે છે. સર્વાત્મભાવ થતાં પદાર્થમાત્રને પ્રભુરૂપતા થતી હોવાથી અને તેઓમાં પ્રગાઢભાવ હોવાથી સર્વધર્મોનો ત્યાગ કરવા છતાં પણ ધર્મબાધ થતો નથી.

સર્વાત્મભાવ બે પ્રકારનો હોય છે. એક મર્યાદામાર્ગીય અને બીજો પુષ્ટિમાર્ગીય. સર્વાત્મભાવ પ્રભુવિરહની ભાવના ઉત્પન્ન થવાથી થાય છે. અને તેવો વિરહભાવ લૌકિક-વૈદિક ધર્મોના ત્યાગ કરવાથી થાય છે. સંન્યાસનિર્ણય પ્રકરણમાં શ્રીમદ્વલ્લભાચાર્યચરણશ્રીએ કહ્યું છે કે પ્રભુના વિરહનો અનુભવ થવામાટે સર્વત્યાગ કરવો જોઈએ. કેવળ સંન્યાસ ગ્રહણ કરવાથી તો કલિયુગમાં પશ્ચાત્તાપ માત્ર થાય છે.

અને "હે પ્રભો અમે સર્વ પદાર્થોનો પરિત્યાગ કરીને તારે શરણે આવ્યા છીએ" "હે પ્રિય આ પૃથ્વી ઉપર એવી કોણ સ્ત્રી છે કે

જે તમારા મધુર મૂર્છનાયુક્ત વેણુનાદને સાંભળી આર્યચરિતથી ચલાયમાન ન થાય" "અમે તારા દાસ છીએ અમારા મસ્તક ઉપર હસ્તને મૂક". અહીં પ્રથમ વાક્યમાં વૈદિકધર્મોનો ત્યાગ, બીજામાં લૌકિકધર્મોનો ત્યાગ અને ત્રીજામાં ધર્મત્યાગ કરવાનું કારણ કહ્યું છે. અર્થાત્ એવા પ્રકારના દાસ્યભાવમાં લોક-વેદસિદ્ધ ધર્મોનું પરિપાલન થઈ શક્તું નથી. તેમજ "અમે પતિ, સુત, વંશ, ભ્રાતા, સુહૃદ્વર્ગ આદિનો પરિત્યાગ કરીને આવ્યા છીએ" "મારા માટે તે ગોપીજનોએ લોક, વેદ અને સ્વીયપદાર્થો નો પરિત્યાગ કીધો હતો" ઇત્યાદિ વચનોથી પણ માલુમ પડે છે કે શ્રીગોપીજનોનું ભગવત્કૈંકર્ય હોવાથી સર્વધર્મોનો ત્યાગ કર્યો. માટે ભગવદ્દાસ્યમાં દાસ્યના સિવાય બીજા ધર્મોનું પાલન થઈ શકે તેમ નથી. વચનની ભાવપ્રધાનતા અહીંયા પણ જાણવી. તેથી એમ સિદ્ધ થયું કે સર્વધર્મોનું ત્યાગ કરીને ધર્મી એવા મારે શરણ જા.

કર્મમાર્ગ, જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગ ત્રણે મોક્ષપર્યન્તના સાધન છે, ધર્મીને પ્રાપ્ત કરનારા નથી કિન્તુ કેવલ મોક્ષરૂપ ભગવદ્ધર્મસુધી પ્રાપ્તિ કરાવનાર છે. અક્ષરપ્રાપ્તિરૂપ મોક્ષ તે હરિનો ધર્મ છે. શ્રીહરિ સ્વયં ધર્મી છે. કર્મ, જ્ઞાન અને ભક્તિ ત્રણે વિધિના અધીન છે. વિધિ અથવા તો વેદાદિ ની આજ્ઞા પણ શ્રીહરિનો ધર્મ છે. માટે જ ત્રણે માર્ગો વિધિના પરવશ હોવાથી ધર્મપર્યવસાન છે, ધર્મી શ્રીહરિ સુધી પહોંચનાર નથી. અને સર્વાત્મભાવ તો પ્રભુપ્રાપ્તિ કરાવનાર છે, માટે ધર્મિપર્યવસાન છે. તેટલાજ માટે પ્રભુએ અર્જુનને કહ્યું છે કે "સર્વધર્મોનો પરિત્યાગ કરીને મારે ( ધર્મીને ) શરણે જા".

અને પૂર્વમાં સામાન્ય અર્થમાં જે કહી આવ્યા તે આકિઞ્ચનાધિકાર સર્વાત્મભાવયુક્ત શ્રીગોપીજનોમાં યુક્ત થાય છે. "શ્રીહરિના માટે સર્વ કામનાઓનો ત્યાગ કર્યો" "શ્રીહરિને વિષે મનવાળાં તથા નિરન્તર પ્રભુના ગુણોનું ગાન કરનારાં" ઇત્યાદિ સમાધિભાષાના વચનોથી જાણાય છે કે શ્રીવ્રજસીમન્તિનીજનો અકિઞ્ચન હતાં. પ્રભુના માટે સર્વ લૌકિક-વૈદિકસાધનોને છોડીને કેવલ પ્રિયસઙ્ગૈકકામ હતાં તેથી દૈન્યભાવનાયુક્ત હતાં. અકિઞ્ચન હોવાથી જ એમને પ્રભુનો ક્ષણવિરહ પણ અસહ્ય હતો. જો કાદચિત્ તે અકિઞ્ચન નહીં હતાં અથવા નિસ્સાધન નહીં હતાં તો "પ્રભુ તો



પ્રતિદિન મળે છે, એક દિવસ સઙ્ગમ ન થયો તેથી શું થયું! પ્રાતઃ પુનઃ આવશે" એમ સમજીને પ્રભુના મળવા માટે અતિશય પ્રયાસ નહીં કરતા. તેથી એમ જણાય છે કે ભગવદીયોના ધર્મ: વિવેક, ધૈર્ય આદિનો પણ તેઓએ ત્યાગ કર્યો હતો. સર્વાત્મભાવવાળા ભક્તોને ધર્મોનો ત્યાગ સહજ થાય છે. માટે જ **"સર્વધર્માન્ ..."** ઇત્યાદિ શ્લોકમાં પ્રભુએ સર્વધર્મત્યાગનો અકિઞ્ચનરૂપ અધિકાર રાખ્યો છે. અર્થાત્ શરણાગતિમાં અકિઞ્ચન અધિકારી છે. શ્રીમદાચાર્યશ્રીએ પણ **"અકિઞ્ચનાધિક્રિયોક્તા"** વાક્યથી તે જ અર્થ જણાવ્યો છે. તેથી એમ પણ જણાય છે કે પ્રભુમાં ભાવ થવાના પહેલાં જ અકિઞ્ચનાધિકાર થવા માટે સર્વધર્મત્યાગ અપેક્ષિત છે. કારણ કે અધિકારની પૂર્વમાં અપેક્ષા હોય છે.

અત્રે એમ પ્રશ્ન થાય છે કે અકિઞ્ચન થવામાં કિંવા સર્વધર્મત્યાગ પૂર્વક શરણાગતિમાં પણ પ્રભુના પ્રગટ નહીં થવાથી દુઃખ તો રહ્યું જ. તેના ઉત્તરમાં કહીએ છીએ કે તો પછી શરણાગતિમાં ધર્મત્યાગને દૈન્યરૂપ અઙ્ગ સમજવું.

'કાર્પણ્ય' એટલે દીનતા અને 'અઙ્ગ' એટલે ઉપકારક. અર્થાત્ સર્વધર્મત્યાગરૂપ દીનતા રાખવાથી ફલમાં ઉપકાર થશે. ફલપ્રકરણમાં કહ્યું છે કે જ્યારે અન્વેષણ, અનુકરણ આદિ સર્વ સાધનોથી પણ પ્રભુ પ્રગટ ન થયા ત્યારે તે સર્વ ધર્મોનો પરિત્યાગ કરીને પ્રભુદર્શનની અત્યુત્કણ્ઠાથી શ્રીવ્રજભક્તોએ વિલાપ કર્યો. આવું દૈન્ય અહીંઆ પણ લેવું. અઙ્ગરૂપ સર્વધર્મત્યાગ કરવાથી દૈન્ય થશે. અને દીનતાના થવાથી જ ફલરૂપ પ્રભુનો પ્રાદુર્ભાવ થશે. અને પ્રભુનો પ્રાદુર્ભાવ થવાથી સર્વ ક્લેશોનો નાશ થશે. વાસ્તવમાં તો ક્લેશ હોય તો પણ કંઈ હાનિ નથી. કારણ કે તે ભગવદ્વિરહરૂપ ક્લેશ તો મુક્ત લોકોને પણ વાઞ્છિત છે, માટે પુરુષાર્થરૂપ છે. તેથી કોઈ જાતની ન્યૂનતા નથી. આ વાત **"મદિતર..."** ઇત્યાદિ પક્ષાન્તરથી કહે છે.

અર્થાત્ હું જેમ પ્રભુનું ભજન કરું છું તેમ પ્રભુ પણ ફલદાનદ્વારા મારું ભજન કરે ઇત્યાદિ અપેક્ષા ન રાખવી. તેથી જ પ્રભુએ પણ કહ્યું છે કે "હે પ્રિયો મારા ભક્તોનું પ્રત્યક્ષ ભજન સદા નથી કરતો. કારણ કે કૃતાર્થ હોવાથી તેમની વૃત્તિ ચ્યુત થઈ જાય".

અથવા 'સર્વધર્માન્' આ પદને 'સ્વામી'ના સાથે લગાડવું. અર્થાત્ "તું મારા (શ્રીકૃષ્ણના) પણ ધર્મોનો ત્યાગ કરીને મારે શરણે આવ" આવો અર્થ કરવો. જેઓને સર્વાત્મભાવ થાય તેવા સર્વોત્કૃષ્ટ ભક્તોને આનન્દ આપવા સારું જ ભગવાન્ પોતે પોતાના આત્મારામ, આપ્તકામ આદિ ધર્મોને છોડીને તેમનું અનુસરણ કરે છે.

તો હવે આ અર્થ થયો છે "હું પણ એવા ભક્તોને મૂકીને અન્યનું ભજન કે અપેક્ષા કરતો નથી". અર્થાત્ તેમના સાથે અનેક જાતની ક્રીડા કરે છે.

પ્રભુ પણ જેમની ઈચ્છાના અનુસાર ક્રીડા કરવા લાગે એવા ભક્ત થવું અને તેવો પ્રભુમાં ભાવ થવો સાધનોથી શક્ય નથી. આવી ઉત્કૃષ્ટ દશા તો કેવલ પ્રભુના અનુગ્રહથીજ પ્રાપ્ત થાય છે.

તો પણ જો કોઈ એમ ધારે કે હું સાધનોથી આવી અવસ્થાને પ્રાપ્ત કરીશ તો તેવાઓની શઙ્કાને પણ દૂર કરવા સારું કહે છે કે "આ વાત દુઃખથી પણ પ્રાપ્ત કરી શકાય નહીં માટે તેવી ઈચ્છા કરવી નહીં અને તે વિષયમાં ઉદ્યોગ પણ કરવો નહીં? કેવલ મ્હારો આશ્રય લેવો".

આ પક્ષમાં "હે અર્જુન! સાધનાશક્ય વિષયમાં ઈચ્છા ઉદ્યમ આદિ ધર્મોને છોડીને તું મારો આશ્રય લે" આ અર્થ સમજવો.

અહીં એમ શઙ્કા થાય છે કે યદ્યપિ અવતારદશામાં જેને સ્વરૂપસમ્બન્ધ હતો તેને સાધનોથી નહીં કિન્તુ સ્વરૂપબળથી જ તે ભાવ પ્રાપ્ત હતો. પણ હમણાં જેને તેવો સમ્બન્ધ નથી તો તેને સાધનોદ્વારા તે ભાવની પ્રાપ્તિ થઈ શકે કે નહીં? આ શઙ્કાના ઉત્તરમાં 'ક્વચિત્' એ પદ સમજવું. અર્થાત્ તેવા ભક્તોને પણ જ્યારે સ્વરૂપબળથી પણ તેવો ભાવ ક્વચિત્ જ મલ્યો છે સર્વદા નહીં તો પછી સાધનોના બળથી તો ક્યાંથી મળે!

સર્વાત્મભાવવાળા ભક્તને પણ અન્યના સાથે સમ્બન્ધ રાખવો યુક્ત



નથી. આ વાત "અન્યસમ્મેલને વા" આ પક્ષાન્તરથી કહી છે. શ્રીહનુમાજીનને રાક્ષસોએ બ્રહ્માસ્ત્રથી બાંધ્યા કિન્તુ અવિશ્વાસ અને અજ્ઞાન થી તદુપરાન્ત દોરડા વિગેરેઓથી પણ બાંધવા લાગ્યા ત્યારે બ્રહ્માસ્ત્રે હનુમાનજીને છોડી દીધા. તેમ અહિંયા પણ સમજવું. અર્થાત્ તેવો ભક્ત યદિ પ્રભુથી ઈતરના સાથે પણ સમ્બન્ધ રાખે તો ભગવદ્ભાવ તેનો સમ્બન્ધ છોડી દે છે. આવી રીતે સર્વાત્મભાવના રહેતાં બીજાનો મેળ થઈ શકતો નથી. તેથી સર્વધર્મોનો (અન્યાશ્રય) ત્યાગ કરીને એક મારે શરણે આવ. આ અર્થમાં પણ 'સર્વધર્માન્' આ પદ 'સ્વામી'નું વિશેષણ સમજવું. તેથી જ **"ભર્તુઃ શુશ્રૂષણં સ્ત્રીણામ્"** ઈત્યાદિ ભગવદાજ્ઞાસિદ્ધ ધર્મનો પણ **"સર્વધર્માન્ પરિત્યજ્ય"** આમ કહેવાથી બાધ ન થયો. કારણ કે પતિની સેવા કરવી એ મર્યાદાનો ધર્મ છે અને અનુગ્રહ થયા બાદ સર્વાત્મભાવવાળા ભક્તોને તો સર્વધર્મોનો પરિત્યાગ કરવો એ જ ધર્મ છે. તે ધર્મ મર્યાદારૂપ છે અને આ ધર્મ પુષ્ટિ (અનુગ્રહ) રૂપ છે. માટે અધિકારિતા ભિન્ન હોવાથી અનુગ્રહમાર્ગમાં મર્યાદા ધર્મનો ત્યાગ કરવાથી બાધ નથી.

અહિં એક પ્રશ્ન થાય છે કે ભલે વ્રજભક્તોમાં સર્વાત્મભાવ હશે પણ અર્જુનમાં તો તેવો ભાવ દેખાતો નથી. તો પછી "સર્વધર્માન્" શ્લોકરૂપ ઉપદેશનો પૂર્વોક્ત અર્થ છે એમ નિશ્ચય કેમ કરી શકાય? તેનો ઉત્તર એટલો જ કે પ્રભુ જીવોના અધિકાર અનુસાર શાસ્ત્રના તત્ત્વનો ઉપદેશ કરે છે. તેમાં પોત-પોતાના અધિકારને અનુકૂલ અર્થ લેવો જોઈએ. કનિષ્ઠાધિકારીને કનિષ્ઠ, અને ઉત્તમાધિકારીને ગૂઢ અર્થ સ્ફુરે છે.

સર્વાત્મભાવ પક્ષમાં પ્રભુના સિવાય લૌકિક-અલૌકિક ધર્મ આદિ બધા, ભાવના પ્રતિબન્ધક છે. તેથી જ તે અનિષ્ટ અને પાપરૂપ છે. તેથી ઉત્તરાર્દ્ધનો અર્થ એમ કરવો કે "ભગવદ્ભાવના આડે આવતા બધાજ લૌકિક કે અલૌકિક પ્રતિબન્ધોથી હું તને છોડાવીશ, તું શોક ન કર". તેથી એમ પણ જણાય છે કે તેવા ભાવનું દાન અને પ્રતિબન્ધકોનું દૂર કરવું એ બન્ને પ્રભુના જ હાથમાં છે, સાધનોથી શક્ય નથી.

અથવા અર્જુનને પણ તે ભાવ પ્રાપ્ત થવાનો છે તેથી તેનો ઉપદેશ સાર્થક છે, વ્યર્થ નથી. જો પ્રભુ અર્જુનને તે ભાવનું દાન ન આપે

તો પછી **"મન્મના ..."** ઇત્યાદિ શ્લોકમાં **"મામ્ એવ એષ્યસિ"** તું મને જ પ્રાપ્ત થશે —એમ નિશ્ચયવાચક 'એવ' શું કરવા કહે? કારણ કે "મામ્ એષ્યસિ" મને પ્રાપ્ત થશે એટલાથી જ સાયુજ્ય (ઐક્ય) તો જાણવામાં આવી શકત. તેથી માલુમ પડે છે કે અર્જુનને પણ સર્વાત્મભાવની પ્રાપ્તિ થવાની છે. "મામ્ એવ" નો એવો અર્થ જાણવો કે "તું સર્વાત્મભાવનો વિષય જે હું એવા મને પ્રાપ્ત થશે". અર્થાત્ પહેલાં તને સર્વાત્મભાવ પ્રાપ્ત થશે અને તે પછી હું પ્રાપ્ત થઈશ. તેથી જ 'વ્રજ' એ મધ્યમપુરુષની ક્રિયા અને 'ત્વામ્' (ત્વામ્/ત્વા દ્વિ.એ.વ.) આ 'યુષ્મત્' શબ્દવાચી કર્તાનો પ્રયોગ અનુરૂપ થાય છે.

હવે એટલી આશઙ્કા બાકી રહી કે જ્યારે અર્જુનને સર્વાત્મભાવ થવાનો છે તો પછી શ્લોકના ઉત્તરાર્દ્ધનો અર્થ શું કરવો? તેનો ઉત્તર આ જાણવાનો કે યદ્યપિ પ્રભુના ઉપદેશથી અર્જુનને તે ભાવરૂપ પદાર્થનું જ્ઞાન તો થયું. તથાપિ મોક્ષથી અધિક અને અલૌકિક તે ભાવ મને ન મળ્યો. વળી તેની પ્રાપ્તિમાં પ્રતિબન્ધકો ઘણાં છે કિંવા પ્રભુના શિવાય બધા તેના પ્રતિબન્ધક જ છે એમ ભાન થવાથી અર્જુનને ઘણો શોક અને સઙ્કલ્પ-વિકલ્પ હતા. તેને દૂર કરવા માટે પ્રભુએ "અહં ત્વા ..." ઇત્યાદિ આજ્ઞા કરી.

"અર્જુન આવા ભાવવાળો હતો" એવી પ્રસિદ્ધિ જે લોકમાં ન થઈ તે તો અર્જુનની ઇચ્છાથી જ. કારણ કે પ્રભુએ **"ઇદં તે નાતપસ્કાય ..."** ઇત્યાદિ શ્લોકો થકી તે ભાવને અન્યત્ર પ્રકટ કરવાનો નિષેધ કર્યો હતો. તેથી અર્જુને પણ પોતાના હૃદયમાં ગૂઢ રાખ્યો, બીજાઓને કહ્યો નહીં. તેથી જ વધારે સઙ્કલ્પવિકલ્પ ન કરીને અર્જુને પણ સમાપ્તિમાં "હું આપનો છું" એમ જાહેર કરવા એમ જ કહ્યું કે """હે પ્રભો હું આપની આજ્ઞા પ્રમાણે કરીશ" કિન્તુ એમ ન કહ્યું કે "શત્રુઓને મારીશ" કિંવા "રાજ્યનો ઉપભોગ કરીશ". તેમ છતાં અર્જુને જે શત્રુઓને માર્યા અથવા તો રાજ્યનો ઉપભોગ કર્યો તે તો માત્ર પ્રભુની આજ્ઞાનું પરિપાલન હતું તે અમે પૂર્વમાં કહી આવ્યા છીએ.

અર્જુનને એ ભાવ મળ્યો તેમાં એક બીજું કારણ એ છે કે



જ્યારે એવો ભાવ મળે છે ત્યારે તે ભાવવાળા પુરુષનો આશય અતિ ઉદાર થઈ જાય છે. પ્રભુના શિવાય અન્યત્ર તેને તુચ્છભાવના થાય છે. તેને કોઈથી પણ ભય રહેતો નથી. અને અર્જુનમાં તે બધું દેખાય છે. કારણ કે તેણે નિઃસન્દેહ અને નિર્ભય થઈને કહ્યું કે "હે પ્રભો હું આપની આજ્ઞા પ્રમાણે કરીશ". તેથી નિશ્ચય થાય છે કે અર્જુનને પણ તે ભાવની પ્રાપ્તિ થઈ હતી. જો અર્જુનને તે ભાવની પ્રાપ્તિ ન થઈ હોત તો ભગવદ્વાક્યરૂપ વેદાદિના વિચારથી જ્યારે પોતે દ્રોણાદિને મારવાનો નિષેધ કર્યો, અને પ્રભુએ તેના વિરુદ્ધ દ્રોણાદિને હણવાની આજ્ઞા કરી તે સાંભળી અર્જુનને મનમાં સન્દેહ થવો જોઈતો હતો કે ગુરૂની તો શું પણ પ્રાણીમાત્રની પણ હિંસા ન કરવી જોઈએ ઇત્યાદિ વેદશાસ્ત્રના વચન, અને તેથી વિરુદ્ધ તે સમયના પ્રભુમાં વચન, તે બન્ને પ્રભુના વચન હોવાથી સમાન છે માટે હવે મારે શું કરવું —એમ અર્જુનને સન્દેહ થવો જોઈતો હતો, પ્રવૃત્તિ થવી જોઈતી ન હતી. પણ અર્જુનની તો ભવદાજ્ઞાનું પાલન કરવામાં નિઃસન્દેહ પ્રવૃત્તિ જ થઈ. તેથી જણાય છે કે અર્જુનને ભગવદ્ભાવની પ્રાપ્તિ થઈ હતી. અને માટેજ પ્રભુના (ધર્મીના) હૃદયમાં આવવાથી ધર્મમાર્ગ દુર્બલ દેખાવા લાગ્યા અને અર્જુનને સ્પષ્ટ કહ્યું કે "હે પ્રભો! હવે મારો સન્દેહ દૂર થયો છે". શ્રીમદ્ભાગવતમાં પણ તે પ્રમાણેજ કહ્યું છે કે "નારાયણ તત્પર પુરુષને કોઈથી પણ ભય રહેતો નથી". રાજ્યાદિમાટે ગુરુહનનાદિ કાર્ય મોહનુંજ કાર્ય છે તોપણ અર્જુને જે "પ્રભો! હવે મારો મોહ નષ્ટ થયો" એમ કહ્યું તેથી જણાય છે કે તેનેતે ભાવનીપ્રાપ્તિ થવાથી નિર્ભીકતા પ્રાપ્ત થઈ અને તે નિર્ભય-નિઃસન્દેહ થયો હતો.

અથવા તો સર્વાત્મભાવયુક્ત ભક્તોનાં ચરિત્ર તથા તેમની કથાનું શ્રવણ કરતાં-કરતાં જણાવવા લાગે છે કે સર્વાત્મભાવ મોક્ષથી પણ શ્રેષ્ઠ, અને અધિક પુરુષાર્થ છે. જ્યારે ભગવદ્ભક્તિ ઇત્યાદિ સાધનોથી પણ તેની પ્રાપ્તિ નથી થતી ત્યારે તેને મેળવવાની અતિ ઉત્કણ્ઠા અને તેના અભાવના લીધે દુઃખ થાય છે તે વખતે જીવને ભાન થાય છે કે આ ભાવ અન્ય સાધનોથી નહીં કિન્તુ કેવલ પ્રભુના અનુગ્રહથી જ મળી શકે છે અને તેવો અનુગ્રહ થવો મ્હારા હાથની વાત નથી. જેનાથી તેવો ભાવ પ્રાપ્ત થાય તેવો અનુગ્રહ, અને તે ભાવ, એ બન્ને શ્રીપ્રભુના

જ હસ્તમાં છે. તેથી હવે પ્રભુ જ મારું શરણ છે એમ વિચારીને પ્રભુની શરણાગતિ કરવામાં આવે છે. આવી રીતે પ્રભુને શરણે જવાથી તે ભાવની પ્રાપ્તિ થાય છે. આવા પ્રકારની શરણાગતિ, અને તે સર્વાત્મભાવની પ્રાપ્તિ, એ બન્ને ફલરૂપ છે માટે સાધનોથી મળી શકે નહીં. અતએવ પ્રભુ કરુણાથી તે બન્ને વરદાનની પેઠે અર્જુનને આપતાં આજ્ઞા કરે છે કે **"સર્વધર્માન્ ..."** ઇત્યાદિ. અર્થાત્ "હે પાર્થ! લૌકિક (રાજ્યભોગાદિ) વૈદિક (યજ્ઞાદિ) ધર્મો તથા શ્રવણાદિ ભક્તિ તે સર્વ મારા અનુગ્રહ વિના મારી પ્રાપ્તિમાં સાધન થઈ શકતાં નથી. અને તેથી તેમનો પરિત્યાગ કરીને તું મારે શરણે આવ". એમ એક વાક્યથી અર્જુનને શરણાગતિનું દાન કરે છે. અને તન્ત્રરીત્યા બીજા વાક્યથી "એક મામ્" અર્થાત્ "કેવલ ભાવથી પ્રાપ્ય મને પ્રાપ્ત થા" એમ કહીને તેવા ભાવનું પણ દાન કરે છે. તેવા ભાવ થકી જ તારા શોકની નિવૃત્તિ થશે. તેથી આજ્ઞા કરે છે કે "શોક મા કર". કારણ કે એકમાત્ર ભાવપ્રાપ્ત રસથી જ સર્વ શોકોનો નાશ થાય છે. તેથી જ શ્રીમદ્‌ભાગવતના ફલપ્રકરણમાં ભગવદ્રસને "શોકનાશનં" એવું વિશેષણ દીધું છે. એમ પૂર્વમાં જે કહી આવ્યા તે સર્વ યુક્ત છે.

**શ્રીગોપીશની ચરણરજથી ધનવાન એવા મેં શ્રીવિટ્ઠલેશ દીક્ષિતે**
**પિતા શ્રીમદ્વલ્લભાચાર્યના ચરણાનુગ્રહથી**
**જે ભાવનો પૂર્વોક્તરીતે પ્રકાશ કર્યો છે**
**તે ભાવ મારા હૃદયમાં સ્થિર રહો.**



### ૧. શાસ્ત્રાજ્ઞા મુજબ ધર્મનું નિર્ધારણ કરવું જોઈએ

યઃ શાસ્ત્રવિધિમ્ ઉત્સૃજ્ય વર્તતે કામકારતઃ।
ન સ સિદ્ધિમ્ અવાપ્નોતિ ન સુખં ન પરાં ગતિમ્॥ [૧૬:૨૩]
તસ્માત્ શાસ્ત્રં પ્રમાણં તે કાર્યાકાર્યવ્યવસ્થિતૌ।
જ્ઞાત્વા શાસ્ત્રવિધાનોક્તં કર્મ કર્તુમ્ ઇહાર્હસિ॥ [૧૬:૨૪]

### ૨. શાસ્ત્રમાંથી સ્વાધિકાર અનુસાર ગ્રહણ કરવું

યાવાનર્થ ઉદપાને સર્વતઃ સમ્પ્લુતોદકે।
તાવાન્ સર્વેષુ વેદેષુ બ્રાહ્મણસ્ય વિજાનતઃ॥ [૨:૪૬]

### ૩. શ્રદ્ધારહિત સાધકની અધોગતિ થાય છે

અશ્રદ્દધાનાઃ પુરુષા ધર્મસ્યાસ્ય પરન્તપ।
અપ્રાપ્ય માં નિવર્તન્તે મૃત્યુ - સંસાર - વર્ત્મનિ॥ [૯:૩]
અજ્ઞશ્ચાશ્રદ્દધાનશ્ચ સંશયાત્મા વિનશ્યતિ।
નાયં લોકોઽસ્તિ ન પરો ન સુખં સંશયાત્મનઃ॥ [૪:૪૦]

### ૪. શ્રદ્ધાના પણ ત્રણ પ્રકાર હોય છે

ત્રિવિધા ભવતિ શ્રદ્ધા દેહિનાં સા સ્વભાવજા।
સાત્ત્વિકી રાજસી ચૈવ તામસી ચેતિ તાં શૃણુ॥ [૨]
સત્ત્વાનુરૂપા સર્વસ્ય શ્રદ્ધા ભવતિ ભારત।
શ્રદ્ધામયોયં પુરુષો યો યચ્છ્રદ્ધઃ સ એવ સઃ॥ [૧૭:૩]

### ૫. દરેક વ્યક્તિ પોતાની શ્રદ્ધાને અનુરૂપ યજન - ભજન કરતી હોય છે

યજન્તે સાત્ત્વિકાન્ દેવાન્ યક્ષરક્ષાંસિ રાજસાઃ।
પ્રેતાન્ ભૂતગણાંશ્ચાન્યે યજન્તે તામસા જનાઃ॥ [૧૭:૪]

### ૬. શ્રદ્ધા વિના કરવામાં આવતાં યાગ - હોમ દાન તપ ભજન વિગેરે નિષ્ફળ જ જાય છે

અશ્રદ્ધયા હુતું દત્તં તપસ્તપ્તં કૃતં ચ યત્।
'અસદ્' ઇત્યુચ્યતે પાર્થ ન ચ તત્ પ્રેત્ય નો ઇહ॥ [૧૭:૨૮]

### ૭. પ્રાકૃત ગુણો તથા તેમના કાર્યો

સત્ત્વાત્ સઞ્જાયતે જ્ઞાનં રજસો લોભ એવ ચ।
પ્રમાદમોહૌ તમસો ભવતોઽજ્ઞાનમેવ ચ॥[૧૪।૧૭]

### ૮. સાત્ત્વિક રાજસ અને તામસ બુદ્ધિના ભેદો

પ્રવૃત્તિં ચ નિવૃત્તિં ચ કાર્યાકાર્યે ભયાભયે।
બન્ધં મોક્ષં ચ યા વેત્તિ બુદ્ધિઃ સા પાર્થ સાત્ત્વિકી॥[૩૦]
યયા ધર્મમ્ અધર્મં ચ કાર્યં ચાકાર્યમ્ એવ ચ।
અયથાવત્ પ્રજાનાતિ બુદ્ધિઃ સા પાર્થ રાજસી॥[૩૧]
અધર્મં ધર્મમિતિ યઃ મન્યતે તમસાવૃતા।
સર્વાર્થાન્ વિપરીતાંશ્ચ બુદ્ધિઃ સા પાર્થ તામસી॥[૧૮।૩૨]

### ૯. કરાવાતાં કર્મોને સાત્ત્વિક, રાજસ કે તામસ બનાવનાર પ્રકારો

નિયતં સઙ્ગરહિતમ્ અરાગદ્વેષતઃ કૃતમ્।
અફલપ્રેપ્સુના કર્મ યત્ તત્ 'સાત્ત્વિકમ્' ઉચ્યતે॥[૨૩]
યત્તુ કામેપ્સુના કર્મ સાહઙ્કારેણ વા પુનઃ।
ક્રિયતે બહુલાયાસં તદ્ 'રાજસમ્' ઉદાહૃતમ્॥[૨૪]
અનુબન્ધં ક્ષયં હિંસામ્ અનપેક્ષ્ય ચ પૌરુષમ્।
મોહાદારભ્યતે કર્મ તત્ 'તામસમ્' ઉદાહૃતમ્॥[૧૮।૨૫]

### ૧૦. કર્મની માફક તપના ત્રણ ભેદો હોય છે

શ્રદ્ધયા પરયા તપ્તં તપસ્ તત્ ત્રિવિધં નરૈઃ।
અફલાકાઙ્ક્ષિભિર્ યુક્તૈઃ 'સાત્ત્વિકં' પરિચક્ષતે॥[૧૭]
સત્કાર - માન - પૂજાર્થં તપો દમ્ભેન ચૈવ યત્।
ક્રિયતે તદિહ પ્રોક્તં 'રાજસં' ચલમ્ અધ્રુવમ્॥[૧૮]
મૂઢગ્રાહેણાત્મનો યત્ પીડયા ક્રિયતે તપઃ।
પરસ્યોત્સાદનાર્થં વા તત્ 'તામસમ્' ઉદાહૃતમ્॥[૧૭।૧૯]

### ૧૧. દાનના પણ સાત્ત્વિક-રાજસ-તામસભેદે ત્રણ પ્રકારો હોય છે

દાતવ્યમિતિ યદ્દાનં દીયતેઽનુપકારિણે।
દેશે કાલે ચ પાત્રે ચ તદ્ દાનં 'સાત્ત્વિકં' સ્મૃતમ્॥[૨૦]



યત્તુ પ્રત્યુપકારાર્થં ફલમ્ ઉદ્દિશ્ય વા પુનઃ।
દીયતે ચ પરિક્લિષ્ટં તદ્ દાનં 'રાજસં' સ્મૃતમ્॥[૨૧]
અદેશકાલે યદ્ દાનમ્ અપાત્રેભ્યશ્ચ દીયતે।
અસત્કૃતમ્ અવજ્ઞાતં તત્ 'તામસમ્' ઉદાહૃતમ્॥[૧૭।૨૨]

### ૧૨. પોતાના શત્રુ કે મિત્ર આપણે જાતે જ છીએ

ઉદ્ધરેદ્ આત્મનાત્માનં નાત્માનમ્ અવસાદયેત્।
આત્મૈવ હ્યાત્મનો બન્ધુર્ આત્મૈવ રિપુર્ આત્મનઃ॥[૬।૫]

### ૧૩. ઉપદેશ ગ્રહણ કરવાનો પ્રકાર

તદ્વિદ્ધિ પ્રણિપાતેન પરિપ્રશ્નેન સેવયા।
ઉપદેક્ષ્યન્તિ તે જ્ઞાનં જ્ઞાનિનસ્ તત્ત્વદર્શિનઃ॥[૪।૩૪]

### ૧૪. શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ

મયા તતમ્ ઇદં સર્વં જગદ્ અવ્યક્તમૂર્તિના।
મત્સ્થાનિ સર્વભૂતાનિ ન ચાહં તેષ્વવસ્થિતઃ॥[૪]
ન ચ મત્સ્થાનિ ભૂતાનિ પશ્ય મે યોગમ્ ઐશ્વરમ્।
ભૂતભૃન્ ન ચ ભૂતસ્થો મમાત્મા ભૂતભાવનઃ॥[૫]
યથાકાશસ્થિતો નિત્યં વાયુઃ સર્વત્રગો મહાન્।
તથા સર્વાણિ ભૂતાનિ મત્સ્થાનીત્યુપધારય॥[૬]
સર્વભૂતાનિ કૌન્તેય પ્રકૃતિં યાન્તિ મામિકામ્।
કલ્પક્ષયે પુનસ્તાનિ કલ્પાદૌ વિસૃજામ્યહમ્॥[૭]
પ્રકૃતિં સ્વામ્ અવષ્ટભ્ય વિસૃજામિ પુનઃ પુનઃ॥[૯।૮]

### ૧૫. બધું બ્રહ્મોદ્ભૂત બ્રહ્મકૃત અને બ્રહ્માત્મક હોવાથી સર્વત્ર ભગવદ્બુદ્ધિ રાખવી જોઈએ

યો માં પશ્યતિ સર્વત્ર સર્વં ચ મયિ પશ્યતિ।
તસ્યાહં ન પ્રણશ્યામિ સ ચ મે ન પ્રણશ્યતિ॥[૩૦]
સર્વભૂતસ્થિતં યો માં ભજત્યેકત્વમાસ્થિતઃ।
સર્વથા વર્તમાનોપિ સ યોગી મયિ વર્તતે॥[૬।૩૧]

## ૧૬. સમદૃષ્ટિ

વિદ્યાવિનયસમ્પન્ને બ્રાહ્મણે ગવિ હસ્તિનિ।
શુનિ ચૈવ શ્વપાકે ચ પણ્ડિતાઃ સમદર્શિનઃ॥[પા૧૮]
સુહૃન્ - મિત્રાર્યુદાસીન - મધ્યસ્થ - દ્વેષ્ય - બન્ધુષુ।
સાધુષ્વપિ ચ પાપેષુ સમબુદ્ધિર્ વિશિષ્યતે॥[૬ા૯]

## ૧૭. જીવોની સૃષ્ટિના ભેદો

દ્વૌ ભૂતસર્ગૌ લોકેઽસ્મિન્ દૈવ આસુર એવ ચ॥[૧૬ા૬]

## ૧૮. ભગવાને દૈવી - આસુરી સૃષ્ટિનો લીલાત્મક ભેદ પ્રકટ કર્યો તેનું પ્રયોજન

દૈવી સમ્પદ્ વિમોક્ષાય નિબન્ધાયાસુરી મતા॥[૧૬ા૫]

## ૧૯. તેથી દૈવીજીવો જ ભગવદ્ભજન કરી શકે છે

મહાત્માનસ્તુ માં પાર્થ દૈવીં પ્રકૃતિમાશ્રિતાઃ।
ભજન્ત્યનન્યમનસો જ્ઞાત્વા ભૂતાદિમ્ અવ્યયમ્॥[૧૩]
સતતં કીર્તયન્તો માં યતન્તશ્ચ દૃઢવ્રતાઃ।
નમસ્યન્તશ્ચ માં ભક્ત્યા નિત્યયુક્તા ઉપાસતે॥[૯ા૧૪]

## ૨૦. આસુરીજીવો ભગવદ્ભજનમાટે પ્રકટ નથી થયા

ન માં દુષ્કૃતિનો મૂઢાઃ પ્રપદ્યન્તે નરાધમાઃ।
માયયાપહૃતજ્ઞાના આસુરં ભાવમ્ આશ્રિતાઃ॥[૭ા૧૫]

## ૨૧. સૃષ્ટિની લીલામાં આસુરીજીવોની દુર્ગતિ થાય છે

આસુરીં યોનિમ્ આપન્ના મૂઢા જન્મનિ જન્મનિ।
મામ્ અપ્રાપ્યૈવ કૌન્તેય તતો યાન્ત્યધમાં ગતિમ્॥[૧૬ા૨૦]

## ૨૨. ભગવદ્દૃષ્ટિએ પ્રભુના માટે બધા જીવો સમાન છે, પરન્તુ પ્રભુ ભક્તવશ હોવાની લીલા કરે છે

સમોઽહં સર્વભૂતેષુ ન મે દ્વેષ્યોઽસ્તિ ન પ્રિયઃ।
યે ભજન્તિ તુ માં ભક્ત્યા મયિ તે તેષુ ચાપ્યહં॥[૯ા૨૯]

### ૩૦. ભગવત્પરાયણ રહેવાનો ઉપદેશ

મચ્ચિત્તાઃ મદ્‌ગતપ્રાણા બોધયન્તઃ પરસ્પરમ્।
કથયન્તશ્ચ માં નિત્યં તુષ્યન્તિ ચ રમન્તિ ચ॥[૧૦।૯]

### ૩૧. શ્રીકૃષ્ણનું સ્મરણ હમેશાં રાખવું

તસ્માત્ સર્વેષુ કાલેષુ મામ્ અનુસ્મર યુદ્ધ્ય ચ॥[૮।૭]

### ૩૨. ગુહ્યતમ ઉપદેશ

મન્મના ભવ મદ્‌ભક્તો મદ્યાજી માં નમસ્કુરુ।
મામેવૈષ્યસિ સત્યં તે પ્રતિજાને પ્રિયોઽસિ મે॥[૧૮।૬૫]

### ૩૩. પુરુષોત્તમબુદ્ધિથી કરવામાં આવતું ભજન શ્રેષ્ઠ હોય છે

યો મામ્ એવમ્ અસંમૂઢો જાનાતિ પુરુષોત્તમમ્।
સ સર્વવિદ્ ભજતિ માં સર્વભાવેન ભારત॥[૧૫।૧૯]

### ૩૪. ભગવદ્ભજન કેમ કરવું તેનો પ્રકાર

મત્કર્મકૃત્ મત્પરમો મદ્‌ભક્તઃ સઙ્ગવર્જિતઃ।
નિર્વૈરઃ સર્વભૂતેષુ યઃ સ મામેતિ પાણ્ડવ॥[૧૧।૫૫]

### ૩૫. ભજનમાં સર્વસમર્પણની આવશ્યક્તા

યત્કરોષિ યદશ્નાસિ યજ્જુહોષિ દદાસિ યત્।
યત્તપસ્યસિ કૌન્તેય તત્કુરુષ્વ મદર્પણમ્॥[૯।૨૭]

### ૩૬. ભક્તિપૂર્વક અર્પિત પદાર્થોનો ભગવાન્ ભોગ કરે છે

પત્રં પુષ્પં ફલં તોયં યો મે ભક્ત્યા પ્રયચ્છતિ।
તદ્ અહં ભક્ત્યુપહૃતમ્ અશ્નામિ પ્રયતાત્મનઃ॥[૯।૨૬]

### ૩૭. લૌકિક કામના કે અજ્ઞાન ને જ કારણે ભક્તને અન્યાશ્રય કરવાનું સૂઝે છે

કામૈસ્ તૈસ્તૈર્ હૃતજ્ઞાનાઃ પ્રપદ્યન્તેઽન્યદેવતાઃ।
તં - તં નિયમમ્ આસ્થાય પ્રકૃત્યા નિયતાઃ સ્વયા॥[૭।૨૦]
યેઽપ્યન્યદેવતાભક્તા યજન્તે શ્રદ્ધયાન્વિતાઃ।



તેઽપિ મામેવ કૌન્તેય યજન્ત્યવિધિપૂર્વકમ્॥[૯।૨૩]
અન્તવત્તુ ફલં તેષાં તદ્‌ભવત્યલ્પમેધસામ્।
દેવાન્ દેવયજો યાન્તિ મદ્‌ભક્તા યાન્તિ મામપિ॥[૭।૨૩]

### ૩૮. અવિદ્યા - માયાને નાથવાનો ઉપાય

દૈવી હ્યેષા ગુણમયી મમ માયા દુરત્યયા।
મામેવ યે પ્રપદ્યન્તે માયામેતાં તરન્તિ તે॥[૭।૧૪]

### ૩૯. ભગવદર્થે કર્મ કરવાથી કર્મબન્ધન લાગૂ થતો નથી

મયિ સર્વાણિ કર્માણિ સંન્યસ્યાધ્યાત્મચેતસા।
નિરાશીર્નિર્મમો ભૂત્વા યુધ્યસ્વ વિગતજ્વરઃ॥[૩।૩૦]
યજ્ઞાર્થાત્ કર્મણોઽન્યત્ર લોકોઽયં કર્મબન્ધનઃ।
તદર્થં કર્મ કૌન્તેય મુક્તસઙ્ગઃ સમાચર॥[૩।૯]

### ૪૦. બુદ્ધિયોગસાથે અનુષ્ઠિત કર્મ નિષ્ફલ નથી જતું

નેહાભિક્રમનાશોસ્તિ પ્રત્યવાયો ન વિદ્યતે।
સ્વલ્પમપ્યસ્ય ધર્મસ્ય ત્રાયતે મહતો ભયાત્॥[૨।૪૦]
પાર્થ નૈવેહ નામુત્ર વિનાશસ્તસ્ય વિદ્યતે।
નહિ કલ્યાણકૃત્ કશ્ચિદ્ દુર્ગતિં તાત ગચ્છતિ॥[૬।૪૦]

### ૪૧. પ્રભુપ્રાપ્તિ પછી પુનર્જન્મ નથી થતો

આબ્રહ્મભૂવનાલ્ લોકા પુનરાવર્તિનોઽર્જુન।
મામ્ ઉપેત્ય તુ કૌન્તેય પુનર્જન્મ ન વિદ્યતે॥[૮।૧૬]

### ૪૨. ગુણાતીતભક્તિ કરવાથી ભક્ત પણ ગુણાતીત થાય છે

માં ચ યોઽવ્યભિચારેણ ભક્તિયોગેન સેવતે।
સ ગુણાન્ સમતીત્યૈતાન્ બ્રહ્મભૂયાય કલ્પતે॥[૧૪।૨૬]

### ૪૩. નિષ્કામ જીવને મોક્ષ પરન્તુ સકામને બન્ધન

યુક્તઃ કર્મફલં ત્યક્ત્વા શાન્તિમાપ્નોતિ નૈષ્ઠિકીમ્।
અયુક્તઃ કામકારેણ ફલે સક્તો નિબદ્ધ્યતે॥[૫।૧૨]

### ૪૪. ભગવાન્‌ના સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરવું મુશ્કેલ છે

મનુષ્યાણાં સહસ્રેષુ કશ્ચિદ્ યતતિ સિદ્ધયે।
યતતામપિ સિદ્ધાનાં કશ્ચિદ્ માં વેત્તિ તત્ત્વતઃ॥[૭।૩]
નાહં પ્રકાશઃ સર્વસ્ય યોગ - માયા - સમાવૃતઃ।
મૂઢોઽયં નાભિજાનાતિ લોકો મામ્ અજમ્ અવ્યયમ્॥[૭।૨૫]
અવજાનન્તિ માં મૂઢા માનુષીં તનુમાશ્રિતમ્।
પરં ભાવમ્ અજાનન્તો મમ ભૂતમહેશ્વરમ્॥[૯।૧૧]
મોઘાશા મોઘકર્માણો મોઘજ્ઞાના વિચેતસઃ।
રાક્ષસીમ્ આસુરીં ચૈવ પ્રકૃતિં મોહિનીં શ્રિતાઃ॥[૯।૧૨]

### ૪૫. ભક્તિથી જ ભગવત્સ્વરૂપનું જ્ઞાન સમ્ભવે

નાહં વેદૈર્ન તપસા ન દાનેન ન ચેજ્યયા।
શક્ય એવંવિધો દ્રષ્ટું દૃષ્ટવાન્ અસિ માં યથા॥[૫૩]
ભક્ત્યા ત્વનન્યયા શક્ય અહમ્ એવંવિધોઽર્જુન।
જ્ઞાતું દ્રષ્ટું ચ તત્ત્વેન પ્રવેષ્ટું ચ પન્તપ॥[૧૧।૫૪]

### ૪૬. ભગવાન્‌ના જન્મ - કર્મ દિવ્ય હોય છે

જન્મકર્મ ચ મે દિવ્યમ્ એવં યો વેત્તિ તત્ત્વતઃ।
ત્યક્ત્વા દેહં પુનર્જન્મ નેતિ મામેતિ સોઽર્જુન॥[૪।૯]

### ૪૭. ભગવાન્‌નું જન્મ લૌકિક રીતે થતુ નથી

અજોઽપિ સન્ અવ્યયાત્મા ભૂતાનામ્ ઈશ્વરોઽપિ સન્।
પ્રકૃતિં સ્વામ્ અધિષ્ઠાય સમ્ભવામ્યાત્મમાયયા॥[૪।૬]

### ૪૮. ભગવાન્ શામાટે જન્મ ગ્રહણ કરે છે?

યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ ભવતિ ભારત।
અભ્યુત્થાનમ્ અધર્મસ્ય તદાત્માનં સૃજામ્યહમ્॥[૭]
પરિત્રાણાય સાધૂનાં વિનાશાય ચ દુષ્કૃતામ્।
ધર્મસંસ્થાપનાર્થાય સમ્ભવામિ યુગે યુગે॥[૪।૮]

### ૪૯. ક્ષરાક્ષરપુરુષોના ભેદ

દ્વાવિમૌ પુરુષૌ લોકે ક્ષરશ્ચાક્ષરએવ ચ।



ક્ષરઃ સર્વાણિ ભૂતાનિ કૂટસ્થોઽક્ષર ઉચ્યતે॥[૧૫।૧૬]
અવ્યક્તોઽક્ષર ઇત્યુક્તસ્ તમ્ આહુઃ પરમાં ગતિમ્।
યં પ્રાપ્ય ન નિવર્તન્તે તદ્ ધામ પરમં મમ॥[૮।૨૧]

### ૫૦. અન્તર્યામિ

ઈશ્વરઃ સર્વભૂતાનાં હૃદ્દેશેઽર્જુન તિષ્ઠતિ।
ભ્રામયન્ સર્વભૂતાનિ યન્ત્રારૂઢાનિ માયયા॥[૧૮।૬૧]
ઉપદ્રષ્ટાનુમન્તા ચ ભર્તા ભોક્તા મહેશ્વરઃ।
પરમાત્મેતિ ચાપ્યુક્તો દેહેઽસ્મિન્ પુરુષઃ પરઃ॥[૧૩।૨૨]
સમં સર્વેષુ ભૂતેષુ તિષ્ઠન્તં પરમેશ્વરમ્।
વિનશ્યત્સ્વવિનશ્યન્તં યઃ પશ્યતિ સ પશ્યતિ॥[૨૭]
સમં પશ્યન્ હિ સર્વત્ર સમવસ્થિતમીશ્વરમ્।
ન હિનસ્ત્યાત્મનાત્માનં તતો યાતિ પરાં ગતિમ્॥[૧૩।૨૮]

### ૫૧. ભગવત્સ્વરૂપ

#### ક. સર્વ વેદ - વેદાન્તોના અર્થ તેના કર્તા - વેત્તા શ્રીકૃષ્ણ જ

વેદૈશ્ચ સર્વૈર્ અહમેવ વેદ્યો વેદાન્તકૃદ્ વેદવિદેવ ચાહમ્।[૧૫।૧૫]

#### ખ. જગત્‌ની ઉત્પત્તિ સ્થિતિ પ્રલયસ્થાનરૂપ ભગવાન્

અહં કૃત્સ્નસ્ય જગતઃ પ્રભવઃ પ્રલયસ્તથા।[૭।૬]

#### ગ. પરાત્પર ભગવાન્

મત્તઃ પરતરં નાન્યત્ કિઞ્ચિદ્ અસ્તિ ધનઞ્જય।[૭।૭]
યસ્માત્ ક્ષરમ્ અતીતોઽહં અક્ષરાદ્ અપિ ચોત્તમઃ॥
અતોઽસ્મિ લોકે વેદે ચ પ્રથિતઃ પુરુષોત્તમઃ॥[૧૫।૧૮]

#### ઘ. અક્ષરબ્રહ્મસ્વરૂપ ભગવાન્

ત્વમ્ અક્ષરં પરમં વેદિતવ્યમ્॥[૧૧।૧૮]

#### ઙ. અન્તર્યામિરૂપ ભગવાન્

સર્વસ્યાચાઽહં હૃદિ સન્નિવિષ્ટો॥[૧૫।૧૫]

### ચ. જીવરૂપ ભગવાન્

અહમ્ આત્મા ગુડાકેશ સર્વભૂતાશયસ્થિતઃ।[૧૦।૨૦]
ક્ષેત્રજ્ઞં ચાપિ માં વિદ્ધિ સર્વક્ષેત્રેષુ ભારતઃ॥[૧૩।૨]
મમૈવાંશો જીવલોકે જીવભૂતઃ સનાતનઃ॥[૧૫।૭]
અપરેયમિતસ્ત્વન્યયાં પ્રકૃતિં વિદ્ધિ મે પરામ્॥
જીવભૂતાં મહાબાહો યયેદં ધાર્યતે જગદ્।[૭।૫]

### છ. જડરૂપ ભગવાન્

ભૂમિરાપોઽનલો વાયુઃ ખં મના બુદ્ધિરેવ ચ।
અહઙ્કાર ઈતીયં મે ભિન્ના પ્રકૃતિર્ અષ્ટધા॥[૭।૪]

### જ. કાલરૂપ ભગવાન્

અ હ મે વા ક્ષ યઃ કા લો॥[૧૦।૩૩]

### ઝ. કર્મરૂપ ભગવાન્

અહં ક્રતુરહં યજ્ઞઃ સ્વધાહમ્ અહમ્ ઔષધમ્।
મન્ત્રોઽહમહમેવાજ્યમ્ અહમ્ અગ્નિર્ અહં હુતમ્॥[૯।૧૬]

### ઞ. યજ્ઞ - તપ આદિ સહૂના ભોક્તા ભગવાન્ જ

ભોક્તારં યજ્ઞતપસા સર્વલોકમહેશ્વરમ્।
સુહૃદં સર્વભૂતાનાં જ્ઞાત્વા માં શાન્તિમ્ ઋચ્છતિ॥[૫।૨૯]

### ટ. સર્વદેવોની અને મહર્ષિઓની ઉત્પત્તિ શ્રીકૃષ્ણમાંથી જ

અહમાદિર્હિ દેવાનાં મહર્ષીણાં ચ સર્વશઃ॥[૧૦।૨]

### ઠ. શ્રીકૃષ્ણ જ આ જગત્‌ના માતા - પિતા ધાતા કે પિતામહ જે કાંઈ કહો તે છે

પિતાહમસ્ય જગતો માતા ધાતા પિતામહઃ॥[૯।૧૭]

### ડ. સર્વરૂપ ભગવાન્

ન તદસ્તિ વિના યત્ સ્યાત્ મયા ભૂતં ચરાચરમ્॥[૧૦।૩૯]



### ૫૨. જ્ઞાનની મહત્તા

યથૈધાંસિ સમિદ્ધોઽગ્નિઃ ભસ્મસાત્ કુરુતેઽર્જુન।
જ્ઞાનાગ્નિઃ સર્વકર્માણિ ભસ્મસાત્ કુરુતે તથા॥[૩૭]
ન હિ જ્ઞાનેન સદૃશં પવિત્રમિહ વિદ્યતે।
તત્સ્વયં યોગસંસિદ્ધઃ કાલેનાત્મનિ વિન્દતિ॥[૩૮]
શ્રદ્ધાવાન્ લભતે જ્ઞાનં તત્પરઃ સંયતેન્દ્રિયઃ।
જ્ઞાનં લબ્ધ્વા પરાં શાન્તિમ્ અચિરેણાધિગચ્છતિ॥[૪।૩૯]

### ૫૩. અનન્યભગવદ્‌ભક્તિને પણ ઘણી વખતે 'જ્ઞાન' તરીકે વર્ણવામાં આવે છે

મયિ ચાનન્યયોગેન ભક્તિર્ અવ્યભિચારિણી॥[૧૦]
એતજ્ 'જ્ઞાનમ્' ઈતિ પ્રોક્તમ્
'અજ્ઞાનં' યદતોઽન્યથા॥[૧૩।૧૧]

### ૫૪. અવ્યક્તોપાસનાની ક્લિષ્ટતા

ક્લેશોઽધિકતરસ્ તેષામ્ અવ્યક્તાસક્તચેતસામ્।
અવ્યક્તા હિ ગતિર્દુઃખં દેહવદ્‌ભિર્ અવાપ્યતે॥[૧૨।૫]

### ૫૫. જ્ઞાનીની ભગવત્શરણાગતિ

બહૂનાં જન્મનામ્ અન્તે જ્ઞાનવાન્ માં પ્રપદ્યતે।
"વાસુદેવ સર્વમ્" ઈતિ સ મહાત્મા સુદુર્લભઃ॥[૭।૧૯]
અહં સર્વસ્ય પ્રભવો મત્તઃ સર્વં પ્રવર્તતે।
ઈતિ મત્વા ભજન્તે માં બુધા ભાવસમન્વિતાઃ॥[૧૦।૮]

### ૫૬. કર્મ / અકર્મ

કર્મણ્યકર્મ યઃ પશ્યેદ્ અકર્મણિ ચ કર્મ યઃ।
સ બુદ્ધિમાન્ મનુષ્યેષુ સ યુક્તઃ કૃત્સ્નકર્મકૃત્॥[૪।૧૮]

### ૫૭. મનુષ્યના સારા - નરસા કર્મના કારણો

અધિષ્ઠાનં તથા કર્તા કરણં ચ પૃથગ્વિધમ્।
વિવિધાશ્ચ પૃથક્ ચેષ્ટા દૈવં ચૈવાત્ર પંચમમ્॥[૧૮।૧૪]
શરીર - વાઙ્ - મનોભિર્ યત્ કર્મ પ્રારભતે નરઃ।

ન્યાય્યં વા વિપરીતં વા પઞ્ચૈતે તસ્ય હેતવઃ ॥[૧૮।૧૫]

### ૫૮. કર્મની બાબતમાં શ્રેષ્ઠ પ્રકાર

કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન।
મા કર્મફલહેતુર્ભૂઃ મા તે સઙ્ગોઽસ્ત્વકર્મણિ॥[૨।૪૭]

### ૫૯. સ્વધર્માચરણની અનિવાર્યતા

શ્રેયાન્ સ્વધર્મો વિગુણઃ પરધર્માત્ સ્વનુષ્ઠિતાત્।
સ્વધર્મે નિધનં શ્રેયઃ પરધર્મો ભયાવહઃ॥[૩।૩૫]
સ્વે સ્વે કર્મણ્યભિરતઃ સંસિદ્ધિં લભતે નરઃ॥[૧૮।૪૫]
શ્રેયાન્ સ્વધર્મો વિગુણઃ પરધર્માત્ સ્વનુષ્ઠિતાત્।
સ્વભાવનિયતં કર્મ કુર્વન્ આપ્નોતિ કિલ્બિષમ્॥।[૧૮।૪૭]

### ૬૦. સદાચાર

યદ્ યદ્ આચરતિ શ્રેષ્ઠઃ તત્તદેવેતરો જનઃ।
સ યત્પ્રમાણં કુરુતે લોકસ્ તદનુવર્તતે॥[૩।૨૧]

### ૬૧. પાપનું કારણ કામ છે

કામ એષ ક્રોધ એષ રજોગુણસમુદ્ભવઃ।
મહાશનો મહાપાપ્મા વિધ્યેનમ્ ઇહ વૈરિણમ્॥[૩।૩૭]
એવં બુદ્ધેઃ પરં બુદ્ધ્વા સંસ્તભ્યાત્માનમ્ આત્મના।
જહિ શત્રું મહાબાહો કામરૂપં દુરાસદમ્॥[૩।૪૩]

### ૬૨. કામ - ક્રોધ - લોભાદિનો ત્યાગ

ત્રિવિધં નરકસ્યેદં દ્વારં નાશનમાત્મનઃ।
કામઃ ક્રોધસ્ તથા લોભસ્ તસ્માદ્ એતત્ ત્રયં ત્યજેત્॥[૧૬।૨૧]

### ૬૩. મનોનિગ્રહ

અસંશયં મહાબાહો મનો દુર્નિગ્રહં ચલમ્।
અભ્યાસેન તુ કૌન્તેય વૈરાગ્યેણ ચ ગૃહ્યતે॥[૩૫]
અસંયતાત્મના યોગો દુષ્પ્રાપ ઈતિ મે મતિઃ।



વશ્યાત્મના તુ યતતા શક્યો વાપ્તુમ્ ઉપાયતઃ॥[૬।૩૬]

### ૬૪. સ્થિતપ્રજ્ઞ અધિકારી

પ્રજહાતિ યદા કામાન્ સર્વાન્ પાર્થ મનોગતાન્।
આત્મન્યેવાત્મના તુષ્ટઃ 'સ્થિતપ્રજ્ઞસ્' તદોચ્યતે॥[૨।૫૫]

### ૬૫. શાન્તિપ્રાપ્તિનો ઉપાય

વિહાય કામાન્ યઃ સર્વાન્ પુમાંશ્ચરતિ નિઃસ્પૃહઃ।
નિર્મમો નિરહઙ્કારઃ સ શાન્તિમધિગચ્છતિ॥[૨।૭૧]

### ૬૬. જન્મમરણનું ચક્ર

વાસાંસિ જીર્ણાનિ યથા વિહાય નવાનિ ગૃહ્ણાતિ નરોઽપરાણિ॥
તથા શરીરાણિ વિહાય જીર્ણા ન્યન્યાનિ સંયાતિ નવાનિ દેહી॥[૨।૨૨]
દેહિનોઽસ્મિન્ યથા દેહે કૌમારં યૌવનં જરા।
તથા દેહાન્તરપ્રાપ્તિઃ ધીરસ્ તત્ર ન મુહ્યતિ॥[૨।૧૩]
જાતસ્ય હિ ધ્રૂવો મૃત્યુઃ ધ્રૂવં જન્મ મૃતસ્ય ચ॥[૨।૨૭]

### ૬૭. અન્તે યા મતિઃ સા ગતિઃ

યં યં વાપિ સ્મરન્ ભાવં ત્યજત્યન્તે કલેવરમ્।
તં તમેવૈતિ કૌન્તેય સદા તદ્ભાવભાવિતઃ॥[૬]
તસ્માત્ સર્વેષુ કાલેષુ મામનુસ્મર યુધ્ય ચ।
મય્યર્પિતમનોબુદ્ધિર્ મામેવૈષ્યસ્યસંશયમ્॥[૮।૭]

### ૬૮. ભગવત્ - શરણાગતિ

સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ।
અહં ત્વા સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચ॥[૧૮।૬૬]

**॥ઈતિ ગોસ્વામિશ્રીઅનિરુદ્ધાત્મજશરદ્વિરચિતો ભગવદ્ગીતાસારસઞ્ચયઃ॥**

# શ્રીગીતાદૂહા

માઙ્ગરોળ નિવાસી પરમભગવદીય શ્રીપર્વત મહેતાના વંશજ
અને શ્રીપુષ્ટિમાર્ગના હાર્દજ્ઞ **નાગર ગૃહસ્થ શ્રીપ્રાણજીવનભાઈના**
હાથથી લખાયેલા.

માસિકપત્ર ''શુદ્ધાદ્વૈત અને ભક્તિમાર્તણ્ડ'' આશ્વિન ૧૯૮૮,
શ્રીવલ્લભાબ્દ ૪૫૪, અંક ૭
સંગ્રાહક : શ્રીકાશીરામ કરશનજી શાસ્ત્રી

**व्रजपति - रूप - सुधा - निधि पान कियो जो चाह।।**
**प्रथमवाक्य श्रीकृष्णके पूरन पियो अधाई।।१।।**
**भवछेदक भगवद्वचन तीन षट्क फलरूप।।**
**भक्ति प्रपत्ति शरणसों निरावरण व्रजभूप।।२।।**
**विद्यापर्व प्रकाशसों मुक्त होय निजरूप।।**
**नवलक्षण* लक्षित तब देखे व्रजके भूप।।३।।**
**प्रथम पर्व वैराग्यसों सब विधिको अधिकार।।**
**तासों भयो विषाद मन धर्म करी निर्धार।।४।।**
**यह वैराग्य विद्या पर्व बहुविध स्वारथ खोई।।**
**सब प्रकारके शत्रुपें दया युक्त चित्त होई।।५।।**

( * સર્ગાદિ નવ લક્ષણોથી લક્ષિત આશ્રયરૂપ. )

આ પછી આખા ગીતાજીમાં અર્જુનના ૨૧ પ્રશ્નો છે અને જે ક્રમથી

| | |
|---|---|
| અધ્યાય ૨ માં ૨ | અધ્યાય ૧૦માં ૧ |
| અધ્યાય ૩ માં ૨ | અધ્યાય ૧૧ માં ૧ |
| અધ્યાય ૪ માં ૧ | અધ્યાય ૧૨ માં ૧ |
| અધ્યાય ૫ માં ૧ | અધ્યાય ૧૪ માં ૧ |
| અધ્યાય ૬ માં ૨ | અધ્યાય ૧૭માં ૧ |
| અધ્યાય ૮ માં ૭ | અધ્યાય ૧૮ માં ૧ |

કુલ=૨૧



હવે આગળ પ્રશ્નોનું ઉદ્ઘાટન કરે છે.

**हित कहो [1]स्थितप्रज्ञा कहो [2]त्यागकर्ममें एक।।**
**[3]बलसों प्रेरे पापमें ताको कहो [4]विवेक।।६।।**

ઉપરના દૂહામાં બીજા અધ્યાયમાંના બે પ્રશ્નો તથા ત્રીજા અધ્યાયના બે પ્રશ્નો કહ્યા છે.

બીજા અધ્યાયમાં ''યચ્છ્રેય: સ્યાન્ નિશ્ચિતં બ્રૂહિ તન્ મે'' આ શ્લોકમાં હિતનો પ્રશ્ન કર્યો છે. અને ''સ્થિતપ્રજ્ઞસ્ય કા ભાષા'' આમાં સ્થિતપ્રજ્ઞ કોને કહેવો આ પ્રશ્ન છે.

ત્રીજા અધ્યાયમાં ''જ્યાયસી ચેત્ કર્મણસ્તે મતા બુદ્ધિર્જનાર્દન'' વગેરે બે શ્લોકથી ત્યાગ અગર કર્મ આ બન્નેમાંથી એક કહો આ પ્રશ્ન છે. અને ''અથ કેન પ્રયુક્તોઽયં પાપં ચરતિ પૂરુષ:, અનિચ્છન્નપિ વાર્ષ્ણેય બલાદિવ નિયોજિત:'' આ શ્લોકમાં ''બલસોં પ્રેરે પાપમેં તાકો કહો વિવેક'' આમ બીજો પ્રશ્ન છે.

**पूरव सूरज आप अब कयों सम्भव उपदेश?।।**
**साङ्ख्य-योगमें भेद कहा? कहो आनर्त नरेश![6]।।७।।**

''અપરં ભવતો જન્મ પરં જન્મ વિવસ્વત:, કથમેતદ્ વિજાનીયાત્ ત્વમાદૌ પ્રોક્તવાનિતિ'' અને ''સન્ન્યાસં કર્મણાં કૃષ્ણ! પુનર્યોગં ચ શંસસિ યચ્છ્રેય એતયોરેકં તન્મે બ્રૂહિ સુનિશ્ચિતમ્'' એમ દૂહાના પૂર્વાર્ધમાં ચોથા અધ્યાયનો પ્રશ્ન છે અને ઉત્તરાર્ધમાં પાંચમાં અધ્યાયનો એક પ્રશ્ન છે.

**चञ्चल मन क्यों स्थिर रहे?[7] योगभ्रष्ट गति कौन?[8]।।**
**ब्रह्म आदि षट्रूप कहो[9-15] तामें अन्तगति होन।।८।।**

છઠ્ઠા અધ્યાયમાં પ્રશ્નો બે :

૧. ''યોઽયં યોગસ્ત્વયા'' ''ચઞ્ચલં હિ મન:'' આ બે શ્લોકથી પ્રશ્ન ૧.

૨. ''અયતિ: ...'' આદિ ત્રણ શ્લોકથી પ્રશ્ન ૧ મળી છઠ્ઠા અધ્યાયના પ્રશ્નો બે.

હવે આઠમા અધ્યાયના ૭ પ્રશ્નો :

''કિં તદ્ બ્રહ્મ? કિમધ્યાત્મ્યમ્? કિં કર્મ? પુરુષોત્તમ!'' વગેરે બે શ્લોકથી [1]તે બ્રહ્મ શું? [2]અધ્યાત્મ શું? [3]કર્મ શું? [4]અધિભૂત શું? [5]અધિદેવ શું? [6]અધિયજ્ઞ કોણ? અને [7]પ્રયાણ વખતે જ્ઞેય કોણ? —આમ ૭ પ્રશ્નો છે.

कहो विभूति विस्तारसों देखों अक्षररूप[17]॥
व्यक्ताव्यक्त उपासना[16] तामें शुद्ध स्वरूप[18]॥९॥

અધ્યાય ૧૦મામાં ''પરં બ્રહ્મ'' વગેરે ૭ શ્લોકથી વિભૂતિ બાબત પ્રશ્ન ૧; ૧૧મા અધ્યાયમાં ''મદનુગ્રહાય'' વગેરે ૪ શ્લોકોથી અક્ષરસ્વરૂપ જોવાનો પ્રશ્ન ૧; પછી ૧૨મા અધ્યાયમાં ''એવં સતત'' આ એક પ્રથમના શ્લોકથી વ્યક્ત તથા અવ્યક્ત સ્વરૂપની ઉપાસનાનો પ્રશ્ન ૧. આમ ૧૦, ૧૧, ૧૨ અધ્યાયોમાં કુલ ત્રણ પ્રશ્નો છે.

कौन लिङ्ग गुनतें परे[19] शास्त्रविधिके भेद[20]॥
न्यास त्यागमें भेद कहा?[21] कहो नाथ निर्वेद॥१०॥

''કૈર્લિઙ્ગૈસ્ત્રીન્'' આ એક શ્લોકથી ૧૪મા અધ્યાયમાં પ્રશ્ન ૧.
''યે શાસ્ત્રવિધિમુત્સૃજ્ય'' આ એક શ્લોકથી ૧૭મા અધ્યાયમાં પ્રશ્ન ૧.
''સન્ન્યાસસ્ય મહાબાહો'' આ એક શ્લોકથી ૧૮મા અધ્યાયમાં પ્રશ્ન ૧.

ઉપર મુજબ ૨૧ પ્રશ્નો છે. તેના ઉત્તર નીચે મુજબના દુહાથી મળે છે.

नित्यानित्य विवेकसों साङ्ख्यज्ञान जब होय॥



धर्म-योग द्वितये कह्यो इनको उत्तर सोय[1]॥११॥
स्थिरमति जब मनसों तजे विविध कामको भोग॥
सब इन्द्रियगन सिमिटके स्वस्वरूप संयोग[2]॥१२॥
लोक-वेदके कर्म सब हरिसेवाके काज॥
यज्ञअर्थ सघरी क्रिया अन्य बन्धको साज[3]॥१३॥
बलसों प्रेरत पापमें यही काम रजरूप[4]॥
सो मारे करी इन्द्रिय जय जो सेवे व्रजभूप॥१४॥
बिनु सेवा नहि इन्द्रिय जय नहि कर्म फलरूप॥
यह निश्चय करि भावसों सेवे व्रजके भूप॥१५॥
योग विवस्वतसों कह्यो यही नित्य निज धाम॥
ईश्वरता सर्वज्ञता स्वेच्छा पूरन काम॥१६॥
जन्म-कर्म सब दिव्य हैं सो जाने जन कोय॥
सो प्राकृत तनु त्यागी पुनि शुद्ध भागवत होय[5]॥१७॥
सांख्य योग द्वे भिन्न हे पण्डित नहीं यह जान॥
योगयुक्त पुनि त्यागसों करे कर्म सोई ज्ञान[6]॥१८॥
श्रवणादिक नव नित प्रति सह वैराग्य अभ्यास॥
कृष्णासक्त सदा रहे स्थिरमन परम प्रकाश[7]॥१९॥
बीच काल अभ्यासमें योगभ्रष्ट भयो सोय॥
भक्तकृति निष्फल नहिं ओर जन्म फल होय॥२०॥
शुचि श्रीमन्त ज्यों सगर गृहे असमञ्जस महावीर॥
योगी पुनि नृप भरत जड़ पूर्णज्ञान मति धीर॥२१॥
ब्रह्माक्षर क्षेत्रज्ञ हे[9] षोडश कला सुभाव[10]॥
कर्म विसर्ग[11] अधिभूत क्षर[12] (आधि)दैविकपुरुष प्रभाव[13]॥२२॥
अधियज्ञ परमात्मा अन्तर्यामी जान[14]॥
मेरो सुमरन अन्तमें सो निजदास प्रमान[15]॥२३॥
सर्व प्रपञ्च भूतात्मा जानि मोहि जग मांहि॥
भोक्ता शुद्ध स्वरूप सो बिन विभूति कहुं नांहि[16]॥२४॥
जो वैराट्य अव्यक्त हे दिव्यदृष्टि पथ होय॥
कालपुरुषके रूपसों दरशन दीनो सोय[17]॥२५॥
मेरी व्यक्त उपासना सब विध परमानन्द॥

क्लेश अधिक अव्यक्तमें अन्त होय आनन्द[18]॥२६॥
काल करण परिकर सुफल रूप अनुभव भोग॥
सो न होय अव्यक्तमें एक ज्ञान संयोग[19]॥२७॥
स्नेह सहित व्यभिचार बिन सेवत मोसों सोय॥
प्राकृत गुन सङ्घात सब तातें निर्गुन होय॥२८॥
जहां मेरो सम्बन्ध हे सो सब निर्गुन रूप॥
उद्धव प्रति विस्तार कही श्रीमुखसों व्रजभूप[19]॥२९॥
त्रिविध प्रकार श्रद्धादि सब शास्त्रविधिके भेद॥
बिन श्रद्धा हुत दत्त तप असत होत श्रम खेद[20]॥३०॥
काम्यकर्मको न्यास करी करे कर्मफल त्याग॥
यह मेरो मत जानिके सेवत हे बड़ भाग[21]॥३१॥

२१ उत्तर समाप्त

## विशेष

साङ्ख्ययोग अध्याय षट् स्वस्वरूप स्थित होय॥
बिनु प्रश्न भक्त्यर्थमें कही प्रकृति दोय॥३२॥
दुस्तर मायासों तरे करे कृष्णको काज॥।
ज्ञान होय यह सप्तमें सेवाको सब साज॥३३॥
नवमे स्वाक्षर ज्ञानसों जाने कृष्ण स्वरूप॥।
सोई प्रकट मानुषतनु भक्त हेत व्रजभूप॥३४॥
त्रयोदशे फिर दोयमें क्षेत्रज्ञान विधि जानी॥
ज्ञेयरूप साकार सब ब्रह्म रूप जग मानी॥३५॥
ऊर्ध्व ब्रह्ममें मूल हे जटा मूल संसार॥
सो छेदि निज रूपसों कृष्ण करे निर्धार॥३६॥
क्षर-अक्षर-पर जानिके भजे मूढता खोय॥
पञ्चदशे पूरन प्रभु देख कृतारथ होय॥३७॥
सङ्गदोष लागे नहीं शुद्ध सङ्गति होय॥
षोडशमें विस्तारसों कही प्रकृति होय॥३८॥



"श्रीकृष्णः शरणं मम" सब गीताको सार॥
नित प्रतिक्षण सुमरन किये मोह नाश निर्धार॥३९॥
प्रथम कार्य निर्लोभमें मुख्य बीज वैराग्य॥
अधिकारित्व सिद्धि सबे प्रथम पर्वमें त्याग॥४०॥
नित्यानित्यविवेकसों जानि साङ्ख्य सब भेद॥
अहन्ता-ममता छूटीके होय चित्त निर्वेद॥४१॥
योग होय निज रूपमें चिन्तन विधि प्रकार॥
हरि अर्पित सघरी क्रिया इच्छाके अनुसार॥४२॥
सेवा सुख संयोगमें सुखसों निरखे आप॥
अनुसरमें रस दूसरो प्रकटे पूरन ताप॥४३॥
विप्रयोगकी लहरमें जसे दास गोपाल॥
भक्ति भई तब जानिये विद्यापर्व रसाल॥४४॥
यह भक्ति निज रूपसों पकरे व्रजपति जाय॥
कोटिकाम लावण्यनिधि पान करत न अघाय॥४५॥

इति श्रीगीतार्थ दुहा समाप्त

# ભગવદ્ગીતા પાદાનુક્રમણિકા

અ


અકર્તારં સ પશ્યતિ - ૧૩।૨૯
અકર્મણશ્ચ બોદ્ધવ્યમ્ - ૪।૧૭
અકર્મણિ ચ કર્મ યઃ - ૪।૧૮
અકીર્તિકરમર્જુન - ૨।૨
અકીર્તિં ચાપિ ભૂતાનિ - ૨।૩૪
અક્લેદ્યોઽશોષ્ય એવ ચ - ૨।૨૪
અક્ષરં બ્રહ્મ પરમમ્ - ૮।૩
અક્ષરાણામકારોઽસ્મિ - ૧૦।૩૩
અક્ષરાદપિ ચોત્તમઃ - ૧૫।૧૮
અગ્નિર્જ્યોતિરહઃ શુક્લઃ - ૮।૨૪
અઘાયુરિન્દ્રિયારામઃ - ૩।૧૬
અચરં ચરમેવ ચ - ૧૩।૧૫
અચલોઽયં સનાતનઃ - ૨।૨૪
અચિરેણાધિગચ્છતિ - ૪।૩૯
અચ્છેદ્યોઽયમદાહ્યોઽયમ્ - ૨।૨૪
અજાનતા મહિમાનં તવેદમ્ - ૧૧।૪૧
અજો નિત્યઃ શાશ્વતોઽયં પુરાણઃ - ૨।૨૦
અજોઽપિ સન્નવ્યયાત્મા - ૪।૬
અજ્ઞશ્ચાશ્રદ્દધાનશ્ચ - ૪।૪૦
અજ્ઞાનં યદતોઽન્યથા - ૧૩।૧૧
અજ્ઞાનં ચાભિજાતસ્ય - ૧૬।૪
અજ્ઞાનં તમસઃ ફલમ્ - ૧૪।૧૬
અજ્ઞાનાં કર્મસઙ્ગિનામ્ - ૩।૨૬
અજ્ઞાનેનાવૃતં જ્ઞાનમ્ - ૫।૧૫
અણોરણીયાંસમનુસ્મરેદ્યઃ - ૮।૯
અત ઊર્ધ્વં ન સંશયઃ - ૧૨।૮
અતત્ત્વાર્થવદલ્પં ચ - ૧૮।૨૨
અતીતો ભવતિ પ્રભો - ૧૪।૨૧
અતોઽસ્મિ લોકે વેદે ચ - ૧૫।૧૮
અત્યન્તં સુખમશ્નુતે - ૬।૨૮
અત્યેતિ તત્સર્વમિદં વિદિત્વા - ૮।૨૮
અત્ર શૂરા મહેષ્વાસાઃ - ૧।૪
અથ કેન પ્રયુક્તોઽયમ્ - ૩।૩૬
અથ ચિત્તં સમાધાતુમ્ - ૧૨।૯
અથ ચેત્ત્વમહઙ્કારાત્ - ૧૮।૫૮
અથ ચેત્ત્વમિમં ધર્મ્યમ્ - ૨।૩૩
અથ ચૈનં નિત્યજાતમ્ - ૨।૨૬
અથવા બહુનૈતેન - ૧૦।૪૨
અથવા યોગિનામેવ - ૬।૪૨
અથ વ્યવસ્થિતાન્ દૃષ્ટ્વા - ૧।૨૦
અથૈતદપ્યશક્તોઽસિ - ૧૨।૧૧
અદૃષ્ટપૂર્વં હૃષિતોઽસ્મિ દૃષ્ટ્વા - ૧૧।૪૫
અદેશકાલે યદ્દાનમ્ - ૧૭।૨૨
અદ્ભુતં રોમહર્ષણમ્ - ૧૮।૭૪
અદ્રોહો નાતિમાનિતા - ૧૬।૩
અદ્વેષ્ટા સર્વભૂતાનામ્ - ૧૨।૧૩
અધર્મં ધર્મમિતિ યા - ૧૮।૩૨
અધર્માભિભવાત્કૃષ્ણ - ૧।૪૧
અધર્મોઽભિભવત્યુત - ૧।૪૦
અધશ્ચ મૂલાન્યનુસન્તતાનિ - ૧૫।૨
અધશ્ચોર્ધ્વં પ્રસૃતાસ્તસ્ય શાખાઃ - ૧૫।૨
અધિદૈવં કિમુચ્યતે - ૮।૧
અધિભૂતં ક્ષરો ભાવઃ - ૮।૪
અધિભૂતં ચ કિં પ્રોક્તમ્ - ૮।૧
અધિયજ્ઞઃ કથં કોઽત્ર - ૮।૨
અધિયજ્ઞોઽહમેવાત્ર - ૮।૪
અધિષ્ઠાનં તથા કર્તા - ૧૮।૧૪
અધિષ્ઠાય મનશ્ચાયમ્ - ૧૫।૯
અધો ગચ્છન્તિ તામસાઃ - ૧૪।૧૮
અધ્યાત્મં કર્મ ચાખિલમ્ - ૭।૨૯
અધ્યાત્મજ્ઞાનનિત્યત્વમ્ - ૧૩।૧૧
અધ્યાત્મનિત્યા વિનિવૃત્તકામાઃ - ૧૫।૫
અધ્યાત્મવિદ્યા વિદ્યાનામ્ - ૧૦।૩૨
અધ્યેષ્યતે ચ ય ઇમમ્ - ૧૮।૭૦
અનન્તં વિશ્વતોમુખમ્ - ૧૧।૧૧
અનન્ત દેવેશ જગન્નિવાસ - ૧૧।૩૭
અનન્તબાહું શશિસૂર્યનેત્રમ્ - ૧૧।૧૯
અનન્તવિજયં રાજા - ૧।૧૬
અનન્તવીર્યામિતવિક્રમસ્ત્વમ્ - ૧૧।૪૦
અનન્તશ્ચાસ્મિ નાગાનામ્ - ૧૦।૨૯
અનન્યચેતાઃ સતતમ્ - ૮।૧૪
અનન્યાશ્ચિન્તયન્તો મામ્ - ૯।૨૨
અનન્યેનૈવ યોગેન - ૧૨।૬
અનપેક્ષઃ શુચિર્દક્ષઃ - ૧૨।૧૬
અનવેક્ષ્ય ચ પૌરુષમ્ - ૧૮।૨૫
અનહઙ્કાર એવ ચ - ૧૩।૮
અનાત્મનસ્તુ શત્રુત્વે - ૬।૬
અનાદિત્વાન્નિર્ગુણત્વાત્ - ૧૩।૩૧
અનાદિમત્પરં બ્રહ્મ - ૧૩।૧૨
અનાદિમધ્યાન્તમનન્તવીર્યમ્ - ૧૧।૧૯
અનાર્યજુષ્ટમસ્વર્ગ્યમ્ - ૨।૨
અનાશિનોઽપ્રમેયસ્ય - ૨।૧૮
અનાશ્રિતઃ કર્મફલમ્ - ૬।૧
અનિકેતઃ સ્થિરમતિઃ - ૧૨।૧૯
અનિચ્છન્નપિ વાર્ષ્ણેય - ૩।૩૬
અનિત્યમસુખં લોકમ્ - ૯।૩૩
અનિષ્ટમિષ્ટં મિશ્રં ચ - ૧૮।૧૨
અનુતિષ્ઠન્તિ માનવાઃ - ૩।૩૧
અનુદ્વેગકરં વાક્યમ્ - ૧૭।૧૫
અનુબન્ધં ક્ષયં હિંસામ્ - ૧૮।૨૫
અનેકચિત્તવિભ્રાન્તાઃ - ૧૬।૧૬
અનેકજન્મસંસિદ્ધઃ - ૬।૪૫
અનેકદિવ્યાભરણમ્ - ૧૧।૧૦
અનેકબાહૂદરવક્ત્રનેત્રમ્ - ૧૧।૧૬
અનેકવક્ત્રનયનમ્ - ૧૧।૧૦
અનેકાદ્ભુતદર્શનમ્ - ૧૧।૧૦
અનેન પ્રસવિષ્યધ્વમ્ - ૩।૧૦
અનેનૈવ સ્વચક્ષુષા - ૧૧।૮
અન્તકાલે ચ મામેવ - ૮।૫
અન્તરં જ્ઞાનચક્ષુષા - ૧૩।૩૪
અન્તવત્તુ ફલં તેષામ્ - ૭।૨૩
અન્તવન્ત ઇમે દેહાઃ - ૨।૧૮
અન્નાદ્ભવન્તિ ભૂતાનિ - ૩।૧૪
અન્યઃ પ્રિયતરો ભુવિ - ૧૮।૬૯
અન્યાનિ સંયાતિ નવાનિ દેહી - ૨।૨૨
અન્યાયાવર્તતે પુનઃ - ૮।૨૬
અન્યાયેનાર્થસઞ્ચયાન્ - ૧૬।૧૨
અન્યે ચ બહવઃ શૂરાઃ - ૧।૯
અન્યે ત્વેવમજાનન્તઃ - ૧૩।૨૫
અન્યે સાઙ્ખ્યેન યોગેન - ૧૩।૨૪
અપરં ભવતો જન્મ - ૪।૪
અપરસ્પર સમ્ભૂતમ્ - ૧૬।૮
અપરે નિયતાહારાઃ - ૪।૩૦
અપરેયમિતસ્ત્વન્યામ્ - ૭।૫
અપર્યાપ્તં તદસ્માકમ્ - ૧।૧૦
અપશ્યદ્ દેવદેવસ્ય - ૧૧।૧૩
અપાત્રેભ્યશ્ચ દીયતે - ૧૭।૨૨
અપાને જુહ્વતિ પ્રાણમ્ - ૪।૨૯
અપિ ચેત્સુદુરાચારઃ - ૯।૩૦
અપિ ચેદસિ પાપેભ્યઃ - ૪।૩૬
અપિ ત્રૈલોક્યરાજ્યસ્ય - ૧।૩૫
અપ્રકાશોઽપ્રવૃત્તિશ્ચ - ૧૪।૧૩
અપ્રતિષ્ઠો મહાબાહો - ૬।૩૮
અપ્રાપ્ય માં નિવર્તન્તે - ૯।૩
અપ્રાપ્ય યોગસંસિદ્ધિમ્ - ૬।૩૭
અફલપ્રેપ્સુના કર્મ - ૧૮।૨૩
અફલાકાઙ્ક્ષિભિર્યજ્ઞઃ - ૧૭।૧૧
અફલાકાઙ્ક્ષિભિર્યુક્તૈઃ - ૧૭।૧૭
અભયં સત્ત્વસંશુદ્ધિઃ - ૧૬।૧
અભિજાતસ્ય ભારત - ૧૬।૩
અભિજાતોઽસિ પાણ્ડવ - ૧૬।૫
અભિતો બ્રહ્મનિર્વાણમ્ - ૫।૨૬
અભિસન્ધાય તુ ફલમ્ - ૧૭।૧૨
અભ્યાસયોગયુક્તેન - ૮।૮
અભ્યાસયોગેન તતઃ - ૧૨।૯
અભ્યાસાદ્રમતે યત્ર - ૧૮।૩૬
અભ્યાસેન તુ કૌન્તેય - ૬।૩૫
અભ્યાસેઽપ્યસમર્થોઽસિ - ૧૨।૧૦
અભ્યુત્થાનમધર્મસ્ય - ૪।૭
અમલાન્પ્રતિપદ્યતે - ૧૪।૧૪

અમાનિત્વમદમ્ભિત્વમ્ - ૧૩।૭
અમી ચ ત્વાં ધૃતરાષ્ટ્રસ્ય પુત્રાઃ - ૧૧।૨૬
અમી હિ ત્વાં સુરસઙ્ઘા વિશન્તિ - ૧૧।૨૧
અમૃતં ચૈવ મૃત્યુશ્ચ - ૯।૧૯
અમૃતસ્યાવ્યયસ્ય ચ - ૧૪।૨૭
અયતિઃ શ્રદ્ધયોપેતઃ - ૬।૩૭
અયથાવત્પ્રજાનાતિ - ૧૮।૩૧
અયનેષુ ચ સર્વેષુ - ૧।૧૧
અયુક્તઃ કામકારેણ - ૫।૧૨
અયુક્તઃ પ્રાકૃતઃ સ્તબ્ધઃ - ૧૮।૨૮
અરતિર્જનસંસદિ - ૧૩।૧૦
અરાગદ્વેષતઃ કૃતમ્ - ૧૮।૨૩
અવજાનન્તિ માં મૂઢાઃ - ૯।૧૧
અવશં પ્રકૃતેર્વશાત્ - ૯।૮
અવાચ્યવાદાંશ્ચ બહૂન્ - ૨।૩૬
અવાપ્ય ભૂમાવસપત્નમૃદ્ધમ્ - ૨।૮
અવિકાર્યોઽયમુચ્યતે - ૨।૨૫
અવિનાશિ તુ તદ્વિદ્ધિ - ૨।૧૭
અવિભક્તં વિભક્તેષુ - ૧૮।૨૦
અવિભક્તં ચ ભૂતેષુ - ૧૩।૧૬
અવ્યક્તં વ્યક્તિમાપન્ન - ૭।૨૪
અવ્યક્તનિધનાન્યેવ - ૨।૨૮
અવ્યક્તં પર્યુપાસતે - ૧૨।૩
અવ્યક્તાદીનિ ભૂતાનિ - ૨।૨૮
અવ્યક્તાદ્ વ્યક્તયઃ સર્વાઃ - ૮।૧૮
અવ્યક્તાસક્તચેતસામ્ - ૧૨।૫
અવ્યક્તા હિ ગતિર્દુઃખમ્ - ૧૨।૫
અવ્યક્તોઽક્ષર ઇત્યુક્તઃ - ૮।૨૧
અવ્યક્તોઽયમચિન્ત્યોઽયમ્ - ૨।૨૫
અવ્યક્તોઽવ્યક્તાત્સનાતનઃ - ૮।૨૦
અશસ્ત્રં શસ્ત્રપાણયઃ - ૧।૪૬
અશાન્તસ્ય કુતઃ સુખમ્ - ૨।૬૬
અશાસ્ત્રવિહિતં ઘોરમ્ - ૧૭।૫
અશોચ્યાનન્વશોચસ્ત્વમ્ - ૨।૧૧
અશ્નન્ગચ્છન્સ્વપઞ્શ્વસન્ - ૫।૮
અશ્નન્તિ દિવ્યાન્દિવિદેવભોગાન્ - ૯।૨૦
અશ્નામિ પ્રયતાત્મનઃ - ૯।૨૬
અશ્રદ્દધાનાઃ પુરુષાઃ - ૯।૩
અશ્રદ્ધયા હુતં દત્તમ્ - ૧૭।૨૮
અશ્રુપૂર્ણાકુલેક્ષણમ્ - ૨।૧
અશ્વત્થમેનં સુવિરૂઢમૂલમ્ - ૧૫।૩
અશ્વત્થં પ્રાહુરવ્યયમ્ - ૧૫।૧
અશ્વત્થઃ સર્વવૃક્ષાણામ્ - ૧૦।૨૬
અશ્વત્થામા વિકર્ણશ્ચ - ૧।૮
અશ્વિનૌ મરુતસ્તથા - ૧૧।૬
અસંયતાત્મના યોગઃ - ૬।૩૬
અસંશયં સમગ્રં મામ્ - ૭।૧
અસંશયં મહાબાહો - ૬।૩૫
અસક્તં સર્વભૃચ્ચૈવ - ૧૩।૧૪
અસક્તં તેષુ કર્મસુ - ૯।૯
અસક્તબુદ્ધિઃ સર્વત્ર - ૧૮।૪૯
અસક્તઃ સ વિશિષ્યતે - ૩।૭
અસક્તિરનભિષ્વઙ્ગઃ - ૧૩।૯
અસક્તો હ્યાચરન્કર્મ - ૩।૧૯
અસઙ્ગશસ્ત્રેણ દૃઢેન છિત્વા - ૧૫।૩
અસત્કૃતમવજ્ઞાતમ્ - ૧૭।૨૨
અસત્યમપ્રતિષ્ઠં તે - ૧૬।૮
અસદિત્યુચ્યતે - ૧૭।૨૮
અસંમૂઢઃ સ મર્ત્યેષુ - ૧૦।૩
અસિતો દેવલો વ્યાસઃ - ૧૦।૧૩
અસૌ મયા હતઃ શત્રુઃ - ૧૬।૧૪
અસ્માકં તુ વિશિષ્ટા યે - ૧।૭
અસ્મિન્ રણસમુદ્યમે - ૧।૨૨
અસ્યાધિષ્ઠાનમુચ્યતે - ૩।૪૦
અહં વૈશ્વાનરો ભૂત્વા - ૧૫।૧૪
અહં સ ચ મમ પ્રિયઃ - ૭।૧૭
અહં સર્વસ્ય પ્રભવઃ - ૧૦।૮
અહં હિ સર્વયજ્ઞાનામ્ - ૯।૨૪
અહઙ્કાર ઇતીયં મે - ૭।૪
અહઙ્કારં બલં - ૧૬।૧૮, ૧૮।૫૩
અહઙ્કારવિમૂઢાત્મા - ૩।૨૭
અહં કૃત્સ્નસ્ય જગતઃ - ૭।૬





અહં ક્રતુરહં યજ્ઞઃ - ૯।૧૬
અહં ત્વાં સર્વપાપેભ્યઃ - ૧૮।૬૬
અહમગ્નિરહં હુતમ્ - ૯।૧૬
અહમજ્ઞાનજં તમઃ - ૧૦।૧૧
અહમાત્મા ગુડાકેશ - ૧૦।૨૦
અહમાદિર્હિ દેવાનામ્ - ૧૦।૨
અહમાદિશ્ચ મધ્યં ચ - ૧૦।૨૦
અહમેવંવિધોઽર્જુન - ૧૧।૫૪
અહમેવાક્ષયઃ કાલઃ - ૧૦।૩૩
અહં બીજપ્રદઃ પિતા - ૧૪।૪
અહર્યદ્બ્રહ્મણો વિદુઃ - ૮।૧૭
અહિંસા ક્ષાન્તિરાર્જવમ્ - ૧૩।૭
અહિંસા સત્યમક્રોધઃ - ૧૬।૨
અહિંસા સમતા તુષ્ટિઃ - ૧૦।૫
અહો બત મહત્પાપમ્ - ૧।૪૫

આ

આકાશં નોપલિપ્યતે - ૧૩।૩૨
આખ્યાહિ મે કો ભવાનુગ્રરૂપઃ - ૧૧।૩૧
આગમાપાયિનોઽનિત્યાઃ - ૨।૧૪
આચરત્યાત્મનઃ શ્રેયઃ - ૧૬।૨૨
આચાર્ય મહતીં ચમૂમ્ - ૧।૩
આચાર્યમુપસઙ્ગમ્ય - ૧।૨
આચાર્યાઃ પિતરઃ પુત્રાઃ - ૧।૩૪
આચાર્યાન્માતુલાન્ભ્રાતૄન્ - ૧।૨૬
આચાર્યોપાસનં શૌચમ્ - ૧૩।૭
આઢ્યોઽભિજનવાનસ્મિ - ૧૬।૧૫
આતિષ્ઠોત્તિષ્ઠ ભારત - ૪।૪૨
આત્મતૃપ્તશ્ચ માનવઃ - ૩।૧૭
આત્મન્યેવ ચ સન્તુષ્ટઃ - ૩।૧૭
આત્મન્યેવ વશં નયેત્ - ૬।૨૬
આત્મન્યેવાત્મના તુષ્ટઃ - ૨।૫૫
આત્મન્યેવાવતિષ્ઠતે - ૬।૧૮
આત્મબુદ્ધિપ્રસાદજમ્ - ૧૮।૩૭
આત્મવન્તં ન કર્માણિ - ૪।૪૧
આત્મવશ્યૈર્વિધેયાત્મા - ૨।૬૪
આત્મસંયમયોગાગ્નૌ - ૪।૨૭
આત્મસંસ્થં મનઃ કૃત્વા - ૬।૨૫
આત્મસમ્ભાવિતાઃ સ્તબ્ધાઃ - ૧૬।૧૭
આત્માનં રહસિ સ્થિતઃ - ૬।૧૦
આત્માનં કેવલં તુ યઃ - ૧૮।૧૬
આત્માનં પરમેશ્વર - ૧૧।૩
આત્માનં મત્પરાયણઃ - ૯।૩૪
આત્મૈવ રિપુરાત્મનઃ - ૬।૫
આત્મૈવ હ્યાત્મનો બન્ધુઃ - ૬।૫
આત્મૌપમ્યેન સર્વત્ર - ૬।૩૨
આદિત્યવર્ણં તમસઃ પરસ્તાત્ - ૮।૯
આદિત્યાનામહં વિષ્ણુઃ - ૧૦।૨૧
આદિદેવમજં વિભુમ્ - ૧૦।૧૨
આદ્યન્તવન્તઃ કૌન્તેય - ।૨૨
આપૂર્યમાણમચલપ્રતિષ્ઠમ્ - ૨।૭૦
આબ્રહ્મભુવનાલ્લોકાઃ - ૮।૧૬
આયુધાનામહં વજ્રમ્ - ૧૦।૨૮
આયુઃ સત્ત્વબલારોગ્ય - ૧૭।૮
આરુરુક્ષોર્મુનેર્યોગમ્ - ૬।૩
આર્તો જિજ્ઞાસુરર્થાર્થી - ૭।૧૬
આવૃતં જ્ઞાનમેતેન - ૩।૩૯
આવૃત્તિં ચૈવ યોગિનઃ - ૮।૨૩
આશાપાશશતૈર્બદ્ધાઃ - ૧૬।૧૨
આશ્ચર્યવચ્ચૈનમન્યઃ શ્રૃણોતિ - ૨।૨૯
આશ્ચર્યવત્પશ્યતિ કશ્ચિદેનમ્ - ૨।૨૯
આશ્ચર્યવદ્વદતિ તથૈવ ચાન્યઃ - ૨।૨૯
આશ્વાસયામાસ ચ ભીતમેનમ્ - ૧૧।૫૦
આસુરં પાર્થ મે શ્રૃણુ - ૧૬।૬
આસુરં ભાવમાશ્રિતાઃ - ૭।૧૫
આસુરીં યોનિમાપન્નાઃ - ૧૬।૨૦
આસુરીષ્વેવ યોનિષુ - ૧૬।૧૯
આસ્થિતઃ સ હિ યુક્તાત્મા - ૭।૧૮
આસ્થિતા જનકાદયઃ - ૩।૨૦
આસ્થિતો યોગધારણમ્ - ૮।૧૨
આહારસ્ત્વપિ સર્વસ્ય - ૧૭।૭
આહારા રાજસસ્યેષ્ટા - ૧૭।૯
આહારાઃ સાત્ત્વિકપ્રિયાઃ - ૧૭।૮

આયુસ્ત્વામૃષયઃ સર્વે - ૧૦।૧૩
ઇ
ઇચ્છાદ્વેષસમુત્થેન - ૭।૨૭
ઇચ્છા દ્વેષઃ સુખં દુઃખમ્ - ૧૩।૬
ઇચ્છામિ ત્વાં દ્રષ્ટુમહં તથૈવ - ૧૧।૧૪
ઇજ્યતે ભરતશ્રેષ્ઠ - ૧૭।૧૨
ઇતિ ક્ષેત્રં તથા જ્ઞાનમ્ - ૧૩।૧૮
ઇતિ ગુહ્યતમં શાસ્ત્રમ્ - ૧૫।૨૦
ઇતિ તે જ્ઞાનમાખ્યાતમ્ - ૧૮।૬૩
ઇતિ મત્વા ન સજ્જતે - ૩।૨૮
ઇતિ મત્વા ભજન્તે મામ્ - ૧૦।૮
ઇતિ માં યોઽભિજાનાતિ - ૪।૧૪
ઇત્યજ્ઞાનવિમોહિતાઃ - ૧૬।૧૫
ઇત્યર્જુનં વાસુદેવસ્તથોક્ત્વા - ૧૧।૫૦
ઇત્યહં વાસુદેવસ્ય - ૧૮।૭૪
ઇદં વક્ષ્યામ્યશેષતઃ - ૭।૨
ઇદં શરીરં કૌન્તેય - ૧૩।૧
ઇદં જ્ઞાનમુપાશ્રિત્ય - ૧૪।૨
ઇદં તુ તે ગુહ્યતમમ્ - ૯।૧
ઇદં તે નાતપસ્કાય - ૧૮।૬૭
ઇદમદ્ય મયા લબ્ધમ્ - ૧૬।૧૩
ઇદમસ્તીદમપિ મે - ૧૬।૧૩
ઇદમાહ મહીપતે - ૧।૨૧
ઇદમુક્તં મયાનઘ - ૧૫।૨૦
ઇદાનીમસ્મિ સંવૃત્તઃ - ૧૧।૫૧
ઇન્દ્રિયસ્યેન્દ્રિયસ્યાર્થે - ૩।૩૪
ઇન્દ્રિયાગ્નિષુ જુહ્વતિ - ૪।૨૬
ઇન્દ્રિયાણાં હિ ચરતામ્ - ૨।૬૭
ઇન્દ્રિયાણાં મનશ્ચાસ્મિ - ૧૦।૨૨
ઇન્દ્રિયાણિ દશૈકં ચ - ૧૩।૫
ઇન્દ્રિયાણિ પરાણ્યાહુઃ - ૩।૪૨
ઇન્દ્રિયાણિ પ્રમાથિની - ૨।૬૦
ઇન્દ્રિયાણિ મનો બુદ્ધિઃ - ૩।૪૦
ઇન્દ્રિયાણીન્દ્રિયાર્થેભ્યઃ - ૨।૫૮, ૨।૬૮
ઇન્દ્રિયાણીન્દ્રિયાર્થેષુ - ૫।૯
ઇન્દ્રિયાર્થાન્વિમૂઢાત્મા - ૩।૬
ઇન્દ્રિયાર્થેષુ વૈરાગ્યમ્ - ૧૩।૮
ઇન્દ્રિયેભ્યઃ પરં મનઃ - ૩।૪૨
ઇમં રાજર્ષયો વિદુઃ - ૪।૨
ઇમં વિવસ્વતે યોગમ્ - ૪।૧
ઇમં પ્રાપ્ય ભજસ્વ મામ્ - ૯।૩૩
ઇમં પ્રાપ્સ્યે મનોરથમ્ - ૧૬।૧૩
ઇમાંસ્ત્વં વ્યાપ્ય તિષ્ઠસિ - ૧૦।૧૬
ઇષુભિઃ પ્રતિયોત્સ્યામિ - ૨।૪
ઇષ્ટઃ સ્યામિતિ મે મતિઃ - ૧૮।૭૦
ઇષ્ટાનિષ્ટોપપત્તિષુ - ૧૩।૯
ઇષ્ટાન્ભોગાન્હિ વો દેવા - ૩।૧૨
ઇષ્ટોઽસિ મે દૃઢમિતિ - ૧૮।૬૪
ઇહૈકસ્થં જગત્કૃત્સ્નમ્ - ૧૧।૭
ઇહૈવ તૈર્જિતઃ સર્ગઃ - ૫।૧૯
ઈ
ઈક્ષતે યોગયુક્તાત્મા - ૬।૨૯
ઈશ્વરઃ સર્વભૂતાનામ્ - ૧૮।૬૧
ઈશ્વરોઽહમહં ભોગી - ૧૬।૧૪
ઈહન્તે કામભોગાર્થમ્ - ૧૬।૧૨
ઉ
ઉક્ત્વા તૂષ્ણીં બભૂવ હ - ૨।૯
ઉચ્ચૈઃ શ્રવસમશ્વાનામ્ - ૧૦।૨૭
ઉચ્છિષ્ટમપિ ચામેધ્યમ્ - ૧૭।૧૦
ઉત્ક્રામન્તં સ્થિતં વાપિ - ૧૫।૧૦
ઉત્તમઃ પુરુષસ્ત્વન્યઃ - ૧૫।૧૬
ઉત્તમૌજાશ્ચ વીર્યવાન્ - ૧।૬
ઉત્સન્નકુલધર્માણામ્ - ૧।૪૪
ઉત્સાદ્યન્તે જાતિધર્માઃ - ૧।૪૩
ઉત્સીદેયુરિમે લોકાઃ - ૩।૨૪
ઉદારાઃ સર્વ એવૈતે - ૭।૧૮
ઉદાસીનવદાસીનઃ - ૧૪।૨૩
ઉદાસીનવદાનીમ્ - ૯।૯
ઉદાસીનો ગતવ્યથઃ - ૧૨।૧૬
ઉદ્ધરેદાત્મનાત્માનમ્ - ૬।૫
ઉદ્ભવશ્ચ ભવિષ્યતામ્ - ૧૦।૩૪
ઉન્મિષન્નિમિષન્નતિ - ૫।૯
ઉપદેક્ષ્યન્તિ તે જ્ઞાનમ્ - ૪।૩૪
ઉપદ્રષ્ટાનુમન્તા ચ - ૧૩।૨૨
ઉપવિશ્યાસને યુઞ્જ્યાદ્ - ૬।૧૨
ઉપહન્યામિમાઃ પ્રજાઃ - ૩।૨૪
ઉપૈતિ શાન્તરજસમ્ - ૬।૨૭
ઉભયોરપિ દૃષ્ટોઽન્તઃ - ૨।૧૬
ઉભયોર્વિન્દતે ફલમ્ - ૫।૪
ઉભે સુકૃતદુષ્કૃતે - ૨।૫૦
ઉભૌ તૌ ન વિજાનીતઃ - ૨।૧૯
ઉવાચ પાર્થ પશ્યૈતાન્ - ૧।૨૫
ઉવાચ મધુસૂદનઃ - ૨।૧
ઉષિત્વા શાશ્વતીઃ સમાઃ - ૬।૪૧
ઊ
ઊર્ધ્વં ગચ્છન્તિ સત્ત્વસ્થાઃ - ૧૪।૧૮
ઊર્ધ્વમૂલમધઃશાખમ્ - ૧૫।૧
ઋ
ઋક્સામ યજુરેવ ચ - ૯।૧૭
ઋતૂનાં કુસુમાકરઃ - ૧૦।૩૫
ઋતેઽપિ ત્વાં ન ભવિષ્યન્તિ - ૧૧।૩૨
ઋષયઃ ક્ષીણકલ્મષાઃ - ૫।૨૫
ઋષિભિર્બહુધા ગીતમ્ - ૧૩।૪
ઋષીંશ્ચ સર્વાનુરગાંશ્ચ દિવ્યાન્ - ૧૧।૧૫
એ
એકં સાઙ્ખ્યં ચ યોગં ચ - ૫।૫
એકત્વેન પૃથક્ત્વેન - ૯।૧૫
એકભક્તિર્વિશિષ્યતે - ૭।૧૭
એકમપ્યાસ્થિતઃ સમ્યક્ - ૫।૪
એકયા યાત્યનાવૃત્તિમ્ - ૮।૨૬
એકસ્થમનુપશ્યતિ - ૧૩।૩૦
એકાંશેન સ્થિતો જગત્ - ૧૦।૪૨
એકાકી યતચિત્તાત્મા - ૬।૧૦
એકેહ કુરુનન્દન - ૨।૪૧
એકોઽથવાપ્યચ્યુત - ૧૧।૪૨
એતચ્છ્રુત્વા વચનં કેશવસ્ય - ૧૧।૩૫
એતજ્જ્ઞાનમિતિ પ્રોક્તમ્ - ૧૩।૧૧
એતત્ક્ષેત્રં સમાસેન - ૧૩।૬
એતદ્ ગુહ્યમહં પરમ્ - ૧૮।૭૫
એતદ્ધિ દુર્લભતરમ્ - ૬।૪૨
એતદ્બુદ્ધ્વા બુદ્ધિમાન્સ્યાત્ - ૧૫।૨૦
એતદ્યોનીનિ ભૂતાનિ - ૭।૬
એતદ્યો વેત્તિ તં પ્રાહુઃ - ૧૩।૧
એતન્મે સંશયં કૃષ્ણ - ૬।૩૯
એતસ્યાહં ન પશ્યામિ - ૬।૩૩
એતાં વિભૂતિં યોગં ચ - ૧૦।૭
એતાં દૃષ્ટિમવષ્ટભ્ય - ૧૬।૯
એતાન્ન હન્તુમિચ્છામિ - ૧।૩૫
એતાન્યપિ તુ કર્માણિ - ૧૮।૬
એતાવદિતિ નિશ્ચિતાઃ - ૧૬।૧૧
એતૈર્વિમુક્તઃ કૌન્તેય - ૧૬।૨૨
એતૈર્વિમોહયત્યેષઃ - ૩।૪૦
એભિઃ સર્વમિદં જગત્ - ૭।૧૩
એવં યાસ્યસિ પાણ્ડવ - ૪।૩૫
એવં યો વેત્તિ તત્ત્વતઃ - ૪।૯
એવંરૂપઃ શક્ય અહં નૃલોકે - ૧૧।૪૮
એવં સતતયુક્તા યે - ૧૨।૧
એવં જ્ઞાત્વા કૃતં કર્મ - ૪।૧૫
એવં જ્ઞાત્વા વિમોક્ષ્યસે - ૪।૩૨
એવં ત્રયીધર્મમનુપ્રપન્ના - ૯।૨૧
એવમુક્તો હૃષીકેશઃ - ૧।૨૪
એવમુક્ત્વા તતો રાજન્ - ૧૧।૯
એવમુક્ત્વાર્જુનઃ સઙ્ખ્યે - ૧।૪૭
એવમુક્ત્વા હૃષીકેશમ્ - ૨।૯
એવમેતદ્યથાત્થ ત્વમ્ - ૧૧।૩
એવં પરમ્પરાપ્રાપ્તમ્ - ૪।૨
એવં પ્રવર્તિતં ચક્રમ્ - ૩।૧૬
એવં બહુવિધા યજ્ઞા - ૪।૩૨
એવં બુદ્ધેઃ પરં બુદ્ધ્વા - ૩।૪૩
એષ તૂદ્દેશતઃ પ્રોક્તઃ - ૧૦।૪૦
એષ વોઽસ્ત્વિષ્ટકામધુક્ - ૩।૧૦
એષા તેઽભિહિતા સાઙ્ખ્યે - ૨।૩૯
એષા બ્રાહ્મી સ્થિતિઃ પાર્થ - ૨।૭૨
ઐ

એરાવતં ગજેન્દ્રાણામ્ - ૧૦।૨૭
એશ્વરં પુરુષોત્તમ - ૧૧।૩
ઓ
ૐ તત્સદિતિ નિર્દેશઃ - ૧૭।૨૩
ઓમિત્યેકાક્ષરં બ્રહ્મ - ૮।૧૬
ક
કં ઘાતયતિ હન્તિ કમ્ - ૨।૨૧
કચ્ચિદજ્ઞાનસમ્મોહઃ - ૧૮।૭૨
કચ્ચિદેતચ્છ્રુતં પાર્થ - ૧૮।૭૨
કચ્ચિન્નોભયવિભ્રષ્ટઃ - ૬।૩૮
કટ્વમ્લલવણાત્યુષ્ણ - ૧૭।૯
કથં વિદ્યામહં યોગિન્ - ૧૦।૧૭
કથં સ પુરુષઃ પાર્થ - ૨।૨૧
કથં ન જ્ઞેયમસ્માભિઃ - ૧।૩૯
કથમેતદ્વિજાનીયામ્ - ૪।૪
કથં ભીષ્મમહં સઙ્ખ્યે - ૨।૪
કથયન્તશ્ચ માં નિત્યમ્ - ૧૦।૯
કથયિષ્યન્તિ તેડવ્યયામ્ - ૨।૩૪
કરણં કર્મ કર્તેતિ - ૧૮।૧૮
કરણં ચ પૃથગ્વિધમ્ - ૧૮।૧૪
કરિષ્યસ્યવશોડપિ તત્ - ,૧૮।૬૦
કરિષ્યે વચનં તવ - ૧૮।૭૩
કર્ણં તથાન્યાનપિ યોધવીરાન્ - ૧૧।૩૪
કર્તવ્યાનીતિ મે પાર્થ - ૧૮।૬
કર્તા તામસ ઉચ્યતે - ૧૮।૨૮
કર્તા સાત્વિક ઉચ્યતે - ૧૮।૨૬
કર્તાહમિતિ મન્યતે - ૩।૨૭
કર્તું નેચ્છસિ યન્મોહાત્ - ૧૮।૬૦
કર્તું મદ્યોગમાશ્રિતઃ - ૧૨।૧૧
કર્તું વ્યવસિતા વયમ્ - ૧।૪૫
કર્મ કર્તુ મિહાર્હસિ - ૧૬।૨૪
કર્મ કારણમુચ્યતે - ૬।૩
કર્મ ચૈવ તદર્થીયમ્ - ૧૭।૨૭
કર્મજં બુદ્ધિયુક્તા હિ - ૨।૫૧
કર્મજાન્વિદ્ધિ તાન્સર્વાન્ - ૪।૩૨
કર્મ જ્યાયો હ્યકર્મણઃ - ૩।૮
કર્મણઃ સુકૃતસ્યાહુઃ - ૧૪।૧૬
કર્મણામશમઃ સ્પૃહા - ૧૪।૧૨
કર્મણૈવ હિ સંસિદ્ધિમ્ - ૩।૨૦
કર્મણો નોપપદ્યતે - ૧૮।૭
કર્મણોહ્યપિ બોદ્ધવ્યમ્ - ૪।૧૭
કર્મણ્યકર્મ યઃ પશ્યેત્ - ૪।૧૮
કર્મણ્યભિપ્રવૃત્તોડપિ - ૪।૨૦
કર્મણ્યેવાધિકારસ્તે - ૨।૪૭
કર્મ પ્રારભતે નરઃ - ૧૮।૧૫
કર્મ પ્રાહુર્મનીષિણઃ - ૧૮।૩
કર્મબન્ધં પ્રહાસ્યસિ - ૨।૩૯
કર્મ બ્રહ્મોદ્ભવં વિદ્ધિ - ૩।૧૫
કર્મભિર્ન સ બધ્યતે - ૪।૧૪
કર્મયોગેન ચાપરે - ૧૩।૨૪
કર્મયોગેન યોગિનામ્ - ૩।૩
કર્મયોગો વિશિષ્યતે - ૫।૨
કર્મસઙ્ગિષુ જાયતે - ૧૪।૧૫
કર્મસઙ્ગેન દેહિનમ્ - ૧૪।૭
કર્માણિ પ્રવિભક્તાનિ - ૧૮।૪૧
કર્માનુબન્ધીનિ મનુષ્યલોકે - ૧૫।૨
કર્મિભ્યશ્ચાધિકો યોગી - ૬।૪૬
કર્મેન્દ્રિયાણિ સંયમ્ય - ૩।૬
કર્મેન્દ્રિયૈઃ કર્મયોગમ્ - ૩।૭
કર્ષયન્તઃ શરીરસ્થમ્ - ૧૭।૬
કલ્પક્ષયે પુનસ્તાનિ - ૯।૭
કલ્પાદૌ વિસૃજામ્યહમ્ - ૯।૭
કવયોડપ્યત્ર મોહિતાઃ - ૪।૧૬
કવિં પુરાણમનુશાસિતારમ્ - ૮।૯
કવીનામુશના કવિઃ - ૧૦।૩૭
કશ્ચિદર્થવ્યપાશ્રયઃ - ૩।૧૮
કશ્ચિદ્યતતિ સિદ્ધયે - ૭।૩
કશ્ચિન્માં વેત્તિ તત્ત્વતઃ - ૭।૩
કશ્ચિન્મે પ્રિયકૃત્તમઃ - ૧૮।૬૯
કસ્માચ્ચ તે ન નમેરન્ મહાત્મન્ - ૧૧।૩૭
કાઙ્ક્ષન્તઃ કર્મણાં સિદ્ધિમ્ - ૪।૧૨



કાં ગતિં કૃષ્ણ ગચ્છતિ - ૬।૩૭
કા પ્રીતિઃ સ્યાજ્જનાર્દન - ૧।૩૬
કામં ક્રોધં ચ સંશ્રિતાઃ - ૧૬।૧૮
કામં ક્રોધં પરિગ્રહમ્ - ૧૮।૫૩
કામ એક ક્રોધ એષ - ૩।૩૭
કામક્રોધપરાયણાઃ - ૧૬।૧૨
કામક્રોધવિયુક્તાનામ્ - ૫।૨૬
કામઃ ક્રોધસ્તથા લોભઃ - ૧૬।૨૧
કામક્રોધોદ્ભવં વેગમ્ - ૫।૨૩
કામમાશ્રિત્ય દુષ્પૂરમ્ - ૧૬।૧૦
કામરાગબલાન્વિતાઃ - ૧૭।૫
કામરાગવિવર્જિતમ્ - ૭।૧૧
કામરૂપં દુરાસદમ્ - ૩।૪૩
કામરૂપેણ કૌન્તેય - ૩।૩૯
કામસઙ્કલ્પ વર્જિતાઃ - ૪।૧૯
કામાત્ક્રોધોડભિજાયતે - ૨।૬૨
કામાત્માનઃ સ્વર્ગપરાઃ - ૨।૪૩
કામૈસ્તૈસ્તૈર્હૃતજ્ઞાનાઃ - ૭।૨૦
કામોપભોગપરમાઃ - ૧૬।૧૧
કામોસ્મિ ભરતર્ષભ - ૭।૧૧
કામ્યાનાં કર્મણાં ન્યાસમ્ - ૧૮।૨
કાયક્લેશભયાત્યજેત્ - ૧૮।૮
કાયેન મનસા બુદ્ધ્યા - ૫।૧૧
કારણં ગુણસઙ્ગોડસ્ય - ૧૩।૨૧
કારણાનિ નિબોધ મે - ૧૮।૧૩
કાર્પણ્યદોષોપહતસ્વભાવઃ - ૨।૭
કાર્યકારણકર્તૃત્વે - ૧૩।૨૦
કાર્યં કર્મકરોતિ યઃ - ૬।૧
કાર્યં કર્મ સમાચર - ૩।૧૯
કાર્યં ચાકાર્યમેવ ચ - ૧૮।૩૧
કાર્યતે હ્યવશઃ કર્મ - ૩।૫
કાર્યમિત્યેવ યત્કર્મ - ૧૮।૯
કાર્યાકાર્યવ્યવસ્થિતૌ - ૧૬।૨૪
કાર્યાકાર્યે ભયાભયે - ૧૮।૩૦
કાર્યે સક્તમહૈતુકમ્ - ૧૮।૨૨
કાલઃ કલયતામહમ્ - ૧૦।૩૦
કાલેનાત્મનિ વિન્દતિ - ૪।૩૮
કાલોડસ્મિ લોકક્ષયકૃત્ પ્રવૃદ્ધઃ - ૧૧।૩૨
કાશિરાજશ્ચ વીર્યવાન્ - ૧।૫
કાશ્યશ્ચ પરમેષ્વાસાઃ - ૧।૧૭
કિં કર્મ કિમકર્મેતિ - ૪।૧૬
કિં કર્મ પુરુષોત્તમ - ૮।૧
કિઞ્ચિદસ્તિ ધનઞ્જય - ૭।૭
કિં જ્ઞાતેન તવાર્જુન - ૧૦।૪૨
કિં તદ્ બ્રહ્મ કિમધ્યાત્મમ્ - ૮।૧
કિં નો રાજ્યેના ગોવિન્દ - ૧।૩૨
કિમકુર્વત સઞ્જય - ૧।૧
કિમન્યત્કામહૈતુકમ્ - ૧૬।૮
કિમાચારઃ કથં ચૈતાન્ - ૧૪।૨૧
કિમાસીત વ્રજેત્ કિમ્ - ૨।૫૪
કિં પુનર્બ્રાહ્મણાઃ પુણ્યા - ૯।૩૩
કિં ભોગૈર્જીવિતેન વા - ૧।૩૨
કિરીટિનં ગદિનં ચક્રહસ્તમ્ - ૧૧।૪૬
કિરીટિનં ગદિનં ચક્રિણં ચ - ૧૧।૧૭
કીર્તિ શ્રીર્વાક્ચ નારીણામ્ - ૧૦।૩૪
કુતસ્ત્વા કશ્મલમિદમ્ - ૨।૨
કુતોડન્યઃ કુરુસત્તમ - ૪।૩૧
કુન્તીપુત્રો યુધિષ્ઠિરઃ - ૧।૧૬
કુરુ કર્મૈવ તસ્માત્ત્વમ્ - ૪।૧૫
કુરુવૃદ્ધઃ પિતામહઃ - ૧।૧૨
કુર્યાદ્વિદ્વાંસ્તથાસક્તઃ - ૩।૨૫
કુલક્ષયકૃતં દોષમ્ - ૧।૩૮, ૩૯
કુલક્ષયે પ્રણશ્યન્તિ - ૧।૪૦
કુલઘ્નાનાં કુલસ્ય ચ - ૧।૪૨
કુલધર્માશ્ચ શાશ્વતાઃ - ૧।૪૩
કુલધર્મા સનાતનાઃ - ૧।૪૦
કુલેભવતિ ધીમતામ્- ૬।૪૨
કુર્વન્નપિ ન લિપ્યતે - ૫।૭
કુર્વન્નાપ્નોતિ કિલ્બિષમ્ - ૪।૨૧, ૧૮।-
૪૭કુર્વન્સિદ્ધિમવાપ્સ્યસિ- ૧૨।૧૦
કુર્વાણો મદ્વ્યપાશ્રયઃ - ૧૮।૫૬
કુશલે નાનુષજ્જતે - ૧૮।૧૦

કૂટસ્થમચલં ધ્રુવમ્ - ૧૨।૩
કૂટસ્થોઽક્ષર ઉચ્યતે - ૧૫।૧૬
કૂટસ્થો વિજિતેન્દ્રિયઃ - ૬।૮
કૂર્મોઽઙ્ગાનીવ સર્વશઃ - ૨।૫૮
કૃતકૃત્યશ્ચ ભારત - ૧૫।૨૦
કૃતાઞ્જલિરભાષત - ૧૧।૧૪
કૃતાઞ્જલિર્વેપમાનઃ કિરીટી - ૧૧।૩૫
કૃત્વાપિ ન નિબધ્યતે - ૪।૨૨
કૃત્સ્ન લોકમિમં રવિઃ - ૧૩।૩૩
કૃત્સ્નવિન્ન વિચાલયેત્ - ૩।૨૯
કૃપણાઃ ફલહેતવઃ - ૨।૪૯
કૃપયા પરયાવિષ્ટઃ - ૧।૨૮
કૃપશ્ચ સમિતિઞ્જયઃ - ૧।૮
કૃષિગૌરક્ષ્યવાણિજ્યમ્ - ૧૮।૪૪
કેચિદાત્માનમાત્મના - ૧૩।૨૪
કેચિદ્ભીતાઃ પ્રાઞ્જલયો ગૃણન્તિ - ૧૧।૨૧
કેચિદ્વિલગ્ના દશનાન્તરેષુ - ૧૧।૨૭
કેવલૈરિન્દ્રિયૈરપિ - ૫।૧૧
કેશવાર્જુનયોઃ પુણ્યમ્ - ૧૮।૭૬
કેષુ કેષુ ચ ભાવેષુ - ૧૦।૧૭
કૈર્મયા સહ યોદ્ધવ્યમ્ - ૧।૨૨
કૈર્લિઙ્ગૈસ્ત્રીન્ગુણાનેતાન્ - ૧૪।૨૧
કોઽન્યોઽસ્તિ સદૃશો મયા - ૧૬।૧૫
કૌન્તેય પ્રતિજાનીહિ - ૯।૩૧
કૌમાર યૌવનં જરા - ૨।૧૩
ક્રિયતે તદિહ પ્રોક્તમ્ - ૧૭।૧૮
ક્રિયતે બહુલાયાસમ્ - ૧૮।૨૪
ક્રિયન્તે મોક્ષકાઙ્ક્ષિભિઃ - ૧૭।૨૫
ક્રિયમાણાનિ સર્વશઃ - ૧૩।૨૯
ક્રિયાવિશેષબહુલામ્ - ૨।૪૩
ક્રોધઃ પારુષ્યમેવ ચ - ૧૬।૪
ક્રોધાદ્ભવતિ સમ્મોહઃ - ૨।૬૩
ક્લેશોઽધિકતરસ્તેષામ્ - ૧૨।૫
ક્લૈબ્યં મા સ્મ ગમઃ પાર્થ - ૨।૩
ક્ષત્રિયસ્ય ન વિદ્યતે - ૨।૩૧
ક્ષમા સત્યં દમઃ શમઃ - ૧૦।૪
ક્ષયાય જગતોઽહિતાઃ - ૧૬।૯
ક્ષરશ્ચાક્ષર એવ ચ - ૧૫।૧૬
ક્ષરઃ સર્વાણિ ભૂતાનિ - ૧૫।૧૬
ક્ષાત્રં કર્મ સ્વભાવજમ્ - ૧૮।૪૩
ક્ષાન્તિરાર્જવમેવ ચ - ૧૮।૪૨
ક્ષિપામ્યજસ્રમશુભાન્ - ૧૬।૧૯
ક્ષિપ્રં હિ માનુષે લોકે - ૪।૧૨
ક્ષિપ્રં ભવતિ ધર્માત્મા - ૯।૩૧
ક્ષીણે પુણ્યે મર્ત્ય લોકં વિશન્તિ - ૯।૨૧
ક્ષુદ્રં હૃદયદૌર્બલ્યમ્ - ૨।૩
ક્ષેત્રક્ષેત્રજ્ઞયોરેવમ્ - ૧૩।૩૪
ક્ષેત્રક્ષેત્રજ્ઞયોર્જ્ઞાનમ્ - ૧૩।૨
ક્ષેત્રક્ષેત્રજ્ઞસંયોગાત્ - ૧૩।૨૬
ક્ષેત્રં ક્ષેત્રી તથા કૃત્સ્નમ્ - ૧૩।૩૩
ક્ષેત્રજ્ઞ ઇતિ તદ્વિદઃ - ૧૩।૧
ક્ષેત્રજ્ઞં ચાપિ માં વિદ્ધિ - ૧૩।૨
ક્ષેત્રમિત્યભિધીયતે - ૧૩।૧
ખ
ખં મનો બુદ્ધિરેવ ચ - ૭।૪
ગ
ગચ્છન્ત્યપુનરાવૃત્તિમ્ - ૫।૧૭
ગચ્છન્ત્યમૂઢાઃ પદમવ્યયં તત્ - ૧૫।૫
ગતસઙ્ગસ્ય મુક્તસ્ય - ૪।૨૩
ગતાગતં કામકામા લભન્તે - ૯।૨૧
ગતાસૂનગતાસૂંશ્ચ - ૨।૧૧
ગતિર્ભર્તા પ્રભુઃ સાક્ષી - ૯।૧૮
ગન્ધર્વયક્ષાસુરસિદ્ધસઙ્ઘા - ૧૧।૨૨
ગન્ધર્વાણાં ચિત્રરથઃ - ૧૦।૨૬
ગરીયસે બ્રહ્મણોઽપ્યાદિકર્ત્રે - ૧૧।૩૭
ગહના કર્મણો ગતિઃ - ૪।૧૭
ગાણ્ડીવં સ્રંસતે હસ્તાત્ - ૧।૩૦
ગામાવિશ્ય ચ ભૂતાનિ - ૧૫।૧૩
ગાયત્રી છન્દસામહમ્ - ૧૦।૩૫
ગિરામસ્મ્યેકમક્ષરમ્ - ૧૦।૨૫
ગુડાકેશઃ પરંતપ - ૨।૯
ગુડાકેશેન ભારત - ૧।૨૪





ગુણકર્મવિભાગયોઃ - ૩।૨૮
ગુણકર્મવિભાગશઃ - ૪।૧૩
ગુણતસ્ત્રિવિધં શૃણુ - ૧૮।૨૯
ગુણપ્રવૃદ્ધા વિષયપ્રવાલાઃ - ૧૫।૨
ગુણા ગુણેષુ વર્તન્તે - ૩।૨૮
ગુણાતીતઃ સ ઉચ્યતે - ૧૪।૨૫
ગુણાનેતાનતીત્ય ત્રીન્ - ૧૪।૨૦
ગુણાઃ પ્રકૃતિસમ્ભવાઃ - ૧૪।૫
ગુણા વર્તન્ત ઇત્યેવ - ૧૪।૨૩
ગુણેભ્યશ્ચ પરં વેત્તિ - ૧૪।૧૯
ગુણૈઃ કર્માણિ સર્વશઃ - ૩।૨૭
ગુણૈર્યો ન વિચાલ્યતે - ૧૪।૨૩
ગુરુણાપિ વિચાલ્યતે - ૬।૨૨
ગુરૂનહત્વા હિ મહાનુભાવાન્ - ૨।૫
ગુહ્યમધ્યાત્મસંજ્ઞિતમ્ - ૧૧।૧
ગુહ્યાદ્ ગુહ્યતરં મયા - ૧૮।૬૩
ગૃહીત્વૈતાનિ સંયાતિ - ૧૫।૮
ગ્રસિષ્ણુ પ્રભવિષ્ણુ ચ - ૧૩।૧૬
ગ્લાનિર્ભવતિ ભારત - ૪।૭
ઘ
ઘ્નતોઽપિ મધુસૂદન - ૧।૩૫
ચ
ચક્ષુશ્ચૈવાન્તરે ભ્રુવોઃ - ૫।૨૭
ચઞ્ચલં હિ મનઃ કૃષ્ણ - ૬।૩૪
ચઞ્ચલત્વાત્સ્થિતિં સ્થિરામ્ - ૬।૩૩
ચતુર્વિધા ભજન્તે મામ્ - ૭।૧૬
ચત્વારો મનવસ્તથા - ૧૦।૬
ચાતુર્વર્ણ્યં મયા સૃષ્ટમ્ - ૪।૧૩
ચિકીર્ષુ લોકસઙ્ગ્રહમ્ - ૩।૨૫
ચિન્તામપરિમેયાં ચ - ૧૬।૧૧
ચિન્ત્યોઽસિ ભગવન્મયા - ૧૦।૧૭
ચેતસા નાન્યગામિના - ૮।૮
ચેતસા સર્વકર્માણિ - ૧૮।૫૭
ચૈલાજિનકુશોત્તરમ્ - ૬।૧૧
છ
છન્દાંસિ યસ્ય પર્ણાનિ - ૧૫।૧
છન્દોભિર્વિવિધૈઃ પૃથક્ - ૧૩।૪
છિત્વૈનં સંશયં યોગમ્ - ૪।૪૨
છિન્નદ્વૈધા યતાત્માનઃ - ૫।૨૫
છિન્નાભ્રમિવ નશ્યતિ - ૬।૩૮
છેત્તા ન હ્યુપપદ્યતે - ૬।૩૯
છેત્તુમર્હસ્યશેષતઃ - ૬।૩૯
જ
જગતઃ શાશ્વતે મતે - ૮।૨૬
જગત્પ્રહૃષ્યત્યનુરજ્યતે ચ - ૧૧।૩૬
જગદવ્યક્તમૂર્તિના - ૯।૪
જગદાહુરનીશ્વરમ્ - ૧૬।૮
જગદ્ભાસયતેઽખિલમ્ - ૧૫।૧૨
જગદ્વિપરિવર્તતે - ૯।૧૦
જઘન્યગુણવૃત્તિસ્થાઃ - ૧૪।૧૮
જના ન વિદુરાસુરાઃ - ૧૬।૭
જનાનાં પુણ્યકર્મણામ્ - ૭।૨૮
જનાઃ સુકૃતિનોઽર્જુન - ૭।૧૬
જન્મ કર્મ ચ મે દિવ્યમ્ - ૪।૯
જન્મકર્મફલપ્રદામ્ - ૨।૪૩
જન્મબન્ધવિનિર્મુક્તાઃ - ૨।૫૧
જન્મમૃત્યુજરાદુઃખૈઃ - ૧૪।૨૦
જન્મમૃત્યુજરાવ્યાધિ - ૧૩।૮
જન્માનિ તવ ચાર્જુન - ૪।૫
જયોઽસ્મિ વ્યવસાયોઽસ્મિ - ૧૦।૩૬
જરામરણમોક્ષાય - ૭।૨૯
જહિ શત્રું મહાબાહો - ૩।૪૩
જાગ્રતો નૈવ ચાર્જુન - ૬।૧૬
જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુઃ - ૨।૨૭
જાતુ કર્મણ્યતન્દ્રિતઃ - ૩।૨૩
જાતુ તિષ્ઠત્યકર્મકૃત્ - ૩।૫
જાનાતિ પુરુષોત્તમમ્ - ૧૫।૧૯
જાયતે વર્ણસઙ્કરઃ - ૧।૪૧
જિજ્ઞાસુરપિ યોગસ્ય - ૬।૪૪
જિતાત્મનઃ પ્રશાન્તસ્ય - ૬।૭
જિતાત્મા વિગતસ્પૃહઃ - ૧૮।૪૯
જિત્વા વા ભોક્ષસે મહીમ્ - ૨।૩૭

જિત્વા શત્રુન્ ભુંક્ષ્વ રાજ્યં - ૧૧।૩૩
જીવનં સર્વભૂતેષુ - ૭।૯
જીવભૂતઃ સનાતનઃ - ૧૫।૭
જીવભૂતાં મહાબાહો - ૭।૫
જુહ્વતિ જ્ઞાનદીપિતે - ૪।૨૭
જોષયેત્સર્વકર્માણિ - ૩।૨૬
જ્ઞાતવ્યમવશિષ્યતે - ૭।૨
જ્ઞાતું દ્રષ્ટું ચ તત્ત્વેન - ૧૧।૫૪
જ્ઞાત્વા ભૂતાદિમવ્યયમ્ - ૯।૧૩
જ્ઞાત્વા માં શાન્તિમૃચ્છતિ - ૫।૨૯
જ્ઞાત્વા શાસ્ત્રવિધાનોક્તમ્ - ૧૬।૨૪
જ્ઞાનં યદા તદા વિદ્યાત્ - ૧૪।૧૧
જ્ઞાનં લબ્ધ્વા પરાં શાન્તિમ્ - ૪।૩૯
જ્ઞાનં વિજ્ઞાનમાસ્તિક્યમ્ - ૧૮।૪૨
જ્ઞાનં વિજ્ઞાનસહિતમ્ - ૯।૧
જ્ઞાનં કર્મ ચ કર્તા ચ - ૧૮।૧૯
જ્ઞાનં જ્ઞાનવતામહમ્ - ૧૦।૩૮
જ્ઞાનં જ્ઞેયં જ્ઞાનગમ્યમ્ - ૧૩।૧૭
જ્ઞાનં જ્ઞેયં પરિજ્ઞાતા - ૧૮।૧૮
જ્ઞાનદીપેન ભાસ્વતા - ૧૦।૧૧
જ્ઞાનનિર્ધૂતકલ્મષાઃ - ૫।૧૭
જ્ઞાનં તેઽહં સવિજ્ઞાનમ્ - ૭।૨
જ્ઞાનામાવૃત્ય દેહિનમ્ - ૩।૪૦
જ્ઞાનયજ્ઞઃ પરન્તપ - ૪।૩૩
જ્ઞાનયજ્ઞેન ચાપ્યન્યે - ૯।૧૫
જ્ઞાનયજ્ઞેન તેનાહમ્ - ૧૮।૭૦
જ્ઞાનયોગવ્યવસ્થિતિઃ - ૧૬।૧
જ્ઞાનયોગેન સાઙ્ખ્યાનામ્ - ૩।૩
જ્ઞાનવાન્માં પ્રપદ્યતે - ૭।૧૯
જ્ઞાનવિજ્ઞાનતૃપ્તાત્મા - ૬।૮
જ્ઞાનવિજ્ઞાનનાશનમ્ - ૩।૪૧
જ્ઞાનસઙ્ગેન ચાનઘ - ૧૪।૬
જ્ઞાનસંછિન્નસંશયમ્ - ૪।૪૧
જ્ઞાનાગ્નિદગ્ધકર્માણમ્ - ૪।૧૯
જ્ઞાનાગ્નિઃ સર્વકર્માણિ - ૪।૩૭
જ્ઞાનાદ્ધ્યાનં વિશિષ્યતે - ૧૨।૧૨
જ્ઞાનાનાં જ્ઞાનમુત્તમમ્ - ૧૪।૧
જ્ઞાનાવસ્થિતચેતસઃ - ૪।૨૩
જ્ઞાનિનસ્તત્ત્વદર્શિનઃ - ૪।૩૪
જ્ઞાનિનો નિત્યવૈરિણા - ૩।૩૯
જ્ઞાનિભ્યોઽપિ મતોઽધિકઃ - ૬।૪૬
જ્ઞાની ચ ભરતર્ષભ - ૭।૧૬
જ્ઞાની ત્વાત્મૈવ મે મતમ્ - ૭।૧૮
જ્ઞાનેન તુ તદજ્ઞાનમ્ - ૫।૧૬
જ્ઞાને પરિસમાપ્યતે - ૪।૩૩
જ્ઞેયં યત્તત્પ્રવક્ષ્યામિ - ૧૩।૧૨
જ્ઞેયં ચોક્તં સમાસતઃ - ૧૩।૧૮
જ્ઞેયઃ સ નિત્યસન્ન્યાસી - ૫।૩
જ્ઞેયોઽસિ નિયતાત્મભિઃ - ૮।૨
જ્યાયસી ચેત્કર્મણસ્તે - ૩।૧
જ્યોતિષાં રવિરંશુમાન્ - ૧૦।૨૧
જ્યોતિષામપિ તજ્જ્યોતિઃ - ૧૩।૧૭

ઝ

ઝષાણાં મકરશ્ચાસ્મિ - ૧૦।૩૧

ત

તં યજ્ઞં વિદ્ધિ રાજસમ્ - ૧૭।૧૨
તં વિદ્યાદ્ દુઃખસંયોગ - ૬।૨૩
તં તં નિયમાસ્થાય - ૭।૨૦
તં તથા કૃપયાવિષ્ટમ્ - ૨।૧
તં તમેવૈતિ કૌન્તેય - ૮।૬
ત ઇમેઽવસ્થિતા યુદ્ધે - ૧।૩૩
તચ્ચ સંસ્મૃત્ય સંસ્મૃત્ય - ૧૮।૭૭
તજ્જ્ઞાનં વિદ્ધિ રાજસમ્ - ૧૮।૨૧
તજ્જ્ઞાનં વિદ્ધિ સાત્ત્વિકમ્ - ૧૮।૨૦
તત એવ ચ વિસ્તારમ્ - ૧૩।૩૦
તતઃ કુરુ યતાત્મવાન્ - ૧૨।૧૧
તતઃ પદં તત્પરિમાર્ગિતવ્યમ્ - ૧૫।૪
તતઃ શઙ્ખાશ્ચ ભેર્યશ્ચ - ૧।૧૩
તતઃ શ્વેતૈર્હયૈર્યુક્તે - ૧।૧૪
તતસ્તતો નિયમ્યૈતત્ - ૬।૨૬
તતઃ સ્વધર્મં કીર્તિં ચ - ૨।૩૩
તતઃ સ વિસ્મયાવિષ્ટઃ - ૧૧।૧૪
તતો દુઃખતરં નુ કિમ્ - ૨।૩૬
તતો ભવતિ ભારત - ૧૪।૩
તતો માં તત્ત્વતો જ્ઞાત્વા - ૧૮।૫૫
તતો યાતિ પરાં ગતિમ્ - ૬।૪૫, ૧૩।૨૮, ૧૬।૨૨;
તતો યુદ્ધાય યુજ્યસ્વ - ૨।૩૮
તતો યાન્ત્યધમાં ગતિમ્ - ૧૬।૨૦
તતો વક્ષ્યામિ તે હિતમ્ - ૧૮।૬૪
તત્કિં કર્મણિ ઘોરે મામ્ - ૩।૧
તત્કુરુષ્વ મદર્પણમ્ - ૯।૨૭
તત્ક્ષામયે ત્વામહમપ્રમેયમ્ - ૧૧।૪૨
તત્ક્ષેત્રં યચ્ચ યાદૃક્ ચ - ૧૩।૩
તત્તત્પ્રાપ્ય શુભાશુભમ્ - ૨।૫૭
તત્તદેવાવગચ્છ ત્વમ્ - ૧૦।૪૧
તત્તદેવેતરો જનઃ - ૩।૨૧
તત્તામસમુદાહૃતમ્ - ૧૭।૧૯, ૨૨; ૧૮।૨૨, ૩૯
તત્તે કર્મ પ્રવક્ષ્યામિ - ૪।૧૬
તત્તેજો વિદ્ધિ મામકમ્ - ૧૫।૧૨
તત્તે પદં સઙ્ગ્રહેણ પ્રવક્ષ્યે - ૮।૧૧
તત્પરઃ સંયતેન્દ્રિયઃ - ૪।૩૯
તત્પ્રસાદાત્પરાં શાન્તિમ્ - ૧૮।૬૨
તત્ર કા પરિદેવના - ૨।૨૮
તત્ર ચાન્દ્રમસં જ્યોતિઃ - ૮।૨૫
તત્ર તં બુદ્ધિસંયોગમ્ - ૬।૪૩
તત્ર પ્રયાતા ગચ્છન્તિ - ૮।૨૪
તત્ર શ્રીર્વિજયો ભૂતિઃ - ૧૮।૭૮
તત્ર સત્ત્વં નિર્મલત્વાદ્ - ૧૪।૬
તત્રાપશ્યત્સ્થિતાન્પાર્થઃ - ૧।૨૬
તત્રૈકસ્થં જગત્કૃત્સ્નમ્ - ૧૧।૧૩
તત્રૈકાગ્રં મનઃ કૃત્વા - ૬।૧૨
તત્રૈવં સતિ કર્તારમ્ - ૧૮।૧૬
તત્રૈવાવ્યક્તસંજ્ઞકે - ૮।૧૮
તત્ત્વજ્ઞાનાર્થદર્શનમ્ - ૧૩।૧૧
તત્ત્વમિચ્છામિ વેદિતુમ્ - ૧૮।૧
તત્ત્વવિત્તુ મહાબાહો - ૩।૨૮
તત્ત્વેનાતશ્ચ્યવન્તિ તે - ૯।૨૪
તત્સમાસેન મે શૃણુ - ૧૩।૩
તત્સુખં રાજસં સ્મૃતમ્ - ૧૮।૩૮
તત્સુખં સાત્ત્વિકં પ્રોક્તમ્ - ૧૮।૩૭
તત્સ્વયં યોગસંસિદ્ધઃ - ૪।૩૮
તથા તવામી નરલોકવીરાઃ - ૧૧।૨૮
તથા તેનેદમાવૃતમ્ - ૩।૩૮
તથાત્મા નોપલિપ્યતે - ૧૩।૩૨
તથા દેહાન્તરપ્રાપ્તિઃ - ૨।૧૩
તથાન્તર્જ્યોતિરેવ યઃ - ૫।૨૪
તથાપિ ત્વં મહાબાહો - ૨।૨૬
તથાપ્નોતિ નિબોધ મે - ૧૮।૫૦
તથા પ્રલીનસ્તમસિ - ૧૪।૧૫
તથા માનાપમાનયોઃ - ૬।૭; ૧૨।૧૮
તથા શરીરાણિ વિહાય જીર્ણાનિ - ૨।૨૨
તથા સર્વાણિ ભૂતાનિ - ૯।૬
તથૈવ ચ પિતામહાઃ - ૧।૩૪
તથૈવ નાશાય વિશન્તિ લોકાઃ - ૧૧।૨૯
તદર્થં કર્મ કૌન્તેય - ૩।૯
તદસ્ય હરતિ પ્રજ્ઞામ્ - ૨।૬૭
તદહં ભક્ત્યુપહૃતમ્ - ૯।૨૬
તદા ગન્તાસિ નિર્વેદમ્ - ૨।૫૨
તદાત્માનં સૃજામ્યહમ્ - ૪।૭
તદા યોગમવાપ્સ્યસિ - ૨।૫૩
તદિત્યનભિસંધાય - ૧૭।૨૫
તદેકં વદ નિશ્ચિત્ય - ૩।૨
તદેવ મે દર્શય દેવ રૂપમ્ - ૧૧।૪૫
તદેવ મે રૂપમિદં પ્રપશ્ય - ૧૧।૪૯
તદોત્તમવિદાં લોકાન્ - ૧૪।૧૪
તદ્દાનં રાજસં સ્મૃતમ્ - ૧૭।૨૧
તદ્દાનં સાત્ત્વિકં સ્મૃતમ્ - ૧૧।૨૦
તદ્ધામ પરમં મમ - ૮।૨૧; ૧૫।૬
તદ્બુદ્ધયસ્તદાત્માનઃ - ૫।૧૭
તદ્ભવત્યલ્પમેધસામ્ - ૭।૨૩
તદ્યોગૈરપિ ગમ્યતે - ૫।૫
તદ્રાજસમુદાહૃતમ્ - ૧૮।૨૪

તદ્ભક્કામા યં પ્રવિશન્તિ સર્વે - ૨।૭૦
તદ્વિધ્ધિ પ્રણિપાતેન - ૪।૩૪
તદ્વિધ્ધિ ભરતર્ષભ - ૧૩।૨૬
તન્નિબધ્નાતિ કૌન્તેય - ૧૪।૭
તન્નિબધ્નાતિ ભારત - ૧૪।૮
તન્નિષ્ઠાસ્તત્પરાયણાઃ - ૫।૧૭
તન્મે ક્ષેમતરં ભવેત્ - ૧।૪૬
તન્મે બ્રૂહિ સુનિશ્ચિતમ્ - ૫।૧
તપશ્ચાસ્મિ તપસ્વિષુ - ૭।૯
તપસ્તત્ત્રિવિધં નરૈઃ - ૧૭।૧૭
તપસ્તપ્તં કૃતં ચ યત્ - ૧૭।૨૮
તપસ્વિભ્યોઽધિકો યોગી - ૬।૪૬
તપામ્યહમહં વર્ષમ્ - ૯।૧૯
તપો દમ્ભેન ચૈવ યત્ - ૧૭।૧૮
તપો દાનં યશોઽયશઃ - ૧૦।૫
તપો માનસમુચ્યતે - ૧૭।૧૬
તપ્યન્તે યે તપો જનાઃ - ૧૭।૫
તમસઃ પરમુચ્યતે - ૧૩।૧૭
તમસ્ત્વજ્ઞાનજં વિદ્ધિ - ૧૪।૮
તમસ્યેતાનિ જાયન્તે - ૧૪।૧૩
તમઃ સત્ત્વં રજસ્તથા - ૧૪।૧૦
તમાહુઃ પણ્ડિતં બુધાઃ - ૪।૧૯
તમાહુઃ પરમાં ગતિમ્ - ૮।૨૧
તમુવાચ હૃષીકેશઃ - ૨।૧૦
તમેવ ચાદ્યં પુરુષં પ્રપદ્યે - ૧૫।૪
તમેવ શરણં ગચ્છ - ૧૮।૬૨
તમોદ્વારૈસ્ત્રિભિર્નરઃ - ૧૬।૨૨
તયાપહૃતચેતસામ્ - ૨।૪૪
તયોર્ન વશમાગચ્છેત્ - ૩।૩૪
તયોસ્તુ કર્મસંન્યાસાત્ - ૫।૨
તવ શિષ્યેણ ધીમતા - ૧।૩
તવ સૌમ્યં જનાર્દન - ૧૧।૫૧
તથાપિ વક્ત્રાણિ સમૃદ્ધવેગાઃ - ૧૧।૨૯
તસ્માચ્છાસ્ત્રં પ્રમાણં તે - ૧૬।૨૪
તસ્માત્ત્વમિન્દ્રિયાણ્યાદૌ - ૩।૪૧
તસ્માત્ત્વમુત્તિષ્ઠ યશો લભસ્વ - ૧૧।૩૩
તસ્માત્પ્રણમ્ય પ્રણિધાય કાયમ્ - ૧૧।૪૪
તસ્માત્સર્વગતં બ્રહ્મ - ૩।૧૫
તસ્માત્સર્વાણિ ભૂતાનિ - ૨।૩૦
તસ્માત્સર્વેષુ કાલેષુ - ૮।૭, ૨૭
તસ્માદજ્ઞાનસમ્ભૂતમ્ - ૪।૪૨
તસમાદપરિહાર્યેઽર્થે - ૨।૨૭
તસમાદસક્તઃ સતતમ્ - ૩।૧૯
તસ્માદુત્તિષ્ઠ કૌન્તેય - ૨।૩૭
તસ્માદેતત્ત્રયં ત્યજેત્ - ૧૬।૨૧
તસમાદેવં વિદિત્વૈનમ્ - ૨।૨૫
તસ્માદોમિત્યુદાહૃત્ય - ૧૭।૨૪
તસ્માદ્ બ્રહ્મણિ તે સ્થિતાઃ - ૫।૧૯
તસ્માદ્યસ્ય મહાબાહો - ૨।૬૮
તસ્માદ્યુધ્યસ્વ ભારત - ૨।૧૮
તસ્માદ્યોગાય યુજ્યસ્વ - ૨।૫૦
તસ્માદ્યોગી ભવાર્જુન - ૬।૪૬
તસ્માન્નાર્હા વયં હન્તુમ્ - ૧।૩૭
તસ્મિન્ ગર્ભં દધામ્યહમ્ - ૧૩।૩
તસ્ય કર્તારમપિ મામ્ - ૪।૧૩
તસ્ય કાર્યં ન વિદ્યતે - ૩।૧૭
તસ્ય તસ્યાચલાં શ્રદ્ધામ્ - ૭।૨૧
તસ્ય પ્રજ્ઞા પ્રતિષ્ઠિતા - ૨।૫૭, ૫૮, ૬૧, ૬૮
તસ્ય સઞ્જનયન્હર્ષમ્ - ૧।૧૨
તસ્યાં જાગર્તિ સંયમી - ૨।૬૯
તસ્યારાધનમીહતે - ૭।૨૨
તસ્યાહં સુલભઃ પાર્થ - ૮।૧૪
તસ્યાહં ન પ્રણશ્યામિ - ૬।૩૦
તસ્યાહં નિગ્રહં મન્યે - ૬।૩૪
તાંસ્તથૈવ ભજામ્યહમ્ - ૪।૧૧
તાંસ્તિતિક્ષસ્વ ભારત - ૨।૧૪
તાનકૃત્સ્નવિદો મન્દાન્ - ૩।૨૯
તાનહં દ્વિષતઃ ક્રૂરાન્ - ૧૬।૧૯
તાનિ સર્વાણિ સંયમ્ય - ૨।૬૧
તાન્નિબોધ દ્વિજોત્તમ - ૧।૭
તાન્યહં વેદ સર્વાણિ - ૪।૫





તાન્વિદધ્યયાસુરનિશ્ચયાન્ - ૧૭।૬
તાન્સમીક્ષ્ય સ કૌન્તેયઃ - ૧।૨૭
તામસં પરિચક્ષતે - ૧૭।૧૩
તામસઃ પરિકીર્તિતઃ - ૧૮।૭
તામસી ચેતિ તાં શૃણુ - ૧૭।૨
તામેવ વિદધામ્યહમ્ - ૭।૨૧
તાવાન્સર્વેષુ વેદેષુ - ૨।૪૬
તાસાં બ્રહ્મ મહદ્યોનિઃ - ૧૪।૪
તિષ્ઠન્તં પરમેશ્વરમ્ - ૧૩।૨૭
તીક્ષ્ણરૂક્ષવિદાહિનઃ - ૧૭।૯
તુમુલો વ્યનુનાદયન્ - ૧।૧૯
તુલ્યનિન્દાત્મસંસ્તુતિઃ - ૧૪।૨૪
તુલ્યનિન્દાસ્તુતિર્મૌની - ૧૨।૧૯
તુલ્યપ્રિયાપ્રિયો ધીરઃ - ૧૪।૨૪
તુલ્યો મિત્રારિપક્ષયોઃ - ૧૪।૨૫
તુષ્યન્તિ ચ રમન્તિ ચ - ૧૦।૯
તૃષ્ણાસઙ્ગસમુદ્ભવમ્ - ૧૪।૭
તેજઃ ક્ષમા ધૃતિઃ શૌચમ્ - ૧૬।૩
તેજશ્ચાસ્મિ વિભાવસૌ - ૭।૯
તેજસ્તેજસ્વિનામહમ્ - ૭।૧૦, ૧૦।૩૬
તેજોભિરાપૂર્ય જગત્સમગ્રમ્ - ૧૧।૩૦
તેજોમયં વિશ્વમનન્તમાદ્યમ્ - ૧૧।૪૭
તેજોરાશિં સર્વતો દીપ્તિમન્તમ્ - ૧૧।૧૭
તે તં ભુક્ત્વા સ્વર્ગલોકં વિશાલમ્ - ૯।૨૧
તે દેવા ભાવયન્તુ વઃ - ૩।૧૧
તે દ્વન્દ્વમોહનિર્મુક્તાઃ - ૭।૨૮
તેન મુહ્યન્તિ જન્તવઃ - ૫।૧૫
તેનૈવ રૂપેણ ચતુર્ભુજેન - ૧૧।૪૬
તેઽપિ ચાતિતરન્ત્યેવ - ૧૩।૨૫
તેઽપિ મામેવ કૌન્તેય - ૯।૨૩
તેઽપિ યાન્તિ પરાં ગતિમ્ - ૯।૩૨
તે પુણ્યમાસાદ્ય સુરેન્દ્રલોકમ્ - ૯।૨૦
તે પ્રાપ્નુવન્તિ મામેવ - ૧૨।૪
તે બ્રહ્મ તદ્વિદુઃ કૃત્સ્નમ્ - ૭।૨૯
તે મે યુક્તતમા મતાઃ - ૧૨।૨
તેઽવસ્થિતાઃ પ્રમુખે ધાર્તરાષ્ટ્રાઃ - ૨।૬
તે વિદુર્યુક્તચેતસઃ - ૭।૩૦
તેષાં સતતયુક્તાનામ્ - ૧૦।૧૦
તેષાં કે યોગ વિત્તમાઃ - ૧૨।૧
તેષાં જ્ઞાની નિત્યયુક્તઃ - ૭।૧૭
તેષાં નિત્યાભિયુક્તાનામ્ - ૯।૨૨
તેષાં નિષ્ઠા તુ કા કૃષ્ણ - ૧૭।૧
તેષામહં સમુદ્ધર્તા - ૧૨।૭
તેષામાદિત્યવજ્જ્ઞાનમ્ - ૫।૧૬
તેષામેવાનુકમ્પાર્થમ્ - ૧૦।૧૧
તેષાં ભેદમિમં શૃણુ - ૧૭।૭
તેઽહોરાત્રવિદો જનાઃ - ૮।૧૭
તૈર્દત્તાનપ્રદાયૈભ્યઃ - ૩।૧૨
તૌ હ્યસ્ય પરિપન્થિનૌ - ૩।૩૪
ત્યક્તસર્વપરિગ્રહઃ - ૪।૨૧
ત્યક્તું કર્માણ્યશેષતઃ - ૧૮।૧૧
ત્યક્ત્વા કર્મફલાસઙ્ગમ્ - ૪।૨૦
ત્યક્ત્વા દેહં પુનર્જન્મ - ૪।૯
ત્યક્ત્વા સર્વાનશેષતઃ - ૬।૨૪
ત્યક્ત્વોત્તિષ્ઠ પરંતપ - ૨।૩
ત્યજત્યન્તે કલેવરમ્ - ૮।૬
ત્યાગઃ શાન્તિરપૈશુનમ્ - ૧૬।૨
ત્યાગસ્ય ચ હૃષીકેશ - ૧૮।૧
ત્યાગાચ્છાન્તિરનન્તરમ્ - ૧૨।૧૨
ત્યાગી સત્ત્વસમાવિષ્ટઃ - ૧૮।૧૦
ત્યાગે ભરતસત્તમ - ૧૮।૪
ત્યાગો હિ પુરુષવ્યાઘ્ર - ૧૮।૪
ત્યાજ્યં દોષવદિત્યેકે - ૧૮।૩
ત્રાયતે મહતો ભયાત્ - ૨।૪૦
ત્રિધૈવ ગુણભેદતઃ - ૧૮।૧૯
ત્રિભિર્ગુણમયૈર્ભાવૈઃ - ૭।૧૩
ત્રિવિધં કર્મણઃ ફલમ્ - ૧૮।૧૨
ત્રિવિધં નરકસ્યેદમ્ - ૧૬।૨૧
ત્રિવિધઃ કર્મસઙ્ગ્રહઃ - ૧૮।૧૮
ત્રિવિધઃ સમ્પ્રકીર્તિતઃ - ૧૮।૪
ત્રિવિધા કર્મચોદના - ૧૮।૧૮
ત્રિવિધા ભવતિ શ્રદ્ધા - ૭।૧૨

ત્રિવિધો ભવતિ પ્રિયઃ - ૧૭।૭
ત્રિષુ લોકેષુ કિઞ્ચન - ૩।૨૨
ત્રીન્ગુણાનતિવર્તતે - ૧૪।૨૧
ત્રૈગુણ્યવિષયા વેદાઃ - ૨।૪૫
ત્રૈવિદ્યા માં સોમપાઃ પૂતપાપા - ૯।૨૦
ત્વક્ ચૈવ પરિદહ્યતે - ૧।૩૦
ત્વત્તઃ કમલપત્રાક્ષ - ૧૧।૨
ત્વત્પ્રસાદાન્મયાચ્યુત - ૧૮।૭૩
ત્વદન્યઃ સંશયસ્યાસ્ય - ૬।૩૯
ત્વનયોસ્તત્ત્વદર્શિભિઃ - ૨।૧૬
ત્વમક્ષરં પરમં વેદિતવ્યમ્ - ૧૧।૧૮
ત્વમક્ષરં સદસત્તત્પરં યત્ - ૧૧।૩૭
ત્વમવ્યયઃ શાશ્વતધર્મગોપ્તાઃ - ૧૧।૧૮
ત્વમસ્ય પૂજ્યશ્ચ ગુરુર્ગરીયાન્ - ૧૧।૪૩
ત્વમસ્ય વિશ્વસ્ય પરં - ૧૧।૧૮,૩૮
ત્વમાદિ દેવઃ પુરુષઃ પુરાણઃ - ૧૧।૩૮
ત્વમાદૌ પ્રોક્તવાનિતિ - ૪।૪
ત્વયા તતં વિશ્વમનન્તરૂપ - ૧૧।૩૮
ત્વયૈકાગ્રેણ ચેતસા - ૧૮।૭૨
ત્વાં સદા પરિચિન્તયન્ - ૧૦।૧૭
દ
દંષ્ટ્રાકરાલાનિ ચ તે મુખાનિ - ૧૧।૨૫
દંષ્ટ્રાકરાલાનિ ભયાનકાનિ - ૧૧।૨૭
દણ્ડો દમયતામસ્મિ - ૧૦।૩૮
દદામિ બુદ્ધિયોગં તમ્ - ૧૦।૧૦
દમ્ભમાનમદાન્વિતાઃ - ૧૬।૧૦
દમ્ભાર્થમપિ ચૈવ યત્ - ૧૭।૧૨
દમ્ભાહઙ્કારસંયુક્તાઃ - ૧૭।૫
દમ્ભેનાવિધિપૂર્વકમ્ - ૧૬।૧૭
દમ્ભો દર્પોઽભિમાનશ્ચ - ૧૬।૪
દયા ભૂતેષ્વલોલુપ્ત્વમ્ - ૧૬।૨
દર્શયાત્માનમવ્યયમ્ - ૧૧।૪
દર્શયામાસ પાર્થાય - ૧૧।૯
દાતવ્યમિતિ યદ્દાનમ્ - ૧૭।૨૦
દાનક્રિયાશ્ચ વિવિધાઃ - ૧૭।૨૫
દાનં દમશ્ચ યજ્ઞશ્ચ - ૧૬।૧
દાનમીશ્વરભાવશ્ચ - ૧૮।૪૩
દાનેષુ યત્પુણ્યફલં પ્રદિષ્ટમ્ - ૮।૨૮
દાસ્યન્તે યજ્ઞભાવિતાઃ - ૩।૧૨
દિવિ દેવેષુ વા પુનઃ - ૧૮।૪૦
દિવિ સૂર્યસહસ્રસ્ય - ૧૧।૧૨
દિવ્યગન્ધાનુલેપનમ્ - ૧૧।૧૧
દિવ્યં દદામિ તે ચક્ષુઃ - ૧૧।૮
દિવ્યમાલ્યામ્બરધરમ્ - ૧૧।૧૧
દિવ્યાનેકોદ્યતાયુધમ્ - ૧૧।૧૦
દિવ્યા હ્યાત્મવિભૂતયઃ - ૧૦।૧૬, ૧૯
દિવ્યૌ શઙ્ખૌ પ્રદધ્મતુઃ - ૧।૧૪
દિશશ્ચાનવલોકયન્ - ૬।૧૩
દિશો ન જાને ન લભે ચ શર્મ - ૧૧।૨૫
દીપ્તાનલાર્કદ્યુતિમપ્રમેયમ્ - ૧૧।૧૭
દીયતે ચ પરિક્લિષ્ટમ્ - ૧૭।૨૧
દીયતેઽનુપકારિણે - ૧૭।૨૦
દુઃખદોષાનુદર્શનમ્ - ૧૩।૮
દુઃખમાપ્તુમયોગતઃ - ૫।૬
દુઃખમિત્યેવ યત્કર્મ - ૧૮।૮
દુઃખયોનય એવ તે - ૫।૨૨
દુઃખશોકામયપ્રદા - ૧૭।૯
દુઃખાન્તં ચ નિગચ્છતિ - ૧૮।૩૬
દુઃખાલયમશાશ્વતમ્ - ૮।૧૫
દુઃખેષ્વનુદ્વિગ્નમનાઃ - ૨।૫૬
દુર્ગતિં તાત ગચ્છતિ - ૬।૪૦
દુષ્પૂરેણાનલેન ચ - ૩।૩૯
દુષ્પ્રાપ ઇતિ મે મતિઃ - ૬।૩૬
દૂરસ્થં ચાન્તિકે ચ તત્ - ૧૩।૧૫
દૂરેણ હ્યવરં કર્મ - ૨।૪૯
દૃષ્ટવાનસિ માં યથા - ૧૧।૫૩
દૃષ્ટવાનસિ યન્મમ - ૧૧।૫૨
દૃષ્ટ્વા તુ પાણ્ડવાનીકં - ૧।૨
દૃષ્ટ્વાદ્ભુતં રૂપમુગ્રં તવેદમ્ - ૧૧।૨૦
દૃષ્ટ્વા રૂપં ઘોરમીદૃઙ્મમેદમ્ - ૧૧।૪૯
દૃષ્ટ્વા લોકાઃ પ્રવ્યથિતાઃ - ૧૧।૨૩
દૃષ્ટ્વા હિ ત્વાં પ્રવ્યથિતા- ૧૧।૨૪



દૃષ્ટ્વેદં માનુષં રૂપમ્ - ૧૧।૫૧
દૃષ્ટ્વેમં સ્વજનં કૃષ્ણ - ૧।૨૮
દૃષ્ટ્વૈવ કાલાનલસન્નિભાનિ - ૧૧।૨૫
દેવદત્તં ધનઞ્જય - ૧।૧૫
દેવદેવ જગત્પતે - ૧૦।૧૫
દેવદ્વિજગુરુપ્રાજ્ઞ - ૧૭।૧૪
દેવર્ષિર્નારદસ્તથા - ૧૦।૧૩
દેવર્ષીણાં ચ નારદઃ - ૧૦।૨૬
દેવા અપ્યસ્ય રૂપસ્ય - ૧૧।૫૨
દેવાનામસ્મિ વાસવઃ - ૧૦।૨૨
દેવાન્દેવયજો યાન્તિ - ૭।૨૩
દેવાન્ભાવયતાનેન - ૩।૧૧
દેશે કાલે ચ પાત્રે ચ - ૧૭।૨૦
દેહવદ્ભિરવાપ્યતે - ૧૨।૫
દેહિનાં સા સ્વભાવજા - ૧૭।૨
દેહિનોઽસ્મિન્યથા દેહે - ૨।૧૩
દેહી દેહસમુદ્ભવાન્ - ૧૪।૨૦
દેહી નિત્યમવધ્યોઽયમ્ - ૨।૩૦
દેહે દેહભૃતાં વર - ૮।૪
દેહે દેહિનમવ્યયમ્ - ૧૪।૫
દેહે સર્વસ્ય ભારત - ૨।૩૦
દેહેઽસ્મિન્પુરુષઃ પરઃ - ૧૩।૨૨
દેહેઽસ્મિન્મધુસૂદન - ૮।૨
દૈવ આસુર એવ ચ - ૧૬।૬
દૈવં ચૈવાત્ર પઞ્ચમમ્ - ૧૮।૧૪
દૈવમેવાપરે યજ્ઞમ્ - ૪।૨૫
દૈવી પ્રકૃતિમાશ્રિતાઃ - ૯।૧૩
દૈવી સમ્પદ્વિમોક્ષાય - ૧૬।૫
દૈવી હ્યેષા ગુણમયી - ૭।૧૪
દૈવો વિસ્તરશઃ પ્રોક્તઃ - ૧૬।૬
દોષૈરેતૈઃ કુલઘ્નાનામ્ - ૧।૪૩
દ્યાવાપૃથિવ્યોરિદમન્તરં હિ - ૧૧।૨૦
દ્યૂતં છલયતામસ્મિ - ૧૦।૩૬
દ્રક્ષ્યસ્યાત્મન્યથો મયિ - ૪।૩૫
દ્રવ્યયજ્ઞાસ્તપોયજ્ઞાઃ - ૪।૨૮
દ્રષ્ટું ત્વદન્યેન કુરુપ્રવીર - ૧૧।૪૮
દ્રષ્ટુમિચ્છામિ તે રૂપમ્ - ૧૧।૩
દ્રુપદશ્ચ મહારથઃ - ૧।૪
દ્રુપદો દ્રૌપદેયાશ્ચ - ૧।૧૮
દ્રોણં ચ ભીષ્મં ચ જયદ્રથં ચ - ૧૧।૩૪
દ્રોણં ચ મધુસૂદન - ૨।૪
દ્વન્દ્વમોહેન ભારત - ૭।૨૭
દ્વન્દ્વઃ સામાસિકસ્ય ચ - ૧૦।૩૩
દ્વન્દ્વાતીતો વિમત્સરઃ - ૪।૨૨
દ્વન્દ્વૈર્વિમુક્તાઃ સુખદુઃખસંજ્ઞૈઃ - ૧૫।૫
દ્વારં નાશનમાત્મનઃ - ૧૬।૨૧
દ્વાવિમૌ પુરુષૌ લોકે - ૧૫।૧૬
દ્વૌ ભૂતસર્ગૌ લોકેઽસ્મિન્ - ૧૬।૬
ધ
ધનમાનમદાન્વિતાઃ - ૧૬।૧૭
ધનુરુદ્યમ્ય પાણ્ડવઃ - ૧।૨૦
ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે - ૧।૧
ધર્મસંસ્થાપનાર્થાય - ૪।૮
ધર્મસ્યાસ્ય પરન્તપ - ૯।૩
ધર્માવિરુદ્ધો ભૂતેષુ - ૭।૧૧
ધર્મે નષ્ટે કુલં કૃત્સ્નમ્ - ૧।૪૦
ધર્મ્યં સંવાદમાવયોઃ - ૧૮।૭૦
ધર્મ્યાદ્ધિ યુદ્ધાચ્છ્રેયોઽન્યત્ - ૨।૩૧
ધાતાહં વિશ્વતોમુખઃ - ૧૦।૩૩
ધારયન્નચલં સ્થિરઃ - ૬।૧૩
ધારયામ્યહમોજસા - ૧૫।૧૩
ધાર્તરાષ્ટ્રસ્ય દુર્બુદ્ધેઃ - ૧।૨૩
ધાર્તરાષ્ટ્રાન્ કપિધ્વજઃ - ૧।૨૦
ધાર્તરાષ્ટ્રાન્સ્વબાન્ધવાન્ - ૧।૩૭
ધાર્તરાષ્ટ્રા રણે હન્યુઃ - ૧।૪૬
ધીરસ્તત્ર ન મુહ્યતિ - ૨।૧૩
ધૂમેનાગ્નિરિવાવૃતાઃ - ૧૮।૪૮
ધૂમેનાવ્રિયતે વહ્નિઃ - ૩।૩૮
ધૂમો રાત્રિસ્તથા કૃષ્ણઃ - ૮।૨૫
ધૃતિં ન વિન્દામિ શમં ચ વિષ્ણો - ૧૧।૨૪
ધૃતિઃ સા પાર્થ તામસી - ૧૮।૩૫
ધૃતિઃ સા પાર્થ રાજસી - ૧૮।૩૪

ધૃતિઃ સા પાર્થ સાત્ત્વિકી - ૧૮।૩૩
ધૃત્યાત્માનં નિયમ્ય ચ - ૧૮।૫૧
ધૃત્યા ધારયતેઽર્જુન - ૧૮।૩૪
ધત્યા યયા ધારયતે - ૧૮।૩૩
ધૃત્યુત્સાહસમન્વિતઃ - ૧૮।૨૬
ધૃષ્ટકેતુશ્ચેકિતાનઃ - ૧।૫
ધૃષ્ટદ્યુમ્નો વિરાટશ્ચ - ૧।૧૭
ધેનૂનામસ્મિ કામધુક્ - ૧૦।૨૮
ધ્યાનયોગપરો નિત્યમ્ - ૧૮।૫
ધ્યાનાત્કર્મફલત્યાગઃ - ૧૨।૧૨
ધ્યાનેનાત્મનિ પશ્યન્તિ - ૧૩।૨૪
ધ્યાયતો વિષયાન્પુંસઃ - ૨।૬૨
ધ્રુવં જન્મ મૃતસ્ય ચ - ૨।૨૭
ધ્રુવા નીતિર્મતિર્મમ - ૧૮।૭૮


ન


ન કરોતિ ન લિપ્યતે - ૧૩।૩૧
ન કર્તૃત્વ ન કર્માણિ - ૫।૧૪
ન કર્મણામનારમ્ભાત્ - ૩।૪
ન કર્મફલસંયોગમ્ - ૫।૧૪
ન કર્મસ્વનુષજ્જતે - ૬।૪
ન કશ્ચિત્કર્તુમર્હતિ - ૨।૧૭
ન કાઙ્ક્ષે વિજયં કૃષ્ણ - ૧।૩૨
સ કિઞ્ચિદપિ ચિન્તયેત્ - ૬।૨૫
ન કુર્યાં કર્મ ચેદહમ્ - ૩।૨૪
નકુલઃ સહદેવશ્ચ - ૧।૧૬
નક્ષત્રાણામહં શશી - ૧૦।૨૧
ન ચ ક્રિયાભિર્ન તપોભિરુગ્રૈઃ - ૧૧।૪૮
ન ચ તત્પ્રેત્ય નો ઇહ - ૧૭।૨૮
ન ચ તસ્માન્મનુષ્યેષુ - ૧૮।૬૯
ન ચ મત્સ્થાનિ ભૂતાનિ - ૯।૫
ન ચ માં તાનિ કર્માણિ - ૯।૯
ન ચ માં યોઽભ્યસૂયતિ - ૧૮।૬૭
ન ચ રાજ્યં સુખાનિ ચ - ૧।૩૨
ન ચ શક્નોમ્યવસ્થાતુમ્ - ૧।૩૦
ન ચ શ્રેયોઽનુપશ્યામિ - ૧।૩૧
ન ચ સન્ન્યસનાદેવ - ૩।૪
ન ચાતિસ્વપ્નશીલસ્ય - ૬।૧૬
ન ચાભાવયતઃ શાન્તિઃ - ૨।૬૬
ન ચાયુક્તસ્ય ભાવના - ૨।૬૬
ન ચાશુશ્રૂષવે વાચ્યમ્ - ૧૮।૬૭
ન ચાસ્ય સર્વભૂતેષુ - ૩।૧૮
ન ચાહં તેષ્વવસ્થિતઃ - ૯।૪
ન ચિરેણાધિગચ્છતિ - ૫।૬
ન ચૈકાન્તમનશ્નતઃ - ૬।૧૬
ન ચૈતદ્વિદ્મઃ કતરન્નો ગરીયઃ - ૨।૬
ન ચૈનં ક્લેદયન્ત્યાપઃ - ૨।૨૩
ન ચૈવ ન ભવિષ્યામઃ - ૨।૧૨
ન ચૈવ સુકૃતં વિભુઃ - ૫।૧૫
ન જાયતે મ્રિયતે વા કદાચિત્ - ૨।૨૦
ન તદસ્તિ પૃથિવ્યાં વા - ૧૮।૪૦
ન તદસ્તિ વિના યત્સ્યાત્ - ૧૦।૩૯
ન તદ્ભાસયતે સૂર્યઃ - ૧૫।૬
ન તુ માં શક્યસે દ્રષ્ટુમ્ - ૧૧।૮
ન તુ મામભિજાનન્તિ - ૯।૨૪
ન તુ સન્ન્યાસિનાં ક્વચિત્ - ૧૮।૧૨
ન તેષુ રમતે બુધઃ - ૫।૨૨
ન ત્યાજ્યં કાર્યમેવ તત્ - ૧૮।૫
ન ત્યાજ્યમિતિ ચાપરે - ૧૮।૩
ન ત્વં વેત્થ પરન્તપ - ૪।૫
ન ત્વં શોચિતુમર્હસિ - ૨।૨૭, ૩૦
ન ત્વત્સમોઽસ્ત્યભ્યધિકઃ કુતો - ૧૧।૪૩
ન ત્વં નેમે જનાધિપાઃ - ૨।૧૨
ન ત્વહં તેષુ તે મયિ - ૭।૧૨
ન ત્વેવાહં જાતુ નાસમ્ - ૨।૧૨
ન દાનેન ન ચેજ્યયા - ૧૧।૫૩
ન દ્વેષ્ટિ સમ્પ્રવૃત્તાનિ - ૧૪।૨૨
ન દ્વેષ્ટ્યકુશલં કર્મ - ૧૮।૧૦
ન નિરગ્નિર્ન ચાક્રિયઃ - ૬।૧
ન નિવૃત્તાનિ કાઙ્ક્ષતિ - ૧૪।૨૨
ન પ્રસિદ્ધયેદકર્મણઃ - ૩।૮
ન પ્રહૃષ્યેત્પ્રિયં પ્રાપ્ય - ૫।૨૦
ન બુદ્ધિભેદં જનયેત્ - ૩।૨૬





નભશ્ચ પૃથિવીં ચૈવ - ૧।૧૯
નભઃ સ્પૃશં દીપ્તમનેકવર્ણમ્ - ૧૧।૨૪
નભઃ પુરસ્તાદથ પૃષ્ઠતસ્તે - ૧૧।૪૦
નમસ્કૃત્વા ભૂય એવાહ કૃષ્ણમ્ - ૧૧।૩૫
નમસ્યન્તશ્ચ માં ભક્ત્યા - ૮।૧૪
ન માં કર્માણિ લિમ્પન્તિ - ૪।૧૪
ન માં દુષ્કૃતિનો મૂઢાઃ - ૭।૧૫
ન મે કર્મફલે સ્પૃહા - ૪।૧૪
ન મે દ્વેષ્યોઽસ્તિ ન પ્રિયઃ - ૯।૨૯
ન મે પાર્થાસ્તિ કર્તવ્યમ્ - ૩।૨૨
ન મે ભક્તઃ પ્રણશ્યતિ - ૯।૩૧
ન મે વિદુઃ સુરગણાઃ - ૧૦।૨
નમો નમસ્તેઽસ્તુ સહસ્રકૃત્વઃ - ૧૧।૩૯
નમોઽસ્તુ તે દેવવર પ્રસીદ - ૧૧।૩૧
નમોઽસ્તુ તે સર્વત એવ સર્વ - ૧૧।૪૦
ન યોત્સ્ય ઇતિ ગોવિન્દમ્ - ૨।૯
ન યોત્સ્ય ઇતિ મન્યસે - ૧૮।૫૯
નરકેઽનિયતં વાસઃ - ૧।૪૪
નરાણાં ચ નરાધિપમ્ - ૧૦।૨૭
ન રૂપમસ્યેહ તથોપલભ્યતે - ૧૫।૩
નવદ્વારે પુરે દેહી - ૫।૧૩
નવાનિ ગૃહ્ણાતિ નરોઽપરાણિ - ૨।૨૨
ન વિકમ્પિતુમર્હસિ - ૨।૩૧
ન વિમુઞ્ચતિ દુર્મેધાઃ - ૧૮।૩૫
ન વેદયજ્ઞાધ્યયનૈર્ન દાનૈઃ - ૧૧।૪૮
ન શક્નોષિ મયિ સ્થિરમ્ - ૧૨।૯
ન શશાઙ્કો ન પાવકઃ - ૧૫।૬
ન શોચતિ ન કાઙ્ક્ષતિ - ૧૨।૧૭; ૧૮।૫૪
ન શોષયતિ મારુતઃ - ૨।૨૩
ન શૌચં નાપિ ચાચારઃ - ૧૬।૭
નશ્યસ્તુ ન વિનશ્યતિ - ૮।૨૦
ન શ્રોષ્યસિ વિનઙ્ક્ષ્યસિ - ૧૮।૫૮
નષ્ટાત્માનોઽલ્પબુદ્ધયઃ - ૧૬।૯
નષ્ટો મોહઃ સ્મૃતિર્લબ્ધા - ૧૮।૭૩
ન સત્તન્નાસદુચ્યતે - ૧૩।૧૨
ન સત્યં તેષુ વિદ્યતે - ૧૬।૭
ન સ પશ્યતિ દુર્મતિઃ - ૧૮।૧૬
ન સ ભૂયોઽભિજાયતે - ૧૩।૨૩
ન સ સિદ્ધિમવાપ્નોતિ - ૧૬।૨૩
ન સુખં સંશયાત્મનઃ - ૪।૪૦
ન સુખં ન પરાં ગતિમ્ - ૧૬।૨૩
ન હન્તિ ન નિબધ્યતે - ૧૮।૧૭
ન હન્યતે હન્યમાને શરીરે - ૨।૨૦
ન હિ કલ્યાણકૃત્કશ્ચિદ્ - ૬।૪૦
ન હિ કશ્ચિત્ ક્ષણમપિ - ૩।૫
ન હિ જ્ઞાનેન સદૃશમ્ - ૪।૩૮
ન હિ તે ભગવન્વ્યક્તિમ્ - ૧૦।૧૪
ન હિ દેહભૃતા શક્યમ્ - ૧૮।૧૧
ન હિનસ્ત્યાત્મનાત્માનમ્ - ૧૩।૨૮
ન હિ પ્રજાનામિ તવ પ્રવૃત્તિમ્ - ૧૧।૩૧
ન હિ પ્રપશ્યામિ મમાપનુદ્યાત્ - ૨।૮
ન હ્યસન્ન્યસ્તસઙ્કલ્પઃ - ૬।૨
નાકૃતેનેહ કશ્ચન - ૩।૧૮
નાત્માનમવસાદયેત્ - ૬।૫
નાત્યશ્નતસ્તુ યોગોઽસ્તિ - ૬।૧૬
નાત્યુચ્છ્રિતં નાતિનીચમ્ - ૬।૧૧
નાદત્તે કસ્યચિત્પાપમ્ - ૫।૧૫
નાનવાપ્તમવાપ્તવ્યમ્ - ૩।૨૨
નાનાભાવાન્ પૃથગ્વિધાન્ - ૧૮।૨૧
નાનાવર્ણાકૃતીનિ ચ - ૧૧।૫
નાનાવિધાનિ દિવ્યાનિ - ૧૧।૫
નાનાશસ્ત્રપ્રહરણાઃ - ૧।૯
નાનુતિષ્ઠન્તિ મે મતમ્ - ૩।૩૨
નાનુવર્તયતીહ યઃ - ૩।૧૬
નાનુશોચન્તિ પણ્ડિતાઃ - ૨।૧૧
નાનુશોચિતુમર્હસિ - ૨।૨૫
નાન્તં ન મધ્યં ન પુનસ્તવાદિમ્ - ૧૧।૧૬
નાન્તો ન ચાદિર્ન ચ સંપ્રતિષ્ઠા - ૧૫।૩
નાન્તોઽસ્તિ મમ દિવ્યાનામ્ - ૧૦।૪૦
નાન્યં ગુણેભ્યઃ કર્તારમ્ - ૧૪।૧૯
નાન્યદસ્તીતિ વાદિનઃ - ૨।૪૨
નાપ્નુવન્તિ મહાત્માનઃ - ૮।૧૫

નાભક્તાય કદાચન - ૧૮।૬૭
નાભાવો વિદ્યતે સતઃ - ૨।૧૬
નાભિનન્દતિ ન દ્વેષ્ટિ - ૨।૫૭
નાયં ભૂત્વા ભવિતા વા ન ભૂયઃ - ૨।૨૦
નાયં લોકોઽસ્તિ ન પર - ૪।૪૦
નાયં લોકોઽસ્ત્યયજ્ઞસ્ય - ૪।૩૧
નાયં હન્તિ ન હન્યતે - ૨।૧૯
નાયકા મમ સૈન્યસ્ય - ૧।૭
નાશયામ્યાત્મભાવસ્થ - ૧૦।૧૧
નાસતો વિદ્યતે ભાવઃ - ૨।૧૬
નાસાભ્યન્તરચારિણૌ - ૫।૨૭
નાસ્તિ બુદ્ધિરયુક્તસ્ય - ૨।૬૬
નાસ્ત્યન્તો વિસ્તરસ્ય મે - ૧૦।૧૯
નાહં વેદૈર્ન તપસા - ૧૧।૫૩
નાહં પ્રકાશઃ સર્વસ્ય - ૭।૨૫
નિગૃહીતાનિ સર્વશઃ - ૨।૬૮
નિગૃહ્ણામ્યુત્સૃજામિ ચ - ૯।૧૯
નિગ્રહઃ કિં કરિષ્યતિ - ૩।૩૩
નિત્યં યજ્ઞે પ્રતિષ્ઠિતમ્ - ૩।૧૫
નિત્યં વા મન્યસે મૃતમ્ - ૨।૨૬
નિત્યં ચ સમચિત્તત્વમ્ - ૧૩।૯
નિત્યતૃપ્તો નિરાશ્રયઃ - ૪।૨૦
નિત્યં દર્શનકાઙ્ક્ષિણઃ - ૧૧।૫૨
નિત્યયુક્તસ્ય યોગિનઃ - ૮।૧૪
નિત્યયુક્તા ઉપાસતે - ૯।૧૪; ૧૨।૨
નિત્યસ્યોક્તાઃ શરીરિણઃ - ૨।૧૮
નિત્યઃ સર્વગતઃ સ્થાણુઃ - ૨।૨૪
નિદ્રાલસ્યપ્રમાદોત્થમ્ - ૧૮।૩૯
નિધાનં બીજમવ્યયમ્ - ૯।૧૮
નિન્દન્તસ્તવ સામર્થ્યમ્ - ૨।૩૬
નિબદ્ધઃ સ્વેન કર્મણા - ૧૮।૬૦
નિબધ્નન્તિ ધનઞ્જય - ૪।૪૧; ૯।૯
નિબધ્નન્તિ મહાબાહો - ૧૪।૫
નિબન્ધાયાસુરી મતા - ૧૬।૫
નિમિત્તમાત્રં ભવ સવ્યસાચિન્ - ૧૧।૩૩
નિમિત્તાનિ ચ પશ્યામિ - ૧।૩૧
નિયતં કુરુ કર્મ ત્વમ્ - ૩।૮
નિયતં સઙ્ગરહિતમ્ - ૧૮।૨૩
નિયતં ક્રિયતેઽર્જુન - ૧૮।૯
નિયતસ્ય તુ સન્ન્યાસઃ - ૧૮।૭
નિયમ્ય ભરતર્ષભ - ૩।૪૧
નિયમ્યારભતેઽર્જુન - ૩।૭
નિયોજયસિ કેશવ - ૩।૧
નિરાશીરપરિગ્રહઃ - ૬।૧૦
નિરાશીર્નિર્મમો ભૂત્વા - ૩।૩૦
નિરાશીર્યતચિત્તાત્મા - ૪।૨૧
નિરાહારસ્ય દેહિનઃ - ૨।૫૯
નિરુદ્ધં યોગસેવયા - ૬।૨૦
નિર્ગુણં ગુણભોક્તૃ ચ - ૧૩।૧૪
નિર્દોષં હિ સમં બ્રહ્મ - ૫।૧૯
નિર્દ્વન્દ્વો નિત્યસત્ત્વસ્થઃ - ૨।૪૫
નિર્દ્વન્દ્વો હિ મહાબાહો - ૫।૩
નિર્મમો નિરહઙ્કારઃ - ૨।૭૧; ૧૨।૧૩
નિર્માનમોહા જિતસઙ્ગદોષાઃ - ૧૫।૫
નિર્યોગક્ષેમ આત્મવાન્ - ૨।૪૫
નિર્વૈરઃ સર્વભૂતેષુ - ૧૧।૫૫
નિવસિષ્યસિ મય્યેવ - ૧૨।૮
નિવાસઃ શરણં સુહૃત્ - ૯।૧૮
નિશ્ચયં શૃણુ મે તત્ર - ૧૮।૪
નિશ્ચિતં મતમુત્તમમ્ - ૧૮।૬
નિઃશ્રેયસકરાવુભૌ - ૫।૨
નિષ્ઠા જ્ઞાનસ્ય યા પરા - ૧૮।૫૦
નિસ્ત્રૈગુણ્યો ભવાર્જુન - ૨।૪૫
નિઃસ્પૃહઃ સર્વકામેભ્યઃ - ૬।૧૮
નિહત્ય ધાર્તરાષ્ટ્રાન્નઃ - ૧।૩૬
નીતિરસ્મિ જિગીષતામ્ - ૧૦।૩૮
નેઙ્ગતે સોપમા સ્મૃતા - ૬।૧૯
નેહાભિક્રમનાશોઽસ્તિ - ૨।૪૦
નૈતત્ત્વય્યુપપદ્યતે - ૨।૩
નૈતિ મામેતિ સોઽર્જુન - ૪।૯
નૈતે સૃતી પાર્થ જાનન્ - ૮।૨૭
નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ - ૨।૨૩





નૈનં દહતિ પાવકઃ - ૨।૨૩
નૈનં પશ્યન્ત્યચેતસઃ - ૧૫।૧૧
નૈનાં પ્રાપ્ય વિમુહ્યતિ - ૨।૭૨
નૈવં શોચિતુમર્હસિ - ૨।૨૬
નૈવં કિઞ્ચિત્કરોતિ સઃ - ૪।૨૦
નૈવ કિઞ્ચિત્કરોમીતિ - ૫।૮
નૈવ કુર્વન્ન કારયન્ - ૫।૧૩
નૈવ તસ્ય કૃતેનાર્થઃ - ૩।૧૮
નૈવ ત્યાગફલં લભેત્ - ૧૮।૮
નૈવં પાપમવાપ્સ્યસિ - ૨।૩૮
નૈષ્કર્મ્યં પુરુષોઽશ્નુતે - ૩।૪
નૈષ્કર્મ્યસિદ્ધિં પરમામ્ - ૧૮।૪૯
નોદ્વિજેત્પ્રાપ્ય ચાપ્રિયમ્ - ૫।૨૦
ન્યાય્યં વા વિપરીતં વા - ૧૮।૧૫

પ

પચામ્યન્નં ચતુર્વિધમ્ - ૧૫।૧૪
પઞ્ચ ચેન્દ્રિયગોચરાઃ - ૧૩।૫
પઞ્ચૈતાનિ મહાબાહો - ૧૮।૧૩
પઞ્ચૈતે તસ્ય હેતવઃ - ૧૮।૧૫
પણવાનકગોમુખાઃ - ૧।૧૩
પણ્ડિતાઃ સમદર્શિનાઃ - ૫।૧૮
પતન્તિ નરકેઽશુચૌ - ૧૬।૧૬
પતન્તિ પિતરો હ્યેષામ્ - ૧।૪૨
પત્રં પુષ્પં ફલં તોયમ્ - ૯।૨૬
પદં ગચ્છન્ત્યનામયમ્ - ૨।૫૧
પદ્મપત્રમિવામ્ભસા - ૫।૧૦
પરં જન્મ વિવસ્વતઃ - ૪।૪
પરધર્માત્સ્વનુષ્ઠિતાત્ - ૩।૩૫; ૧૮।૪૭
પરધર્મો ભયાવહઃ - ૩।૩૫
પરં દૃષ્ટ્વા નિવર્તતે - ૨।૫૯
પરમં પુરુષં દિવ્યમ્ - ૮।૮
પરમં રૂપમૈશ્વરમ્ - ૧૧।૯
પરમાત્માયમવ્યયઃ - ૧૩।૩૧
પરમાત્મા સમાહિતઃ - ૬।૭
પરમાત્મેતિ ચાપ્યુક્તઃ - ૧૩।૧૨
પરમાત્મેત્યુદાહૃતઃ - ૧૫।૧૭
પરમાપ્નોતિ પુરુષઃ - ૩।૧૯
પરં બ્રહ્મ પરં ધામ - ૧૦।૧૨
પરં ભાવમજાનન્તઃ - ૭।૨૪; ૯।૧૧
પરં ભૂયઃ પ્રવક્ષ્યામિ - ૧૪।૧
પરસ્તસ્માત્તુ ભાવોઽન્યઃ - ૮।૨૦
પરસ્પરં ભાવયન્તઃ - ૩।૧૧
પરસ્યોત્સાદનાર્થં વા - ૧૭।૧૯
પરાં સિદ્ધિમિતો ગતાઃ - ૧૪।૧
પરિચર્યાત્મકં કર્મ - ૧૮।૪૪
પરિણામેઽમૃતોપમમ્ - ૧૮।૩૭
પરિણામે વિષમિવ - ૧૮।૩૮
પરિત્રાણાય સાધુનામ્ - ૪।૮
પરિપ્રશ્નેન સેવયા - ૪।૩૪
પર્જન્યાદન્નસમ્ભવઃ - ૩।૧૪
પર્યાપ્તં ત્વિદમેતેષામ્ - ૧।૧૦
પવનઃ પવતામસ્મિ - ૧૦।૩૧
પવિત્રમિદનુત્તમમ્ - ૯।૨
પવિત્રમિહ વિદ્યતે - ૪।૩૮
પવિત્રં પરમં ભવાન્ - ૧૦।૧૨
પશ્યઞ્શૃણ્વન્સ્પૃશઞ્જિઘ્રન્ - ૫।૮
પશ્યત્યકૃતબુદ્ધિત્વાત્ - ૧૮।૧૬
પશ્યન્તિ જ્ઞાનચક્ષુષઃ - ૧૫।૧૦
પશ્યન્ત્યાત્મન્યવસ્થિતમ્ - ૧૫।૧૧
પશ્યન્નાત્મનિ તુષ્યતિ - ૬।૨૦
પશ્ય મે પાર્થ રૂપાણિ - ૧૧।૫
પશ્ય મે યોગમૈશ્વરમ્ - ૯।૫; ૧૧।૮
પશ્યાદિત્યાન્વસૂન્રુદ્રાન્ - ૧૧।૬
પશ્યાદ્ય સચરાચરમ્ - ૧૧।૭
પશ્યામિ ત્વાં સર્વતોઽનન્તરૂપમ્ - ૧૧।૧૬
પશ્યામિ ત્વાં દીપ્તહુતાશવક્ત્ર - ૧૧।૧૯
પશ્યામિ ત્વાં દુર્નિરીક્ષ્યં - ૧૧।૧૭
પશ્યામિ દેવાંસ્તવ દેવ દેહે - ૧૧।૧૫
પશ્યામિ વિશ્વેશ્વર વિશ્વરૂપ - ૧૧।૧૬
પશ્યાશ્ચર્યાણિ ભારત - ૧૧।૬
પશ્યૈતાં પાણ્ડુપુત્રાણામ્ - ૧।૩
પાઞ્ચજન્યં હૃષીકેશઃ - ૧।૧૫

પાણ્ડવાનાં ધનઞ્જયઃ - ૧૦।૩૭
પાપં ચરતિ પુરુષઃ - ૩।૩૬
પાપમેવાશ્રયેદસ્માન્ - ૧।૩૬
પાપાદસ્માન્નિવર્તિતુમ્ - ૧।૩૯
પાપ્માનં પ્રજહિ હ્યે નમ્ - ૩।૪૧
પાર્થ નૈવેહ નામુત્ર - ૬।૪૦
પાર્થ સંપદમાસુરીમ્ - ૧૬।૪
પાર્થસ્ય ચ મહાત્મનઃ - ૧૮।૭૪
પાવનાનિ મનીષિણામ્ - ૧૮।૫
પિતાસિ લોકસ્ય ચરાચરસ્ય - ૧૧।૪૩
પિતાહમસ્ય જગતઃ - ૯।૧૭
પિતૃણામર્યમા ચાસ્મિ - ૧૦।૨૯
પિતૃનથ પિતામહાન્ - ૧।૨૬
પિતૃન્યાન્તિ પિતૃવ્રતાઃ - ૯।૨૫
પિતેવ પુત્રસ્ય સખેવ સખ્યુ - ૧૧।૪૪
પીડયા ક્રિયતે તપઃ - ૧૭।૧૯
પુણ્યો ગન્ધઃ પૃથિવ્યાં ચ - ૭।૯
પુત્રદારગૃહાદિષુ - ૧૩।૯
પુત્રાન્પૌત્રાન્સખીંસ્તથા - ૧।૨૬
પુનરાવર્તિનોઽર્જુન - ૮।૧૬
પુનર્જન્મ ન વિદ્યતે - ૮।૧૬
પુનર્યોગં ચ શંસસિ - ૫।૧
પુનશ્ચભૂયોઽપિ નમો નમસ્તે - ૧૧।૩૯
પુમાશ્ચરિત નિઃસ્પૃહઃ - ૨।૭૧
પુરા પ્રોક્તા મયાનઘ - ૩।૩
પુરુજિતકુન્તિભોજશ્ચ - ૧।૫
પુરુષં શાશ્વતં દિવ્યમ્ - ૧૦।૧૨
પુરુષઃ પ્રકૃતિસ્થો હિ - ૧૩।૨૧
પુરુષં પુરુષર્ષભ - ૨।૧૫
પુરુષશ્ચાધિદૈવતમ્ - ૮।૪
પુરુષસ્ય વિપશ્ચિતઃ - ૨।૬૦
પુરુષઃ સ પરઃ પાર્થ - ૮।૨૨
પુરુષઃ સુખદુઃખાનામ્ - ૧૩।૨૦
પુરોધસાં ચ મુખ્યં મામ્ - ૧૦।૨૪
પુરોવાચ પ્રજાપતિઃ - ૩।૧૦
પુષ્ણામિ ચૌષધીઃ સર્વાઃ - ૧૫।૧૩
પૂજનં શૌચમાર્જવમ્ - ૧૭।૧૪
પૂજાર્હાવરિસૂદન - ૨।૪
પૂતા મદ્ભાવમાગતાઃ - ૪।૧૦
પૂતિ પર્યુષિતં ચ યત્ - ૧૭।૧૦
પૂર્વાભ્યાસેન તેનૈવ - ૬।૪૪
પૂર્વૈઃ પૂર્વતરં કૃતમ્ - ૪।૧૫
પૂર્વૈરપિ મુમુક્ષુભિઃ - ૪।૧૫
પૃચ્છામિ ત્વાં ધર્મસમ્મૂઢચેતાઃ - ૨।૭
પૃથક્કેશિનિષૂદન - ૧૮।૧
પૃથક્ત્વેન તુ યજ્જ્ઞાનમ્ - ૧૮।૨૧
પૃથક્ત્વેન ધનઞ્જય - ૧૮।૨૯
પૌણ્ડ્રં દધ્મૌ મહાશઙ્ખમ્ - ૧।૧૫
પ્રકાશ ઉપજાયતે - ૧૪।૧૧
પ્રકાશકમનામયમ્ - ૧૪।૬
પ્રકાશં ચ પ્રવૃત્તિં ચ - ૧૪।૨૨
પ્રકાશયતિ તત્પરમ્ - ૫।૧૬
પ્રકાશયતિ ભારત - ૧૩।૩૩
પ્રકૃતિં યાન્તિ ભૂતાનિ - ૩।૩૩
પ્રકૃતિં યાન્તિ મામિકામ્ - ૯।૭
પ્રકૃતિં વિદ્ધિ મે પરામ્ - ૭।૫
પ્રકૃતિં સ્વામધિષ્ઠાય - ૪।૬
પ્રકૃતિં સ્વામવષ્ટભ્ય - ૯।૮
પ્રકૃતિં ચ ગુણૈઃ સહ - ૧૩।૨૩
પ્રકૃતિં પુરુષં ચૈવ - ૧૩।૧૯
પ્રકૃતિં મોહિનીં શ્રિતાઃ - ૯।૧૨
પ્રકૃતિસ્ત્વાં નિયોક્ષ્યતિ - ૧૮।૫૯
પ્રકૃતિસ્થાનિ કર્ષતિ - ૧૫।૭
પ્રકૃતે ક્રિયમાણાનિ - ૩।૨૭
પ્રકૃતેર્ગુણસમ્મૂઢાઃ - ૩।૨૯
પ્રકૃતેર્જ્ઞાનવાનપિ - ૩।૩૩
પ્રકૃત્યા નિયતાઃ સ્વયા - ૭।૨૦
પ્રકૃત્યૈવ ચ કર્માણિ - ૧૩।૨૯
પ્રજનશ્ચાસ્મિ કન્દર્પઃ - ૧૦।૨૮
પ્રજહાતિ યદા કામાન્ - ૨।૫૫
પ્રજાપતિસ્ત્વં પ્રપિતામહશ્ચ - ૧૧।૩૯
પ્રજ્ઞાવાદાંશ્ચ ભાષસે - ૨।૧૧
પ્રણમ્ય શિરસા દેવમ્ - ૧૧।૧૪
પ્રણવઃ સર્વવેદેષુ - ૭।૮
પ્રતિજાને પ્રિયોઽસિ મે - ૧૮।૬૫
પ્રત્યક્ષાવગમં ધર્મ્યમ્ - ૯।૨
પ્રત્યવાયો ન વિદ્યતે - ૨।૪૦
પ્રથિતઃ પુરુષોત્તમઃ - ૧૫।૧૮
પ્રદુષ્યન્તિ કુલસ્ત્રિયઃ - ૧।૪૧
પ્રદ્વિષન્તોઽભ્યસૂયકાઃ - ૧૬।૧૮
પ્રનષ્ટસ્તે ધનઞ્જય - ૧૮।૭૨
પ્રપદ્યન્તે નરાધમાઃ - ૭।૧૫
પ્રપદ્યન્તેઽન્ય દેવતાઃ - ૭।૨૦
પ્રપશ્યદ્ભિર્જનાર્દન - ૧।૩૯
પ્રભવં નં મહર્ષયઃ - ૧૦।૨
પ્રભવત્યહરાગમે - ૮।૧૯
પ્રભવન્ત્યહરાગમે - ૮।૧૮
પ્રભવન્ત્યુગ્રકર્માણઃ - ૧૬।૯
પ્રભવઃ પ્રલયસ્તથા - ૭।૬
પ્રભવઃ પ્રલયઃ સ્થાનમ્ - ૯।૧૮
પ્રભાસ્મિ શશિસૂર્યયોઃ - ૭।૮
પ્રમાથિ બલવદ્ દૃઢમ્ - ૬।૩૪
પ્રમાદમોહૌ તમસઃ - ૧૪।૧૭
પ્રમાદાલસ્યનિદ્રાભિઃ - ૧૪।૮
પ્રમાદે સઞ્જયત્યુત - ૧૪।૯
પ્રમાદો મોહ એવ ચ - ૧૪।૧૩
પ્રયત્નાદ્યતમાનસ્તુ - ૬।૪૫
પ્રયાણકાલે ચ કથમ્ - ૮।૨
પ્રયાણકાલેઽપિ ચ મામ્ - ૭।૩૦
પ્રયાણકાલે મનસાચલેન - ૮।૧૦
પ્રયાતા યાન્તિ તં કાલમ્ - ૮।૨૩
પ્રલપન્વિસૃજન્ગૃહ્ણન્ - ૫।૯
પ્રલયં યાતિ દેહભૃત - ૧૪।૧૪
પ્રલયાન્તામુપાશ્રિતાઃ - ૧૬।૧૧
પ્રલયે ન વ્યથન્તિ ચ - ૧૪।૨
પ્રવક્ષ્યામ્યનસૂયવે - ૯।૧
પ્રવદન્તિ ન પણ્ડિતાઃ - ૫।૪
પ્રવદન્ત્યવિપશ્ચિતઃ - ૨।૪૨
પ્રવર્તન્તે વિધાનોક્તાઃ - ૧૭।૨૪
પ્રવર્તન્તેઽશુચિવ્રતાઃ - ૧૬।૧૦
પ્રવિભક્તમનેકધા - ૧૧।૧૩
પ્રવૃત્તિં ચ નિવૃત્તિં ચ - ૧૬।૭; ૧૮।૩૦
પ્રવૃત્તે શસ્ત્રસમ્પાતે - ૧।૨૦
પ્રવેષ્ટું ચ પરન્તપ - ૧૧।૫૪
પ્રશસ્તે કર્મણિ તથા - ૧૭।૨૬
પ્રશાન્તમનસં હ્યેનમ્ - ૬।૨૭
પ્રશાન્તાત્મા વિગતભીઃ - ૬।૧૪
પ્રસક્તાઃ કામભોગેષુ - ૧૬।૧૬
પ્રસક્તેન ફલૈકાઙ્ક્ષી - ૧૮।૩૪
પ્રસન્નચેતસો હ્યાશુ - ૨।૬૫
પ્રસાદમભિગચ્છતિ - ૨।૬૪
પ્રસાદયે ત્વામહમીશમીડ્યમ્ - ૧૧।૪૪
પ્રસાદે સર્વદુઃખાનામ્ - ૨।૬૫
પ્રસીદ દેવેશ જગન્નિવાસ - ૧૧।૨૫, ૪૫
પ્રહસન્નિવ ભારતઃ - ૨।૧૦
પ્રહ્લાદશ્ચાસ્મિ દૈત્યાનામ્ - ૧૦।૩૦
પ્રાક્શરીરવિમોક્ષણાત્ - ૫।૨૩
પ્રાણકર્માણિ ચાપરે - ૪।૨૭
પ્રાણાંસ્ત્યક્ત્વા ધનાનિ ચ - ૧।૩૩
પ્રાણાન્પ્રાણેષુ જુહ્વતિ - ૪।૩૦
પ્રાણાપાનગતી રુદ્ધ્વા - ૪।૨૯
પ્રાણાપાનસમાયુક્તઃ - ૧૫।૧૪
પ્રાણાપાનૌ સમૌ કૃત્વા - ૫।૨૭
પ્રાણાયામપરાયણાઃ - ૪।૨૯
પ્રાણિનાં દેહમાશ્રિતઃ - ૧૫।૧૪
પ્રાણેઽપાનં તથાપરે - ૪।૨૯
પ્રાધાન્યતઃ કુરુશ્રેષ્ઠ - ૧૦।૧૯
પ્રાપ્નુયાત્પુણ્યકર્મણામ્ - ૧૮।૭૧
પ્રાપ્ય પુણ્યકૃતાં લોકાન્ - ૬।૪૧
પ્રાહુસ્ત્યાગં વિચક્ષણાઃ - ૧૮।૨
પ્રિયઃ પ્રિયાયાર્હસિ દેવ સોઢુમ્ - ૧૧।૪૪
પ્રિયો હિ જ્ઞાનિનોઽત્યર્થમ્ - ૭।૧૭
પ્રેતાન્ભૂતગણાંશ્ચાન્યે - ૧૭।૪
પ્રોક્તવાનહમવ્યયમ્ - ૪।૧

પોચ્યતે ગુણસઙ્ખ્યાને - ૧૮।૧૯
પ્રોચ્યમાનમશેષેણ - ૧૮।૨૯
ફ
ફલં યજ્ઞતપઃ ક્રિયાઃ - ૧૭।૨૫
ફલં ત્યક્ત્વા મનીષિણઃ - ૨।૫૧
ફલનુદિશ્ય વા પુનઃ - ૧૭।૨૧
ફલે સક્તો નિબધ્યતે - ૫।૧૨
બ
બન્ધં મોક્ષં ચ યા વેત્તિ - ૧૮।૩૦
બન્ધુરાત્માત્મનસ્તસ્ય - ૬।૬
બલં બલવતાં ચાહમ્ - ૭।૧૧
બલં ભીમાભિરક્ષિતમ્ - ૧।૧૦
બલં ભીષ્માભિરક્ષિતમ્ - ૧।૧૦
બલાદિવ નિયોજિતઃ - ૩।૩૬
બહવો જ્ઞાનતપસા - ૪।૧૦
બહિરન્તશ્ચ ભૂતાનામ્ - ૧૩।૧૫
બહુધા વિશ્વતોમુખમ્ - ૯।૧૫
બહુશાખા હ્યનન્તાશ્ચ - ૨।૪૧
બહૂદરં બહુદંષ્ટ્રાકરાલમ્ - ૧૧।૨૩
બહૂનાં જન્મનામન્તે - ૭।૧૯
બહૂનિ મે વ્યતીતાનિ - ૪।૫
બહૂન્યદૃષ્ટપૂર્વાણિ - ૧૧।૬
બાહ્યસ્પર્શેષ્વસક્તાત્મા - ૫।૨૧
વિભર્ત્યવ્યય ઈશ્વરઃ - ૧૫।૧૭
બીજં તદહમર્જુન - ૧૦।૩૯
બીજં માં સર્વભૂતાનામ્ - ૭।૧૦
બુદ્ધયોઽવ્યવસાયિનામ્ - ૨।૪૧
બુદ્ધિગ્રાહ્યમતીન્દ્રિયમ્ - ૬।૨૧
બુદ્ધિનાશાત્પ્રણશ્યતિ - ૨।૬૩
બુદ્ધિઃ પર્યવતિષ્ઠતે - ૨।૬૫
બુદ્ધિ મોહયસીવ મે - ૩।૨
બુદ્ધિયુક્તો જહાતીહ - ૨।૫૦
બુદ્ધિયોગમુપાશ્રિત્ય - ૧૮।૫૭
બુદ્ધિયોગાદ્ધનઞ્જય - ૨।૪૯
બુદ્ધિરવ્યક્તમેવ ચ - ૧૩।૫
બુદ્ધિર્જ્ઞાનમસમ્મોહઃ - ૧૦।૪
બુદ્ધિર્બુદ્ધિમતામસ્મિ - ૭।૧૦
બુદ્ધિર્ભેદં ધૃતેશ્ચૈવ - ૧૮।૨૯
બુદ્ધિર્યસ્ય ન લિપ્યતે - ૧૮।૧૭
બુદ્ધિર્યોગે ત્વિમાં શૃણુ - ૨।૩૯
બુદ્ધિર્વ્યતિતરિષ્યતિ - ૨।૫૨
બુદ્ધિઃ સા પાર્થ તામસી - ૧૮।૩૨
બુદ્ધિઃ સા પાર્થ રાજસી - ૧૮।૩૧
બુદ્ધિઃ સા પાર્થ સાત્ત્વિકી - ૧૮।૩૦
બુદ્ધૌ શરણમન્વિચ્છ - ૨।૪૯
બુદ્ધ્યા ધૃતિગૃહીતયા - ૬।૨૫
બુદ્ધ્યા યુક્તો યયા પાર્થ - ૨।૩૯
બુદ્ધ્યા વિશુદ્ધ્યા યુક્તઃ - ૧૮।૫૧
બુધા ભાવસમન્વિતાઃ - ૧૦।૮
બૃહત્સામ તથા સામ્નામ્ - ૧૦।૩૫
બોદ્ધવ્યં ચ વિકર્મણઃ - ૪।૧૭
બોધયન્તઃ પરસ્પરમ્ - ૧૦।૯
બ્રહ્મકર્મસમાધિના - ૪।૨૪
બ્રહ્મકર્મસ્વભાવજમ્ - ૧૮।૪૨
બ્રહ્મચર્યમહિંસા ચ - ૧૭।૧૪
બ્રહ્મચારિવ્રતે સ્થિતઃ - ૬।૧૪
બ્રહ્મણસ્ત્રિવિધઃ સ્મૃતઃ - ૧૭।૨૩
બ્રહ્મણો હિ પ્રતિષ્ઠાહમ્ - ૧૪।૨૭
બ્રહ્મણ્યાધાય કર્માણિ - ૫।૧૦
બ્રહ્મનિર્વાણમૃચ્છતિ - ૨।૭૨
બ્રહ્મ બ્રહ્મવિદો જનાઃ - ૮।૨૪
બ્રહ્મભૂતઃ પ્રસન્નાત્મા - ૧૮।૫૪
બ્રહ્મભૂતમકલ્મષમ્ - ૬।૨૭
બ્રહ્મભૂતોઽધિગચ્છતિ - ૫।૨૪
બ્રહ્મભૂયાય કલ્પતે - ૧૪।૨૬; ૧૮।૫૩
બ્રહ્મવિદ્ બ્રહ્મણિ સ્થિતઃ - ૫।૨૦
બ્રહ્મ સમ્પદ્યતે તદા - ૧૩।૩૦
બ્રહ્મસૂત્રપદૈશ્ચૈવ - ૧૩।૪
બ્રહ્માક્ષરસમુદ્ભવમ્ - ૩।૧૫
બ્રહ્માગ્નાવપરે યજ્ઞમ્ - ૪।૨૫
બ્રહ્માગ્નૌ બ્રહ્મણા હુતમ્ - ૪।૨૪
બ્રહ્માણમીશં કમલાસનસ્થમ્ - ૧૧।૧૫



બ્રહ્માર્પણં બ્રહ્મ હવિઃ - ૪।૨૪
બ્રહ્મૈવ તેન ગન્તવ્યમ્ - ૪।૨૪
બ્રાહ્મણક્ષત્રિયવિશામ્ - ૧૮।૪૧
બ્રાહ્મણસ્ય વિજાનતઃ - ૨।૪૬
બ્રાહ્મણાસ્તેન વેદાશ્ચ - ૧૭।૨૩
બ્રાહ્મણે ગવિ હસ્તિનિ - ૫।૧૮
ભ
ભક્તા રાજર્ષયસ્તથા - ૯।૩૩
ભક્તાસ્તેઽતીવ મે પ્રિયાઃ - ૧૨।૨૦
ભક્તાસ્ત્વાં પર્યુપાસતે - ૧૨।૧
ભક્તિમાન્મે પ્રિયો નરઃ - ૧૨।૧૯
ભક્તિમાન્યઃ સ મે પ્રિયઃ - ૧૨।૧૭
ભક્તિં મયિ પરાં કૃત્વા - ૧૮।૬૮
ભક્તિયોગેન સેવતે - ૧૪।૨૬
ભક્તિરવ્યભિચારિણી - ૧૩।૧૦
ભક્તોઽસિ મે સખા ચેતિ - ૪।૩
ભક્ત્યા ત્વનન્યયા શક્યઃ - ૧૧।૫૪
ભક્ત્યા મામભિજાનાતિ - ૧૮।૫૫
ભક્ત્યા યુક્તો યોગબલેન ચૈવ - ૮।૧૦
ભક્ત્યા લભ્યસ્ત્વનન્યયા - ૮।૨૨
ભજતાં પ્રીતિપૂર્વકમ્ - ૧૦।૧૦
ભજતે મામનન્યભાક્ - ૯।૩૦
ભજત્યેકત્વમાસ્થિતઃ - ૬।૩૧
ભજન્તે માં દૃઢવ્રતાઃ - ૭।૨૮
ભજન્ત્યનન્યમનસઃ - ૯।૧૩
ભયં ચાભયમેવ ચ - ૧૦।૪
ભયાદ્રણાદુપરતમ્ - ૨।૩૫
ભયેન ચ પ્રવ્યથિતં મનો મે - ૧૧।૪૫
ભર્તા ભોક્તા મહેશ્વરઃ - ૧૩।૨૨
ભવતીત્યનુશુશ્રુમ - ૧।૪૪
ભવતોઽજ્ઞાનમેવ ચ - ૧૪।૧૭
ભવત્યત્યાગિનાં પ્રેત્ય - ૧૮।૧૨
ભવન્તઃ સર્વ એવ હિ - ૧।૧૧
ભવન્તિ ભાવા ભૂતાનામ્ - ૧૦।૫
ભવન્તિ સંપદં દૈવીમ્ - ૧૬।૩
ભવાન્ભીષ્મશ્ચ કર્ણશ્ચ - ૧।૮
ભવાપ્યયૌ હિ ભૂતાનામ્ - ૧૧।૨
ભવામિ નચિરાત્પાર્થ - ૧૨।૭
ભવિતા ન ચ મે તસ્માત્ - ૧૮।૬૯
ભવિષ્યતિ પુનર્ધનમ્ - ૧૬।૧૩
ભવિષ્યાણિ ચ ભૂતાનિ - ૭।૨૬
ભવેદ્યુગપદુત્થિતા - ૧૧।૧૨
ભસ્મસાત્કુરુતે તથા - ૪।૩૭
ભસ્મસાત્કુરુતેઽર્જુન - ૪।૩૭
ભાવમવ્યયમીક્ષતે - ૧૮।૨૦
ભાવસંશુદ્ધિરિત્યેતત્ - ૧૭।૧૬
ભાસસ્તસ્ય મહાત્મનઃ - ૧૧।૧૨
ભાસસ્તવોગ્રાઃ પ્રતપન્તિ - ૧૧।૩૦
ભિન્ના પ્રકૃતિરષ્ટધા - ૭।૪
ભીમકર્મા વૃકોદરઃ - ૧।૧૫
ભીમાર્જુનસમા યુધિ - ૧।૪
ભીષ્મદ્રોણપ્રમુખતઃ - ૧।૨૫
ભીષ્મમેવાભિરક્ષન્તુ - ૧।૧૧
ભીષ્મો દ્રોણઃ સૂતપુત્રસ્તથાસૌ - ૧૧।૨૬
ભુઙ્ક્તે પ્રકૃતિજાન્ગુણાન્ - ૧૩।૨૧
ભુઞ્જતે તે ત્વઘં પાપાઃ - ૩।૧૩
ભઞ્જાનં વા ગુણાન્વિતમ્ - ૧૫।૧૦
ભુઞ્જીય ભોગાન્રુધિરપ્રદિગ્ધાન્ - ૨।૫
ભૂતગ્રામમચેતસઃ - ૧૭।૬
ભૂતગ્રામમિમં કૃત્સ્નમ્ - ૯।૮
ભૂતગ્રામઃ સ એવાયમ્ - ૮।૧૯
ભૂતપ્રકૃતિમોક્ષં ચ - ૧૩।૩૪
ભૂતભર્તૃ ચ યજ્જ્ઞેયમ્ - ૧૩।૧૬
ભૂતભાવન ભૂતેશ - ૧૦।૧૫
ભૂતભાવોદ્ભવકરઃ - ૮।૩
ભૂતભૃન્ન ચ ભૂતસ્થઃ - ૯।૫
ભૂતાનમન્ત એવ ચ - ૧૦।૨૦
ભૂતાનામસ્મિ ચેતના - ૧૦।૨૨
ભૂતાનામીશ્વરોઽપિ સન્ - ૪।૬
ભૂતાનિ યાન્તિ ભૂતેજ્યાઃ - ૯।૨૫
ભૂત્વા પુનઃ સૌમ્યવપુર્મહાત્મા - ૧૧।૫૦
ભૂત્વા ભૂત્વા પ્રલીયતે - ૮।૧૯

ભૂત્વા યાસ્યસિ લાઘવમ્ - ૨।૩૫
ભૂમિરાપોઽનલો વાયુઃ - ૭।૪
ભૂય એવ મહાબાહો - ૧૦।૧
ભૂયઃ કથય તૃપ્તિર્હિ - ૧૦।૧૮
ભોક્તા ચ પ્રભુરેવ ચ - ૯।૨૪
ભોક્તારં યજ્ઞતપસામ્ - ૫।૨૯
ભોક્તૃત્વે હેતુરુચ્યતે - ૧૩।૨૦
ભોગૈશ્વર્યગતિં પ્રતિ - ૨।૪૩
ભોગૈશ્વર્યપ્રસક્તાનામ્ - ૨।૪૪
ભોજનં તામસપ્રિયમ્ - ૧૭।૧૦
ભ્રમતીવ ચ મે મનઃ - ૧।૩૦
ભ્રામયન્સર્વભૂતાનિ - ૧૮।૬૧
ભ્રુવોર્મધ્યે પ્રાણમાવેશ્ય સમ્યક્ - ૮।૧૦

મ

મંસ્યન્તે ત્વાં મહારથાઃ - ૨।૩૫
મચ્ચિતઃ સતતં ભવ - ૧૮।૫૭
મચ્ચિતઃ સર્વદુર્ગાણિ - ૧૮।૫૮
મચ્ચિતા મદ્ગતપ્રાણાઃ - ૧૦।૯
મતા બુદ્ધિર્જનાર્દન - ૩।૧
મત્કર્મકૃન્મત્પરમઃ - ૧૧।૫૫
મત્કર્મપરમો ભવ - ૧૨।૧૦
મત્ત એવ પૃથગ્વિધાઃ - ૧૦।૫
મત્ત એવેતિ તાન્વિદ્ધિ - ૭।૧૨
મત્તઃ પરતરં નાન્યત્ - ૭।૭
મત્તઃ સર્વં પ્રવર્તતે - ૧૦।૮
મત્તઃ સ્મૃતિર્જ્ઞાનમપોહનં ચ - ૧૫।૧૫
મત્પ્રસાદાત્તરિષ્યસિ - ૧૮।૫૮
મત્પ્રસાદાદવાપ્નોતિ - ૧૮।૫૬
મત્સંસ્થામધિગચ્છતિ - ૬।૧૫
મત્સ્થાનિ સર્વભૂતાનિ - ૯।૪
મત્સ્થાનીત્યુપધારય - ૯।૬
મદનુગ્રહાય પરમમ્ - ૧૧।૧
મદર્થમપિ કર્માણિ - ૧૨।૧૦
મદર્થે ત્યક્તજીવિતાઃ - ૧।૯
મદ્ગતેનાન્તરાત્મના - ૬।૪૭
મદ્ભક્ત એતદ્વિજ્ઞાય - ૧૩।૧૮
મદ્ભક્તઃ સઙ્ગવર્જિતઃ - ૧૧।૫૫
મદ્ભક્તા યાન્તિ મામપિ - ૭।૨૩
મદ્ભક્તિં લભતે પરામ્ - ૧૮।૫૪
મદ્ભક્તેષ્વભિધાસ્યતિ - ૧૮।૬૮
મદ્ભાવં સોઽધિગચ્છતિ - ૧૪।૧૯
મદ્ભાવા માનસા જાતાઃ - ૧૦।૬
મદ્ભાવાયોપપદ્યતે - ૧૩।૧૮
મદ્યાજી માં નમસ્કુરુ - ૯।૩૪; ૧૮।૬૫
મધ્યં ચૈવાહમર્જુન - ૧૦।૩૨
મધ્યસ્થદ્વેષ્યબન્ધુષુ - ૬।૯
મધ્યે તિષ્ઠન્તિ રાજસાઃ - ૧૪।૧૮
મનઃ પ્રસાદઃ સૌમ્યત્વમ્ - ૧૭।૧૬
મનઃ પ્રાણેન્દ્રિયક્રિયાઃ - ૧૮।૩૩
મનશ્ચઞ્ચલમસ્થિરમ્ - ૬।૨૬
મનઃ ષષ્ઠાનીન્દ્રિયાણિ - ૧૫।૭
મનસસ્તુ પરા બુદ્ધિઃ - ૩।૪૨
મનસૈવેન્દ્રિયગ્રામમ્ - ૬।૨૪
મનઃ સંયમ્ય મચ્ચિતઃ - ૬।૧૪
મનુરિક્ષ્વાકવેઽબ્રવીત્ - ૪।૧
મનુષ્યાણાં સહસ્રેષુ - ૭।૩
મનુષ્યાણાં જનાર્દન - ૧।૪૪
મનુષ્યાઃ પાર્થ સર્વશઃ - ૩।૨૩; ૪।૧૧
મનો દુર્નિગ્રહં ચલમ્ - ૬।૩૫
મનો હૃદિ નિરુધ્ય ચ - ૮।૧૨
મન્ત્રહીનમદક્ષિણમ્ - ૧૭।૧૩
મન્ત્રોઽહમહમેવાજ્યમ્ - ૯।૧૬
મન્મના ભવ મદ્ભક્તઃ - ૯।૩૪; ૧૮।૬૫
મન્મયા મામુપાશ્રિતાઃ - ૪।૧૦
મન્યતે તમસાવૃતા - ૧૮।૩૨
મન્યતે નાધિકં તતઃ - ૬।૨૨
મન્યન્તે મામબુદ્ધયઃ - ૭।૨૪
મન્યસે યદિ તચ્છક્યમ્ - ૧૧।૪
મમ તેજોંઽશસમ્ભવમ્ - ૧૦।૪૧
મમ દેહે ગુડાકેશ - ૧૧।૭
મમ ભૂતમહેશ્વરમ્ - ૯।૧૧
મમ માયા દુરત્યયા - ૭।૧૪
મમ યોનિર્મહદ્બ્રહ્મ - ૧૪।૩
મમ યો વેત્તિ તત્ત્વતઃ - ૧૦।૭
મમ વર્ત્માનુવર્તન્તે - ૩।૨૩; ૪।૧૧
મમ સાધર્મ્યમાગતાઃ - ૧૪।૨
મમાત્મા ભૂતભાવનઃ - ૯।૫
મમાવ્યયમનુત્તમમ્ - ૭।૨૪
મમૈવાંશો જીવલોકે - ૧૫।૭
મયા તતમિદં સર્વમ્ - ૯।૪
મયા દ્રષ્ટુમિતિ પ્રભો - ૧૧।૪
મયાધ્યક્ષેણ પ્રકૃતિઃ - ૯।૧૦
મયા પ્રમાદાત્પ્રણયેન વાપિ - ૧૧।૪૧
મયા પ્રસન્નેન તવાર્જુનેદમ્ - ૧૧।૪૭
મયા ભૂતં ચરાચરમ્ - ૧૦।૩૯
મયા હતાંસ્ત્વં જહિ મા - ૧૧।૩૪
મયિ ચાનન્યયોગેન - ૧૩।૧૦
મયિ તે તેષુ ચાપ્યહમ્ - ૯।૨૯
મયિ બુદ્ધિં નિવેશય - ૧૨।૮
મયિ સન્ન્યસ્ય મત્પરઃ - ૧૮।૫૭
મયિ સન્ન્યસ્ય મત્પરાઃ - ૧૨।૬
મયિ સર્વમિદં પ્રોતમ્ - ૭।૭
મયિ સર્વાણિ કર્માણિ - ૩।૩૦
મયૈવ વિહિતાન્હિ તાન્ - ૭।૨૨
મયૈવૈતે નિહતાઃ પૂર્વમેવ - ૧૧।૩૩
મય્યર્પિતમનોબુદ્ધિઃ - ૮।૭; ૧૨।૧૪
મય્યાવેશિતચેતસામ્ - ૧૨।૭
મય્યાવેશ્ય મનો યે મામ્ - ૧૨।૨
મય્યાસક્તમનાઃ પાર્થ - ૭।૧
મય્યેવ મન આધત્સ્વ - ૧૨।૮
મરણાદતિરિચ્યતે - ૨।૩૪
મરીચિર્મરુતામસ્મિ - ૧૦।૨૧
મહતિ સ્યન્દને સ્થિતૌ - ૧।૧૪
મહર્ષયઃ સપ્ત પૂર્વે - ૧૦।૬
મહર્ષીણાં ચ સર્વશઃ - ૧૦।૨
મહર્ષીણાં ભૃગુરહમ્ - ૧૦।૨૫
મહાત્માનસ્તુ માં પાર્થ - ૯।૧૩
મહાબાહો બહુબાહૂરુપાદમ્ - ૧૧।૨૩
મહાભૂતાન્યહઙ્કારઃ - ૧૩।૫
મહાયોગેશ્વરો હરિઃ - ૧૧।૯
મહાશનો મહાપાપ્મા - ૩।૩૭
માં હિ પાર્થ વ્યપાશ્રિત્ય - ૯।૩૨
મા કર્મફલહેતુર્ભૂઃ - ૨।૪૭
માં ચ યોઽવ્યભિચારેણ - ૧૪।૨૬
માં ચૈવાન્તઃ શરીરસ્થમ્ - ૧૭।૬
માતા ધાતા પિતામહઃ - ૯।૧૭
માતુલાઃ શ્વશુરાઃ પૌત્રાઃ - ૧।૩૪
મા તે વ્યથા મા ચ વિમૂઢભાવઃ - ૧૧।૪૯
મા તે સઙ્ગોઽસ્ત્વકર્મણિ - ૨।૪૭
માત્રાસ્પર્શાસ્તુ કૌન્તેય - ૨।૧૪
માધવઃ પાણ્ડવશ્ચૈવ - ૧।૧૪
માનાપમાનયોસ્તુલ્યઃ - ૧૪।૨૫
માનુષીં તનુમાશ્રિતમ્ - ૯।૧૧
માં તુ વેદ ન કશ્ચન - ૭।૨૬
માં ધ્યાયન્ત ઉપાસતે - ૧૨।૬
મા ફલેષુ કદાચન - ૨।૪૭
મામકાઃ પાણ્ડવાશ્ચૈવ - ૧।૧
મામનુસ્મર યુધ્ય ચ - ૮।૭
મામપ્રાપ્યૈવ કૌન્તેય - ૧૬।૨૦
મામાત્મપરદેહેષુ - ૧૬।૧૮
મામાશ્રિત્ય યતન્તિ યે - ૭।૨૯
મામિચ્છાપ્તું ધનઞ્જય - ૧૨।૯
મામુપેત્ય તુ કૌન્તેય - ૮।૧૬
મામુપેત્ય પુનર્જન્મ - ૮।૧૫
મામેકં શરણં વ્રજ - ૧૮।૬૬
મામેભ્યઃ પરમવ્યયમ્ - ૭।૧૩
મામેવ યે પ્રપદ્યન્તે - ૭।૧૪
મામેવાનુત્તમાં ગતિમ્ - ૭।૧૮
મામેવૈષ્યત્યસંશયઃ - ૧૮।૬૮
મામેવૈષ્યસિ યુક્ત્વૈવમ્ - ૯।૩૪
મામેવૈષ્યસિ સત્યં તે - ૧૮।૬૫
મામેવૈષ્યસ્યસંશયમ્ - ૮।૭
માયયાપહૃતજ્ઞાના - ૭।૧૫
માયામેતાં તરન્તિ તે - ૭।૧૪

માર્દવં હ્રીરચાપલમ્ - ૧૬।૨
મા શુચઃ સમ્પદં દૈવીમ્ - ૧૬।૫
માસાનાં માર્ગશીર્ષોઽહમ્ - ૧૦।૩૫
માહાત્મ્યમપિ ચાવ્યયમ્ - ૧૧।૨
મિત્રદ્રોહે ચ પાતકમ્ - ૧।૩૮
મિથ્યાચારઃ સ ઉચ્યતે - ૩।૬
મિથ્યૈષ વ્યવસાયસ્તે - ૧૮।૫૯
મુક્તસઙ્ગઃ સમાચર - ૩।૯
મુક્તસઙ્ગોઽનહંવાદી - ૧૮।૨૬
મુક્તો યઃ સ ચ મે પ્રિયઃ - ૧૨।૧૫
મુખં ચ પરિશુષ્યતિ - ૧।૨૯
મુચ્યન્તે તેઽપિ કર્મભિઃ - ૩।૩૧
મુચ્યન્તે સર્વકિલ્બિષૈઃ - ૩।૧૩
મુનિર્મોક્ષપરાયણઃ - ૫।૨૮
મુનીનામપ્યહં વ્યાસઃ - ૧૦।૩૭
મૂઢગ્રાહેણાત્મનો યત્ - ૧૭।૧૯
મૂઢયોનિષુ જાયતે - ૧૪।૧૫
મૂઢા જન્મનિ જન્મનિ - ૧૬।૨૦
મૂઢોઽયં નાભિજાનાતિ - ૭।૨૫
મૂર્તયઃ સમ્ભવન્તિ યાઃ - ૧૪।૪
મૂર્ધ્ન્યાધાયાત્મનઃ પ્રાણમ્ - ૮।૧૨
મૃગાણાં ચ મૃગેન્દ્રોઽહમ્ - ૧૦।૩૦
મૃત્વું શ્રુતિપરાયણાઃ - ૧૩।૨૫
મૃત્યુસંસારવર્ત્મનિ - ૯।૩
મૃત્યુસંસારસાગરાત્ - ૧૨।૭
મૃત્યુઃ સર્વહરશ્ચાહમ્ - ૧૦।૩૪
મેધાવી છિન્નસંશયઃ - ૧૮।૧૦
મેરુઃ શિખરિણામહમ્ - ૧૦।૨૩
મૈત્રઃ કરુણ એવ ચ - ૧૨।૧૩
મોક્ષયિષ્યામિ મા શુચઃ - ૧૮।૬૬
મોક્ષ્યસે કર્મબન્ધનૈઃ - ૯।૨૮
મોઘજ્ઞાના વિચેતસઃ - ૯।૧૨
મોઘં પાર્થ સ જીવતિ - ૩।૧૬
મોઘાશા મોઘકર્માણિઃ - ૯।૧૨
મોહજાલસમાવૃતાઃ - ૧૬।૧૬
મોહનં સર્વદેહિનામ્ - ૧૪।૮
મોહમેવ ચ પાણ્ડવ - ૧૪।૨૨
મોહાત્તસ્ય પરિત્યાગઃ - ૧૮।૭
મોહાદારભ્યતે કર્મ - ૧૮।૨૫
મોહાદ્ગૃહીત્વાસદ્ગ્રાહાન્ - ૧૬।૧૦
મોહિતં નાભિજાનાતિ - ૭।૧૩
મોહોઽયં વિગતો મમ - ૧૧।૧
મૌનં ચૈવાસ્મિ ગુહ્યાનામ્ - ૧૦।૩૦
મૌનમાત્મવિનિગ્રહઃ - ૧૭।૧૬

ય

યં યં વાપિ સ્મરન્ભાવમ્ - ૮।૬
યં લબ્ધ્વા ચાપરં લાભમ્ - ૬।૨૨
યં સન્ન્યાસમિતિ પ્રાહુઃ - ૬।૨
યં હિ ન વ્યથયન્ત્યેતે - ૨।૧૫
ય આસ્તે મનસા સ્મરન્ - ૩।૬
ય ઇમં પરમં ગુહ્યમ્ - ૧૮।૬૮
ય એતેઽત્ર સમાગતાઃ - ૧।૨૩
ય એન વેત્તિ હન્તારમ્ - ૨।૧૯
ય એનમજમવ્યયમ્ - ૨।૨૧
ય એવં વેત્તિ પુરુષમ્ - ૧૩।૨૩
યક્ષરક્ષાંસિ રાજસાઃ - ૧૭।૪
યક્ષ્યે દાસ્યામિ મોદિષ્યે - ૧૬।૧૫
યચ્ચન્દ્રમસિ યચ્ચાગ્નૌ - ૧૫।૧૨
યચ્ચાન્યદ્દ્રષ્ટુમિચ્છસિ - ૧૧।૭
યચ્ચાપિ સર્વભૂતાનામ્ - ૧૦।૩૯
યચ્ચાપ્યુત્ક્રામતીશ્વરઃ - ૧૫।૮
યચ્ચાવહાસાર્થમસત્કૃતોઽસિ - ૧૧।૪૨
યચ્છોકમુચ્છોષણમિન્દ્રિયાણામ્ - ૨।૮
યચ્છ્રેય એતયોરેકમ્ - ૫।૧
યચ્છ્રેયઃ સ્યાન્નિશ્ચિતં બ્રૂહિ તન્મે - ૨।૭
યજન્ત ઇહ દેવતાઃ - ૪।૧૨
યજન્તે તામસા જનાઃ - ૧૭।૪
યજન્તે નામયજ્ઞૈસ્તે - ૧૬।૧૭
યજન્તે શ્રદ્ધયાન્વિતાઃ - ૯।૨૩; ૧૭।૧
યજન્તે સાત્ત્વિકા દેવાન્ - ૧૭।૪
યજન્તો મામુપાસતે - ૯।૧૫
યજન્ત્યવિધિપૂર્વકમ્ - ૯।૨૩
યજ્જુહોષિ દદાસિ યત્ - ૯।૨૭
યજ્જ્ઞાત્વા ન પુનર્મોહમ્ - ૪।૩૫
યજ્જ્ઞાત્વા નેહ ભૂયોઽન્યત્ - ૭।૨
યજ્જ્ઞાત્વા મુનયઃ સર્વે - ૧૪।૧
યજ્જ્ઞાત્વામૃતમશ્નુતે - ૧૩।૧૨
યજ્જ્ઞાત્વા મોક્ષ્યસેઽશુભાત્ - ૪।૧૬; ૯।૧
યજ્ઞઃ કર્મસમુદ્ભવઃ - ૩।૧૪
યજ્ઞક્ષપિતકલ્મષાઃ - ૪।૩૦
યજ્ઞદાનતપઃ કર્મ - ૧૮।૩, ૫
યજ્ઞદાનતપઃક્રિયાઃ - ૧૭।૨૪
યજ્ઞશિષ્ટામૃતભુજઃ - ૪।૩૧
યજ્ઞશિષ્ટાશિનઃ સન્તઃ - ૩।૧૩
યજ્ઞસ્તપસ્તથા દાનમ્ - ૧૭।૭
યજ્ઞાદ્ભવતિ પર્જન્યઃ - ૩।૧૪
યજ્ઞાનાં જપયજ્ઞોઽસ્મિ - ૧૦।૨૫
યજ્ઞાયાચરતઃ કર્મ - ૪।૨૩
યજ્ઞાર્થાત્કર્મણોઽન્યત્ર - ૩।૯
યજ્ઞાશ્ચ વિહિતાઃ પુરાઃ - ૧૬।૨૩
યજ્ઞે તપસિ દાને ચ - ૧૭।૨૭
યજ્ઞેનૈવોપજુહ્વતિ - ૪।૨૫
યજ્ઞૈરિષ્ટ્વા સ્વર્ગતિં પ્રાર્થયન્તે - ૯।૨૦
યજ્ઞો દાનં તપશ્ચૈવ - ૧૮।૫
યતચિત્તેન્દ્રિયક્રિયઃ - ૬।૧૨
યતતામપિ સિદ્ધાનામ્ - ૭।૩
યતતે ચ તતો ભૂયઃ - ૬।૪૩
યતતો હ્યપિ કૌન્તેય - ૨।૬૦
યતન્તશ્ચ દૃઢવ્રતાઃ - ૯।૧૪
યતન્તોઽપ્યકૃતાત્માનઃ - ૧૫।૧૧
યતન્તો યોગિનશ્ચૈનમ્ - ૧૫।૧૧
યતઃ પ્રવૃત્તિ પ્રસૃતા પુરાણી - ૧૫।૪
યતઃ પ્રવૃત્તિર્ભૂતાનામ્ - ૧૮।૪૬
યતયઃ સંશિતવ્રતાઃ - ૪।૨૮
યતવાક્કાયમાનસઃ - ૧૮।૫૨
યતાત્મા દૃઢનિશ્ચયઃ - ૧૨।૧૪
યતીના યતચેતસામ્ - ૫।૨૬
યતેન્દ્રિયમનોબુદ્ધિ - ૫।૨૮
યતો યતો નિશ્ચરતિ - ૬।૨૬
યત્કરોષિ યદશ્નાસિ - ૯।૨૭
યત્તજ્જ્ઞાનં મતં મમ - ૧૩।૨
યત્તત્તામસમુચ્યતે - ૧૮।૨૫
યત્તત્સાત્ત્વિકમુચ્યતે - ૧૮।૨૩
યત્તદગ્રેઽમૃતોઽપમમ્ - ૧૮।૩૮
યત્તદગ્રે વિષમિવ - ૧૮।૩૭
યત્તપસ્યસિ કૌન્તેય - ૯।૨૭
યત્તુ કામેપ્સુના કર્મ - ૧૮।૪
યત્તુ કૃત્સ્નવદેકસ્મિન્ - ૧૮।૨૨
યત્તુ પ્રત્યુપકારાર્થમ્ - ૧૭।૨૧
યત્તેઽહં પ્રીયમાણાય - ૧૦।૧
યત્ત્વયોક્તં વચસ્તેન - ૧૧।૧
યત્ર કાલે ત્વનાવૃત્તિમ્ - ૮।૨૩
યત્ર ચૈવાત્મનાત્માનમ્ - ૬।૨૦
યત્ર પાર્થો ધનુર્ધરઃ - ૧૮।૭૮
યત્ર યોગેશ્વરઃ કૃષ્ણઃ - ૧૮।૭૮
યત્રોપરમતે ચિત્તમ્ - ૬।૨૦
યત્સાઙ્ખ્યૈઃ પ્રાપ્યતે સ્થાનમ્ - ૫।૫
યથાકાશસ્થિતો નિત્યમ્ - ૯।૬
યથા કુર્વન્તિ ભારત - ૩।૨૫
યથા જ્ઞાસ્યસિ તચ્છૃણુ - ૭।૧
યથાદર્શો મલેન ચ - ૩।૩૮
યથા દીપો નિવાતસ્થઃ - ૬।૧૯
યથા નદીનાં બહવોઽમ્બુવેગાઃ - ૧૧।૨૮
યથા પ્રકાશયત્યેકઃ - ૧૩।૩૩
યથા પ્રદીપ્તં જ્વલનં પતઙ્ગાઃ - ૧૧।૨૯
યથાભાગમવસ્થિતાઃ - ૧।૧૧
યથાવચ્છૃણુ તાન્યપિ - ૧૮।૧૯
યથા વિન્દતિ તચ્છૃણુ - ૧૮।૪૫
યથા સર્વગતં સૌક્ષ્મ્યાત્ - ૧૩।૩૨
યથેચ્છસિ તથા કુરુ - ૧૮।૬૩
યથૈધાંસિ સમિદ્ધોઽગ્નિઃ - ૪।૩૭
યથોક્તં પર્યુપાસતે - ૧૨।૨૦
યથોલ્બેનાવૃત્તો ગર્ભઃ - ૩।૩૮
યદક્ષરં વેદવિદો વદન્તિ - ૮।૧૧

યદગ્રે ચાનુબન્ધે ચ - ૧૮।૩૯
યદહઙ્કારમાશ્રિત્ય - ૧૮।૫૯
યદા તે મોહકલિલમ્ - ૨।૫૨
યદાદિત્યગતં તેજઃ - ૧૫।૧૨
યદા દ્રષ્ટાનુપશ્યતિ - ૧૪।૧૯
યદા ભૂતપૃથગ્ભાવમ્ - ૧૩।૩૦
યદા યદા હિ ધર્મસ્ય - ૪।૭
યદા વિનિયતં ચિત્તમ્ - ૬।૧૮
યદા સંહરતે ચાયમ્ - ૨।૫૮
યદા સત્ત્વે પ્રવૃદ્ધે તુ - ૧૪।૧૪
યદા સ્થાસ્યતિ નિશ્ચલા - ૨।૫૩
યદા હિ નેન્દ્રિયાર્થેષુ - ૬।૪
યદિચ્છન્તો બ્રહ્મચર્યં ચરન્તિ - ૮।૧૧
યદિ ભાઃ સદૃશી સા સ્યાત્ - ૧૧।૧૨
યદિ મામપ્રતીકારમ્ - ૧।૪૬
યદિ હ્યહં ન વર્તેયમ્ - ૩।૨૩
યદૃચ્છયા ચોપપન્નમ્ - ૨।૩૨
યદૃચ્છાલાભસન્તુષ્ટઃ - ૪।૨૨
યદેભિઃ સ્યાત્ત્રિભિર્ગુણૈઃ - ૧૮।૪૦
યદ્ગત્વા ન નિવર્તન્તે - ૧૫।૬
યદ્યદાચરતિ શ્રેષ્ઠઃ - ૩।૨૧
યદ્યદ્વિભૂતિમત્સત્ત્વમ્ - ૧૦।૪૧
યદ્યપ્યેતે ન પશ્યન્તિ - ૧।૩૮
યદ્રાજ્યસુખલોભેન - ૧।૪૫
યદ્વા જયેમ યદિ વા નો જયેયુઃ - ૨।૬
યદ્વિકારિ યતશ્ચ યત્ - ૧૩।૩
યન્ત્રારૂઢાનિ માયયા - ૧૮।૬૧
યન્મનોઽનુવિધીયતે - ૨।૬૭
યન્માં વદસિ કેશવ - ૧૦।૧૪
યન્મે ત્વદન્યેન ન દૃષ્ટપૂર્વમ્ - ૧૧।૪૭
યઃ પશ્યતિ તથાત્માનમ્ - ૧૩।૨૯
યઃ પશ્યતિ સ પશ્યતિ - ૫।૫; ૧૩।૨૭
યઃ પ્રયાતિ ત્યજન્દેહમ્ - ૮।૧૩
યઃ પ્રયાતિ સ મદ્ભાવમ્ - ૮।૫
યમઃ સંયમતામહમ્ - ૧૦।૨૯
યં પ્રાપ્ય ન નિવર્તન્તે - ૮।૨૧
યથા તુ ધર્મકામાર્થાન્ - ૧૮।૩૪
યયા ધર્મમધર્મં ચ - ૧૮।૩૧
યયા સ્વપ્નં ભયં શોકમ્ - ૧૮।૩૫
યયેદં ધાર્યતે જગત્ - ૭।૫
યશ્ચૈનં મન્યતે હતમ્ - ૨।૧૯
યઃ શાસ્ત્રવિધિમુત્સૃજ્ય - ૧૬।૨૩
યષ્ટવ્યમેવેતિ મનઃ - ૧૭।૧૧
યઃ સદા મુક્ત એવ સઃ - ૫।૨૮
યઃ સ મામેતિ પાણ્ડવ - ૧૧।૫૫
યઃ સર્વત્રાનભિસ્નેહઃ - ૨।૫૭
યઃ સ સર્વેષુ ભૂતેષુ - ૮।૨૦
યસ્તં વેદ સ વેદવિત્ - ૧૫।૧
યસ્તુ કર્મફલત્યાગી - ૧૮।૧૧
યસ્ત્વાત્મરતિરેવ સ્યાત્ - ૩।૧૭
યસ્ત્વિન્દ્રિયાણિ મનસા - ૩।૭
યસ્માત્ક્ષરમતીતોઽહમ્ - ૧૫।૧૮
યસ્માન્નોદ્વિજતે લોકઃ - ૧૨।૧૫
યસ્મિન્ગતા ન નિવર્તન્તિ ભૂયઃ - ૧૫।૪
યસ્મિન્સ્થિતો ન દુઃખેન - ૬।૨૨
યસ્ય નાહઙ્કૃતો ભાવઃ - ૧૮।૧૭
યસ્ય સર્વે સમારમ્ભાઃ - ૪।૧૯
યસ્યાં જાગ્રતિ ભૂતાનિ - ૨।૬૯
યસ્યાન્તઃ સ્થાનિ ભૂતાનિ - ૮।૨૨
યાતયામં ગતરસમ્ - ૭।૧૦
યાતિ નાસ્ત્યત્ર સંશયઃ - ૮।૫
યાતિ પાર્થાનુચિન્તયન્ - ૮।૮
યા નિશા સર્વભૂતાનામ્ - ૨।૬૯
યાનેવ હત્વા ન જિજીવિષામઃ - ૨।૬
યાન્તિ દેવવ્રતા દેવાન્ - ૯।૨૫
યાન્તિ બ્રહ્મ સનાતનમ્ - ૪।૩૧
યાન્તિ મદ્યાજિનોઽપિ મામ્ - ૯।૨૫
યાભિર્વિભૂતિભિર્લોકાન્ - ૧૦।૧૬
યામિમાં પુષ્પિતાં વાચમ્ - ૨।૪૨
યાવત્સઞ્જાયતે કિઞ્ચિત્ - ૧૩।૨૬
યાવદેતાન્નિરીક્ષેઽહમ્ - ૧।૨૨
યાવાનર્થ ઉદપાને - ૨।૪૬
યાવાન્યશ્ચાસ્મિ તત્ત્વતઃ - ૧૮।૫૫
યુક્ત આસીત મત્પરઃ - ૨।૬૧; ૬।૧૪
યુક્ત ઇત્યુચ્યતે તદા - ૬।૧૮
યુક્ત ઇત્યુચ્યતે યોગી - ૬।૮
યુક્તઃ કર્મફલં ત્યક્ત્વા - ૫।૧૨
યુક્તચેષ્ટસ્ય કર્મસુ - ૬।૧૭
યુક્તસ્વપ્નાવબોધસ્ય - ૬।૧૭
યુક્તાહારવિહારસ્ય - ૬।૧૭
યુક્તો મન્યેત તત્ત્વવિત્ - ૫।૮
યુજ્યતે નાત્ર સંશયઃ - ૧૦।૭
યુઞ્જતો યોગમાત્મનઃ - ૬।૧૯
યુઞ્જન્નેવં સદાત્માનમ્ - ૬।૧૫, ૨૮
યુદ્ધાય કૃતનિશ્ચયઃ - ૨।૩૭
યુદ્ધે ચાપ્યપલાયનમ્ - ૧૮।૪૩
યુદ્ધે પ્રિયચિકીર્ષવઃ - ૧।૨૩
યુધામન્યુશ્ચ વિક્રાન્તઃ - ૧।૬
યુધ્યસ્વ જેતાસિ રણે સપત્નાન્ - ૧૧।૩૪
યુધ્યસ્વ વિગતજ્વરઃ - ૩।૩૦
યુયુત્સું સમુપસ્થિતમ્ - ૧।૨૮
યુયુધાનો વિરાટશ્ચ - ૧।૪
યે ચાપ્યક્ષરમવ્યક્તમ્ - ૧૨।૧
યે ચૈવ સાત્ત્વિકા ભાવાઃ - ૭।૧૨
યે જનાઃ પર્યુપાસતે - ૯।૨૨
યે તુ ધર્મામૃતમિદમ્ - ૧૨।૨૦
યે તુ સર્વાણિ કર્માણિ - ૧૨।૬
યે ત્વક્ષરમનિર્દેશ્યમ્ - ૧૨।૩
યે ત્વેતદભ્યસૂયન્તઃ - ૩।૩૨
યેન ભૂતાન્યશેષેણ - ૪।૩૫
યેન મામુપયાન્તિ તે - ૧૦।૧૦
યેન શ્રેયોઽહમાપ્નુયામ્ - ૩।૨
યેન સર્વમિદં તતમ્ - ૨।૧૭; ૮।૨૨; ૧૮।૪૬
યેનાત્મૈવાત્મના જિતઃ - ૬।૬
યે પચન્ત્યાત્મકારણાત્ - ૩।૧૩
યેઽપિ સ્યુઃ પાપયોનયઃ - ૯।૩૨
યેઽપ્યન્યદેવતા ભક્તાઃ - ૯।૨૩
યે ભજન્તિ તુ માં ભક્ત્યા - ૯।૨૯
યે મે મતમિદં નિત્યમ્ - ૩।૩૧
યે યથા માં પ્રપદ્યન્તે - ૪।૧૧
યેઽવસ્થિતાઃ પ્રત્યનીકેષુ યોધાઃ - ૧૧।૩૨
યે વિદુર્યાન્તિ તે પરમ્ - ૧૩।૩૪
યે શાસ્ત્રવિધિમુત્સૃજ્ય - ૧૭।૧
યેષાં લોક ઇમાઃ પ્રજાઃ - ૧૦।૬
યેષાં સામ્યે સ્થિતં મનઃ - ૫।૧૯
યેષાં ચ ત્વં બહુમતઃ - ૨।૩૫
યેષાં ત્વન્તગતં પાપમ્ - ૭।૨૮
યેષાં નાશિતમાત્મનઃ - ૫।૧૬
યેષામર્થે કાઙ્ક્ષિતં નઃ - ૧।૩૩
યે હિ સંસ્પર્શજા ભોગાઃ - ૫।૨૨
યોગં તં વિદ્ધિ પાણ્ડવ - ૬।૨
યોગં યુઞ્જન્મદાશ્રયઃ - ૭।૧
યોગં યોગેશ્વરાત્કૃષ્ણાત્ - ૧૮।૭૫
યોગઃ કર્મસુ કૌશલમ્ - ૨।૫૦
યોગક્ષેમં વહામ્યહમ્ - ૯।૨૨
યોગઃ પ્રોક્તઃ પુરાતનઃ - ૪।૩
યોગ ભ્રષ્ટોઽભિજાયતે - ૬।૪૧
યોગમાત્મવિશુદ્ધયે - ૬।૧૨
યોગમાયાસમાવૃતઃ - ૭।૨૫
યોગયજ્ઞાસ્તથાપરે - ૪।૨૮
યોગયુક્તો ભવાર્જુન - ૮।૨૭
યોગયુક્તો મુનિર્બ્રહ્મ - ૫।૬
યોગયુક્તો વિશુદ્ધાત્મા - ૫।૭
યોગસન્ન્યસ્તકર્માણમ્ - ૪।૪૧
યોગસ્થઃ કુરુ કર્માણિ - ૨।૪૮
યોગાચ્ચલિતમાનસઃ - ૬।૩૭
યોગારૂઢસ્તદોચ્યતે - ૬।૪
યોગારૂઢસ્ય તસ્યૈવ - ૬।૩
યોગિનં સુખમુત્તમમ્ - ૬।૨૭
યોગિનઃ કર્મ કુર્વન્તિ - ૫।૧૧
યોગિનઃ પર્યુપાસતે - ૪।૨૫
યોગિનામપિ સર્વેષામ્ - ૬।૪૭

યોગિનો યતચિત્તસ્ય - ૬।૧૯
યોગી નિયતમાનસઃ - ૬।૧૫
યોગી પરં સ્થાનમુપૈતિ ચાદ્યમ્ - ૮।૨૮
યોગી પ્રાપ્ય નિવર્તતે - ૮।૨૫
યોગી ભવતિ કશ્ચન - ૬।૨
યોગી મુહ્યતિ કશ્ચન - ૮।૨૭
યોગી યુઞ્જીત સતતમ્ - ૬।૧૦
યોગી વિગતકલ્મષઃ - ૬।૨૮
યોગી સંશુદ્ધકિલ્બિષઃ - ૬।૪૫
યોગેનાવ્યભિચારિણ્યા - ૧૮।૩૩
યોગેશ્વર તતો મે ત્વમ્ - ૧૧।૪
યોગો નષ્ટઃ પરન્તપ - ૪।૨
યોગોઽનિર્વિણ્ણચેતસા - ૬।૨૩
યોગો ભવતિ દુઃખહા - ૬।૧૭
યોત્સ્યમાનાનવેક્ષેઽહમ્ - ૧।૨૩
યોદ્ધુકામાનવસ્થિતાન્ - ૧।૨૨
યો ન દ્વેષ્ટિ ન કાઙ્ક્ષતિ - ૫।૩
યો ન હૃષ્યતિ ન દ્વેષ્ટિ - ૧૨।૧૭
યોઽન્તઃ સુખોઽન્તરારામઃ - ૫।૨૪
યો બુદ્ધેઃ પરતસ્તુ સઃ - ૩।૪૨
યો ભુઙ્ક્તે સ્તેન એવ સઃ - ૩।૧૨
યો મદ્ભક્તઃ સ મે પ્રિયઃ - ૧૨।૧૪, ૧૬
યો માં પશ્યતિ સર્વત્ર - ૬।૩૦
યો માં સ્મરતિ નિત્યશઃ - ૮।૧૪
યો મામજમનાદિં ચ - ૧૦।૩
યો મામેવમસમ્મૂઢઃ - ૧૫।૧૯
યો મે ભક્ત્યા પ્રયચ્છતિ - ૯।૨૬
યોઽયં યોગસ્ત્વયા પ્રોક્તઃ - ૬।૩૩
યો યચ્છ્રદ્ધઃ સ એવ સઃ - ૧૭।૩
યો યો યાં યાં તનું ભક્તઃ - ૭।૨૧
યો લોકત્રયમાવિશ્ય - ૧૫।૧૭
યોઽવતિષ્ઠતિ નેઙ્ગતે - ૧૪।૨૩
ર
રક્ષાંસિ ભીતાનિ દિશો દ્રવન્તિ - ૧૧।૩૬
રજઃ કર્મણિ ભારત - ૧૪।૯
રજસસ્તુ ફલં દુઃખમ્ - ૧૪।૧૬
રજસિ પ્રલયં ગત્વા - ૧૪।૧૫
રજસો લોભ એવ ચ - ૧૪।૧૭
રજસ્તમશ્ચાભિભૂય - ૧૪।૧૦
રજસ્યેતાનિ જાયન્તે - ૧૪।૧૨
રજઃ સત્વં તમશ્ચૈવ - ૧૪।૧૦
રજોગુણસમુદ્ભવઃ - ૩।૩૭
રજો રાગાત્મકં વિદ્ધિ - ૧૪।૭
રથં સ્થાપય મેઽચ્યુત - ૧।૨૧
રથોપસ્થ ઉપાવિશત્ - ૧।૪૭
રસનં ઘ્રાણમેવ ચ - ૧૫।૬
રસવર્જં રસોઽપ્યસ્ય - ૨।૫૯
રસોઽહમપ્સુ કૌન્તેય - ૭।૮
રસ્યાઃ સ્નિગ્ધાઃ સ્થિરા હૃદ્યાઃ - ૧૭।૮
રહસ્યં હ્યેતદુત્તમમ્ - ૪।૩
રાક્ષસીમાસુરીં ચૈવ - ૯।૧૨
રાગદ્વેષવિયુક્તૈસ્તુ - ૨।૬૪
રાગદ્વેષૌ વ્યવસ્થિતૌ - ૩।૩૩
રાગદ્વેષૌ વ્યુદસ્ય ચ - ૧૮।૫૧
રાગી કર્મફલપ્રેપ્સુઃ - ૧૮।૨૭
રાજન્સંસ્મૃત્ય સંસ્મૃત્ય - ૧૮।૭૬
રાજવિદ્યા રાજગુહ્યમ્ - ૯।૨
રાજસં ચલમધ્રુવમ્ - ૧૭।૧૮
રાજસઃ પરિકીર્તિતઃ - ૧૮।૨૭
રાજસાસ્તામસાશ્ચ યે - ૭।૧૨
રાજા વચનમબ્રવીત્ - ૧।૨
રાજ્યં સુરાણામપિ ચાધિપત્યમ્ - ૨।૮
રાજ્યં ભોગાઃ સુખાનિ ચ - ૧।૩૩
રાત્રિં યુગસહસ્રાન્તામ્ - ૮।૧૭
રાત્ર્યાગમે પ્રલીયન્તે - ૮।૧૮
રાત્ર્યાગમેઽવશઃ પાર્થ - ૮।૧૯
રામઃ શસ્ત્રભૃતામહમ્ - ૧૦।૩૧
રુદ્રાણાં શઙ્કરશ્ચાસ્મિ - ૧૦।૨૩
રુદ્રાદિત્યા વસવો યે ચ સાધ્યાઃ - ૧૧।૨૨
રૂપમત્યદ્ભુતં હરેઃ - ૧૮।૭૭
રૂપં પરં દર્શિતમાત્મયોગાત્ - ૧૧।૪૭
રૂપં મહત્તે બહુવક્ત્રનેત્રમ્ - ૧૧।૨૩



રોમહર્ષશ્ચ જાયતે - ૧।૨૯
લ
લભતે ચ તતઃ કામાન્ - ૭।૨૨
લભતે પૌર્વદેહિકમ્ - ૬।૪૩
લભન્તે બ્રહ્મનિર્વાણમ્ - ૫।૨૫
લભન્તે યુદ્ધમીદૃશમ્ - ૨।૩૨
લાભાલાભૌ જયાજયૌ - ૨।૩૮
લિપ્યતે ન સ પાપેન - ૫।૧૦
લુપ્તપિણ્ડોદક ક્રિયાઃ - ૧।૪૨
લુબ્ધો હિંસાત્મકોઽશુચિઃ - ૧૮।૨૭
લેલિહ્યસે ગ્રસમાનઃ સમન્તાત્ - ૧૧।૩૦
લોકત્રયં પ્રવ્યથિતં મહાત્મન્ - ૧૧।૨૦
લોકત્રયેઽપ્યપ્રતિમપ્રભાવ - ૧૧।૪૩
લોકસઙ્ગ્રહમેવાપિ - ૩।૨૦
લોકસ્તદનુવર્તતે - ૩।૨૧
લોકસ્ય સૃજતિ પ્રભુઃ - ૫।૧૪
લોકાન્નોદ્વિજતે ચ યઃ - ૧૨।૧૫
લોકાન્સમગ્રાન્વદનૈર્જ્વલદ્ભિઃ - ૧૧।૩૦
લોકાન્સમાહર્તુ મિહ પ્રવૃત્તઃ - ૧૧।૩૨
લોકે જન્મ યદીદૃશમ્ - ૬।૪૨
લોકેઽસ્મિન્દ્વિવિધા નિષ્ઠા - ૩।૩
લોકો મામજમવ્યયમ્ - ૭।૨૫
લોકોઽયં કર્મબન્ધનઃ - ૩।૯
લોભઃ પ્રવૃત્તિરારમ્ભઃ - ૧૪।૧૨
લોભોપહતચેતસઃ - ૧।૩૮
વ
વક્તુમર્હસ્યશેષેણ - ૧૦।૧૬
વક્ત્રાણિ તે ત્વરમાણા વિશન્તિ - ૧૧।૨૭
વક્ષ્યામિ ભરતર્ષભ - ૮।૨૩
વક્ષ્યામિ હિતકામ્યયા - ૧૦।૧
વદિષ્યન્તિ તવાહિતાઃ - ૨।૩૬
વરુણો યાદસામહમ્ - ૧૦।૨૯
વર્ણસઙ્કરકારકૈઃ - ૧।૪૩
વર્ત એવ ચ કર્મણિ - ૩।૨૨
વર્તતે કામકારતઃ - ૧૬।૨૩
વર્તતે વિદિતાત્મનામ્ - ૫।૨૬
વર્તન્ત ઇતિ ધારયન્ - ૫।૯
વર્તમાનાનિ ચાર્જુન - ૭।૨૬
વર્તેતાત્મૈવ શત્રુવત્ - ૬।૬
વશે હિ યસ્યેન્દ્રિયાણિ - ૨।૬૧
વશ્યાત્મના તુ યતતા - ૬।૩૬
વસૂનાં પાવકશ્ચાસ્મિ - ૧૦।૨૩
વાઙ્મયં તપ ઉચ્યતે - ૧૭।૧૫
વાદઃ પ્રવદતામહમ્ - ૧૦।૩૨
વાયુર્ગન્ધાનિવાશયાત્ - ૧૫।૮
વાયુર્નાવમિવામ્ભસિ - ૨।૬૭
વાયુર્યમોઽગ્નિર્વરુણઃ શશાઙ્કઃ - ૧૧।૩૯
વાયુઃ સર્વત્રગો મહાન્ - ૯।૬
વાયોરિવ સુદુષ્કરમ્ - ૬।૩૪
વાસાંસિ જીર્ણાનિ યથા વિહાય - ૨।૨૨
વાસુદેવઃ સર્વમિતિ - ૭।૧૯
વિકારાંશ્ચ ગુણાંશ્ચૈવ - ૧૩।૧૯
વિગતેચ્છાભયક્રોધઃ - ૫।૨૮
વિજિતાત્મા જિતેન્દ્રિયઃ - ૫।૭
વિજ્ઞાતુમિચ્છામિ ભવન્તમ્ - ૧૧।૩૧
વિતતા બ્રહ્મણો મુખે - ૪।૩૨
વિત્તેશો યક્ષરક્ષસામ્ - ૧૦।૨૩
વિદુર્દેવા ન દાનવાઃ - ૧૦।૧૪
વિદ્ધિ નષ્ટાનચેતસઃ - ૩।૩૨
વિદ્ધિ પાર્થ બૃહસ્પતિમ્ - ૧૦।૨૪
વિદ્ધિ પાર્થ સનાતનમ્ - ૭।૧૦
વિદ્ધિ પ્રકૃતિસમ્ભવાન્ - ૧૩।૧૯
વિદ્ધિ મામમૃતોદ્ભવમ્ - ૧૦।૨૭
વિદ્ધ્યકર્તારમવ્યયમ્ - ૪।૧૩
વિદ્ધ્યનાદી ઉભાવપિ - ૧૩।૧૯
વિદ્ધ્યેનમિહ વૈરિણમ્ - ૩।૩૭
વિદ્યાવિનયસમ્પન્ને - ૫।૧૮
વિદ્વાન્યુક્તઃ સમાચરન્ - ૩।૨૬
વિધિદૃષ્ટો ય ઇજ્યતે - ૧૭।૧૧
વિધિહીનમસૃષ્ટાન્નમ્ - ૧૭।૧૩
વિનશ્યત્સ્વવિનશ્યન્તમ્ - ૧૩।૨૭
વિનાશમવ્યયસ્યાસ્ય - ૨।૧૭

વિનાશસ્તસ્ય વિદ્યતે - ૬।૪૦
વિનાશાય ચ દુષ્કૃતામ્ - ૪।૮
વિનિયમ્ય સમન્તતઃ - ૬।૨૪
વિન્દત્યાત્મનિ યત્સુખમ્ - ૫।૨૧
વિપરીતાનિ કેશવ - ૧।૩૧
વિભક્તમિવ ચ સ્થિતમ્ - ૧૩।૧૬
વિભૂતિં ચ જનાર્દન - ૧૦।૧૮
વિભૂતીનાં પરન્તપ - ૧૦।૪૦
વિભૂતેર્વિસ્તરો મયા - ૧૦।૪૦
વિમુક્તો મામુપૈષ્યસિ - ૯।૨૮
વિમુક્તોઽમૃતમશ્નુતે - ૧૪।૨૦
વિમુચ્ય નિર્મમઃ શાન્તઃ - ૧૮।૫૩
વિમૂઢા નાનુપશ્યન્તિ - ૧૫।૧૦
વિમૂઢો બ્રહ્મણઃ પથિ - ૬।૩૮
વિમૃશ્યૈતદશેષેણ - ૧૮।૬૩
વિયોગં યોગસંજ્ઞિતમ્ - ૬।૨૩
વિવસ્વાન્મનવે પ્રાહ - ૪।૧
વિવિક્તદેશસેવિત્વમ્ - ૧૩।૧૦
વિવિક્તસેવી લઘ્વાશી - ૧૮।૫૨
વિવિધાશ્ચ પૃથક્ચેષ્ટાઃ - ૧૮।૧૪
વિવૃદ્ધં સત્ત્વમિત્યુત - ૧૪।૧૧
વિવૃદ્ધે કુરુનન્દન - ૧૪।૧૩
વિવૃદ્ધે ભરતર્ષભ - ૧૪।૧૨
વિશતે તદનન્તરમ્ - ૧૮।૫૫
વિશન્તિ નાશાય સમૃદ્ધવેગાઃ - ૧૧।૨૯
વિશન્તિ યદ્યતયો વીતરાગાઃ - ૮।૧૧
વિશન્તિ વક્ત્રાણ્યભિવિજ્વલન્તિ - ૧૧।૨૮
વિશ્વેઽશ્વિનૌ મરુતશ્ચોષ્મપાશ્ચ - ૧૧।૨૨
વિષમે સમુપસ્થિતમ્ - ૨।૨
વિષયાનિન્દ્રિયૈશ્ચરન્ - ૨।૬૪
વિષયાનુપસેવતે - ૧૫।૯
વિષયા વિનિવર્તન્તે - ૨।૫૯
વિષયેન્દ્રિયસંયોગાત્ - ૧૮।૩૮
વિષાદં મદમેવ ચ - ૧૮।૩૫
વિષાદી દીર્ઘસૂત્રી ચ - ૧૮।૨૮
વિષીદન્તમિદં વચઃ - ૨।૧૦
વિષીદન્તમિદં વાક્યમ્ - ૨।૧
વિષીદન્નિદમબ્રવીત્ - ૧।૨૮
વિષ્ટભ્યાહમિદં કૃત્સ્નમ્ - ૧૦।૪૨
વિસર્ગઃ કર્મસંજ્ઞિતઃ - ૮।૩
વિસૃજામિ પુનઃ પુનઃ - ૯।૮
વિસૃજ્ય સશરં ચાપમ્ - ૧।૪૭
વિસ્તરેણાત્મનો યોગમ્ - ૧૦।૧૮
વિસ્મયો મે મહાન્રાજન્ - ૧૮।૭૭
વિહાય કામાન્યઃ સર્વાન્ - ૨।૭૧
વિહારશય્યાસનભોજનેષુ - ૧૧।૪૨
વીક્ષન્તે ત્વાં વિસ્મિતાશ્ચૈવ સર્વે - ૧૧।૨૨
વીતરાગભયક્રોધઃ - ૨।૫૬
વીતરાગભયક્રોધાઃ - ૪।૧૦
વૃજિનં સન્તરિષ્યસિ - ૪।૩૬
વૃષ્ણીનાં વાસુદેવોઽસ્મિ - ૧૦।૩૭
વેત્તાસિ વેદ્યં ચ પરં ચ ધામ - ૧૧।૩૮
વેત્તિ યત્ર ન ચૈવાયમ્ - ૬।૨૧
વેત્તિ લોકમહેશ્વરમ્ - ૧૦।૩
વેત્તિ સર્વેષુ ભૂતેષુ - ૧૮।૨૧
વેત્થ ત્વં પુરુષોત્તમ - ૧૦।૧૫
વેદવાદરતાઃ પાર્થ - ૨।૪૨
વેદાનાં સામવેદોઽસ્મિ - ૧૦।૨૨
વેદાન્તકૃદ્વેદવિદેવ ચાહમ્ - ૧૫।૧૫
વેદાવિનાશિનં નિત્યમ્ - ૨।૨૧
વેદાહં સમતીતાનિ - ૭।૨૬
વેદેષુ યજ્ઞેષુ તપઃસુ ચૈવ - ૮।૨૮
વેદૈશ્ચ સર્વૈરહમેવ વેદ્યઃ - ૧૫।૧૫
વેદ્યં પવિત્રમોઙ્કારઃ - ૯।૧૭
વેપથુશ્ચ શરીરે મે - ૧।૨૯
વૈનતેયશ્ચ પક્ષિણામ્ - ૧૦।૩૦
વૈરાગ્યં સમુપાશ્રિતઃ - ૧૮।૫૨
વૈરાગ્યેણ ચ ગૃહ્યતે - ૬।૩૫
વૈશ્યકર્મ સ્વભાવજમ્ - ૧૮।૪૪
વ્યક્તમધ્યાનિ ભારત - ૨।૨૮
વ્યપેતભીઃ પ્રીતમનાઃ પુનઃ - ૧૧।૪૯
વ્યવસાયાત્મિકા બુદ્ધિઃ - ૨।૪૧, ૪૪
વ્યાત્તાનનં દીપ્તવિશાલનેત્રમ્ - ૧૧।૨૪
વ્યાપ્તં ત્વયૈકેન દિશશ્ચ સર્વાઃ - ૧૧।૨૦
વ્યામિશ્રેણેવ વાક્યેન - ૩।૨
વ્યાસપ્રસાદાચ્છ્રુતવાન્ - ૧૮।૭૫
વ્યાહરન્મામનુસ્મરન્ - ૮।૧૩
વ્યૂઢં દુર્યોધનસ્તદા - ૧।૨
વ્યૂઢાં દ્રુપદપુત્રેણ - ૧।૩

શ

શક્નોતીહૈવ યઃ સોઢુમ્ - ૫।૨૩
શક્ય એવંવિધો દ્રષ્ટુમ્ - ૧૧।૫૩
શક્યોઽવાપ્તુમુપાયતઃ - ૬।૩૬
શઙ્ખં દધ્મૌ પ્રતાપવાન્ - ૧।૧૨
શઙ્ખાન્દધ્મુઃ પૃથક્ પૃથક્ - ૧।૧૮
શઠો નૈષ્કૃતિકોઽલસઃ - ૧૮।૨૮
શતશોઽથ સહસ્રશઃ - ૧૧।૫
શનૈઃ શનૈરુપરમેત્ - ૬।૨૫
શબ્દઃ ખે પૌરુષં નૃષુ - ૭।૮
શબ્દબ્રહ્માતિવર્તતે - ૬।૪૪
શબ્દાદીન્વિષયાંસ્ત્યક્ત્વા - ૧૮।૫૧
શબ્દાદીન્વિષયાનન્યે - ૪।૨૬
શમઃ કારણમુચ્યતે - ૬।૩
શમો દમસ્તપઃ શૌચમ્ - ૧૮।૪૨
શરીરં યદવાપ્નોતિ - ૧૫।૮
શરીરયાત્રાપિ ચ તે - ૩।૮
શરીરવાઙ્મનોભિર્યત્ - ૧૮।૧૫
શરીરસ્થોઽપિ કૌન્તેય - ૧૩।૩૧
શરીરે પાણ્ડવસ્તદા - ૧૧।૧૩
શશ્વચ્છાન્તિં નિગચ્છતિ - ૯।૩૧
શાન્તિં નિર્વાણપરમામ્ - ૬।૧૫
શાન્તિમાપ્નોતિ નૈષ્ઠિકીમ્ - ૫।૧૨
શારીરં કેવલં કર્મ - ૪।૨૧
શારીરં તપ ઉચ્યતે - ૧૭।૧૪
શાશ્વતં પદમવ્યયમ્ - ૧૮।૫૬
શાશ્વતસ્ય ચ ધર્મસ્ય - ૧૪।૨૭
શિખણ્ડી ચ મહારથઃ - ૧।૧૭
શિષ્યસ્તેઽહં શાધિ માં ત્વાં પ્રપન્નમ્ - ૨।૭
શીતોષ્ણસુખદુઃખદાઃ - ૨।૧૪
શીતોષ્ણસુખદુઃખેષુ - ૬।૭, ૧૨।૧૮
શુક્લકૃષ્ણે ગતી હ્યેતે - ૮।૨૬
શુચીનાં શ્રીમતાં ગેહે - ૬।૪૧
શુચૌ દેશે પ્રતિષ્ઠાપ્ય - ૬।૧૧
શુનિ ચૈવ શ્વપાકે ચ - ૫।૧૮
શુભાશુભપરિત્યાગી - ૧૨।૧૭
શુભાશુભફલૈરેવમ્ - ૯।૨૮
શુદ્રસ્યાપિ સ્વભાવજમ્ - ૧૮।૪૪
શુદ્રાણાં ચ પરંતપ - ૧૮।૪૧
શ્રુણુ મે પરમં વચઃ - ૧૦।૧, ૧૮।૬૪
શ્રુણુ મે ભરતર્ષભ - ૧૮।૩૬
શ્રુણુયાદપિ યો નરઃ - ૧૮।૭૧
શ્રુણ્વતો નાસ્તિ મેઽમૃતમ્ - ૧૦।૧૮
શૈબ્યશ્ચ નરપુઙ્ગવઃ - ૧।૫
શોકસંવિગ્નમાનસઃ - ૧।૪૭
શૌર્યં તેજો ધૃતિર્દાક્ષ્યમ્ - ૧૦।૪૩
શ્યાલાઃ સમ્બન્ધિનસ્તથા - ૧।૩૪
શ્વશુરાન્સુહૃદશ્ચૈવ - ૧।૨૭
શ્રદ્દધાના મત્પરમાઃ - ૧૨।૨૦
શ્રદ્ધયા પરયા તપ્તમ્ - ૧૭।૧૭
શ્રદ્ધયા પરયોપેતાઃ - ૧૨।૨
શ્રદ્ધયાર્ચિતુમિચ્છતિ - ૭।૨૧
શ્રદ્ધા ભવતિ ભારત - ૧૭।૩
શ્રદ્ધામયોઽયં પુરુષઃ - ૧૭।૩
શ્રદ્ધાવન્તોઽનસૂયન્તઃ - ૩।૩૧
શ્રદ્ધાવાનનસૂયશ્ચ - ૧૮।૭૧
શ્રદ્ધાવાન્ભજતે યો મામ્ - ૬।૪૭
શ્રદ્ધાવાંલ્લભતે જ્ઞાનમ્ - ૪।૩૯
શ્રદ્ધાવિરહિતં યજ્ઞમ્ - ૧૭।૧૩
શ્રીમદૂર્જિતમેવ વા - ૧૦।૪૧
શ્રુતિવિપ્રતિપન્ના તે - ૨।૫૩
શ્રુતૌ વિસ્તરશો મયા - ૧૧।૨
શ્રુત્વાન્યેભ્ય ઉપાસતે - ૧૩।૨૫
શ્રુત્વાપ્યેનં વેદ ન ચૈવ કશ્ચિત્ - ૨।૨૯
શ્રેયઃ પરમવાપ્સ્યથ - ૩।૧૧

શ્રેયાન્ દ્રવ્યમયાદ્યજ્ઞાત્ - ૪।૩૩
શ્રેયાન્ સ્વધર્મો - ૩।૩૫; ૧૮।૪૭
શ્રેયો ભોક્તું ભૈક્ષ્યમપીહ લોકે - ૨।૫
શ્રેયો હિ જ્ઞાનમભ્યાસાત્ - ૧૨।૧૨
શ્રોતવ્યસ્ય શ્રુતસ્ય ચ - ૨।૫૨
શ્રોત્રં ચક્ષુઃ સ્પર્શનં ચ - ૧૫।૯
શ્રોત્રાદીનીન્દ્રિયાણ્યન્યે - ૪।૨૬
ષ
ષણ્માસા ઉત્તરાયણમ્ - ૮।૨૪
ષણ્માસા દક્ષિણાયનમ્ - ૮।૨૫
સ
સઙ્કરસ્ય ચ કર્તા સ્યામ્ - ૩।૨૪
સઙ્કરો નરકાયૈવ - ૧।૪૨
સઙ્કલ્પપ્રભવાન્ કામાન્ - ૬।૨૪
સઙ્ગં ત્યક્ત્વા કરોતિ યઃ - ૫।૧૦
સઙ્ગં ત્યક્ત્વાત્મશુદ્ધયે - ૫।૧૧
સઙ્ગં ત્યક્તવા ધનઞ્જય - ૨।૪૮
સઙ્ગં ત્યક્તવા ફલં ચૈવ - ૧૮।૯
સઙ્ગં ત્યક્ત્વા ફલાનિ ચ - ૧૮।૬
સઙ્ગસ્તેષુપજાયતે - ૨।૬૨
સઙ્ગાત્સઞ્જાયતે કામઃ - ૨।૬૨
સઙ્ગ્રામમ્ ન કરિષ્યસિ - ૨।૩૩
સઙ્ઘાતશ્ચેતના ધૃતિઃ - ૧૩।૬
સંયમાગ્નિષુ જુહ્વતિ - ૪।૨૬
સંવાદમિમમદ્ભુતમ્ - ૧૮।૭૬
સંવાદમિમમશ્રૌષમ્ - ૧૮।૭૪
સંશયાત્મા વિનશ્યતિ - ૪।૪૦
સંસારેષુ નરાધમાન્ - ૧૬।૧૯
સંસિદ્ધિં પરમાં ગતાઃ - ૮।૧૫
સંસિદ્ધિં લભતે નરઃ - ૧૮।૪૫
સંસિદ્ધૌ કુરુનન્દન - ૬।૪૩
સંસ્તભ્યાત્માનમાત્મના - ૩।૪૩
સ એવાયં મયા તેઽદ્ય - ૪।૩
સ કાલેનેહ મહતા - ૪।૨
સ કૃત્વા રાજસં ત્યાગમ્ - ૧૮।૮
સક્તાઃ કર્મણ્યવિદ્વાંસઃ - ૩।૨૫
સખેતિ મત્વા પ્રસભં યદુક્તમ્ - ૧૧।૪૧
સગદ્ગદં ભીતભીતઃ પ્રણમ્ય - ૧૧।૩૫
સ ગુણાન્ સમતીત્યૈતાન્ - ૧૪।૨૬
સ ઘોષો ધાર્તરાષ્ટ્રાણામ્ - ૧।૧૯
સ ચ મે ન પ્રણશ્યતિ - ૬।૩૦
સ ચ યો યત્ પ્રભાવશ્ચ - ૧૩।૩
સચેતાઃ પ્રકૃતિં ગતઃ - ૧૧।૫૧
સચ્છબ્દઃ પાર્થ યુજ્યતે - ૧૭।૨૬
સજ્જન્તે ગુણકર્મસુ - ૩।૨૯
સંજ્ઞાર્થં તાન્ બ્રવીમિ તે - ૧।૭
સતતં કીર્તયન્તો મામ્ - ૯।૧૪
સતતં બ્રહ્મવાદિનામ્ - ૧૭।૨૪
સ તં પરં પુરુષમુપૈતિ દિવ્યમ્ - ૮।૧૦
સ તયા શ્રદ્ધયા યુક્ત - ૭।૨૨
સત્કારમાનપૂજાર્થમ્ - ૧૭।૧૮
સત્યં પ્રિયહિતં ચ યત્ - ૧૭।૧૫
સ ત્યાગઃ સાત્વિકો મતઃ - ૧૮।૯
સ ત્યાગીત્યભિધીયતે - ૧૮।૧૧
સત્ત્વં રજસ્તમ ઇતિ - ૧૪।૫
સત્ત્વં સત્ત્વવતામહમ્ - ૧૦।૩૬
સત્ત્વં સુખે સઞ્જયતિ - ૧૪।૬
સત્ત્વં સ્થાવરજઙ્ગમમ્ - ૧૩।૨૬
સત્ત્વમાહો રજસ્તમઃ - ૧૭।૧
સત્ત્વં પ્રકૃતિજૈર્મુક્તમ્ - ૧૮।૪૦
સત્ત્વં ભવતિ ભારત - ૧૪।૧૦
સત્ત્વાત્સઞ્જાયતે જ્ઞાનમ્ - ૧૪।૧૭
સત્ત્વાનુરૂપા સર્વસ્ય - ૧૭।૩
સદસચ્ચાહમર્જુન - ૯।૧૯
સદસદ્યોનિજન્મસુ - ૧૩।૨૧
સદા તદ્ભાવભાવિતઃ - ૮।૬
સદિત્યેતત્પ્રયુજ્યતે - ૧૭।૨૬
સદિત્યેવાભિધીયતે - ૧૭।૨૭
સદૃશં ચેષ્ટતે સ્વસ્યાઃ - ૩।૩૩
સદોષમપિ ન ત્યજેત્ - ૧૮।૪૮
સદ્ભાવે સાધુભાવે ચ - ૧૭।૨૬
સનાતનસ્ત્વં પુરુષો મતો મે - ૧૧।૧૮



સ નિશ્ચયેન યોક્તવ્યઃ - ૬।૨૩
સન્તુષ્ટઃ સતતં યોગી - ૧૨।૧૪
સન્તુષ્ટો યેન કેનચિત્ - ૧૨।૧૯
સદૃશ્યન્તે ચૂર્ણિતૈરુત્તમાઙ્ગૈ - ૧૧।૨૭
સન્નિયમ્યેન્દ્રિયગ્રામમ્ - ૧૨।૪
સન્ન્યસ્યાધ્યાત્મચેતસા - ૩।૩૦
સન્ન્યસ્યાસ્તે સુખં વશી - ૫।૧૩
સન્ન્યાસઃ કર્મયોગશ્ચ - ૫।૨
સન્ન્યાસં કર્મણાં કૃષ્ણ - ૫।૧
સન્ન્યાસં કવયો વિદુઃ - ૧૮।૨
સન્ન્યાસયોગયુક્તાત્મા - ૯।૨૮
સન્ન્યાસસ્તુ મહાબાહો - ૫।૬
સન્ન્યાસસ્ય મહાબાહો - ૧૮।૧
સન્ન્યાસેનાધિગચ્છતિ - ૧૮।૪૯
સ બુદ્ધિમાન્મનુષ્યેષુ - ૪।૧૮
સ બ્રહ્મયોગયુક્તાત્મા - ૫।૨૧
સમં સર્વેષુ ભૂતેષુ - ૧૩।૨૭
સમગ્રં પ્રવિલીયતે - ૪।૨૩
સમં કાયશિરોગ્રીવમ્ - ૬।૧૩
સમત્વં યોગ ઉચ્યતે - ૨।૪૮
સમદુઃખસુખઃ ક્ષમી - ૧૨।૧૩
સમદુઃખસુખં ધીરમ્ - ૨।૧૫
સમદુઃખસુખઃ સ્વસ્થઃ - ૧૪।૨૪
સમબુદ્ધિર્વિશિષ્યતે - ૬।૯
સમં પશ્યતિ યોઽર્જુન - ૬।૩૨
સમં પશ્યન્ હિ સર્વત્ર - ૧૩।૨૮
સમલોષ્ટાશ્મકાઞ્ચનઃ - ૬।૮; ૧૪।૨૪
સમવસ્થિતમીશ્વરમ્ - ૧૩।૨૮
સમવેતાન્ કુરૂનિતિ - ૧।૨૫
સમવેતા યુયુત્સવઃ - ૧।૧
સમઃ શત્રૌ ચ મિત્રે ચ - ૧૨।૧૮
સમઃ સઙ્ગવિવર્જિતઃ - ૧૨।૧૮
સમઃ સર્વેષુ ભૂતેષુ - ૧૮।૫૪
સમઃ સિદ્ધાવસિદ્ધૌ ચ - ૪।૨૨
સ મહાત્મા સુદુર્લભઃ - ૭।૧૯
સમાધાય સ સાત્વિકઃ - ૧૭।૧૧
સમાધાવચલા બુદ્ધિઃ - ૨।૫૩
સમાધિસ્થસ્ય કેશવ - ૨।૫૪
સમાધૌ ન વિધીયતે - ૨।૪૪
સમાસેનૈવ કૌન્તેય - ૧૮।૫૦
સમુદ્રમાપઃ પ્રવિશન્તિ યદ્વત્ - ૨।૭૦
સમુદ્રમેવાભિમુખા દ્રવન્તિ - ૧૧।૨૮
સ મે યુક્તતમો મતઃ - ૬।૪૭
સમોઽહં સર્વભૂતેષુ - ૯।૨૯
સમ્પશ્યન્કર્તુમર્હસિ - ૩।૨૦
સમ્પ્રેક્ષ્ય નાસિકાગ્રં સ્વમ્ - ૬।૧૩
સમ્ભવઃ સર્વભૂતાનામ્ - ૧૪।૩
સમ્ભવામિ યુગે યુગે - ૪।૮
સમ્ભવામ્યાત્મમાયયા - ૪।૬
સમ્ભાવિતસ્ય ચાકીર્તિઃ - ૨।૩૪
સમ્મોહાત્ સ્મૃતિવિભ્રમઃ - ૨।૬૩
સમ્યગ્ વ્યવસિતો હિ સઃ - ૯।૩૦
સ યત્પ્રમાણ કુરુતે - ૩।૨૧
સ યાતિ પરમાં ગતિમ્ - ૮।૧૩
સ યુક્તઃ કૃત્સ્નકર્મકૃત્ - ૪।૧૮
સ યુક્તઃ સ સુખી નરઃ - ૫।૨૩
સ યોગી પરમો મતઃ - ૬।૩૨
સ યોગી બ્રહ્મનિર્વાણમ્ - ૫।૨૪
સ યોગી મયિ વર્તતે - ૬।૩૧
સરસામસ્મિ સાગરઃ - ૧૦।૨૪
સર્ગાણામાદિરન્તશ્ચ - ૧૦।૩૨
સર્ગેઽપિ નોપજાયન્તે - ૧૪।૨
સર્ગે યાન્તિ પરંતપ - ૭।૨૭
સર્પાણામસ્મિ વાસુકિઃ - ૧૦।૨૮
સર્વં સમાપ્નોષિ તતોઽસિ સર્વઃ - ૧૧।૪૦
સર્વ એવ મહારથાઃ - ૧।૬
સર્વકર્મફલત્યાગમ્ - ૧૨।૧૧; ૧૮।૨
સર્વકર્માણિ મનસા - ૫।૧૨
સર્વકર્માણ્યપિ સદા - ૧૮।૫૬
સર્વક્ષેત્રેષુ ભારત - ૧૩।૨
સર્વગુહ્યતમં ભૂયઃ - ૧૮।૬૪
સર્વં કર્માખિલં પાર્થ - ૪।૩૩

સર્વજ્ઞાનવિમૂઢાંસ્તાન્ - ૩।૩૨
સર્વં ચ મયિ પશ્યતિ - ૬।૩૦
સર્વં જ્ઞાનપ્લવેનૈવ - ૪।૩૬
સર્વતઃ પાણિપાદં તત્ - ૧૩।૧૩
સવર્તઃ શ્રુતિમલ્લોકે - ૧૩।૧૩
સર્વતઃ સમ્પ્લુતોદકે - ૨।૪૬
સર્વતોઽક્ષિશિરોમુખમ્ - ૧૩।૧૩
સર્વત્રગમચિન્ત્યં ચ - ૧૨।૩
સર્વત્ર સમદર્શનઃ - ૬।૨૯
સર્વત્ર સમબુદ્ધયઃ - ૧૨।૪
સર્વત્રાવસ્થિતો દેહે - ૧૩।૩૨
સર્વથા વર્તમાનોઽપિ - ૬।૩૧; ૧૩।૨૩
સર્વદ્વારાણિ સંયમ્ય - ૮।૧૨
સર્વદ્વારેષુ દેહેઽસ્મિન્ - ૧૪।૧૧
સર્વધર્માન્પરિત્યજ્ય - ૧૮।૬૬
સર્વપાપૈઃ પ્રમુચ્યતે - ૧૦।૩
સર્વઃ પ્રકૃતિજૈર્ગુણૈઃ - ૩।૫
સર્વભાવેન ભારત - ૧૫।૧૯; ૧૮।૬૨
સર્વભૂતસ્થમાત્માનમ્ - ૬।૨૯
સર્વભૂતસ્થિતં યો મામ્ - ૬।૩૧
સર્વભૂતહિતે રતાઃ - ૫।૨૫; ૧૨।૪
સર્વભૂતાત્મભૂતાત્મા - ૫।૭
સર્વભૂતાનિ કૌન્તેય - ૯।૭
સર્વભૂતાનિ ચાત્મનિ - ૬।૨૯
સર્વભૂતાનિ સમ્મોહમ્ - ૭।૨૭
સર્વભૂતાશયસ્થિતઃ - ૧૦।૨૦
સર્વભૂતેષુ યેનૈકમ્ - ૧૮।૨૦
સર્વમાવૃત્ય તિષ્ઠતિ - ૧૩।૧૩
સર્વમેતદૃતં મન્યે - ૧૦।૧૪
સર્વયોનિષુ કૌન્તેય - ૧૪।૪
સર્વલોકમહેશ્વરમ્ - ૫।૨૯
સર્વશઃ પૃથિવીપતે - ૧।૧૮
સર્વસઙ્કલ્પસન્ન્યાસો - ૬।૪
સર્વસ્ય ચાહં હૃદિ સન્નિવિષ્ટઃ - ૧૫।૧૫
સર્વસ્ય ધાતારમચિન્ત્યરૂપમ્ - ૮।૯
સર્વાંસ્તથા ભૂતવિશેષસઙ્ઘાન્ - ૧૧।૧૫
સર્વાણીન્દ્રિયકર્માણિ - ૪।૨૭
સર્વાણીત્યુપધારય - ૭।૬
સર્વાન્પાર્થ મનોગતાન્ - ૨।૫૫
સર્વાન્બન્ધૂનવસ્થિતાન્ - ૧।૨૭
સર્વારમ્ભપરિત્યાગી - ૧૨।૧૬; ૧૪।૨૫
સર્વારમ્ભા હિ દોષેણ - ૧૮।૪૮
સર્વાર્થાન્વિપરીતાંશ્ચ - ૧૮।૩૨
સર્વાશ્ચર્યમયં દેવમ્ - ૧૧।૧૧
સર્વે નમસ્યન્તિ ચ સિદ્ધસઙ્ઘા - ૧૧।૩૬
સર્વેન્દ્રિયગુણાભાસમ્ - ૧૩।૧૪
સર્વેન્દ્રિયવિવર્જિતમ્ - ૧૩।૧૪
સર્વેઽપ્યેતે યજ્ઞવિદઃ - ૪।૩૦
સર્વેભ્યઃ પાપકૃત્તમઃ - ૪।૩૬
સર્વે યુદ્ધવિશારદાઃ - ૧।૯
સર્વે વયમતઃ પરમ્ - ૨।૧૨
સર્વેષાં ચ મહીક્ષિતામ્ - ૧।૨૫
સર્વૈં સહૈવાવનિપાલસઙ્ઘૈઃ - ૧૧।૨૬
સવિકારમુદાહૃતમ્ - ૧૩।૬
સ શબ્દસ્તુમુલોઽભવત્ - ૧।૧૩
સ શાન્તિમધિગચ્છતિ - ૨।૭૧
સ શાન્તિમાપ્નોતિ ન કામકામી - ૨।૭૦
સ સન્ન્યાસી ચ યોગી ચ - ૬।૧
સ સર્વવિદ્ભજતિ મામ્ - ૧૫।૧૯
સહજં કર્મ કૌન્તેય - ૧૮।૪૮
સહયજ્ઞાઃ પ્રજાઃ સૃષ્ટ્વા - ૩।૧૦
સહસૈવાભ્યહન્યન્ત - ૧।૧૩
સહસ્રબાહો ભવ વિશ્વમૂર્તે - ૧૧।૪૬
સહસ્રયુગપર્યન્તમ્ - ૮।૧૭
સહાસ્મદીયૈરપિ યોધમુખ્યૈઃ - ૧૧।૨૬
સાક્ષાત્કથયતઃ સ્વયમ્ - ૧૮।૭૫
સાઙ્ખ્યયોગૌ પૃથગ્બાલાઃ - ૫।૪
સાઙ્ખ્યે કૃતાન્તે પ્રોક્તાનિ - ૧૮।૧૩
સાત્યકિશ્ચાપરાજિતઃ - ૧।૧૭
સાત્ત્વિકં નિર્મલં ફલમ્ - ૧૪।૧૬
સાત્ત્વિકં પરિચક્ષતે - ૧૭।૧૭
સાત્ત્વિકી રાજસી ચૈવ - ૧૭।૨
સાધિભૂતાધિદૈવં મામ્ - ૭।૩૦
સાધિયજ્ઞં ચ યે વિદુઃ - ૭।૩૦
સાધુરેવ સ મન્તવ્યઃ - ૯।૩૦
સાધુષ્વપિ ચ પાપેષુ - ૬।૯
સા નિશા પશ્યતો મુનેઃ - ૨।૬૯
સામ્યેન મધુસૂદન - ૬।૩૩
સાહઙ્કારેણ વા પુનઃ - ૧૮।૨૪
સિંહનાદં વિનદ્યોચ્ચૈઃ - ૧।૧૨
સિદ્ધયે સર્વકર્મણામ્ - ૧૮।૧૩
સિદ્ધાનાં કપિલો મુનિઃ - ૧૦।૨૬
સિદ્ધિં વિન્દતિ માનવઃ - ૧૮।૪૬
સિદ્ધિં સમધિગચ્છતિ - ૩।૪
સિદ્ધિં પ્રાપ્તો યથા બ્રહ્મ - ૧૮।૫૦
સિદ્ધિર્ભવતિ કર્મજા - ૪।૧૨
સિદ્ધોઽહં બલવાન્સુખી - ૧૬।૧૪
સિદ્ધ્યસિદ્ધ્યોર્નિર્વિકારઃ - ૧૮।૨૬
સિદ્ધ્યસિદ્ધ્યોઃ સમો ભૂત્વા - ૨।૪૮
સીદન્તિ મમ ગાત્રાણિ - ૧।૨૯
સુખં વા યદિ વા દુઃખમ્ - ૬।૩૨
સુખદુઃખે સમે કૃત્વા - ૨।૩૮
સુખં ત્વિદાનીં ત્રિવિધમ્ - ૧૮।૩૬
સુખ દુઃખં ભવોઽભાવઃ - ૧૦।૪
સુખપ્રીતિવિવર્ધનાઃ - ૧૭।૮
સુખમક્ષયમશ્નુતે - ૫।૨૧
સુખમાત્યન્તિકં યત્તદ્ - ૬।૨૧
સુખં બન્ધાત્ પ્રમુચ્યતે - ૫।૩
સુખં મોહનમાત્મનઃ - ૧૮।૩૯
સુખસઙ્ગેન બધ્નાતિ - ૧૪।૬
સુખસ્યૈકાન્તિકસ્ય ચ - ૧૪।૨૭
સુખિનઃ ક્ષત્રિયાઃ પાર્થ - ૨।૩૨
સુખિનઃ સ્યામ માધવ - ૧।૩૭
સુખેન બ્રહ્મસંસ્પર્શમ્ - ૬।૨૮
સુખેષુ વિગતસ્પૃહઃ - ૨।૫૬
સુઘોષમણિપુષ્પકૌ - ૧।૧૬
સુદુર્દર્શમિદં રૂપમ્ - ૧૧।૫૨
સુસુખં કર્તુ મવ્યયમ્ - ૯।૨
સુહૃદં સર્વભૂતાનામ્ - ૫।૨૯
સુહૃન્મિત્રાર્યુદાસીનઃ - ૬।૯
સૂક્ષ્મત્વાત્તદવિજ્ઞેયમ્ - ૧૩।૧૫
સૂત્રે મણિગણા ઇવ - ૭।૭
સૂયતે સચરાચરમ્ - ૯।૧૦
સેનયોરુભયોરપિ - ૧।૨૭
સેનયોરુભયોર્મધ્યે - ૧।૨૧, ૨૪; ૨।૧૦
સેનાનીનામહં સ્કન્દઃ - ૧૦।૨૪
સોઽપિ મુક્તઃ શુભાંલ્લોકાન્ - ૧૮।૭૧
સોઽમૃતત્વાય કલ્પતે - ૨।૧૫
સોમો ભૂત્વા રસાત્મકઃ - ૧૫।૧૩
સોઽવિકમ્પેન યોગેન - ૧૦।૭
સૌભદ્રશ્ચ મહાબાહુઃ - ૧।૧૮
સૌભદ્રો દ્રૌપદેયાશ્ચ - ૧।૬
સૌમદત્તિસ્તથૈવ ચ - ૧।૮
સ્તુવન્તિ ત્વાં સ્તુતિભિઃ - ૧૧।૨૧
સ્ત્રિયો વૈશ્યાસ્તથા શૂદ્રાઃ - ૯।૩૨
સ્ત્રીષુ દુષ્ટાસુ વાર્ષ્ણેય - ૧।૪૧
સ્થાનં પ્રાપ્સ્યસિ શાશ્વતમ્ - ૧૮।૩૨
સ્થાને હૃષીકેશ તવ પ્રકીર્ત્યા - ૧૧।૩૬
સ્થાપયિત્વા રથોત્તમમ્ - ૧।૨૪
સ્થાવરાણાં હિમાલયઃ - ૧૦।૨૫
સ્થિતધીઃ કિં પ્રભાષેત - ૨।૫૪
સ્થિતધીર્મુનિરુચ્યતે - ૨।૫૬
સ્થિતપ્રજ્ઞસ્તદોચ્યતે - ૨।૫૫
સ્થિતપ્રજ્ઞસ્ય કા ભાષા - ૨।૫૪
સ્થિતશ્ચલતિ તત્ત્વતઃ - ૬।૨૧
સ્થિતિઃ સદિતિ ચોચ્યતે - ૧૭।૨૭
સ્થિતોઽસ્મિ ગતસન્દેહઃ - ૧૮।૭૩
સ્થિત્વાસ્યામન્તકાલેઽપિ - ૨।૭૨
સ્થિરબુદ્ધિરસમ્મૂઢઃ - ૫।૨૦
સ્થિરમાસનમાત્મનઃ - ૬।૧૧
સ્થૈર્યમાત્મવિનિગ્રહઃ - ૧૩।૭
સ્પર્શાન્કૃત્વા બહિર્બાહ્યાન્ - ૫।૨૭
સ્મરન્મુક્ત્વા કલેવરમ્ - ૮।૫
સ્મૃતિભ્રંશાદ્ બુદ્ધિનાશઃ - ૨।૬૩

સ્મૃતિર્મેધા ધૃતિઃ ક્ષમાઃ - ૧૦।૩૪
સ્રોતસામસ્મિ જાહ્નવી - ૧૦।૩૧
સ્વકં રૂપં દર્શયામાસ ભૂયઃ - ૧૧।૫૦
સ્વકર્મણા તમભ્યર્ચ્ય - ૧૮।૪૬
સ્વકર્મનિરતઃ સિદ્ધિમ્ - ૧૮।૪૫
સ્વજનં હિ કથં હત્વા - ૧।૩૭
સ્વતેજસા વિશ્વમિદં તપન્તમ્ - ૧૧।૧૯
સ્વધર્મમપિ ચાવેક્ષ્ય - ૨।૩૧
સ્વધર્મે નિધનં શ્રેયઃ - ૩।૩૫
સ્વધાહમહમૌષધમ્ - ૯।૧૬
સ્વભાવજેન કૌન્તેય - ૧૮।૬૦
સ્વભાવનિયતં કર્મ - ૧૮।૪૭
સ્વભાવપ્રભવૈર્ગુણૈઃ - ૧૮।૪૧
સ્વભાવસ્તુ પ્રવર્તતે - ૫।૧૪
સ્વભાવોऽધ્યાત્મમુચ્યતે - ૮।૩
સ્વયં ચૈવ બ્રવીષિ મે - ૧૦।૧૩
સ્વયમેવાત્મનાત્માનમ્ - ૧૦।૧૫
સ્વર્ગદ્વારમપાવૃતમ્ - ૨।૩૨
સ્વલ્પમપ્યસ્ય ધર્મસ્ય - ૨।૪૦
સ્વસ્તીત્યુક્ત્વા મહર્ષિસિદ્ધસઙ્ઘાઃ - ૧૧।૨૧
સ્વાધ્યાયજ્ઞાનયજ્ઞાશ્ચ - ૪।૨૮
સ્વાધ્યાયસ્તપ આર્જવમ્ - ૧૬।૧
સ્વાધ્યાયાભ્યસનં ચૈવ - ૧૭।૧૫
સ્વે સ્વે કર્મણ્યભિરતઃ - ૧૮।૪૫
હ
હતો વા પ્રાપ્સ્યસિ સ્વર્ગં - ૨।૩૭
હત્વાર્થકામાંસ્તુ ગુરુનિહૈવ - ૨।૫
હત્વા સ્વજનમાહવે - ૧।૩૧
હત્વૈતાનાતતાયિનઃ - ૧।૩૬
હનિષ્યે ચાપરાનપિ - ૧૬।૧૪
હન્ત તે કથયિષ્યામિ - ૧૦।૧૯
હન્તું સ્વજનમુદ્યતાઃ - ૧।૪૫
હરન્તિ પ્રસભં મનઃ - ૨।૬૦
હર્ષશોકાન્વિતઃ કર્તા - ૧૮।૨૭
હર્ષામર્ષભયોદ્વેગૈઃ - ૧૨।૧૫
હાનિરસ્યોપજાયતે - ૨।૬૫
હિત્વા પાપમવાપ્સ્યસિ - ૨।૩૩
હૃત્સ્થં જ્ઞાનાસિનાત્મનઃ - ૪।૪૨
હૃદયાનિ વ્યદારયત્ - ૧।૧૯
હૃદિ સર્વસ્ય વિષ્ઠિતમ્ - ૧૩।૧૭
હૃદ્દેશેऽર્જુન તિષ્ઠતિ - ૧૮।૬૧
હૃષીકેશં તદા વાક્યમ્ - ૧।૨૧
હૃષ્ટરોમા ધનઞ્જયઃ - ૧૧।૧૪
હૃષ્યામિ ચ પુનઃપુનઃ - ૧૮।૭૭
હૃષ્યામિ ચ મુહુર્મુહુઃ - ૧૮।૭૬
હે કૃષ્ણ હે યાદવ હે સખેતિ - ૧૧।૪૧
હેતુનાનેન કૌન્તેય - ૯।૧૦
હેતુઃ પ્રકૃતિરુચ્યતે - ૧૩।૨૦
હેતુમદ્ભિર્વિનિશ્ચિતૈઃ - ૧૩।૪
હેતોઃ કિં નુ મહીકૃતે - ૧।૩૫
હ્રિયતે હ્યવશોऽપિ સઃ - ૬।૪૪